શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી

ભાગ ૧૨


પૂર : ૨૮,૨૯



સ્મૃતિ મંદિર, લક્ષ્મીવાડી-ગઢપુરધામ

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX





ભાગ-૧૨

(પૂર - ૨૮, ૨૯)

:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

મહામુક્ત સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૩, દિવાળી, તા.૧૯/૧૦/૨૦૧૭

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

કિંમત : ૧૬૦/-

ISBN : 978-93-83456-35-2



- કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- વડોદરા : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮ શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ, ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- સુરત : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જિ. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **બારમા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.



ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી




શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)

‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)



પ્રસ્તાવના

શ્રીમદ્‌હરિચરિત્રામૃતસાગર ગ્રંથના આ અંતિમ ૧૨મા ભાગમાં ૨૮ અને ૨૯ પૂરનો સમાવેશ કર્યો છે. જેમ સૂર્ય દ્વારા અનેક પ્રકારની ઊર્જા પ્રાપ્ત થાય છે, એ જ રીતે આ ગ્રંથ દ્વારા પણ અનેક પ્રકારની ઊર્જાઓ પ્રાપ્ત થાય છે. માટે આ ગ્રંથરાજ તો અનેક પ્રકારની ઊર્જાનો સ્રોત છે.

જેમ સાગર ગહેરો અને અનેક પ્રકારનાં રત્નોવાળો છે, એ જ રીતે આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ ગહેરો અને અનેક પ્રકારના જીવન ઉપયોગી જ્ઞાનરૂપ રત્નોથી ભરેલો છે.

ઇતિહાસમાં નોંધાયું છે કે, આ ભારતે અનેક પ્રકારની ઉથલ-પાથલ અનુભવી છે. અનેક પ્રકારના ઝંઝાવાતોનો સામનો કરવો પડ્યો છે, આક્રાંતાઓએ ભારતીય સંસ્કૃતિ અને અસ્મિતા ઓલવવા અનેક ઉપાયો કર્યા છે; છતાં પણ મહાપુરુષોની દિવ્ય ચિંતનધારાને કારણે લોકોના મનોબળ પ્રાયઃ મજબૂત રહ્યાં છે. કપરા કાળમાં મહાપુરુષોએ ગ્રંથોમાં લખેલું દિવ્ય ચિંતન લોકો માટે દૈવી શક્તિ સમાન સાબિત થયું છે. આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં પણ આવી અનેક દૈવી શક્તિઓ અને દિવ્ય ચિંતન સમાયેલું છે.

આ લોકમાં સંપ, કુટુંબભાવ અને સુખપૂર્ણ જીવન જીવવાનો સેતુ રચનાર અને અંતે આત્યંતિક મોક્ષ દેનારો આ ગ્રંથ સહુને માટે આદરણીય છે. ભુક્તિ અને મુક્તિ, શ્રેય અને પ્રેય; આ બંનેનો અદ્‌ભુત સમન્વય આ ગ્રંથમાં કરેલો છે. તેથી જ સહુ માટે મંગલકારી આ ગ્રંથ પૃથ્વી પર સૂર્યની જેમ સદાય સમજણનો પ્રકાશ પાથરતો રહેશે.

આ ગ્રંથની વિશેષતા માત્ર તેની વિશાળતામાં જ નહીં, પરંતુ તેમાં રહેલા ઊંડા તત્ત્વજ્ઞાન અને જીવંત જીવનમૂલ્યોમાં સમાયેલી છે.

આ ગ્રંથના મુખ્ય નાયક સ્વામિનારાયણ ભગવાન છે. મુખ્ય વક્તા સત્સંગની મા સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી છે અને મુખ્ય શ્રોતા ભક્ત

શિરોમણિ દાદા ખાચર છે. ગુજરાતી ભાષી સંત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીએ વડતાલધામમાં રહીને આ રાષ્ટ્રીય હિન્દી ભાષામાં ગ્રંથ રચી સહુના ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે.

આ ગ્રંથમાં પૂજ્ય સ્વામીશ્રીએ માત્ર ઊંડું તત્ત્વજ્ઞાન જ નહીં, પરંતુ સાથોસાથ તત્કાલીન સમાજ અને ઈતિહાસનાં દર્શન પણ કરાવ્યાં છે. સાથોસાથ જીવન જીવવા માટેની જડીબુટ્ટી સમાન સજીવ મૂલ્યો ઉપર પણ ખૂબ જ વજન દીધું છે. સમુદ્રના સાચા મોતીની સમાન આ સાગર ગ્રંથમાં રહેલાં ચિંતનાત્મક સાચાં મોતી જે તે સ્થાને સાચા મણિની જેમ ચમકી રહ્યાં છે. ઉપનિષદ્‌નો અર્ક, ગીતાજીનો ગલિતાર્થ અને વચનામૃતનાં રહસ્યો આ ગ્રંથમાં ગ્રંથકારે અનેક જગ્યાએ સ્ફૂટ કર્યાં છે.

આશરે ૧૩ વર્ષની કઠોર સાધના અને ભગવાન તથા મોટા સંતોની કૃપાથી રચાયેલો આ ગ્રંથ; સર્વે સત્સંગીઓ અને સંપૂર્ણ ધર્મપ્રેમી સમાજ માટે હંમેશાં અનુભવી ભોમિયાની ગરજ સારતો રહેશે. આ ગ્રંથની ગરિમા ગાતાં ગ્રંથકાર પૂર-૧૩ ત.૧૬માં કહે છે,

अमूल हिरा सम ग्रंथ हे एही, अपार भाग्य होय सुनहि तेही;

આ હરિચરિત્રામૃતસાગર ગ્રંથ અમૂલ્ય હીરા સમાન છે. જેનું અપાર મહાભાગ્ય હશે, તે આ ગ્રંથને સાંભળી શકશે.

આવા મહિમાવંતા સંપૂર્ણ ગ્રંથનું પ્રથમ વાર સંશોધનપૂર્વક પ્રકાશન શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા થઈ રહ્યું છે. આ સંશોધન એવં પ્રકાશન કાર્યથી ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ તથા સર્વે સંતો-ભક્તો અમારી ઉપર પ્રસન્ન થાઓ એ જ અભ્યર્થના સહ...

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ - કુંડળધામના

ભાવથી જય સ્વામિનારાયણ



શુભકામના

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીહરિનાં દિવ્ય, અદિવ્ય અને દિવ્યાતિદિવ્ય લીલાચરિત્રો, તેમનું સ્વરૂપ તથા ઉપદેશરૂપ સત્સંગ, મુમુક્ષુ જીવોને માટે આત્યંતિક કલ્યાણકારી છે. આ મોક્ષપ્રદ બાબતોને આપણા સંપ્રદાયના વિદ્વાન સંતોએ રચેલા સદ્‌ગ્રંથોમાં આપણે જોઈએ-જાણીએ છીએ.

શ્રીહરિનાં તે લીલાચરિત્ર આદિનું ઘણું વિશાળ, વિશદ અને યથાર્થરૂપમાં વર્ણન સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામી(સિદ્ધાનંદ સ્વામી)એ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં કર્યું છે. તે બાબત આપણા સત્સંગમાં પ્રસિદ્ધ છે.

આ ગ્રંથ આધારાનંદ સ્વામી દ્વારા ૨૯મા પૂરના ૪ તરંગ સુધી લખાયો છે. જેમાં પ્રાયઃ શ્રીહરિના સં.૧૮૮૨ સુધીનાં ચરિત્રોનો સમાવેશ કરાયો છે. આ ગ્રંથ લખતાં લખતાં જ સ્વામી અક્ષરવાસી થયા હોવાથી આ ગ્રંથ અપૂર્ણ રહ્યો હતો, પરંતુ સ્વામિનારાયણ ભગવાન અને મુક્તાનંદ સ્વામી વગેરે મોટેરા સંતોની કૃપા અને આધારાનંદ સ્વામીના સંકલ્પને કારણે, શ્રીહરિના સિદ્ધાંતના મર્મજ્ઞ સંતશિરોમણિ સ્વામી જ્ઞાનજીવનદાસજીએ શ્રીહરિની છેલ્લા ૪ વર્ષની અવશિષ્ટ લીલાનું ગ્રંથકારની શૈલીમાં જ હિન્દી દોહા-ચોપાઈમાં રચના કરી, આ મહા ગ્રંથની પૂર્તિ કરી આપી છે. તે સમગ્ર સંપ્રદાયને માટે અતિ આનંદની વાત છે.

આ અપૂર્વ અદ્‌ભુત અને અનુપમ શ્રીહરિચરિત્રામૃતસાગરની કથા પૂ.પા.સદ્.સ્વામી શ્રીજ્ઞાનજીવનદાસજીએ **“સાગર કથા”** નામથી શરૂ કરી છે. ૭ વર્ષથી પણ વધારે સમયથી ચાલતી લાઈવ કથાને વિશ્વમાં સર્વત્ર સત્સંગી અને તે સિવાયના લોકો પણ હાલમાં સાંભળી રહ્યા છે. શ્રીહરિની

કથાની સાથે સાથે સુવિચારો તથા પ્રશ્નોત્તરી દ્વારા પૂજ્ય સ્વામીજીએ અનેક મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણના અધિકારી બનાવવા માટે પ્રયાસ કર્યો છે.

સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર-ગાંધીનગર(ગુરુકુળ) સંસ્થાએ 'સાગર ગ્રંથ'ની ચાર હજાર પ્રત બાર ભાગમાં છાપી હતી. તેમાંથી અધીકાંશ પ્રતો પૂ.પા.સ્વામીજીએ મંદિરોમાં, વાંચનાલયોમાં અને ગુરુકુળો વગેરેમાં ઉદારભાવે કૃષ્ણાર્પણ કરી છે. તે પ્રતો ખૂટી ગઈ તે પછી સાગર કથા દ્વારા સત્સંગમાં ઘણો જ પ્રસિદ્ધ થયેલો શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ સંશોધન કરીને પુનઃ કુંડળધામ તથા કારેલીબાગ મંદિર વડોદરા દ્વારા પૂ.પા. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી છપાયો છે. તેના આ ૧૨મા છેલ્લા ભાગને છપાતો જાણીને અમારા હૃદયમાં ખૂબ જ આનંદ થયો છે.

હરિચરિત્રામૃતસાગર ગ્રંથ પૂ.પા.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની કથા દ્વારા સર્વત્ર ખૂબ જ પ્રસાર પામ્યો છે, અને સત્સંગમાં તેનાથી સૌ સંતો તથા હરિભક્તો ખૂબ જ રાજી થયા છે. સાગર કથા દ્વારા સત્સંગને નવચેતના આપતા પૂ.પા.સ્વામીજીને કરોડો ધન્યવાદપૂર્વક શ્રીહરિની સ્મૃતિ સાથે અમારા વંદન છે...

શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી, શાસ્ત્રાચાર્ય એમ.એ. - ગાંધીનગર

શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ સ્વામી, એમ.એ.વેદાન્તાચાર્ય - ગાંધીનગર



શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના અનુવાદ કર્તા
પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામીનો ટૂંકમાં પરિચય

ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની સ્વરૂપનિષ્ઠા જીવનમાં દૃઢ કરનાર, સતત ભગવદ્ભક્તિ અને અધ્યયન-અધ્યાપન કાર્યમાં લીન રહેનાર, સાધુગુણ સંપન્ન અને વિદ્વત્તા સાથે વિનમ્ર વ્યક્તિત્વ એટલે **પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી. પ.પૂ.શાસ્ત્રી સ્વામીનો જન્મ તા.૨૭/૧૨/૧૯૩૫ના રોજ ઠાંસા (તા.ગારિયાધાર, જિ.ભાવનગર) ગામે થયો હતો.** મોટા યોગાનંદ સ્વામી જેવા મહાપુરુષના યોગમાં આવતાં શ્રીહરિના સમકાલીનથી જ સત્સંગના રંગે રંગાયેલા કુટુંબમાં તેમનો જન્મ થયો. આ દેહે કરીને શ્રીહરિ અને સંતોને પ્રસન્ન કરવા, થાય એટલી અન્યની સેવા તથા ભક્તિ કરવી, અને આ દેહે કરીને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી લેવાની તાલાવેલીને કારણે માત્ર ૧૫ વર્ષની વયે સં.૨૦૦૭, વૈશાખ સુદ ચૌદશના દિવસે તેઓશ્રી સંસારનો ત્યાગ કરી ગઢપુરના મહાન સંત પ.પૂ. પુરાણી શ્રીત્રિકમચરણદાસજી સ્વામી જેવા વિરલ સંતના શિષ્ય બનીને રહ્યા. ગુરુ પાસે જ વિદ્યાભ્યાસ સાથે સત્સંગના સંસ્કારો મેળવ્યા.

સં.૨૦૧૦ના મહા સુદ-૫ના રોજ તેઓશ્રી ગઢપુરમાં જ આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજ પાસેથી ભાગવતી દીક્ષા લઈને સાધુ થયા. ત્યાર બાદ ૬ વર્ષ ગઢપુરમાં વિદ્યાભ્યાસ સાથે સત્સંગની સેવા કરી. વિશેષ વિદ્યાભ્યાસની ઇચ્છા હતી, પરંતુ ગુરુદેવના હૈયામાં કદાચ ભણવાથી શ્રીહરિની ઉપાસના કે સત્સંગના સંસ્કાર ઘટી જાય એવી દ્વિધા હતી. તેથી તેમણે પોતાના ગુરુ પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લીધી. **(૧) હું ગમે તેટલું ભણીશ છતાં શ્રીસ્વામિનારાયણ ભગવાનને કે આ સંપ્રદાયને કદી નહિ છોડું. (૨) જે ગુરુનો શિષ્ય કહેવાઉ છું તે ગુરુને હું ક્યારેય નહિ છોડું અને (૩) તમે નારાજ થાવ એવું વર્તન ક્યારેય નહિ કરું.**

આવા તેમનાં વચનો સાંભળી તેમના ગુરુદેવ પ.પૂ.પુરાણી સ્વામી અતિ પ્રસન્ન થયા.પછી વિશેષ વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. પ્રથમ અમદાવાદ

કાળુપુર મંદિરમાં શ્રીવિષ્ણુ સ્વામી પાસે રહીને શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં પંડિત દુર્ગાનાથ ઝા અને દયાશંકર શાસ્ત્રી પાસે ૪ વર્ષ ભણ્યા. ત્યાર બાદ વિશ્વની ગણ્યમાન્ય સંસ્કૃત વિશ્વ વિદ્યાલય વારાણસી તથા કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય વારાણસીમાં વિશ્વકક્ષાના મહાન વિદ્વાન શ્રદ્ધેય શ્રીકેદારનાથ મિશ્રજી વગેરે પાસે પ્રાચ્ય વિદ્યા, વિશ્વધર્મ અને ભારતીય દર્શનોનું તુલનાત્મક અધ્યયન કર્યું. આમ સતત ૧૩ વર્ષ વિદ્યાભ્યાસના અંતે તેમણે વેદાન્તાચાર્ય અને એમ.એ. સુધીની ઉપાધિ પ્રાપ્ત કરી.

પરંતુ '**पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत।**' તથા '**सरल स्वभाव न मन कुटीलाई, जथा लाभ संतोष सदाई।**' આ વેદ તથા રામાયણના વાક્ય મુજબ તેમણે વિદ્વત્તા સાથે સરળતા, નિખાલસતા, નિર્માનીતા જેવું મૂર્તિમંત જીવન બનાવ્યું. એક વર્ષ ગુરુદેવના સાન્નિધ્યે રહી તેમની સેવા કરી. તેમના અંતરનો રાજીપો મેળવ્યો. વળી, **તેમણે ગુરુ પાસે જે પ્રતિજ્ઞા લીધી હતી, તે જીવનમાં આજ ૮૦ વર્ષની ઉંમરે પણ મેરુની જેમ મક્કમપણે દઢતાપૂર્વક પાળી છે.** તે સહુ કોઈને માટે આદરણીય તેમજ અનુકરણીય છે. આવા સંત સત્સંગનું સાચું નૂર છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, **"જે વિદ્યા પોતે ભણ્યા હોઈએ તે વિદ્યા બીજાને ભણાવવી."** શ્રીજીમહારાજની આ આજ્ઞાને શિરોધાર્ય કરી, તેઓશ્રીએ સંપ્રદાયના સંતોને પોતાની પાસે રહેલું અગાધ અને ચિંતનયુક્ત જ્ઞાન વિદ્યાર્થી સંતોને શીખવવાનું શરૂ કર્યું. અને સંપ્રદાયના અનેક સંતોને ખૂબ જ ભાવથી, શ્રદ્ધાથી અને ધીરજથી સંસ્કૃત ભાષા અને પ્રાકૃત ભાષાના જ્ઞાનની સાથે સાથે વૈદિક સિદ્ધાંતોનો અભ્યાસ કરાવ્યો છે. આટલી મોટી વયે પણ તેમનું અધ્યાપન કાર્ય સતત ચાલુ છે. સતત કર્મયોગી રહેતા તેમણે અત્યાર સુધીમાં અનેક વક્તા સંતો તૈયાર કરી સંપ્રદાયને ભેટ આપ્યા છે. પરંતુ આ બધાં કાર્યમાં ભગવદ્‌ભક્તિને બિલકુલ ગૌણ કરી નથી. તેઓ નિયમિત સવારે સાડા ત્રણ વાગે ઊઠી નિત્યવિધિ કરી શ્રીહરિની મહાપૂજા કરે છે. આ ક્રમ તેમણે કદી તોડ્યો નથી. તેમણે ભગવાનની ભક્તિને કદી ગૌણ થવા દીધી જ નથી.

તૈત્તિરીયોપનિષદ્ કહે છે, **જે આશાવાન છે, સાધુ ચરિત છે, અધ્યયન શીલ છે, દૃઢ નિશ્ચયવાળો છે અને બળવાન છે તે જ યુવાન છે.** પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામીમાં આજ ૭૫ વર્ષની ઉંમરે પણ ઉપરોક્ત તમામ ગુણો વિદ્યમાન છે. આપણી ઉન્નતિને ઘડવાનો, પોષવાનો અને સદા તાજી રાખવાનો શ્રેય આપણા અધ્યાત્મગ્રંથોને ફાળે જાય છે. એ અધ્યાત્મગ્રંથો જ આપણા જીવનના માર્ગદર્શક દીપકો છે. વળી શ્રીહરિએ વ.કા.૧૨માં કહ્યું છે કે, **'ગમે તેવો કામી, ક્રોધી, લોભી, લંપટ જીવ હોય અને જો વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમનારાયણની વાત સાંભળે, તો એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. '**

પ.પૂ.શાસ્ત્રી સ્વામીએ શ્રીહરિનાં લીલા ચરિત્રોના ગ્રંથોનો અનુવાદ તથા સંશોધન કરવાનું કાર્ય આરંભ્યું. અને જોતજોતામાં તેમણે અનેક ગ્રંથો પૂર્ણ કર્યા. ઘણું જૂનવાણી સાહિત્ય કે જે શ્રીહરિના સમકાલીન સંતોએ લખ્યું હતું, પણ તેના મૂલ્યાંકન શૂન્ય ઉત્તરદાયિત્વને કારણે જે લુપ્તપ્રાય થઈ રહ્યું હતું. તેને ઉજાગર કરવામાં પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામીનો સિંહફાળો છે. બ્રિટિશ લેખક ચાર્લ્સ કિંગ્સલી લખે છે કે, Except a living man, there is nothing more wonderful than a book. જીવંત માણસને બાદ કરતાં આ જગતમાં સારા પુસ્તકોની તોલે આવે તેવું અદ્ભુત કાંઈ જ નથી. પણ સ્વામીજીએ શ્રીહરિનાં ચરિત્રોનો રસથાળ સંપ્રદાયને આપ્યો છે, તેની તોલે આ જગતની કોઈ બાબત આવી ન શકે.

પૂ.શાસ્ત્રી સ્વામી સંપ્રદાયના વર્તમાન યુગના દાર્શનિક અને તત્ત્વચિંતક છે. તેઓશ્રીએ મૂળગ્રંથોનું પરિશીલન કરીને ખૂબ તટસ્થ ભાવે અનુવાદકાર્ય કર્યું છે, આમ તેઓ એક ઉચ્ચકક્ષાના લેખક છે. સાંપ્રદાયિક ઇતિહાસના તેઓ સારા જ્ઞાતા છે. નાનામાં નાના પ્રસંગોનું ઊંડાણપૂર્વક સંશોધન કરીને પછી જ અનુવાદ કાર્યમાં તેનો ઉલ્લેખ કરવાના તેઓ આગ્રહી છે. આ ઉપરાંત અસલગ્રંથમાં કાપકૂપ કે ફેરફાર કર્યા વગર એના એ જ સ્વરૂપે અનુવાદ કરવો એ એમની નિર્ભીકતા અને પ્રામાણિકતા છતી કરે છે. ઉચ્ચકક્ષાના પાંડિત્ય સાથે સાધુતા સભર અને નમ્રતાપૂર્ણ વિવેકી જીવન સહુ

કોઈને નતમસ્તક કરે છે. **આટઆટલું જ્ઞાન હોવા છતાં તેઓમાં કદી અહંનો એક છાંટો સુદ્ધાં જોવા મળ્યો નથી. નિર્માનીપણું એમના જ્ઞાનની યશકલગી છે.** એમના લખાણમાં કોઈના વિષે નિંદા-ટીકાટિપ્પણી જોવા મળતી નથી અને એટલે જ તેમનું કરેલું પ્રદાન અહોભાવ પ્રેરે છે.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની સાહિત્ય સેવામાં પૂ.શાસ્ત્રી હરિજીવનદાસજી સ્વામી(વડતાલ) પછી સાહિત્ય ક્ષેત્રે સૌથી મોટી સેવા કરનાર પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી છે. આવનારી ભાવી પેઢીને આવા વિદ્વાન સંતનાં દર્શન થવાં પણ દુર્લભ હશે. પૂ.શાસ્ત્રી સ્વામીએ શિક્ષાપત્રી અર્થદીપિકાનો અનુવાદ પ્રસ્તુત કર્યો છે. તે પહેલાં પ્રકાશિત થયેલા અનુવાદની દૃષ્ટિએ ઘણો સરળ અને અર્થ ગંભીર છે. એમણે ગાંધીનગર રહીને શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિરમાં પૂ.શ્રીહરિપ્રકાશ સ્વામીના સાથ સહકારથી ૨૦૦ વર્ષથી અપ્રકાશિત એવા અનેક ગ્રંથોને અનુવાદ કરીને પ્રકાશિત કર્યા છે. જેવા કે, શ્રીહરિજન્મપત્રિકા, શ્રીહરિચરિત્રમ્, શ્રીહર્યાજ્ઞામૃતસિંધુ, શ્રીદુર્ગપુર માહાત્મ્ય, શ્રીઉન્મત્તગંગા માહાત્મ્ય, શિક્ષાપત્રી અર્થદીપિકા, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ અને શ્રીહરિચરિત્રામૃતસાગર (ભાગ ૧ થી ૧૨) જેવા વિશાળકાય ગ્રંથનું સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને સંપ્રદાયની મહાન સેવા કરી છે.

તત્ત્વની કિંમત તેમાં રહેલા સત્ત્વને લીધે હોય છે. તેવી જ રીતે એમના દ્વારા રચાયેલ સાહિત્યની મહત્તા તેની સત્ત્વશીલતા, પ્રમાણભૂતતા અને વાસ્તવિકતાને કારણે છે. મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'પ્રતિલોમ કરતા શીખવું. પૂ.શાસ્ત્રી સ્વામી સતત આ વાતનું જીવનમાં પાલન કરી રહ્યા છે. એમને વ્યવહારની કોઈ વાતમાં રસ નથી. એમને ભગવદ્દ્ભક્તિ સિવાય અન્ય કોઈ વાત જણાવે તો તરત જ કહી દેતા કે, અંદર એટલું બધું ભર્યું છે, એ મમળાવીએ તોય પાર આવે તેમ નથી, એટલે હવે નવું કશું અંદર નાખવું નથી. પ્રામાણિકતા એવી કે, **'યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની મિતાક્ષરા ટીકાનું પહેલું પ્રકરણ બીજા સાધુએ કરેલું તો તે તેમના નામે જ રહેવા દીધું.'** બીજા હોય તો એ વાતને ઢાંકવા પ્રયત્ન કરે, પણ પૂ.શાસ્ત્રી

સ્વામીએ ક્યારેય એવો પ્રયાસ કર્યો નથી. અને હરહંમેશ પ્રામાણિકતાપૂર્વક સાહિત્યસર્જન કર્યું છે.

એમના દ્વારા **"શ્રીહરિચરિત્રામૃતસાગર"** જેવા અદ્‌ભુત ગ્રંથનું અનુવાદ કાર્ય સંપૂર્ણ થયું છે. જે એક વિરલ ઘટના છે. કારણ કે, આશરે એક લાખ ઉપરાંત દોહા-ચોપાઈનું શબ્દશઃ ભાષાંતર કરવું તે કોઈ નાનીસૂની વાત નથી. સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીએ વર્ષો સુધી શ્રીહરિની સાથે રહીને જે ચરિત્રોને પ્રત્યક્ષ અનુભવ્યાં, તેમજ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીના મુખેથી સાંભળ્યાં હતાં. તે તમામને આ અદ્‌ભુત ગ્રંથમાં સંગ્રહિત કર્યાં છે.

આ ગ્રંથ સંપ્રદાયનો હિન્દી સાહિત્યમાં મોટામાં મોટો ગ્રંથ છે. આ ગ્રંથના અનુવાદ કરવામાં ઘણી વખત તકલીફ પડે તેવા શબ્દો અને વાકયો આવતા હતા. ત્યારે પણ શ્રીહરિને યાદ કરી સરળમાં સરળ રીતે, તેનો ભાવ ફરી ન જાય તે રીતે અનુવાદ કર્યો છે. સંપ્રદાય અને શાસ્ત્રોનો બહોળો અભ્યાસ હોય તો જ તેમની કસાયેલી કલમે આ કાર્ય થઈ શકે, એ નિર્વિવાદ વાત છે. પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી દ્વારા થયેલી સંપ્રદાયની સાહિત્ય સેવા માટે સમગ્ર શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય તેમને **यावत् चंद्र दिवाकरौ** યાદ રાખશે. ભગવાન શ્રીસ્વામિનારાયણ એમનું સ્વાસ્થ્ય નિરામય રાખે, તેમના દ્વારા વિશેષ ને વિશેષ સાહિત્યની તથા અધ્યાપનની સેવા થતી રહે; એ જ એમનાં ચરણકમળોમાં મંગલમય પ્રાર્થના અસ્તુ....

લિ.સાધુ ઈશ્વરચરણદાસ(કુંડળધામ)ના
ભાવથી જય સ્વામિનારાયણ



નંદસંતોના હસ્તલિખિત પુરાતન ગ્રંથોના પ્રસાર-પ્રચારમાં ઉત્સાહી
પ.પૂ.સદ્‌ગુરુ શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ વિષે ટૂંકમાં

સર્વોપરિ તથા સર્વાવતારી પુરુષોત્તમ પહેલી વાર આ પૃથ્વી પર પધારી, સ્વામિનારાયણ નામે વિખ્યાત થયા. ત્યારે તેઓ પોતાના અક્ષરધામ સહિત અનેક ધામોના મુક્તોને પણ પોતાની સાથે લાવ્યા. તેમાં તેમના સર્વોત્તમ પ્રાણપ્યારા **અનાદિમુક્તરાજ એટલે સ.ગુ.શ્રીગોપાળાનંદ સ્વામી. આ ગોપાળાનંદ સ્વામીની શિષ્ય પરંપરામાં છઠ્ઠા ક્રમે આવતા સંપ્રદાયના એક મૂર્ધન્ય સદ્‌ગુરુ સંત એટલે પ.પૂ.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ).**

તેમનો જન્મ બોટાદ જિલ્લાના ગઢપુર પાસેના **નિંગાળા ગામમાં સં.૨૦૧૬, અષાઢ સુદ-પાંચમ ને તા.૨૯/૬/૧૯૬૦ના રોજ થયો છે.** સર્વોપરી શ્રીહરિના સત્સંગી, સંસ્કારી તથા સમૃદ્ધ પરિવારમાં ઊછરેલા પૂ.સ્વામીને ૧૯ વર્ષની ભર યુવાનીમાં વૈરાગ્ય થતાં ત્યાગી સાધુ થઈને ભગવાનનું ભજન અને સેવા કરવાની ઈચ્છા થઈ. પરંતુ માતપિતાને પુત્ર મોહ સતાવતો હતો. તેથી તેઓ રજા આપતા ન હતા.

ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું કે, **‘મારો જન્મ ભગવાનને ભેટવા અને અનેકને ભગવાનનો ભેટો કરાવવા માટે છે. હું જગમાં સારો થવા નહિ પણ પ્રભુને પ્યારો થવા માટે જન્મ્યો છું. અને જાનારને કોઈ રોકનાર નથી.’** આ ઠેરાવ સાથે સંવત ૨૦૩૫ના ચૈત્ર સુદ આઠમની રાત્રે ૧૧:૩૦ વાગ્યે સંસારનો ત્યાગ કરી પુરુષોત્તમનારાયણને પામવા તેઓ ચાલી નીકળ્યા.

પંચવર્તમાને પૂરા તથા શ્રીહરિનું અખંડ ભજન આરાધના કરવામાં શૂરા એવા પ.પૂ.સદ્.શ્રીરાધારમણદાસજી સ્વામી-ખાનદેશી(વડતાલ)ની નિશ્રામાં રહી શ્રેષ્ઠ સાધુતા તથા સંસ્કૃત, સંગીત વગેરેની કેળવણી પામ્યા. અનેક આકરી કસોટીઓ તથા વિષમ પરિસ્થિતિનો હર્ષભેર સ્વીકાર કરી શ્રીહરિ તથા મોક્ષપથદર્શક ગુરુજનોનો ખૂબ જ રાજીપો કમાયા.

ત્યાર બાદ સંવત ૨૦૪૦, કાર્તિક સુદ પ્રબોધની એકાદશીએ વડતાલ મુકામે ગુરુદેવ શ્રીરાધારમણદાસજી સ્વામીએ આચાર્ય શ્રીનરેન્દ્રપ્રસાદજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અપાવી અન્વર્થ સંજ્ઞાવાળું **‘જ્ઞાનજીવનદાસજી સ્વામી’**

નામ ધરાવ્યું. ત્યાગી થયા પછી તેમણે ૮-૯ વર્ષ સુધી શાસ્ત્રાભ્યાસ અને સદ્‌ગુરુ સાથે સત્સંગમાં ફરી 'અત્યારે સત્સંગને વિશેષ શાની જરૂર છે ?' તે જાણ્યું. ત્યાર બાદ શ્રીસ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલી નંદસંતોની પુનિત પ્રણાલિકા અનુસાર કથા-વાર્તા, ધૂન-કીર્તન અને ધ્યાન-ભજનની એલી સાથે સત્સંગવિચરણની યાત્રા આરંભી.

આજે તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના એક સર્વોત્તમ વક્તા, કવિ, મધુર ગાયક અને સત્સંગ સંવર્ધનના નિષ્ણાંત સંત છે. મુમુક્ષુ જીવોને માયાથી બચાવી મહારાજના સ્વરૂપમાં જોડી દઈ મુક્ત બનાવવામાં તો તેઓશ્રી માહિર શિલ્પી છે. એટલે જ ૯૦ ઉપરાંત ત્યાગી શિષ્યો અને હજારો ગૃહસ્થ ભક્તજનોને પૂ.સ્વામીશ્રી એકાંતિક ધર્મને માર્ગે બહુ સારી રીતે ચલાવી રહ્યા છે.

આજ દિન સુધીમાં તેમણે સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ સ્વામીના તમામ ગ્રંથો અને શ્રીહરિલીલામૃત જેવા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ઘણા ગ્રંથોની તેનાં રહસ્યો સાથે સંશોધનાત્મક કથાઓ કરી છે.

વળી, શ્રીહરિના સમકાલીન આનંદાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી વગેરે સંતો તથા શિવલાલ શેઠ, જોબન પગી જેવા ઘણા હરિભક્તોના જીવનકવનનું સંશોધન કરીને તેના આખ્યાનોની રોમાંચક રજૂઆત સાથે કથા કરી છે. જેમની ૫૦૦૦ ઉપરાંત કલાકોની કથા પ્રત્યક્ષ તથા આધુનિક ટેકનૉલૉજીના માધ્યમે સાંભળી સાંભળીને દેશ-વિદેશમાં અનેક ભાવિક ભક્તો ભગવાનનું બળ તથા સત્સંગનું સુખ અને પોષણ અવિરત મેળવી રહ્યા છે. અને પોતાનું જીવન સંસ્કારમય, શ્રીહરિમય અને સર્વજીવ ઉપયોગી બનાવી રહ્યા છે.

વળી, આજના જમાનાને ધ્યાનમાં રાખી ખોરાસાના રાજાભાઈ, શેખ મિયાં જેવા ઘણાંક સત્સંગલક્ષી ટેલીફિલ્મોનું પણ અદ્‌ભુત સર્જન કર્યું છે. આ તમામ કથા-કીર્તન અને આખ્યાનોની અદ્‌ભુત MP3, V.C.D, D.V.D. અને પેનડ્રાઇવ; આજે વિશ્વભરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંતો તથા એકાંતિક ધર્મનાં પાલન-પોષણમાં અતિશય ઉપયોગી થઈ રહી છે.

આ ઉપરાંત નંદસંતો લિખિત અનેક મહામૂલા સદ્‌ગ્રંથોના સંરક્ષણ, પ્રકાશન અને પ્રચાર-પ્રસાર કરવાનો પણ તેમને અનેરો ઉમંગ છે. તેના જ

એક ભાગ સ્વરૂપે આજે ૧,૦૨,૫૫૧ દોહ-ચોપાઈનો **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** જેવો આ હિંદીભાષાનો ગ્રંથ સંપૂર્ણ ગુજરાતી અનુવાદ સાથે દેશ-વિદેશમાં સહુ કોઈને સુલભ થયો છે.

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીએ ૨૯ પૂરના ચોથા તરંગ સુધી લખ્યો છે. જેમાં શ્રીહરિની છેલ્લા ચારેક વર્ષની લીલા લખવી બાકી રહી ગઈ હતી, તેથી આ ગ્રંથ અપૂર્ણ રહ્યો હતો.

ગાંધીનગરવાસી મહાવિદ્વાન પ.પૂ.શાસ્ત્રી શ્રીહરિપ્રકાશ સ્વામીને આ ગ્રંથમાં અવશેષ રહેલા શ્રીહરિનાં લીલાચરિત્રોની પૂર્તિ થાય અને ગ્રંથ પૂર્ણરૂપમાં સત્સંગસમાજને પ્રાપ્ત થાય એવી અદમ્ય ઈચ્છા હતી. તેથી જ તેમણે પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીને ભારપૂર્વક આ ગ્રંથની પૂર્તિ કરવા કહ્યું.

ત્યારે તેમણે વિચાર્યું કે, આવા મહાન સંત રાજી થાય તો પરમાત્મા રાજી થાય. ગ્રંથકાર શ્રીઆધારાનંદ સ્વામી અને સુજ્ઞ સંતો-ભક્તો સહુ રાજી થાય; એવો લાભ સમજી ગ્રંથપૂર્તિ કરવાનો આદર કર્યો. જેમાં પ્રથમ શ્રીહરિના છેલ્લા ૪ વર્ષના અવશિષ્ટ લીલાચરિત્રોનું સંકલન કર્યું. પછી તેની ગ્રંથકારની શૈલી અનુસારે જ હિન્દી દોહા-ચોપાઈમાં રચના કરી ગ્રંથપૂર્તિ કરી છે. આ પરમાત્માનું કામ પરમાત્માએ જ પોતાના એક લાડીલા સંતને નિમિત્ત બનાવીને કર્યું છે.

પૂર્તિ સાથેનો સંપૂર્ણ આ ગ્રંથ સત્સંગસમાજને પ્રાપ્ત થયો તે આપણા સહુ કોઈના મોટા ભાગ્યની વાત છે. વળી, પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી અને તેમના સંતમંડળના અથાગ પરિશ્રમથી આ મહાગ્રંથ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક મહામૂલા ગ્રંથો પ્રકાશિત કરાયા છે.

તેમજ સંપ્રદાયનાં તમામ મંદિરો તથા ગુરુકુળોમાં સપ્રેમ ભેટ પહોંચાડવામાં આવ્યા છે. એટલું જ નહીં આ તમામ સદ્‌ગ્રંથો ભાવિક લોકો સુધી પહોંચે એવા હેતુથી પૂ.સ્વામીશ્રીના ઈશારે શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા સસ્તા દરે સહુને અપાઈ રહ્યા છે. તેમની આ સાહિત્યસર્જન અને વિતરણની સેવાને સત્સંગસમાજ કાયમ યાદ કરતો રહેશે.

લિ.સાધુ રામકૃષ્ણદાસ(ગાંધીનગર)ના ભાવથી જય સ્વામિનારાયણ

આભારદર્શનમ્



अशेषकल्याणगुणालयस्य निरस्तहेयस्य हरेः प्रसादात्।
त्रिविक्रमाख्यस्य गुरोरनुग्रहाद् हरिप्रियस्यापि कृपावलोकनात्।।१।।

हरेश्चरित्रामृतसागरस्य भाषानुवादः परिपूर्णतां गतः।
हरिप्रकाशस्य विदां वरस्य पुमर्थरूपः लभतां चिरं यशः।।२।।

आधारानन्दनामाऽयं सिद्धानन्देति संज्ञया।
विख्यातः क्लृप्तवान् ग्रन्थं हरेश्चरित्रसंभृतम्।।३।।

तं ग्रन्थं कथयामास भक्ताग्र्यं चोत्तमं नृपम्।
मुक्तानन्दो मुनिश्रेष्ठो भूम्नि निष्ठां परां गतः।।४।।

विक्रमनृपतेर्वर्षे हयाङ्गनभनेत्रगे।
राधे मासि शुचौ पक्ष एकादश्यां तिथौ शनौ।।५।।

ग्रन्थस्याऽस्याऽनुवादोऽयं गुर्जर्यां वाचि भाषितः।
साधुतागुणजुष्टस्य वरस्य वदतां विदः।।६।।

सशिष्यस्य सहायेन परोपकृतिशालिनः।
श्रीस्वामिनः समक्षं च ज्ञानजीवनसद्गुरोः।।७।।

ज्ञानप्रकाशदासेन स्थित्वा कुण्डलधामनि।
त्रिक्रमपादपांसूनां सेवकेन समापितः।।८।।

શ્રીહરિચરિત્ર શ્રીહરિની મૂર્તિ છે. **'સત્સંગ, શ્રીહરિનું સ્વરૂપ અને ચરિત્ર - એ ત્રણ વિના જીવનો મોક્ષ થાતો નથી;** એમ શ્રીઆધારાનંદ સ્વામીએ આ ગ્રંથમાં અનેક વાર કહ્યું છે. એ ત્રણ જેને પ્રાપ્ત થયા હોય તે મહાન ભાગ્યશાળી ગણાય છે. તો પરમકૃપાળુ પરબ્રહ્મ પરમાત્મા શ્રીહરિની અપાર કૃપાથી મારો જન્મ સત્સંગમાં થયો છે. તેમાં શ્રીહરિનું સ્વરૂપ ઓળખાયું,

પછી તેમાં પણ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' જેવા મહાન ગ્રંથના અધ્યયનથી શ્રીહરિનાં અમૂલ્ય કલ્યાણકારી ચરિત્ર મને પ્રાપ્ત થયાં છે. એટલે હું મારા આત્માના ઘણા સદ્ભાગ્ય માનું છું. 'શ્રીહરિચરિત્રમ્' નામના ગ્રંથનું અને **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** નામના ગ્રંથનું વાંચન, ચિંતન તથા મનન કરવાથી **ત્રણેય અવસ્થામાં શ્રીહરિના સ્વરૂપનો યથાર્થ અનુભવ થાય છે.** તેને હું સનાતન સત્ય કહું છું.

ઉપાસ્ય ઈષ્ટદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અનહદ કૃપાથી તથા શમ-દમાદિ સાધુતાના ગુણથી સંપન્ન, વિદ્વાન અને શ્રીહરિના સ્વરૂપમાં સુદૃઢ નિષ્ઠા પામેલા; એવા મારા ગુરુવર્ય સદ્ગુરુશ્રી પુરાણી **ત્રિકમચરણદાસજી સ્વામી**(ગઢડા)ના સંપૂર્ણ અનુગ્રહથી, તેમજ અખંડ ભજનાનંદી, શાસ્ત્રીય રહસ્યના મર્મજ્ઞ વિદ્વાન તથા સાધુતાથી સંપન્ન; એવા સદ્ગુરુશ્રી પુરાણી **હરિપ્રિયદાસજી સ્વામી**ની કૃપાદૃષ્ટિથી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** જેવા શતસાહસ્રસંમિત આ ચરિત્ર ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. અને આજે તે કાર્ય નિર્વિઘ્નપણે સંપૂર્ણ થયું છે. તેથી સંતોષ અનુભવતો હું આ સદ્ગ્રંથના ચરિત્રનાયક ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં પાવન ચરણારવિંદોમાં ભૂયોભૂયઃ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીને તેમનો અનંત-અપાર આભાર માનું છું.

તેમજ બીજે ક્રમે ઉપર જે બે સદ્ગુરુવર્યોનાં નામ લખ્યાં છે તેમનાં ચરણોમાં પણ કોટિ કોટિ વંદન કરીને તેમનો આભાર માનું છું. તેમજ ત્રીજા ક્રમમાં પ.પૂ.શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસ સ્વામીજીનો પણ અપાર આભાર માનું છું. કેમ જે, તેમણે મને વિકટતાભર્યા પ્રસંગોમાં પણ સંભાળી સાથે રાખ્યો છે. અને આ અનુવાદ કાર્યમાં પ્રોત્સાહિત કરતા રહ્યા છે. તેમજ આ સદ્ગ્રંથનું સાંગોપાંગ કાર્ય પૂર્ણ કરવામાં ઉદારતા તથા ધીરતા દર્શાવી છે.

તે પછી ચોથે ક્રમે પૂજ્ય પાદ સદ્ગુરુવર્ય શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી તથા તેમના બધા જ શિષ્યો, વિદ્વાન તથા નિષ્ઠાવાન સંતો, પ્રભુસેવાપરાયણ પાર્ષદો, આ સદ્ગ્રંથના સત્કાર્યમાં તત્પર રહેનારા કાર્યક્ષમ

સાધકો, મુમુક્ષુઓનો આભાર માનુ છું. શ્રીહરિ, સદ્‌ગુરુ અને સંતોની આજ્ઞામાં તત્પર રહેનારા ઉપર દર્શાવેલ સદ્‌ગુરુ તથા તેમના બધા સમર્પિત સચ્છિષ્યો, તે સહુએ કેવળ શ્રીહરિની પ્રસન્નતા અને સત્સંગની સેવાના ભાવથી મનસા વાચા કર્મણા **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરાવીને સત્સંગમાં પ્રસારિત કરવાનું અકલ્પ્ય, અસંભવ અને દીર્ઘદષ્ટિથી સાધ્ય, એવું આ અજોડ કાર્ય કર્યું છે. માટે તે સહુનો હું ઘણો ઘણો વારંવાર આભાર માનું છું.

પૂજ્યપાદ જ્ઞાનજીવનદાસ સ્વામીજી પોતાના મનમાં સંપ્રદાયનાં શુભ સાહિત્યને યથાવસ્થિતરૂપમાં પ્રકાશિત કરવાનો ઘણો જ આગ્રહ રાખે છે. તેમણે વડતાલ મંદિરમાં પૂજ્યપાદ શાસ્ત્રી શ્રીહરિજીવનદાસજી સ્વામીએ સંગ્રહીત હસ્તલિખિત પુસ્તકોનો જે દુર્લભ ભંડાર છે તેની સંભાળ લીધી, અને તેને વ્યવસ્થિત કરીને ઉપરના બાંધણા બદલ્યા વગેરે કામ કેટલાય અઠવાડિયા સુધી કર્યું. તેમાં **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથના નહિ પ્રાપ્ત થયેલાં પાંચમું અને છઠ્ઠું પૂર મળી આવતાં ગ્રંથ પરિપૂર્ણ પ્રાપ્ત થયો. અને આધુનિક ઈલેક્ટ્રૉનિક સાધનોથી તેનું સ્કેનીંગ કરીને ડી.વી.ડી. તૈયાર કરી પ.પૂ.શાસ્ત્રી હરિપ્રકાશજી સ્વામીને મોકલી આપી. તેનાથી ખુશી થયેલા શાસ્ત્રી સ્વામી મને સાથે રાખીને આ મહાન ગ્રંથનું ગુજરાતી ભાષાંતર પ્રકાશિત કરવાનું ગૌરવભર્યું કામ કરી શક્યા છે.

જો પૂજ્યપાદ જ્ઞાનજીવન સ્વામીજીએ આ મહાન ગ્રંથની સંભાળ ન લીધી હોત, તો જ્યારથી ગ્રંથ લખાયેલો જે સ્થિતિમાં આજ સુધી પડ્યો રહ્યો છે, તેના તેવા રૂપમાં જ પડ્યો રહેત. અને અત્યારે જે થયું તે અનુવાદનું તેમજ પ્રકાશનનું કાર્ય થાત જ નહીં. એટલે જે કાંઈ થયું છે તે ઘણું સંતોષકારક થયું છે. તેમાં જેટલાં શ્રીહરિનાં લીલાચરિત્રોનાં ચિત્રો મૂક્યાં છે, તે ચિત્ર તૈયાર કરવાનું કામ પણ પૂ.સ્વામીજીના શિષ્ય-સંતોએ જ કર્યું છે. તેમજ સત્સંગના હરિમંદિરોમાં તથા ગુરુકુળોમાં નિઃશુલ્કરૂપમાં સેવાભાવથી આ ગ્રંથ પહોંચાડી રહ્યા છે, જે કામ અનન્યસાધ્ય છે.

છેલ્લા અઢી વર્ષથી હું 'શ્રીહરિચરિત્રામૃતસાગર'નો અનુવાદ સરળ ગુજરાતી ભાષામાં કરતો હતો, તે આજ સંવત ૨૦૬૭, વૈશાખ સુદ-૧૨, તા.૧૪/૫/૨૦૧૧ શનિવારે કુંડળધામમાં પૂરો થયો છે.

આ બારમા ભાગમાં આ ગ્રંથના છેલ્લા અઠ્ઠ્યાવીશ અને ઓગણત્રીશ પૂરનો સમાવેશ કરાયો છે. ઢળતી ઉંમરને લીધે ક્યાંક અશુદ્ધિ રહી ગઈ હોય કે વાક્યરચનામાં શિથિલતા રહી હોય, તો શ્રીહરિના પ્યારા આપ સહુ ત્યાગી-ગૃહી ભાઈઓ અને બહેનો મારી તે ક્ષતિને ક્ષમ્ય ગણીને ઉદારતા દાખવશો.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ



શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું સંશોધન તથા સાગરકથાની વિગત

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ લખાવાનો આરંભ વડતાલધામમાં મહામુક્ત સદ્.શ્રીઆધારાનંદ સ્વામીએ તેમની ૫૯ વર્ષની ઉંમરે સં.૧૯૧૪, જેઠ સુદ-૮ તા.૦૪/૦૭/૧૮૫૮ રવિવારના રોજ કર્યો હતો. સ્વામીશ્રી દ્વારા ૧૩ વર્ષ, ૫ માસ ૧૪ દિવસમાં ૨૯ પૂર અને ૪ તરંગ લખાયા છે. તેની ગણતરી કરતાં સ્વામીરચિત આ ગ્રંથના કુલ ૨૩૦૫ તરંગ અને ૯૮,૧૭૨ પદ્યો લખાયાં ત્યાં શ્રીહરિજી મહારાજ સ્વામીશ્રીને અક્ષરધામમાં તેડી ગયા.

ગ્રંથ લખાયા બાદ ૧૫૩ વર્ષ પછી પ્રથમ વાર આ મહાકાય ગ્રંથનો સંપૂર્ણ ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો આરંભ પ.પૂ. સદ્.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામીએ સં.૨૦૬૫, કારતક સુદ-૧૩, તા.૧૧/૧૧/૨૦૦૮ ને મંગળવારે ગાંધીનગર શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ સેક્ટર-૨૩ ખાતે કર્યો. ૧ વર્ષ, ૧૦ માસ અને ૧૧ દિવસમાં ૧૪ પૂરના અનુવાદનું કાર્ય ગાંધીનગર કર્યું. પછી પૂ.સ્વામીશ્રી બાકીના પૂરના અનુવાદનું કાર્ય કરવા માટે સં.૨૦૬૬, ભાદરવા સુદ-૧૫, તા.૨૩/૯/૨૦૧૦ ને ગુરુવારે કુંડળ પધાર્યા. કુંડળમાં ૭ માસ, ૨૧ દિવસમાં બાકી રહેલ ૧૫ પૂરનું ભાષાંતર કર્યું. આ રીતે પૂ.સ્વામીશ્રીએ ૨ વર્ષ, ૬ માસ અને ૩ દિવસ એટલે કે, કુલ ૯૧૪ દિવસ સતત આ ગ્રંથના અનુવાદનું કાર્ય કર્યું. અને સં.૨૦૬૭, વૈશાખ સુદ-૧૨, તા.૧૪/૦૫/૨૦૧૧ ને શનિવારના રોજ કુંડળધામ ખાતે આ ગ્રંથના અનુવાદનું કાર્ય પૂર્ણ થયું.

ત્યાર બાદ આ ગ્રંથકર્તા આધારાનંદ સ્વામીની ૨૧૨મી અને ગ્રંથની ૧૫૩મી જન્મજયંતિને દિવસે, કુંડળધામ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સંધ્યા આરતી સમયે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીને આ સંપૂર્ણ સાગર ગ્રંથની કથા કરવાની શ્રીહરિએ અંતર પ્રેરણા કરી. અને પછી બીજે જ દિવસે સં.૨૦૬૭, જેઠ સુદ-૯ શુક્રવાર, તા.૧૦/૦૬/૨૦૧૧ના રોજ કુંડળધામ

શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સવારે ૬:૪૫ કલાકે પૂ.સ્વામીશ્રીએ સાગરકથા કરવાનો આરંભ કર્યો.

આ ગ્રંથ પદ્યમાં છે. તેથી આ ગ્રંથના દોહા-ચોપાઈઓના ગાન સાથે કથા થાય તો સહુને વિશેષ આનંદ આવે. તેથી આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના પ્રત્યેક હિન્દી દોહા-ચોપાઈઓની નીચે તેનો ગુજરાતી અનુવાદ મૂક્યો. પછી અભ્યાસ કર્યો ત્યારે જણાયું કે અર્થની દૃષ્ટિએ આ ગ્રંથમાં જ્યાં સંવાદો અને ઉપદેશ ભાગ છે ત્યાં વિશેષ સંશોધન આવશ્યક છે. પછી પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ સાગરકથાની સાથોસાથ આ ગ્રંથના સંશોધન કાર્ય કરવાનો પણ આરંભ કર્યો. પૂ.સ્વામીશ્રી આ ગ્રંથની કથાવિવેચન તથા સાથે સાથે નિત્ય એક-બે-પાંચ કે સાત-આઠ તરંગોનું સંશોધન પણ કરતા રહ્યા.

આ રીતે આ ગ્રંથના સંશોધનનું કાર્ય સં.૨૦૬૭, જેઠ સુદ-૯ શુક્રવાર, તા.૧૦/૦૬/૨૦૧૧ના રોજ શરૂ થયું અને સં.૨૦૭૩, શ્રાવણ વદ-૮, તા.૧૫/૦૮/૨૦૧૭ મંગળવાર, જન્માષ્ટમીના પવિત્ર દિવસે કુંડળધામ ખાતે સવારે ૮:૩૦ કલાકે આ ગ્રંથનું સંપૂર્ણ સંશોધનકાર્ય પૂર્ણ થયું.

સાગરકથા વિગત :

પૂ.સ્વામીશ્રી નિત્ય એક કલાક કે સવા કલાક સાગરકથા કરતા હતા. આ ગ્રંથ પ્રત્યે સહુને શ્રદ્ધા, વિશ્વાસ અને આદર વધે અને ગ્રંથની ગરિમા વધે, તો તેના ઉપદેશ-વચનો જીવનમાં અપનાવવામાં ઉમંગ જાગે; એવા હેતુથી જ્યારે જ્યારે સાગરકથાનું પૂર પૂર્ણ થાય ત્યારે ત્યારે પૂ.સ્વામીશ્રી પૂર સમાપ્તિ સમારોહ દબદબાભેર ઉજવાવતા હતા. તેમજ પ્રાસંગિક તેને પુષ્ટિ કરતા ઉત્સવો પણ ઊજવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગ્રંથની ગરિમા વધારે એવા સાંસ્કૃતિક કાર્યક્રમો, ટેલીફિલ્મ તથા ગ્રંથનું અપૂર્વ રીતે પૂજન, સૂકા મેવા, મોતી, ધાન્યો વગેરેથી અભિષેક, અન્નકૂટ, પ્રવચનો અને સમૂહ આરતી વગેરે કાર્યક્રમો કરવામાં આવતા હતા.

- **સાગરકથાના પ્રથમ પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૭, શ્રાવણ વદ-૩, તા.૧૬/૦૮/૨૦૧૧ ને મંગળવારના રોજ કુંડળધામમાં કરવામાં આવી હતી. પછી બીજા જ દિવસે તા.૧૭/૦૮/૨૦૧૧ બુધવારના રોજ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના બીજા પૂરની કથા કરવાનો પ્રારંભ કર્યો હતો. આ રીતે એક પૂર પૂર્ણ થાય તેના બીજે જ દિવસે નવા પૂરની કથાનો પ્રારંભ થતો. આ ક્રમ પ્રાયઃ અંત સુધી જળવાયેલો રહ્યો હતો.

- **સાગરકથાના બીજા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૭, આસો સુદ-૧, તા.૨૮/૦૯/૨૦૧૧ ને બુધવારના રોજ કુંડળધામ ખાતે કરવામાં આવી હતી.

- **શ્રીહરિચરિત્રામૃતસાગર પુરશ્ચરણ મહોત્સવ-૧**

સં.૨૦૬૮, કારતક સુદ-૫ થી ૭, તા.૦૧/૧૧ થી ૦૩/૧૧/૨૦૧૧ના રોજ કુંડળધામ ખાતે આનંદભેર ઉજવાયો હતો. આ પ્રસંગે શ્રીહરિચરિત્રામૃતસાગર મૂળ હિન્દી ગ્રંથના બારેબાર ભાગનું એક સાથે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુરશ્ચરણ મહોત્સવની પૂર્વે ભાવિક ભક્તોએ એક હજાર ઉપરાંત આ ગ્રંથના પાઠ કર્યા હતા. તેથી આ ઉત્સવ અંતર્ગત આ ગ્રંથના પ્રત્યેક પદ્યોના ગાન સાથે બેવાર યજ્ઞનારાયણની આહુતિઓ આપી હતી. પવિત્ર વિપ્રો દ્વારા કુલ ૨,૦૫,૧૦૨ આહુતિઓ મહાયજ્ઞમાં સમર્પણ કરી હતી.

- **સાગરકથાના ત્રીજા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૮, પોષ વદ-૭, તા.૧૫/૦૧/૨૦૧૨ ને રવિવારના રોજ કુંડળધામમાં કરવામાં આવી હતી. આ સમાપ્તિ સમારોહના યજમાનની સેવા બોટાદ સત્સંગમંડળે કરી હતી.

- **સાગરકથાના ચોથા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૮, વૈશાખ સુદ-૮, તા.૨૯/૦૪/૨૦૧૨ ને રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરામાં કરવામાં આવી. જેના યજમાન પ.ભ.રસિકલાલ શેઠ-ખંભાત રહ્યા હતા.

- **સાગરકથાનો તિથિ મુજબ પ્રથમ વાર્ષિક સમારોહ**

સં.૨૦૬૮, જેઠ સુદ-૯, તા.૩૦/૦૫/૨૦૧૨ ને બુધવારના રોજ વડોદરા કારેલીબાગ મંદિર ખાતે ઉત્સાહભેર ઊજવવામાં આવ્યો હતો. અને સાગરકથાનો **તારીખ પ્રમાણે પ્રથમ વાર્ષિક સમારોહ** તા.૧૦/૦૬/૨૦૧૨ ને રવિવારના રોજ **લંડન** ખાતે ઉજવવામાં આવ્યો હતો. વળી, આ સાગરકથાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે તા.૧૨/૦૬/૨૦૧૨ મંગળવારના રોજ **શિકાગો**(યુ.એસ.એ) ખાતે ત્યાંના ભક્તોએ પણ ઉત્સવ ઉજવ્યો હતો.

- **સાગરકથાના પાંચમા પૂરનો સમાપ્તિ સમારોહ**

સં.૨૦૬૮, અષાઢ સુદ-૫, તા.૨૪/૦૬/૨૦૧૨ ને રવિવારના રોજ ન્યૂજર્સીમાં આનંદભેર ઉજવાયો હતો. જેના યજમાન પ.ભ.નરેન્દ્રભાઈ પટેલ ખાંધલીવાળા રહ્યા હતા. આ સમારોહથી આરંભી પ્રત્યેક પૂર સમાપ્તિ પ્રસંગે ગ્રંથરાજના સૂકામેવાથી અભિષેક કરવાની સેવાના મુખ્ય યજમાન તેઓ રહ્યા હતા.

- **સાગરકથાના છઠ્ઠા પૂરનો સમાપ્તિ સમારોહ**

સં.૨૦૬૮, ભાદરવા સુદ-૮, તા.૨૩/૦૯/૨૦૧૨ ને રવિવારના રોજ કુંડળધામે કરવામાં આવ્યો હતો. તેના યજમાન પ.ભ.મૃગેશભાઈ ધીરૂભાઈ ધાનાણી-દમણવાળા રહ્યા હતા.

- **સાગરકથાના સાતમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૮, આસો સુદ-૧૪ અને શરદપૂનમ, તા.૨૮/૧૦/૨૦૧૨ ને રવિવારના રોજ કુંડળધામે કરવામાં આવી હતી. તેના યજમાન પ.ભ.નૈનેશભાઈ ભાનુભાઈ પટેલ-આણંદ રહ્યા હતા.

- **સાગરકથાના આઠમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૯, મહા સુદ-૧૪, ૨૪/૦૨/૨૦૧૩ ને રવિવારના રોજ સુરત-વેડરોડ, મૂર્તિબાગ ખાતે કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ.રાજુભાઈ વનજીભાઈ ગાબાણી-સુરત રહ્યા હતા.

- **સાગરકથાના નવમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૯, વૈશાખ સુદ-૮, ૧૮/૦૫/૨૦૧૩ ને શનિવારના રોજ આત્મીયપર્વ અંતર્ગત કુંડળધામમાં કરવામાં આવી હતી. આ કાર્યમાં જીણજ નિવાસી પ.ભ.આત્મારામદાદાનો પરિવાર તથા અન્ય સર્વ હરિભક્તોએ યજમાનપદની સેવા કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ ભાઈઓ-બહેનો અને બાળકોને ગ્રંથરાજના અભિષેકનો અલૌકિક લાભ મળ્યો હતો.

- **સાગરકથાના દસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૯, અષાઢ સુદ ૧૩/૧૪, ૨૧/૦૭/૨૦૧૩ ને રવિવારના રોજ વડોદરા-કારેલીબાગ મંદિર ખાતે કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ.રમણભાઈ ભાઈલાલભાઈ પટેલ-વડોદરા રહ્યા હતા.

- **સાગરકથાના અગિયારમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૬૯, આસો સુદ-૯, ૧૩/૧૦/૨૦૧૩ ને રવિવારના રોજ કુંડળધામ ખાતે કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ.મિહિરભાઈ સુમનભાઈ પટેલ-વડોદરા હાલ યુ.એસ.એ રહ્યા હતા.

- **સાગરકથાના બારમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૦, પોષ સુદ-૧૨, ૧૨/૦૧/૨૦૧૪ ને રવિવારના રોજ નડિયાદમાં કરવામાં આવી હતી. જેના યજમાનપદની સેવા સહજાનંદ યુવક મંડળ-નડિયાદે કરી હતી.

- **સાગરકથાના તેરમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૦, મહા સુદ-૩, ૦૨/૦૩/૨૦૧૪ ને રવિવારના રોજ સુરત-વેડરોડ ખાતે કરવામાં આવી હતી. જેના યજમાનપદે અ.નિ.અમરશીભાઈ ગલાભાઈ વહાણકા પરિવાર(સુરત) રહ્યો હતો.

- **સાગરકથાના ચૌદમા પૂરનો સમાપ્તિ સમારોહ**

સં.૨૦૭૦, જેઠ સુદ-૧૦, ૦૮/૦૬/૨૦૧૪ ને રવિવારના રોજ મુંબઈ-દહીંસર ખાતે યોજાયો હતો. જેના યજમાનપદે મુંબઈ સત્સંગ મંડળ રહ્યું હતું.

- **સાગરકથાના પંદરમા પૂરનો સમાપ્તિ સમારોહ**

સં.૨૦૭૦, ભાદરવા સુદ-૧૫, ૦૯/૦૯/૨૦૧૪ ને મંગળવારના રોજ વડતાલધામ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે જળઝીલણી એકાદશી તા.૦૫/૦૯/૨૦૧૪ના રોજ આધારાનંદ સ્વામી લિખિત મૂળગ્રંથનું રાજોપચારથી પૂજન કરવામાં આવ્યું હતું અને મહાપવિત્ર ગોમતી તીર્થમાં દહીં-દૂધ વગેરેથી ગ્રંથરાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. વળી, સમાપ્તિ સમારોહના દિવસે આચાર્ય મહારાજશ્રી અને સંપ્રદાયના મૂર્ધન્ય સંતોએ પંદર પ્રકારના મોતી અને અલગ અલગ પંદર પ્રકારના પુષ્પની પાંખડીઓ અને તુલસીપત્ર દ્વારા ગ્રંથરાજનું પૂજન-અભિવાદન કર્યું હતું. જેના યજમાનપદે કુંડળધામ, કંડારી ગુરુકુળ તથા કલાકુંજ-સુરત સ્વા.ના.મંદિર રહ્યા હતા.

- **સાગરકથા મધ્ય તરંગોત્સવ અને મધ્ય પદ્યોત્સવ**

પુરશ્ચરણ મહોત્સવ-૨ના ઉપક્રમે તા.૨૫/૦૯/૨૦૧૪ના રોજ આ ગ્રંથનો **મધ્ય તરંગોત્સવ** વડોદરા ખાતે કરવામાં આવ્યો હતો અને તા.૦૪/૧૦/૨૦૧૪ના રોજ કુંડળધામ ખાતે **મધ્ય પદ્યોત્સવ** (હ.ચ.સા. પૂર-૧૬, તરંગ-૩૯, કડી-૮) ધામધૂમથી ઊજવવામાં આવ્યો હતો.

- **હ.ચ.સા. પુરશ્ચરણ મહોત્સવ-૨ અને સોળમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૧, કારતક સુદ-૫(લાભપાંચમ), ૨૮/૧૦/૨૦૧૪ ને મંગળવારના રોજ દ્વિતિય પુરશ્ચરણ મહોત્સવના પ્રથમ દિવસે કરવામાં આવી હતી. આપણા મંડળના પૂ.ભાવિલાસ્વામી(ધર્મસ્વરૂપદાસજી સ્વામી) તથા પ.ભ.ભીખાભાઈ વહાણકાએ આ સંપૂર્ણ ગ્રંથના વીસ વીસ પાઠ કર્યા. એ નિમિત્તે તા.૨૮/૧૦ થી ૩૦/૧૦/૨૦૧૪ દરમ્યાન શ્રીહરિચરિત્રામૃતસાગર પુરશ્ચરણ મહોત્સવ-૨ કુંડળધામમાં ઉજવાયો હતો. જેના યજમાનપદની સેવા અ.નિ.અમરશીભાઈ ગલાભાઈ વહાણકા(સમઢિયાળા હાલ-સુરત)ના પરિવારજનોએ કરી હતી. આ પ્રસંગે આ ગ્રંથના ૨૯ પૂર હોવાથી ગ્રંથરાજનો અભિષેક ઓગણત્રીશ પ્રકારના ૨૯૦૦ કિલો ધાન્ય દ્વારા કરવામાં આવ્યો હતો.

- **સાગરકથાના સત્તરમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૧, અષાઢ સુદ-૫, ૨૧/૦૬/૨૦૧૫ ને રવિવારના રોજ કુંડળધામમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે ૬૦ જેટલા સંગીતકારો દ્વારા 'ફ્લૂટ ફોર સાગરકથા' સમારોહ યોજાયો હતો. જેના યજમાન પ.ભ.મિનેશભાઈ વી.સંજાયા(ન્યુજર્સી) રહ્યા હતા.

- **સાગરકથાના અઢારમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૧, ભાદરવા સુદ-૧૪, ૨૭/૦૯/૨૦૧૫ ને રવિવારના રોજ કુંડળધામમાં કરવામાં આવી હતી. જેના યજમાનપદે પ.ભ.નીતેશભાઈ રવજીભાઈ ડુંગરાણી(અમદાવાદ) રહ્યા હતા.

- **સાગરકથાના ઓગણીશમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૨, કારતક સુદ-૫, ૧૬/૧૧/૨૦૧૫ ને સોમવારના રોજ કુંડળધામમાં ૨૪મી શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિરના પ્રસંગે કરવામાં આવી હતી. જેના યજમાન સર્વે શિબિરાર્થી હરિભક્તો હતા.

- **સાગરકથાના વીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૨, મહા સુદ-૭, ૧૪/૦૨/૨૦૧૬ ને રવિવારના રોજ વડોદરા-કારેલીબાગ મંદિર ખાતે કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ.કૈલાશબેન નગીનભાઈ પટેલ(વડોદરા) હ.હિમાંશુભાઈ-ઓસ્ટ્રેલિયા રહ્યા હતા.

- **સાગરકથાના એકવીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૨, ચૈત્ર સુદ-૧૧, ૧૭/૦૪/૨૦૧૬ ને રવિવારના રોજ બોટાદ-સત્સંગબાગ ખાતે કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ.ઘનશ્યામભાઈ ડાયાભાઈ કળથીયા(બોટાદ) રહ્યા હતા.

- **સાગરકથાના બાવીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૨, અષાઢ સુદ-૧૫, ૧૯/૦૭/૨૦૧૬ ને મંગળવારના રોજ વડોદરા-કારેલીબાગ મંદિર ખાતે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. જેના યજમાન પ.ભ.જયેશભાઈ અને પ.ભ.કમલેશભાઈ એમ. પટેલ(વડોદરા) આ બંને ભાઈઓ રહ્યા હતા.

- **સાગરકથાના ત્રેવીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૨, ભાદરવા વદ-૨, ૧૮/૦૯/૨૦૧૬ ને રવિવારના રોજ કુંડળધામમાં કરવામાં આવી હતી. જેના યજમાનપદની સેવા પ.ભ.હરેશભાઈ પુરુષોત્તમભાઈ સાવલીયા(ન્યૂજર્સી)એ કરી હતી.

- **સાગરકથાના ચોવીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૩, કારતક સુદ-૫, ૦૫/૧૧/૨૦૧૬ નર શનિવાર ૨૫મી શ્રીસ્વા. ના. સત્સંગ રજત શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે કુંડળધામમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ તેમજ મોટેરા સંતોના વરદહસ્તે સૂકામેવા વગેરેથી ગ્રંથરાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. જેના યજમાનપદે સર્વે હરિભક્તો હતા.

- **સાગરકથાના પચ્ચીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૩, માગશર વદ-૧૨, ૨૫/૧૨/૨૦૧૬ ને રવિવારના રોજ કુંડળધામમાં કરવામાં આવી હતી. જેના યજમાનપદની સેવા ભાવનગર સત્સંગસમાજના ભક્તોએ કરી હતી.

- **સાગરકથાના છવીસમા પૂરની સમાપ્તિ**

સં.૨૦૭૩, મહા વદ-૩૦, ૨૬/૦૨/૨૦૧૭ ને રવિવારના રોજ વડોદરા-કારેલીબાગ ખાતે ૮૮મી આત્મીયસભા પ્રસંગે કરવામાં આવી હતી. જેની યજમાનપદની સેવા અમદાવાદ સત્સંગસમાજના ભક્તોએ કરી હતી.

- **સાગરકથાના સત્યાવીસમા પૂરનો સમાપ્તિ સમારોહ**

સં.૨૦૭૩, વૈશાખ વદ-૨, ૧૩/૦૫/૨૦૧૭ ને શનિવારના રોજ વડોદરા-કારેલીબાગ સ્થિત શ્રીઘનશ્યામ મહારાજના ૧૩મા પાટોત્સવ પ્રસંગે યોજાયો હતો. આ સમારોહની વિશેષતા 'મ્યુઝીક ફોર સાગરકથા' હતી. જેમાં ભારતના ખ્યાતનામ ફલૂટવાદક રોનુ મજુમદાર સહિત ૧૬૬ જેટલા સંગીતજ્ઞ કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહના યજમાન ઝાલાવાડ સત્સંગ સમાજના ભક્તો રહ્યા હતા.

- **સાગરકથાના અઠ્ઠ્યાવીસમા પૂરની સમાપ્તિ**

  સં.૨૦૭૩, શ્રાવણ વદ ૮, ૧૫/૦૮/૨૦૧૭ ને મંગળવારના રોજ કુંડળધામમાં ૯૦મી આત્મીયસભા પ્રસંગે જન્માષ્ટમીના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. જેમાં સાગરજ્ઞાન કસોટીએ સહુના અંતરમાં અનેરો ઉમંગ જગાવ્યો હતો. આ ઉત્સવના યજમાનપદની સેવા સોરઠ સત્સંગ સમાજના ઉત્સાહી ભક્તોએ કરી હતી.

- **સાગરકથાના ઓગણત્રીશમા પૂરનો સમાપ્તિ સમારોહ**

  શ્રીહરિચરિત્રામૃતસાગર કથા સમાપ્તિ મહોત્સવ અંતર્ગત કુંડળધામ ખાતે તા.૨૬/૧૦/૨૦૧૭ના રોજ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો. જેના યજમાનપદે સર્વે હરિભક્તો રહ્યા હતા.

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં કુલ ૨૯ પૂર, ૨૪૦૯ તરંગ અને ૧,૦૨,૫૫૧ દોહા-ચોપાઈ-સોરઠા વગેરે છે. જેમાં આધારાનંદ સ્વામીએ ૨૮ પૂર અને ૪ તરંગ લખ્યા છે. જેના દોહા-સોરઠા-ચોપાઈની સંખ્યા ૯૮,૧૭૨ છે. ૨૯મા પૂરના તરંગ-૫ થી ૧૦૮ આમ કુલ ૧૦૪ તરંગની રચના પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ કરી છે. તેમાં તેમણે ૪,૩૭૯ નૂતન પદ્યોની રચના કરી ગ્રંથની પૂર્તિ કરી છે. જેમાં પૂ.સ્વામીશ્રીએ આ ગ્રંથના ૧ થી ૨૦ પૂર, એટલે કે ૧૫૭૧ તરંગની સાગરકથા કરી છે. ત્યાર બાદ ૨૧ થી ૨૯ પૂર અને એટલે કે ૮૩૮ તરંગની સાગરકથા પૂ.ઈશ્વરચરણદાસજી સ્વામીએ કરી છે.

વળી, સત્સંગપ્રેમી અનેક સંતો-ભક્તોની લાગણી અને માંગણી હતી કે, આ મૂળ સાગર ગ્રંથની કથા આશરે ૨૩૨૫ કલાક ઉપરાંત થઈ છે. માટે સાગર ગ્રંથની સારભૂત કથા થાય તો બહુ સારું. સહુ સંતો-ભક્તોની લાગણી અને માંગણીને માન આપી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ **શ્રીહરિચરિત્રામૃત સાગરસાર જ્ઞાનયજ્ઞ**નો આરંભ સં.૨૦૭૩, શ્રાવણ વદ-એકાદશી તા.૧૮/૦૮/૨૦૧૭ ને શુક્રવારના રોજ કુંડળધામે કર્યો હતો. આ સાાગરસાર જ્ઞાનયજ્ઞની સમાપ્તિ સં.૨૦૭૪, કારતક સુદ-૭, તા.૨૭/૧૦/૨૦૧૭ ને શુક્રવારના રોજ કુંડળધામ ખાતે ભવ્યતાપૂર્વક કરવામાં

આવી હતી. આ સાથે પંચદિનાત્મક શ્રીહરિચરિત્રામૃત **સાગરકથા સમાપ્તિ મહોત્સવ** સંપન્ન થયો હતો.

આ તમામ સમાપ્તિ સમારોહ દરમ્યાન આશરે ૨૨૦૦૦ ઉપરાંત કિલો સૂકામેવા દ્વારા તથા ૨૯૦૦ કિલો વિવિધ ધાન્યો વગેરે દ્વારા શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથરાજનો અભિષેક કરવામાં આવ્યો હતો.

અને તે બધી પ્રાસાદિક વસ્તુને અતિ ભાવથી દેશ-વિદેશમાં પહોંચાડી સર્વત્ર વિતરણ કરાવીને અનેકને તેનાથી લાભાન્વિત કરાયા હતા. અનેક ભાવિકોએ અહોભાવથી સૂકામેવા આદિનો પ્રસાદ બહુ વાર આરોગી પોતાના જીવનને ધન્યભાગી માન્યું હતું.

લિ.સાધુ બ્રહ્મપ્રકાશદાસ(કુંડળધામ)ના
ભાવથી જય સ્વામિનારાયણ



શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના પદ્યોનું વિભાગ અનુસાર કોષ્ટક

પૂર	તરંગ	દોહા	સોરઠા	ચોપાઈ	મોતીદામ	પરધરી	હરિગીત	ઈંદવ	ત્રિભંગી	છપય	છંદ	કુલ
૧	૮૦	૭૦૭	૬૯૦	૨૧૦૯	૨૧	૧૯	૬૮	૧૨	૦	૦	૦	૩૬૨૬
૨	૫૨	૪૪૬	૪૪૫	૧૩૩૩	૦	૦	૦	૦	૦	૦	૦	૨૨૨૪
૩	૬૬	૭૦૮	૬૮૫	૨૦૪૫	૪૦	૪૫	૫૦	૦	૦	૦	૦	૩૫૭૩
૪	૧૧૦	૧૦૩૦	૧૦૧૬	૩૦૩૬	૦	૦	૦	૦	૦	૦	૦	૫૦૮૨
૫	૭૫	૬૩૦	૬૩૬	૧૮૫૪	૦	૦	૦	૦	૦	૦	૦	૩૧૨૦
૬	૧૦૨	૮૨૧	૮૪૬	૨૪૪૬	૦	૦	૦	૦	૦	૦	૦	૪૧૧૩
૭	૬૨	૫૦૪	૫૦૬	૧૪૮૩	૦	૦	૦	૦	૦	૦	૦	૨૪૯૩
૮	૭૭	૬૩૦	૬૩૪	૧૮૪૯	૦	૦	૦	૦	૦	૦	૦	૩૧૧૩
૯	૬૧	૪૮૮	૫૦૧	૧૪૬૮	૦	૦	૦	૦	૦	૦	૦	૨૪૫૭
૧૦	૫૪	૪૪૪	૪૫૩	૧૩૧૨	૦	૦	૦	૦	૦	૦	૦	૨૨૦૯
૧૧	૮૯	૭૧૫	૭૧૫	૨૧૩૩	૦	૦	૦	૦	૦	૦	૦	૩૫૬૩
૧૨	૮૬	૭૦૦	૬૯૭	૨૦૭૫	૦	૦	૦	૦	૦	૦	૦	૩૪૭૨
૧૩	૬૮	૫૫૫	૫૫૨	૧૬૩૬	૦	૦	૦	૦	૦	૦	૦	૨૭૪૩
૧૪	૯૫	૭૬૭	૭૮૦	૨૨૮૫	૦	૦	૦	૦	૦	૦	૦	૩૮૩૨
૧૫	૧૦૧	૮૨૦	૮૧૨	૨૪૬૦	૦	૦	૦	૦	૦	૦	૦	૪૦૯૨
૧૬	૭૦	૫૬૮	૫૬૭	૧૭૩૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨૮૬૫
૧૭	૧૦૧	૮૨૦	૮૨૦	૨૪૪૯	૦	૦	૦	૦	૦	૦	૦	૪૦૮૯
૧૮	૯૨	૭૫૧	૭૪૬	૨૨૨૭	૦	૦	૦	૦	૦	૦	૦	૩૭૨૪
૧૯	૬૨	૫૦૦	૫૦૧	૧૪૯૭	૦	૦	૦	૦	૦	૦	૦	૨૪૯૮
૨૦	૬૮	૫૬૫	૫૪૮	૧૬૨૮	૦	૦	૦	૦	૦	૦	૦	૨૭૪૧
૨૧	૯૦	૮૩૯	૮૦૨	૨૪૭૦	૩૧	૨૪	૨૧	૦	૦	૦	૦	૪૧૮૭
૨૨	૧૧૧	૯૫૬	૯૬૦	૨૯૨૦	૧૪	૧૨	૧૦	૦	૦	૦	૦	૪૮૭૨
૨૩	૮૩	૭૬૨	૭૪૨	૨૨૬૯	૪૭	૩૫	૨	૦	૦	૦	૦	૩૮૫૭
૨૪	૬૮	૬૭૧	૬૬૩	૨૦૭૩	૨૭	૧૮	૧૨	૦	૦	૦	૦	૩૪૬૪
૨૫	૬૪	૫૯૩	૫૯૯	૧૮૨૨	૧૦	૫	૦	૦	૦	૦	૦	૩૦૨૯
૨૬	૮૦	૬૭૨	૬૬૬	૨૦૧૪	૨૬	૧૫	૧	૦	૦	૦	૦	૩૩૯૪
૨૭	૧૦૪	૮૪૩	૮૩૫	૨૫૧૩	૧૪	૧૦	૦	૦	૦	૦	૦	૪૨૧૫
૨૮	૧૩૦	૧૦૭૭	૧૦૭૬	૩૨૧૫	૬	૩	૦	૦	૦	૦	૦	૫૩૭૭
૨૯	૧૦૮	૯૧૨	૮૯૦	૨૭૧૬	૦	૦	૪	૦	૪	૧	૧	૪૫૨૮
કુલ પદ્ય	૨૪૦૯	૨૦૪૯૪.૫	૨૦૩૮૦.૫	૬૧૦૬૯	૨૩૫.૫	૧૮૬	૧૬૮	૧૨	૪	૧	૧	૧૦૨૫૫૧.૫ ★

★ **સૂચના :** શ્રીહરિચરિત્રામૃતસાગરની હસ્તપ્રતમાં અમુક જગ્યાએ બે પાદના અડધા પદ્યો છે. પરંતુ અમે જ્યારે સંપૂર્ણ ગ્રંથના પદ્યોની ગણતરી કરી ત્યારે ચાર પાદનું એક પદ્ય ગણી પૂરા ગ્રંથના પદ્યોની સંખ્યા લખી છે. આ ગ્રંથમાં આવા અડધા પદ્યો નંબરરહિત ૭૭ અને નંબર સહિત ૭૮ પદ્યો છે.

અનુક્રમણિકા

પૂર-૨૮

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨
૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮
૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬
૯૭	૯૮	૯૯	૧૦૦	૧૦૧	૧૦૨	૧૦૩	૧૦૪
૧૦૫	૧૦૬	૧૦૭	૧૦૮	૧૦૯	૧૧૦	૧૧૧	૧૧૨
૧૧૩	૧૧૪	૧૧૫	૧૧૬	૧૧૭	૧૧૮	૧૧૯	૧૨૦
૧૨૧	૧૨૨	૧૨૩	૧૨૪	૧૨૫	૧૨૬	૧૨૭	૧૨૮
૧૨૯	૧૩૦						

પૂર-૨૯

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬

અનુક્રમણિકા



ભાગ-૧૨

(પૂર - ૨૮, ૨૯)

અનુક્રમણિકા

પૂર - ૨૮

પૂર - ૨૯



INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૮

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર અઠ્યાવીશમું : તરંગ - ૧

દાદા ખાચરને પરણાવવા ગયેલા શ્રીહરિ જાન સાથે પીઠવડીમાં રાત રહ્યા

❋ મંગલાચરણ :

दोहा : श्रीसहजानंद हरि के, पदपंकज धरी ऊर;
वारवार वंदन करूँ, विघ्न होय सब दूर...०१

विघ्न हरत मंगल करत, उचरत मुख हरि नाम;
ऐसे चरित्र रहे जेहि, सुनत होत आराम...०२

सोरठा : अठाविश अब हि जेहि, पूरहु के आरंभ जेहु;
करत भये हे तेहि, श्रीहरि उर में धरकर हि...०३

श्रीहरि धरत हि ऊर, आनंद आनंद होत;
विघ्न होवत हि दूर, प्रताप ऐसे रहे यह...०४

શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિનાં ચરણકમળને હૃદયમાં ધારીને, હું વારંવાર વંદન કરું છું કે જેનાથી બધાં જ વિઘ્ન દૂર થઈ જાય છે. ૧.

શ્રીહરિનાં નામને ઉચ્ચારવાથી તે વિઘ્નોને હરી લે છે અને મંગળ કરે છે. એવા શ્રીહરિનાં જે ચરિત્રો છે, તેને સાંભળવાથી સાંભળનારાને સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. ૨. શ્રીહરિનાં સ્વરૂપને દિલમાં ધારીને હવે હું અઠ્યાવીશમા પૂરનો આરંભ કરું છું. ૩. શ્રીહરિને દિલમાં ધારતાંની સાથે જ આનંદ આનંદ થઈ જાય છે. કારણ કે, શ્રીહરિને અંતરમાં ધારવાનો એવો પ્રતાપ છે કે તેનાથી બધાં વિઘ્ન દૂર જ થઈ જાય છે. ૪.

શ્રીહરિનો પ્રતાપ અપાર છે, જેનો કહ્યે પાર આવતો નથી. કદાચ કોઈ કરોડો કલ્પ સુધી શ્રીહરિચરિત્રને કહેતાં રહે, તોપણ તેનો ક્યારેય પાર પમાતો નથી. ૫. **શ્રીહરિનાં ચરિત્રોને કોઈ પરસ્પર કહે અથવા સાંભળે અને નિશ્ચય કરીને હૈયામાં ધારે, તો તે એક એક ચરિત્ર કરોડો કલ્પમાં તે જીવે કરેલાં પાપનો નાશ કરી દે છે.** ભગવાન સંબંધી જે જે બાબત કહેવાય છે, તે બધી બાબતોમાંથી શ્રીહરિના નિશ્ચયે કરીને મોક્ષરૂપી ફળ પ્રાપ્ત થાય છે. કદાચ નિશ્ચય વિના પણ ભગવાનનાં જે જે ચરિત્ર છે તેને સાંભળવામાં આવે; અને તે વખતે તે ચરિત્રોમાં કોઈ જાતનો કુર્તક ન કરે અને દોષ પોતાનો જ દેખે, તો તે જીવનો શુદ્ધ ભાવ જોઈને ભગવાન તેનો ઉદ્ધાર કરે છે. ૬-૯.

સુરતનો સમૈયો કરીને જ્યારે શ્રીહરિ ગઢપુર આવ્યા ત્યારે ગઢપુરમાં સંતો જ્યાં રહેતા હતા, ત્યાં શ્રીહરિને રહેવા માટે ઉત્તરાદા બારનાં ભવન તૈયાર કરી વાળ્યાં હતાં. તે ભવનની અપાર શોભા હતી. તેની આગળના ભાગમાં તેથી છેટે બીજાં ભવન કરાવ્યાં હતાં. ૧૦-૧૧. તે ભવનમાં શ્રીહરિ ભાગવત આદિક ગ્રંથોની કથા કરાવતા હતા. ત્યારે ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હોય તે યોગ્ય રીતે બેસી શકતા. ૧૨. જ્યાં શ્રીહરિ ઘણા દિવસથી રહેતા હતા, ત્યાં પોતાના બંને ભાઈના પરિવારને રાખ્યો. ૧૩. જ્યારે તે અયોધ્યાવાસીને ત્યાં રાખ્યા, ત્યારે શ્રીહરિએ ઘણા પ્રેમથી સંતો માટે રહેવાની બીજી જગ્યા કરાવી. ૧૪. જ્યાં નવાં ભવન કરાવ્યાં હતાં, તેમાં શ્રીહરિ રોજ કથા કરાવતા હતા. સહુના દિલમાં અપાર આનંદરસ ભર્યો રહેતો હતો. ૧૫.

ગઢપુરમાં રહેતાં મહા મહિનો આવ્યો, ત્યારે જ્યાં વાસુદેવનારાયણનો ઓરડો છે ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કરાવ્યો. ૧૬. ત્યાર બાદ નંદરામજીનાં મા, ગોપાળજીનાં મા, સીતારામજી, બદરીનાથજી, તેમની બહેન ફૂલસરી; એટલાં જણ શ્રીહરિની પાસે ગઢપુરમાં રહ્યાં. તેમજ નંદરામજી, ગોપાળજી, ગોપાળજીના મામા સુફળ અને શ્રીહરિના મામાના પુત્ર મંછારામ એ ચારને શ્રીહરિએ ઘણા માન સાથે તેમને ગામ ઉત્તર પ્રદેશમાં મોકલ્યા અને તેમને યોગ્ય રીતે વસ્ત્ર, ઘરેણાં ઈત્યાદિક અપાવ્યાં. ૧૭-૧૯. તેમજ વાહનરૂપ અશ્વ આપ્યા અને કામકાજમાં મદદ કરે તેવા સેવક મનુષ્ય પણ આપ્યા.

❋ શ્રીહરિએ દાદા ખાચરના ફરીવાર લગ્ન કરાવ્યા :

દરબાર દાદા ખાચરના પ્રથમ લગ્ન કરેલા હતા. ૨૦. તેમની તે પત્નીનું જ્યારે મરણ થયું, ત્યારે દાદા ખાચરના બીજા લગ્ન કરવાનું શ્રીહરિએ મનમાં ચોક્કસ ધાર્યું. શ્રીહરિ તો સત્યસંકલ્પ છે. તેમણે પીઠવડી ગામના જીવા દવે નામના એક સારા વિપ્ર હરિભક્તને દાદા ખાચરના ફરી લગ્નના સંબંધ જોવા માટેની આજ્ઞા કરી. પછી તેમણે વાળાક પ્રદેશમાં ભટવદર ગામમાં બાબરિયા કાઠી નાગપાલ વરુ હતા, તેમની ઘણી ગુણવાન પુત્રી જસુબાઈની સાથે દાદા ખાચરનો સંબંધ કરાવ્યો. તે પછી જીવા દવે વિવાહ માટેના શુભ લગ્ન લખાવીને લાવ્યા અને ગઢપુરમાં વિધિએ સહિત તે લગ્ન વધાવ્યા. ૨૧-૨૪. વિવાહનો જે રીતે વિધિ કરવો જોઈએ, તે બધો શ્રીહરિએ કરાવ્યો અને ગઢપુરવાસી બધા લોકોને ઘણા પ્રેમથી જમાડ્યા. ૨૫.

લગ્નના નિશ્ચિત કરેલા દિવસ મુજબ શ્રીહરિ દિવસને પાછલે પહોર જાન સહિત ચાલ્યા, તે **માલપરા** ગામ જઈ સાંજે મુકામ કર્યો. ૨૬. માલપરા ગામમાં મોનજી મહારાજ કરીને એક ચતુર્વેદી વિપ્ર હરિભક્ત હતા. શ્રીહરિ તેને ઘેર રાત રહ્યા. ૨૭. શ્રીહરિ દાદા ખાચરના વિવાહને નિમિત્તે તેમની જાન સાથે ચાલ્યા. કારણ કે, તેને લીધે અનેક મનુષ્યોને દર્શન દેવાનો સંકલ્પ કર્યો હતો. ૨૮.

શ્રીહરિ કોઈને કોઈ કાર્યને નિમિત્ત બનાવી, તે પ્રસંગે જે પ્રદેશમાં હરિભક્તો રહેતા હોય તે દેશમાં અવશ્ય જતા. એમ ત્યાંના બધા ભક્તોના

મનોરથને પૂર્ણ કરતા હતા. ૨૯. કારણ કે, ભક્તજનોના મનોરથને પૂર્ણ કરવા માટે જ શ્રીહરિનું વિચરણ હતું. માલપરામાં રાત રહ્યા પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા અને સંધ્યા સમયે **પીઠવડી** ગામમાં આવ્યા. ૩૦.

પીઠવડી ગામમાં જે હરિભક્ત રહેતા હતા, તે બધા હાથમાં શ્રીફળ લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ શ્રીહરિનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યાં. ૩૧. તે સહુ જે શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિને સમર્પણ કર્યાં. દર્શન કરીને પ્રેમમગ્ન થયેલા ભક્તો ખૂબ જ આનંદિત થયા. ૩૨. બાળક, જુવાન અને વૃદ્ધ એ બધા જ હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. તે સમયે ઢોલ આદિક વાંજિત્રો શ્રીહરિની સન્મુખ વાગતાં હતાં. ૩૩. શ્રીહરિની આગળના અને પાછળના ભાગમાં રહેલા બધા હરિભક્તો મુખથી કીર્તન ગાતા હતા તથા આવો અલૌકિક અવસર જોઈને વારંવાર ગુલાલ ઉડાડતા હતા. ૩૪. જ્યારે શ્રીહરિ ગામમાં રાજમાર્ગે ચાલ્યા, ત્યારે બજારમાં ઊભેલા હજારો લોકો મુખથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. સહુ લોકોને અપાર આનંદ થયો. ૩૫.

ભક્તજનોને સુખ કરનારા અને આનંદઘન આવા અવિનાશી શ્રીહરિ પૂંજા પટેલ નામના ભક્તને ઘેર આવીને ઊતર્યા. ૩૬. શ્રીહરિને માટે ત્યાં સુંદર પલંગ બિછાવી દીધો. શ્રીહરિ તેના ઉપર બેઠા. ગામના જેટલા હરિભક્તો હતા, તે સહુ તેમની આગળ આવીને બેઠા. ૩૭. હરજીભાઈ, રૂડાભાઈ, હીરાભાઈ, ભગાભાઈ અને મૂળાભાઈ આદિક જે હરિભક્ત હતા. તે સહુએ શ્રીહરિને પોતપોતાને ઘેર પધરાવ્યા અને શ્રીહરિની પૂજા કરી. આ રીતે તે સહુ હરિભક્તોનો ઘણા વરસનો ભાવ પૂરો કર્યો. ૩૮-૩૯. પીઠવડીની આસપાસના નજીકના ગામના બધા હરિભક્તો શ્રીહરિના સમાચાર સાંભળીને દર્શન કરવાં માટે ત્યાં આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "દાદા ખાચરને પરણાવવા ગયેલા શ્રીહરિ જાન સાથે પીઠવડીમાં રાત રહ્યા" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨

દાદા ખાચરના વિવાહ કરીને શ્રીહરિ છઠ્ઠે દિવસ માલપરા પાછા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પીઠવડીમાં જે જે હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યા હતા, તે બધાનો ઘણો જ ભાવ જોઈને શ્રીહરિએ તેમને ખૂબ જ પ્રેમથી બોલાવ્યા. ૨. તે કેટલાક પ્રદેશમાં ખુમાણ અટકના કાઠી દરબારોનાં ગામ હતાં અને તેનો લેવા-દેવાનો બધો વ્યવહાર કારભારી કરતા હતા. ૩. તે દરબારોને પોતે રાખેલા કારીભારીઓના ઉપર અતિશય વિશ્વાસ રહેતો. કારીભારીઓ જેટલું આપે, તેમાં તેઓ ક્યારેય સંશય કરતા નહિ. ૪. તે ગામેતી કાઠી દરબારોને તેમના કારભારીઓ કાયમને માટે કરજમાં દબાવી રાખતા હતા અને દરબારો પણ કરજમાં જ પોતાની મોટાઈ માનતા હતા. ૫.

વળી, એવા કરજવાળા ગામેતી કાઠીઓ ઉદાર મનવાળા કહેવાતા હતા. તે બધા ઊપજ કરતાં વધારે ખર્ચ કરતા હતા. તેથી તેમની પાસે ક્યારેય ધન બચતું નહિ. ૬. જે રાજાને રોજ એક લાખ કે એક કરોડની ઊપજ થતી હોય, છતાં તેઓ રોજ બે લાખ કે બે કરોડનું ખર્ચ કરતા હોય; તો એવા રાજાઓ તૂટી ગયેલા સરોવરના જેવા ગણાય. ૭. એક લાખ કોશના વિસ્તારવાળું મોટું સરોવર હોય, વળી તે સરોવર સહુથી વિશાળ કહેવાતું હોય; પણ તેની પાળી ઠેર ઠેર તૂટી ગયેલી હોય તો તેમાં ક્યારેય પાણી ભરાય નહિ. ૮. તે રીતના જે રાજાઓ હોય છે, તે તેવી પોતાની અણસમજણની મોટાઈમાં સર્વોપરિ સુખ માને છે. ચાહે તેવો કોઈ મોટો હોય, તોપણ તેને જીવવાનો કોઈ લગાર પણ નિર્ધાર નથી. ૯. જીવવાનું ખોટું છે અને મરવાનું સાચું છે. જેટલી બાબત દેખાય છે, તે બધી કાચી છે. જે ધન ભેગું કરે છે, તે ભેગું કરેલું ધન તેનું રહેતું નથી. ધન ભેગું કરનારને પણ ચોક્કસ મરવાનું તો છે જ. ૧૦.

ત્રિલોકીનું રાજ્ય કરીને પણ કેટલાય રાજાઓ મરી ગયા છે અને કેટલીક વાર ઈન્દ્ર કે બ્રહ્માનાં સ્થાનને પામ્યા પછી પણ અગણિત લોકોનો

નાશ થયો છે. ૧૧. **જેને પરમેશ્વરનો સંબંધ થયો હોય છે, તેનું જ નામ રહે છે. ભગવાનનું ભજન કર્યા સિવાય તો ચાહે તેટલી કીર્તિ મેળવી હોય તોપણ તે નિષ્પ્રયોજન છે.** ૧૨. કેટલાક બુદ્ધિશાળી લોકો આ બધી ભૂમિને સુવર્ણની કરે એવા હોય છે અને એવા અપાર બળવાન રાજાઓ પણ થયા છે. એવા બુદ્ધિમાન હોવા છતાં જો તેણે સત્સંગ નથી કર્યો, તો તે બધા બુદ્ધિમાન નિરર્થકમાં ખપે છે. ૧૩-૧૪. કોઈ ચાહે તેટલું ભણેલા હોય, ગમે તેવા ગુરુ હોય અને ગમે તેવા રાજા કે સહુથી ધનાઢ્ય હોય, અરે ! બ્રહ્માના જેવા થયા હોય, સ્વર્ગલોકનું કે ભૂલોકનું રાજ્ય મળ્યું હોય; પણ તે સત્સંગને જ્યાં સુધી નથી સ્વીકારતા તો તે બધું મળ્યાનું શું ફળ છે ? ૧૫-૧૬.

તે પ્રદેશના જે ગામેતી ખુમાણ કાઠી દરબારો શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યા હતા, તે બધાની આગળ શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણેની વાત ઘણાં હેતથી કહી. શ્રીહરિ જ્યાં જઈને જે વાત કરતા હતા, તે વાતમાં જેને જેટલો ખપ હોય તે દેખાઈ આવતો હતો. ૧૭-૧૮. **સાંભળનારાને ખપ ઉત્પન્ન થાય, આવી જે વાત કરવી તેનું જ નામ સાચી વાત કહેવાય છે.** શ્રીહરિ વાત કર્યા પછી પોતે રસોઈ કરીને જમ્યા. ૧૯. શ્રીહરિ જીવા દવેને ઘેર જમ્યા હતા અને પૂંજા પટેલને ઘેર પ્રેમથી આવીને પોઢ્યા. જ્યારે સવાર થયું ત્યારે પીઠવડીથી ચાલતા થયા. ૨૦.

❋ શ્રીહરિએ દાદા ખાચરનો રથ ચલાવ્યો :

પીઠવડીથી ચાલ્યા ત્યારે ભક્તપતિ અને અંતર્યામી આવા શ્રીહરિ ભક્તજનોને સંભારવા માટે પોતે દાદા ખાચરનો રથ ચલાવવા બેઠા. શ્રીહરિનાં જે જે ચરિત્રની વાત હોય, તેને જે મનુષ્ય સંભારે છે તેનાં અનંતજન્મનાં બંધનનો તત્કાળ જ નાશ થઈ જાય છે અને તેને જમનો બધો જ ત્રાસ ટળી જાય છે. ૨૧-૨૨. ચાલતાં રસ્તામાં જે જે ગામ આવતા હતા, ત્યાં ઠેકઠેકાણે જે જે લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા તેનાં સદ્‌ભાગ્ય કહી શકાતા નથી. ૨૩. દરેક ગામના લોકોને શ્રીહરિ જ્યારે દર્શન દેતા હતા, ત્યારે તે લોકો બે હાથ જોડીને શ્રીહરિનાં ચરણમાં મસ્તક નમાવતા હતા. ૨૪.

આ રીતે ભાગ્યશાળી લોકોને દર્શન દેતાં શ્રીહરિ **ભટવદર** ગામની સમીપે આવ્યા. ત્યારે તે ગામના બધા લોકો શ્રીહરિ તથા જાનની સન્મુખ આવ્યા. ત્યાં ઢોલ, નગારાં આદિક વાજિંત્રો વગડાવીને ઘણી રીતે શ્રીહરિ તથા જાનનું ખૂબ જ સન્માન કર્યું. ૨૫-૨૬.

ત્યાં બાવળના અતિશય ઘાટા વનની વચ્ચે ઘર હતાં. ત્યાં શ્રીહરિ પોતે પધાર્યા. ૨૭. વેવાઈના ઘરની નજીક જ્યાં જેને જેમ ઘટે ત્યાં તેવા ઉતારા આપ્યા અને બધી જગ્યા સ્વચ્છ કરાવી દીધી હતી. ૨૮. તે પ્રદેશની જેવી રીત હતી, તે રીતે શ્રીહરિએ તે બધું વિવાહનું કાર્ય કરાવ્યું અને ખૂબ જ પ્રેમથી આખા ભટવદર ગામને જમાડ્યું. ૨૯. કન્યાના પિતાનું નામ નાગપાલ હતું. તેણે જેટલા રૂપિયા માગ્યા તેથી પણ વધારે પાંચ રૂપિયા તેમને શ્રીહરિએ રાજીપે અપાવ્યા. રાતે વિવાહનું મંગલ કાર્ય કરી લીધું. વિવાહ કર્યા પછી તરત ભટવદરથી ચાલતા થયા અને **વાવેરા** ગામ આવીને રાત રહ્યા. ૩૦-૩૧. ત્યાં સહુ લોકોને દર્શન દઈને ત્યાંથી સવારે ચાલતા થયા, તે **ગોરડકા** ગામ આવ્યા. ત્યાં માતરા ચાંદુ નામે એક હરિભક્તને ઘેર આવ્યા. ૩૨. શ્રીહરિ પોતે રસોઈ કરીને જમ્યા. જાનના બધા લોકોને પણ ત્યાં જમાડ્યા.

પછી પરમ ચતુર અને સુજાણ એવા શ્રીહરિ ત્યાંથી જાન સાથે ચાલ્યા તે **પીઠવડી** ગામ આવીને રોકાયા. ૩૩. ત્યાં ભગાભાઈ અને મૂળાભાઈ નામે સગા બે ભાઈ હરિભક્ત હતા. તે બંનેએ સ્ત્રીનો ત્યાગ કર્યો હતો. જ્યારથી તેમને આપણા સત્સંગના સંતો મળ્યા હતા, ત્યારથી તેઓ તરત સત્સંગી થયા હતા. તે સિવાય પીઠવડીમાં હીરાભાઈ, હરજીભાઈ, ભાયાભાઈ, રૂડાભાઈ, કલ્યાણભાઈ અને પૂંજાભાઈ આ બધા હરિભક્તો હતા. ૩૪-૩૫. તે સહુએ શ્રીહરિની આગળ હાથ જોડીને વિનંતિ કરી કહ્યું કે, "હે પ્રભુ ! આપ અમારી વાત સાંભળો. આ ગામમાં આપ બે-ચાર દિવસ રોકાઓ અને અમને દર્શન વગેરેનું સુખ આપો. ૩૬.

જે નરનારી મનુષ્યોએ અહીં આપનાં દર્શન કર્યાં છે, તેમનાં હૃદયમાં ખૂબ જ ભાવ છે, તો દયાનિધિ એવા ધર્મકુમાર આપ રસોઈ કરીને જમો." ૩૭. પછી શ્રીહરિ રસોઈ કરીને પીઠવડીમાં જમ્યા અને રાતે જ ત્યાંથી ચાલતા

થયા. આખી રાત ચાલ્યા ત્યારે **માલપરા** ગામ પહોંચ્યા. ૩૮. જ્યારે દિવસ ચાર ઘડી ચઢ્યો, ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. ત્યાંના કણબી પટેલ શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયા. ૩૯. શ્રીહરિને ઉતારો કરાવ્યો અને કંસારની રસોઈ કરાવી. પછી શ્રીહરિ સહુની સાથે ત્યાં જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્યસિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "દાદા ખાચરના વિવાહ કરીને શ્રીહરિ છઠ્ઠે દિવસ માલપરા પાછા આવ્યા" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩

આધારાનંદ સ્વામી સુરતથી વાસુદેવ ભગવાનની પટમૂર્તિ કરાવીને લાવ્યા અને તે જોઈને શ્રીહરિ રાજી થયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો, ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને માલપરા ગામથી જાન સાથે ચાલતા થયા. ૨. જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો, ત્યારે ગઢપુર પહોંચ્યા. ઢોલ આદિ વાંજિત્ર વાગવાં લાગ્યાં અને કેટલાય લોકો શ્રીહરિ તથા જાનની સન્મુખ આવ્યા. ૩. દિવસ છતાં જ શ્રીહરિ **ગઢપુર**માં પધાર્યા. ગઢપુર એવું ગામ હતું કે ત્યાં ઘણા જ ભક્તજનો આવી નિવાસ કરીને રહ્યા હતા. ૪.

શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને ઉત્તર દિશા તરફ ઓસરી વગરનાં મકાન હતાં, તે સંતોને નિવાસ કરવા માટે આપ્યાં. તે મકાનમાં જે નાગમાલા રહેતા હતા, તેમને ઉગમણા બારનું બીજું મકાન કરાવી દીધું. પછી તેમાં શ્રીહરિએ તેમને રાખ્યા. **ગઢપુરમાં રહેનારા તે બધા જ હરિભક્તો શ્રીહરિની આજ્ઞામાં રહેતા હતા.** જ્યાં પહેલાં સંતો રહેતા હતા, ત્યાં શ્રીહરિએ પોતાને રહેવા માટે ઉત્તર અને દક્ષિણ બંને તરફ ઓસરીવાળાં ભવન કરાવ્યાં. શ્રીહરિ પોતે જે ભવનમાં રહેતા હતા, તે અયોધ્યાવાસીઓને રહેવા માટે આપ્યાં. ૫-૮.

શ્રીમાળીનાં મકાન અને ગોપીભટ્ટનાં મકાનની જેટલી જગ્યા હતી, તે બધી સંતો માટે રાખી. ૯. સંતોએ તે મકાનમાં આવીને નિવાસ કર્યો. સંતો ત્યાં યોગનો અભ્યાસ કરતા હતા. શ્રીહરિએ સંતોને યોગાભ્યાસ શીખવાની આજ્ઞા કરી હતી અને પોતે પણ ત્યાં આવીને સંતોને યોગાભ્યાસ શીખવતા હતા. ૧૦. ગોપાળાનંદ સ્વામીને યોગ શીખવાનો ઘણો ભાવ હતો. નિત્યાનંદ સ્વામીને શ્રીહરિને પ્રસન્ન કરવાની મનમાં ખૂબ જ ભાવના રહેતી હતી અને તેથી જ તેઓ યોગ શીખતા હતા. શ્રીહરિ પોતે યોગકળા શીખવે, આવો અવસર ફરીવાર આવે નહિ. ૧૧-૧૨.

ગોપાળાનંદ સ્વામીની સાથે અખંડાનંદ સ્વામી અને કૃષ્ણાનંદ સ્વામી, બંને મળીને યોગનો અભ્યાસ શીખતા હતા. ૧૩. યજ્ઞનાથાનંદ સ્વામી, પુરુષાનંદ સ્વામી, શ્રીનિવાસાનંદ સ્વામી, ઈશાનંદ સ્વામી, ત્રિગુણાતીતાનંદ સ્વામી અને રઘુનાથાનંદ સ્વામી એ બધા જેને જેટલો આવડે તે રીતે રોજ યોગાભ્યાસ કરતા હતા. ૧૪-૧૫. નિત્યાનંદ સ્વામીની સાથે પવિત્રાનંદ સ્વામી સવારમાં નિયમિત અષ્ટાંગયોગ શીખતા હતા. ૧૬. નાના શિવાનંદ સ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, દામોદરાનંદ સ્વામી, જિષ્ણવાનંદ સ્વામી, સગુણાનંદ સ્વામી, કપિલેશ્વરાનંદ સ્વામી અને નિરન્નમુક્તાનંદ સ્વામી ઈત્યાદિક કેટલાક સંતોએ અષ્ટાંગ યોગને સિદ્ધ કર્યો હતો. શ્રીહરિ તે સહુ સંતોને યોગ શીખવતા હતા. આ રીતે મહા મહિનો જ્યારે ઊતર્યો, તે પછી ફાગણ માસ બેઠો. ૧૭-૧૯.

ત્યારે આધારાનંદ સ્વામી સુરતથી આવ્યા. તેઓ શ્રીહરિએ સુરતમાં જેવી કહી હતી તેવી બંને હાથ ઊંચા રાખીને રહેલી વાસુદેવ ભગવાનની ચિત્રપ્રતિમા કરાવીને લાવ્યા. ત્યારે શ્રીહરિ સંતોની પંગતમાં લાડુ પીરસીને સાધુની ધર્મશાળા તરફ ચાલ્યા આવતા હતા. બરાબર એ સમયે આધારાનંદ સ્વામી ત્યાં આવ્યા. તેમની સાથે બીજા સંત ધર્માત્માનંદ સ્વામી હતા. ઘનશ્યામ શ્રીહરિ તે બંને સંતોને પાસે બોલાવીને ભેટ્યા. ૨૦-૨૨. જ્યાં સંતોની જગ્યાનું બારણું છે, ત્યાં ધર્મકુમાર શ્રીહરિ સંતોને ભેટ્યા હતા. પછી ત્યાંથી પાછા વળીને શ્રીહરિએ આ સંતોને જમવા બેસાડ્યા અને તેઓને ત્રણ ત્રણ લાડુ પીરસ્યા. ૨૩. તે

પછી શ્રીહરિ પોતાના ઉતારાનું નવું મકાન જ્યાં કર્યું હતું, તે તરફ ચાલ્યા. તે મકાન સંતોની જગ્યા પાસે હતું, ત્યાં જઈને પોઢી ગયા. ૨૪.

જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો, ત્યારે શ્રીહરિએ યાદ કરીને સુરતથી આવેલા સંતોને બોલાવવા માટે મુકુંદાનંદ વર્ણીને મોકલ્યા. પછી તે બંને સંતો મુકુંદ વર્ણીની સાથે તે પટમૂર્તિને લઈને શ્રીહરિની સમીપે આવ્યા. ૨૫-૨૬. પછી શ્રીહરિએ તે સંતોને કહ્યું કે, “મૂર્તિ ઉપરનું કપડું ખોલો એટલે અમે જોઈએ કે, મૂર્તિ કેવી બની છે !” પછી સંતોએ મૂર્તિ ઉપરનું કપડું ખોલ્યું. ૨૭.



શ્રીહરિએ જેવી રીતની મૂર્તિ કરવા માટેનું કહ્યું હતું, તેવી જ તે મૂર્તિ બની હતી. તેથી શ્રીહરિ ઘણા પ્રેમથી તે મૂર્તિના વખાણ કરવા લાગ્યા કે, "શ્વેતદ્વીપ ધામમાં જે રીતે ભગવાન વાસુદેવ તપ કરી રહ્યા છે, તે મૂર્તિમાં અને આ મૂર્તિમાં રોમનોય ફરક રહ્યો નથી. ૨૮-૨૯. શાસ્ત્ર જે રીતનું વર્ણન કરે છે, તેવી જ આ મૂર્તિ બની છે. નર અને નારાયણ હાથ જોડીને જે રીતે આ વાસુદેવ ભગવાનની ઘણા પ્રેમરસથી ભર્યા થકા સ્તુતિ કરે છે, તેવો બધો ભાવ આ મૂર્તિમાં બતાવી દીધો છે." આવું શ્રીહરિએ કહ્યું અને તે મૂર્તિને દેખીને શ્રીહરિ અતિશય રાજી થયા. ૩૦-૩૧.

તે પછી દાદા ખાચરના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ બિછાવેલા પલંગ ઉપર ભવભયહારી શ્રીહરિ વિરાજમાન થયા. તે સમયે ત્યાં સંતોની સભા થઈ. તે સભામાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી વગેરે બીજા બધા સંતો પણ આવીને બેઠા હતા. ૩૨-૩૪. તે રીતે જ દેશદેશના બધા હરિભક્તો દર્શન કરવાં માટે આવીને ત્યાં બેઠા હતા. પછી શ્રીહરિએ તે વાસુદેવ ભગવાનની મૂર્તિનું પટચિત્ર સહુને બતાવ્યું અને હરિભક્ત બાઈઓને પણ વાસુદેવ ભગવાન જે રીતે તપ કરે છે તે સ્વરૂપ દેખાડ્યું. ૩૫-૩૬. **શાસ્ત્રમાં જે રીતની વાત કહી હોય છે, તેવી જ શ્રીહરિની કહેલી બધી વાત હોય છે. તે જો કહેવામાં ન આવે તો બીજાને કોઈ દિવસ તેની ખબર પડતી નથી.** કારણ કે, લોકોને તે જાણવાનો ખપ હોતો નથી. જેટલા સંસારી લોકો છે, તે તો સંસારની વાત સમાન બીજી કોઈ વાત ક્યારેય જાણતા નથી. ગુરુ થવા છતાં પણ શું થયું ? સત્સંગ વિના તો બધા સંસારમાં જ લીન રહે છે. ૩૭-૩૯. સંત થયા તોય શું ? અને પંડિત થયા તોપણ શું ? સત્સંગ વગર બધા અજ્ઞાનીમાં જ ખપે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "આધારાનંદ સ્વામી સુરતથી વાસુદેવ ભગવાનની પટમૂર્તિ કરાવીને લાવ્યા અને તે જોઈને શ્રીહરિ રાજી થયા" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર અઠ્યાવીશમું : તરંગ - ૪

શ્રીહરિ સત્સંગની પક્વતા માટે કલ્યાણકારી નિયમોને ફેરવતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે સમયે સહુ સંતો તથા હરિભક્તો બોલ્યા કે, "મહારાજ, આપનાં નામ અને આપની મૂર્તિઓ અપાર છે. તેનો ગણ્યે પાર આવતો નથી. વૃક્ષ એક હોય છે પણ તેની ડાળીઓ, પાંદડાં, ફળ અને ફૂલ અનેક હોય છે. જ્યારે થડ દેખીએ છીએ, ત્યારે તે એક જ જણાય છે. ૨-૩. અમે આપને સહુના આધારભૂત થડ માનીએ છીએ. આપની મૂર્તિઓ અને વાતોના પારને કોઈ જાણતું નથી અને તેના પારને તો આપ પણ પામી શકતા નથી. ૪.

✳ શ્રીહરિની મૂર્તિ જ સર્વેનું કેન્દ્રબિંદુ છે :

चोपाई :

अक्षर ब्रह्मांड के मध्य कहेऊ, ब्रह्मांड से बार कहे तेऊ;
एक कु ऐसे कहत ज्ञानी, अमाप माप में न आत रहानी...०५
केतिक बात अमाप रहाते, माप में आत तितना कहाते...०६
तुमारी मूर्ति रहाये तिनमें, बात जितनी रहाये इनमें;
सत्संग कर हम इतना जेहा, समझत रहे जीय में तेहा...०७
अनंत बात रहाये तिनके, तव मूर्ति मूर रहाये इनके;
ध्रु निशान तव मूर्ति हि रहाता, तिनसे अधिक न कोउ कहाता...०८

અક્ષર તત્ત્વ બ્રહ્માંડની અંદર રહ્યું છે અને બ્રહ્માંડની બહાર પણ રહ્યું છે. તે એક અક્ષરને જ્ઞાની પુરુષો આ રીતે કહે છે. તે અમાપ તત્ત્વ માપમાં આવતું નથી. કેટલીક વાત તો ઘણી અમાપ હોય છે. તે જેટલી માપમાં આવે તેટલી કહેવાય છે. ૫-૬. જે કાંઈ બાબત છે તે બધી જ આપની મૂર્તિમાં રહી છે. અમે તો સત્સંગ કરીને અમારા જીવમાં આ રીતે સમજીએ છીએ. ૭. અનંત બાબતોનું મૂળ આપની મૂર્તિ છે. આપની મૂર્તિ બધી જ વાતોનું કેન્દ્રબિંદુ અર્થાત્ ધ્રુવ નિશાન છે. આપની મૂર્તિથી અધિક અન્ય કાંઈ કહેવાય નહીં. ૮.

જે લોકો આપની મૂર્તિ કરતાં અન્ય કોઈને અધિક કહે, તે તો આપના ચોર બને છે. આપની મૂર્તિ સિવાય બીજા અક્ષર પર્યંત કોઈ પણ આપનાથી અધિક અમને ન મનાય, એવું અમે હાથ જોડીને માગીએ છીએ. માણસનો તો એવો સ્વભાવ છે કે, તે આપનો પણ ત્યાગ કરી દે છે. ૯-૧૦. જીવ તો આપના સિવાય બીજામાં પણ તરત જ બંધાઈ જાય છે. પરંતુ જ્યાં સુધી મનુષ્ય આપના સિવાય અન્યમાં બંધાયેલો રહે છે, ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. ૧૧. ચાહે તેવો કોઈ જ્ઞાની કહેવાતો હોય, પણ જો તેની સમજણ સવળી ન હોય તો તે અજ્ઞાની જ કહેવાય છે. કોઈ પણ મનુષ્ય આપને છોડીને બીજાને જ્યાં સુધી અધિક માને છે, ત્યાં સુધી તે બાળબુદ્ધિ કહેવાય છે. આવી રીતે સમજણની બાબત તપાસવાથી જેની જેવી સમજણ હોય તે દેખ્યામાં આવે છે. કારણ કે, **સમજણરૂપી કસોટીથી માણસ ઓળખાય છે.** ૧૨-૧૩. આપની મૂર્તિનાં નામ અનેક હોય છે. જેને વિવેક હોય છે, તે નામને લીધે ક્યાંય ભૂલો પડતો નથી. ૧૪. જે મનુષ્ય વિવેકહીન હોય છે તે અંધ કહેવાય છે. તેથી તે આપના સિવાય બીજાને અધિક માનીને, જ્યાં ત્યાં ચોંટી જાય છે અને સંસારમાં ભટકતો રહે છે. ૧૫. **સંતનાં વચનમાં પક્વતા-અપક્વતા દેખાઈ આવે છે. જેનામાં જેટલી દઢતા હોય તે તેનાં વચન કહી દે છે.** ૧૬.

શ્રીહરિ ગઢપુરમાં તે પટમૂર્તિનાં દર્શન રોજ રોજ નવા નવા ભક્તજનને કરાવતા હતા અને તે દર્શન કરનારાની કેવી દઢતા છે ? તેને દેખતા હતા. ૧૭. સંતો, વર્ણી, સત્સંગી બાઈ-ભાઈ તેમજ ધર્મવંશી બાઈ-ભાઈઓ તે સહુ સત્સંગનું મૂળ છે. ૧૮. જેનું કાચું કે પાકું જેવું મૂળ હોય તે તેમનાં વચનમાં અને વર્તનમાં યથાર્થરૂપમાં દેખાઈ આવે છે. કારણ કે, વચન અને વર્તન, તે બંને પક્વતા-અપક્વતાને જાણવાનાં દ્વાર છે. ૧૯. સત્સંગમાં સમજણની પક્વતા અને અપક્વતાને યથાર્થરૂપમાં દેખાડવા માટે શ્રીહરિએ સમાધિ આદિક અપાર પ્રકરણ અવાર-નવાર ચલાવ્યા હતા. ૨૦. તે નવાં ચલાવેલાં પ્રકરણમાં જે ભક્ત જેવો હોય, તે તેવો દેખાઈ આવતો હતો. કારણ કે, જેટલી અજમાવેલી વાત હોય, તેમાં ક્યારેય અણવિશ્વાસ રહેતો નથી. ૨૧. કેટલીક બાબત એવી હોય છે કે તેને રોજ સંભારવામાં ન આવે, તો તે તેવી

ને તેવી તાજી રહેતી નથી. તેમાં તલભાર પણ ખોટું નથી. ૨૨. જે વાત જેવી હોય, તેને યથાર્થરૂપમાં શ્રીહરિ જાણતા હતા. તેથી તેનો તેવી રીતે વિચાર કરીને શ્રીહરિ નિયમ ફેરવતા રહેતા, તેમાં વાર લગાડતા નહિ. ૨૩.

❋ આજ્ઞાની મહત્તા :

શ્રીહરિએ કરેલા જેટલા નિયમો છે, તેમાં મોક્ષરૂપ ફળ રહ્યું છે. આ લોક અને પરલોકમાં પોતાના તમામ શરણાગત ભક્તોનો યશ વધારવા માટે શ્રીહરિને રાત-દિવસ તાન રહેતું હતું. જે લોકો શ્રીહરિના કહ્યા પ્રમાણે નથી ચાલતા, તેનો આ લોક અને પરલોકમાં અપાર અપયશ થાય છે. શ્રીહરિએ કહેલા નિયમોને જે લોપે છે, તેમને તો જમદૂત શોધતા હોય છે. ૨૪-૨૬. શ્રીહરિના કહેલા કાયદાનો જે લોકો લોપ કરે છે, તેને માટે તો ભયંકર મુખવાળા ચૌદ કરોડ જમ કર્યા છે. ૨૭. છતાં તે જીવ જ્યાં સુધી શરીરમાં રહ્યો હોય છે, ત્યાં સુધી અત્યંત આનંદથી વર્તતો રહે છે. તેનાં મનમાં કોઈ જાતનો ત્રાસ ઊપજતો નથી, ઊલટાનો મનમાં ફાવે તેમ ચાલતો રહે છે. ૨૮.

चोपाई :

जस अपजश हि ताके, स्वतंत्र होवत जन जब हि;
विवेक कछु हि वाके, रहत नहीं अक्षर लग हि...२९
इमि विच्चारी के श्रीहरि जेहा, अल्प से अक्षर लग हि तेहा;
स्वतंत्र कबहु न करेउ किनकू, चाय तेसे बडे रहे तिनकू...३०
उत्तम मध्यम कनिष्ठ हि जेहू, काईदे में भेद रहे तेहू;
यह लोक परलोक जो तामें, जश होवे अपार कर यामें...३१
कोटि कल्प जश होय न नाशा, जम के कबहु न परेउ पाशा;
जन्म मरण चोराशि हि ताके, अपार दुःख रहायेउ वाके...३२
कोटि कल्प लग आवे न पारा, ऐसे दुःख रहाये अपारा;
ताके नाश रहाये जामें, अपार अपार सुख रहे तामें...३३

મનુષ્યથી માંડી અક્ષરપર્યંત જે કોઈ સ્વતંત્ર થઈ જાય છે, ત્યારે તેને યશ-અપયશનો કાંઈ વિવેક રહેતો નથી. એમ વિચારીને શ્રીહરિએ અલ્પ જીવથી માંડી અક્ષરપર્યંત ચાહે તેવા કોઈ મોટા હોય, તોપણ કોઈને ક્યારેય

સ્વતંત્ર કર્યા નથી. ૨૯-૩૦. કાયદાઓમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ; એવા ત્રણ પ્રકારનાં ભેદ હોય છે. **ઉત્તમ ભેદ :** જે કાયદાઓ પાળવાથી આ લોક તથા પરલોકમાં અપાર યશ થાય. કરોડો કલ્પ જાય તોપણ તે યશનો નાશ થાય નહિ. વળી, જે કાયદા પાળવાથી ક્યારેય માથે યમનો પાશ રહે નહિ. **જે કાયદા પાળવાથી કરોડ કલ્પે પણ પાર ન આવે, એવાં જન્મ-મરણ અને લખચોરાશીનાં અપાર દુઃખનો પણ નાશ થઈ જાય** અને જે કાયદામાં અતિશય અપાર સુખ રહ્યું હોય, એવા જેટલા કાયદા છે તે ઉત્તમ પ્રકારનાં કાયદા કહેવાય છે. **મધ્યમ ભેદ :** જેમ રાજા આ જગતમાં પોતાના ધાર્યા સ્વાર્થને સિદ્ધ કરવાને માટે વારેવારે નવા નવા કાયદાઓ ઘડીને ચલાવે છે, તેવા સ્વાર્થ સાધી દેનારા કાયદાઓને મધ્યમ કહેવાય છે. ૩૧-૩૫. **કનિષ્ઠ ભેદ :** પ્રજામાંથી ધન ખેંચવા માટે તેમજ નિર્દોષને પણ દોષિત ઠરાવવા માટેના જે કાયદાઓ હોય, તે બધા કનિષ્ઠ અને અધમ કહેવાય છે. ૩૬.

રાજા જેવા કાયદાઓને ચલાવે છે, તેને અંતર્યામી પરમેશ્વર દેખતા હોય છે. રાજાએ જેવા કાયદાઓ કર્યા હોય છે, તેવું ફળ તે રાજાને ધર્મરાજા આપે છે. ૩૭. **આ વાત ચોક્કસ છે. તેથી ધર્મને ક્યારેય ભૂલવો જોઈએ નહિ. કેમ જે, જેટલા ધર્મને ભૂલી જાય છે, તેને ધર્મરાજા શિક્ષા કરે છે.** ૩૮. **એકે એકને નિયંત્રણમાં રાખવા માટે શ્રીહરિએ તેના માથે શિક્ષા કરનારા કોઈ ને કોઈ રાખ્યા છે. એવી શ્રીહરિએ અદ્દલ રીત ચલાવી છે.** ૩૯. **જે શ્રીહરિના કહેલા નિયમના ભંગનો ડર રાખે છે, તેની પાસે ધર્મ આવીને રહે છે. જ્યાં સુધી તે મનુષ્ય ભગવાનનો ડર રાખે છે, ત્યાં સુધી ધર્મ તેનાથી ક્યારેય ઉદાસ થતો નથી.** ૪૦. જે મનુષ્ય જ્યાં સુધી શ્રીહરિના કહેલા નિયમના ભંગનો ડર નથી રાખતો, ત્યાં સુધી તેની પાસે અધર્મ નિરંતર નિવાસ કરીને રહે છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ સત્સંગની પક્વતા માટે કલ્યાણકારી નિયમોને ફેરવતા" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર અટ્ઠ્યાવીશમું : તરંગ - ૫

સુરતમાં સત્સંગના દ્વેષીઓની પજવણી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ સુરતમાં સમૈયો કરીને ત્યાંથી જ્યારે ગઢપુર આવ્યા, તે પછીના સમયમાં સુરતમાં અનેક પ્રકારની બાબતો થઈ હતી. ૨. તે સમયે સુરતમાં પરમાનંદ સ્વામી તથા ભણનારા સંતો રહ્યા હતા. તેમણે એક પત્રમાં બધી વાતો લખીને કવિ ભૂમાનંદ સ્વામી તથા ગોવિંદાનંદ સ્વામીને તે પત્ર આપ્યો હતો. ૩-૪. જ્યારે ઉપર જણાવેલો પત્ર લખ્યો, ત્યારે આધારાનંદ સ્વામી સુરતમાં પટમૂર્તિ કરાવવાને માટે રહ્યા હતા. તેથી તેમણે પણ એક બીજો પત્ર લખ્યો. ૫. તેમાં પટમૂર્તિના જેવા સમાચાર હતા, તે બધા લખ્યા અને સુરતમાં જે બધી વાત બની હતી, તે પણ લખી. ૬.

તે સમયમાં ગોસ્વામી વલ્લભાચાર્યના મતના જે સરકારના કારભારી હતા, તેઓ વ્યસનોમાં ભરપૂર હતા. ૭. તેઓ વૈષ્ણવ તો નામમાત્રના હતા. તેમાં વૈષ્ણવનો એક પણ ગુણ હતો નહિ. ઉપરથી ઘણા ઊજળા દેખાતા હતા, પરંતુ અંદરથી તો વિકારોથી ભરેલા હતા. ૮. તે અધિકારીઓ રાત-દિવસ સત્સંગીઓનો ખાનગીમાં પુષ્કળ દ્વેષ કરતા હતા. ધર્મવાળા વૈષ્ણવોમાં જેટલા સત્સંગ ઉપર ભાવ રાખતા હતા, તે બાબતે જ્યારે બીજા કટ્ટરપંથી વૈષ્ણવોને જાણ્યામાં આવ્યું, ત્યારે તેમણે સત્સંગ ઉપર ભાવવાળા વૈષ્ણવોને નાત બહાર કર્યા. હા, જેની પાછળ સો જેટલા પરિવારનો સમુદાય જોડાયેલો હોય, તેનું નામ ક્યારેય લેતા નહિ. ૯-૧૦. પણ જેની પાછળ દસ-બાર ઘર હોય, તેવાને તે નાત બહાર કરતા હતા. તે બધા કુભાંડીઓ પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનારા હતા. ૧૧. તે વૈષ્ણવ મતમાં ઘણા ખરા વૈષ્ણવોમાં વ્યભિચારરૂપી દોષ મુખ્ય થઈ ગયો હતો. વ્યભિચારમાં જ કલ્યાણ રહ્યું છે, એવી જ વાતો તેમના કેટલાક ગુરુઓ પણ કરતા થઈ ગયા હતા. ૧૨.

ગીતામાં કામ, ક્રોધ અને લોભ એ ત્રણ દોષોને નરકનું દ્વાર કહ્યા છે, તે વાત પ્રસિદ્ધ છે. ૧૩. જે લોકો માત્ર શ્રીકૃષ્ણને નહિ, પરંતુ શ્રીકૃષ્ણનાં વચનને માનતા હોય, તે જ સાચા શ્રીકૃષ્ણના મતવાળા કહેવાય. ૧૪. જે પુરુષ પોતાની પત્ની સિવાયની પરસ્ત્રીને મા તથા બહેન સમાન જ માને છે, તે જ સાચા વૈષ્ણવ કહેવાય છે. ૧૫. જ્યાં સુધી પરસ્ત્રીને મા તથા બહેનના જેવી માનતો નથી, ત્યાં સુધી તે વૈષ્ણવ નથી. ૧૬. મોક્ષના માર્ગ ઉપર ચાલવાની જે જે વાત હોય છે, તેના ઉપર ધર્મ સંબંધી વાતની છાપ પ્રસિદ્ધ રહી હોય છે. ૧૭. જે પોતે ધર્મને પાળે અને બીજા પાસે પળાવે, તે જ સાચા ગુરુ કહેવાય છે. ધર્મ વગરના જેટલા ગુરુ કહેવાય છે તથા ધર્મ વિનાના જેટલા સંપ્રદાય કહેવાય છે, તે બધા તો મડદા જેવા છે. તેઓ મનમાં ચાહે તેવું માનતા ફરે છે. ગુરુના ખરેખર જેવા ધર્મ હોય, તેને તેવા રૂપમાં જે જાણે તે જ ગુરુ છે. ૧૮-૧૯.

❋ જ્ઞાનહીન ગુરુની દુર્દશા :

સાચા અર્થમાં જે ગુરુ હોય છે, તેમને સમજવાની રીત તો શ્રીકૃષ્ણ ભગવાને પ્રભાસક્ષેત્રમાં ઉદ્ધવ પ્રત્યે હેતથી કહી છે. ૨૦. તે વાતનું જેને જ્ઞાન હોય, તેવા સાચા ગુરુને ઓળખવા. જ્ઞાન વિના જે ગુરુ થઈ બેસે છે, તે બધાને તો રોજ એક બ્રહ્માંડનો નાશ કરવાથી જેટલું પાપ થાય તેટલું પાપ લાગે છે, એમ સમજવું. આવી વાતો ભાગવતના એકાદશ સ્કંધમાં કહી છે. ૨૧-૨૨. તે ભાગવતમાં કહેલ વાતનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ જે ગુરુ તે જ્ઞાનને છૂપાવી રાખે; તથા જેને તેવું જ્ઞાન નથી તે બધા ગુરુઓ તો બહેરા, આંધળા અને મૂંગા જેવા છે. ૨૩.

જે ગુરુ થઈને પરસ્ત્રીને ભોગવે છે, તેવા પાપીની બરાબર તપાસ કરીને પછી તેને ઘણા આગ્રહ સાથે ગરમ કરેલા સિક્કાથી કપાળમાં જે રાજા ડામ દે છે, તો તે રાજાએ જેટલાં પાપ કર્યાં હોય તે પાપોનો નાશ થઈ જાય છે. ૨૪-૨૫. કામી ગુરુને કૂતરા સમાન કહ્યા છે અને લોભી ગુરુને ચંડાળ જેવા કહ્યા છે. જે તેનો સમાગમ કરે છે તેને વારંવાર કાળ

ખાઈ જાય છે. ૨૬. પ્રહ્લાદ, પ્રિયવ્રત, જનક, ઉદ્ધવજી, અજ્ઞાનને હરનારા વસિષ્ઠ, વિશ્વામિત્ર, બ્રહ્મા, શિવજી તથા વ્યાસજી જેવા જ્ઞાનના આચાર્યોએ કહ્યું છે કે, મનુષ્યમાત્રે પરસ્ત્રીનો ત્યાગ કરવો. ૨૭-૨૮. જે પોતે ગુરુ હોવા છતાં પણ પરસ્ત્રીનો ત્યાગ નથી રાખતા, તેવા ગુરુ તો ગધેડાં, કૂતરાં અને પાડાની ઉપમાને લાયક છે. ૨૯. તે કામી ગુરુ બોકડા અને બુઢિયા વાંદરાના જેવા ગણાય છે.

જ્યારે શ્રીહરિ સુરતમાં પધાર્યા, ત્યારે તે કામી ગુરુઓને ગમ્યું નહિ. ૩૦. તે કામી ગુરુના શિષ્ય નરનારીઓ હતા, તે બધા અરદેશર શેઠના ભયથી કાંઈ બોલી શક્યા નહિ અને મનમાં જ સમજીને બેસી રહ્યા હતા. સત્સંગી સિવાયના તે બધા લોકો, પોતાને ગમતી હોય તેવી નિંદિત બાબતોમાં મુખ્યપણે કરીને વર્તતા હતા. ૩૧-૩૨. તે નિંદિત બાબતમાં જેઓ દોષને ન દેખે, તેને તેઓ શ્રેષ્ઠ વાત માનતા. પણ તે નિંદિત વાતમાં જ્યારે કોઈ દોષ દેખાડે, તો તેની સાથે પ્રથમ પ્રીતિ કર્યા વગર ઉપરથી હેત દેખાડીને વાત કરતા રહે છે. એમ હેતથી પોતાની વાતનો સ્વીકાર કરાવે છે. તેથી ક્યારેય ન કરવા જેવી ભૂંડામાં ભૂંડી વાત પણ તેઓ પ્રીતિને કારણે ગ્રહણ કરે છે. પ્રીતિ તો ઈન્દ્રજાળ જેવી કહેવાય છે. જો કરતા આવડે તો પ્રીતિ જ મોહજાળ છે. ૩૩-૩૫.

સહુ કોઈને પોતાની બુદ્ધિનું માન હોય છે. પણ સાચો પ્રેમ કરાવાની વાત શીખવાથી કોઈને આવડતી નથી. સાંસારિક હેતરૂપી માયાએ કરીને જ જીવ કરોડો કલ્પ સુધી આ સંસારમાં અલ્પ સુખ માટે અપાર દુઃખ પામે છે. તેવી માયિક બાબતોમાં જે પ્રીતિ કરે છે, તેને લગાર પણ બુદ્ધિ નથી. ૩૬-૩૭. **જેટલી કાંઈ સાંસારિક પ્રીતિ છે, તે સર્વે તો જીવને સંસારમાં ભટકાવે છે. જેને જેટલી સત્સંગમાં પ્રીતિ હોય, તે તેટલો જીવને સંસારથી તારે છે.** ૩૮. માયિક વિષયમાં જે મનુષ્ય અંજાઈ જઈને પ્રીતિ કરે છે, તે તો કરોડો કરોડ કલ્પ સુધી સંસારમાં ભટકતો રહે છે. સત્સંગ વિના ભણ્યો હોય તેનું પણ ફળ શું ? **કોઈ મનુષ્ય સત્સંગ ન કરે અને રોજ**

રોજ આખા બ્રહ્માંડને જમાડતો રહે, તોપણ તે જમાડવાનું ફળ સત્સંગ સમાન ક્યારેય થતું નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સુરતમાં સત્સંગના દ્વેષીઓની પજવણી કહી" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬

સત્સંગના દ્રોહીઓનો સરકારને હાથે ઉચ્છેદ થયો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતથી પત્ર લઈને નીકળેલા સંત ભૂમાનંદ સ્વામી તથા ગોવિંદાનંદ સ્વામી ગઢપુર આવ્યા અને તેમણે શ્રીહરિની પાસે જઈને હાથમાં બે પત્ર આપ્યા. ૨. તે સમયે શ્રીહરિ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર બેઠા હતા. શ્રીહરિએ તે પત્ર મનમાં વાંચ્યા. ૩. પછી જ્યારે સંધ્યા વખતે બધા સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી, ત્યારે તે સમાચાર સહુએ જાણ્યા. ૪. જ્યારે શ્રીહરિએ પહેલો પત્ર વાંચી લીધો, તે પછી આધારાનંદ સ્વામીનો પત્ર ગોવિંદાનંદ સ્વામીએ શ્રીહરિને આપ્યો. ૫.

પછી શ્રીહરિએ તે પત્ર પણ વાંચ્યો અને પછી બોલ્યા કે, "આ જે પત્ર આવ્યો છે તેમાં લખ્યું છે કે, અમે સુરતથી નીકળ્યા પછી કેટલાક લોકોએ સત્સંગનો દ્રોહ કરવા માંડ્યો હતો. પરંતુ તે દ્રોહી લોકો સરકારના કોઈ ગુનામાં આવી ગયા છે. તે દ્રોહનાં પાપને લીધે અત્યારે ઘણા દુઃખી થયા છે. જે કહી શકાતું નથી. ૬-૭. જે લોકો સત્સંગનો દ્રોહ કરે છે, તેને તેનું ફળ આ લોકમાં તરત મળી જ જાય છે. જે લોકો સત્સંગનો દ્રોહ કરે છે, તે ગમે તેવા મોટા હોય તોપણ તેના વંશનો નાશ થઈ જાય છે. ૮-૯. જેમ કે, હિરણ્યાક્ષે આ ભૂમિનો દ્રોહ કર્યો હતો, ત્યારે ભગવાને તેને માટે બ્રહ્માના

અંગમાંથી તત્કાળ વરાહરૂપ ધારણ કર્યું અને તે મહાવિકરાળ દૈત્યનો નાશ કર્યો. ૧૦. વળી, ભક્ત પ્રહ્લાદનો દ્રોહ જ્યારે તેના પિતાએ કર્યો, ત્યારે ભગવાને સ્તંભમાંથી પ્રગટ થઈને તે હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો. ૧૧. જ્યારે રાવણે સીતાનો દ્રોહ કર્યો, ત્યારે ભગવાને આવીને રાવણનો નાશ કરી નાંખ્યો હતો. અવિનાશી ભગવાન આવા સમર્થ છે. ૧૨. જૂનાગઢમાં જેટલા નાગર હતા, તે બધાએ નરસિંહ મહેતાનો દ્રોહ કર્યો હતો. ૧૩. જે લોકો અનીતિને માર્ગે ચાલવા માટે સત્સંગનો દ્રોહ કરે છે, તે બધા તુચ્છમાં ખપે છે. ૧૪.

✵ જે સત્સંગ કરે તેનો સર્વત્ર સત્કાર થાય :

सोरठा : सत्संगहु के जेउ, बडे मनुष्य जेते यह;
सतकार करत तेउ, बडे के यह चिह्न रहे...१५
सत्संग के सतकार, करत रहे जितने जेहि;
जिहाँ जात निरधार, सतकार होत रहत यह...१६

જેટલા સુજ્ઞ મોટા માણસો હોય છે, તેઓ સત્સંગનો સત્કાર કરે છે. મોટા માણસોનું એ જ લક્ષણ છે. ૧૫. જે લોકો સત્સંગનો સત્કાર કરે છે તેઓ જ્યાં જાય છે ત્યાં તેનો જરૂર સત્કાર થતો રહે છે. ૧૬. વળી, જે લોકો સત્સંગનું જેટલું અપમાન કરે છે, તેઓ ચાહે તેટલા મોટા હોય; તોપણ તે જ્યાં જાય છે ત્યાં તેમનું વારંવાર અપમાન થાય છે. ૧૭. સત્સંગનો જેવો પ્રતાપ છે તેવા પ્રતાપને જે લોકો સમજતા નથી, તે બ્રહ્મા જેવા મોટા કહેવાતા હોય તોપણ બાળબુદ્ધિમાં ખપે છે. ૧૮. બ્રહ્માંડોમાં અન્ય કોઈ બાબત સત્સંગની સમાન થઈ શકે તેમ નથી. આમ જે સમજે છે તે બાળબુદ્ધિ કહેવાતા નથી. ૧૯.

જે સાચા સંપ્રદાય છે, તે સત્સંગનો સત્કાર કરે છે. જે સાચા વર્ણાશ્રમીઓ છે, તે પણ સાચા દિલથી સત્સંગનો સત્કાર કરે છે. સત્સંગનું ફળ અમાપ છે, પણ સાચા દિલ વિના તેનું ફળ ક્યારેય પ્રાપ્ત થતું નથી. ૨૦-૨૧. સત્સંગનો જેમ છે તેમ સત્કાર કરવામાં ન આવે, તો વેદ અને

પુરાણોને ભણવાથી શું ફળ થયું ? તેમજ આચાર્ય તથા ગુરુ થવાથી પણ શું ફળ મળ્યું ? ૨૨. **જે સત્સંગનો સત્કાર કરે છે તે જ સત્ય છે. કારણ કે, બ્રહ્માદિક મોટા મોટા દેવતાઓને માટે પણ સત્સંગ પૂજ્ય છે.** ૨૩. જે લોકો સત્સંગનું જે રીતનું અપમાન કરે છે, તે રીતે તેનું અપમાન વારંવાર થયા કરે છે. ૨૪.

❋ સત્સંગ વિના કુસંગ ઓળખાય નહીં :

જ્યાં સુધી મનુષ્યને કુસંગનો સંપર્ક રહે છે, ત્યાં સુધી તેને સત્સંગના પ્રતાપની કાંઈ ગમ પડતી નથી. ૨૫. સત્સંગના યોગ વિના કુસંગ ઓળખાતો નથી અને કુસંગને ઓળખ્યા વિના સત્સંગ રહેતો નથી. ૨૬. મનુષ્યને જ્યાં સુધી કુસંગ રહે છે, ત્યાં સુધી તેને કરોડો કલ્પ વીતી જાય તોપણ સંસારનું ભટકણ રહે છે. ૨૭. જ્યારે કુસંગને શત્રુ માનવામાં આવે, ત્યારે આ સંસારના ભટકણથી છોડાવનાર એક સત્સંગ જ છે; એમ સમજાય છે. ૨૮. જ્યાં સુધી કુસંગ પણ હિતકારી મિત્ર મનાય, ત્યાં સુધી તે કુસંગ સત્સંગ ઉપર ક્યારેય ભાવ થવા દેતો નથી. કારણ કે, કુસંગનો સ્વભાવ જ એવો હોય છે કે તે મનુષ્યને સત્સંગથી દૂર કરીને જ રહે છે. ૨૯-૩૦.

જીવને જે કોઈ પણ સત્સંગથી દૂર રાખનારા હોય, તે બધા કુસંગરૂપ છે તેમ સમજવું. **પછી તે દેહ હોય, દેહનાં સંબંધી હોય, દેહ સંબંધી પદાર્થ હોય કે ઈન્દ્રિયો-અંતઃકરણ હોય; તે બધાં જેટલીવાર ભગવાનના સ્મરણને ભૂલાવી દે તેટલી વાર તે બધાં કુસંગમાં મળી ગયા છે તેમ જાણવું.** તે બધાંનો તેટલી વાર સુધી જે સમાગમ થયો હોય, તેને પણ કુસંગ જાણવો. જેટલી વાર તે કુસંગનો સમાગમ થાય છે, તેટલીવાર જીવને ભગવાનની સ્મૃતિ રહેતી નથી. ૩૧-૩૩.

❋ સત્સંગમહિમા :

चोपाई :

भगवान संबंधि बात हि ताके, जितनी वेर जोग रहत वाके;
तितनी वेर सत्संग भयेऊ, हरिजन इमि समझत हि रहेऊ...३४

सत्संग जेसे समझना जेहू, तेही सम बात रहे न केहू;
भगवान की बात रहेउ तामें, जितना चोंटावत रहे यामें...३५

धर्म तामें चोंटावत हि बाता, सत्संग की यह बात रहाता;
भगवान की बात रहे तिनमें, अधिक अधिक हित नित्य इनमें...३६

दोहा : करावत बात हि जितना, शास्त्र जितना हि जेह;
कीर्तन ऐसे हि तितना, श्लोक ऐसे हि तेह...३७

छंद प्रबंध हि जितना, संत हरिजन ऐसेउ;
सत्संग रहाये तेहि, देखाय दीन तेह...३८

જેટલીવાર ભગવાન સંબંધી વાતનો જોગ રહે, તેટલીવાર સત્સંગ થયો તેમ ભગવાનના ભક્ત સમજે છે. ૩૪. સત્સંગને જેમ છે તેમ સમજવો, તેના જેવી બીજી કોઈ વાત નથી. જે ભગવાનની વાતમાં મનને જેટલું ચોંટાડે છે તથા ધર્મમાં મનને જેટલું ચોંટાડે છે, તે બધી સત્સંગની વાત કહેવાય છે. તેથી જ ભગવાનની વાતમાં જે રોજ રોજ અધિક અધિક પ્રેમ કરાવે તેવી વાતો, તેવાં **શાસ્ત્રો, એવાં ભગવાનનાં કીર્તન, શ્લોક અને છંદ, પ્રબંધ તેમજ ભગવાનમાં પ્રેમ કરાવનારા સંતો-હરિભક્તો; તે બધાંને સત્સંગ કહેવાય. તે અમે દેખાડી દીધું છે.** ૩૫-૩૮. જે કોઈ પણ બાબત હોય, તે યથાર્થરૂપમાં દેખાયા સિવાય કરોડો કલ્પ સુધીમાં પણ ક્યારેય સમજાતી નથી. ૩૯. કોઈ મનુષ્ય ચાહે તેવો વિચક્ષણ હોય, તોપણ સત્સંગની વાત સિવાય તેના જીવનો ક્યારેય ઉદ્ધાર થાતો નથી; પણ તેનો ઉદ્ધાર તો સત્સંગ કરવાથી જ થાય છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “સત્સંગના દ્રોહીઓનો સરકારને હાથે ઉચ્છેદ થયો” એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭

સારંગપુરથી ચાલેલા શ્રીહરિ અનુક્રમે મછિયાવ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. હુતાશની નજીક આવી છે, તેમ જાણીને તેનો ઉત્સવ કરવા માટે શ્રીહરિ શુભ મુહૂર્ત દેખીને ગઢપુરથી ચાલતા થયા. ૨.

તે વખતે શ્રીહરિ અમદાવાદ જવા માટે નીકળ્યા. હરિભક્ત કાઠી દરબારો અશ્વ ઉપર બેસીને શ્રીહરિ પાસે આવ્યા અને શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા. શ્રીહરિની સાથે સંતો તથા હરિભક્તો બધા ચાલ્યા, ત્યારે તેમની સાથે કેટલીક બળદગાડી પણ હતી. ૩-૪. જ્યારે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા, ત્યારે પ્રથમ **સારંગપુર** ગામ આવ્યા. ત્યાં જીવા ખાચરના દરબારમાં આવીને રહ્યા. ૫. ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ ત્યાં આવીને તેના ઉપર બેઠા. તે વખતે સંધ્યા સમય થઈ રહ્યો હતો. ૬.

જ્યારે દિવસ બે ઘડી બાકી હતો, ત્યારે સંતો તથા હરિભક્તોની સભા થઈ. ત્યારે જે કોઈ બધા હરિભક્તો હતા, તે બધાને આનંદ આનંદ છવાઈ ગયો હતો. ૭. પછી સંતો પ્રેમરસથી ભરેલાં ગરબીનાં પદ ગાવા લાગ્યા. શ્રીહરિ પણ સંતોની સાથે પદ ગાતા હતા. તે વખતે સહુને જે સુખ આવતું હતું, તે મુખથી કહી શકાતું નથી. ૮.

⁕ શ્રીહરિનાં સુખની સર્વોપરિતા :

કરોડો બ્રહ્માંડનું જેટલું સુખ છે, તે બધું શ્રીહરિનાં સુખની આગળ નીરસ દેખાય છે. શ્રીહરિનું સુખ એવું મહાન છે. ૯. **જે ભક્તને સંતો તથા શાસ્ત્રો દ્વારા શ્રીહરિનાં સુખનું યથાર્થ જ્ઞાન થાય છે, તે તો ત્રિલોકીનું રાજ્ય કરતો હોય; તોપણ તેને બંધનરૂપ અને મળ જેવું દેખે છે.** તેથી જ શ્રીહરિનાં સુખની આગળ તમામ માયિક સુખને તુચ્છ દેખીને, તે ભક્ત ભગવાનનાં સુખ માટે પોતાની વિશાળ કીર્તિનો પણ તરત ત્યાગ કરી દે છે. ૧૦-૧૧.

चोपाई :

हरि के सुख आगे ओर सूखा, देखत रहावत जेते लूखा;
ताके नाम सत्संग ताके, रंग लगे जथार्थ जो वाके...१२

दोहा : हरि की बात रहे जितनी हि, तेहि बात बिन जेति;
बात देखात निरस सब, निरजीव कर हि तेति...१३
मायिक रस रहे जितना, हरि की बात कर जेह;
निरस देखे आवत जब, त्याग होत रस तेह...१४

જેને શ્રીહરિનાં સુખની આગળ બીજા બધાં માયિક સુખ લૂખાં દેખાતાં રહે, તેનું જ નામ યથાર્થરૂપમાં સત્સંગનો રંગ લાગ્યો કહેવાય. ૧૨. શ્રીહરિ સંબંધી જેટલી વાતો છે, તે સિવાયની બીજી બધી બાબતો જ્યારે નિર્જીવ માનીને નીરસ દેખાય તથા જેટલા કાંઈ માયિક રસ છે, તે સર્વે ભગવાનની વાતે કરીને જ્યારે નીરસ દેખવામાં આવે; ત્યારે તે માયિક રસનો ત્યાગ થાય છે. ૧૩-૧૪.

માણસને પૈસામાં સાર મનાય છે, પણ જ્યારે તેને હજારો હજાર સોનામહોર મળે ત્યારે તેને પૈસા કરતાં સોનામહોર અતિ અધિક દેખાય છે. તેમાં પણ જો પારસમણિ મળે તો સોનામહોર કરતાં પારસમણિ અધિક દેખાય છે. તેથી પછી સોનામહોરની અધિકતા રહેતી નથી. ૧૫-૧૬. પછી જો તેને ચિંતામણિ પ્રાપ્ત થાય તો પારસમણિ કરતાં પણ તે ચિંતામણિની મોટપ અધિક મનાય છે. ૧૭. એવી કરોડો કરોડ ચિંતામણિ કરતાં પણ ભગવાનનાં એક રોમમાં દૈવત અપાર રહ્યું છે, તેનો કહેતાં પાર આવે નહિ. તે જ્યારે પ્રત્યક્ષ દેખાય છે, ત્યારે તેનો યથાર્થ નિરધાર થાય છે. ૧૮. શ્રીહરિનાં સુખમાં જ્યારે મનુષ્યનું મન નિવાસ કરીને રહે છે, અર્થાત્ શ્રીહરિનાં સુખમાં ભક્ત તદ્રૂપ થાય છે અને જ્યારે શ્રીહરિની વાતનો વિચાર કરે છે, ત્યારે તેનાં મનમાં માયિક સુખનાં જેટલા સંકલ્પ થતા હોય તે બધા અત્યંત અસાર મનાય છે. પરંતુ વિચાર કર્યા સિવાય જીવના હૃદયમાં શ્રીહરિની આવી અલૌકિક વાર્તા ક્યારેય પ્રવેશ કરતી નથી. ગમે તેવો ચતુર માણસ

હોય કે ગમે તેવો મોટો પંડિત હોય, તોપણ તે ત્યારે જ સાચો ઠરે જ્યારે તે શ્રીહરિની વાતમાં ચિત્ત લગાડે. ૧૯-૨૧.

❋ જે સંસારમાં બંધાય તે વાસનાથી ગંધાય :

જગતના સહુ જીવો તો એવા ચતુર છે કે, ભગવાનની વાતમાં ચિત્ત ન લગાડે અને બીજી વાતમાં જ જન્મ વિતાવે છે. એવી રીતે કરોડો કલ્પ સુધી મનુષ્ય જન્મ નિરર્થક ગુમાવતા રહે છે. ૨૨. જન્મ નિષ્ફળ ગુમાવે છે, છતાં મનુષ્ય ભગવાનનું ભજન કરતો નથી અને તેના દિલમાં ક્યારેય તેનો ત્રાસ પણ થતો નથી. ખરેખર આશ્ચર્યની વાત તો તે છે કે, જીવ અપાર દુ:ખ પામે છે, છતાં તેમાં તેને ત્રાસ થતો નથી. ૨૩. જ્યાં સુધી જીવને આ સંસાર તરફથી લગાર પણ ત્રાસ મનાતો નથી, ત્યાં સુધી તેને અપરંપાર દુ:ખ રહે છે. તે દુ:ખોનો મનુષ્ય દેહ સિવાય બીજા અપાર દેહથી ક્યારેય અંત આવતો નથી. ૨૪. **ભગવાનના સ્વરૂપના સત્ય જ્ઞાનથી તે બધાં દુ:ખનો જે અંત કરે છે, તે જ મનુષ્ય કહેવાય છે.** અને તેને જ પંડિત, રાજા, સંત, વર્ણી, વાનપ્રસ્થ, સંન્યાસી અને પરમહંસ કહેવાય છે. ભગવાનના સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિના તો તે બધા નામમાત્ર કહેવાય છે. ૨૫-૨૭.

❋ અયોગ્ય સ્વભાવ ટાળવા વિશે :

સંતો ગરબીનાં પદ ગાઈ રહ્યા, ત્યારબાદ તેમણે આરતી અને ધૂન વગેરે નિયમો કર્યા. તે પછી શ્રીહરિએ વાત કરી, "જેટલો અયોગ્ય સ્વભાવ હોય છે, તેનો જોઈ-વિચારીને ત્યાગ કરવો જોઈએ. આપણી જેટલી બાબત સત્સંગની રીતમાં મળતી ન આવે, તે બધો આપણો અયોગ્ય સ્વભાવ છે. ૨૮-૨૯. જે બાબત સત્સંગની રીતમાં મળતી આવે, તે યોગ્ય સ્વભાવ કહેવાય છે. માટે સહુએ તેનો નિત્ય વિચાર કરવો. વિચાર કર્યા વિના તો બધું નકામું થઈ જાય છે. ૩૦.

चोपाई :

विच्यार करत रहेउ ताके, सत्संग यह रहाये वाके;
विच्यार करना ऐसी रीता, नई नई सत्संग में प्रीता...३१

बढत रहे घटत हि न लगारा, नये भाव नित्य जो अपारा;
बढत रहे सत्संग यह रहेऊ, घटत जात कुसंग हि भयेऊ...३२
भाव तितना सत्संग रहाते, भाव तिनके रहत हि कहाते;
भाव के जितना होवत नासा, कुसंग तितना करे निवासा...३३
श्रीहरि इतनी बात करेऊ, संत हरिजन पर हित रयेऊ;
हित बिन नहीं होवत हि बाता, बात बिन हि खोट न देखाता...३४
बात बिन जन में खोट जेती, देखेमें कबु न आत तेती;
खोट तजना न तजना जेहू, खप जितना रहाये तेहू...३५

જે નિજસંશોધનરૂપી વિચાર કરે છે, તેને માટે જ આ સત્સંગ છે. વિચાર પણ એવી રીતે કરવો જોઈએ કે જેથી સત્સંગમાં નવી નવી પ્રીતિ વધતી રહે, પણ તે પ્રેમ લગારેય ઘટે નહિ. કેમ જે, સત્સંગના પ્રત્યે જે નિત્ય નવો અપાર ભાવ વધતો રહે, તે જ ખરો સત્સંગ કહેવાય છે; પણ જેમાં ભાવ ઘટતો હોય તે તો કુસંગ કહેવાય છે. ૩૧-૩૨. જેટલો ભાવ હોય એટલો જ સત્સંગ રહે છે. કેમ જે, જેને ભાવ રહે છે, તેનો જ સત્સંગ રહ્યો કહેવાય. જેટલો ભાવનો નાશ થાય છે, તેમાં તેટલો કુસંગ નિવાસ કરીને રહે છે. ૩૩. શ્રીહરિએ આટલી વાત કરી. કારણ કે, તેમને સંતો અને હરિભક્તોના ઉપર ઘણું હેત હતું. હેત વિના વાત થઈ શકે નહિ અને વાત કહ્યા વિના માણસને પોતાની ખોટ દેખાતી જ નથી. ૩૪. શ્રીહરિ કે સત્પુરુષની આવી વાતો સાંભળ્યા વિના માણસમાં જે જે ખોટ હોય છે, તે ક્યારેય દેખાતી નથી. તે **ખોટ દેખાણા પછી પણ પોતાની ખોટને ટાળવી કે ન ટાળવી, તે તો જેટલો જેને ખપ હોય તે પ્રમાણે એ થાય છે.** ૩૫. જેને જેવો ખપ હોય છે, તે ભાવ ઉપરથી દેખાઈ આવે છે.” શ્રીહરિએ સહુની આગળ આટલી વાત કહી અને પછી પોઢી ગયા. ૩૬.

જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ સારંગપુરથી ચાલતા થયા અને **સુંદરિયાણા** ગામ આવ્યા. ત્યાં આવીને રસોઈ જમ્યા. પછી ત્યાંથી આગળ જઈને **વાગડ** ગામમાં રાત રહ્યા. ૩૭. વાગડમાં જમ્યા અને તે પછી **કંથારિયા** થઈને **શિયાણી**માં રાત રોકાયા. પછી શ્રીહરિ સવારમાં ત્યાંથી

ચાલ્યા તે **તાવી** ગામ આવ્યા. ૩૮. તાવી ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધાને દર્શન દીધાં. અને ત્યાંથી ચાલતા થયા તે **દેવળિયા** ગામ આવ્યા અને ત્યાં રાત રહ્યા. ૩૯. સવારમાં દેવળિયાથી ચાલ્યા તે **દદુકા** ગામમાં ભોજન જમ્યા. પછી ત્યાંથી આગળ ચાલીને **મછિયાવ** ગામમાં રાત રહ્યા. ત્યાંના હરિભક્તોએ ખૂબ જ સેવા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સારંગપુરથી ચાલેલા શ્રીહરિ અનુક્રમે મછિયાવ આવ્યા" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮

શ્રીહરિ અમદાવાદ પધાર્યા અને મંદિરમાં વિરાજમાન દેવનાં દર્શન કર્યાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ મછીયાવમાં રાત રહ્યા, પછી ત્યાંથી ચાલતા થયા. આગળ જતાં અરણ્યમાં એક તળાવ આવ્યું, ત્યાં સહુએ ટીમણ કર્યું. ૨. પછી ત્યાંથી શ્રીહરિ **સાણંદ** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ત્યાં શ્રીહરિએ રસોઈ કરી અને પોતે જમ્યા. ૩. સાણંદમાં રાત રહીને સવારમાં ત્યાંથી ચાલતા થયા તે **અમદાવાદ**ને નજીક આવી ગયા. ૪. અમદાવાદ શહેરમાં અપાર બાઈ-ભાઈ હરિભક્ત હતા. તેને જાણ થતાં તે બધાં ફૂલના હાર લઈને શ્રીહરિની સન્મુખ જવા ચાલ્યાં. ૫. સહુનાં દિલમાં કહી ન શકાય એટલો બધો ઉત્સાહ હતો. તેથી એકબીજાની સોબત રાખ્યા વિના સહુ દર્શન કરવાં માટે આવી ગયા હતા. સહુને શ્રીહરિનાં દર્શન કરવાનું તાન હતું. તેથી તેમનું મન શ્રીહરિનાં દર્શન કરવામાં ચોંટી ગયું હતું. ૬. સહુને શ્રીહરિમાં અલૌકિક ભાવ હતો. એવો ભાવ કોઈમાં કહી શકાય નહિ.

અમદાવાદ શહેરની પશ્ચિમ દિશાએ સાબરમતી નદી વહે છે, તે તરફ શહેરનો કિલ્લો છે. ૭. તે કિલ્લાને અડીને નદી વહે છે અને તેનો પટ

પા કોશ જેટલો પહોળો છે. સામે કિનારે નદીનો પ્રવાહ વહેતો હતો. તેમાં કેડ જેટલું ઊંડું પાણી હંમેશાં ચાલતું હતું. ૮. સાબરમતીનું પાણી ઊતરીને થોડા આગળ ચાલ્યા, ત્યારે **સરખેજ** ગામના માર્ગ ઉપર શ્રીહરિની સાથે જે સંતો-હરિભક્તો હતા, તે સહુ પ્રથમ મળ્યા. ૯. કેટલાક સંતો તથા હરિભક્તો નદીમાં સ્નાન કરવા રહ્યા હતા. જ્યારે દિવસ બે ઘડી ચઢ્યો, ત્યારે અમદાવાદના હરિભક્તો શ્રીહરિની સમીપ આવ્યા અને દંડવત્પ્રણામ કરીને ચરણોમાં મસ્તક નમાવ્યાં. ૧૦. સહુએ ફૂલના હાર પહેરાવ્યા અને સહુ મુખથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. કેટલાક હરિભક્તો તો મ્યાના તથા ગાડી લઈને આવ્યા હતા. ૧૧.

સહુએ શ્રીહરિને કહ્યું કે, "આ મ્યાના તથા ગાડીમાં જેમ જેને યોગ્ય હોય તે રીતે આપ બેસાડો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામી વગેરે જે મોટા સંતો છે તેને આપ ગાડીમાં બેસાડો. અમે તેમને માટે ગાડી લાવ્યા છીએ. આપની આજ્ઞા વિના તે સંતો ગાડીમાં બેસતા નથી. ૧૨-૧૪. પછી બધા મોટેરા સંતો શ્રીહરિની આજ્ઞાથી તે હરિભક્તોની ગાડીમાં બેઠા. જ્યારે સહુ નદી ઊતરી રહ્યા ત્યારે ઢોલ, તાંસાં અને બીજા વાજિંત્રોવાળા પણ ત્યાં આવ્યા અને ઉત્સાહભેર તે વાજિંત્રોને વગાડવા લાગ્યા. ૧૫-૧૬. સીતારામ તથા બદ્રિનાથ એક મ્યાનામાં બેઠા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ૧૭. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને છત્ર ઉપર સોનાનો સુંદર કળશ અપાર શોભી રહ્યો હતો. ૧૮. સહુએ શહેરના દરવાજામાં પ્રવેશ કર્યો અને રાજમાર્ગ ઉપર ચાલતા થયા. તે બધા રાજમાર્ગ ઉપર પાણી છંટાવી દીધું હતું. ૧૯.

અમદાવાદ શહેરના જે મનુષ્યો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવાં માટે અપરંપાર ઊભા હતા. સહુએ હાથમાં ફૂલના હાર લીધા હતા. ૨૦. ફૂલના હાર સહુના હાથમાં હોવાથી માનો, કોઈ ફૂલવાડી ખીલી ઊઠી હોય તેવી શોભા ત્યારે બની હતી. સહુ લોકો શ્રીહરિ ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરવા લાગ્યા હતા. ૨૧. શ્રીહરિની સાથે અપાર ઘોડેસવારો હતા. શ્રીહરિની

તે બધી સવારી ઘણી પ્યારી લાગતી હતી. સહુ સંતો તથા હરિભક્તો કીર્તન ગાતાં ગાતાં મંદિરમાં આવ્યા કે જે મંદિરમાં ભગવાન નરનારાયણ દેવ વિરાજમાન છે. ૨૨. આ મંદિર ઉત્તર મુખે રહ્યું છે. તેનો મંડપ ખુલ્લો છે. મંદિર ઉપર ત્રણ શિખર છે અને તે મંડપનો બીજો માળ કહેવાય છે. ૨૩. તે શિખરને ચારે ફરતી પ્રદક્ષિણા છે.

❋ ભગવાન ભક્તને જેવો ભાવ હોય તેવાં દર્શન આપે છે :

તે ત્રણ મંદિરના પૂર્વ તરફના મંદિરમાં ગોલોકવિહારીલાલ વિરાજે છે. તે ગોલોકવિહારી મહારાજને ડાબે પડખે રાસેશ્વરી રાધિકાજી છે, જે એક પળવાર પણ પ્રભુથી દૂર રહેતા નથી. ૨૪-૨૫. જે ભગવાન ગોલોક ધામમાં અખંડ રહ્યા છે, તે આ ભૂલોકમાં ભરતખંડના નિવાસી લોકોને રોજ દર્શન દેવા માટે અહીં અમદાવાદમાં વિરાજી રહ્યા છે. ૨૬. જે ભગવાન બદ્રિકાશ્રમમાં અખંડ વિરાજમાન છે, તે ભક્તજનોને દર્શન દેવા માટે વચ્ચેના મંદિરમાં વિરાજ્યા છે. ૨૭. તે નરનારાયણ નામ ધારણ કરીને મંદિરમાં દર્શન આપે છે અને જે ભક્તજનોનો જેવો ભાવ હોય તેને તેવા રૂપમાં જાણી લે છે. ૨૮. વચલા મંદિરથી પશ્ચિમ તરફ જે મંદિર છે, તેમાં ભક્તિધર્મના પુત્ર (અક્ષરધામાધિપતિ) શ્રીહરિકૃષ્ણ મહારાજ પોતે માતા-પિતા ભક્તિ-ધર્મની સાથે સહુને દર્શન દેવાને માટે વિરાજમાન રહ્યા છે. પિતા ધર્મદેવ તથા માતા ભક્તિદેવીને આ ભરતખંડમાં પ્રસિદ્ધ કરવા માટે અને લોકોનાં હૈયામાંથી અધર્મનો નાશ કરવા માટે પોતે શ્રીહરિકૃષ્ણ મહારાજે ધર્મ-ભક્તિને પોતાની સમીપે જ નિવાસ આપ્યો છે. ૨૯-૩૧.

શ્રીનરનારાયણ દેવનું વિશાળ મંદિર અને શ્રીહરિકૃષ્ણ મહારાજનું વિશાળ મંદિર, તે બંનેની વચ્ચે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિએ સહિત સુખશય્યા રહી છે. શ્રીહરિની સાથે જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા, તે બધાએ મંદિરમાં પધરાવેલી મૂર્તિઓનાં દર્શન કર્યાં. જેવી ધામમાં મૂર્તિ છે તેવી જ પ્રગટ શ્રીહરિની મૂર્તિ સાક્ષાત્ આ ભૂમિ ઉપર વિચરી રહી છે. ૩૨-૩૪. **હરિભક્તોના મનોરથોને પૂરા કરવાનું મનમાં ધારીને**

શ્રીહરિએ આ માનવસ્વરૂપ ધારણ કર્યું છે. તેથી તે પ્રતિમાની મૂર્તિમાં આ પ્રગટ શ્રીહરિની મૂર્તિને હરિભક્તો ધારતા હતા. ૩૫.

આ રીતે મનમાં સમજીને જે ભક્તજનો તે સ્વરૂપનાં દર્શન કરે છે, તેમને અપાર આનંદ થાય છે. પણ આવી સમજણ વગરના જે મનુષ્યો હોય છે, તે જ્યારે દર્શન કરે છે ત્યારે તેનું ચિત્ત એક જ મૂર્તિના આકારે થવાને બદલે બીજી જેટલી મૂર્તિઓ હોય તેટલા આકારે થઈ જાય છે. પછી તેનું બોલવું અને ચિંતવવું પણ તેવું થઈ જાય છે. ૩૬-૩૭. **એક આ પ્રગટ શ્રીહરિ જ અનેક મૂર્તિરૂપે દેખ્યામાં આવે છે. પરંતુ તે અનેક મૂર્તિરૂપે હોવા છતાં શ્રીહરિ સદાય એક મૂર્તિરૂપ જ છે.** ૩૮. આ રીતે જે સંત, વર્ણી, ધર્મવંશી અને હરિભક્તો સમજે છે, તે બધાનું ચિત્ત એક સરખું રહે છે અને જે મનમાં આવું નથી સમજતા તેનું ચિત્ત અનેકરૂપમાં થઈ જાય છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ અમદાવાદ પધાર્યા અને સહુએ મંદિરમાં વિરાજમાન દેવનાં દર્શન કર્યાં" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯

શ્રીહરિએ શ્રીનગરમાં એકાદશીનું ફરાળ કર્યું અને સંતોને પીરસ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ અમદાવાદ મંદિરમાં પધાર્યા, ત્યારે મંદિરમાં પધરાવેલી મૂર્તિઓનાં દર્શન કર્યાં. તે વખતે પોતાની પ્રગટ મૂર્તિનું જે સામર્થ્ય હતું તે શ્રીનગરમાં સ્થાપિત જે જે મૂર્તિઓનાં દર્શન પોતે કરતા હતા, તેમાં પોતાનાં નેત્રની વૃત્તિ દ્વારા ધારણ કરાવતા હતા. ૨-૩. કારણ કે, **શ્રીહરિ તો સદાય સત્યસંકલ્પ છે. તેમનો સંકલ્પ ક્યારેય ફરતો નથી.**

પછી શ્રીહરિ પોતે મંદિર ઉપરથી નીચે આવીને પાટ ઉપર બેઠા. ૪. મંદિરની જગ્યામાં જે મુખ્ય દરવાજો છે, તે દરવાજાની અંદર પ્રવેશ કરતાં

માંહિલી કોરે ઉત્તર દિશામાં નજીકમાં એક લીંબડાનું વૃક્ષ છે અને તેને ચારે ફરતો ચોતરો છે. તે ચોતરા ઉપર પાટ હતી. શ્રીહરિ ત્યાં આવ્યા અને પાટ ઉપર હસતાં મુખે બેઠા. ૫-૬. જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે સહુની ત્યાં સભા થઈ. જેમ પ્રફુલ્લિત કમળનું વન હોય તેમ તે સભા શોભતી હતી. ૭. એકાદશીનો દિવસ હતો. હરિભક્તોએ ચોઘડિયા બેસાડ્યા હતા. શહેરના કેટલાએ બાઈ-ભાઈ હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે સહુ હાથમાં ફૂલના હાર લઈને એકતાર આવતા હતા અને પાછા જતા હતા. જે આવતા તે સહુ શ્રીહરિને ફૂલહાર પહેરાવતા. કેટલાક લોકો બરફી તથા પેંડા લાવતા હતા. ૮-૯. કેટલાક કેળાં લાવતા હતા. સહુ હરખથી શ્રીહરિની આગળ તે બધું ધરતા હતા.

જ્યારે ફરાળનો સમય થયો ત્યારે શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા. ૧૦. પછી ઉતારે આવ્યા અને ત્યાં ફરાળ કર્યું. રાજગરાનો શીરો અને રાજગરાની પૂરી બનાવી હતી. શ્રીહરિ બરફી અને પેંડા પણ ફરાળમાં જમ્યા. શીખંડ હતો તે પણ જમ્યા. પછી ચળું કર્યું ત્યારે હાથ અને મુખ ધોયાં. તે પછી જેટલી પ્રકારનું ફરાળ કર્યું હતું, તે પોતે સંતોને પીરસવા માટે આવ્યા. ૧૧-૧૨. ફરાળ કરવા માટે સંતોની પંક્તિ બેસી ગઈ હતી. શ્રીહરિ ઘણા ભાવથી રાજગરાનો શીરો પીરસવા લાગ્યા. ૧૩. રાજગરાની પૂરી પણ ઘણા ભાવથી પીરસતા હતા. શ્રીહરિ જે વસ્તુ પીરસતા હતા, તે ક્યારેય ખૂટતી નહિ. ૧૪. શ્રીહરિ સ્વભાવથી બહુ ઉદાર હતા. પીરસવાથી જે વસ્તુ ખૂટે તેમ જણાય તેને પોતે ક્યારેય પીરસતા નહિ. તે બાબતે પીરસવાની શરૂઆત કર્યા પહેલાં જ પૂછી લેતા હતા. ૧૫.

શ્રીહરિ અમદાવાદ શહેરમાં જેટલા દિવસ નિવાસ કરીને રહ્યા, તેટલા દિવસ શહેરના બધા હરિભક્તો ભાવથી રસોઈ આપતા હતા. કારણ કે, તે હરિભક્તોને સંતો ઉપર ખૂબ જ પૂજ્યભાવ હતો. જે હરિભક્તો ભાવનાથી સેવા આદિક જે કાંઈ કરે છે, તેને તેનું અગણિત ફળ પ્રાપ્ત થાય છે. ૧૬-૧૭. **જેમાં શ્રદ્ધા હોય છે તે કરવામાં અપાર રસ-આનંદ આવે છે. પરંતુ જેટલું શ્રદ્ધા વગર કરવામાં આવે તેમાં તેટલો રસ રહેતો**

નથી. ૧૮. જે સંતો ઉપદેશ કરતા હોય છે, તેમાં તેઓ પણ આ શ્રદ્ધાનો વિચાર રાખે છે. જે ઉપદેશ આપનાર શ્રદ્ધાનો વિચાર નથી રાખતા, તેમાં વિવેક હોતો નથી. ૧૯.

✵ વિચારવાનની મહત્તા :

જે સંતમાં જેટલો વિવેક હોય, એટલી તેમાં સાધુતા ગણાય છે. પણ વિવેક વગરના જેટલા સંત હોય છે, તે તો પેટભરામાં ખપે છે. ૨૦. વિવેક બહુ પ્રકારનો હોય છે. તે વિવેકને જે વિચારવાન હોય તે જાણે છે. જેને વિચાર જ ન હોય તે પણ દેખાઈ આવે છે. કદાચ તે સંત થયા હોય તોપણ તેનું શું ફળ ? ૨૧.

चोपाई :

विच्यार तितना संत कहाते, विच्यार तामें सब बात रहाते;
विच्यार विवेक एक रहाता, तेसे संत कु सब जग नमाता...२२
सत्संग में ऐसे संत रहेऊ, विच्यार विवेक जाकु रहे तेऊ;
संत कु प्रिय लगत रहे जीमी, जेति क्रिया करत रहे तीमी...२३
ऐसे संत जेते रहावा, सत्संग के भूषण कहावा;
सबकु प्रिय लगत अपारा, धर्म रहे जामें निरधारा...२४

જે જેટલા વિચારવાન હોય, તે તેટલા સંત કહેવાય છે. કેમ જે, સદ્‌વિચારમાં બધી વાત રહી છે. આમ તો વિચાર અને વિવેક બંને એક જ છે. એવા જે વિચારવાન-વિવેકશીલ સંત હોય છે, તેને આખું જગત નમે છે. ૨૨. જેમાં વિચારરૂપ વિવેક રહ્યો હોય, એવા સંત સત્સંગમાં રહ્યા છે. જેટલી ક્રિયાઓ કરે તે જેમ સંતોને પ્રિય લાગે તેમ જ જે કરતા હોય, એવા જેટલા સંતો હોય તે સત્સંગનાં ભૂષણ કહેવાય છે. જેમાં દૃઢપણે ધર્મ રહ્યો હોય તેવા સંતો સહુને અપાર પ્રિય લાગે છે. ૨૩-૨૪.

✵ દંભી-કપટીને ઓળખવાની રીત :

જે સંતોને નિર્દંભપણે શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય હોય, તે સંતો સત્સંગમાં સાચા સંતો કહેવાય છે. ૨૫. જેમાં દંભ અને કપટ ભર્યા હોય

એવા સંત, વર્ણી અને હરિભક્ત બીજા સહુનાં નિયમ તથા વર્તન કરતાં દસ-વીશ ગણાં વધારે નિયમ-વર્તનને રાખે છે. તેમનો દંભ તથા કપટ ઈશ્વરને પણ કળાતા નથી, તો પછી બીજા મનુષ્યના તો શા લેખા ? ૨૬-૨૭. અમુક લોકો તો એવા દંભ અને કપટ રાખે છે, જે ક્યારેય કોઈના કળ્યામાં આવતા નથી. પરંતુ તે દરેક દંભ-કપટ કોઈક વાતે કરીને જ્યારે ત્યારે પ્રગટ થઈ જાય છે. ૨૮. જે દંભી-કપટી હોય છે, તે સહુથી મોટા થવા માટે દંભ-કપટ રાખે છે. તેને કોઈનો ભાર રહેતો નથી. ૨૯. તે દંભી-કપટીના તે દોષને ટાળવા માટે સંતો જ્યારે દયા કરીને તેને સમજાવીને વાત કરે છે, ત્યારે તે દંભી-કપટી લોકો ઉલ્ટાના સંતોનો અભાવ લે છે. ૩૦. જે દંભી હોય છે તે દંભીનાં દર્શનને વારંવાર ઈચ્છે છે. પરંતુ દંભીનાં અંતરમાં રહેલાં દંભ-કપટને જે સંતો જાણે છે, તેવા સંતોથી તો તે પોતાનું અંતર ચોરતા રહે છે. અરે ! ડરને માર્યે તે સંતોને પગે લાગવાનો ભાવ પણ તે દંભી-કપટીનાં અંતરમાંથી ઊઠી જાય છે. ૩૧-૩૨.

❋ હૈયાનું હેત નેણમાં અને વેણમાં દેખાઈ આવે છે :

જેને જેટલું હેત હોય છે તે આંખમાં, વચનમાં, વાત સાંભળવામાં, તેની સાથે આવતાં જતાં તથા સમાગમ કરવામાં જેવું હોય તેવું દેખાઈ આવે છે. ૩૩. જે નિષ્કપટ અને દંભ રહિત છે તેમને માટે આ સત્સંગ છે, પરંતુ જે કપટી અને દંભી હોય છે તેમને માટે તો જમપુરી છે. ૩૪. જન્મ-મરણ તથા લખચોરાશીનું વારંવાર જે દુઃખ ભોગવવું પડે છે, તે બધું દંભી-કપટી માટે કર્યું છે. ૩૫. ભગવાને સુખમાત્ર બધું દંભ-કપટ રહિત નિર્દોષ સજ્જન માટે કર્યું છે. આ રીતે સમજીને જે સુજ્ઞ સંતો છે, તે દંભ-કપટને અધર્મનો વંશ સમજે છે અને પછી તે અધર્મવંશનો તે સંતપુરુષો દૂરથી જ ત્યાગ કરે છે. ૩૬-૩૭.

જ્યારે અધર્મવંશના દોષોનો ત્યાગ કરે છે, ત્યારે જ તે સંત કહેવાય છે, પણ જ્યાં સુધી અધર્મના વંશને રાખે ત્યાં સુધી તે સંત નથી. ૩૮. સંતનાં જેટલાં લક્ષણ કહ્યાં છે તે બધાંને સંતો જાણે છે. સંતોનાં સુલક્ષણરૂપ

તે ગુણોને જ્યારે ગ્રહણ કરે, ત્યારે તે ખરા અર્થમાં સંત બને છે. ૩૯. જે જે વર્ણ અને આશ્રમ છે, તે તેનાં લક્ષણો અને ગુણે કરીને તે તે વર્ણ કે આશ્રમવાળા કહેવાય છે. જે માણસ જેવો હોય છે, તે તેનાં લક્ષણ તથા ગુણો ઉપરથી દેખાઈ આવે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ શ્રીનગરમાં એકાદશીનું ફરાળ કર્યું અને સંતોને પીરસ્યું" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦

શ્રીહરિએ સંસારને દુઃખરૂપ જાણીને ભગવાનમાં ચિત્ત જોડવાની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અમદાવાદ શહેરના હરિભક્તો રોજ નવી નવી રસોઈ આપતા હતા અને શ્રીહરિ સંતો તથા વર્ણીને જમાડતા હતા. ૨. શ્રીહરિ સભામાં રોજ વાતો કરતા. મનુષ્યના કરોડો કલ્પથી વળગેલા અજ્ઞાનને શ્રીહરિ વાતે કરીને દેખાડતા હતા. ૩. જેને કારણે જન્મ-મરણ થાય છે, તેવી બાબતમાં જીવ વારંવાર બંધાઈ જાય છે. જોકે, તેમાં જીવને ઘણું દુઃખ થાય છે, તોપણ તેમાંથી તે ક્યારેય છૂટવા ચાહતો નથી. ૪. સત્સંગ વગરનો મનુષ્ય ચાહે તેવો કહેવાતો હોય, તોપણ તે ભવબંધનનાં અપાર દુઃખને ક્યારેય લગાર પણ દેખતો નથી. ૫.

❋ ભવરોગ ટાળે તે જ સાચા ગુરુ છે :

ચોપાઈ :

भवदुःख जिन करी देखे आता, ऐसे गुरु सो गुरु रहाता;
ऐसे शास्त्र सो शास्त्र रहेऊ, ऐसे संत सो संत कहेऊ...०६
ऐसे हरिजन हरिजन जानो, ऐसे मित्र सो मित्र प्रमानो;
ऐसे तात सो तात कहाते, ऐसे मात सो मात रहाते...०७

જેના યોગથી સંસારનું દુઃખ આપણને દેખાઈ આવતું હોય, એવા જે ગુરુ છે તે જ સાચા ગુરુ છે. તેમજ એવું જે શાસ્ત્ર હોય તે જ ખરું શાસ્ત્ર તથા એવા જે સંત હોય તે જ ખરા સંત કહેવાય છે. ૬. અને એવી રીતના જે હરિભક્ત હોય તે જ સાચા હરિભક્ત છે, તેવા જે મિત્ર હોય તે જ સાચા મિત્ર છે અને સંસારનું દુઃખ દેખાડે એવા જે માતા-પિતા હોય તે જ ખરા માતા-પિતા છે. ૭. તે રીતે જ સંસારનાં દુઃખને સમજાવીને કહે એવાં જેટલાં સંબંધી, કુટુંબ, બંધુ, પુત્ર, પત્ની, રાજા, પંડિત, પુરાણી, વિદ્યા, બુદ્ધિ, તીર્થ તથા વ્રત વગેરે હોય; તે જ સાચા અર્થમાં સાર્થક છે કે જે મનુષ્યને સંસારમાં ભટકવાનું દુઃખ દેખાડી દે છે. ૮-૧૦. **જે કોઈ સંસારભટકણનાં દુઃખને દેખાડે છે તે જ સાચા ગુરુ છે, સાચાં શાસ્ત્ર છે અને તેને જ સાચા સંત જાણવા.** વળી, જે સંસારનાં દુઃખને દેખાડે છે તે જ સાચા હરિભક્ત, સાચા મિત્ર, સાચા પિતા, સાચી માતા, સાચા સંબંધી અને સાચા કુટુંબીના રૂપમાં નિશ્ચિતપણે જાણવાં. જે સંબંધીજનો ભગવાનના શરણને અનુસરતા હોય, તે જ સાચા આત્મીયજન છે. ૧૧-૧૩.

પોતાને સત્સંગ અને ભગવાનના સ્વરૂપમાં જોડે, તે જ સાચા બંધુ જાણવા. તેને જ સાચા પુત્ર, સાચી પત્ની, સાચા રાજા, સાચા પંડિત, તે જ સાચા અર્થમાં પુરાણી, સાચી વિદ્યા, સાચી બુદ્ધિ અને સાચાં તીર્થ તથા વ્રત કહેવાય છે. ૧૪-૧૬. જે સંસારનાં બંધનથી છોડાવતા નથી, તે બધા તો ત્યાગ કરવાને લાયક છે.

જ્યાં જ્યાં જેવું કામ પડે ત્યારે જે ખોટાં દ્રવ્યની જેમ પાછું પડે નહિ, એવા દ્રવ્યને સાચું દ્રવ્ય કહેવાય. જે ખરી વખતે કામમાં ન આવે અને ફરી જાય તે તો ખોટું કહેવાય. પ્રસિદ્ધ કરવા યોગ્ય જેટલી સત્ય વાત હોય, ૧૭-૧૮. તેવી સત્ય વાતને પ્રસિદ્ધ ન કરે અને જેટલી અસત્ય વાત હોય તેને પ્રસિદ્ધ કરે, તેવા મનુષ્યો અધર્મવંશના હોય છે. ૧૯. જે ધર્મવંશના હોય છે, તે તો સત્ય વાતને પ્રસિદ્ધ કરે છે. ઉપર કહી તે બાબતે કરીને અજ્ઞાન ટળે છે, તેથી ધર્મવંશ તથા અધર્મવંશ દેખ્યામાં આવે છે. ૨૦. જે વાતો અજ્ઞાનને ટાળે છે, તે વાતો ધર્મવંશની કહેવાય છે. ધર્મવંશની વાતમાં પ્રગટ

ભગવાન રહે છે. ૨૧. અધર્મની વાતમાં ભગવાન ક્યારેય રહેતા નથી. તે રીતે જ જેટલાં તીર્થધામોમાં અધર્મની વાત રહી હોય છે, ત્યાં ભગવાન નિવાસ કરીને ક્યારેય રહેતા નથી. આ બધી બાબત ધર્મવંશી(ધર્મનિષ્ઠ) મનુષ્યને ખરા રૂપમાં દેખ્યામાં આવે છે. ૨૨-૨૩.

ભગવાનના નિવાસ વગર સત્ય વાત મનુષ્યને રુચતી નથી અને સત્ય વાત રુચ્યા વિના તે દુઃખને પામતો રહે છે. ૨૪. જેને સત્ય વાત રુચે છે તથા અસત્ય વાત રુચતી નથી, એવા હરિભક્તના ભાગ્ય સમાન બીજા કોઈનું ભાગ્ય નથી. ૨૫. જે મનુષ્ય અધર્મવંશી હોય છે, તેને અસત્ય વાત રુચે છે. જે માણસ જેવો હોય છે તે તેની રુચિ ઉપરથી જણાઈ આવે છે. ૨૬. સત્પુરુષને સત્ય વાત સોહામણી લાગે છે અને દુર્જન મનુષ્યને મિથ્યા વાત ગમે છે. ૨૭. જે વાતે કરીને આ અમૂલ્ય સત્સંગ યથાર્થ રીતે જણાય, એવી વાત શ્રીહરિ રોજ કરતા હતા. ૨૮.

❋ સત્સંગ અને શ્રીહરિનો યોગ જ અતિ દુર્લભ છે :

चोपाई :

सत्संग भगवान यह जेहा, भगवान ताके धाम तेहा;
भगवान के भक्त यह जेहू, भगवान ताके चरित्र तेहू...२९
भगवान संबंधि जो बाता, एहि सम बात न कोउ रहाता;
अमूल में अमूल बात एही, सरवोपरी रहायेउ तेही...३०
चोंटाये यामें चित्त जिनही, दुजी बात असत कर तिनही;
तेहि सम बडभागी नहि कोऊ, जितने बडे की समझ यह सोऊ...३१
सिद्धांत में सिद्धांत एऊ, रहाये जो कहे यह तेऊ;
ताके अंतर में लगे रंगा, ऐसे नित्य नित्य करना संगा...३२

(૧) સત્સંગ, (૨) આ ભગવાન, (૩) ભગવાનનું ધામ, (૪) ભગવાનના ભક્ત, (૫) ભગવાનનાં ચરિત્ર અને (૬) ભગવાન સંબંધી વાતો; તેને સમાન બીજી કોઈ વસ્તુ નથી. ઉપર કહી તે છ બાબતો જ અમૂલ્યમાં અમૂલ્ય અને સર્વોપરિ છે. ૨૯-૩૦. ઉપર કહેલ છ બાબતમાં

જે ચિત્તને ચોંટાડે છે અને બીજી બાબતોને મિથ્યા કરી દે છે, તેના સમાન બીજો કોઈ ભાગ્યશાળી નથી. જેટલા મોટા સત્પુરુષો હોય છે તેમની આવી સમજણ હોય છે. ૩૧. આ કહી તે વાત જ સિદ્ધાંતમાં સિદ્ધાંત વાત છે. તે છ બાબતનો અંતરમાં જે રીતે રંગ લાગે, તે રીતે રોજ રોજ સંગ કરવો. ૩૨.

❋ સૂર્યની જેમ સાચી વાત અજ્ઞાનને ટાળે છે :

શ્રીહરિ આવી રીતે અનંત પ્રકારની વાતો કરતા હતા, તેનો કહેતાં પાર આવતો નથી. કોઈ મનુષ્ય કરોડો કલ્પની આયુષ્ય ધારણ કરીને કરોડો કલ્પ સુધી ભગવાનની વાતો લખે, તોપણ તે લખનારાને લગાર પણ તૃપ્તિ થાય નહિ. એવો ભગવાન સંબંધી વાતોમાં અપાર રસ રહ્યો છે. તે રીતે જ **જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ તથા પરબ્રહ્મ આ પાંચ ભેદ સનાતન છે. આટલા કલ્પો ગયા તોપણ તે જેમ છે તેમ પૂરા કહી શકાયા નથી. તે બધાની જેમ શબ્દમાત્રના બીજરૂપ એવા વેદ પણ સનાતન કહેવાય છે.** ૩૩-૩૫. જેની જે રીત હોય છે તેને વેદ જણાવી દે છે. જે રીતે સૂર્ય અંધારાને ટાળે છે, તે રીતે વેદો અજ્ઞાનને ટાળે છે. ૩૬.

ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિ હેતથી અપાર વાતો કહેતા હતા. શ્રીહરિને હરિભક્તોના ઉપર બહુ હેત હતું, જે મુખથી કહી શકાતું નથી. ૩૭. સભામાં રોજ રોજ સંતો ગરબીનાં કીર્તનો બોલતા હતા, તે ખૂબ જ સોહામણા લાગતા હતા. ૩૮. અપાર કવિઓ થયા છે. તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. તે કવિઓએ પોતાને જેવું ભગવાનનું જ્ઞાન હતું, તે પ્રમાણે અપાર કીર્તનો કર્યાં છે. ૩૯. જે રીતનાં કીર્તન કર્યાં હોય છે, તે રીતનું તેમાંથી સહુને જ્ઞાન થાય છે. કારણ કે, **કાવ્ય અને વચનો તો દર્પણ જેવાં હોય છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સંસારને દુઃખરૂપ જાણીને ભગવાનમાં ચિત્ત જોડવાની વાત કહી" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧

અંત્યજ તથા પશુ-પક્ષીને સત્સંગનો અધિકાર છે, એવી વાત શ્રીહરિએ કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આપણા સત્સંગમાં મુક્તાનંદ સ્વામી વગેરે જેટલા સંત કવિઓ હતા, તે બધા સારા કાવ્ય-કીર્તન રચી જાણતા હતા. ૨. તે સંત કવિઓ કાવ્યના જેટલા મુખ્ય તાલ છે, તેની રીતને પણ જાણતા હતા. જેમનાં કાવ્ય-કીર્તનોમાં ભગવાન શ્રીહરિની મૂર્તિનું વર્ણન હોય, એવા કવિઓની બધી કાવ્ય રચનાઓ અમૃતરૂપ છે અને હંમેશાં સાંભળવા યોગ્ય છે. ૩-૪. તેવા કાવ્ય ઉપરાંત પ્રગટ શ્રીહરિની વાતો પણ સહુને સાંભળવા યોગ્ય છે. તે પ્રગટ શ્રીહરિની વાતોમાં જ્યારે જે કુતર્ક કરે છે, ત્યારે તે ભગવાનના ભક્ત કહેવાતા નથી. ૫.

જેમાં ઉદ્ધવજીના જેવી પ્રગટ ભગવાનના સ્વરૂપની સમજણ હોય તેવા ભક્તો જીવાત્માઓને મોક્ષના દેનારા છે. ૬. તેવા મહિમાવાળા ભક્તો ભગવાન તથા ધર્મયુક્ત ભગવાનના સર્વ ભક્તોનું દિવસે દિવસે અધિક માહાત્મ્ય સમજે છે. તેઓ જ્યાં સુધી ધર્મની રીતમાં ચાલતા હોય, ત્યાં સુધી ક્યારેય તેમનો અભાવ લેતા નહિ. જે કોઈ સત્સંગની રીતમાં જ્યાં સુધી ચાલતા હોય ત્યાં સુધી એ ભક્ત પરમ પવિત્ર છે. ૭-૮. એવી સત્સંગની રીત છે. તેને જે જાણે તે હરિભક્ત કહેવાય છે. કારણ કે, સત્સંગની રીતને જાણ્યા વગર હરિભક્તનું માહાત્મ્ય રહેતું નથી. ૯.

ભક્તજનો પરસ્પર માહાત્મ્ય સમજી શકતા નથી, તેથી જ તેઓ એકબીજાનો અભાવ લે છે. પોતે હરિભક્ત થઈને બીજા હરિભક્તનો જેટલો અભાવ લે છે, તેટલો તે સત્સંગ કરતો હોવા છતાં બાળબુદ્ધિ છે. ખરેખર આ સત્સંગ બાળબુદ્ધિ ટાળવા માટે જ છે. ૧૦-૧૧.

❋ જેની જેવી સમજણ હોય તેની તેવી સ્થિતિ બંધાય છે :

સત્સંગ કરીને જેવી સમજણ રાખવામાં આવે, તેની તેવી સ્થિતિ થાય છે. જેને જીવમાં જેવો ખપ હોય છે તે તેવો હરિભક્ત થાય છે. ૧૨. જે

સત્સંગનો જેવો ખપ રાખે, તે તેવો હરિભક્ત થાય છે. ૧૩. માણસ રોજ જેટલું ધન કમાય, તેટલો તે ધનવાન કહેવાય છે. ૧૪. જે મનુષ્ય સત્સંગ કરતો હોય તે ભલે અંત્યજ સુધીની જ્ઞાતિનો હોય, તોપણ તે હરિભક્ત કહેવાય છે. ૧૫. કેમ જે, **શ્રીમદ્ભાગવતમાં સત્સંગનો અધિકાર તો અંત્યજ, પશુ તથા પંખી સુધીનાને નિર્ધારિત કહ્યો છે.** ૧૬.

જે અતિ ઊંચા વર્ણાશ્રમવાળા હોય, સહુ લોકો અને મોટા મોટા રાજાઓ પણ જેને આવીને નમતા હોય તથા ભાવથી પૂજતા હોય; છતાં પણ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે અંત્યજ કરતાં પણ અધમ કહેવાય છે. આવી રીતે ભાગવતમાં કહ્યું છે. તેને બુદ્ધિમાન લોકો જાણે છે. ૧૭-૧૮. રૂડી બુદ્ધિવાળા મનુષ્યો માટે આ સત્સંગ છે. શ્રીહરિ જેટલા દિવસ અમદાવાદ શહેરમાં રહ્યા, તેટલા દિવસ ઉપર કહી તેવી અપાર વાતો સભામાં કહેતા હતા; તેનો કહેતા પાર આવતો નથી. શ્રીહરિ એટલી બધી કલ્યાણકારી વાતોને જાણતા હતા કે, જો તે બધી જ કહે તો તે બ્રહ્માંડોમાં પણ સમાય નહિ. ૧૯-૨૦.

❋ ભગવાનની વાતનો ખપ જાગે તેના દોષ ભાગે :

શ્રીહરિએ કહેલી તે વાતોમાંથી કવિ લખી લખીને કેટલુંક લખે ? કવિ તો તેની બુદ્ધિમાં સમાય તેટલું જ લખે છે. લખ્યા વિનાની શ્રીહરિની વાતોથી તો આખું બ્રહ્માંડ ભર્યું છે. ૨૧. તે બ્રહ્માંડમાં ભરેલી વાતો લગાર પણ દેખાતી નથી. જેટલી કવિએ લખી હોય છે તેટલી દેખાય છે, પરંતુ જેમ સમાર હાંકવાથી દટાઈ ગયેલા બીજ દેખાતા નથી, તેમ તે બધી વાતો હોવા છતાં દેખાતી નથી. **જેને ભગવાનની વાતનો ખપ હોય છે, તેને તે બધી વાતો દેખાય છે.** ૨૨. જ્યાં સુધી ભગવાનની વાતનો મનુષ્યને ખપ હોતો નથી, ત્યાં સુધી તે ચાહે તેવો મોટો હોય તોપણ સંસારમાં વારંવાર ભટકતો રહે છે. ૨૩. **જે ભગવાનની કાળશક્તિ કહેવાય છે, તે આવાં કરોડો બ્રહ્માંડોનો નિરંતર નાશ કરતી રહે છે.** છતાં પણ મનુષ્યને તે કાળશક્તિથી ત્રાસ ઊપજતો નથી. ૨૪. કાળનો ત્રાસ બતાવવા માટે તો વ્યાસજી જેવા મહાન આચાર્યોએ આ ભૂમિ ઉપર પ્રગટ થઈને અપાર ગ્રંથો

કર્યા છે, છતાં જીવને કાળનો ત્રાસ નથી ઊપજતો. ભગવાનના કેટલાક અવતારો પ્રગટ્યા તે દૃષ્ટિગોચર થયા, તોપણ જીવ તો જીવ જ રહ્યા. પણ તેમાંથી કોઈક ભગવાનના શરણે આવીને અપાર એવા સંસારસાગરને તરી ગયા છે. ૨૫-૨૭.

ભગવાનના યોગથી જે લોકો આ સંસારસાગરને તરી ગયા, તે બધાનાં નામ લખાયાં છે. તેને અપાર લોકો વાંચે-સાંભળે છે. ૨૮. **સંસારમાં અરુચિ કરાવવા અને ભગવાનમાં ચિત્ત જોડવા માટેનું જ સર્વે ગ્રંથોનું તાન છે.** પરંતુ પંડિત લોકો તે બધાં શાસ્ત્રોને વાંચે છે, છતાં તેમને સંસારનો અભાવ થતો નથી. માત્ર શાસ્ત્રને વાંચવાથી શું થાય ? તે પંડિતોનું અંતર જેવી રીતે સંસારમાં વર્તતું હોય, તેવી રીતે તેના શ્રોતાનું અંતર થઈ જાય છે. માટે લોકો જેટલા અજ્ઞાની રહે છે, તેમાં કાંઈ શાસ્ત્રનો દોષ નથી. ૨૯-૩૧. જ્ઞાન નથી થતું તે બાબતમાં સાધારણ જનતાનો પણ દોષ નથી. સમજણ વિના તો મનુષ્ય અંધ કહેવાય છે. સામાન્ય મનુષ્યનો જે ઉદ્ધાર નથી થતો, તેમાં તો વક્તાનો દોષ છે. ૩૨.

❋ નિર્દોષ ભાવથી ઊર્ધ્વગતિ અને દોષ લેવાથી અધોગતિ થાય છે :

વક્તાઓને લોભને લીધે ભગવાનનો ખપ રહેતો નથી. તે વક્તા પોતાની બુદ્ધિ જેવી સંસારમાં આસક્ત હોય છે, તેવી જ ગ્રંથ કરનારાની બુદ્ધિને જાણે છે. તેથી તે વક્તાને દોષ લાગે છે. તેને લીધે જ જ્ઞાન થતું નથી. ૩૩-૩૪. **જ્યારે ગ્રંથના રચનારાને નિર્દોષ સમજવામાં આવે, ત્યારે તે ગ્રંથકર્તાના ગુણ વક્તામાં આવ્યા વિના રહેતા નથી.** ૩૫. વક્તા ગ્રંથ રચનારનો ગુણ લેતા નથી. અર્થાત્ ગ્રંથકર્તા પ્રત્યે સદ્ભાવ રાખતા નથી, તેને લીધે તે અધોગતિને પામે છે. જ્યારે નિર્દોષનો ગુણ લેવામાં આવે, ત્યારે તેની બુદ્ધિ નિર્દોષ થઈ જાય છે. ૩૬.

જ્યારે મનુષ્યની બુદ્ધિ નિર્દોષ થાય છે, ત્યારે તે બુદ્ધિમાં સત્સંગનાં જેટલાં બીજ હોય છે તે બધાં અંકુરિત થાય છે. ૩૭. તે પછી જેટલાં કુસંગનાં બીજ બુદ્ધિમાં રહ્યા હોય છે, તેનો નાશ થઈ જાય છે. નિર્દોષનો

ગુણ લેવાથી અજ્ઞાનના પાશ છૂટી જાય છે. ૩૮. **વળી, જીવનું ચિત્ત જેમ સંસારમાં ચોંટે છે, તેમ જો સત્સંગમાં ચોંટતું નથી તો તેટલા તેમાં કુસંગનાં બીજ રહ્યાં છે.** ૩૯. માણસને દિલમાં કુસંગનો જેટલો અભાવ આવે છે, તેટલા તે કુસંગનાં બીજનો નાશ થઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "અંત્યજ તથા પશુ-પક્ષી આદિકને પણ સત્સંગનો અધિકાર છે, એવી વાત શ્રીહરિએ કહી" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨

અંગ્રેજ અધિકારી જાસ્કિન સાહેબે ભદ્રમાં શ્રીહરિની પધરામણી કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યાં સુધી સત્સંગ તથા કુસંગનાં બીજ ઓળખવામાં આવતા નથી, ત્યાં સુધી જીવને સંસાર રહ્યો છે. ૨. સત્સંગનાં બીજનો ઉદય થયા સિવાય જીવ વારંવાર સંસારમાં ભટકતો રહે છે અને કરોડો કલ્પ સુધી પણ આ સંસારસાગરથી ક્યારેય છૂટતો નથી. ૩. **જ્યાં સુધી મનુષ્ય સત્સંગ ઉપર પ્રેમભાવ કરતો નથી, ત્યાં સુધી તેને વારંવાર સંસારનું બંધન રહે છે.** ૪. કોઈ માણસ ચાહે તેટલો બુદ્ધિમાન હોય અને સંપૂર્ણ ત્રિલોકીનું રાજ્ય કરતો હોય, તેમજ ત્રિલોકીના બધા નિવાસીને પોતાનાં વચનમાં વર્તાવતો હોય, વળી ત્રિલોકીની જેટલી સમૃદ્ધિ છે તેને પોતાના કબજામાં કરી રાખી હોય, દસ-વીશ માળના સોનાનાં મહેલ બનાવ્યા હોય અને તેમાં અપાર શોભા કરી હોય તથા જેમ મનમાં ઈચ્છે તેમ ચોક્કસ કરી શકતો હોય; તોપણ તે મનુષ્યે પ્રાપ્ત કરેલી બધી સમૃદ્ધિ પાયા વિનાના મહેલ જેવી છે. ૫-૭. કારણ કે, તેનો દેહ તથા દેહના સંબંધી વગેરે બધા પાયા વગરના છે. અરે ! જેટલાં અનંતકોટિ બ્રહ્માંડો છે, તે બધાં પણ ચોક્કસ પાયા વગરના જ રહ્યાં છે. ૮. પણ મનુષ્ય આવી બધી બાબતનો ક્યારેય વિચાર નથી કરતો. તેથી જ ત્યાં સુધી તેમાં લગાર પણ બુદ્ધિ આવી ન કહેવાય.

❋ કુશાગ્રબુદ્ધિની મહત્તા :

આ મનુષ્યશરીર તો ચિંતામણિના જેવું છે. તેને જીવ બાળબુદ્ધિમાં ખોઈ નાખે છે. ૯. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો, ત્યાં સુધી તે બાળબુદ્ધિમાં ખપે છે. તે ચાહે તેટલો બુદ્ધિમાન હોય અથવા તો ચાહે તેટલું તેને વિદ્યાનું અભિમાન હોય અને ધનનું પણ કેટલુંય માન હોય; તોપણ તે એકેય મોક્ષના ઉપયોગમાં આવતા નથી. મોક્ષના ઉપયોગમાં ન આવે, તેમજ કોઈ અવિચળ શાશ્વત સ્થાન ન મળે, ત્યાં સુધી તે બુદ્ધિ વૃથા છે તેમ જાણવું. ૧૦-૧૧. **જ્યારે મનુષ્યશરીર પામીને નિત્યમોક્ષરૂપી શાશ્વત સ્થાન પ્રાપ્ત કરે, ત્યારે જ તેની બુદ્ધિ સાર્થક થઈ ગણાય અને પછી તે બાળબુદ્ધિ કહેવાતો નથી.** ૧૨.

સં.૧૮૮૧ ના ફાગણ સુદિ ૧૩ને દિવસે અમદાવાદમાં અંગ્રેજ અધિકારી જાસ્કિન સાહેબે શ્રીહરિને ઘણા ભાવથી પોતાને બંગલે પધરાવ્યા. ૧૩. તે સમયે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને જેટલા ઘોડેસવાર કાઠી દરબારો હતા તે પણ સાથે હતા. ૧૪. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી વગેરે સંતોને ગાડીમાં બેસાડીને શ્રીહરિએ સાથે લીધા હતા. ૧૫-૧૬. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો, ત્યારે શ્રીહરિ રાજદરબારમાં જવા માટે રાજમાર્ગ ઉપર ચાલતા થયા. આગળના ભાગમાં ચોપદાર નેકી પોકારતા હતા. ૧૭. અમદાવાદના જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. ભદ્રમાં જે રાજદરબાર કહેવાતો હતો, ત્યાં જેટલા મોટા સાહેબ હોય તે રહેતા હતા. તેમનો બંગલો માનો દેવતાઓનાં ભવન જેવો સોહામણો હતો. ૧૮-૧૯.

જ્યારે શ્રીહરિ તે ભદ્રના બંગલા પાસે આવ્યા, ત્યારે જાસ્કિન સાહેબ શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમના દિલમાં ઘણો જ પ્રેમભાવ છવાયેલો હતો. તેણે પોતાના માથા ઉપરથી ટોપી ઉતારીને ભાવથી શ્રીહરિને પગે લાગ્યા. આ બાજુ શ્રીહરિ પણ પોતાના અશ્વ ઉપરથી તરત જ નીચે ઊતર્યા. ૨૦-૨૧.

તે સમયે શ્રીહરિએ જેટલા સંતોને કહ્યું તેટલા શ્રીહરિની સાથે ચાલ્યા. હરિભક્ત કાઠી દરબારોમાં તો જે શ્રીહરિની મરજીને સમજતા હતા, તેટલાને જ શ્રીહરિએ સાથે લીધા અને તેટલા જ ચતુર પાર્ષદોને લીધા. બધા મળીને દસ-બાર જણને શ્રીહરિએ પોતાની સાથે લીધા હતા. ૨૨-૨૩. જે અમદાવાદ શહેરના હરિભક્તો આવ્યા હતા તે અને બધી સવારી ત્યાં ઊભી રહી.

સાહેબ શ્રીહરિને પોતાના બંગલા ઉપર લઈને ચાલ્યા. ૨૪. સાહેબ શ્રીહરિનું સન્માન કરીને ઘણા ભાવથી શ્રીહરિના હાથને પોતાના હાથમાં લઈને બંગલા ઉપર આવ્યા. ત્યાં સરસ ખુરશીનું આસન કરી રાખ્યું હતું. સાહેબે શ્રીહરિને તત્કાળ તે આસન ઉપર બેસાડ્યા અને પોતે પણ શ્રીહરિની સન્મુખ બેઠા. પછી તે બોલ્યા, “મહારાજ ! આપ આ અમદાવાદ શહેરમાં ભલે પધાર્યા. આપના પધારવાથી હું ઘણો ખુશ થયો છું. મને અહીંયા આવ્યાને આટલા દિવસ થયા છે, છતાં પણ આપના જેવા બીજા કોઈને મેં મારે કાને સાંભળ્યા નથી, તેમ બીજા કોઈને આંખે દેખ્યા પણ નથી. આ જગતમાં ઘણા બધા ભગવાનના અવતારો થયા છે અને સંતો પણ ઘણા થાય છે. ૨૫-૨૮.

આ કળિયુગ ચાલી રહ્યો છે. તેમાં ધર્મ ચલાવવો ઘણું કઠણ છે. તેમાં પણ અજ્ઞાની મનુષ્યોની આગળ વાત કરીને તેમને સમજાવવા, તે તો ઘણું કઠણ કામ છે. ૨૯. કેમ જે, સગા પોતાના દીકરાને પણ સન્માર્ગ ઉપર ચલાવવો, તે પિતાને માટે ઘણું કઠિન દેખાય છે. જ્યારે આપનાં નરનારી શિષ્યો છે તે આપની વાતને સાંભળે છે અને જેટલી અઘટિત બાબતો પોતામાં રહી હોય તેનો તે ત્યાગ કરી દે છે. ૩૦-૩૧. આપનાં શિષ્યો સિવાયના આ ભૂમિ ઉપર જેટલા મનુષ્યો છે, તેમાં વિદ્યા ભણેલા મોટા મોટા વિદ્વાનો પણ છે, તેમજ અપાર ગુરુઓ થઈને પણ રહ્યા છે; જેનો ગણ્યે પાર આવતો નથી. તે બધા ગુરુઓ ચાર વર્ણ અને ચાર આશ્રમનું કારણ ગણાતા હોય છે. તે બધા પોતપોતાના માનેલા ધર્મની રીત જોઈને ચાલે છે, પરંતુ ધર્મની અસલ સનાતન રીતને જાણતા નથી. જે બ્રાહ્મણો છે તે પણ બ્રાહ્મણના ધર્મને સારી રીતે જાણતા નથી. ૩૨-૩૪.

❋ મનુષ્યદેહ પામી મોક્ષ ન મેળવે તે મૂર્ખ છે :

ધર્મને નહિ પાળનારા વિપ્રો તો નામમાત્ર વિપ્ર કહેવાય છે અને તેને લીધે તે વિપ્રનું વિપ્રપણાનું તેજ નાશ પામી ગયું છે. તેજ વગરના તે બધા અંધારા જેવા દેખાય છે. ૩૫. ચાહે કોઈ દેવ હોય તોપણ તેમાં ધર્મના સમાન બીજું કોઈ તેજ હોતું નથી. જેમાં એક રતીભાર પણ તેજ રહ્યું હોય છે, તે છુપાવ્યું રહેતું નથી. ૩૬. જેમાં તેજ નથી હોતું તે બધા નિર્જીવ છે. જે નિર્જીવ હોય છે તે બધા વગર જીતે જિતાઈ ગયેલા છે. ૩૭.

ચાહે તેવા હોય તે પણ પ્રાયઃ સ્ત્રી અને ધનને માટે જ અનંત પ્રકારની વિદ્યાનો અભ્યાસ કરતા હોય છે. ૩૮. તેવી વિદ્યામાં ધન રહ્યું હોય છે અને ધનમાં જ બધી બાબત રહી હોય છે. તે ધનને આપ ઇચ્છતા નથી અને તે ધનમાં અનંત દુઃખ દેખો છો. ૩૯. આપ જેટલું સુખ છે તે બધું ત્યાગમાં દેખો છો. આપ જેમાં દુઃખ માનો છો, તેમાં લોકોને દુઃખ દેખાડો છો. ૪૦. આ દુનિયામાં જેટલા મનુષ્યો હોય છે તે ગમે તેવા બુદ્ધિમાન હોય, તોપણ ધનમાં જ સુખ માને છે અને ધન વગરનાને દુઃખી માને છે. ૪૧. આ બે પ્રકારના મનુષ્યોમાં બુદ્ધિમાન કોણ ? આપ જેમ જાણતા હોવ તે કહો."

❋ શાસ્ત્રનાં તમામ વચનો મોક્ષપરક માને તે જ સમજુ છે :

ત્યારે શ્રીહરિ તે જાસ્કિન સાહેબની આગળ પોતે જેમ જાણતા હતા તેમ બોલ્યા કે, "જેટલા પ્રહ્લાદજી અને પ્રિયવ્રત જેવા ભગવાનના ભક્ત થયા છે, તેનો કોઈ પાર નથી. તેમની સમજણ અપાર હતી. ૪૨-૪૩. શાસ્ત્રમાં તે ભક્તોની સમજણ જોઈને, તેમની તે સમજણનો અમારા મનમાં પૂરેપૂરો દૃઢ વિશ્વાસ છે. ૪૪. તે પ્રહ્લાદ ઇત્યાદિકનાં વચનમાં અમારું મન લગારેય કુતર્ક કરતું નથી. તે ભક્તો જે રીતે બોલતા હતા, તે વચનમાં અમને ચોક્કસ પ્રતીતિ રહી છે. ૪૫. તે ભક્તો જેવી વાત બોલતા હતા, તે વાત અમને અમારા અંતરમાં તેવા રૂપમાં જ દેખાય છે અને તેમણે જે સત્ય વાત કહી છે, તે અમને પણ સત્ય મનાય છે. ૪૬. તેમણે જેટલી બાબતને અસત્ય કહી છે, તે અમને અસત્ય દેખાય છે. અમને ભાગવતમાં

વિશ્વાસ છે. ભાગવતમાં જેટલાં મોક્ષ બાબતનાં વચન કહ્યાં છે, તેમજ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન તથા ભગવાન સંબંધી જેટલાં વચન કહ્યાં છે; તે બધાંને અમે મોક્ષપરક માનીએ છીએ. ૪૭-૪૮.

दोहा : मोक्ष पर बचन हि जितना, शास्त्र ता महीं जेह;
ज्ञान भक्ति वैराग्य यह, धर्म जूत रहेउ तेह...४९
प्रतित ताकी रहे दृढ कर, फिरत हि न कोउ दिन;
मोक्षरूप फल तिनमें, रसभर रहे नवीन...५०

सोरठा : भगवान की जो बात, जितनी रहायेउ तेहि;
तामें सुख देखात, जन्म मरण न दुःख रहेउ...५१
भगवान बिन हि जेह, बात चाय तेसी हि जोउ;
दुःख यह जेते तेह, अपार तेही देख हि परत...५२

શાસ્ત્રમાં જેટલાં વચન મોક્ષપરક કહ્યાં છે, તેમજ ધર્મથી યુક્ત જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય કહ્યાં છે તેની અમને દઢપણે પ્રતીતિ છે; તે કોઈ દિવસ ફરતી નથી. કેમ જે, તેમાં જ નવીન રસથી ભરપૂર મોક્ષરૂપી ફળ રહ્યું છે. ૪૯-૫૦. **જેટલી ભગવાન સંબંધી વાત હોય છે, તેમાં અમને સુખ દેખાય છે. તેમાં જન્મ-મરણનું દુ:ખ હોતું નથી.** ૫૧. ભગવાન સિવાયની વાત ગમે તેવી સારી હોય, તોપણ અમને તેમાં અપાર દુ:ખ દેખાય છે." ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "અંગ્રેજ અધિકારી જાસ્કિન સાહેબે ભદ્રમાં શ્રીહરિની પધરામણી કરી" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૩

શ્રીહરિ અને જાસ્કિન સાહેબે પરસ્પર પોતાનાં મંતવ્ય કહ્યાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ જાસ્કિન સાહેબની આગળ કહ્યું કે, "ભગવાનના ખપ વગરના કોઈ ગમે તેવા વિચક્ષણ પંડિત હોય, તોપણ તે જ્યાં સુધી ધન અને સ્ત્રીમાં સાર દેખે છે ત્યાં સુધી તે વારંવાર સંસારમાં ભટકતા રહે છે. ૨-૩. **આ સંસારમાં ભટકવું કે તેમાંથી મોક્ષ મેળવવો, આ બાબત તો સમજણમાં જ રહી છે. પરંતુ ખપ વિના તે સમજણ લાવી શકાતી નથી.** તેથી કરોડો કલ્પ સુધી જીવ સંસારમાં ભટકતો રહે છે. ૪.

જેટલા મોક્ષભાગી સજ્જનો થઈ ગયા છે તેમણે એમ કહ્યું છે કે, ભગવાન અને ભગવાન સંબંધી વાત ઉપર જેટલા ભક્તજનો ભાવ રાખે છે, તે તો સર્વે દેવો-મનુષ્યોમાં અતિશય શ્રેષ્ઠ ગણાય છે. તેવા ભક્તોની સમાન તો આશ્ચર્યકારી કાર્યો કરી દેખાડનારા ગુણવાનો પણ કઈ રીતે થઈ શકે ? ન જ થઈ શકે. ભગવાનમાં ભાવ વગરના લોકો ગમે તેવા ચતુર હોય, ચાહે તેવાં સાધન કરતા હોય, અગ્નિમાં બેસીને તપ કરતા હોય, આકાશમાં ઊડતા હોય અને આવી બીજી સૃષ્ટિ પણ કરી શકતા હોય તોપણ તેનાથી શું ફળ ? જેને ભગવાન સિવાયની બીજી બાબતમાં જ્યાં સુધી ભાવ રહે છે, ત્યાં સુધી તે બુદ્ધિમાન હોવા છતાં પશુબુદ્ધિમાં ખપે છે.

મોટા-મોટા અધિકાર પર રહેલા તમે જે જે મોટા સાહેબ છો, તેમાં જેટલા કાંઈ ગુણ રહ્યા છે તે અત્યારે તમને દેખાતા નથી. જે પરમેશ્વર અંતર્યામી છે, જેનાથી કોઈ બીજો ઉપરી નથી તે પરમેશ્વર જેવો સંકલ્પ કરે છે તેમ જ બધું થઈ રહ્યું છે. તેથી તે પરમેશ્વર જેમ પ્રસન્ન થાય તેવી બાબત તમને કરતાં આવડે છે. ૫-૧૧. જ્યાં સુધી તમે નીતિના માર્ગ ઉપર ચાલશો અને ધનના લોભમાં લેવાશો નહિ, ત્યાં સુધી આ ભૂમિ ઉપરના જેટલા રાજાઓ છે તેમાંથી કોઈ તમારા સમાન થઈ શકશે નહિ. ૧૨. તે બધા તમારાં વચન પ્રમાણે દોર્યા દોરાશે. તેમની પાસે ગમે તેટલી તોપો હશે

તોપણ તે તેમને કાંઈ સહાય કરશે નહીં. ૧૩. **માણસની પાસે ગમે તેટલું ધન હોય અને અપાર લશ્કર હોય, તોપણ તે જો ભગવાનની મરજી પ્રમાણે ન ચાલે તો તેનું તે ધન અને લશ્કર લગાર પણ કામ લાગતું નથી.** ૧૪.

જે રાજા નીતિ ઉપર ચાલે છે, જેનાથી પ્રજા દુભાતી નથી, પ્રજાનાં જેટલાં દુઃખ હોય તેને જે રાજા આદરથી સાંભળે છે, જે રાજા સહુથી પર એવા અંતર્યામી ભગવાનનું રાત-દિવસ તાન રાખે અને ભગવાનને ક્યારેય ભૂલતો નથી; આવો જે રાજા હોય તે સર્વોપરિ છે. ૧૫-૧૬. જેમ ભમરો ફૂલની સુગંધ લે છે, પણ ક્યારેય ફૂલને કાપતો નથી; તે રીતે રાજા પ્રજાની પાસેથી ધન લે છે પણ તેની સતત સંભાળ રાખે છે. ૧૭. આવા રાજાનો યશ ચૌદ લોકમાં દિવસે દિવસે વધતો રહે છે. કેમ જે, તે રાજા જે રીતે ભગવાન રાજી થાય તે રીતે રાજ્ય કરતો હોય છે. ૧૮. તમે જેટલા મોટા સાહેબો અધિકાર ઉપર છો, તે બધા અંતર્યામી પરમેશ્વર જે રીતે રાજી થાય તે રીતે તમારું સહુનું વર્તન રાખો છો; તે અમે જાણીએ છીએ.

❋ શ્રીહરિની ભવિષ્યવાણી :

તમે બધા સાહેબ લોકો મનમાં છળ કપટ રાખ્યા વગર નીતિ ઉપર જ્યાં સુધી ચાલશો, તથા તમે જ્યાં સુધી લોભને વશ થઈને ન્યાયનો અન્યાય નહિ કરો; ત્યાં સુધી તમારી કીર્તિ દિવસે દિવસે અપાર વધતી રહેશે. ૧૯-૨૧. **પરંતુ લોભ શત્રુ અતિ ચતુર છે. તે જે'દિ તે'દિ તમારો મિત્ર બની જશે. તે લોભનાં વચનને તમે જ્યારે સાંભળવાં માંડશો, ત્યારે તમને લોભમાં જેવા દુર્ગુણો રહ્યા છે તે દેખાશે નહિ. કેમ જે, પાકા મિત્રમાં રહેલા દોષ મિત્રતાને લીધે નિર્દોષ દેખાય છે.** અર્થાત્ તેમાં દોષ દેખાતા નથી. મિત્રતાની એવી રીત હોય છે કે, મિત્રના દોષો હોય તે નિર્દોષ દેખાય છે. લોભને વશ થયા પછી માણસ ન કરવાની બાબતો પણ કરવા લાગે છે. મિત્રતાને લીધે જેમાં દોષ રહ્યા હોય તેમાં ગુણ ભાસવા લાગે છે. અમે જેમ કહ્યું એવી મિત્રની રીત રહી છે." ૨૨-૨૫.

ત્યારે સાહેબે શ્રીહરિની આગળ ભાવથી કહ્યું, "નીતિ શાસ્ત્રમાં એવો ઠરાવ છે કે, જ્યારે લોભ રાજા કે અધિકારીનો મિત્ર બની જાય છે,

ત્યારે તે લોભી બની જાય છે. પછી છળ-કપટ યુક્ત જેટલી નીતિ હોય તે તેનામાં પ્રવેશ કરે છે. પછી તે રાજા કે અધિકારીને અંતર્યામી પરમાત્માનો ડર રહેતો નથી. ૨૬-૨૭. જ્યારે લોભ પ્રવેશ કરે છે, ત્યારે તે અધિકારી કોઈનો ડર રાખતો નથી. પરંતુ જેમાં જે દોષ રહ્યા હોય છે તેને અમે જાણીએ છીએ. ૨૮. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ વિષય છે. તે વિષયનો તપાસ કર્યા વિના જે જેટલો તેનો લોભ કરે છે અર્થાત્ વિવેક વિના આસક્તિમાંથી જે જીવ પંચવિષય ભોગવે છે, તેને તેમાં ગાઢ બંધન થાય છે. પછી તે બંધનને કારણે પરસ્પર એકબીજાનો નાશ કરે છે. મનુષ્ય હોવા છતાં તે તેનો તપાસ પણ કરતા નથી. ૨૯-૩૦. વળી, જે પંચવિષયમાં આસક્ત થઈ જાય છે, તેને ક્યારેય મૃત્યુનો ભય પણ લગાર દેખાતો નથી. ૩૧.

❋ ભોગ ભોગવવા તે જન્મ વગોવવા તુલ્ય છે :

વગર મોતે જેટલા મરે છે, તે બધા વિષયમાં આસક્તિએ કરીને જ મરે છે. નશો અને વ્યસનના અનેક પ્રકારો છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૩૨. તે વ્યસનમાં તલભાર પણ રસ નથી હોતો, છતાં પણ તેમાં સહુથી વધારે રસ માનીને ગમાર લોકો તેમાં આસક્તિ કરે છે. ૩૩. જેટલા નશો અને વ્યસન કરે છે તે સર્વે ગમાર છે. તેવા લોકો વ્યસનોમાં જ પોતાના મનુષ્ય જન્મને ગુમાવી દે છે, તે પ્રસિદ્ધ દેખ્યામાં આવે છે. ૩૪. વ્યસનીઓ પોતાની ધન સંપત્તિને વ્યસનમાં જ ગુમાવી દે છે. તે ગમે તેટલી વિદ્યા ભણેલો હોય અને ગમે તેટલાં સાધન કરતો હોય, તોપણ તે બધું જ્યાં સુધી વ્યસનમાં ખપાવી દે છે; ત્યાં સુધી તેનાં બધાં સાધનો વ્યર્થ થઈ જાય છે. જ્યારે **મનુષ્ય એક ભગવાનમાં જ સાર માને છે, ત્યારે જ તે બુદ્ધિમાન કહેવાય છે.** ૩૫-૩૬.

दोहा : विद्या कहावत जितनी हि, साधन जेते रहेउ;
राज जेते ब्रह्मांड के, कर रहायेउ तेउ...३७
मन के मनोर्थ जितना, गिनत न आवत पार;
कर रहायेउ सब हि यह, निश्चय कर निरधार...३८

सोरठा : तुमारी बात तामें, सार हि देखायेउ यह;
मिथ्या न रहे यामें, सरवोपरी बुद्धि रहे तव...३९
बुद्धि जाकी जो जेह, समागम ताके भये बिन;
देखे न आवत तेह, समागम कर देख परत...४०

જેને ભગવાનમાં જ સાર મનાય છે, તેણે જેટલી જાતની વિદ્યા કહેવાય છે તે ભણી લીધી છે. તેણે સર્વે સાધનો કરી લીધાં કહેવાય. વળી, બ્રહ્માંડ જેટલું રાજ્ય કરી લીધું કહેવાય. અરે ! તેણે તો ગણ્યે પાર ન આવે તેટલા મનના મનોરથ ચોક્કસ સિદ્ધ કરી લીધા કહેવાય. હે સ્વામિનારાયણ ! તમારી વાતમાં બધો સાર દેખાય છે. તેમાં કાંઈ જ મિથ્યા નથી. આપની બુદ્ધિ સર્વોપરિ છે. જેની જેવી બુદ્ધિ હોય તે તેનો સમાગમ કર્યા વિના દેખ્યામાં આવતી નથી, સમાગમ કરવાથી જ દેખાય છે." ૩૭-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ અને જાસ્કિન સાહેબે પરસ્પર પોતાનાં મંતવ્ય કહ્યાં" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૪

અમદાવાદમાં હરિભક્તો શ્રીહરિ તથા સંતોને જમાડીને પૂજા કરતા હતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે પછી જાસ્કિન સાહેબે શ્રીહરિની પૂજા કરી. સારા ગુલાબના હાર લઈને શ્રીહરિને પહેરાવ્યા. ૨. વિવિધ પ્રકારના કાપડના તાકા આગળ ધર્યા અને અનેક જાતના મેવાઓ પણ આગળ ધર્યા. તે અંગ્રેજ સાહેબે પૂજા કરી લીધી પછી શ્રીહરિ ત્યાંથી પાછા ચાલ્યા. શ્રીહરિનો હાથ પોતાના હાથમાં પકડીને સાહેબ શ્રીહરિની સાથે આવ્યા. ૩-૪. બંગલા ઉપરથી નીચે ઊતર્યા, ત્યાં સુધી સાહેબ સાથે આવ્યા.

પછી શ્રીહરિએ સાહેબને કહ્યું કે, “હવે તમે ઊભા રહો. તમારું શ્રેય આપણે જે વાત થઈ તેમાં જ રહ્યું છે. ૫. સત્ય માર્ગ ઉપર ચાલવાની રીતને તમે યથાર્થરૂપમાં જાણો છો. જે સત્ય માર્ગ ઉપર ચાલે છે તેને તમે સહાય પણ કરો છો. ૬. **વળી, જે લોકો સાચા માર્ગ ઉપર ચાલે છે તેનું તમે યોગ્ય સન્માન પણ કરો છો. તેણે કરીને અનંત જન્મમાં કરેલ તમારાં પાપોનો નાશ થઈ જશે. માટે તે સાધન જીવના શ્રેયને માટે ઘણું બળવાન કહેવાય છે.** તમે જે યોગ્ય માર્ગને સમજો છો તેના ઉપર જે મનુષ્ય ચાલે છે, તેને તમારી બુદ્ધિ ઓળખી લે છે. એવી તમારી વિશાળ બુદ્ધિ છે.

ધર્મશાસ્ત્રમાં કેટલીયે જાતનાં પાપ કહ્યાં છે. ૭-૯. તેમાં મનુષ્યની હત્યા કરવાનું પાપ સહુથી મોટું કહ્યું છે. તે પાપને તમે જાણો છો. મનુષ્યને મારવાનો તમે ત્યાગ કરાવ્યો છે. ૧૦. આ એક એવો ધર્મ છે કે જે બીજાં બધાં પાપને ધોઈ નાંખે છે. પૂર્વે સત્યયુગ થઈ ગયા છે, તેમાં રાક્ષસો ઋષિઓને પણ મારીને ખાઈ જતા હતા અને તેનાં પાપનો દોષ પણ દિલમાં માનતા નહિ. તે દૃષ્ટિએ જોઈએ તો આ કળિયુગમાં ઘણી નીતિ રહી છે. ૧૧-૧૨.

આ ભરતખંડમાં જ્યારથી તમારું રાજ્ય થયું છે તે દિવસથી અહીંના મનુષ્યોનાં જેટલી પ્રકારનાં દુઃખો હતાં, તેનો તમે સહેજે નાશ કરી નાખ્યો છે. તેથી પ્રજાને અપાર સુખ થયું છે. ૧૩-૧૪. અત્યારે તમારું રાજ્ય છે તેવું કોઈ યુગમાં રાજ્ય થયું ન હતું. મનુષ્યને સુખ થાય એવા કાયદાઓ તમે કરી રહ્યા છો. ૧૫. જેટલા કુંભાડી લોકો છે તે પાપથી ડરતા નથી. તેથી તેઓ મનમાં ફાવે તેવું વર્તન કરે છે અને ઉપરથી શાહુકાર બની રહે છે. ૧૬. એવા કુંભાડીઓને તમે ખોળી લો છો. વળી, જે લોકો ઠગનું આચરણ કરતા હોય, પૈસા પડાવવા માટેની જ કેટલીક વાતો કરીને તેનાથી જ પોતાનું પેટ ભરતા હોય તથા જે મનુષ્યો કપટ કરતા હોય; તે બધું જ્યારે સરકારમાં જાહેર થાય છે ત્યારે તેના ઉપર નિયંત્રણ રાખવા માટે તમે અંગ્રેજ લોકો તેવા કાયદાઓ બનાવો છો.” ૧૭-૧૮.

શ્રીહરિએ જાસ્કિન સાહેબની આગળ આટલી વાત કરી. તે પછી પોતાના અશ્વ ઉપર બેઠા. ત્યાંથી નીકળીને પ્રભુ આપણા કાળુપુર

સ્વામિનારાયણ મંદિરમાં આવ્યા. તે વખતે ત્યાં રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ૧૯. શ્રીહરિએ આવીને સ્નાન કર્યું અને પછી જમ્યા. ત્યારબાદ સંતોની પંક્તિ કરાવી અને પોતે શ્રીહરિ સંતોને પીરસવા માટે આવ્યા. તે વખતની એવી શોભા બની હતી, જે કહી શકાતી નથી. ૨૦.

તે દિવસે જે હરિભક્તની રસોઈ હતી, તે કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને પૂજા કરવા આવ્યા. શ્રીહરિ ખુરશી ઉપર બેઠા હતા. તે હરિભક્તે કેસરયુક્ત ચંદન લઈ અને પોતાના ભાવ પ્રમાણે પૂજા કરી. ૨૧-૨૨. પ્રથમ ઘણાં હેતથી શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. બંને ભૂજાઓ, છાતી ઉપર અને ઘુંટણથી લઈને ચરણ સુધી ચંદન ચર્ચ્યું. તે પછી લલાટ, ભૂજાઓ અને છાતી ઉપર ઘણા ભાવથી કુંકુમના ચાંદલા કર્યા. ૨૩-૨૪. કેસરચંદન ચર્ચી રહ્યા પછી ફૂલના હાર પહેરાવ્યા. ફૂલના બાજુબંધ અને પહોંચી પણ હાથમાં બાંધ્યાં. મસ્તક ઉપર તોરા સાથેની ફૂલની ટોપી ધારણ કરાવી. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ અદ્‌ભુત ધરાવ્યા. ૨૫-૨૬. પછી ઘણા જ ભક્તિભાવથી કપૂરની આરતી ઉતારી. તે સમયની શ્રીહરિની મૂર્તિને બરાબર નીરખીને તે ભક્તજને હૃદયમાં ધારી. ૨૭.

સંતોની પંગત બેઠી હતી, તેમાં સંતોને ઘણા ભાવથી ચંદન ચર્ચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૨૮. તે પછી શ્રીહરિએ પંગતમાં મોતીચૂરના લાડુ પીરસ્યા. તે સમયે સંતો ‘સ્વામિનારાયણ’ એવા નામની ધૂન એકતારે મુખથી બોલતા હતા. તે ધૂનનો શબ્દ આખા આકાશમાં છવાઈ ગયો હતો. જ્યારે શ્રીહરિ લાડુ પીરસી રહ્યા, ત્યારે સંતોને જમવાની આજ્ઞા કરી. ૨૯-૩૦. બધાં પકવાન તથા શાક, ભજિયાં, વડાં અને રાયતું વગેરે જે કાંઈ હતું, તે બધું કાષ્ઠનાં પાત્રમાં પીરસ્યું હતું. તે બધાં ભોજનને સંતોએ પાત્રમાં મેળવી દીધાં. પછી શ્રીહરિની મૂર્તિમાં મન રાખીને સંતો જમવા લાગ્યા. જ્યાં સુધી સંતો જમતા હતા, ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરતા રહ્યા. ૩૧-૩૨. શ્રીહરિ અમદાવાદમાં જેટલા દિવસ રહ્યા તેમાં જે દિવસે હરિભક્તોની રસોઈ થતી હતી, તે દિવસે જ્યારે સમય થાય ત્યારે શ્રીહરિ પંગતમાં આવીને સંતોને પીરસતા હતા. ૩૩.

શ્રીહરિ પોતે સંતોની સેવાનું માહાત્મ્ય યથાર્થ જાણતા હતા. ક્યારેય સંતોના માહાત્મ્યને પોતે ભૂલી જતા નહિ. ૩૪. વસંતપંચમી આવી ત્યારથી આરંભીને રોજ વસંત અને હોરીનાં પદને સંતો ગાતા હતા. ૩૫. વળી, દોકડ અને સરોદ લઈને ધુમાર રાગ કે ધુમાર તાલનાં પદ પણ સંતો ગાતા હતા. તે પછી હુતાશનીને દિવસ શ્રીહરિ સભા કરીને બેઠા હતા. ૩૬. ત્યારે અમદાવાદ શહેરના વાંજિત્ર વગાડનારા હરિભક્તો ઝાંઝ તથા મૃંદગ લઈને શ્રીહરિની આગળ હોરીનાં પદ ગાવા લાગ્યા. ૩૭. તે વખતે હરિભક્તો ઘણા જ પ્રેમભાવથી ગુલાલ, ખારેક અને ખજૂરના થાળ ભરી ભરીને લાવતા હતા. ૩૮. તે સમયે સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી, તેના ઉપર શ્રીહરિ વારંવાર ગુલાલ ઉડાડવા લાગ્યા. તેનાથી બધી જ સભા ગુલાલના રંગથી ભરાઈ ગઈ. બધા જ રંગથી એવા રંગાઈ ગયા કે સહુ એકસરખા લાગતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "અમદાવાદમાં હરિભક્તો શ્રીહરિ તથા સંતોને જમાડીને પૂજા કરતા હતા" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૫

શ્રીહરિએ નરનારાયણ દેવના મંદિર આગળ રંગોત્સવ કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. બીજે દિવસ ધુળેટીનો દિવસ હતો, ત્યારે શ્રીહરિએ શ્રીનરનારાયણ દેવની સન્મુખ ચોકમાં એક મોટી પાટ લાવીને ગોઠવાવી હતી. ૨. પૂર્વ પશ્ચિમ લાંબી પાટ ચોકના મધ્યભાગમાં ઢાળી હતી. જ્યારે સવાર થયું, ત્યારે શ્રીહરિ તે પાટ ઉપર આવીને વિરાજમાન થયા. ઢોલ અને તાંસાં જેવાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. તે સમયે સંતો તથા હરિભક્તો આવ્યા અને તેમની સભા થઈ. સંતો તથા હરિભક્તો ખૂબ જ ઉત્સાહથી હોરીનાં પદ ગાવા લાગ્યા. સહુનાં હૃદયમાં અપાર આનંદ

વર્તતો હતો. ૩-૫. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો ત્યારે બ્રહ્મચારીએ કેસર, કેસૂડાં અને પતંગનો ઘણો જ સુંદર રંગ તૈયાર કર્યો હતો; તે શ્રીનરનારાયણ દેવની પ્રસાદી કરાવીને લાવ્યા. તાંબા-પિત્તળનાં કેટલાક મોટાં દેગડાં અને ગોળીઓમાં ભરેલો રંગ શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. ૬-૭.

તે બધાં વાસણમાં ભરેલો રંગ લઈને શ્રીહરિ એકલા સહુ સંતો તથા હરિભક્તોના ઉપર ઉડાડવા લાગ્યા. **ત્યારે આધારાનંદ સ્વામીએ એક પીચકારી લઈને શ્રીહરિના હાથમાં આપી. પરમ પ્રવીણ શ્રીહરિએ ઘણા ભાવથી તે પીચકારી હાથમાં લીધી. વીશ-પચીશ વખત તે પીચકારીમાં રંગ ભરીને ચારે બાજુ ફરીને રંગ છાંટ્યો.** ૮-૯. પીચકારીમાં ઝાઝો રંગ સમાતો નહિ, તેથી પીચકારી શ્રીહરિની નજરમાં ન આવી. તેથી તેમણે સોના અને રૂપાના બે કટોરા લીધા કે જેમાં ઘણો રંગ ભરાતો હતો. ૧૦. એવા કટોરા ભરી ભરીને ઘણા ઉમંગથી શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા. તે ઉડાડેલા રંગથી સંતો તથા હરિભક્તોની સભાને રંગમાં રસબસ કરી દીધી. ૧૧. રંગ ભરેલાં જેટલાં વાસણ હતાં તે બધાંને રંગ ઉડાડીને ખાલી કરી દીધાં. એક કલાક સુધી શ્રીહરિએ પોતે રંગ ઉડાડ્યો. ૧૨. શ્રીનરનારાયણ દેવના મંદિરના ઘુંમટની આગળનો જેટલો ચોક છે તે બધો રંગ રંગ થઈ ગયો. જ્યારે રંગ ઉછાળી રહ્યા, ત્યારે શ્રીહરિએ ગુલાલ લીધો અને તે ગુલાલ ઉડાડવા લાગ્યા. ૧૩-૧૪. જેટલી સભા હતી તેને ગુલાલમય કરી દીધી. શ્રીહરિની મૂર્તિ પણ રંગ અને ગુલાલથી ભરાઈ રહી હતી. ૧૫.

જ્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડી રહ્યા, ત્યારે આનંદાનંદ સ્વામી શ્રીહરિની પાસે આવ્યા અને તેમણે કહ્યું કે, "કેટલાક હરિભક્તો ઉત્સવ(વિશિષ્ટ કીર્તનગાન) કરે છે. ૧૬. પછી નરનારાયણ દેવની આગળ ઓચ્છવ ગાન કરનારા ગોવિંદભાઈ ચોકસી આદિક કેટલાકનાં નામ લીધાં. ૧૭. નરનારાયણ દેવ પધરાવ્યા, તે વરસથી આરંભીને આ બધા ઓચ્છવિયા હરિભક્તો વસંતપંચમીએ વસંતઋતુ બેસે ત્યારથી લઈને દોઢ માસ સુધી સંધ્યા આરતી પછી વસંતનો ઉત્સવ નિયમિત કરે છે. આ બધા અપાર શ્રદ્ધાવાળા છે. ૧૮-૧૯. આ બધા હરિભક્તોને મુખથી કહી ન શકાય

એટલો બધો આપને રાજી કરવાનો ભાવ છે. તેઓ હિંડોળા વખતે પણ એક મહિના સુધી ગાન ઉત્સવ કરે છે. ૨૦.

જ્યારે હિંડોળાનો સમય થાય, ત્યારે તે હરિભક્તો ઘરનાં બધાં કામ છોડી દઈને રોજ અહીં આવીને કીર્તનગાન ઉત્સવ કરે છે. તે સિવાય બીજા પણ જે પર્વના દિવસો હોય છે, ત્યારે પણ કીર્તનગાનોત્સવ કરે છે. અત્યારે આપે જે સહુના ઉપર રંગ નાંખ્યો, તે રંગ ઉત્સવ કરનારા હરિભક્તોને મળ્યો નથી. મેં તેમને માટે રંગનું એક ઠામ રાખી મૂકયું છે." આનંદ સ્વામીની વાત સાંભળીને રંગભર્યા ઘનશ્યામ શ્રીહરિ મંદિરમાં ઘુંમટ વચ્ચે આવ્યા અને ઉત્સવિયા હરિભક્તોના ઉપર રંગ નાંખ્યો. તેનાથી મંદિરનો તે બધો ઘુંમટ રંગ રંગ કરી દીધો. ૨૧-૨૩. રૂપચોકીએ સહિત બધી કોળી રંગ રંગ કરી દીધી. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા, ત્યારે ગુલાલ લઈને ઉડાડવા લાગ્યા.

જ્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડી રહ્યા, ત્યારે સ્નાન કરવા માટે જવાની બધી અસવારી તૈયાર થઈને આવી. ૨૪-૨૫. શ્રીહરિ પોતે અશ્વ ઉપર બેઠા અને સહુ સંતો-હરિભક્તોની સાથે ઉમંગભેર ચાલ્યા. ૨૬. ઢોલ અને તાંસાં વગેરે વાજિંત્ર આગળ વાગતાં હતાં અને ચોપદાર શ્રીહરિનો જય જયકાર કરતા હતા. ૨૭. ત્યાંથી રાજમાર્ગ તરફ ચાલ્યા. કુબેરસિંહની પોળની સડક ઉપર થઈને આગળ જતાં રાજમાર્ગ ઉપર આવ્યા. ૨૮. બાદશાહ વાડી તરફ જવા માટે શહેરના કિલ્લાના દરવાજેથી બહાર નીકળ્યા અને જ્યાં બાદશાહ વાડી છે, તે તરફ ઉત્તર દિશામાં ચાલ્યા. ૨૯. તે માર્ગ ઉપર ચાલ્યા ત્યારે સંતો-હરિભક્તો અપાર દેખાતા હતા. એક કોશ જેટલા લાંબા રસ્તા ઉપર સહુ ચાલ્યા આવતા હતા. ૩૦. **તે વખતે સહુને એવાં દર્શન થતાં હતાં કે, શ્રીહરિની મૂર્તિ સહિત શ્રીહરિની સમગ્ર સવારી જાણે પોતાની સમીપથી જ ચાલી જતી હોય !** ૩૧.

❋ મૂર્તિમાં વૃત્તિ રાખ્યા વિના સ્થિતિ બંધાવી અશક્ય છે :

ચોપાઈ :

हरि में ऐसे ऐश्वर्य अपारा, रहाये कोउ वार न पारा;
जेते ब्रह्मांड रहे यामें, भक्त जन प्रिये रहाये तामें...३२

ताकु निज मूर्ति जोउ केरा, सुख देवन हित अति हि घनेरा;
धाम में अखंड रहीकर जेहू, देखावत जितना घटित तेहू...३३
जिसे जिहाँ कार्य रहे जैसे, दरशन देवत रहेउ तैसे;
अंतरजामी भये जो ताकी, कहा केना बहु बात वाकी...३४
अखंड यामें चित्त रखीता, जेसे रहे ताकु आत देखीता;
चित्त रखे बिन देखे न आता, ठगने की यह न बात रहाता...३५

શ્રીહરિમાં આવું તો અપાર ઐશ્વર્ય રહ્યું છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. જેટલાં બ્રહ્માંડોમાં પોતાના વહાલા ભક્તજનો રહ્યા હોય, તેમને પોતાની મૂર્તિનું અતિશય સુખ આપવા માટે શ્રીહરિ જ્યાં જેમ ઘટે ત્યાં તેમ ધામમાં અખંડ રહ્યા થકાં જ દર્શન આપે છે. ૩૨-૩૩. જ્યાં જેવું કાર્ય હોય, ત્યાં તેવી રીતે શ્રીહરિ દર્શન આપે છે. કારણ કે, શ્રીહરિ તો અંતર્યામી છે. તેમની વધારે વાત શું કહેવી ? ૩૪. જે શ્રીહરિની મૂર્તિમાં અખંડ ચિત્ત રાખે છે, તેને શ્રીહરિ જેવા છે તેવા દેખાઈ આવે છે. મૂર્તિમાં ચિત્ત રાખ્યા વિના તેઓ યથાર્થ દેખ્યામાં આવતા નથી. આ વાત કોઈને ઠગવા માટેની નથી. ૩૫.

જ્યાં સુધી આ વાતને ઠગવાની વાત જાણે, ત્યાં સુધી તેણે સત્સંગ કર્યો નથી. જેના અપાર ભાગ્ય એકસામટા ઉદય થયા હોય, તેના દિલમાં જ આ સત્સંગની વાત ચોંટી જાય છે; અને તેને જ સત્સંગ સિવાયની બીજી વાતો અસત્ય દેખાય છે. ૩૬-૩૭. સત્સંગ સિવાયની બીજી બધી વાતો અસત્ય છે, એમ જે દેખાડે તે જ સત્સંગ છે. ૩૮. સહુ સંતો-હરિભક્તો બાદશાહ વાડીથી પશ્ચિમ તરફના ભાગમાં વહેતી સાબરમતીરૂપ ગંગાને કિનારે આવ્યા. તે સ્થળે ગંગા પશ્ચિમ દિશા તરફ વહે છે. શ્રીહરિ પોતાને ઘેર આવ્યા છે, એમ જાણીને સાબરગંગાને પણ ઘણો ઉત્સાહ થયો. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ નરનારાયણ દેવના મંદિર આગળ રંગોત્સવ કર્યો" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૬

રંગોત્સવ પછી શ્રીહરિ સાબરમતીમાં સ્નાન કરીને મંદિરે પાછા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ રંગે રમીને સાબરગંગાએ આવ્યા, ત્યારે તે સાબરમતી નદીએ શ્રીહરિનું બહુ સન્માન કર્યું. પરમ નિપુણ અને રંગભર્યા શ્રીહરિ નદીએ પહોંચીને અશ્વ ઉપરથી ઊતર્યા. ૨. રસ્તાથી પૂર્વ દિશા તરફ સાબરગંગાને રહેવાનું સ્થાન હતું, તેને શ્રીહરિ જાણતા હતા. ૩. પછી ઘણા ભાવથી શ્રીહરિ ત્યાં આવ્યા. સહુ રંગથી ભર્યા હતા. સાબરગંગાનું જેટલું પાણી હતું, તે બધું તેમાં સ્નાન કરવાથી રંગ રંગ થઈ ગયું. તેથી તેની અદ્‌ભુત શોભા બની હતી, જે કહી શકાતી નથી. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણી તથા બધા હરિભક્તો હતા; તેમણે ત્યાં સ્નાન કર્યું. સહુનાં દિલમાં આનંદ આનંદ છવાઈ ગયો. બે ઘડી સુધી તે સાબરમતી ગંગાનાં જળમાં નહાયા. નાહી રહ્યા પછી સહુ બહાર નીકળ્યા. ૪-૬.

શ્રીહરિએ પોતાનું શરીર રૂમાલથી કોરું કર્યું. તે પછી અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. હરિભક્તો જે ફૂલના હાર લાવ્યા હતા, તે બધા શ્રીહરિને ધરાવ્યા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. પાર્ષદ લાલ રંગનું છત્ર લઈને આવ્યા. શ્રીહરિના મસ્તક ઉપર તે રાખ્યું. તે છત્રના ઉપર સોનાનો કળશ હતો. ગંગાને ઉત્તર કિનારે નજીકમાં જ મોટેરા ગામ હતું. ૭-૯. મોટેરામાં ઘણા ભાવિક હરિભક્તો હતા. ત્યાં પુરુષોત્તમ પટેલ નામે હરિભક્તને દર્શન દેવાં માટે શ્રીહરિ સવારીની સાથે સાબરમતી ગંગાને ઊતર્યા. ૧૦.

શ્રીહરિ મોટેરા ગામમાં પધાર્યા અને ગામના બધા લોકોને દર્શન દઈને પાછા આવ્યા. સંતો અને હરિભક્તોએ સહિત શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. આગળના ભાગમાં ઢોલ અને તાંસાં વાગતા હતા. આ રીતે શ્રીહરિ

સાબરમતી નદીને કિનારેથી નીકળીને પ્રેમથી અમદાવાદ શહેરમાં આવ્યા અને નરનારાયણ દેવના મંદિરમાં પહોંચ્યા. ૧૧-૧૨. વાળાક પ્રદેશમાં આવેલા પીઠવડી ગામના હરિભક્ત ભગાભાઈ અને મૂળાભાઈ બંને સગા ભાઈ હતા. ૧૩. તે બંને ભાઈઓએ શ્રીનરનારાયણ દેવના મંદિરના વચલા શિખર ઉપર સોનાના કળશ ચઢાવ્યા હતા. ૧૪. તે કળશ શ્રીહરિને બતાવ્યા. તે જોઈને શ્રીહરિ ખૂબ રાજી થયા. પછી તે બંને ભાઈઓનો ભાવ દેખીને શ્રીહરિ ઘણાં હેતથી ભેટ્યા. ૧૫. શ્રીહરિએ ત્યારે જે ફૂલના હાર પહેર્યા હતા, તે પોતાના કંઠમાંથી ઉતારીને ભગા અને મૂળા એ બંને ભાઈને પહેરાવ્યા. ૧૬.

પછી નંદરામજીનાં મા સુવાસિનીબાઈ નામે હતા. તેમણે શ્રીહરિને માટે થાળ બનાવ્યો. ત્યારે જે હરિભક્તની રસોઈ હતી તેણે ઘણા પ્રેમથી શ્રીહરિને થાળ જમવા માટે બોલાવ્યા. શ્રીહરિ ત્યાં જઈને થાળ જમ્યા. જમ્યા પછી સંતોની પંગત થઈ હતી, ત્યાં પોતે પીરસવા માટે આવ્યા. ૧૭-૧૮. શ્રીહરિએ તે સમયે ચરણમાં ચાખડીઓ પહેરી હતી. એક પીતાંબર પહેર્યું હતું તથા બીજું લાલ રંગનું સુંદર પીતાંબર ઓઢી લીધું હતું. ૧૯.

પરમ સુખદાયક શ્રીહરિ જ્યાં પંગત થઈ હતી, ત્યાં આવીને ખુરશી ઉપર બેઠા. જે હરિભક્તની રસોઈ હતી, તે કેસરયુક્ત ચંદન લઈને ત્યાં આવ્યા. ૨૦. તેઓ જેટલા ફૂલના હાર લાવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળ મૂક્યા. તે પછી લલાટ, ભૂજાઓ, છાતી, ઘુંટણ અને બંને ચરણકમળ સુધી કેસરયુક્ત ચંદન ચર્ચ્યું. તેમજ જે ફૂલના હાર હતા, તે બધા કંઠમાં પહેરાવ્યા. ફૂલનાં બાજુબંધ તથા પહોંચી બંને હાથમાં બાંધ્યાં. ૨૧-૨૨. વળી, ફૂલની સુંદર પાઘ મસ્તક ઉપર બાંધી. પાઘમાં ફૂલના તોરા ધરાવ્યા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યા પછી કપૂરથી આરતી કરી. ૨૩. પછી સંતોની પાસે આવીને કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા.

⁕ શ્રીહરિને સંતો પ્રત્યે પ્રેમ દેખાડવાની અલૌકિક રીત :

જ્યારે સંતોની પૂજા થઈ ગઈ ત્યારે શ્રીહરિ સંતોને ઘણા ભાવથી લાડુ પીરસવા માટે એકદમ તૈયાર થયા. ત્યારે સંતો નારાયણ ધૂન કરવા લાગ્યા અને શ્રીહરિ પીરસવા લાગ્યા. ખાંડ નાંખીને લાડુ બનાવ્યા હતા તે શ્રીહરિ

જ્યારે પીરસી રહ્યા, તેમજ લાડુ સિવાયનાં બીજાં ભોજન પણ પીરસાઈ રહ્યા; ત્યારે શ્રીહરિએ સહુ સંતોને જમવા માટેની છૂટ આપી. ૨૪-૨૭. સંતો પાત્રમાં પીરસાયેલા ભોજનને ભેળાં કરીને, યોગ્ય પ્રમાણમાં જળથી પ્રોક્ષણ કરી જમવા લાગ્યા. ૨૮.

જ્યાં સુધી સંતો જમતા હતા, ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફરતા રહ્યા. **શ્રીહરિ સંતોને પીરસવામાં અધિક અધિક ભાવ દેખાડતા.** ૨૯. **શ્રીહરિ રોજ રોજ સંતોની સાથે વાત કરવામાં, હેતથી બોલાવવામાં, તેમને ભેટવામાં અને પૂજા કરાવવામાં પોતાનો પ્રેમભાવ સંતોની સન્મુખ વધારે ને વધારે બતાવતા. જેટલી સેવા કરાવતા તેમાં પણ પ્રેમભાવ દેખાડતા.** હરિભક્તોનાં જેટલાં ગામ હતાં, તેમાં નિત્ય સંત સમાગમ થાય તે માટે શ્રીહરિ મંદિર કરાવતા હતા. હરિભક્તોને મંદિર કરાવવાનો મનમાં જ્યારે ભાવ ઉદય થતો, ત્યારે સંતોને કોઈ રીતનું બંધન ન થાય; તેમ જોઈ-તપાસીને મંદિર કરાવવા માટે મહારાજ સંતોને આજ્ઞા કરતા હતા. ૩૦-૩૨.

કરોડો કલ્પથી આ જીવ જ્યાં જ્યાં જન્મ લે છે, ત્યાં ત્યાં સાંસારિક પદાર્થોમાં અહં-મમત્વ માનતો રહે છે. તેથી એવાં અનંત પ્રકારનાં બંધન જીવને થયાં છે. જીવનાં તે બંધનોને નાશ કરવા માટે ભગવાન શ્રીહરિ અગણિત અવતારો ધારણ કરે છે. ૩૩-૩૪. ભગવાનની દરેક બાબતમાં જીવનાં બંધન કાપવા માટેનું જ તાન રહ્યું હોય છે, પણ તેને સામાન્ય મનુષ્ય જાણી શકતા નથી. ૩૫. જીવનું કલ્યાણ કરવા માટેના ભગવાનના તાનને સમજ્યા વિના મનુષ્યો મનમાં ફાવે તેમ બોલતા હોય છે, છતાં ભગવાન તેનો તે અપરાધ ગણતા નથી. પણ જે ભગવાનની વાત માનતા નથી, તેને દુ:ખ ભોગવવું પડે છે. ૩૬.

❋ જે સંતોમાં પ્રીતિ કરે તે સહેજે ભવસાગર તરે :

दोहा : हरि की कृपा अपार रहे, जन हि देखत न केउ;
वैर भाव हि जिहाँ लग हि, संत से रखत तेउ...३७
तिहाँ लग भव तिनमें जो, भटकत वेर हि वेर;
संत से करत प्रीत जब, बंधन देत उखेर...३८

सोरठा : भव बंधन हि जेते, छेदन रहे संत तेही;
तेहि करिके तेते, संत ताकु हि अधिक हरि...३९
मानत हि जो रहाय, भाव अधिक अधिक हि जोउ;
रखत रहत हि सदाय, अधिक गुण हि देखकर यह...४०

શ્રીહરિની જીવ ઉપર અપાર કૃપા રહી છે, પણ તે ભગવાનની કૃપાને બધા જીવો જાણી શકતા નથી. જીવ જ્યાં સુધી સંતો ઉપર વૈરભાવ રાખે છે, ત્યાં સુધી આ સંસારમાં વારંવાર ભટક્યા કરે છે. જ્યારે જીવ સંતોની સાથે હેત કરે છે, ત્યારે તેનાં બધાં જ બંધનો સંતો ઉખાડી નાંખે છે. ૩૭-૩૮. સંસારનાં જેટલાં બંધનો છે, તેને સંતો કાપી નાખે છે. તેથી જ ભગવાન પોતે સંતોને અધિક માને છે. ભગવાન પણ સંતોના આવા અધિક ગુણો દેખીને તેમના ઉપર સદાય વધુને વધુ ભાવ રાખતા જ રહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "રંગોત્સવ પછી શ્રીહરિ સાબરમતીમાં સ્નાન કરીને મંદિરે પાછા આવ્યા" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૭

શ્રીહરિએ નટની રમત કરતાં પણ ભગવાનના ભજનને સરળ કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિની વાતનો રસ સર્વોપરિ છે, એ રસ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે જીવના બધી જાતનાં બંધન છૂટી જાય છે. જેને એ રસ સમજાયો હોય તે તેનો ભાવ જ કહી દે છે. **જે અંતર્યામી પરમેશ્વર છે, તે મનુષ્યનો જેવો ભાવ હોય તેને જાણતા હોય છે.** ૨-૩. જે બાબત જેવી હોય તે તેનો ભાવ જ બતાવી દે છે. તેમાં ક્યારેય ફરક પડતો નથી. કારણ કે, ભાવ એવી જ વસ્તુ છે. ૪.

જ્યારે દિવસ પાછલો એક પહોર બાકી હતો, ત્યારે શ્રીહરિ દરવાજાની બાજુના લીંમડાના વૃક્ષ નીચે આવીને બેઠા. તે વખતે અંગ ઉપર સર્વ શ્વેત

વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૫. લીંમડાની નીચે વેદિકા હતી અને વેદિકા ઉપર પાટ બિછાવીને આસન તૈયાર કર્યું હતું. તે આસન ઉપર આવીને શ્રીહરિ બેઠા. ત્યાં સંતો-હરિભક્તોની સભા થઈ. સહુએ પોતાનાં ચિત્તને શ્રીહરિની મૂર્તિમાં જોડ્યાં હતાં. બરાબર તે સમયે દસ-બાર જેટલા નટ ત્યાં રમવાના વિચારથી આવ્યા. ૬-૭.

તેમાંથી એક નટે આવીને શ્રીહરિને મસ્તક નમાવી પ્રણામ કર્યા અને તે મધુર વચન બોલ્યો, "મહારાજ ! અમે અમારાં પેટને માટે તો ગામેગામ અને ઠામેઠામ રમીએ છીએ. ૮. જો આપ અમારી રમત દેખશો તો અમારું બધું ભિખારીપણું ટળી જશે. કારણ કે, **આપનાં નેત્રમાં અમૃતરસનો સાગર ભર્યો છે. ૯. આપ જેને અમૃતભરી નજરથી જુઓ છો, તેનું રાંકપણું અને દુઃખ રહેતું નથી.** અમે આપની સમીપે આવ્યા અને હવે અમારું રાંકપણું રહી જાય તો ફરીને તે ક્યારેય છૂટવાનું નથી. માટે હે પ્યારા પ્રભુ ! અમે અત્યારે નટની રમત રમીએ તેને આપ દેખો." ત્યારે તેનો ભાવ જોઈને દયાળુ શ્રીહરિએ તત્કાળ ખેલ જોવાની પોતાની મરજી બતાવી. ૧૦-૧૧. તેથી તે નટે જમીન ઉપર ઊભા રહીને જે રમત કરાતી હોય તે કેટલીક કરી બતાવી. તે પછી વાંસ ઉપર ચઢીને જે રમત રમાતી હોય તે પણ બધી કરી બતાવી. ૧૨. તે પછી દોરડાં ઉપરની રમત શરૂ કરી. તેમાં દોરડાં ઉપર સામસામે છેડેથી બે જણ ચાલ્યા. જ્યારે તે બંને ભેળા થયા ત્યારે એકબીજાને અડ્યા વિના જ નીકળી ગયા.

ત્યારે શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે, "તમે પણ આ રમત જુઓ. આમાં તમને કાંઈ બાધ નથી." ૧૩-૧૪. શ્વેતધર્મી સંતોને(બ્રહ્મચારી ?) પણ કહ્યું કે, "તમે પણ બે ઘડી સુધી જુઓ. તેમાં તમને બાધ નથી. ૧૫. જુઓને ! લોકો પોતાનું પેટ ભરવા માટે કેવી કળાઓ શીખી રાખે છે ? જે કળાઓમાં ઘણી વખત મૃત્યુ પણ નિશ્ચિત રહ્યું હોય છે. ૧૬. જેમાં મરણ પણ થઈ શકે, એવાં કઠણમાં કઠણ કામ મનુષ્ય પેટ ભરવા માટે કરે છે. લોકોને તેમાં અપાર શ્રદ્ધા રહી હોય છે. ૧૭. **પેટ ભરવાની બાબત એવી છે કે, તેમાં માણસ મરવાનો પણ ડર રાખતો નથી.** જ્યારે ભગવાનનું

ભજન કરવામાં તો આવી કોઈ કઠણ બાબત હોતી નથી. ૧૮. તમને બધાને આ વાત બતાવવા માટે જ અમે અહીં નટ રમાડ્યા છે. અમારે નટ રમાડ્યાનું એટલું જ કારણ છે. ૧૯. **પરમેશ્વરનું ભજન કરવું, તે સુગમમાં પણ અતિશય સુગમ છે.** છતાં પણ જે તુચ્છ બુદ્ધિના લોકો છે, તેને ભજન કરવું ઘણું કઠણ જણાય છે.

કેટલાક ત્રિલોકીના રાજાઓ થઈ ગયા કે જેમની પાસે અપાર સમૃદ્ધિ હતી, ત્રિલોકીના સર્વે લોકો તેમની પાસે આવીને પ્રણામ કરી કર આપતા હતા. ૨૦-૨૧. તેમાં જે સદ્‌બુદ્ધિવાળા રાજાઓ હતા, તેમણે શાસ્ત્રોમાં જોઈને બધા લોકમાં કીર્તિ વધે એવા જેના જેવા ધર્મ હતા; તે પ્રમાણે પોતાની પ્રજાને ચલાવી હતી. પછી તે રાજાઓ પોતાના પુત્રને રાજગાદી ઉપર બેસાડીને પોતે રાજ્યમાંથી નીકળીને વનમાં ચાલ્યા ગયા હતા. કારણ કે, તેમણે પોતાનાં હૃદયમાં એક ભગવાનને જ રાખ્યા હતા અને ભગવાન સિવાય બીજી બધી બાબતોને મળ સમાન જાણી હતી. ૨૨-૨૪.

⁕ મૂર્તિમાં મન લાગે એ જ સર્વ સાધનનું ફળ છે :

दोहा : साधन कहत हि अपार हि, जन को करने हीत;
सब के फल रहे इतना, भगवान में हि चित्त...२५
रखना अधिक कर हि जोउ, इतना फल हि रहेउ;
इतना फल जाने बिन हि, कछु न करे जो तेउ...२६

મનુષ્યનું હિત કરવા માટે શાસ્ત્રમાં અપાર સાધનો કહ્યાં છે. તે બધાં સાધનનું ફળ એટલું જ છે કે, એક ભગવાનના સ્વરૂપમાં પોતાના ચિત્તને વધારેમાં વધારે રાખવું. સાધનમાત્રનું એટલું ફળ જાણ્યા વિના તો તેણે કાંઈ જ કર્યું નથી. ૨૫-૨૬. સમજણ અનેક પ્રકારની છે. શાસ્ત્રોનો પણ કોઈ પાર નથી. કીર્તન, સાખી અને છંદ પણ પાર વગરનાં છે. એ બધું જાણતા હોવા છતાં પણ જ્યાં સુધી જીવ ભગવાનને જ સર્વોપરિ જાણતો નથી, ત્યાં સુધી તેની સર્વે સમજણ ઘંટે ચાલતાં બળદ સમાન છે. ૨૭-૨૮. **કરી કરીને એટલું જ સમજવાનું છે કે, 'અક્ષર પર્યંત કોઈ ચાહે તેવા અનંત મોટા હોય, તોપણ તે ભગવાનથી અધિક નથી.'** ૨૯.

✵ ભગવાનથી કાંઈ અધિક ન દેખે તે સંત-ભક્ત સાચા :

ચોપાઈ :

भगवान के एक रोम जेता, कोटि कल्प लग कर जो तेता;
देखे में नहीं आवे जबहू, नकी यह हरिजन संत हि तबहू...३०
भगवान से अधिक जो जेहा, जिहाँ लग हर कोउ रहत तेहा;
तिहाँ लग संत हरिजन जेहू, कचे तामें गिनावत तेहू...३१
भगवान बिन चाय जो तैसे, अधिक देखे में आवत ऐसे;
तिहाँ लग विघ्न तितना ताई, रहाये नहीं जूठ हि कहाई...३२
भगवान बिन अधिक जो जितना, देखे में बात आवत तितना;
भगवान ताको अधिक जोऊ, देखना हेतु रहाये सोऊ...३३

કરોડો કલ્પ સુધી ભગવાન સિવાયનું બીજું બધું ભગવાનના એક રોમ જેટલું પણ દેખ્યામાં ન આવે, ત્યારે તે હરિભક્ત તથા સંત પાકા છે તેમ જાણવું. ૩૦. જ્યાં સુધી ભગવાનથી અધિક બીજા કોઈને માને, ત્યાં સુધી તે સંત-હરિભક્ત કાચી સમજણવાળા ગણાય છે. ૩૧. **ભગવાન સિવાયના બીજા ચાહે તેવા મોટા ગણાતા હોય, તે જ્યાં સુધી ભગવાનથી અધિક દેખ્યામાં આવે ત્યાં સુધી તેને તેટલું વિઘ્ન છે. અમે આમાં કાંઈ જ ખોટું કહેતા નથી.** ૩૨. ભગવાન સિવાયનું જે જે અધિક દેખ્યામાં આવે છે, તે તો ભગવાનને સહુથી અધિક સમજવાનો હેતુ છે. અર્થાત્ ભગવાન સિવાય જ્યાં જ્યાં સારપ કે મોટપ દેખાતી હોય છે, તે તો એ સર્વેના કારણ એવા ભગવાનનો મહિમા અધિક સમજવામાં ઉપકારક છે. ૩૩. જ્યાં સુધી આ વાતને એમ નથી જાણી, ત્યાં સુધી તેની સમજણમાં કસર છે. જે કસર હોય તે જો બતાવવામાં ન આવે, તો કરોડો કલ્પ સુધી પણ તે દેખાતી નથી.” ૩૪.

શ્રીહરિ સંતોની આગળ આટલી વાત જ્યારે કરી રહ્યા, તે પછી નટની રમત પૂરી કરાવી. નટ ઉપર શ્રીહરિ ખૂબ રાજી થયા તથા તેના ઘણાં વખાણ કર્યાં. ૩૫. પછી મંદિરના કોઠારીને બોલાવ્યા અને તેને શ્રીહરિએ કહ્યું કે, “આ નટને દસ રૂપિયા આપો. અમે દસ રૂપિયા એટલા માટે અપાવીએ છીએ કે, તે અમને કાયમ યાદ કરે. વળી, તેને તરત બોલાવીને એક

ટોપલો ભરીને લાડુ આપો." ૩૬-૩૭. શ્રીહરિએ જેમ કહ્યું તેમ કોઠારીએ કર્યું. શ્રીહરિની આગળ કોઈનું ચાલતું નહિ. ૩૮. **શ્રીહરિ જે કરતા હતા તે બધી વાત સહુને સવળી જ જણાતી હતી.** કારણ કે, શ્રીહરિની બધી વાત જ એવી હોય છે. ૩૯. ફાગણ વદિ બીજને દિવસ સવારના પહોરમાં જ્યાં રંગ ઉડાડ્યો હતો, તે સ્થળે મોટી પાટ ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ નટની રમત કરતાં પણ ભગવાનના ભજનને સરળ કહ્યું" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૮

શ્રીહરિએ સલાટ હીરાજીને હનુમાનજીની મૂર્તિ કરવાની આજ્ઞા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મંદિરની આગળના ભાગમાં સંતો-હરિભક્તોની સભા થઈ, ત્યારે કેટલાક હરિભક્તો ફૂલના હાર લાવ્યા હતા. ૨. તે સ્થળે જે સંતો બેઠા હતા, તે બધા ગરબીનાં પદ ગાતા હતા. ત્યારે ઘણો જ ઉત્સવ થતો હતો. ૩.

હીરાજી નામે જયપુરના એક સલાટ સોમપુરા હતા, તે વડોદરામાં રહેતા હતા. તેમને હરિભક્તોનો નિરંતર યોગ રહેતો હતો. તેથી તે અતિ પાકા હરિભક્ત થયા હતા. તેઓ મંદિરની સેવા કરવા માટે ઘર સંસારનો ત્યાગ કરીને મંદિરમાં આવીને રહેતા હતા. શ્રીહરિએ તે હીરાજીને પોતાની પાસે બોલાવ્યા અને તેમને ઘણું હેત આપીને વાત કહી, "અમે જે રીતે કહીએ તે રીતે તમે મહાવીર હનુમાનજીની એક મૂર્તિ કરો. અમે જેમ બતાવીએ તેવી જ મૂર્તિ કરવી અને અમે જે વાત કહીએ તે તમારે દિલમાં ધારવી." આમ કહીને શ્રીહરિએ મૂર્તિ કરવા બતાવ્યું. ત્યારે તે હીરાજી બોલ્યા કે, "મને કાગળમાં મૂર્તિ ચીતરી આપો. એટલે હું તે ચિત્રની મૂર્તિને જોઈને તે પ્રમાણે મૂર્તિ કરું." ૪-૮.

પછી શ્રીહરિએ આધારાનંદ સ્વામીને બોલાવી કહ્યું કે, “તમે કાગળ લાવો અને તેમાં હનુમાનજીની મૂર્તિ અમે બતાવીએ તે રીતે ચીતરી આપો.” પછી આધારાનંદ સ્વામી કાગળ લાવ્યા, ત્યારે શ્રીહરિએ પહેલાં તેમને હનુમાનજીની રીતે પોતે પાટ ઉપર બેસીને દેખાડ્યું. પછી આધારાનંદ સ્વામીએ તે રીતે જ હનુમાનજીની મૂર્તિ કાગળમાં ચીતરી લીધી. તે જોઈને શ્રીહરિ રાજી થયા. પછી નિપુણ એવા શ્રીહરિએ હનુમાનજીની મૂર્તિનું ચિત્ર મૂર્તિ કરવા માટે હીરાજીને આપ્યું. પછી સંતો પ્રત્યે બોલ્યા, “હવે વીસ-દિવસ પછી રામનવમીનો ઉત્સવ અમારે વડતાલમાં કરવો છે. માટે બધા સંતોએ જેતલપુર સુધી ભેળા રહેવું અને પછી વડતાલ ફરતાં ગામોમાં જઈને સમૈયા સુધી તમારે બધાએ ત્યાં રહેવું. શ્વેતદ્વીપવાસી વાસુદેવ ભગવાન જે રીતે તપ કરે છે, તે રીતની તપ કરતી મૂર્તિ સુરતમાં કરાવી છે. તેમાં નર અને નારાયણ બંને વાસુદેવ ભગવાનને પોતાના કરતાં અધિક માને છે. વાસ્તવમાં તો તે ભગવાન એકના એક જ છે.

ઈશ્વરની રીત તો એક ઈશ્વર જ યથાર્થરૂપમાં જાણે છે. ઈશ્વર સિવાય બીજા ઈશ્વરની રીતને જાણતા નથી. ૯-૧૭. ઈશ્વર ઈશ્વરની ઉપાસના કરે તો તેણે કરીને તેમના સ્વરૂપમાં એક લેશમાત્ર પણ ન્યૂનતા આવતી નથી. ઈશ્વર સિવાયનાને ઈશ્વરની જેટલી વાત હોય છે, તે બધી વારંવાર મોહ ઉપજાવે છે. આવી તો ઘણી વાત છે. જ્યાં સુધી ભક્તને પરમેશ્વરની વાતમાં મોહ થાય છે, ત્યાં સુધી તેના ભક્તપણામાં અપાર કસર રહી છે. ઈશ્વરની કેટલીક વાતો તો એવી હોય છે કે તે કોઈના માપમાં આવતી નથી.

તે માપમાં આવે કે ન આવે પણ પરમેશ્વર તો પરમેશ્વર જ છે. આ જગતમાં જેટલાં પદાર્થ છે, તે બધાં પણ કોઈ એકના માપમાં ક્યારેય આવતા નથી. કોઈ જીવ ઈશ્વરનું માપ કરવા જાય તેનાથી શું વળે ? કાંઈ ન વળે. જીવ જ્યાં સુધી મોક્ષને માર્ગે ચઢ્યો નથી, ત્યાં સુધી તેની બુદ્ધિ ગમે તેવી હોય અને બ્રહ્માંડોની ગણતરી કરે એવો હોય તોપણ શું ? કેમ જે, જ્યાં સુધી તે મોક્ષના માર્ગમાં ન ચાલે ત્યાં સુધી તે બધું નિષ્ફળતામાં ખપે છે. **જ્યારે જીવ મોક્ષને માર્ગે ચાલે છે, ત્યારે તે નિર્ભય માર્ગે ચાલ્યો**

છે એમ જાણવું. પછી તેને ઈશ્વરની બધી જ વાતો સવળી લાગવા માંડે છે. ૨૫. કોઈ ગમે તેટલો હોશિયાર હોય પણ ઈશ્વરની સર્વે વાત સવળી લાગ્યા વિના, તે ઊલટાનો ઈશ્વરનો દ્રોહ કરે છે. ૧૮-૨૬.

⁂ સ્વામી મૂર્તિ લાવ્યા તે ઉપર શ્રીહરિ વાતો કરતા :

વાસુદેવ ભગવાન જે રીતે તપ કરે છે અને નરનારાયણ તેમની આગળ જે રીતે હાથ જોડીને રહ્યા છે, એવી ચિત્રપ્રતિમા આધારાનંદ સ્વામી સુરતથી બનાવીને લાવ્યા હતા. તે એક વરસ સુધી શ્રીહરિએ આધારાનંદ સ્વામીની પાસે રખાવી હતી. ૨૭-૨૮. જ્યારે શ્રીહરિની આગળ સવારે તથા સાંજે સભા થતી હતી, ત્યારે જે કોઈ પણ નવા માણસ સભામાં આવે; તેને પહેલાં તે તપ કરતી વાસુદેવ ભગવાનની મૂર્તિ દેખાડતા. પછી તે વિષે જે માણસ જેવો હોય તેની આગળ તેવી વાત કરતા. શ્રીહરિ ઘણી વાર તો વાત કર્યા સિવાય જ અપાર પ્રકરણ ફેરવતા હતા. ૨૯-૩૦. શ્રીહરિ કોઈ કારણ વગર પ્રકરણ ચલાવતા નહિ. જ્યારે સભામાં વાત કરતા ત્યારે તે પ્રકરણનું કારણ દેખાઈ આવતું. જે કારણને ન જાણતા હોય તેને તે પ્રકરણની વાત સમજાતી નહિ. ૩૧.

જે ભક્તને શ્રીહરિનો નિશ્ચય પૂરો થયો હોય અને જેને નિશ્ચય પૂરો ન થયો હોય, તે બંને બાબત જ્યારે શ્રીહરિ પ્રકરણ ફેરવતા ત્યારે દેખાઈ આવતી હતી. ૩૨. સોનું જેવું હોય તેવું તે તાવવાથી દેખાઈ આવે છે. આવી વાતોનાં અપાર બીજ રહ્યાં છે. એવી વાતોનાં શ્લોક, છંદ, સાખી અને કીર્તનોમાં જેટલાં મોક્ષનાં બીજ રહ્યાં હોય, તેને શ્રીહરિ જાણતા હતા. તે મોક્ષનાં બીજ ઉપર શ્રીહરિ તે પ્રમાણે પ્રકરણને ચલાવતા હતા. ૩૩-૩૪. ઈશ્વર સિવાય બીજો કોઈ મનુષ્ય ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તે મોક્ષનાં બીજને દેખી શકે નહિ. પરમેશ્વર અને સત્પુરુષ, જ્યારે આ ભૂમિ ઉપર વિચરણ કરતા હોય, ત્યારે જેના મોટા ભાગ્ય હોય તેને તેમનાં વચન અને વર્તન ઉપરથી તે ઓળખાઈ જાય છે.

ઈશ્વર ક્યારેય પોતે એમ કહેતા નથી કે, 'હું ઈશ્વર છું.' ૩૫-૩૬. કેમ જે, 'હું ઈશ્વર છું' એમ જે કહે છે તેના ઉપર વૈર થાય છે. વૈર ન થાય

એવી ઘણી જાતની વાતો હોય છે. ૩૭. **ઈશ્વરને તેવી વાત કરતા આવડે છે. તેથી તેમને ભાવથી પૂજે છે.** ૩૮. જે ઈશ્વર હોય છે તેને તમે પૂજો કે ન પૂજો, તોપણ વગર પૂજે સહુ તેમને જ પૂજતા રહે છે. ૩૯. **કેમ જે, ઈશ્વર સિવાયના સર્વે દેવ, મનુષ્ય, ભૂત અને સ્થાવર-જંગમ બધા જ પ્રાણી ઈશ્વરને આધીન છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સલાટ હીરાજીને હનુમાનજીની મૂર્તિ કરવાની આજ્ઞા કરી" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૯

શ્રીહરિએ સંતો તથા સચ્છાસ્ત્રની વાતને સુખનો માર્ગ કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પરમેશ્વર તો ચાહે તેવી વાત કરે છે. જે તેમાં સંશય કરે તે નરકમાં જાય છે. ૨.

सोरठा : ईश्वर रहेउ जेह, सत्पुरुष रहेउ जेही;
विचारे बिन हि तेह, जो जो बात न करत यह...०३
ईश्वर के विश्वास, सत्पुरुष तिनके जेऊ;
विश्वास रखत जास, तामें मोक्ष रहे अचल...०४

પરમેશ્વર અને સત્પુરુષ જે જે વાત કરે છે, તે વગર વિચાર્યે નથી કરતા. જે માણસ પરમેશ્વરનો વિશ્વાસ રાખે તથા સત્પુરુષનો વિશ્વાસ રાખે તો તે વિશ્વાસમાં જ તેનો શાશ્વત મોક્ષ રહ્યો છે. ૩-૪. શ્રીહરિ સંતો આગળ જે જે વાત કરતા, તેમાં સંતોને વિશ્વાસ રહેતો. જેને શ્રીહરિનો વિશ્વાસ હોય એવા સંત-હરિભક્તને જ્યારે મરણનો સમય થાય અથવા તો એવું કોઈ મહાકષ્ટ આવી પડે, ત્યારે તેમને શ્રીહરિ પોતાની મૂર્તિનાં દર્શન આપે છે. તે કેવા દર્શન આપે છે ? તો શ્રીહરિની મૂર્તિ કેસરચંદનથી ચર્ચિત હોય, કંઠમાં ફૂલના હાર, પાઘમાં તોરા અને ભુજાઓમાં બાજુબંધ, પહોંચી

ઈત્યાદિક ધારણ કર્યાં હોય તથા શ્રીહરિનાં અંગેઅંગમાં અપાર રૂપ-લાવણ્ય ભર્યું હોય, એવાં દર્શન થાય છે. પછી તે શ્રીહરિનાં અંગને દેખતાંની સાથે જ તેમાં મન ચોંટી જાય છે. **જેનાં એક એક અંગમાં કરોડો રસના સાગર ભર્યા હોય, આવી મૂર્તિ જ્યારે ભક્તને દેખ્યામાં આવે છે, ત્યારે તેનાં કોઈ અંગમાં દુઃખ રહેતું નથી.** વળી, કેટલાક સંતો તથા હરિભક્તોને તો શ્રીહરિ અગણિત વિમાન લઈને તેડવા આવ્યા હોય તેવું દેખાય છે. આવી સર્વે બાબતમાં શ્રીહરિનું સામર્થ્ય જણાય છે. આમ અપાર સામર્થ્ય જણાવ્યા વિના કોઈના કહેવામાત્રથી કાંઈ ભગવાન થઈ જવાતું નથી. ૫-૧૦.

કોઈ સાધન કરવાથી કાંઈ ભગવાન થવાતું નથી. જે એક ભગવાન છે, એ જ ભગવાન કહેવાય છે. સાધનોએ કરીને જો ભગવાન કહેવાતા હોય, તો એ વાત કહેનારાને ભગવાનના સ્વરૂપની કાંઈ ગમ જ નથી. ૧૧. ગમે તેટલાં શાસ્ત્રોને ભણે, તોપણ ભગવાનના યથાર્થ નિશ્ચય વિનાનો જીવ મોક્ષના માર્ગમાં અંધ જ રહે છે. કોઈ કાશીમાં નિવાસ કરીને રહે, પણ તેને માથેથી જમનો ત્રાસ ટળતો નથી. ૧૨. કાશીમાં પણ કેટલાક પંડિતો જ્યારે મરે છે, ત્યારે તે બ્રહ્મરાક્ષસ થાય છે; આ વાત પ્રસિદ્ધ છે. ૧૩. કાશીપુરીનું નામ ભૂતપુરી પણ કહેવાય છે તથા શિવજીનો નિવાસ હોવાથી શિવપુરી પણ કહેવાય છે. ૧૪. કાશીમાં શિવજીનો નિવાસ હોવાથી અનેક પ્રકારના કરોડો કરોડ કહેવાતા ભૂત ત્યાં નિવાસ કરીને રહેતા હોય છે. ૧૫. પંડિત લોકો પણ જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તે પણ કુસંગમાં જ ગણાય છે. ૧૬.

❋ જે સત્સંગમાં શ્રેષ્ઠ ભાવ લાવે તેને અંતે હરિ તેડવા આવે :

તેથી સત્સંગ સમાન અત્યારે કોઈ દેશ, કોઈ ધામ કે બીજી કોઈ વાત જણાતી નથી. આવું જેના ઉરમાં જણાય છે, તેને મરણ પર્યંત સત્સંગ સમાન બીજી કોઈ બાબત દેખાતી નથી. **જેને આવો પાક્કો નિશ્ચય હોય છે, તેના અંતસમયે શ્રીહરિ આવીને તેને અનેક પ્રકારે દર્શન દે છે અને તેણે કરીને શ્રીહરિ નિશ્ચય ભગવાન છે. પોતાના સ્વરૂપની દૃઢ નિષ્ઠા કરાવવા માટે**

શ્રીહરિ, કેટલાક સંતો-હરિભક્તોને ધ્યાન કરતી વેળાએ ધ્યાનમાં પોતાનું જેવું ઐશ્વર્ય છે તે ખૂબ આશ્ચર્યમય દેખાડે છે. ૧૭-૨૦.

તોપણ કેટલાક ભાગ્યહીન મનુષ્ય શ્રીહરિના તે અપાર પ્રતાપને દેખીને, જ્યારે ધ્યાનમાંથી બહાર આવે ત્યારે તે ધ્યાનમાં દેખેલા પ્રતાપને ભૂલી જાય છે. એવા જે ભૂલી જનારા મનુષ્યો છે, તે તો બાળબુદ્ધિમાં ખપે છે. તેથી જ શ્રીહરિએ તે પ્રતાપ બતાવવાનું બંધ કરીને કથાવાર્તા કરવાનું દ્વાર ખોલ્યું છે. ૨૧-૨૨. તે કથાવાર્તા કરવામાં સત્સંગનાં મૂળ ખૂબ ઊંડા જામવા લાગ્યા છે. અને હવે સાચી વાતને ઓળખે એવા રાજા પણ આ ભૂમિ ઉપર થયા છે. ૨૩. આ ભગવાન શ્રીહરિની યોગકળા છે. તેને બ્રહ્મા જેવા પણ શું જાણી શકે ? તે બ્રહ્મા જેવાના કળ્યામાં પણ ન આવે. કેમ જે, શ્રીહરિની યોગકળા અપાર છે. ૨૪. જેને સત્સંગ થાય છે અને જેને વિશેષ બુદ્ધિ હોય છે, તે શ્રીહરિનું શુભ આચરણ દેખીને તેમની યોગકળાનું અનુમાન કરી શકે છે. ૨૫. ભગવાન શ્રીહરિ જેટલી વાતોનું પ્રતિપાદન કરે છે, તેમાં અને તેમના વિચરણમાં તેમની યોગકળા દેખાઈ આવે છે. ૨૬.

सोरठा : भगवान ताकी जेहु, मरजि ओलंघत रहेउ;
तितना दैवत तेहु, नाश भये देखावत यह...२७
भूप भये क्या होइ, भगवान ताकी मरजि बिन;
दैवत रहत न सोइ, चलन गयेउ रहे कहा...२८

જે મનુષ્ય ભગવાનની મરજીનું ઉલ્લંઘન કરે છે, તેટલો તેના દૈવતનો નાશ થતો દેખાય છે. ૨૭. રાજા થયા હોય તો શું થયું ? ભગવાનની મરજી વિના તેમાં કોઈ જાતનું દૈવત રહેતું નથી. તેનું ચલણ-નિયંત્રણ ગયા પછી તેમાં શું રહે ? ૨૮. ભગવાન તો કેટલોય પ્રતાપ બતાવે છે, તોય અભાગિયા દેખતા નથી. ભગવાનમાં તો અલૌકિક પ્રતાપ રહ્યો છે. તે પ્રતાપ કોઈને બતાવે કે ન બતાવે, છતાં તેમાં તે અલૌકિક પ્રતાપ સહજ સ્વભાવે રહ્યો જ છે. અને તે પ્રતાપનો ભગવાનને ગર્વ પણ નથી હોતો. ૨૯-૩૦. જેને પોતાના ગુણનો થોડોક પણ ગર્વ વર્તતો હોય, તે ગમે તેટલા મોટા હોય તોપણ છજા ઉપરના છોડ જેવા કહેવાય. ૩૧.

❋ ગર્વની ભયંકરતા તથા તેને ટાળવાનો ઉપાય :

चोपाई :

रहे ऐसे तेहि देखाता, गर्व हि जाकु रहत वरताता;
हर कोउ बात के जो जिनकू, गर्व जितना वरतत रहे तिनकू...३२
तितना कष्ट हि आत जरूरा, यामें न रहे तिलभर कूरा;
रामबाण यह बात रहाये, गर्ववंत नहीं मानत ताये...३३
मानत ताकु गर्व जो ताके, कष्ट नहीं आवत कबु वाके;
भगवान कु गर्ववल्लभ जेहू, रतिभर नहीं रहाये तेहू...३४
भाग्य बिन गर्व देखे न आते, संत शास्त्र कहि देखाते;
संत शास्त्र कु गिनत न ताकू, कष्ट आये बिन रहत न वाकू...३५

જેને ગર્વ રહેતો હોય તે આવા છજા ઉપરના છોડ જેવા દેખાય છે. હરકોઈ બાબતનો જેને જેટલો ગર્વ વર્તે, તેટલું તેને કષ્ટ જરૂર આવે છે; તેમાં તલભાર પણ ખોટું નથી. હું જે આ વાત કહું છું, તે રામબાણના જેવી અફર છે. છતાં ગર્વવાળો માણસ તેને માનતો નથી. અમારી કહેલી વાતને જે માને છે, તેને ગર્વ સંબંધી કોઈ પણ જાતનું કષ્ટ ક્યારેય આવતું નથી. ભગવાનને એક રતીભાર પણ ગર્વ નહિ હોવાથી, ગર્વપ્રિય જીવ ભગવાનને રતીભાર પણ ગમતો નથી. ૩૨-૩૪. સદ્‌ભાગ્ય વિના ગર્વ દેખ્યામાં પણ આવતો નથી. સંતો અને સચ્છાસ્ત્ર જીવમાં રહેલા ગર્વની વાત કહી બતાવે છે, પણ જે મનુષ્ય સંતો તથા શાસ્ત્રને ગણતા નથી તેને કષ્ટ આવ્યા વિના રહેતું નથી. ૩૫. ઉપર કહ્યા પ્રમાણેની અપાર વાત શ્રીહરિ કહ્યા કરતા. પણ જે વાત માનવાથી કોઈ દિવસ દુઃખ ન આવે, તેવી વાતને માનવી તે ઘણી કઠણ છે. ૩૬. મનુષ્ય કરોડો કલ્પ સુધી વિવિધ પ્રકારનાં કષ્ટોને સહન કરે છે, પણ સંતો તથા સચ્છાસ્ત્રની વાતને એક તલભાર પણ માનતો નથી. ૩૭. **જે મનુષ્ય સંતો તથા સચ્છાસ્ત્રમાં કહેલી વાતને, જેટલા પ્રમાણમાં માને છે તેટલું તેને કષ્ટ થતું નથી. આ વાત નક્કી સિદ્ધાંતરૂપ છે.** ૩૮.

सोरठा : सुख के मारग जेहु, देख देख चलत हि जेही;
दुःख न होवत हि तेहु, न चलत तितना दुःख होत...३९

सुख कु चाहत जेहि, दुःख के मग न चलत तेउ;
सुख रहत सदा तेहि, सुख के मग महिं सुख रहे...४०

સુખનો જે માર્ગ છે તેને દેખી દેખીને તે માર્ગે જે ચાલે, તેને ક્યારેય દુઃખ થાતું નથી. અને તે સુખને માર્ગે જેટલું ન ચલાય, તેટલું તેને દુઃખ થાય છે. ૩૯. જે મનુષ્ય સુખને ચાહે છે, તે દુઃખને માર્ગે ચાલતો નથી. તેથી તેને સદા સુખ રહે છે. કારણ કે, સુખ તો સુખના માર્ગમાં જ રહ્યું છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતો તથા સચ્છાસ્ત્રની વાતને સુખનો માર્ગ કહ્યો" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૦

શ્રીહરિ અમદાવાદથી વડતાલ જતાં અસલાલી ગામમાં રાત રહ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ચાહે તેવો બુદ્ધિમાન હોય પણ જ્યારે તે લોભને પોતાનો મિત્ર માને છે, ત્યારે તે લોભ તેનો મિત્ર બનીને તેની બુદ્ધિને લોભી કરી નાખે છે. ૨.

✳ સત્સંગમહિમા :

કોઈ મનુષ્ય જ્યારે સત્સંગ કરે છે અને સત્સંગને જ પોતાનો મિત્ર માને છે, ત્યારે તેની કીર્તિ દિવસે દિવસે વધતી રહે છે. ૩. પોતાની કીર્તિને વધારવા માટે રૂડી બુદ્ધિવાળા મોટા મોટા અગણિત રાજાઓ સત્સંગને માર્ગે ચાલ્યા હતા. ૪. જેટલી શુભ મંગળમય બાબત કે જે સત્સંગ સાથે મળતી આવતી હોય, તે બધી બાબતો સત્સંગની છે એમ જાણવું. ૫. આ બ્રહ્માંડમાં શુભ વાતની સમાન કોઈ આભૂષણ નથી. આ દુનિયામાં એક એક આભૂષણ લાખ લાખ અને કરોડ કરોડની કિંમતનાં પણ હોય છે. ૬.

પરંતુ તે ઘરેણાં કરતાં પણ સત્સંગની એક એક વાત અધિક કિંમતી છે. સત્સંગની વાતરૂપ જે આભૂષણ છે, તે આભૂષણને જે અમે કહ્યું તે રીતે

મહિમા સમજીને ગ્રહણ કરે છે, તેના અનેક કલ્પનાં ભેળાં થયેલાં અપાર પાપનો નાશ થઈ જાય છે; તેમાં કાંઈ વાર લાગતી નથી. ૭-૮. સત્સંગની વાત જેવું આ બ્રહ્માંડમાં બીજું કોઈ આભૂષણ નથી, એવું જ્યારે જ્ઞાન થાય છે, ત્યારે તેની બુદ્ધિ ક્યારેય ફરતી નથી. ૯. આવી સમજણવાળા સંતો તથા હરિભક્તોનો સત્સંગ પાકો થયો છે. જેને પાકો સત્સંગ ન થયો હોય, તેને જ્યારે જેવો સંગ થાય ત્યારે તેની બુદ્ધિ તે પ્રમાણે ફરી જાય છે. ૧૦. જેટલી બુદ્ધિ ફરી જાય છે, તેટલો તેમનો સત્સંગ કાચો છે.

સત્સંગની વાત તો એવી છે કે, તે જે સંતો-હરિભક્તો જેવા હોય તેને તેવા કહી દે છે. ૧૧. જેમાં અપકીર્તિ અને અધર્મ રહ્યો હોય એવી, અશુભ બાબતમાં કોઈ દિવસ સુખ હોતું નથી. તે અશુભ બાબતને તો કુસંગની વાત કહેવાય છે. ૧૨. જે લોકો વેદ-પુરાણોની વાતને પણ કલ્પિત કહે, કેફ તથા બીજાં વ્યસનોમાં જ સાર માને તથા મા, બહેન અને દીકરીનાં મૈથુનમાં પણ અપાર સુખ માને છે; તે બધા કુસંગને ધારી રહ્યા છે. ૧૩-૧૪. **જે ત્યાગી હોવા છતાં સ્ત્રી-ધનનો જેટલો પ્રસંગ રાખે છે, તેટલો તેમાં કુસંગ રહ્યો છે.** ૧૫. અધર્મને માર્ગે ચાલવામાં જે જેટલો ડર નથી રાખતા, તેમાં તેટલો કુસંગ નિવાસ કરીને રહે છે. ૧૬.

શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણેની વાત કહી સંતોને ભલામણ કરી કે, ‘તમે જ્યાં જાઓ ત્યાં આ મારી કહેલી વાત તમારે લોકોની આગળ યાદ કરીને કહેવી, પણ તે ક્યારેય ભૂલી જવી નહિ. ૧૭. જેટલું ભૂલી જવાય છે, તે ઉપયોગી થતું નથી. જે વાત જેવી હોય તેવી એક જ વાર અમારા મુખથી પ્રગટ થાય છે. ૧૮. તે વાત ફરી ફરીને ક્યારેય પ્રગટ થતી નથી. માટે હૃદયમાં લખી રાખજો. **જેટલી વાત પોતાના અંતરમાં લખી રાખી હોય, તેનો ક્યારેય નાશ થતો નથી.**’ ૧૯. સંતોની આગળ આટલી વાત કહી.

પછી અમદાવાદમાં ફાગણ વદિ-૭ સુધી રહીને શ્રીહરિ ચાલવા માટે તૈયારી કરી અને અશ્વ ઉપર બેઠા. ૨૦. બપોરે રસોઈ ત્યાં જમ્યા. જ્યારે પાછલો એક પહોર દિવસ રહ્યો, ત્યારે અમદાવાદથી ચાલતા થયા તે મુખ્ય

રાજમાર્ગ ઉપર આવ્યા. તે વખતે શ્રીહરિના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૨૧. શ્રીહરિની સાથે જે ઘોડેસવાર દરબારો હતા તે પણ તૈયાર થઈને ચાલ્યા. ચાર-પાંચ બળદગાડી હતી, તેમાં મોટા મોટા સંતો બેઠા. ૨૨. અયોધ્યાવાસીઓની બે ગાડીઓ હતી અને દાદા ખાચરના ઘરની ચાર ગાડીઓ હતી. ૨૩. અમૂલાબાઈ તથા અમરબાઈની બે ગાડીઓ હતી. તે સિવાયના બીજા હરિભક્તોની પણ કેટલીક ગાડીઓ હતી. ૨૪.

તે સમયે જેટલા સંતો અને હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સવારીની આગળ કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા. ૨૫. આગળના ભાગમાં ઢોલ અને તાંસાં આદિક વાજિંત્ર વાગતાં હતાં. તેમજ શહેરના અસંખ્ય લોકો શ્રીહરિનાં દર્શન કરવાં માટે બજારમાં બંને બાજુ ઊભા હતા. ૨૬. જેટલાં નરનારીઓ હતાં, તે બધાં મુખથી શ્રીહરિનો જય જયકાર કરતાં હતાં. તે સમયે શ્રીહરિના કંઠમાં ફૂલના અપાર હાર પહેરેલા હતા. ૨૭. શ્રીહરિની આગળના ભાગમાં ચોપદાર સોનાની છડી લઈને જય જયકાર ઉચ્ચારીને ધીરે ધીરે ચાલતા હતા. ૨૮. શ્રીહરિ માણેકચોકમાં થઈને અમદાવાદ શહેરથી બહાર આવ્યા.

પછી આગળ ચાલતાં **અસલાલી** ગામ પહોંચ્યા. ત્યાં અમીન પાટીદારો રહેતા હતા. ૨૯. તે અમીન ઘણા સારા હરિભક્ત થયા હતા. તેમણે બધો જ કુસંગ ટાળી દીધો હતો. અમીનોમાં વેણીભાઈ, છોટાલાલભાઈ અને હરિભાઈ ઇત્યાદિક બધા સત્સંગમાં ઘણા રુચિવાળા હતા. પહેલાં તો તેઓ બધાં વ્યસનમાં ભરપૂર હતા, પણ સત્સંગ થયો ત્યારે તેમણે બધાં વ્યસન દૂર કરી દીધાં હતાં. ૩૦-૩૧. અસલાલી ગામમાં જેટલા અમીન હતા, તે બધા હરિભક્ત થયા હતા. અમીન સિવાયના બીજા પાટીદારો પણ હરિભક્ત થયા હતા. જેટલી પાટીદાર જ્ઞાતિની બાઈઓ હતી, તે પણ બધી સત્સંગી થઈ હતી. તેમણે સત્સંગ સિવાયનો જેટલો કુસંગ હતો, તે બધો તન-મનથી તજી દીધો હતો. ૩૨-૩૩.

અસલાલી ગામના જે પાટીદાર હરિભક્ત હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને હાથ જોડીને તેમણે કહ્યું,

'મહારાજ, આપ અમારા ગામમાં રાત રહો. જેતલપુરને તો આપે પોતાનું ધામ કર્યું છે. જ્યાં સંતો, વર્ણી અને હરિભક્તો વારંવાર આવીને ઉત્સવ અને સમૈયા કરે છે, ત્યાં મોટું ધામ બને છે. આપમાં તો અપાર પ્રતાપ રહ્યો છે. તે ગમાર લોકોને દેખાતો નથી.' ૩૪-૩૬. આ પ્રમાણેનો પાટીદાર હરિભક્તોનો અપાર ભાવ દેખીને શ્રીહરિએ અસલાલીમાં એક રાત રહેવાનું ઠરાવ્યું. ૩૭. વેણીભાઈએ લાડુની રસોઈ કરાવી, ત્યારે શ્રીહરિ ધર્મવંશીને ચોકે જઈને જમ્યા. ૩૮. જ્યારે શ્રીહરિ જમી રહ્યા, ત્યારે સહુ સંતોને વેણીભાઈએ પોતાના ઘરની આગળ ચોકમાં પંગત કરાવીને બેસાડ્યા. ત્યાં ત્રણ-ચાર મશાલો કરી. ત્યારે શ્રીહરિ અતિશય ભાવ કરીને સંતોને લાડુ પીરસવા લાગ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ અમદાવાદથી વડતાલ જતાં અસલાલી ગામમાં રાત રહ્યા" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૧

શ્રીહરિ અસલાલીથી નીકળીને જેતલપુર પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અમીન વેણીભાઈના આંગણામાં પંગત કરીને જમવા બેઠેલા સંતોને શ્રીહરિ જ્યારે લાડુ પીરસી રહ્યા, ત્યારે શ્રીહરિએ સહુ સંતોને 'હવે જમો' એમ કહ્યું. તેથી તે સંતો પાત્રમાં જે લાડુ હતા તેને ભેળા કરીને, તેના ઉપર જળનું પ્રોક્ષણ કરીને જમવા લાગ્યા. ૨-૩. શ્રીહરિ બે-ત્રણ વાર પંગતમાં ફર્યા. વેણીભાઈનું હેત દેખીને શ્રીહરિએ પીરસવામાં કાંઈ ખામી રહેવા દીધી નહિ. ૪.

જ્યારે સંતો જમી રહ્યા, ત્યારે બધા ઉતારે આવ્યા અને ત્યાં શ્રીહરિ પલંગ ઉપર બેઠા. ત્યારે બધા સંતો તેમની આગળ આવીને બેઠા. જ્યાં અસલાલીમાં સરોવર છે, ત્યાં શ્રીહરિએ ઉતારો કર્યો હતો. ત્યાં જગ્યા

અત્યંત સ્વચ્છ હતી, તેથી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "તમે સહુ ગરબીનાં કીર્તન બોલો. પછી જેવી વાત અમને સ્ફૂરશે તેવી અમે વાત કરશું. જ્યારે વાત કરવા લાગીએ છીએ, ત્યારે એક વાતમાંથી બીજી વિવિધ પ્રકારની વાતો નીકળે છે. ૫-૭.

⁂ અંતર્દૃષ્ટિ કર્યા વિના ઉદ્ધાર થાવો અશક્ય છે :

વાતે કરીને આ પિંડ-બ્રહ્માંડમાં જે સાર-અસાર રહ્યા છે, તે જણાય છે. તે સાર-અસાર એટલો બધો ભર્યો છે કે, તેનાથી અણુમાત્ર પણ અવકાશ ખાલી રહ્યો નથી. ૮. અંતર્દૃષ્ટિ કર્યા વિના કોઈ મનુષ્ય કરોડો કલ્પ સુધી આ બ્રહ્માંડમાં રહેલ સાર-અસારનો વિચાર કરે, તોપણ તે દેખ્યામાં આવતા નથી. ૯. મનુષ્યને જેવી બાહ્યદૃષ્ટિ રહે છે, તેવી જ જ્યારે અંતર સન્મુખ દૃષ્ટિ થાય છે, ત્યારે આ જગતમાં રહેલ સાર-અસાર બાબત લગારે લગાર દેખાઈ આવે છે. ૧૦.

चोपाई :

तब परमेश्वर भजना जेही, अति सुगम देखावे तेही;
सत्संग ऐसी रित्य हि करना, रंग न रहे कबहु उतरना...११
दिन दिन रंग अधिक ही चढने, विविध बात रहत करने;
बात करे में न कसर रहाते, बात जेसे न रंग देखाते...१२

दोहा : परस्पर संत महिं जो, वर्णि तामें जेहु;
पदाति हरिजन तिन महिं, विक्षेप जितना तेहु...१३
करत रहाये तितना हि, देख ता महिं आत;
इतना रहे कसर तेहि, दिश तेहि भूल जात...१४

એવી અંતર્દૃષ્ટિ જ્યારે થાય છે, ત્યારે પરમેશ્વરનું ભજન કરવું અત્યંત સુગમ જણાય છે. સત્સંગ એવી રીતે કરવો જોઈએ કે, જે સત્સંગનો રંગ ચઢ્યો હોય તે ક્યારેય ઊતરે નહિ. એવી વિવિધ પ્રકારની વાત કરતા રહેવું જોઈએ કે, સત્સંગનો રંગ દિવસે દિવસે વધારે ને વધારે ચઢતો રહે. વાત કરવામાં કોઈ જાતની કસર રાખવી જોઈએ નહિ. કેમ જે, વાતથી જેવો

રંગ-ઉમંગ ચડે છે તેવો બીજાથી ચડતો દેખાતો નથી. ૧૧-૧૨. પરસ્પર સંતોમાં, વર્ણીઓમાં, પાર્ષદો અને હરિભક્તોમાં જે વિક્ષેપ કરે-કરાવે છે, તે અમને દેખાઈ આવે છે. જે જેટલો વિક્ષેપ કરે-કરાવે છે, તેટલી તેના સત્સંગમાં કસર છે. તે વિક્ષેપ કરનારા પોતાની સાચી દિશાને તદ્દન ભૂલી જાય છે. ૧૩-૧૪. (જો તેનાથી બચવું હોય તો બે કામ કરવા જોઈએ.) (૧) પૂર્વે પ્રહ્લાદજી, બલિ, પ્રિયવ્રત, ઉદ્ધવજી જેવા જે અગણિત ભક્તો થયા છે અને સનકાદિકો, નારદજી તથા શુકદેવજી જેવા જે મોટા મોટા ઋષિમુનિઓ થયા છે; તેમણે જે રીતે (ખરો ખપ રાખીને) સત્સંગ કર્યો હતો તેને નિત્ય સંભારતા રહેવું અને તેને જ માર્ગે ચાલતા રહેવું. ૧૫-૧૬.

※ જે મોટાની રુચિમાં રહે તેને દિવ્ય સુખ મળે :

(૨) **તે ભક્તોએ પરમેશ્વર માટે જેવી રુચિ-ભાવના કરી હતી, તેવી જ રીતની રુચિ આપણે પણ મનમાં કરવી. તેમની રુચિમાં પોતાની રુચિને હંમેશાં મેળવતા રહેવું.** ૧૭. **સમજણ અને રુચિ, બંને એક સમાન કહેવાય છે. જે આ વાતને ક્યારેય ભૂલતા નથી, એવા સંતો-હરિભક્તો આ સત્સંગમાં આગળ વધતા રહે છે.** ૧૮. ઉપર બતાવી તેવી સમજણ વગર જે સંતો-હરિભક્તો સત્સંગ કરે છે, તે મૂળ વગરનો અને સનાતન સમજણ વિનાનો છે. ૧૯. અમે પણ સત્સંગમાં જે જે વાત કરીએ છીએ, તે સનાતન શુભ મૂળનો આધાર રાખીને કહીએ છીએ; અને તે પ્રમાણે ચાલીએ છીએ. ૨૦. તેથી જ અમારી સર્વે વાત સજીવન હોય છે. જે તેને સાંભળે છે તેને તે વાત અદ્‌ભુત લાગે છે.

તેમજ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, તે બધાને જો ભગવાનનો સંબંધ ન હોય, તો તે ધર્માદિકની વાત પણ જીવ વિનાની-નિષ્ફળ છે. એ પ્રમાણે જે સમજવું તેને જ જ્ઞાન કહેવાય છે. જે ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યમાં ભગવાનનો સંબંધ હોય અને જેમાં કોઈ જાતનું છળ કપટ ન હોય, તેવી વાતો સજીવન-ફળદાયી છે. પણ જે વાતમાં જેટલાં છળ-કપટ રહ્યા હોય, તે વાત તેટલી નિર્જીવ છે. ૨૧-૨૩. મોક્ષનું જે સુખરૂપ ફળ

છે, તે એવી નિર્જીવ વાતમાં ક્યારેય મળતું નથી. નિર્જીવ વાત તો શૂન્ય જેવી ગણાય છે. ૨૪. નિર્જીવ વાતને ઓળખવી ઘણી કઠણ છે. જેને મોક્ષનો ખપ હોય તેને તે દેખ્યામાં આવે છે. ૨૫. પ્રહ્લાદજી, પ્રિયવ્રત, બલિ, સનકાદિકો, શુકદેવજી તથા નારદજી જેવાને તે નિર્જીવ વાતો દેખ્યામાં આવી છે. ૨૬. **જે વાતમાં સુખમય મોક્ષરૂપ ફળ ન રહ્યું હોય, તે વાત નિર્જીવ કહેવાય છે."** ૨૭.

આટલી શ્રીહરિએ વાત કરી પછી ગરબીનાં પદ બોલાવ્યા. તેથી ત્યાં જે સંતો હતા, તે પદ બોલવા લાગ્યા. ૨૮. શ્રીહરિ અસલાલીમાં રાત રહ્યા. જ્યારે સવાર થયું ત્યારે **જેતલપુર** આવ્યા. ત્યાં પાટીદારો, વિપ્રો તથા ક્ષત્રિયો અને બીજા પણ જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. તે વખતે સહુનાં દિલમાં અતિશય આનંદ છવાઈ ગયો હતો. ૨૯-૩૦. જ્યારે સહુ હરિભક્તો શ્રીહરિની સમીપ પહોંચ્યા, ત્યારે દંડવત્પ્રણામ કર્યા અને હાથ જોડીને શ્રીહરિનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યાં. ૩૧. ઢોલ, તાંસાં ઈત્યાદિક વાજિંત્રવાળા આવ્યા અને વગાડવા લાગ્યા. તે વખતે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૩૨. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. તે છત્રી ઉપર સોનાનો કળશ હતો. પાસે પાસે ત્રણ-ચાર વડનાં વૃક્ષ હતાં, તેની જ્યાં ઘાટી છાયા હતી ત્યાં આવીને શ્રીહરિએ મુકામ કર્યો; અને જે સંઘ હતો તે પણ ત્યાં ઊતર્યો. સંતો તથા વર્ણી મહોલમાં ઊતર્યા. ૩૩-૩૪.

ત્યાં મહોલની આસપાસ પીપર તથા આસોપાલવ આદિ વૃક્ષોની સુંદર છાયા રહેતી હતી. શ્રીહરિ જેટલી વખત જેતલપુર આવતા, તેટલી વખત જ્યાં મહોલ છે ત્યાં સભા કરતા હતા. એટલે જ્યાં પ્રથમ શ્રીહરિ બેસતા હતા, ત્યાં સંતો તથા હરિભક્તોની સભા કરાવી. ૩૫-૩૬. તે સભા એટલી બધી દિવ્ય લાગતી હતી કે, આ બ્રહ્માંડમાં આ સભા જેવી બીજી કોઈ સભા ક્યાંય દેખાતી નહિ. ૩૭. તે સભામાં જેટલું અલૌકિકપણું દેખાતું હતું, તે બધો શ્રીહરિનો જ પ્રતાપ હતો. પણ આવું અલૌકિકપણું બધાને દેખાતું નથી. ૩૮.

શ્રીહરિ પોતે સંકલ્પ કરીને જેને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડવા ચાહે, તેને જ તે પ્રતાપ દેખાય છે; પણ બધાને દેખાતો નથી. ૩૯. આ વખતે શ્રીહરિએ સત્સંગમાં જેટલો પ્રતાપ બતાવ્યો છે, તેમાં કોઈ જાતની ખામી રાખી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ અસલાલીથી નીકળીને જેતલપુર પધાર્યા" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૨

જેતલપુરધામનો મહિમા કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જેતલપુર ગામમાં જે મંદિર છે, તેમાં શ્રીહરિએ કેટલીયવાર સવારે તથા સાંજે સંતો-હરિભક્તોની સભા ઘણા ભાવથી કરી હતી. તેમાં કેટલીકવાર ભાવથી વાતો પણ કરી હતી અને હરિભક્તોએ શ્રીહરિની ત્યાં ઘણી વાર પૂજા પણ કરી હતી. ૨-૩. વળી, હરિભક્તો ત્યાં કેટલીયવાર શ્રીહરિ તથા સંતો માટે વારેવારે રસોઈ આપતા હતા. ૪. જ્યારે શ્રીહરિએ અઢાર દિવસ સુધીના મહારુદ્રનો આરંભ કરાવ્યો હતો, તે વખતે તળાવ પાસેના કિલ્લામાં અપાર વિપ્રોને લાડુની રસોઈ કરાવીને ઘણા ભાવથી ત્રણ વખત જમાડતા હતા, એવી તે જગ્યા ભાગ્યશાળી છે. કારણ કે, જ્યાં શ્રીહરિ એકવાર પણ વિચર્યા હોય, તે જગ્યાના મહાભાગ્યને યથાર્થ વર્ણન કરે એવો કોઈ ત્રિલોકીમાં દેખાતો નથી.

❋ જેને જેટલો મહિમા હોય તે તેના લખાણમાં દેખાય છે :

જેની બુદ્ધિમાં શ્રીહરિનો જેવો મહિમા હોય, તેવો તેને શ્રીહરિના સંબંધવાળી ભૂમિનો મહિમા થાય છે. અને તેવો જ મહિમા તેના સંતનો થાય છે. તેવો જ મહિમા વર્ણીનો થાય છે અને તેવો જ મહિમા હરિભક્તોનો

થાય છે. તથા શ્રીહરિનાં સંબંધને પામેલાં વૃક્ષ, વેલી, સરોવર અને નદીનો પણ તેવો જ અપાર મહિમા થાય છે. વળી, જે જે પર્વતમાં, વનમાં તથા જે જે પ્રદેશમાં શ્રીહરિ વિચર્યા હોય, તે બધાનો મહિમા પણ જેવો શ્રીહરિનો મહિમા હોય, તેને અનુસારે થાય છે. જે ભગવાનના ભક્ત કવિના અંતરમાં જેવો શ્રીહરિજી મહારાજનો મહિમા ઉગી નીકળે છે, તેને દેખીને તેવી રીતે તે લખે છે. ૫-૧૦. જેનો જે મહિમા હોય તે, કવિના હૃદયમાં ઉપજ્યા વિના ક્યારેય લગાર પણ લખી શકાતો નથી; અને તે મહિમા લખ્યા વિના ગમે તેવા બુદ્ધિમાનને પણ ક્યારેય દેખ્યામાં આવતો નથી. માટે જે ભગવાનના ભક્ત કવિ થયા છે, તેનાં અંતરમાં ભગવાનનો તથા ભગવાનના સંબંધ પામેલાનો જેટલો મહિમા દેખાય છે, તેવો તે લખે છે; અને તે લખાયો હોવાથી તે મહિમા સહુના જાણ્યામાં આવે છે. ૧૧-૧૪.

सोरठा : सुनावत कर भाव, सुनत जेते भाव करहि;
महिमा अंतर लाव, महिमा कर पावत फल तेहि...१५
महिमा बिन जो जेह, कहत सुनत हि तिनकु कबु;
भावरूप हि तेह, फल हि उदय कबु होत नहीं...१६

चोपाई :

भाव रूप फल होत जबही, भगवानहु की बात पर तबही;
जितना भाव तितना हि ताके, भगवानहु के निवास वाके...१७
अंतर में होत रहत जरूरा, भाव कहि देवत तेहि ऊरा;
भाव तेही भगवान हि तिनके, निवास रहाये जरुर इनके...१८

જે ભાવથી મહિમાને સંભળાવે છે અને જે ભાવથી મહિમાને સાંભળે છે, તેનાં અંતરમાં મહિમા ઊતરે છે. તે વક્તામાં રહેલા મહિમાને કારણે શ્રોતાના હૃદયમાં ભાવરૂપી ફળ પ્રગટે છે. મહિમા સમજ્યા વિના જે વાત કહેવા કે સાંભળવામાં આવે, તેનાથી ભાવરૂપ ફળ ક્યારેય ઉદય થતું નથી. ૧૫-૧૬. જ્યારે ભાવરૂપ ફળ ઉદય પામે, ત્યારે ભગવાનની વાત ઉપર જેટલો ભાવ હોય, તેટલો તેના અંતરમાં જરૂર ભગવાનનો નિવાસ થાય છે. તેના દિલમાં રહેલો તે ભાવ જ ભગવાનના નિવાસને કહી દે છે. માટે **ભાવ**

અનુસારે તેના દિલમાં ભગવાનનો નિવાસ જરૂર હોય છે. ૧૭-૧૮. જેને ક્યારેય ભગવાનની વાતમાં ભાવ નથી હોતો, તેના દિલમાં તો જમદૂતોનો નિવાસ રહે છે. ૧૯. અને જ્યાં જમદૂતોનો નિવાસ નિરંતર રહે છે, ત્યાં ભગવાન સંબંધી કથા, વાર્તા તથા કીર્તન ક્યારેય થતા નથી. આ તેનું એંધાણ છે. એંધાણ ઉપરથી જણાઈ આવે છે કે તેના હૃદયમાં કોનો નિવાસ છે ? જેનામાં જે બાબત જેવી હોય તે તેના વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૨૦-૨૧. કેમ જે, **વર્તનમાં અંતર્યામીનો ગુણ સહજ સ્વભાવે આવીને રહ્યો હોય છે.** માટે જેનું નિર્દોષ વર્તન હોય, તે તેવા રૂપમાં બીજા લોકોને જરૂર દેખાઈ આવે છે. તેમાં એક તલભાર પણ ખોટું નથી. **અંતર્યામીપણાના જેટલા ગુણ છે, તે વર્તનમાં દેખાઈ આવે છે.** ૨૨-૨૩.

જેતલપુર ગામમાં શ્રીહરિનાં ચરણારવિંદ ઘેર ઘેર ફર્યાં છે અને ચારેય વર્ણના લોકોએ શ્રીહરિની પૂજા કરી છે. ૨૪. શ્રીહરિ જેતલપુર ગામમાં ઘણી વાર આવ્યા છે. તે જેતલપુર ધામ એવું છે કે, તે શ્રીહરિને ઘણું જ પ્રિય લાગે છે. ૨૫. જેતલપુર ગામના બાગમાં શ્રીહરિ ઘણીવાર ફર્યા છે અને બોરસલીના ઝાડની નીચે વારંવાર બેઠા છે. ૨૬. અને તે બાગનાં દાડમ, કેળાં અને જામફળ વગેરે ફળોને શ્રીહરિ ઘણીવાર જમ્યા છે. ૨૭. બીજા પણ ઘણી જાતનાં ફળ, રીંગણાં અને જાત જાતની ભાજી દિલમાં ઘણો ભાવ લાવીને શ્રીહરિ જમ્યા છે. ૨૮. બોરસલીનાં ફૂલ તથા બીજાં પણ ઘણી જાતનાં ફૂલના હારો શ્રીહરિએ જેતલપુરમાં બહુવાર પહેર્યા છે, તેમાં કોઈ જાતની ખામી રાખી નથી. ૨૯. જેતલપુરમાં શ્રીહરિ માટે સહુ પહેલાં બાગ બનાવ્યો હતો. તે બાગ શ્રીહરિની સેવામાં કામ આવી ગયો કહેવાય છે. તે પછી સત્સંગમાં જ્યાં જ્યાં શિખરબદ્ધ મંદિરો થયા, ત્યાં ત્યાં ભગવાનની ઈચ્છાથી ઠેર ઠેર શ્રીહરિ માટે બાગ-બગીચા બન્યા હતા. ૩૦-૩૧.

❋ માગે ત્યાંથી ભાગે, ત્યાગે તેની આગે :

જેનાં સંકલ્પથી આવાં અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે, એવા ભગવાન માટે આવી કોઈ બાબત કઠિન નથી. ૩૨. **આ બ્રહ્માંડની જેટલી રિદ્ધિ-સિદ્ધિ કહેવાય છે, તે બધી ભગવાન શ્રીહરિની સેવા કરવા માટે રાત-**

દિવસ હાજર રહે છે. ૩૩. છતાં શ્રીહરિ તે રિદ્ધિ-સિદ્ધિનો આદર કરતા નથી. ભગવાન આવા સમર્થ છે. શ્રીહરિ જેમ જેમ અનાદર કરતાં, તેમ તેમ તે બધી રિદ્ધિ-સિદ્ધિને શ્રીહરિ ઉપર ભાવ અધિક વધતો રહેતો. ૩૪.

ભગવાન શ્રીહરિથી જ આવું બધું બની શકે. તેમના સિવાય બીજા કોઈથી આવું થઈ શકતું નથી. શ્રીહરિને અનંત પ્રકારનાં પદાર્થ, વસ્ત્ર, આભૂષણ, અપાર ખાન, પાન તથા અશ્વ આદિક જે જે મોટાં મોટાં વાહન કહેવાય છે તે બધાં જેમ જેમ મળતા, તેમ તેમ શ્રીહરિ અંતરથી તેનો અનાદર રાખતા હતા. ૩૫-૩૬. જે ભક્તજનો રાત-દિવસ શ્રીહરિની ભેળા રહેતા હતા, તે શ્રીહરિનું જેવું વર્તન હતું તેને યથાર્થરૂપમાં જાણતા હતા. ૩૭. **શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા, ત્યાં સુધી આકાશનો નિર્લેપતારૂપી ગુણ ગ્રહણ કરી રાખ્યો હતો.** ૩૮. બીજા મનુષ્યનું અંતર તો ભગવાન સિવાય જ્યાં ત્યાં ચોંટી જાય છે. તેથી જ તેને બહુ જન્મ ધારણ કરવા પડે છે અને અપાર દુઃખ પામે છે; છતાં તેને તેની કાંઈ ગમ પડતી નથી. જીવ તે દુઃખ કરોડો કલ્પ સુધી ભોગવે છે, તોપણ તેને મનમાં ત્રાસ ઉપજતો નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "જેતલપુરધામનો મહિમા કહ્યો" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૩

જેતલપુરથી નીકળેલા શ્રીહરિ વાત્રકમાં સ્નાન કરી મહેમદાવાદ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મનુષ્યને જ્યાં સુધી મનમાં જન્મ તથા મરણનાં દુઃખનો ત્રાસ ઊપજતો નથી, ત્યાં સુધી તે વારંવાર આ સંસારમાં ફરતો રહે છે; અને જમપુરીનાં ઘણાં દુઃખોને શરીરથી સહન કરતો રહે છે. ૨-૩. **મન ફાવે એટલા અધિકારને અહીં ભોગવી લ્યો, પણ તે અધિકારના ફળરૂપે અપાર દુઃખ ભોગવવું જ પડશે.** ૪.

આવી સમજણ જેને હોય છે, તે જ સાચો મનુષ્ય કહેવાય છે. પરંતુ જ્યાં સુધી ઉપર કહ્યા તેવાં અનેક જાતનાં દુઃખની ગમ નથી હોતી, ત્યાં સુધી તો તે પશુ જાતિમાં ખપે છે. ૫. કોઈ મનુષ્ય ગમે તેટલું ભણેલો હોય, ભૂમિ ઉપર પંડિત કહેવાતો હોય, પોતાના વિદ્યાબળથી વિરોધીને જીત્યા હોય તોપણ તેનાથી શું ? જ્યાં સુધી એનાં અંતરમાં સત્સંગ પ્રત્યે દ્વેષ રહ્યો હોય, ત્યાં સુધી તેની ભણેલી બધી વિદ્યા કુવિદ્યા કહેવાય છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન જેવાં બીજાં કોઈ આભૂષણ નથી. ૬-૭. તે ધર્મ આદિક આભૂષણ વગરના લોકો ચાહે તેવા બુદ્ધિમાન કહેવાતા હોય, તોપણ તેઓ કુસંગના સરદાર છે. માટે તેવા કુસંગના શિરોમણિની સાથે સુજ્ઞ સંતો-ભક્તોએ લગારેય વાદવિવાદ કરવો નહિ. ૮.

જે સંતો, વર્ણી અને હરિભક્તો છે, તેમજ જે સત્સંગના આચાર્ય છે તે સહુએ જેના જેવા ધર્મ કહ્યા હોય, તેમાં સાવધાન થઈને વર્તવું. ૯. આ જગતમાં મોટે ભાગે જેટલા પંડિતો છે, તેમને સત્સંગ ઉપર ભાવ હોતો નથી. ધર્મ પાળવાની રીતે કરીને તે પંડિતો વગર જીત્યે જિતાઈ ગયેલા છે. ૧૦. ગૃહસ્થ હોવા છતાં પરસ્ત્રીનો ત્યાગ કરવો, એ કઠિન કામ છે. ઈન્દ્ર જેવા દેવ હોય તોપણ પરસ્ત્રીનો ત્યાગ કરવો, તે તેને માટે કઠણ વાત હતી. ગમે તેવો ભૂપ હોય તેને પણ દારૂ, માંસ અને ચોરી ન કરવી એ નિયમ રાખવા કઠણ છે. ૧૧-૧૨. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર - આ ચાર બાબત અધર્મનાં મૂળ છે. તે ચાર જેમાં વર્તતા હોય, તે મૂર્તિમાન કુસંગ કહેવાય છે. જેને ધર્મ પ્રિય હોય છે, તે અધર્મનાં ચાર મૂળનો ત્યાગ કરે છે. એ ચારનો ત્યાગ કરવાના જે જેટલા નિયમ રાખે છે, તે તેટલા ધર્મવંશના કહેવાય છે. ૧૩-૧૪. **અધર્મ બાબતનો ત્યાગ કરવામાં જેને જેટલી રુચિ રહેતી હોય, તેટલો તેમાં ધર્મવંશનો નિવાસ થયો છે. તે રુચિ ઉપરથી દેખાઈ આવે છે. કેમ જે, એનો સારો-મોળો ભાવ જ તે કેવો છે ? તે બતાવી દે છે.** ૧૫-૧૬.

જેતલપુર ગામના પાટીદાર આસજીભાઈ પટેલ સત્સંગમાં પાકા હરિભક્ત હતા. તેણે ભગવાન શ્રીહરિ માટે બહુ વાર સેવા કરી હતી. તે

આસજીભાઈએ હરિભક્ત વિપ્રોની પાસે લાડુની રસોઈ કરાવી. તેમાં તેણે પહેલાં શ્રીહરિને જમાડ્યા. પછી સંતોની પંગત કરાવી. ૧૭-૧૮. આસજી પટેલના ઘરની આગળ સુંદર ચોક હતો. તે ચોકમાં સંતોની પંગત થઈ. તે હરિભક્તનો પ્રેમ જોઈને શ્રીહરિ સંતોને લાડુ પીરસવા આવ્યા. તે વખતે પંગતમાં જે સંતો બેઠા હતા, તે મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન બોલતા હતા. ૧૯-૨૦. જ્યારે શ્રીહરિ લાડુ પીરસી રહ્યા, ત્યારે સંતોને જમવાની આજ્ઞા કરી. **સંતોએ પાત્રમાં જેટલા કાંઈ ભોજન પીરસાયેલા હતા, તેને મેળવી દીધા અને પછી જળનું પ્રોક્ષણ કરીને જમવા લાગ્યા. એક એક કોળિયે મુખથી 'સ્વામિનારાયણ' નામ સંતો ઠેકઠેકાણે બોલતા હતા.** ૨૧-૨૨. જ્યાં સુધી સંતો જમતા હોય, ત્યાં સુધી કોઈ અંદરો અંદર વાત કરતા ન હતા. આ રીતે જેતલપુર ગામમાં એક રાત રોકાઈને શ્રીહરિ ત્યાંથી સવારમાં ચાલતા થયા. ૨૩.

રાત પાછલી ચાર ઘડી બાકી હતી, ત્યારે જેતલપુરથી ચાલ્યા. જ્યારે દિવસ દસ ઘડી ચઢ્યો, ત્યારે **કનીજ** ગામમાં હરિભક્તોને દર્શન દીધાં. ૨૪. પછી ત્યાંથી **મહેમદાવાદ** ગામની વાત્રક નદીમાં આવીને, શ્રીહરિએ સંતો તથા હરિભક્તોએ સહિત સ્નાન કર્યું. ૨૫. મહેમદાવાદ ગામના જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવાં માટે ત્યાં નદી ઉપર આવ્યા. ૨૬. જે હરિભક્તો આવ્યા હતા, તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં અને મનમાં ખૂબ જ આનંદ પામીને સહુ શ્રીહરિની સાથે તે નદીમાં નહાયા. ૨૭. શ્રીહરિ જ્યારે સ્નાન કરીને પાણીથી બહાર આવ્યા, ત્યારે રૂમાલથી શરીર લૂછ્યું. જ્યારે શરીર કોરું કરી રહ્યા, ત્યારે અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં. પછી તરત જ આવીને શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બેઠા. ૨૮-૨૯. તે સમયે એક પાર્ષદ શ્રીહરિના મસ્તક ઉપર પીળા રંગનું છત્ર ધારી રહ્યા હતા અને મુકુંદાનંદ નામે વર્ણી શ્રીહરિને ચામર કરવા લાગ્યા. ચોપદાર સોનાની છડી લઈને શ્રીહરિની આગળ વારંવાર જય જયકાર કરતા હતા. ૩૦-૩૧. શ્રીહરિ પાર્ષદો અને તે સિવાયના સંતો, વર્ણી તથા હરિભક્તો શ્રીહરિની આગળ ચાલતા હતા. તેની અદ્‌ભુત શોભા બની, તે કહી શકાતી નથી. ૩૨.

ગામમાંથી જે હરિભક્તો આવ્યા હતા, તે બધા ફૂલનો એક એક હાર લાવ્યા હતા. તે બધા હાર શ્રીહરિને પહેરાવ્યા. ફૂલના તોરા પાઘમાં ધરાવ્યા. ફૂલના બે ગુચ્છ બંને કાન ઉપર ધરાવ્યા અને બંને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ તથા પહોંચી બાંધી. ૩૩-૩૪. પાઘ ઉપર કેટલાક ફૂલના હાર ધર્યા હતા, તે માનો ફૂલની પાઘ ધરાવી હોય, તેવા દેખાતા હતા. શ્રીહરિના હાથમાં મોતી જડિત સોનાની છડી ઘણી સોહામણી લાગતી હતી. ૩૫. ઘનશ્યામ શ્રીહરિએ રૂમાલ તથા ઘોડાની લગામ જમણા હાથમાં રાખી હતી અને ડાબા હાથમાં છડી રાખી હતી. ૩૬. ભક્તજને શ્રીહરિના લલાટમાં કેસર ચંદનની અર્ચા કરી હતી અને તેમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. **શ્રીહરિની મૂર્તિની અપાર શોભા બની હતી. તેનું ગમે તેટલું વર્ણન કરીએ, તોપણ પાર પમાતો નથી.** ૩૭-૩૮. શ્રીહરિની વાત એટલી બધી છે કે કવિઓ ગમે તેટલું તેનું વર્ણન કરે, તોપણ પાર પામતા નથી. ૩૯. **શ્રીહરિની વાતોને ભાવનાથી જે કોઈ સાંભળે છે કે કહે છે, તેની ઘણી કીર્તિ વધે છે, તે વિના કીર્તિ વધતી નથી.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “જેતલપુરથી નીકળેલા શ્રીહરિ વાત્રક નદીમાં સ્નાન કરી મહેમદાવાદ આવ્યા” એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૪

મહેમદાવાદમાં એક રાત રોકાઈને શ્રીહરિ ડભાણ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે મહેમદાવાદ આવ્યા, ત્યારે આગળના ભાગમાં ઢોલ અને તાસાં વાગતાં હતાં અને રાજમાર્ગમાં પાણી છંટાવી દીધેલું હતું. શ્રીહરિ જ્યારે ત્યાં ચાલ્યા, ત્યારે ભાવિક લોકો બજારમાં ઊભા રહીને અતિશય ભાવથી શ્રીહરિનાં દર્શન કરતા હતા. જે સંતો હતા તે બધા રસ્તામાં ગરબીનાં પદ

ગાતા હતા. ૨-૪. મહેમદાવાદ ગામમાં નગરજનોને દર્શન આપતાં અને આનંદ ઉપજાવતાં થકાં ગામથી પૂર્વ દિશામાં ગામથી બહારના ભાગમાં આવ્યા. ૫. સંતોને ઊતરવા માટે મહેમદાવાદના હરિભક્તોએ ગામની સમીપે જ સંતોને ગમે તેવી જગ્યા બનાવી રાખી હતી. ત્યાં શ્રીહરિ આવીને તરત ઊતર્યા. તે જગ્યામાં એક પીપળાનું ઝાડ હતું. તેની ઘણી ઘાટી છાયા હતી. તે છાયામાં હરિભક્તોએ પલંગ લાવીને બિછાવી દીધો. તે પલંગ ઉપર આવીને શ્રીહરિ બેઠા.

તે સમયે જેટલા સંતો હતા, તે બધાની ત્યાં સભા થઈ. તે સભાની શોભા કહી શકાતી નથી. મહેમદાવાદમાં શ્રીહરિ તથા સંતોને માટે વિપ્ર દુર્લભરામજીએ ઘણા પ્રેમથી લાડુની રસોઈ કરાવી. તેમાં ભજિયાં અને વડાં પણ કરાવ્યાં. જ્યારે રસોઈ તૈયાર થઈ, ત્યારે તેમણે આવીને શ્રીહરિને કહ્યું. ૬-૧૦. તે સમયે શ્રીહરિ જમવા માટે ચાલ્યા અને ચાલતી વખતે સંતોને કહ્યું કે, 'તમે સહુ કૂવા ઉપર જાઓ અને ત્યાં ગાળેલાં પાણીથી તુંબડાં ભરીને દુર્લભરામને ઘેર આવજો. સહુને માટે ત્યાં રસોઈ કરી છે.' પછી સહુ સંતો તુંબડાં ભરવાં ગયા અને શ્રીહરિ ગામમાં પધાર્યા. ૧૧-૧૨. શ્રીહરિ ગામ વચ્ચે પગે ચાલીને, દુર્લભરામનું જ્યાં ઘર હતું ત્યાં આવ્યા. ૧૩.

❋ સુવાસિનીબાઈ તથા વરિયાળીબાઈના ગુણો :

શ્રીહરિના મોટાભાઈની પત્ની સુવાસિનીબાઈને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું. ૧૪. **તેઓ નિરંતર શાંત સ્વભાવે વર્તતાં હતાં અને નિષ્કપટ ભાવથી શ્રીહરિની સેવા કરતાં.** ૧૫. **મનમાં કોઈપણ પ્રકારની લગાર પણ આશા રાખ્યા વગર સેવા કરતાં હતાં. શ્રીહરિને પ્રસન્ન કરવાની જ વારંવાર મનમાં ઈચ્છા રાખતાં હતાં.** ૧૬. શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામજી શાંત અને સાધુ સ્વભાવના હતા. તેમનું અંતઃકરણ નિર્મળ હતું. ૧૭. તેમનાં પત્ની વરિયાળીબાઈ નામે હતાં. તે પોતાનો મોક્ષરૂપી અર્થ સાધવામાં હંમેશાં સાવધાન રહેતાં હતાં. ૧૮. શ્રીહરિના મોટા અને નાના બંને ભાઈઓની પત્નીઓ હતી, તે બંને મળીને રોજ રોજ શ્રીહરિ માટે રસોઈ બનાવતી

હતી. ૧૯. અહીંયાં મહેમદાવાદમાં પણ બંનેએ મળીને રસોઈ બનાવી હતી. શ્રીહરિ ત્યાં જમવા માટે આવ્યા.

જ્યારે ભોજન જમી રહ્યા, ત્યારે ઘરની આગળના ભાગના ચોકમાં સંતોની પંગત કરાવી. પછી શ્રીહરિ ઘણા જ પ્રેમથી તે પંગતમાં લાડુ પીરસવા લાગ્યા. ૨૦-૨૧. જ્યારે લાડુ પીરસાઈ રહ્યા, ત્યારે સંતોને જમવા માટે આજ્ઞા કરી. સંતોની જે રીત હતી, તેને સંભારીને તે રીતે સંતો જમવા લાગ્યા. ૨૨. શ્રીહરિ બે-ત્રણ વાર પંગતમાં પીરસવા ફર્યા. જ્યારે સંતો જમી રહ્યા, ત્યારે સહુ ઉતારે આવ્યા. આ રીતે મહેમદાવાદમાં જેટલા હરિભક્તો હતા, તે સહુને શ્રીહરિએ અપાર સુખ આપ્યું. ૨૩-૨૪. આ વખતે શ્રીહરિ જે હરિભક્તો હોય, તે સહુને વારંવાર પોતાના સ્વરૂપ સંબંધી જેટલું સુખ આપતા હતા, તે બધું કહી શકાતું નથી. જોકે, તે કહ્યા વિના બીજાને તેની જાણ થતી નથી. પરંતુ હરિભક્તોએ આ વખતે જેવું સુખ લીધું છે, તે યથાર્થ કહેવું ઘણું કઠણ છે. ૨૫-૨૬.

❋ ભગવાન વિના બીજે સુખ મનાય તે જ અજ્ઞાન છે :

ભગવાનના સંબંધ વગરનું જેટલું સુખ છે, તેને લોકો વધારે માને છે. પરંતુ તેમાં જેટલું સુખ મનાય છે, તેટલું અજ્ઞાન છે; એમ રૂડી બુદ્ધિવાળા લોકો સમજે છે. ૨૭. પરંતુ જ્યાં સુધી અંતરમાં કુબુદ્ધિ હોય, ત્યાં સુધી જે ભગવાનના સ્વરૂપમાં અપાર સુખ રહ્યું છે, તેના ઉપર લગાર પણ ભાવ થતો નથી. ૨૮. **ખરેખર તો ભગવાન સંબંધી જે સુખ છે, તેને તુલ્ય આ બ્રહ્માંડમાં બીજું કોઈ સુખ નથી.** જેનું અંતઃકરણ જેવું નિષ્કપટ હોય છે, તેવું તેનું વર્તન નિષ્કપટ હોય છે. એવા જેટલા સંતો-હરિભક્તો છે, એટલાને ભગવાનનો સાચો સંબંધ છે. એવા સંબંધે કરીને જ તે બીજાથી અધિક છે. ભગવાનનો એવો સંબંધ જેને ન હોય તે (ધર્મકુળમાં જન્મ્યા હોય તોપણ) અધિક કહેવાતા નથી. ૨૯-૩૦.

મહેમદાવાદ ગામમાં શ્રીહરિ એક રાત રહ્યા, પછી ત્યાંથી ચાલ્યા. **દેગામ** થઈને **ડભાણ** ગામ આવ્યા. ૩૧. ડભાણ ગામમાં જે બધા હરિભક્તો

હતા, તેમાં પાટીદાર અધિક હતા અને વિપ્રનાં ત્રણ-ચાર ઘર હરિભક્ત હતા. ૩૨. જેટલા હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. જ્યારે શ્રીહરિનાં દર્શન થયાં, ત્યારે સહુએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. ૩૩. સહુએ હાથ જોડીને શ્રીહરિનાં ચરણકમળમાં મસ્તક નમાવ્યાં. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં. ૩૪. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને હાથમાં મોતી જડેલ સોનાની છડી હતી. ૩૫. સન્મુખ આવેલા ભક્તોને આવા શ્રીહરિનાં દર્શન થયાં, તેથી સહુ મનમાં ખુશ થયા. ૩૬. ઢોલ આદિક વાજિંત્ર વાગવાં લાગ્યાં. આ રીતે ડભાણ ગામ આવ્યા. ૩૭.

ગામની સમીપે એક વડનું વૃક્ષ હતું, ત્યાં શ્રીહરિ ઊતર્યા. ભક્તોએ ત્યાં પલંગ બિછાવી દીધો હતો. ૩૮. શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. તેની આસપાસમાં જે વૃક્ષ હતા ત્યાં બધો સંઘ ઊતર્યો. ૩૯. ગામના જે હરિભક્તો હતા, તેમણે સંતો માટે ગામના ચોરે ઘણા ભાવથી કંસારની રસોઈ કરાવી. સહુનાં દિલમાં અતિશય ઉત્સાહ હતો. શ્રીહરિ માટે તો અયોધ્યાવાસીના ભેળી રસોઈ કરાવી હતી. તે રસોઈ જ્યારે તૈયાર થઈ, ત્યારે હરિભક્ત શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. પછી શ્રીહરિ જમવા માટે ચાલ્યા. ૪૦-૪૨. પરમ સુખદાયી શ્રીહરિ જ્યાં રસોઈ કરી હતી, ત્યાં આવ્યા અને જમ્યા. જ્યારે શ્રીહરિ જમીને આવ્યા, ત્યારે બધા સંતો પણ જમવા માટે ચાલ્યા. ૪૩. જ્યાં રસોઈ કરી હતી ત્યાં ગયા.

પછી બધા સંતોએ જ્યાં પંગત કરી ત્યાં શ્રીહરિ સંતોને દર્શન દેવાં માટે ઘણા પ્રેમથી ગામમાં આવ્યા. ૪૪. જ્યાં સંતો બેઠા હતા, ત્યાં ચોરે શ્રીહરિ આવ્યા અને સંતોને દર્શન દીધાં. પછી ત્યાં બિછાવેલી પાટ ઉપર બેઠા. ત્યારે સહુ હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૪૫. કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર ભક્તજનો ઘણા પ્રેમથી લાવ્યા હતા. જે રીતે પૂજા કરવાની રીત હોય, તે રીતે સહુએ હેતથી પૂજા કરી. ૪૬. લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. તેમ જ ભુજા ઉપર પણ ચંદન ચર્ચ્યું. ૪૭. ફૂલના હાર લઈને શ્રીહરિને પહેરાવ્યા,

પછી કપૂરથી આરતી ઉતારી. ૪૮. પછી સહુ હરિભક્તોએ ઘણા ભાવથી સંતોની પૂજા કરી. આ રીતે જ્યારે પૂજા કરી રહ્યા, ત્યારે તરત જ સંતોની પંગતમાં સંતો કંસાર અને બીજાં ભોજન પણ પીરસવાં લાગ્યા. ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "મહેમદાવાદમાં એક રાત રોકાઈને શ્રીહરિ ડભાણ આવ્યા" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૫

ડભાણના હરિભક્તોને દર્શન આદિથી રાજી કરી શ્રીહરિ વડતાલ પધાર્યા

❋ સંતોનું નિઃસ્વાદીપણું :

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંતો પંગતમાં જમવા બેઠા હતા. જ્યારે તેમને બધાં ભોજન પીરસાઈ રહ્યા, ત્યારે પાત્રમાં પીરસાયેલી વાનગીઓ સંતો મેળવીને જમવા લાગ્યા. ૨.

सोरठा : भोजन जितना जेहि, जीवत लग मिलाइ तेउ;
जेंवना कठिन तेहि, मन संग नित्य नित्य यह...०३
लडाइ होत रहेउ, रसना जितत न जिहाँ लग;
त्यागि कचे यह तेउ, रसना कहि देत रहेउ...०४

જે કાંઈ ભોજન હોય તે બધું જીવનભર મેળવીને જમવું, એ ઘણું કઠણ છે. કારણ કે, તેમ કરવામાં મનની સાથે રોજ-રોજ લડાઈ થતી રહે છે. જ્યાં સુધી રસના ઈન્દ્રિયને જીતી નથી, ત્યાં સુધી તે ત્યાગી કાચો છે. ત્યાગીમાં રહેલી કાચપને રસના ઈન્દ્રિય કહી દે છે. પાંચ જ્ઞાનેન્દ્રિયના ભોગ જે પંચવિષય છે, તે વિવિધ પ્રકારના હોય છે. તેમાં કેટલાક વિષય પ્રિય હોય છે અને કેટલાક અપ્રિય હોય છે. ૩-૫. પરંતુ અણગમતા વિષયોમાં તે તે વિષયની ઈન્દ્રિયો લગાર પણ ચોંટતી નથી. જે વિષય ઈન્દ્રિયને પ્રિય

લાગે છે, તેવા વિષયમાં સહજ રીતે તે ઈન્દ્રિય જીવને બાંધી દે છે. જીવ કરોડો કલ્પ સુધી પંચવિષયને ભોગવે છે, છતાં પણ તેને તેમાં અરુચિ થતી નથી. ૬-૭.

કોઈ ગમે તેવા મોટા પ્રસિદ્ધ ગુરુ, ત્યાગી, પ્રસિદ્ધ પંડિત, આચાર્ય કે ચાહે તેવા દેવ હોય તેમને જ્યાં સુધી સત્સંગની ગમ નથી હોતી, ત્યાં સુધી તે અજ્ઞાનીમાં ગણાય છે અને વારંવાર સંસારમાં ભટકતા રહે છે. જ્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે, ત્યાં સુધી તેને કુસંગ છે; એમ કહેવાય છે. ૮-૧૦. મનુષ્યને જ્યારે સાચો સત્સંગ થાય છે, ત્યારે તેને જેટલો કુસંગ હોય તે સત્સંગથી ઓળખાય છે. કેમ જે, આ સત્સંગ દર્પણ જેવો છે. ૧૧.

❋ વિષયમાં સાર મનાય તેને સત્સંગમાં કસર કહેવાય :

चोपाई :

पंच विषय में जिहाँ लग सारा, मानत हि रहायेउ अपारा;
तिहाँ लग सत्संग जो ताकू, कसर रहेउ करे में वाकू...१२

दोहा : सत्संग भगवान सम हि, सुख न मनावत केउ;
अनंत हि ब्रह्मांड के, सुख तामें यह तेउ...१३
ऐसे संत हरिजन जो, सत्य हि तेहि कहात;
सत्य करीके समझ हि यह, सत्य देखत रहात...१४

જ્યાં સુધી ભક્તજનને માયિક પંચવિષયમાં અપાર સાર મનાય છે, ત્યાં સુધી તેને સત્સંગ કરવામાં કસર હોય છે. ૧૨. **જેને અનંત બ્રહ્માંડનાં સુખોમાં કોઈ સુખ સત્સંગ તથા ભગવાન જેવું ન જ મનાય, એવા જે સંતો-હરિભક્તો છે તે જ સાચા કહેવાય છે. તેની સાચી સમજણે કરીને તેમને સત્ય વસ્તુ દેખાય છે.** ૧૩-૧૪.

પછી શ્રીહરિએ સંતોને જે કહ્યું, તે હવે હું કહું છું. શ્રીહરિએ સંતોને ડભાણમાં ઘણાં હેતથી કહ્યું કે, "હવે પછી ચૈત્ર સુદિ સાતમને દિવસ તમે સહુ વડતાલ ગામ આવજો. અમે આજે લક્ષ્મીના ધામ એવા વડતાલમાં જઈએ છીએ. ૧૫-૧૬. વડતાલ ફરતા ગામોમાં સંતોનાં એક એક મંડળ

જઈને રહેજો. મનુષ્યોને માથે જમનો ભય રહ્યો છે. ૧૭. તે સિવાય મરણનો ત્રાસ પણ રહ્યો છે. વળી, બીજા પણ કેટલાક ત્રાસ કહેવાય છે; તે બાબતનો મનુષ્ય કાંઈ વિચાર કરતો નથી, માટે તેવાં મનુષ્યમાં અને પશુમાં લગાર પણ ફરક નથી. ૧૮. હે સંતો ! તમારા સમાગમથી સત્સંગ અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેવું સ્પષ્ટ દેખાય છે. તે સત્સંગ અને ભગવાનના જ્ઞાન વગર તો મનુષ્ય આંધળા જેવો રહે છે. ૧૯.

તે અજ્ઞાનને લીધે મનુષ્ય સંત સાથે વિવાદ કરે છે અને સંતોની મર્યાદા પણ રાખતા નથી. સંતોની મર્યાદા નહિ રાખીને પોતે પોતાના મનમાં પોતાને હોશિયાર માને છે. ૨૦. તે કેવા હોશિયાર હોય છે ? તો પોતે પોતાનું જ ભૂંડું કરે તેવા છે. **આ મનુષ્ય દેહ ધરીને જે મોક્ષરૂપ કાર્ય પોતે અવશ્ય કરવાનું હોય છે, તે આ જીવ જ્યાં સુધી નથી કરતો, ત્યાં સુધી તેણે કાંઈ જ કર્યું નથી.** તે તેની આવી રીત ઉપરથી ઓળખાય જાય છે. સંતો ! તમે જ્યારે વાત કરતા હો, ત્યારે કોઈક માણસનું મન જો તે વાતમાં ચોંટી જાય તો જરૂર તેને ભાવ થાય છે. પછી તેને અજ્ઞાનીનો અભાવ આવે છે. **અજ્ઞાની મનુષ્યનો અભાવ આવ્યા સિવાય ક્યારેય સત્સંગ ઉપર ભાવ થતો નથી.** કારણ કે, મનુષ્યનો સ્વભાવ જ એવો છે. બધા મનુષ્ય એક પ્રકારના હોતા નથી, સહુમાં જુદા જુદા ગુણ હોય છે. ૨૧-૨૪. **જે માણસના જેવા ગુણ હોય, તે માણસને સંતોએ તેવી રીતે ઓળખવો. તે વાત ક્યારેય ભૂલવી નહિ.** ૨૫.

માણસમાં કેટલાક સારા ગુણ હોય છે અને કેટલાક નઠારા ગુણ હોય છે. તેમાં જે નઠારા ગુણો હોય તેને ઢાંકી દેવા અને જે સારા ગુણો હોય તેના વારંવાર વખાણ કરવા. પરંતુ જે રીતે યોગ્ય હોય તેમ વખાણ કરવા. **જે વધારે ઓછી બુદ્ધિવાળા હોય તેના સંતો ક્યારેય વખાણ કરતા નથી. તેણે કરીને(અર્થાત્ સ્વસ્વાર્થ સિદ્ધિ માટે ગમે તેના આડેધડ વખાણ નહિ કરતા હોવાથી) અન્ય માણસોને સંતનો ગુણ આવે છે. અને તે ગુણ આવવાના કારણે તેને ક્યારેક સત્સંગ થાય છે.** ૨૬-૨૮. સત્સંગ, ભગવાન અને સંતનો જે રીતે ગુણ આવે, તેનું ખાસ ધ્યાન રાખીને સંતોએ માણસની

આગળ વાત કરવી. કેમ જે, તેવી વાત કરવાથી માણસમાં રહેલા અવગુણનો નાશ થાય છે. ૨૯.

ગમે તેવી સારી જમીન હોય, પણ તેમાં જો મોટાં મોટાં ઝાડ ઊગી ગયા હોય, તો પહેલાં તેનાં મૂળને કાપવા જોઈએ. કારણ કે, મૂળ કાપ્યા વિના હળ આદિક સાધન લઈને જો તેમાં ખેતી કરવા જાય, તો તે સાધન તેમાં ક્યારેય ચાલતા નથી. જ્યારે તે ઝાડનાં મૂળ કાપી નાખવામાં આવે, ત્યારે તેમાં હળ ચાલી શકે છે. ૩૦-૩૧. તે રીતે જ મનુષ્યરૂપી જમીન છે, તેમાં સત્સંગનાં અભાવરૂપી અપાર ઝાડ ઊભા હોય છે. માટે તે સત્સંગનાં અભાવરૂપી ઝાડને કાપ્યા વિના તે મનુષ્યોને સત્સંગમાં ક્યારેય ભાવ થતો નથી. માટે અભાવરૂપી વૃક્ષને પહેલાં ઊખેડી નાખવા જોઈએ. ૩૨-૩૩.

❋ વિવેકની વિશેષતા :

तामें बहुत रहेउ विवेका, विवेक बिन बात बनत न एका;
जेति क्रिया करना हि तामें, विवेक रखना मुख्य हि यामें...३४
विवेक यह तितना सत्संगा, विवेक बिन रहाये कुसंगा;
वरते में विवेक रहे जीमी, बात करना निरंतर तिमी...३५
विवेक जितना जिहाँ वरताता, सत्संग तितना तिहाँ रहाता;
प्रगट भगवान तितना तीहाँ, रहायेउ विवेक जो ईहाँ...३६

પરંતુ તેમાં પણ સંતોએ ઘણો વિવેક રાખવો જોઈએ. વિવેક રાખ્યા સિવાય કોઈ બાબત બનતી નથી. જે જે કામ કરવું હોય તેમાં વિવેકને મુખ્ય રાખવો જોઈએ. ૩૪. જેટલો વિવેક હોય તેટલો જ સત્સંગ થાય છે અને વિવેક વગર તો કુસંગ રહે છે. માટે વર્તનમાં જે રીતે વિવેક રહે, તે રીતે સંતોએ નિરંતર વાત કરવી. ૩૫. જ્યાં જેટલો વિવેક વર્તતો હોય, ત્યાં તેટલો સત્સંગ રહે છે. તેમજ જ્યાં જેટલો વિવેક હોય, ત્યાં તેટલા પ્રગટ ભગવાન પણ રહે છે." ૩૬.

શ્રીહરિએ સંતોની આગળ આટલી વાત કરી અને પછી ડભાણથી ચાલતા થયા. પછી સાંજના સમયે **વડતાલ** ગામ આવ્યા. ૩૭. વડતાલ

ગામમાં જેટલા હરિભક્ત હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને દિલમાં ઘણું હેત લાવીને શ્રીહરિને પગે લાગ્યા. ૩૮. ઢોલ આદિક જેટલાં વાજિંત્ર હતાં, તે બધાં વાગી રહ્યાં હતાં. એમ ધામધૂમથી શ્રીહરિ ગામમાં પધાર્યા. ૩૯. સહુ પહેલાં શ્રીહરિ મંદિરમાં ગયા અને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં. તે પછી ગામમાં હરિભક્તને ઘેર ઊતર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ડભાણના હરિભક્તોને દર્શન આદિથી રાજી કરી શ્રીહરિ વડતાલ પધાર્યા" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૬

વાસણ સુતારની સંપયુક્ત પ્રગટ ભક્તિની પ્રશંસા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મંદિરની સમીપમાં જ સુતાર જ્ઞાતિના વાસણ નામે હરિભક્ત રહેતા હતા. ૨. સં.૧૮૭૨ના વરસથી શ્રીહરિ વડતાલમાં દર વર્ષે સમૈયા કરતા હતા. ૩. આગળ કહેલા વાસણ સુતારના ઉગમણા બારનાં ત્રણ ચાર ઘર હતાં અને તેની આગળના ભાગમાં વિશાળ ચોક હતો. ૪. ઘરની આગળના ચોકમાં એક લીમડાનું ઝાડ હતું. શ્રીહરિના મનમાં ગમે તેવી આ સુંદર જગ્યા હતી. ૫. ઘરની પાછળ વાડો હતો. તે શ્રીહરિના મનમાં ગમતો હતો.

❋ વાસણ સુતાર અને તેના પરિવારના સદ્‌ગુણો :

ચોપાઈ :

हरि कु प्रसन्न करने हीता, सुतार के मन महीं खचीता...०६

ताके बंधु रहाये जेता, ताके पुत्र कहावत तेता;
ताके घर में नारी हि जेती, एक मन सब रहाये तेती...०७

हरि उपर सबकु रहे भावा, हरि से अंतर जुदे न रहावा;
ऐसे हरिजन रहेउ तिनके, भवन में हरि रहत हे इनके...०८

भाव न देखावत हे जबही, हरिजन ताके मन में तबही;
तिहाँ हरि पल एक न रहाता, भाव रहत तिहाँ लग टिकाता...०९
भाव तितना रस जोउ ताकू, श्रीहरि मानत रहेउ वाकू;
श्रद्धा तितना भाव हि तिनकू, अंगिकार करत हरि हि इनकू...१०

વાસણ સુતારના મનમાં શ્રીહરિને રાજી કરવાનું દૃઢ તાન રહેતું હતું. ૬. તેના તમામ ભાઈઓ, તેના પુત્રો તથા ઘરમાં જેટલી સ્ત્રીઓ હતી તે બધાં એક મનવાળાં હતાં. અર્થાત્ સહુ સંપીને રહેતાં હતાં. ૭. સહુને શ્રીહરિ ઉપર ભક્તિભાવ હતો. કોઈનું અંતર શ્રીહરિથી જુદું-અંતરાયવાળું ન હતું. આવા નિષ્કપટ હરિભક્તના ઘરમાં શ્રીહરિ આવીને રહેતા હતા. ૮. જ્યારે હરિભક્તના મનમાં ભાવ ન દેખાતો હોય, ત્યારે શ્રીહરિ ત્યાં એક પળવાર પણ રહેતા નહિ. જ્યાં સુધી ભાવ રહે, ત્યાં સુધી જ શ્રીહરિ ત્યાં ટકે છે. ૯. જેટલો ભાવ હોય તેટલો જ રસ-આનંદ રહે છે; એમ શ્રીહરિ માનતા. જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે શ્રીહરિ ભાવ અંગીકાર કરતા હતા. ૧૦.

આવી રીતે સમજીને શ્રીહરિ જ્યારે વાસણ સુતારને ઘેર આવતા, ત્યારે એમ જણાતું કે, તેણે પૂર્વ જન્મમાં કોઈ વખતે શ્રીહરિને રાજી કરવા ઘણાં વરસ સુધી તપ કર્યું હશે. ૧૧. તે તપનું પરમ પવિત્ર ફળ દેવા માટે શ્રીહરિ પ્રગટ થયા છે. **શ્રીહરિ જ્યારે હરિભક્તને સુખ આપતા હતા, ત્યારે તે હરિભક્તનું પૂર્વનું તપ પ્રગટ દેખાઈ આવતું હતું.** ૧૨. શ્રીહરિને મેળવવા માટે તપ ન કર્યું હોય, તો શ્રીહરિનો યોગ થવો કઠણ છે; એમ હૃદયમાં જોતાં દેખાય છે. ૧૩. અંતરમાં જોયા સિવાય આવી વાત સમજાતી નથી. કરોડો વાર જીવ ભવમાં ભટકતો રહે, તોપણ તેને ક્યારેય ભગવાનનો યોગ થાય નહિ; એવો એ યોગ દુર્લભ છે. ૧૪. ભગવાન શ્રીહરિનો યોગ થવા સમાન બીજી કોઈ બાબત નથી. **ભગવાનનો યોગ થવો, તે બાબત સર્વોપરિ છે;** તેમ બધા ગ્રંથમાં લખ્યું છે. ૧૫.

આવી વાત જેમ છે તેમ વિચાર્યા વિના જણાતી નથી. કારણ કે, આવી વાતમાં જેવું હિત રહ્યું છે, તેવું બીજી કોઈ વાતમાં નથી. ૧૬. મનુષ્ય

નિષ્ફળ વાતો કરવામાંથી એક પળની પણ નિવૃત્તિ પામતો નથી. જેટલી અસત્ વાત હોય છે, તેમાં જ્યાં સુધી સત્પણાની બુદ્ધિ રહે છે, ત્યાં સુધી તે ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ લૌકિક વાતમાં અવરાયેલો રહે છે. તે લૌકિક વાતનું બધું ફળ તો અત્યંત તુચ્છ છે. ૧૭-૧૮.

❋ અલૌકિક બુદ્ધિની ગરિમા :

चोपाई :

अलौकिक बुद्धिवारे जेते, होवत भयेउ भोमि पर तेते;
ताकी समझ रहायेउ जेती, अलौकिक सब रहाये तेती...१९
अलौकिक जन के बचन जितना, अमृत तिनसे अधिक हि तितना;
अलौकिक जन की समझ जितनी, लौकिक जनकी समझमें तितनी...२०
कोटि कल्प लग मिलत न रहेऊ, समझ तामें देखावत तेऊ;
कोटिध्वज कंगाल हि तिनमें, जेते फरक रहाये इनमें...२१
कचरे कनक में फरक रहे जीमी, लोकिक अलौकिक जन में तीमी;
फरक रहाये वार न पारा, जानत जेहि करत हि विच्यारा...२२

અલૌકિક બુદ્ધિવાળા જે કોઈ આ ભૂમિ ઉપર પ્રગટ થયા છે, તેની જે જે સમજણ હોય તે બધી અલૌકિક જ હોય છે. વળી, તે અલૌકિક પુરુષનાં જેટલાં વચન હોય, તે અમૃતથી પણ અધિક મહત્ત્વપૂર્ણ હોય છે. તે અલૌકિક પુરુષની સમજણ અને લૌકિક પુરુષની સમજણ, એ બંને કરોડો કલ્પે પણ મળતી આવતી નથી. અલૌકિકપણું ને લૌકિકપણું તે સમજણમાં દેખાઈ આવે છે. જેમ કરોડપતિ અને કંગાળ મનુષ્યમાં જેટલો ફેર છે, તેમ તે બંનેની સમજણમાં તેટલો ફરક હોય છે. ૧૯-૨૧. તેમજ કચરો અને કંચનમાં જેટલો ફરક છે, તેટલો લૌકિક અને અલૌકિક પુરુષમાં અપાર ફરક હોય છે, તેને જે વિચારવાન પુરુષ હોય છે તે જાણે છે. ૨૨.

❋ વણવિચાર્યે કાંઈ ન કરવું :

વિચાર્યા વિના જેટલી વાત કરવામાં આવે, તેમાં હિત કે અહિતની ખબર પડતી નથી. જે હિતની વાત વિચારે છે, તેને ક્યારેય દુઃખ આવતું

નથી. ૨૩. વગર વિચાર્યે કરવામાં આવેલી વાત અહિત કરે છે અને તેમાં તેને તેટલો ક્લેશ થાય છે. પરંતુ તે ક્લેશ મોહે કરીને દેખાતો નથી. ૨૪. **જેટલી જગત સંબંધી લૌકિક વાતો છે, તે બધી મોહ કરનારી છે. જ્યારે ભગવાન સંબંધી અલૌકિક વાતો તે મોહને ટાળનારી છે.** ૨૫. જીવ લૌકિક વાતોને કરતાં કરતાં કરોડો કલ્પને ખોઈ નાખે છે અને તેમાં અપાર દુઃખ પામે છે, છતાં વિચાર કરીને જોતો નથી. ૨૬. આ જીવ મનુષ્યના શરીરમાં આવે કે દેવના શરીરમાં આવે, પણ તે સત્ય કે અસત્યનો જ્યાં સુધી વિચાર નથી કરતો, ત્યાં સુધી તે પ્રમાદીમાં ખપે છે. **જેટલો પ્રમાદ છે તે જ દુઃખમાત્રનું મૂળ છે.** ૨૭-૨૮.

જેણે પૂર્વે સારાં પુણ્ય કર્યાં હોય, તેને જ શુભ વિચાર ઊપજે છે; અને જેને શુભ વિચાર થાય છે તેને શુભ વાત ગમે છે. ૨૯. ભગવાન સંબંધી જેટલી વાત હોય અને જેટલી ભગવાનના અવતારોની વાતો હોય, તે બધી સંસારને તારનારી છે. તેમાં કોઈ જાતનો સંદેહ નથી. ૩૦. આ વાતમાં જેટલો સંશય કરવામાં આવે છે, તેટલો તેને તે વાત સમજવામાં ફરક છે. જે જે ભગવાનના ભક્તો હોય છે, તે પણ અલગ અલગ સમજણવાળા હોય છે. ૩૧. પોતાને જે ભગવાનનું સ્વરૂપ મળ્યું હોય, તેનાથી અધિક અન્ય કોઈને ન કહે, એવા કેટલાક ભક્તો હોય છે. તેઓ પોતાની સમજણને સર્વોપરિ માને છે અને તે સમજણે કરીને જ મનમાં ખુશ રહે છે. તેમને પોતાને મળેલા ભગવાનનાં ચરિત્રો કહેવામાં નિત્ય નવો નવો ભાવ વધતો રહે છે.

પરંતુ તેના તે ભગવાનના જે અન્ય અવતારો થયા હોય, તેનાં ચરિત્રોને કહેવામાં ભાવ વધતો નથી. જેટલાં શાસ્ત્રો છે તથા જે જે અવતારના જેટલા ગ્રંથો છે, તે તો તે તે અવતારના ભક્તોને અધિક ઉત્સાહ વધારવા માટે છે. તેથી જ તે ગ્રંથોમાં તે તે અવતારનાં ચરિત્રોને મુખ્ય લખ્યાં હોય છે. ૩૨-૩૬. **ગ્રંથમાં પ્રગટ ભગવાનનાં ચરિત્રોને છોડીને પૂર્વે તેમના જે જે અવતાર થઈ ગયા છે તેનાં ચરિત્રોને, પ્રગટનાં ચરિત્ર કરતાં કોઈ ઠેકાણે મુખ્યપણે**

કરીને નથી કહ્યાં હોતાં. જેમ કે, ભગવાન રામચંદ્રજીનાં ચરિત્ર વાલ્મીકિ રામાયણમાં મુખ્ય કહ્યાં છે. ૩૭-૩૮. તેથી જે રામચંદ્રજીના ઉપાસક ભક્ત હોય છે, તેમને રામચંદ્રજીનાં ચરિત્રમાં ઘણો ભાવ ઊપજે છે, તેવો વામનાદિક બીજા અવતારનાં ચરિત્રમાં તે ભક્તને ભાવ ઊપજતો નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "વાસણ સુતારની સંપયુક્ત પ્રગટ ભક્તિની પ્રશંસા કહી" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૭

પ્રગટ ભગવાનનાં ચરિત્રો અને ભક્તોની વિશેષતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસક ભક્તોને શ્રીકૃષ્ણનાં ચરિત્રથી ભરેલા ગ્રંથમાં જેવો ભાવ થાય છે, તેવો ભાવ બીજા ગ્રંથમાં થતો નથી. તેટલા માટે જ જેને જે ભગવાનનું સ્વરૂપ મળ્યું હોય, તે સ્વરૂપનાં ચરિત્રને તે ભક્તો ભાવથી કહે છે; અને તેને સાંભળવામાં પણ અતિશય ભાવ વધતો રહે છે. ૨-૪. માટે આવા **પ્રગટના ગ્રંથની તુલનામાં બીજા કોઈ ગ્રંથ થતા નથી. જે પ્રગટ પરમાત્માના નિષ્ઠાવાન સાચા ભક્ત હોય, તેની સમજણ કેવી હોય ? તો પ્રગટ ભગવાનના ભક્તની સમાન પૂર્વે થઈ ગયેલા બીજા પરોક્ષ ભક્તને ક્યારેય દેખે નહીં.** પ્રગટ ભગવાનના પૂર્વે જે જે અવતારો થઈ ગયા, તેમણે ચાહે તેવાં ચરિત્ર કર્યાં હોય, તોપણ તેનાથી તેને પ્રગટ ભગવાન જેવું હેત તેમાં થતું નથી. **પ્રગટ ભગવાન ભૂમિ ઉપર વિચરણ કરતા હોય, તેમાં જ પ્રગટના ભક્ત સર્વે અવતારને દેખે છે.** ૫-૭. પૂર્વે જે જે અવતારોએ કરીને જેટલાં ચરિત્રો કર્યાં હોય, તે સર્વે પ્રગટ વિચરતા ભગવાનનાં ચરિત્રોમાં આવી જાય છે; એમ પ્રગટનો ઉપાસક ભક્ત માને છે. ૮.

✻ જે જે આશ્ચર્ય કહેવાય છે તે પ્રગટ મૂર્તિમાં રહે છે :

આ વાત કહેવામાત્રની નથી. પરંતુ ભગવાનના ભક્ત ઉપર કહેલી વાતને ચોક્કસ સમજે છે. કારણ કે, સાચા ભક્તો પ્રગટ ભગવાનમાં જ ઐશ્વર્યમાત્ર રહ્યાં છે; એમ નિષ્કપટભાવે દેખે છે. કોઈપણ યુગમાં **જેટલા સાચા ભક્ત થઈ ગયા છે, તે બધાની મહત્તા જેમ છે તેમ તેનાં વચનમાં અને આચરણમાં દેખાઈ આવે છે,** તે છુપી રહેતી નથી. જે જે અવતાર પૂર્વે થઈ ગયા અને તેમણે જેવાં જેવાં ચરિત્ર કર્યાં, વળી તેમણે જેવો પ્રતાપ દેખાડ્યો હોય, તેમના જેવા ભક્ત થયા હોય, તે ભગવાનના ભક્તોએ ભગવાનને માટે જે રીતે લોકોની મશ્કરી સહન કરી હોય, તે તે સમયે અજ્ઞાની લોકોએ જે રીતે ભગવાનના ભક્તોનો મન, કર્મ, વચને કરીને અપરાધ કર્યો હોય, તેમજ તે અપરાધ કરનારનું મૃત્યુ જે રીતે થયું હોય અને તે સિવાયની બીજી પણ અપાર બાબતો જેમ બની હોય તેમ ગ્રંથમાં લખી હોય છે. ૯-૧૪.

આવાં અપાર બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ જે રીતે થાય છે તથા ભગવાનનાં અક્ષર આદિક ધામની જેવી રીત હોય છે, તે પણ ગ્રંથમાં કહી હોય છે. ૧૫-૧૬. તે રીતે જ બધા ગ્રંથોમાં વર્ણાશ્રમના ધર્મની યથાર્થ રીત પણ કહી છે. તેમજ તે તે સમયે જે રાજાઓ થયા, તેમની જેવી રીત હતી તે બધી પણ કહી છે. ૧૭. જે સહુથી સમર્થ થાય છે, તે પોતાની રુચિ અનુસારે પ્રથાઓને કર્યા વિના રહેતા નથી. ૧૮. બધા જ લોકો જેની કીર્તિ ગાય, એવો રાજા તો કોઈક યુગમાં જ થાય છે. તે સમયે અપાર લોકો અનંત સુખને પામે છે. ૧૯. તેવા રાજા પ્રજાને જેમ સુખ થાય, તે રીતે રાત-દિવસ કરતા હોય છે. તે રાજાઓ પ્રજાને સુખી કરવા માટે કરોડોનું લશ્કર રાખતા હોય છે. ૨૦. સારા રાજાઓ તો પ્રજાને રાજી રાખીને તથા તપાસ કરીને તેની પાસેથી કર લે છે, પણ કેટલાક રાજાઓ તો હર કોઈ વાતે પ્રજાને પીડતા જ રહે છે. ૨૧. પણ સારો રાજા પ્રજા પીડનાર રાજાને કેદ કરી લે છે, તેમાં કોઈ જાતનો વિલંબ કરતો નથી. તે રાજા જોઈ તપાસીને કેદ કરે છે, તપાસ કર્યા સિવાય કાંઈ કરતો નથી. ૨૨.

એવા રાજાની સુરીતિ જોઈને તેના ઉપર ભગવાન તથા ભગવાનના સંતો દિવસે દિવસે વધુ પ્રસન્ન થાય છે. ૨૩. તે રાજા બીજાં જે કાંઈક પાપ કરે તે, તેનાં કેટલાક શુભ કર્મને કારણે અને ભગવાનની તથા સંતોની પ્રસન્નતાને કારણે નિવારણ થઈ જાય છે. ૨૪. તે રાજા મોટે ભાગે ભગવાનની મરજી મુજબ ચાલતા હોવાથી દુનિયામાં તેની સર્વોપરિ કીર્તિ થાય છે. ૨૫. તે રાજાનાં કાર્યો મોટા ભાગના સર્વોપરિ હોય છે. તેણે કરીને તે રાજા ચોક્કસપણે સર્વોપરિ કહેવાય છે. ૨૬. **જેની જેવી બુદ્ધિ હોય છે, તે તેનું આચરણ કહી બતાવે છે;** અને તે આચરણ પ્રમાણે તેની કીર્તિ વધે છે, એમ દેખાય છે. ૨૭. આ જગતમાં રાજાઓ તો અપાર થયા છે, પણ અંગ્રેજ સરકારના સમાન બીજો કોઈ રાજા થયો નથી. તે તેમનું આચરણ કહી દે છે. ૨૮.

શ્રીહરિને જેવી રુચે તેવી અંગ્રેજ સરકારની પ્રજા પ્રત્યેની નીતિ છે. જે દિવસથી આ ભારતમાં અંગ્રેજોનું રાજ્ય થયું છે, તે દિવસથી પ્રજાનો સમાજ અપાર સુખને પામતો રહ્યો છે. તેને કોઈ પણ જાતનું દુઃખ લગાર પણ રહ્યું નથી. આવું રાજ્ય થયું હોય, એવું કયાંય સાંભળ્યું નથી. હાલ બધા જ લોકો સમૃદ્ધિમાન થયા છે. ૨૯-૩૦. અન્ય દુષ્ટજનોકૃત દુઃખના સમયમાં પણ પ્રજાને જેટલું સુખ વર્તી રહ્યું છે, તે પ્રગટ ભગવાનની એવી ઈચ્છાને કારણે છે. જેને પ્રગટ ભગવાનનો યોગ થયો હતો, તે બધા આ કહ્યું તે વાતને જાણે છે. ૩૧.

શ્રીહરિ જે દિવસથી વડતાલ આવ્યા, તે દિવસથી ત્યાં દિવસે દિવસે અત્યંત રસથી ભરપૂર ઉત્સવ થયા કરતા હતા. ૩૨. શ્રીહરિની જેટલી ક્રિયા હોય તે કોઈ પણ રસ વિનાની દેખાતી નહિ. શ્રીહરિ લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં રોજ સભા કરીને બેસતા હતા. ૩૩. તે સભામાં રાત-દિવસ ભગવાન સંબંધી અપાર વાતો કરતા હતા. તે વાતોને જે ભક્તજનો જેટલી અંતરમાં ઠેરાવતા, તેટલી તે વાતો તેમને સુખ આપતી. પછી તેમને કોઈ કલ્પે દુઃખ આવતું નહિ. શ્રીહરિની બધી જ વાતો ભક્તજનો માટે સુખદાયક છે. ૩૪-૩૫.

શ્રીહરિ સિવાયની જેટલી વાતો છે, તે બધી તો જીવને સંસારમાં ભટકાવનારી છે. આવું જ્યારે સમજાય જાય, ત્યારે તેણે સાધનમાત્ર કરી લીધા છે. ૩૬.

વળી, જેટલા સદ્‌ગુણ કહેવાય છે, તે બધા પણ તેમાં આવીને રહે છે. પરંતુ એટલી વાતને જાણ્યા વિના તેમાં એક પણ ગુણ ક્યારેય આવતો નથી. તેમજ ભગવાનની વાતને જાણ્યા સિવાય ક્યારેય કોઈ સુખને પામતો નથી. ૩૭-૩૮. સં. ૧૮૮૧ ચૈત્ર સુદિ સાતમને દિવસ બધા સંતો વડતાલમાં આવ્યા. જે હરિભક્તો વડતાલ આવ્યા હતા, તે ભરપૂર ભાવથી સંતોને માટે રોજ રોજ રસોઈ આપતા હતા. કારણ કે, હરિભક્તોને શ્રીહરિ તથા સંતોના ઉપર બહુ હેત હતું. હેત વિના ક્યારેય સેવા થઈ શકતી નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "પ્રગટ ભગવાનનાં ચરિત્રો અને ભક્તોની વિશેષતા કહી" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૨૮

શ્રીહરિએ વડતાલમાં રામનવમીના ઉત્સવ પછી સીતારામજીને જનોઈ આપી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ વડતાલમાં હતા, ત્યારે સવારમાં સૂર્યોદય વખતે ગોમતી સરોવર જતા અને ત્યાં આંબાના વૃક્ષની છાયામાં બેસતા હતા. ૨. ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થતી હતી. તેની એવી અદ્‌ભુત શોભા થતી હતી કે જે કહી શકાતી નથી. ૩. કહેવા છતાં પણ તૃપ્તિ ન થાય, એવી તે શોભા થતી હતી. જે શ્રીહરિની શોભાનું શ્રવણ કરે છે, તેનાં બધાં જન્મોનાં પાપ બળી જાય છે. ૪.

શ્રીહરિનાં જે જે ચરિત્ર હોય છે, તેને જે કોઈ ભક્ત શ્રદ્ધાભાવથી કાને સાંભળે, તો તેનાં અનંત જન્મનાં પાપોનો નાશ થઈ જાય છે. ૫.

શ્રીહરિનાં ચરિત્રોને આવા સમજીને ઘણાં હેતથી હું કહું છું. કોઈ હેત વિના ચરિત્રોને કહે કે સાંભળે તો તે લૂખાં લાગે છે. ૬. જે બાબત લૂખી હોય, તેમાં કોઈને ક્યારેય લગાર પણ ભાવ થતો નથી.

શ્રીહરિ ગોમતી સરોવરને સવારથી જ સંતો-હરિભક્તોની પાસે રોજ ઘણા ઉત્સાહથી ગળાવતા હતા. શ્રીહરિ પોતે પણ રોજ તે ગોમતી તળાવનો ગાળ માથા ઉપર લઈ બહાર કાઢતા હતા. ૭-૮. સંતો તથા હરિભક્તોને વારંવાર સંભારવા માટે શ્રીહરિ અપાર ચરિત્ર કરતા હતા. જે ભક્તજન તે ચરિત્રને સંભારતાં તે સંસારના પારને પામી જતા હતા. ૯. **આ ગ્રંથમાં રહેલી શ્રીહરિની વાતો સંસારનાં બંધનને કાપનારી છે.** સં.૧૮૮૧ના વર્ષથી સં.૧૮૮૫ના વર્ષ સુધી જે જે રામનવમીના ઉત્સવ આવતા, તેને પરમ સુખદાયક શ્રીહરિ વડતાલ આવીને ઊજવતા હતા. ૧૦-૧૧.

✵ ગોમતીજીનો મહિમા :

જેટલા દિવસ શ્રીહરિ વડતાલમાં રહ્યા, તેટલા દિવસ સવારથી બપોર સુધી પોતે ગોમતીને ગળાવતા હતા. ગોમતીને મોટપ આપવાનો શ્રીહરિએ સંકલ્પ કર્યો હતો કે આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી વધારે ને વધારે ગોમતીનો મહિમા વધે. **શ્રીહરિનો જે સંકલ્પ હોય તેને જે કોઈપણ છુપાવે છે, તે જ્યાં જ્યાં જન્મ લે છે ત્યાં ત્યાં કષ્ટને પામે છે.** ૧૨-૧૪. એ વાત સત્ય છે. પરમેશ્વરની વાત જેવી બીજી કોઈ વાત નથી. તેમની વાતનો જે અનાદર કરે છે, તેને આ બ્રહ્માંડમાં જેટલું દુઃખ કહેવાય છે, તે બધું ભોગવવું પડે છે; પણ તેની જીવને ગમ રહેતી નથી. ૧૫-૧૬.

સત્સંગની વાતો જે વિચાર્યા વિના કરે છે. અર્થાત્ વાતો કરે છે પણ તેમ વર્તતા નથી, તેને દુઃખ આવે છે. કેમ જે, વગર વિચાર્યામાં બધાં દુઃખ રહ્યાં છે. વિચાર્યા વગર કરનારને દુઃખ આવ્યાં વિના રહેતાં નથી. ૧૭. વિચાર્યા વિના તો બ્રહ્મા જેવા મોટાને પણ દુઃખ આવ્યાં સિવાય રહ્યું નથી. જે જે લોકો જેટલું દુઃખ પામ્યા હોય, તેવું જે જે સંભળાય છે, તે બધાનું કારણ સત્સંગની વાતને સમજ્યા-વિચાર્યા વિના (નિંદા-ટીકાના રૂપમાં) કરે છે, તે જ છે અને તેને લીધે જ લોકોને દુઃખ પ્રાપ્ત થાય છે. ૧૮-૧૯.

દેવતાઓ અને દૈત્યો પણ તેણે કરીને વારંવાર દુઃખ પામે છે. **સત્સંગની સત્ય વાતમાં જ્યાં સુધી સુખ નથી માનતા, ત્યાં સુધી તેને દુઃખ મટતું નથી.** કોટિ કોટિ કલ્પ વીતી જાય, તોપણ દુઃખનું કારણ તેઓને ક્યારેય દેખ્યામાં પણ આવતું નથી. ૨૦-૨૧. કેટલાક દેવ, દૈત્ય અને મનુષ્યો એવા બુદ્ધિમાન છે કે, દુઃખમાં જ અપાર સુખ માનીને તે દુઃખને ખૂબ જ સહન કરતા રહે છે. ૨૨.

❋ સત્સંગમહિમા :

મનુષ્ય જ્યારે સત્સંગની વાતને સુખદાયક માનશે, ત્યારે જ તેની બુદ્ધિ નિર્દોષ થાશે. સત્સંગ વિના તો કોઈ ગમે તેવો મોટો હોય, તોપણ તે ચોક્કસ જીવ વગરના શરીર જેવો છે. આ બાબત સત્સંગ કરવામાં આવે ત્યારે દેખાઈ આવે છે. ૨૩-૨૪.

दोहा : सत्संग सम हि न रहेउ, तेहि कर जोउ ताकी;
वेर वेर बात कहत हि, त्रप्ति न होवत वाकी...२५
सत्संग की बात कहत हि, नये नये नित्य भाव;
उपजत रहत हि सिंधु सम, ऐसे रस हि रहाव...२६

सोरठा : सत्संग सिंधु जेह, तामें झुलत भाव कर हि;
तेहि सम कोउ तेह, बडभागी न रहेउ केहु...२७

સત્સંગ સમાન બીજી કોઈ વાત નથી. તેથી જ વારંવાર સત્સંગની વાત કરીએ છીએ, તેનાથી ક્યારેય તૃપ્તિ થતી નથી. ૨૫. સત્સંગની વાત કહેવાથી સમુદ્રના તરંગની જેમ તેમાં નિત્ય નવા નવા ભાવો ઊપજે છે. કારણ કે, સત્સંગમાં એવો મહાન રસ રહ્યો છે. ૨૬. **સત્સંગરૂપી સાગરમાં જે મહિમાભાવથી ઝૂલતો રહે છે, તેના સમાન બીજો કોઈ બડભાગી નથી.** ૨૭. ભગવાન અને સત્સંગ સિવાય બીજામાં જેને ક્યારેય ભાવ-આસક્તિ ન થાય, તેનો સત્સંગ પાકો થયો જાણવો. તે તેના હૃદયનો ભાવ જ કહી દે છે. કેમ જે, જેના અંતરમાં જેવું વર્તતું હોય, તે ભાવ પરથી જણાઈ આવે છે. ૨૮-૨૯. ભગવાન તથા સત્સંગ સિવાયના બીજામાં જ્યાં સુધી અધિક

ભાવ રહે છે, ત્યાં સુધી સત્સંગ કરવામાં કસર રહી છે. જેટલો ભાવ હોય તેટલો જ સત્સંગ કહેવાય છે. સત્સંગના જેવા નિયમો છે, તેમાં જે જેટલો દઢતાથી વર્તે છે, તેમાં તેટલો ભાવ રહ્યો છે. ભાવને લીધે નિયમો અને નિયમે કરીને ભાવ દેખાઈ આવે છે.

રામનવમીના દિવસે જ્યારે મધ્યાહ્ન સમય થયો, ત્યારે રામચંદ્રજી ભગવાનના જન્મનો ઉત્સવ વિધિ પ્રમાણે કર્યો. તે ઉત્સવ ક્યારેય વિધિ વગર તો કરતા જ નહિ. ૩૦-૩૩. તે રામનવમીની રાત દસ ઘડી જ્યારે ગઈ, ત્યારે સંતો તથા હરિભક્તોએ વિધિ પ્રમાણે શ્રીહરિના જન્મનો સંપૂર્ણ ઉત્સવ કર્યો. ૩૪. ચૈત્ર સુદિ દશમનો દિવસ શુભ છે, એમ જાણીને પરમ સુખદાયક શ્રીહરિએ એક સરસ મંડપ કરાવ્યો અને તેમાં વિધિ પ્રમાણે સીતારામજીને જનોઈ અપાવી. ૩૫. અને ગોવિંદરામના પુત્રને પણ તેની ભેગી જનોઈ અપાવી. વળી, શ્રીહરિના દેશમાંથી આવેલા જે સંબંધીઓ હતા, તેમના પરાગ અને દ્વારિકા નામે બે બાળક હતા, તેને પણ શ્રીહરિએ દયા કરીને જનોઈ અપાવી. ૩૬-૩૭. આ પ્રસંગે શ્રીહરિએ વિપ્રો અને સંતોને જમાડ્યા તથા વિપ્રોને દાન આપ્યા. આ જનોઈ આપવાનો અનુપમ ઉત્સવ થયો, જે કહી શકાતો નથી. ૩૮. વરસ દિવસમાં ચોવીશ એકાદશીઓ આવતી હોય છે. તે બધી એકાદશીઓના દેવના રૂપમાં ભગવાનનાં ચોવીશ સ્વરૂપ હોય છે. ૩૯. શ્રીહરિએ તે દરેક એકાદશીનાં અલગ અલગ નામથી કહેવાતાં ભગવાનનાં ચતુર્ભુજ સ્વરૂપો પટમૂર્તિના રૂપમાં કરાવ્યાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલમાં રામનવમીના ઉત્સવ પછી સીતારામજીને જનોઈ આપી" એ નામે અઠ્ઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર અઠ્ઠયાવીશમું : તરંગ - ૨૯

દુલાપ સાહેબે ઇંગ્લેન્ડમાં રાજાની આગળ શ્રીહરિના ધર્મની પ્રશંસા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જગદીશ્વર શ્રીહરિએ આધારાનંદ સ્વામીને ચોવીશ એકાદશીના દેવોનાં ચોવીશ ચિત્ર કપડાંમાં કરવાની આજ્ઞા કરી. ૨. જે રીતે શ્રીહરિએ કહ્યું હતું, તે રીતે આધારાનંદ સ્વામીએ ઘણા પ્રેમથી તે એકાદશીના દેવોનાં ચિત્ર કાપડમાં દોરીને શ્રીહરિને એકાદશીને દિવસે જ આપ્યા. ૩. પછી તે ચિત્રોને જોઈને શ્રીહરિએ શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે તે એકાદશીના અધિદેવ ભગવાનનું પૂજન ઘણા પ્રેમથી કરાવ્યું. ૪. ચૈત્ર સુદિ આઠમથી લઈને પૂનમ સુધીનો સમૈયો બધા સંતો તથા હરિભક્તો માટે મહા આનંદકારી થયો હતો. તેને સહુ નરનારી હરિભક્તો અરસપરસ કહેતાં-સાંભળતાં હતાં. ૫.

શ્રીહરિનાં ચરિત્ર અને વાતો સાંભળવામાં જેને જેવો ભાવ હશે, તે અંતરમાં તેવું સુખ પામશે. જે જેટલી સાંભળવામાં કસર રાખશે, તેના અંતરમાં તેટલો ઉદ્વેગ રહેશે. ૬. **શ્રવણ કરવામાં જે કસર રહે છે, તે જ ઉદ્વેગનું કારણ છે. કોઈ પણ બાબત હોય તેમાં શ્રવણ, મનનાદિક સાધન ઠેકઠેકાણે મુખ્ય કહ્યાં છે. તે ચાર સાધન વિના એક પણ બાબત ફળદાયી થતી નથી, એવાં તે બધાં સાધન મુખ્ય રહ્યાં છે.** ૭-૮. તે વખતે મંદિરની આગળના ભાગમાં સભામંડપનો ચોતરો કરાવવાનો આરંભ કર્યો. છ દિવસમાં તો તે ચોતરો પૂરો કર્યો. ૯. તે ચોતરો તૈયાર કરવામાં બધા સંતો નિત્ય ખૂબ શ્રમ કરતા હતા. તેથી તે બધા સંતોનાં શરીર ઉપર પરસેવો અને માટીનો ગારો ચોટ્યો હતો. તેથી શ્રીહરિ તેમને ઘણા ભાવથી ભેટ્યા. ૧૦.

❋ સેવા કરનારા પર શ્રીહરિનો રાજીપો :

શ્રીહરિ કહે, 'સંતો ! આ તમારાં શરીર ઉપર ચોટેલો ગારો તે ગારો નથી, પણ આ તો કેસરી ચંદન ભર્યું છે. માટે જો કોઈ તે ગારો લૂછીને

આવશે, તો તેને અમે ભેટશું નહિ. એવું સ્પષ્ટ કહીએ છીએ. ૧૧. વળી, બધા સંતો સાંભળી લ્યો, જેણે સેવાની મહેનત ન કરી હોય પણ ભેટવા માટે શરીરે કીચડ ચોપડીને જો કોઈ આવશે તો તેને પણ અમે ભેટશું નહિ.' ૧૨. આમ કહીને શ્રીહરિ બધા સંતોને ભેટ્યા. સહુને સંભારીને તેમનાં વખાણ કર્યાં. આમ તે સંતોને રાજી-રાજી કરી દીધા. ૧૩.

જે અંગ્રેજ અધિકારી દુલાપ(ડનલોપ) સાહેબ અમદાવાદમાં હતા, તે પછીથી વિલાયત(ઇંગ્લેન્ડ) ગયા હતા. ત્યારે તેણે ત્યાં શ્રીહરિની વાત કરી હતી. ૧૪. વિલાયતમાં ત્યાંના જે મુખ્ય રાજા હતા, તેણે ભારતમાં ચાર ધામની અંદરના બધા રાજાઓને વશ કરી લીધા હતા. ૧૫. તે રાજાની એવી બુદ્ધિ હતી કે, તેણે પોતે ત્યાં વિલાયતમાં રહ્યા થકા ભરતખંડના બધા રાજાઓને પોતાને આધીન કરી લીધા હતા. ૧૬. તે દેશનાં જે જે પદાર્થ હતાં, તે બધાં સર્વોપરિ દેખાતાં હતાં. તે વિલાયતનાં પદાર્થની આગળ બીજા બધા દેશનાં પદાર્થ સૂર્યની આગળ પતંગિયા જેવા દેખાતાં હતાં. તેઓ જે જે કામ કરતા તેની આગળ બીજી બધી બાબતો ફિકી લાગતી હતી. ૧૭-૧૮.

દુલાપ સાહેબે પોતાના અધિપતિની આગળ શ્રીહરિની બધી વાત કહી કે, 'આપણું રાજ્ય જ્યારે નીતિને આધારે થયું છે, ત્યારે નીતિ રાખીને જે કામ કરવા ધારીએ છીએ તે દિવસે દિવસે સાર્થક થાય છે. કારણ કે, એવો નીતિનો પ્રતાપ છે. નીતિ વગરની બુદ્ધિ અંધ છે અને તે અંધ બુદ્ધિનું રાજ્ય પણ અંધકારવાળું કહેવાય છે. ૧૯-૨૦. દેખતા માણસની આગળ અંધ માણસનું લેશમાત્ર પણ ચાલતું નથી. હાલ ભૂમિ ઉપર ગુરુ અને શિષ્યો અમાપ છે. ૨૧. ભેખધારી-ત્યાગીઓ પણ અપરંપાર છે. તે પોતે પોતાની રીતને લગાર પણ જાણતા નથી. તે રીત વગરના ગુરુ અને શિષ્યો નામમાત્રના કહેવાય છે. ૨૨.

શાસ્ત્રમાં ગુરુની જેવી સનાતન રીત છે, તે બતાવી છે. તે શાસ્ત્રમાં કહેલી સનાતન રીતને જોઈ તે રીત સ્વામિનારાયણે ચલાવી છે. ૨૩. સ્વામિનારાયણ પોતાના જે ત્યાગી શિષ્યો છે, તે બધાને સ્ત્રી અને ધનથી દૂર

રખાવે છે. તેથી જ ત્યાગી થઈને જે કોઈ ધન તથા સ્ત્રીમાં બંધાઈ જાય છે, તેને સ્વામિનારાયણ પોતાના માનતા નથી. ૨૪. સ્વામિનારાયણના ત્યાગી સિવાયના બીજા જેટલા ત્યાગી છે, તે પ્રાયઃ ધન અને સ્ત્રીમાં બંધાઈ ગયેલા છે; તેથી તે બધા મિથ્યા ત્યાગી કહેવાય છે. આવા જે મિથ્યા ત્યાગીઓ છે, તે સ્વામિનારાયણના સાચા ત્યાગીનો દ્રોહ કરે છે. તે બધા સાચા ત્યાગીને મિથ્યા કહેતા મનમાં ડરતા નથી. અરેરે ! એ મિથ્યા ત્યાગીઓની શી ગતિ થશે ! ૨૫-૨૭.

જે સંસારીઓ સ્વામિનારાયણનાં શિષ્યો થાય છે, તેમની પાસે પણ તેઓ માંસ, મદિરા, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાવે છે. કેમ જે, તેઓ આ ચારેય બાબતને પાપનું મૂળ માને છે. સ્વામિનારાયણ સિવાયના જે કોઈ પૃથ્વી પર છે, તેઓ તે ચાર પાપ ન કરવાનું નિયમ રખાવતા નથી. તેઓ તો મનમાં જેમ ફાવે તેમ વર્તે છે. જે મનમુખી ચાલે છે તેને રાજા દંડ કરે છે. ૨૮-૩૦. છતાં પણ સ્વામિનારાયણના અનુયાયી સિવાયના લોકો મનમુખી થઈને વર્તે છે.

અયોધ્યાની સમીપે સરયૂ નદીને સામે પાર-ઉત્તર હિન્દુસ્તાનમાં સ્વામિનારાયણે જન્મ ધારણ કર્યો છે. ૩૧. તે સરવરિયા વિપ્ર છે. તેમનાં માતા-પિતા વૈષ્ણવ હતાં. તે પૂર્વ દેશમાં જે કંઠી ધારણ કરે છે, તે માંસ તથા મદિરાનો હંમેશાં માટે ત્યાગ રાખતા હોય છે. શ્રીરામચંદ્રજી તથા શ્રીકૃષ્ણના ઉપાસક-વૈષ્ણવ સાધુઓ માંસ તથા મદિરાનો ઉપયોગ કરતા નથી. એવા જે કોઈ ચારેય ધામમાં સાધુઓ છે, તેઓ એ બે બાબતનો ધર્મ રાખે છે. તે બાબતને સહુ લોકો પ્રસિદ્ધપણે જાણે છે. તે સાધુનાં શિષ્ય જે સંસારી હોય છે, તે પણ માંસ કે મદિરાનો ઉપયોગ ક્યારેય કરતા નથી; તે વાત પણ પ્રસિદ્ધ છે. ૩૨-૩૫.

બીજી બાજુ શિવ અને શક્તિના જેટલા ભક્ત ત્યાગી તથા ગૃહસ્થ હોય છે, તે બધા પ્રાયઃ ખાનગી રીતે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર કરતા હોય છે. ૩૬. પણ સ્વામિનારાયણના જે કોઈ શિષ્ય થાય છે, તેમની પાસે તેઓ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાવી દે છે. ૩૭.

આ ઉપરાંત તે સ્વામિનારાયણ પોતાના આશ્રિતોની પાસે અયોગ્ય ગણાતી તમામ બાબતોનો ત્યાગ કરાવે છે અને જે યોગ્ય બાબત હોય તેને રખાવે છે. ૩૮. તેના મતે યોગ્ય બાબત એટલે શું ? તો, આ લોકમાં તથા પરલોકમાં જે સુખ આપે તેવી બાબત હોય, તેને તેઓ પોતાના આશ્રિતો પાસે પળાવે છે. ૩૯. ત્યારે તે વિલાયતના રાજાએ દુલાપ સાહેબને કહ્યું કે, 'તે સ્વામિનારાયણ ક્યાં નિવાસ કરીને રહે છે ?' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "દુલાપ સાહેબે ઈંગ્લેન્ડમાં રાજાની આગળ શ્રીહરિના ધર્મની પ્રશંસા કરી" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૦

શ્રીહરિની પ્રશંસા સાંભળીને ત્યાંના પાદરી શ્રીહરિને મળવા ભારત આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી દુલાપ સાહેબે વિલાયતના અધિપતિની આગળ પોતે જે રીતે જાણતા હતા તે બધી વાત કહી કે, "તે સ્વામિનારાયણ પોતાના સેવક શિષ્યોનો જ્યાં ભાવ હોય ત્યાં પાંચ કે દસ દિવસ સુધી રહેતા હોય છે. ૨-૩. ક્યારેક તેઓ ગુજરાતમાં આવીને રહે છે અને ક્યારેક કચ્છ દેશમાં રહે છે. ૪. કોઈ વખતે સોરઠ દેશમાં જઈને રહે છે, તો કોઈ વાર કાઠીયાવાડ દેશમાં રહેતા હોય છે. ૫. તે સ્વામિનારાયણ એક જગ્યાએ રહેવાનો ક્યારેય કોઈ ઠરાવ રાખતા નથી. તેઓ પિંડ, બ્રહ્માંડ અને સંબંધીઓની સાથે ક્યારેય રાગ રાખતા નથી. ૬. આવાં તો અપાર બ્રહ્માંડો છે. તે બ્રહ્માંડોના જે કાંઈ ભોગ કહેવાય છે, તેને ક્યારેય સત્ય ગણતા નથી. તેઓ તેને અસત્ય જાણીને તેમાં રાગ કરતા નથી. ૭. જે અસત્ય પદાર્થમાં રાગ રાખે, તે કદાચ બ્રહ્મા જેવા મોટા હોય તોપણ તેને તેઓ શાસ્ત્રના મતે બાળબુદ્ધિ માને છે. ૮.

❋ આશ્ચર્યકારી વાતની ઓળખાણ :

જે જે અપાર આશ્ચર્યકારી બાબતો થતી રહે છે, તે દેવ તથા મનુષ્યના તર્કમાં પણ આવતી નથી. ખરેખર તે જ બાબત આશ્ચર્યકારી કહેવાય છે. જેટલી બાબત તર્કમાં આવે તે આશ્ચર્યકારી ન કહેવાય. કારણ કે, આશ્ચર્યની વાત એવી જ છે. ૯-૧૦. દેવ તથા મનુષ્યથી બનતી જે બાબત કોઈના તર્કમાં ન આવે, તો તે પણ આશ્ચર્યકારી કહેવાય છે. તો જે બીજા કોઈનાથી બની શકતી જ ન હોય, તેવી શ્રીહરિની વાત આશ્ચર્યકારી કહેવાય તેમાં શું કહેવું ? ૧૧. **ભગવાન તો યોગેશ્વર છે અને તેઓ પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવપ્રાણીમાત્રનાં હૃદયમાં પરમ અનુપમ રીતે વ્યાપીને રહ્યા છે. ૧૨. જેમ આકાશ અસંગી રહીને અણુ અણુમાં વ્યાપીને રહ્યો છે, તે જ રીતે ભગવાન પણ અસંગીપણે સર્વત્ર રહ્યા છે. તેમ છતાં પોતે અનુપમ તથા અદ્‌ભુત દિવ્ય સાકાર રૂપે પોતાના દિવ્ય ધામમાં અખંડ અને અવિનાશીપણે રહ્યા છે.** ૧૩-૧૪. જે સ્વામિનારાયણ છે તે ઉપર કહ્યા તેવા પરમેશ્વરને પોતાના સ્વરૂપને વિષે અખંડ દેખે છે, એવા તે મહાસમર્થ છે. તે સ્વામિનારાયણના જેટલા શિષ્યો છે, તે બધા તેમનું ધ્યાન કરે છે અને તેનાથી તેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તેથી તેઓ પણ સ્વામિનારાયણના પ્રતાપે દિવ્ય બાબતોને દેખી શકે છે. ૧૫-૧૬.

તે ઈંગ્લેન્ડના અધિપતિના ગુરુ મોટા પાદરી કહેવાતા હતા. તેને સહુ મોટા કરીને માનતા હતા. ૧૭. તેથી તે દેશના અધિપતિએ મોટા પાદરી સાહેબને કહ્યું કે, "જ્યાં સ્વામિનારાયણ રહે છે, ત્યાં જઈને તમે તેમને મળો અને તેમના વર્તનની રીત કેવી છે ? તે જાણો. ૧૮. તેમજ તે કયા દેશમાં અને કયા ગામમાં પ્રગટ થયા છે ? તે કેવા સમર્થ છે ? તે જાણો. કેમ જે, આવા સમયમાં લોકોને સદ્‌બુદ્ધિ આપનારા સ્વામિનારાયણના જેવા ગુરુ અમારે ક્યાંય સાંભળવામાં આવ્યા નથી. ત્યાં ગુજરાતમાં તો બ્રાહ્મણ જાતિમાં જન્મ લેનારા લોકો પણ કુમાર્ગે ચાલે છે. ૧૯-૨૦. સ્વામિનારાયણ સિવાયના ગુરુઓ છે, તે પ્રાયઃ પોતાના શિષ્યની પત્નીઓની આગળ પોતાને શ્રીકૃષ્ણ માનીને તેનો સંગ કરતા રહે છે. ૨૧. કામ, ક્રોધ અને લોભ - આ

ત્રણને તો નરકનું દ્વાર કહ્યા છે, છતાં વેદ તથા શાસ્ત્રની મર્યાદાને છોડીને તે લોકો નરકના માર્ગે ચાલે છે. ૨૨. સ્વામિનારાયણ પોતે વિપ્ર છે, છતાં પણ લોકો તેને મનમાં ફાવે તેમ કહે છે. છતાં સ્વામિનારાયણ તો સાધુના માર્ગમાં રહ્યા છે, એટલે દુર્જનોનાં કુવચનોને સહન કરતા રહે છે. ૨૩. દુર્જનોનાં દુર્વચનોએ કરીને જેમાં જેટલી સાધુતા દૃઢપણે રહી હોય, તે દેખાઈ આવે છે, એક તલભાર પણ તે છુપી રહેતી નથી. ૨૪.

જે સાધુ થયા હોય તેને માટે તો દુષ્ટનાં કુવચનને સહન કરવાં, એ અમૂલ્ય આભૂષણ છે. એને જ સંતને માર્ગે ચાલ્યા કહેવાય છે. ૨૫. **જે જિંદગીભર મન, કર્મ તથા વચને કરીને સ્ત્રી તથા ધનનો ત્યાગ રાખે છે, તે સાધુ જ સર્વોપરિ કહેવાય છે."** ૨૬. તે દેશના અધિપતિએ પોતાના ગુરુ બિશપ હેબર નામે પાદરી હતા, તેમને ઉપર કહ્યા પ્રમાણેની બધી વાત કહી. અને પછી તેને ભારતમાં જવા આવવાના તથા તપાસ કરવાના બધા ખર્ચની વ્યવસ્થા કરી દીધી. ૨૭. પછી તે ઈસાઈ પાદરી વહાણમાં બેસીને મુંબઈ આવ્યા અને ત્યાંથી સુરત આવ્યા. ૨૮. પછી ત્યાંથી ચાલ્યા તે વડોદરા આવ્યા. ત્યાં ગાયકવાડ સરકારે પાદરી ગુરુ બિશપ હેબરનું યોગ્ય રીતે સન્માન કર્યું. સરકારના કારભારી જે નારુપંત નાના હતા, તે સ્વામિનારાયણ ભગવાનના પ્રસિદ્ધ શિષ્ય થયા હતા. ૨૯-૩૦. તે ઈસાઈ પાદરીએ નારુપંતને પૂછ્યું કે, "તમારા ગુરુ સ્વામિનારાયણ કયાં રહે છે ? મારે તેમને મળવું છે." ત્યારે નારુપંત નાનાએ કહ્યું કે, "તમે નડિયાદ જાવ. કેમ જે, તેની સમીપમાં વડતાલ ગામ છે, મેં એવું સાંભળ્યું છે કે, આજ દિન સુધી તેમનો મુકામ ત્યાં છે. ૩૧-૩૨. જ્યારે તમે નડિયાદ જાશો ત્યારે ત્યાં તમને સ્વામિનારાયણના યથાર્થ સમાચાર જરૂર મળી જશે." ૩૩.

ત્યારે તે ઈસાઈ પાદરી ત્યાંથી ચાલ્યા અને નડિયાદ આવ્યા. નડીયાદમાં અંગ્રેજ સાહેબનો જે બંગલો હતો, તેમાં તે ઈસાઈ પાદરી આવીને ઉતર્યા અને લોકોને પૂછ્યું કે, "અત્યારે સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે જે જાણતા હતા તેમણે કહ્યું, "હમણાં સુધી તો સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં છે, તેમ સાંભળ્યું હતું. તેઓ અત્યારે ત્યાં હોય કે ન હોય, પૂરી ખબર નથી.

કારણ કે, અમે તો અહીંયાં રહીએ છીએ." ત્યારે તે પાદરી સાહેબે એક પત્ર લખીને શ્રીહરિ ઉપર મોકલ્યો. ૩૪-૩૬. જેમાં લખ્યું હતું કે,'વિલાયત દેશના અધિપતિના ગુરુ અમે પાદરી છીએ. તે આપ સ્વામિનારાયણને મળવા આવ્યા છીએ. ૩૭. આપને અહીં મારી પાસે બોલાવવા તે યોગ્ય નથી. માટે જો આપની આજ્ઞા હોય તો અમે આપની પાસે આવીએ. ૩૮. મોટાની મરજી જાણ્યા વિના જે કાંઈ કરવું તે યોગ્ય ગણાય નહિ, તો આપની જેમ મરજી હોય તે પ્રમાણે હું કરું. ૩૯. જ્યારે આપની મરજી હોય ત્યારે મારે આપને જરૂર મળવું છે. તેમાં કાંઈ ખોટું નથી. જેવી આપની મરજી હોય તેવો મને પત્ર લખજો.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિની પ્રશંસા સાંભળીને ત્યાંના પાદરી શ્રીહરિને મળવા ભારત આવ્યા" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૧

શ્રીહરિ વડતાલથી ઈસાઈ પાદરીને મળવા નડિયાદ ગયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે નડિયાદથી ઈસાઈ પાદરી (બિશપ હેબર)નો પત્ર આવ્યો, તે વખતે શ્રીહરિએ વડતાલ ગામના પટેલને પોતાની પાસે બોલાવ્યા. અને તે રીતે જ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને પણ બોલાવ્યા. ૨. તે સહુને શ્રીહરિએ કહ્યું, "હવે તમે જેમ કહો તેમ તે પાદરીને પત્ર લખાવીએ. જેમ ભગવાને ધાર્યું હશે તેમ થાશે." ૩. ત્યારે ગામના પટેલે વિચાર કરીને કહ્યું, "મહારાજ ! આપ અત્યારે નડિયાદ જાઓ તો સારું. આપના જવાથી તે પાદરી સાહેબ ખુશ થાશે." ૪. ત્યારે શ્રીહરિએ ઘણા હેતથી તે બાબતનો પાદરીને પત્ર લખાવ્યો.

તે લખેલો પત્ર માણસની સાથે પાદરી સાહેબને મોકલ્યો, ત્યારે તે પત્રને વાંચીને તે એમ બોલ્યા, "મારા દિલમાં જેવી વાત હતી તેવી જ રીતે સ્વામિનારાયણે લખ્યું છે. અમે જે રીતે ખુશ થઈએ તે રીતે પત્રમાં વાત લખી છે. ૫-૬. જેના દિલમાં જેવો ભાવ હોય તે પત્રમાં દેખાય છે. જ્યારે દિવસ દોઢ પહોર ચઢશે ત્યારે અમે તમને મળવા આવશું, એવું પત્રમાં લખી જણાવ્યું છે. લખવામાં કોઈ જાતની કસર રાખી નથી. જો કોઈ વાતનો બાધ ન આવે એવું લખાયું હોય તો તે લખવાની ચતુરતા કહેવાય છે." ૭-૮.

❋ બાધ-નિર્બાધ વચનને જાણે તે ચતુર કહેવાય :

વચનમાં બાધ-દોષ આવે કે વચન નિર્બાધ રહે, એવી બાબતને શ્રીહરિ ખૂબ જાણતા હતા. બધાં વચન એકસરખાં હોતાં નથી. જ્યારે તપાસ કરવામાં આવે ત્યારે તે દેખાય છે. ૯. માણસમાં જે સમયે જેવા ગુણ વર્તતા હોય તેવા ગુણ તેનાં લખાયેલાં કે સાંભળેલાં વચનોમાં આવ્યા વિના રહેતા નથી. ૧૦. **જ્યારે કોઈ માણસ વાત કરે છે, ત્યારે તે વ્યક્તિમાં જેવા ગુણ રહ્યા હોય તે ગુણનો ભાવ વાતમાં આવ્યા સિવાય રહેતો નથી.** ૧૧. **ભગવાનની વાત, ભગવાન સંબંધી પદ, કવિતા અને શાસ્ત્ર; એ સર્વે ભગવાન સંબંધી બાબતો નિર્ગુણ જ છે.** ૧૨.

શ્રીહરિએ નડિયાદ જવા માટે જે દિવસે નક્કી કર્યું હતું, તે દિવસે સવારના પહોરમાં પ્રેમથી દૂધપાક, પૂરી, વડાં, ભજિયાં, રીંગણાંનું શાક અને તુવેરની દાળ વગેરે કરાવ્યાં. સૌ પહેલા શ્રીહરિ તે જમ્યા. ૧૩-૧૪. પછી મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા સંતો હતા, તેમને શ્રીહરિએ દૂધપાક, પૂરી વગેરે જમાડ્યાં. ૧૫. દરબાર દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર અને વસ્તા ખાચર ઈત્યાદિક સહુને પણ વાસણ સુતારના ઘરની પાછળની જગ્યામાં બોલાવીને જમાડ્યા. તે સહુને જમાડ્યા પછી શ્રીહરિ વડતાલથી નડિયાદ જવા ચાલ્યા. ૧૬-૧૭. તે વખતે શ્રીહરિએ પોતાને યોગ્ય લાગ્યા તે રીતે સંતોને પણ ભેળા લીધા. પોતે અશ્વ ઉપર બેઠા અને બધાં અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧૮. જે હરિભક્ત કાઠી દરબાર દાદા ખાચર

આદિક હતા, તે સહુ તે વખતે પોતપોતાના અશ્વ ઉપર બેઠા હતા. તેમજ શ્રીહરિના જે પાર્ષદો હતા તે પણ શ્રીહરિની સાથે ચાલ્યા. પહેલા **ગુતાલ** અને પછી **પીપલગ** થઈને શ્રીહરિ **નડિયાદ** આવ્યા. ૧૯-૨૦.

જ્યારે શ્રીહરિ ગામને સમીપ આવ્યા ત્યારે શહેરમાં જેટલા હરિભક્તો હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા. તે વખતે સહુના દિલમાં અતિશય આનંદ થયો હતો. ૨૧. હરિભક્તોને એટલો બધો આનંદ થયો હતો કે, તેવો આનંદ ક્યારેય થયો ન હતો. પુરને સમીપ જ એક ચોતરો હતો ત્યાં જઈ શ્રીહરિ તેના ઉપર બેઠા. ૨૨. નડિયાદના બધા હરિભક્તો શ્રીહરિને પગે લાગ્યા. જે સંતો અને વર્ણી સાથે આવ્યા હતા તેને પણ પગે લાગ્યા. તે વખતે ચોપદાર કુબેરસિંહને શ્રીહરિએ કહ્યું, “તમે જઈને પાદરી સાહેબને કહો કે, સ્વામિનારાયણ ભગવાન ગામની પાસે આવીને ઊભા છે. તમારી જ્યારે મરજી હોય ત્યારે તે તમને મળવા આવે. ૨૩-૨૪. ગામમાં જે અમારા સેવક હરિભક્તો છે તેના મનમાં એવો ભાવ છે કે, વાજિંત્રો વગડાવીને અમને પુરમાં પધરાવવા. પણ તમારી રજા વગર વાજિંત્ર વગડાવીને આવવું તે યોગ્ય ગણાય નહીં.” ૨૫-૨૬.

પછી ચોપદાર કુબેરસિંહ ઘણા ઉત્સાહથી પાદરી સાહેબ બિશપ હેબરની પાસે ગયા અને શ્રીહરિએ જેમ કહ્યું હતું તેમ પાદરીને કહ્યું. ત્યારે તે પાદરી સાહેબ બોલ્યા કે, “દસ વાગ્યે તમે આવજો, તેમ કહો. અને ત્યાં સુધી તમારા સેવકોનો જેવો ભાવ હોય તેમ કરજો. પણ દસ વાગ્યે આવવાનું રાખજો.” આ રીતે સાહેબે જે કહ્યું હતું, તે કુબેરસિંહ ચોપદારે શ્રીહરિને કહી સંભળાવ્યું. ૨૭-૨૯. તે વખતે શ્રીહરિએ હરિભક્તોને કહ્યું કે, “તમે એક પણ વાજિંત્ર લાવશો નહીં. અમે પધરામણીએ આવ્યા નથી. અમારે તો પાદરીને મળવું એટલી જ વાત છે. ૩૦. જેવો દેશકાળ હોય તેવો ભાવ રાખવો અને એ ભાવમાં જ બધું આવી જાય છે.”

પછી જ્યારે દસ વાગ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને નડિયાદ પુરમાં પધાર્યા. ૩૧. બહુનામી શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. બજારમાં જે લોકો હતા તે બધા શ્રીહરિ

તથા સંતોને દેખીને બે હાથ જોડી મસ્તક નમાવતા હતા. સહુના દિલમાં બહુ ભાવ છવાયેલો હતો. રાજદરબારનો જ્યાં કોટ હતો, તે સ્થળે શ્રીહરિ આવી પહોંચ્યા. ૩૨-૩૩. પાદરી સાહેબ સરકારી બંગલામાં ઊતરીને રહ્યા હતા. તેના બંગલાની આગળ ચાર-પાંચ લીમડાનાં ઝાડ હતાં અને તેનો છાંયો સારો હતો. ૩૪.

પાદરી સાહેબે શ્રીહરિને સંતો-પાર્ષદોએ સહિત કોટની અંદર હેતથી બોલાવ્યા એટલે તરત જ અંદર આવ્યા. ૩૫. બંગલાની પાસે આવી શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા. તે સમયે તરત જ પાદરી બિશપ હેબર ઘણા હરખથી શ્રીહરિની સન્મુખ દોડી આવ્યા. ૩૬. બંગલાનાં પગથિયાં ઊતરીને સામે આવ્યા અને શ્રીહરિનાં ચરણકમળમાં પોતાની ટોપી લઈને અડાડી. ૩૭. પછી શ્રીહરિનો એક હાથ પોતાના હાથમાં પકડીને પાદરી સાહેબ ઘણા હરખથી શ્રીહરિને કહેવા લાગ્યા, "આપને જેટલાની જરૂર હોય તેટલા જ બંગલા ઉપર આવે તેમ આપ કહો. જે ખાલી દેખનારા જ હોય તે બધા કોટની બહાર રહે. ૩૮-૩૯. જેની વાણી, આંખ અને કાન નિયમમાં હોય તેવા બધાને આપ સાથે બોલાવો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલથી ઈસાઈ પાદરીને મળવા નડિયાદ ગયા" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૨

શ્રીહરિ તથા પાદરીનો પરસ્પર વાર્તાલાપ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ (તા. ૨૬/૩/૧૮૨૫, સં.૧૮૮૧, ચૈત્ર સુદ-૭, રવિવારના રોજ) આ બિશપ હેબર નામના પાદરીને મળ્યા. ત્યારે તે પાદરી એવું બોલ્યા કે, **"કોઈ બાબત વિચારવાનો પ્રસંગ હોય, ત્યારે ઝાઝા માણસની ભીડ થાય તો તે ભીડ વાતમાં**

વિઘ્ન કરે છે. ૨. ઝાઝા મનુષ્ય ભેળા થાય ત્યારે તેમાં ક્યારેય મનુષ્યની બુદ્ધિ સ્થિર થતી નથી. તેમાં ભ્રાંતિ થઈ શકે છે. તેથી મોટા સાહેબ બુદ્ધિના વિચારને સ્થિર રાખવા માટે મનુષ્યની ભીડ રાખતા નથી. તેઓ તો નીતિ ઉપર જ ચિત્ત સ્થિર રાખે છે અને મનને કાયદામાં રાખે છે. ૩-૪. નીતિ વિના, કાયદામાં રહ્યા વિના તથા ભણીને વિદ્યા શીખ્યા વિના તેને ક્યારેય મોટી પદવી મળતી નથી. નીતિ, કાયદો અને વિદ્યા - આ ત્રણ મોટી પદવીનું દ્વાર છે. ૫. જે મનુષ્ય એક પણ સારી વિદ્યા ન ભણ્યો હોય, તો તેને મોટી પદવી મળતી નથી. વિદ્યા વગરનો માણસ મોટી પદવીને પામે તોપણ તે આંધળામાં ખપે છે.” ૬.

પછી મુક્તાનંદ સ્વામી આદિક ચાર-પાંચ મોટેરા સંતોને તથા દાદા ખાચર આદિક ચાર-પાંચ હરિભક્ત રાજાઓને શ્રીહરિએ સાથે લીધા. પછી બંગલા ઉપર પધાર્યા. ત્યાં હાથીદાંતના વિવિધ પ્રકારના ચિત્રવાળી ખુરશી શ્રીહરિને બેસવા માટે સાહેબ પોતે લાવ્યા, અને બંગલાની વચ્ચે તે ખુરશી રાખી. પછી દિલમાં ઘણું હેત લાવીને શ્રીહરિને તેના ઉપર બેસાડ્યા. **જેના ઉપર જેને જેવો ભાવ હોય તે જ્યારે સન્માન કરે છે ત્યારે દેખાઈ આવે છે.** ૭-૧૦. તે પાદરી સાહેબે પોતાને બેસવાને માટે નેતરનો મૂંઢો(નેતરનું માંચી જેવું ગોળ આસન) નોકર પાસે મંગાવ્યો અને તે મૂંઢા ઉપર બેઠા. ૧૧. પાદરી સાહેબે બેસીને શ્રીહરિને પૂછ્યું કે, “આપ કુશળ છો ને ?” ત્યારે શ્રીહરિ પૂર્વ દિશા તરફ મુખ કરીને પાદરી સાહેબની સન્મુખ બેઠા હતા. ૧૨.

પાદરી સાહેબે કહ્યું કે, “હું આપને મળવા માટે ઠેઠ વિલાયતથી અહીં આવ્યો છું. આપને મળવા સિવાય મારે અહીં આવવાનું બીજું કોઈ કામ નથી. હું આપને સાચું કહું છું. ઇંગ્લેન્ડમાં અમારા રાજાની પાસે અમદાવાદથી દુલાપ(ડનલોપ) સાહેબ આવ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે, ‘ગુજરાતમાં અપાર મતપંથ છે. તે મતપંથના જે ગુરુઓ છે તેમાં ગુરુના કહેલા ધર્મ પ્રમાણે કોઈ ચાલતા નથી. તેમજ શિષ્યની રીત પ્રમાણે કોઈ શિષ્ય પણ રહેતા નથી. ગુરુ અને શિષ્ય પોતપોતાની રીતમાં નહિ રહીને

માર્ગ છોડીને ચાલે છે. એટલે એ બધા કુમાર્ગી કહેવાય છે. ૧૩-૧૭. પણ અત્યારે ગુજરાતમાં સ્વામિનારાયણ નામે એક ગુરુ થયા છે તેઓ ગુરુના જેવા ધર્મ કહ્યા છે તેવા ધર્મ ઉપર ચાલે છે. ૧૮. અને શિષ્યના જેવા ધર્મ હોય છે તે પ્રમાણે તેના શિષ્યોને વર્તાવે છે.

પોતે ગુરુ હોવા છતાં જે ગુરુના ધર્મને પાળતા નથી તે બધા સ્વામિનારાયણ વિશે ગમે તેવા શબ્દો બોલે છે, અને સ્વામિનારાયણના જે શિષ્યો હોય છે તેમને પણ મનફાવે તેવા શબ્દો સંભળાવે છે. ૧૯-૨૦. જેટલા ખોટા ગુરુ છે તે સાચા ગુરુ સ્વામિનારાયણને ખોટા કહે છે પરંતુ અત્યારે તો સ્વામિનારાયણ ધર્મે કરીને સાચા છે. ૨૧. સ્વામિનારાયણનો એવો ધર્મ છે કે, તેમની તુલનાથી કુમાર્ગ ઉપર ચાલનારા જેટલા ગુરુઓ અને શિષ્યો છે, તે બધા દેખાઈ આવે છે તે કાંઈ છુપાવ્યા છુપાતા નથી. ૨૨. તે સ્વામીનો જે ધર્મ છે તે બધો શાસ્ત્રનાં સત્ય વચન પ્રમાણેનો છે. બધાં જ શાસ્ત્રો જેને પ્રમાણ કરે એવો તે સ્વામીનો ધર્મ કહેવાય છે.' ૨૩.

તે દુલાપ સાહેબે જ્યારે ઇંગ્લેન્ડના અધિપતિ સાહેબની આગળ આપના આ રીતે બહુ વખાણ કર્યાં ત્યારે તે સાંભળીને તેમને ઘણો આનંદ થયો. પછી આપને મળવા માટે તેમણે મને ઘણા ભાવથી અહીં મોકલ્યો છે. ૨૪. અમારા ઇંગ્લેન્ડના રાજા આ દુનિયામાં જેટલી શ્રેષ્ઠ શ્રેષ્ઠ બાબતો હોય છે તેને ખોળી ખોળીને ભેળી કરે છે. ૨૫. કોઈ રાજા ન કરે તેવી નવી નવી અપાર બાબતોને અમારા રાજા કરે છે. ૨૬. એક એક કાયદાથી શ્રેષ્ઠ શ્રેષ્ઠ એવા કાયદાઓને કરતા રહે છે. તેમાં કોઈ કાયદામાં બાધ દેખાય તો તેનો ત્યાગ કરી દે છે. જેમાં કોઈ બાધ ન દેખાય તેવા કાયદાઓ રાખે છે. આવો ઉદ્યમ તેઓ કરતા રહે છે. ૨૭-૨૮. અમારા દેશના રાજાને કાયમ માટે દુનિયામાં સારી કીર્તિ રહે એવું કામ કરવાનું તાન રહે છે." ૨૯. ત્યારે શ્રીહરિએ તે પાદરી સાહેબની આગળ કહ્યું કે, **"જેને ભગવાન સાનુકૂળ હોય તેની બુદ્ધિ સારી થાય છે અને તેથી તેને શ્રેષ્ઠ બાબતો રુચતી રહે છે."** ૩૦. ત્યારે સામેથી સાહેબ બોલ્યા કે, "આપના જે ઈષ્ટદેવ હોય તે મને કહો. અમને તેની ખબર પડે. કહ્યા સિવાય તે કાંઈ દેખાતું નથી." ૩૧.

❋ શ્રીહરિએ પાદરીને શ્વેતદ્વીપની રીત કહી :

ત્યારે શ્રીહરિ જેવી વાત હતી તે રીતે બોલ્યા કે, "ભાગવત પુરાણમાં પંચમ સ્કંધ કહેવાય છે. ૩૨. તેમાં આ ભૂમિ ઉપર પ્રિયવ્રત રાજાએ સાત સમુદ્ર કર્યા છે, તેમ કહ્યું છે. તેમાં એક ક્ષીર સમુદ્ર છે. તેને મધ્યે શ્વેતદ્વીપ કહેવાય છે. ૩૩. તે ક્ષીર સમુદ્રને મધ્યે રહેલા શ્વેતદ્વીપની શોભા વર્ણવી શકાતી નથી. ત્યાં ભગવાન વાસુદેવ એક પગે ઊભા રહીને પોતાના બંને હાથને ઊંચા રાખી તપ કરે છે. તેમની મૂર્તિ ઘણી તેજોમય છે. તે ધામમાં જે રહે છે તે બધા નિરન્નમુક્ત કહેવાય છે. ૩૪-૩૫. તેઓ ફળ, ફૂલ, મૂળ, કંદ, પાંદડાં તથા દૂધનો આહાર કરે છે. અને જે રીતે ભગવાન વાસુદેવ તપ કરે છે તે રીતે જ બધા મુક્તો તપ કરે છે. ૩૬.

મહાન સમર્થ એવા તે વાસુદેવ ભગવાન અપાર નામ ધારી રહ્યા છે. તેઓ કેટલાય ધામમાં ચોક્કસપણે રહ્યા છે. ૩૭. **આ બ્રહ્માંડો જેવાં બીજાં અપાર બ્રહ્માંડ છે. તેમની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય, ભરણ તથા પોષણ, એ બધું તે અવિનાશી ભગવાનના હાથમાં જ સદા રહ્યું છે.** ૩૮. જીવ જે રીતનાં કર્મ કરે છે તેને બરાબર તપાસીને તેનું ફળ તેવા રૂપમાં આપે છે. પણ ક્યારેય તેને ભૂલી જતા નથી. ૩૯. એવા જે વાસુદેવ ભગવાન તે અમારા ઈષ્ટદેવ છે અને તે ભગવાનની ચિત્રપ્રતિમા અમે અમારી સાથે લાવ્યા છીએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ તથા પાદરીનો પરસ્પર વાર્તાલાપ કહ્યો" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૩

નડિયાદમાં પાદરી સાહેબે શ્રીહરિને કુળ-કુટુંબ અંગે પરિચય પૂછ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ ઈસાઈ પાદરી સાહેબને વાસુદેવ ભગવાનની ઉપરોક્ત વાત કહી ત્યારે તેણે શ્રીહરિને કહ્યું કે, “તે ચિત્રપ્રતિમા અત્યારે અમને બતાવો તો હું પણ જોઉં.” ૨. ત્યારે તે ચિત્રપ્રતિમા આધારાનંદ સ્વામીની પાસે હતી તેથી શ્રીહરિએ તરત તેમને તેડાવ્યા. ૩. જ્યારે શ્રીહરિએ તે પટમૂર્તિ બતાવી ત્યારે સાહેબ એકદમ ઊભા થઈ ગયા. તેને જોઈને અતિ વિસ્મય પામ્યા અને ઘણા ખુશ થઈ ગયા. ૪. તે ચિત્રપટને જોઈને સાહેબે શ્રીહરિને કહ્યું કે, “અમારા ઈશુ ખ્રિસ્ત છે તેમણે પણ આવી રીતે તપ કર્યું હતું. ૫. અમે તે ઈશુ ખ્રિસ્તને માનીએ છીએ અને રાત-દિવસ તેમનો ડર રાખીએ છીએ. જે તેમનો ડર રાખતા નથી તે ક્યારેય મોટાઈ પામતા નથી. ૬. જે નીતિ ઉપર ચાલે છે તે સુખને પામે છે. જે નીતિ અનુસાર નથી રહેતા તેને વારંવાર દુઃખ આવે છે. ૭. મનુષ્યને દુઃખ આવવાનું કારણ તો નીતિનો લોપ કરવો તે જ છે.

પછી વળી, તેણે શ્રીહરિને કહ્યું કે, આપે અને અમારે ક્યારેય નીતિનો લોપ લગાર પણ કરવો નહીં. ૮. આપણી આટલી સમજણ એકસમાન છે. આપમાં નીતિ રહી છે એટલે આપના ઉપર અમારે હેત વધે છે. જે કોઈ માણસમાં જેટલી નીતિ ન દેખાય તેટલું તેની સાથે અમારું મન મળતું નથી. ૯. મન મળવાની બાબત એટલી રહી છે. નીતિ કાયમને માટે પરમ સુખદાયક છે. બંનેની એકસમાન નીતિ ન હોય છતાં જેટલું મન મળે છે તે તો આંકડાના તૂરની જેમ તરત છૂટું પડી જનાર છે. ૧૦. જે લોકો નીતિ પ્રમાણે ચાલતા હોય છે તેના ઉપર પરમેશ્વર હંમેશાં પ્રસન્ન રહે છે. અમે નીતિની આટલી વાતને દૃઢપણે સમજીએ છીએ. નીતિ વિના કોઈ ક્યારેય સુખ પામતું નથી. ૧૧. કોઈ ગમે તેવો બુદ્ધિમાન, ધનવાન કે રાજા હોય તોપણ નીતિ રાખ્યા વિના તેમાં મોટાઈ આવતી નથી. ૧૨. જીવનમાં નીતિ રાખ્યા વગરની

જેટલી મોટાઈ કહેવાય છે તે બધી તો નાયક(બહુરૂપી)ના વેશ જેવી દેખાય છે. ૧૩. જે નીતિ ઉપર ચાલે છે તેટલી જ તેમાં માનવતા છે, અને જે નીતિનું ઉલ્લંઘન કરે છે તેટલો તે પશુમાં ખપે છે. ૧૪. માણસમાં ખરી માણસાઈ એટલી જ છે કે, નીતિ પ્રમાણે જીવવું. નીતિ ઉપરથી મનુષ્યપણું દેખાય છે. ૧૫.

આપમાં રહેલી નીતિ સાંભળીને હું આપને મળવા માટે વિલાયતથી અહીં આવ્યો છું. આજે આપને મેં દેખ્યા, આપણી મુલાકાત થઈ, મને ઘણો આનંદ થયો છે. ૧૬. જેટલી કંટકરૂપ(દુઃખરૂપ-હઠીલી) જાતિઓ કહેવાય છે. જે નીતિમાં કાંઈ સમજતી નથી, જે અનીતિભર્યાં કામ કરવામાં તો સરદારરૂપ ગણાય છે, તેવી જાતિના જનોને આપે આ વખતે નીતિ ઉપર ચલાવ્યા છે. ૧૭. અનીતિનો ત્યાગ કરાવવો અને નીતિમાર્ગ ઉપર પ્રેમ કરાવવો તે તો ઘણો મોટો પ્રતાપ કહેવાય. તેના જેવો બીજો કોઈ પ્રતાપ કહેવાતો નથી. ૧૮. લોકોને નીતિ ઉપર ચલાવવા તે જ મોટાની મોટાઈનું લક્ષણ છે. પરંતુ જો પોતે નીતિ ઉપર ન ચાલે તો બીજાને નીતિ ઉપર ક્યારેય ચલાવી શકાતા નથી. ૧૯. પરસ્ત્રીનો કાયમને માટે ત્યાગ કરવો અને તેને મા, બહેન તથા દીકરીના જેવી જ માનવી. કુકર્મ કરવા માટે થઈને પરસ્ત્રી સાથે કોઈ જાતનો પ્રસંગ રાખવો નહિ, આવી બધી આપની સર્વોપરિ નીતિ કહેવાય છે. ખરેખર તેના સમાન બીજી કોઈ નીતિ નથી. મોટા મોટા દેવતાઓ અને ઋષિઓને પણ આવી નીતિ રાખવી ઘણી કઠણ છે. ૨૦-૨૧.

❋ જેને ભગવાનનો ખપ હોય તે અધર્મથી સદા આઘા રહે છે :

જેને એક પરમેશ્વરનો જ ખપ હોય, અને જે દંભ તથા કપટથી રહિત પાકા વર્તનવાળા હોય તેની આવી રીત હોય છે. તે તેનું વર્તન જ કહી દે છે. ૨૨. જીવનમાં ક્યારેય મદ્ય, માંસ, ચોરી તથા વ્યભિચાર ન કરવો, તે મનુષ્યનો ધર્મ કહેવાય છે. આપ પોતે તે ધર્મને દઢપણે રાખો છો અને બીજા પાસે પણ દઢપણે રખાવો છો. ૨૩. આપ કપિલદેવજી, દત્તાત્રેય, સનકાદિકો, શુકદેવજી અને નારદજી, જે રીતે રહ્યા હતા તે રીતે ધર્મને

રાખો છો અને રખાવો છો. અત્યારે આપના સિવાય આવા કોઈ ધર્મનિષ્ઠ દેખાતા નથી. ૨૪. જે જે મોટા પુરુષો થયા છે તે બધા શુભ માર્ગે ચાલ્યા છે, અને તેમના માર્ગની રીતને દેખી દેખીને બીજા પણ ચાલ્યા છે. તેને લીધે જ તેઓ અપાર મોટપને પામે છે. ૨૫-૨૬.

આપના સમાન જે જે મોટા પુરુષો થયા છે તેમણે ગ્રંથમાં નિષિદ્ધ વાતોને કહી છે. ૨૭. **શાસ્ત્રમાં નિષેધ કરેલી બાબતોને જે કોઈ લોકો ગ્રહણ કરી લે છે તે ક્યારેય મોટપને પામતા નથી, પરંતુ લખચોરાશીમાં ભટક્યા કરે છે.** ૨૮. અત્યારે આપ શાસ્ત્રમાં નિષિદ્ધ કરેલી બાબતનો ત્યાગ કરી રહ્યા છો. તેમજ જે બાબત આચરણમાં ગ્રહણ કરવાની હોય અને જેનાથી દુનિયામાં કીર્તિ વધતી હોય, તેવી બધી બાબતોને આપ જોઈ તપાસીને ગ્રહણ કરી રહ્યા છો. તેને લીધે આપ સત્પુરુષ કહેવાઓ છો. જે સત્પુરુષ જેવા હોય તેને તેમનામાં રહેલી સત્ય બાબતો કહી દે છે. ૨૯-૩૦. જેને અસત્ય વાત ગમતી હોય તેને અસત્પુરુષ કહેવાય છે. અસત્ય વાતમાં રહેલી રુચિ ઉપરથી જે જે અસત્પુરુષો હોય છે તે ઓળખાઈ જાય છે. ૩૧.

વળી મારે બીજી એક વાત જાણવી છે કે, આપનો જન્મ કયા દેશમાં થયો છે ? આપનાં પ્રિય માતા પિતા કોણ છે ? અને જાતિ કઈ છે ? તમારું ગામ કયું છે ? આ બધું મને ચોક્કસપણે કહો. ૩૨. જે મનુષ્ય પોતાની ખરેખર જે જાતિ હોય તે બીજાને ન કહે તો અજ્ઞાની લોકો મનફાવે તે રીતે બોલતા હોય છે. જ્ઞાની પુરુષ આકાશના જેવા નિર્લેપ અને સૂર્યના જેવા પ્રતાપી હોય છે, છતાં પણ અજ્ઞાની માણસો તેને ઓળખી શકતા નથી. ૩૩. જ્યારે જ્યારે જેટલા મોટા પુરુષ થયા છે ત્યારે તેમની બાબતમાં પણ નાક કાન વગરના અજ્ઞાની લોકો મનમાં ફાવે તેમ બોલતા હતા. ૩૪.

જેને નાક કાન હોય છે અર્થાત્ જેને લાજ શરમ હોય છે તે વગર વિચાર્યું કાંઈ બોલતા નથી. ખરેખર જે જેટલું વિચારીને બોલે છે તેટલો જ તે મનુષ્ય છે. ૩૫. જે વગર વિચાર્યે બોલે છે તે તો પશુ જાતિમાં ગણાય છે. બીજું આપ એ કહો કે, આપે પોતાનું ઘર છોડ્યું ત્યારે તમે કેટલા વર્ષના

હતા ? ૩૬. આ જગતમાં જેટલા ખોટા ભેખધારી હોય છે તે પોતાનું પેટ ભરવાને ખાતર જ ઘરનો ત્યાગ કરતા હોય છે. ૩૭. આપે ઘરનો ત્યાગ શું સમજીને કર્યો છે ? તે કહો. આપ નહિ કહો તો તે વાત મને સમજ્યામાં નહિ આવે." ૩૮. પાદરી સાહેબે જેટલી વાત પૂછી તે બધી સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી તેનો ઉત્તર શ્રીહરિએ કર્યો. ૩૯. સાહેબને જે આવશ્યક અને યોગ્ય વાત જણાઈ, તે બધી સારસારરૂપમાં લખી લીધી. તે પછી તેમણે શ્રીહરિની પૂજા કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "નડિયાદમાં પાદરી સાહેબે શ્રીહરિને કુળ-કુટુંબ અંગે પરિચય પૂછ્યો" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૪

પાદરીને મળીને શ્રીહરિ વડતાલ આવ્યા અને નીતિ-અનીતિવાળા રાજાની વાત કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિની સાથે પ્રસન્ન મનથી વાત કર્યા પછી પાદરી સાહેબે શ્રીહરિની પૂજા કરવા માટે ગુલાબના હાર તથા ગુલાબજળ વગેરે પૂજાની બધી સામગ્રી મંગાવી, તેમાં કાંઈ વિલંબ કર્યો નહીં. ૨. તે પાદરી સાહેબે ગુલાબજળ ભરેલી ગુલાબદાની અને અત્તરદાની લઈને શ્રીહરિની આગળ ધરી. પછી ઊભા થઈને જેટલા ગુલાબના હાર હતા તે શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. તેના પછી જે અત્તર હતું તે શ્રીહરિના રૂમાલ ઉપર રૂપાની સળીથી પાંચ-છ વાર લઈ લઈને લગાવ્યું. તેમના હૃદયમાં જે પ્રેમભાવ હતો, તે કહી શકાતો નથી. ૩-૫.

પછી તત્પર થઈને ગુલાબદાની લઈ તેમાં રહેલું ગુલાબજળ પહેલા તો શ્રીહરિનાં વસ્ત્ર ઉપર છાંટ્યું. ૬. તે પછી સંતો તથા હરિભક્તોની જેટલી સભા હતી, તે સહુના ઉપર પણ યોગ્ય રીતે ગુલાબજળ છાંટ્યું. ૭. જે

રીતે શ્રીહરિની પૂજા કરી હતી તેને પ્રત્યક્ષ દેખીને તેવી રીતે હું કહું છું. તે પાદરીએ શ્રીહરિની ભાવથી પૂજા કરી તેથી તેણે જેટલી કરવાની બાબતો હતી તે કરી લીધી. ૮. આપણા સત્સંગમાં ઈષ્ટદેવના રૂપમાં જેટલી છાપની મૂર્તિઓ હતી, તે બધી વિલાયતમાં દેખાડવા માટે પાદરી સાહેબે માગી લીધી. ૯. પછી છાપની જેટલી મૂર્તિઓ હતી તે બધી શ્રીહરિએ સાહેબને આપી અને સત્સંગમાં સંતોના જે વ્રતમાન ધર્મ-નિયમ હતા, તે બધા કહ્યા. ૧૦. વળી, ગૃહસ્થ હરિભક્તોનાં વર્તનના બધા ધર્મ તથા સધવા-વિધવા બાઈઓનાં વર્તનના ધર્મ પણ તેમને કહ્યા. ઘણા વિચક્ષણ એવા સાહેબે તે બધા લખી લીધા. પછી તે સાહેબે શ્રીહરિને ત્યાંથી ચાલવા માટેની રજા આપી. ૧૧-૧૨.

જ્યારે શ્રીહરિ જલદીથી ઊઠ્યા ત્યારે સાહેબ શ્રીહરિને ભેટી પડ્યા, અને હેતને લીધે બહુ દિલગીર થઈ ગયા. ૧૩. તેથી **સાહેબ એક ઘડી વાર સુધી તો શ્રીહરિને ભેટી રહ્યા. તેઓ હેતનાં અશ્રુબિંદુઓને બંને આંખોથી રોકી શક્યા નહીં.** ૧૪. પછી સાહેબે શ્રીહરિનો એક હાથ પોતાના હાથમાં પકડ્યો અને તે બંગલાના દાદરનાં પગથિયાં ઊતર્યા. ૧૫. શ્રીહરિ જ્યારે અશ્વ ઉપર બેઠા અને જ્યારે ચાલતા થયા તે પછી ત્યાં ઊભેલા પાદરી સાહેબ પાછા વળ્યા. ૧૬. બંગલાનાં પગથિયાં ઉપર ચઢીને સાહેબ ઊભા રહ્યા અને જઈ રહેલા શ્રીહરિની મૂર્તિમાં નેત્ર જોડી રાખ્યાં. ૧૭. જ્યાં સુધી શ્રીહરિ દેખાયા ત્યાં સુધી સાહેબ તે પગથિયાંમાં જ ઊભા રહ્યા.

જ્યારે આગળ ચાલતા શ્રીહરિ રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે હજારો લોકો શ્રીહરિનાં દર્શન કરવાં ત્યાં ઊભા હતા. મોટા મોટા ચતુર અમીનો પણ શ્રીહરિને દેખી હાથ જોડતા હતા. નડિયાદમાં સત્સંગી એવું નામ ધરાવતા બધા જ ભક્તજનોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને અલૌકિક લાભ લીધો. તેમજ જેના મનમાં જેવા મનોરથ હતા તેમને શ્રીહરિએ તેવા રૂપમાં પૂર્ણ કર્યા. ૧૮-૨૦. નડિયાદમાં જે શુભ બુદ્ધિવાળા મોટા મોટા બારોટ હતા, તે બધા શરીરનું અભિમાન છોડી દઈને હરિભક્ત થયા હતા, પણ જેમણે અભિમાન રાખ્યું હતું તે બધા કુસંગી રહ્યા હતા. ૨૧.

✵ અભિમાન પતનનું કારણ છે :

चोपाई :

अभिमान रखे जन जो जितना, चाय तेसे बडे रहे तितना;
वेर वेर भव भटकत रहेऊ, अभिमान तजे तर गयेऊ...२२
सत्संग सम न बडता केऊ, ऐसे सत्संग रहे तेऊ;
सत्संग बिन रहे बडता जेती, भव भटकावन रहेउ तेती...२३
चाय तेति बडता रखे कोई, सत्संग बिन अवर जो जोई;
अपार दुःख रहायेउ तामें, मोह करनकु रहाये यामें...२४

જે કોઈ જીવ અભિમાન રાખે છે તે ગમે તેવા મોટા હોય, તોપણ વારંવાર સંસારમાં ભટકતા રહે છે. જે અભિમાન છોડી દે છે તે આ સંસારને તરી ગયા છે. ૨૨. સત્સંગ સમાન બીજી કોઈ મોટપ નથી, એવો સત્સંગ મહાન છે. સત્સંગ સિવાયની જેટલી મોટાઈ છે તે બધી તો આ સંસારમાં ભટકાવનારી છે. ૨૩. સત્સંગ સિવાયની બીજી ગમે તેટલી મોટાઈ કોઈ રાખે, પણ તેમાં અપાર દુ:ખ રહ્યું છે. કેમ જે, તે મોટાઈ મોહ કરાવનારી છે. ૨૪. જેટલું આ સંસારનું બંધન છે તે બધું સત્સંગથી છૂટી જાય છે. તે બંધન સત્સંગ સિવાય બીજા કોઈ ઉપાયથી ક્યારેય છૂટતું નથી. કોઈ ગમે તેટલાં વેદ અને પુરાણોને ભણે, છતાં પણ એક સત્સંગ વિના તે બધું નિર્જીવ રહે છે. ૨૫-૨૬. જે લોકોને આવી સમજણ હતી, તે લોકો સત્સંગી થયા હતા અને તે નિષ્કપટભાવે અને દંભરહિત વર્તતા હતા. ૨૭. જેણે સત્સંગ જે રીતે સ્વીકાર્યો તેને સત્સંગ તે રીતે મનોવાંછિત સુખ આપે છે. એટલે જ જેમાં જેટલું કપટ રહ્યું હોય તેને તેટલું કપટનું ફળ મળે છે. ૨૮.

નડિયાદમાં જેઠા મહેતા નામે સાઠોદરા નાગર હરિભક્ત હતા. તેમણે ત્યારે શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરાવી. ૨૯. તેમણે ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરી. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા તે **પીપલગ** ગામ આવ્યા. તે ગામમાં જેટલા હરિભક્ત રહેતા હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિનાં દર્શન કરીને મનમાં ખુશી થયા. પછી પીપલગથી જ્યારે આગળ ચાલ્યા ત્યારે ત્યાં એક વડનું ઝાડ આવ્યું. ૩૦-૩૧. તેની

સુંદર છાયા દેખીને સુખદાતા શ્રીહરિ ત્યાં ઊતર્યા. ત્યાં છૂટેલી એક ગાડી ઉપર બેઠા અને બધા સંતો આગળના ભાગમાં બેઠા. ૩૨. જેટલા હરિભક્તો હતા તે પણ ત્યાં બેસી રહ્યા. પછી શ્રીહરિએ ત્યાં સહુની આગળ કેટલીક વાત કરી. જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. ૩૩.

જ્યારે શ્રીહરિ **વડતાલ** ગામમાં આવ્યા ત્યારે અતિ આનંદ છવાઈ ગયો. પછી જ્યારે શ્રીહરિ સભા કરીને બેઠા ત્યારે અંગ્રેજી રાજ્યની વારંવાર પ્રશંસા કરી અને કહ્યું કે, "આવું રાજ્ય ક્યારેય હતું નહીં. જેવી અદલ નીતિ છે તે પ્રમાણે અંગ્રેજો અત્યારે રાજ્ય કરી રહ્યા છે. ૩૪-૩૫. અંગ્રેજોને જેવું રાજ્ય કરતા આવડે છે તેવું બીજા કોઈને આવડતું નથી. બીજા બધા રાજાઓ ભલે થયા હોય, પણ તેઓ તો પ્રજાને દુઃખ દેતા ડરતા નથી. ૩૬. પ્રજામાં હરેક માણસને રાજા દુઃખ દે છે. જે મનુષ્ય રાજાને ધન આપે છે તેની જ વાત તે સાંભળે છે. ૩૭. જે વધારે ધન આપે છે તેના તરફનો જ રાજા ન્યાય કરે છે. પ્રધાન અને રાજા ભેળામળીને જે જેવું દ્રવ્ય આપે તે પ્રમાણે તેવો ન્યાય કરે છે. ૩૮. ધન લઈને જે ન્યાય કરતા હોય એવા પ્રધાન અને રાજાઓને ન્યાયની ચાહક પ્રજા ક્યારેય ચાહતી નથી. ૩૯. ધનના લોભથી જે રાજા ગુનેગારના પક્ષમાં ન્યાય આપતા હોય છે, તેવા રાજા ક્યારેય રાજ્યાસન ઉપર વધારે ટકી શકતા નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "પાદરીને મળીને શ્રીહરિ વડતાલ આવ્યા અને નીતિ-અનીતિવાળા રાજાની વાત કરી" એ નામે ચોત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૫

શ્રીહરિએ હરિભક્તોને સંતસેવાની અને ધર્માદો દેવાની ભલામણ કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ વડતાલમાં હતા ત્યારે ત્યાં જે હરિભક્તો આવ્યા હતા તેમને શ્રીહરિએ કહ્યું કે, "જેટલા તમારા હરિભક્તોનાં ગામ છે તેમાં બે, ત્રણ, ચાર અથવા પાંચ જેટલા સંતોને પોતાને ગામ લઈ જાઓ. જેને જેટલી શ્રદ્ધા હોય તેટલા સંતો લખાવો. અમે કહીએ છીએ કે ગામે ગામ સંતોને મોકલશું. ૨-૩. સંતો ગામમાં રોજ લોટ માંગવા માટે ઝોળી ફેરવશે, અને તેમાં જો પૂરતો લોટ ન મળે તો તમારે હરિભક્તોએ સંતોની સંભાળ રાખવી." ૪.

આ વાત સાંભળીને હરિભક્તો એટલા બધા રાજી થયા કે જે મુખે કહી શકાતું નથી. શ્રીહરિને રાજી કરવા માટે સહુએ ઘણા પ્રેમથી પોતાને ત્યાં સાધુ મોકલવાનું લખાવ્યું. ૫. હરિભક્તોને જેવી શ્રદ્ધા હતી તે પ્રમાણે સાધુઓને લખાવ્યા. કોઈ પાંચ સાધુથી વધારે સાધુ મોકલવાનું કહેતા તો તે શ્રીહરિ લખવા દેતા નહીં. ૬. વધારે કહે તોપણ શ્રીહરિ પાંચ જ સંત લખતા હતા. જેમ શ્રીહરિ કહે તે પ્રમાણે લખાતું. બધા લખાઈ રહ્યા ત્યારે ત્રણ હજાર જેટલાં સાધુનાં નામ લખાયાં. ૭. પછી તે હરિભક્તોનાં ગામોમાં પાંચ પાંચ સાધુનાં મંડળ મોકલવાની આજ્ઞા કરી. પણ તે સિવાયના સાધુ ન જઈ શકે તેમ હોય તેવાં જેટલાં ગામ બચ્યાં, તે ગામના હરિભક્તોની આગળ શ્રીહરિએ કહ્યું, "વડતાલમાં અને બીજે સ્થળે મોટાં મંદિર કર્યાં છે. ૮-૯.

આ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ, વાસુદેવ અને શ્રીહરિકૃષ્ણ મહારાજ મોટા દેવ છે, તેમજ અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવ છે. ૧૦. આ લક્ષ્મીનારાયણ દેવના મંદિર જેવું જ અમદાવાદમાં અદ્‌ભુત મંદિર છે. વળી, ગઢપુરમાં અમે હંમેશાં રહીએ છીએ, તો એ ત્રણ જગ્યાએ ઘણો ખર્ચ રહે છે. ૧૧. તમે હરિભક્તો જ અમારે માટે તો ગામ ગરાસ છો, એમ અમે માનીએ છીએ. અમારું જે કાંઈ ગણાતું હોય તે તમે હરિભક્તો

જ છો. ૧૨. મોટાં મંદિરમાં સંતો અને બ્રહ્મચારીઓ કાયમ રહે છે. અને ત્યાં શ્વેત વસ્ત્રવાળા(સમર્પિત) પણ સેવા કરવા માટે ત્યાગી થઈને રહ્યા છે. અને તે અમે તથા સંતો જેમ કહીએ તેમ બધા કરે છે. ૧૩-૧૪.

❋ મોટાને સોંપાય તે જ મોટો થાય :

सोरठा : मनमुखि जेते होइ, वरतत जो ब्रह्मा हि सम;
बडता न पात सोइ, दुजे की कहा बात रहे...१५
हरि अरु संत ताकि, मोटप जानत जितनी यह;
बडता होवत वाकि, बडता न होत ताहि बिन...१६

चोपाई :

हरि संत कु जिहाँ लग जेहा, मन न देवत तिहाँ लग तेहा;
भव बंधन न छूटत हि रहाते, विविध जन्म कु रहत धराते...१७
वेर वेर जन्म धरना जाही, भव बंधन कहावत हि ताही;
तामें दुःख रहे वार न पारा, जिहाँ लग करत न यह विचारा...१८
तिहाँ लग अनंत कल्प दूखा, सहत रहत न पावत हि सूखा;
हरि संत कहत करत हि जिनही, बडभागि नहीं तिन सम कीनही...१९

જેટલા મનમુખી થઈને વર્તે છે તે બ્રહ્મા જેવા હોય તોપણ મોટપ પામતા નથી. માટે બીજાની તો વાત જ શું કહેવી ? શ્રીહરિ અને સંતોની જે જેટલી મોટપ સમજે છે તેની તેટલી મોટપ થાય છે. તે વિના ક્યારેય મોટપ આવતી નથી. ૧૫-૧૬. જ્યાં સુધી ભગવાન તથા સંતને મન સોંપી દેતા નથી, ત્યાં સુધી સંસારનું બંધન છૂટતું નથી અને જાત જાતના જન્મ લેવા પડે છે. ૧૭. વારંવાર જે જન્મ ધારણ કરવો પડે તેનું જ નામ ભવબંધન કહેવાય છે. તેમાં અપાર દુઃખ રહ્યું છે. જ્યાં સુધી જીવ આ વિચાર નથી કરતો ત્યાં સુધી તે અનંત કલ્પ પર્યંત દુઃખ ભોગવતો રહે છે, પણ ક્યારેય સુખ પામતો નથી. જે ભગવાન તથા સંતો કહે તેમ કરે છે તેના સમાન કોઈ મહાભાગ્યશાળી નથી. ૧૮-૧૯. તેના ભવબંધન છૂટી ગયા છે તથા દુઃખમાત્ર દૂર થઈ ગયું છે. આ રીતે જે હરિભક્તો સમજે છે

તે જ ભગવાન તથા સંતોને મન અર્પણ કરે છે. ૨૦. **મન દીધાનું એંધાણ એ છે કે, ભગવાન તથા સંતો જેમ કહે તેમ જ રહે અને તેમાં જ સર્વે સુખ અને આનંદ છે એમ માને.** ૨૧.

આગળ કહ્યું તેવી જેની સમજણ હોય તેને ક્યારેય દુ:ખ લાગતું નથી. તે જ પાકો હરિભક્ત થયો ગણાય. પણ જેને જેટલું દુ:ખ લાગી જાય છે તેટલી તે હરિભક્તની સમજણ કાચી કહેવાય છે. કારણ કે, વારે વારે આવો સમય આવતો નથી, તેમ અમે કહીએ છીએ. ૨૨-૨૩. તો જે હરિભક્તો વ્યવહાર કરવામાં વરસોવરસ વધારે ચઢિયાતા રહેતા હોય, તેમણે મંદિરમાં રહેનારા સંતો, બ્રહ્મચારીઓ અને ભગવાનની મૂર્તિઓ તથા મંદિરમાં જે ખર્ચ થતો હોય તે માટે પોતાનો વ્યવહાર દેખીને દર વર્ષે દસમો અથવા વીશમો ભાગ ધર્માદા નિમિત્તે ભાવથી લખાવવો."

ત્યારે શ્રીહરિની તે મરજી જોઈને હરિભક્તો તેનો લાભ લેવા માંડ્યા. આવો દુર્લભ લાવ કોઈએ લીધો ન હતો. બ્રહ્માંડોમાં જીવપ્રાણીમાત્રનું પોષણ એક શ્રીહરિ જ કરે છે, તોપણ **સર્વનું પોષણ કરનારા ભગવાન શ્રીહરિ જ્યારે મનુષ્યદેહનું ધારણ કરે છે, ત્યારે અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે નિરંતર મનુષ્યની રીતે વર્તે છે.** ૨૪-૨૯. **તેણે કરીને જે ભક્તજનો હોય છે તેને ભગવાન સંબંધી ઘણું સુખ મળતું રહે છે, જે સુખનો કહેતા પાર આવતો નથી.** જ્યારે આવી વાત કરીએ છીએ ત્યારે સુખ દેખવામાં આવે છે. કહ્યા વિના ક્યારેય સુખ દેખાતું નથી. જે અવતારમાં ભક્તજનને જેમ સુખ દીધું હોય છે તે બધી વાત જ્યારે શાસ્ત્રમાં કહી હોય ત્યારે સહુને દેખ્યામાં આવે છે. ચાહે તેવો અવતાર હોય તોપણ તે બાબતે ગ્રંથમાં લખ્યા સિવાય ક્યારેય દેખાતું નથી. ૩૦-૩૨. આ ભૂમિ ઉપર ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રકારના જે રાજાઓ થયા છે તેમાં જેનું જેવું વર્તન હોય તે પણ ગ્રંથે કરીને દેખાય આવે છે. ૩૩.

❋ જેનું જેવું વર્તન હોય તેને તેવું ફળ મળે :

જેનું જેવું વર્તન હોય તેવું તેને ફળ મળે છે અને તેમની કીર્તિ પણ તેવી જ થાય છે. કારણ કે, જેવું બીજ વાવવામાં આવે છે તેવું તે ફળ

પામે છે. ૩૪. આમ જાણીને જેટલા હરિભક્તો છે તે બધા આ લોક અને પરલોકમાં સારી કીર્તિ થાય, તે રીતે જોઈ જોઈને વર્તે છે. ૩૫. તેણે કરીને જ આ હરિભક્તો જેવી કીર્તિ બ્રહ્માંડમાં કોઈની નથી. જે લોકો દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારમાં સાર માનતા હોય છે તેની ક્યારેય શુભકીર્તિ થતી નથી. તે બધું સમજીને હરિભક્તો 'જો પોતે તર્યા તો આખું જગત તર્યું' એવું માનતા હતા. ૩૬-૩૭. જે શુભ વર્તન રાખે છે તેનો મોક્ષ થાય છે અને જેનું અશુભ વર્તન હોય છે તે વારંવાર સંસારનાં દુઃખમાં ભટકતો રહે છે. ૩૮. જે મનુષ્ય આ રીતે સમજે છે તેને જ મનુષ્યદેહનું ફળ મળે છે, પણ જે આ રીતે નથી સમજતા તેને મનુષ્યજન્મનું ફળ મળતું નથી. ૩૯. આગળ કહ્યા પ્રમાણેની વાત કરીને શ્રીહરિ વડતાલથી ચાલ્યા અને **પીપળાવ** આવ્યા. ત્યાં સરોવરથી પૂર્વ દિશામાં ઉતારો કરીને રાત રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ હરિભક્તોને સંતસેવાની અને ધર્માદો દેવાની ભલામણ કરી" એ નામે પાંત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૬

શ્રીહરિ નારથી ગઢપુર જવા નીકળ્યા તે રસ્તામાં ભીમનાથ પહોંચ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પીપળાવ ગામના જેટલા હરિભક્તો હતા તેમણે ઘણી વખત પ્રેમભાવથી શ્રીહરિની સેવા કરી હતી. ૨. શ્રીહરિ વડતાલ જતા-આવતા કેટલીયે વાર પીપળાવ ગામમાં રાત રહેતા, અને તે તે વખતે હરિભક્તો અધિક અધિક ભાવથી સેવા કરતા હતા. આ રીતે તેમણે સેવાનો બહુ લાભ લીધો હતો, એવા તે સેવાભાવી હરિભક્તો હતા. ૩-૪. શ્રીહરિ જ્યારે સવારમાં ચાલ્યા ત્યારે **નાર** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્ત હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૫. સહુ ઘણા ભાવથી શ્રીહરિની પાસે આવ્યા. દર્શન કરીને સહુ

ખૂબ ખુશ થયા. શ્રીહરિ આવતા-જતા હોય ત્યારે નારના હરિભક્તોએ પણ શ્રીહરિનાં કેટલીયે વાર ફરી ફરીને દર્શન કર્યાં હતાં. ૬.

ત્યાંના હરિભક્તોને દર્શન દઈને પછી ત્યાંથી ચાલતા થયા અને **તારાપુર** ગામ આવ્યા. ત્યાં પણ જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૭. ત્યાંથી ચાલેલા શ્રીહરિ **મોરજ** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા, અને દર્શન કરીને પરમ સુખ લીધું. ૮. મોરજ ગામમાં શ્રીહરિ રાત રહ્યા. હરિભક્તોએ ખૂબ જ સેવા કરી. બાજુમાં ઊંટવાડા ગામમાં જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે ઘણા જ હરખથી ત્યાં આવ્યા. તેમજ બુધેજ ગામના જે હરિભક્તો હતા તે પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. તે સહુએ પરમ લાભ લીધો. તેમજ આંબલિયા ગામના જેટલા હરિભક્તો હતા તે પણ અતિ સ્નેહથી શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. વળી સિંજીવાડા ગામના જેટલા હરિભક્તો હતા તે પણ શ્રીહરિનાં દર્શન કરવા મોરજ આવ્યા. દર્શન કરીને ગુલતાન થઈ ગયા. તેમણે પણ દર્શનનું બહુ સુખ લીધું. ૯-૧૩. તે ગામના હરિભક્તોએ શ્રીહરિની સેવા કરી. સેવા કરવામાં બધો સત્કાર આવી જાય છે, એમ પ્રવીણ લોકોએ જાણવું. ૧૪.

જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ મોરજ ગામથી ચાલ્યા તે **ગોલાણા** ગામ થઈને **મોટી બોરૂ** આવ્યા. તે બોરૂ ગામના જે હરિભક્તો હતા તે શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. પછી ત્યાંથી ચાલતા થયા તે સાબરમતી નદીને ઊતર્યા અને ત્યાંથી જ્યાં **નાની બોરૂ** કહેવાય છે ત્યાં આવ્યા. ત્યાં સહુએ સ્નાન કરીને ટીમણ કર્યું. ૧૫-૧૭. નાની બોરૂ ગામના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિને આવ્યા સાંભળીને તત્કાળ દર્શન કરવા માટે આવ્યા. કારણ કે, તેમને શ્રીહરિ ઉપર ઘણું જ શુદ્ધ હેત હતું. ૧૮.

જ્યારે દિવસ પાછલો પહોર એક રહ્યો ત્યારે શ્રીહરિ નાની બોરૂ ગામથી ચાલ્યા. પોતે અશ્વ ઉપર બેઠા હતા. શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તક ઉપર પીળા રંગનું છત્ર ધારણ કર્યું હતું. તે ધીરે ધીરે ચાલતા **ભોળાદ** ગામ આવ્યા. ત્યાંના તળાવમાં કૂવો હતો ત્યાં સહુને પાણી પિવડાવ્યું. ૧૯-૨૦.

ભોળાદમાં વિપ્ર હરિભક્ત હતા તે શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. જ્યારે બધા સંઘે પાણી પી લીધું ત્યારે સહુ ત્યાંથી ચાલતા થયા. ૨૧. તે કમિયાળા ગામના માર્ગે ચાલ્યા. જ્યારે શ્રીહરિ ભોગાવો નદીએ આવ્યા ત્યારે કમિયાળા ગામના હરિભક્તો ભોગાવા ઉપર સામે આવ્યા. તે સહુ હરિભક્તોએ અવિનાશી શ્રીહરિનાં દર્શન કર્યાં અને સર્વ સુખના રાશી આવા શ્રીહરિ પછી **કમિયાળા** ગામમાં આવ્યા. ૨૨-૨૩. કમિયાળામાં રંગભીના શ્રીહરિ રાત રહ્યા ત્યારે હરિભક્તોએ ખૂબ સેવા કરી. જ્યારે જ્યારે શ્રીહરિ કમિયાળામાં રાત રહેતા ત્યારે હરિભક્તો સેવામાં કાંઈ કસર રાખતા નહીં.

પછી સવારમાં શ્રીહરિ કમિયાળાથી ચાલ્યા તે **ગાંફ** ગામ આવ્યા. તે ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે ઘણા ભાવથી શ્રીહરિનાં દર્શન કર્યાં અને પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે રણ ઊતરીને **ખરડ** ગામ આવ્યા અને ત્યાં સહુએ ટીમણ કર્યું. ૨૪-૨૬. ગામના સહુ હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી જ્યારે ચાલવાનો સમય થયો ત્યારે શ્રીહરિ ખરડ ગામથી ચાલતા થયા અને **ઝીંઝર** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તેમણે સંઘ તથા શ્રીહરિ માટે પાણીનાં વાસણ ભરી ભરીને રાખ્યાં હતાં. ૨૭-૨૮. ગામમાં જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિએ ત્યાં ઘણા હેતથી પાણી પીધું અને બધા સંઘે પણ ત્યાં પાણી પીધું. ૨૯.

પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે **પરબડી** ગામ થઈને **ભીમનાથ** ગામ આવ્યા. ત્યાં શ્રીહરિએ સ્વયં જઈને ભીમનાથ શિવજીનાં ભાવથી દર્શન કર્યાં. તે જગ્યામાં મહંત ગોસાઈ હતા. ૩૦-૩૧. તેમણે શ્રીહરિનો વારંવાર બહુ સત્કાર કર્યો. મહંતે શ્રીહરિને કહ્યું કે, "અહીં આપ રાત રહો. આ જેટલી જગ્યા છે તે આપની જ છે. ૩૨. જ્યાં સુધી આપ રાખશો ત્યાં સુધી અમે આ જગ્યામાં નિશ્ચિત રહીશું. અમે અમારા મનમાં આવું ચોક્કસ માનીએ છીએ, તેમાં કાંઈ સંદેહ નથી." ૩૩. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આ ભીમનાથની સમીપે જ પોલારપુર ગામમાં જઈને અમે રાત રહીશું. પોલારપુર ગામ કાંઈ તમારાથી દૂર નથી." ૩૪. ત્યારે મહંતે કહ્યું કે, "જે જોઈએ તે અમને કહેજો. કહ્યા વિના અમને કાંઈ ખબર પડશે નહીં. **આપના જેવાની**

સેવા કરવામાં જે વસ્તુ ઉપયોગી ન થાય, તો તે વસ્તુ મળી હોય તોપણ ન મળ્યા બરાબર છે. પછી તો તે ફક્ત શોક કરવાના કામમાં આવે છે.”

✵ સત્પુરુષ ઉપર રહેલો ભાવ જ મોક્ષનો માર્ગ છે :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **“જેનો એવો ઉચ્ચ ભાવ હોય છે એની જે જે વસ્તુઓ હોય તે મોક્ષના ઉપયોગમાં આવે છે. તેમાં કોઈ સંદેહ નથી.** પરંતુ સત્પુરુષના યોગથી જ તે વાત સત્ય ઠરે છે. ૩૫-૩૭. જેટલી વસ્તુ અસત્પુરુષના ઉપયોગમાં આવે છે તે તો ચોક્કસ નરકરૂપી ફળ આપે છે. ૩૮.

सोरठा : सत्पुरुष पर भाव, कपट छल रहीत जो रहे;
जेति हि वस्तु रहाव, मोक्ष के अर्थ आत तेहि...३९
सत्पुरुष पर जेह, जितना भाव रहे जोउ;
मोक्ष के मग हि तेह, निश्चय यह बात रहेउ...४०

વળી, જો સત્પુરુષ ઉપર છળ-કપટથી રહિત ભાવ હોય, તો તેની પાસે જેટલી વસ્તુ હોય તે તમામ મોક્ષના ઉપયોગમાં આવે છે. ૩૯. સત્પુરુષના ઉપર જેને જેટલો ભાવ હોય તેને માટે તે ભાવ જ મોક્ષનો માર્ગ છે. અર્થાત્ જેવો ભાવ હોય તેવો મોક્ષ થાય છે. આ વાત ચોક્કસ એમ જ છે.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “શ્રીહરિ નારથી ગઢપુર જવા નીકળ્યા તે રસ્તામાં ભીમનાથ પહોંચ્યા” એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૭

શ્રીહરિ પોલારપુરથી અનુક્રમે ગઢપુર આવ્યા અને સહુને દર્શન દીધાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ભીમનાથની જગ્યાના મહંતનો ભાવ દેખીને શ્રીહરિએ તેમને આગળ કહ્યા મુજબની વાત કરી. પછી ત્યાંથી અશ્વ ઉપર બેસીને ચાલતા થયા, તે **પોલારપુર** ગામ આવ્યા. તે ગામના જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. તે સહુએ

શ્રીહરિનાં દર્શન કર્યાં. ત્યાં શ્રીહરિએ ગામની બહાર ઉતારો કર્યો. ગામના બધા હરિભક્તોએ શ્રીહરિની સેવા કરી. ૨-૪. શ્રીહરિ ત્યાં રાત રોકાયા અને જ્યારે સવાર થયું ત્યારે અશ્વ ઉપર બેસીને ચાલ્યા તે **રોજીદડ** થઈને **કુંડળ** ગામ આવ્યા. ૫. કુંડળમાં જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને પછી ત્યાંથી જ્યારે આગળ ચાલ્યા તે **સમઢિયાળા** ગામ આવ્યા. ૬. તે ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી શ્રીહરિ ચાલતા થયા તે **કારિયાણી** ગામ આવ્યા. ૭. ત્યાં જેટલા હરિભક્તો હતા તે સહુ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા.

આ રીતે ત્યાંના હરિભક્તોને દર્શન દઈને શ્રીહરિ બધા સંઘને સાથે લઈને ત્યાંથી ચાલતા થયા તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. તે ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કર્યાં. ત્યાંના દરબાર અલૈયા ખાચરે શ્રીહરિને બપોરે જમવા માટે રોક્યા. શ્રીહરિ પણ તેમનો ભાવ જોઈને રહ્યા. તેમણે અયોધ્યાવાસીની પાસે સાકરના લાડુ કરાવ્યા. ૮-૧૦. પછી શ્રીહરિ ત્યાં જમ્યા અને પછી બધા સંઘને પણ જમાડ્યો. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો તે પછી શ્રીહરિ ત્યાંથી પ્રસન્ન મને ચાલ્યા. ૧૧. બહુનામી શ્રીહરિ **નિંગાળા** થઈને **ઉગામેડી** ગામ આવ્યા. ત્યાંના હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૨. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** આવ્યા. ત્યારે સૂર્ય અસ્ત થઈ ગયો હતો અને મશાલો કરાવી હતી. ૧૩. ગઢપુર ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા ભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૪.

શ્રીહરિ રાજમાર્ગે થઈને ગઢપુર ગામમાં આવ્યા અને જ્યાં દાદા ખાચરનો દરબાર છે ત્યાં પોતે પધાર્યા. ઓરડાની ઓસરીમાં બિછાવેલા પલંગ ઉપર આવીને બેઠા. ૧૫-૧૬. તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે જીવા ખાચર આવ્યા. જીવા ખાચરનો પોતાનો પરિવાર અને પોતાને આશરે રહેલા બીજા લોકો, તેમજ તેમના ભાઈનો પરિવાર, તે સહુ લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. સહુએ હરખથી શ્રીહરિનાં ચરણમાં નમસ્કાર કર્યાં અને પછી સહુ બેઠા. ૧૭-૧૮. દર્શન કરવા આવેલા તે

સહુને શ્રીહરિએ આદરથી આવકાર્યા અને બોલાવીને બેસાડ્યા. પછી જીવા ખાચર શ્રીહરિની સાથે વાત કરવા લાગ્યા. તેમના જેવું બીજા કોઈને બોલતા આવડતું નહીં. ૧૯.

✻ **શ્રીહરિને અંતરમાં રાખે તો દિવાળી, નહિ તો હોળી :**

જીવા ખાચરે કહ્યું કે, "મહારાજ ! આપ જે દિવસે ગઢપુરથી બહાર પધાર્યા તે દિવસથી આ ગઢપુર એકદમ સૂનું લાગતું હતું. તે બધી વાત આપને મારે શું કહેવી ? ૨૦. આપ આજે અહીં જ્યારથી પધાર્યા છો, ત્યારથી આખા ગામમાં ઘેર ઘેર દિવાળી થઈ છે. જ્યાં સુધી આપ અહીં રહેશો ત્યાં સુધી લોકોને રોજ રોજ દિવાળી કરતાં પણ અધિકપણે આનંદ-ઉત્સવ વર્તતા રહેશે. વળી, દેશદેશના હરિભક્તો આવશે અને રાત-દિવસ કથા, વાર્તા, કીર્તન વગેરે પણ થતાં રહેશે. ૨૧-૨૨. **આપ અહીં રહો છો તેથી આખાં બ્રહ્માંડમાં ગઢપુરની કીર્તિ અપરંપાર થઈ છે. જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ગઢપુરની કીર્તિ ચોક્કસ બધે જ છવાયેલી રહેશે. આપને લીધે જ અમારી કીર્તિ પણ અત્યંત પવિત્ર થઈ ગઈ છે. તે કીર્તિ હવે કાળ કે કર્મથી પણ ટાળી ટળે તેમ નથી.** ૨૩-૨૪.

આ બ્રહ્માંડમાં જેટલા અવગુણ કહેવાય છે તે બધા અમારામાં નિવાસ કરીને રહ્યા હતા. એટલું જ નહિ તે બધા અવગુણોને પણ અમે ગુણ માનતા હતા, એવા અમે બુદ્ધિમાન છીએ ! ખરેખર આ વાત હું આપને યથાર્થ કહું છું. ૨૫-૨૬. પરંતુ તે અમારા બધા અવગુણોને આપે માફ કર્યા, અને જેટલા શુભ ગુણો હતા તે અમને દેખાડી દીધા કે જેણે કરીને અમે સંસારમાં ભટકીએ નહીં. ૨૭.

જે અતિ ભાગ્યશાળી હોય તે અવશ્ય આપનાં વચનને માને છે. પરંતુ જે આપનાં વચનને માનતા નથી તે દુઃખને ભોગવતા રહે છે. ૨૮. તેમ છતાં જેને લીધે તે દુઃખ પામે છે, તેનો તે વિચાર પણ કરતા નથી. ગમે તેવા કોઈ વિદ્વાન હોય, કાશીમાં નિવાસ કર્યો હોય અને કેટલાક તો કાશીમાં રહીને ભણ્યા હોય, પરંતુ તે જ્યાં સુધી કરવા યોગ્ય વિચાર નથી

કરતા ત્યાં સુધી તે ખરેખર એક પણ ગ્રંથને ભણ્યા નથી. માત્ર કાશીમાં નિવાસ કરવાથી શું ફળ થાય ? ૨૯-૩૦. જેનાથી દુઃખ જ આવતું હોય તેવી બાબત કર્યા કરે તે તો મોટો ધનાઢ્ય થાય તોપણ શું થયું ? ચક્રવર્તી રાજા થાય કે ઈન્દ્ર થાય તોપણ શું ? ૩૧.

❋ સત્સંગ જ સુખનું દ્વાર છે :

चोपाई :

सत्संग रहे एक सुख ताके, द्वार जो कहावत हे वाके;
सत्संग की जिहाँ लग हि बाता, उर तामें नहीं ठेराता...३२
तिहाँ लग भवदुःख रहत फिराता, सत्संग बिन काम न आता...३३
एक बात यह जानत जबहू, ब्रह्मांड में विद्या जितनी तबहू;
पढ रहे कोउ रहे न अधूरा, निश्चय कर रहाये जरूरा...३४

સુખનું સાચું દ્વાર તો એક સત્સંગ જ કહેવાય છે. જ્યાં સુધી સત્સંગની વાત હૃદયમાં ઠેરાતી નથી ત્યાં સુધી તેને આ સંસારનું દુઃખ ફરી ફરીને આવ્યા કરે છે. સત્સંગ સિવાયનું બીજું કાંઈ કામ લાગતું નથી. ૩૨-૩૩. જે મનુષ્ય 'આ સત્સંગ જ સુખનું કારણ છે', તે વાતને જ્યારે જાણી લે છે ત્યારે તે આ બ્રહ્માંડમાં જેટલી વિદ્યાઓ છે તે બધી વિદ્યાઓને ભણી ચૂક્યો છે, તેને કાંઈ અધૂરું રહેતું નથી. તેણે કરવાનું કામ જરૂર કરી જ લીધું છે. ૩૪. હે મહારાજ ! આપના યોગથી હું આટલી વાતને દૃઢપણે સમજું છું. હવે અમારે એમ કરવું જોઈએ. પરંતુ એમ ન વર્તાય તે તો અમારો દોષ છે. પણ હે પ્યારા ! આપે તો બધું યથાર્થરૂપમાં બતાવી દીધું છે. ૩૫.

આ બાબતનો અમે જેટલો વિચાર નથી કરતા, તેટલા અમે આપના અપરાધી છીએ અને તે અપરાધને લીધે જ અમે વારંવાર લખચોરાશીમાં ફરતા રહીએ છીએ. ૩૬. **હે નાથ ! અમારાં દુઃખ દેખીને અમારા ઉપર દયા લાવજો. આપે જે અમારો હાથ પકડ્યો છે તેને ક્યારેય છોડશો નહિ, એમ હું આપને મસ્તક નમાવીને કહું છું."** ૩૭. ત્યારે શ્રીહરિએ જીવા ખાચરને કહ્યું કે, **"જે મનુષ્ય સત્સંગના ગુણને જ બોલતો રહે અને પોતાના**

તો દોષ જ દેખે તે મનુષ્ય તમામ પ્રકારના દોષથી અવશ્ય છૂટી જાય છે.” ૩૮. પછી શ્રીહરિએ જીવા ખાચરને પોતે જ્યાં જ્યાં ફર્યા હતા, અને જે જે બાબત થઈ હતી તે બધી વાત કહી. આવી શ્રીહરિની વાત સંસાર છોડાવનારી છે. ૩૯. શ્રીહરિએ જે વાત જેવી કહી હોય તે વાતને તેવા રૂપમાં જે સાંભળે છે તે પાપથી છૂટી જાય છે. કેમ જે, શ્રીહરિની વાત જ એવી મહિમાભરી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “શ્રીહરિ પોલારપુરથી અનુક્રમે ગઢપુર આવ્યા અને સહુને દર્શન દીધાં” એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૮

લક્ષ્મીબાગમાં પધારેલા શ્રીહરિ તથા પ્રસાદીનું માહાત્મ્ય

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ ગઢપુરમાં નિત્ય કથા, વાર્તા અને કીર્તન કરાવતા હતા, અને તેમાં જ સહુના રાત-દિવસ વીતતા હતા. ૨. **શ્રીહરિએ કથા, વાર્તા અને કીર્તન નિત્ય કરવાનું અને કરાવવાનું સહુને વ્યસન કરાવ્યું હતું. અને તે સિવાયનાં બીજાં જે કાંઈ વ્યસનો હતાં, તેનો ત્યાગ કરાવ્યો હતો.** જેમાં ભગવાનની સ્મૃતિ ન હોય તથા જેમાં કાંઈક દોષ દેખાઈ આવે તેવી બાબતને શ્રીહરિ ક્યારેય ગ્રહણ કરતા નહીં. ૩-૪.

☼ સ્મૃતિ અને સદ્ગુણો હોય ત્યાં શ્રીહરિ રહે છે :

चोपाई :

हरि की स्मृति हि रहत हे जामें, प्रगट भगवान के जो यामें;
निवास अखंड देखत भयेऊ, यामें मिथ्या रहे न तेऊ...०५
भगवान धर्म भक्ति यह ताकी, ज्ञान वैराग शुभ रहे वाकी;
जामें स्मृति रहायेउ जितना, प्रगट रहे यह तामें तितना...०६

જે કાર્ય કરવામાં ભગવાનની સ્મૃતિ રહેતી હોય તેમાં શ્રીહરિ પ્રગટ ભગવાનનો અખંડ નિવાસ દેખતા હતા. તેમાં કાંઈ ખોટું નથી. ૫. વળી, ભગવાન, ધર્મ, ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્યની શુભ સ્મૃતિ જેમાં જેટલી રહેતી હોય તેટલા તેમાં પ્રગટ પ્રમાણ ભગવાન રહે છે; ૬. એમ સમજીને કથા-કીર્તનાદિકનું વ્યસન શ્રીહરિ નિરંતર રાખતા-રખાવતા હતા. ભગવાન, ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એ પાંચની વાતને જ ઉત્તમમાં ઉત્તમ માનતા હતા. એ પાંચની જે વાત થતી તેમાંથી નિત્ય નવી નવી અલૌકિક વાત શ્રીહરિ કરતા હતા અને તે સાંભળતા કોઈને તૃપ્તિ થાતી નહીં. ૭-૮. આવી શ્રીહરિએ કહેલી એક વાતને પણ યાદ રાખીને કોઈ બીજા આગળ કહેવા જાય, તો તે વાતમાં શ્રીહરિ વાત કરતા હોય તેના જેવો યથાર્થ રસ કે જીવ આવતો નહીં. ૯. **જ્યારે શ્રીહરિ સભામાં વાત કરતા ત્યારે તે વાતની મૂર્તિ બંધાઈ જતી. તેથી તે સમયે નિદ્રા, આળસ અને પ્રમાદ વગેરે દોષો દૂર ભાગી જતા હતા.** ૧૦.

શ્રીહરિની વાતમાં ભારે ચમત્કાર રહેતો હતો. તે સાંભળનારાનાં જેટલાં પાપ હોય તેને ટાળી નાખતી હતી. આ બાબત જેને સત્સંગ દૃઢ હોય તેને દેખાતી હતી, પણ જેને સત્સંગ ન હોય તેને આવું જણાતું નહીં. ૧૧. જેના દિલમાંથી મોક્ષનો અંકુર જ નાશ પામી ગયો હોય, તેને દુઃખનો ત્રાસ ક્યારેય ઊપજતો નથી, પણ જેના દિલમાં મોક્ષનો અંકુર રહ્યો હોય તેને દુઃખના ત્રાસથી સત્સંગ થાય છે. ૧૨. જીવ જ્યારે સત્સંગ કરે છે ત્યારે તેનાં બધાં દુઃખ ટળી જાય છે, અને જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી જીવ દુઃખને ભોગવતો રહે છે. ૧૩.

જ્યારે પાંચ દિવસ, દસ દિવસ કે ક્યારેક પંદર દિવસ થાય કે ક્યારેક વીશ દિવસ થાય, ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને લક્ષ્મીબાગનો મનોરથ પૂરો કરવા માટે લક્ષ્મીબાગ આવતા હતા. તે બાગને દેખીને શ્રીહરિના દિલમાં આનંદ સમાતો નહીં. તે બાગમાં વચ્ચે એક ચોતરો હતો તેના ઉપર બાગમાં રહેનારા હરિભક્ત પલંગ બિછાવી દેતા હતા. આંબાના વૃક્ષની નીચે બિછાવેલા તે પલંગ ઉપર શ્રીહરિ આવીને બેસતા. ત્યાં રહેલ આંબાની

ઘણી જોરદાર ડાળીઓ શ્રીહરિના ઉપર ચારેય બાજુથી ઝૂકેલી રહેતી હતી. તે પલંગ ઉપર પરમ પુનિત એવા શ્રીહરિ પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસતા હતા. ૧૪-૧૮.

કેશવાનંદ નામે એક સ્વામી તે લક્ષ્મીબાગમાં રહેતા હતા. તેમણે શ્રીહરિને રાજી કરવા માટે પાણીનો એક ફુવારો કર્યો હતો. ૧૯. જ્યારે શ્રીહરિ લક્ષ્મીબાગમાં આવતા ત્યારે તે ચોતરા ઉપર બેસતા. તે સ્વામી ફુવારામાં પાણી ભરીને તે ફુવારો વારેવારે છોડતા. ૨૦. તે સમયે સીતારામજી નાના હતા. તે ફુવારાના પાણીને ઊછળતું દેખીને મનમાં ખૂબ જ ખુશ થાતા હતા. તે પાણીની શેડને આંગળીથી દબાવી રાખતા. ૨૧. આંગળીથી દબાવેલી શેડને જ્યારે છોડતા ત્યારે સીતારામજી ખુશ ખુશ થઈ જતા હતા. ત્યારે શ્રીહરિ બોલતા કે, ‘આ સીતારામ બહુ ચપળ છે અને ઘણા ખુશ થાય છે.’ ૨૨.

લક્ષ્મીબાગમાં ગયેલા શ્રીહરિ મુક્તાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી વગેરેને કહેતા કે, ‘તમે આજ દોકડ તથા સરોદ વગાડીને ગાન કરો.’ ૨૩. આ રીતે શ્રીહરિ પ્રસન્ન થઈને જ્યારે ગાન કરાવતા, ત્યારે તે ગાનમાં પોતે પણ સાથે ગાતા હતા. તે દિવસોમાં જે સંતો તથા હરિભક્તો ગઢપુરમાં રહેતા હતા તે બધાની સભા ભરાઈને બેસતી ત્યારે સહુ શ્રીહરિનાં દર્શનનો લાભ લેતા હતા. ૨૪-૨૫. જે લક્ષ્મીબાગની સંભાળ રાખનારા હરિભક્ત હતા, તે ફુલના હાર તૈયાર કરી લાવીને શ્રીહરિને ધરાવતા હતા. ૨૬. કેરી, કેળાં, જામફળ, સીતાફળ, મૂળા, કાકડી વગેરે ઋતુ પ્રમાણે જે જે થતું, તે શ્રીહરિની આગળ થાળમાં ભરીને ધરાવતા. શ્રીહરિ તે લાવનારા ભક્તોને રાજી કરવા માટે તે બધું જમતા હતા. ૨૭-૨૮. કેટલાય હરિભક્તો શ્રીહરિને માટે હરેક પ્રકારના મેવા અને દાડમ, શ્રીફળ, દ્રાક્ષ, નારંગી, ચકોતરાં(પપનસ) લીંબુ, રાયણ, જાબુંડાં, શેરડી, એ આદિક અનેક પ્રકારનાં ફળ અને મીઠાઈ પુષ્કળ પ્રમાણમાં લાવતા હતા. તેમનો ભાવ જોઈને શ્રીહરિ તેમાંથી જમતા હતા. ૨૯-૩૦.

શ્રીહરિ જ્યારે કોઈ મેવા-મીઠાઈને જમતા, ત્યારે તેની પ્રસાદી કરીને સંતો તથા હરિભક્તોમાં જે રીતે પહોંચે તેમ આપવી, તેમ સંતોને કહેતા. ૩૧.

સવાર-સાંજ વારંવાર જેને શ્રીહરિની પ્રસાદી મળતી તેના ભાગ્ય સમાન બીજા કોઈનું ભાગ્ય ન કહેવાય, એમ માહાત્મ્ય જાણનારા હરિભક્તો જાણે છે. ૩૨. જેમની મતિ ઉદ્ધવજી જેવી માહાત્મ્ય યુક્ત હોય તેમને આ વાત દેખ્યામાં આવે છે, પણ જેની સમજણ ઉદ્ધવજી જેવી ન હોય તેની મતિ તો તુચ્છ હોય છે. ૩૩. **ભગવાન શ્રીહરિ સંબંધી જે સુખ છે, તે જેના દેખ્યામાં આવતું નથી તેના જેવો બીજો કોઈ અભાગિયો નથી. સત્સંગમાં રહ્યો હોવા છતાં જે ભગવાન સંબંધી સુખનું માહાત્મ્ય જેમ છે તેમ જાણતો નથી, અને જે સત્સંગ નથી કરતો તેને મનુષ્યશરીર મળ્યું તે ન મળ્યા જેવું છે.** ૩૪-૩૫. કોઈને અપરંપાર બુદ્ધિ મળી હોય પણ તે જ્યાં સુધી સત્સંગથી બહાર રહે છે, ત્યાં સુધી તેની તે બુદ્ધિ તેના મોક્ષમાં ઉપયોગી થાતી નથી. ૩૬.

❋ મોક્ષ કરી લેવો એ જ બુદ્ધિની સાર્થકતા :

दोहा : मोक्ष ताके जो अर्थ में, आवत बुद्धि हि जेति;
ताके नाम बुद्धि रहे, सार्थक बुद्धि हि तेति...३७
मनुष्य जन्म तितना हि, सार्थक भयेउ जेहि;
सत्संग भये जितना हि, सबुद्धि कहत हि तेहि...३८

જે બુદ્ધિ જીવના મોક્ષમાં ઉપયોગી થાય છે તે જ ખરેખર બુદ્ધિ કહેવાય છે અને એટલી જ બુદ્ધિ સાર્થક છે. ૩૭. જેટલો સત્સંગ રાખવામાં આવે છે તેટલો જ તે મનુષ્યનો જન્મ સાર્થક થયો કહેવાય છે, અને તેટલો જ તે રૂડી બુદ્ધિવાળો કહેવાય છે. ૩૮. જે દુર્બુદ્ધિવાળો મનુષ્ય છે તે સત્સંગ કરનારાનો દ્રોહ કરે છે અને તેનાથી પોતાનું જ ભૂંડું કરે છે. ૩૯. **જે મનુષ્ય સત્સંગમાં સર્વોપરિ સાર-લાભ દેખે છે તે ક્યારેય સત્સંગને છોડતો નથી.** પૂર્વે સત્સંગમાં જ સાર દેખનારા પ્રહ્લાદાદિક બહુ ભક્ત થયા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "લક્ષ્મીબાગમાં પધારેલા શ્રીહરિ તથા પ્રસાદીનું માહાત્મ્ય કહ્યું" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૩૯

શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી પાસે વડતાલથી ગઢપુરમાં કેરી મંગાવી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ગઢપુરમાં જ્યાં અમુક સંતો રહેતા હતા તે જગ્યાએ જ સંતોને રહેવાને માટે આથમણા બારના ઓરડાઓ કરાવ્યા. ૨. તે દિવસોમાં બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિરમાં રહેતા હતા. ત્યારે તેમણે મંદિરની જેટલી જગ્યા છે તેને ફરતો ચારેબાજુ ઈંટોનો મજબૂત કોટ કરાવ્યો. તે કોટ કોઠાએ સહિત કરાવ્યો હતો. તે વખતે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી ઉપર એક પત્ર લખીને મોકલ્યો કે, 'પાકેલી સરસ સરસ કેરી લઈ, સાત આઠ ગાડી સુધી ભરાવીને તમે ગઢપુર મોકલજો.' ૩-૫. શ્રીહરિએ તે પત્ર લઈને દેવાભગત નામના પાર્ષદને મોકલ્યા. તે ભગત પત્ર લઈને બ્રહ્માનંદ સ્વામીની પાસે આવ્યા અને તેમને શ્રીહરિનો પત્ર આપ્યો. ૬.

બ્રહ્માનંદ સ્વામીએ તે પત્ર વાંચીને તરત માથે ચઢાવ્યો. પીપલગ ગામના પાટીદાર હરિભક્તો અપાર માહાત્મ્યવાળા હતા. ૭. શ્રીહરિ તથા સંતો તેમને જેમ કહેતા તેમ તેઓ શ્રદ્ધાએ સહિત કરતા હતા. તેઓ શ્રીહરિ તથા સંતોનું અપાર માહાત્મ્ય જાણનારા ભક્તો છે, એમ જાણીને બ્રહ્માનંદ સ્વામી હેતથી પીપલગ ગામ ગયા, અને સહુ હરિભક્તોને તે પત્ર વાંચી સંભળાવ્યો. તેથી તે ગામના પાટીદાર હરિભક્તો ખૂબ રાજી થયા. ૮-૯. પછી તે પાટીદાર હરિભક્તોએ બ્રહ્માનંદ સ્વામીના કહ્યા પ્રમાણે મનનાં અતિ હેતથી જેટલી જોઈએ તેટલી કેરીનાં ગાડાં ભરી દીધાં. કારણ કે, આવો અવસર ફરીવાર ક્યારેય આવતો નથી. ૧૦.

શ્રીહરિ ગઢપુરમાં રહેતા હતા ત્યાં જાળવણી પૂર્વક કેરીથી ભરેલાં સાત ગાડાં ગઢપુર પહોંચાડ્યાં. દાદા ખાચરના દરબારમાં ઓરડાની આગળના ચોકમાં જ્યાં લીમડાનું વૃક્ષ છે ત્યાં લાવીને તે કેરીનાં ગાડાં છોડ્યાં. ત્યારે શ્રીહરિ તે જોવા માટે આવ્યા. ૧૧-૧૨. ત્રીશ ત્રીશ મણ કેરી એક એક ગાડામાં ભરેલી હતી. તે જોઈને શ્રીહરિ ખૂબ જ રાજી થયા. પછી ગાડામાંથી

તે બધી કેરી ઉતારી. શ્રીહરિ પોતે જે ભવનમાં રહેતા હતા, ત્યાં એક ઓરડો વધારાનો હતો ત્યાં બધી કેરી લાવીને તેની રીત પ્રમાણે રખાવી. પાકેલી કેરીને અલગ રખાવી. તેમાંથી દસ-વીશ કેરીને ધોવડાવી. ૧૩-૧૫.

પછી મીઠી મીઠી કેરી જોઈને શ્રીહરિ જમ્યા અને કેરીનાં વખાણ કર્યાં. તે વખતે ત્યાં જે સંતો હતા તેમને પહેલા એક એક કેરી આપી. જે નજીકમાં પાર્ષદો હતા તે બધાને પણ એક એક કેરી આપી. ૧૬-૧૭. તે સિવાય દાદા ખાચર આદિક જેટલા હરિભક્તો હતા તે બધાને પણ યાદ કરીને શ્રીહરિએ પોતે એક એક કેરી આપી. ૧૮. શ્રીહરિના નાના મોટા બંને ભાઈની જે પત્નીઓ હતી તેમને શ્રીહરિએ પોતે દસ દસ શેર જેટલી કેરીઓ અપાવી. ૧૯. દરબારમાં બીજી જે હરિભક્ત બાઈઓ રહેતી હતી તે બધાને માટે પણ શ્રીહરિએ એક એક કેરીઓ આપી. સહુએ તે પ્રસાદી જાણીને લીધી. ૨૦.

પછી એક મણ જેટલી કેરી શ્રીહરિએ જીવા ખાચરના દરબારમાં પહોંચાડીને જીવા ખાચરને દીધી. ૨૧. જીવા ખાચરે પણ તે કેરી શ્રીહરિની પ્રસાદીની છે એમ જાણીને ઘણા હેતથી મસ્તકે ચઢાવી. તે વખતે જીવા ખાચર વારંવાર એમ બોલતા હતા કે, "કાંઈક નવીન અવસર હોય ત્યારે શ્રીહરિ અમને સંભારે છે. એટલા માટે અમારાં એટલાં બધાં ભાગ્ય છે કે એનો કોઈ પાર નથી, એમ અમે વારે વારે કહીએ છીએ. છતાં પણ અમે આવી બધી બાબતને કુસંગને લીધે ભૂલી જઈએ છીએ. ૨૨-૨૩. અમને કુસંગનો જોગ રહે છે. તેથી અમારી મતિ કુસંગ જેવી થઈ જાય છે. વળી, કુસંગનો ત્યાગ કરીએ એટલો અમારા જીવમાં ખપ પણ નથી રહ્યો." ૨૪. જે મોટા મનુષ્ય હોવા છતાં સત્સંગ પર જેટલો ભાવ રાખે છે તેને શ્રીહરિ ભૂલતા નથી. ૨૫. શ્રીહરિ તો જેને જેટલો ભાવ છે તેના કરતાં કરોડગણું અધિક ફળ આપે છે, અને જીવના તમામ અપરાધને માફ કરે છે. ૨૬.

❋ ગુણગ્રાહકતા તથા સેવાની ગરિમા :

सोरठा : सत्संग रहे जाहि, एक बात तिनके जेहि;
गुण रखत रहे ताहि, असदगति नहीं होत यह...२७

भगवान रहे जेह, गुण ग्राहक रहे तेहि;
ताकी तुलता हि तेह, तेहि करीके न होत केहु...२८

ચોપાઈ :

भगवान सम बडे होत न केही, चाय तेसे दूजे बडे तेही;
भगवान बिन दुजे में जेती, बडता देखावत हे तेती...२९
भगवान भगवान के जेऊ, संत रहाये साचे तेऊ;
हर कोउ बात एक करीता, सतकार ताके कोउ रीता...३०
अजान तामें करत रहाये, जेहि जोनी में जावत ताये;
बडता तितनी पावत हि ताही, तामें नहीं कछु झूठ रहाही...३१

આ સત્સંગ છે તેની કોઈ એક વાતનો પણ જે કોઈ ગુણ રાખે છે તેની અસદ્‌ગતિ થાતી નથી. ૨૭. કારણ કે, ભગવાન તો ઘણા ગુણગ્રાહક છે. તેથી જ તેમની તુલના કોઈની સાથે થઈ શકતી નથી. ૨૮. કોઈ ગમે તેટલો મોટો હોય તોપણ ભગવાન સમાન કોઈ મોટા થઈ શકતા જ નથી. ભગવાન સિવાય બીજામાં જેટલી મોટપ દેખાય છે, તે તો તે જીવે કોઈ જન્માંતરમાં ભગવાન તથા ભગવાનના સાચા સંતોનો કોઈ એક બાબતમાં અજાણતા પણ સત્કાર કર્યો હશે, તેના ફળરૂપે તે જીવ જે કોઈ યોનિમાં જાય છે ત્યાં તેને તેટલી મોટપ મળે છે, તેમાં કાંઈ મિથ્યા નથી. ૨૯-૩૧. આવા મહિમાને જે મિથ્યા માને છે તેને તેનું ફળ મળતું નથી. **ભગવાન તથા ભગવાનના સંતની સેવાનું ફળ સત્ય હોય છે.** ૩૨. જેની આસ્તિક બુદ્ધિ હોય છે તેને સેવાનું ફળ મળે છે. કારણ કે, આસ્તિક બુદ્ધિમાં જ સેવાનું ફળ રહ્યું હોય છે. ૩૩.

જે દિવસે કેરી આવી તેને વળતે દિવસ જ શ્રીહરિએ કેરીનો રસ કઢાવ્યો, અને ઘઉંની રોટલી કરાવી તેને ઘીમાં બોળાવી. ૩૪. નંદરામજીના મા સુવાસીનીબાઈ નામે છે તેમણે શ્રીહરિને માટે રસ તથા રોટલી કરી. પછી પ્રેમથી શ્રીહરિને જમાડ્યા. ૩૫. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે હાથ તથા મુખ ધોઈને મુખવાસ લીધો. તે પછી ચરણમાં ચાખડીઓ પહેરીને સંતોની જગ્યામાં પધાર્યા. ૩૬. સંતોને માટે જે જગ્યા બાંધી તે આથમણા બારની

હતી. તેની ઓસરી ઉપર સંતોની પંગત કરી. ૩૭. તે પંગત ઉત્તર-દક્ષિણ લાંબી કરી હતી. તે વખતે સંતો 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. ૩૮. ત્યાં કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરી અને જે અપાર ફૂલના હાર હતા, તે બધા શ્રીહરિને ધરાવ્યા. ૩૯. પછી શ્રીહરિએ હાથમાં રૂપાનો કટોરો લઈ રસથી ભરી ભરીને ઘણા ભાવથી સંતોની પંગતમાં કેરીનો રસ પીરસ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલથી બ્રહ્માનંદ સ્વામીની પાસે ગઢપુર કેરી મંગાવી" એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૦

અદ્‌ભુત સ્વરૂપને ધારી રહેલા શ્રીહરિએ ગઢપુરમાં આમ્રરસોત્સવ કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ વડતાલથી કેરી મગાવી હતી તેનો રસ કઢાવીને સંતોને જમાડવા પંગત કરી હતી. તે પંગતમાં શ્રીહરિ જ્યારે રસ પીરસી રહ્યા ત્યારે ધોયેલી-એકદમ સફેદ સાકર રસમાં પીરસી. તેમાં કાંઈ કસર રાખી નહીં. ૨. સાકર પીરસી રહ્યા પછી હાથમાં ઘીની તાંબડી લઈ રસમાં ઘી પીરસવા લાગ્યા. શ્રીહરિનું તે ઘી પીરસવાનું ચાતુર્ય કહી શકાતું નથી. ૩.

❋ શ્રીહરિની નખશિખ મૂર્તિ ચાતુર્યથી ભરેલી હતી :

सोरठा : अपरमपार रहाय, चातुरता एसी न केउ;
देखे सुने न आय, देखत यह बिसरत नहीं...०४

चोपाई :

श्रीहरि जो जो करत रहाये, चातुरता बिन रहे न ताये;
श्रीहरि की मूर्ति रहेउ एसी, नखशिख चातुरता भरे तेसी...०५

चातुरता के बिज हि रहेऊ, जेति चातुरता यामें भरेऊ;
घृत पिरसि रहेउ जेहि वेरी, रोटलि पिरसत भये तब तेरी...०६

શ્રીહરિમાં ચતુરતા અપરંપાર હતી, એવી ચતુરતા બીજે ક્યાંય દેખી-સાંભળી નથી. એક વખત જેણે શ્રીહરિની ચતુરતા જો દેખી હોય તે પછી ક્યારેય ભૂલાતી નહીં. ૪. **શ્રીહરિ જે કાંઈ ક્રિયા કરતા તે ચાતુર્ય વિનાની એક પણ ન હતી. કારણ કે, શ્રીહરિની મૂર્તિ જ એવી હતી કે તેમાં નખથી શિખા પર્યંત ચતુરતા ભરી હતી.** ૫. શ્રીહરિ પોતે સમસ્ત ચાતુર્યનું બીજ-કારણ છે. તેથી જ્યાં-જ્યાં જેટલી કાંઈ ચતુરતા છે તે બધી શ્રીહરિમાં રહેલી છે. જ્યારે શ્રીહરિ રસમાં ઘી પીરસી રહ્યા ત્યારે રોટલી પીરસવા લાગ્યા. ૬. તે પીરસાઈ રહ્યા પછી શ્રીહરિએ સંતોને જમવા માટેની રજા આપી. પરમ નિપુણ સંતો જમવા લાગ્યા. સંતો તથા પાર્ષદો જ્યાં સુધી જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં વારંવાર રસ પીરસતા રહ્યા. પ્યારા શ્રીહરિએ કોઈ દિવસ ન કર્યો હોય તેવો આ રસ જમાડવાનો ઉત્સવ કર્યો હતો. ૭-૮.

દરબાર દાદા ખાચર અને જીવા ખાચરના નજીકના જે સંબંધીઓ હતા તેને પણ શ્રીહરિ આવે પ્રસંગે જમાડતા હતા. ૯. શ્રીહરિના દિલમાં જ્યારે ઉમંગ આવે ત્યારે કોઈ નવીન રસોઈ દેતા હતા. જેટલા સંતો-પાર્ષદો હતા તેમને જમાડતા હતા અને ત્યારે દાદા ખાચરને જમાડતા, તેમના સંબંધીને પણ ક્યારેક જમાડતા અને ક્યારેક સંબંધી વગરનાને પણ જમાડતા. ૧૦-૧૧. **શ્રીહરિની આવી તો ઘણી વાતો છે, તેમાંથી જેટલી સાંભરી આવે છે તેટલી કહું છું. મારે તો કોઈ પણ પ્રકારે કરીને શ્રીહરિના ચરિત્રને સંભારવા છે.** ૧૨. **શ્રીહરિના ચરિત્રની વાત સર્વોપરિ છે. આ વાતના જેવી બીજી કોઈ વાત નથી. તે વાત કહેવી અને સાંભળવી કઠણ છે, તે કાંઈ સુગમ નથી.**

બીજે દિવસે શ્રીહરિએ કેરીનો રસ કઢાવ્યો ત્યારે વરિયાળીબાઈએ શ્રીહરિને માટે ભોજન તૈયાર કર્યાં. તેણે રસ, રોટલી અને મોટાં મોટાં વડાં કર્યાં હતાં. તે શ્રીહરિને બોલાવીને ઘણા ભાવથી જમાડ્યા. ૧૩-૧૫. પછી જ્યાં સંતોને માટે નવાં ભવન બનાવ્યાં હતાં, ત્યાં સંતો અને પાર્ષદોને જમવા માટેની પંગત કરાવી. પછી શ્રીહરિ પીરસવા આવ્યા. શ્રીહરિને સંતો તથા

પાર્ષદોને પીરસવાનો ભાવ હતો. તેથી શ્રીહરિએ તેમને ભાવથી પીરસ્યું. દાદા ખાચરને પણ તે દિવસે શ્રીહરિએ આવીને પીરસ્યું. જેટલાં ભોજન કર્યાં હતાં તે પંક્તિ બેઠી હતી તેમાં પીરસ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે જમવાની રજા આપી, ત્યારે સંતો તથા પાર્ષદો જમવા લાગ્યા. જ્યાં સુધી બધા જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૧૬-૧૯.

પછી ત્રીજે દિવસે પણ કેરીનો રસ કઢાવ્યો અને ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુને કેરી જમવા બોલાવ્યા. વળી, જેટલા સંતો હતા તેમને પણ બોલાવ્યા. ૨૦. હરિભક્ત સિવાયના પણ કેટલાક આવ્યા હતા. તે સહુને શ્રીહરિએ કેરી અપાવી. કોઈને ના કહી નહીં. ૨૧. શ્રીહરિની આગળ બેસીને જે જમતા હતા તેને શ્રીહરિ કેરી આપતા હતા. આ રીતે શ્રીહરિએ કેરીનો ઉત્સવ કર્યો. શ્રીહરિની રીત તો અલૌકિક હતી. ૨૨.

શ્રીહરિ આવા તો કેટલીય જાતના ઉત્સવ વારંવાર કરતા રહેતા. જે ઋતુનાં જે ફળ હોય તે કોઈ અવસરે જ્યારે સહેજે આવતાં, ત્યારે તે ફળનો શ્રીહરિ ઉત્સવ કરતા હતા. જ્યારે સંતો તથા હરિભક્તોની જેવડી કાંઈ સભા થતી, તે સમયે જો કાંઈ ફળ આવે તો પહેલા શ્રીહરિ સંતો, વર્ણી તથા હરિભક્તોને ભાવથી તે આપતા, અને પછી પોતે ભાવથી જમતા હતા. ૨૩-૨૬. શ્રીહરિ જ્યાં રહેતા હોય ત્યાં આવા ઉત્સવ તો રોજ એક વાર તો નિશ્ચિતરૂપમાં થતા હતા. ૨૭. શ્રીહરિ આ રીતે ભક્તજનોની સાથે હરકોઈ બાબતે રોજ એક વાર તો આનંદ ઉત્સવ કરતા હતા. ૨૮. જ્યારે જેઠ માસ અરધો વીત્યો ત્યારે વરસાદનો આદર થયો. ગાજવીજની સાથે ઘણાં વાદળાં થવાં લાગ્યાં અને તેનાથી બધો આકાશ છવાઈ ગયો હતો. ૨૯. સતત વાદળાં રહેવાથી તડકો લેશ પણ ન રહ્યો અને તેનાથી તડકાનો ક્લેશ મટી ગયો. જ્યારે ભીમ એકાદશી આવી ગઈ પછી વરસાદ થવા લાગ્યો. ૩૦.

※ મૂર્તિવર્ણન :

ઉન્મત્તગંગા નદીમાં બ-ત્રણ વાર પૂર આવ્યું. પછી શ્રીહરિ સંતો, વર્ણી તથા હરિભક્તોની સાથે તેમાં સ્નાન કરવા માટે ચાલીને જતા. તે વખતે

શ્રીહરિ સીસમની ઘણી હળવી નવી ચાખડીઓ પહેરતા હતા. ૩૧-૩૨. તે ચાખડીઓ આધારાનંદ સ્વામીએ પોતે કરીને પહેરાવી હતી. ચાખડીઓ પહેરીને શ્રીહરિ નાવા ચાલ્યા ત્યારે સેવકે મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું. ૩૩.

શ્રીહરિએ જમણા હાથમાં એક લાકડી લીધી હતી, અને ઝરમર ઝરમર વરસાદના ઝીણા છાટા પડતા હતા. શ્રીહરિએ શ્વેત ચાદર ઓઢી લીધી હતી. ૩૪. શ્વેત ખેસ પહેર્યો હતો, મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પાઘ ઉપર શ્વેત ફૂલના તોરા લટકી રહ્યા હતા. ૩૫. શ્વેત ફૂલના જાડા હાર પહેર્યા હતા, તેની શોભા અનુપમ થઈ હતી. શ્વેત ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા હતા. ૩૬. વળી, શ્વેત ફૂલના બાજુ બંને ભુજાઓ ઉપર બેવડા બાંધ્યા હતા અને હાથમાં પહોંચી પણ બાંધી હતી. ૩૭. પાઘનું છોગું પાઘ ઉપર ઘણું શોભતું હતું. માનો, શ્વેત ફૂલનો મુકુટ પહેરાવ્યો હોય તેવું જણાતું હતું. ૩૮. શ્વેત રૂમાલે કરીને કમર કસી લીધી હતી. **શ્રીહરિની મૂર્તિ શોભાની ખાણ હતી. તેથી તે મૂર્તિ એક વાર જોયા પછી ભૂલાતી નહીં.** ૩૯. **તે મૂર્તિનાં દર્શન કરીને જે અંતરમાં ધારી રાખતા હતા, તે મૂર્તિને અખંડ દેખતા હતા. આવી અદ્‌ભુત શ્રીહરિની મૂર્તિ હતી.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "અદ્‌ભુત સ્વરૂપને ધારી રહેલા શ્રીહરિએ ગઢપુરમાં આમ્રરસોત્સવ કર્યો" એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૧

શ્રીહરિએ પહેલો વરસાદ થતાં સહુની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ઉન્મત્તગંગામાં ગઢાળી ગામનો જે આરો કહેવાય છે ત્યાં શ્રીહરિ આવીને સ્નાન કરવા લાગ્યા. તેમજ સંતો, વર્ણી તથા હરિભક્તો પણ ત્યાં શ્રીહરિની સાથે હરખભેર સ્નાન કરવા લાગ્યા. ૨-૩. જ્યારે શ્રીહરિ નહાતા હતા ત્યારે ઉપરવાસ

વરસાદ થવાને કારણે નદીમાં થોડું પાણીનું પૂર વધું આવ્યું. તે પૂરનાં ડોળાં પાણીને આવતાં શ્રીહરિએ દેખ્યું. ૪.

જ્યારે નદીમાં ઘણા કચરા સાથેનું નવું ડોળું પાણી આવ્યું ત્યારે શ્રીહરિ ત્યાંથી એકદમ ઝડપથી ચાલ્યા. તે નદીના દક્ષિણ કિનારે બહાર નીકળી ગયા. ૫. પછી ચરણમાં ચાખડીઓ પહેરી લીધી. રંગભીના શ્રીહરિનું શરીર ઉઘાડું હતું. જમીન ઉપર ઘણા કાંકરાઓ હતા. તેમાં વિચાર કરીને ચાલતા હતા. ૬. શ્રીહરિ પશ્ચિમ દિશા તરફ દૂર સુધી ઘણા વેગથી દોડતા ચાલ્યા. સંતો, વર્ણી અને હરિભક્તો સહુ સાથે હતા. શ્રીહરિના દિલમાં ઘણો જ ઉમંગ હતો. ૭. પગમાં ચાખડીઓ પહેરી હતી. તે તૂટી જવાની પણ મનમાં શંકા રાખી નહીં. પછી શ્રીહરિ ખીજડીએ આરે આવ્યા અને ત્યાં નહાયા. ૮. ત્યાં બ-ત્રણ ઘડી સુધી નહાયા, ત્યારે સંતો ગરબીનાં પદ ઉત્સાહભેર ગાવા લાગ્યા. સહુના દિલમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો. ૯.

⁕ સમજણ પ્રમાણે શ્રીહરિનું સુખ મળે છે :

चोपाई :

ऐसे आनंद न रहे केऊ, प्रगट श्रीहरि जो संग रहेऊ;
सरवोपरि आनंद हि जेही, सरवोपरि सुख रहेउ तेही...१०
निरंतर श्रीहरि देत रहाते, ऐसे सुख न केउ कहाते;
समझ जाकु जेसे हि रहीता, तेसे सुख जो तेहि लहीता...११
हरि संबंधि सुख रहे जितना, समझ तामें रहाये तितना;
हरि संबंधि समझ जो जितनी, साचि समझ रहायेउ तितनी...१२

એવો આનંદ બીજો કોઈ છે જ નહીં. કેમ જે, પ્રગટ શ્રીહરિની સાથે રહેવું એ જ સર્વોપરિ આનંદ છે અને એ જ સર્વોપરિ સુખ છે. ૧૦. શ્રીહરિ પોતાના ભક્તજનોને નિરંતર સુખ આપતા હતા. આવું સુખ બીજું કોઈ કહેવાય નહીં. પરંતુ જેને જેવી સમજણ હોય તે તેવું સુખ પામે છે. ૧૧.

શ્રીહરિ સંબંધી જેટલું સુખ છે તે તો સમજણમાં રહ્યું છે. શ્રીહરિના સ્વરૂપ સંબંધી જે સમજણ છે તે જ સાચી સમજણ છે. ૧૨. તેના સિવાયની

બીજી જે સમજણ છે તે તો સંસારના બંધનરૂપ છે. આવી રીતે જે સમજે તે બધું સમજી ગયો છે. એ જ સમજણ સંસારનું બંધન ટાળનારી છે. ૧૩. કદાચ કોઈ સંપૂર્ણ ભૂમિને સોનાથી મઢી દે, વગર આગે સહજભાવે આગ પ્રગટાવે, એવા થવાથી શું વિશેષ ? હજારો કોશ ઉપરની વાતને એક પળવારમાં જાણી લે, આવી સિદ્ધિ મળી હોવા છતાં પણ પરમ સુખમય શ્રીહરિની વાત સિવાય તે સિદ્ધિનું કાંઈ મહત્ત્વ જણાતું નથી. એક જ દિવસમાં હજારો મનુષ્યને બસો કોશ જેટલે દૂર રેલગાડી વડે પહોંચાડી દે છે. ૧૪-૧૬.

તે સિવાયની બીજી પણ કેટલીય આશ્ચર્યકારી વાત દેખાય છે. પરંતુ જ્યાં સુધી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં ચિત્ત ન લાગે તો તે બધાં આશ્ચર્યથી શું ફાયદો થયો ? ૧૭. **મનુષ્યની જેટલી ચિત્તની નિપુણતા છે તે જ્યાં સુધી ભગવાન સંબંધી વાતમાં ઉપયોગી ન થાય ત્યાં સુધી તે બધી નિપુણતા નિર્જીવ છે.** ૧૮. જેટલાં મનુષ્યો છે તે સહુને માથે જન્મ-મરણ રહ્યું છે. જ્યાં સુધી તેનો વિચાર કરવામાં નથી આવતો અને બીજા જ અપાર વિચાર કરવામાં આવે છે, તથા જેમાં જન્મ-મરણ માથે રહેતું હોય એવા માર્ગે જ જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી મનુષ્યનો જન્મ મળ્યો તોપણ શું ? કોઈ કરોડપતિ થાય કે રાજા થાય તોપણ શું ? અને દેવ થાય તોપણ શું ? પરંતુ જ્યાં સુધી મોક્ષના માર્ગને નથી ઓળખતો ત્યાં સુધી જિંદગીભર વેદ અને બધા પુરાણને ભણે તથા ગમે તેવો બુદ્ધિમાન કહેવાતો હોય, તોપણ તેની ગણતરી પશુમાં થાય છે. સર્વે સત્પુરુષો કહે છે કે, 'ભગવાનની વાતમાં બધી જ વાત આવી જાય છે.' ૧૯-૨૨.

ભગવાનના ભક્ત હોવા છતાં જેટલા આવું નથી સમજતા તે બાળબુદ્ધિમાં ગણાય છે, એમ મુનિવરો કહે છે. ૨૩. શ્રીહરિ આવી વાતો તો બહુ વખત કરતા હતા. વળી આશ્ચર્યકારી વાત પણ વારંવાર કહેતા હતા. મને જેમ યાદ આવે છે તેમ કહું છું. કહ્યા વિના મને શાંતિ થતી નથી. ૨૪. **વાતનો પ્રસંગ મળે કે ન મળે છતાં શ્રીહરિની જેટલી વાત યાદ આવે છે તેટલી હું કહું છું. કેમ જે, તે બધી વાત જીવને સંસારથી તારનારી છે.** ૨૫. શ્રીહરિના સંબંધવાળી વાત સિવાયની બીજી ચાહે તેવી ભારે

વાત હોય, તોપણ તે જીવને સંસારમાં ભટકાવનારી અને ખુવાર કરનારી છે. ૨૬. જેમાં અપાર દુઃખ રહ્યું હોય એવા માર્ગે જે ચાલે છે, તે ક્યારેય સુખ પામતા નથી. ૨૭. ભગવાન સિવાયની વાતો દુઃખમય છે, એમ આ બાબત જ્યારે જાણે છે ત્યારે ભગવાનની વાતમાં તેનું ચિત્ત ચોંટે છે. ૨૮.

※ હરિમાં ચિત્ત ચોંટે તો આવરણ ટળે :

चोपाई :

भगवान ताकि बात में जेहा, जब हि चोंटत चित रहे तेहा;
तब तेहि आवर्ण रहे जेता, दूर भये जानना यह तेता...२९
भगवान ताकि बात हि तामें, जिहाँ लग जितना चित्त हि यामें;
चोंटत नहीं तितना हि ताकू, आवर्ण रहे जानना वाकू...३०
भगवान की बात महीं जितना, चोंटत नहीं रहाये तितना;
भगवान तिनसे रहेउ दूरा, चोंटत तितना रहेउ हजूरा...३१
अपार साधन ताके जेहू, फल रहायेउ इतना तेहू;
भगवान ताकि बात हि तिनमें, चोंटना भव तारन देख तिनमें...३२

જ્યારે ભગવાનમાં ચિત્ત ચોંટે ત્યારે જ તેનાં બધાં આવરણો(મોક્ષ માર્ગનાં વિઘ્નો) દૂર થઈ જાય છે; તેમ સમજવું. ૨૯. જ્યાં સુધી ભગવાન સંબંધી કથા-વાર્તામાં મનુષ્યનું ચિત્ત ચોંટતું નથી ત્યાં સુધી તેને બધી જાતના આવરણ રહે છે; તેમ સમજવું. ૩૦. જેનું મન ભગવાનની વાતમાં જેટલું ચોંટતું નથી તેટલા ભગવાન તેનાથી દૂર રહે છે, અને જેનું મન ભગવાનના સ્વરૂપમાં ચોંટે છે તેટલા ભગવાન તેની નજીક રહે છે. ૩૧. અનેક સાધનોનું એટલું જ ફળ છે કે, ભગવાન સંબંધી વાતને સંસારથી તારનારી જાણીને તેમાં ચિત્તને ચોંટાડવું. ૩૨.

શ્રીહરિ જ્યારે ઉન્મત્તગંગામાં સ્નાન કરી રહ્યા ત્યારે ત્યાંથી ગઢપુર ગામમાં આવ્યા. ગામનો પશ્ચિમ તરફનો જે દરવાજો છે ત્યાંથી ગામમાં પ્રવેશ્યા. ૩૩. બજારમાં ઘણો કીચડ થયો હતો. તેમાં ચાખડી ખૂંતી જાતી હતી અને ચાખડી પહેરી રાખવામાં લાગ આવતો ન હતો. તેથી શ્રીહરિએ ચાખડીને કાઢી નાખી. ૩૪.

❋ શ્રીહરિની સ્વાભાવિક રુચિ :

चोपाई :

जो जो बात में दुःख देखाते, हरि तरत यह त्याग कराते;
एसी बात रहाये अपारा, गिनत ताके न आवत पारा...३५

जो जो बात ता महीं जोऊ, जिहाँ लग सुख देखात सोऊ;
तिहाँ लग यह संबंध रखाता, दुःख देखात तब दूर कराता...३६

दोहा : निरबंध इमि रहेउ हरि, सत्य बात हि तामें;
सत्य देखात जिहाँ लग, तिहाँ लग जो तामें...३७

बंधात रहे सत्य महीं, सत्य न त्याग करत;
असत देखात जितना, त्याग करत जो तरत...३८

જે જે બાબતમાં દુઃખ દેખાતું તે વાતનો શ્રીહરિ તરત ત્યાગ કરતા હતા. એવી બાબતો તો અપાર છે. તેનો ગણ્યે પાર આવતો નથી. શ્રીહરિને જે જે બાબતમાં જ્યાં સુધી સુખ દેખાય ત્યાં સુધી તેનો સંબંધ રાખતા, અને જ્યારે દુઃખ દેખાય ત્યારે તેને દૂર કરી દેતા હતા. ૩૫-૩૬. આ રીતે શ્રીહરિ નિર્બંધ રહેતા હતા. સત્ય વાતમાં પણ જ્યાં સુધી સત્ય દેખાતું ત્યાં સુધી તે સત્યમાં બંધાઈ રહેતા. શ્રીહરિ સત્યનો ત્યાગ કરતા નહિ, પણ તેમાં જેટલું અસત્ય દેખાતું તેનો તરત ત્યાગ કરી દેતા. ૩૭-૩૮. ગઢડાની બજારમાં આહીરનો ચોરો છે. ત્યાં જેટલા આહીરો બેઠા હતા, તે સહુ શ્રીહરિ જ્યારે ત્યાં આવ્યા ત્યારે ઊભા થઈને પગે લાગ્યા અને કહ્યું કે, "મહારાજ ! અમે તો આપના છીએ." ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ પહેલો વરસાદ થતા સહુની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું" એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૨

શ્રીહરિએ નમ્રતાની ગરિમા કહી તથા આધારાનંદ સ્વામીને શ્વેતદ્વીપપતિ વાસુદેવનું ચિત્ર કરવાનું કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ઉન્મત્તગંગામાં સ્નાન કરીને આથમણે દરવાજેથી ગઢપુર ગામમાં આવતા શ્રીહરિ આહીરના ચોરાથી આગળ ચાલ્યા. જીવા ખાચરના દરબારના દક્ષિણ તરફના ભાગમાં બજારના નાકા પાસે આવ્યા, ત્યારે ત્યાં જીવા ખાચર ઊભા હતા. ૨-૩. તે શ્રીહરિને મનના અતિ આદરભાવથી પગે લાગ્યા. આ રીતે તેઓ ઘણી વાર દર્શનનો લાભ લેતા હતા. ૪. તેમની સાથે દસ-વીશ કે ત્રીશ જેટલા માણસો હતા, તે પણ જીવા ખાચરની મોબત રાખવા માટે શ્રીહરિને પગે લાગ્યા. ૫.

❋ નમ્રતા અનેક ગુણોની જનની છે :

માણસો જો માણસની રીતે વર્તન રાખે તો તેણે કરીને તે શોભે છે. જેને નમસ્કાર કરવાનો પણ વિવેક નથી, એવો મનુષ્ય થયો હોય તોપણ પશુબુદ્ધિનો છે. ૬. **કોઈ મનુષ્ય ગમે તેવો મોટો હોય પણ જો તેમાં નમ્રતાનો ગુણ ન હોય તો મનુષ્ય થયો તોપણ શું ? જેનામાં નમ્રતાનો ગુણ નથી તેમાં એક પણ ગુણ રહેતો નથી. ૭. સત્પુરુષો તથા સત્શાસ્ત્ર એમ કહે છે કે, નમવા યોગ્યને ન નમવું તે જ અવિવેક છે. ૮.** જેમાં જેવા ગુણ હોય છે તે તેના વર્તનમાં દેખાઈ આવે છે. મનુષ્યનું વર્તન જ તેમાં રહેલા શુભ તથા અશુભ ગુણોને દેખવાની કસોટી છે. ૯. માણસમાં રહેલા દોષોને ગમે તેટલા છુપાવવામાં આવે, તોપણ તે તેના વર્તન ઉપરથી દેખાઈ આવે છે. સોનામાં જેવા ગુણ રહ્યા હોય છે તેને તેની કસોટી કહી દે છે. ૧૦. જે કોઈ પણ નામની વ્યક્તિ કે વસ્તુ હોય, તેમાં રહેલા ગુણ અને અવગુણને દેખવા માટેનો સહુમાં એક એક ઉપાય રહ્યો હોય છે. તે ઉપાયથી તેના ગુણ દેખાઈ આવે છે. જેમાં જેવા ગુણ હોય છે તેમાં તેવો ભાવ થાય છે. ગુણ જ બધી બાબતનો પ્રાણ છે. શ્રીહરિની વાતમાં અપાર ગુણો રહ્યા છે. ૧૧-૧૨.

શ્રીહરિની વાત સિવાયની જે બીજી વાતો હોય છે તે જીવનો ઉદ્ધાર કરતી નથી. શ્રીહરિની વાત તો એટલી સરસ અને નિર્ધારિત છે કે, તે વાતને જે જાણે છે તેનો ઉદ્ધાર શ્રીહરિ કરે છે તેમાં કાંઈ મિથ્યા નથી. ૧૩-૧૪. જે મનુષ્ય શ્રીહરિની વાતને મિથ્યા જાણે છે તેનો ક્યારેય મોક્ષ થતો નથી. આ વાત નક્કી છે. ૧૫. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે અનેક કલ્પપર્યંત સંસારમાં ભટકતો રહે છે. ૧૬. સત્સંગ વગરના મનુષ્ય ચાહે તેટલા બુદ્ધિમાન હોય અને ત્રિલોકીનું રાજ્ય કરતા હોય, છતાં પણ તે જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેને સંસારનું ભટકણ મટતું નથી. અને તેની બુદ્ધિ પણ ત્યાં સુધી મોક્ષના ઉપયોગમાં આવતી નથી. ૧૭-૧૮. કોઈ મનુષ્ય એક કલ્પ પર્યંત અશ્વમેધના જેવા અપાર યજ્ઞ કરતો રહે, કોઈ એક કલ્પપર્યંત રોજ કરોડ ગાયોનું દાન આપતો રહે, ૧૯. તેમજ કોઈ બધા ભોગોને છોડીને એક કલ્પપર્યંત અષ્ટાંગ યોગને સાધતો રહે, વળી સત્સંગ સિવાયના જેટલાં સાધન છે તે બધાંને એક કલ્પપર્યંત કોઈ કરતો રહે, તોપણ તે જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેનો મોક્ષ થાતો નથી.

❋ જે સત્સંગની રીતને જાણે તે મહાસુખ માણે :

જે મનુષ્ય સત્સંગની ખરી રીતને જાણે છે તેને આવું દેખાય છે. ૨૦-૨૧. સત્સંગ કરવા છતાં પણ જેને આ રીતે સૂઝતું નથી તેણે સત્સંગ કર્યો જ નથી. માટે સહુથી અધિક સત્સંગને જાણવો પણ સત્સંગ સમાન બીજા કોઈને માનવા નહીં. ૨૨. મનુષ્ય જ્યાં સુધી બીજી કોઈ બાબતને સત્સંગથી અધિક જાણે છે ત્યાં સુધી તે ભગવાનનો ચોર રહે છે, અને તે કોઈ બીજા સારા સ્થાનને પામતો નથી. ૨૩. જ્યાં સુધી સત્સંગ ઉપર ભાવ થાતો નથી અને અભાવ રહે છે, ત્યાં સુધી તેને જન્મ, મરણ અને લખચોરાશી વારંવાર રહે છે; તેનો ક્યારેય નાશ થતો નથી. ૨૪. તેમજ સત્સંગ ઉપર જેને ભાવ નથી તેવા માણસને જમપુરીનું જેટલું દુઃખ છે તેટલું નિશ્ચિત રહે છે; તેમાં કોઈ ફેર નથી. ૨૫. માણસમાં ગમે તેટલી ચતુરતા હોય પણ તે ચતુરપણું સત્સંગ વગર મોક્ષના ઉપયોગમાં આવતું નથી. ૨૬. મનુષ્યને

જ્યારે સત્સંગ ઉપર ભાવ થાય છે ત્યારે તેણે જેટલાં સાધન કર્યાં હોય તે બધાંનું પૂરું ફળ મળ્યું કહેવાય. ૨૭. જેટલાં શાસ્ત્રો છે અને શુકદેવજી, સનકાદિકો, વ્યાસ મુનિ તથા નારદજી જેવા સત્પુરુષો છે તે પણ આવી જ વાતો કહે છે. ૨૮.

શ્રીહરિ જીવા ખાચરને દર્શન દઈને ચાલ્યા. જ્યાં રાજમાર્ગમાં ચાલ્યા જતા હતા ત્યાં મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. રસ્તામાં હજારો લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા, અને મુખથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. તેમજ બંને હાથ જોડીને મસ્તક નમાવતા હતા. તે લોકોનાં સદ્‌ભાગ્ય કહી શકાતાં નથી. ૨૯-૩૦.

❋ જે ભગવાન અને સંત પાસે વળે તેનાં તમામ પાપ બળે :

चोपाई :

भाव सहित श्रीहरि के जेते, शिर नमावत रहाये तेते;
कर जोरत दरशन हि करीता, भवसागर तेहि जात तरीता...३१
कोटि हि कोटि कल्प के जेता, अघ रहाये शिर पर हि तेता;
हरि कु हरिजन कु हि नमाते, ताके अघ नास होइ जाते...३२
सूर्य आगे निशि रहे ताके, लेश मात्र न चलत हे वाके;
अनल आगे रहे काष्ठ जितना, भस्म होइ जावत हे तितना...३३
लोह अनल के जोग कराते, अनल जेसे आत देखाते;
तिमि हरि संत रहाये ताके, भाव कर निष्कपट जो वाके...३४
नमस्कार भाव सहित कराता, अपार अघ से छूटत रहाता;
जो जो बात रहाये जेती, सत्संग पर भाव में रहे तेती...३५

જે લોકો આસ્તિક ભાવથી શ્રીહરિને મસ્તક નમાવે છે તેમજ બંને હાથ જોડે છે કે દર્શન કરે છે, તે બધા સંસારરૂપી સાગરને તરી જાય છે. ૩૧. જીવની માથે કરોડો કરોડ કલ્પનાં જે પાપ રહ્યાં છે, તે જો શ્રીહરિને તથા તેમના હરિભક્તને નમસ્કાર કરે, તો તેનાં બધાં પાપોનો નાશ થઈ જાય છે. ૩૨. સૂર્યની આગળ રાતનું લેશમાત્ર પણ ચાલતું નથી અને અગ્નિની આગળ જેટલાં કાષ્ઠ હોય છે તે બધાં રાખ થઈ જાય છે; તેમજ લોઢું જો

અગ્નિના જોગમાં આવે છે તો તે અગ્નિના જેવું દેખાય છે. તે રીતે જ શ્રીહરિ તથા સંતોને પૂજ્યભાવથી નિષ્કપટપણે જે નમસ્કાર કરે છે તે અપાર પાપથી છૂટી જાય છે. જેટલી પણ કાંઈ બાબત હોય છે તે સત્સંગ ઉપરના ભાવમાં જ રહી હોય છે. ૩૩-૩૫.

શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા. તેમાં એક દિવસ સવારના પહોરમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા. અંગમાં સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને બધા સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે શ્રીહરિએ આધારાનંદ સ્વામીને બોલાવીને કહ્યું, "શ્વેતદ્વીપપતિ ભગવાન વાસુદેવની એક પટમૂર્તિ અમે જેમ કહીએ તેમ કરો. ૩૬-૩૯. ક્ષીર સાગરને મધ્યે વેદીવાળો એક બેટ કરો. તેમાં એક સુંદર કલ્પવૃક્ષ કરો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ નમ્રતાની ગરિમા કહી તથા આધારાનંદ સ્વામીને શ્વેતદ્વીપપતિ વાસુદેવનું ચિત્ર કરવાનું કહ્યું" એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૩

શ્રીહરિએ રાજીપાને જ શ્રેષ્ઠ મોક્ષ કહ્યો તથા નારાયણધરે સ્નાન કરવા પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "બંને હાથ ઊંચા રાખ્યા હોય તેવી ભગવાન વાસુદેવની તમે મૂર્તિ કરો. ૨. વિશ્વકસેન આદિક સોળ પાર્ષદ, ગરુડજી તથા નિરન્નમુક્તોને પણ ચિત્રમાં આલેખો." ૩. પછી શ્રીહરિની જે આજ્ઞા હતી તેને શિરોધાર્ય કરીને આધારાનંદ સ્વામીએ ઘણા પ્રેમભાવથી તે પટમૂર્તિ કરવાનો આરંભ કર્યો. ૪. જે રીતે શ્રીહરિએ કહ્યું હતું તે રીતે ભગવાન

વાસુદેવની મૂર્તિનું ચિત્રપટ કરીને શ્રીહરિને દેખાડ્યું. શ્રીહરિ તે જોઈને રાજી થયા. ૫. તેથી ત્યારે શ્રીહરિએ જે ફૂલના હાર પહેર્યા હતા તે આધારાનંદ સ્વામીને આપ્યા. ત્યાં સંતો, વર્ણી અને હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી, તે સહુને ચિત્રપટ દેખાડ્યું.

પછી શ્રીહરિ બોલ્યા કે, "ભગવાનના ભક્ત જે કોઈ બાઈ-ભાઈ હોય છે તે બધાં વિષયની કામનાને લીધે સત્સંગ કરે છે. પણ જે ભગવાન સંબંધી વિષયની જ ઇચ્છા રાખનારા છે તે બધાં નિષ્કામ બને છે. ૬-૮. ઘણા પોતાની કામનાપૂર્તિ માટે જ ઘણા ઉત્સાહથી જપ, તપ, યોગ તથા અપાર યજ્ઞ કરે છે. તેમાં શરીરના સુખની પણ ઇચ્છા રાખતા નથી. ૯. મનુષ્ય પોતાની કામનાપૂર્તિ માટે અપાર કષ્ટ સહન કરે છે. પોતાનું શરીર અને મસ્તકને પણ કુરબાન કરે છે. કરોડોનું ધન પણ દાનમાં આપી દે છે. ૧૦. જીવ જેમાં પોતાની કામનાની સફળતા માને છે, તેમાં તેને અતિશય ઉત્સાહ રહે છે. કામનાપૂર્તિ માટે ગમે તેવી કઠણ બાબત પણ સુગમ માનીને કરે છે. ૧૧. **કારણ કે, જેને જેના ઉપર ભાવ હોય છે તેને તેનો ક્યારેય અભાવ આવતો નથી. પરંતુ સત્પુરુષ જે વાત કહેતા હોય તે વાત જીવને મનાતી નથી.** ૧૨.

જીવ પોતાના મનની ધારેલી વાતને સિદ્ધ કરવા માટે ગમે તેવું કઠણ કામ હોય તોપણ તે પ્રેમથી કરે છે. ૧૩. **જે કામ ઉપર જેને જ્યારે ભાવ થાય છે ત્યારે તે કામ કઠણ હોવા છતાં પણ તેને સુગમ જ લાગે છે. તેથી જ તે કામને તે કરતો રહે છે.** ૧૪. મનુષ્ય ધનને માટે તો જ્યાં અપાર તોપો ફૂટતી હોય ત્યાં પણ સન્મુખ ચાલે છે, પણ ડરતો નથી. આવી તો અપાર વાતો છે. ૧૫. જેમાં ભગવાન રાજી થતા હોય તેવું કામ કરવું તે સહુથી કઠણ છે. ૧૬.

❋ પોતાનાં સુખ છોડે તે જ પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બને :

ચોપાઈ :

भगवान प्रसन्न होय ताके, मन में भाव रहाये वाके;
पोताके सुख करन हि हीता, मन में संकल्प नहीं करीता...१७

भगवान की प्रसन्नता तिनके, मन में संकल्प रहे इनके;
इन सम मोक्ष न रहे केऊ, अपार मोक्ष की रित्य में तेऊ...१८
ऐसे संत हरिजन हि जेहा, कोटि में एक रहाये तेहा;
आत्यंतिक मोक्ष ताके जेहू, अधिकारी यह रहाये तेहू...१९
आत्यंतिक मोक्ष रहाये एही, भगवान की प्रसन्नता तेही;
जो जो विच्यार करत जितना, भगवान प्रसन्न होवे तितना...२०
सरवोपरि तेसे संत रहेऊ, सरवोपरि तेसे वर्णि तेऊ;
सरवोपरि तेसे हरिजन जाही, बाई भाई रहायेउ ताही...२१

જેના મનમાં ભગવાનને જ રાજી કરવાનો ભાવ હોય છે, તો તે પોતાને સુખી કરવા માટેનો મનમાં સંકલ્પ પણ કરતા નથી. ૧૭. કેવળ ભગવાનને રાજી કરવાનો જ મનમાં સંકલ્પ રહે, એના સમાન બીજો કોઈ મોક્ષ નથી. મોક્ષની તો અપાર રીતો છે, પણ તેમાં શ્રીહરિના રાજીપાની આકાંક્ષા રહે એ જ શ્રેષ્ઠ મોક્ષ છે. ૧૮. ભગવાનની પ્રસન્નતા માટે પોતાનાં સુખને પણ છોડી દે, એવા સંતો-હરિભક્તો કરોડોમાં કોઈ એકાદ જ હોય છે, અને એવા ભક્ત જ આત્યંતિક મોક્ષના અધિકારી છે. ૧૯. જે ભગવાનની પ્રસન્નતા છે તે જ આત્યંતિક મોક્ષ કહેવાય છે. માટે એવા નિષ્કામ સંતો-ભક્તો જે જે વિચાર કરે છે તે માત્ર ભગવાનને પ્રસન્ન કરવા માટે જ કરે છે. ૨૦. વળી, જેને એક શ્રીહરિની પ્રસન્નતા જ લક્ષમાં હોય એવા સંત સર્વોપરિ છે. તેવા વર્ણી તથા હરિભક્ત બાઈ-ભાઈ તે બધાં પણ સર્વોપરિ છે. ૨૧. **આવા સંતો-ભક્તો ભગવાનની પ્રસન્નતામાં જે સુખ રહ્યું છે તેને અક્ષર કરતાં પણ કરોડગણું અધિક સુખ માને છે."** ૨૨.

જ્યારે દિવસ દોઢ પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિને સ્નાન કરવા જવા માટે સુરતથી જે નાની બગી જેવી ગાડી લાવ્યા હતા, તે તૈયાર કરી. ૨૩. તેમાં સુખપૂર્વક એક જણ બેસી શકે તેમ હતું. તે ગાડીમાં શ્રીહરિ પોતે રોજ ગાડી ચલાવવા માટે બેસતા. તે ગાડી ચલાવવામાં શ્રીહરિને અતિ ઉત્સાહ રહેતો. ૨૪. શ્રીહરિ ખૂબ પ્રેમભાવથી મુક્તાનંદ સ્વામીને રોજ તે ગાડીમાં બેસાડતા હતા. ૨૫. જ્યારે શ્રીહરિ ગઢપુરના રાજમાર્ગ ઉપર તે

ગાડીને યોગ્ય રીતે ચલાવતા હતા, ત્યારે ગામના લોકો બાઈ-ભાઈ બધાં જ શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૨૬-૨૭. જેટલા શ્રીહરિની સાથે રહેતા હતા તે સંતો, વર્ણી તથા હરિભક્તો બધા શ્રીહરિની સાથે નાહવા જતા, ત્યારે શ્રીહરિની આગળ પાછળ સો બસો કદમ લાંબી લાઈનમાં ચાલતા હતા. સહુ શ્રીહરિના યશથી ભરેલાં ગરબીનાં પદ ગાતા હતા. ૨૮-૩૦.

ભગવાન શ્રીહરિનો યશ એવો છે કે, જેટલાં બ્રહ્માંડ છે તે બધાંમાં જે શ્રીહરિના યશને પ્રેમથી સાંભળે છે તેને તે પવિત્ર કરી દે છે. ૩૧. અને જે પ્રેમથી શ્રીહરિના યશને કહે છે તેને પણ પવિત્ર કરી દે છે. દાદા ખાચરના દરબારથી દક્ષિણ તરફની બજારે જ્યારે શ્રીહરિ ચાલ્યા, ત્યારે સહુ શ્રીહરિની આગળ પાછળ ચાલતા હતા. શ્રીહરિ જ્યારે પશ્ચિમ તરફની બજારેથી ચાલ્યા ત્યારે ગામના પશ્ચિમ તરફના દ્વારથી નીકળીને માંડવધાર ગામના માર્ગે ચાલ્યા. તે માર્ગ જ્યારે સીધો આવ્યો ત્યારે શ્રીહરિએ ઉતાવળ કરીને ગાડીને ઘણી જલદી ચલાવી. તે વખતે દાદા ખાચર, સોમલા ખાચર, નાન ખાચર, ઘેલા ધાધલ અને નાગમાલા, એટલા ભક્તો અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. ૩૨-૩૬.

ગઢપુર ગામથી પોણા કોશ જેટલે ઉન્મત્તગંગામાં સ્વચ્છ પાણીનો એક ધરો હતો. તે સ્થળે ખળખળ પાણી વહેતું હતું ત્યાં આવ્યા. શ્રીહરિએ તે પાણી જોયું અને ખૂબ જ પ્રસન્ન થયા. ૩૭-૩૮. ધરાથી ઉપર પશ્ચિમ તરફના કાંઠા ઉપરના ભાગમાં ખળખળિયો હતો. પહેલા તો શ્રીહરિ તે ધરામાં બે ઘડી સુધી નાહ્યા. જે સંતો, વર્ણી, પાર્ષદો અને જેટલા હરિભક્તો હતા તે બધા પણ શ્રીહરિની સાથે નાહ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ રાજીપાને જ શ્રેષ્ઠ મોક્ષ કહ્યો તથા નારાયણધરે સ્નાન કરવા પધાર્યા" એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૪

નારાયણધરો, ખળખળિયો તથા સંતો-ભક્તોનો મહિમા કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સ્નાન કરતાં કરતાં કહ્યું કે, "૧૮૫૯ના વર્ષથી લઈને અમે આ અદ્‌ભુત નારાયણધરામાં સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તોએ સહિત ૧૮ વર્ષ સુધી ઉત્સાહથી નાહ્યા છીએ. અમે જેટલા દિવસ ગઢપુરમાં રહીએ છીએ ત્યારે ત્યારે આ ઉન્મત્તગંગામાં કાયમ નાહીએ છીએ. ૨-૪. આ ઉન્મત્તગંગાનો અપરંપાર ભાવ જોઈ-જાણીને અમે તેને પ્રસન્ન કરવા માટે તેમાં વારંવાર સાક્ષાત્ નાહીએ છીએ. ૫.

✻ હરિને ન ભૂલે તેને હરિ ન ભૂલે :

चोपाई :

हम पर भाव रखत रतिभरही, मेरु सम तेहि मानत करही;
ऐसे हमारे रहेउ स्वभावा, सहज सभाविक जोउ रहावा...०६
हमारे चिंतवन करत तिनकू, हम नहीं भूलत रहे इनकू;

જે અમારા ઉપર રતીભાર પણ ભાવ રાખે છે, તેને અમે મેરુ સમાન માનીએ છીએ; એવો અમારો સ્વભાવ સહજ સ્વાભાવિક જ રહેલો છે. ૬. વળી, જે અમારું ચિંતવન કરે છે તેને અમે ભૂલતા નથી. અમે અવતાર ધારીને જેટલાં કાંઈ ચરિત્રો કરીએ છીએ, તે બધાં હરિભક્તોને ગાવા-સંભારવા માટે જ કરીએ છીએ. અમારે તો હરિભક્તના સમાન બીજું કાંઈ વહાલું નથી. આ કહ્યું એવું હરિભક્તોનું હિત કરવા માટે અમને રાત-દિવસ તાન રહે છે. ૭-૮.

हम बिन रहे न प्रीति हि जाही, हरिजन पुरे कहत हे ताही;
हम बिन जितना रहे तामें, जितना प्रीति वरतत यामें...०९
तितना तामें कसर रहेऊ, तितना हमसे दूर रहे तेऊ;
समीप दुर की कहाये रीता, कहे बिन नहीं जानत कीता...१०

જેને અમારા સિવાય બીજે ક્યાંય પ્રેમ ન હોય તે જ પરિપૂર્ણ હરિભક્ત કહેવાય છે. અમારા સિવાય બીજામાં જેને જેટલો પ્રેમ રહે છે તેટલી તેના હરિભક્તપણામાં કસર છે, અને તેટલો તે અમારાથી દૂર રહે છે. અમારાથી નજીક કે દૂર રહ્યાની આ અમે કહી તે રીત છે. કહ્યા સિવાય કોઈને ખબર પડતી નથી. ૯-૧૦. ભગવાન અને જીવ સિવાયના જેટલા પદાર્થ છે તે બધા માયિક કહેવાય છે. જે માયિક પદાર્થ કહેવાય છે તે બધા નિર્જીવ દેખાય, તેનું જ નામ સત્સંગ થયો કહેવાય. આવી સત્સંગની સમજણ હોય છે.

નારાયણધરાથી પશ્ચિમ તરફ ખળખળિયો વહે છે. ૧૧-૧૨. અમે પાંચ વર્ષ સુધી તે ખળખળિયામાં સંતો તથા હરિભક્તોની સાથે નાહ્યા છીએ. ૧૩. તેમાં પણ કેટલીક વખત તો ખીજડિયે આરે નાહ્યા છીએ, જેને તમે જાણો છો. ૧૪. ૧૮૮૧ના વર્ષથી લઈને અમે અહીંયાં સ્નાન કરવાનો આરંભ કર્યો છે. ૧૫. અમે જ્યાં જ્યાં ઘણી વાર જઈને નહાયા છીએ, ત્યાં જે લોકો વારે વારે આવીને ભાવથી સ્નાન કરશે **તેના જમપુરીનાં તમામ દુઃખનો નાશ થઈ જાશે. અને જેને સત્સંગ નહિ હોય તે જીવને જરૂરાજરૂર સત્સંગમાં જન્મ મળશે. આમાં કોઈ વાત ખોટી નથી. આ અમારી કહેલી વાતને જે ખોટી માનશે તેને એટલું બધું દુઃખ આવશે કે, તે જ્યાં જ્યાં જન્મ લેશે ત્યાં ત્યાં અગાઉથી તેને માટે દુઃખ તૈયાર જ હશે. તે દુઃખ મટવાનું દ્વાર તો આ સત્સંગ જ છે, માટે સત્સંગ કર્યા વિના ઉદ્ધાર નથી.** ૧૬-૧૯.

જે લોકો સત્સંગ વગર જેટલો ઉદ્ધાર માને છે તેટલા તેમને ભગવાનની માયાએ ઠગી લીધા છે, એમ સમજવું. ૨૦. જે મનુષ્ય ભાવે સહિત સત્સંગ કરે છે તેને આવું દેખવામાં આવે છે. સત્સંગનો પ્રતાપ અપાર છે તે કોઈનાથી માપી શકાતો નથી. ૨૧. બ્રહ્મા જેવાને પણ તેનો પ્રતાપ દેખ્યામાં આવતો નથી. અને જો તેનો પ્રતાપ દેખાયો હોત તો તે પોતાની દીકરીની પાછળ શા માટે દોડે ? ૨૨. ગમે તેવો કોઈ મોટો હોય તોપણ જે માણસ જ્યાં સુધી સત્સંગમાં બંધાઈને સત્સંગ કરતો નથી, ત્યાં સુધી તે સત્સંગરહિત મનુષ્ય અંધ જ રહે છે. કેમ કે, સત્સંગથી જ જ્ઞાનરૂપી

અનુપમ નેત્ર મળે છે. કારણ કે, જે કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય વાત હોય, તે સત્સંગના જ્ઞાને કરીને જ જોઈ શકાય છે. સત્સંગ કર્યા સિવાય તે ક્યારેય દેખાતું નથી. ૨૩-૨૫.

સત્સંગનું જ્ઞાન તો કરોડો સૂર્ય જેવું છે. સત્સંગ વગરનું જેટલું જ્ઞાન છે તે ઘાટું અંધારું છે. ૨૬. જેટલું અંધારું કહેવાય છે તે સૂર્યના પ્રતાપને જાણતું નથી. અંધારું તો અંધારું જ દેખે છે. કોટિ કલ્પ જાય તોપણ અંધારાથી અંધારાનો નાશ થતો નથી. આ વાત નિશ્ચિત છે કે, સૂર્ય અને અંધારામાં ઘણો ફરક છે." ૨૭-૨૮. શ્રીહરિ આટલી વાત કરીને જ્યાં ખળખળિયો વહેતો હતો ત્યાં ધરાથી પશ્ચિમ તરફના કાંઠે જઈને બેઠા. ૨૯. શ્રીહરિએ પાણીનાં ખૂબ જ વખાણ કર્યાં. વખાણ કરતાં કહ્યું કે, "આ પાણી મોતીના જેવું કાંતિમાન છે."

❋ શ્રીહરિના પ્રતાપે ભક્તોની સર્વોપરિતા :

પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "આ સમયે તમારા જેવા બીજા કોઈ કાંતિમાન નથી. ૩૦. બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામમાં જેટલા મુક્તો છે તે બધા તમને વખાણે છે. ૩૧. અમે જ્યારે નેત્ર મીંચીને તે સર્વે ધામમાં જઈએ છીએ ત્યારે જે જે ધામમાં વિચરીએ છીએ ત્યાં ત્યાં તમે સહુ અમને વિચરતા દેખાઓ છો. ૩૨. **અત્યારે જે જે હરિભક્ત બાઈ-ભાઈઓએ સત્સંગ કર્યો છે, અને જે સત્સંગના નિયમ પાળી ધર્મ રાખે છે તે બધાં ભારે તેજોમય દેખાય છે.** ૩૩. **સત્સંગ અને ધર્મ એક જ વસ્તુ છે. તે બાબત જેને પરમ વિવેક હોય તે દેખી શકે છે. જે સત્સંગ કરીને ધર્મ પાળે છે તેના ઉપર ચોક્કસ ભગવાન પ્રસન્ન થાય છે.** આવો જે સત્સંગ તથા આવો જે ધર્મ છે તે જ ભાગવતધર્મ કહેવાય છે. અને તે બીજા બધા ધર્મો કરતાં શ્રેષ્ઠ છે. ૩૪-૩૫.

જે બીજા બધા ધર્મો છે તે તો ભાગવતધર્મની આગળ સૂર્યની આગળ પતંગિયાં જેવા દેખાય છે. ૩૬. જેનું વર્તન સત્ય વાતને આધારે રહેતું હોય છે તેના ઉપર ભગવાનની પ્રસન્નતા રહે છે. ૩૭. **જેમાં ભગવાન પ્રસન્ન હોય,**

એવી વાતોનો જે રાત-દિવસ સંગ્રહ કરે છે તેને મુક્ત દેખવા. ૩૮. હાલ જેટલા સંતો અને સત્સંગીઓ છે તે બધા શુભ આચરણ મુજબ ચાલી રહ્યા છે. જે શુભ આચરણ ઉપર ચાલે છે, તે રાજા તથા દેવથી પણ અધિક છે. કારણ કે, તેના અંતરમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.” ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “નારાયણધરો, ખળખળિયો તથા સંતો-ભક્તોનો મહિમા કહ્યો” એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૫

નારાયણઘાટનો તથા પ્રગટ સંતો-હરિભક્તોનો મહિમા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ અહીં નારાયણધરે પાંચ વર્ષ સુધી સ્નાન કરતા રહ્યા હતા. માંડવધાર ગામના હરિભક્તો પણ તે વખતે આવતા હતા. શ્રીહરિ સ્નાન કરવા આવે ત્યારે રોજ નવી ને નવી વાતો કહેતા હતા. જે બધી વાત કહી શકાતી નથી. તે ભગવાનની સ્મૃતિ રાખવા માટે થોડીક કહું છું.

જ્યારે શ્રીહરિ સ્નાન કરી રહેતા ત્યારે અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેરતા. પછી જ્યારે ગાડી ઉપર બેસતા ત્યારે કેટલાક હરિભક્તો શ્રીહરિને ફૂલના હાર પહેરાવતા અને અલભ્ય લાભ લેતા હતા. શ્રીહરિ ફૂલના બે ગુચ્છ બંને કાન ઉપર ધારણ કરતા હતા. ૨-૫. તે ભાવિક હરિભક્તો શ્રીહરિના બંને હાથમાં ફૂલના બાજુ અને પહોંચી બાંધતા હતા. વળી, ફૂલના તોરા લાવી શ્રીહરિને ધરાવતા અને લાભ લેતા રહેતા હતા. અને જે વિપ્ર હરિભક્ત હતા તે શ્રીહરિના લલાટમાં કુંકુમનો ચાંદલો કરતા હતા. હરિભક્તો સમય જાણીને ટાણે સેવા કરતા રહેતા હતા. જે સ્થળે શ્રીહરિ સ્નાન કરતા તે ધરાનું નામ **‘નારાયણઘાટ’** હતું. સંતો તથા હરિભક્તો કહેતા કે, તે નારાયણઘાટના એક એક પથ્થરો શ્યામમણિ કે રક્તમણિના જેવા અતુલનીય અમૂલ્ય હતા. ૬-૯.

નારાયણઘાટ ઉપર ઘણાં ઘાટાં વૃક્ષ પણ હતાં. તે ઘાટ ગઢપુર ગામથી થોડો દૂર હતો તેથી શ્રીહરિને ઘણો પ્રિય લાગતો હતો. ૧૦. જે નદી કે સરોવરની નજીક સ્ત્રીઓનો પગપેસારો હોય અને જ્યાં સ્ત્રીઓ આવીને નાહતી હોય તે સ્થળ શ્રીહરિને ગમતું નહીં. કારણ કે, જ્યાં જેવો દેશ હોય ત્યાં મનુષ્યનું અંતર તેવું થઈ જાય છે. તીર્થમાં પણ સ્ત્રી-પુરુષોને પરસ્પર સ્પર્શાસ્પર્શી થાય એવી ભીડ રાત-દિવસ થતી હોય છે. જે વિષયી લોકો છે તે તો તેવી બાબતને જ તીર્થનું ફળ માનતા હોય છે. ૧૧-૧૩. **પરંતુ ભગવાનના જે કોઈ સાચા ભક્તો હોય છે તેઓ તો વિષયના સુખને નરક માને છે.** ૧૪. સત્સંગ વિના જેટલા વિષયી જીવો છે તે ભગવાનને ભજતા હોય, તોપણ વિષયના સુખ માટે જ ભજે છે. ૧૫. તે લોકો જેટલાં સાધન કરે છે તથા જેટલો ઉદ્યમ કરે છે તે બધું વિષયસુખ માટે જ કરે છે. ૧૬.

❋ જેને રાજીપાનું તાન છે તે સર્વે મુક્ત છે :

હરિભક્ત અને હરિભક્ત સિવાયના મનુષ્યોમાં રાત-દિવસ જેટલો ફરક હોય છે. હરિભક્તો જેટલાં સાધન કરે છે તે મનમાં વિષયસુખની અત્યંત અરુચિ થાય તેટલા માટે જ કરે છે. મુક્ત સિવાય કોઈને વિષયનો અભાવ થતો નથી. વિષયનો અભાવ હોવો તે મુક્તનું લક્ષણ છે. ૧૭-૧૮.

चोपाई :

बाई भाई हरिजन जेते, विषय के जाकु अभाव तेते;
भगवान कु प्रसन्न करन जेही, जेते करत रहाये तेही...१९
घर में रहे तोउ मुक्त रहेऊ, विषय में राग न जितना तेऊ;
भगवान की मूर्ति रहे तिनमें, जितना राग रहाये इनमें...२०

જે બાઈ-ભાઈ હરિભક્તને વિષયનો અભાવ હોય અને ભગવાનને રાજી કરવા માટે જ સર્વ ક્રિયા કરતા હોય, તો તેવા ભક્તો ઘરસંસારમાં રહ્યા હોય તોપણ મુક્ત જ છે. કેમ જે, જેટલો તેમને વિષયમાં રાગ નથી તેટલો પ્રેમ તેમને ભગવાનની મૂર્તિમાં રહે છે. ૧૯-૨૦. વળી, જેને સત્સંગ તથા ધર્મ સંબંધી સદ્‌ગુણો ઉપર જેટલો સ્નેહ રહેતો હોય તેટલો તે ચોક્કસ

મુક્તોનો જ પરિવાર છે, તેમ કહેવાય છે. ૨૧. જે મુક્ત સ્થિતિને પામેલા હોય અને જે તેવા મુક્ત ન હોય, તે બંને છુપાવ્યા છુપાતા નથી. તે તો વર્તન ઉપરથી દેખાઈ આવે છે. કારણ કે, વર્તન જ સહુને ઓળખવાનું દ્વાર હોય છે. ૨૨.

જેમાં જેટલી સત્ય-અસત્ય બાબત હોય તે તેનું વર્તન જ કહી દે છે. જે મનુષ્ય સત્ય-અસત્ય વાતને જ્યાં સુધી જાણતો નથી ત્યાં સુધી તે સમજણની બાબતમાં અંધ કહેવાય છે. તેને કદાચ આંખ હોય તોપણ તેનાથી શું ? આમ તો, જેટલા દેહધારી છે તેમાં કોઈ આંખ કે કાન વગરના હોતા નથી. ૨૩-૨૪. પરંતુ સત્ય-અસત્યના વિવેકરહિત મનુષ્યોને આંખ-કાન હોવા છતાં પણ તે અંધ અને બહેરા ગણાય છે, અને પશુની જાતિમાં ખપે છે. ૨૫. કોઈ વિદ્યા ભણે, કોઈ વિપ્ર જ્ઞાતિમાં જન્મ પામે, કોઈ સાધુ થાય, કોઈ અપાર ધન રળે, કોઈ ચક્રવર્તી રાજા થાય અને કોઈ ઇન્દ્ર કે બ્રહ્મા બને તોપણ તેનું શું ફળ ? ૨૬-૨૭. સહુને માટે સત્સંગ જ સત્ય છે અને તે જ જીવને સંસારથી તારનારો છે. સત્સંગ વગરનું તો બધું મિથ્યા અને સંસારમાં ભટકાવનારું છે. ૨૮. સત્સંગ થયા વગર ચાહે તેટલો કોઈ ચતુર ગણાતો હોય, પરંતુ જ્યાં સુધી તેને નાશવંત બાબતનું યથાર્થ જ્ઞાન થાતું નથી ત્યાં સુધી તે અંધ જ કહેવાય છે. તે જેને વિવેક હોય તેને દેખાય છે. જે મનુષ્ય સત્ય-અસત્ય વસ્તુને ઓળખે છે તેના માટે આ સત્સંગ છે. ૨૯-૩૦.

❋ પ્રભુમાં પ્રેમ કરવો તે વિવેકનું ફળ છે :

શ્રીહરિ આવી તો ઘણી વાતો કહેતા હતા. વિવેકી મનુષ્યો સત્સંગ કરે છે. જેટલી સારરૂપ વાત હોય છે તેને વિવેકી મનુષ્ય ગ્રહણ કરી લે છે. ૩૧. કારણ કે, સારી વાતમાં ઘણો સાર રહ્યો હોય છે, તેનાથી મનુષ્યને અપાર સુખ થાય છે. અને જે નઠારી વાત હોય છે તેમાં તો અપાર દુઃખ જ રહ્યું હોય છે. ૩૨. આવો વિવેક મનુષ્યને જ્યાં સુધી સમજાતો નથી ત્યાં સુધી તે વારંવાર સંસારમાં ભટક્યા કરે છે. આગળ કહ્યો એવો જેને વિચાર થતો હોય તે મનુષ્ય અપાર શાસ્ત્રને ભણ્યો જાણવો, તથા તેણે કરવા યોગ્ય બધી બાબત કરી લીધી છે. **વિવેકનું ફળ એટલું જ છે કે, ભગવાનમાં સ્નેહ**

કરવો. ૩૩-૩૪. **ભગવાનનાં ચરિત્રોમાં સર્વોપરિ પ્રેમ કરવો અને સત્સંગમાં હેત કરવું; આવું જેટલું હેત થાય તેટલું વિવેકનું ફળ છે.** ૩૫.

શ્રીહરિએ કહેલી આવી વાતોથી તો બ્રહ્માંડો ભર્યાં છે. જેને અંતર્દષ્ટિ થાય છે તેને આવી અપાર અલૌકિક વાતો દેખ્યામાં આવે છે. પછી તે અપરંપાર વાતો જેવી દેખ્યામાં આવી હોય તેવી તે પ્રસિદ્ધરૂપમાં વારંવાર કહે છે. ૩૬-૩૭. જે આવી વાતને દેખતા કે સમજતા નથી તેવા મનુષ્યો આવી વાતને દેખનારા તથા સમજનારાને લેશમાત્ર પણ ગણતા નથી. ૩૮. પણ તેના જેવો કોઈ મૂર્ખ કહેવાય નહીં. એવા કેટલાક અજ્ઞાનીઓ પોતે કાંઈ સમજતા ન હોવા છતાં સમજણનો ઘણો ગર્વ રાખે છે. અને પોતા સિવાયના બીજા બધાને મૂર્ખ કહે છે. ૩૯. શ્રીહરિ આવી બધી વાતોને જે તે યોગ્ય સમયે કરતા હતા. કારણ કે, ગમે તેવી વાત હોય તોપણ તે યોગ્ય સમય વિના શોભતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "નારાયણઘાટનો તથા પ્રગટ સંતો-હરિભક્તોનો મહિમા કહ્યો" એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૬

નાહીને પાછા આવતાં શ્રીહરિ બીમાર રામ ખાચરને જોવા ગયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ નારાયણઘાટથી સ્નાન કરીને ગઢપુર ગામમાં આવવા માટે જ્યારે ચાલ્યા, ત્યારે બગીના જેવી જે ગાડી હતી તેને ચલાવવા માટે ગાડી ઉપર બેઠા. શ્રીહરિ ખૂબ જ પ્રેમ અને ઉત્સાહથી તે ગાડીને ઝડપભેર ચલાવવા લાગ્યા. ૨-૩. જ્યારે નારાયણઘાટથી શ્રીહરિ, સંતો અને હરિભક્તો સ્નાન કરીને ગામ તરફ ચાલ્યા ત્યારે હરિભક્ત બાઈઓ ત્યાં સ્નાન કરવા આવી. ૪.

જ્યાં સુધી હરિભક્ત પુરુષો તે ધરામાં સ્નાન કરતા હોય ત્યાં સુધી સ્ત્રીઓ ત્યાં સ્નાન કરતી નહીં. ઘાટ ઉપર જ્યારે કોઈ પુરુષ ન રહે ત્યારે ત્યાં હરિભક્ત બાઈઓ સ્નાન કરતી હતી. સત્સંગી બાઈઓની આવી અલૌકિક રીત તો અપાર હતી કે જેનો કોઈ પાર પમાતો નહીં. શ્રીહરિને વારે વારે અપરંપાર રાજી કરવા માટેની જ જેટલી બાબતો હોય તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કહેવાય. માટે તેને તુલ્ય બીજી કોઈ બાબત થઈ શકે નહીં. ૫-૭. **સત્સંગમાં જેટલી કાંઈ બાબતો છે તે બધી શ્રીહરિને પ્રસન્ન કરવા માટેની જ છે, પણ દુનિયાને દેખાડવા માટેની નથી. કારણ કે, સર્વેનું કારણ એક શ્રીહરિ જ છે, એમ જાણી જેટલા ખરા હરિભક્તો છે તે સહુને શ્રીહરિને રાજી કરવાનું જ તાન રહે છે.**

પછી નારાયણઘાટથી શ્રીહરિ ચાલ્યા તે ગઢપુર ગામના પશ્ચિમ તરફના દરવાજે આવ્યા. ૮-૯. તે ગઢપુરના દરવાજા સુધી જીવા ખાચર શ્રીહરિની સન્મુખ આવ્યા. તેના અંતરમાં ખૂબ પ્રેમભાવ હતો. ૧૦. પોતાના બંને પુત્ર સાથે હતા. તેમજ મૂળુ ખાચર નામે એક ભાઈ પણ સાથે હતા. ૧૧. જીવા ખાચરની સાથે બીજા પણ કેટલાક પ્રસિદ્ધ નામવાળા બોરિચા આહીર હતા. ૧૨. વસ્તાભાઈ, નારાયણભાઈ અને નાથાભાઈ આદિક આહીરો શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૧૩. જ્યારે શ્રીહરિ ગામને દરવાજે આવ્યા ત્યારે તે બધા શ્રીહરિની પાસે આવીને પગમાં નમી પડ્યા. ૧૪. ત્યારે શ્રીહરિએ જીવા ખાચરને કહ્યું કે, "તમારે તમારા ઘરથી આટલે દૂર સુધી હવે ક્યારેય આવવું નહીં. ૧૫. તમે મોટા માણસ છો અને અમે તો રોજ રોજ સંતોની સાથે સ્નાન કરવા જઈએ છીએ. માટે તમારે તમારી બેઠક ઉપર બેસી રહેવું." ૧૬.

❋ ભગવાનની મોટપ દેખાય તો જ અહં જાય :

ત્યારે જીવા ખાચર શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, "મહારાજ ! અમે તમારી સન્મુખ જો ન આવીએ તો તેટલો અમારામાં દોષ ગણાય. ૧૭.

चोपाई :

तुमारी बडता देखे जबही, चाय तेसे बडे रहे तबही;
सूर्य आगे पतंग हि जीमी, रहाये सब तिस विध हि तीमी...१८

अक्षर से जेते जीव जेऊ, भूत प्राणिमात्र जो तेऊ;
काल माया की नाडी हि जेती, तुमारे हाथ रहेउ तेती...१९
बडता तोउ तुमारी लगारा, देखवत न किनकु तिलभारा;
सब पर मोटप रहाये जाकी, रहाये न तेहि पर दुजे ताकी...२०

જ્યારે અમે આપની મોટાઈને વિચારીએ છીએ ત્યારે બીજા ગમે તેવા મોટા હોય, તોપણ તે બધા આપની સમક્ષ સૂર્યની આગળ પતંગિયાં જેવા જ ગણાય. ૧૮. અક્ષરથી લઈને જેટલાં જીવ-પ્રાણીમાત્ર છે તેમની તથા કાળ અને માયાની પણ નાડી આપના હાથમાં છે. ૧૯. આપની આટલી મોટપ હોવા છતાં તેને આપશ્રી તલભાર પણ કોઈને દેખાડતા નથી. જેની મોટપ સર્વોપરિ છે એવા આપનાથી પર બીજું કોઈ નથી; આવું હું જાણું છું, છતાં આપની જેવી મરજી હોય છે તે પ્રમાણે મારાથી ચલાતું નથી તેટલો મારામાં દોષ છે. આપ સમર્થ છો, માટે મારા દોષને માફ કરજો. ૨૦-૨૧.

અશ્વ ઉપર સવાર થયેલા આપનાં દર્શન ઘણી વાર અમે કર્યાં છે, તેમાં કાંઈ ફેર નથી. પણ આ રીતે ગાડી ચલાવતા હો તેવા ક્યારેય આપને જોયા નથી. ૨૨. આપ ગાડી કઈ રીતે ચલાવો છો, એટલું જોવાનો અમારો મનોરથ હતો. તેથી અમે તે દર્શન કરવા માટે દૂરથી સન્મુખ આવ્યા છીએ. ૨૩. આપ ગાડી સુંદર રીતે ચલાવો છો. આ કળા આપ ક્યાંથી શીખ્યા ? હે સુખકારી મહારાજ, આપ તો ભારે સરસ ગાડી ચલાવો છો ! તે આજે અમને દર્શન થયાં. ૨૪. જ્યારે મેં સાંભળ્યું કે, આપ ગાડી ચલાવો છો ત્યારે તે મને મનાયું નહીં. કારણ કે, મેં ક્યારેય આપને ગાડી ચલાવતા દેખ્યા નથી. તેથી જ તે દેખવાનો મનમાં ભાવ હતો. ૨૫. આપે કૃષ્ણાવતારમાં અર્જુનનો રથ હાંક્યો હતો. તે દિવસનો અભ્યાસ હજી સુધી આપ ભૂલ્યા નથી. આપ તો ભક્તજનના નિવાસરૂપ છો. ૨૬. આપ ભક્તના હિતને માટે જે જે ચરિત્ર કરો છો તે ચરિત્ર અગણિત છે. તે એકે એક ચરિત્ર મોક્ષકારી છે." ૨૭.

પછી જીવા ખાચરે બે ઢોલ વગાડનારા ઢોલીને તત્કાળ બોલાવ્યા. ત્યારે ઢોલી તરત જ આવ્યા. ૨૮. ઢોલી ઢોલ વગાડવા લાગ્યા. સંતો તથા

હરિભક્તો શ્રીહરિની આગળ ચાલતાં ચાલતાં કીર્તન ગાતા હતા. ત્યારે જીવા ખાચરે શ્રીહરિને કહ્યું, "મારા ભાઈના પુત્ર જે રામ ખાચર છે તે બીમાર હોવાથી પથારીવશ છે. આપ તો જીવના પરમ મિત્ર છો માટે તેને જોવા માટે આવો. ૨૯-૩૦. આપ તથા આપના સંતો-હરિભક્તોનાં દર્શન તો ભાગ્યશાળીને થાય છે. જેનાં ભાગ્ય ન હોય તેને થતાં નથી." ૩૧. શ્રીહરિ ગામમાં પ્રવેશીને રાજમાર્ગે ચાલ્યા ત્યારે હજારો નરનારીઓ રસ્તામાં દર્શન કરવા માટે ઊભાં હતાં. ૩૨. પછી જીવા ખાચરની ડેલીમાં રામ ખાચરને જોવા માટે શ્રીહરિ પધાર્યા. ૩૩. જે ઉત્તરાદા બારના નવાં ભવન કરાવ્યાં હતાં તેમાં શ્રીહરિને પધરાવ્યા અને રામ ખાચરે શ્રીહરિનાં ચરણમાં મસ્તક નમાવ્યું. ૩૪.

પછી રામ ખાચરે શ્રીહરિને બે હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું કે, "મહારાજ ! અમને છોડી દેશો નહીં. જીવમાં તો અપાર દોષ ભર્યા છે. આપ તો તે બધા દોષને ટાળનારા છો. ૩૫. ભવ, બ્રહ્મા અને ઇન્દ્ર જેવા મોટા પણ આપનાં ચરિત્રોમાં કેટલીય વાર ભૂલા પડ્યા છે. છતાં તે બધાને આપે વારંવાર માફ કર્યા છે. ૩૬. **જીવમાં જે રીતે અપાર દોષ ભર્યા છે તે જ રીતે આપમાં અનંત ગુણો ભર્યા છે. પરમ સુજાણ એવા આપના તે ગુણો તો નિશ્ચય અમૃત સમાન છે.** ૩૭. જે લોકો આપનાથી વિમુખ રહ્યા છે તે બધા વિષ જેવા દુર્ગુણોને ત્યાગ કરતા નથી. ૩૮. જે લોકો આપનાં વચનરૂપી કાયદાનો લોપ કરે છે તેને માટે તો આપે યથાયોગ્ય જમપુરીનાં ફળ રચ્યાં છે. ૩૯. વળી, જન્મ, મરણ અને લખચોરાશીનાં જેટલાં દુઃખ રચ્યાં છે, તેને તે જીવો તત્કાળ પામે છે તેમાં કાંઈ વિલંબ થતો નથી. ૪૦. તે લોકો બધાં દુઃખને કબૂલ કરે છે પણ તમારાથી વિમુખ રહે છે. તેથી આવા અમૂલ્ય મનુષ્યદેહને ખૂએ છે એવા તે ડાહ્યા છે." ૪૧.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "નાહીને પાછા આવતાં શ્રીહરિ બીમાર રામ ખાચરને જોવા ગયા" એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર અઠ્યાવીશમું : તરંગ - ૪૭

અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી આવ્યા પછી શ્રીહરિએ મુક્ત મુનિ તથા નિત્ય મુનિને ધર્મની સ્થિરતાનો પ્રશ્ન પૂછ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. રામ ખાચર બીમાર હતા ત્યારે તેને જોવા ગયેલા શ્રીહરિએ તેને કહ્યું કે, "આ મનુષ્યદેહ ફરી ફરીને ન મળે એવો દુર્લભ છે. ૨.

❋ નમ્રતા તથા ભાવની મહત્તા :

सोरठा : दुल्लभ नर तन पाय, सत्संग दुल्लभ तिनके;
जोग भये जो जाय, ताके सम न भाग्य कोउ...०३
जान अजान हि जेउ, सत्संग के संत जेहि;
हरिजन रहे तेउ, ताकु भाव करहि कबु...०४

चोपाई :

कर जोरीके शिर एक वेरा, नमावत रहे भाव घनेरा;
कोटि कल्प लग जज्ञ करीता, तिनसे फल यह अधिक लहीता...०५
भाव सहित सत्पुरुष ताकी, जेति सेवा करे जो वाकी;
ताके फल अपार हि अपारा, मिलत रहाये वार न पारा...०६

આવા દુર્લભ મનુષ્યદેહને પામ્યા પછી દુર્લભ સત્સંગનો જેને યોગ થયો છે તેના સમાન કોઈ ઉત્તમ ભાગ્ય ન ગણાય. ૩. આ સત્સંગના સંતો-હરિભક્તોને ક્યારેક જાણે કે અજાણે ઘણા ભાવથી હાથ જોડીને એક વાર પણ જો મસ્તક નમાવ્યું હોય તો, કરોડો કલ્પ સુધી યજ્ઞ કરે તેના કરતાં પણ અધિક ફળ મળે છે. ૪-૫. કોઈ મનુષ્ય ભાવ સહિત સત્પુરુષની જે કાંઈ સેવા કરે તેનું તેને અતિ અપાર ફળ મળે છે. તે મળેલાં ફળનો કોઈ પાર પામી શકતા નથી. ૬. ભગવાનની મોટાઈ તો સાગર કરતાં પણ અધિક ઊંડી છે, અને આકાશ કરતાં પણ અધિક ઊંચી છે. એવી મોટપ ભગવાન સિવાય બીજા કોની છે ? ૭. ભવ, બ્રહ્મા, કશ્યપ અને ઈન્દ્ર જેવા પણ

ભગવાનની આગળ પોતાને વારંવાર બાળક જેવા ગણાવે છે, છતાં તેઓ પોતે જ ભગવાનના ચરિત્રમાં વારંવાર ભૂલા પડે છે. આ જોતા બીજા મનુષ્યની કાંઈ ગણતરી નથી.

✻ ભગવાન કોના ઘરે રહે છે ? :

જેને ભગવાનના ચરિત્રમાં ક્યારેય દોષ ન જ દેખાય, **પરંતુ ભગવાન ચાહે તેવાં ચરિત્ર કરે તે બધાં મોક્ષકારી જ દેખાય અને ભગવાનને કાયમ હિતકારી જ માને; વળી, જો ભગવાન તે ભક્તનાં તન કે ધનને વેચાવી નાખે તોપણ તેને ભગવાનમાં અધિક ભાવ થાય, એવા સમર્પિત વિશ્વાસુ ભક્તને ઘેર ભગવાન ટકે છે.** જે ભક્તના ભાવમાં લગાર પણ અનાદર-ભાવફેર દેખવામાં આવે તો તે બીજા કરોડો ઉપાય કરે, તોપણ તેને ઘેર ભગવાન ક્યારેય ટકતા નથી. કેમ જે, ભગવાન તો ભાવને જ સર્વોપરિ માને છે. કારણ કે, તે ભાવમાં જ સર્વ રસ-આનંદ ઘર કરીને રહ્યો છે. ૮-૧૨. **જે ભગવાન તથા સંતો-ભક્તોમાં દિવસે દિવસે અધિક ભાવ રાખે છે તે ભગવાનના ધામને પામે છે."** ૧૩.

રામ ખાચર આગળ શ્રીહરિ આટલી વાત કરીને ગાડીમાં બેઠા અને રાજમાર્ગે ચાલ્યા. રસ્તામાં બહુ લોકો ઊભા હતા. ૧૪. સહુએ ઘણા ભાવથી શ્રીહરિનાં દર્શન કર્યાં અને શ્રીહરિના આવા ચરિત્રને જોઈને બધા રાજી થયા. ૧૫. આ રીતે શ્રીહરિ નિત્ય નવાં નવાં ચરિત્ર કરતાં હતાં. તે મહા અલૌકિક હતાં. તેનો કહેતાં કહેતાં પણ પાર આવતો નથી. ૧૬. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા. આ વખતે ત્યાં શ્રીજીમહારાજ ચાતુર્માસના ચારે મહિના રહ્યા. ૧૭.

શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ પણ ગઢપુરમાં જ કર્યો. તે જન્માષ્ટમીથી અગાઉ જેઠ મહિનામાં રામપ્રતાપજીના નાના પુત્ર જે અયોધ્યાપ્રસાદજી નામે કહેવાય છે, તે શ્રીહરિની સમીપે આવી ગયા હતા. ૧૮-૧૯. તથા ઈચ્છારામજીના પરમ સુધીર પુત્ર રઘુવીરજી હતા. તે પણ શ્રીહરિની પાસે આવી ગયા હતા. તે બંને સાથે આવ્યા હતા. તેઓ સારા સ્વભાવના

હતા. ૨૦. તે બંને પોતાની પત્નીઓને પણ સમજી વિચારીને સાથે લાવ્યા હતા. જ્યારે તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે મનમાં ખૂબ જ ખુશ થયા. ૨૧. શ્રીહરિએ તે બંનેને રહેવા માટે યોગ્ય મકાન આપ્યાં. સારાં વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં આપ્યાં. અનાજમાં ઘઉં, ચોખા, ઘી અને સાકર, આવા બધા પદાર્થથી બંનેના કોઠાર ભરાવી દીધા. તે ક્યારેય ખૂટે નહિ તેવા હંમેશાં અખૂટ રહેતા હતા. કારણ કે, જેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થાય તેને માટે કોઈ વસ્તુ અપ્રાપ્ય રહેતી નહીં. ૨૨-૨૩. જેટલી રિદ્ધિ-સિદ્ધિ કહેવાય છે તે બધી તેમની સેવામાં તત્પર રહે છે.

❋ શ્રીહરિની મરજીમાં જ સુખ છે :

જે કોઈ શ્રીહરિની મરજી પ્રમાણે ચાલે છે તેને અપાર સુખ મળતું રહે છે. ૨૪. જેટલું કાંઈ સુખ કહેવાય છે તે બધું શ્રીહરિની મરજીમાં જ ચોક્કસ રહ્યું છે, તેમાં કાંઈ મિથ્યા નથી. ૨૫. જે જે શ્રીહરિની મરજી પાળીને જીવનમાં ચાલ્યા છે તે બધા અપાર સુખને પામ્યા છે, તે વાત અત્યંત પ્રસિદ્ધ છે. ૨૬. આ શ્રીહરિની મરજીમાં રહેવાની વાતને અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી સારી રીતે જાણતા હતા. તેણે કરીને તે બંને શ્રીહરિને ગમતા હતા.

સત્સંગનું અતિ હિત કરવા માટે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને કહ્યું કે, "આ સત્સંગનું મૂળ કેટલી બાબતે કરીને કાયમ મજબૂત રહે ? તથા જેના જેવા ધર્મ કહ્યા છે તેના તે ધર્મ સદાય તેવા ને તેવા જળવાઈ રહે તેનો શું ઉપાય છે ? તે આપ કહો. કોઈ પણ બાબત હોય તે યોગ્ય ઉપાય કર્યા સિવાય કાયમ રહેતી નથી. માટે પોતાની બુદ્ધિ અનુસારે તેનો ઉપાય કરવો જોઈએ. ૨૭-૩૧. ઉપાય કર્યા સિવાયની તો જે કાંઈ બાબત હોય તે આ ભૂમિ ઉપર કાયમ રહેતી નથી. ભગવાનના અવતાર જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહે છે ત્યાં સુધી સત્સંગનો ધર્મ સર્વોપરિ વર્તે છે. કારણ કે, તે ભગવાન પોતાના બળે જેટલો અધર્મ કહેવાય છે તેને દબાવીને વર્તે છે. ૩૨-૩૩. ભગવાન સિવાય અધર્મ ક્યારેય દબાતો નથી. કેમ જે, અધર્મનું જેવું સ્વરૂપ છે તેને યથાર્થરૂપમાં તો એક ભગવાન જ દેખે છે. ૩૪. વળી, જેને ભગવાનનો ખપ હોય એવા તમારા જેવા સંતો પણ

અધર્મના રૂપને દેખી શકે છે. બીજાને તે દેખ્યામાં આવતું નથી. ૩૫. પરંતુ જે અધર્મને જાહેર કરે છે તેના ઉપર અધર્મને અપાર વૈરભાવ થાય છે. તેથી તે તેના વિરુદ્ધમાં જેટલું ચાલે તેટલી મહેનત કરે છે." ૩૬.

ત્યારે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી બંનેએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, "ધર્મવંશ વિના બીજો કોઈ અધર્મવંશને ક્યારેય દબાવી નહિ શકે, આવું આપ સમજો છો. ૩૭-૩૮. હાલ જે ધર્મનો વંશ છે તેમાં બધાં આપનાં આજ્ઞા વચન પ્રમાણે વર્તે છે અને તે બધા દૃઢપણે આપનાં વચનમાં જ સર્વોપરિ સાર માને છે. ૩૯. **જેનામાં દૃઢતાપૂર્વક આપનાં વચનનો વાસ થયો હોય તેને જ આપે પોતાની ગાદીના અધિકારી કરવા."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી આવ્યા પછી શ્રીહરિએ મુક્ત મુનિ તથા નિત્ય મુનિને ધર્મની સ્થિરતાનો પ્રશ્ન પૂછ્યો" એ નામે સુડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૮

શ્રીહરિએ ગાદીને માટે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને પસંદ કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીનાં વચનને સાંભળીને શ્રીહરિ બોલ્યા, "રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્યે પોતાની ગાદી ઉપર પોતાના વંશને જ બેસાડ્યા હતા. અને તે સમર્થ આચાર્યોનાં વચને કરીને તેમનાં આશ્રિત નરનારીઓ અતિશય ભાવથી તેને માને છે. ૨-૪. **જે જે આચાર્ય થાય છે, તેમાં જે ભગવાનની મરજી પ્રમાણે જ મન, કર્મ તથા વચને કરીને વર્તે છે, તેના દિલમાં ભગવાન નિવાસ કરીને રહે છે. અને તેથી તેમનાં વચનોએ કરીને આશ્રિતજનોને જમનો ત્રાસ તથા લખચોરાશીનાં દુઃખ ટળી જાય છે.** ૫-૬. જે આચાર્ય જ્યાં સુધી ભગવાનની મરજી અનુસારે વર્તે છે ત્યાં સુધી

તેનાં વચને કરીને જીવોનાં જન્મ-મરણનાં દુઃખનો નાશ થાય છે, અને છેવટે તે ભગવાનની સમીપ નિવાસ કરે છે. ૭. પરંતુ ગમે તેવા કોઈ મોટા આચાર્ય હોય તે જો ભગવાનની મરજીનો લોપ કરે તો તેમાં ભગવાનનો નિવાસ રહેતો નથી, તેમાં જરા પણ ખોટું નથી. ૮. **'ભગવાનની મરજી એ જ જીવન છે' એમ જેટલા આચાર્ય સદાય જાણે છે તે જ ખરા આચાર્ય છે.** ૯.

જે પોતે આચાર્ય થઈને પોતાના સમીપ સંબંધ વગરની નારીનો જ્યાં સુધી પ્રસંગ નથી રાખતા, ત્યાં સુધી તે યોગ્ય આચાર્ય કહેવાય છે. ૧૦. જે પુરુષ નારીનો ગુરુ થાય છે, તો જે નારી છે તે ભગવાન સિવાયનો કોઈ પણ પુરુષ હોય તેને પોતાના પ્રસંગથી ભ્રષ્ટ કર્યા વિના રહેતી નથી. ૧૧. આમ સમજીને જે આચાર્ય નારીથી દૂર રહે છે અને જેટલા તેનાથી ડરે છે તેટલા ભગવાન તેની સમીપે રહે છે, એમ સમજવું. જે આચાર્ય પરસ્ત્રીની સાથે બોલે નહિ, તેનું મુખ દેખે નહિ અને તેની સાથે છાની વાત કહેવડાવે નહિ; આવા નિયમને જિંદગીભર રાખે તે સાચા આચાર્ય કહેવાય છે. ૧૨-૧૪. જે આચાર્ય થઈને પરસ્ત્રીનો સંબંધ રાખે છે તે વિષયી આચાર્ય છે. એવા કામી આચાર્ય તથા ગુરુઓ તો ગધેડાં, કૂતરાં, પાડા, સાંઢ અને વાંદરાંમાં ખપે છે. ૧૫-૧૬. કામી ગુરુ એવા આચાર્યમાં શ્રીકૃષ્ણની ભાવના રાખીને તેની જે સેવા કરે છે તે તો કુબુદ્ધિવાળા છે. અને તેવા વિષયી ગુરુરૂપ આચાર્ય તથા તેના જે શિષ્યો હોય છે તે બધાની આ લોક તથા પરલોકમાં ઘણી અપકીર્તિ થાય છે. કારણ કે, કામ, ક્રોધ અને લોભ, એ ત્રણને પ્રસિદ્ધ નરકનાં દ્વાર કહ્યાં છે. ૧૭-૧૮. **તે કામ, ક્રોધ અને લોભે કરીને તેઓ જ્યાં સુધી સુખ માને છે ત્યાં સુધી તેને દુઃખ રહે છે. જે કામ, ક્રોધ તથા લોભથી બહાર-દૂર રહે છે તેને ભગવાન સંબંધી અપાર સુખ પ્રાપ્ત થાય છે.** પરંતુ તેના જ્ઞાન વિના તે ચોક્કસ દેખાતું નથી. **જે આચાર્ય યોગ્ય બાબતને જોઈને વર્તે છે તે જ માનવા યોગ્ય છે.** ૧૯-૨૦.

❋ ધર્મવંશની ગાદી ઉપર કેવાને બેસાડવા ?

જેની અઘટિત-અયોગ્ય ચાલ-ચલન હોય તેને કોઈ વખાણતા નથી. અને અઘટિત ચાલવાળા આચાર્યની જે પ્રશંસા કરે છે તે પ્રશંસા કરનારાને

પણ તમારે અઘટિત ચાલવાળો જ સમજવો. ૨૧. જે યોગ્ય બાબતને જાણે છે તથા જે યોગ્ય વર્તણૂકને જ પ્રમાણ કરે છે, તથા જેટલી અઘટિત બાબતો હોય તેમાં રહેલા દોષોને પણ જાણતા રહે છે, તથા જેની ચાલ-ચલગત યોગ્ય હોય છે તથા જે યોગ્ય બાબતને જોઈ શકે છે અને તેને વારંવાર પ્રમાણ કરે છે. કારણ કે, તેઓ યોગ્ય બાબતને સમજે છે. માટે એવા જે હોય એ જ અમારી ગાદીએ બેસાડવાને યોગ્ય છે. ૨૨-૨૩. યોગ્ય વર્તન જ સર્વોપરિ રહ્યું છે. પરંતુ જે મનુષ્ય અઘટિત માર્ગે ચાલે છે તે સન્માર્ગે ચાલનારાને ક્યારેય પ્રમાણ કરતા નથી. માટે તે ગાદીને યોગ્ય નથી. ૨૪. જે યોગ્ય બાબતને જાણે તથા એવી યોગ્ય વાતમાં જ સાર માને; એવા દૃઢ વિચારવાળા અમારા વંશના જે હોય તે જ અમારી ગાદી ઉપર બેસાડવાને યોગ્ય છે. ૨૫-૨૬.

❋ જેને ધર્મવાન પ્રમાણ કરે એ જ ગાદીનો અધિકારી છે :

सोरठा : प्रमान करत जो जब, संत हरिजन धर्मजुत यह;
हमारी गादि पर तब, बैठावन जोग्य रहेउ...२७
हमारे वंश केउ, संत हरिजन तेहि जोउ;
प्रमान न करत तेउ, गादि हमारी बैठ न यह...२८

જ્યારે ધર્મયુક્ત સંતો-હરિભક્તો ભેળા થઈ જેનું પ્રમાણ કરે ત્યારે જ તે ધર્મવંશી વ્યક્તિ અમારી ગાદી ઉપર બેસાડવાને યોગ્ય થાય છે. ૨૭. જે અમારા વંશના હોય, પણ જો તેને ધર્મવાળા સંતો તથા હરિભક્તો પ્રમાણ ન કરે તો તેને અમારી ગાદીએ બેસાડવા નહીં. ૨૮. કેમ જે, જેને સંતો-ભક્તો પ્રમાણભૂત ન કરે તે ક્યારેય ગાદીને યોગ્ય નથી. માટે સંતો તથા હરિભક્તો સભા વચ્ચે જેનું પ્રમાણ કરે તે જ ગાદીને યોગ્ય છે. અમારી જે એક ગાદી છે તેના ઉપર સંતો-હરિભક્તોના હિત માટે અમારા નાના ભાઈ ઇચ્છારામજી, જે શાંત ગુણે સુખરૂપ છે, તેના પુત્ર સીતારામજીને અમે અમારા દત્તપુત્ર કર્યા છે અને તેને અમે ગાદી ઉપર બેસાડ્યા છે. તેમનું આચરણ અપાર શુદ્ધ છે અને તેમાં ગુણ પણ અપાર છે. પણ તે નાના બાળક છે. તેને આચાર્યપદની ગરિમાની કાંઈ ગમ નથી. જેનું આચરણ

અશુભ હોય છે તેની બધી મોટાઈ નાશ પામે છે. ૨૯-૩૨. માટે અમારી ગાદીને યોગ્ય કોણ બને છે ? તો, જેટલું અશુભ આચરણ હોય તેને જે જાણતા-સમજતા હોય અને તે અશુભ આચરણના માર્ગનો સમજીને ત્યાગ કરતા હોય, એવા જેમાં વિવેક અને વિચાર હોય, તેમ જ જેને ધનનો મદ ન ચડતો હોય; એવા સદ્‌ગુણોથી યુક્ત હોય તે જ અમારી ગાદીને યોગ્ય બને છે. ૩૩-૩૪.

चोपाई :

हमारे बचन रहेउ तिनकू, जेहि उलंघत हे ही इनकू;
हमारी गादि के मानना नाही, बचन हमारे ऐसे रहाही...३५
हमारे बचन पर चलत जितने, दैवत तामें देखना तितने;
वचन पर सुरत न रखत जितना, दैवत न रहे तामें तितना...३६

અમારાં વચનોનું જે ઉલ્લંઘન કરે તેને અમારી ગાદીને યોગ્ય માનવો નહીં. અમારું આ સ્પષ્ટ અને નિશ્ચિત આજ્ઞા-વચન છે. ૩૫. જે અમારાં વચન પ્રમાણે ચાલે છે તેમાં તેટલું દૈવત દેખવું. જે અમારાં વચન ઉપર જેટલું ધ્યાન નથી રાખતા તેટલું તેમાં દૈવત રહેતું નથી. ૩૬. આ પ્રમાણેની જેની સમજણ હોય અને જે અમારા વંશના હોય તે અમારી ગાદીને યોગ્ય છે. ૩૭. જે અમારા મોટાભાઈ રામપ્રતાપજી છે તેના પુત્ર અયોધ્યાપ્રસાદજી છે. ૩૮. તે અમારી ગાદીને યોગ્ય છે. તેને અમે અમારા દત્તપુત્રના રૂપમાં સ્થાપન કરીએ છીએ. ૩૯. અને જે રઘુવીરજી છે તેને પણ દત્તપુત્ર કરીને અમારી ગાદી ઉપર બેસાડવાને યોગ્ય કરીએ છીએ. ૪૦. અમારા નાનાભાઈ ઈચ્છારામજી નામે છે. તેના પુત્ર ઉદાર સ્વભાવના રઘુવીરજી છે. ૪૧. અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી, તે બંને મોહ તથા પ્રમાદનો ત્યાગ કરીને અમે જેમ કહીએ તેમ વર્તી રહ્યા છે.” ૪૨.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “શ્રીહરિએ પોતાની ગાદીને માટે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને પસંદ કર્યા” એ નામે અડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૪૯

શ્રીહરિએ આચાર્યની યોગ્યતા માટે વર્તનને મુખ્ય ગણ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સીતારામજીને પોતાની ગાદીના અધિકાર ઉપર દોઢ વર્ષ સુધી રાખ્યા હતા. ૨. તે પછી શ્રીહરિએ સીતારામજીને ગાદી ઉપરથી નિવૃત્ત કરીને સંતોની સંમતિ લઈને અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી, એ બંનેને ગાદીનો અધિકાર આપ્યો. ૩-૪. તે વખતે શ્રીહરિએ વાત કરી હતી કે, "જેના વર્તનને બુદ્ધિમાન સંતો-હરિભક્તો પ્રમાણ કરે, અને જે અયોગ્ય બાબતથી ડરતા હોય તેને અમે બુદ્ધિમાન કહીએ છીએ. પણ જે અયોગ્ય બાબતથી ડરતા નથી તેને અમે બુદ્ધિમાન કહેતા નથી. ૫-૬. જે અયોગ્ય વાતથી નથી ડરતા તેને તો અમે કુબુદ્ધિવાળા કહીએ છીએ. અમે તો તેને જ બુદ્ધિમાન કહીએ છીએ જે અયોગ્ય બાબતથી ડરે છે. ૭.

જે મનુષ્ય અયોગ્ય વાતથી જેટલો ડરે છે તેટલો અમે તેને મનુષ્ય જાતિનો કહીએ છીએ. જે મનુષ્ય હોય તેને સત્સંગ થાય છે અને સત્સંગ થયા પછી તેને સત્સંગનો રંગ રહે છે. ૮. જેને સત્સંગ થયા પછી તેનો રંગ ઊતરી જાય છે તેને તો અમે બાળબુદ્ધિ કહીએ છીએ. આ વાત નિશ્ચિત છે. ૯. જે બાળક કહેવાય છે તેને તો પથ્થર અને ચિંતામણિ બંને સરખા લાગે છે અને ત્યાં સુધી તે બાળકમાં ખપે છે. ૧૦. જેવી મતિ હોય તેવો તેનો ઉદ્ધાર થાય છે, એમ રૂડી બુદ્ધિવાળા પુરુષો ચોક્કસપણે કહે છે. જે બાળબુદ્ધિ ન રાખે તેને માટે આ સત્સંગ છે. ૧૧. જ્યાં સુધી બાળબુદ્ધિ રાખે છે ત્યાં સુધી તે ગમે તેવા હોય, તોપણ આ સત્સંગમાં શોભતા નથી. ૧૨. માન આદિક અનેક દોષો સત્સંગના ઘણા બળવાન શત્રુ રહ્યા છે. ૧૩. જે એવા સત્સંગના શત્રુ છે તેનું રાત-દિવસ સત્સંગની વાતો કરવામાં અપમાન થયા કરે છે. ૧૪.

જેટલા કામ-માનાદિ અસત્-દોષો છે તેનું સત્સંગની વાતોમાં ખંડન થતું રહે છે, અને તે દોષોનું ખંડન કરવું તે જ સત્સંગનો ગુણ છે. ૧૫. એવી

અસત્ બાબતોનું ખંડન સત્સંગ સિવાય કોઈ કરતું નથી, આ વાત નિશ્ચિત છે. તેથી જ અસત્ ઉપર રુચિવાળાને સત્સંગ ઉપર સહજ સ્વભાવે શત્રુભાવ રહ્યા કરે છે. કારણ કે, અસત્‌માં જેટલા દોષો રહ્યા છે તેને સત્સંગની વાતો વારંવાર જાહેર કરી દે છે. સત્સંગ સહુનું અપાર હિત ઈચ્છે છે. સત્સંગ સહુનું સાચું હિત કરે છે, પણ અસત્પુરુષને તે માન્યામાં આવતું નથી. તેથી જ જેટલા અસત્પુરુષો છે તે અસત્ માર્ગ ઉપર જ ચાલે છે. **જેને સત્ય વાતમાં રુચિ રહેતી હોય તેને જ સત્સંગ પ્રિય લાગે છે.** ૧૬-૧૯.

આ રીતે કોઈને સત્સંગ પ્રિય લાગે છે અને કોઈને પ્રિય નથી લાગતો, તેનું કારણ સ્પષ્ટ દેખાડી દીધું. જેનું જે કારણ હોય તે કહ્યા સિવાય જાણ્યામાં આવતું નથી. ૨૦. જે કોઈ પણ વાતનું જે ફળ હોય છે તેનું કાંઈક કારણ રહ્યું જ હોય છે. અને જે વાતનું કોઈ કારણ ન હોય તે બધી વાતો નિષ્ફળ હોય છે. ૨૧. જેને સદ્‌બુદ્ધિ હોય તેને આ બધું દેખાય છે. કારણ કે, બુદ્ધિ જેવું બીજું કોઈ નેત્ર કહેવાતું નથી. બુદ્ધિરૂપ નેત્રનું એટલું જ ફળ છે કે, સાચી વાતનો સ્વીકાર કરવો. ૨૨. જ્યાં સુધી જે મનુષ્ય સાચી વાતને સ્વીકારતો નથી ત્યાં સુધી તેની બુદ્ધિ ગમે તેવી વિશાળ હોય તોપણ નિરર્થક રહે છે. ૨૩. આવી સમજણવાળા જે કોઈ પણ બાઈ-ભાઈ કહેવાય છે તેની સમીપે અમે રહીએ છીએ, તેથી તેઓને સાચી વાત દેખાય છે. ૨૪.

❋ જ્યાં સત્ય હોય ત્યાં શ્રીહરિ રહે છે :

સત્ય ખુદ એવું બતાવી દે છે કે, જ્યાં સત્ય વાત હોય છે ત્યાં અમે રહીએ છીએ અને જ્યાં અમે રહીએ છીએ ત્યાં ધમ-ભક્તિનો સદ્‌ગુણરૂપી બધો પરિવાર પણ હેતે કરીને રહે છે. ૨૫. જ્યાં અસત્ય વાત રહેતી હોય છે ત્યાં પરિવારે સહિત અધર્મ અને અધર્મનો બધો વંશ ચોક્કસ વસે છે. ૨૬. જ્યાં અસત્ય વાત રહેતી હોય ત્યાં અંતર્યામી ભગવાન રહેતા નથી. ૨૭. આવી વાતને જે મનુષ્ય સમજે છે તે મનુષ્ય બુદ્ધિમાન છે. આ સત્સંગ છે તે બુદ્ધિમાનનો જ કહેવાય છે. ૨૮. જે બુદ્ધિમાન હોય છે તેને જ અમે મનુષ્ય સમજીએ છીએ.”

આ વાત સાંભળીને મુનિવર મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી શ્રીહરિની આગળ બોલ્યા કે, **"મહારાજ ! અમે આપના સમાન બીજા કોઈને દેખતા નથી. આપનાં વચનમાં સર્વે શાસ્ત્રનાં બધાં રહસ્યોનાં બીજ અમે દેખીએ છીએ. આપની વાતે કરીને આપ સર્વોપરિ ભગવાન છો,** એવો નિશ્ચય અમારા જીવના અંતરમાં વસી ગયો છે, તેથી તે નિશ્ચય સ્વપ્નમાં પણ એવો જ રહે છે. અરે ! કરોડો કલ્પો જાશે તોપણ છૂટશે નહીં. ૨૯-૩૨. હવે આ શરીરમાં કદાચ કોઈ ગમે તેવો મોટો રોગ થાય, તોપણ અમને ક્યારેય આપનો લગાર પણ દોષ આવે નહીં. ૩૩.

હે પ્રાણઆધાર ! હવે અમને આપના સમાન બીજા કોઈમાં સાર મનાતો નથી. આપના સિવાય બીજામાં જેટલો સાર મનાય છે અને આપથી બીજાને જેટલા અધિક દેખીએ છીએ, તેટલો જીવમાં બગાડ રહ્યો છે. તે આપની વાતે કરીને દેખાઈ આવે છે. આપના સિવાયના વિના પ્રયોજને જેટલા ઘાટ મનમાં ઊપજ્યા કરે છે, એ બધો મનમાં રહેલો બગાડ છે. તે આપ પરમ દયાળુએ જ અમને દેખાડ્યો છે. **ખરેખર જીવ તો અત્યંત શુદ્ધ છે. તે આગથી પણ બળતો નથી, પાણીથી સડતો નથી, શસ્ત્રથી કપાતો નથી અને વાયુથી સુકાતો નથી; આવો જીવ નિત્યસિદ્ધ અને શુદ્ધ છે.** ૩૪-૩૭. **તે જીવ દેહ તથા ઈન્દ્રિયોના યોગે કરીને કર્માધીન દેખાય છે અને સુખ-દુઃખને પામે છે.** ૩૮. **જીવ આ માયિક શરીરને લીધે જ વારંવાર અનંત પ્રકારનાં સુખ-દુઃખને અનુભવે છે. પરંતુ જ્યારે સત્સંગના શુભ યોગે કરીને જીવને દિવ્ય દેહ મળે છે, ત્યારે તે દિવ્ય દેહમાં કોઈ રોગ રહેતો નથી.** પછી આધિ-વ્યાધિના તાપ પણ ક્યારેય રહેતા નથી." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ આચાર્યની યોગ્યતા માટે વર્તનને મુખ્ય ગણ્યું" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૦

આચાર્યની રીત કહીને શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને પોતાની ગાદીએ બેસાડ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિને આ ભૂમિ ઉપર માનવદેહ ધારણ કરવાનો જે અભિપ્રાય હતો તે મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ કહ્યો. ૨. તે વાત સાંભળીને શ્રીહરિ તે બંને સંતો ઉપર પ્રસન્ન થયા. પછી પોતે કહ્યું કે, “અમારે કરવાની જે બધી બાબત હતી તે બધી અમે કરી લીધી છે. હવે કોઈ એક બાબત પણ કરવાની બાકી રહી નથી. અમારા જેટલા કરવાના સંકલ્પ હતા તે બધા પૂરા થયા છે. ૩-૪.

❋ મન ભગવાનમાં લાગે તો સંસારનો ભય ભાગે :

જ્યાં સુધી જેનો જીવ ભગવાનમાં ચોંટી ન જાય ત્યાં સુધી તેણે ભણેલા બધાં વેદ-પુરાણો, ભૂમિ ઉપરનું મેળવેલું બધું ધન અને મેળવેલી સર્વ સમૃદ્ધિ, તે સર્વેએ કરીને પણ જન્મ-મરણ ક્યારેય છૂટતા નથી. ભગવાનમાં જ્યારે ચિત્ત ચોંટે છે ત્યારે જ જન્મ-મરણ છૂટે છે; આ વાત ચોક્કસ છે, તેમાં ક્યારેય સંદેહ રહ્યો નથી. અમે તે બાબતનો નિશ્ચય કરીને કહીએ છીએ. ૫-૭. **આ બ્રહ્માંડનો અનંત વાર મહાપ્રલય થઈ જાય તોપણ અમે જે આ વાત કહી તે ફરે નહિ તેમ દેખાય છે.** ૮. સત્સંગની જેટલી વાત છે તે બધી જન્મ-મરણને છોડાવનારી છે અને સત્સંગ સિવાયની જેટલી વાત છે તે બધી જન્મ-મરણને કરાવનારી છે. ૯.

જેને એવો વિવેક હોય છે તેને આ હકીકત દેખાય છે. તેવા વિવેક વગરના મનુષ્ય તો અંધ કહેવાય છે. વેદ-પુરાણોને ભણવાથી કે બધા સિદ્ધાંતના ગ્રંથોને ભણવાથી અને ન્યાય શાસ્ત્ર તથા મીમાંસાને ભણવાથી પણ જો વિવેક ન આવે તો શું ફાયદો ? વિવેક વિના તો તે અંધ રહે છે. સત્સંગ સિવાયના બીજા અનંત સાધનો છે, તેનો ગણ્યે અંત આવતો નથી.

પરંતુ બધા સત્પુરુષો કહે છે કે, વિવેક વિના બધાં સાધન નિષ્ફળ છે. ૧૦-૧૧. **જે ભગવાનના સ્વરૂપમાં જ ચિત્તને જોડે છે તે સત્પુરુષ કહેવાય છે. સત્પુરુષનું આ પ્રત્યક્ષ લક્ષણ દેખાડી દીધું છે. ૧૨.** જે ભગવાનના સ્વરૂપમાં ચિત્તને જોડતા નથી તે અસત્પુરુષ છે, એમ સ્પષ્ટપણે અસત્પુરુષનું લક્ષણ કહ્યું છે. ૧૩.

સંપ્રદાયના જે આચાર્ય હોય તેણે ભગવાનના સ્વરૂપમાં લોકોનું ચિત્ત ચોંટાડવું, તે ગુણ સૌથી પહેલો અવશ્ય હોવો જોઈએ. હરેક વાતે ભગવાનના સ્વરૂપમાં રાત-દિવસ ચિત્ત ચોંટાડવાનું જ તાન રહે તે જ આચાર્યનો મુખ્ય ગુણ કહ્યો છે. ૧૪-૧૫. જેટલી શુભ બાબત તથા જેટલા શુભ ગુણો હોય છે તેને આચાર્ય જોઈને ગ્રહણ કરે છે. કેમ જે, ભૂમિ તથા ધન કરતાંય તે શુભ બાબત અને સદ્‌ગુણોમાં બહુ જ મોટાઈ રહી છે, એમ સાચા આચાર્ય જાણે છે. એવા આચાર્યની શુભ કીર્તિ અપાર વધતી રહે છે. ૧૬-૧૭. શુભ બાબતોએ કરીને શુભ કીર્તિ વધે છે. તેમાં ક્યારેય ખોટું નથી. જે આચાર્ય અશુભ વાતને ગ્રહણ કરે છે તેની ક્યારેય શુભ કીર્તિ થાતી નથી. ૧૮. અમે જેવું જાણીએ છીએ તેવી રોજ વાત કરીએ છીએ. જેઓ શુભ બુદ્ધિમાન છે તે અમારી વાતને વારંવાર પ્રમાણ કરે છે. આવી અમારી વાત મહત્ત્વપૂર્ણ છે. તેને સાંભળીને બ્રહ્મા, ભવ, ઈન્દ્રાદિક દેવો, કશ્યપ, મનુ મહારાજ, વ્યાસ, વાલ્મીકિ આદિક ઋષિવર તથા શુકદેવજી, નારદ અને સનકાદિક વગેરે સંતો અમારી કરેલી વાતને પ્રમાણ કરે છે. ૧૯-૨૧.

પ્રહ્લાદજી, પ્રિયવ્રત આદિ જે જે અનુપમ રાજા થયા છે, તેઓ પણ અમારી વાતને પ્રમાણ કરે છે. એવી અમારી વાત મહત્ત્વપૂર્ણ છે. ૨૨. જે લોકો શુભ વાતની રીતને જાણતા નથી તે ગમે તેટલા મોટા હોય, તોપણ તેને અમે આંધળા-બહેરા કહીએ છીએ. અમે તેને ક્યારેય મોટા કહેતા નથી." ૨૩. આટલી વાત કર્યા પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીના પ્રત્યે કહ્યું કે, "અમે અત્યારે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને અમારી ગાદી ઉપર બેસાડીએ છીએ. ૨૪-૨૫. આ બંને સત્સંગના ઉપર વધારે ને વધારે હેત રાખે છે. **જેને સંતો-ભક્તો ઉપર ઘણો રસભર્યો નિર્મળ**

પ્રેમ હોય તેવા આચાર્ય ભક્તજનોને માટે ઘણા દુર્લભ છે. આવા ગુણ વિનાના કદાચ કોઈ આચાર્ય થયા હોય તોપણ તેનાથી શું ફાયદો ?" ૨૬-૨૭.

આટલું કહીને શ્રીહરિએ સંતોની જાયગાના ચોકમાં એક મંડપ બંધાવ્યો. જેની શોભા કહી શકાતી નથી. ૨૮. શ્રીહરિ તે મંડપમાં બેઠા. ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થઈ અને બધે આનંદ ઉત્સવ છવાઈ ગયો. ૨૯. શુભ દિવસ અને શુભ લગ્ન જોઈને શ્રીહરિએ પોતાની સમીપે બે ગાદીઓ બિછાવડાવી અને બધું પૂજાનું સાહિત્ય મંગાવ્યું. ૩૦. તે વખતે જેટલી જાતનાં વાજિંત્રો કહેવાય છે તે બધાં ખૂબ વાગવાં લાગ્યાં. તે સમયે શ્રીહરિએ ઘણા હેતથી અયોધ્યાપ્રસાદજીનો હાથ પકડીને તેમને એક ગાદી ઉપર બેસાડ્યા તથા બીજી ગાદી ઉપર રઘુવીરજીને હાથ પકડીને બેસાડ્યા. ૩૧-૩૨. આ આચાર્ય સ્થાપવાની બધી વાત અત્યંત નિર્દોષ હતી. કેમ જે, તેમાં સત્સંગનું હિત જ નિર્ધારિત હતું. શ્રીહરિ જે જે કાંઈ કરતા હતા તે બધું સત્સંગનું હિત કરવા માટે જ હતું. ૩૩.

પછી તે બંને આચાર્યની ભારે પહેરામણી કરી, તેની વાત કહી શકાતી નથી. મોતી જડિત સોનાનાં કુંડળ તેમના બંને કાનમાં પ્રેમથી પહેરાવ્યાં. ૩૪. વળી શ્રીહરિએ ઘણા હેતથી સોનાના બે દોરા પહેરાવ્યા અને કાંડાંમાં સોનાનાં કડાં પહેરાવ્યાં. મસ્તક ઉપર જરિયાની પાઘ ધરાવી. ૩૫. જરિયાની પાયજામો અને જામો બેયને ઘટે તે રીતે પહેરાવ્યા. ૩૬. નંગજડિત સોનાની વીંટીઓ હાથની આંગળીઓમાં પહેરાવી, જે સુશોભિત હતી. ૩૭. કસુંબી રંગનો ઘણો સરસ, સુંદર કોર અને છેડાવાળો જરિયાની દુપટો શ્રીહરિએ બંનેને એક એક ઓઢાડ્યો. શ્રીહરિએ બંનેની આગળ એક એક શ્રીફળ મૂક્યું અને આરતી ઉતારી. પછી મુખથી જય જયકાર કર્યો. ૩૮-૩૯.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "આચાર્યની રીત કહીને શ્રીહરિએ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને પોતાની ગાદીએ બેસાડ્યા" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૧

શ્રીહરિ વડતાલમાં દિવાળી કરવા માટે ગઢપુરથી નીકળીને રોજકા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ પોતે પ્રથમ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીની પૂજા કરી. પછી સહુ સંતોએ પણ તે બંનેની પૂજા કરી. શ્રીહરિનાં વચનમાં જ મોક્ષ રહ્યો છે, એમ માનતા એવા સંતો-વર્ણીઓ અને જે હરિભક્તો હતા તેમણે તે સમયે શ્રીહરિનાં આજ્ઞાવચનથી ઘણા ભાવે સહિત બંને આચાર્યની પૂજા કરી. ૨-૪.

વિ.સં.૧૮૮૨માં ચોમાસાના ચાર માસ શ્રીહરિ ગઢપુરમાં રહ્યા. તે સમયે સહુ સંતો તથા હરિભક્તોને કથા, કીર્તન અને વાતો કરીને વારંવાર અપાર સુખ દેતા હતા. ૫. જ્યારે પાછલો દોઢ પહોર દિવસ રહેતો ત્યારે શ્રીહરિ સીગરામ ગાડી ઉપર બેસીને તે પોતે ચલાવતા. શ્રીહરિની આવી મૂર્તિનાં દર્શન કરતાં ગામના ભક્તજનો તૃપ્ત થતા નહીં. ૬. એવી રીતે રોજ શ્રીહરિ સંતો, વર્ણી અને હરિભક્તો સાથે ઉન્મત્તગંગાના નારાયણઘાટ ઉપર સ્નાન કરવા માટે જતા હતા. ૭. શ્રીહરિ જ્યારે ઉન્મત્તગંગામાં જઈને નહાતા ત્યારે પૂર્વ દિશામાં મુખ રાખીને નહાતા. શ્રીહરિ પોતાની સાથે સ્નાન કરનારા ભક્તજનોનો આનંદ અતિશય વધારતા રહેતા. જે આનંદ મુખથી કહી શકાતો નથી.

શ્રીહરિની સાથે સ્નાન કરનારા જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે બધાનું સદ્‌ભાગ્ય કહ્યામાં આવતું નથી, અને તે વાત થોડી બુદ્ધિવાળાને તો માન્યામાં પણ આવતી નથી. જ્યારે જ્યારે સંતો તથા હરિભક્તો જે રીતે પ્રગટ શ્રીહરિનું સુખ પ્રાપ્ત કરતા હતા, તે સુખ વિપરીતમતિવાળા તથા અતિશય અલ્પ મતિવાળા મનુષ્યને દેખ્યામાં આવતું નહીં. મનુષ્ય જ્યાં સુધી વિપરીત બુદ્ધિ રાખે છે ત્યાં સુધી તે સંસારમાં ભટક્યા કરે છે. ૮-૧૧. આ રીતે સમજનારા શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યોનું ભવભટકણ ટળી

જાય છે. ભવભટકણ ટળી જાય છે કે રહે છે ? તે બાબત તો સમજણમાં રહી છે, તેને શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યો દેખે છે. ૧૨. શુદ્ધ બુદ્ધિવાળાની સમજણ મોક્ષના માર્ગ તરફ ગતિ કરાવનારી હોય છે. જ્યારે દુર્બુદ્ધિવાળા સર્વે મનુષ્યની સમજણ તો જન્મોજન્મ સંસારમાં ભટકવાના માર્ગ તરફ ગતિ કરાવનારી હોય છે. આ બાબતને શુદ્ધ બુદ્ધિવાળા દેખે છે. પરંતુ કુબુદ્ધિવાળા મનુષ્યને તે ક્યારેય દેખાતું નથી. કારણ કે, તેની બુદ્ધિ દૂષિત હોય છે. ૧૩-૧૪.

શ્રીહરિએ ગઢપુરમાં રહીને દશેરા અને શરદપૂનમ કર્યા. પછી દિવાળીનો ઉત્સવ વડતાલમાં કરવા માટે શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા અને દિવાળીને આઠ દિવસ બાકી હતા ત્યારે **કારિયાણી** ગામ આવ્યા. ૧૫-૧૬. શ્રીહરિ ત્યાં આવીને એક રાત રહ્યા. તે વખતે જેટલા હરિભક્ત ગામેતી કાઠી દરબારો હતા તે બધા પોતપોતાના અશ્વ લઈને કારિયાણી આવ્યા. શ્રીહરિ વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા હતા. તે વસ્તા ખાચર શ્રીહરિના અનન્ય હરિભક્ત હતા. ૧૭-૧૮. તે દેશમાં સંતોના જેટલા મંડળ ફરતા હતા તે બધા પણ આવીને કારિયાણીમાં ભેળા થયા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૯. સુખદાયક શ્રીહરિ તે વસ્તા ખાચરના દરબારમાં સભા કરીને બેઠા હતા. તેથી આનંદ-ઉત્સવ છવાઈ ગયો હતો.

ત્યારે શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે, “તમે સાંભળો, અમે એક વાત કરીએ છીએ. અમે વાત તો વારંવાર કરીએ છીએ પણ તેને તમે સમય ઉપર યાદ રાખતા નથી. ૨૦-૨૧. અમે જે પ્રબંધ કરીએ છીએ, તેમાં સહુને ઘણું સુખ રહે છે. પરંતુ તેમાં જે સુખ નથી દેખતા તે પ્રબંધને તોડી નાખે છે. ૨૨. પાંચ પાંચ પરમહંસોનું મંડળ કરીને સહુએ રસ્તામાં અલગ અલગ ચાલવું. કેમ જે, ગામડાઓમાં રહેલા હરિભક્તોને આપણે જાળવવા જોઈએ. ૨૩. કોઈ એક ગામમાં તમારે મંડળ ઉપર મંડળ ભેળા થઈને ક્યારેય રસોઈ કરવી નહીં. હરિભક્ત ઉપર દયા રાખીને વિચરણ કરવું. ૨૪. જે જે પ્રદેશમાં નાનાં મોટાં મંદિરો થયાં છે ત્યાંનો બધો ખર્ચ

પણ હરિભક્તો ઉપર છે. ૨૫. વળી, અમારે માટેનો જે બધો ખર્ચો થાય છે તથા અયોધ્યાવાસીઓ, સંતો તથા વર્ણીઓને માટે જે કાંઈ ખર્ચ થતો હોય છે તે બધો ખર્ચ પણ હરિભક્તો જ કરે છે. હરિભક્તો જેમ પોતાના ઘર-કુટુંબનું ભરણપોષણ કરે છે તેમ તેઓ આપણા સહુનું ભરણપોષણ કરે છે. માટે સહુ સંતો તથા વર્ણીઓએ તે રીતે જ હરિભક્તોનું વાતચિતે કરીને ભરણપોષણ કરતા રહેવું. ૨૬-૨૮.

※ વાણી વિવેકની વિશેષતા :

જો વાત કરતા આવડે તો વાતની સમાન જીવને સમાસ-પોષણ કરનારી બીજી કોઈ બાબત નથી. જ્યારે જેવો સમય વર્તતો હોય ત્યારે તે સમયને જોઈને તેવી વાત કરવી જોઈએ. કેમ જે, સમય જોયા વિના જો વાત કરવામાં આવે તો તે કરેલી વાતો ઉત્પાતમાં ખપે છે. ૨૯-૩૦. જે વાત કરતી વખતે સમય-સંજોગનું અનુસંધાન રાખે છે, તેની ઘણી મોટાઈ વધતી રહે છે. જે મનુષ્ય વાત કરવાનું જેવું જાણતો હોય તેની તેવી મોટપ વધે છે. ૩૧. **વાતમાં જેટલી મોટપ રહી છે તે બધી જેને સમય જોઈને વાત કરતા આવડે તેને તે મોટાઈ મળે છે. પરંતુ જો સમય જોયા સિવાય વાત કરે તો તેને તે મોટપ પ્રાપ્ત થતી નથી. ૩૨.** આ સમયમાં જે મનુષ્યો સત્સંગ કરે છે તેનાં અપાર ભાગ્ય છે, જેનો કહેતા પાર આવતો નથી." ૩૩.

શ્રીહરિ આટલી વાત કરી પછી ભોજન જમીને પોઢી ગયા. જ્યારે સવાર થયું ત્યારે કારિયાણીથી ચાલતા થયા અને **રોજકા** ગામ આવીને રહ્યા. ૩૪. ત્યાં તળાવથી આથમણી બાજુએ મુકામ કર્યો. ગામમાં જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિની સેવા ઘણા પ્રેમથી કરી. કારણ કે, તે હરિભક્તો સેવા કરવાની રીત જાણતા હતા. ૩૫. રોજકાના ગામધણી દરબાર કાકાભાઈ હતા. માનાભાઈ નામે તેમના ભાઈ હતા. બંને પાકા હરિભક્ત હતા. ૩૬. ગોલભાઈ મશરૂ કરીને હરિભક્ત હતા. તેના ભાઈ અને પુત્ર વગેરે પણ પાકા દૃઢ સત્સંગી હતા. ૩૭. તે સિવાય રૂડી બુદ્ધિવાળા જેટલા પ્રશ્નોરા બ્રાહ્મણ હતા, તે બધા પણ પાકા દૃઢ હરિભક્ત હતા. ૩૮. રોજકામાં બીજા

કણબી તથા ચારણ પણ હરિભક્તો થઈને શ્રીહરિને શરણે થયા હતા. તે સહુ સેવામાં તત્પર રહ્યા. ૩૯. તેમણે ત્યાં રસોઈ કરાવીને શ્રીહરિ, સંતો અને ધર્મકુળ સહુને જમાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલમાં દિવાળી કરવા માટે ગઢપુરથી નીકળીને રોજકા આવ્યા" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૨

રોજકાથી નીકળેલા શ્રીહરિ ભક્તોને દર્શન દેતાં દેતાં વડતાલ પહોંચ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ રોજકામાં રાત રહ્યા. પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા તે **ગાંફ** ગામ આવ્યા. ત્યાંના રાજા દરબાર મનુભા હતા. ૨. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા અને પગમાં પડ્યા. તે ખૂબ રાજી થયા. તે સમયે તેમણે હાથ જોડીને કહ્યું, "હે મહારાજ ! આપ બહુ કૃપા કરીને અમને દર્શન દેવાં આજે પધાર્યા છો. હવે મારા મનોરથને પૂર્ણ કરો. ૩-૪.

હે સુખદાતા ! આપ આજની રાત અહીં રહો, એવી અમે અરજ કરીએ છીએ." ત્યારે તે રાજાનો અપાર પ્રેમભાવ જોઈને શ્રીહરિ તેમના ઉપર રાજી થયા. ૫. પછી ગાંફમાં એક રાત રોકાઈને મનુભાના બધા મનોરથ પૂર્ણ કર્યા. વળી, ગામમાં જે હરિભક્ત હતા તેમના મનોરથ પણ શ્રીહરિએ પૂર્ણ કર્યા. ૬. **શ્રીહરિ તથા સંતોની હરિભક્તોએ જેવી સેવા કરી છે તે યથાર્થ કહી શકાતી નથી. આ બધું કહેવાનો મને મનમાં ઘણો ઘણો ઉત્સાહ રહે છે, પણ આખા બ્રહ્માંડને બથ ભરવા જેવી એક એક હરિભક્તની સેવા સંબંધી વાતો છે. માટે કહી કહીને હું કેટલુંક કહું ?** ૭-૮. બ્રહ્માંડ

જેટલી આયુષ્ય પામીને વર્ણન કરીએ તોપણ સહુ હરિભક્તોએ શ્રીહરિની જે સેવા કરી છે તે યથાર્થરૂપમાં કહી શકાય તેમ નથી. માટે હું તો અહીંયાં બીજમાત્ર કહું છું. ૯.

જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ગાંફથી ચાલ્યા, તે **કમિયાળા** ગામ આવ્યા. ત્યાં રહેતા સહુ હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૦. પછી ત્યાંથી આગળ ચાલતા શ્રીહરિ **ભોળાદ** ગામ પાસે ભોગાવો નદી ઊતર્યા. ભોળાદના તળાવમાં અશ્વને પાણી પાયું. ૧૧. કેટલાક સંતો અને હરિભક્ત તળાવમાં નહાયા. તેટલી વારમાં તો ગામના ભાવિક લોકો દર્શન કરવા માટે આવ્યા. ૧૨. ત્યાં મોનજીભાઈ કરીને પ્રશ્નોરા વિપ્ર સત્સંગી હતા. તે પણ આવીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. તે **નાનીબોરૂ** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૩-૧૪. સહુ શ્રીહરિનાં ચરણમાં પડ્યા. હીરાભાઈ, ભગાભાઈ આદિ સોની ભક્તો અને દેવચંદભાઈ શેઠ પણ આવીને ચરણમાં નમી પડ્યા. ૧૫. આ બોરૂમાં પણ પ્રશ્નોરા વિપ્ર હરિભક્ત હતા તે પણ આવીને પગે લાગ્યા.

પછી શ્રીહરિ ત્યાંથી આગળ ચાલતા થયા, ૧૬. તે **મોટીબોરૂ** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધા આવીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ત્યાંના મુખ્ય શેઠ વગેરે હરિભક્તોને દર્શન દઈને શ્રીહરિ તત્કાળ ચાલતા થયા, તે **વારણા** ગામ આવ્યા. ઘનશ્યામ શ્રીહરિ વારણામાં તળાવ કાંઠે ઊતર્યા. ૧૭-૧૮. ગામમાં જેટલા હરિભક્ત હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. પછી ત્યાં શ્રીહરિ તથા સાથે જે સંઘ હતો, તે સહુએ ટીમણ કર્યું. ૧૯. ટીમણ કરીને ત્યાંથી ચાલ્યા તે ગલિયાણા ગામની પાસે સાબરમતી નદીને ઊતર્યા અને **ગલિયાણા** ગામ પ્રત્યે આવ્યા. ૨૦. ત્યાં જેટલા હરિભક્તો હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિ જ્યારે ત્યાંથી ચાલ્યા તે **વરસડા** ગામ આવ્યા. ૨૧. વરસડા ગામમાં જેટલા પાટીદાર હરિભક્ત હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ દર્શન કરીને ઘણા ખુશ થયા. ૨૨.

ભક્તજનોના ચિત્તને ચોરનારા શ્રીહરિએ ગામથી પશ્ચિમ તરફ મુકામ કર્યો. ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિની સેવા કરી. ૨૩. ગામના હરિભક્તોએ કંસારની રસોઈ કરાવી. અયોધ્યાવાસીઓએ તે રસોઈ કરી પછી શ્રીહરિ તથા સંતોને પ્રેમથી જમાડ્યા. ૨૪. ભક્તજનોના પ્રિય એવા શ્રીહરિ ત્યાં રાત રહીને ચાલ્યા તે **સીંજીવાડા** ગામ આવ્યા. ૨૫. ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી ઉતાવળી ગતિએ ચાલતા થયા, ૨૬. તે ગામ **ગાડા** થઈને **સોજીત્રા** ગામ આવ્યા. ત્યાં ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ આવીને દર્શન કર્યાં અને હાથ જોડીને નમસ્કાર કર્યા. અતિશય આનંદ પામેલા તે હરિભક્તોએ અહીંયાં રોકાઈ જાઓ તેમ કહ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “અમારે આજે વડતાલ જવું છે અને આવતી કાલે એકાદશીનો દિવસ છે.” તે સાંભળીને હરિભક્તો ચુપ થઈ ગયા. પછી ત્યાંથી ચાલતા થયા તે **મહેળાવ** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુએ દર્શન કર્યાં. ૨૭-૩૦. ગામના તળાવથી પશ્ચિમ બાજુના ભાગમાં સુવ્યવસ્થિત જગ્યા હતી ત્યાં આવીને રંગભીના શ્રીહરિએ ટીમણ કરવા માટે ઉતારો કર્યો. ૩૧. ત્યાં એક સ્વચ્છ પાણીનો કૂવો હતો. ત્યાં ટીમણ કરીને સહુએ પાણી પીધું.

પછી સુખદાતા શ્રીહરિ ચાલ્યા તે જ્યારે **વડતાલ** સમીપે આવ્યા, ત્યારે પાર્ષદોને મનમાં ઘણા ઉત્સાહથી શ્રીહરિ પધાર્યા છે તે વાતની જાણ કરવાની ઈચ્છા થઈ. તેથી તેમણે કેટલીક બંદૂકોના અવાજ કર્યા. પછી શ્રીહરિ પધાર્યા છે તેવી વાત જાણીને વડતાલના બધા ભક્તો ખૂબ જ આનંદિત થયા તે કહી શકાતું નથી. ૩૨-૩૩. વડતાલમાં કેટલાક દેશદેશના હરિભક્તોના સંઘ આવ્યા હતા. તે સહુ શ્રીહરિની સન્મુખ ચાલ્યા. જેટલાં વાજિંત્રો અને નિશાન લાવ્યા હતા તે સાથે લીધા. જેટલા હજારી ફૂલના હાર લાવ્યા હતા તે પણ સાથે લીધા. હરિભક્તોના દિલમાં અપાર ભાવ હતો. ૩૪-૩૫. જ્યારે સહુ પા કોશ જેટલે સામે ગયા ત્યારે શ્રીહરિનાં દર્શન થયાં. તે સમયે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. તેમની શોભા એવી અદ્‌ભુત હતી કે જે

કહી શકાતી નથી. ૩૬. જેટલા હરિભક્ત આવ્યા હતા તે સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા. શ્રીહરિનાં ચરણનો સ્પર્શ કર્યો અને પછી સહુએ જય જયકાર કર્યો. ૩૭. જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. તેનો શબ્દ આખા આકાશમાં ભરાઈ રહ્યો હતો. ૩૮. આ રીતે શ્રીહરિ જ્યારે વડતાલમાં આવ્યા ત્યારે હરિભક્તો અત્યંત પ્રેમથી ગરબીનાં પદો બોલતા હતા. સહુ પહેલા શ્રીહરિ મંદિરમાં આવ્યા અને શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "રોજકાથી નીકળેલા શ્રીહરિ ભક્તોને દર્શન દેતાં દેતાં વડતાલ પહોંચ્યા" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૩

શ્રીહરિના બંને બંધુઓના પરિવાર માટે નવું ભવન બંધાવી દીધું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ વડતાલ આવ્યા ત્યારે સંધ્યા સમયે આરતીનો સમય થયો, ત્યારે માધવાનંદ નામે વર્ણીએ આવીને જ્યારે આરતી કરી ત્યારે બધે આનંદ આનંદ થઈ ગયો. ૨. પછી જ્યાં સુધી નારાયણધૂન થઈ ત્યાં સુધી શ્રીહરિ લક્ષ્મીનારાયણ દેવની સમીપે ઊભા રહ્યા. ૩. જ્યારે નારાયણ ધૂન પૂરી થઈ ત્યારે શ્રીહરિ મંદિરની પાછળના ભાગમાં આવીને બેઠા. ૪. તે સમયે ત્યાં મોટા ગાદીતકિયા લાવીને બિછાવી દીધા હતા. શ્રીહરિ ત્યાં આવીને તેના ઉપર બેઠા. તે વખતની સુંદર શોભા કહી શકાતી નથી. ત્યાં ત્રણ-ચાર જેટલી મશાલો કરવાથી દિવસ જેવું અજવાળું થયું હતું. વડતાલની નજીક ચારેબાજુ જે કાંઈ ગામો છે તેમાં જેટલા સંતમંડળો રોકાયા હતા, તેણે શ્રીહરિના આવવાના સમાચાર સાંભળ્યા. પછી તે સંતો શ્રીહરિની સંમતિ લઈને વડતાલ આવ્યા. ૫-૭.

✳ મરજીની મહત્તા :

ચોપાઈ :

हरि की मरजि में मानत सूखा, मरजि बिन मानत रहे दूःखा;
मरजि बिन करतहि तिन करीके, दुःख पावत जन फरि हि फरीके...०८
दुःख जो जो कहावत हि जेता, हरि की मरजि बिन करत हि तेता;
ताके तेहि सब फल रहाते, रतिभर यामें न जुठ कहाते...०९
मरजि कु लोपत जिहाँ लग जेहू, ब्रह्मा जेसे बडे हि तेहू;
तिहाँ लग तेहि दुःख कु पाते, अज्ञानि जनकु नहीं देखाते...१०

કારણ કે, સંતો શ્રીહરિની મરજી પ્રમાણે રહેવામાં જ સુખ માનતા હતા અને જેમાં શ્રીહરિની મરજી ન હોય તેમાં દુઃખ માનતા હતા. કેમ જે, શ્રીહરિની મરજી વિના લોકો જે કાંઈ કરે છે તેમાં તે વારંવાર દુઃખને પામે છે. જે જે કાંઈ દુઃખ કહેવાય છે તે બધું શ્રીહરિની મરજી વિના કરવામાં આવ્યું હોય તેનું ફળ છે. તેમાં એક રતીભાર પણ ખોટું નથી. ૮-૯. બ્રહ્મા જેવા મોટા હોય તે પણ જ્યાં સુધી ભગવાનની મરજી લોપતા રહે ત્યાં સુધી તે દુઃખ પામતા રહે છે, પણ આ હકીકત અજ્ઞાની માણસને દેખાતી નથી. ૧૦. આમ સંતો સુખ-દુઃખની વાતને સમજે છે. અર્થાત્ સુખ-દુઃખના કારણને જાણે છે. તેથી જ સંતો બીજા કરતાં અધિક કહેવાય છે. કોઈ પંડિત ભૂમિ ઉપરના સર્વે ગ્રંથોને ભણે, તોપણ તે જ્યાં સુધી સુખ-દુઃખના કારણને નથી જાણતો ત્યાં સુધી તેની તે પંડિતાઈ નિષ્ફળ છે, એમ સાચા સંતો દેખે છે. ૧૧-૧૨. **જેટલાં સાચા સંતો અને સચ્છાસ્ત્રો છે તે સુખ-દુઃખના કારણને યથાર્થપણે દેખાડે છે.** ૧૩. સુખ-દુઃખના કારણને જાણ્યા વિના કદાચ કોઈ સોનાનું બ્રહ્માંડ કરે તોપણ તેનાથી શું ? કારણ કે, એ બધું કાળનું ચવાણું છે. ૧૪.

જે સાચા પંડિતો અને સાચા સંતો હોય છે તે આમ કહે છે, અને સત્સંગના જે નિપુણ સંતો છે તે આવી બધી બાબતને જાણે છે. ૧૫. આવા સંતો નજીકના ગામોમાંથી શ્રીહરિની પાસે વડતાલ આવ્યા. સહુ સંત દર્શન કરીને સભામાં બેઠા. તે સમયે હરિભક્તોની પણ સભા થઈ, તેની શોભા કહી શકાતી નથી. સભામાં બેઠેલા સહુએ શ્રીહરિની મૂર્તિમાં પોતાની આંખો

પરોવી દીધી. ૧૬-૧૭. તે સમયે સંતો તથા હરિભક્તોની સભામાં બેઠેલા સહુ ઉપર શ્રીહરિએ અમૃતમયી દૃષ્ટિ ફેરવી, અને એક એકને નિહાળવા લાગ્યા. તેથી સહુના ત્રણેય પ્રકારના જેટલા તાપ હતા તે બધા ટાળી નાંખ્યા. કારણ કે, શ્રીહરિ ભક્તજનોને સુખદાયક છે. બ્રહ્માનંદ સ્વામીએ ઘણા પ્રેમથી અયોધ્યાવાસીઓને રહેવા યોગ્ય ભવન બનાવ્યું હતું અને તે ભવનને મધ્યે ચોક રાખ્યો હતો. તે ભવન ઘણું સુશોભિત કર્યું હતું. ૧૮-૨૦. શ્રીહરિના બંને બંધુઓનો જેટલો પરિવાર હતો તે બધાને માટે તે ભવન બનાવ્યું હતું. કારણ કે, ધર્મવંશીને સમાન કોઈ કહેવાય નહીં. ૨૧.

⁕ જેનું જેટલું નિર્દોષ વર્તન, તેટલો તે ધર્મવંશી છે :

સાચા ધર્મવંશી કેવા હોય છે ? તો, **ધર્મવંશીઓના વર્તનમાં કોઈ જાતનો દોષ હોતો નથી. ધર્મવંશી થઈને જે પોતાનો દોષ દેખતા નથી તે તો બાળબુદ્ધિ છે. જેટલું વર્તન નિર્દોષ હોય તેટલા તેને ધર્મવંશી જાણવા, આવી ધર્મવંશીને પ્રમાણ કરવાની રીત છે.** ૨૨-૨૩. **જેટલું વર્તન નિર્દોષ હોય તેણે કરીને તે તેટલા ધર્મવંશી છે. નિર્દોષપણે વર્તવું એ ધર્મવંશીઓનું સાચું વર્તન છે.** ૨૪. **ધર્મવંશીઓ સમગ્ર સત્સંગનું ઘરેણું છે. તેથી જ ધર્મવંશીઓને માટે તે ભવન કરાવ્યું હતું.** ૨૫. સત્સંગમાં ઠેકઠેકાણે સર્વોપરિ મંદિર થયાં હતાં, પણ આવું કોઈ ભવન ન હતું. ૨૬.

મંદિરને લીધે ધર્મનું મૂળ વધતું રહે છે. કેટલાક તો મંદિરથી દૂર રહે છે તોપણ ધર્મ સહુમાં સમાનપણે રહે છે. ૨૭. કારણ કે, સત્સંગના પવિત્ર શાસ્ત્રોમાં તથા સત્સંગની બધી વાતોમાં ધર્મ રાખવા માટેની વાતો કહી છે. ૨૮. શ્રીહરિના બંને ભાઈઓનો પરિવાર અહીંયાં રહે તેમ જાણીને શ્રીહરિએ તેમને તે નવા ભવનમાં નિવાસ કરાવ્યો. ૨૯. વસો ગામના પ્રભુદાસભાઈ આદિક અને નડિયાદના કેવળરામ આદિક કડિયા તથા વડોદરાના ધરમદાસ આદિક સુતાર હતા, તે બધા સારા હરિભક્ત હતા. તેમણે હેતથી આ ભવન બનાવ્યું હતું. ૩૦-૩૧. શ્રીહરિએ તે કડિયા તથા સુતારને બોલાવ્યા અને બ્રહ્માનંદ સ્વામીએ જેમ કહ્યું તેમ તેને સારા પોશાક આપ્યા. ૩૨. શ્રીહરિએ તે સહુને ફૂલના હાર આપ્યા અને ઘણા પ્રેમથી ભેટ્યા. પછી

બ્રહ્માનંદ સ્વામી આદિક મંદિરમાં જે સંતો, પાર્ષદો અને વર્ણીઓ રહેતા હતા તે સહુને શ્રીહરિ ભેટ્યા અને બધાને ફૂલના હાર આપ્યા. પછી પરમ વિચક્ષણ શ્રીહરિ પોતાના મુકામ ઉપર ગયા. ૩૩-૩૪.

શ્રીહરિ વડતાલના વાસણ સુતારના ભવનમાં નિવાસ કરીને રહેતા હતા. તેમનું ભવન શ્રીહરિને રુચે તેવું હતું. ૩૫. **વાસણ સુતારના ઘરના નાના મોટા સહુ મનુષ્ય શ્રીહરિ ત્યાં નિવાસ કરે તેનાથી વારંવાર બહુ જ પ્રસન્ન થતા હતા.** ૩૬. શ્રીહરિ જે હરિભક્તને ઘેર જઈને રહેતા, ત્યાં તે ઘરના નાના મોટા સર્વે મનુષ્યોમાંથી એકાદ જણ પણ જો ખુશ ન હોય, તો શ્રીહરિ ત્યાં ટકતા નહિ, આવી શ્રીહરિની રીત હતી. તે રીત જેવી હતી તેવી મેં કહી. ૩૭-૩૮. જો શ્રીહરિની રીત કોઈને કહેવામાં ન આવે તો ક્યારેય ખબર પડે નહીં. તેથી જેમ શ્રીહરિની રીત જાણવામાં આવે તેમ આ રીત કહી છે. ૩૯. **શ્રીહરિના સંબંધવાળી વાતો જે કોઈ પ્રેમભાવથી કહે કે સાંભળે તો તેનું સંસારનું ભટકણ ટળી જાય છે. તેટલા માટે જ હું ભાવથી આ વાતો કહું છું.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિના બંને બંધુઓના પરિવાર માટે નવું ભવન બંધાવી દીધું" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૪

શ્રીહરિએ સભામાં સત્સંગ પ્રસંગે સદ્બુદ્ધિ અને દુર્બુદ્ધિની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ ગઢપુરથી વડતાલ આવ્યા તેના બીજે જ દિવસ એકાદશી આવી. ત્યારે શ્રીહરિ ગોમતી તળાવ ઉપર ગયા. ૨. ગોમતી તળાવને કાંઠે પૂર્વ દિશા ઉપર એક ઘાટો આંબો હતો. ત્યાં સુંદર ચોતરો હતો. ૩. તેના ઉપર ગાદીતકિયા લાવીને બિછાવી દીધા હતા. ત્યાં હરખભર આવીને શ્રીહરિ બેઠા. ૪.

જ્યારે શ્રીહરિ ગોમતી સરોવરે આવતા ત્યારે પહેલા તો ગોમતીને ચારેબાજુ ઘણા ભાવથી દેખતા. પછી બીજાને પણ ઘણા પ્રેમથી પ્રસાદીભૂત તીર્થનો મહિમા જણાવતા. તે માટે શ્રીહરિ પોતે આવું કહેતા કે, જે કોઈ ભાવથી આ ગોમતી સરોવરમાં સ્નાન કરે છે તેનાં જન્મ-મરણ છૂટી જાય છે. તે સ્નાન કરનારને જેવો ભાવ હોય તેવું તેને ભગવાન ફળ આપે છે. ૫-૬. જેને સારું કે મોળું જેવું ફળ મળે છે તે તેના ભાવને અનુસારે મળતું હોય છે. ભગવાન તથા સત્પુરુષના સંકલ્પમાં જ તે સ્નાનાદિકનું ફળ રહેલું હોય છે. ૭. આમ તો જે જે કાંઈ બાબતો કહેવાય છે તે બધી ભગવાન તથા સત્પુરુષના સંકલ્પથી જ સિદ્ધ થાય છે, તેમાં કાંઈ મિથ્યા નથી. ૮. ભગવાન તથા સત્પુરુષના સંકલ્પને જે મિથ્યા જાણે છે તેનું ભવભટકણ છૂટતું નથી. પરંતુ જેટલા અસત્પુરુષ હોય છે તેમને ભવભટકણનો ત્રાસ પણ હોતો નથી. ૯.

જે કોઈ મનફાવે તેમ વર્તતા હોય અને મનમાં બીજા કોઈની રાજીપા-કુરાજીપાની શંકા પણ ન રાખતા હોય, તે અસત્પુરુષ છે, તેમ ઓળખી લેવો. કારણ કે, તે કાંઈ પણ કરવામાં કોઈ પ્રકારની શંકા-ભીતિ રાખતા હોતા નથી. ૧૦. જેને પોતાના વર્તનમાં શંકા રહેતી હોય તે મનુષ્ય બીજાની સાચી વાતને સ્વીકારે છે. આ રીતે સાચા મનુષ્યને તેના વર્તન ઉપરથી જાણી લેવા. ૧૧. જે મનુષ્ય જેવા હોય છે તે તેના વર્તનમાં દેખાઈ આવે છે. મનુષ્યનું વર્તન તો દર્પણ, સૂર્ય અને દીવાની જેમ સ્પષ્ટ બતાવનારું છે. ૧૨. શુભ વર્તનમાં શુભ ફળ રહ્યું છે, તેમ દેખાય છે. અને અશુભ વર્તનમાં અશુભ ફળ રહ્યું હોય છે, તે પણ પ્રગટ દેખાય છે. પણ જે અસત્પુરુષ હોય તે આવી બાબતને દેખતા નથી. કારણ કે, તેની બુદ્ધિ જ અસત્ હોય છે. ૧૩-૧૪.

જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે બધા ગોમતી કાંઠે શ્રીહરિની આગળ સભા કરીને બેઠા હતા. ૧૫. હરિભક્તો રોજ રોજ ફૂલના અપાર હાર લાવતા હતા, તેમજ વિવિધ પ્રકારનાં મેવા-મીઠાઈ પણ લાવતા હતા. ૧૬. મેવા-મીઠાઈ વગેરે જે કાંઈ આવતું હતું તેને શ્રીહરિ અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને ઘણા ભાવથી વારંવાર આપતા હતા.

તેમજ સીતારામજી અને બદ્રિનાથજીને પણ જેટલાં જોઈએ તેટલાં મેવા-મીઠાઈ આપતા હતા. તે બધી વસ્તુએ કરીને શ્રીહરિ તેમને રાજી રાખતા હતા. ૧૭-૧૮. શ્રીહરિ અન્ન, વસ્ત્ર, ઘરેણાં અને પાર નહિ તેટલી બધી સંપત્તિ, એ બધું આપીને ધર્મવંશી પરિવારનું પોષણ કરતા હતા. કારણ કે, શ્રીહરિનો વિચાર ધર્મનું મૂળ દૃઢ કરવાનો હતો. ૧૯. શ્રીહરિ જે કાંઈ પણ બાબત કરતા હતા તેમાં તેમને ધર્મના મૂળને દૃઢ કરવાનું જ મુખ્ય તાન રહેતું હતું, પણ જેની તુચ્છ બુદ્ધિ હોય તેને તે જણાતું નહીં. ૨૦. જે મનુષ્ય તુચ્છ બુદ્ધિવાળા હોય છે તેઓ પોતાની તુચ્છ બુદ્ધિએ કરીને સત્પુરુષ અને ભગવાનમાં વારંવાર દોષ દેખ્યા કરે છે. ૨૧. જ્યાં સુધી મનુષ્યમાં આવી તુચ્છ બુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમની બુદ્ધિ ક્યારેય શુદ્ધ થતી નથી. તેથી જ તે વારંવાર સંસારમાં ભટક્યા કરે છે. ૨૨.

✵ શ્રીહરિ અને સંતમાં જીવ બાંધવો તે સર્વે શાસ્ત્રનો સાર છે :

चोपाई :

शुभ मति जन रहायेउ जितना, सत्पुरुष भगवान में तितना;
बंधावत जेते जो जिनही, भव भटकन कबु होत न तिनही...२३
ब्रह्मांड भराय तितना जेहा, शास्त्र जो रहाये यह तेहा;
ताके रहस्य इतना रहेऊ, भगवान सत्पुरुष में तेऊ...२४

दोहा : जीव ताकु हि बाँधना, इतना रहस्य जेउ;
जाने बिन पढेउ कहा, शास्त्र जेते हि तेउ...२५
भगवान सत्पुरुष में, जीव जिहाँ लग जेह;
बाँधत हि न जिहाँ लग यह, शास्त्र पढे का तेह...२६

सोरठा : हुनर सिखेउ अपार, तिन करी मोक्ष न होत कबु;
बात रहे निरधार, भगवान में चोंटे बिन...२७
मनुष्य तन हि ताकु, पाये के फल रहे यह;
सब पर पंडित वाकु, मोक्ष भागि हि कहत तेहि...२८

જે કોઈ મનુષ્ય શુભ બુદ્ધિવાળા હોય છે તે સત્પુરુષ તથા ભગવાનના સ્વરૂપમાં પોતે બંધાય છે અને બીજાને બાંધે છે. તેણે કરીને તેને ક્યારેય

સંસારમાં ભટકવાનું રહેતું નથી. ૨૩. આ આખું બ્રહ્માંડ ભરાય જાય તેટલાં શાસ્ત્ર છે. તે સર્વે શાસ્ત્રોનું એટલું જ રહસ્ય છે કે, પોતાના જીવને ભગવાન તથા સત્પુરુષમાં બાંધી દેવો. આટલા રહસ્યને જાણ્યા વિના શાસ્ત્રમાત્ર ભણ્યાં હોય તોપણ તેનું શું ફળ ? ૨૪-૨૫. જ્યાં સુધી ભગવાન તથા સત્પુરુષમાં જીવને બાંધતો નથી ત્યાં સુધી શાસ્ત્ર ભણ્યાં તેનું શું પ્રયોજન ? ૨૬. ભગવાનમાં જીવને ચોંટાડ્યા સિવાય કોઈ અપાર કળા-કુશળતાઓને શીખે તોપણ તેનો ક્યારેય મોક્ષ થતો નથી, આ વાત ચોક્કસ આમ જ છે. ૨૭. ભગવાનમાં જીવ ચોંટાડવો તે જ મનુષ્યશરીર પ્રાપ્ત થયાનું ખરું ફળ છે. ભગવાનમાં જીવ જોડે તે જ સર્વોપરિ પંડિત છે અને તેને જ મોક્ષભાગી કહેવાય. ૨૮.

શ્રીહરિ આવી આખું બ્રહ્માંડ ભરાઈ જાય એટલી બધી અપાર વાતો કહેતા હતા, પણ જે જીવને મોક્ષનો ખપ હોય તેના જ ઉપયોગમાં આ વાત આવે છે. ૨૯. જે મનુષ્ય ભગવાનની વાત સિવાય બીજી વાતમાં જેટલો ચોંટી જાય છે તેણે કરીને તેને વારંવાર જન્મ-મરણનું દુઃખ ફરી ફરીને આવતું રહે છે. ૩૦. તે દુઃખને ભોગવે છે તોપણ તેને ક્યારેય તેનો અભાવ આવતો નથી. જીવનો એવો જ સ્વભાવ છે. શાસ્ત્રો માણસમાં રહેલા દોષોને દેખાડતા રહે છે, ૩૧. પણ અભાગી જીવ તે દોષમાં અપાર સુખ માને છે. તેથી વારંવાર સંસારમાં ભટકતો રહે છે. તે ભવભટકણનાં કારણો શાસ્ત્ર બતાવી દે છે. ૩૨. અને જેટલા સત્પુરુષો છે તે પણ જીવના ભવભટકણનાં કારણોને અનેક પ્રકારની વાત કહીને જેમ હોય તેમ કહી બતાવે છે, છતાં પણ જે દુર્બુદ્ધિ મનુષ્ય છે તે પોતાની કુમતિનો ક્યારેય ત્યાગ કરતા નથી. મનુષ્ય જ્યાં સુધી પોતાના જીવને ભગવાનની કથા, વાર્તા અને કીર્તનમાં પરોવતો નથી, અને જ્યાં સુધી તે આ સત્સંગને ઝેર જેવો દેખે છે ત્યાં સુધી તે મનુષ્ય દુર્બુદ્ધિવાળો રહે છે. જે જેવો હોય તે તેની રુચિ ઉપરથી દેખાઈ આવે છે. ૩૩-૩૫.

જેને જેટલો સત્સંગ રુચે છે તેટલો તે સુમતિ મનુષ્ય છે. સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિવાળા લોકો તેની રુચિ ઉપરથી જણાઈ આવે છે. ૩૬. **મનુષ્યને જેટલી**

સત્સંગ ઉપર રુચિ થાય છે તેટલાં તેનાં પાપોનો નાશ થાય છે. ૩૭. સત્સંગ ઉપર જે રુચિ થવી તે જ મનુષ્યશરીર પામ્યાનું ફળ છે. વેદ, પુરાણો તથા સત્પુરુષો પણ સત્સંગ ઉપર રુચિ થવાને જ ઉત્તમ ફળ કહે છે. ૩૮. વેદ, પુરાણો અને સત્પુરુષોને આવી સત્સંગના મહત્ત્વની વાતો કહેતાં કહેતાં તો કરોડો કલ્પ વીતી ગયા છે. ૩૯. સચ્છાસ્ત્ર અને સત્પુરુષ મનુષ્યને સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિનું જ્ઞાન કરાવતા રહે છે, પણ જો જીવનું સદ્‌ભાગ્ય ઉદય ન થયું હોય તો તેને દેખાડવા છતાં દેખાતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સભામાં સત્સંગ પ્રસંગે સદ્‌બુદ્ધિ અને દુર્બુદ્ધિની વાત કહી" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૫

શ્રીહરિએ એકાદશીએ સંતો પાસે ઉત્સવ કરાવ્યો અને સંતો રાસ રમ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વડતાલમાં તે દિવસ એકાદશીનો હતો, તેમ સમજીને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક પંદર-સોળ જેટલા સંતો ઝાંઝ તથા મૃદંગ ઈત્યાદિક વાજિંત્ર લઈને, શ્રીહરિની સન્મુખ બેસીને ઉત્સવ કરવા લાગ્યા. ૨-૩. શ્રીહરિ ઉત્સવિયાને ફૂલના હાર આપતા. તેથી તેઓ બહુ પ્રેમથી ઉત્સવ કરતા. તેથી ભક્તિરસ અને ઉત્સવનો ઉમંગ જામતો રહેતો. ૪. કેટલાક સંતો તો ગરબીનાં સુંદર પદોને રાસના રૂપમાં ફરીને ઉત્સાહભેર ગાવા લાગ્યા. તેમને શ્રીહરિએ દેખ્યા. તે વખતે સંતોના રાસના ત્રણ-ચાર મંડળ થઈ ગયા. તેઓ વિવિધ પ્રકારના ગરબીનાં પદ પરમ ઉત્સાહથી બોલતા હતા. શ્રીહરિને જ પ્રસન્ન કરવાની સહુને ચાહના હતી. બધા જ સંતોના મનમાં શ્રીહરિને રાજી કરવાનો જે મનોરથ હતો, તે કહી શકાતો નથી. ૫-૭.

સહુના મનમાં અત્યંત હરખ હતો. તેથી એક એકથી સરસ પદો બોલતા હતા. તે વખતે કૃપાળુ શ્રીહરિ પોતાના મુખ આગળ રૂમાલ રાખીને મંદ મંદ હસતા હતા. ૮. બધા સંતોના દિલના ભાવને જોઈને શ્રીહરિ તે સહુના ઉપર પ્રસન્ન થયા. તે વખતે શ્રીહરિએ હજારીફૂલના અનેક હાર પહેર્યા હતા. ૯. રંગભીના શ્રીહરિએ રાસમાં ફરનારા સંતોને તે એક એક હાર રાજી થઈને આપ્યો. પછી તો મધ્યાહ્નથી લઈને દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યાં સુધી બધા નિપુણ સંતો રાસમાં ફરતા રહ્યા. ૧૦. પછી શ્રીહરિ મંદિરમાં આવ્યા. ત્યાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને મંદિરની પાછળ આવીને બેઠા. ૧૧.

તે સમયે શ્રીહરિના હાથમાં મોતી જડિત છડી હતી. કાનમાં ફૂલના ગુચ્છ હતા અને પાઘ ઉપર ભક્તજનોના મનને હરે તેવા ફૂલના તોરા ઝૂકી રહ્યા હતા. ૧૨. ફૂલની ભાતવાળા રેશમી કપડાની અનુપમ ડગલી પહેરી હતી, અને તેવો જ સરસ સુરવાળ પહેર્યો હતો. તેની શોભા અદ્‌ભુત થઈ હતી. તે ડગલીના ઉપર સોના-રૂપાની તૂઈ મૂકી હતી. તેમાં યથાયોગ્ય સુંદર શોભા કરી હતી. ૧૩-૧૪. તે વખતે ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થઈ. તે સભાની એવી શોભા હતી કે તેવી શોભા બીજે ક્યાંય હોય નહીં. ૧૫. **જ્યાં જ્યાં ભગવાનનો નિવાસ હોય છે ત્યાં ત્યાં ભગવાનમય રહેવાની બાબતોનો નિરંતર અભ્યાસ થતો હોય છે.** ૧૬. જ્યાં ભગવાન સંબંધી બાબત સિવાય અન્ય કોઈ બાબતમાં સાર માનવામાં આવતો ન હોય, એવી રીતનું જે સ્થાન હોય ત્યાં અધર્મ ગુપ્તપણે પણ વાસ કરી શકતો નથી. ૧૭.

જ્યાં અધર્મરૂપી ચોર વસતો નથી, ત્યાં દિવસે દિવસે ધર્મ સંબંધી અભ્યુદય-વિકાસ થતો રહે છે. ધર્મ સંબંધી જે અભ્યુદય છે તે જ સર્વોપરિ અભ્યુદય છે. ૧૮. ધર્મ બહુ પ્રકારના હોય છે, પરંતુ જે ધર્મમાં જેને વધારે માન મળતું હોય તે ધર્મને મનમુખી લોકો વધારે સારો માને છે. ૧૯. **ખરેખર તો જેનાથી ભગવાન પ્રસન્ન થાય તે જ ધર્મ સર્વોપરિ છે. શુકદેવજી, નારદ અને સનકાદિકોનો પણ એવો જ સિદ્ધાંત છે.** ૨૦. ચાહે તેવો ધર્મ હોય,

પણ જો તેનાથી ભગવાન પ્રસન્ન થતા ન હોય, તો એવા ધર્મને તો પેટ ભરવાનો સિદ્ધાંત કહેવાય છે. ૨૧. એવા ધર્મમાં તો પેટ ભરવાનું જ ફળ રહ્યું હોય છે, પણ તેમાં મોક્ષનું ફળ હોતું નથી. જે ધર્મથી ભગવાન પ્રસન્ન થાય છે તેમાં મોક્ષરૂપ ફળ રહ્યું હોય છે. ૨૨. આ રીતે મોક્ષની જેવી રીત છે તેવી શ્રીહરિએ ઘણા પ્રેમથી કહી.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે સંતો પૂરવ રાગનાં પદ ઘણા ભાવથી ગાવા લાગ્યા. સંતોની જેવી રીત હતી તે પ્રમાણે તેઓ કરતા હતા. પછી સંતો ગોડી રાગનાં પદ ગાવા લાગ્યા. ૨૩-૨૪. જ્યારે મશાલો થઈ ત્યારે ઘડિયાળીએ ડંકા વગાડ્યા. જ્યારે ડંકા વાગ્યા ત્યારે ચોઘડિયાં વાગવા લાગ્યાં. જ્યારે ચોઘડિયાં વાગી રહ્યાં ત્યારે લક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ. ૨૫-૨૬. જ્યારે આરતી થઈ ત્યારે હરિભક્ત પુરુષો બધા મંદિરમાં આરતીનાં દર્શન કરવા આવ્યા. જ્યાં સુધી આરતી થતી રહી ત્યાં સુધી બધા પુરુષો મંદિરમાં દર્શન કરવા રહ્યા. આરતી પૂરી થઈ ત્યારે પુરુષો મંદિરમાંથી બહાર જતા રહ્યા. ૨૭-૨૮.

જ્યારે પુરુષો દર્શન કરીને મંદિરમાંથી જતા રહે પછી તે બધી બાઈઓ દર્શન કરવા માટે મંદિરમાં જતી હતી, આવી રીત હતી. કેમ જે, જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી પોતાનો ધર્મ સાચવીને ચાલતી હતી. કારણ કે, આ રીતે રહેવામાં સ્ત્રી-પુરુષોનું ચિત્ત શુદ્ધ રહે છે. બાઈ-ભાઈ સહુનું ચિત્ત જે રીતે શુદ્ધ રહે તે રીતે, એક એક વાતને કરોડો વખત ફરી ફરી તેનો તપાસ કરીને, શ્રીહરિ શુભ કાયદારૂપી નિયમ બનાવતા હતા. શ્રીહરિએ રચેલા શુભ નિયમોને રૂડી બુદ્ધિવાળા બધા મનુષ્યો પ્રમાણ કરતા હતા. ૨૯-૩૧. જે કાયદાને શુદ્ધ બુદ્ધિવાળા લોકો પ્રમાણ કરે તે નિયમો જ સાચા કહેવાય. અને જેને શુદ્ધ બુદ્ધિવાળા લોકો પ્રમાણ ન કરે તે કાયદા તો ક્લેશ યુક્ત કહેવાય. ૩૨.

❋ સત્પુરુષે પ્રમાણ કરેલા નિયમ સાચા છે :

જેમાં મનુષ્યને શાંતિ ન રહે એવા બધા નિયમો-કાયદાઓ તો દુઃખદાયક છે. **જે નિયમ આ લોક તથા પરલોકમાં જીવને દિનપ્રતિદિન વધારે ને વધારે**

સહાય કરે તે જ નિયમ સાચા છે, એવી ભગવાન તથા સત્પુરુષોની સમજણ હોય છે. ૩૩-૩૪. નિયમો પાળવા ઉપરથી સત્પુરુષ અને અસત્પુરુષ દેખાઈ આવે છે. જે શુદ્ધ બુદ્ધિવાળા છે તે આંખવાળા છે અને દુર્બુદ્ધિવાળા છે તે અંધકારરૂપ છે. ૩૫. કુબુદ્ધિવાળા લોકોએ બનાવેલા જેટલા નિયમો હોય છે તે માનવસમાજને ત્રાસ આપનારા હોય છે. તેમણે બનાવેલા નિયમો ઉપરથી જ તેમની કુમતિ દેખાઈ આવે છે. ૩૬.

જે જગ્યાએ નરનારીઓ એક થઈને ભેળાં રહેતાં હોય તેમાં જે સુખ માને છે, તે અસત્પુરુષ છે. ૩૭. જે અસત્પુરુષ છે તે સત્પુરુષનો દ્રોહ કરતા રહે છે. અસત્ માર્ગ ઉપર ચાલવાની રુચિવાળો સજ્જન પણ શોભતો નથી. ૩૮. અસત્માં રુચિવાળા અસત્પુરુષો સત્પુરુષને ખોટા કહે છે. ૩૯. જ્યારથી આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે ત્યારથી આરંભીને આ જગતમાં સત્પુરુષ અને અસત્પુરુષની પરંપરા ચાલી આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ એકાદશીએ સંતો પાસે ઉત્સવ કરાવ્યો અને સંતો રાસ રમ્યા" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૬

શ્રીહરિએ સભા વચ્ચે દંભીઓનું ખંડન કર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીલક્ષ્મીનારાયણ દેવની આરતી થયા પછી શ્રીહરિએ ઊભા થઈને ઘણા ભાવથી સહુથી પહેલા પોતે નારાયણધૂન બોલાવી. જ્યારે શ્રીહરિ નારાયણધૂન બોલી રહ્યા ત્યારે સંતો તથા હરિભક્તોએ મુખથી જય જયકાર કર્યો. ૨-૩. પછી રાત દોઢ પહોર ગઈ ત્યાં સુધી બધા સંતો ઘણા ઉત્સાહથી ગરબીનાં પદ ગાતા રહ્યા. ૪. જ્યારે સંતો કીર્તન બોલી રહ્યા, ત્યારે શ્રીહરિએ ઊભા થઈને પહેલા તો તાળી પાડીને સહુને ચૂપ કર્યા.

પછી સહુ હરિભક્તોને કહ્યું કે, “જે જગ્યાએ સંઘ ભેળા થતા હોય છે ત્યાં કેટલાક ચોર પણ આવતા હોય છે, તેમાં જે લોકો ગાફલાઈ રાખે છે તેનાં કપડાં, ઘરેણાં, ધન આદિકને ચોર લોકો ચોક્કસ લઈ જાય છે. તેમાં અમે કાંઈ ખોટું કહેતા નથી. જે લોકો ગાફલાઈ રાખે છે તેની ગાંઠે બાંધેલા ધનને પણ ચોર છોડીને લઈ જાય છે. ૫-૭. જે લોકો પોતાના ઉતારાને સાચવતા નથી, તેની અમે કહી તે ધન-વસ્ત્રાદિ વસ્તુને ચોર લઈ જાય છે. એટલે જ અમે રોજ રોજ તમને ચેતવીએ છીએ છતાં તમે ક્યારેય ચેતતા નથી. ૮.

પછી જેની વસ્તુ ચોર લઈ જાશે ત્યારે તે દેકારો કરશે, પણ ગયેલી વસ્તુ પાછી આવતી નથી. માટે આ બાબતે તીર્થમાં આવીને ક્યારેય તીર્થનો અભાવ લેવો નહીં. ૯. તેમાં તો પોતાનો જ વાંક લેવો. કારણ કે, તેમાં તીર્થ શું કરે ? બીજાની નહીં પણ પોતાની જ ભૂલ સ્વીકારવાની જેની સમજણ હોય છે, તેવાં બાઈ-ભાઈ હરિભક્તોના સત્સંગનું મૂળ ઊંડું રહ્યું છે. તે તેમની સમજણમાં દેખાઈ આવે છે. આવી જે જે બાબત હોય છે તે સમજણમાં યથાર્થ દેખાઈ આવે છે. ૧૦-૧૧. માટે આપણે આ સત્સંગમાં દિવસે દિવસે પોતાનાં મૂળ દૃઢ અને ઊંડાં કરવાં જોઈએ. કેટલાક તો એવા મૂર્ખ હોય છે કે, પોતે પોતાની જાણે પોતાના સત્સંગનાં મૂળ ઊંડાં માની લે છે. ૧૨.

✵ સત્સંગસભા પ્રમાણ ગણે તે જ સમજણ સાચી :

दोहा : संत हरिजन तिनकी जोउ, सभा में जिहाँ लगहि;
करत नहीं प्रमान जेहि, रहत हि न तेहि पगहि...१३
प्रमान बिन संग्रह जेहि, करत बात के जेउ;
सत्संग से दूर करत हि, ताकि समझ यह तेउ...१४

सोरठा : संत उपरी जो जेह, दिन दिन हि अधिक अधिक;
भाव बढत हे तेह, ताके मूर उंडे रहे...१५
जितना भाव तामें, उछाह न देखात जेहि;
तितना कसर यामें, भाव तेहि कहत हे इमि...१६

પરંતુ જ્યાં સુધી સંતો તથા હરિભક્તોની સભામાં જેના વર્તનને પ્રમાણરૂપ ગણવામાં ન આવે, ત્યાં સુધી તેનો પગ સત્સંગમાં સ્થિર રહેતો નથી. ૧૩. સત્સંગસભામાં પ્રમાણ કર્યા વિનાની જે જે બાબતો હોય, તેનો જે સંગ્રહ-અમલ કરે છે, તેને તેની એવી મનસ્વી સમજણ જ સત્સંગથી દૂર કરી દે છે. ૧૪. જેને સંતો ઉપર દિવસે દિવસે વધારે ને વધારે આદરભાવ વધતો રહે છે, તેના સત્સંગનાં મૂળ ઊંડાં છે. ૧૫. જેના ભાવમાં જેટલો ઉત્સાહ ન દેખાય તેટલી તેમાં કસર છે. કારણ કે, તેનો ભાવ જ આવું કહે છે. ૧૬. **મનમુખી જેટલું કાંઈ ધ્યાન કરે, મનમુખી અનાજ ન ખાય અને કોઈ મનમુખી જીર્ણ વસ્ત્ર રાખે, એવી કેટલીક બાબતો મનમુખીઓ કરે; પણ અંતે તેમાં ઉત્પાત જ રહે છે. તે બાબત બુદ્ધિમાનને દેખાય છે.** મનમુખીની આવી જેટલી કાંઈ બાબતો હોય તે બધી સત્સંગથી વિરુદ્ધ હોય છે. ૧૭-૧૮.

જ્યાં સુધી આ સત્સંગમાં અમે બેઠા છીએ તથા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી છે ત્યાં સુધી અમે તો તે દંભી સમાધિવાળાને તરત જ ઓળખી લઈએ છીએ. તથા વૃદ્ધ આત્માનંદ સ્વામી, મોટા પૂર્ણાનંદ સ્વામી પણ સત્સંગમાં જે દંભ કરે છે તેને તરત જ ઓળખી જાય છે. દંભી ચાહે તેવો મોટો હોય અને તેને હજારો મનુષ્ય માનતા હોય, તોપણ જે દંભીના દંભને જાણે છે તે તેનો દૂરથી જ ત્યાગ કરી દે છે. જે લોકો દંભીના દંભને નિર્દંભ માને છે તે બધા તે દંભીની પાછળ પાછળ ભમતા રહે છે, અને તેમને દંભીની મોટાઈ સહુથી અધિક વધારવાનો મનમાં ભાવ રહે છે. તે માટે તેઓ હરકોઈ બાબત કરતા હોય છે. ૧૯-૨૩.

અમે જ્યાં સુધી બેઠા છીએ ત્યાં સુધી તેવા દંભીના દંભનું ખંડન કરતા રહીએ છીએ. અને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી છે, તે પણ દંભીના દંભને જાણે છે, તેણે કરીને જેટલા દંભી છે તે બધા દબાઈને રહ્યા છે. ૨૪-૨૫. અમારી જે જે વાત હોય તે દંભીને જ્યારે જાણ્યામાં આવે છે, ત્યારે તે જે નિર્દંભી લોકો હોય તેની આગળ

અમારી તે વાતને પોતાનો મહિમા વધારવા કહે છે. ૨૬. જેટલા દંભીઓ છે તે અમારી વાત ઉપર વધારે ને વધારે ચાલે છે. પણ તેનો હેતુ તો માત્ર નિર્દંભ એવા હરિભક્તોને દબાવવાનો જ હોય છે. ૨૭. નિર્દંભી ભક્તો તથા જે મોટા મોટા ચતુર કહેવાતા ભક્તો પણ દંભીની માયામાં લેવાઈ જાય છે. ૨૮. દંભી તથા નિર્દંભી બંને પ્રકારના હરિભક્તો આ સત્સંગમાં ભેળા જ ઊઠતા-બેઠતા રહે છે, પણ જિંદગીભર તેમનું અંતર એકબીજાની સાથે મળતું નથી. ૨૯.

❋ સત્સંગ, શાસ્ત્ર અને સત્પુરુષની એકતા :

સ્વાતિ નક્ષત્રનો વરસાદ એકસરખો વરસે છે, તેમાં અધિક-ન્યૂનતા નથી. પણ જેવું પાત્ર હોય તેવું તેમાં ફળ ઊપજે છે. ૩૦. **જેટલી સત્સંગની વાત છે તથા જેટલી સચ્છાસ્ત્રની વાત છે અને જેટલી સત્પુરુષની વાત છે; એ ત્રણેયની વાતનો સિદ્ધાંત એકસરખો હોય છે,** પણ જે જેવું પાત્ર હોય તેમાં તેવું ફળ પ્રગટ થતું ચોક્કસ દેખાઈ આવે છે, તે ફળ ઉત્પન્ન થયા સિવાય દેખાતું નથી. ૩૧-૩૨. તે ફળ દેખાય કે ન દેખાય તેને તો તેનું અંતર અને વર્તન કહી દે છે. જેને જેવું અંતર હોય તે તેની રુચિમાં દેખાઈ આવે છે. ૩૩. મનુષ્યની રુચિ તેના અંતરના ભાવને કહી દે છે અને જેનું જેવું વર્તન હોય છે તે પણ કહી દે છે. રુચિ તો સૂર્ય સમાન છે. તેથી તે જેનું જેવું અંતર હોય તે દેખાડી દે છે. ૩૪.

જેણે કરીને દંભી લોકો ઓળખાય જાય એવી શ્રીહરિએ ચાર ઘડી વાત કરી. શ્રીહરિની વાત વિના દંભી ક્યારેય ઓળખાતા નથી. ૩૫. કેટલાંય વર્ષથી સાધુ થયા હોય, કેટલાંય વર્ષ સુધી શ્રીહરિનાં દર્શન કર્યાં હોય, કેટલાંય વર્ષ સુધી કષ્ટ સહન કર્યું હોય, વળી શ્રીહરિ વારંવાર જેને ઘણું ભેટ્યા હોય, ઘણાં વર્ષ સુધી શ્રીહરિને જેણે જમાડ્યા હોય અને ઘણાં વર્ષ સુધી શ્રીહરિએ જેને જમીને સવારે-સાંજે થાળ આપ્યો હોય, વળી શ્રીહરિએ પહેરેલાં ફૂલના હાર, વસ્ત્ર અને ફૂલના બાજુ, તોરા, ગુચ્છ, આ બધું જેને કેટલીય વાર આપ્યું હોય, વળી જેણે કેસરયુક્ત ચંદન લઈને

કેટલાય વર્ષ સુધી શ્રીહરિની પૂજા કરી હોય તથા કેટલીય વાર આરતી કરી હોય, આવું ગણતા પાર ન આવે એટલું શ્રીહરિનું અપાર સુખ જેણે જેણે લીધું હોય એવા નિર્દંભ સંત-હરિભક્તનો પણ દંભીઓ નિષેધ કરતા રહે છે." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સભા વચ્ચે દંભીઓનું ખંડન કર્યું" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૭

મહિમા સમજ્યા સિવાય સત્સંગ અને આ ચરિત્રગ્રંથનું શ્રવણ થતું નથી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જે પ્રગટ ભગવાનના યોગ વિના સત્સંગ કરે અને જે પ્રગટ ભગવાનના યોગમાં રહીને સત્સંગ કરે, તે બંનેમાં રાત-દિવસ જેટલો ઘણો ફરક રહે છે. જે આવી વાતને સમજતા નથી તે સત્સંગની રીતને જાણતા નથી. ૨-૩. આ ભૂમિ ઉપર જેટલા મનુષ્યો છે તે સહુ પોતાના મનમાં પોતાને સહુથી અધિક સમજે છે. ૪. બાળકથી લઈને વૃદ્ધ સુધી અને રાજાથી લઈને રાંક સુધી તથા પંડિતથી લઈને અભણ સુધી એકે એક મનુષ્યની સમજણમાં 'હું સહુથી શ્રેષ્ઠ છું' એવો ચિત્તભ્રમ થાય છે. ૫. અરે ! જે મનુષ્યો મૂર્ખ કે જડ બુદ્ધિના હોય તે પણ પોતપોતાના મનમાં સમજણની બાબતે એકબીજા એકબીજાથી પોતાને સવા શેર(વધુ સારા) માને છે, પણ કોઈ પોતાને ન્યૂન માનતા નથી. આ રીતની સહુની સમજણ હોય છે. ભલે, પ્રાયઃ લોકો પોતાને બીજાથી શ્રેષ્ઠ જ માને, પરંતુ કેટલાક મનુષ્યો કિંમતની-યોગ્યતાની બાબતમાં યથાર્થ સમજે છે. ૬-૭.

અમુક મનુષ્ય એવા હોય છે કે, જે પોતાની એકલાની બુદ્ધિએ કરીને રોજ હજારો રૂપિયા કમાય છે. માટે તેની કિંમત અતિશય કહેવાય. ૮. તે

જ્યાં જ્યાં રહે ત્યાં ભૂમિ ઉપર રહેલી બધી સમૃદ્ધિ સંકલ્પ કર્યા વગર જ તેની આગળ હાજર થઈને રહે છે. ૯. તે બધી સમૃદ્ધિનો અનાદર કરે છે, છતાં પણ તે બધી સમૃદ્ધિ તેની પાછળ ફરે છે. આ ભૂમિ પર આવા પણ બુદ્ધિમાન મનુષ્ય હોય છે. તે બુદ્ધિમાન મનુષ્યની સમક્ષ રાંક માણસ કેવો ગણાય ? ૧૦. મૂર્ખ તો ચિત્તભ્રમવાળા હોય છે. બુદ્ધિમાન માણસની આગળ તેની તલભાર પણ ગણતરી થતી નથી. છતાં જેટલા મૂર્ખ છે તે પોતાના મનમાં પોતાને જ સવાશેર-સહુથી શ્રેષ્ઠ માને છે. ખરેખર જે આંધળો હોય તેને જો બીજો કોઈ આંધળો કહે, તો તે કહેનારા ઉપર ઘણો ક્રોધ કરે છે. ૧૧-૧૨. જોકે પ્રાયઃ બધા મનુષ્યો આવા હોય છે.

કોઈ એકની વાત અમે કહેતા નથી. પણ જો કોઈ મનુષ્ય સત્સંગ કરે છે તો તે સુધરી જાય છે, તે વાત ચોક્કસ છે. ૧૩. જે મનુષ્ય સત્સંગ કરતાં કરતાં પણ જો સુધરતા નથી, તો તેણે જે રીતનો સત્સંગ છે તે રીતે જ સત્સંગ કર્યો હોતો નથી. ૧૪. રસ્તામાં ચાલતા માણસને ક્યારેક દિશાનો ભ્રમ થઈ જાય છે, માથું ફરી જાય છે; તેમ તેને પણ ભ્રમ થઈ ગયો છે, તેમ સમજવું. આ રીતને સમજ્યા સિવાય ક્યારેય સત્સંગ કરવામાં પ્રેમ થાતો નથી. ૧૫-૧૬. જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીના દુઃખની હંમેશાં સ્મૃતિ રાખે અને તેને એક પળવાર પણ ક્યારેય વિસરી ન જાય, આવી સમજણ સાથે જે સત્સંગ કરે છે તેને ક્યારેય દિશા-પ્રભુ પ્રાપ્તિની રીત ભુલાતી નથી. અને જો આવી સમજણ ન રાખે તો તેનું માથું ફરી જાય છે. માટે મુમુક્ષુએ આ વાત ભૂલવી જોઈએ નહીં. ૧૭-૧૮.

જે ભગવાનને પામવાની દિશા ભૂલી નથી જતા તેની કૃપાળુ ભગવાન તત્કાળ મદદ કરે છે. પછી તે ભગવાન પોતે જ અખંડ સ્મૃતિ રખાવે છે, તેનું જ નામ સત્સંગ કહેવાય છે. ૧૯. કોઈ માણસ ભગવાનનું અખંડ સ્મરણ રાખે છે, છતાં પણ તેને જો સત્સંગ ન રહેતો હોય તો તેનું કાંઈક કારણ હોય છે, ભલે તે દેખાતું ન હોય. જે કોઈ બાબત હોય છે તેનું કારણ કહ્યા વિના બ્રહ્મા જેવા બુદ્ધિમાનને પણ ક્યારેય જણાતું નથી. ખરેખર વાતનું જીવન તેમાંથી આવતો રસ છે અને એ જ એનું કારણ છે. ૨૦-૨૧.

ભગવાનની વાતો તથા કથા-કીર્તનાદિકનું શ્રવણ અવશ્ય કરતા રહેવું, પણ તેનું કારણ જાણ્યા વિના તે શ્રવણ નિષ્ફળ રહે છે. ૨૨. તે માટે જ આ ગ્રંથની થડથી-પહેલેથી લઈને જેટલી વાતો છે તેમાં જેનું જેવું કારણ હોય તે હું કહેતો રહું છું. ૨૩. માટે જ્યારે જેને તે કારણ સમજાશે ત્યારે તેને આ ગ્રંથનો મહિમા દિવસે ને દિવસે વધારે સમજ્યામાં આવશે. ૨૪. અને જ્યારે મહિમા સમજાશે ત્યારે આ ગ્રંથમાં અપાર પ્રેમ થાશે. પછી વારંવાર તેનું શ્રવણ કરશે, તેમ છતાં તેની લગારેય તૃપ્તિ થાશે નહીં. ૨૫. **જે કોઈ મનુષ્ય આ ગ્રંથને એક જ વાર સાંભળે અને તેને જો તૃપ્તિ થઈ જતી હોય તો તેને આ ગ્રંથનું કારણ(મહિમા) યથાર્થરૂપમાં સમજાયું નથી.** ૨૬.

❋ પ્રમાદ જાય તો સત્સંગમાં સ્નેહ થાય :

सोरठा : प्रीत हि करन में प्रीत, करत नहीं जितना जेह;
प्रमाद तेहि कहीत, रहाये यह निश्चय कर...२७
प्रमाद रहेउ जेहि, हित की बात तिनमें एह;
प्रीति न करत हि तेहि, मरत तिहाँ लग जो तेउ...२८

चोपाई :

प्रमादि रहे जन हि यह ताके, यह ग्रंथ न रहायेउ वाके;
ग्राम बात कहावत हे जितनी, जन्म मरण रहे तामें तितनी...२९

જે જીવ પ્રેમ કરવા યોગ્યમાં-પ્રભુ તથા પ્રભુને પમાડનારામાં જ જેટલો પ્રેમ કરતા નથી, તેટલો તેને ચોક્કસરૂપમાં પ્રમાદ કહેવાય છે. ૨૭. જેને પ્રમાદ રહેતો હોય તે પોતાના હિતની વાતમાં પણ મરણપર્યંત પ્રેમ કરતો નથી. ૨૮. જે માણસ પ્રમાદી છે તેને માટે આ ગ્રંથ નથી. જેટલી જગત સંબંધી વાત કહેવાય છે, તેમાં તો જન્મ-મરણ રહ્યાં છે. ૨૯. વળી, જમપુરી તથા લખચોરાશીનાં અપાર દુઃખો પણ તેમાં રહ્યાં છે, તેમ છતાં જે જીવ તેવી ગ્રામ્યવાતમાં વધારે ને વધારે વારંવાર પ્રેમ કરતો રહે છે. ૩૦. વળી, જે માણસ અનેક વ્યસનોમાં પણ અપાર પ્રેમ કરતો રહે છે, તેવા માણસ માટે આ ગ્રંથ નથી. જે મનુષ્ય શ્રીહરિના ચરિત્રમાં પ્રેમ કરે, અને

જે શ્રીહરિના ચરિત્રના વ્યસની છે તથા જેને ચરિત્ર સાંભળવા છતાં તૃપ્તિ ન થાતી હોય, તેવાને માટે આ ગ્રંથ કર્યો છે. આ ગ્રંથ લખવાનું જે કારણ છે તે મેં કહ્યું. ૩૧-૩૨.

જ્યારે અધરાત થઈ ત્યાં સુધી શ્રીહરિએ સંતો તથા હરિભક્તોને દર્શન દઈને તૃપ્ત કર્યા, અને પછી પાર્ષદોની સાથે ત્યાંથી ઊઠ્યા. ૩૩. જે કુબેરસિંહ ચોપદાર હતા તેને શ્રીહરિ ઉપર બહુ હેત હતું. શ્રીહરિ જે જગ્યાએ સમૈયો કરતા હતા તે જગ્યાએ કુબેરસિંહ બધું કામ છોડીને આવી જતા. ૩૪. તે કાયમ શ્રીહરિની આગળ ચાલતા હતા. જ્યાં જ્યાં શ્રીહરિ જતા ત્યાં ત્યાં હાથમાં રૂપાની છડી લઈને 'જય જય.. જય જય..' એમ શબ્દ બોલતા રહેતા. ૩૫. શ્રીહરિની જેવી મરજી હોય તેને તે તરત જાણતા હતા. મરજી જાણવી તે ઘણી કઠણ વાત છે. રાજદરબારમાં મરજી પારખનાર કોઈક જ હોય છે. ૩૬.

પોતાનું સર્વસ્વ આપી દેનારા અને જેમ કહો તેમ કરે, એવા તો દુનિયામાં નજર કરીએ તો કેટલાય દેખાય છે. ૩૭. **પણ વગર કહ્યે મરજીને જાણનારા તો કોઈક જ હોય છે. બહુ દિવસ સાથે રહેવા છતાં મરજી પાળવી તે ઘણું કઠણ છે.** ૩૮. જેનો અપરંપાર મહિમા જણાતો રહેતો હોય અથવા જેની પાસેથી સ્વાર્થ સિદ્ધ કરવો હોય, તો તેને લીધે ચોક્કસપણે તેમની મરજી રાખવામાં ક્યારેય પ્રમાદ રહેતો નથી. જેનાથી સ્વાર્થ સિદ્ધ થતો હોય ત્યાં પ્રમાદ રહેતો નથી. મને આવું બધે જોવામાં આવે છે અને જેવું દેખાય છે તેવું હું કહું છું. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "મહિમા સમજ્યા સિવાય સત્સંગ અને આ ચરિત્રગ્રંથનું શ્રવણ થતું નથી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ વડતાલના દેવની પ્રશંસા કરી તથા વણવિચાર્યે કાંઈ ન કરવા વિશે તથા સાચા સત્સંગની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અધરાત થઈ ત્યારે શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. તેમાં આગળ મશાલવાળા ચાલતા હતા. એવી રીતે શ્રીહરિ વાસણ સુતારને ઘેર ગયા. ૨. ઉતારે જઈ ઓરડામાં શ્રીહરિ પલંગ ઉપર પોઢ્યા. ત્યારે દીવો બળતો હતો. અતિશય પ્રેમી હરિભક્ત શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તે સેવકો સેવાની રીત જાણતા હતા. જ્યારે શ્રીહરિ પોઢી ગયા ત્યારે સેવકોએ સેવા બંધ કરી. ૩-૪. સવારમાં જ્યારે મંદિરમાં મંગળા આરતી થઈ અને ચોઘડિયાં વાગ્યાં ત્યારે તેને સાંભળીને શ્રીહરિ જાગ્યા. પછી ઊઠીને તરત જ એકદમ દોડતા થયા. તે વખતે મસ્તક ઉપર શ્રીહરિએ મલમલનો શ્વેત ફેંટો બાંધી દીધો. તથા ચાદર સહિત શ્વેત ચોફાળ શરીર ઉપર હેતથી ઓઢી લીધો. ૫-૬.

સુખદાતા શ્રીહરિએ શ્વેત ખેસ પહેર્યો હતો. હાથમાં રૂમાલ લીધો હતો અને બધા પાર્ષદો સાથે હતા. આવી રીતે શ્રીહરિ મંદિરમાં આવ્યા. ૭. મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં. દર્શન કરીને બોલ્યા કે, “જેવો આ ચરોતર દેશ છે તેવું જ આ મંદિર થયું છે અને તેવા જ આ લક્ષ્મીનારાયણ દેવ અહીં વિરાજ્યા છે. તે પ્રભુ અનેક જનોના મનને ખેંચી લે છે. ૮-૯. ગાયકવાડ જેવા કોઈ રાજા ન કહેવાય, તેને પણ આ ભગવાન અહીં પોતા તરફ ખેંચે છે. આ દેવ કેટલીય વાર જીવોને પોતાના તરફ આકર્ષે છે એવો આમનો પ્રતાપ દેખાય છે. ૧૦. જે પુરુષ પરસ્ત્રીના સંગમાં સુખ માને છે અને જે સ્ત્રી પરપુરુષના સંગમાં સુખ માને છે, એવાં પાપી નરનારીને આ ભગવાનનાં દર્શન કરવામાં પોતાનું જ પાપ અંતરાય કરે છે. એવા જે વ્યભિચારી લોકો છે તેને માટે તો સત્સંગ સિવાયના બીજાં તીર્થો રહ્યાં છે. ૧૧-૧૨. જે પ્રસિદ્ધ હોય તેનું તો નામ ન કહે, તોપણ તે

સહુને સમજાઈ જાય છે. માટે પ્રસિદ્ધનું નામ ન કહીએ તોપણ તે સહુને દેખ્યામાં તો આવે જ છે. ૧૩.

✵ વણ વિચાર્યે કાંઈ ન કરવું :

કોઈમાં ગમે તેટલા દોષ હોય પણ તે જો જગતમાં મોટા કહેવાતા હોય, તો તેના દોષ કહેવામાં બુદ્ધિમાન માણસોને પણ કેટલોક વિચાર કરવો પડે છે. કેમ જે, જો વિચાર્યા વિના કહે તો પોતે નિર્દોષ હોય તોપણ તેને અપાર દુ:ખ આવે છે. ૧૪-૧૫. લક્ષ્મણજી અને શ્રીરામચંદ્રજી સમાન આ બ્રહ્માંડમાં કોઈ નિર્દોષ કહેવાય નહિ, પણ જો શૂર્પણખાને વિરૂપ કરી તો તેણે કરીને રાવણે સીતાનું અપહરણ કર્યું હતું. પછી તે બાબતે જ રામ અને રાવણને અનેક પ્રકારનું યુદ્ધ થયું હતું. ૧૬-૧૭. વાલ્મીકિ ઋષિએ રામાયણ ગ્રંથની રચના કરી તેમાં ત્યારે જે જે વાત બની હતી તે બધી તેમણે કહી છે. કોઈ મનુષ્ય ગમે તેટલો નિર્દોષ હોય, પણ જો તે વિચાર્યા વિના કાર્ય કરે તો તેને અપાર દુ:ખ આવે છે. તે દુ:ખને કહેતાં તેનો પાર આવતો નથી. કંસના જેવો કોઈ સમર્થ કહેવાય નહીં. શિશુપાળ પણ તેવો જ હતો. સહસ્રાર્જુન અને બાણાસુર પણ તેવા જ શક્તિશાળી હતા, પણ એ બધાએ વગર વિચાર્યું કામ કર્યું (પ્રભુ સાથે વૈર કર્યું) તો દુ:ખ આવ્યું. કૌરવોએ પણ વિચાર્યા વિના કામ કર્યું તો તે બધાનો નાશ થયો હતો. ૧૮-૨૦.

વિચાર્યા વિના જે જે બાબત કરવામાં આવે છે તેમાં અપાર ક્લેશ રહ્યો હોય છે. માટે જે જે કાંઈ કરવું તે વિચારીને જ કરવામાં આવે તો તેમાં ક્યારેય દુ:ખ આવતું નથી. ૨૧. જેટલું દુ:ખ આવે છે તે બધું વિચાર્યા વિના કરેલી બાબતમાંથી જ આવે છે. જે વ્યક્તિ દુ:ખ ન આવે તે રીતે જેટલું કાર્ય કરે છે તેટલું તેને સુખ રહે છે. ૨૨. જેમાં કોઈ જાતનો દોષ ન હોય એવી કેટલીક બાબતો હોય છે. તે જો કરવામાં આવે છે તો તે મનુષ્ય નિર્દોષ રહે છે, અને તેથી તેની તેવી કીર્તિ થાય છે. ૨૩. તે કીર્તિ કરોડો સૂર્યના જેવી વધતી રહે છે, પણ તેની કીર્તિ ક્યારેય સમાપ્ત થાતી નથી. જે દિવસથી અમારો જન્મ થયો છે અને અમારા જીવમાં જ્યારથી જ્ઞાન થયું છે ત્યારથી અમને નિર્દોષ કાર્યમાં જ રુચિ થાય છે. જેમાં કોઈ

જાતનો દોષ દેખાય તેમાં અમને રુચિ થાતી નથી. ૨૪-૨૫. અમને નિર્દોષ કાર્ય કરવાના જ સંકલ્પ થતા રહે છે. તેથી જેમાં દોષ હોય છે તેનો અમે ત્યાગ કરીએ છીએ. ૨૬.

જીવ ચેતન છે અને તે ચેતનના સંબંધે સ્થાવર-જંગમ ચેતનવંતા દેખાય છે. ચેતનના યોગે કરીને બધું જગત રમણીય અને રસયુક્ત દેખાય છે. ચેતન વિના બધું નીરસ રહે છે. ચેતનના તે ચૈતન્યનું કારણ એક ભગવાન છે. આવી અનેક પ્રકારની જે જે બાબતો છે તેણે કરીને અપાર બ્રહ્માંડો ભર્યાં છે. ૨૭-૨૯. તેમાં જે નિર્દોષ બાબતો છે તેનું કારણ તો એક ભગવાન છે. તેમ છતાં જે ભગવાનમાં દોષ લગાવે છે તેને વ્યાસ આદિક મોટા પુરુષો તેની સમજણ દેખીને અસુર કહે છે. સમજણે કરીને દૈવી કે આસુરી જેવી જેવી બુદ્ધિ હોય તે દેખાઈ આવે છે. તેના વચનમાં કાંઈ છૂપું રહેતું નથી. ૩૦-૩૧. જુદાં-જુદાં પાત્રોમાં કસ્તૂરી, કપૂર અને કેસર ભર્યાં હોય, અને ડુંગળી જેવી દુર્ગંધવાળી વસ્તુઓ પણ પાત્રોમાં ભરી હોય, ત્યારે જે પાત્રમાં જે વસ્તુ હોય તે તેના ગુણે કરીને દેખાઈ આવે છે. જે ભગવાન સમાન બીજા કોઈને ન જાણે તે દૈવી જીવ છે. ૩૨-૩૩. જેટલા લોકો ભગવાનમાં દોષ જુએ છે તે આસુરી જન કહેવાય છે. એવા અસુરોને કોઈ વર્ણાશ્રમનો મેળ હોતો નથી. જે જેવા હોય તે તેના વચનમાં દેખાઈ આવે છે. ૩૪.

✻ અખંડ હરિની સ્મૃતિ એ જ સત્સંગ :

ચોપાઈ :

बचन रहाये सूर्य समाना, उचरत बेन हि आवत जाना;
जाग्रत स्वप्न सुषुप्ति तामें, भगवान जेसे रहे यामें...३५
देखे में आवत रहे जबहू, ताके नाम सत्संग रहे तबहू;
भगवान के भक्त भये जेता, सत्संग ऐसे करेउ तेता...३६

दोहा : भगवान सम हि कोउ कु, जानत नहीं रहेउ;
ताके नाम सत्संग हि, सत्य कहत यह तेउ...३७
भगवान में दोष कबहु, देखत नहीं रहात;
तेसि समझ रहे जिनकी, दैवि तेहि जन कहात...३८

વચન તો સૂર્ય સમાન છે. તે વચન બોલતાની સાથે જ જણાઈ આવે છે. ભગવાન જેવા છે તેવા જ્યારે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં પણ દેખાતા રહે ત્યારે તેનું નામ સત્સંગ થયો કહેવાય. જેટલા ભગવાનના ઉત્તમ ભક્ત થયા છે તે સહુએ આવો સત્સંગ કર્યો હતો. ૩૫-૩૬. ભગવાન સમાન બીજા કોઈને જાણે નહિ તેનું જ નામ સાચો સત્સંગ થયો છે. આ અમે સત્ય કહીએ છીએ. ૩૭. જે ભગવાનમાં ક્યારેય દોષ ન જુએ, આવી જેની સમજણ હોય છે તે મનુષ્યને દૈવી કહેવાય છે. ૩૮. જે દૈવી મનુષ્ય છે તે કસ્તૂરી, કપૂર અને કેસર જેવાં છે અને જે અસુર છે તે લસણ ને ડુંગળી જેવાં છે. ૩૯. શાસ્ત્ર દ્વારા દૈવી મનુષ્ય અને આસુરી મનુષ્યો દેખી શકાય છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલના દેવની પ્રશંસા કરી તથા વણવિચાર્યે કાંઈ ન કરવા વિશે તથા સાચા સત્સંગની વાત કહી" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૫૯

શ્રીહરિએ પ્રાતઃકર્મ કર્યું, મછિયાવના બાપુભાઈ નિમિત્તે સંતોને જમાડ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પ્રેમભાવ વિના જે વાત જેવી હોય તે તેવા રૂપમાં કહેવી-સાંભળવી કઠણ છે, એમ દેખાય છે. ૨. માણસ જ્યારે પોતાના ચિત્તને ગ્રંથમાં પરોવે છે ત્યારે ગ્રંથમાં જેવી વાત હોય તેવી તેને દેખાય છે. ચિત્ત પરોવ્યા વિના ક્યારેય વાતનું જે રીતનું ફળ હોય છે તે દેખાતું નથી. જ્યારે તેનું ફળ જાણ્યામાં આવે છે ત્યારે તે વાતમાં પ્રીતિ થાય છે. ૩-૪.

જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીનું દુઃખ જેવું છે તેવું જ્યાં સુધી મનુષ્ય જાણતો નથી, ત્યાં સુધી તે મનુષ્યની ચાહે તેવી ચતુરાઈ હોય તોપણ તે કામ લાગતી નથી. તેમ જ તે ગમે તેટલા ગ્રંથ ભણ્યો હોય અને ભૂમિ ઉપરના જેટલા પંડિતો છે, તે બધાને જીતી લીધા હોય તોપણ તેનાથી શું ? પૃથ્વીનું રાજ્ય કરતો હોય તોપણ શું ? અરે ! ત્રિલોકીનું રાજ્ય કરતો હોય તોપણ શું ? કેમ જે, તે જીવ જન્મ-મરણના દુઃખથી તો છૂટતો નથી. ૫-૭. જ્યાં સુધી જીવને જન્મ-મરણ ન છૂટે ત્યાં સુધી કોઈ યોગ સાધે કે યજ્ઞ કરે, તીર્થ કે વ્રત કરે પણ એનાથી શું ફળ ? માટે જ્યાં સુધી જીવ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેણે કાંઈ જ કર્યું નથી. **જ્યાં સુધી સંસારનું ભટકણ છે અને જ્યાં સુધી તેની ખબર પણ નથી, ત્યાં સુધી તેને મળેલો મનુષ્યજન્મ વૃથા ગુમાવ્યો ગણાય.** ૮-૯.

જેટલાં શાસ્ત્રો છે તે બધાંનો પણ આવો જ સિદ્ધાંત છે. ભગવાને વારંવાર જેટલા અવતારો લીધા છે તે બધાનો પણ એ જ સિદ્ધાંત છે કે, જ્યાં સુધી સત્સંગ કર્યો નથી ત્યાં સુધી તેની બુદ્ધિરૂપી ચિંતામણિ કાંઈ જ કામમાં આવી નથી. ૧૦-૧૧. સત્સંગ કરવા માટે જ યોગ, યજ્ઞ અને તીર્થ વગેરે કર્યાં છે. પણ આ જીવને સત્સંગ કરવાનું તો દૂર રહે છે અને બીજી બાબતમાં તે પૂરો ચતુર બનીને ફરે છે. ૧૨. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો તો તે સત્સંગરૂપી સાધન વગર આ સંસારના ભટકણમાંથી છૂટતો નથી. ૧૩. આવી સમજણમાં જ બીજી બધી જાતની સમજણ આવી જાય છે. ૧૪. શ્રીહરિની જે જે વાત છે તેને મુક્તાનંદ સ્વામી પોતાના હૃદયમાં મનન કરીને યાદ કરતા. પછી હરિભક્તોના પ્રત્યે તે વાત કહેતા હતા. ૧૫.

શ્રીહરિ મંગળા આરતીનાં દર્શન તથા વાતો કરી તરત મંદિર ઉપરથી ચાલ્યા અને ઉતારે આવીને સ્નાન કર્યું. ૧૬. સ્નાન કરીને પોતાના અંગને રૂમાલથી કોરું કર્યું. શરીર કોરું કર્યા પછી શ્રીહરિ ઊભા થઈને પીતાંબર વસ્ત્ર પહેર્યું. ૧૭. સફેદ શાલનો જોટો હતો, તે સુખદાયક શ્રીહરિએ ઓઢી લીધો અને ચરણમાં શીશમની ચાખડીઓ પહેરી લીધી. ૧૮. ભવનની પાછળ રહેલા વાડામાં રોજ શ્રીહરિ નહાતા હતા. શ્રીહરિ રોજ સવારે તથા

સાંજે નહાતા. સવારમાં પીતાંબર પહેરતા. ૧૯. એક રાધા-કૃષ્ણદેવની ચિત્રપ્રતિમા, નરનારાયણ દેવની ચિત્રપ્રતિમા તથા બંને ઊંચા હાથ રાખેલી વાસુદેવ ભગવાનની ચિત્રપ્રતિમા તેમજ પુષ્પ ધારી રહેલી વાસુદેવની મૂર્તિ તથા ચતુર્ભુજ વાસુદેવની મૂર્તિ, આ બધી ચિત્રપ્રતિમાઓની શ્રીહરિ પૂજા કરતા હતા. તે સિવાય શાલગ્રામ તથા લાલજીની પણ શ્રીહરિ નિત્ય પૂજા કરતા હતા. ૨૦-૨૨. વાસણ સુતારના ઘરની પાછળના વાડામાં સુંદર મંડપ બાંધ્યો હતો. તે પવિત્ર રાખેલી જગ્યામાં શ્રીહરિ રોજ પૂજા કરતા હતા. ૨૩. અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી શ્રીહરિને માટે થાળ તૈયાર કરતા. શ્રીહરિ વિષ્ણુને નૈવેદ્ય ધરાવીને રોજ જમતા હતા. ૨૪. જે હરિભક્તનો થાળ હોય તે આવીને ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરતા. ૨૫.

મછિયાવ ગામના દરબાર બાપુભાઈ સારા હરિભક્ત હતા. ૨૬. તેઓ દેહત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. તેથી તેમની પાછળ સંતો માટે કેટલાક દિવસ ચાલે તેટલા સેવદળના લાડુનું ગાડું ભરીને વડતાલ લાવ્યા હતા. તે લાવનારા જેઠીભાઈ પાકા હરિભક્ત હતા. ૨૭-૨૮. સહુથી સારા કમોદ જાતના ચોખા લાવ્યા હતા. તેનો ઘણો સુગંધીદાર ભાત કરાવ્યો અને શાક તથા રાયતાં વિવિધ પ્રકારનાં કરાવ્યાં હતાં. ૨૯. ભજિયાં, વડાં કરાવ્યાં અને ફૂલવડી નાખી દહીંની અતિશય ભાવથી કઢી કરાવી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં સંતોની પંગત કરાવી. તે વખતે ત્યાં શ્રીહરિ પીરસવા આવ્યા. ૩૦-૩૧. શ્રીહરિ સેવદળ પીરસવા લાગ્યા. તે સિવાયના જેટલાં ભોજન હતાં તેને સંતો પીરસવા લાગ્યા. સંતો ત્યારે નારાયણધૂન કરતા હતા. ૩૨. જ્યારે બધું પીરસાઈ રહ્યું ત્યારે સંતો જમવા લાગ્યા. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરતા રહ્યા. ૩૩. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. પછી પાણીથી કર-ચરણ ધોયાં અને રૂમાલથી હાથ લૂછ્યા. ૩૪.

પછી શ્રીહરિ આવીને પાટ ઉપર બેઠા. સંતોની સભા થઈ. તે વખતે જેની રસોઈ હતી તે હરિભક્ત વિવિધ પ્રકારની પૂજા લાવ્યા હતા. ૩૫.

હરિભક્તોએ હેતથી શ્રીહરિની પૂજા કરીને કપૂરની આરતી ઉતારી. તે પછી તરત જ તેમણે સંતોની પૂજા કરી. ૩૬. જ્યારે હરિભક્ત સંતોની પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ સહુ સંતોના પ્રત્યે કહ્યું, "સહુ સંતો સાંભળો. ૩૭. અમારે ક્યારેક એક કે બે માસ આવીને અહીં વડતાલમાં રહેવું હોય તો રહી શકીએ તેવી અહીં એક પણ જગ્યા નથી. ૩૮. બ્રહ્માનંદ સ્વામી અહીં રહ્યા છે, તેને ત્રણ વર્ષ થઈ ગયા. તેમણે શિખર અને ઘુમટ સિવાયનું મંદિર કર્યું છે. ૩૯. આ બધી જગ્યાને ચારેકોર કોટ કર્યો છે, હવેલી કરાવી છે અને સાધુને માટે ભંડાર પણ કર્યો છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ પ્રાતઃકર્મ કર્યું, મછિયાવના બાપુભાઈ નિમિત્તે સંતોને જમાડ્યા" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૦

શ્રીહરિએ બંધન ન થાય તે માટે બ્રહ્મ મુનિને પોતાની સાથે રહેવા કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વળી, બ્રહ્માનંદ સ્વામીએ લક્ષ્મીનારાયણ દેવનો કોઠાર કરાવ્યો છે. તેમણે આટલું બાંધકામ કરાવ્યું છે. પછી શ્રીહરિએ આગળ કહ્યું કે, "સ્વામી ગમે તેવા હોય પણ અમે જે જે દેશોમાં ફર્યા છીએ ત્યાં બધું દેખીને કહીએ છીએ કે, 'કોઈ માણસ સ્થાનમાં બંધાઈ જાય તો તેની તેને ગમ રહેતી નથી.' ૨-૩. **જ્યાં સુધી જે અમારી આજ્ઞામાં રહે છે ત્યાં સુધી તેમને બંધન થતું નથી અને તે વિના તો બંધાતા જ રહે છે.** ૪. આપણા જેટલા સંતો છે તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી, એ બધા ઘણા સમર્થ અને બુદ્ધિમાનોમાં સર્વ શ્રેષ્ઠ છે. ૫.

આ સત્સંગમાં જેટલા પ્રપંચી-દંભી છે તે બધા પોતાને અધિક દેખાડવા માટે પ્રપંચ કરતા રહે છે. તે તેના વર્તન ઉપરથી દેખાય છે. ૬. ગમે તેવો

માયાવી હોય તોપણ તે વર્તનમાં છુપો રહેતો નથી. બે, ચાર, દસ કે વીશ વર્ષે પણ પ્રપંચી માણસ દેખાઈ આવે છે. જે માની લોકો છે તે પ્રપંચીને સર્વોપરિ જાણીને તેની પાછળ પાછળ ફરે છે, પણ જે તેના પ્રપંચને ઓળખતા હોય છે તે તેની પાછળ ક્યારેય ફરતા નથી. ૭-૮. પ્રપંચીને ઓળખનારા સાચા ભક્તો પોતાનું માન વધે કે લગાર પણ ન વધે, તેની દરકાર કર્યા વગર પ્રપંચીને નઠારો જાણે છે. પ્રપંચમાં જે મોટાઈ છે તે તો છજા ઉપરના છોડ જેવી છે. ૯.

❋ નિષ્કપટી સંત-ભક્તની મહત્તા :

જે સંતો તથા હરિભક્તો નિષ્કપટ હોય છે તે સત્સંગનાં ઘરેણાં છે. સત્સંગ નિષ્કપટ સંતો-હરિભક્તોને માટે જ છે. નિષ્કપટીનો જ મોક્ષ થાય છે; એમ કહ્યું છે. ૧૦. સત્સંગની જે જે બાબતો છે તે બધી નિષ્કપટી માટેની છે. સત્સંગની વાત આવી છે પણ તે કહ્યા વિના જણાતી નથી. ૧૧. બ્રહ્માનંદ સ્વામી તો મહા કવિ છે. અમારે તેમને મંદિરના કામમાં બંધાવા દેવા નથી. કારણ કે, જે બંધાઈ જાય છે તેને તેની ખબર પણ રહેતી નથી. ૧૨. **જે અમારા વચનમાં જેટલા બંધાઈને રહે છે તે તેટલા નિર્બંધ રહે છે, તે વાત તમારે સહુએ જાણી રાખવી.** ૧૩. પહેલાં જે નિર્બંધ હોય તેને પણ જો બંધન થાય છે, તો તેને અમારાં જેટલાં વચનો છે તે કહી બતાવે છે. ૧૪. માટે બ્રહ્માનંદ સ્વામી ! તમારે ગઢપુરમાં રહીને ભગવાન સંબંધી કાવ્ય, ગ્રંથ તથા કીર્તન બનાવવાં; તે જ ઉચિત છે. આ વાત સિવાય તમારા માટે ક્યારેય બીજી કોઈ વાત ઉચિત નથી." ૧૫-૧૬.

શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને તે સ્થાનનું જે બંધન હતું, તે જેમ માતા પુત્રના દોષ છોડાવે છે, તેમ હેતે કરીને છોડાવ્યું. ૧૭. આ રીતે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને ઘણો પ્રેમ આપીને વાત કરી. કેમ જે, તેમના જીવમાં જે કાંઈ બાળબુદ્ધિ હતી તેની તેમને ગમ રહી ન હતી. ૧૮. શાસ્ત્રોમાં સંભળાય છે કે, બ્રહ્માદિક જેવા પણ ભગવાનની આગળ બાળબુદ્ધિમાં ખપે છે. ૧૯.

❋ ભગવાન વિના બીજા સંકલ્પ થાય તે દોષ કહેવાય :

चोपाई :

जीय में दोष रहाये जितने, जीय कु नहि देखावत तितने;
हरि के संकल्प बिन हि जितना, जिहाँ लग संकल्प होत तितना...२०
तितना जीय में दोष रहावा, समझत हें हम तिमि हि कहावा;
व्यास शुकजि समझत हे ईमी, नारद सनकादिक जो तीमी...२१
ऐसे समझत रहेउ जाई, सबुद्धिजन इमि समझत ताई;
सबुद्धिजन देखावन हीता, हमारी जेति हि बात रहीता...२२

જીવમાં જે દોષ રહ્યા છે તે જીવને દેખાતા નથી. **શ્રીહરિના સંકલ્પ સિવાય જેટલા બીજા સંકલ્પ થતા રહે છે, તેટલા તેના જીવમાં દોષ રહ્યા છે.** તે અમે જેમ સમજીએ છીએ તેમ કહીએ છીએ. વ્યાસમુનિ, શુકદેવજી, નારદજી અને સનકાદિકો પણ આ રીતે સમજે છે. ૨૦-૨૧. જે આવી સમજણ હોય છે તે શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યની સમજણ કહેવાય છે. અમારી જે બધી વાત છે તે શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યને દેખાડવા માટે છે. ૨૨. જેટલા લોકો ભગવાન સિવાય બીજે મમત્વ કરે છે, તે બ્રહ્મા જેવા સમર્થ હોય તોપણ કુબુદ્ધિવાળા છે. ૨૩. સચ્છાસ્ત્ર તથા સત્પુરુષની આવી સમજણ છે. જેની એવી સમજણ હોય તેને સત્પુરુષ જાણવા. ૨૪.

ભગવાનના શરણાગત થયા પછી પણ જેને કામ સુખમાં જેટલી પ્રીતિ રહે છે તે તેટલા કામના ભક્ત છે, એમ ચોક્કસ જાણવું. તેઓ જતે કાળે કામના લોકને જરૂર પામશે અને પછી તે ગધેડાં, કૂતરાં અને પાડાનાં જન્મને પામશે, તે વાત ચોક્કસ છે. તેમાં કાંઈ ખોટું નથી. ૨૫-૨૬. મનુષ્ય જેટલું પોતાનું ચિત્ત ધનમાં રાખે છે તેટલું તેને અંતર્યામી પ્રભુ તલ તલ જેટલું ચોક્કસ જાણે છે. ૨૭. ચિત્તનો તો એવો સ્વભાવ છે કે તે જેને ચિંતવે તેમાં ચોંટી જાય છે. જેને લીધે જેમાં ચિત્ત ચોંટ્યું હોય તેવા શરીરને તે પામે છે. ૨૮. જેની જેવી મતિ હોય તે તેવા શરીરને પામે છે. વળી, જેની જેવી મતિ હોય તેને અનુસારે તેના માટે તેવાં અગણિત ધામ રહ્યાં છે, તે શાસ્ત્રમાં કહ્યાં છે. એ શાસ્ત્રમાં કહેલું અહીંયાં નજર કરીએ

ત્યારે દેખાઈ આવે છે, પરંતુ જેટલા બુદ્ધિથી અંધ હોય છે તેઓ તો આવી વાતને દેખતા નથી. ૨૯-૩૦. જે લોકો મનમાં ભગવાનનો ડર રાખતા નથી, તે મનુષ્યશરીરને પામ્યા હોય તોપણ પશુ જાતિમાં ખપે છે, અને તે લખચોરાશીમાં ફરતા રહે છે." ૩૧.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ બે હાથ જોડી શ્રીહરિને કહ્યું કે, "આપ તો મારી જીવનદોરી છો. માણસમાં જે પ્રકારના દોષ હોય છે તે તેને તેવા જ દેખતો નથી. ૩૨. **જ્યારે આપ જીવને દોષ દેખાડો છો ત્યારે જ તેને તે દોષ દેખ્યામાં આવે છે. માટે આપના સમાન બીજું કોઈ જીવ માટે હિતકારી નથી. વળી આપ જીવના બધા દોષોને વારંવાર માફ કરો છો.** ૩૩. હે નાથ ! ભક્તજનના દોષોને માફ કરવા માટે આપે મનુષ્યદેહ ધારણ કર્યો છે. આપના સિવાય બીજા કોઈ તે દોષોને માફ કરી શકે નહીં; એવા આપ તો અમાપ રહ્યા છો. ૩૪. મનુષ્યની જેટલી સમજણ છે તે બધી દોષમય જ રહી હોય છે. માણસમાં અને આપનામાં એટલો બધો ફરક છે, તે અમને દેખાય છે. ૩૫. તે સિવાય આપમાં જે અપાર મોટાઈ રહી છે તેનો કહ્યે પાર આવતો નથી, અને કહ્યા વિના તે દેખ્યામાં આવતી નથી. તેથી અપાર શાસ્ત્ર રહ્યાં છે. ૩૬.

જેની જેવી બુદ્ધિ હોય છે તે પ્રમાણે જ તે સમજે છે, છતાં સહુ પોતાના મનમાં પોતાને અધિક માને છે. ૩૭. જે સમજણ આપની સમજણ સાથે તથા શુક-સનકાદિક જેવા સત્પુરુષોની સમજણ સાથે મળતી ન આવે તે ત્યાગ કરવા યોગ્ય છે. ૩૮. હે મહારાજ ! આપની વાતોએ કરીને અમને આવું સમજાય છે. છતાં પણ જ્યારે જગતની વાતમાં મળી જઈએ છીએ ત્યારે તે ભૂલી જવાય છે. ૩૯. **જ્યાં સુધી દેહના ગુણની સાથે એક થઈને વર્તીએ છીએ ત્યાં સુધી તે આત્માના ગુણોને ભૂલવાડી દે છે."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ બંધન ન થાય તે માટે બ્રહ્મ મુનિને પોતાની સાથે રહેવા કહ્યું" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૧

વડતાલમાં દિવાળીને દિવસે કરેલ દીપમાળાની શોભાનું અદ્‌ભુત વર્ણન કર્યું

બ્રહ્માનંદ સ્વામીએ ફરીને શ્રીહરિ આગળ જે વાત કહી, તે વાત મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરના પ્રત્યે કહી. ૧. વાતના પ્રસંગને(પૂર્વ સંદર્ભને) જાણ્યા વગર તે વાતમાં ક્યારેય લગાર પણ રસ આવતો નથી. ૨. જે કોઈ કથાના આરંભમાં જેવો પ્રસંગ બન્યો હોય તેને ઉમંગથી સંભારીને જો કહેવામાં આવે, ત્યારે માણસ તે કથાને યથાર્થ સમજી શકે છે. ૩. પ્રસંગ કહ્યા સિવાય તે કથામાં ગમે તેવો રસ રહ્યો હોય અને ગમે તેવો કુશળ વક્તા હોય, છતાં પણ શ્રોતાઓને કદાચ રસ જણાતો નથી. ૪. ગમે તેવો ચિંતામણિ હોય, પણ તેના જ્ઞાન વિના તે ચિંતામણિ પથ્થરમાં ખપે છે. તે રીતે જ ચાહે તેવી વાત હોય પણ તેનો પ્રસંગ જાણ્યા વિના તેમાં રસ આવતો નથી. કથાનો પ્રસંગ જાણવાથી જ તેમાં રસ ઊપજે છે. એટલા માટે જ જે નિપુણ વક્તા છે તે શ્રોતાને રંજન કરવા માટે ઘણા હરખથી પહેલા કથાનો પ્રસંગ કહે છે. એવી કથાથી શ્રોતાઓને જેટલું રંજન-ખુશ કરી શકે તે તેટલા સાચા વક્તા કહેવાય છે. ૫-૭. જે શ્રોતાના મનને રંજન કરાવી શકે એવા વક્તા સમાન બીજા કોઈ કહેવાય નહીં.

જ્યારે બ્રહ્માનંદ સ્વામી આગળ કહ્યું તે રીતે કહી રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "વ્યાસ મુનિએ રચેલા જે પુરાણો છે તે અમને પ્રિય લાગે છે. ભગવાને જેટલા અવતારો ધરીને જેવાં જેવાં ચરિત્ર કર્યાં છે તે બધાં વ્યાસજીએ પુરાણમાં વર્ણવ્યાં છે. બીજા પણ ઘણા મોટા થયા છે છતાં વ્યાસજીના જેવું વર્ણન કોઈએ કર્યું નથી. માટે બીજા ઋષિઓનું સામર્થ્ય તેટલું ઓછું ગણાય છે. ૮-૧૦. **જેમાં જેટલું સામર્થ્ય હોય તેને તેનો રચેલો ગ્રંથ કહી દે છે. કેમ જે, જેમાં જેટલું સામર્થ્ય હોય છે તે તેના વચનમાં નિશ્ચિતરૂપે દેખાઈ આવે છે.** જેની બુદ્ધિ નિર્દોષ હોય છે તે જેમાં જેટલા ગુણ રહ્યા હોય તેને ગ્રહણ કરી લે છે. ૧૧-૧૨. **જે મનુષ્ય જેટલા ગુણોને ગ્રહણ કરે છે તથા**

દોષોનો ત્યાગ કરે છે તે માણસ હંસ જેવો છે, અને તે તેની રુચિ ઉપરથી દેખાય આવે છે. ૧૩. જે માણસો દોષોને જ ગ્રહણ કરે છે તે તો બગલા જેવા દુર્બુદ્ધિ કહેવાય છે. એવા દુર્બુદ્ધિ લોકો ચારણીના જેવા સ્વભાવવાળા હોય છે તેથી ગુણોનો ત્યાગ કરી દોષોને જ ગ્રહણ કરે છે. ૧૪.

શુકદેવજી, સનકાદિક, જડભરત, કપિલદેવજી અને દત્તાત્રેય વગેરે સાધુ પુરુષોનું વર્તન અદ્‌ભુત હતું. તેમનો સ્વભાવ અતિશય શાંત હતો અને તેમની વાત પણ તેવી શાંતિદાયક હતી, અને બહુ જ દાન્ત અર્થાત્ તેઓ અત્યંત ઈન્દ્રિયોનો નિગ્રહ કરનારા હતા. તેથી જ કોઈના દિલમાં ક્યારેય ઉદ્વેગ કરતા નહીં. ૧૫-૧૬. જે કહેવાતા ત્યાગીઓ સંસારનો ત્યાગ કરીને બીજા કોઈને પણ ઉદ્વેગ કરાવે છે, જે ધન સંગ્રહ કરે છે તથા સ્ત્રી રાખે છે તેવા જીવો તો ધન અને સ્ત્રીનો ત્યાગ કરનારા સાચા ત્યાગીના મળ જેવા છે. **જે ત્યાગી થઈને ભગવાન સિવાયનું જેટલું બીજું વ્યસન રાખે છે તે બધા સાચા ત્યાગીના મળ જેવા છે.** તે તેમનાં વ્યસનો જ જણાવી દે છે. વ્યાસજીના જેટલા ગ્રંથો છે તેમાં જેટલી કહેવા યોગ્ય વાતો છે તે બધી કહી દીધી છે. ૧૭-૧૯. કોઈ કરોડો ગ્રંથ કરે પણ બધાનું મૂળ તો ચોક્કસ વ્યાસજીના ગ્રંથ જ હોય છે. માટે વ્યાસજીના ગ્રંથને સાંભળતા તૃપ્તિ થાતી નથી. ૨૦. તેવા બધા ગ્રંથોને વંચાવવા માટે આપણે અહીંયાં લક્ષ્મીનારાયણ દેવના મંદિરની સમીપે કોઈ એક જગ્યા કરવી છે." ૨૧.

આ રીતે શ્રીહરિએ વાત કરીને તે ગ્રંથો વંચાવવા માટેની જગ્યાનો તત્કાળ આરંભ કરાવ્યો. પછી જ્યારે દિવાળીના દિવસો આવ્યા ત્યારે અલૌકિક દીપમાળા કરી. ૨૨. નિષ્કુળાનંદ સ્વામીએ તે દીપમાળા કરી હતી, તેમાં ઘણી જાતની શોભા રચી હતી. ૨૩. નિષ્કુળાનંદ સ્વામીએ જે દીપમાળા કરી હતી, તે વર્ણન કરી શકાતી નથી. જે જે ભગવાનનાં દિવ્ય ધામ જ્યાં જ્યાં છે તે બધાં જ ધામની જેટલી કાંઈ શોભા કહેવાય છે તે બધી આ દીપમાળામાં રચી હતી. ૨૪-૨૫. તે દીપમાળાને મધ્યે શ્રીહરિ બેસતા હતા. શ્રીહરિએ સારાં વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં

હતાં. ૨૬. ઊંચો મંચ હતો તેના ઉપર ગાદીતકિયા ગોઠવ્યા હતા. ત્યાં શ્રીહરિ બેઠા ત્યારે લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. તે સમયની મુખની શોભા કહી શકાતી નથી. ૨૭.

❋ ગ્રંથકારે કહેલી શ્રીહરિની વાતની મહત્તા :

આવી શ્રીહરિના સંબંધવાળી બાબતો અપારની અપાર જ રહે છે. તેને કરોડો કલ્પ સુધી કહેવામાં આવે તોપણ સંતોષ થાતો નથી. ૨૮. **શ્રીહરિના સંબંધવાળી વાતોના કરોડો બ્રહ્માંડ ભરાય તેટલા ગ્રંથ કરીએ તોપણ મનમાં તૃપ્તિ થાય નહીં.** ઊલટાનો ગ્રંથ લખવામાં વધારે ને વધારે પ્રેમ થતો જાય છે. ૨૯. શ્રીહરિના ચરિત્રની આવી અદ્‌ભુત વાતોને સાંભળતા જે માણસ તૃપ્ત થઈ જાય છે, તે ભગવાનમાં પ્રીતિ વગરના છે. ૩૦. જેમાં જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખ રહ્યાં છે, તેવી ભગવાન સિવાયની વાતોમાં પ્રભુપ્રેમ વિહોણા જીવ સુખ માને છે. ૩૧. કરોડો કલ્પ સુધી ભગવાનની વાત સિવાયની વાત સાંભળવામાં જેને તૃપ્તિ થાય નહિ; એવા મનુષ્યના સમાન બીજો કોઈ અધમ કહેવાય નહીં. ૩૨. **જે મનુષ્ય ભગવાનની વાતો કરવા-સાંભળવામાં જેટલું પોતાના ચિત્તને ચોંટાડે છે, તેટલા તે સંસારસાગરને તરી ગયા છે. તે બાબતને તેનું ચિત્ત જ કહી દે છે.** ૩૩. જે મનુષ્યનું ચિત્ત જેટલું ભગવાનના સ્વરૂપમાં ચોંટતું નથી તેટલો તેને ભવસાગર તરવાનો બાકી છે, તે તેનું ચિત્ત જ કહી દે છે; આવી તો કેટલીય વાતો છે. ૩૪.

દીપમાળાની વચ્ચે સંતો તથા હરિભક્તોની સભા થઈ. તે સહુ શ્રીહરિની સન્મુખ જોઈ રહ્યા હતા. સહુએ શ્રીહરિના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિને પરોવી દીધી હતી. ૩૫. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે તે બધી દીપમાળા પ્રગટાવી. તેમાં વિવિધ પ્રકારનાં બિલોરી ઝાડ લટકાવ્યાં હતાં અને બિલોરી હાંડીઓનો પણ કોઈ પાર ન હતો. ૩૬. તે બધી હાંડીઓને પ્રગટાવી. તેનાથી દીપમાળાની શોભા શ્વેતદ્વીપના સમાન થઈ. તે સમયનું વાતાવરણ તો શોભાના રસની ખાણ જેવું હતું. ૩૭. જ્યારે સંધ્યા આરતી

થઈ ત્યારે ઘણી જાતનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં તેનો અપાર શબ્દ થયો. ૩૮. તે શબ્દ ત્રિલોકીની અંદર વ્યાપી ગયો. તે સમયે બધા દેવતાઓનાં વિમાનોથી આકાશ છવાઈ ગયું. ૩૯. દેવતાઓ મુખથી શ્રીજીમહારાજનો જય જયકાર કરીને પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. જેટલી દેવાંગનાઓ હતી તે બધી ગાન કરીને નૃત્ય કરવા લાગી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "વડતાલમાં દિવાળીને દિવસે કરેલ દીપમાળાની શોભાનું અદ્‌ભુત વર્ણન કર્યું" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૨

ઉત્સવિયા સંતો પાસે વાજિંત્ર સાથે પદ બોલાવીને દિવાળીનો ઉત્સવ કરાવ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. દિવાળીની સાંજે જ્યારે આરતી તથા નારાયણધૂન થઈ રહી, ત્યારે જેટલા ઉત્સવિયા(સંગીત સાથે કીર્તનગાનારા) સંત હતા તે બધા ઉત્સવ કરવા લાગ્યા. ૨. સહુ શ્રીહરિની આગળ ઝાંઝ-મૃંદગ લઈને બેસી ગયા. તેમાં પ્રેમાનંદ સ્વામી આદિક અમુક સંતો વાજિંત્રને વગાડવા લાગ્યા. ૩. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, બંને શિવાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ધ્યાનાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, ત્યાગાનંદ સ્વામી, વ્રજાનંદ સ્વામી, સર્વજ્ઞાનાનંદ સ્વામી, નિર્મલાનંદ સ્વામી, જેને ભગવાનનો યશ પ્યારો છે એવા ભૂમાનંદ સ્વામી, દામોદરાનંદ સ્વામી, જિષ્ણવાનંદ સ્વામી અને નારાયણાનંદ સ્વામી વગેરે સંતો દિવાળીનાં પદ ગાવા લાગ્યા. ૪-૭.

તેમાં મુક્તાનંદ સ્વામીના કરેલા પદ પહેલા ગાયા. મુક્તાનંદ સ્વામી જ્યાં સુધી પોતાના પદ ગાતા હોય ત્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી પોતાના

પદ ગાતા નહીં. આ રીતે તેઓ મુક્તાનંદ સ્વામીની અપાર મર્યાદા રાખતા હતા. ૮-૯. પછી જ્યારે મુક્તાનંદ સ્વામી કહે ત્યારે બ્રહ્માનંદ સ્વામી પોતાના પદ ગાતા હતા. તે રીતે જ કવિ પ્રેમાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીની અદબ રાખતા. તેથી પોતે પહેલા પોતાના પદ ગાતા નહીં. જ્યારે બ્રહ્માનંદ સ્વામી કહે ત્યારે પ્રેમાનંદ સ્વામી પ્રેમમગ્ન થઈને પોતાના પદ ગાતા હતા. શ્રીહરિ તે ત્રણેય કવિઓના પદને સાંભળીને વારંવાર તેની પ્રશંસા કરતા હતા. ૧૦-૧૨.

દિવાળીને દિવસે દેશદેશના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૧૩. જેના દિલમાં જેવો ભાવ હતો તેવી પૂજા તેઓ લાવ્યા હતા. જે વડતાલ ગામના હરિભક્તો હતા, તે બધા પણ પૂજા કરવા આવ્યા. શ્રીહરિ જે ગામમાં જ્યારે જ્યારે સમૈયો કરતા અને તેમાં જે જે બાબત બનતી તે બધી સંભારીને યાદ આવે તેટલી લખું છું. પણ જે યાદ નથી આવતી તે લખ્યા વિના રહી જાય છે તેમ હું પોતે કહું છું. ૧૪-૧૬. આ ભૂમિ ઉપર આકાશમાંથી જેટલું વરસાદનું પાણી વરસે છે તે બધું જમીન ઉપર રહેતું નથી. જ્યાં જ્યાં તળાવ વગેરે હોય ત્યાં ત્યાં તેટલું પાણી ભરાય છે. ૧૭. અને જમીન પણ તેને રોકી રાખે છે. તે સિવાયનું જેટલું વધારાનું પાણી હોય તે નદી દ્વારા સમુદ્રમાં જઈને સમાઈ જાય છે. તે રીતે જ શ્રીહરિનાં બધાં ચરિત્ર રહ્યાં છે. ૧૮. જેટલાં ચરિત્ર અને વાતો ગ્રંથમાં લખાયાં હોય છે તેટલાં જ તે ચરિત્રો અને વાતો આ બ્રહ્માંડમાં સદા રહે છે. ૧૯. **જે અવતાર જેવા થયા હોય અને તેમણે ભક્તજનના હિત માટે જેવાં જેવાં ચરિત્રો કર્યાં હોય તે ગ્રંથ દ્વારા સદાય દેખાય છે. ગ્રંથમાં લખાયાં હોય તે વાતો કે ચરિત્રોનો નાશ થઈ જતો નથી.** ૨૦. સાચા ગ્રંથે કરીને અસદ્‌ગ્રંથો દેખાઈ આવે છે. સાચા ગ્રંથો અસત્ય વાતોને બતાવી દે છે. તેમ જ જેને સત્‌-અસત્‌નો વિવેક હોય છે એવા વિવેકી પુરુષો પણ સત્‌-અસત્‌નો વિભાગ દેખાડી દે છે, પણ ખપ વિના જીવ તે વાતને ગ્રહણ કરતા નથી. ૨૧-૨૨.

જે સત્ય વાતને ગ્રહણ કરે છે તેને શાસ્ત્ર મનુષ્ય કહે છે, અને જે અસત્ય વાતને ગ્રહણ કરે છે તેને શાસ્ત્ર મનુષ્ય કહેતા નથી. ૨૩. ગમે તેવો

મોટો રાજા હોય કે ગમે તેવો મોટો ધનવાન હોય, અરે ! ચાહે તેટલું પુરાણ આદિકને ભણેલો હોય, પણ તે બધા જો સત્ય વાતને ગ્રહણ નથી કરતા તો અસત્યમાં ખપે છે. મનુષ્યશરીર ચિંતામણિ તુલ્ય છે તે ફરી ફરીને મળતું નથી. ૨૪-૨૫. તેવી ચિંતામણિને પામ્યા પછી પણ જે માથા ઉપર દુઃખ રાખતા હોય (ભગવાન ન ભજતા હોય) તે બુદ્ધિમાન કહેવાતા હોય, તોપણ તે બુદ્ધિનું ફળ શું ? તે તો આંકડા વિનાના એકલા શૂન્ય જેવું છે. ૨૬.

❋ સત્સંગમહિમા :

જ્યાં સુધી જીવ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને જન્મ-મરણનાં દુઃખ અખંડ રહે છે. ૨૭. જ્યાં સુધી જીવ માયિક શરીરને પામતો રહે છે ત્યાં સુધી તેને દુઃખમાત્ર વારંવાર ભોગવવા પડે છે. ૨૮.

चोपाई :

अमायिक तन कु पावत जबहू, सत्संग साचे करीके तबहू;
अमायिक तन में सुख अपारा, रहे कहत न आवत पारा...२९
हरि की बात रहायेउ जितनी, दुःख छूटन रहाये सब तितनी;
सुख सुख अति करन कु रहेऊ, मनावत न जिहाँ लग हि तेऊ...३०
तिहाँ लग दुःख पावत रहाते, हरि की बात जब सत्य मनाते;
तब तेहि दुःख न रहत लगारा, दुःख छूटन रहेउ हि द्वारा...३१

જ્યારે સાચો સત્સંગ કરે છે ત્યારે તે દિવ્ય દેહને પામે છે. તે દિવ્ય દેહમાં અપાર સુખ રહ્યું છે, જેનો કહ્યે પાર આવતો નથી. ૨૯. ભગવાન શ્રીહરિની જેટલી વાતો છે તે બધી દુઃખથી છૂટવા માટેની છે. તે બધી વાતો તો અતિશય સુખ સુખ અને સુખ કરનારી છે, પણ જીવને જ્યાં સુધી વિશ્વાસથી તે મનાતું નથી ત્યાં સુધી તે દુઃખ પામતો રહે છે. જ્યારે જીવને શ્રીહરિની વાત સત્ય મનાય છે ત્યારે તેને લગાર પણ દુઃખ રહેતું નથી. કારણ કે, આ શ્રીહરિની વાતો જ દુઃખમાંથી છૂટવાનું દ્વાર છે. ૩૦-૩૧. સત્સંગની જેટલી વાતો છે તે બધી પણ દુઃખથી છોડાવનારી છે. આ વાતો જ્યારે જેને સાચી મનાય છે ત્યારે તેનાં બધાંય દુઃખો છૂટી જાય છે. ૩૨. પણ આ સત્સંગની વાતોને સાચી માન્યા સિવાય દુઃખ છૂટતું નથી. કેમ જે,

તે વિના સંસારના ભટકણનો અંત આવતો જ નથી. હરિભક્તો આવી વાતને સમજીને હેતથી રોજ સત્સંગ કરતા રહેતા. ૩૩. વળી, તેઓ નિત્ય નવો સત્સંગ કરતા. કારણ કે, તેમને સત્સંગ સમાન બીજું કાંઈ દેખાતું નહીં. આવી જેને સમજણ હોય તેનો જ સત્સંગ સાચો છે. તેનો ભાવ તે કહી દે છે. ૩૪. જેનો જેવો સત્સંગ હોય છે તે ભાવમાં દેખાઈ આવે છે. જેનો **જીવ જેટલો ભગવાનની કથા, કીર્તન અને વાતોમાં ચોંટે છે, તેટલો તેને સત્સંગ છે, તે તેનો ભાવ કહી દે છે.**

જ્યાં સુધી શ્રીહરિ બેઠા હતા ત્યાં સુધીમાં કેટલાક હરિભક્તો શ્રીહરિને રાજી કરવા માટે બપોરિયાં(ગંધક અને દારૂનું મિશ્રણવાળું એવું કોડિયું કે જેને પ્રગટાવતાં બપોર જેવો પ્રકાશ થાય છે.) પ્રગટાવતા હતા. તેમાં કેટલાક ભક્તો વડોદરા અને સુરતના હતા તથા કેટલાક અમદાવાદના હરિભક્તો હતા, જે વારાફરતી બપોરિયાં પ્રગટાવતા હતા. ૩૫-૩૮. તે સમયે બપોરિયાંના પ્રકાશને દેખીને શ્રીહરિ હરિભક્તો પ્રત્યે બોલ્યા કે, “જીવનો પ્રકાશ આ બપોરિયાં જેવો છે.” એમ કહી પછી પોતે ઉતારે જવા ચાલ્યા. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “ઉત્સવિયા સંતો પાસે વાજિંત્ર સાથે પદ બોલાવીને દિવાળીનો ઉત્સવ કરાવ્યો” એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર અઠ્ઠયાવીશમું : તરંગ - ૬૩

શ્રીહરિ તથા સહુએ ચાંગાના બોનજીબાએ કરાવેલા અન્નકૂટનાં દર્શન કર્યાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. હરિભક્ત કુબેરદાસ પટેલ ચાંગા ગામના પાટીદાર હતા. બોનજીબા નામે તેમની મા ઘણા સારા હરિભક્ત હતા. તેમણે શ્રીલક્ષ્મીનારાયણ દેવની આગળ તે દિવસે અન્નકૂટ પુરાવ્યો હતો. ૨-૩. તેમાં વર્ણીએ બહુ પ્રકારનાં પકવાન ધરાવ્યાં હતાં. તેનો ગણ્યે પાર આવતો નહીં. મેવા પણ બહુ ભાતના કર્યાં

હતા. ૪. જે રીતે ખૂબ જ શોભે તે રીતે બધાં ભોજન ઘણા પ્રેમથી ધરાવ્યાં હતાં. તેમાં સહુ પ્રથમ ગોવર્ધનપૂજા કરી હતી. ૫. ગોવર્ધન ઉત્સવની જે રીત હતી તે પ્રમાણે તે ઉત્સવ કર્યો. ગોવર્ધન ઉત્સવ જ્યારે કરી રહ્યા, તે પછી બધો અન્નકૂટ પુરાયો. તે ધરાવેલા અન્નકૂટની શોભા કહી શકાતી નથી. બધી જાતનાં ભોજન, શાક, રાયતાં, અથાણાં વગેરે બધું શ્રીલક્ષ્મીનારાયણ દેવ અન્નકૂટમાં જમી રહ્યા, ત્યારે વર્ણીએ તેમની આરતી કરી. તે સમયે જેટલાં વાજિંત્ર હતાં, તે વાગવાં લાગ્યાં. ૬-૮.

આરતી વખતે શ્રીહરિ દર્શન કરવા આવ્યા. ત્યારે જેટલા સંતો હતા તે પણ બધા સાથે હતા. શ્રીહરિ તથા સંતો શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી રહ્યા ત્યારે જે હરિભક્ત પુરુષો હતા તે સહુએ દર્શન કર્યાં. જ્યારે હરિભક્ત પુરુષો દર્શન કરી રહ્યા તે પછી બધી હરિભક્ત બાઈઓએ દર્શન કર્યાં. જ્યારે હરિભક્ત બાઈઓ દર્શન કરી રહી ત્યારે ભગવાન આગળથી અન્નકૂટ ઉપાડી લીધો. ૯-૧૧. આમ જ્યારે શ્રીલક્ષ્મીનારાયણ દેવ તે અન્નકૂટને જમી રહ્યા પછી શ્રીહરિ અન્નકૂટનો પ્રસાદ જમ્યા. અન્નકૂટમાં જેટલાં ભોજન કર્યાં હતાં તેમાંથી જોઈએ તેટલું શ્રીહરિએ કાંઈક થોડું થોડું લીધું. ૧૨-૧૩. જેટલો અન્નકૂટ હતો તે બધો ઘીમાં કરેલો હતો. શ્રીહરિને તેલમાં બનાવેલાં ભોજન રુચતાં નહીં. ૧૪. શ્રીહરિને જે ન રુચતું હોય તે ધરતા તોપણ તે જમતા નહીં. હા, ભક્તજનનો જેટલો ભાવ હોય તેટલું તેમાંથી અવશ્ય ગ્રહણ કરતા. ૧૫.

❋ દ્રવ્યના લોભની દુષ્ટતા :

ઘણાને અપાર ધન મળ્યું હોય છે તોપણ ભગવાન માટે વાપરવામાં સંકોચ કરે છે. જોકે, આ શરીરનો તો કોઈ નિર્ધાર નથી, પણ તેનો તે ક્યારેય વિચાર કરતા નથી. ૧૬. આવા લોભી માણસને ગમે તેટલું ધન મળ્યું હોય તોપણ તે નકામું જ છે. એવું નિરર્થક પડેલું ધન રડતું રહે છે. ૧૭. જમીનમાં દાટેલું દ્રવ્ય એ રીતે બંદીખાનામાં જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે ધનના ધણીને શાપ આપતું રહે છે. ૧૮. તે ધનના શાપથી તે ધનવાન નિર્વંશ જાય છે. તે સહુના દેખ્યામાં આવે છે. એવો લોભી ધનવાન રાત-દિવસ શરીરથી

દુખિયો રહે છે, છતાં પણ તેની લોભવૃત્તિ કૂણી પડતી નથી. ૧૯. લોકો પાસેથી ઉઘરાવીને જે નિમિત્તે દ્રવ્ય ભેગું થયું હોય, તે નિમિત્તે જેઓ તે ધનને નથી વાપરતા તેઓને તે દ્રવ્ય જેનું જેનું હોય તેના ઘરે વારંવાર જન્મ ધરીને તેને આધીન થઈ તે દ્રવ્ય ચૂકતે કરવું પડે છે. વળી, જે નિમિત્તે ધન ભેગું કર્યું હોય તે ધનને ત્યાં જ વાપરવાના બદલે બીજા નિમિત્તે જે કોઈ જેટલું વાપરે છે, તેટલી તેની અપકીર્તિ થાય છે. અને જો તે અપકીર્તિની પણ શંકા ન રાખે તો તેને અગણિત દુઃખ આવે છે. ૨૦-૨૨.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સહુ સંતોની પંક્તિ થઈ હતી. શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરના પાછળના ભાગમાં જ્યાં પંગત થવાની હતી ત્યાં ચોક લીપીને તેમાં રંગોળી પૂરાવી હતી, અને સુશોભિત મંડપ રચ્યો હતો, જેની શોભા કહી શકાતી નથી. વળી, ફળ સાથેના કેળના સ્તંભ રોપાવ્યા હતા. ૨૩-૨૪. તેથી જાણે કેળનો બાગ ન હોય તેવી શોભા બની. તેમાં કાંઈ ફરક ન રહ્યો. પછી તેમાં સંતોની પંક્તિ કરાવી. તે વખતે સહુ સંતો નારાયણધૂન બોલવા લાગ્યા. ૨૫. શ્રીહરિ ત્યાં રહેલી પાટ ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. મસ્તક ઉપર રૂમાલ બાંધ્યો હતો. ૨૬.

જે હરિભક્તોએ અન્નકૂટ કર્યો હતો, તે શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૨૭. તેમણે કેસરયુક્ત ચંદન લાવી શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર ફૂલના તોરા ધરાવ્યા. ૨૮. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા અને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા. ૨૯. સોનેરી કોરનો ભારે કસુંબલ રેંટો ઓઢાડ્યો અને પછી કપૂરની આરતી કરી. સહુ મુખથી શ્રીહરિનો જય જયકાર કરવા લાગ્યા. ૩૦. જ્યારે આરતી કરી રહ્યા તે પછી સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને કુંકુમનો ચાંદલો કર્યો. ૩૧. હજારી ફૂલના હાર તે વખતે સંતોને પહેરાવ્યા. તે સમયે શ્રીહરિ અનંતકોટિ બ્રહ્માંડની જેટલી શોભા હોય તે બધી શોભાને દબાવીને વર્તતા હતા, એવા શ્રીહરિ શોભતા હતા. પછી શ્રીહરિ સંતોને પીરસવા માટે ઊઠ્યા. પકવાનો તો ગણ્યે પાર ન આવે તેટલાં હતાં. તેથી

તે બધાને ભેળા કરી દીધાં અને તે લઈને શ્રીહરિ સંતોને પીરસવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામીએ પોતાના છંદમાં જે પકવાન અને ભોજનનું વર્ણન કર્યું છે, તેમજ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિ જમતા તે ભોજનનું વર્ણન કર્યું છે, અને પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિ જે થાળ જમતા તેનાં નામ લઈને વર્ણન કર્યું છે. તે બધાએ જે વર્ણન કર્યું તેના કરતાં કોટિ ગણો અધિક આ અન્નકૂટ થયો હતો. તેથી તે કોઈના વર્ણન કરવામાં આવી શકતો નથી. ૩૨-૩૬. જેનો પાર આવે તેમ ન હોય તેમાં નામ લઈને કેટલા કહેવા. જે માપમાં આવે તેવું હોય તે વર્ણવીને કહી શકાય. ૩૭.

સંતોને પીરસવામાં શ્રીહરિને અપાર હેત હતું. તે કહી શકાતું નથી. છતાં પણ મારી બુદ્ધિને અનુસારે કહું છું. ૩૮. **શ્રીહરિની જેટલી મોટપ છે તે જેને જેટલી સમજાણી હોય, તેટલી તે તેના ગ્રંથમાં લખે છે.** ૩૯. પ્રબંધ રચવામાં, વાત કરવામાં અને ઊઠવા-બેસવા-ચાલવામાં જેની જેવી બુદ્ધિ હોય તે તરત દેખાય આવે છે. ૪૦. જેનામાં જેટલી બુદ્ધિ હોય તેટલી તેમાં મોટપ દેખાય છે. આવો બુદ્ધિમાં પ્રતાપ રહ્યો છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ તથા સહુએ ચાંગાના બોનજીબાએ કરાવેલા અન્નકૂટનાં દર્શન કર્યાં" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૪

શ્રીહરિએ સંતોને જમાડ્યા અને અન્નકૂટનો ઉત્સવ પૂરો કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે સંતોની પંગતમાં શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ સહુ સંતોને 'વાલા સંતો ! હવે જમો' એમ ઘણા પ્યારથી જમવાની આજ્ઞા કરી. ૨. પછી સંતો જમવા લાગ્યા. શ્રીહરિ પાંચ વખત પંગતમાં પીરસવા ફર્યા. સંતો જ્યારે જમતા બંધ થયા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. સંધ્યા વખત થયો ત્યારે

શ્રીહરિએ કરચરણ ધોયાં. તે વખતે મશાલો પ્રગટી. ૩-૪. શ્રીહરિએ પહેરેલાં કપડાં બદલ્યાં અને સભામાં શોભે તેવાં વસ્ત્ર પહેરીને મંદિરના પાછળના ભાગમાં ચોતરા ઉપર ગાદી બિછાવી હતી ત્યાં આવીને બેઠા. શ્રીહરિની પાછળના ભાગમાં સુંદર તકિયો મૂક્યો હતો. તે વખતે શ્રીહરિનાં દર્શન કરવા માટે સંતો તથા હરિભક્તોની સભા થઈ. ૫-૬. પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "હવે સાંજનો વખત થયો છે એટલે પૂરવ રાગના તથા ગોડીનાં પદ બોલો. કેમ જે, સમય વિનાની વાત શોભતી નથી. ૭.

✵ સમય જોઈને વાત કરવા વિશે :

કોઈ પણ બાબત કરવાની હોય ત્યારે તેનો સમય જાણવો જોઈએ. **જેવો સમય હોય તેવી વાત કરે, તેમાં સહુને ભરપૂર રસ આવે છે.** ૮. સમય જોયા વિના જેટલી વાત કરવામાં આવે છે તે બધી રસ વગરની લાગે છે. જે જે બાબતનો જેવો સમય હોય તેને જાણનારા તે સમયને અનુરૂપ કામ કરે છે. ૯. તે રીતે વાત કરનારાની વાત અમૂલ્ય હોય છે. તેની બરાબરીમાં કોઈ આવતું નથી. **જે સમય જોઈને વાત કરે છે એવા માણસને તુલ્ય કરોડો માણસ પણ થતા નથી. ભગવાન સંબંધી કથા-વાર્તામાં જેનો જીવ જેટલો ચોંટે છે, તેટલો તે દેવ-મનુષ્યો કરતાં પણ કરોડ ગણો અધિક છે. અમે જેવું જાણીએ-સમજીએ છીએ તેવું તમારી સહુની આગળ કહીએ છીએ.** ૧૦-૧૨. **વાત કરી કરીને એટલી જ કરવાની છે કે, 'ભગવાનમાં જીવ ચોંટાડવો.'** એટલું સમજ્યા વિના કરોડો પ્રકારની બાબત કરવામાં આવે તો તે બધી બાબત વ્યર્થ છે. કારણ કે, તે તો નિશ્ચિતરૂપમાં વારંવાર સંસારમાં જ ભટકાવે છે. ૧૩-૧૪.

ભગવાનની જેટલી વાત છે તે બધી સંસારને તારનારી છે. ભગવાનની વાતો અમૃત, કલ્પતરુ તથા ચિંતામણિ કરતાં પણ અપાર અધિક છે. તેના જેવી બીજી કોઈ વાત નથી. એવી શ્રીહરિની વાત સૌથી મહત્ત્વપૂર્ણ છે. ૧૫-૧૬. આવું સમજીને જે મનુષ્ય ભગવાનની વાતમાં પોતાનું મન ચોંટાડે છે તેની સમજણનાં મૂળ સત્સંગમાં ઊંડે સુધી ચોંટેલાં છે. ૧૭. **જેની સમજણનાં મૂળ જેટલાં સત્સંગમાં ચોંટ્યાં હોય તથા જેટલાં ભગવાનની**

વાતમાં ચોંટ્યાં હોય તેટલાં જ તેનાં મૂળ ખરેખર ચોંટેલાં છે. ૧૮. માટે જે રીતની જે બાબત હોય તેને તે રીતે જ જાણવી જોઈએ. જ્યારે કથા તથા કીર્તનનો સમય હોય ત્યારે જે ભક્ત અતિશય ભાવ સહિત તે જ કામ કરે, તથા ભગવાનની કેટલીય જાતની સેવા કરવામાં જેનો અપાર ભાવ દેખાતો હોય તે હરિભક્તોમાં મોટેરો છે. ૧૯-૨૦.

❋ જેની ભાવના ભવ્ય, તે તરત બને દિવ્ય :

चोपाई :

भाव में न्युनता जितना जाही, न्युनता तितना तिन महिं ताही;
न्युनता बडता भाव में रहीता, भाव सम धर्म कोउ न कहीता...२१
भाव बिन धर्म अपार रहाये, निरजीव रहायेऊ ताये;
भाव सहित धर्म रहे जितने, भाव जुत जो जो बात तितने...२२
सरवोपरी कहावत हि जेहा, भाव बिन निरजीव रहे तेहा;

જેને ભાવમાં જેટલી ન્યૂનતા રહે છે તે ભક્તમાં પણ ન્યૂનતા રહે છે. ન્યૂનતા અને મહત્તા, બંને ભાવમાં રહી છે. તેથી જ ભાવના સમાન બીજો કોઈ ધર્મ કહેવાતો નથી. ૨૧. ભાવ વગરના અપાર ધર્મ હોય તોપણ તે નિર્જીવ છે. ભાવ સહિતનો ધર્મ અને ભાવ સહિતની બીજી જે જે બાબતો હોય તે સર્વે સર્વોપરિ કહેવાય છે. અર્થાત્ ભાવ વિનાનું બધું નિર્જીવ હોય છે. હવે તમે સહુ આરતી તથા ધૂન કરો. અમે તો આટલી વાત કરી. જે સમયે જેવી વાત મનમાં ઊપજે છે તે સમયે તેવી વાત કરતા રહીએ છીએ. સમય વિના કોઈ વાત ઊપજતી નથી અને સમય વિના તે શોભતી પણ નથી." ૨૨-૨૪.

આ પ્રમાણેની શ્રીહરિની વાત સાંભળીને જે સંતો તથા હરિભક્તો હતા, તે સહુએ ઘણા ભાવથી આરતી તથા ધૂન કર્યા. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું, "સહુ સંતો તથા હરિભક્તો ભેળામળીને ગરબીનાં પદ બોલો." ત્યારે સહુએ ગરબીનાં પદ ગાયાં. તેથી તેના ધ્વનિથી બધું આકાશ ગર્જી ઊઠ્યું. ૨૫-૨૭. તે સમયે સંતોની સાથે શ્રીહરિ પણ પદ બોલતા હતા અને તાલમાં તાળી દેતા હતા. તેથી ત્યાં ભક્તિનો મહારસ

જામ્યો હતો. ૨૮. ભગવાન શ્રીહરિએ પહેલાં જે જે અવતારો લીધા હતા તેમાં ક્યારેય આવો રસ જમાવ્યો ન હતો. અક્ષરધામ, ગોલોક તથા વૈકુંઠમાં જેવો રસ રહ્યો છે તેવો રસ અત્યારે આ સત્સંગમાં શ્રીહરિ નિત્ય જમાવતા હતા. તે રસમાં જ મધ્યરાત્રી સુધીનો સમય વીતી ગયો, અને શ્રીહરિ પણ ત્યાં સુધી બેસી રહ્યા. ૨૯-૩૦. પછી જ્યારે શ્રીહરિ ઊઠ્યા ત્યારે બધા સંતોને તથા જેટલા વર્ણી તથા પાર્ષદો હતા, તેમને ભેટ્યા. ૩૧.

સહુને મળ્યા પછી શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. જ્યારે સવાર થયું ત્યારે જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરીને પોતપોતાને ગામ જવા માટે ચાલતા થયા. તેમાં જે વાહન લાવ્યા હતા તે બધા વાહનમાં બેસીને હરખભેર ચાલ્યા. ૩૨-૩૩. જે વાહન વગર આવ્યા હતા તે વાહન વિના ચાલતા થયા. પોતપોતાનું ભાતું તે સહુએ ખભે ઉઠાવી લીધું હતું. ૩૪. જે હરિભક્ત બાઈઓ પગે ચાલીને આવી હતી, તે પણ બધી પોતપોતાના ભાતાના પોટલાને બાંધીને પોતાના મસ્તક ઉપર રાખીને ચાલતી થઈ. તે સમયે તેમના દિલમાં આનંદ છવાયેલો હતો. તે સહુએ જે રીતે શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં, તેને તે રીતે પ્રેમથી સંભારતા હતા. ૩૫-૩૬.

જે વીતેલા ત્રણ વર્ષથી વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર બનાવવાનો આરંભ કર્યો હતો, ત્યારથી શ્રીહરિ વડતાલમાં જ્યારે જ્યારે ઉત્સવ કરતા, ત્યારે રોજ સવારે અને સાંજે સંતોને તથા હરિભક્ત નરનારીઓને પ્રેમથી કહેતા હતા કે, "સહુએ પાંચ પાંચ વખત ઈંટો મંદિર માટે લાવવી. હવે અમે ફરીવાર કહેશું નહીં. હા, જે પોતે કામ ન કરી શકે તેવા હોય, તેને અમે કહેતા નથી. અમે પણ રોજ ઈંટો લાવશું. આ સેવા તો બ્રહ્મા જેવાને પણ દુર્લભ છે, માટે સહુએ આ દુર્લભ સેવા કરવી." ૩૭-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોને જમાડ્યા અને અન્નકૂટનો ઉત્સવ પૂરો કર્યો" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર અઠ્ઠયાવીશમું : તરંગ - ૬૫

શ્રીહરિએ સંતોને દેશદેશમાં કથા, વાર્તા, કીર્તન કરવાની ભલામણ કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ આગળ જેમ કહ્યું હતું તેમ સહુ સંતો તથા બાઈ-ભાઈ બધાં હરિભક્તો મંદિરની સેવા કરતાં હતાં. ૨. ગમે તેવા મોટા રાજા હોય કે અન્ય ચાહે તેવા લોકો હોય, તેમને પણ સેવા કરવામાં અધિક ને અધિક ભાવ થાય તેમ શ્રીહરિ વાત કહેતા હતા. જો વાત કહેતા આવડે તો તેમાં બહુ ચમત્કાર રહ્યો હોય છે. વાતે કરીને જ આ સત્સંગ, ભૂમિ ઉપર સર્વોપરિ થયો છે. સત્સંગ સમાન બીજું કોઈ નથી. જેટલી સરસ અને નિર્દોષ બાબતો છે તે બધી સત્સંગમાં રહી છે. ૩-૫. સત્સંગ સિવાયના જે બીજા છે તેમાં તો સર્વે દોષયુક્ત બાબતો નિવાસ કરીને રહે છે, છતાં તેમના મનમાં તેનો ક્યારેય ત્રાસ થતો નહીં. ૬. જેને પોતાના દોષોનો બિલકુલ ત્રાસ હોતો નથી તેનું જ નામ કુસંગ કહેવાય છે. તે કુસંગ સત્સંગ કર્યા વિના ક્યારેય યથાર્થ દેખાતો નથી. ૭.

સત્સંગ તો સૂર્યના સમાન ઉજ્જ્વળ છે. તેથી સત્સંગ સમાન બીજું કાંઈ નથી. જ્યાં સુધી મનુષ્યને સત્સંગ સમાન બીજું પણ કાંઈક લાગે છે, અને જ્યાં સુધી સત્સંગ રુચતો નથી ત્યાં સુધી તે મોહરૂપી અંધારી રાતમાં પડ્યો છે. પછી જ્યારે તેને સત્સંગમાં રુચિ થાય છે ત્યારે તેને સંસારનું ભટકણ છૂટી જાય છે. ૮-૯. **આ જીવને સંસારનું ભટકણ સત્સંગ કર્યા સિવાય કરોડો કલ્પ વીતી જાય તોપણ છૂટે તેમ નથી. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાન તેમજ અન્ય જેટલાં સત્સંગમાં શુભ સાધનો રહ્યાં છે તે સત્સંગનું શરીર છે. વળી તે ધર્મ-જ્ઞાનાદિક સાધનોને જ સત્સંગનાં ખરાં આભૂષણ, વસ્ત્ર તથા સમૃદ્ધિ કહ્યાં છે. અને જે ભગવાનની મૂર્તિ છે તે તો સત્સંગનો આત્મા-પ્રાણ છે.** ૧૦-૧૧.

આ રીતે જ્યારે સત્સંગને જાણે છે, ત્યારે તે પૂરો સત્સંગી કહેવાય છે. જેને જિંદગીભર આ સમજણનો નાશ ન થાય અર્થાત્ ક્યારેય સમજણ ફરે નહિ ત્યારે તેનો ઉદ્ધાર થાય છે. પરંતુ જો આગળ કહી તેવી સમજણ ફરી જાય તો તે વિમુખમાં ગણાય છે. ૧૨-૧૩. સત્સંગના વર્તને કરીને જ મનુષ્ય સત્સંગી કહેવાય છે. જ્યારે માણસનું તે વર્તન ફરી જાય છે ત્યારે તે વિમુખમાં ખપે છે. ૧૪. જ્યાં સુધી જીવ શરીરમાં રહે છે ત્યાં સુધી સહુ લોકો તે શરીરમાં પ્રેમ કરતા રહે છે. ૧૫. એ જ રીતે જેટલા શુભ ગુણો છે તે બધા જીવરૂપ છે. તે શુભ ગુણવાળો માણસ જ્યાં જાય છે ત્યાં ત્યાં તે ગુણ તેનું સન્માન કરાવે છે. ૧૬.

જે લોકો નીતિનો ત્યાગ કરે છે તે બ્રહ્મા જેવા મોટા હોય તોપણ તે અપયશને પામે છે. માટે **નીતિ સમાન બીજું કોઈ ઊંચું વર્તન કહેવાતું નથી.** ૧૭. મનુષ્ય નીતિ રાખીને જેટલું વર્તે છે તેટલો તેનો યશ વધે છે. માટે જેટલો યશ કહેવાય છે તે બધો નીતિમાં રહ્યો છે. ૧૮. તેમજ જેટલો અપયશ છે તે બધો અનીતિમાં રહ્યો છે. તેથી જેને યશનો ખપ હોય છે તે નીતિને ગ્રહણ કરે છે. ૧૯. જેને યશનો ખપ ન હોય તેને જ અનીતિ રુચે છે. જેટલો અપયશ છે તે બધો અનીતિનો જ કહેવાય છે. ૨૦. જીવ નીકળી ગયા પછીનું શરીર જેવું શોભે તેવો અનીતિમાં રુચિવાળો માણસ શોભે છે. ગમે તેવા મોટા અધિકારને પામ્યો હોય તોપણ અનીતિવાળાને કોઈ વખાણતું નથી. ૨૧. મોટા અધિકારને પામ્યા પછી જેટલા લોકો તે નીતિનો ત્યાગ કરી દે, છતાં તે અનીતિવાળા અધિકારીને જે લોકો માને છે તે પણ નીતિ વગરના હોય છે. ૨૨. રુચિ ઉપરથી જે માણસ જેવો હોય તે દેખાઈ આવે છે.

સં.૧૮૮૨ના કાર્તિક સુદિ બીજની તિથિએ દીનદયાળુ પ્રભુ શ્રીહરિ વડતાલમાં મંદિરની પાછળના ભાગમાં સવારના પહોરમાં આવીને બેઠા હતા. તે વખતે અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. જેટલા સંતો તથા હરિભક્તો હતા તે બધા સભા કરીને બેઠા અને અતિ ભાવથી સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં.

✵ પોતાપણું મનાય ત્યારે ભાવના દૃઢ થાય :

તે વખતે શ્રીહરિ બોલ્યા, “વડતાલ તથા અમદાવાદમાં મોટાં મંદિર થયાં છે તે હરિભક્તોની સહાયતાથી જ થયાં છે. ૨૩-૨૬. હરિભક્ત વિના મંદિરના ખર્ચ ક્યારેય કોઈ પૂરા કરશે નહીં. પણ તે ભાવ વિના થતું નથી. ૨૭. જે કોઈ પણ બાબત હોય તે બધી ભાવ વિના ક્યારેય થાતી નથી. ભાવ ક્યારે થાય ? તો, જેટલું પોતાનું મનાય એટલો તેમાં ભાવ થાય છે. ૨૮. ગમે તેવા હોય તોપણ જો પોતાના મનાય તો તેને માટે અપાર ભરણપોષણ આદિ જે કાંઈ કરવાનું થાય તેનો અભાવ આવતો નથી. ઊલટાનો દિવસે દિવસે તેમાં નવો ભાવ રહે છે. તે રીતે જ આ બધા હરિભક્તો સત્સંગને પોતાનો માને છે. ૨૯-૩૦. તેથી અમારે માટે, સંતોને માટે અને મંદિર માટે ગમે તેટલું કરવું પડે, તોપણ આ હરિભક્તોને તલભાર પણ કઠણ મનાતું નથી. પણ જેને સમજણમાં જેટલો ફેર હોય તેને તેટલું કઠણ પડે છે. જેટલી ભગવાનની વાતો છે તે બધી ભાવ વધારનારી છે. માટે હરિભક્તોને તે વાતે કરીને સમજાવવા. ૩૧-૩૨.

✵ કથા-કીર્તનાદિ ભક્તોનું જીવન છે :

चोपाई :

मनुष्य ताके जीवन जीमी, अन्न जलादिक रहेउ तीमी;
हरिजन बाई भाई ताके, कथा कीर्तन बात जो वाके...३३
भगवान संबंधि हि रहाता, परलोक के जीवन कहाता;
हरि के कथा कीर्तन हि बाता, तामें जितना भाव कराता...३४
हरि संत ताकी सेवा तिनमें, करने जितने भाव हि इनमें;
साचे सत्संग रहे तिनके, भाव कहि देवत रहे इनके...३५

જેમ આ લોકમાં અન્ન-જળ મનુષ્યનું જીવન છે તેમ હરિભક્ત બાઈ-ભાઈઓને ભગવાન સંબંધી કથા, કીર્તન અને વાતો એ જ પરલોકનું જીવન કહેવાય છે. જે ભગવાનની કથા, કીર્તન તથા વાતોમાં જેટલો ભાવ કરે છે તથા ભગવાન અને સંતોની સેવા કરવામાં જેને જેટલો ભાવ હોય છે તેટલો તેનો સત્સંગ સાચો છે, એમ તેનો ભાવ કહી દે છે. ૩૩-૩૫. ભગવાનની

કથા, કીર્તન તથા વાતમાં અને ભગવાન તથા સંતોની સેવામાં જો લગાર પણ ભાવ ન હોય તો તેના ભાવ પ્રમાણે તેનો તેવો ઉદ્ધાર થાય છે. ૩૬. જે જે દેશમાં જેટલા હરિભક્તો રહેતા હોય તે સહુને સત્સંગ ઉપર ભાવ વધારવા માટે સંતો ફરતા રહે છે. ૩૭. તે સંતો એવા છે કે, હરિભક્તોની આગળ કથા, કીર્તન તથા વાતો કરીને દિવસે દિવસે તેમનામાં ભગવાન પ્રત્યેનો ભાવ વધારતા રહે છે. ૩૮. **સહુ હરિભક્તોને સંતો ઉપર તેમને ત્યાગી જાણીને વિશ્વાસ રહે છે. માટે જેવો સંતોનો ત્યાગ હોય તેવો હરિભક્તોને ભાવ-વિશ્વાસ રહે છે.** ૩૯. હરિભક્ત સિવાયના બીજા લોકો પણ આપણા સંતોને સારા ત્યાગી જાણીને તેમની વારંવાર પ્રશંસા કરે છે." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોને દેશદેશમાં કથા, વાર્તા, કીર્તન કરવાની ભલામણ કરી" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૬

શ્રીહરિએ અનાજના કોઠાર ભરવા માટે સંતોને સત્સંગમાં જવા કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સંતોને કહ્યું કે, "અનાજ વગરના આ મંદિરમાં સંતો તથા વર્ણીઓ રહે છે. પણ મોટું મંદિર દેખીને કેટલાયે અન્નના ભૂખ્યા લોકો આવતા રહે છે. જો અનાજ ન હોય તો ભૂખ્યાનો સત્કાર ક્યારેય થઈ શકતો નથી. અન્નથી સત્કાર થઈ શકે છે. જે બીજાનો સત્કાર કરે છે તેનો સહુ લોકો સત્કાર કરે છે. ૨-૪.

તેમાં પણ જે અન્નથી સત્કાર કરે છે તેની ત્રિલોકીમાં અપાર કીર્તિ થાય છે. કોઈ વારંવાર કરોડો સાધન કરે તોપણ અન્ન આપનારાના જેવી કીર્તિ થાતી નથી, આવી અન્ન આપવામાં કીર્તિ રહી છે. મંદિર કે જગ્યા બાંધીને જે રહેતા હોય તેની અમે આ બધી વાત કરીએ છીએ. ૫-૬. જે ત્યાગીને

મંદિર કે એવી કોઈ જગ્યા ન હોય અને જેની પાસે અનાજ આદિ વસ્તુ ન હોય એવા ત્યાગીની હું આ વાત કરતો નથી. કેમ જે, તેવા ત્યાગીની પાસે તો કોઈ માંગણ પણ આવતા નથી. ૭. મંદિર તથા જગ્યામાં રહેનારા ચાહે તેવા ત્યાગી હોય તોપણ તેને અજ્ઞાની લોકો ત્યાગી સમજતા નથી. તેથી તેવા અજ્ઞાની લોકો અન્નાર્થીઓને પ્રેરણા આપીને તેમની પાસે મોકલતા રહે છે. ૮. તેથી જો મંદિરમાં અનાજ ન હોય તો તે અભ્યાગતનો સત્કાર થતો નથી અને જો સત્કાર કરવામાં ન આવે તો તે ગમે તેવી બૂમો પાડે છે. આવનારા માંગણને ઝાઝી કાંઈ ગમ હોતી નથી. તેને રોકવામાં આવે તોપણ બૂમો પાડતા રહે છે. ૯. મંદિરમાં અનાજના કોઈ કોઠાર ન ભર્યા હોય તોપણ મંદિરમાં રહેનારાની પાસે અભ્યાગત અન્ન માગે છે. ૧૦. જે અભ્યાગત હોય છે તેને કાંઈ લાંબો વિચાર હોતો નથી. તેને અન્ન મળે કે ન મળે તે તો માગવામાં જ ભલાઈ માને છે. ૧૧.

ખરેખર તો જેણે સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો હોય, કેવળ ભગવાનમાં જ જેને પ્રેમ રહેતો હોય, તે સિવાયના બધી જાતના રાગો જેણે તજી દીધા હોય આવો જે હોય તેને જ અભ્યાગત કહેવાય છે. ૧૨. સાચા અભ્યાગતને કાંઈ મળે કે ન મળે તોપણ લગારેય ક્રોધ કરતા નથી. આવા ત્યાગીને અમે ચોક્કસ અભ્યાગત કહીએ છીએ. ૧૩. વળી જેને ભગવાન સિવાય બીજા કોઈની સહાય ન હોય તેને અમે ગરીબ અભ્યાગત કહીએ છીએ. ૧૪. જે આવીને કડવાં વેણ બોલે તેને અમે ગરીબ અભ્યાગત કહેતા નથી. તેઓ જ્યાં જાય છે ત્યાં તિરસ્કારને જ પામતા રહે છે. ૧૫. જે અભ્યાગત રસભર્યાં અમૃત જેવાં વચન બોલતા હોય તે જ્યાં જ્યાં જાય છે ત્યાં લોકો તેનો સત્કાર કરે છે. ૧૬.

❋ લોભનો પ્રવેશ થાય ત્યારે સત્-અસત્નો વિવેક જાય :

ચોપાઈ :

जन रहाये जितनेउ जेऊ, जाके बचन में अमृत तेऊ;
जिहाँ जावत रहाये तेहू, सतकार पावत रहे एहू...१७
सतकार तिरस्कार बचन तामें, रहाये देखावत हि यामें;
दुजे के दोष देखत जेता, अंतर में रहे तमहि तेता...१८

हरेक कोउ बात कर जाकू, लोभ करत निवास जब ताकू;
सत असत विवेक रहे ताके, बिचार नहीं रहत हे वाके...१९

જે જે લોકોના વચનમાં અમૃત ભર્યું હોય છે તે જ્યાં જાય છે ત્યાં સત્કારને પામતા રહે છે. ૧૭. સત્કાર અને તિરસ્કાર, તે બંને તો વચનમાં જ રહ્યા છે તેવું દેખાય છે. બીજાના જેટલા દોષ જોવામાં આવે છે તેટલો અંતરમાં તમોગુણ રહે છે. ૧૮. હરકોઈ નિમિત્તે જ્યારે માણસમાં લોભ નિવાસ કરે છે ત્યારે તેને સાચા-ખોટાના વિવેકનો વિચાર રહેતો નથી. ૧૯. કારણ કે, લોભમાં એવો ગુણ રહ્યો છે કે તેને લીધે સત્-અસત્ બાબત દેખ્યામાં આવતી નથી. જે માણસ સાચાને પણ જેટલા ખોટા કહે છે તેટલો તેના અંતરમાં તમોગુણ ભર્યો રહે છે. ૨૦.

જ્યારે એક એક ટીપું પડી પડીને વરસાદ થાય છે ત્યારે તે વરસાદથી આ બધી ભૂમિ તૃપ્ત થઈ જાય છે. ૨૧. વળી, જેટલાં તળાવ તથા નદીઓ હોય છે તે બધાં પણ તે બિંદુરૂપ વરસાદના પાણીથી ભરાઈ જાય છે. તે વરસાદનાં બિંદુઓની જેવી રીત કહી તેનો સિદ્ધાંત હવે અમે કહીએ છીએ. ૨૨. આ ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ બહુ મોટા છે. તેમના જેવો કોઈ રાજા પણ કહેવાય નહીં; કેમ જે, આ ભગવાન જ્યારે વરસાદ કરે છે ત્યારે જ લોકો અનાજને ઉપજાવી શકે છે. ૨૩. જ્યારે નીપજમાં અનાજ આવે છે ત્યારે જ બધા રાજાઓ પણ સમૃદ્ધિને પામે છે અને મનુષ્યો પણ સર્વ પ્રકારે સમૃદ્ધિમાન થઈને રહે છે. ૨૪. જેટલા ભલા માણસો છે તે આવું બધું સમજે છે. આવી સમજણ વિના તો કોઈ મોટો રાજા થાય તોયે શું અને કરોડપતિ થાય તોપણ શું ? તેમને મનુષ્યદેહ મળ્યો તોયે શું ફાયદો ? ૨૫. તે લોકો કરોડો કલ્પ સુધી અજ્ઞાનરૂપી ઘોર અંધારામાં અવરાઈને રહે છે. છતાં અજ્ઞાનને લીધે તેને કાંઈ દેખાતું નથી. ૨૬.

કોઈ પુરાણોને ભણે અથવા જેટલાં શાસ્ત્રો હોય છે તે બધાને ભણે, પણ તે લોકોને સત્સંગ થયા વિના અજ્ઞાનનું અંધારું ક્યારેય ટળતું નથી. ૨૭. સત્સંગ વિના બ્રહ્માના લખેલા લેખથી પણ અજ્ઞાનરૂપ અંધારું ટળતું નથી. જે સમજીને અજ્ઞાન ટાળે છે તેનું જ અજ્ઞાન-અંધારું ટળે છે. આ વાત

ક્યારેય મિથ્યા થવાની નથી. ૨૮. પુરાણને ભણેલા પણ પુરાણમાં કહેલી વાતને જ્યાં સુધી ગ્રહણ ન કરે ત્યાં સુધી તે પુરાણીનું અજ્ઞાન ટળતું નથી, અને પુરાણ વાંચનારા પુરાણીની ગમે તેવી મધુર વાણી હોય તોપણ તેનું ગ્રહણ કર્યા વિના તેના વચનમાત્રથી શ્રોતાઓનો ક્યારેય ઉદ્ધાર થાતો નથી. જ્યારે પુરાણોમાં કહેલી વાતને ગ્રહણ કરે છે ત્યારે જ તે શ્રોતા-વક્તાનો ઉદ્ધાર થાય છે. આ વાત ચોક્કસ નિર્ધારિત છે. ૨૯-૩૦.

જેટલાં પુરાણો છે તે બધાં જીવનો મોક્ષ કરવા માટે રચ્યાં છે, તેમાં અનંત વાતો દેખાડેલી છે. ભગવાનના ભજન સિવાયની જેટલી કાંઈ બાબતો છે તેને અસત્ દેખાડે, એવાં પુરાણો, શાસ્ત્રો અને વેદને સત્ય કહ્યાં છે. જે ગ્રંથ ભગવાન તથા ભગવાનના ચરિત્રને સત્ય કહે, તેમજ ભગવાનના ભક્ત, ભગવાનના ધામ અને જ્યાં ભગવાને વિચરણ કર્યું હોય તેવાં સ્થાનોને પણ અલૌકિક દિવ્ય કહે, આવા ગ્રંથ સમાન બીજા કોઈ ગ્રંથ નથી. તેવાં **ગ્રંથોના વચનને જે સત્ય માનીને ધારતા રહે છે તેનો ઉદ્ધાર થતો રહે છે અને આવા ગ્રંથના વચનને જે ધારતા નથી તે સંસારમાં ભટકતા રહે છે.** ૩૧-૩૪.

મંદિરમાં અનાજના કોઠાર ભરવા માટે તમે સંતો ગામે ગામ જઈને સહુને એ રીતે કહો કે, વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મોટું મંદિર થયું છે માટે જેને જેટલી શ્રદ્ધા હોય તેટલું તમે અનાજ આપજો. ૩૫-૩૬. ગામમાં જે મુખી હોય તેની પાસે જઈને તેને કહેવું. વળી જે ખેતી કરનારા ખેડૂત હોય અને બીજો કોઈ ઉદ્યમ-ધંધો કરનારા હોય તેની પાસે જઈને પણ કહેવું. ૩૭. તેથી તેઓ ભગવાન અને દેવ માટે પા શેર, અરધા શેર કે તેથી પણ વધારે આપવાનો શ્રદ્ધા-ભાવ કરશે. ભગવાન અને દેવ સિવાય જેમાં ભગવાનનું નિમિત્ત કે સંબંધ ન હોય એવી બાબતમાં પણ ગૃહસ્થો જ્યાં ત્યાં અનાજ આપતા રહે છે. તેના મનમાં તે બાબતે કોઈ શંકા થતી નથી. પરંતુ જ્યારે ભગવાન નિમિત્તે કાંઈક દેવાનું થાય ત્યારે તેમાં તેનું મન શંકા કરે છે. ૩૮-૪૦.

જેને ભગવાન ઉપર ભાવ થાય છે તેના અંતરમાં ભગવાન વસે છે. જેના મનમાં ભગવાન નિવાસ કરે છે ત્યારે તે ભગવાન નિમિત્તે જેટલું

કાંઈ કરવામાં આવે તેટલું જ સાર્થક થયું એમ માને છે. વળી, જેના ઉરમાં ભગવાન વાસ કરે છે તેને જે જે પદાર્થ ભગવાન વિના બીજે વપરાય તેથી તેના મનમાં સુખ રહેતું નથી. જેનો જેવો ભાવ હોય તે તેના વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૪૧-૪૩. **જેવા અંતર્યામી છે તેવો જ ભાવ છે. કારણ કે, ભાવને લીધે જેનું જેવું અંતર હોય તે દેખાયા વિના રહેતું નથી.** ૪૪. ગામે ગામ જેટલાં બાઈ-ભાઈ હરિભક્તો છે તેનું અંતર જેવું હોય છે તે તેના ભાવમાં દેખાઈ આવે છે. ૪૫. સહુ લોકોના અંતરનો ભાવ જોવા માટે અમે પ્રકરણ ફેરવીએ છીએ. તેમાં જેનું જેવું અંતર હોય છે તે ભાવ ઉપરથી જણાઈ આવે છે. ૪૬. આવું જે પ્રકરણ ફેરવવું તે તો બુદ્ધિનું કામ છે અને પ્રકરણ ફેરવવાથી જેવી બુદ્ધિ હોય છે તે દેખાઈ આવે છે. ૪૭.

※ નિષ્કામપણું સર્વે ધર્મનો પ્રાણ છે :

दोहा : अधिक अधिक बढता जो, तिहाँ लग बढत रहाय;
निष्कामादिक धर्म कु, जिहाँ लग रखहि ताय...४८

सोरठा : निष्काम धर्म हि जेउ, अपार धर्म यह तिनहु के;
जीय रूप रहेउ, जेति बात के मूल रहे...४९
सागर सम हि रहाय, निष्काम धर्म जो जेहि;
गुण अपार जो ताय, तिन करीके शोभित रहे...५०

જ્યાં સુધી નિષ્કામપણું(બ્રહ્મચર્ય) ઈત્યાદિક ધર્મને રાખશો ત્યાં સુધી તમારી મોટપ અધિક અધિક વધતી રહેશે. ૪૮. જે નિષ્કામધર્મ છે તે તો બીજા અપાર ધર્મોના જીવનરૂપ છે અને બીજી જેટલી બાબતો છે તે સર્વનું મૂળ-પોષક પરિબળ નિષ્કામધર્મ છે. ૪૯. નિષ્કામધર્મ તો સાગર સમાન અગાધ છે અને તેમાં અપાર ગુણો રહ્યા છે. તેથી તે ઘણો શોભે છે. ૫૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ અનાજના કોઠાર ભરવા માટે સંતોને સત્સંગમાં જવા કહ્યું" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૭

સંતોએ જોળી માગવાથી કોઠારમાં પુષ્કળ અનાજ આવ્યું અને શ્રીહરિએ અન્ન દેનારાઓને અપાર ફળ આપ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સંતોને જે રીતે કહ્યું હતું તે રીતે સંતોએ કર્યું. લક્ષ્મીનારાયણ દેવના મંદિર ફરતાં જે ગામ હતાં ત્યાં સહુ પ્રેમથી ગયા. ૨. જે જે ગામમાં ગામના જે કોઈ મુખી હતા તેઓ શ્રીહરિના સંતોને દેખીને મનમાં ખુશ થયા. ૩. મુખીએ ગામના લોકોને બોલાવીને કહ્યું કે, “આ જે સંતો આવ્યા છે તેઓ પહેલાં ક્યારેય અનાજ માગવા આવ્યા નથી. માટે અત્યારે ભગવાન તમને જેટલું અનાજ અપાવે તેટલું બાજરી, ડાંગર, જુવાર, કોદરી, બાવટો ઈત્યાદિક જેને જેવો ભાવ હોય તે પ્રમાણે ભાવથી અનાજ આપજો. આ સંતો અને બીજા સંતોમાં રાત-દિવસ જેટલો ફરક છે. ૪-૬. **આ સંતો ધન અને સ્ત્રીનો ત્યાગ રાખે છે. તેમને ભગવાન સિવાય બીજે ક્યાંય આસક્તિ નથી. તેમણે બધાં વ્યસન અને કેફનો મળની જેમ ત્યાગ કર્યો છે.** ૭. **આ સંતો ભગવાન સિવાયની બીજી બધી બાબતોને સંસારમાં ભટકાવનારી માને છે. એટલે કે ભગવાનને જેવી ગમે તેવી આ સંતોની અલૌકિક રીત છે.** ૮.

શાસ્ત્રમાં તે વાતો લખી છે. શાસ્ત્રમાં લખ્યા સિવાયની એક પણ વાત રાખી નથી. ભગવાનને શું ગમે છે ? શું નથી ગમતું ? તે બાબત શાસ્ત્રમાં લખી હોય છે. **ભગવાનને નીતિ અપાર ગમે છે અને જેટલી અનીતિ કહેવાય છે તે ભગવાનને કોઈ દિવસ રુચતી નથી.** ૯-૧૦. ભગવાનની ગમતી જે આ રીત છે તે કરોડો કલ્પે પણ ક્યારેય ફરતી નથી. જેટલું સુખ છે તે બધું નીતિમાં રહ્યું છે. ૧૧. અને જેટલું દુઃખ કહેવાય છે તે બધું અનીતિમાં રહ્યું છે. આ સંતો આવી રીતે દઢતાથી નિરંતર સમજે છે. ૧૨.

આ સંતો સિવાયના બીજા ત્યાગીઓ, આ સંતોને સેવનારા હરિભક્તો સિવાયના બીજા પંડિતો તથા અન્ય લોકો આ ત્રણેય નીતિમાં સમજે તો છે,

પરંતુ સમજવા છતાં પણ એ ત્રણેય નીતિમાં વર્તતા નથી. નીતિના મતને અનુસારે જ્યાં સુધી વર્તતા નથી ત્યાં સુધી તેમાં અપાર ફરક રહે છે. ૧૩-૧૪. જે સંત થયા હોવા છતાં સંતની રીતમાં વર્તતા નથી તેઓ તો માત્ર પેટ ભરવા માટે ધૂણાની રાખ રાખે-ચોળે છે અને ભગવાં વસ્ત્ર રાખે છે, પણ તેનાથી શું ? ૧૫. પેટ ભરવાને માટે થઈને અનંત પ્રકારના અગણિત વેશ રાખે છે અને આવા સાચા સંતોનો દ્વેષ કરે છે. ૧૬. જે પંડિત તથા આચાર્ય થઈને સાચા સંતો અને સત્સંગનો દ્વેષ કરે છે તે બધામાં મોટાઈ રહેતી નથી. ૧૭. આ સાચા સંતો અને સત્સંગનો સત્કાર કરનારા જે ભેખધારીઓ, પંડિતો અને આચાર્યો છે તે સાચા છે. ૧૮. જે સત્ય છે તે સત્યનો સત્કાર કરતા રહે છે અને જેને અધર્મ રુચે છે તે લોકો ક્યારેય સત્યનો સત્કાર કરતા નથી." ૧૯.

ગામના મુખીએ જ્યારે આવી વાત કરી ત્યારે જેને નીતિ તથા ધર્મ સારાં લાગતાં હતાં તે બધાએ એક એક ઘરથી એક એક મણ અનાજ ભાવથી સંતોને આપ્યું. ૨૦. પણ જેને ધર્મ ઉપર રુચિ ન હતી તેવા લોકોએ તો જેવો ભાવ હતો તે પ્રમાણે આપ્યું. જેટલા ભાવિક હરિભક્તો હતા તેમણે તો પોત પોતાના ગામથી પાંચ, દસ, પંદર, વીશ, પચીશ અને ત્રીશ મણ સુધીનું કેટલુંય અનાજ આપ્યું. વળી, તેને પોતાના ગાડામાં ભરીને શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં પહોંચાડી પણ દીધું. ત્યારે તેને જોઈને શ્રીહરિ તેના ઉપર બહુ જ રાજી થયા. જેણે જેણે મંદિરમાં અનાજ આપ્યું હતું, તેનાં નામ લખાવીને લાવ્યા હતા. કેમ જે, શ્રીહરિની પાસે તે સર્વેનાં નામ યાદ કરી શકાય તે માટે ફરવા ગયેલા સંતો તેમનાં નામ લખી લાવ્યા હતા. ૨૧-૨૩. જે જે નામ લખ્યાં હતાં તેને શ્રીહરિએ ભાવથી વાંચ્યાં. પછી જેનાં નામ લખ્યાં હતાં, તેમના અનાજમાંથી એક એક કણ લઈને પોતાના મુખમાં મૂક્યો અને જમ્યા. ૨૪.

❋ શ્રીહરિ-સંત જમાડવાથી અપાર ફળ થાય છે :

दोहा : श्रीहरि मुख जेंवत भये, कण कण प्रति हि जेह;
एक एक जज्ञ के यह, फल देत भये तेह...२५

निष्कामी संत जितनेउ, वर्णि एसी रहे रीत;
जेंवत नित्य अन्न जिनके, हरि कु धरि कर प्रीत...२६

सोरठा : संत जेंवत जेते, वर्णि जेंवत जेते जेहि;
ग्रास ग्रास तेते, जज्ञ के फल होत नित्य...२७

हरि के होउ रहेउ, हरि के अर्थ में आत जेउ;
जेंवत हे अन्न तेउ, श्रीहरि निमित्त होत यह...२८

चोपाई :

इमि समझत रहे जन हि जितने, पके ज्ञानि कहावत तितने;
एसी समझ में फरक रहाते, तितना ज्ञान में कसर कहाते...२९

समझ में कसर रखत जितना, भाव में देख परत हि तितना;
वचन नैन श्रोत्र जो तामें, सेवा करत रहाये यामें...३०

પછી શ્રીહરિએ એક એક કણે એક એક યજ્ઞનું ફળ અનાજનું દાન કરનારાઓને આપ્યું. ૨૫. તે રીતે જે નિષ્કામી સંતો અને નિષ્કામી વર્ણી નિત્ય જેના અન્નને ભગવાનને હૃદયમાં ધારીને પ્રેમથી જમતા હતા, તેના એક એક કોળિયે એક એક યજ્ઞનું ફળ અનાજ આપનારાને રોજ થાતું હતું. ૨૬-૨૭. જે ભગવાનના જ થઈને રહેતા હોય અને ભગવાનના ઉપયોગમાં આવતા હોય એવા સંતો જે અન્ન જમે છે તે ભગવાનના જ ઉપયોગમાં આવે છે. એવી રીતે જે લોકો સમજે છે તે પાકા જ્ઞાની કહેવાય છે. જેને આવી સમજણમાં ફરક રહે છે તેના જ્ઞાનમાં કસર કહેવાય છે. ૨૮-૨૯. સમજણમાં જે જેટલી કસર રાખે છે તે ભાવમાં દેખાઈ આવે છે. વચનમાં, આંખમાં, શ્રોત્રમાં અને સેવા કરવામાં ભાવ દેખાઈ આવે છે. ૩૦. જેનો જેવો ભાવ હોય છે તે ક્યારેય છુપાવ્યો છુપાતો નથી અને જેવો ભાવ હોય છે તેવું તેને ફળ મળે છે, આ વાતમાં કાંઈ ખોટું નથી. ૩૧. આવી વાતને જે ખોટી જાણે છે તે મનુષ્યો સંસારમાં ભટકતા રહે છે. જીવને સંસારમાં ભટકાવનારા આવા જે જે કારણો છે તેને અમે જોઈ-વિચારીને કરોડો વાર બતાવી દીધાં છે. ૩૨. જેનું જેવું કારણ હોય તે યથાર્થ બતાવવું ઘણું કઠણ છે. જે જે વાતનું જે કારણ હોય એ જ્યારે પ્રત્યક્ષ દેખાઈ આવે છે ત્યારે

તે વાત રસ ભરેલી લાગે છે. તેથી જ તેને સાંભળ સાંભળ કરવા છતાં તૃપ્તિ થાતી નથી.

❋ શ્રીહરિની વાતમાં ચિત્ત લાગે તેની વાસના ભાગે :

જેને પ્રગટ શ્રીહરિની વાતમાં જેટલું ચિત્ત ચોંટતું નથી તેને તેમાં તેટલો રસ આવતો નથી. તે તેનું ચિત્ત જ કહી દે છે. ભગવાનની વાતમાં ચિત્ત ચોંટાડવામાં જે જેટલી કસર રાખે છે તેટલો તે ભગવાનથી દૂર નિવાસ કરતો રહે છે. **જેનું ચિત્ત ભગવાનની વાતમાં જેટલું દૃઢપણે ચોંટે છે તેટલું તેનું ભવભટકણ છૂટી જાય છે. પછી તેને ભગવાનની વાત સિવાય બીજામાં રસ આવતો નથી. છેવટે તેનો ભગવાનની સમીપમાં જ અવિચળ નિવાસ થાય છે.** ૩૩-૩૭. **ભગવાનની વાત સિવાય બીજી વાતમાં જેનું જેટલું ચિત્ત ચોંટે છે તેટલાં તેની વાસનાનાં મૂળ સંસારમાં ઊંડાં ચોંટીને રહ્યાં છે.** ૩૮. શ્રીહરિની વાતમાં જેટલું ચિત્ત ચોંટે છે તેટલાં તેનાં મૂળ ભગવાનમાં દૃઢ ચોંટીને રહ્યાં છે. ૩૯. 'શ્રીલક્ષ્મીનારાયણ દેવની જોળી તો કામધેનુ છે' આમ શ્રીહરિએ કહ્યું. ૪૦. કામધેનુ આગળ જેટલી વસ્તુની ઈચ્છા કરવામાં આવે તે મળે છે અને તે વસ્તુ નદીમાં કરેલ વીરડાની જેમ ક્યારેય ખૂટતી નથી. ૪૧. તળાવ કે મોટા ટાંકામાં ગમે તેટલું પાણી રહ્યું હોય પણ તે ખૂટી જાય છે. કારણ કે, તેમાં પાણી આવવાની સેર હોતી નથી. ૪૨. જેમાં પાણીની સેર આવતી હોય તે ભલે દેખાતી ન હોય પણ તેને લીધે ત્યાં પાણી ખૂટતું નથી; તે રીતે જ જ્યાં ભગવાન રહેતા હોય ત્યાં કોઈ વસ્તુ-પદાર્થ ખૂટતાં નથી. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સંતોએ જોળી માગવાથી કોઠારમાં પુષ્કળ અનાજ આવ્યું અને શ્રીહરિએ અન્ન દેનારાઓને અપાર ફળ આપ્યું" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૮

શ્રીહરિએ વડતાલમાં પ્રબોધની તથા રામનવમીના બે સમૈયા નક્કી કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં ચોતરા ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા તેના ઉપર બેઠા. ૨. અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેની અદ્‌ભુત શોભા કહી શકાતી નથી. તે સમયે જેટલા સંતો તથા હરિભક્તો હતા તે સહુની ત્યાં સભા થઈ. ૩. પછી શ્રીહરિ સંતો તથા હરિભક્તો પ્રત્યે બોલ્યા કે, “આ વડતાલધામ જેવું બીજું કોઈ ધામ નથી. ૪. બીજાં જેટલાં ધામ છે ત્યાં હજારો હરિભક્તો આવે ત્યારે ઉતારા માટેનું ઘણું દુઃખ રહે છે. તેમજ સ્નાન માટેનું પણ દુઃખ કહ્યું જાતું નથી અને બજારમાં આવતા-જતા પણ કહી ન શકાય તેટલું દુઃખ રહે છે. એવાં ધામ જ્યાં છે ત્યાં ધાર્યા પ્રમાણેનો સમૈયો ક્યારેય થાતો નથી. તેવા સ્થાનમાં હરિભક્તો ઘણા દુઃખી થાય છે. હરિભક્તોને અપાર સુખ આપવા માટે તો અમે નિર્ધારિત રૂપમાં સમૈયા કરીએ છીએ. ૫-૭.

હરિભક્તોને વડતાલમાં તો અપાર સુખ આવે છે. ઉતારા કરવાનું કોઈ દુઃખ રહેતું નથી. સ્નાન કરવા માટે ગોમતીનું પણ સુખ છે. જ્યારે વડતાલમાં સમૈયો થાય છે ત્યારે નડિયાદ ગામના વેપારીઓ જાત જાતની દુકાનો કરે છે. તેથી જેને જે જોઈએ તે મળી રહે છે. ૮-૯. નડિયાદ ગામના ફોજદાર જ્યારે વડતાલમાં સમૈયો હોય ત્યારે મંદિરની સંભાળ રાખવા માટે પોતાના પોલીસને મોકલે છે, અને તે પોલીસ બધા સંઘની સંભાળ રાખે છે. માટે વડતાલમાં દર વર્ષે બે મોટા સમૈયા કરવા. ૧૦-૧૧. તેથી આજ દિવસથી અમે તે બે સમૈયા બાંધીએ છીએ; તો તેના ઉપર સહુએ આવવું.

પ્રબોધની એકાદશીનો સમૈયો તો અમે અત્યારે કરીએ છીએ. ૧૨. પ્રબોધની એકાદશીને દેવદિવાળી કહેવાય છે અને તે ધર્મદેવનો જન્મદિવસ

છે. માટે તેનો ઉત્સવ કરવાનો હોય છે. ૧૩. અને તે પછીની પૂનમને દિવસ ભક્તિમાતાનો જન્મ થયો હતો એટલે તે દિવસે તેનો ઉત્સવ કરવાનો રહે છે. ૧૪. રામનવમીને દિવસ પ્રભુ રામચંદ્રજીનો જન્મ થયો હતો અને તે દિવસે અમારો પણ જન્મ થયો હતો. ૧૫. હવે પછી દિવાળી તથા હુતાશનીનો ઉત્સવ મુખ્ય રહેશે નહીં. તેનો ઉત્સવ તો જ્યાં જોગ આવશે ત્યાં કરશું." ૧૬.

પછી મંદિરથી પૂર્વ દિશામાં દસ દિવસની અંદર જ શ્રીહરિને રહેવા માટે ઘણો સુંદર એક બંગલો (હરિમંડપ) તૈયાર કરાવ્યો. ૧૭. શ્રીહરિ તે બંગલામાં આવીને રહ્યા અને શાસ્ત્ર સાંભળવાનો અભ્યાસ રાખ્યો. સવારથી લઈને રાજભોગ સુધી રોજ ઘણા ભાવથી કથા સાંભળતા. ૧૮. નિત્યાનંદ સ્વામી ત્યાં રોજ કથા વાંચતા હતા. જ્યારે શ્રીહરિ કથા કરાવતા ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને શ્રીહરિ અચૂક બોલાવતા. ક્યારેય તેમને ભૂલતા નહીં. ૧૯-૨૦. બીજા જેટલા સંતો-હરિભક્તો હતા તે સવારે તથા સાંજે ઘણા ભાવથી પાંચ પાંચ વાર ઈંટો લાવતા હતા. ૨૧. તે બધી ઈંટો મંદિરના ઉપયોગમાં આવતી હતી. તે વખતે ચિંતવ્યા કામ તરત થઈ જતા હતા.

મુનિવર નિત્યાનંદ સ્વામીની કથા સાંભળીને મુક્તાનંદ સ્વામી રોજ તેમનાં વખાણ કરતા. અને શ્રીહરિને એમ કહેતા કે, **"આવી કથા બીજા કોઈને આવડે નહીં. નિત્યાનંદ સ્વામીને વ્યાસ મુનિનો જેવો અભિપ્રાય છે તેવો કહેતા આવડે છે.** ૨૨-૨૩. અમે બધા કથા કરીએ છીએ પણ આવી ઝીણવટભરી વાત જાણતા નથી. ઝીણવટ વિના કથામાં રસ આવે નહીં. આટલી ઝીણવટથી શાસ્ત્રનું રહસ્ય કોઈ જાણતું નથી. ૨૪. ભગવાનના અપાર અવતારો થયા છે, પણ કોઈએ આપના સમાન વાત કરી નથી. બધી વાત શાસ્ત્રમાં રહી છે, તેના ઉપરથી આ બધું દેખાઈ આવે છે. ૨૫. પૂર્વના કોઈ અવતારે માંસ, મદિરા, ચોરી અને પરસ્ત્રીનો સંગ, એ આદિકનો ત્યાગ કરાવ્યો નથી. તે સ્પષ્ટ દેખાઈ આવે છે. ૨૬. જ્યારે આ જગતની રચના થઈ ત્યારે જે માણસ અધર્મને માર્ગે ચાલે તેને દંડ દેવાને માટે જમપુરીની રચના કરી છે. છતાં પણ અધર્મી લોકો અધર્મ જ કરતા રહે છે." ૨૭.

✵ યથા આચરણ તથા ફળ :

ત્યારે શ્રીહરિ બોલ્યા, "જે અધર્મનું આચરણ કરે છે તેને માટે તો જન્મ-મરણ રચ્યાં છે તથા લખચોરાશીનાં દુઃખ પણ કર્યાં છે. ૨૮. મનુષ્ય જેવું અધર્માચરણ કરે છે તેવાં ફળને તે પામે છે. ભગવાન સમાન બીજો કોઈ દયાળુ નથી. જે મનુષ્ય જેવાં કર્મ કરે છે તેને તેવું ફળ આપે છે. પણ ભગવાનને કોઈના ઉપર કોપ થાતો નથી. મનુષ્ય જ્યારે દુઃખની પૂરી તપાસ કરે છે ત્યારે તેને આવેલાં દુઃખનો ખુલાસો થાય છે. ૨૯-૩૦. **મનુષ્ય જ્યાં સુધી દુઃખમાં પણ સુખ માનતો રહે છે, ત્યાં સુધી એ મનુષ્ય જેવું માગે છે તેવું તેને ભગવાન આપે છે.** ૩૧. કેમ જે, **ભગવાન તો કલ્પવૃક્ષ જેવા છે. મનુષ્ય જેવી ઈચ્છા કરે છે તેને તેવું આપે છે,** છતાં પણ જે અખતર ડાહ્યા છે તે ભગવાનમાં દોષ દેખાડે છે. ૩૨. જેટલાં સચ્છાસ્ત્રો છે તે અમૃત જેવાં છે. તે બધાં ભગવાનને વારંવાર નિત્ય નિર્દોષ કહે છે. પરંતુ જે અખતર ડાહ્યા છે તે ભગવાનને દોષ લગાડે છે. એવા ભગવાનમાં દોષ દેખાડનારા ગમે તેવા ભણેલા હોય, તોપણ તેનો ક્યારેય ઉદ્ધાર થતો નથી. ૩૩-૩૪.

ચોપાઈ :

निरदोष भगवान यह ताकू, जेते जानत कहत हि वाकू;
ताके होवत रहे उद्धारा, तामें न रहे झुठ हि लगारा...३५
सत्संग के जेते सतकारा, मन कर्म कर हि जेहि उचारा;
सत्संग पर प्रीत रखहि जेते, सत्संग सम न जानहि तेते;
ताके सब के होवहि उद्धारे, चोराशि से होवहि निकारे...३६

જે લોકો ભગવાનને નિર્દોષ જાણે છે તેનો ઉદ્ધાર થાય છે, તેમાં લગાર પણ મિથ્યા નથી. ૩૫. જે લોકો મન, કર્મ, વચને કરીને સત્સંગનો સત્કાર કરશે, સત્સંગ ઉપર પ્રેમ રાખશે અને સત્સંગને સહુથી શ્રેષ્ઠ જાણી તેના સમાન બીજું કાંઈ નહિ માને; તે બધાનો ઉદ્ધાર થશે, અને તેમની લખચોરાશીનો પણ નિકાલ થઈ જશે. ૩૬. જે લોકો સત્સંગ ઉપર જ્યાં સુધી દ્વેષ રાખશે ત્યાં સુધી તે દ્વેષ રાખનાર ગમે તેવા મોટા હશે, તોપણ તેને જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ કરોડો કલ્પ સુધી ભોગવવું

પડશે. ૩૭-૩૮. **જે સત્સંગનો જ્યાં સુધી સત્કાર કરે છે ત્યાં સુધી તેની અપાર કીર્તિ દિવસે દિવસે વધતી રહે છે. માટે જેને અપાર કીર્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેણે સત્સંગનો સત્કાર કરતા રહેવું જોઈએ."** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલમાં પ્રબોધની તથા રામનવમીના બે સમૈયા નક્કી કર્યા" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૬૯

સત્સંગમાં સ્ત્રી-પુરુષોનાં મંદિર અલગ કરવાનો હેતુ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નિત્યાનંદ સ્વામી જે જે ગ્રંથની કથા વાંચતા હોય કે કીર્તન ગાતા હોય કે જે જે વાત કરતા હોય તેમાં, ઉદ્ધવજી ભગવાનના મહિમાને જેવા યથાર્થ ભાવથી સમજતા હતા, તેના કરતાં પણ અતિ અપાર ભગવાન તથા સત્સંગના મહિમાને નિત્યાનંદ સ્વામી જાણતા હતા. આ બાબત તેઓ જે વાત કરતા તેમાં પ્રગટ દેખાઈ આવતી હતી. કારણ કે, જેના અંતરનો જેવો ભાવ હોય તે વાત કરવામાં દેખાઈ આવે છે. ૨-૫. શ્રીહરિ જ્યારે જેટલા દિવસ નિત્યાનંદ સ્વામીની પાસે કથા વંચાવતા, ત્યારે તેટલા દિવસ રાજી થઈને બંને વખત પોતે થાળ જમીને તેમને પ્રસાદી આપતા હતા. તેમજ શ્રીહરિ ઘણા આદરથી પ્રસાદીનાં વસ્ત્ર પણ વરસો વરસ દેતા હતા. ૬-૭. આ ભૂમિ ઉપરના જેટલી જાતના મેવાઓ છે તે શ્રીહરિની પાસે આવતા, અને જગતમાં જેટલી જાતની મીઠાઈઓ છે તે શ્રીહરિની પાસે અપરંપાર આવતી. તે મેવા-મીઠાઈને જમીને શ્રીહરિ નિત્યાનંદ સ્વામીને પ્રસાદીના રૂપમાં વારંવાર આપતા હતા.

❋ નિત્યાનંદ સ્વામીના સદ્‌ગુણો :

સાચી સમજણ અને મહિમા તે બે ગુણ નિત્યાનંદ સ્વામીમાં મોટા હતા. બીજા ગુણ પણ અપાર હતા. ૮-૯. જેને અલ્પ બુદ્ધિ હતી તેઓને

નિત્યાનંદ સ્વામી મહા માની દેખાતા. કેમ જે, સ્વામીના દેહની રીત એવી હતી, પણ તેમનું હૃદય તો માખણ જેવું કોમળ હતું. ૧૦. જેનો ખરો-પાકો સત્સંગ હોય તેની સાથે જ સ્વામી પોતાનું અંતર મેળવતા(દિલનું હેત કરતા). પરંતુ જેનો સત્સંગ ઉપલક દેખતા તેની સાથે તેમનું અંતર મળતું નહીં. ૧૧. જેનો ઉપરછલ્લો સત્સંગ હોય તે સત્સંગનો પક્ષ રાખતા નથી, અને તેવા લોકો સત્સંગના દ્રોહીના પણ ઘણાં વખાણ કરતા હોય છે. ૧૨. **જેનો જેવો સત્સંગ હોય છે તે તેની વાતમાં દેખાઈ આવે છે. જેને જેટલો સત્સંગનો પક્ષ હોય તે કામ પડે ત્યારે જણાઈ આવે છે.** ૧૩. **જે હરિભક્ત હોવા છતાં બીજા કોઈ હરિભક્તનાં દુઃખને દેખીને મનમાં જેટલાં દુઃખ અનુભવતા ન હોય તો તે તેટલા પૂરા હરિભક્ત નથી.** ૧૪.

જે પોતે હરિભક્ત હોવા છતાં બીજા હરિભક્તનું મનમાં ભૂંડું ઈચ્છે તેટલો તેમાં કુસંગ રહ્યો છે. ૧૫. જે હરિભક્ત જેવો હોય તે હેત અને કુહેતમાં દેખાઈ આવે છે, તે છાનું રહેતું નથી. કારણ કે, આ સત્સંગ તો સૂર્યરૂપ છે. ૧૬. સત્સંગની વાત તો શુદ્ધ પાણી જેવી છે. જીવમાં કુસંગરૂપ મેલ ઘણો રહ્યો છે. સંતો તે મેલને સત્સંગની વાતે કરીને વારંવાર રાત-દિવસ ધોયા કરે છે. ૧૭. જેટલો કુસંગનો પાશ લાગે છે તેને સંતો વાત કરીને દેખાડી દે છે. પરંતુ જે જીવ સંતોનો ગુણ ગ્રહણ કરે છે તેને કુસંગનો પાશ ટળી જાય છે. ૧૮. હરિભક્તમાં જેટલો કુસંગ પ્રવેશ કરે છે તે સંતોને દેખાઈ આવે છે. સત્સંગની રીત કરતાં જે હરિભક્તો અધિકપણે કે ન્યૂનપણે વર્તતા હોય તે પણ સંતોને દેખ્યામાં આવે છે. પરંતુ જ્યારે સંતો તેની આગળ વાત કરે છે ત્યારે તેને તે વાત મનાતી નથી. ૧૯-૨૦.

✻ સંતની વાત માને તે ભક્ત સાચા :

ચોપાઈ :

संत की बात मानत हि जितने, हरिजन तेहि रहाये तितने;
संत की बात मानत हि नाहीं, हरिजन तेहि नहीं रहाही...२१
जिहाँ लग हरिजन संत ताकी, बात मानत तिहाँ लग वाकी;
हरिजन तेहि रहाये साचे, बात न मानत रहे यह काचे...२२

જેટલા સંતોની વાતને માને છે તેટલા જ હરિભક્ત છે. જે સંતોની વાતને નથી માનતા તે હરિભક્ત જ નથી. ૨૧. જ્યાં સુધી હરિભક્ત સંતોની વાતને માને છે ત્યાં સુધી તે હરિભક્ત સાચો ગણાય છે, અને જે નથી માનતા તે હરિભક્ત કાચા છે. ૨૨. આ રીતે કહ્યું તેવી સાચા અને કાચા હરિભક્તની રીત છે. જ્યારે જેનામાં મોહ પ્રવેશ કરે છે ત્યારે તે મોહ તેને કોઈને કોઈ વાતનું બહાનું કાઢીને સંતની વાત માનવા દેતો નથી. ૨૩.

साचे संत की बात जितनी, मनावत न रहायेउ तितनी;
तितना तेहि हरिजन हि तामें, कुसंग के भाग रहे यामें...२४

दोहा : हरिजन हरिजन तिन महीं, कुसंप जितना जेह;
जिहाँ जिहाँ वरतत रहे, तितना कुसंग तेह...२५
हरिजन हरिजन महीं जो, संप जितना हि जेउ;
तितना रहे सत्संग हि, निश्चय कर यह तेउ...२६

જેને સાચા સંતની વાત જેટલી મનાય નહિ તેટલો તે હરિભક્તમાં કુસંગનો ભાગ રહ્યો છે તેમ જાણવું. ૨૪. હરિભક્તોમાં પરસ્પર જેટલો કુસંપ રહે છે તેટલો તેમાં કુસંગ છે. ૨૫. હરિભક્તોમાં પરસ્પર જેટલો સંપ રહે છે તેટલો તેમાં સત્સંગ છે, તેમ નિશ્ચિત જાણવું. ૨૬. ગામેગામમાં સંતોને રહેવા માટે જે મંદિર કર્યાં છે તેનું કારણ પણ કુસંપ-કુસંગ ટાળીને સંપ-સત્સંગ કરાવવો તે જ છે. ૨૭. પુરુષ હરિભક્તો સાંજ-સવાર મંદિરમાં આવે છે અને ત્યાં બેસીને કીર્તન તથા કથાવાર્તા કરે છે. ૨૮. અને જે હરિભક્ત બાઈઓ હોય છે, તેમને સાંજ-સવાર કથા-કીર્તનાદિ કરવા માટે સંતોના મંદિરથી બાઈઓનાં મંદિર અલગ રાખ્યાં છે કે, જેમાં પુરુષોનો પ્રવેશ નથી હોતો. (ત્યાં બેસીને કથા-કીર્તનાદિ કરવાં.) પરંતુ જે નરનારીમાં જેટલો કુસંગ રહ્યો હોય તેટલાં તે સવાર-સાંજ મંદિરમાં જાય ત્યાં પણ ભેગાં રહે છે. માટે જે ખરા સત્સંગી સ્ત્રી-પુરુષ છે તે તો સવાર-સાંજ પોત-પોતાના મંદિરમાં જુદા બેસી ભાવથી ખૂબ કથા-કીર્તનાદિ કરે છે. ૨૯-૩૧.

સાચા હરિભક્તોના હૃદયમાં શ્રીહરિને રાજી કરવાનો જ ભાવ રહે છે. તેઓ ભગવાન સિવાયની બીજી જે જે બાબત કહેવાય છે તે બધી વાતોના મૂળનો નાશ કરતા રહે છે. આવો અભ્યાસ જીવનભર રાખીને ભગવાનમાં જીવને ચોંટાડે છે. કારણ કે, તે હરિભક્તો ભગવાન સિવાયનું જે કાંઈ કહેવાય છે તે સર્વને સંસારનું બંધન માને છે. હરિભક્ત બની જવાથી કાંઈ સાચા હરિભક્ત થઈ જવાતું નથી. સમજણે કરીને હરિભક્ત થવાય છે. **આ બ્રહ્માંડનાં જેટલાં સુખ છે તે ચાહે તેટલાં સારાં દેખાતાં હોય, તોપણ તે સર્વને જે સંસારમાં ભટકાવનાર બંધનરૂપ માને છે તે જ સાચા હરિભક્ત છે.** ૩૨-૩૫. **વળી, એવા જે સાચા હરિભક્ત છે તે ભગવાનમાં જ સુખ માને છે અને ભગવાન સિવાયની બીજી બાબતમાં દુઃખ માને છે. પોતાનો દેહ તથા દેહના સંબંધીમાં ક્યારેય સુખ માનતા નથી.** ૩૬.

જે પાકા હરિભક્ત છે તેની સમજણ અહીંયાં કહી દીધી છે. પ્રહ્લાદજી તથા પ્રિયવ્રત જેવા નિપુણ ભક્ત પણ આ કહ્યા તેવા જ હતા. ૩૭. એવા તો ઘણા રાજાઓ ભક્ત થઈ ગયા છે, જેનો ગણે પાર આવતો નથી. તે બધાએ ભગવાન સિવાય બીજી વસ્તુને લગાર પણ પ્રિય રાખી ન હતી. ૩૮. જેટલા પાકા હરિભક્ત થયા છે તેની સમજણની સીમા આ યથાર્થરૂપમાં કહી છે. જ્યાં સુધી તેવી સમજણ ન આવે અને ભગવાન સિવાય બીજું પ્રિય રહે, ત્યાં સુધી તેના માથે વિઘ્ન છે. પરંતુ આવી સમજણની વાતોનું મનન કર્યા વિના તે એક પણ વાત ક્યારેય સહાય કરતી નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સત્સંગમાં સ્ત્રી-પુરુષોનાં મંદિર અલગ કરવાનો હેતુ કહ્યો" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૦

શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને વડતાલની સેવા સોંપી અને બ્રહ્માનંદ સ્વામીને પોતાની સાથે લઈને ગઢપુર જવા નીકળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અમદાવાદમાં નરનારાયણ દેવના મંદિરની સેવા કરવા માટે આનંદાનંદ સ્વામી રહેતા હતા. ૨. શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને ત્યાંથી બોલાવીને કહ્યું, "અમે કહીએ છીએ કે તમે આ વડતાલના મંદિરની સેવા કરજો. જે કાંઈ બાબત હોય તે અમને પૂછીને અમારી રજા લઈને કરજો. ૩-૪. બ્રહ્માનંદ સ્વામીને હવે અમે ગઢપુર લઈ જઈએ છીએ. જે દિવસથી બ્રહ્માનંદ સ્વામી આ મંદિરની સેવા કરવાને માટે રહ્યા છે તે દિવસથી કીર્તન રચવાનું બંધ થઈ ગયું છે. મંદિર કરવા કરતાં પણ ભગવાનની મૂર્તિનાં નવાં કીર્તનો કરવાં તે અધિક છે. કેમ જે, કીર્તનોમાં ભગવાનનાં ચરિત્રો કહ્યાં હોય છે તથા મૂર્તિની જેવી શોભા રહી હોય તેનું વર્ણન કીર્તનમાં કહ્યું હોય છે. તેમજ કીર્તનમાં પ્રગટ ભગવાનની મૂર્તિ જેવી છે તેવું તેનું નખશિખ વર્ણન કર્યું હોય છે, તેનો કહેતા પાર આવતો નથી. જેવી આ પ્રગટ ભગવાનની મૂર્તિ છે તેવી ને તેવી મૂર્તિ પોતાના હૃદયમાં અતિ દૃઢપણે જેને ચોંટી જાય છે, તેને કાંઈ કરવાનું બાકી રહેતું નથી. **ભૂમિ પર આવીને પ્રગટ ભગવાને જે વાતો-ચરિત્રો કર્યાં હોય તેનો જ્યારે ગ્રંથ થાય છે, ત્યારે તે બધી વાત કાયમ પ્રગટ રહે છે. તીર્થો તથા મંદિરનો જેવો મહિમા છે તેવો યથાર્થરૂપમાં ગ્રંથો દ્વારા જણાય આવે છે. વળી, જેટલા નિર્બાધ ગ્રંથો છે તે કીર્તનો તથા વાતોનું મૂળ છે.** ૫-૧૧.

જે ગ્રંથમાં જેટલો બાધ હોય તે ગ્રંથ તેટલા રૂપમાં પ્રમાણ થતો નથી. જેમાં બાધ રહ્યો હોય એવાં કીર્તન, વાત અને પ્રબંધ પણ પ્રમાણરૂપ થતાં નથી. જે નિર્બાધ હોય છે તે જ સર્વ લોકમાં પ્રમાણ થાય છે." આવી વાત કરીને શ્રીહરિએ વડતાલ મંદિરની સેવા કરવા માટે આનંદાનંદ સ્વામીને પ્રેમથી રાખ્યા. ૧૨-૧૪. શ્રીહરિ પછી વડતાલથી અશ્વ ઉપર બેસીને ચાલ્યા. અંગ

ઉપર સુશોભિત સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૧૫. સાંજને સમયે ચાલ્યા તે **પીપળાવ** ગામ જઈને તળાવને પૂર્વ કાંઠે રાત રહ્યા. ૧૬. ગામના જેટલા પાટીદાર હરિભક્તો હતા તેમજ હરિભક્ત વિપ્ર હતા તે સહુએ શ્રીહરિની સેવા કરી. પીપળાવ ગામના હરિભક્તોએ ઘણી વખત શ્રીહરિની સેવા કરીને અપાર લાભ લીધો હતો. જે કહી શકાતો નથી. ૧૭-૧૮.

પરમ પવિત્ર એવા મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી પોતપોતાનું મંડળ લઈને શ્રીહરિની સાથે ચાલ્યા હતા. પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને છાપની મૂર્તિઓને છાપનારા આધારાનંદ સ્વામી, એ બધા સંતો શ્રીહરિની સાથે હતા. તેમજ મુકુંદાનંદ વર્ણી પણ સાથે હતા. ૧૯-૨૨. અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી, સીતારામજી અને ધીરજવાળા બદરીનાથજી સાથે હતા. તેમજ બધા કાઠી હરિભક્તો શ્રીહરિની સાથે અશ્વ લઈને આવ્યા હતા. ૨૩. પીપળાવમાં રાત રહીને શ્રીહરિ ચાલતા થયા તે **ગલિયાણા** ગામ આવ્યા. ત્યાં કરણાભાઈ નામે રજપૂત હરિભક્ત હતા. ૨૪. અને એક દાજીભાઈ નામે કણબી હરિભક્ત હતા. શ્રીહરિ ત્યાં રાત રહ્યા ત્યારે તે સહુએ સેવા કરી. ૨૫.

❋ શ્રદ્ધા અને ભાવના વધે તે બાબતો શ્રેષ્ઠ છે :

दोहा : हरि रहत हे रात्य जिहाँ, हरिजन हि ताकी जेहि;
श्रद्धा अधिक अधिक रहे, तेसी हि सेवा तेहि...२६

सोरठा : करावत यह रहाय, श्रद्धा न रहत फेर यह;
एसी हि सेवा ताय, करावत न रहाये कबु...२७
जेति करत हरि बात, हरिजन कु अधिक हि अधिक;
श्रद्धा बढत रहात, हरि की समझ रहाये इमि...२८

चोपाई :

भाव रखत तब भाव रहाते, जेतनी बात के जो कहाते;
भाव रखते आवत हि ताकी, दिन दिन अधिक अधिक वाकी...२९

कीर्ति बढत रहत हे अपारा, भाव के जिहाँ लग रखत विचारा;
भाव के विचार रखत तिनकी, कीर्ति बढ रहाये बहु इनकी...३०

શ્રીહરિ જ્યાં રાત રહેતા હતા ત્યાં હરિભક્તોની શ્રદ્ધા વધારે ને વધારે જે રીતે રહે તે રીતે જ સેવા કરાવતા હતા. પણ ફરીવાર તેમની શ્રદ્ધા ન રહે એવી સેવા ક્યારેય કરાવતા નહીં. ૨૬-૨૭. શ્રીહરિ જે જે બાબત કરતા તેમાં હરિભક્તોને વધારે ને વધારે શ્રદ્ધા-ભાવ વધતો રહેતો. કેમ જે, શ્રીહરિની સમજણ જ એવી હતી. ૨૮. દરેક બાબતમાં આપણે જેવો ભાવ રાખીએ તેવો ભાવ સામેનાને આપણા પ્રત્યે રહે છે. જેને જેટલો વિચાર પૂર્વકનો ભાવ રાખતા-રખાવતા આવડે છે, તેટલી તેની કીર્તિ દિવસે દિવસે વધારે ને વધારે અપાર વધતી રહે છે. જે ભાવ બાબતનો વિચાર રાખે છે તેની કીર્તિ બહુ વધે છે. ૨૯-૩૦.

❋ લોભની દુષ્ટતા :

જે ભાવનાને તોડી નાખે છે તેની અપકીર્તિ થાય છે. જેને ધનનો લોભ હોય છે તે ધન મેળવવામાં જ કીર્તિ માને છે. ૩૧. લોભી માણસનું ચિત્ત ભગવાન કરતાં ધનમાં વધારે ચોંટે છે. ચાહે તેવો ભગવાનનો ભક્ત હોય પણ જો તેનું મન દ્રવ્યમાં ચોંટી ગયેલું હોય, તો તેનો જ્યાં ધન હોય ત્યાં જ નિવાસ રહે છે. પછી તે કમાયેલા ધનની રક્ષા કરે છે. જેટલા બુદ્ધિમાન હરિભક્ત છે તે તો જે ધન મળે, તે ભગવાન તથા સંતની સેવામાં જેટલું ઉપયોગી થાય, તેટલું જ ધન નિષ્પાપ થયું તેમ સમજે છે. ૩૨-૩૪. ભગવાન અને સંતોની સેવામાં જે ધન ઉપયોગી ન થાય તે કદાચ કરોડો પદ્મ(૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦) જેટલું ધન હોય, તોપણ તે ધન નથી પણ એટલું પાપ છે અથવા તો તે ધનમાં તેટલું જ પાપ રહ્યું છે, તેમ દેખે છે. ૩૫. જે સાચા હરિભક્તો છે તે આવું સમજે છે. સાચા હરિભક્તની જેવી સમજણ હોય છે તેવી મેં કહી છે.

પછી શ્રીહરિ ગલિયાણામાં રાત રહીને સવારે સાબરમતી નદી ઊતર્યા. નદીમાં નાહીને ચાલ્યા તે **વારણા** ગામ આવ્યા. અને ત્યાં હરિભક્તોને

દર્શન દઈને ત્યાંથી ચાલતા થયા. ૩૬-૩૭. તે **મોટીબોરૂ** આવ્યા. ત્યાં જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિ **નાનીબોરૂ** ગામ આવ્યા. તે ગામના જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૮-૩૯. શ્રીહરિ ત્યાં ટીમણ કરીને ચાલતા થયા તે **કમિયાળા** ગામ આવ્યા. ત્યાં સરોવર પર રાત રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને વડતાલની સેવા સોંપી અને બ્રહ્માનંદ સ્વામીને પોતાની સાથે લઈને ગઢપુર જવા નીકળ્યા" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૧

શ્રીહરિ કમિયાળાથી પચ્છમ થઈને ખસ્તા પધાર્યા, ત્યાં કોઠારીને લોભ ન કરવા વિશે કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. કમિયાળા ગામના જે હરિભક્ત હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨. જેટલા હરિભક્તો હતા તેમાં જેને જેવો ભાવ હતો તેણે તેવી સમય પ્રમાણે શ્રીહરિની સેવા કરી. ૩. શ્રીહરિ જતા-આવતા આ કમિયાળા ગામમાં ફરી ફરીને કેટલીયે વાર અતિ ભાવથી રહ્યા હતા. ૪. સિંહા વણાર નામે ભક્ત હતા. તેમજ હઠી વણાર અને દાદા વણાર, એ બંને ભાઈ સત્સંગી હતા. ૫. એક જ ફળીમાં સહુના રમણીય ઉત્તર તથા પૂર્વ મુખે ઘર હતાં. ૬. તેમાં એક સારા ઘરમાં શ્રીહરિનો ઘણા ભાવથી ઉતારો કરાવ્યો. આ સેવા મળી તેથી તે ભક્તોએ પોતાને ધન્યભાગ્ય માન્યા. ૭.

❋ જ્યાં ભાવ હોય ત્યાં ભૂધરજી રહે છે :

સેવાનો લાભ મળવાથી જે પોતાને ધન્યભાગ્ય માનતા તેને ઘેર શ્રીહરિ ઊતરતા હતા. ઘરધણી પોતે હરિભક્ત, અને તેના ઘરના જેટલા માણસ

હોય તેમાંથી કોઈ એકનું પણ મન શ્રીહરિના આવવાથી ખુશ ન થાય, તો તેના ઘરે શ્રીહરિ ફરીવાર ઊતરતા નહીં. જ્યાં સુધી જે કોઈ ભક્તો શ્રીહરિ આવવાથી પોતાને ધન્યભાગ્ય માને, ત્યાં સુધી શ્રીહરિ તેને ઘેર આવીને ભાવથી રોકાતા હતા. જે ભક્ત ભાવ-પ્રેમ વગરના હોય તે તો પાણી વિનાના તળાવ જેવા છે. ૮-૧૦. વળી, ફળ, ફૂલ અને પાંદડાં વગરનું વૃક્ષ જેવું હોય તેવું ભાવ વગરનું હૃદય કહેવાય. જે હરિભક્તનું અંતર જેવું હોય તેવું તેના ભાવ ઉપરથી દેખાઈ આવે છે. ૧૧. જે હરિભક્તનું અંતર જેવું હોય તેવો તેના ઉપર શ્રીહરિ ભાવ રાખતા હતા. પરંતુ જે હરિભક્ત હોવા છતાં શ્રીહરિથી પોતાના દિલને ચોરતા-છુપાવતા તેનાથી શ્રીહરિ દૂર જ રહેતા. જ્યાં સુધી જે પોતાનું દિલ શ્રીહરિથી ચોરતા રહે, ત્યાં સુધી પ્રભુ તેની નજીક જતા નથી, એમ ગ્રંથ કહે છે. ૧૨-૧૪.

પછી બીજે દિવસ શ્રીહરિ રસોઈ જમીને સંતોની સાથે કમિયાળા ગામથી ચાલતા થયા અને **પચ્છમ** ગામ આવ્યા. તે ગામમાં જે હરિભક્તો હતા તે બધાએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૫-૧૬. જ્યારે હરિભક્તો દર્શન કરી રહ્યા ત્યારે સુખધામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે રણ ઊતરીને સંધ્યાસમયે **ખસ્તા** ગામ આવ્યા. ૧૭. ત્યાં શ્રીહરિ આવીને રાત રોકાયા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને સેવા કરવા લાગ્યા. ૧૮. શ્રીહરિ ગામથી પશ્ચિમ તરફ આવીને ઊતર્યા હતા. ત્યાં ખડોળ ગામના જેટલા હરિભક્તો હતા તે બધા જમીને શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. તેમાં કેટલાક શ્રીફળ લાવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરીને તે શ્રીફળ આગળ ધર્યાં. ૧૯-૨૦. તે શ્રીફળ લગભગ સો જેટલાં હતાં.

શ્રીહરિએ તેને જોયાં. પ્રભાશંકરભાઈ નામે (પીપળાવના હરિભક્ત) શ્રીહરિના કોઠારી હતા. ૨૧. અયોધ્યાવાસી જે દિવસથી શ્રીહરિની સમીપે આવીને રહ્યા હતા, તે દિવસથી શ્રીહરિએ અયોધ્યાવાસીને માટે પ્રભાશંકરભાઈને કોઠારી કર્યા હતા. પછી શ્રીહરિએ તેમને કહ્યું કે, "બધાં શ્રીફળ તમે ક્યાં રાખ્યાં છે ? ૨૨-૨૩. શ્રીફળ વગેરે કહે પાર ન આવે તેટલાં ફળ આવે છે. અને તે સિવાય મેવા-મીઠાઈનો પણ કહે પાર આવતો

નથી. ૨૪. જ્યારે અમે સમૈયો કરીએ છીએ ત્યારે જે ભાવિક હરિભક્તો આવે છે તે વિવિધ પ્રકારનાં મેવા, મીઠાઈ અને ફળ-ફૂલ લાવે છે. ૨૫. વળી વિવિધ પ્રકારનાં વસ્ત્ર-ઘરેણાં અને જાત જાતનાં વાહન, ગાય, ભેંશ વગેરે પદાર્થ પ્રેમથી ભગવાન માટે મંદિરમાં લાવે છે. ૨૬.

✵ ભગવાનને અર્થે કરે તેનું કોટિગણું ફળ મળે :

આ લોકમાં ભગવાનને નિમિત્તે જે કોઈ જેટલું કાંઈ કરે છે, તેને તેનાથી લાખો અને કરોડોગણું અધિક ફળ ભગવાન સંભારીને આપે છે; એમ જાણીને નરનારી ભક્તો ભગવાનને નિમિત્તે ઘણું બધું કરતા રહે છે. ૨૭-૨૮. ભક્તજનો પ્રેમથી ભગવાનને નિમિત્તે ઘણું બધું કરતા રહે છે, તોપણ જે જે પૂજા થાય છે ત્યાં તેના જે કોઠારી(વસ્તુ-પદાર્થ તથા ધનાદિકની વ્યવસ્થા અને સંભાળ રાખનાર) હોય, તેમાં કેટલાક કોઠારી તો એવા હોય છે કે, પૂજાપો લાવનારાને તેમાંથી આપવી જોઈએ તેટલી થોડી પણ પ્રસાદી પાછી આપતા નથી. તેથી તેની બહુ અપકીર્તિ વધે છે. ૨૯-૩૦. જેટલા લોભી કોઠારી હોય છે તે બધા કીર્તિને ઈચ્છતા નથી. વાસ્તવમાં કીર્તિ અને લોભને સંપ હોતો નથી. આવો લોભ કહેવાય છે. ૩૧.

જ્યાં લોભ હોય છે ત્યાં કીર્તિ રહેતી નથી, અને જ્યાં કીર્તિ હોય છે ત્યાં લોભ રહેતો નથી. લોભી માણસને તો લોભ જ કીર્તિ જણાય છે. અને તેથી જ તે લોભમાં દોષ માનતા નથી. ૩૨. ગમે તેવો ભયંકર દોષ હોય, પણ તેમાં જે લોકો કીર્તિ માને છે તો પછી તેઓ પ્રાણ છોડે ત્યાં સુધી તે દોષને નિર્દોષ(ફાયદાકારક) મનાવતા રહે છે. ૩૩. જેટલા દોષ છે તે દોષોને છોડાવવા માટે તો આ સત્સંગ છે. આવો આ સત્સંગ કરીને પણ જે લોકો દોષોને નિર્દોષ માનતા રહે છે તેનો મોક્ષ થવામાં ઘણો વિલંબ થાય છે, તે દેખાઈ આવે છે. જ્યાં સુધી જે દોષ જેવા હોય, તે દોષને તેવા જ રૂપમાં નથી દેખાતા ત્યાં સુધી તે ભક્ત ભગવાનના ધામથી દૂર રહે છે."

આમ કહીને શ્રીહરિએ કોઠારીને કહ્યું, "જેઓ શ્રીફળ લાવ્યા છે તેમને હવે યાદ કરીને તમે અરધા અરધા શ્રીફળનો પ્રસાદ લાવીને પાછો

આપો. ૩૪-૩૭. ભક્તો જે જે વસ્તુ ભેટ-પૂજામાં લાવે તેને જે પ્રસાદ આપે તે જ કોઠારી સાચા છે, અને તેનો જ મોક્ષ થાય છે. ૩૮. **કોઈ પણ સારી બાબતમાં માણસને આગળ વધારવા માટેનું મૂળ સન્માન(પ્રોત્સાહન) છે. તેથી સન્માન કર્યા સિવાય આગળ વધારવાનું મૂળ બીજું કાંઈ દેખાતું નથી."** ૩૯. આગળ કહી તે શ્રીહરિની વાત સાંભળીને જેનાં શ્રીફળ હતાં, તે બધાંને અરધું અરધું કરીને શ્રીફળ પ્રસાદરૂપે પાછું આપ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ કમિયાળાથી પચ્છમ થઈને ખસ્તા પધાર્યા, ત્યાં કોઠારીને લોભ ન કરવા વિશે કહ્યું" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૨

રોજકાથી નીકળેલા શ્રીહરિ અનુક્રમે આગળ જતાં ઉગામેડી આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ ખસ્તામાં રાત રોકાઈને ચાલ્યા તે આગળ જતાં **રોજકા** ગામ આવ્યા. ત્યાંના બધા હરિભક્તો હાથમાં શ્રીફળ લઈને આવ્યા. એવી રીતે તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨-૩. શ્રીહરિ આ રીતે જ્યારે ચાલતા ત્યારે રસ્તામાં આવનારા ગામોમાં જે જે હરિભક્તો રહેતા હોય તે બધા શ્રીહરિનાં દર્શન કરતા. અને ત્યારે ફળ, ફૂલ, પત્ર એ આદિક જેવા રૂપમાં જેને મળે તે બધું હાથમાં લઈને શ્રીહરિનાં દર્શન કરતા હતા. જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવાની રીતને જાણતા હતા. ૪-૬. દર્શન કરવાની રીતને નહિ જાણનારા હરિભક્તોને બીજા તે દર્શનની રીતને જાણનારા બાઈ-ભાઈ હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાની જેમ રીત હોય તેમ વાત કરીને શીખવતા હતા. જે જે વિવેક છે તે બધો વાતે કરીને દેખાઈ આવે છે. ૭-૮.

✻ વિવેકની વિશેષતા :

ચોપાઈ :

जेहि बात कर विवेक आते, ताके नाम हि बात कहाते;
चाय तितने ग्रंथ जो पढेऊ, जिहाँ लग विवेक न आयेऊ...०९
तिहाँ लग मनुष्य भये कहा होऊ, विवेक बिन प्रिय लगत न कोऊ;
भगवान में प्रीति रहे जितना, विवेक तामें रहेउ तितना...१०
जिहाँ लग भगवान जो तामें, प्रीति न भये तिहाँ लग वामें;
चाय तितनाँ विवेक हि तिनकू, आश्चर्य अपार सिखत हि इनकू...११
कोटि कल्प लग मोक्ष हि तिनके, होवत नहीं रहाये इनके;
मोक्ष की बात रहाये जेती, मनुष्य तन में बनत हि तेती...१२

જે વાત કરવાથી વિવેક આવે તેનું જ નામ વાત કહેવાય છે. કોઈ ગમે તેટલાં શાસ્ત્રને ભણ્યો હોય, પણ જ્યાં સુધી તેમાં વિવેક ન આવે ત્યાં સુધી તે મનુષ્ય થયો તોપણ તેનાથી શું ? વિવેક વિના કોઈ મનુષ્ય પ્રિય લાગતો નથી. ભગવાનમાં જેને જેટલો પ્રેમ હોય છે તેમાં તેટલો આવો મોક્ષસંબંધી વિવેક આવ્યો છે. ૯-૧૦. જ્યાં સુધી ભગવાનમાં પ્રેમ ન થયો હોય ત્યાં સુધી તે માણસ ગમે તેટલો બીજો વિવેક શીખે, અને અપાર આશ્ચર્ય શીખે છતાં કરોડો કલ્પ સુધી તેનો મોક્ષ થતો નથી. મોક્ષ માટે જેટલી ઉપયોગી બાબત છે તે સર્વે આ મનુષ્યશરીરમાં જ થઈ શકે છે. ૧૧-૧૨. **મનુષ્યશરીરમાં રહીને પણ જે જીવ પોતાના મોક્ષનો ઉપાય નથી કરતા તેટલો તેમાં મૂર્તિમાન અવિવેક રહ્યો છે.** ૧૩. ગમે તેટલી વિદ્યા ભણી અને ચતુરતા શીખ્યો હોય, પણ તે ત્યારે જ પ્રમાણરૂપ થાય છે કે જ્યારે તે ભગવાનની પૂજા કરે. અને તે સિવાય તે વખાણવા યોગ્ય નથી. ૧૪. જે ભગવાનને ભજતા નથી તેનાં વખાણ કરનારા તો વિવેક વગરના છે. આવું વિવેક કહે છે. ૧૫.

રોજકાના હરિભક્તોને દર્શન દઈને શ્રીહરિ પ્રસન્નતાથી ચાલતા થયા તે ગામ **કોઠડિયા** આવ્યા. પછી ત્યાંથી **ઝીંઝર** આવ્યા. તે ગામના ભક્તોએ ગદ્‌ગદ ભાવે પ્રેમવિહ્વળ થઈને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૬-૧૭. તે સહુએ

શ્રીહરિની આગળ શ્રીફળ ધર્યાં. તેમાંથી પાંચ શ્રીફળ પાછા આપ્યા. પછી ત્યાંથી શ્રીહરિ જ્યારે આગળ ચાલ્યા ત્યારે **પરવડી** ગામ આવ્યા. ૧૮. ત્યાં તળાવની પાળ ઉપર ટીમણ કર્યું. તે ટીમણ કરીને ત્યાંથી ચાલતા થયા તે શ્રીહરિ **ભીમનાથ** થઈને **પોલારપુર** ગામ આવ્યા. ૧૯.

તે ગામના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. તે જેટલા હરિભક્તો હતા તે સહુ એક એક શ્રીફળ લાવ્યા હતા. સહુએ તે શ્રીહરિની આગળ ધર્યાં. સહુના અંતરમાં ઘણો જ આનંદ હતો. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **રોજીદડ** ગામ થઈને **કુંડળ** ગામ આવ્યા. તે વખતે સૂર્ય અસ્ત થઈ રહ્યો હતો. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૦-૨૨. જ્યારે સહુ શ્રીહરિનાં દર્શન કરી રહ્યા ત્યારે દરબાર હરહૂર પટગીરે શ્રીહરિને પોતાના દરબારમાં લાવીને ભાવથી પધરાવ્યા. ૨૩. જે અયોધ્યાવાસીઓ સાથે આવ્યા હતા તેમને સાકર સાથે બધું સીધું આપ્યું. વળી, જેટલું જોઈએ તેટલું દૂધ આપ્યું તથા કહ્યું તેટલું ઘી આપ્યું. ૨૪.

શ્રીહરિને જમાડ્યા પછી શ્રીહરિનો બધો પરિવાર ઘણા જ પ્રેમભાવથી જમ્યો. ૨૫. શ્રીહરિ જે ભોજન જમ્યા તેનો પ્રસાદ હરહૂર પટગીરને પણ આપ્યો. તેથી સહુ અતિશય રાજી થયા. ૨૬. જે હરિભક્તોને જેવો ભાવ હોય તે પ્રમાણે દિન-પ્રતિદિન ભગવાન માટે અધિકપણે સેવા કરતા હતા. જે પ્રમાણે હરિભક્તો મહિમા જાણતા હતા તે રીતે અયોધ્યાવાસીને પણ હરિભક્તોને અતિ ભાવ રહે તેમ કરતા આવડતું હતું. ૨૭-૨૮. શ્રીહરિ કુંડળમાં રાત રોકાયા અને પછી ત્યાંથી ચાલતા થયા તે **સમઢિયાળા** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને શ્રીહરિની આગળ શ્રીફળ ધર્યાં. પછી સુખધામ શ્રીહરિ **કારિયાણી** ગામ આવ્યા. ૨૯-૩૦.

કારિયાણીમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં, અને જે શ્રીફળ લાવ્યાં હતાં તે બધાં શ્રીહરિની આગળ ધર્યાં. ૩૧. અને કેટલાક ભક્તો શેરડી લાવ્યા હતા તે પણ શ્રીહરિને આપી. ત્યાંથી શ્રીહરિ

જ્યારે ચાલ્યા તે **ઝીંઝાવદર** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ત્યાંના દરબાર અલૈયા ખાચરે શ્રીહરિને પોતાના દરબારમાં પધરાવ્યા અને અયોધ્યાવાસીઓ તથા સંતોને સાકરનું સીધું ઘણા ભાવથી આપ્યું. ૩૨-૩૪. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે અયોધ્યાવાસીઓએ શ્રીહરિને બોલાવીને જમાડ્યા. શ્રીહરિને જમતાં જે પ્રસાદી વધી તે અલૈયા ખાચરને ભાવથી આપી. જ્યારે સંતો રસોઈ કરી રહ્યા ત્યારે તેઓ જમવા બેઠા અને શ્રીહરિએ તેમને પીરસ્યું. ૩૫-૩૬.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે ધર્મને ધારણ કરનારા ધર્મકુમાર શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા તે **નિંગાળા** ગામ આવ્યા. ૩૭. ત્યાંની કેરી નદીમાં અશ્વો તથા બળદને પાણી પાયું. પછી ત્યાંથી **ઉગામેડી** ગામ આવ્યા. ૩૮. જ્યારે ઉગામેડીના હરિભક્તોને ખબર મળી ત્યારે તે બધાએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં, અને જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધર્યાં. પછી શ્રીહરિ ત્યાંથી આગળ ચાલતા થયા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "રોજકાથી નીકળેલા શ્રીહરિ અનુક્રમે આગળ જતાં ઉગામેડી આવ્યા" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૩

શ્રીહરિ ગઢપુર પધાર્યા અને જીવા ખાચરની આગળ જીવનું સ્વરૂપ કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે ઉગામેડીથી નીકળીને **ગઢપુર**ની નજીક આવ્યા ત્યારે ગઢપુરના જે હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. સહુએ અતિશય ભાવથી શ્રીહરિનાં દર્શન કર્યાં અને જે શ્રીફળ લાવ્યા હતા તે શ્રીહરિની આગળ મૂક્યાં. ૨-૩. જીવા ખાચર પણ શ્રીહરિ પધાર્યા છે તેમ સાંભળીને બધા પરિવારને સાથે

લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪. ગામમાં જેટલાં વાજિંત્ર હતાં તે બધાંને સન્મુખ લાવ્યા હતા. તેઓ શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને જે શ્રીફળ લાવ્યા હતાં તે આગળ ધર્યાં. ૫.

જ્યારે દિવસ બે ઘડી બાકી હતો ત્યારે શ્રીહરિ ગઢપુર ગામમાં આવ્યા. શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલતા હતા અને આગળના ભાગમાં અપાર વાજિંત્ર વાગતાં હતાં. ગામમાં જેટલા ભક્તો હતા તે સહુ શ્રીહરિનાં દર્શન કરવા માટે રાજમાર્ગમાં આવીને ઊભા હતા. શ્રીહરિને દેખીને જોરશોરથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. તેમણે જે લાભ લીધો તે કહી શકાતો નથી. પછી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને ઓસરી ઉપર જે પલંગ બિછાવેલો હતો ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. સહુ ભક્તજનો પણ ત્યાં બેઠા અને સભા થઈ. ૬-૯. તેમાં શ્રીહરિએ વડતાલમાં જેવો ઉત્સવ થયો હતો તે બધી વાત જીવા ખાચરની આગળ વિસ્તારીને કહી. તેમજ શ્રીહરિએ સત્સંગનો અપાર પ્રતાપ વાત કરવામાં કહી બતાવ્યો કે, "સત્સંગ સમાન બીજું કાંઈ નથી. જે મનુષ્ય સત્સંગ સિવાય બીજી વાતમાં જ્યાં સુધી અધિક રસ માને છે ત્યાં સુધી તે આ સંસારમાં વારંવાર ભટકતો રહે છે." આ રીતે જ્યારે શ્રીહરિ વાત કહી રહ્યા ત્યારે દરબાર જીવા ખાચર બોલ્યા, "મહારાજ ! આપ જે વાત કરો છો તે સત્ય જ છે. આપની વાત સિવાયની બીજી જેટલી વાતો છે તે તો મિથ્યા છે. ૧૦-૧૩.

મિથ્યા વાતમાં અપાર દુઃખ રહ્યું છે. જે મૂર્ખ લોકો આપની વાતમાં ધ્યાન નથી દેતા તે બધા ગમાર તો વારંવાર આ સંસારમાં ભટકતા રહે છે, તે પ્રત્યક્ષ દેખાય છે. જે આપની વાતમાં ધ્યાન નથી આપતા તેનાથી તેનું ગમારપણું દેખાઈ આવે છે. આપની જેટલી વાત છે તે બધી તો સૂર્ય સમાન છે. ૧૪-૧૬. જેટલી આપની વાત છે તે બધી દર્પણ, દીવો અને મશાલ સમાન છે. જ્યારે તેને સાંભળીએ છીએ ત્યારે બધું દેખાઈ આવે છે. આપની વાત સિવાય બીજી કોઈ વાતમાં ક્યારેય સાર મનાતો નથી. તે આટલા વખતથી આવી ને આવી આપની વાતોને અમે સાંભળતા રહીએ છીએ, પણ અમને તે બધી યાદ રહેતી નથી. ૧૭-૧૮.

જગતની બધી વાતો તો તુચ્છ છે. તેમાં લગાર પણ સાર નથી. અમારી સ્થિતિ તો એવી છે કે, જે વાતમાં કાંઈ સાર નથી તે વાતના વગર કર્યે રાત-દિવસ અપાર સંકલ્પ થયા કરે છે. જેમ નદીનો પ્રવાહ વહેતો જ રહે તેમ તે સંકલ્પ થયા કરે છે, પણ એ જ રીતે ભગવાન સંબંધી સંકલ્પ થતા રહેતા નથી. ૧૯-૨૦. હે મહારાજ ! તેનું કારણ શું હશે ? મને તો તે સમજાતું નથી. જગતની જેમ જ ભગવાન સંબંધી સંકલ્પ જે રીતે થાય તે વાત કહો." ૨૧.

❋ બૂરાઈ છૂટે તો આપમેળે ભલું થાય :

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "કોઈ મનુષ્ય પોતાનું જ ભૂંડું કરવાનો તથા જેમાં પોતાનું ખરાબ દેખાતું હોય તે કરવાનો ક્યારેય સંકલ્પ કરતો નથી. ૨૨. જે કોઈ જીવ જ્યાં સુધી બૂરાઈમાં પણ સાર માને છે ત્યાં સુધી તે ખરાબ પણ સારું મનાતું હોવાથી તેને તેના સંકલ્પ થતા રહે છે. ૨૩. ભૂંડા સંકલ્પને જો 'કોઈ નવો શત્રુ પેદા થયો છે' તેમ માનવામાં આવે, તો તે જીવ તેવા ભૂંડા સંકલ્પનો ત્યાગ કરી દે છે. પછી તેને તેમાં સ્નેહ રહેતો નથી. ૨૪.

दोहा : अनल रहायेउ तिनकु, सर्प रहाये ताकु;
जीवे की करत आस जो, कर से न छुवत वाकु...२५
हरि बिन संकल्प जितने, एसे जानत हि जब;
सुख न मनावत तिन महीं, कोउ दिन कबहु तब...२६

सोरठा : हर कोउ लई बात, बुरे में सुख जांहि लग;
जीय तामें मनात, बुरे न छूटत तांहि लग...२७

જેને જીવવાની આશા હોય તે સળગતા અગ્નિને અને સાપને હાથથી અડતા નથી. ૨૫. તેમ જે જીવ ભગવાન સિવાયના જેટલા સંકલ્પ છે તેને જ્યારે સળગતી આગ અને સર્પ જેવા જાણે ત્યારે તેને તેમાં કોઈ કાળે ક્યારેય સુખ મનાતું નથી. ૨૬. કોઈ પણ બહાનું લઈને જ્યાં સુધી આ જીવ ખરાબ બાબતમાં પણ સુખ માને છે, ત્યાં સુધી તેને ભૂંડા સંકલ્પ ક્યારેય છૂટતા

નથી. ૨૭. જેવો આ જીવ છે તેવું મનુષ્યનું શરીર નથી. કેમ જે, માણસનું શરીર તો અનિત્ય છે અને જીવ સનાતન છે. ૨૮.

માટે જે જીવને પણ શરીર જેવો જ ગણે છે તેને અજ્ઞાની માણસ કહેવાય છે. પરંતુ જે જ્ઞાની સત્પુરુષ હોય છે તે તો ગીતા અને ભાગવતના એકાદશ સ્કંધ પ્રમાણે જીવને કોઈના જેવો કહેતા નથી. તે તો જીવને આશ્ચર્યરૂપ કહે છે. કોઈ જીવ સ્ત્રી કે પુરુષ કહેવાતો નથી. જે અપાર નામ રહ્યાં છે તે તો શરીરનાં છે, જીવ તો સદાય અવિકારી છે, તેમ સત્પુરુષો કહે છે. જેટલા વિકાર કહેવાય છે તે બધા શરીરમાં દેખાય છે. ૨૯-૩૧. જ્યાં સુધી શરીરને અને જીવને સંબંધ રહે છે ત્યાં સુધી જીવમાં સુખ-દુઃખ દેખાય છે અર્થાત્ અનુભવાય છે. શ્વેત મણિની સમક્ષ જે વસ્તુ જેવી હોય છે તેવી મણિમાં જણાઈ આવે છે. ૩૨. પરંતુ ખરેખર તે વસ્તુ અને મણિ તે બંને એક નથી, ભલે તેમાં અનેક વસ્તુ દેખાતી હોય. તે રીતે આત્માને શરીરનાં સુખ-દુઃખ અનુભવાય છે, તોપણ આત્મા અને શરીર બંને તદ્દન જુદાં જ છે. જેમાં લવલેશ પણ દુઃખ હોય નહિ એવું જેટલું સુખ છે તેને જ સુખ કહેવાય છે. ૩૩. તે તમામ સુખ જ્ઞાનમાં આવીને રહ્યું છે. આવી જ્ઞાનની વાત ન્યારી છે. જે પરિપક્વ જ્ઞાનને પામે છે તે દુઃખરૂપ સાગરને જ્ઞાનરૂપ મહા નૌકાએ કરીને તરી જાય છે, તેમાં કાંઈ વાર લાગતી નથી.

❋ ભગવાનના સંબંધ વિનાનું જ્ઞાન શબ તુલ્ય છે :

હા, તે જ્ઞાનમાં ભગવાનનો સંબંધ હોવો જોઈએ. ભગવાનના સંબંધ વગરનું કરોડો સાગર જેટલું વિશાળ જ્ઞાન હોય, તોપણ તે બધું જ્ઞાન ખારા સમુદ્ર જેવું વ્યર્થ છે. આ બધી વાત જ્યારે સમજાય છે ત્યારે તેને ભગવાનના સંબંધવાળું શુદ્ધ જ્ઞાન થયું કહેવાય છે. ૩૪-૩૬. ભગવાનના સંબંધ વગરનું ગમે તેટલું અપાર જ્ઞાન હોય, તોપણ તે બધું મડદાને પહેરાવેલા શણગાર જેવું છે. ૩૭. કોઈ એકડા વગરના કરોડો શૂન્ય કરે તોપણ તે શૂન્યનું પરિણામ શૂન્ય જ રહે છે. ૩૮. **ભગવાનના સ્વરૂપનો**

જે સંબંધ તે શૂન્યની આગળનો આંકડો છે. તેથી જ જેટલાં બીજાં સાધનો છે તે તમામ ભગવાનના સંબંધથી જ સફળ થાય છે." ૩૯. શ્રીહરિએ આટલી વાત કરી પછી આરતી તથા ધૂન કર્યા. વાત તો અપાર હોય છે, પણ મનમાં જે વખતે જેટલી સ્ફૂરે છે તેટલી કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ ગઢપુર પધાર્યા અને જીવા ખાચરની આગળ જીવનું સ્વરૂપ કહ્યું" એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૪

ગઢડા મધ્ય પ્રકરણનું બાસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંવત ૧૮૮૧ના માગશર સુદિ બીજને દિવસ મહાન પરમ સુખના મૂળરૂપ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢપુર મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ૨-૪. તથા પરમ પવિત્ર ચોફાળે સહિત શ્વેત ચાદર ઓઢી હતી. શ્વેત ખેસ પહેર્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પોતાના ભત્રીજા અયોધ્યાપ્રસાદજી અને બીજા રઘુવીરજીને બોલાવીને કહ્યું જે, "તમે બંને અમને પ્રશ્ન પૂછો." પછી પ્રથમ અયોધ્યાપ્રસાદજીએ મનમાં જેવો ઊપજ્યો તેવો પ્રશ્ન પૂછ્યો જે, "આ સંસારમાં એવો પુરુષ હોય જે આઠે પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય અને ગમે તેવું યોગ્ય-અયોગ્ય કર્મ પણ થઈ જાતું હોય, પછી તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો રહે, તો તે ભજને કરીને તેને આખા દિવસમાં જે પાપ થયું હોય તે બળી જાય કે નથી બળતું ? એ હું પ્રશ્ન કરું છું." ૫-૧૧.

પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, “જે ભગવાનનો ભક્ત આખો દિવસ પ્રવૃત્તિ માર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરતો હોય પછી તે જ્યારે ભગવાનનું ભજન કરવા બેસે તે સમયમાં એ ભજનના કરનારાનાં ઇન્દ્રિયો, અંતઃકરણ અને જીવ, તેની વૃત્તિઓ એકાગ્ર થઈને જો ભજનમાં જોડાઈ જાય તો એવી રીતે એક ઘડી કે અરધી ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાયેલો રહે તો તેનાં સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. તેમાં કાંઈ ખોટું નથી. ૧૨-૧૭. આ કહ્યું તે રીતે કર્યા વિના પાપ બળતું નથી અને એનું જે કલ્યાણ તે તો ભગવાનને પ્રતાપે કરીને નિશ્ચિત થાય છે. ૧૮. તમારા પ્રશ્નનો એ જ ઉત્તર છે. આ સિવાય બીજો કાંઈ દેખાતો નથી.”

પછી રઘુવીરજીએ પ્રશ્ન પૂછ્યો કે, “આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય ? તેનો ઉપાય જેમ હોય તેમ કહો.” ત્યારે શ્રીજીમહારાજ તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા જે, **“જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને માટે અમે આ ઉપાય કહીએ છીએ કે, તેણે પોતાનાં દેહ, ધન, ધામ, કુટુંબ અને પરિવાર, તે સર્વને ભગવાનની સેવામાં નિર્દંભપણે જોડી દેવાં. અને જો ભગવાનની સેવામાં જે જે પદાર્થ કામમાં ન આવે તો તત્કાળ તેનો ત્યાગ કરી દેવો.** આવી રીતે જે ભગવાનની સેવા પરાયણ રહે તો તે ગૃહસ્થાશ્રમી હોય, તોપણ તેનું જ્યારે મરણ થાય ત્યારે તે ભગવાનના ધામમાં નારદ, સનકાદિકની પંક્તિમાં ભળે અને પરમ મોક્ષને પામે છે. તમારા પ્રશ્નનો એ જ ઉત્તર છે. તે સિવાય બીજો કોઈ નથી.” ૧૯-૨૫.

આવી રીતે વાત કર્યા પછી શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાએ કરીને બોલ્યા જે, “અમે જે દિવસથી વિચાર કરીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે કે જીવના કલ્યાણને માટે ત્રણ અંગ છે તે અતિ સુખદાયક છે. ૨૬-૨૮. તેમાં એક તો અતિશય **આત્મનિષ્ઠા** છે. જેમ શુકદેવજી આત્મનિષ્ઠા રાખતા હતા તે રીતે આત્મારૂપે થઈને પરમેશ્વરનું ભજન કરવું અને તે ભજનમાં જ દિવસ વીતાવવો. અને બીજું તો **પતિવ્રતાનું** અંગ છે. તે ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું. અને ભગવાન સિવાયની બીજી જે જે બાબત હોય તેને દૂર કરવી. અને ત્રીજું **દાસપણાનું**

અંગ છે. તે હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું રાત-દિવસ ભજન કરવું. આ ત્રણ અંગ સિવાય બીજી કોઈ રીતે કરીને જીવનું કલ્યાણ નિશ્ચિત થતું નથી, તેમ અમે નિશ્ચય કરીને કહીએ છીએ. અમે તો એ ત્રણ અંગને દૃઢ કરીને રાખીએ છીએ. અને કહ્યાં એ ત્રણ અંગમાંથી જેને કોઈ એકેય અંગ દૃઢપણે હોય તો તે કૃતાર્થ થઈ જાય છે. ૨૯-૩૪. હવે તે ત્રણ અંગવાળાનાં જે લક્ષણ છે તેને ભિન્ન ભિન્ન રીતે કહીએ છીએ. કેમ જે, જ્યારે તે રીતે કહેવામાં આવે ત્યારે પોતાનું જેવું અંગ હોય તે ઓળખાઈ જાય છે. ૩૫.

❋ આત્મનિષ્ઠાના અંગવાળાનાં લક્ષણ :

તેમાં **આત્મનિષ્ઠાવાળાનું** લક્ષણ કહીએ છીએ જે, 'એક કોરે તો આત્મા છે અને એક કોરે તો દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ અને પંચવિષય, એ આદિક જે માયાનું ટોળું તે છે. અને તે બંનેની વચ્ચે જે વિચાર રહ્યો છે તે વિચાર જ્ઞાનસ્વરૂપી છે. તે વિચાર જેમ પવનરહિત સ્થળમાં દીવાની શિખા સ્થિર થઈને રહે છે, તેમ તે વિચાર પણ સ્થિર થઈને રહે છે. તે વિચાર દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ ગુણ અને પંચવિષયને આત્માની સાથે એક થવા દેતો નથી. ૩૬-૪૧. અને આ જ્ઞાનરૂપી જે વિચાર છે તે પણ આત્માની સાથે એક થતો નથી આવો તે વિચાર કહેવાય છે. ૪૨. અને તે વિચારને જ્યારે સત્સંગે કરીને જીવ પામે છે, ત્યારે જીવની વૃત્તિ કાશી સુધી લાંબી હોય તે વડતાલ સુધી આવે છે, ત્યારે તે વિચારને પામ્યો છે એમ કહેવાય.

પછી કહ્યો તે વિચાર જ્યારે દૃઢ થઈ જાય છે ત્યારે વૃત્તિ વડતાલ થકી ગઢડા જેટલામાં આવી જાય છે. અને આ ગઢડા જેટલે લાંબી વૃત્તિ હોય તે સંકેલાઈને પછી પોતાના દેહ જેટલામાં આવીને રહે છે. ૪૩-૪૫. ત્યાર પછી તે વૃત્તિ દેહમાંથી પણ સંકેલાઈને ઈન્દ્રિયોના ગોલકમાં જ આવીને રહે છે. ૪૬. પછી ઈન્દ્રિયોના ગોલકથી ઈન્દ્રિયોની જે વૃત્તિ છે તે અંતઃકરણ સન્મુખ થઈ જાય છે. અને પછી ઈન્દ્રિયોની તથા અંતઃકરણની જે વૃત્તિ છે તે આત્મામાં લીન થઈ જાય છે. ત્યારે એ જીવના વાસનામય લિંગ(કારણ)

દેહનો નાશ થયો કહેવાય છે. અને એ વિચાર છે તે જ્યારે જીવની સાથે મળે(એક થાય) છે, ત્યારે તે જીવના હૃદયને વિષે પ્રકાશ થાય છે, અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે. ૪૭-૫૦. અને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે શ્રીનારાયણ તેનું પણ દર્શન થાય છે. ૫૧. **અને વિચાર કરીને જુએ ત્યારે તે દર્શન કરનારાને એવો અનુભવ થાય છે કે, 'હું આત્મા છું અને મારે વિષે પરમાત્મા અખંડ રહ્યા છે.' આવી રીતે અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિશય ઉત્તમ દશા છે.** આવી સમજણની સાથે બીજી કોઈ સમજણની સરખામણી થઈ શકતી નથી." ૫૨-૫૪.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાસઠમું વચનામૃત ચાલુ" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ।।૭૪।।



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૫

ગઢડા મધ્ય પ્રકરણનું બાસઠમું વચનામૃત ચાલુ

❋ પતિવ્રતાના અંગવાળાનું લક્ષણ :

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીસહજાનંદ સ્વામી સંતો તથા હરિભક્તો પ્રત્યે હવે પતિવ્રતાના અંગની વાત કહે છે જે, વ્રજની જેટલી ગોપીઓ હતી તેમણે જે રીતે ભગવાનને પ્રસન્ન કર્યા હતા, તેમણે ભગવાન સિવાય બીજા કોઈને અંતરમાં પ્રિય રાખ્યા ન હતા અને એક ભગવાનને જ મુખ્ય રાખ્યા હતા. અને વળી, તે ભગવાન વિના બીજું બધું વિઘ્નરૂપ દેખતી હતી. ૨-૪. એવી જ રીતે જે ભગવાનના ભક્ત હોય તે જો ગોપીઓની આવી સમજણને ગ્રહણ કરે તો તે સમજણ સાચી છે અને તેનો પ્રેમ પણ સાચો કહેવાય. ૫. ગોપીઓની જેવી સમજણ હતી તેવી હવે હું કહું છું, તેને સહુ હરિભક્તો સાંભળો. જેમાં સર્વોપરિ રસ રહ્યો હોય તેવી વાતને જ અમે પ્રિય માનીએ છીએ. અને આવી જેટલી

વાતો છે તેમાં અપાર સુખ સુખ ને સુખ જ રહ્યું છે. જેમાં દુઃખનો લેશ પણ ન હોય, એવી જ વાત અમે હંમેશાં કરીએ છીએ. ૬-૭. જ્યારે અન્ય લોકો તો જેમાં અપાર દુઃખ રહ્યું હોય છે તેવી બાબતને સારી માને છે, અને મોહરૂપી મદિરાનું રાત-દિવસ પાન કરે છે. ૮. જે જેમાં સુખ માને છે તેમાં તેને ક્યારેય દુઃખ દેખાતું નથી. બધા મોહાંધ મનુષ્યોની આવી રીત છે. તેણે કરીને તે અપાર દુઃખને પામે છે. ૯.

જે મોહરૂપ મદિરા છે તેનો અભાવ સત્સંગની વાત વિના કરોડો કલ્પે કરીને પણ થતો નથી. તેથી જ મનુષ્ય મોહરૂપી સાગરમાં ડૂબકા ખાતો રહે છે. સત્સંગની જેટલી વાત છે તે બધી મોહરૂપી સાગરમાંથી તારનારી છે. આવી સત્સંગની વાત જેને પ્રિય લાગે છે તેને અમે શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્ય કહીએ છીએ. ૧૦-૧૧. જ્યાં સુધી માણસને દુર્બુદ્ધિ રહે છે ત્યાં સુધી સત્સંગની વાત વિપરીત લાગે છે, અને જેની બુદ્ધિ જેટલી વિપરીત હોય છે તેને તેટલી સત્ય વાત પણ રુચતી નથી. ૧૨. જ્યાં સુધી સત્ય વાત રુચતી નથી ત્યાં સુધી તેની દુર્બુદ્ધિ દૂર થાતી નથી. ૧૩. સત્સંગ છે તે મનુષ્યની બુદ્ધિને શુદ્ધ કરનારો છે તથા દુર્બુદ્ધિને નાશ કરનારો છે. તે કુબુદ્ધિનો નાશ થયા વિના મનુષ્યનું હૃદય ખોટી બાબતથી પણ ત્રાસ પામતું નથી. ૧૪.

જેમ ગોપીઓએ જે દિવસથી શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો તે દિવસથી જ તેને સંસાર સંબંધી તમામ સુખ ઝેર જેવાં થઈ ગયાં. તેમ જેને પતિવ્રતાના અંગની ભક્તિ હોય તેની એવી સમજણ હોય છે કે, કોઈ ઇન્દ્રના જેવો રૂપાળો પુરુષ હોય તથા દેવતા જેવો હોય તથા કોઈક રાજા હોય તેને જ્યારે નજર કરીને દેખે, ત્યારે તેને સડેલા કૂતરાની સમાન જાણે અથવા મળને જોઈને જેમ અતિશય ગ્લાનિ પામે છે તેમ જ તે બધાને જોઈને ગ્લાનિ પામી જાય છે. ૧૫-૧૯. જેમ સડેલ કૂતરું તથા મળમાંથી દૃષ્ટિ પાછી ખેંચાય જાય, તેમ જ તે સર્વેમાંથી પોતાની દૃષ્ટિને પાછી ખેંચી લે, આવું જ્યારે વર્તે ત્યારે તે પતિવ્રતાની ઉત્તમ રીત કહેવાય છે. જેને એક ભગવાનને વિષે જ પ્રેમ હોય અને પતિભાવે કરીને ભગવાનમાં જ

વૃત્તિ જોડાણી હોય, તેનું મન બીજો કોઈ ગમે તેવો રૂપવાન અને ગુણવાન પુરુષ હોય તેને દેખીને પ્રસન્ન થાય જ નહીં. તે સાચું પતિવ્રતાનું અંગ કહેવાય. ૨૦-૨૨.

✻ દાસભાવવાળા ભક્તના અંગનું લક્ષણ :

અને **ત્રીજું એ કે જેને દાસભાવે** કરીને ભક્તિનું અંગ હોય તેને પોતાના ઈષ્ટદેવની નિરંતર સેવા કરવી અને તેમનું દર્શન આદિક કરવું તેમાં અધિક ને અધિક રુચિ રહે. વળી, **પોતાના ઈષ્ટદેવની વાતમાં રુચિ રહે તથા તેમની જ વાત સાંભળવી સારી લાગે.** ૨૩-૨૪. અને પોતાના ઈષ્ટદેવનો જે સ્વભાવ તથા રુચિ હોય તે જ ગમે. નિત્ય તેની સમીપે રહેવું ગમે. આવી પ્રીતિવાળો હોય તોપણ પોતાના ઈષ્ટદેવ જેમ કહે તે રીતે જ સેવા કરવા માટે તથા તેમની પ્રસન્નતાને અર્થે રાત-દિવસ મનમાં એમ ઈચ્છ્યા કરે કે, 'મને મારા ઈષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય ઉમંગથી ભાવ સહિત કરું.' ૨૫-૨૮. પછી પોતાના ઈષ્ટદેવ જેમ આજ્ઞા કરે તેમ જ રહે. તે જો દૂર રહેવાનું કહે તો દૂર રહે, પણ તેમાં ક્યારેય મૂંઝાઈ જાય નહીં. દૂર જાય તોપણ સમીપ રહ્યા હોય તેવી જ રીતે તેમની આજ્ઞામાં વર્તે. અને જે ભક્ત પોતાની ઈચ્છાથી પ્રભુની સમીપમાં રહે અને વારંવાર આજ્ઞાનો લોપ કરતો રહે, તો તે ચાહે તેવો પ્રેમી હોય તોપણ મનમુખીમાં જ ખપે છે. અરે ! ગમે તેવો જ્ઞાની હોય, ધ્યાની હોય તથા જેટલા ગુણ કહેવાય છે તે બધા તેમાં ભર્યા હોય, તોપણ જો તે **શ્રીહરિની આજ્ઞા લોપીને સમીપે રહેતો હોય તો તેના ઉપર ભગવાનની કૃપા થતી નથી. કારણ કે, જેટલું સુખ કહેવાય છે તે બધું આજ્ઞા પાળવામાં રહ્યું છે.** ૨૯-૩૨.

પોતાના ઈષ્ટદેવની આજ્ઞા મુજબ વર્તવામાં જેનું અંતર મૂંઝાતું ન હોય તેની તુલનામાં કોઈ આવી શકતા નથી. **એવા ભક્તોમાં જેટલા ગુણ હોય છે તે બધા આજ્ઞામાં વર્તવે કરીને સર્વે બ્રહ્માંડોમાં પ્રમાણભૂત થાય છે. તેથી એવો ભક્ત પ્રભુની આજ્ઞામાં જ અપાર પરમ આનંદ માને છે.** ૩૩-૩૪. આ રીતે અમે કહી તેવી દાસત્વ ભક્તિની ઉત્તમ દશા(સ્થિતિ) છે. આજના

સમયમાં એવા દાસત્વવાળા ભક્ત તો ગોપાળાનંદ સ્વામી અને બીજા મુક્તાનંદ સ્વામી છે એમ જાણવું. દાસપણાની ભક્તિવાળા ભક્તો અમે કહ્યું તેવા જ હોય છે તેમ તમે જાણો. અને એ ત્રણે અંગવાળા ભગવાનના ભક્ત તેમાં પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પક્ષ છે. અને એ ત્રણ પક્ષથી જે બહાર છે તે તો કેવળ પામરમાં ખપે છે. એવા જે પામર છે તેને માટેની અમે આ વાત કહી નથી. ૩૫-૩૮. માટે એ ત્રણ અંગમાંથી કોઈ એક અંગ પરિપૂર્ણ થાય તે પછી જો શરીર છૂટે તે તો ઠીક છે, પણ આ ત્રણમાંથી એકેય અંગ પરિપૂર્ણ થયા સિવાય કોઈ રીતે શરીર છૂટે તો તે ઠીક નથી. તને તો પાંચ દિવસ અધિક જીવીને પણ પોતાની જેટલી કાંઈ અણસમજણ હોય તેનો નાશ કરીને તથા આ ત્રણમાંથી કોઈ એક અંગ દૃઢ કરીને પછી મરવું તે જ ઠીક છે.” ૩૯-૪૨.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું બાસઠમું વચનામૃત ચાલુ કહ્યું” એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૬

ગઢડા મધ્ય પ્રકરણનું બાસઠમું વચનામૃત ચાલુ

✵ જીવના સ્વભાવનું વર્ણન :

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીસહજાનંદ સ્વામી મહારાજે સર્વ સંતો તથા હરિભક્તોને અતિશય હેતથી કહ્યું કે, “આ જીવ છે તેમાં એક વિચિત્ર સ્વભાવ છે. તેને દેખીને અમે તેની વાત કરીએ છીએ કે, જ્યારે તે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે તેને સંસારનો ત્યાગ કરવો ગમે, અને જ્યારે ત્યાગ કરે છે ત્યારે સંસાર સંબંધી સુખના ઘાટ કરતો રહે છે; એવી રીતે એ જીવનો અવળો વિપરીત સ્વભાવ જણાય છે. જેટલા સમજણ વિના ત્યાગ કરે છે તેને આવું થાય છે. જે જેટલી બાળમતિ રાખે

છે તે પ્રગટ દેખાઈ આવે છે. જે મુમુક્ષઓ તેવી બાળબુદ્ધિનો ત્યાગ કરીને પછી સંસારનો ત્યાગ કરે છે, તેઓ તો સંસારનો લગાર પણ ઘાટ કરતા નથી. કેમ જે, તેમાં તેઓ અપાર દુઃખ દેખે છે. જીવને સંસારમાં જેટલી સુખબુદ્ધિ હોય તેટલા તેને સંસારના ઘાટ થાય છે. ૨-૭.

જેમાં પ્રત્યક્ષ દુઃખ દેખાતું હોય, તેમાં પશુ સુધીના જીવ પણ ચોંટતા નથી. માટે **જે ત્યાગી થઈને પણ જેટલું સંસારમાં સુખ માને છે તેને પેટ ભરવાવાળા ત્યાગી જાણવા. તેના ત્યાગનું કાંઈ ઠેકાણું રહેતું નથી.**

चोपाई :

ब्रह्मांड एसे न पार रहाते, तामें सुख जितना देखाते...०९
जन को अरुचि करने हीता, करेउ इमि मन में समझीता;
जिहाँ लग अरुचि न करत रहाता, तिहाँ लग अपार तन धराता...१०
संसार के सुख तामें चित्ता, जिहाँ लग रहत चोंटीता;
तिहाँ लग साधन रहाये जेता, फलदायक न होवत तेता...११
हरि हि से तितना दूर रहीता, संसार में जिहाँ लग हीता;
जितना रखत तितना हि दूरा, देखत रहे संत जन पूरा...१२

આવાં બ્રહ્માંડોનો તો કોઈ પાર નથી. તેમાં જેટલું કાંઈ સુખ દેખાય છે તે જીવોને અરુચિ કરાવવા માટે જ કર્યું છે, એમ મનમાં સમજવું જોઈએ. કેમ જે, જીવ જ્યાં સુધી સાંસારિક સુખમાં અરુચિ નથી કરતો ત્યાં સુધી તેને અનેક દેહ ધરવા પડે છે. ૮-૧૦. જ્યાં સુધી સંસારના સુખમાં મન ચોંટતું રહે છે, ત્યાં સુધી તેણે કરેલાં તમામ સાધન ફળદાયક થતાં નથી. ૧૧. જીવ જ્યાં સુધી સંસારમાં જેટલું હેત રાખે છે ત્યાં સુધી તેટલો તે ભગવાનથી દૂર રહે છે, એમ જે પરિપૂર્ણ સત્પુરુષ હોય છે તે દેખે છે. ૧૨.

માટે જે ભગવાનના દૃઢ આશ્રિત હોય તેને તો સંતો જેટલા અયોગ્ય સ્વભાવ દેખાડે, તે બધા અયોગ્ય સ્વભાવનો ત્યાગ કરીને પોતાના મનનું સર્વે ગમતું મૂકીને ભગવાનને ભજવા. કેમ જે, **ભગવાન સિવાય બીજી જેટલી વાસના છે એ સર્વે દૂર કરીને મરવું તે જ ઠીક છે.** ૧૩-૧૫.

✳ જેને અંગની દઢતા ન હોય તેણે નિયમમાં રહેવું :

જેને ભગવાનમાં અતિશય પ્રીતિ ન હોય તેને તો વિચારે કરીને આત્મનિષ્ઠા જ દઢ કરવી. ૧૬. **કેમ જે, ભગવાનના ભક્ત હોય તેને કાં તો આત્મનિષ્ઠા દઢ કરવી જોઈએ ને કાં તો ભગવાનને વિષે અતિશય દઢ પ્રીતિ કરવી જોઈએ.** ૧૭. એવું કરવામાં પ્રમાદનો ખાસ ત્યાગ કરવો. કારણ કે, ફરીવાર મનુષ્યશરીર મળતું નથી. અને **આ બે અંગમાંથી જેને એક પણ અંગની અતિશય દઢતા ન હોય, તેને તો જે આ સત્સંગના નિયમ છે તેમાં દઢપણે કરીને રહેવું,** ૧૮-૧૯. તો જ સત્સંગી રહેવાય. આ બાબતમાં કાંઈ ખોટું નથી. નિયમોને દઢ રાખ્યા વિના તેનું ચિત્ત સ્થિર ન રહે અને તેથી તે સત્સંગથી બહાર થઈ જાય છે. ૨૦. **જેને ભગવાનનો ખપ હોય એવા ભક્તને જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખને દેનારાં નક્કી કાળ, કર્મ કે માયા, એમાંથી કોઈ નથી. તે તો સ્વયં ભગવાન જ પોતાના ભક્તની ધીરજ જોવા માટે દુઃખને પ્રેરે છે, અને તે માટે ભગવાન જ તેને દુઃખ દેખાડે છે.** ૨૧-૨૩.

જેમ કોઈક પુરુષ પડદામાં રહીને દેખે, તેમ ભક્તની ધીરજ અને દઢતાને પોતે ભગવાન ભક્તના હૃદયમાં રહીને નિરંતર દેખતા રહે છે, એક પલકવાર પણ દૂર રહેતા નથી. અને તેમાં કાળ, કર્મ કે માયાનું જોર લેશ પણ ચાલતું નથી. ૨૪-૨૫. ભગવાનના ભક્તની આગળ તે કોઈનું કાંઈ ચાલતું નથી. તેથી કાળ, કર્મ, માયાનો શો ભાર છે જે ભગવાનના ભક્તને પીડી શકે, એવું ભગવાનના ભક્ત સમજે છે. ૨૬. **ભગવાનની જેમ ઈચ્છા હોય છે તે પ્રમાણે બધું થાય છે, એમ જાણીને ભગવાનના ભક્તે દુઃખમાં પણ પ્રસન્ન મન રહેવું.** ૨૭. ભક્તજનની જેવી દઢતા હોય છે તે જ્યારે દુઃખ આવે છે ત્યારે છુપાઈ રહેતી નથી. તેથી જ જેવી ભક્તની દઢતા હોય છે તેવી તેની કીર્તિ થાય છે. ૨૮.

આ ભૂમિ ઉપર એવા અપાર ભક્તો થયા છે. તેમાં પ્રહ્લાદની દઢતા વિચારવી. સીતા અને દ્રૌપદીની દઢતાનો વિચાર પણ ભક્તજને રાખવો. ૨૯.

વ્રજવાસીઓ, પાંડવો, કુંતાજી, નળ રાજા અને મયૂરધ્વજ વગેરેની પણ આવી અપાર વાતો છે, જેનો કહેતાં પાર આવતો નથી. ૩૦. દુઃખને સમયે દઢતા રાખનારાની તેણે જેવી દઢતા રાખી હોય તેવી કીર્તિ થાય છે. માટે ભક્તજને દુઃખથી ડરીને દઢતાનો ત્યાગ કરવો નહીં. ૩૧. **જે ભક્ત જેવી દઢતા રાખે છે તેના ઉપર તેવી જ ભગવાનની અપાર પ્રસન્નતા જરૂર થતી રહે છે.** ૩૨. જે પૂરા ભક્ત હોય છે તેની આવી સમજણ હોય છે. જે વાત જેવી હોય છે તે કહ્યા સિવાય દેખાતી નથી. ૩૩. તેથી અમે વારેવારે કહીએ છીએ. કેમ જે, કહ્યા વિના વાત ચોખ્ખી થાતી નથી, અને તેનું કારણ પણ જાણ્યામાં આવતું નથી." ૩૪.

આ વાત સાંભળીને મુનિવર મુક્તાનંદ સ્વામીએ ઘણા હેતથી શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! એ જે ત્રણ અંગ તમે કહ્યાં, તે વાત તો અતિ ઝીણી છે ને કઠણ છે. અને સાંભળ્યા પછી કોઈકના જ સમજ્યામાં આવે એવી છે. ૩૫-૩૬. અને વર્તનમાં તો કોઈકને જ આવતી હશે. આ વાત બધાના વર્તનમાં આવતી નથી. ૩૭. જ્યારે આ સત્સંગમાં તો લક્ષાવધિ(લાખો) મનુષ્ય છે, તે બધાને આ વાર્તા યથાર્થ સમજવી તે કઠણ છે. માટે તે કેમ કરીને સમજે ત્યારે તે લોકોનો મોક્ષ થાય ?" ૩૮-૩૯.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"અમે જે એ ત્રણ અંગ કહ્યાં, તે જે ભક્તમાં હોય તે ભક્તનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં વર્તે, તો તે ભલે કાંઈ ન સમજતો હોય, તોપણ તે છતે દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે અને કૃતાર્થ થઈ રહ્યો છે, એમાં કોઈ સંશય રાખવો નહીં.** ૪૦-૪૨. આ સંસારને વિષે ભગવાન અને ભગવાનના ભક્તોનો મહિમા અતિશય મોટો અને અપાર છે. ૪૩.

चोपाई :

गमे तेसे पामर हि रहाते, पतित चाय तेसेउ कहाते;
तोउ पण भगवान यह तिनके, भगवान के भक्त इनके...४४
आश्रित होवे जन जो तिनही, कृतार्थ होय जावेउ इनही;
एसे महिमा भगवान केरे, भक्त ताके रहेउ घनेरे...४५

माटे जिन कु भगवान ताकी, भगवान के भक्त यह वाकी;
सेवा प्राप्त भई अब तिनकू, निधडक रेना निशदिन इनकू...४६

તે ગમે તેવો કોઈ જીવ પામર અને પતિત હોય, તોપણ ભગવાન કે ભગવાનના ભક્તનો આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે. એવો ભગવાનનો અને ભગવાનના ભક્તનો ઘણો મહિમા છે. માટે જેને ભગવાનની અને ભગવાનના ભક્તની સેવા પ્રાપ્ત થઈ હોય તેણે તો આ વખતે રાત-દિવસ નિધડક થઈને રહેવું. ૪૪-૪૬. અને અમે જે આ ત્રણ અંગની વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામીને માટે કરી છે. ૪૭. અને મુક્તાનંદ સ્વામીના ઉપર અમારે ઘણું હેત છે. માટે ખૂબ હેતે કરીને વાત કરી છે. ૪૮. તેમના શરીરે મંદવાડ છે; તે દેખીને વાત કરી છે કે રખે તેમને કોઈ વાતની સમજણમાં ખામી રહી જાય નહિ, આમ કાચપ ન રહે તેમ જાણીને અમે વાત કરી છે." ૪૯-૫૦. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! મેં પણ જાણ્યું છે જે, આપે ઘણી કૃપા કરીને મારે માટે જ વાત કરી છે." ૫૧.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાસઠમું વચનામૃત પૂરું થયું" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૭

ગઢડા મધ્ય પ્રકરણનું ત્રેસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંવત ૧૮૮૧ના માગશર વદિ બીજને દિવસ ભક્તજનને માટે સર્વ સુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પોતાના મુખારવિંદની આગળ

ભજનાનંદ સ્વામી શ્રીમદ્ભાગવતનો પાઠ કરતા હતા. ૫. અને મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

❋ જેનો જીવ બળ પામ્યો હોય તેનાં લક્ષણો :

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને તે વખતે પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! દ્રષ્ટા અને દશ્યના મધ્યમાં જે વિચાર રહે છે, તે દ્રષ્ટાને તથા દશ્યને જુદાં જુદાં રાખે છે. તેમાં જીવનું જાણપણું કયું જાણવું ? અને ઇન્દ્રિયો-અંતઃકરણનું જાણપણું કયું જાણવું ?" પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમને જેમ જણાય છે તેમ તમને વાત કહું છું. જેનો જીવ સત્સંગે કરીને અતિશય બળને પામ્યો હોય, તેને તો અંતઃકરણની જેટલી વૃત્તિઓ કહેવાય છે તે જીવની જ વૃત્તિ છે. અને વિચાર કરીએ ત્યારે તે વૃત્તિના ચાર ક્રિયાએ કરીને ચાર વિભાગ જણાય છે. માટે અંતઃકરણ અને ઇન્દ્રિયોમાં જેટલું જાણપણું છે તે જીવનું જ છે. તેથી તે ઇન્દ્રિયો તથા અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે. ૬-૧૩. અને જ્યાં ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે.

અને જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો ક્યારેય ભૂંડું સ્વપ્ન પણ આવે નહીં. પણ જેનો જીવ નિર્બળ હોય તેને તો સાંખ્યના મતને દઢપણે અનુસરીને દ્રષ્ટા એવો જે આત્મા, તે આત્માપણે રહેવું. ૧૪-૧૬. પણ ઇન્દ્રિયો તથા અંતઃકરણ ભેળું ભળી જાવું નહીં. એવી રીતે સત્તારૂપે રહેતાં રહેતાં તેનો જીવ નિર્બળ હોય તોપણ તે બળવાન થાય છે. આમ સમજ્યા અને વિચાર્યા સિવાય જીવ બળવાન થાતો નથી. ૧૭-૧૮. અને એથી પણ બળ પામવાનો એક અતિશય શક્તિશાળી ઉપાય છે તે હવે કહીએ છીએ જે, 'ભગવાન તથા ભગવાનના સંતને વિષે જેને અપાર પ્રીતિ હોય અને તેમની સેવાને વિષે અતિશય દઢ શ્રદ્ધા હોય અને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય તેના જીવમાં સેવાની શ્રદ્ધા રાખતાં રાખતાં તત્કાળ અતિશય બળ આવે છે. ૧૯-૨૧. **માટે આ જીવને અતિશય બળ પામવાને માટે તો ભગવાન તથા ભગવાનના ભક્તની સેવા સમાન બીજો કોઈ ઉપાય નથી.** તે અમે જેમ જાણીએ છીએ તેમ તમને કહ્યું છે.

✵ જીવને બળ પમાડવાના ઉપાય :

હવે અમે અમારા અંતરની વાત તમને કહીએ છીએ. ૨૨-૨૩. જ્યારે અમે ઓગણોતેર(સં.૧૮૬૯)ની સાલમાં માંદા થયા હતા ત્યારે કૈલાસ અને વૈકુંઠધામ દેખ્યામાં આવ્યા. ૨૪. અને અમે તે વખતે નંદીશ્વરની સવારી કરી તથા ગરુડની સવારી પણ કરી, એમ અમારા દેખ્યામાં આવ્યું. પણ અમે જ્યારે વિચાર્યું ત્યારે તે સામર્થીમાં અમને કાંઈ સારું લાગ્યું નહીં. ૨૫-૨૬. પછી તો અમે કેવળ સત્તારૂપે રહેવા લાગ્યા. ત્યારે બધી ઉપાધિની શાંતિ થઈ ગઈ. પછી તેમાં પણ અમને એમ વિચાર થયો કે, **'સત્તારૂપે રહેવું તેના કરતાં પણ ભગવાન ને ભગવાનના ભક્તની સાથે દેહ ધરીને રહેવું તે સહુથી શ્રેષ્ઠ વાત છે.'** ૨૭-૨૯. માટે અમને સત્તારૂપ રહેવામાં ઘણો ડર લાગ્યો જે, 'રખે સત્તારૂપે રહીએ અને પાછો દેહ ન ધરાય !' હવે તે ડરનું કારણ કહીએ છીએ. ૩૦.

चोपाई :

देह धरिके भगवान तिनके, भगवान के भक्त जो इनके;
भेगे रहीके ताके हीता, सेवा जितनी आवहि बनीता...३१
एहि ज अतिशय श्रेष्ठ हि भारी, साधन रहाये वार पारी;
अंत समय यह जीव कु जबही, आवत हे तेहि समय तबही...३२
अनंत जात्य की आधि हि जेहा, अरु व्याधि प्रगटत तेहा;
पीछे तिनकु भगवान केरा, भगवान के संत ते वेरा...३३
ताके दरशन होवत जबहू, सब हि दुःख नाश होत तबहू;
ताके एसे महिमा रहेऊ, भगवान के भक्त के तेऊ...३४
महिमा तिनके बडे रहाते, भगवान के भक्त जो कहाते
केवल तेहि सब ब्रह्म ताकी, मूर्तियु रहाये जो वाकी...३५

દેહ ધારીને ભગવાન તથા ભગવાનના ભક્તની ભેળા રહીને તેમના માટે જેટલી સેવા બની આવે તે જ અતિશય ભારે શ્રેષ્ઠ સાધન છે. અને જ્યારે જીવને અંતસમય આવે છે ત્યારે અનંત જાતની આધિ અને વ્યાધિ પ્રગટ થાય છે. પછી તેને જ્યારે ભગવાન કે ભગવાનના સંતનું દર્શન થાય

છે ત્યારે બધાં દુઃખનો નાશ થઈ જાય છે; એવો ભગવાનનો અને ભગવાનના ભક્તનો મહિમા મોટો છે. અને ભગવાનના ભક્ત છે તે સર્વે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિ છે. ૩૧-૩૫.

માટે ભગવાનના ભક્તને વિષે ક્યારેય મનુષ્યભાવ લાવવો જ નહીં. અને જેમ પોતાના દેહનાં કુટુંબી હોય તેનું હિત ઈચ્છીને હેતથી વારંવાર વઢીને કહીએ છીએ, તથા તેઓ આપણને વઢીને કહે છતાં અંતરમાં ક્યારેય તેની આંટી પડતી નથી, તે રીતે જ ભગવાનના ભક્તની સંગાથે રાત-દિવસ વર્તવું જોઈએ. ૩૬-૩૮. **અને જેને ભગવાન તથા ભગવાનના ભક્ત સાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી.** ૩૯. અને તે ઉપરથી રીસ તો ક્યારેય ઊતરતી જ નથી. કેમ જે, આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો ક્યારેય છૂટકો થાતો નથી. માટે ભગવાનના ભક્ત છે તેમની સેવા કરવી તે બરોબર બીજું કોઈ પુણ્ય નથી અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તેના સમાન બીજું કોઈ પાપ નથી. માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેણે તો ભગવાન અને ભગવાનના ભક્તની મન, કર્મ, વચને કરીને શુદ્ધ ભાવે જિંદગીભર સેવા કરવી." ૪૦-૪૪.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ત્રેસઠમું વચનામૃત કહ્યું" એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૮

ગઢડા મધ્ય પ્રકરણનું ચોસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંવત ૧૮૮૧ના પોષ સુદિ સાતમને દિવસ સંસારના દુઃખરૂપ બંધનને ટાળનારા એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના

દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ જે પલંગ ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

❋ અવતાર-અવતારીના ભેદની વાત :

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! ભગવાનના જે અવતાર છે, તે બધા અવતાર સરખા છે કે તેમાં કાંઈ અધિક-ન્યૂનભાવ છે ?" પછી શ્રીજીમહારાજ તે મુનિ પ્રત્યે બોલ્યા, "અમે વ્યાસ મુનિના કરેલા બધા ગ્રંથોને સાંભળ્યા અને પછી પૂર્વાપરનો વિચાર કરીને વારંવાર જોયું. ૨-૯. ત્યારે તેમાંથી અમને એમ સમજાયું છે જે, મત્સ્ય, કૂર્મ, વરાહ અને નૃસિંહ આદિક જે ભગવાનના અવતાર છે, તે સર્વ અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે, પણ બીજા અવતારની જેમ શ્રીકૃષ્ણ ભગવાન અવતાર નથી, તે તો હંમેશાં અવતારી જ છે એવા શ્રીકૃષ્ણ ભગવાન કહેવાય છે. ૧૦-૧૨.

એવા જે શ્રીકૃષ્ણ પ્રભુ તે આપણા ઈષ્ટદેવ છે અને તેમનાં ચરિત્ર શ્રીમદ્‌ભાગવત પુરાણના દશમ સ્કંધને વિષે સંપૂર્ણપણે કહ્યાં છે. ૧૩-૧૪. માટે જ આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે અમે દશમ સ્કંધને અતિશય પ્રમાણ કર્યો છે. અને બીજા જે સર્વે અવતાર તે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જ છે, એમ કહ્યું છે. માટે એ અવતાર અને એ અવતારના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ છે તે સર્વેને આપણે માનવા, એમ અમે કહીએ છીએ. પણ વિશેષે કરીને તો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ હોય તેને અધિકપણે કરીને માનવા અને તેમાં અધિક પ્રેમ રાખવો." ૧૫-૧૯.

પછી (નાંદોલ ગામના) પુરુષોત્તમ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાન જીવનું કલ્યાણ કરવા માટે આ જગતને સર્જે છે તે ઘણી આશ્ચર્યકારી વાત દેખાય છે. કેમ જે, તે વિશ્વ ન રચ્યું હોય અને માયાના ઉદરમાં જીવ હોય, તેનું ભગવાન કલ્યાણ કરવા ધારે તો તે શું ન થાય ? જે આટલો મોટો

વિશ્વને સર્જવાનો પરિશ્રમ ભગવાન કરે છે ? ૨૦-૨૨. આ પ્રશ્ન હું પૂછું છું. તેનો ઉત્તર આપવા માટે આપના સમાન બીજો કોઈ સમર્થ છે નહીં."

પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, "ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તે તો રાજાધિરાજ છે અને અખંડમૂર્તિ છે. ૨૩-૨૪. તેઓ પોતાના અક્ષરધામરૂપી તખત(સિંહાસન)માં સામર્થ્યે સહિત સદાય વિરાજમાન છે. ૨૫. અને તે અક્ષરધામને આધારે અનંતકોટિ બ્રહ્માંડ અમાપ રહ્યાં છે. ૨૬. તે જેમ કોઈક મોટો ચક્રવર્તી રાજા હોય અને તેને અસંખ્ય ગામડાં હોય, તેમાંથી એક બે ગામ ઉજ્જડ થઈ જાય અથવા બે ગામ વસ્યાં હોય પણ તે તો રાજાની ગણતરીમાં પણ ન હોય. તેમ શ્રીકૃષ્ણ ભગવાન તે અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે. વળી, તે બ્રહ્માંડોનો કાંઈ એક સામટો પ્રલય ક્યારેય થાતો નથી. તેમાંથી કોઈ એકાદ બ્રહ્માંડનો પ્રલય થાય છે, તે તો ભગવાનની ગણતરીમાં પણ નથી. એવા એ શ્રીકૃષ્ણ ભગવાન અતિશય મહાન છે.

અને તે શ્રીકૃષ્ણ ભગવાનનો દેવકીજી થકી જે જન્મ તે તો કથનમાત્ર છે. આ વાત સમજવી કઠણ છે. એ શ્રીકૃષ્ણ તો સદા અજન્મા છે. ૨૭-૩૨. તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ છે, તે વ્યતિરેકપણે કરીને તો પ્રકૃતિપુરુષ થકી પર છે. ૩૩. અને અન્વયપણે કરીને તો સર્વ ઠેકાણે સદા રહ્યું છે. જેમ આ આકાશ છે તે અન્વયપણે કરીને સર્વત્ર કહેવાય છે. ૩૪. અને વ્યતિરેકપણે તો ચાર ભૂત થકી સદાય પર છે. તેમ જ શ્રીકૃષ્ણ ભગવાનનું અક્ષરધામ છે. ૩૫. અને તે ધામને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહે છે. **અને તે ધામમાં રહ્યા થકા અનંતકોટિ બ્રહ્માંડોમાં જ્યાં જેને જેવું દર્શન દેવું ઘટે ત્યાં તેને તેવાં દર્શન દે છે.** ૩૬-૩૭. **અને જેની સાથે બોલવું ઘટે તે સાથે બોલે છે. જેનો સ્પર્શ કરવો ઘટે તેનો સ્પર્શ કરે છે.** ૩૮.

જેમ કોઈક સિદ્ધ પુરુષ હોય તે એક ઠેકાણે બેઠો થકો હજારો ગાઉ સુધી જે દેખવું હોય તે દેખે, અને હજારો ગાઉની વાતને સાંભળે છે. તે રીતે જ ભગવાનમાં તે સિદ્ધ પુરુષ કરતાં પણ અપાર કળાઓ અધિકપણે રહી છે. ભગવાન પોતે અનેક સિદ્ધોના પણ અતિ મોટા સિદ્ધ છે. તે ભગવાન પોતાના અક્ષરધામમાં રહીને અનંતકોટિ બ્રહ્માંડને વિષે જ્યાં જેમ જણાવું ઘટે

ત્યાં તેમ જણાય છે. ભગવાન જેવા ધામમાં રહ્યા છે તેવા જ અહીં જણાય છે, પણ તેમાં કાંઈ અધિક-ન્યૂનપણું હોતું નથી. ૩૯-૪૨.

શ્રીહરિ પોતે તો હંમેશાં પોતાના અક્ષરધામમાં જ છે. અને તે અક્ષરધામરૂપી એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે જણાય છે તે તો પોતાની યોગકળા છે. જેમ રાસમંડળને વિષે જેટલી ગોપીઓ હતી તેટલાં જ પોતે રૂપ ધાર્યાં હતાં. ૪૩-૪૪. **માટે એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે દેખાવું એ જ ભગવાનની યોગકળાએ કરીને વ્યાપકપણું છે, પણ આકાશની પેઠે અરૂપપણે કરીને વ્યાપકપણું નથી.** ૪૫-૪૬. **અને જે ભગવાનની યોગમાયાએ કરીને પચાસ કરોડ યોજન જે પૃથ્વીનું મંડળ છે, તે પ્રલયકાળને વિષે પરમાણુરૂપ થઈ જાય છે અને તે કોઈના કળ્યામાં પણ આવતું નથી.** અને તે જ ભૂમિ પાછી સૃષ્ટિકાળને વિશે પરમાણુમાંથી વિશાળ પચાસ કરોડ યોજનની થાય છે. અને જ્યારે ચોમાસું આવે છે ત્યારે ગાજવીજ થાય છે અને મેઘની ઘટાઓ થાય છે, એ આદિક જે સર્વે આશ્ચર્ય તે ભગવાનની યોગમાયાએ કરીને થાય છે. એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે મુમુક્ષુને માટે સર્વ પ્રકારે ભજન કરવાને યોગ્ય છે, એમ જાણવું. ૪૭-૫૨. તે શા માટે ? તો બીજા જેટલા અવતારો થયા તેને વિષે તો એક કે બે કળાનો પ્રકાશ હોય છે.

અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે તો સર્વે કળાઓ રહી છે. માટે શ્રીકૃષ્ણ ભગવાન તો રસિક પણ છે અને ત્યાગી પણ છે, તથા જ્ઞાની પણ છે અને રાજાધિરાજ પણ છે. વળી, પોતે કાયર પણ દેખાય છે અને અપાર શૂરવીર પણ છે. તેમજ અપાર કૃપાળુ પણ છે અને યોગકળાને વિષે ઘણા પ્રવીણ પણ છે. ૫૩-૫૬. વળી, તેઓ અતિશય બળિયા પણ છે અને અતિશય છળિયા પણ છે. માટે સર્વ કળાએ સંપન્ન તો એક શ્રીકૃષ્ણ ભગવાન જ છે. તેના સમાન બીજા કોઈ દેખાતા નથી. અને તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ છે તેને આશ્રિત જે અનંતકોટિ બ્રહ્માંડ છે તે સદાય રહે છે. તેમાંથી **જે બ્રહ્માંડની સો વરસની આવરદા પૂરી થાય ત્યારે તે બ્રહ્માંડનો નાશ થાય છે. પણ તેણે કરીને કાંઈ સર્વે બ્રહ્માંડનો નાશ થતો નથી.** ૫૭-૬૦.

માટે પ્રલયકાળમાં જ શા સારુ કલ્યાણ કરવું જોઈએ ? સર્વે બ્રહ્માંડો વસીને સદા રહ્યા જ છે તો. આ રીતે તમારા પ્રશ્નનું સમાધાન અમે તપાસ કરીને ચોક્કસ રૂપમાં કર્યું છે." ૬૧-૬૨. આવી રીતે શ્રીહરિએ પરોક્ષપણે પોતાના પુરુષોત્તમપણાની વાત કરી. તે સાંભળીને સર્વ હરિભક્તોએ એમ જાણ્યું જે, 'જે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા તે જ આ ભક્તિ-ધર્મના પુત્ર શ્રીજીમહારાજ પ્રગટ પ્રમાણ છે.' એમ સહુએ દૃઢ કરીને જાણ્યું. ૬૩-૬૫.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચોસઠમું વચનામૃત કહ્યું" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૭૯

ગઢડા મધ્ય પ્રકરણનું પાંસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંવત ૧૮૮૧ના પોષ સુદિ એકાદશીને દિવસ ભક્તજનોનાં દુ:ખને હરનારા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની સમીપે તે વખતે પલંગ ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સહુ સભા સાંભળો, અમે ભગવાનની વાર્તા કરીએ." ૬. ત્યારે તાલ, પખાજ લઈને સંતો કીર્તન ગાતા હતા તે બંધ રહ્યા અને સર્વે હાથ જોડીને સાંભળવા બેઠા. ૭. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યારે જીવના કલ્યાણને અર્થે ભગવાનના રામ, કૃષ્ણ આદિક અવતાર થાય છે ત્યારે તેમને તો માયાનું કાર્ય એવું જે આ જગત તેમાં કોઈ ઠેકાણે ક્યારેય મોહ થતો નથી. તેથી તેઓ પોતાના અલૌકિક પ્રતાપે કરીને નિ:શંકપણે વર્તે છે. અને પોતાના જે ભક્ત તેની ભક્તિને અંગીકાર કરવા

માટે પંચવિષયને પણ ભાવથી સારી પેઠે ભોગવતા રહે છે. આમ તે પ્રગટ પ્રભુ ભક્તજનોના ભાવને ચાહે છે. તેને જોઈને સંસારમાં અખતરડાહ્યા જે મનુષ્ય છે તે પરમેશ્વરને વિષે દોષ પરઠે છે. ૮-૧૩. અને એમ જાણે છે કે, ‘આ તો પરમેશ્વર કહેવાય છે તોપણ તેમને આપણા કરતાંયે સંસારમાં વધારે આસક્તિ દેખાય છે.’ અને તેથી જ તે પોતાની તુચ્છ સમજણને લીધે ભગવાનથી વિમુખ રહે છે. ૧૪-૧૫.

અને તે ભગવાનને પોતા જેવા મનુષ્ય જાણે છે, પણ ક્યારેય ભગવાનનો જે અલૌકિક મહિમા છે તેને જાણતા નથી; એ જ ભગવાનની માયા છે. અને બ્રહ્મસ્થિતિને પામ્યા એવા જે આત્મદર્શી સાધુ, તેમને પણ જો આ સંસારને વિષે કોઈ પદાર્થ દેખીને ક્યારેય મોહ થતો નથી, તો બ્રહ્મસ્થિતિથી પર એવા જે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન, તેમને માયા તથા માયાનાં કાર્યથી નિર્લેપ રહેવાય તેમાં શું આશ્ચર્ય કહેવું !!! એ તો રહેવાય જ. અને આત્મનિષ્ઠાવાળા જે સંત હોય તેમને પણ આત્મનિષ્ઠા અને તીવ્ર વૈરાગ્ય એ બેય હોય, તેણે કરીને ક્યારેય કોઈ રીતનું બંધન તો ન થાય, પણ જો તેમને ભગવાનને વિષે ભક્તિ ન હોય તો જેમ બહુ પ્રકારનાં ભોજન અને વ્યંજન કર્યાં હોય, ને તેમાં જો એક મીઠું ન હોય તો તે સર્વે નીરસ થઈ જાય છે. તેમ જે ભગવાનની ભક્તિ કહેવાય છે તે ભગવાનની ભક્તિ વિના એકલું બ્રહ્મજ્ઞાન તથા જે તીવ્ર વૈરાગ્ય છે, તે મીઠાં વિનાનાં ભોજન જેટલાં જ નીરસ અને નિર્જીવ થઈ જાય છે અને તે સદાને માટે અકલ્યાણકારી જ છે. એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તોપણ તે શ્રીમદ્ભાગવત ગ્રંથને ભણ્યા હતા અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે દઢ ભક્તિ કરી હતી.

માટે આત્મનિષ્ઠાવાળાને જો ભગવાનને વિષે ભક્તિ ન હોય તો એ એને મોટું દૂષણ છે. અને જેને ભગવાનને વિષે ભક્તિ હોય તેને પણ જો આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય, તો ક્યારેક ભગવાનને વિષે જેવી પ્રીતિ કરતો હોય તેવી જ બીજા પદાર્થને વિષે પણ પ્રીતિ થઈ જાય. માટે એ ભક્તિમાર્ગવાળાને પણ મોટું દૂષણ છે. આ રીતે અમને જેવું દેખાય છે તેવું

કહીએ છીએ. અને જે આવો પરિપક્વ ભગવાનનો ભક્ત હોય તેણે તો ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે, માટે તેને તો પરમેશ્વર વિના બીજું સર્વે તુચ્છ જણાણું છે. ૧૬-૩૧.

ભગવાનનો યથાર્થ મહિમા જાણે છે તેથી જ તે ભક્ત કોઈ પદાર્થમાં મોહ પામતો નથી. માટે આત્મનિષ્ઠા, તીવ્ર વૈરાગ્ય અને ભગવાનને વિષે ભક્તિ, એ ત્રણેય ભેળાં હોય તો કોઈ દિવસ કોઈ જાતની ખોટ રહે નહીં. આવી રીતના જે ભગવાનના ભક્તો હોય છે તે જ્ઞાની ભક્ત કહેવાય છે, એકાંતિક ભક્ત કહેવાય છે અને અનન્ય ભક્ત કહેવાય છે. અને તેના સમાન બીજો કોઈ ભક્ત કહી શકાય નહીં." આ અંગે અમે જેવું જાણીએ છીએ તેવું તમારી આગળ કહ્યું. ૩૨-૩૫.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પાંસઠમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણએંશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૦

ગઢડા મધ્ય પ્રકરણનું છાસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંવત ૧૮૮૧ના પોષ વદિ પડવાને દિવસ સર્વ સુખના નિધિ અને પરમ આનંદસ્વરૂપ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદીતકિયા બિછવાવીને તેના ઉપર વિરાજમાન હતા. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પીળા તથા રાતી ગુલદાવદિના પુષ્પના હાર કંઠમાં વિરાજમાન હતા અને પીળા પુષ્પનો તોરો પાઘમાં ધારણ કર્યો હતો, અને ગુલદાવદિના પુષ્પના ગુચ્છ કાન ઉપર ધારણ કર્યા હતા. ૨-૬. અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને પોતાની આગળ સરોદ તથા દુકડ લઈને જેને ગાન કરતા આવડતું હતું તે મુનિઓ કીર્તન ગાતા હતા. ૭-૮. મુનિઓએ સરસ વિષ્ણુપદ ગાયાં.

જ્યારે કીર્તનભક્તિ કરી રહ્યા તે પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ તો અમારે મોટા મોટા સંતોને પ્રશ્ન પૂછવા છે." એમ કહીને પ્રથમ આનંદાનંદ સ્વામીને પૂછ્યું જે, "કોઈક એવો પુરુષ હોય જે તેને બુદ્ધિ થોડી હોય, તોપણ પોતામાં જે દોષ હોય તેને દેખે છે. ૯-૧૧. અને બીજા હરિભક્તમાં જે દોષ હોય તેને લગાર પણ ન દેખે અને તેમના અપાર ગુણોને જ દેખે. ૧૨. અને બીજો જે પુરુષ છે તેને તો ઘણી બુદ્ધિ છે, તોપણ તે પોતાના અવગુણોને લગાર પણ દેખતો નથી. ૧૩. અને બીજા હરિભક્તને વિષે રહેલા ગુણનો ત્યાગ કરીને કેવળ દોષોને જ દેખે છે. તેનું શું કારણ હશે જે, થોડી બુદ્ધિવાળો હોય તે પોતાના દોષને દેખે છે અને ઝાઝી બુદ્ધિવાળો છે તેને પોતાના દોષ સૂઝતા નથી ? એ પ્રશ્ન છે."

પછી આનંદાનંદ સ્વામીને જેવો સૂઝ્યો તેવો ઉત્તર કર્યો, પણ પ્રશ્નનું સમાધાન થયું નહીં." ૧૪-૧૭. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તેનો ઉત્તર તો એમ છે જે, **આ જન્મમાં અથવા તો જન્માંતરને વિષે તેણે કોઈક મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો છે, તે પાપે કરીને તેની બુદ્ધિ દોષથી ભરાઈ ગઈ છે. માટે એને હરિભક્તના દોષ સૂઝે છે, ૧૮-૨૦. અને પોતાના દોષ સૂઝતા નથી.** તે પ્રશ્નનો આ જ ઉત્તર છે."

✵ ભગવદાશ્રયની મહત્તા :

એમ કહીને પછી શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનને પામ્યાનું એક સાધન છે કે ઘણાંક સાધને કરીને ભગવાનને પમાય છે ? ત્યારે તમે એમ કહેશો જે, 'જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ, એ ચાર સાધને કરીને ભગવાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે એક ભગવાનના આશ્રયે કરીને જ કલ્યાણ થાય છે, એવા અનન્યભાવનો નિર્ધાર રહ્યો નહિ', એમ અમે કહીએ છીએ. તો તમે તે અંગે વિચાર કરી જુઓ." ૨૧-૨૫. પછી નિત્યાનંદ સ્વામીએ તે પ્રશ્નનો ઉત્તર બહુ પ્રકારે કર્યો, પણ જ્યારે

તેનું સમાધાન લગાર પણ થયું નહિ, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "નિશ્ચિતપણે કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે. પણ તેનો વિવેક સમજવો જોઈએ, તે અમે તમને કહીએ છીએ. ૨૬-૨૮. ભગવાન છે તે તો અતિશય સમર્થ છે. તેમની આજ્ઞાને બ્રહ્માદિક સમગ્ર દેવો પાળે છે, તથા કાળ, માયા ઇત્યાદિક જે સર્વે બ્રહ્માંડોના કારણ છે, તે પણ ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં તત્પર થઈને રહે છે. માટે ભગવાનનો ભક્ત હોય તેણે ભગવાનની આજ્ઞાને દઢપણે માથે ચઢાવીને માનવી. ૨૯-૩૧. એ જ ભગવાનના ભક્તનું મુખ્ય લક્ષણ છે. તે માટે સર્વે સાધન અતિ દઢ કરીને રાખવાં. ૩૨. એટલે એક ભગવાન વતે જ કલ્યાણ છે અને જેટલાં સાધન છે તે બધાં તો ભગવાનની પ્રસન્નતાને માટે છે. આ પ્રશ્નનો અમે કહ્યો તે જ ઉત્તર દેખાય છે."

❋ શરીરને પોતાનું રૂપ માને એ જ અજ્ઞાન છે :

પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે, "આ દેહને વિષે જીવ છે, તે સાકાર છે કે નિરાકાર છે ?" પછી તે વખતે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, "જીવ તો સાકાર છે, તેમ સમજ્યામાં આવે છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જો જીવ સાકાર હોય તો તે હાથ-પગ વગેરેથી યુક્ત થયો, તો પછી દશમ સ્કંધને વિષે વેદસ્તુતિના અધ્યાયમાં એમ કહેવામાં આવ્યું છે કે, 'ભગવાન જીવોના કલ્યાણને માટે તે જીવનાં બુદ્ધિ, ઇન્દ્રિયો, મન અને પ્રાણને સર્જે છે. જો જીવ સાકાર જ હોય તો તેને માટે બુદ્ધિ, ઇન્દ્રિય, મન અને પ્રાણ સર્જ્યાનું શું કામ છે ? માટે આ રીતનાં શાસ્ત્રનાં વચનને જોતાં તો એમ જ નિર્ધાર થાય છે કે, જે જીવ છે તે સ્વરૂપ અને સ્વભાવે કરીને સત્તામાત્ર છે અને ચૈતન્ય વસ્તુ છે. વળી, તે અનાદિ અજ્ઞાનરૂપ એવા કારણશરીરથી યુક્ત છે. જેમ ચમકપાણ છે તે લોઢાને ખેંચીને લોઢા સાથે ચોંટી રહે છે, તેમ એ જીવનો પણ ચોંટવાનો સ્વભાવ છે; તે માયિક એવાં જે સ્થૂળ અને સૂક્ષ્મ એ બંને શરીર સાથે અખંડ ચોંટેલો રહે છે. ૩૩-૪૪. અને એ જીવ અજ્ઞાને કરીને શરીરને વિષે દઢપણે પોતાપણું માને છે, પણ વસ્તુગત્યે તો આ જીવ છે તે શરીર જેવો નથી."

પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "જ્યારે ભગવાનની ભક્તિ કરીને જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, ત્યારે તે જીવને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, એ ત્રણ માયિક દેહનો સંબંધ રહેતો નથી. ત્યારે એ જીવ ભગવાનના ધામમાં જઈને કેવી રીતના આકારે યુક્ત થકો રહે છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જ્યારે આ જીવને અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે તેને માયિક ત્રણ દેહનો સંગ છૂટી જાય છે. પછી એ જીવ કેવળ ચૈતન્યભાવને પામીને સત્તામાત્ર રહે છે. પછી એ જીવને ભૂમિ આદિક જે ભગવાનની આઠ પ્રકારની પ્રકૃતિ, તેના થકી પૃથક્ જે ચૈતન્ય પ્રકૃતિ તેનો ભગવાનની ઈચ્છાએ કરીને ચૈતન્યમય દેહ બંધાય છે.** ૪૫-૫૩. અને તે ચૈતન્યમય દેહને પામીને તે જીવ ભગવાનના અક્ષરધામને વિષે સદાય રહે છે. એ રીતે આ પ્રશ્નનો ઉત્તર છે." ૫૪.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું છાસઠમું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે એંશીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૧

ગઢડા મધ્ય પ્રકરણનું છાસઠમું વચનામૃત ચાલુ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી ગોપાળાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "અષ્ટાંગ યોગ સિદ્ધ થાય છે અથવા આત્મદર્શન થાય છે, તે તો ભગવાન અને ભગવાનના સંતની કૃપાએ કરીને થાય છે. તે એ યોગ અને આત્મદર્શન સિદ્ધ થયાનું કારણ જે ભગવાન અને ભગવાનના સંત તેને વિષે વૃત્તિ ગૌણ થઈ જાય છે, અને અષ્ટાંગ યોગ ને આત્મદર્શનને વિષે અધિક અધિક લગની થાય છે તેનું શું કારણ હશે ?" ૨-૬.

પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, "એને યોગાભ્યાસ કરતા થકાં યોગ સિદ્ધ થાય છે તેનું તેને કાંઈક માન આવે છે. તેણે કરીને ભગવાન તથા ભગવાનના સંતની તરફ તેની વૃત્તિ કાંઈક ગૌણ થઈ જાય છે." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "જ્યારે સિદ્ધદશા પામે છે ત્યારે તો તે બ્રહ્મરૂપ થાય છે. તે બ્રહ્મમાં તો કોઈ જાતનું માન હોય નહીં. ૭-૯. માટે જે આ ઉત્તર કર્યો તે સંભવતો નથી." પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ માનની બાબતમાં મને કાંઈ સમજમાં આવતું નથી. માટે હવે આપ કૃપા કરીને જે માનરૂપ દોષ છે તે દોષની જેમ ખોટ ન રહે તેમ દયા કરીને કહો."

પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ તો એમ સમજવું જે, જેને પોતાની ખોટનો નાશ કરવો જ હોય તેણે મોટા સંતના વચનની સાખ્ય લઈને જેટલી ખોટ દેખ્યામાં આવે તેનો નિત્ય અભ્યાસ કરીને કાઢવી. ૧૦-૧૪. જેમ કોઈક વ્યાવહારિક કામ સિદ્ધ કરવું હોય ત્યારે સારા સારા માણસની સાયદી કરવી પડે છે, તેમ અહીં પણ શુકદેવજી જેવાની સાયદી રાખવી. ૧૫-૧૬. તે શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા, તોપણ અતિશય પ્રીતિએ કરીને શ્રીમદ્‌ભાગવતને ભણ્યા હતા, અને આજ દિવસ સુધી ભગવાનની ભક્તિને જ કરે છે. અને શૌનકાદિક અઠ્યાસી હજાર જે ઋષિઓ હતા તે બ્રહ્મરૂપ થયા છે, તોપણ સૂતપુરાણીના મુખથી ભગવાનની કથાને રાત-દિવસ સાંભળે છે. અને તેમાં તેને તૃપ્તિ થાતી નથી. ૧૭-૧૯.

એવી રીતનાં વચનની સાખ્ય ભક્તિની દૃઢતાને અર્થે જેના મનમાં વિવેક હોય તેણે લેવી. કારણ કે, જેટલો વિવેક હોય એટલો જ તે મનુષ્ય કહેવાય છે. અને જેટલી ખોટ પોતાના જાણ્યામાં ન આવતી હોય તેની કોરની ભગવાનની આગળ પ્રાર્થના કરવી જે, **'હે મહારાજ ! મારામાં જાણે અજાણ્યે જે જે ખોટ રહેતી હોય તેનો કૃપા કરીને નાશ કરજો. આપ તેનો નાશ કરવા માટે સમર્થ છો.'** ૨૦-૨૨. જેમ કોઈક માણસને માથે કલંક આવ્યું હોય અને તે કલંક ટાળવાનો કોઈ સાયદી ન હોય, ત્યારે તે લોઢાના

રાતાચોળ ગોળાને પોતાના હાથમાં ઉઠાવી લઈને પોતાના કલંકને ટાળે છે. ૨૩-૨૪. તેમ જે જે દોષ ન દેખાતા હોય, ત્યારે તે દોષને ટાળવા માટે ભગવાનની સ્તુતિ કરવી, એ તે લોઢાના ગોળાને પકડ્યા જેવી છે. ૨૫-૨૬. એમ કહીને પોતાની ખોટ ટાળવી, એ જ તમારા પ્રશ્નનો ઉત્તર છે." ૨૭.

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, "ભગવાનને યથાર્થ જાણ્યા હોય, પણ ભગવાન તો લગાર પણ ક્યારેય કાંઈ ચમત્કાર દેખાડે નહિ અને બીજા જે જંત્ર-મંત્રવાળા હોય તેઓ તો અપાર ચમત્કાર અને ઘણા પરચા દેખાડતા હોય, ત્યારે તેને દેખીને ભગવાનના ભક્તનું મન ભગવાનમાંથી કાંઈ ડગે કે ન ડગે ?" પછી મુક્તાનંદ સ્વામીએ વિનયથી યુક્ત કહ્યું કે, "હે મહારાજ ! જેને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય હોય તેને તો ભગવાન સિવાય બીજે ક્યાંય ક્યારેય પ્રતીતિ આવે જ નહીં. અને જો બીજે ઠેકાણે જરાય પ્રતીતિ આવી, તો તેને ભગવાનનો નિશ્ચય જ નથી. એ તો ગુણબુદ્ધિવાળા હરિભક્તમાં જ ગણાય, પણ યથાર્થ ભગવાનનો ભક્ત ન કહેવાય." ૨૮-૩૪.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તેનો ઉત્તર તો એ જ છે." પછી શ્રીજીમહારાજે શુક મુનિને પૂછ્યું જે, "ભગવાનનો ભક્ત હોય અને તે ભગવાન તથા ભગવાનના સંત તેને સાક્ષાત્કાર પામ્યો હોય, તેને જીવતા શી પ્રાપ્તિ થાય છે અને મર્યા પછી શી પ્રાપ્તિ થાય છે ? તે કહો." ૩૫-૩૭. પછી શુક મુનિ બોલ્યા જે, "હે મહારાજ ! હું આપને હાથ જોડીને કહું છું કે, તેનો ઉત્તર તો આપ જ કરો." ૩૮. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જેને ભગવાન અને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતા તો ભગવાનનાં કથા-કીર્તન કરતાં થકાં જ રાત-દિવસ વીતે છે અને ત્રણેય અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે. અને તે ભક્ત જ્ઞાન વડે ભગવાન સંબંધી વિચાર કરતો રહે છે. અને ભગવાન સિવાયના અન્ય પદાર્થમાત્રને વિષે તેને વૈરાગ્ય થાય છે, અને અધર્મનો ત્યાગ કરે છે તેમજ ધર્મને વિષે નિવાસ કરે છે.** અને જીવતા સુધી આ સર્વે બાબતનો શુભ અભ્યાસ કરતો રહે છે. ૩૯-૪૩.

અને જ્યારે તે ભગવાનનો ભક્ત દેહનો ત્યાગ કરે ત્યારે તેને ભગવાન પોતાના જેવો જ કરે છે. જેમ ભગવાને બ્રહ્માને કહ્યું હતું કે, 'હે બ્રહ્મા ! જેવો હું છું અને જેવો મારો મહિમા છે અને જેવાં મારાં ગુણ અને કર્મ છે તેવું મારા અનુગ્રહે કરીને તમને વિજ્ઞાન થાઓ.' આવી રીતે જેમ ભગવાને બ્રહ્માને પ્રેમથી કહ્યું હતું, તેમ જે પોતાના અનન્ય ભક્ત હોય તે સર્વને ભગવાન એવી પ્રાપ્તિ કરાવે છે. વળી જેમ ભગવાન કાળ, કર્મ અને માયાથી રહિત છે, ૪૪-૪૭. તેમ જ ભગવાનનો ભક્ત પણ કાળ, કર્મ, પાપ અને માયા થકી રહિત થાય છે. ૪૮. અને નિશ્ચિતપણે અખંડ ભગવાનની સેવામાં રહે છે. એવી દેહ છોડ્યા પછી તેને પ્રાપ્તિ થાય છે. તમારા પ્રશ્નનો આ જ ઉત્તર છે." ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું છાસઠમું વચનામૃત પૂરું થયું" એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૨

શ્રીહરિ સુંદરિયાણા જતાં સારંગપુર આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુંદરિયાણા ગામના વના શેઠે વસંતપંચમીનો ઉત્સવ કરવા માટે સંતોએ સહિત શ્રીહરિને ગઢપુરથી સુંદરિયાણા તેડાવ્યા. તે શેઠનો પત્ર સાંભળીને શ્રીહરિ ગઢપુરથી ચાલતા થયા. ૨-૩. તે સમયે ગામમાં જેટલા કાઠી દરબારો હતા તે બધા શ્રીહરિની સાથે અશ્વ ઉપર બેસીને આવ્યા. ૪. શ્રીહરિની સાથે ઘોડેસવારોની અપાર સવારી થઈ.

જ્યારે ગઢપુરથી ચાલ્યા ત્યારે તે પ્રથમ **પીપળિયા** ગામ આવ્યા. ગઢપુરમાં જેટલા અયોધ્યાવાસી હતા તે બધાને પણ શ્રીહરિએ સાથે લીધા અને સહુને રથમાં બેસાડ્યા. દસથી બાર જેટલી રથગાડીઓ જોડાવી હતી.

રથ ઉપર જે રંગબેરંગી બનાતનાં ઓછાડ નાંખ્યાં હતાં તે શોભતાં હતાં. તે બનાતનાં ઓછાડ મોતી જડિત હતાં. રથની ગાડીના બળદ ઉપર પણ મોતી જડીત બનાતની ઝૂલો નાખી હતી. ૫-૭. તેની અપાર શોભા થઈ હતી, જેનો કહ્યે પાર આવતો નથી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી આદિક સંતોને રથગાડીમાં બેસાડ્યા હતા.

શ્રીહરિ **સારંગપુર**માં આવીને રાત રહ્યા. ત્યાં જીવા ખાચરના દરબારમાં આવીને ઊતર્યા અને જે સંતો હતા તે તેમના મંદિરમાં ઊતર્યા હતા. ૮-૧૦. સારંગપુરમાં જેટલા હરિભક્તો હતા તેમણે જેને જેવો અધિકાર હતો તે પ્રમાણે શ્રીહરિ તથા સંતોની સેવા કરી. ૧૧. જીવા ખાચરના ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ભક્તજનોના મનને હરનારા શ્રીહરિ બેઠા. ૧૨. તે વખતે શ્રીહરિના અંગ ઉપર શ્વેત વસ્ત્ર સોહામણાં લાગતાં હતાં. વળી, પુષ્પના હાર પહેર્યા હતા અને પુષ્પના ગુચ્છ કાન ઉપર અપાર શોભતા હતા. અને સુશોભિત પુષ્પના તોરા પાઘ ઉપર લટકતા હતા. અને તે વખતે ભુજાઓ ઉપર પુષ્પના બાજુબંધ બાંધ્યા હતા અને પહોંચી પણ બાંધી હતી. ૧૩-૧૪.

જ્યારે સંધ્યાસમય થયો ત્યારે જેટલા સંતો તથા હરિભક્તો હતા તેમની સભા ભરાઈને બેઠી હતી. ૧૫. સંતો પૂરવ તથા ગોડીનાં કીર્તન ગાતા હતા. તેનો એટલો રસ જામ્યો હતો કે કહેતાં કહેતાં તેની તૃપ્તિ જ થતી નથી. ૧૬. શ્રીહરિની જેટલી વાત છે તેને રાત-દિવસ કહીએ, સાંભળીએ છીએ તોપણ તૃપ્તિ થાતી નથી. ઊલટાનો તેમાં અધિક ને અધિક પ્રેમ થતો રહે છે. ૧૭. **જેને ભગવાનનો ખપ હોય તેને ભગવાનની વાત અત્યંત પ્રિય લાગે છે, અને ભગવાન સિવાય બીજું બધું નઠારું લાગતું હોય છે.** ૧૮. ભગવાનની વાત સિવાય બીજી કોઈ બાબત જ્યાં સુધી પ્રિય લાગે છે ત્યાં સુધી તેને સત્સંગ કરવામાં કાચપ રહી છે, તે દેખાય છે. ૧૯. જેમાં જેટલી કાચપ હોય છે તે ભગવાનની વાતે કરીને તથા જેટલું સત્સંગમાં મન મળે(અંતરની એકતા થાય) તેણે કરીને તલ તલ જેટલી પણ દેખવામાં

આવે છે. ૨૦. **સત્સંગ કરવા છતાં જેનું મન સત્સંગમાં જેટલું મળતું નથી, તેટલું તેને સત્સંગનું સુખ સમજવામાં કે અનુભવવામાં આવતું નથી.** ૨૧.

બીજું ચાહે તેવું હોય પણ તેને સત્સંગ સમાન ન દેખે, તો તેનો સત્સંગ મૂળવાળો કહેવાય. પછી તેની તુલના કોઈની સાથે થઈ શકતી નથી. ૨૨. સત્સંગ કરવા છતાં સત્સંગનો મહિમા યથાર્થરૂપમાં સમજાતો નથી ત્યાં સુધી એ બાળબુદ્ધિમાં ખપે છે. ૨૩. તે મનુષ્ય કદાચ બ્રહ્મા જેવો બુદ્ધિમાન હોય, તોપણ બાળબુદ્ધિમાં જ ખપે છે. જે મનુષ્ય પોતાની બાળબુદ્ધિનો ત્યાગ કરીને સત્સંગમાં પ્રેમ કરે છે તેના માટે જ આ સત્સંગ છે. અને જેને સત્સંગમાં પ્રેમ નથી તેને માટે આ સત્સંગ નથી. ૨૪-૨૫. સત્સંગ સિવાય બીજામાં જેટલો પ્રેમ રહે છે તેટલો તે કુસંગ છે. તે કોઈ ભાગ્યશાળીને જ દેખાય છે. ૨૬. સત્સંગ, ભગવાન અને મોક્ષપરક શાસ્ત્રનાં જે વચન છે તેનું યુગ યુગ પ્રત્યે એક જ તાન રહ્યું છે. ૨૭.

❋ સાચા ભક્તનાં લક્ષણ :

શ્રીહરિના જે સંતો-હરિભક્તો છે તે બધા સત્સંગ અને ભગવાન સિવાય જે કાંઈ છે, તે બધાને વિઘ્નરૂપ દેખતા રહે છે. તેઓ તેમાં ક્યારેય પોતાના મનને ચોંટાડતા નથી. તેણે કરીને જે હરિભક્ત જેવા હોય તે સહુને દેખ્યામાં આવે છે. ૨૮-૨૯. પ્રહ્લાદજી અને પ્રિયવ્રત આદિક અપાર રાજાઓ ભક્ત થઈ ગયા છે. તેમની સમજણ અને વર્તન જેવાં હતાં તે બધાં શાસ્ત્રમાં બતાવી દીધાં છે. ૩૦. તેણે કરીને જેનો જેટલો મહિમા હોય છે તે બધો દેખ્યામાં આવે છે. જેટલા લોકો સત્સંગ અને ભગવાનથી વિરુદ્ધ ચાલ્યા હોય, તેમની જેવી સમજણ અને વર્તન હોય છે તેને પણ શાસ્ત્ર બતાવી દે છે. સૂર્ય જે વસ્તુ જેવી હોય તેવી દેખાડી દે છે. ૩૧-૩૨. પણ શુદ્ધ બુદ્ધિવાળાને સૂર્યના ઉપર દ્વેષ થતો નથી, તે રીતે જ ભાગવત અને ગીતા આદિક જેટલાં શાસ્ત્રો છે તેમાં જેટલી વાત છે તે સૂર્યરૂપ છે. અને સત્પુરુષોનાં રચેલાં જે ગ્રંથો, કીર્તન અને પ્રબંધો છે તે પણ સૂર્ય, દીવો, દર્પણ અને મશાલ જેવાં સુખરૂપ છે. અસત્પુરુષનાં જે ગ્રંથો, કીર્તન અને પ્રબંધ હોય; તેમજ ભગવાનનું ખંડન કરનારાં જે ગ્રંથ, કીર્તન અને પ્રબંધ હોય

છે તે બધાં સોમલખાર(ઝેર) જેવાં છે. ૩૩-૩૬. કારણ કે, તે ભગવાનનું ખંડન કરનારા ગ્રંથાદિ સદ્ધર્મ, સત્યનીતિ અને સત્ય વાતમાં દોષ દેખાડે છે. ૩૭. જેટલાં શુભ તીર્થ, વ્રત અને ધામ છે તે જે લોકો અધર્મને માર્ગે ચાલે છે તેનું ઉચ્છેદન કરે છે. ૩૮. જે જે ઠેકાણે જેટલી દોષયુક્ત બાબતો હોય છે તે ખંડન કરવા યોગ્ય છે. ૩૯. જ્યાં દોષભરી બાબતનું ખંડન ન થતું હોય તેનો મહિમા શબ સમાન-નિર્જીવ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ સુંદરિયાણા જતાં સારંગપુર આવ્યા" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૩

મહત્ત્વપૂર્ણ સત્સંગની વાત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જેટલી અસત્ય બાબતો છે તે દોષયુક્ત હોય છે. જ્યાં તે અસત્ય બાબતોનું ઉચ્છેદન થતું હોય ત્યાં સત્યયુગ કહેવાય છે. ૨. જે ગુરુ મિથ્યા બાબતોને દોષ યુક્ત જાણીને તેનું ખંડન કરતા હોય, તે જ ગુરુ સાચા છે. ૩. જે કોઈ સારા સંતો, સંન્યાસી, બ્રહ્મચારી અને પરમહંસો તથા સારા મતપંથો છે તે બધા મિથ્યા બાબતોનું ખંડન કરે છે. ૪. જ્યાં અસત્ય વાતનું નિરંતર ખંડન કરાતું હોય અને સત્ય વાતનું જ પ્રતિપાદન કરાતું હોય, એવાં જેટલાં તીર્થધામો છે તે બધાંને મોક્ષદાયક જાણવાં. જે વ્રત કરવાથી ભગવાન રાજી થતા હોય તે વ્રત મોક્ષદાયી છે. તેવી જ રીતે ભગવાન પ્રસન્ન થાય એવી જે જે બાબતો હોય, તેમજ જેને વાંચવાથી ભગવાન રાજી થાય એવાં જેટલાં ગ્રંથ, કીર્તન કે પ્રબંધ હોય, તે બધાં સદાય મોક્ષદાયક છે, એમાં રંચમાત્ર ખોટું નથી. અને જે આ સત્ય બાબતો કહી તેને જે મિથ્યા કહે, તે બધાને અસત્પુરુષ જાણી લેવા. તે જે વચન બોલે છે તેમાં જ તેનું અસત્પુરુષપણું

દેખાઈ આવે છે. અસત્પુરુષ ક્યારેય છૂપો રહેતો નથી. તે બોલતાની સાથે જ દેખાઈ આવે છે. ૫-૯.

જે માણસ જેવો હોય છે તે તેના વચનમાં દેખાઈ આવે છે, અને જેની જેવી કિંમત હોય તે પણ વચનમાં દેખાઈ આવે છે. ૧૦. પણ વચન બોલવામાં જ માણસની કિંમત કરી લે, એવા તો જનસમુદાયમાં કોઈક જ હોય છે. જ્યાં લોભનું ચલણ હોય છે ત્યાં સત્યનું ચાલતું નથી. ૧૧. કારણ કે, લોભ પૈસાનું જ સાંભળે છે, લોભ સત્યનું સાંભળતો નથી. અર્થાત્ જ્યાં લોભનું ચલણ હોય ત્યાં સાચી વાત કરતાં પૈસાને પ્રાધાન્ય અપાય છે, અને સાચી વાત સાંભળવામાં આવતી નથી. જેટલું સત્યનું ચલણ હોય છે તેટલો ત્યાં ચોક્કસ ભગવાનનો નિવાસ હોય છે. સત્ય છે તે ભગવાનનું ધામ છે. જ્યારે અસત્ય તો અધર્મનું ધામ છે અને લોભ તે અધર્મનો પ્રધાન છે. ૧૨-૧૩. લોભ અને સત્યને ક્યારેય મિત્રતા હોતી નથી. જે સત્ય છે તે અસત્યનો નાશ કરી નાખે છે. ૧૪. સત્ય ઘણું બળવાન છે. અનંત બ્રહ્માંડોમાં સત્યનું ચલણ રહ્યું છે. છેવટે તો સત્ય જ સત્કારને પામે છે. અસત્ય ચાહે તેવું હોય, તોપણ તે નિર્મૂળ છે. અસત્ય સત્યની આગળ ચોર છે. ૧૫-૧૬. જે જે દુઃખ કહેવાય છે તે બધું અસત્ય માર્ગે ચાલવામાં રહ્યું છે. સત્યસ્વરૂપ ભગવાન તે અસત્ય માર્ગે ચાલનારાને એવી રીતે દુઃખ દે છે કે, જેથી તે અસત્ય માર્ગે ચાલનારાની ફજેતી થાય. ૧૭.

❋ વાત ઉપરથી સંત-અસંત ઓળખાય છે :

જે લોકો અસત્યના મતના હોય છે તે અસત્ય માર્ગે ચાલનારનું સન્માન કરે છે. જે પોતે અસત્ય કરતો હોય છે તે બીજા અસત્ય કરનારનાં વખાણ કરે છે. તેણે કરીને જ અસત્યનું કોઈ દિવસ પ્રમાણ થાતું નથી. અસત્ય ક્યારેય સત્ય થાતું નથી, એમ અનંત કોટિ બ્રહ્માંડમાં રહેલાં શાસ્ત્રો કહે છે. ૧૮-૧૯. આ બ્રહ્માંડમાં જેટલા ભોગ-વૈભવ છે તેમાં દેવો, દૈત્યો અને મનુષ્યનું મન ચોંટી જાય છે. તેથી તેઓ તે ભોગ-વૈભવોના સંકલ્પ કરતા જ રહે છે. ૨૦. તેઓ જે જે ભોગ-વૈભવના સંકલ્પ કરે છે તે તથા તેમનાં

શરીરોએ સહિત બધું અસત્ય છે, એમ સત્પુરુષો દેખે છે. ૨૧. જે સત્પુરુષ હોય છે તે જ્યારે વાત કરે ત્યારે ઓળખાઈ આવે છે. શાસ્ત્રો, કીર્તન અને પ્રબંધોએ કરીને તથા જ્યારે તેની વાત જનોને સંભળાવે, ત્યારે તે સત્પુરુષ છે કે અસત્પુરુષ છે તે દેખ્યામાં આવે છે. જે બાબત જેવી હોય તે વાતે કરીને દેખાઈ આવે છે. ૨૨-૨૩. **ગમે તેવો ચતુર કહેવાતો હોય, તોપણ જ્યાં સુધી તે ભગવાનના સ્વરૂપમાં ચોંટતો નથી ત્યાં સુધી તેને સંસારમાં ભટકવાનું રહે છે.** ૨૪. મનુષ્યમાં અપાર બુદ્ધિ હોય તોપણ તેને જ્યાં સુધી સંસારનું ભટકણ રહે છે, ત્યાં સુધી તેને તેની બુદ્ધિનું તલભાર કે લગાર પણ ફળ મળ્યું નથી. ૨૫.

❋ સત્સંગમહિમા :

ચાહે તેવા ડાહ્યા ગણાતા હોય તેવા લોકો પણ સત્સંગ વિના જે રીતે બંધન થાય તે રીતે જ કરતા હોય છે. ૨૬. **મનુષ્ય જ્યાં સુધી બંધનોને ઓળખતો નથી, ત્યાં સુધી તે ચિંતામણિ જેવા મનુષ્યદેહને વ્યર્થ ગુમાવે છે.** ૨૭. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને સંસારનું ભટકણ છૂટતું નથી. ૨૮. માટે સત્પુરુષો પણ એમ કહે છે કે, 'મનુષ્ય સત્સંગ સિવાયના અપાર સાધન કરે તોપણ તેનાથી તેને સંસારનું બંધન છૂટતું નથી. ૨૯. સત્સંગની તુલના સ્વર્ગ તથા મોક્ષની સાથે પણ થઈ શકતી નથી', એમ સત્પુરુષો કહે છે. પણ જે અપરાધી મનુષ્યો છે તે આ વાતને માનતા નથી. ૩૦.

કોઈને બ્રહ્માંડ ભરાય તેટલું દ્રવ્ય મળે, બ્રહ્માંડમાં જેટલા મનુષ્યો છે તે આવીને તેને પગે લાગે, કોઈ મનુષ્ય નિત્ય કરોડો ગાયોનું દાન આપે, બ્રહ્માંડમાં જેટલા વિપ્ર છે તેને નિત્ય જમાડે, જેટલાં તીર્થ તથા વ્રત કહેવાય છે તે બધાને કરતો રહે, પરંતુ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતા ત્યાં સુધી તે બધું વ્યર્થ છે. અને વળી, ગંગાના પાણીથી રોજ સ્નાન કરે, સત્સંગ સિવાયના જેટલા ભેખધારીઓ છે તે બધાને રોજ જમાડે અને ભાવથી પૂજે, પણ સત્સંગ ઉપર દ્વેષ રાખે અને સત્સંગની વાતને ક્યારેય સાંભળે નહિ, તે સિવાયની બીજી વાતોને સાંભળતો રહે, સત્સંગની વાતો સિવાય

બીજી વાતોમાં મનને ચોંટાડતો રહે, પણ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે સર્વે નકામું છે. જેટલાં શુભ સાધન છે તે બધાંનું ફળ તો આ સત્સંગ છે. ૩૧-૩૫.

જેટલાં તે ફળ વિનાનાં સાધન છે તેનાથી સંસારનું બંધન છૂટતું નથી. જેમને સત્સંગની વાત ઉપર પ્રીતિ થાય છે, તેને જેટલું સંસારનું બંધન હોય તે બધું છૂટી જાય છે. અને તેનાં બધાં જ સાધન પૂરાં થઈ જાય છે, આવો સત્સંગ મહત્ત્વપૂર્ણ છે. ૩૬-૩૭. આમ જાણીને જે સત્સંગ કરે છે તેનો સત્સંગ પાયાવાળો છે. એવા ભક્તને જગતના લોકો ક્યારેય સત્સંગ છોડાવી શકતા નથી. ૩૮. જે માણસ જાણે કે અજાણે સત્સંગ કરે, તો તે સત્સંગને તુલ્ય બીજું કોઈ સાધન થતું નથી. ૩૯. **કોઈ જાણે કે અજાણે જો સત્સંગનો સત્કાર કરે, તો તે સંસારના પારને પામી જાય છે; આવો આ સત્સંગનો મહિમા છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "મહત્ત્વપૂર્ણ સત્સંગની વાત કહી" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર અઠ્ઠયાવીશમું : તરંગ - ૮૪

શ્રીહરિ સારંગપુરથી સુંદરિયાણા ગયા ત્યારે હરિભક્તો સન્મુખ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ સારંગપુરમાં એક રાત રહીને ચાલ્યા તે **ગુંદા** ગામ થઈને **જાળીલા** ગામ આવ્યા. ૨. શ્રીહરિ પધારી રહ્યા છે એમ જાણીને **સુંદરિયાણા** ગામના હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩. જેની પાસે અશ્વ હતા તે અશ્વ ઉપર બેસીને આવ્યા અને જેને ઘેર ગાડી હતી તે ગાડીમાં બેસીને આવ્યા હતા. ૪. કેટલાક હરિભક્તો પગપાળા આવ્યા. સહુના દિલમાં આનંદ આનંદ છવાયેલો હતો. શ્રીહરિ રસ્તામાં જ્યાં મળ્યા ત્યાં સહુ તેમનાં ચરણકમળમાં

પડ્યા. સહુએ એક એક શ્રીફળ શ્રીહરિ આગળ ધર્યું. ૫. પછી સહુ સંતોનાં ચરણમાં પણ પડ્યા. તે વખતે વના શેઠે બહુ હેત લાવીને શ્રીહરિની આગળ કહ્યું, **"હે નાથ ! આપ તથા સંતો-હરિભક્તો અહીં પધાર્યા, તે આવો અવસર પહેલાં ક્યારેય આવ્યો નથી અને હવે આવશે પણ નહીં. હે સ્વામીનાથ ! આપ પધાર્યા તેથી કોઈ ખામી રહી નથી.** ૬-૭. હવે આ સુંદરિયાણા ગામમાં વસંતપંચમીનો રૂડો ઉત્સવ થશે. હે ભક્તજનપ્રતિપાલક ! અમે કેસર, કેસૂડાં, પતંગ તથા ગુલાલ લાવી રાખ્યાં છે." ૮.

ત્યારે શ્રીહરિએ વના શેઠને કહ્યું કે, "તમે સત્સંગને અર્થે બીજા કોઈની સાથે પ્રેમ રાખ્યો નથી. તમારા બધા ભાઈઓએ પણ સત્સંગ વિના કાંઈ અધિક રાખ્યું નથી. તેથી જે સત્સંગના દ્રોહી લોકો કહેવાય છે તેમણે તમારી નિષેધ-નિંદાની બહુ વાતો કરી, અને તમારા બધાનો ત્યાગ કરી દીધો છે. તે ઉપરથી તમારાં સગાંસંબંધીઓ ઓળખાઈ ગયાં છે. ૯-૧૦. સત્સંગ સિવાયનું જે કાંઈ છે તે બધું કુસંગ છે. જે જે અયોગ્ય બાબત હોય છે તે ત્યાગ કરવા લાયક છે. ૧૧. સત્સંગ ન હોવાથી વર્ણાશ્રમી લોકો બધી અયોગ્ય બાબતોને કરતા રહે છે, છતાં તેની મનમાં કાંઈ શંકા પણ કરતા નથી. ૧૨. સત્સંગ અને કુસંગમાં અપાર ફરક હોય છે. સત્સંગ સૂર્ય સમાન છે અને કુસંગ અપાર અંધારા જેવો છે. ૧૩. સર્વે હરિભક્તો હંસ જેવા છે. જે જે સાર બાબતો છે તે મોતી છે. તે હંસ જેવા વિવેકી હરિભક્તો મોતી જેવી નિર્દોષ બાબતોનો જ સંગ્રહ કરે છે, સ્વીકારે છે. ૧૪.

❋ અયોગ્ય વાત કે વિષય ત્યાગે તે જ સાચો ભક્ત છે :

જેટલી અયોગ્ય બાબત હોય તેને હરિભક્તો દેખીને જ તજી દે છે અને જે યોગ્ય બાબત હોય તેને જોઈને ગ્રહણ કરે છે. ઈન્દ્રિયો તથા અંતઃકરણના આહાર અને તેની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન હોય છે. ૧૫-૧૬. જે હરિભક્ત હોય છે તે ઈન્દ્રિયો તથા અંતઃકરણની બધી જ પ્રવૃત્તિ યોગ્ય રૂપમાં કરાવતા રહે છે. ૧૭. તેઓ પોતાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ પાસે જે અયોગ્ય બાબત હોય તેની અરુચિ રખાવે છે. ઈન્દ્રિયો તથા અંતઃકરણનાં ચૌદ દ્વાર છે. ૧૮. જે સાચા હરિભક્તો છે તે યોગ્ય બાબતોને જ તે તે ઈન્દ્રિયના દ્વારમાં આવવા

દે છે. અને જે અયોગ્ય બાબત હોય તેનો ત્યાગ કરાવે છે. જે તે બાબતનું તત્ત્વ જોઈને તેને સ્વીકારે છે. ૧૯. સત્સંગ સિવાયના બીજા લોકોને કુસંગી કહેવાય છે. તે લોકો વિવેક રાખ્યા વિના યોગ્ય કે અયોગ્ય બધી વાતોને ગ્રહણ કરી સંગ્રહ કરી રાખે છે. ૨૦. ચાર વર્ણ અને ચાર આશ્રમમાં જે લોકો અયોગ્ય વાતમાં દોષ દેખતા નથી, તેઓ સન્માર્ગે ચાલનારામાં દોષ દેખાડે છે. ૨૧.

તેથી તે પાપે કરીને તેને પોતામાં રહેલા દોષો નિર્દોષ દેખાય છે. અને જે કુસંગી લોકો ન કરવા યોગ્ય બધાં કામ કરતા રહે છે. ૨૨. તે કુસંગી લોકોના દોષોને સત્સંગનો દ્રોહ કરનારાઓ ક્યારેય લગારેય દેખતા નથી. કેમ જે, તેઓ જે પોતા જેવા જ દોષ ભરેલા હોય તેનો સંગ મરણપર્યંત પ્યારો રાખે છે, અને હરિભક્તોની સાથે વૈર રાખે છે. ૨૩. હરિભક્તને નિર્દોષ જોઈને દોષે યુક્ત તે લોકો અદેખાઈ કરે છે. અર્થાત્ નિર્દોષમાં દોષારોપણ કરે છે. આ દુનિયામાં દોષવાળા માણસો તો અગણિત છે અને નિર્દોષ મનુષ્ય તો કોઈક જ હોય છે. ૨૪. જે લોકો સાચો સત્સંગ કરે છે તે બધા નિર્દોષ હોય છે, છતાં દોષથી ભરેલા કુસંગીઓ તે નિર્દોષ હરિભક્તોને નાત બહાર કરે છે. જેટલા દોષિત લોકો હોય છે તેમને તો પોતાના દોષ છાના રાખવાનો જ મતલબ હોય છે. ૨૫-૨૬.

જેમાં બિલકુલ દોષ ન હોય એવા હરિભક્તો આવી વાતો કરે છે. તેમાં દોષવાળા માણસો પણ જરાય શંકા કરી શકતા નથી. ૨૭. તેને લીધે જેમાં ગમે તે પ્રકારના કોઈ દોષ હોય તેવા કુસંગી લોકો હરિભક્તનું નામ લેતા નથી અને હરિભક્તથી ડરતા રહે છે. ૨૮. સત્સંગની બધી વાતો સહજ સ્વાભાવિક એવી હોય છે કે, જેમાં જેવા દોષ કે ગુણ હોય તેને જાહેર કરતી રહે છે. ૨૯. જે લોકો દોષને પણ ગુણ માને છે તેને નિર્દોષ બાબત પણ રુચતી નથી. જેની નાતમાં છાની રીતે અપાર વ્યભિચાર થતો હોય તથા મા, દીકરી અને બહેનના સંગમાં પણ દોષ ન માનવામાં આવતો હોય, અને વળી ન કરવાનાં કર્મો ગુપ્ત રીતે કરાતાં હોય, તેના તે બધા દોષોને હરિભક્ત તો પાપ માને છે. આ રીતે હરિભક્તો અને બિન હરિભક્તોમાં

અપાર ફરક રહ્યો છે. ૩૦-૩૨. હરિભક્તને તો જેમ ભગવાન રાજી થાય તેમ જ કરવું હોય છે. જ્યારે હરિભક્ત સિવાયના લોકો તો ભગવાનનો પણ ડર રાખતા નથી. ૩૩.

❋ જે જેવાં કર્મ કરે તે તેવું ફળ પામે :

જે અતિ પાપી લોકો હોય છે તે હરિભક્તને દુઃખ દે છે. પરંતુ જે લોકો તે દુઃખ દેનારાથી હરિભક્તની સહાય કરે છે, તેનાં સર્વે પાપો નાશ થઈ જાય છે. અને જે હરિભક્તને દુઃખ દે છે તેનું પાપ તો કરોડો કલ્પ સુધી કરોડો ઉપાય કરે તોપણ છૂટતું નથી. કારણ કે તે વજ્લેપ થઈ જાય છે. હરિભક્તને દુઃખ દઈને જે લોકો અહીં ખુશ થાય છે, તેમને તેનાથી કરોડગણું દુઃખ ભોગવવું પડે છે. ભલે અહીં તે મનફાવે તેમ કરે કે ચાલે. ૩૪-૩૭. જે મનુષ્ય જેવાં કર્મ કરે છે તેને તેવું ફળ ભગવાન આપે છે. ભગવાન જીવે કરેલાં શુભ-અશુભ કર્મને ભૂલતા નથી. ૩૮. **માટે જે ખરા હરિભક્તો છે તે જેમાંથી અતિ સુખ થાય એવાં જ કાર્યો જોઈ તપાસીને કરે છે.** ૩૯. પણ જેમાંથી દુઃખ ઉપજે એવા માર્ગે ચાલતા નથી. કેમ જે, પહેલા તેઓ બરાબર તપાસીને દેખે છે. તપાસ કર્યા વિના કાંઈ કામ કરતા નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ સારંગપુરથી સુંદરિયાણા ગયા ત્યારે હરિભક્તો સન્મુખ આવ્યા" એ નામે ચોર્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૫

સાચા સદ્‌ગુરુ અને મિથ્યા ગુરુનું સ્વરૂપ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ સુંદરિયાણા ગામને નજીક આવ્યા, તે વખતે ત્યાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. ૨. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. શ્વેત સુરવાળ તથા શ્વેત ડગલી પહેરી હતી. ૩. મસ્તક ઉપર શ્વેત પાઘ શોભી રહી હતી. કસુંબી રેંટો

કમર ઉપર બાંધ્યો હતો. ૪. તેના પાલવ સોનેરી અને મોટી મોટી ભાતવાળા હતા. તેની શોભાદાર સોનેરી કોર અતિશય સોહામણી લાગતી હતી. અને તેવો સોનેરી કોરવાળો બીજો એક રેંટો ખભા ઉપર ધારણ કર્યો હતો. જે ઝગમગ ઝગમગ ચમકતો હતો. વળી, છટાદાર સોનેરી છત્ર શ્રીહરિના મસ્તક ઉપર સોહામણું લાગતું હતું. ૫-૬. તે છત્ર ઉપર સુંદર સોનેરી કળશ હતો અને છત્રનો સોનેરી દંડ પણ અતિશય શોભતો હતો. ૭. મુકુંદાનંદ વર્ણી હાથમાં સોનેરી ચામર લઈને શ્રીહરિ ઉપર ઢોળી રહ્યા હતા.

આ રીતે શ્રીહરિ ચાલ્યા આવતા હતા, શ્રીહરિની પાઘમાં પીળા, રાતા અને સફેદ ગુલદાવદીના ફૂલના તોરા લટકતા હતા. કાનમાં ફૂલના ગુચ્છ ધાર્યા હતા. ૮-૯. તે વખતે શ્રીહરિએ ધારણ કરેલા ફૂલના હાર, બાજુબંધ અને પહોંચી ઘણા શોભતા હતા. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. શ્રીહરિ મુખથી મંદ મંદ હાસ્ય રેલાવતા હતા. ૧૦. જમણા હાથમાં રેશમી કોરનો રૂમાલ રાખ્યો હતો અને ડાબા હાથમાં અશ્વની રંગબેરંગી સોનેરી લગામ પકડી રાખી હતી. પરમ દયાળુ તથા ભક્તજનપ્રતિપાલક એવા શ્રીહરિજી મહારાજના હાથમાં મોતીજડિત સોનેરી છડી શોભતી હતી. ૧૧-૧૨. ઘોડાના રંગબેરંગી અને સોનેરી બધા સાજ-શણગાર જેવા શોભી રહ્યા હતા, તે રીતે તેનું વર્ણન થઈ શકતું નથી. ૧૩.

❋ શ્રીહરિની સર્વે વાતો બંધન તોડનારી છે :

શ્રીહરિની સર્વે બાબતો અતિશય અમાપ જ હોય છે. તેથી તે એવી જ હોય છે કે તે કોઈના માપમાં ન આવે. ૧૪. કોઈ અમાપ વસ્તુનું માપ કરવા ચાહે, પણ જે અમાપ હોય તે વસ્તુનું માપ થઈ જાય તો તેને અમાપ કેમ કહેવાય ? ૧૫. જે અમાપ વસ્તુ હોય, એ જેટલી માપમાં આવે તેટલી કહી શકાય છે. પરંતુ જે અમાપ છે તે તો અમાપ જ રહે છે. ૧૬. જેટલી કાંઈ અમાપ વસ્તુઓ છે, તેમાં ભગવાન જેટલું બીજું કોઈ અમાપ નથી; ભલે તે ગમે તેટલું અમાપ કહેવાતું હોય. ૧૭. **સત્યસ્વરૂપ શ્રીહરિની યત્કિંચિત સર્વે વાતો જો પ્રેમથી સાંભળવામાં આવે તો તે સંસારના બંધનને છોડાવનારી છે.** ૧૮.

ભગવાનમાં જેટલો પ્રેમ થાય છે તેટલું સંસારનું બંધન છૂટે છે, પણ ભગવાનમાં પ્રેમ કરવો તે ઘણું કઠણ છે. માટે મનુષ્યે સત્યરૂપી એવી ભગવાનની વાતમાં જ પ્રેમ કરવો જોઈએ, અને દુનિયાની અસત્ય વાતથી હેત તોડવું જોઈએ. ૧૯. ભગવાન સંબંધી સાચી વાતમાં જેટલું હેત હોય છે તેટલું સંસારનું બંધન છૂટી જાય છે. જેટલા ભગવાનના ભક્તો છે તે ભગવાન સંબંધી વાતમાં રોજ રોજ અપાર પ્રેમ કરે છે. કેમ જે, તેઓ ભગવાનની વાતમાં જેવો સાર છે તેવો બીજી કોઈ વાતમાં સાર માનતા નથી. સાચા ભક્તને ભગવાનની વાત જેવી બીજી કોઈ વાત પ્રિય લાગતી નથી. ૨૦-૨૧. ભગવાનની કથા અને કીર્તનને સાંભળવાનું એ જ ફળ છે. કેમ જે, જેટલી ભગવાનની વાતો છે તે ભગવાનમાં પ્રેમ કરાવનારી છે. ૨૨.

ભગવાનની વાત સિવાયની બીજી વાત ક્યારેય સત્ય ન મનાય, તથા ભગવાનની બધી વાતો ભવબંધન છોડાવનારી છે, અને ભગવાનની વાત સિવાયની બીજી બધી વાતો તો સંસારમાં બંધન કરાવનારી છે; આવી હકીકત વાત જ્યારે સમજમાં આવે છે ત્યારે તે મનુષ્યદેહ મળ્યાનું ફળ પામ્યો કહેવાય. ૨૩-૨૪. સત્પુરુષો ભગવાનની જેટલી વાત છે તે બધી વાતને સત્ય જાણે છે, અને ભગવાન સિવાયની જે વાત છે તેને અસત્ય જાણે છે. ૨૫. વળી, જેટલાં સત્શાસ્ત્ર છે તેમાંની બધી વાતો ભગવાનની વાતને સત્ય કહે છે, અને તે સિવાયની જેટલી વાતો છે તેને મિથ્યા કહે છે. ૨૬. ભગવાનની વાતોને જે મિથ્યા કહે છે તેવાં શાસ્ત્ર અસચ્છાસ્ત્ર કહેવાય છે. જે અસત્પુરુષ હોય છે તે ભગવાનની વાતને મિથ્યા કહે છે, અને તેને લીધે તેનું અસત્પુરુષપણું તરત દેખાઈ આવે છે. ૨૭-૨૮. જેટલા અસત્પુરુષ છે તેના બધાં સાધનો સ્ત્રી-ધન મેળવવા, પેટ ભરવા તથા દુનિયાને ધૂતવા માટેનાં હોય છે. ૨૯.

આ જગતમાં જેટલા અસત્ ગુરુ છે તેમાં કોઈ રીતનું ધર્મ સંબંધી એક પણ યોગ્ય સાધન હોતું નથી. ૩૦. ધર્મ છે તે સર્વોત્તમ અમૂલ્ય આભૂષણ છે. છતાં જેટલા અસત્ ગુરુઓ છે તેમાં ધર્મથી યુક્ત એક પણ નિયમ હોતો

નથી. ૩૧. જે નર-નારીઓને ધર્મ-નિયમથી યુક્ત અમૂલ્ય આભૂષણ મૂળગાં રુચતાં નથી, તેઓ અસત્ ગુરુઓને ભગવાન કરતાં પણ અધિક માનીને પોતાનું સર્વસ્વ તેને આપે છે. અને એવા બધા લોકો તેની કીર્તિ ગાય છે. ૩૨-૩૩. આ જગતમાં જે સાચા ગુરુ છે તે સત્શાસ્ત્રને માને છે. તેમજ ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન આદિક સાધનોથી યુક્ત થઈને ભગવાનમાં પ્રેમ કરતા રહે છે. ભગવાન તથા ધર્મના પરિવાર સિવાયની ગમે તેવી વાત હોય, તોપણ તે વાત અધર્મવંશના પરિવારની ગણાય છે, એમ સાચા ગુરુ પ્રેમથી બતાવી દે છે. ૩૪-૩૫.

જેટલા અસત્ ગુરુઓ છે તે બધા પોતાના શિષ્યોને એવી વાત કરતા રહે છે કે, આશ્રયમાં જીવનો જેવો મોક્ષ રહ્યો છે તેવો મોક્ષ આશ્રય સિવાયની બીજી અપાર બાબતો છે, તેમાં પણ રહ્યો નથી. આશરા સિવાયનાં જેટલાં સાધન છે તે બધાં આશ્રયના મજૂર કહેવાય છે. ૩૬-૩૭. જેટલાં કલ્યાકારી સાધન છે તે બધાંનો સરદાર આશરો કહેવાય છે. આશ્રય જ સંસારને તારનારો છે, તેમાં લગાર પણ મિથ્યા નથી. ૩૮. આવી અસત્ ગુરુઓની વાત સાંભળીને અસત્ય આચરણવાળાં નર-નારીઓ આશ્રયને જ મુખ્ય કરીને માને છે. ૩૯. પણ સાચા સદ્ગુરુઓ તો એમ કહે છે કે ગમે તેવો આશ્રય હોય, પણ ધર્મવંશના સદ્ગુણો વિના એકલા આશરાથી ક્યારેય જીવનો ઉદ્ધાર થતો નથી. ૪૦. જે સાચા સદ્ગુરુ અને સાચા સત્સંગી હોય છે, તેને મિથ્યા ગુરુઓ અને તેના મિથ્યા આશ્રિતો અસત્ય કહે છે. ૪૧.

જે ભગવાનનો ડર રાખતા નથી તે પોતે ભગવાન થઈને પૂજાય છે. આવા વાસ્તવમાં ભગવાન ન હોવા છતાં પણ ભગવાન થઈને પોતાને પૂજાવનારા અસત્ ગુરુ અને તેના અસત્ શિષ્યો મરીને જમપુરીધામને પામે છે. અસત્યનું ફળ અસત્ય જ મળે છે કે, જે ફળમાં એકલું દુઃખ જ રહેલું છે, જેમાં તલભાર પણ સુખ હોતું નથી. જે મિથ્યા ભગવાન થઈને પૂજાય છે તેનાં દુઃખનો કરોડો કલ્પ સુધી પણ પાર આવતો નથી. પછી તેઓ અપાર રુદન કરે છે. આ રીતે જ્યારે અસત્યનું ફળ ભોગવે છે, ત્યારે તેને અસત્યનું જ્ઞાન થાય છે. ૪૨-૪૫.

✵ જે સદ્‌ગુરુનો સમાગમ કરે તેને અક્ષરધામ વરે :

જે અસત્ ગુરુના સંગી હોય છે તેને તેના આશ્રયનું જેવું મૂર્તિમાન ફળ હોય છે તે દેખાઈ જાય છે. અર્થાત્ અસત્ ગુરુના સંગીને જમપુરીરૂપ ફળ મળે છે. જે સાચા સદ્‌ગુરુને મિથ્યા કહેનારા લોકો હોય છે તેને તે અસત્યનું ફળ જમપુરીમાં મળે છે. ૪૬-૪૭. **સાચા ગુરુના સમાગમ કરનારાં જે સત્સંગી બાઈ-ભાઈ હોય છે, તેમને માટે તો શાશ્વત અક્ષરધામ રહ્યું છે. જેને પામીને તેમને આવવા-જવાનું રહેતું નથી.** ૪૮. જ્યારે મનુષ્યને સાચા સદ્‌ગુરુ મળે છે ત્યારે તેને સાચે માર્ગે ચલાવે છે. તેમજ જેટલા અસત્ય માર્ગ છે તે બધાને બતાવી દે છે. ૪૯. સત્ય માર્ગે ચાલવાનું ફળ સુખ છે અને અસત્ય માર્ગે ચાલવાનું ફળ દુઃખ છે. ૫૦. જે સત્સંગી થયા છે તે મન, કર્મે કરીને સાચા ભગવાન તથા સાચા સદ્‌ગુરુને સેવતા રહે છે. ૫૧. પરંતુ મિથ્યા ગુરુઓ અને તેનો સમાગમ કરનારા ખોટા લોકો સત્સંગીઓને દેખીને રાત-દિવસ બળી મરે છે." ૫૨.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સાચા સદ્‌ગુરુ અને મિથ્યા ગુરુનું સ્વરૂપ કહ્યું" એ નામે પંચાસીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૬

સુંદરિયાણામાં વના શેઠની રસોઈ જમીને સાંજે સભામાં આરતી-ધૂન કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુંદરિયાણા ગામના હરિભક્તો પ્રેમી હતા. તેમણે ગામના બધા રાજમાર્ગોને સ્વચ્છ કર્યા અને પાણી લાવીને છાંટીને સારા કરી દીધા. ૨. બજારમાં જેટલી દુકાનો હતી તેને રંગબેરંગી કરીને શોભાડી. વળી તે વખતે ફળ સાથેની કેળના સ્તંભ રોપાવી દીધા. ૩. ગામને દરવાજે આંબાનાં પાંદડાંની સાથે શ્રીફળનાં તોરણ બાંધ્યાં. ૪.

પછી શ્રીહરિ સંતો તથા હરિભક્તોએ સહિત સુંદરિયાણા ગામમાં પધાર્યા. સંતો, હરિભક્તો, વાજિંત્રવાળા અને નિશાનો, એ બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. ૫. હરિભક્તો ઝાંઝ તથા મૃદંગ લઈને ઉત્સવ કરતા હતા. શ્રીહરિના જેટલા પાર્ષદો હતા, તે બધા બંદૂકના અવાજ કરતા હતા. ૬. શ્રીહરિની સવારીની પાછળ જેટલી હરિભક્ત બાઈઓ ચાલી આવતી હતી, તે બધી પ્રેમથી મંગળમય ધોળના કીર્તન ગાતી હતી. સહુના દિલમાં ઘણો ઉત્સાહ છવાયેલો હતો. ૭. ગામના જેટલા લોકો હતા તે શ્રીહરિનાં દર્શન કરવા માટે રાજમાર્ગમાં આવીને ઊભા હતા અને મુખથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. ૮. સહુ બંને હાથ જોડી મસ્તક નમાવતા હતા. સહુના હૃદયમાં આનંદનો સાગર સમાતો નહીં.

પછી શ્રીહરિ આવીને વના શેઠના ભવનમાં પધાર્યા. ભવનના માળ ઉપર શ્રીહરિએ ઉતારો કર્યો અને અયોધ્યાવાસી સહુ બાઈ-ભાઈને ભગા શેઠને ઘેર ઉતારો અપાવ્યો. જે સારા ક્ષત્રિય હરિભક્ત હતા તેને ઘેર શ્રીહરિની સાથે આવેલા કાઠી દરબારોને ઉતારો અપાવ્યો. સુંદરિયાણા ગામના પટેલ-મુખી હરિભક્ત હતા. તેથી શ્રીહરિ તેના ઘરની ઓસરી ઉપર જે પલંગ બિછાવ્યો હતો તેના ઉપર આવીને બેઠા. ૯-૧૩. ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થઈ. તેમાં સર્વ સંતો જ્યારે કીર્તન ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ પણ તેમની સાથે કીર્તન ગાતા હતા. ૧૪. ઉત્તરાદા બારનાં તે બે ત્રણ ભવન હતાં, તેની આગળ રહેલો વિશાળ ચોક સભા કર્યા જેવો હતો. ૧૫.

બીજી બાજુ રસોઈ તૈયાર થઈ. જલેબી તથા મોતીચૂરના લાડુ અને અનેક પ્રકારનાં બીજાં ભોજન પણ ભાવથી કર્યાં હતાં. ૧૬. ભજિયાં, વડાં, કેટલીક પ્રકારનાં રાયતાં પણ કર્યાં હતાં. તાંદળજો અને મેથીની સુંદર ભાજી કરી હતી. ૧૭. રીંગણાંનું શાક કર્યું હતું અને કમોદ જાતનો ભાત કર્યો હતો. ભાત સાથે જમવા માટે દૂધ મગાવી રાખ્યું હતું. ૧૮. દૂધમાં સાકર નખાવી હતી. આજે વના શેઠની રસોઈ હતી. તેમના મનમાં જેવા મનોરથ હતા તે પ્રમાણે પ્રેમથી રસોઈ બનાવડાવી હતી. ૧૯. તેમણે રસોઈ

પોતાને ઘેર કરાવી હતી. અયોધ્યાવાસીઓએ પણ ત્યાં આવીને શ્રીહરિને માટે રસોઈ કરી હતી.

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિને વના શેઠ બોલાવવા માટે આવ્યા. તેથી શ્રીહરિ તેમની સાથે જમવા ચાલ્યા અને વના શેઠને ઘેર આવ્યા. ૨૦-૨૧. પાણી ગરમ કરીને તૈયાર કરી રાખ્યું હતું. પછી બ્રહ્મચારીએ શ્રીહરિને નવડાવ્યા. નાહી રહ્યા પછી રૂમાલ લઈને તત્કાળ શરીર કોરું કર્યું. ૨૨. એક પીતાંબર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. પછી ધોયેલી ચાખડીઓને ચરણમાં પહેરી. ૨૩. પછી ભક્તજનસુખદાયક શ્રીહરિ ઘરમાં આવીને ચાંદીના બાજોઠ ઉપર બેઠા. તે વખતે જેટલાં ભોજન તૈયાર કર્યાં હતાં, તે બધાં પાત્રમાં ભરી ભરીને આગળ મૂક્યાં. ૨૪. અન્નકૂટ કરતાં પણ વધારે પકવાન લાવીને ધર્યાં. તે સિવાય બીજાં પણ કેટલાંક ભોજન ધરાવ્યાં. ૨૫. જ્યારે બધાં ભોજન પીરસાઈ ગયાં ત્યારે શ્રીહરિ જમ્યા. શ્રીહરિ હરિભક્તને બોલાવીને રાજી કરતા હતા. ૨૬. શ્રીહરિ હરિભક્તને બોલાવીને પૂછીને તેના સત્સંગની દૃઢતાને તપાસતા. વના શેઠના જેટલા સંબંધીઓ હતા તે બધાને પણ શ્રીહરિએ બોલાવીને રાજી કર્યા. તે રીતે વના શેઠના સત્સંગમાં જે વિક્ષેપ હતો તેના મૂળને શ્રીહરિ કાપી નાખતા હતા. ૨૭-૨૮.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતોના મંદિરમાં સંતોની પંક્તિ કરાવી. તે સમયે વના શેઠ તથા તેના પુત્ર હીરાલાલ હાથમાં કેસરયુક્ત ચંદન લઈને આવ્યા. પછી શ્રીહરિની પ્રેમથી પૂજા કરી તથા ફૂલના હાર પહેરાવ્યા. ૨૯-૩૦. જ્યારે શ્રીહરિની પૂજા કરી લીધી ત્યારે અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી, સીતારામજી અને બદરીનાથજીની ઘણા હરખથી પૂજા કરી. તે પછી જ્યારે સંતોની પૂજા કરી લીધી, ત્યારે શ્રીહરિ સંતોને પીરસવા લાગ્યા. ૩૧-૩૨. જેટલાં પકવાન હતાં તે બધાં શ્રીહરિએ પીરસ્યાં. બીજાં ભોજન, શાક, અથાણું અને પાપડ સુધીનું જે કાંઈ હતું તે બધું સંતોને પીરસ્યું. જ્યારે શ્રીહરિ બધું પીરસી રહ્યા ત્યારે સંતો જમવા લાગ્યા. સંતો જમતાં જમતાં ‘સ્વામિનારાયણ’ આવું શ્રીહરિનું નામ ઉચ્ચારતા હતા. ૩૩-૩૪. શ્રીહરિ

પંગતમાં વારંવાર પાંચ વખત પીરસવા માટે ફર્યા. જ્યારે શ્રીહરિ પીરસી રહ્યા, ત્યારે પંગતમાં દૂધ તથા ભાત પીરસ્યા. દૂધ-ભાત ઉપર જેને જેટલી જોઈએ તેટલી સાકર પીરસી. આ રીતે સહુને જમાડ્યા.

જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ સુંદરિયાણા ગામની બહાર આવ્યા. શ્રીહરિ ત્યાં બિછાવેલા પલંગ ઉપર બેઠા. ૩૫-૩૬. તે સમયે સર્વે સંતો-હરિભક્તોની સભા થઈ. સંતો કીર્તન ગાવા લાગ્યા. પછી ત્યાં બે મશાલો પ્રગટાવી. ૩૭. અને આરતી થઈ. જ્યારે આરતી કરી રહ્યા ત્યારે અતિશય ભાવથી નારાયણધૂન કરી. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે જેટલા સંતો હતા, તે શ્લોક બોલીને સ્તુતિ કરીને સહુ સભામાં બેઠા. ૩૮-૩૯. પછી શ્રીહરિને મનમાં જેવા વિચારો ઉપજ્યા તે રીતે શ્રીહરિ વાત કરવા લાગ્યા. શ્રીહરિ જેવી વાત કરતા તેવી વાત બ્રહ્માંડમાં બીજે ક્યાંય થતી નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સુંદરિયાણામાં વના શેઠની રસોઈ જમીને સાંજે સભામાં આરતી-ધૂન કર્યા" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૭

શ્રીહરિએ કહ્યું કે, 'ભગવાન દુરાચારી આશ્રિતને સ્વીકારતા નથી.'

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ હરિભક્તોની આગળ પોતાના મનમાં જેવા વિચારો ઊપજ્યા તે રીતે વાત કરી. હવે હું તે કહું છું. ૨. જે ભગવાનના ભક્ત હોય છે તે ભગવાનને રાજી કરવા માટે બધી ખોટી બાબતનો ત્યાગ કરે છે. ૩. ભગવાનને રાજી કરવા માટે પૂર્વે રાજાઓએ ત્રિલોકીનું રાજ્ય પણ છોડી દીધું હતું. ૪. **ભગવાન તથા સત્સંગમાં જે અપાર લાભ છે, તેવો લાભ અનંતકોટિ બ્રહ્માંડમાં ક્યાંય રહ્યો નથી.** ૫. ભગવાન તથા સત્સંગ સિવાય બીજે ક્યાંય પણ જ્યાં સુધી સુખ મનાય છે ત્યાં સુધી તે ભક્તની સમજણમાં કસર રહી છે. ૬. અને

ત્યાં સુધી તે જન્મ, મરણ, જમપુરી તથા લખચોરાશીનાં દુઃખને વારંવાર પામે છે. કહ્યા સિવાય તે દુઃખ દેખાતાં નથી. ૭.

જેવું જન્મ, મરણ, જમપુરી તથા લખચોરાશીના ભટકણનું દુઃખ છે, તેવું બીજું કોઈ દુઃખ નથી. તે દુઃખ તો સહુથી મોટાં છે. ૮. તેમ છતાં માણસ જન્મ-મરણાદિક તે દુઃખોનો ક્યારેય વિચાર કરતા નથી. જ્યાં સુધી તે વિચાર નથી કરતા ત્યાં સુધી તે દુઃખનો પાર આવતો નથી. ૯. તે દુઃખનો વિચાર નહિ કરવાને લીધે જ મનુષ્યમાત્ર જન્મ-મરણ વગેરેનાં દુઃખ વારંવાર ભોગવે છે. ૧૦. ગુરુ થવાથી કે શિષ્ય થવાથી પણ શું ? આખા જગતમાં વિજય થયો તોપણ તેનાથી શો ફાયદો ? ગ્રંથમાત્રને ભણવાનું પણ શું ફળ ? જ્યાં સુધી નિત્ય જન્મ-મરણથી છૂટવાનો વિચાર નથી કરતા, ત્યાં સુધી એક પણ ગુણ ફળીભૂત થાતા નથી. ૧૧-૧૨. સત્સંગ વગરના ગુરુ તથા તેના શિષ્યો તો આખું બ્રહ્માંડ ભરાઈ જાય તેટલા અગણિત છે. ૧૩. એક નિષ્કામધર્મ, બીજો અહિંસામય ધર્મ, ત્રીજી નીતિ - એ ત્રણે સહિત પ્રગટ ભગવાનનો આશ્રય હોવો જોઈએ. તે વિના તો કોઈ ગમે તેવો વિચક્ષણ હોય, તોપણ આ સંસારરૂપી સાગરને તરી શકતો નથી. ૧૪-૧૫. સત્યયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગની બધી પ્રજા કળિયુગમાં દેહ ધરવા ઈચ્છે છે. ૧૬.

❋ કળિયુગમાં માત્ર કીર્તનભક્તિથી ઉદ્ધાર થાય છે :

चोपाई :

कलिजुग तामें प्रगट हरि केरा, नाम स्मरण कीर्तन वेर वेरा;
चित्त प्रोई उचरत जो तिनके, उद्धार होत ततखेव इनके...१७
कीर्तन उचरत रहत हि तामें, हरि कु प्रसन्न करन हि यामें;
चित रखत दृढ प्रेम समेता, उद्धार होत ताके तेता...१८
भगवान के आश्रय करीता, धर्म नियम ताकु नहि रखीता;
आश्रय ऐसे चाय हि जितना, भागे नाव सम रहे तितना...१९

કેમ જે, કળિયુગમાં પ્રગટ શ્રીહરિમાં ચિત્ત પરોવીને તેમનું નામ-સ્મરણ તથા કીર્તન વારંવાર કરવામાં આવે તો તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે. ૧૭.

જે મનુષ્ય ભગવાનને રાજી કરવા માટે તેમનાં કીર્તન બોલે છે અને દૃઢ પ્રેમે સહિત તેમના સ્વરૂપમાં ચિત્ત રાખે છે, તો તેમનો ઉદ્ધાર થઈ જાય છે. ૧૮. ભગવાનનો આશ્રય કર્યા પછી જો મનુષ્ય ધર્મ-નિયમ ન રાખે, તો તે ધર્મ-નિયમ વગરનો આશ્રય તો ભાંગી ગયેલા વહાણ જેવો છે. ૧૯. **જેટલી બાબતો ધર્મ-નિયમથી યુક્ત હોય તે જ ફળીભૂત થાય છે.**

ધંધુકા ગામના મોઢ જ્ઞાતિના જે વાણિયા હતા તે બધા વૈષ્ણવ હતા. તેઓ સત્સંગીઓને વૈષ્ણવ સમાન ક્યારેય માનતા નહીં. તે સત્સંગીને દેખીને બજાર વચ્ચે નિઃશંક થઈને તેની ઠઠ્ઠા-મશ્કરી કરતા. પણ તપાસ કરીને સાચી વાત દેખતા નહીં. જે માણસ પૂરી તપાસ કર્યા વિના જેમ તેમ બોલે છે, તેને શાસ્ત્ર મનુષ્ય કહેતા નથી. ૨૦-૨૨. ગામમાં જે કૂતરાંઓ રહેતાં હોય છે તે સારા-મોળાને સમજતા નથી. તે તો જે કોઈ દેખાય તેમને વારંવાર ભસતા રહે છે, અને ભસવામાં કૂતરાંને કાંઈ લાજ-શરમ હોતી નથી. ૨૩.

વગર વિચાર્યે હરિભક્તોની જે લોકો હાંસી-મશ્કરી કરે છે, તે લોકોમાં અને કૂતરાંમાં કોઈ ફરક હોતો નથી. ૨૪. જેનો સ્વભાવ જેની સાથે એકસરખો મળતો આવતો હોય, તેને સહુ લોકો તેવા કહે છે. ૨૫. પોતે વૈષ્ણવ હોવા છતાં જે હરિભક્તોની હાંસી-મશ્કરી કરે છે, તેને તો પોતાની પણ કાંઈ ગમ નથી. ૨૬. પોતામાં અપાર દોષો ભર્યા હોય છે તેને તેઓ દેખતા નથી. છતાં જે નિર્દોષની હાંસી કરે છે, તે તો લબાડ કહેવાય. ૨૭. જે કોઈ જ્યાં સુધી પરસ્ત્રીને પોતાની માતા સમાન ન જાણે, પારકા ધનાદિ પદાર્થોને જ્યાં સુધી પથ્થર સમાન ન જાણે તથા જેટલી ખરાબ બાબતો છે તેનો ત્યાગ ન કરે, જ્યાં સુધી વ્યસન-કેફ કરતો રહે, ભાંડ-ભવાઈના તોફાન કરતો રહે અને તાયફા નચાવતો રહે; એવા તે વૈષ્ણવ તથા એવા વૈષ્ણવોના ગુરુને ભગવાન ક્યારેય પોતાના આશ્રિત તરીકે સ્વીકારતા નથી. ૨૮-૩૦.

જેમાં બધી નીતિ રહી હોય અને જેમાં કોઈ પણ જાતનો પ્રપંચ ન હોય, એવા વૈષ્ણવ-ગુરુને ભગવાન 'આ મારો આશ્રિત છે' એમ કબૂલ કરે છે. ૩૧. આ જગતમાં ગુરુ અને શિષ્યો ભલે ગમે તે રીતે ચાલે, પણ તે જે રીતે ચાલે છે તે બધું ભગવાન દેખે છે. ૩૨. જેનું જેવું વર્તન હોય

છે તેને ભગવાન તેવું ફળ આપે છે. તે ક્યારેય ભૂલતા નથી. જે મનુષ્ય નીતિ પ્રમાણે ચાલતો હોય, તેની મશ્કરી કરનારા કૂતરાંની જાતિમાં જન્મે છે. એ રીતે સજ્જનની હાંસી કર્યાના પાપનું ફળ ભોગવે છે. પરસ્ત્રીને જ્યાં સુધી માતા સમાન ન માને ત્યાં સુધી મનુષ્ય હોવા છતાં તે વ્યભિચારીઓ કૂતરાંમાં ખપે છે. એવા વ્યભિચારી લોકો હરિભક્તોની સાથે જ્યાં ત્યાં વૈર કરતા રહે છે. ૩૩-૩૫.

જેમાં જેટલાં કુલક્ષણ હોય છે તેટલું તે હરિભક્તોની સાથે વૈર રાખે છે. સત્સંગે કરીને અધર્મી લોકો જેવા છે તેવા તરત ઓળખાઈ જાય છે. તે છાનું રહેતું નથી. અત્યારે સત્સંગ સમાન બીજો કોઈ મત દેખ્યામાં આવતો નથી. ૩૬-૩૭. જ્યાં સુધી બીજા ખામીવાળા મતોને જે સત્સંગ સમાન દેખે છે, ત્યાં સુધી તે સંસારરૂપી સાગરમાં ભટકતો રહે છે. ૩૮. **જે મનુષ્ય સાચી બાબતોને દેખી દેખી તેનો હૃદયમાં સંગ્રહ કરે છે, તેને અસત્ય બાબતો ઉપર અરુચિ થાય છે. જેટલી કાંઈ ધર્મયુક્ત ભગવાન સંબંધી વાતો છે તે તો સાક્ષાત્ પ્રગટ ભગવાન સમાન છે.** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ કહ્યું કે, 'ભગવાન દુરાચારી આશ્રિતને સ્વીકારતા નથી." એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૮૮

શ્રીહરિએ સત્સંગથી આસુર ભાવના નાશની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુંદરિયાણાના હરિભક્તોની આગળ શ્રીહરિએ વાત કરતાં આગળ કહ્યું કે, "સત્સંગ વિના ક્યારેય કુસંગ તરત દેખાતો નથી. ૨. સત્સંગની વાત કર્યા વિના કુસંગ ક્યારેય દેખાતો નથી. વાતે કરીને જ તે ઓળખાય છે. ૩. બહુ પ્રકારના કુસંગોથી આ આખી ભૂમિ ભરી છે. એટલો બધો કુસંગ છે કે તેનો કહ્યે પાર

આવે તેમ નથી. ૪. જે લોકો સાચી વાતને મિથ્યા કહે અને ખોટી વાતને સાચી કહે, આવા લોકો મૂર્તિમાન કુસંગ છે. તે બધા ત્યાગ કરવા યોગ્ય છે. જે જે સાચી બાબત હોય છે તે સંસારરૂપી સાગરને પાર ઉતારનારી હોય છે. ૫-૬.

જેટલી અસત્ બાબત છે તે સંસારસાગરમાં ડુબાડનારી છે; એમ જે જાણે તે જ સાચો મનુષ્ય, સાચો પંડિત, સાચો ગુરુ અને સાચો શિષ્ય કહેવાય છે. વળી એમ જે જાણે છે તે જ વિશ્વવિજયી છે, તે જ બધા ગ્રંથને ભણેલો છે, તેણે બધાં સાધન કરી લીધાં છે. પરંતુ આગળ કહ્યું તેમ જ્યાં સુધી નથી જાણતો ત્યાં સુધી તેણે એક પણ બાબત કરી નથી, એમ માનવું. ૭-૯. આ જગતમાં જે મનુષ્ય જાતિ કહેવાય છે, તે સહુ પોતાના મનમાં પોતપોતાની સમજણને એક એકથી અધિક સવા શેર માને છે. ૧૦. **અને તે અભિમાનરૂપ દોષને લીધે જીવ વારંવાર સંસારમાં ભટકે છે. જીવ જ્યાં સુધી આ અભિમાનરૂપી દોષને દેખતો નથી, ત્યાં સુધી તે સંસારના ફેરામાંથી છૂટતો નથી."** ૧૧.

શ્રીહરિએ એટલી વાત કરી, ત્યાં રાત એક પહોર થઈ ગઈ હતી. તે વાતને સાંભળીને બધા સંતો તથા હરિભક્તો મનમાં ખૂબ જ રાજી રાજી થઈ ગયા. ૧૨. જે સત્સંગ અને ભગવાનને તુલ્ય બીજા કોઈને સમજતા નથી, એવા દૈવી લોકો મીઠી ભૂમિ જેવા છે. ૧૩. જે ભગવાન અને સત્સંગને મિથ્યા માને છે, તેવા આસુરી લોકો ખારી ભૂમિ જેવા છે. ૧૪. જે આસુરી લોકો છે તેમાં મોક્ષરૂપી બીજ ઊગી શકતું નથી. તે જ્યાં સુધી પોતાના આસુરી સ્વભાવનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે. તેઓ અપાર દુઃખ ભોગવતા રહે છે, જે કહી શકાતું નથી. ૧૫-૧૬.

✵ પોતામાં દોષ જુએ તેનો આસુરીભાવ નાશ પામે છે :

આસુરી લોકો અપાર દુઃખને ભોગવે છે, તોપણ પોતાના આસુરી સ્વભાવનો ક્યારેય ત્યાગ કરતા નથી. જો તે મનુષ્ય પોતાના આસુરી સ્વભાવમાં દોષ જોવા માંડે તો તેનો આસુરી સ્વભાવ નાશ પામી જાય છે. ૧૭-૧૮. પૂર્વે બ્રહ્મામાં જ્યારે આસુર સ્વભાવ આવ્યો ત્યારે તેણે શ્રીકૃષ્ણ

ભગવાન તથા ગોવાળોના વાછરડાંઓને બાળકોએ સહિત ઉઠાવી લીધાં હતાં અને છ માસ સુધી છુપાવી રાખ્યાં. આમ કરવાથી પોતે જ પોતાની માયામાં મોહ પામી ગયા. ૧૯-૨૦. બ્રહ્મા જ્યારે બાળકો અને વાછરડાંઓને લઈ ગયા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પોતે જ બાળકો અને વાછરડાંઓનાં રૂપ ધરીને લીલા કરી હતી. તેને જોઈને તે બ્રહ્મા આશ્ચર્ય પામ્યા. ૨૧. પછી જ્યારે બ્રહ્માએ પોતામાં દોષ દેખ્યા ત્યારે તેમાં જેટલો આસુર સ્વભાવ હતો તેનો તત્કાળ જ નાશ થઈ ગયો. ૨૨. ત્યારે બ્રહ્માએ દીનભાવે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી અને પોતાના દોષોને ભગવાનની પાસે માફ કરાવ્યા. ૨૩.

જ્યારે ઈન્દ્રમાં પણ આસુર સ્વભાવે પ્રવેશ કર્યો ત્યારે તેણે ગોવાળો તથા ગોકુળનો નાશ કરવાનો આરંભ કર્યો. ૨૪. સાત દિવસ સુધી ગોકુળ ઉપર મુશળધારે વરસાદ વરસાવ્યો. ઈન્દ્રએ પોતામાં જેટલું સામર્થ્ય હતું તે બધું વાપર્યું. ૨૫. પોતાનું બધું સામર્થ્ય જ્યારે વાપરી લીધું છતાં સફળ ન થયા ત્યારે તેનું માન ભાંગી ગયું. પછી ઈન્દ્ર નમ્ર થયા. ૨૬. તેણે ગોવાળો અને ગોકુળને આવીને જોયા ત્યારે સહુને ક્ષેમકુશળ જોયા. તે વખતે તેણે તેના આસુરી સ્વભાવનો તત્કાળ ત્યાગ કર્યો અને ભગવાનનાં ચરણમાં પોતાનું મસ્તક ધરી દીધું. પછી જે અપરાધ થયો હતો, તે અપરાધ માફ કરાવવા માટે ઈન્દ્રે ભગવાનની અપાર સ્તુતિ કરી. તેમજ પોતામાં અપાર દોષ દેખ્યા અને તે દોષોને દેખીને તેનો તત્કાળ ત્યાગ કર્યો. ૨૭-૨૯.

સત્સંગ સિવાયના જેટલા ગુરુ અને શિષ્યો છે તેઓ મોક્ષકારી ધર્મનો ત્યાગ કરીને વર્તે છે. ૩૦. તેઓ સત્સંગને પાખંડ કહે છે. તેથી અપરાધ કરે છે છતાં તે તેને દેખાતું નથી. શાસ્ત્રો વારંવાર પોકારીને કહે છે કે, જે સાચી વાતને પાખંડ કહે છે તે સૌથી મોટો ભારે અપરાધ છે. જ્યાં સુધી મનુષ્ય આ વાતને માનતો નથી ત્યાં સુધી તે અસત્યને માર્ગે ચાલે છે. ૩૧-૩૨. જે મોક્ષરૂપ ધર્મ છે તેને જ્યાં સુધી જાણતા નથી ત્યાં સુધી તે ગુરુ અને શિષ્યો સંસારમાં ભટકતા રહે છે. ૩૩. બાલિકા, યુવતી કે વૃદ્ધ પરસ્ત્રી કહેવાય છે, તેને દેખીને જ્યાં સુધી ગુરુ કે શિષ્યના મન અને દષ્ટિમાં વિકાર થઈ જાય છે, ત્યાં સુધી તે ગુરુ તથા શિષ્ય બંને મિથ્યા કહેવાય છે. જેનું મન ભાંડ-

ભવાઈ જોવા માટે દોડે છે અને જે વ્યસનો તથા કેફ કરે છે, એવા નિયમ વિના વર્તનારા ગુરુ-શિષ્યો વારંવાર સંસારમાં ભટકતા રહે છે. ૩૪-૩૬.

જે ગુરુ-શિષ્યો નિયમ વગર વર્તે છે, તેમનો ક્યારેય મોક્ષ થાતો નથી, એ વાત નિશ્ચિત છે. ૩૭. નિયમ વગરના ગુરુ-શિષ્યો તો ગધેડાં, કૂતરાં, પાડા અને ખૂંટના જન્મને પામે છે. વળી, ઘણી જાતના પશુ થાય છે. ૩૮. જે કોઈ ભગવાન તથા સત્સંગ સમાન બીજા કોઈને ક્યારેય દેખતા નથી, તેના સર્વે દોષો નાશ થઈ જાય છે. એ સમજણનો એવો પ્રતાપ છે કે તેનાથી સંસારના ભટકણમાંથી છૂટી જવાય છે. કેમ જે, સાચી સમજણમાં જ સંસારથી છૂટવાનું બળ રહ્યું છે. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગથી આસુર ભાવના નાશની વાત કહી" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર અઠ્યાવીશમું : તરંગ - ૮૯

મંચ ઉપર શ્રીહરિ વિરાજ્યા અને સત્સંગની સર્વોપરિતા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે બીજો દિવસ થયો ત્યારે શ્રીહરિને બેસવા માટે માથા જેટલો ઊંચો એક બહુ સુશોભિત મંચ કર્યો. ૨. આધારાનંદ સ્વામી નામના સંતે સવારમાં ગામ બહાર જઈને તે સુંદર મંચ કર્યો હતો. શ્રીહરિએ સવારમાં સ્નાન કર્યું અને શ્વેત વસ્ત્ર પહેર્યાં. પછી ત્યાંથી ચાલીને જ્યાં મંચ કર્યો હતો ત્યાં આવ્યા અને આસન ઉપર બેઠા. ૩-૪. સહુ સંતો, વર્ણી અને હરિભક્તોએ પણ નાહીને પૂજા કરી. પછી સહુ સભામાં આવીને બેઠા. ત્યારે શ્રીહરિ દક્ષિણ તરફ મુખ કરીને બેઠા હતા. ૫. શ્રીહરિની સન્મુખ બધી સભા ઉત્તર મુખે બેઠી હતી. જાણે કમળનું વન ખીલ્યું હોય તેવી એ સુંદર શોભા હતી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યું કે, "તમે

વાજિંત્ર વગાડીને કીર્તનગાન કરો.” તે સમયે બધા સંતો વાજિંત્ર વગાડીને સરસ રીતે કીર્તનગાન કરવા લાગ્યા. ૬-૭.

આ સત્સંગમાં કથા-કીર્તન વગેરે જે કાંઈ બાબતો છે તે તમામ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જ છે. પણ તે વાત જેમ છે તેમ રૂડી બુદ્ધિવાળાને જ જાણ્યામાં આવે છે. ૮. આ સત્સંગ રૂડી બુદ્ધિવાળાનો છે. કેમ જે, રૂડી બુદ્ધિવાળાને જ સત્સંગનો રંગ ચઢે છે, પણ જે કુબુદ્ધિવાળા મનુષ્યો હોય છે તે ક્યારેય સત્સંગને પ્રમાણ કરતા નથી. ૯. દુર્બુદ્ધિવાળા લોકોની એવી સમજણ હોય છે કે તે અધર્મનું આચરણ કરતા લેશ માત્ર ડરતા નથી. મનુષ્ય જેવું કર્મ કરે છે તેવું તેને ફળ મળે છે. ૧૦. **આ વાતને કુબુદ્ધિવાળા લોકો સાચી માનતા નથી. તેઓ કહે છે કે પરમેશ્વર તો અદૃશ્ય છે. તે જીવની પાસે જેવાં કર્મ કરાવે, તેવાં કર્મ જીવ કરે છે.** ૧૧. અદૃશ્યપણે રહેલા પરમેશ્વરની આગળ કોઈનું કાંઈ ચાલતું નથી. તેમની આગળ તો ગમે તેવા મોટા હોય તે પણ જડ જેવા રહ્યા છે. ૧૨. જેટલાં શુભ કે અશુભ કર્મ હોય છે તે બધાં પરમેશ્વર જ જીવની પાસે કરાવે છે, એવું કુબુદ્ધિવાળા લોકો બોલે છે. ૧૩. કુબુદ્ધિવાળા મનુષ્યોની વાતને કુબુદ્ધિવાળા લોકો સર્વોપરિ માને છે. જે રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે તે ભગવાનને મૂર્તિમાન માને છે. તે મૂર્તિમાન ભગવાન જેમ કહે તેમ તેઓ કરે છે. ૧૪-૧૫.

✵ ભગવાનને જ શ્રેષ્ઠ સમજે તે સુબુદ્ધિમાન છે :

જે મૂર્તિમાન ભગવાન છે તેની અનંત યોગકળાઓ-દિવ્ય સામર્થી છે. તે ભગવાનની કળાઓનું યથાર્થ પ્રમાણ તો અક્ષરથી પણ થઈ શકતું નથી. ૧૬. અબુધ લોકો જેનું પ્રમાણ ન થઈ શકે એનું પ્રમાણ કરવા જાય છે. અર્થાત્ અમાપનું માપ લેવા જાય છે. પરંતુ એક પરમેશ્વર સિવાય કોઈથી તેમનું પ્રમાણ થઈ શકતું નથી. કારણ કે, પરમેશ્વરથી કોઈ અધિક નથી. ૧૭. જે રૂડી બુદ્ધિવાળા છે તે પરમેશ્વરથી અધિક કે પરમેશ્વરને સમાન કોઈને માનતા નથી. મૂર્તિમાન પરમેશ્વરમાં અનંત રસ તથા અનંત રૂપ રહ્યા છે. ૧૮. **અનંત બ્રહ્માંડોમાં જેટલાં કાંઈ ઉત્તમ પ્રકારનાં રસ, રૂપ, શબ્દ, સુગંધ અને સ્પર્શ રહ્યાં છે તે તમામ મૂર્તિમાન ભગવાનના એક રોમમાં પાંચેય**

વિષય રહ્યા છે. ૧૯-૨૦. આ રીતે નિષ્કપટ મનવાળા થઈને પરમેશ્વરને જે સમજે તે સંત સર્વોત્તમ છે તથા તેવા હરિભક્ત પણ ઉત્તમમાં ઉત્તમ છે. ૨૧. પરમેશ્વરને આવા મોટા જાણીને જે તેમનું ગુણગાન કરે છે, અને જે પરમેશ્વરનાં ચરિત્રોને પ્રેમથી કહે છે તેને તેમાં ક્યારેય તૃપ્તિ થાતી નથી. ૨૨. જે ભક્તને ભગવાનનાં ગુણગાન તથા ચરિત્રો વગેરે કહેતાં-સાંભળતાં તૃપ્તિ થઈ જાય છે, તેની સમજણમાં તેટલી કસર છે. ભગવાનની વાત સિવાયની બીજી જેટલી વાત હોય છે તે બધી જીવને અનંત કલ્પ સુધી સંસારનું બંધન કરાવે છે. છતાં જીવને તેમાં ક્યારેય તૃપ્તિ થાતી નથી. ૨૩-૨૪.

⁕ બંધનથી છૂટે તે બુદ્ધિશાળી છે :

જેટલા રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે તે બધા મનુષ્યદેહ પામીને જે રીતે ભવ બંધનથી છૂટી જવાય તેવા ઉપાય કરે છે. ૨૫. મનુષ્યદેહ સિવાયના બીજા અપાર દેહને જીવ પામે છે, પણ તે સર્વે જીવને બંધન કરનારા છે. તે બાબતનું જીવને જ્યારે સાચું જ્ઞાન થાય છે ત્યારે તેને એવું સમજાય છે કે, અનંત શરીરોનું બંધન છોડાવવા માટે જ પ્રભુએ મને આ મનુષ્યશરીર આપ્યું છે. તેથી તે ભવસાગર તરવા માટે નૌકારૂપ છે. ૨૬-૨૭. પરંતુ સત્સંગ વિના મનુષ્યદેહનો જેમ છે તેમ મહિમા લગાર પણ જાણ્યામાં આવતો નથી. કારણ કે, સત્સંગ સિવાય સત્ય જ્ઞાનનું દ્વાર બંધ રહે છે. ૨૮. **સત્સંગથી આ મનુષ્યદેહનો યથાર્થ અપાર મહિમા જણાય છે. કારણ કે, આ સત્સંગ ચોક્કસ એવો છે.** ૨૯. માટે આ રીતે સમજીને જે સત્સંગ કરે છે તે મનુષ્યદેહે કરીને ભવસાગર તરી જાય છે. તેથી જ સહુ સંતો-હરિભક્તો આવી રીતે સમજીને ઘણા હેતથી સત્સંગ કરે છે. ૩૦. કોઈ પણ માણસ સત્સંગ કરવાથી સુધરી જાય છે. જેને સત્સંગ નથી સમજાણો, નથી થયો; તેવો મનુષ્ય ગમે તેટલો બુદ્ધિમાન હોય, ગમે તેટલો ધનવાન હોય, ચાહે તેવું રાજ્ય કરતો હોય, તેમજ ગમે તેટલો પંડિત હોય તોપણ તે સત્સંગથી દૂર જ ફરતો રહે છે. ૩૧-૩૨.

જ્યાં સુધી જીવ આ સત્સંગ સાથે મન નથી જોડતો, ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. કેમ જે, ત્યાં સુધી તેની જ બુદ્ધિ તેને સહાય કરતી

નથી. ૩૩. વળી, તે માણસની પાસે રહેલું ગમે તેટલું ધન હોય તોપણ તે લગારેય સહાય કરતું નથી. ગમે તેટલું રાજ્ય હોય કે અપાર લશ્કર હોય તો તે પણ લગારેય સહાય કરતું નથી. ૩૪. અરે ! ગમે તેટલા ગ્રંથ ભણ્યો હોય પણ તે જ્યાં સુધી સત્સંગથી દૂર રહે છે, ત્યાં સુધી તે ભણેલું તેને રતીભાર પણ ઉપયોગમાં આવતું નથી. ૩૫. સત્સંગ સિવાયની જેટલી અન્ય વાતો છે તે સંસારના ભટકણમાંથી બચવામાં કાંઈ સહાય કરતી નથી. ૩૬.

આમ જે જાણે છે તે જ મનુષ્ય છે, તે જ ખરેખર બુદ્ધિમાન છે, તે જ સાચો ધનવાન છે, તે જ સાચો રાજા છે અને તે જ ખરા અર્થમાં પંડિત છે. જ્યારે જીવ સત્સંગમાં પરોવાઈ જાય ત્યારે જીવનાં કલ્યાણ માટેના જેટલાં સાધન કહ્યાં છે, તે બધાં તેણે કરી લીધાં છે તેમ જાણવું. ૩૭-૩૮. આ રીતે સહુ સંતો-હરિભક્તો સર્વે સાધનનું ફળ સત્સંગ જાણે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "મંચ ઉપર શ્રીહરિ વિરાજ્યા અને સત્સંગની સર્વોપરિતા કહી" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯૦

પૂંજા શેઠની રસોઈ તથા પૂજા અને સભા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યાં સુધી રસોઈ તૈયાર થઈ ત્યાં સુધી શ્રીહરિએ વિવિધ પ્રકારનાં કીર્તન ગવડાવ્યાં અને સંતો કીર્તન ગાતા રહ્યા. ૨. સંતોએ જે કીર્તનગાન કર્યું તેને સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થયા અને વારંવાર સંતોનાં વખાણ કર્યાં. ૩. તે દિવસે પૂંજા શેઠની રસોઈ હતી. એટલે તેમની વિનંતી સાંભળીને શ્રીહરિ તેમને ઘેર જમવા માટે ચાલ્યા. ૪. શ્રીહરિને માટે પૂંજા શેઠે અયોધ્યાવાસીની પાસે મનમાં જેવો ભાવ હતો તેવી રસોઈ કરાવી હતી. ૫. સાંજે તથા સવારે વના શેઠના ઘેર જે હરિભક્તને ભાવ હોય તે શ્રીહરિને માટે રસોઈ

કરાવતા હતા. ૬. અયોધ્યાવાસી જે રસોઈ બનાવતા તેને શ્રીહરિ પ્રસન્ન થઈને જમતા હતા. ૭.

જે હરિભક્તો શ્રીહરિ માટે રસોઈ કરાવતા તેઓ જ્યારે શ્રીહરિ જમી રહેતા ત્યારે આવીને શ્રીહરિની પૂજા કરતા હતા. શ્રીહરિ સ્નાન કરીને પૂંજા શેઠની રસોઈને ભાવથી જમ્યા. ૮. પછી શ્રીહરિએ સંતોની જગ્યામાં સંતોને જમવા માટેની પંગત કરાવી અને પોતે પીરસવા આવ્યા. મોતીચૂરના લાડુ અને જલેબી રસોઈમાં મુખ્ય કર્યાં હતાં. ૯. બીજાં પણ પકવાન અને ભોજનો પૂંજા શેઠે બનાવડાવ્યાં હતાં. તે શ્રીહરિ પીરસવા લાગ્યા. ૧૦. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિએ પીરસ્યું. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. ૧૧.

જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ ગામથી બહાર આવ્યા, અને જ્યાં મંચ કર્યો હતો તેના ઉપર આવીને બેઠા. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા પણ સભામાં આવીને બેઠા. તે સમયે વના શેઠ કેસરયુક્ત ચંદન લઈને આવ્યા અને શ્રીહરિની ઘણા ભાવથી પૂજા કરી. સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં તેમજ થાળ ભરીને ભેટ લાવ્યા હતા તે આગળ ધરી. ૧૨-૧૪. કેસરયુક્ત ચંદન જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિને ચરચ્યું. જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે તે વના શેઠના પુત્ર હીરા શેઠે પણ જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૧૫-૧૬. જ્યારે તે પૂજા કરી રહ્યા ત્યારે કપૂરથી આરતી કરી. અને તે આરતી કરી રહ્યા પછી અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીની પૂજા કરી. તે પછી સીતારામજી તથા બદરીનાથની પણ પૂજા કરી. ૧૭-૧૮.

તેમના પછી જે સંતો અને વર્ણીઓ હતા તેમની પૂજા કરી. સહુ સંત, વર્ણી અને પાર્ષદોને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૧૯. જે રીતે વના શેઠે શ્રીહરિ, સંતો તથા વર્ણીની પૂજા કરી હતી તે રીતે જ પૂંજા શેઠે પણ શ્રીહરિ, અયોધ્યાવાસી, સંતો અને વર્ણીની પૂજા કરી. કેમ જે, પૂંજા શેઠ શ્રીહરિ તથા સંતો સમાન બીજા કોઈને જાણતા નહીં. જ્યારે તે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "સંતો, હવે તમે સહુ સરસ સરસ કીર્તન

ગાઓ. કીર્તન ગાવાં તે ઉત્સવનું અતિ ભારે આભૂષણ છે. ૨૦-૨૨. કીર્તન ગાવાથી ઉત્સવની અપાર શોભા થાય છે. અને જ્યારે કીર્તન ભાવથી ગવાય છે ત્યારે દિવસે દિવસે ઉત્સવની ઘણી કીર્તિ થાય છે." ૨૩.

પછી સંતો ઘણા ભાવથી ઉત્સાહભેર કીર્તન ગાવા લાગ્યા. જ્યારે આરતી તથા ધૂનનો સમય થયો તે વખતે તરત જ ત્યાં બે મશાલ પ્રગટાવીને લઈ આવ્યા. ૨૪. સંતો જ્યારે આરતી કરી રહ્યા પછી ધૂન કરી. પછી સંતો સ્તુતિના શ્લોક બોલ્યા. ૨૫. જ્યારે સંતો સ્તુતિ કરી રહ્યા ત્યારે બધી સભા બેઠી અને શ્રીહરિ વાત કરવા લાગ્યા. તે વાતમાં જેટલી પ્રકારનો કુસંગ રહ્યો છે તથા કુસંગનું જેવું રૂપ હતું તેવું બધું સહુને મૂર્તિમાન બતાવી દીધું. ૨૬-૨૭. સત્સંગ કરવામાં આવીને જે જે વિઘ્ન કરે છે તે બધા મૂર્તિમાન કુસંગ છે. ૨૮. કુસંગ તથા સત્સંગ જે રીતનો હોય તેવા મૂર્તિમાન બતાવી દીધા. આમ તો શ્રીહરિ જે જે બાબતની વાત કરતા, તે સહુને મૂર્તિમાન દેખાડી દેતા હતા. ૨૯.

❋ ભગવાનની વાતમાં પ્રેમ થાય તો દુઃખ જાય :

શ્રીહરિ જેટલી વાત કરતા હતા તેમાં અપાર રસ ભર્યો રહેતો હતો. તે વાતનો રસ એવો હતો કે, સાંભળનારાનાં જન્મ-મરણ છૂટી જતાં હતાં. ૩૦. જમપુરી, લખચોરાશી વગેરેનું દુઃખ તો અપાર રહ્યું છે. શ્રીહરિની વાતો તે બધાં દુઃખોથી છોડાવનારી છે. ૩૧. જેને જમપુરી વગેરેનાં દુઃખનું જ્ઞાન થાય છે, તેને શ્રીહરિની વાતમાં પ્રેમ થાય છે. દુઃખનું જેટલું જ્ઞાન થાય, તેટલો શ્રીહરિની વાતમાં પ્રેમ થાય છે. ૩૨. અને વાતમાં જે પ્રેમ થાય છે તે પોતે જ કહી બતાવે છે. પ્રેમ ક્યારેય છુપાવ્યો રહેતો નથી. ભગવાન શ્રીહરિની વાત સિવાય બીજી બાબતમાં જેટલો પ્રેમ રહે છે તેટલું તેને માથે દુઃખ રહે છે. કોઈ માણસ ગમે તેટલો વિચક્ષણ હોય, તોપણ શ્રીહરિની વાત સિવાય તેની ચતુરતા તેને પરલોકમાં સહાય કરતી નથી. ૩૩-૩૪. માતા, પિતા, પત્ની, પુત્ર વગેરે કરોડો કુટુંબી હોય, અબજો અને ખર્વ નિખર્વ જેટલા ધનના ભંડાર ભર્યા હોય, તોપણ તે પરલોકમાં લગાર પણ સહાય કરતા નથી. ૩૫.

જીવની ઉપર જે જન્મ-મરણનું દુઃખ રહ્યું છે તે તો શ્રીહરિની વાત જ છોડાવે છે. માટે શ્રીહરિની વાત સમાન બીજી કોઈ બાબત નથી. ૩૬. આ રીતે જે સમજે છે તે શ્રીહરિ સંબંધી વાતની સ્મૃતિ ક્યારેય ભૂલતા નથી. જેટલી શ્રીહરિની વિસ્મૃતિ થાય છે તેટલી તેમાં કસર કહેવાય છે. ૩૭. જેને જન્મ-મરણનાં દુઃખનું જ્યારે વિસ્મરણ થઈ જાય છે, ત્યારે તે ઉપરથી તેણે સત્સંગ કર્યો છે કે નથી કર્યો તે દેખ્યામાં આવે છે. ૩૮. **જે મનુષ્ય જન્મ-મરણનાં દુઃખની સ્મૃતિને ક્યારેય ભૂલતો નથી અને તેની સ્મૃતિ રાત-દિવસ રાખે છે, તેના સત્સંગનાં મૂળ દિવસે દિવસે જામતાં રહે છે અને આગળ જતા તે હરિભક્ત અમૂલ્ય બને છે, આ વાત પ્રસિદ્ધ છે.** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "પૂંજા શેઠની રસોઈ તથા પૂજા અને સભા કહી" એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર અઠ્યાવીશમું : તરંગ - ૯૧

શ્રીહરિએ સુંદરિયાણામાં રંગોત્સવ કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વસંતપંચમીને દિવસ સવારના પહોરમાં શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. શ્રીહરિએ સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૨. શ્વેત સુરવાળ, શ્વેત અંગરખું, શ્વેત પાઘ પહેરી હતી અને શ્વેત ધોતિયું કમર ઉપર કસ્યું હતું. ૩. તે સમયે પોતાની આગળ સહુ સંતો-હરિભક્તોની સભા થઈ હતી. ત્યારે શ્રીહરિએ સંતોને ઘણા ભાવથી કહ્યું, "સંતો, તમે ઝાંઝ તથા મૃદંગ વગાડીને વસંતનાં પદ બોલી અતિ હેતથી ઉત્સવ કરો. હેત વગર ઉત્સવ લૂખો લાગે છે. ૪-૫. કોઈ પણ બાબત હોય તે હેતથી કરે તો જ પ્રિય લાગે છે." જ્યારે શ્રીહરિ આવી વાત કહી રહ્યા ત્યારે તે સાંભળીને સંતો ઝાંઝ તથા મૃદંગ બજાવીને વસંતનાં પદ ગાવા લાગ્યા. તેમાં મુક્તાનંદ સ્વામીએ વસંત વધાઈનું પદ ગાયું. ૬-૭.

જ્યારે મુક્તાનંદ સ્વામીએ વસંત વધાઈનું પદ ગાયું, ત્યારે વસંત મૂર્તિમાન પ્રગટ થઈને શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. શ્રીહરિને વધાવવા માટે જેટલી મંગળમય વસ્તુ કહેવાય છે તે બધી એક મોટા થાળમાં ભરીને પ્રેમથી ત્યાં લાવ્યા. વિવિધ પ્રકારના પુષ્પના હાર, બાજુબંધ, તોરા, ગુલાબના ગુચ્છ, પહોંચી અને ગજરા, આ બધું લાવ્યા હતા; જે મેં નજરે દેખ્યું હતું. વસંતના અધિષ્ઠાતા દેવે કેસરયુક્ત ચંદન ઘણા પ્રેમથી શ્રીહરિને ચરચ્યું. ૮-૧૦. ફૂલના હાર પહેરાવ્યા, ફૂલના બાજુબંધ ધારણ કરાવ્યા અને પાઘમાં ગુલાબના પુષ્પના તોરા ધરાવ્યા. ૧૧. ગુલાબના ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધર્યા, પહોંચી કાંડાં ઉપર બાંધી અને હાથમાં ગજરો આપ્યો. વળી કેસરી રંગનાં ઠામ ભરી ભરીને ત્યાં લાવ્યા. જેમાંથી ઘણો સરસ સુગંધ નીકળતો હતો. ૧૨.

કેસૂડાં અને પતંગના રંગના ભરેલાં કેટલાંક માટલાં શ્રીહરિની આગળ મૂક્યાં અને ગુલાલનાં ભરેલાં ઘણાં ઠામ પણ મૂક્યાં. તે સિવાયના બીજા વિવિધ પ્રકારના રંગ હતા, તે બધા પણ શ્રીહરિની આગળ યોગ્ય રીતે મૂક્યા. ૧૩-૧૪. આ બાજુ એક પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી વસંત, હોરી અને ધુમારનાં પદ સંતો ગાતા રહ્યા. તે સમયે જે કેસરી રંગ હતો તે બધો શ્રીહરિએ મંચ ઉપર મંગાવ્યો. ૧૫. પછી રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજીએ શ્રીહરિ ઉપર કેસરી રંગ નાંખ્યો. ૧૬. શ્રીહરિએ તે સમયે જે વસ્ત્ર પહેર્યાં હતાં તે કેસરી રંગમાં ભીંજાઈ ગયાં. ગુલાલ ઘણો અનુપમ હતો. તેનો રંગ ચણોઠીના જેવો ઘણો લાલ હતો. ૧૭.

❋ મૂર્તિમાં વૃત્તિ સંધાય તો શ્રીહરિ વશ થાય :

ચોપાઈ :

तेसे गुलाल हरि पर डारे, रंग में भिंजे मूर्ति सारे;
शोभा रहे ब्रह्मांड में जेती, झांखि करत भयेउ तब तेती...१८
मूर्ति की शोभा बनेउ ऐसी, उपमा कोउ न आवत तेसी;
जो जन देखत मूर्ति हि ताकू, मनवृत्ति प्रोईकर वाकू...१९

मनवृत्ति में मूर्ति यह आई, निवास करत रहाये ताई;
मनवृत्ति न प्रोवत हि तिनकू, मूर्ति यह चोंटत न चित्त इनकू...२०
नवनित अंतर रहेउ जाके, मूर्ति अंतर चोटत हि ताके;
मूर्ति अंतर चोंटत हे जाही, मूर्ति सम कोउ न देखत ताही...२१

તેવો ગુલાલ શ્રીહરિ ઉપર નાંખ્યો અને લાલ રંગથી આખી મૂર્તિ ભીંજાવી દીધી. તેથી એટલી બધી શોભા થઈ કે બ્રહ્માંડમાં જેટલી શોભા હતી તે બધી આ મૂર્તિના પ્રભાવથી ઝાંખી થઈ ગઈ. ૧૮. મૂર્તિની એવી સુંદર શોભા થઈ કે તેને માટે કોઈ ઉપમા હાથ આવતી નથી. જે લોકો તે મૂર્તિને દેખતા તેની મનોવૃત્તિ તેમાં પરોવાઈ જતી હતી. ૧૯. તેથી તે મૂર્તિ તેની મનોવૃત્તિમાં આવીને વસી જતી હતી. જેની મનોવૃત્તિ મૂર્તિમાં પરોવાતી નહિ, તેના ચિત્તમાં આ મૂર્તિ ચોંટતી નહીં. ૨૦. જેનું હૃદય માખણ જેવું કૂણું હોય તેના અંતરમાં શ્રીહરિની મૂર્તિ ચોંટી જાય છે. જેના હૃદયમાં મૂર્તિ ચોંટી જાય છે, તેને પછી મૂર્તિના સમાન અન્ય કાંઈ દેખાતું નહીં. ૨૧.

જ્યારે રઘુવીરજી તથા અયોધ્યાપ્રસાદજી શ્રીહરિ ઉપર રંગ-ગુલાલ નાંખી રહ્યા, ત્યાર પછી શ્રીહરિ સહુના ઉપર રંગ નાંખવા લાગ્યા. ૨૨. તે રંગ તાંબાકૂંડીમાં ભર્યો હતો. શ્રીહરિ રૂપાના કટોરાથી રંગ ભરી ભરીને એવી રીતે સહુના ઉપર નાંખવા લાગ્યા કે જાણે વરસાદની ધારા વરસતી હોય ! ૨૩. જાણે શ્રીહરિ રંગની હેલી મચાવી રહ્યા હોય તેમ પ્રેમથી રંગ ઉડાડી રહ્યા હતા. જેના શરીર ઉપર શ્રીહરિએ નાંખેલો રંગ લાગતો, તેને ચોરાશીનું ભટકણ ટળી જતું હતું. ૨૪. શ્રીહરિ જે રંગ ઉડાડતા હતા એવો રંગ અનંત બ્રહ્માંડોમાં ક્યાંય નથી, એમ હરિભક્તો જાણતા હતા. ૨૫. સંતો તથા હરિભક્તો 'હોરી...હોરી...' એમ બોલતા હતા અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૨૬. જેટલો રંગ તૈયાર કર્યો હતો તે બધો શ્રીહરિએ સંતો તથા હરિભક્તોની ઉપર ઘણા ઉમંગથી નાંખ્યો. ચારેબાજુ રંગથી અતિશય કીચડ થઈ ગયો. ૨૭.

જેટલા સંતો-હરિભક્તો હતા તે બધા જ્યારે રંગથી રસબસ થઈ ગયા, અને રંગ ઉડાડી રહ્યા ત્યારે શ્રીહરિએ ગુલાલ લીધો. ૨૮. જ્યારે શ્રીહરિ

ગુલાલ ઉડાડવા લાગ્યા ત્યારે જેટલી ભૂમિ અને આકાશ હતું, તે બધું જ્યાં સુધી શ્રીહરિએ ગુલાલ ઉડાડ્યો ત્યાં સુધી ગુલાલ ગુલાલમય દેખાતું હતું. સૂર્ય મધ્યાહ્ને આવ્યો ત્યાં સુધી શ્રીહરિ ગુલાલ ઉડાડતા રહ્યા. શ્રીહરિ જ્યાં જ્યાં રંગોત્સવ કરીને રંગ ઉડાડતા ત્યાં ત્યાં સર્વે દેવતાઓ વિમાનમાં બેસીને ઘણા ઉમંગથી આવતા. તેથી આખું આકાશ દેવતાઓના વિમાનથી છવાઈ જતું. શ્રીહરિ જે રંગ ઉડાડતા તેને જોવા માટે બધા દેવતાઓ આવતા હતા. ૨૯-૩૧. રંગોત્સવ વખતે દેવતાઓ વાંજિત્ર વગાડતા અને અપ્સરાઓ નાચતી હતી.

શ્રીહરિ જ્યારે રંગ ઉડાડી રહ્યા ત્યારે સહુ સંતો સ્નાન કરવા માટે ચાલ્યા. ૩૨. બધા હરિભક્તો પણ સ્નાન કરવા ચાલ્યા. અને શ્રીહરિ રંગ-ગુલાલથી ભર્યા થકા ગામમાં આવ્યા અને વના શેઠના ઘરના ચોકમાં આવીને નાહ્યા. નાહ્યા પછી રંગ ભરેલું જે અંગરખું હતું, તે વના શેઠને આપ્યું. ૩૩-૩૪. રંગ ભર્યો સુરવાળ પૂંજા શેઠને આપ્યો. રંગ ભરેલી પાઘ જેઠા શેઠને આપી. ૩૫. અને રંગ ભરેલું ધોતિયું ભગા શેઠને આપ્યું. તે દિવસે જેઠા શેઠની રસોઈ હતી. અયોધ્યાવાસીઓએ જેટલી પ્રકારનાં ભોજન કર્યાં હતાં તેને શ્રીહરિ જમ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે બોલ્યા, ૩૬-૩૭. "હવે સંતોની જગ્યામાં સંતોની પંક્તિ કરો." ત્યારે તે વચન સાંભળીને સંતોએ પંગત કરી. ૩૮. પછી શ્રીહરિ સંતોને પીરસવા માટે આવ્યા. ચરણમાં પાદુકા પહેરી હતી અને એક પીતાંબર પહેર્યું હતું. ૩૯. પીરસતા પહેલાં ત્યાં એક નાની પાટ ઢાળેલી હતી, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. જેની રસોઈ હતી તે જેઠા શેઠ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સુંદરિયાણમાં રંગોત્સવ કર્યો" એ નામે એકાણુમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯૨

વસંતપંચમીને બીજે દિવસે શ્રીહરિ તથા સંતો ભગા શેઠની રસોઈ જમ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જેઠા શેઠ કેસરયુક્ત ચંદન લઈને આવ્યા અને તેમણે પરમ પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૨. શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા. તે વખતે ફૂલના બાજુ તથા પહોંચી પણ પ્રેમથી ભુજાઓ ઉપર બાંધ્યા. ૩. તેમના પુત્રે પણ શ્રીહરિની પૂજા કરી અને અતિ ભાવથી સંતોની પણ પૂજા કરી. ૪. સંતોને કેસરયુક્ત ચંદન લલાટમાં ચરચ્યું. સહુને એક એક ફૂલનો હાર પહેરાવ્યો અને કુંકુમનો ચાંદલો કર્યો. ૫. જ્યારે સંતોની પૂજા કરી રહ્યા, ત્યારે શ્રીહરિ પકવાન લઈને સંતોને ઘણા ભાવથી પીરસવા લાગ્યા. શ્રીહરિનો પ્રેમભાવ કહી શકાતો નથી. ૬. જ્યારે શ્રીહરિ પકવાન પીરસી રહ્યા ત્યારે સંતો જમવા લાગ્યા. શ્રીહરિના દિલમાં ઘણો પ્રેમભાવ હતો, તેથી સંતોની પંગતમાં પીરસવા માટે વારંવાર ફરતા રહ્યા. ૭.

જ્યારે સંતો જમીને તૃપ્ત થઈ ગયા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. પછી જ્યાં ઉતારો હતો ત્યાં આવ્યા. ૮. જ્યારે દિવસની ચાર ઘડી બાકી રહી, ત્યારે શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને મંચ ઉપર બેઠા. ૯. ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હતા તે સહુની સભા થઈ. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યું કે, "તમને જે સંતોને કીર્તનગાન આવડે છે તે બધા ઝાંઝ તથા મૃદંગ લઈને ઉત્સવ કરો. આજે ઉત્સવનો અવસર છે. ૧૦-૧૧. જે વસંત, હોરી અને ધુમારનાં પદ છે તેને હુતાશની આવે ત્યાં સુધી ગાવાનો આ અવસર કહેવાય છે. ૧૨. **જેનો અવસર આવ્યો હોય, ત્યારે તે અવસરમાં તેને અનુરૂપ ગાન અપાર પ્રિય લાગે છે. અવસર વિના તે ક્યારેય પ્રિય લાગતું નથી,** તેમ અવસરને જાણનારા સમજે છે. પરંતુ જે સમયને જાણતા નથી તેમને આ

વાતની કાંઈ ગમ હોતી નથી. ૧૩-૧૪. જે બાબતનું જેને જ્ઞાન ન હોય તે બાબતમાં તે અંધ કહેવાય છે. જેને જેનું જેટલું જ્ઞાન હોય તે તેટલું જ તે વિષે યથાર્થ જાણે છે." ૧૫.

શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે ગાનમાં નિપુણ જે સંતો હતા તેમણે ઝાંઝ તથા મૃદંગ બજાવીને વસંતનાં પદ ગાયાં. ૧૬. તેમજ હોરી તથા ધુમારનાં પદો પણ સંતોએ ગાયાં. વસંત, હોરી અને ધુમાર રાગનાં મુક્તાનંદ સ્વામીનાં જેટલાં પદ હતાં, તે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને જે રીતે રુચે તે રીતે ગાયાં. જ્યારે મુક્તાનંદ સ્વામી ગાઈ રહ્યા ત્યારે મુનિવર બ્રહ્માનંદ સ્વામીએ પોતાનાં રચેલાં વસંત, હોરી અને ધુમારનાં પદ હતાં તે શ્રીહરિને રુચે તે રીતે ઘણા હરખથી ગાયાં. ૧૭-૧૯. જ્યારે બ્રહ્માનંદ સ્વામી પદ ગાઈ રહ્યા, ત્યારે પ્રેમાનંદ સ્વામીએ પોતાનાં રચેલાં વસંત, હોરી અને ધુમારનાં પદ જે રીતે શ્રીહરિને રુચે તે રીતે પ્રેમથી ગાયાં.

સુંદરિયાણા ગામના વના શેઠ આદિક જે હરિભક્ત હતા તે સહુ ખારેક, ખજૂર અને શ્રીફળ વગેરે ફગવા થાળ ભરી ભરીને લાવ્યાં અને શ્રીહરિની આગળ ધર્યાં. ૨૦-૨૨. હરિભક્તને રાજી કરવા માટે શ્રીહરિએ તે થાળમાં જેટલા ફગવા હતા તેમાંથી થોડી થોડી વસ્તુ લીધી અને તે પ્રેમથી જમ્યા. ૨૩. પછી તે ફગવાના થાળમાંથી પોશ ભરી ભરીને શ્રીહરિએ જેટલા સંતો અને વર્ણી વગેરે હતા તેને ફગવા આપ્યા. ૨૪. ત્યાર બાદ સહુથી પહેલાં જેટલા ધર્મવંશીઓ હતા તેમને શ્રીહરિએ પોશ ભરી ભરીને ફગવા આપ્યા. ૨૫. ઘોડા ઉપર બેસીને શ્રીહરિની સાથે આવેલા શ્રીહરિના જેટલા પાર્ષદો અને કાઠી હરિભક્તો હતા, તથા તે સિવાય જે બીજા હરિભક્તો હતા તે બધાને પણ શ્રીહરિએ ફગવા આપ્યા. હરિભક્ત સિવાયના જે બીજા હતા તેને હરિભક્તોએ ફગવા આપ્યા. ૨૬-૨૭.

જ્યારે શ્રીહરિ સહુને ફગવા આપી રહ્યા ત્યારે જેઠા શેઠ શ્રીહરિની પૂજા કરવા માટે ત્યાં આવ્યા. ૨૮. પોતાના મનમાં જેવો ભાવ હતો તે રીતે જેઠા શેઠે શ્રીહરિની પૂજા કરી. પછી જે અયોધ્યાવાસી હતા તેમની પૂજા કરી. ૨૯.

પછી સંતોની પૂજા કરીને ઘણા ભાવથી સહુને એક એક વસ્ત્ર લઈને ઓઢાડ્યું. પહેલાં શ્રીહરિની આરતી ઉતારી હતી. ૩૦. જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિએ કીર્તન ગવડાવ્યાં. સંતોએ જ્યારે કીર્તન ગાયાં ત્યારે સહુને ઘણો જ આનંદ થયો. ૩૧. જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીહરિ મંચ આગળથી ગામમાં પધાર્યા.

પછી વસંતપંચમીને બીજે દિવસ ભગા શેઠની જલેબી તથા મોતીચૂરના લાડુની રસોઈ રાખી હતી. અયોધ્યાવાસીઓએ શ્રીહરિને માટે જે રસોઈ કરી હતી તે ઘણા પ્રેમથી શ્રીહરિને જમાડી. ૩૨-૩૩. રસોઈ બનાવવામાં જે નિપુણ સંતો હતા તેમણે સંતોને માટે જલેબી તથા મોતીચૂરની રસોઈ કરી હતી. ૩૪. જ્યાં સુધી સંતો રસોઈ બનાવતા હતા, ત્યાં સુધી શ્રીહરિ ગામથી બહાર આવીને મંચ ઉપર બેઠા હતા. તે સમયે સંતો તથા હરિભક્તોની ત્યાં સભા થઈ હતી. સંતો સરોદ તથા દોકડ લઈને હોરીનાં પદ ગાતા હતા. ૩૫-૩૬.

જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે સંતોને બોલાવવા માટે પ્રેમથી હરિભક્તો આવ્યા. ૩૭. સંતોના મંદિરમાં શ્રીહરિ તથા સહુ સંતો આવ્યા ત્યાં સંતોએ જમવા માટેની પંગત કરી. ૩૮. શ્રીહરિ મોતીચૂરના લાડુ અને જલેબીને બહુ ભાવથી પીરસવા લાગ્યા. જ્યારે પીરસી રહ્યા ત્યારે સંતો જમવા લાગ્યા. શ્રીહરિ બહુ ભાવથી તે સંતોની પંગતમાં જલેબી અને મોતીચૂર પીરસવા માટે ફરતા રહ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "વસંતપંચમીને બીજે દિવસે શ્રીહરિ તથા સંતો ભગા શેઠની રસોઈ જમ્યા" એ નામે બાણુમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર અઠ્યાવીશમું : તરંગ - ૯૩

શ્રીહરિએ કુબુદ્ધિ તથા મોહને ટાળ્યાનો ઉપાય સત્સંગ કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પંગતમાં બેઠેલા સંતો જ્યાં સુધી જમતા હતા, ત્યાં સુધી શ્રીહરિ તે પંગતમાં ફરીને વારે વારે પીરસી રહ્યા હતા. ૨. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા અને તરત હાથ ધોયા. ૩. પછી વના શેઠના ઘરના માળ ઉપર જ્યાં શ્રીહરિએ ઉતારો કર્યો હતો ત્યાં આવ્યા. ૪. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને ત્યાં મંચ ઉપર બેઠા. ૫

શ્રીહરિ દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેઠા હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેમની સામે ઉત્તર મુખે સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૬. સંતો દોકડ તથા સરોદ વગાડીને હોરીનાં પદ ગાવા લાગ્યા. તે કીર્તનગાનનો એવો રસ જામ્યો કે કાનથી તે સાંભળતા તૃપ્તિ થાતી નહીં. ૭. ભગા શેઠ ત્યાં શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. કેસરયુક્ત ચંદન અને પુષ્પના અપાર હાર લાવ્યા. ૮. વળી સંતોને ઓઢાડવા માટે પ્રેમથી વસ્ત્ર લાવ્યા. તેમાં પહેલા ખૂબ પ્રેમથી કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ૯. કુંકુમનો ચાંદલો કરીને ફૂલના હાર પહેરાવ્યા. ફૂલના તોરા તથા ગુચ્છ જ્યાં ઘટે ત્યાં યોગ્ય રીતે શ્રીહરિને ધરાવ્યા. ૧૦. શ્રીહરિને ફૂલના બાજુ, પહોંચી અને ગજરા હાથમાં બાંધ્યા, તે મેં નજરે દેખ્યા છે. જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે કપૂરથી આરતી ઉતારી. ૧૧.

ભગા શેઠને પીતાંબર અને ભાઈચંદ નામે બે પુત્ર હતા. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી અને ભાવથી આરતી ઉતારી. ૧૨. જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા તે પછી તેમણે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીની પૂજા કરી. ૧૩. સીતારામજીની પૂજા કરી લીધા પછી સંતોની પૂજા કરી અને તેમને ફૂલના હાર પહેરાવ્યા. ૧૪. ભગા શેઠે એક એક વસ્ત્ર સંતોને ઓઢાડ્યું. તેઓ પરમ વિવેકને જાણનારા વિવેકી હરિભક્ત હતા. ૧૫. જ્યારે સહુ

સંતોની પૂજા કરી રહ્યા, ત્યારે સંધ્યા આરતીનો સમય થયો એટલે સહુ આરતી બોલ્યા. ૧૬. જ્યારે આરતી બોલી રહ્યા તે પછી નારાયણધૂન કરી. અને નારાયણધૂન બોલી રહ્યા ત્યારે સ્તુતિના શ્લોક ઘણા હેતથી બોલ્યા. તે શ્લોક જ્યારે બોલી રહ્યા ત્યારે શ્રીહરિએ વાતો કરી. શ્રીહરિ તેવી જ વાતો કરતા રહેતા કે જે વાતમાં સુખ અને શાંતિ રહ્યાં છે. ૧૭-૧૮.

શ્રીહરિની જેટલી વાતો છે તે તમામ દુઃખોનો નાશ કરનારી છે. શ્રીહરિની વાત સિવાયની જેટલી બીજી વાતો છે તે તો સંસારમાં ભટકાવનારી છે. ૧૯. એમ જે વિવેકપૂર્વક સમજે છે તે જ મનુષ્ય છે, તે જ પંડિત છે. શ્રીહરિની વાત સિવાય બીજી બાબતમાં જે સાર માને તે મનુષ્યનો દેહ પામ્યો હોય તોપણ શું થયું ? કેમ જે, તેને માથે સંસારનું ભટકણ તો રહેલું જ છે. કોઈ મોટો પંડિત થાય તોપણ શું થયું ? કેમ જે, જ્યાં સુધી તે સત્સંગનો દ્રોહ કરે છે, ત્યાં સુધી તે વારંવાર સંસારમાં ભટકતો રહે છે. જેને સત્સંગ થાય છે તેને આવું જણાય છે. સત્સંગ વગરના તો આ સંસારમાં ભટકતા જ રહે છે. ૨૦-૨૨. સત્સંગ સિવાયનાં જેટલાં સાધન છે તે બધાં સંસારમાં ભટકાવનારાં છે. આવી રીતે જે સમજે છે તે જ સાચો મનુષ્ય અને ખરો પંડિત કહેવાય છે. ૨૩. જ્યારે મનુષ્યને સત્સંગ થાય છે ત્યારે તેના સંસારનો અંત આવે છે. ખરેખર મોક્ષનું દ્વાર તો એક સત્સંગ જ છે. તે સત્સંગથી જ મોક્ષ સિવાયનાં બીજાં બધાં દ્વારોનો ભંગ થતો દેખાય છે. ૨૪.

જ્યારે હૃદયમાં ભગવાન વસે છે ત્યારે બધી કુમતિનો નાશ થાય છે અને રૂડી બુદ્ધિ ઊપજે છે. ૨૫. જ્યારે રૂડી બુદ્ધિ આવે છે ત્યારે સત્સંગ વગરના, ભગવાનથી દૂર રાખનારા લોકો તેને દેખાઈ આવે છે. એવું જ્યારે દેખાય છે ત્યારે તેની રૂડી બુદ્ધિ થઈ છે એમ જાણવું. જ્યાં સુધી તેવા ભગવાનથી વિમુખ કરનારાને જે કોઈ ઓળખતા નથી, ત્યાં સુધી તેમાં તેટલી કુમતિ તથા મોહ રહ્યા હોય છે. ૨૬-૨૭. જેમાં જ્યાં સુધી કુબુદ્ધિ અને મોહ રહે છે ત્યાં સુધી તે સત્સંગનો દ્રોહ કરાવે છે. ૨૮. તે કુબુદ્ધિ અને મોહનો ત્યાગ કર્યા સિવાય સત્સંગમાં પ્રેમ થાતો નથી. કુબુદ્ધિ અને

મોહ વારંવાર જીવને સંસારમાં ભટકાવતા રહે છે, તોપણ જેમ અફીણના વ્યસનમાં કાંઈ સાર નથી એમ આખો સંસાર જાણતો હોવા છતાં તેનો અભાવ થતો નથી, તેમ જ્યાં સુધી કુમતિ અને મોહ રહે ત્યાં સુધી તેનો અભાવ આવતો નથી. ૨૯-૩૦. તે કુમતિ મદિરા, માંસ, વ્યભિચાર અને ચોરી વગેરે પાપો કરાવે છે. જેનો ગણતા પાર આવે નહિ તેવી અયોગ્ય બાબતો કુમતિ અને મોહ કરાવે છે. જ્યાં સુધી મનુષ્ય સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી કુસંગ અને મોહ અધિક ને અધિક વધતા રહે છે, છતાં તે દેખાતા નથી. જ્યાં સુધી સત્સંગ ન કરે ત્યાં સુધી જેટલી અયોગ્ય બાબતો છે તે દેખાતી નથી. સત્સંગ તેવી બધી વાતોને દેખાડનારો છે. ૩૧-૩૩.

અનેક કલ્પો વીતી જાય તોપણ સત્સંગ વગર અયોગ્ય બાબતો દેખાતી નથી. જ્યાં સુધી અયોગ્ય બાબતો સમજાતી નથી, ત્યાં સુધી તે જીવને વારંવાર સંસારમાં ભટકતા રહેવું પડે છે અને તેમાં ઘણાં દુઃખને પામે છે. જ્યાં સુધી કુબુદ્ધિ તથા મોહ રહે છે ત્યાં સુધી તેને શુભ બાબત દેખાતી નથી. જે હરિભક્ત થાય છે તે આવી બધી વાતને જાણી શકે છે. તેથી જ સમજી વિચારીને જે સત્સંગ કરે છે એવા હરિભક્ત સમાન બીજા કોઈ થતા નથી. ૩૪-૩૬. શ્રીહરિએ આ રીતની અપાર વાતો કરી, તેમાંથી આ થોડી જ લખી છે. તેનો કહેતા પાર નથી આવતો. ૩૭. શ્રીહરિની જે જે વાત છે તે અપાર અપાર છે. તેથી તેનો કહ્યે પાર ન આવે એવી છે. ૩૮. શ્રીહરિની વાતો સંસારથી તારનાર વહાણરૂપ છે, એમ સમજીને જ મેં અહીં લખી છે. ૩૯. તે પછીના બીજા દિવસે ગામના જે બધા હરિભક્ત હતા તેમણે મળીને રસોઈ આપી. તેને શ્રીહરિ તથા સંતો જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ કુબુદ્ધિ તથા મોહને ટાળ્યાનો ઉપાય સત્સંગ કહ્યો" એ નામે ત્રાણુમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર અઠ્ઠયાવીશમું : તરંગ - ૯૪

શ્રીહરિ ભેંસજાળ, નાગડકા અને લોયા થઈને બોટાદ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુંદરિયાણા ગામના જે હરિભક્તોએ રસોઈ આપી હતી તેમણે શ્રીહરિ તથા સંતોની પૂજા કરી. ૨. પછી શ્રીહરિ અમૂલ્ય અશ્વ ઉપર બેસીને સુંદરિયાણાથી ચાલતા થયા. શ્રીહરિના મસ્તક ઉપર ઘણું કિંમતી છત્ર ધાર્યું હતું. શ્રીહરિએ બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૩. જેટલા કારિયાણી, કુંડળ, ઝીંઝાવદર, ગઢપુર, ખંભાળા, વાંકિયા, ગુંદાળા, સારંગપુર, બોટાદ અને નાગડકાના હરિભક્ત કાઠી સવારો હતા, તે સહુ શ્રીહરિની સાથે ચાલ્યા.

પછી શ્રીહરિ **ભેંસજાળ** ગામ આવ્યા. ત્યાં ક્ષત્રિય ઝાલા કાયાભાઈ નામે હરિભક્ત હતા. શ્રીહરિ તેના રાજદરબારમાં આવ્યા. ૪-૬. શ્રીહરિએ રાજદરબારમાં ઉતારો કર્યો. કાયાભાઈ, તેમના ભાઈ સજાભાઈ અને ત્રીજા જેઠીભાઈ તે સહુ હરિભક્ત હતા. ૭. તેમના બધા પુત્રો પણ હરિભક્ત હતા. કાયાભાઈના કાકાના પુત્ર ઝુણાભાઈ પણ સારા પાકા સત્સંગી હતા. તેમના પત્ની અને પુત્ર પણ સારાં હરિભક્ત હતાં. શ્રીહરિ આવ્યાના સમાચાર સાંભળીને ઝુણાભાઈ શ્રીહરિની સમીપે આવ્યા અને ચરણોમાં મસ્તક નમાવ્યું. પછી તેમણે બે હાથ જોડીને વિનંતી કરીને કહ્યું, "પ્રભુ ! મારી વાત સાંભળો. ૮-૧૦. મારા દરબારગઢમાં મેં નવું ભવન બનાવ્યું છે. આપ તો ભક્તપતિ ભક્તવત્સલ અને બહુનામી છો, માટે આપ ત્યાં મારા નવા ભવન સુધી પધારો." ૧૧. શ્રીહરિ ઝુણાભાઈની વિનંતી સાંભળીને ચાલ્યા અને તેના દરબારગઢમાં આવ્યા. તેમણે શ્રીહરિને પલંગ ઉપર પધરાવ્યા અને ખૂબ જ પ્રેમથી પૂજા કરી. ૧૨. ધૂપ, દીપ કરીને આરતી કરી. આ રીતે ઘણા ભાવથી તેમણે શ્રીહરિને પોતાના ભવનમાં પધરાવ્યા. ૧૩.

❋ ભગવત્સંબંધ ભવસાગર તરવાનો સેતુ છે :

શ્રીહરિ આ રીતે જે કોઈના ભવનમાં પધારતા ને ગામમાં જતા, જે વૃક્ષની નીચે જઈને બેસતા તથા જે તળાવ, નદી, કૂવો, વાવ, ફૂલવાડી વગેરે

જે જે સ્થળે જઈને બેસતા; તેને સંભારીને ભક્તજનો સંસારના પારને પામી જાય છે. ૧૪-૧૫. અનેક લોકોનો ઉદ્ધાર કરવા માટે અને આવી લીલાઓની સ્મૃતિ રહે તે માટે શ્રીહરિ સર્વે ચરિત્ર કરતા હતા. ૧૬. ઝુણાભાઈના નવા ભવનમાં જઈને પછી શ્રીહરિ કાયાભાઈના ભવને આવ્યા અને ત્યાં પલંગ ઉપર બેઠા. ૧૭. તે દિવસે કાયાભાઈની રસોઈ હતી. અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીએ શ્રીહરિ માટે જે રસોઈ તૈયાર કરી, તેને શ્રીહરિ જમ્યા. ૧૮. રસોઈમાં સાકર નાખીને શીરો કર્યો હતો અને પૂરી બનાવી હતી. રીંગણાંનું શાક બનાવ્યું, તેમાં તાજું ઘી ઘણું નાખ્યું હતું. કિંમતી ભાત લાવીને બનાવ્યો હતો. ૧૯. દૂધમાં સાકર નાખી હતી. તેમનો જે ભાવ હતો તે કહી શકાતો નથી. પછી જ્યારે સંધ્યા આરતી કરી રહ્યા ત્યારે સહુએ નારાયણધૂન કરી. ૨૦. કાયાભાઈએ જે રસોઈ કરાવી હતી તેને શ્રીહરિ ઘણા ઘણા પ્રેમથી જમ્યા હતા. શ્રીહરિ જે થાળ જમ્યા તેની પ્રસાદી કાયાભાઈએ લીધી. ૨૧. **કાયાભાઈના ભવનમાં જે બાઈઓ હતી તે બધી પાકી હરિભક્ત હતી, તેમને સત્સંગ સિવાય બીજું કાંઈ ગમતું નહીં.** ૨૨. **સત્સંગ સિવાયનું બધું તેઓ કાળનું ચવાણું દેખતી હતી. આવા જે હરિભક્ત હોય તેના ઉપર શ્રીહરિવર ખૂબ જ પ્રસન્ન થાય છે.** ૨૩.

શ્રીહરિનો પોતાના ઉપર ખૂબ રાજીપો છે તે જોઈને કાયાભાઈ બોલ્યા, "મહારાજ ! બધા હરિભક્તને આપનો યોગ કાયમ રહેતો નથી. ૨૪. આપની છાપની મૂર્તિઓ ઘણા પ્રકારની છે. તેને બધા હરિભક્તો પૂજે છે અને હૃદયમાં પરમ આનંદ પામે છે. ૨૫. છતાં આપનાં ચરણકમળને પૂજવાનો મનમાં બહુ મનોરથ રહે છે. મનોરથ કરવા છતાં તે મળતા નથી; એવાં આપનાં ચરણકમળ ખૂબ જ દુર્લભ કહેવાય છે. ૨૬. તે ચરણકમળ આપના રાજીપા સિવાય કરોડો ઉપાયે કરીને પણ ક્યારેય મળતા નથી, આવું મારા મનમાં દેખાય છે." ૨૭. કાયાભાઈના આગળ કહેલાં વચન સાંભળીને શ્રીહરિ તેના ઉપર રાજી થયા. પછી તરત જ તેઓ જે વસ્ત્ર લાવ્યા તેના ઉપર હિંગળોકના રંગથી ચરણારવિંદ છાપી દીધાં. ૨૮-૨૯. આ રીતે કાયાભાઈનો જેવો મનોરથ હતો તેને તેવા રૂપમાં શ્રીહરિએ પૂરો કર્યો.

એક રાત રહીને ત્યાંથી ચાલતા થયા, તે ભક્તજનના મનોરથને પૂર્ણ કરનારા શ્રીહરિ **નાગડકા** ગામ આવ્યા. ત્યાં સુરા ખાચરના ભવનમાં આવીને ઊતર્યા. ૩૦-૩૧. અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીએ શ્રીહરિને માટે રસોઈ કરી. રસોઈ સુરા ખાચરની હતી. તેમાં બીરંજ તથા દૂધપાક બનાવ્યો હતો. ૩૨. શ્રીહરિ સ્નાન કરીને જમ્યા. તે પછી સુરા ખાચર બોલ્યા કે, "મહારાજ ! અમે કેસર ચંદનનો રંગ કરી રાખ્યો છે તો આપ ઉમંગથી ચરણ ઉપર તે રંગ ધારીને ચરણને વસ્ત્ર ઉપર મૂકો. પછી એ ચરણારવિંદનાં અમે રોજ દર્શન કરશું. આપનાં છાપેલાં ચરણારવિંદને અમે આપનાં પ્રગટ દર્શન જેવાં જ માનીએ છીએ." ૩૩-૩૪. સુરા ખાચરનો ભાવ દેખીને શ્રીહરિએ કેસરી ચંદન ઉપર ચરણ મૂક્યાં. પછી જે વસ્ત્ર મૂક્યું હતું તેના ઉપર ચરણ છાપી દીધાં. આ રીતે પોતાના ભક્તના મનોરથને પૂર્ણ કર્યા. ૩૫.

બપોર પછી શ્રીહરિ નાગડકાથી ચાલ્યા તે લોયા ગામ આવ્યા. **લોયા** ગામમાં જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૬. શ્રીહરિ લોયાના ભક્તોને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે **બોટાદ** શહેર આવ્યા. તે વખતે સંધ્યાસમય થઈ ગયો હતો. ૩૭. દરબાર દાહા ખાચરના દરબારગઢમાં શ્રીહરિ ઉગમણા બારના ભવનમાં ઊતર્યા. ૩૮. પુરમાં જેટલા હરિભક્તો હતા તે સહુ દર્શન કરવા આવ્યા. તેમાં કેટલાંક શ્રીફળ અને સાકરના ભરેલા થાળ લઈને આવ્યા. કેટલાકે પેંડા, ખારેક અને ખજૂરના ભરેલા થાળ લીધા હતા અને કોઈએ દાળિયા થાળમાં ભર્યા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ ભેંસજાળ, નાગડકા અને લોયા થઈને બોટાદ આવ્યા" એ નામે ચોરાણુમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર અઠ્ઠાવીશમું : તરંગ - ૯૫

શ્રીહરિ ગઢપુર પધાર્યા અને ગઢડા મધ્ય પ્રકરણનું સડસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ દાહા ખાચરના ઓરડાની ઓસરીએ જે પલંગ બિછાવ્યો હતો તેના ઉપર પૂર્વ મુખે બેઠા. ૨. શ્રીહરિની સન્મુખ સંતો તથા હરિભક્તોની સભા થઈ. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે મશાલો થઈ. ૩. જ્યારે મશાલો કરી ત્યારે આરતી તથા ધૂન કર્યા. જે સંતો હતા તેઓ સ્તુતિના શ્લોક બોલ્યા. ૪. જ્યારે સ્તુતિના શ્લોક બોલી રહ્યા તે વખતે શ્રીહરિ માટે અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીએ રસોઈ બનાવી દીધી હતી. ૫. તે રસોઈ દાહા ખાચરની હતી. શ્રીહરિ ઘણા પ્રેમથી તે જમ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે તે થાળની પ્રસાદી ઘણા પ્રેમથી દાહા ખાચરે લીધી. આ પ્રસાદીને તેઓ બહુ દુર્લભ માનતા હતા. શ્રીહરિનો પ્રસાદ બ્રહ્માદિક મોટા દેવતાઓથી લઈને પ્રકૃતિ-પુરુષપર્યંત, અરે ! અક્ષરપર્યંત સહુને દુર્લભ છે. આવા શ્રીહરિના પ્રસાદના મહિમાને સમજીને જે પ્રસાદ લે છે તેમને પ્રસાદનું અપાર, અવિચળ ફળ મળે છે. શ્રીહરિ સંબંધી વાતોથી અપાર બ્રહ્માંડ ભરેલાં છે. ૬-૯. જેને જેટલો ખપ હોય તેટલી તે વાત તેને સહાય કરે છે. ભગવાન સંબંધી વાત ખપ વિના સહાય કરતી નથી.

શ્રીહરિ બોટાદમાં એક રાત રહીને બીજે જ દિવસ **ગઢપુર** પધાર્યા. ૧૦. શ્રીહરિ દાદા ખાચરના દરબારગઢમાં રહ્યા. શ્રીહરિ સંતો-હરિભક્તોને વાતે કરીને દિનપ્રતિદિન પરમ આનંદ ઊપજાવતા હતા. તેનો કહેતાં પાર આવતો નથી. કરોડો કલ્પ સુધીની આયુષ્ય પામીને તે વાતને લખતાં લખતાં ક્યારેય તેની તૃપ્તિ થાય નહીં. ૧૧-૧૨. એવો શ્રીહરિની વાતમાં બહુ જ રસ ભર્યો છે. તેથી તેને સંભારતાં સંભારતાં તૃપ્તિ થાતી નથી. ૧૩. શ્રીહરિની વાતમાં સર્વોપરિ રસનો સ્વાદ રહ્યો છે. તેની તુલનામાં કરોડો બ્રહ્માંડનાં સુખ પણ મળ જેવાં દેખાય છે. ૧૪. ભગવાનની વાતમાં જ્યાં સુધી રસ-સ્વાદ આવતો નથી ત્યાં સુધી તે ગમે તેવા મોટા મનુષ્ય કે દેવ હોય, તોપણ તે

આ સંસારમાં ભટકતા રહે છે, એ વાત નિશ્ચિત છે. જ્યાં સુધી ભગવાનની વાતમાં રસ-સ્વાદ લાગતો-મનાતો નથી, ત્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે. જેટલી શ્રીહરિની વાત છે તેમાં આવું તત્ત્વ રહ્યું છે. ૧૫-૧૭.

વાતનું તત્ત્વ સમજ્યા વિના તે વાતમાં ક્યારેય રુચિ થાતી નથી. પ્રથમ જીવને જે રીતે રુચિ થાય તે રીતે શ્રીહરિ તેનું અંતર દેખીને વાત કરતા. એવી વાત બ્રહ્માને પણ કરતા આવડે નહીં. શ્રીહરિ સિવાયના બીજા લોકો તો પોતાની જેવી રુચિ હોય તેવી વાત કરે છે. ૧૮-૧૯. **જેને જેવી સમજણ હોય તેવી તે વાત કરે છે. પરંતુ જે વાત ભગવાનમાં રુચિ કરાવે, તેના સમાન બીજી કોઈ વાત નથી.** ૨૦. ભગવાન સિવાય બીજામાં રુચિ કરાવનાર જેટલી વાતો હોય, તે બધી સંસારમાં ભટકાવનારી છે. તેનો ગણતા પાર આવતો નથી. ૨૧. સંસારમાં ભટકાવનારી તે વાતોનો મનુષ્ય જ્યારે ત્યાગ કરે ત્યારે તેનું ભવભટકણ મટી જાય છે. આ વાત ચોક્કસ છે. ૨૨. જીવને આ સંસારનું ભટકણ છોડાવવા માટે મનુષ્યદેહ મળ્યો છે. પણ મનુષ્યદેહમાં એક સત્સંગ સિવાયના બીજા કરોડો ઉપાય કરે, તોપણ જીવને સંસારનું ભટકણ છૂટતું નથી. ૨૩. કેમ જે, સત્સંગ વિના જેટલાં સાધનો છે તે બધાં જીવને સંસારનું બંધન કરાવનારાં છે. શ્રીહરિ જે જે વાત કરતા તેમાં આ જ તત્ત્વ દેખાતું હતું. ૨૪.

※ ગઢડા મધ્ય પ્રકરણનું સડસઠમું વચનામૃત

સંવત ૧૮૮૧ના મહા વદિ ત્રીજને દિવસ સર્વ સુખના મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારાને વિષે ગંગાજળિયા કૂવાની સમીપે ઓટા ઉપર ગાદીએ યુક્ત બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૫-૨૭. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. જે ગવૈયા સાધુ હતા તે દોકડ તથા સરોદ જેવાં વાજિંત્રનો સાજ લઈને વિષ્ણુપદ ગાતા હતા.

તે કીર્તનભક્તિ થઈ રહી ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, "અમે સહુ સંતો પ્રત્યે પ્રશ્ન કરીએ છીએ તે સાંભળો. જે ભગવાનનો

ભક્ત હોય તે જ્યારે દેહનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે, પછી તે ભક્તમાં અને ભગવાનમાં શો અંતરાય-તફાવત રહે છે કે, જેણે કરીને સ્વામી-સેવકપણાનો જે નાતો હોય તે ક્યારેય છૂટતો નથી ? ૨૮-૩૩. કેમ જે, એ ભગવાનનો ભક્ત છે તે પણ જેમ ભગવાન સ્વતંત્ર છે અને કાળ, કર્મ તથા માયાના આવરણથી રહિત છે તેવો જ તે ભક્ત પણ થાય છે. માટે તમે સહુ મુનિ કહો કે તેમાં શો ભેદ-તફાવત રહે છે ? ૩૪-૩૫. જેણે કરીને ધામમાં પણ પોતાના સ્વામી શ્રીહરિનું સેવકપણું જ રહે છે અર્થાત્ સ્વામી-સેવકપણાનો નાતો રહે છે ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર હવે સહુ મુનિ કરો."

❋ ભગવાનને જેવા જાણે તેવો પોતે થાય છે :

પછી તે મુનિઓમાં જેને જેવું સમજાયું તેણે તેવો ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું સમાધાન થયું નહીં. પછી તે સહુ સંતોએ કહ્યું, "હે દયાળુ મહારાજ ! આપના પ્રશ્નનો ઉત્તર તો આપ જ કૃપા કરીને કરશો ત્યારે થશે." ૩૬-૩૯. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "એનો ઉત્તર જેમ છે તેમ અમે કહીએ છીએ. તેને તમે સહુ સંતસમાજ સાંભળો. ૪૦. જે ભગવાનનો ભક્ત હોય તેણે ભગવાનને જેવા જાણ્યા હોય જે, ભગવાન આટલી સામર્થીએ યુક્ત છે, તથા આટલી શોભાથી યુક્ત રહ્યા છે. **વળી, આવા સુખસાગર સ્વરૂપ છે. એવી રીતે એ ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો હોય અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા હોય, તે ભક્ત જ્યારે દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે એ ભક્તની રૂપ તથા સામર્થી તેની જેવી સમજણ હોય તેવી જ થાય છે.** ૪૧-૪૪. **તોપણ ભગવાનની અતિશય સામર્થી અને ભગવાનનું અતિશય સુંદરપણું ઈત્યાદિક જે પ્રતાપ તે એ ભગવાનના ભક્તને ભગવાનને વિષે અતિશય જણાય છે. ત્યારે એ ભક્ત એમ જાણે છે જે, 'મેં જેટલો ભગવાનનો પ્રતાપ જાણ્યો હતો અને જેટલું સુંદરપણું જાણ્યું હતું, તેટલું ઐશ્વર્ય અને સુંદરપણું તો ભગવાને મને પણ પ્રસન્ન થઈને આપ્યું છે.** ૪૫-૪૭. તોપણ ભગવાનનું ઐશ્વર્ય અને ભગવાનનું સુંદરપણું તે તો અતિશય અપાર દેખાય છે. જેનો કહેતાં પણ

પાર આવતો નથી. ૪૮. માટે મારા જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે. ૪૯. તોપણ જેટલા ભક્તો છે તે આદિક કોઈ ભગવાન જેવા થવાને સમર્થ નથી. ૫૦.

શા માટે જે, ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ, સામર્થી, અતિશય સુંદરતા અને સુખદાયકપણું, એ આદિક અનંત કલ્યાણકારી મોટા-મોટા ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતાઓ પણ પામતા નથી. તથા ચાર વેદ પણ તેના રહસ્યના પારને પામતા નથી. અને એ ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને ક્યારેય પામતા નથી. એવો મોટો ભગવાનનો મહિમા કહેવાય છે. માટે ભગવાન તો સર્વ સામર્થીએ કરીને અતિશય અપાર, અપાર અને અપાર જ રહ્યા છે. તેથી જ તેમના સમાન બીજા કોઈને કહી શકાય નહીં. **એ ભગવાનને ભજી ભજીને તો અનંતકોટિ વૈષ્ણવ શરીર છોડીને ભગવાન સરખા થયા છે, તોપણ ભગવાનનો જે પ્રતાપ છે તેમાંથી એક અણુ જેટલો પણ પ્રતાપ લગારેય ન્યૂન થયો નથી. એવા તે ભગવાન છે.** જેમ મીઠા જળથી સમુદ્ર ભર્યો હોય, તેમાંથી મનુષ્ય, પશુ, પંખી અને જીવજંતુઓ જીવે ત્યાં સુધી તે જળને પીવે અને પાત્રને ભરી લે, તોપણ સમુદ્રનું જળ ઓછું થતું નથી. શા માટે જે, તે સમુદ્ર તો ઘણો અગાધ છે. ૫૧-૫૯.

તેમ જ ભગવાનનો મહિમા પણ અતિશય અપાર છે, તેનો કહ્યે કોઈ રીતે પાર પમાતું નથી. ૬૦. માટે તે મહિમા કોઈ રીતે કરીને વધે-ઘટે એવો નથી. તે માટે જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે, તોપણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તોપણ સ્વામી-સેવકપણું રહે છે. આ પ્રશ્નનો એ જ ઉત્તર છે." તે ઉત્તરને સાંભળીને બધા સંતો ખૂબ જ રાજી થયા. ૬૧-૬૪.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ બોટાદથી ગઢપુર પધાર્યા અને ગઢડા મધ્ય પ્રકરણનું સડસઠમું વચનામૃત કહ્યું" એ નામે પંચાણુમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯૬

શ્રીહરિએ ચાર મૂર્તિ ધાતુની અને એક પાષાણની કરાવવા માટે આધારાનંદ મુનિને વડોદરા મોકલ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ ગઢપુરમાં હતા. તે વખતે મહા વદિ ચોથને દિવસ દાદા ખાચરના દરબારમાં શ્રીજીમહારાજ પોતે જ્યાં રહેતા હતા તે ભવનમાં વિરાજમાન હતા. શ્રીહરિ ત્યાં હંમેશાં ગાદીતકિયા ઉપર વિરાજમાન થઈને શુભ શુભ બાબતોનું ચિંતવન કરતા હતા. ૨-૪. જેટલી શુભ બાબત હોય છે તેમાં શુભ કીર્તિ રહી છે. તેવી નવી નવી શુભ બાબતોને વારંવાર જોઈ-વિચારીને શ્રીહરિ તેનો સંગ્રહ કરતા હતા. ૫. શ્રીહરિ જેમાં અપકીર્તિ રહી હોય એવી અશુભ વાતોને વારંવાર જોઈ-વિચારી ખોટા રૂપિયાની જેમ તથા મળની જેમ તેનો ત્યાગ કરતા હતા. ખોટા રૂપિયા અને મળનો સુબુદ્ધિ માણસ ક્યારેય સંગ્રહ કરતો નથી. સુબુદ્ધિ મનુષ્ય જેમાં કેવળ નુકશાન જ દેખાય, એવી બાબતનો સંગ્રહ કરતા નથી. તે તો જેમાં એક કણમાંથી હજાર કણ પેદા થાય, એવી પ્રવૃત્તિ જ કરે છે. ૬-૮.

જે ખેડૂત જેવી ખેતી કરે તેવી તેની કીર્તિ થાય છે. શુભ બાબત કરવાથી અપાર શુભ કીર્તિ વધે છે. ૯. આ મનુષ્યદેહ મળ્યાનું એટલું જ ફળ છે કે તેનાથી શુભ કીર્તિ વધારવી. જે મનુષ્યદેહને પામીને પણ શુભ કીર્તિ નથી વધારતા તે તો મરીને જમપુરીમાં કરોડો કલ્પ સુધી રહે છે, એ નિશ્ચિત છે. આમ કુબુદ્ધિવાળો મનુષ્ય મરીને પણ ઘણું દુઃખ પામે છે. ૧૦-૧૧. કુમતિ મનુષ્યને જન્મ, મરણ અને લખચોરાશીનું ઘણું દુઃખ થાય છે. સુમતિ મનુષ્ય જ્યાં જાય છે ત્યાં સુખ પામે છે, જે સુખ કહી શકાતું નથી. ૧૨. જેટલા સંતો હતા તથા દેશદેશથી આવેલા જેટલા હરિભક્તો હતા તેની શ્રીહરિ પાસે રોજ રોજ જ્યારે સભા થાતી, ત્યારે શ્રીહરિ પોતાના દિલમાં જેવી વાત ઊપજતી તેવી વાતો સંતો તથા હરિભક્તોની આગળ કરતા હતા.

પણ કહ્યા સિવાય તે વાત કેવી હતી તે ખબર પડતી નથી. ૧૩-૧૫. સર્વે સ્વાદ શ્રીહરિની વાતમાં નિવાસ કરીને રહ્યા છે. શ્રીહરિની વાતનો જે સ્વાદ છે, તે સિવાયના બધા સ્વાદ ફિક્કા લાગે છે. ૧૬.

શ્રીહરિની વાતમાં જ્યાં સુધી સ્વાદ નથી આવતો, ત્યાં સુધી તે શ્રીહરિથી દૂર રહે છે. અને જેટલું દુઃખ કહેવાય છે તે બધું ભોગવે છે. ૧૭. જેટલા અભાગિયા લોકો છે તે શ્રીહરિની વાતમાં રુચિ કરતા નથી. તેથી વારંવાર સંસારમાં ભટકતા રહે છે. ૧૮. શ્રીહરિ જેટલી વાત કહેતા હતા તે બધી સંસારના બંધનથી છોડાવનારી હતી. આમ સમજીને જે લોકો તેને સાંભળે છે, તેનાં સંસારનાં બંધન છૂટી જાય છે. પરંતુ જે મનુષ્ય કપટ રાખી શ્રીહરિની વાતને સાંભળે, તેનાં ભવબંધન છૂટતાં નહીં. શ્રીહરિ સંતોના પ્રત્યે આવી વાતો કરતા હતા, તેને હું જે રીતે સમજું છું તે રીતે કહું છું. ૧૯-૨૦. શ્રીહરિ કહેતા કે, **"જે ધર્મ અને ભક્તિ છે તે ભગવાનના અવતારનું પહેલું મૂળ છે. તે બાબતને ભૂમિ ઉપર કોઈ જાણતા નથી.** ૨૧. ધર્મ અને ભક્તિ મોક્ષનું મૂળ છે, એમ અમે જરૂર કહીએ છીએ. જે જે શુભ વાત હોય છે તે સિદ્ધ કરવા માટેની હોય છે. ૨૨. એવા મહા પ્રતાપી ધર્મ અને ભક્તિની મૂર્તિઓ કોઈ જગ્યાએ નથી કે જેણે કરીને લોકો ભવસિંધુ તરી જાય. ૨૩. **ક્ષુદ્ર મલિન દેવ-દેવીઓની પ્રતિમા તો અપાર હોય છે, પણ તે કોઈ ધર્મ અને ભક્તિ સમાન શુદ્ધ નથી હોતી. ધર્મ અને ભક્તિની મૂર્તિ તો મનોવાંછિત ફળ આપનારી છે."** ૨૪.

ત્યાર પછી એક દિવસ મનમાં વિચાર કરીને શ્રીહરિએ આધારાનંદ સ્વામીને બોલાવીને કહ્યું, "તમે વડોદરા જાઓ. ત્યાં ધર્મ અને ભક્તિ, તે બંનેની તથા મુરલીધર શ્રીકૃષ્ણની રાધિકાએ સહિત ધાતુની મૂર્તિઓ કરાવજો, અને એક ચતુર્ભુજ મૂર્તિ પાષાણની કરાવો. ૨૫-૨૭. તેમાં પાષાણની ચતુર્ભુજ મૂર્તિ તો મંદિરમાં પથાજી નામે હરિભક્ત સલાટ કરે છે. ૨૮. તે ચતુર્ભુજ મૂર્તિ રામનવમી ઉપર તૈયાર થઈ જાય એમ તત્પર થઈને કરાવજો. ધાતુની ચાર મૂર્તિઓ એમ તરત થઈ શકશે નહીં. ૨૯. તે તો પ્રબોધની એકાદશી અથવા દિવાળી ઉપર બહુ પ્રયત્ને કરીને બની શકશે. વડોદરાના

કારીગર સરસ રૂપ કરવાનું જાણે છે. તેવા કારીગરની પાસે મૂર્તિ જોઈને કરાવજો. ૩૦.

આપવા-લેવાનું જે રીતે નક્કી કરવું યોગ્ય હોય તે નાથભક્ત જાણે છે. તેમના ઉપર અમે એક પત્ર લખીએ છીએ, તે તમારી સંભાળ રાખશે. ૩૧. જે કોઈ પણ બાબતમાં અવરોધ આવે તો તેમાં નાથભક્તને પૂછવું. તે કામના અટકાવનો ખુલાસો કરશે. તમારે તો અતિ આનંદ-ઉત્સાહમાં રહેવું. ૩૨. ધાતુની મૂર્તિઓનું કામ કરાવવા માટે તમારે શહેરમાં રોજ એક વાર જવું. અને નાથભક્ત કહે ત્યાં તમારે રહેવું. ૩૩. કાયમ એક હરિભક્ત સાથે રાખવા. હરિભક્ત વિના ક્યાંય પગ મૂકવો નહીં. અમે રામનવમી ઉપર વડતાલ જરૂર આવશું. ૩૪.

અને હુતાશનીનો ઉત્સવ અમદાવાદમાં કરશું." સંતોને તો શ્રીહરિને રાજી કરવાનું જ મનમાં ચિંતવન રહે છે. તેથી શ્રીહરિની આજ્ઞાને માથે ચઢાવીને આધારાનંદ સ્વામી નવા કરેલા સંતને સાથે લઈને ચાલતા થયા. ૩૫-૩૬. તે નવા કરેલા સાધુનું નામ શ્રીહરિએ કેશવાનંદ રાખ્યું હતું. તે કેશવાનંદની સાથે ચાલતા થયેલા આધારાનંદ મુનિ ગઢપુરથી વડોદરા આવ્યા. ૩૭. શ્રીહરિએ લખીને આપેલો પત્ર સ્વામીએ નાથભક્તને આપ્યો. પછી નાથભક્તે શહેરમાં જે સારા શિલ્પી હતા, તેને તત્કાળ જ બોલાવ્યા. ૩૮. ધાતુની ચાર મૂર્તિઓ કરવા માટેનો બધો બંદોબસ્ત તત્કાળ કરાવ્યો. ૩૯. ખારી વાવની પાસે શિલ્પી અને સલાટ રહેતા હતા. તેનાં મકાન ઉગમણા બારનાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ ચાર મૂર્તિ ધાતુની અને એક પાષાણની કરાવવા માટે આધારાનંદ મુનિને વડોદરા મોકલ્યા" એ નામે છન્નુમો તરંગ સમાપ્ત ॥૯૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯૭

વડોદરામાં કડિયાઓનો સત્સંગ અને તેની જ્ઞાતિનું બંધારણ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નાથભક્તે ઈશ્વરભાઈ નામે એક હરિભક્તને કહ્યું કે, 'તમારે રોજ સંતોની સાથે જ્યારે જ્યારે કામ પડે ત્યારે જ્યાં મૂર્તિઓનો આદર કર્યો છે ત્યાં જાવું. સંતો એકલા જાતા નથી. ૨-૩. જ્યારે જવાની જરૂર પડશે ત્યારે સંતો જશે. જ્યારે કામ નહિ હોય ત્યારે પોતાના ઉતારે જ બેસીને કીર્તન તથા કથા-વાર્તા કરશે.' ૪. પુરુષોત્તમ કડિયાની શહેરમાં જે જ્ઞાતિ હતી, તે બધાએ ભેળામળીને એક મંદિર કરાવ્યું હતું. તે મંદિરમાં મૂર્તિઓ પધરાવી હતી. ૫. કડિયાઓએ તે મંદિરમાં પોતાના કોઈ સાધુ રાખ્યા હતા. તે મંદિરની જીવિકા જે રીતે ચાલે તેવી તેની આજીવિકા જ્ઞાતિએ બાંધી દીધી હતી. ૬. જ્યારે જન્માષ્ટમી આવે ત્યારે જેટલાં કડિયાનાં ઘર હતાં, તે બધાં ઘરનાં માણસોને તે મંદિરના સાધુ દશમની તિથિએ દૂધપાક તથા માલપૂવાની રસોઈ કરાવીને ઘણા હરખથી ભાવ સહિત જમાડતા હતા. જમ્યા પછી સહુ ઘર દીઠ એક એક રૂપિયો ઠાકોરજીને ભેટ ધરતા હતા. કડિયાની બધી જ્ઞાતિએ જ્યારથી મંદિર થયું ત્યારથી સંપીને આવો ઠરાવ કર્યો હતો. ૭-૯.

તે કડિયાઓમાંથી કેટલાક કડિયાઓએ જ્યારે સત્સંગની વાત સાંભળી ત્યારે તેમાંથી પચાસેક ઘર કુસંગ છોડીને હરિભક્ત થયા. ૧૦. સરકારના કડિયા જે સારા શિલ્પી હતા, તે હરિભક્ત થયા. તેમાં કેવલ અને નંદલાલ, એ બે ભાઈ પાકા હરિભક્ત થયા હતા. ૧૧. જગજીવન નામે કડિયો પણ સત્સંગી થયો હતો. તે ઘણો બુદ્ધિમાન હતો અને લલ્લુ શેઠનો શિલ્પી હતો. ૧૨. બીજો એક દામોદર નામે કડિયો હરિભક્ત થયો હતો. જે મેળાવ ભાઉનો શિલ્પી હતો. ૧૩. બીજા આદિત્ય આદિક કડિયાઓ જે હરિભક્ત થયા હતા, તેમને સત્સંગની વાતનો રંગ દિવસે દિવસે ઘણો અધિક ચઢતો રહ્યો હતો. તે બધા હરિભક્ત કડિયાઓ આ બ્રહ્માંડમાં સત્સંગના સમાન કોઈને દેખતા નહીં. ૧૪-૧૫.

✵ સત્સંગનો રંગ લાગ્યો હોય તેવા ભક્તનાં લક્ષણ :

ચાહે તેવી વાત હોય પણ તેઓ તેને સત્સંગના સમાન ક્યારેય સમજતા નહિ, એવો તે બધાને રંગ ચઢ્યો હતો. ૧૬. **જેને નિષ્કપટભાવે સત્સંગનો પૂરો રંગ ચઢે છે, તેને બ્રહ્માંડની જેટલી સમૃદ્ધિ કહેવાય છે તે તથા ચિંતામણિ, કલ્પવૃક્ષ, પારસમણિ, કામધેનુ, તથા સોનું, રૂપું અને મોતીની બ્રહ્માંડમાં જેટલી ખાણ હોય છે તે બધું મોક્ષને માર્ગે ચાલનારા માટે વિઘ્ન કરનારું દેખાય છે. જેને આવું સમજાય તેનો સત્સંગ સાચો છે.** ૧૭-૧૯. સાચા સત્સંગીનું એ જ લક્ષણ છે કે તે બીજા કોઈને ભગવાનના સમાન સમજે નહીં. જે લોકો બીજાને પણ ભગવાન તુલ્ય કહે છે તે તો ભગવાનના ચોર બને છે. ૨૦. જે ભગવાનના ચોર હોય છે તે તેના વચનમાં દેખાઈ આવે છે. જેની જેવી સમજણ હોય છે તે તેનાં વચનો છુપાવી રાખતા નથી. ૨૧. દર્પણની જેમ સંગ અને રુચિએ કરીને જે મનુષ્ય જેવો હોય તેવો તે દેખાઈ આવે છે. તે કડિયા હરિભક્તોની સર્વોત્તમ રુચિને જ્ઞાનાનંદ સ્વામીએ જાણી. ૨૨.

✵ ગોપાળાનંદ સ્વામીની વિશેષતા :

તે જ્ઞાનાનંદ સ્વામી ગોપાળાનંદ સ્વામીના મંડળના સંત હતા. **જેટલા સંતો કથા, કીર્તન, વાતો, ભગવાનનું ધ્યાન તથા સ્મરણ વગેરેના ઈશકવાળા હતા અને વળી જે મુનિઓ યોગાભ્યાસ તથા આસન સાધવાના ઈશકવાળા હતા; તે બધા ગોપાળાનંદ સ્વામીની સાથે રહેતા હતા.** ૨૩-૨૪. સત્સંગની વાતથી વિરુદ્ધ જેનો જેટલો સ્વભાવ હોય તેના મૂળ ઉખાડવાની વિવિધ પ્રકારની વાતને ગોપાળાનંદ સ્વામી જાણતા હતા, અને તે કામમાં તેઓ રાત-દિવસ તત્પર રહેતા. તેમાં લગાર પણ પ્રમાદ રાખતા નહીં. ૨૫-૨૬. જેમાં પ્રમાદ દેખતા તેના સંગથી તેઓ દૂર રહેતા. તેમને પ્રમાદ રુચતો નહિ, આવા ગોપાળાનંદ સ્વામી હતા. ૨૭. શ્રીહરિની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામી ચાતુર્માસ કરવા વડોદરામાં રહ્યા હતા. ૨૮. શ્રીહરિનો જે પ્રતાપ છે તે કોઈના માપમાં આવતો નથી. શ્રીહરિનો એવો પ્રતાપ છે કે તે અક્ષરના માપમાં પણ આવતો નથી. ૨૯. તેમાં બ્રહ્માદિક જેવાની તો કાંઈ ગણતરી

જ નથી. કેમ જે, શ્રીહરિનો એવો પ્રતાપ છે કે જે કોઈના માપમાં આવતો નથી. ૩૦. શ્રીહરિને જે બાબત કરવી હોય, તે બધી ગમે તેના દ્વારા કરતા રહે છે; આવી બાબતને જે જીવો સમજતા નથી, તે લોકો જેમાં શ્રીહરિ પ્રતાપ દેખાડતા હોય તે વ્યક્તિમાં ચોંટી જાય છે, પણ શ્રીહરિમાં એવા ચોંટતા નથી. દુનિયાના લોકો આવા અજ્ઞાની છે. ૩૧-૩૨.

કોઈ પણ વ્યક્તિમાં ગમે તેવો મોટો પ્રતાપ દેખાય, તે પ્રતાપ એક શ્રીહરિનો જ છે એમ સમજવું. ૩૩. આવી સમજણવાળા તો એક મુક્તાનંદ સ્વામી હતા. બીજા એક બ્રહ્માનંદ સ્વામી, ત્રીજા નિત્યાનંદ સ્વામી અને વૃદ્ધ આત્માનંદ સ્વામી હતા. તે બધાની એકસરખી સમજણ હતી. સત્સંગમાં બાઈ-ભાઈ અપાર મનુષ્યો છે, તેમાં અનંત પ્રકારનો અપાર પ્રતાપ શ્રીહરિ બતાવે છે. પરંતુ તે પ્રતાપને જે શ્રીહરિનો જ દેખે છે તે ક્યારેય માણસમાં ચોંટતા નથી. ૩૪-૩૬. ભગવાને આપેલા પ્રતાપવાળા મનુષ્યમાં જે ચોંટી જાય છે, તે ચોંટનારા મનુષ્યને શ્રીહરિ તથા મુક્તાનંદ સ્વામી જેવા સંત ક્યારેય વખાણતા નહીં. ૩૭. **સત્સંગની હરકોઈ બાબતનો મુખ્ય સિદ્ધાંત એ છે કે શ્રીહરિમાં ચોંટવું-જોડાવું. કેમ જે, તેમાં જ શ્રીહરિ રાજી છે.** ૩૮. જે શ્રીહરિ વિના બીજામાં અધિક ચોંટી જાય છે તે તો શ્રીહરિથી વિમુખ છે, એમ તેને મોટા સંતો દેખે છે. ૩૯. સત્સંગમાં એક ભારે કુસંગ રહ્યો છે, તે દેખવામાં આવતો નથી. તે કુસંગ કયો ? તો ભગવાનને વિસારી દઈને ક્ષુદ્ર જેવા જીવને અધિકપણે માને છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "વડોદરામાં કડિયાઓનો સત્સંગ અને તેની જ્ઞાતિનું બંધારણ કહ્યું" એ નામે સત્તાણુમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯૮

કડિયા હરિભક્તોની દૃઢતાથી તેમને મોટેરાઓએ નાત બહાર કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્ઞાનાનંદ સ્વામીએ વડોદરાના હરિભક્ત કડિયાઓની આગળ વાત કરીને તેને સત્સંગની ચાનક ચડાવી દીધી હતી. ૨. સ્વામીએ કડિયાઓને કહ્યું કે, "એક મ્યાનમાં બે તલવાર ક્યારેય રહે નહીં. એક મ્યાનમાં એક જ તલવાર રહે. ૩. માણસ જેને મુખ્યપણે પોતાના ઈષ્ટદેવ માને છે, તે સિવાયના બીજા કોઈ દેવને એક ફૂલનો હાર સુધ્ધાં ચઢાવતા નથી, આવું દેખવામાં આવે છે. જેણે સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો હોય, એવા જે હોય તે જ ત્યાગી કહેવાય છે. ૪-૫. સ્ત્રી અને ધન, જેના ઘરમાં રહ્યા હોય અને જે ઘરબારી ત્યાગી હોય, એવા ત્યાગીને જે કોઈ ધન આપે છે તે બધા ગૃહસ્થ તો નરકમાં પડે છે. ૬.

ત્યાગી થઈને જેટલા દિવસ ધનને પોતાનું કરીને રાખે છે તેટલા દિવસ તેને એક એક ગાયને વધ કર્યાનું પાપ લાગે છે, એમ ત્યાગીના ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. ધન એવા નામથી કહેવાતા જે કોઈ પદાર્થને જે ત્યાગી પોતાનું કરીને રાખે છે કે બીજા પાસે રખાવે છે, તે ત્યાગીને અપાર પાપ લાગે છે. તેનો કહ્યે પાર આવતો નથી. ગૃહસ્થ નામથી કહેવાતા જે કોઈ પણ મનુષ્ય ત્યાગીના ધનને રાખે છે, તો તેવા ત્યાગી અને ગૃહસ્થ, તે બંનેનો નરકમાં નિવાસ થાય છે. હરિભક્ત અને જગતના જીવની એકસરખી રીત નથી. ૭-૧૦. માટે હરિભક્તોએ તો આપણા મંદિરમાં જે કાંઈ પણ દાન પુણ્યાદિક કરવું હોય, તે કરવું. કેમ જે, હરિભક્તોને નિત્ય પૂજવા માટે અને સેવા કરવા માટે તો મંદિર તથા ધર્મકુળના સૌથી સરસ ગૃહસ્થ આચાર્ય કર્યા છે. માટે જે ગૃહસ્થ હરિભક્તો હોય તેમણે તેમની સેવા કરવી." ૧૧-૧૨.

ત્યારે કડિયા હરિભક્તોએ જ્ઞાનાનંદ સ્વામીને કહ્યું કે, "અમારી નાતનું જે મંદિર છે તેમાં જન્માષ્ટમી ઉપર જેટલાં કડિયા બાઈ-ભાઈ છે તે બધાંને માલપૂડા અને દૂધપાક દર વર્ષે મંદિરના સાધુ ભાવથી જમાડે છે. અને અમે

બધા ઘર દીઠ એક એક રૂપિયો તેને આપતા રહીએ છીએ. ૧૩-૧૫. તો સ્વામી ! હવે જેમ આપ કહો તેમ અમે બધા હરિભક્ત કરીએ. જેમાં તમે રાજી હો, તેમ અંતર ખોલીને અમને કહો. ૧૬. **સત્સંગના સંતોના વચનમાં મોક્ષ રહ્યો છે. અને સત્સંગ સિવાયના સંતોમાં તો અનેક વ્યસન રહ્યાં હોય છે.** ૧૭. તેથી તેમની સેવાનું ફળ પણ નક્કી તેવું જ તુચ્છ મળે છે. પરંતુ અમારા ઘરમાં જેટલાં મનુષ્ય હોય છે તે બધાં હરિભક્ત હોતાં નથી. ૧૮.

તેથી જેટલો દેહનો સ્વાર્થ હોય છે તેટલો કુસંગીઓનો સંગ રહે છે. કુસંગીઓની સાથે રહીને સત્સંગ રાખવો ઘણો કઠણ છે. જેને જે બાબતનો ખપ હોય તે ગમે તેટલું કઠણ કામ હોય તોપણ ઘણા ઉત્સાહથી કરતા રહે છે, તેમાં બીજા કોઈની આશા રાખતા નથી. ૧૯-૨૦. જે રીતે જીવનો પરલોક સુધરે તે રીતના માર્ગમાં ચાલવું જોઈએ. દરેક મનુષ્યોને તેવો વિચાર હોતો નથી. આ વાત ચોક્કસ છે. ૨૧. ઘરમાં જેટલાં મનુષ્ય હોય તે બધાં જો સત્સંગ કરતાં હોય તો તે પ્રાકૃત સામાન્ય માણસ ન ગણાય. તે તેમની શુભ રુચિ ઉપરથી દેખાય છે. ૨૨. સત્સંગી તથા કુસંગીની રુચિ એકસરખી મળતી નથી. જેટલા કુસંગી હોય છે તેમને તો અશુભ બાબત કરવામાં જ રુચિ હોય છે. ૨૩. હરિભક્તોને તો જેટલી અશુભ બાબત હોય છે તેને છોડી દેવામાં રુચિ રહે છે, અને જેટલી શુભ વાત હોય તેને હરિભક્ત ગ્રહણ કરે છે." ૨૪.

આવો બધો વિચાર કર્યા પછી હરિભક્ત કડિયાઓએ સત્સંગથી વિમુખ જે વૈરાગી હતા તેનો તથા તેના માલપૂડા, દૂધપાકનો ત્યાગ કર્યો. ૨૫. પછી તે વૈરાગીના મંદિરમાં રૂપિયો આપવાનું બંધ કર્યું. તે વાત સાંભળીને જેટલા કુસંગી કડિયા હતા, તે બધાએ ભેળામળીને સંપ કર્યો. ૨૬. અને વિચાર કર્યો કે, જે નાતના થઈને નાતના કરેલા ઠરાવને તોડે તો બધા નાતિલાઓએ ભેળામળીને તેને કઈ રીતે કહેવું ? ૨૭. કહ્યા સિવાય આ નક્કી કરેલો ઠરાવ રહેશે નહીં. કોઈક દિવસ દસ વીશ જણા ભેળામળીને નાતના કરેલા ઠરાવને તોડી નાખશે. પછી હરિભક્તોની સાથે જે કડિયાઓને સંબંધ હતો, તે બધા એમ બોલ્યા કે, "તે હરિભક્ત થયા હોય તો તેનાથી

શું ? ૨૮-૨૯. જો નાતના ઠરાવને તોડી નાખશે તો નાતનું બંધારણ કેમ રહેશે ? જે હરિભક્ત થયા હોય તેમણે પણ નાતનાં બંધારણનો ક્યારેય ભંગ કરવો તે અઘટિત વાત છે. તે તેમને કહ્યા સિવાય દેખાશે નહીં."

પછી તે સહુએ હરિભક્ત કડિયાઓને બોલાવીને સમજાવ્યા. ૩૦-૩૧. ત્યારે હરિભક્ત કડિયાઓએ નાતના બીજા કડિયાઓની આગળ સત્સંગનો કેફ લઈને સંબંધીના વચનને જ્યારે ન માન્યું, ત્યારે તે નાતિલાઓએ હરિભક્ત કડિયાઓને નાત બહાર કર્યા. ૩૨. પછી તો હરિભક્ત કડિયાના ચાર ઘર જ મનમાં દૃઢ નિશ્ચય કરીને નાત બહાર રહ્યા. બીજા જે ગરીબ કડિયાઓ હરિભક્ત હતા તે નાતનાં બંધારણમાં મળી ગયા. તેથી તેમનું કોઈએ નામ ન લીધું. પણ કુસંગી કડિયાઓમાં જે મોટા હતા, તેઓએ ચોતરે ભેળા થઈને તેમની પાસે કાંઈક દંડ ભરાવ્યો. અને હરિભક્ત કડિયાઓએ સરકારમાં મળીને એ પ્રમાણે કર્યું. ૩૩-૩૫. ચાર મહિના ગયા પછી જે કડિયો દીવાનનો શિલ્પી હતો, તેની મા ગુજરી ગઈ અને તે હરિભક્ત પુરુષોત્તમ કડિયાની સાસુ હતી. ૩૬. તેની ઉત્તરક્રિયાના ખરચમાં જલેબી કરવાનું શરૂ કર્યું અને તે નિમિત્તે બસો રૂપિયા સરકારમાં જઈને ભર્યા. ૩૭. એ બસો રૂપિયા ભરવામાં પણ હરિભક્તોના ચાર ઘરને નાત બહાર કરવાનો સિદ્ધાંત જ મુખ્ય હતો. ૩૮. ત્યારે કડિયા પુરુષોત્તમભાઈ આધારાનંદ સ્વામીની પાસે આવ્યા અને રડવા લાગ્યા, "સ્વામી ! હવે આપ કાંઈ ઉપાય કરો. સત્સંગને માટે તો અમારે ઘણું દુઃખ આવી પડ્યું છે, તે દુઃખ બીજા કોઈ ઉપાયથી છૂટતું નથી." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "કડિયા હરિભક્તોની દૃઢતાથી તેમને મોટેરાઓએ નાત બહાર કર્યા" એ નામે અઠ્ઠાણુંમો તરંગ સમાપ્ત ॥૯૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૯૯

કડિયાના ચાર ઘરને નાતમાં લેવા આધારાનંદ સ્વામીનો પ્રયત્ન

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. કડિયાની નાતના આગેવાન જે કુસંગીઓ છે, તેમણે એમ કહ્યું છે કે, 'તે ચાર હરિભક્તો અમને ઘર દીઠ હજાર હજાર રૂપિયા આવીને દે, તોપણ અમે તે ચાર ઘરને હવે નાતમાં લઈશું નહીં.' એમ અંતરથી અતિ ઢીલા થઈને કડિયા પુરુષોત્તમભાઈએ આધારાનંદ સ્વામીને કહ્યું. ત્યારે સ્વામીએ તેમને કહ્યું કે, "આનો હવે અમે શો ઉપાય કરીએ ? ૨-૪. જે વાત બગડી ગઈ હોય, તેને સુધારવી કઠણ છે. માટે હવે જે મોટા મોટા હરિભક્તો છે તે જેમ કહે તેમ તમે કરો." ૫. પછી પુરુષોત્તમભાઈએ મોટા હરિભક્તો પાસે જઈને કહ્યું, ત્યારે તે મોટા હરિભક્તોએ કહ્યું કે, "તમારી નાત જેમ કહે તેમ કરો ત્યારે જ તમને સુખ થાશે." ત્યારે પુરુષોત્તમ કડિયા બોલ્યા કે, "તમે મોટા હરિભક્તો અમારા મોટેરા નાતિલા આગળ જઈને વાત કરો, પછી અમે આવીએ. ૬-૭. બોલાવ્યા વગર અમે જઈએ તો તેમાં કાંઈ જીવ રહે નહીં."

પછી નાથભક્ત તથા સદાશિવભાઈ મોટેરા નાતિલાની પાસે ગયા. ૮. તેમણે તેમની આગળ ચાર ઘરની વાત કહી. ત્યારે તે નાતના આગેવાનોએ હરિભક્તોની આગળ કહ્યું કે, "નાતે જે બંધારણ કર્યું હોય, તેને જે નાતને પૂછ્યા વિના તોડી નાખે તેને અમે નાતિલા માનતા નથી. અમે હરિભક્ત સમાન બીજાને જાણતા નથી. પરંતુ નાતનું બંધારણ તોડે તે તો ચોર કહેવાય છે. ૯-૧૦. ચોરનો કોઈ સત્કાર કરતા નથી. તમારે ચાહે ત્યાં જઈને પોકાર કરવો હોય તો કરો. તે અમારા નાતિલા અને અમારા સંબંધી પણ છે, તેના ઉપર અમને અપાર હેત છે, પણ તેમણે અમારી ઇજ્જત લીધી છે. તે રૂપિયા આપી આપીને કેટલાક આપશે ? ૧૧-૧૨. અમે તેની પાસેથી રૂપિયા લેવાના નથી અને તેને બોલાવશું પણ નહીં. તેઓ જો વગર બોલાવ્યે

આવશે તો તેમને દૂર બેસાડશું. ૧૩. અને બધી નાત જમ્યા પછી તેમને અમે જરૂર જમાડશું. હવે પછી અમે તેની સાથે ક્યારેય બોલશું નહીં. અમે આ બાબતમાં કાંઈ ખોટું કહેતા નથી. ૧૪. તેઓ નાતની વચ્ચે આવીને એમ કહે કે, 'નાતને કહ્યા વગર અમે નાતનું બંધારણ તોડ્યું છે. અમે બુદ્ધિ હીન મૂર્ખ છીએ અને નાતના ચોર થયા છીએ.' ૧૫. ત્યારે નાત તેમને નિર્દોષ કરશે. હવે તમે તેમને જઈને આ વાત કહો. તેઓ તમારાં વચનને માનશે. ૧૬. **જે હરિભક્તો હોય છે તે પરસ્પર એકબીજાનાં વચનનો બહુ હેતથી સત્કાર કરે છે, માને છે. હરિભક્તોમાં આ બાબત સારી છે."** ૧૭.

ત્યારે નાથજીભાઈ તથા સદાશિવભાઈએ હરિભક્ત કડિયાઓને તે વાત કહી, પણ હરિભક્તોને તે વાત માનવામાં આવી નહીં. અને હરિભક્ત કડિયાઓએ કહ્યું કે, "અમે તો સત્સંગને માટે આ બધું કર્યું છે. ૧૮. અમને તે વિમુખ જીવોએ સત્સંગને નિમિત્તે દુઃખ આપ્યું છે. અમને તો ભગવાન શ્રીહરિ, સંતો અને હરિભક્તોની મમતા અધિક છે. ૧૯. અમને શ્રીહરિ તથા સંતોનો વિશ્વાસ છે. તે બંને અમારાં દુઃખનો નાશ કરશે. જન્મ-મરણનાં જેવું બીજું કોઈ દુઃખ નથી અને જમપુરીનું દુઃખ પણ ઘણું મોટું છે. ૨૦. એવા દુઃખથી પણ શ્રીહરિ અને સંતો સહાય કરે છે. એવા તે બહુ સમર્થ છે." કડિયા નંદલાલભાઈને સત્સંગની અચળ દૃઢતા હતી. ૨૧. પણ પુરુષોત્તમભાઈ વિહ્વળ થઈ ગયા. તેઓ વિચારતા કે, હવે નાત વિના શું કરશું ? રોજ નાતમાં રહીને જમતા હતા. હવે નાત બહાર કર્યા તો આપણો નિભાવ કેમ થશે ? ૨૨.

ત્યારે નંદલાલભાઈએ તેને સમજાવ્યા કે, 'નાતમાં એકેય ધર્મ રહ્યો નથી. જ્યારે ભગવાન રાજી થાય છે ત્યારે આપણને વટલતા મટાડે છે. ૨૩. જાણી જોઈને વટલવા માટેનો ઉપાય કરવો તે સારા હરિભક્તની રીત નથી. **આપણે શ્રીહરિ અને સંતનો વિશ્વાસ રાખવો જોઈએ. અને હરિભક્તે મન કાયર કરાય નહીં.** ૨૪. **કુસંગીની ભગવાન ક્યારેય સહાય કરતા નથી. ભગવાન તો હરિભક્તની ધીરજને દેખતા હોય છે.** ૨૫. ત્યારે પુરુષોત્તમભાઈ બોલ્યા કે, 'આપણી આખી નાત આવતી કાલે આપણને

છોડીને પકવાન જમશે. ૨૬. જ્યારે આવું થશે ત્યારે જીવ્યા તે ન જીવ્યા જેવું થશે. આપણે લોકોને શું મુખ દેખાડશું ? આપણાં દુ:ખની વાતને હવે કોણ સાંભળશે ? ૨૭. અંતરમાં દાઝ્યા વિના આપણને હવે સહાય કોણ કરશે ? આપણે માટે કોઈ એવો હોશિયાર નથી કે જે સમુદ્ર જેવાં દુ:ખથી આપણને તારી શકે. ૨૮. મરેલાને જિવાડે એવા કોઈ સમર્થ સંત જો હોય તો તેઓ આપણાં દુ:ખનું નિવારણ કરે. હવે આપણે કોની આગળ જઈને પોકાર કરવો ?' ૨૯.

ત્યારે આધારાનંદ સ્વામી બોલ્યા કે, "અમે કોઈ મરેલાને જિવાડતા નથી. આ વડોદરા શહેરમાં સમાધિ થાય તેવા બહુ હરિભક્તો છે. અને તેવા હરિભક્તને શ્રીહરિ દર્શન પણ આપે છે. તેવા હરિભક્તથી શ્રીહરિ દૂર રહેતા નથી. માટે જેની સમાધિ સાચી હોય તે હરિભક્ત પાસે જઈને તમે કહો. ૩૦-૩૧. તે સમાધિવાળા શ્રીહરિની આગળ તમારાં આ દુ:ખની વાત કહેશે કે, 'આ દુ:ખનો પાર ક્યારે આવશે ?' પછી શ્રીહરિ જેમ કહેશે તેમ થાશે. આપણે તે પ્રમાણે ધીરજ રાખવી જોઈએ. ૩૨. અમે સારું કરવા ગયા તેમાં દુ:ખ આવી પડ્યું છે." ત્યારે પુરુષોત્તમ કડિયાએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "તમારા વિના અમારી સહાય કોણ કરશે ? જેની સહાયમાં કોઈ ન રહે તેની સહાય આપ કરો છો. ભગવાન સંતોમાં પ્રગટ બિરાજે છે. સંતોને છોડીને અમે બીજે દોડતા નથી. સંતોની સમાન કોઈ હરિભક્ત પણ નથી." ૩૩-૩૪.

ત્યારે આધારાનંદ સ્વામીના દિલમાં ઘણી દયા આવી. તેમણે કહ્યું, "હવે તો શ્રીહરિએ જેમ ધાર્યું હશે તેમ કરશે. આપણે તો આપણી બુદ્ધિ જેટલી ચાલે તેટલી ચલાવીએ." ૩૫. આમ કહીને સ્વામી તરત ચાલતા થયા. કોઈની સાથે વિચાર કર્યો નહીં. એક ઈશ્વરભાઈ નામના હરિભક્તને સાથે લીધા અને નારુપંત નાના પાસે ગયા. ૩૬. નારુપંત નાનાએ સામા ઉઠીને હાથ જોડી સ્વામીનો ઘણો સત્કાર કર્યો અને કહ્યું, "સ્વામી ! આપ મારે ઘેર શા કામ માટે પધાર્યા છો ? મુનિરાજ ! આપ તો મારા ઘરને પવિત્ર કરવા માટે પધાર્યા છો." ત્યારે તે આધારાનંદ સ્વામી બોલ્યા, "અમારે આજ

તમારું કામ પડ્યું છે. ૩૭-૩૮. હરિભક્ત કડિયાના ચાર ઘરને કુસંગી કડિયાઓએ નાત બહાર મૂક્યા છે. ૩૯. હવે તે ચાર ઘર પોતાની નાતમાં જઈને બેસે એ રીતે તમારે હરિભક્તોની લાજ રાખવાની છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "કડિયાના ચાર ઘરને નાતમાં લેવા આધારાનંદ સ્વામીનો પ્રયત્ન કહ્યો" એ નામે નવ્વાણુમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૦

આધારાનંદ સ્વામીના પ્રયત્નથી સરકારે કડિયાની નાતનું જમણ બંધ કરાવ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ત્યારે નારુપંત નાનાએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "કડિયા હરિભક્તોની વાત તો ઘણી બગડી ગઈ છે. કેમ જે, આ વાત તો સરકાર સુધી પહોંચી ગઈ છે. હવે જો હું સરકારમાં જઈને કાંઈ કહું તો સરકાર મને કહેશે કે શું તમે લાંચ લીધી છે ? ૨-૩. જેટલા સરકારી માણસો હોય છે તે લાંચ લીધા સિવાય કાંઈ કામ કરતા નથી. મારું મન સાફ છે, તોપણ તેમને મારા ઉપર લાંચ લીધી હોવાનો સંદેહ થાશે. ૪. સરકાર અને જેટલા સરકારી મનુષ્યો છે, તે બધા રૂપિયા વિના કામ કરતા નથી. સરકારમાં તો આઠે પહોર રૂપિયા વિના કોઈ કામ સિદ્ધ થાતું નથી. ૫. રૂપિયાની ઉપર જ બધી રમત હોય છે. અરે ! રૂપિયા તો મરી ગયેલી બાબતને પણ જિવાડી દે છે. જેને જેવું કામ હોય તેવું તે કામ રૂપિયા કરી આપે છે." ૬.

ત્યારે આધારાનંદ સ્વામીએ કહ્યું કે, "જો રૂપિયા જ કામ કરતા હોય તો પછી તમે શું કર્યું કહેવાય ?" જ્યારે સ્વામીએ નાના સાહેબમાં કાંઈ જીવ(નક્કર ઈરાદો) દેખ્યો નહિ એટલે તરત જ ત્યાંથી ઊઠી ગયા. ૭. જોકે નાના સાહેબનું સરકારમાં ઘણું માન હતું, છતાં નાના સાહેબે સંતની લગાર

પણ મહોબત(સંબંધની શરમ) રાખી નહીં. તેથી સંત અંતરમાં દુઃખાઈ ગયા અને તરત જ ત્યાંથી ચાલતા થયા. ૮. પછી સ્વામીના દિલમાં શ્રીહરિએ આવીને એવી પ્રેરણા કરી કે, રામચંદ્ર વૈદ્ય સારા હરિભક્ત છે. તેમનો ઘણો યશ પ્રસરેલો છે. ૯. તેમનું અંતર કોમળ છે. તેથી પોતાથી જેટલું થઈ શકે તેટલું પરોપકારનું કામ કરવામાં તેમને ઘણી રુચિ વર્તે છે. ૧૦. તેઓ તેમનાથી થઈ શકે તેટલો ઉપકાર મનના ઘણા પ્રેમથી કરે છે. વળી, પરોપકાર કરનારા સાથે ઉત્સાહથી મહોબત રાખે છે. ૧૧. આવા રામચંદ્ર વૈદ્યના ગુણ જાણીને આધારાનંદ સ્વામી તેમને ઘેર જવા ચાલ્યા. આધારાનંદ સ્વામીની સાથે રહેલા ઈશ્વરભાઈ તો ના...ના કહેતા હતા કે, "સ્વામી ! શા માટે આપ આ રીતે ભટકો છો ?" ૧૨.

ત્યારે મુનિએ ઈશ્વરભાઈ પ્રત્યે કહ્યું કે, "આપણે હવે એક રામચંદ્ર વૈદ્યને ઘેર જઈ આવીએ. ત્યાં જઈને પછી પાછા ફરશું. ૧૩. હરિભક્તનું દુઃખ દેખીને મારા દિલમાં અતિ દુઃખ થાય છે. આપણે પોતે ઘણું દુઃખ સહન કરીને પણ જેટલું આપણાથી થઈ શકે તેટલી તેમને મદદ કરવી જોઈએ." ૧૪. આ રીતે રકઝક કરતાં બંને જણ રામચંદ્ર વૈદ્યના ઘર તરફ ચાલ્યા. વૈદ્યનું ઘર બાજવાડામાં હતું. ૧૫. જ્યારે તેમના ઘરની સમીપે પહોંચ્યા ત્યારે રામચંદ્ર વૈદ્ય જ સામા મળ્યા. તેમણે સ્વામીને કહ્યું કે, "સ્વામી ! આપ ક્યાં જાઓ છો ?" ૧૬. ત્યારે વૈદ્ય ગાડીમાં બેઠા હતા. તેઓ ગાડી વિના જતા-આવતા નહીં. તે સમયે સ્વામીએ કહ્યું કે, "આજે અમારે તમારું કામ પડ્યું છે." ૧૭. ત્યારે વૈદ્યે ગાડી પાછી વાળી અને ભવનના માળ ઉપર જઈને બેઠા. પછી વૈદ્યે સ્વામીને ઘણા ભાવથી હિંડોળા ઉપર બેસાડ્યા. ૧૮.

પછી વૈદ્યે સ્વામીને કહ્યું કે, "આપ શા કામ માટે પધાર્યા છો ? આપે તો અમારા ઘરને પવિત્ર કર્યું છે. આ ઘરે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી મારા ઉપર ખૂબ કૃપા કરીને બહુ વાર પધાર્યા છે." ૧૯. ત્યારે આધારાનંદ સ્વામીએ કહ્યું કે, "કોઈ હરિભક્તને જ્યારે કાંઈક દુઃખ આવે અને તે તેનાથી કોઈ ઉપાયે કરીને ટળે એવું ન હોય, તેવે વખતે બીજા હરિભક્ત તેની સહાય કરે છે. ૨૦. **કોઈ એક હરિભક્તને જ્યારે**

દુઃખ આવે છે ત્યારે બીજા હરિભક્ત તેની અવશ્ય સહાય કરે છે. ખરા હરિભક્તોની એવી રીત હોય છે કે, હરિભક્તનાં દુઃખમાં પોતાથી જેટલી થઈ શકે તેટલી મદદ વગર કહ્યે-સામેથી કરવી, જો પોતાનું ચાલી શકે તેમ ન જ હોય તો પ્રાર્થનારૂપી શુભ સંકલ્પ કરવા; એમ કોઈ પણ રીતે હરિભક્તનાં દુઃખને ટાળે છે. ૨૧-૨૨.

જ્યારે ભગવાન શ્રીહરિ ભક્તને સહાય કર્યાની તે વાત સાંભળે છે, ત્યારે તેના ઉપર ઘણું રાજી થાય છે. હરિભક્તને તો 'મારે શ્રીહરિને રાજી કરવા છે' આવું જ રાત દિવસ સ્મરણ-યાદ રહે છે. ૨૩. આપણા હરિભક્ત કડિયાનાં ચાર ઘર છે. તેને નાત બહાર રાખીને આવતી કાલે તેમની નાત નિશ્ચિત જમશે, એમાં કાંઈ ખોટું નથી. ૨૪. મેં જઈને નારુપંત નાનાને આ વાત સંભળાવી, પણ તેણે તે વાતમાં કાંઈ ધ્યાન દીધું નહિ, ત્યારે હું તમારી પાસે આવ્યો છું." ૨૫. ત્યારે રામચંદ્ર વૈદ્ય બોલ્યા કે, "આપનાં દુઃખને દેખીને હવે મારાથી જે બની શકે તેનો હું વિચાર કરું. ૨૬. દીવાન જેમાં ભળેલા હોય એવી સરકારે પકડેલી વાતને છોડાવવી કઠણ છે, પણ શ્રીહરિ પોતે જ્યારે એ વાતને કરવા ધારે છે ત્યારે તો સરકાર પણ ફરી જાય અને દીવાન પણ ફરી જાય. કેમ જે, શ્રીહરિના સમાન બીજો કોઈ સમર્થ કહેવાતો નથી. ૨૭-૨૮.

જે ભગવાન સહુનું કારણ છે, તે ભગવાન તો આપને વશ છે. ભગવાન તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન કહેવાય છે. ૨૯. **તે ભગવાન તમારા અંતરમાં રહ્યા છે અને તેઓ જેમ ધારે તેમ થાય છે. ભગવાન સિવાય બીજા જે સમર્થ કહેવાતા હોય છે તે તો નિમિત્ત માત્ર જ હોય છે.** ૩૦. માટે સ્વામી ! હવે આપ મંદિરમાં જાઓ. આપે જે વાત કહી તેનું ફળ જેવું દેખાશે, તે હું આપની આગળ નિવેદન કરીશ. ૩૧. જેવું પરિણામ આવ્યું દેખાશે, તે સાંજ સુધીમાં હું કહી દઈશ."

પછી આધારાનંદ સ્વામી મંદિર આવ્યા. પ્રભુએ જેટલી બુદ્ધિ પ્રકાશી તેટલી આ બધી વાત કરાવી. ૩૨. જ્યારે સ્વામી મંદિર જવા માટે ચાલ્યા ત્યારે વૈદ્ય પોતાની ગાડીમાં બેસીને તત્કાળ સરકાર પાસે ગયા. ત્યાં સરકારને

જેમ થઈ હતી, તે બધી વાત કહી, "કડિયાની બધી નાત આવતી કાલે જમશે. તેમાં જ્યારે ચાર ઘરનાં કડિયાઓ બેસે ત્યારે જ એ નાત બધી જમે, એમ જો થાય તો અમે ઘણા ખુશી થઈશું. માટે આપ મારું એટલું વચન માનો. ૩૩-૩૫. આપને જેટલા રૂપિયા જોઈએ તેટલા હું મારા ઘરના આપું. હું રૂપિયા દેવા માટે જ આવ્યો છું. કારણ કે સરકારને ધન ઉપર ભાવ છે. ૩૬. રૂપિયામાં તમારા દીવાન ઘણા ખુશી રહે છે. રૂપિયાની સમાન બધા રાજ્યમાં કોઈ વાત કહેવાતી નથી. જેટલા કજિયા છે તે બધા રૂપિયા જ કરાવે છે. રૂપિયામાં કજિયો રહ્યો છે અને છેવટે રૂપિયા જ કજિયો મટાડે છે." ૩૭-૩૮. આ રીતે રામચંદ્ર વૈદ્યને સાચી વાત લઈને આવેલા જોયા ત્યારે સરકાર ખૂબ રાજી થયા અને સરકારે કહ્યું કે, "રૂપિયા તો અમને ઘણા મળે છે." ૩૯. પછી સરકારે પોતાના એક દૂતને બોલાવીને કહ્યું કે, "તું જઈને કડિયાઓને કહે કે, હવે નાતમાં કોઈ જ જમે નહીં." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "આધારાનંદ સ્વામીના પ્રયત્નથી સરકારે કડિયાની નાતનું જમણ બંધ કરાવ્યું" એ નામે સોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૧

સરકારને શ્રીહરિનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સરકારે કહ્યું એટલે તત્કાળ જ દૂત ત્યાં ગયો અને કડિયાની નાતને સંભળાવી દીધું કે, "સરકારનો હુકમ છે. તમારી નાતમાં કોઈએ જમવું નહીં. ૨. હરિભક્તના ચાર ઘરને બોલાવીને તમે નાતમાં બેસારો ત્યારે જ નાત જમે. ચાર ઘરને બોલાવ્યા સિવાય નાત જમે નહિ, એમ સરકારે કહ્યું છે." પછી સરકારે વૈદ્યને કહ્યું કે, 'આ વચન હમણાં જ હું દીવાનને પણ માણસ દ્વારા સંભળાવું છું. ૩-૪. આમ કહ્યું પછી સરકારનો જે દૂત હતો તે દીવાનની પાસે ગયો

અને કહ્યું કે, 'જેટલા હરિભક્ત કડિયાનાં ઘર છે તે જ્યારે નાતમાં બેસશે ત્યારે જ નાત જમશે. સરકારની આવી મરજી છે તે હું તમને સંભળાવવા આવ્યો છું.' ૫-૬. કડિયા કેવળ અને નંદલાલ તે બંને ભાઈ સરકારના મુખ્ય શિલ્પી હતા. જ્યારે સરકારે આ ક્લેશ જાણ્યો ત્યારે સરકારે તેની સંભાળ લીધી અને કહ્યું, 'તેઓ અમારે વિશ્વાસે બેસી રહ્યા અને અમોને આ વાત સંભળાવી નહિ તેથી તે ક્લેશની વાત આટલી લાંબી થઈ ગઈ છે.' ૭-૮.

આ રીતે રામચંદ્ર વૈદ્યે સરકારને જે વાત કહી સંભળાવી હતી, તે પછી મંદિરમાં આવીને આધારાનંદ સ્વામીને બધી વાત કહી કે, ૯. "સરકારે કડિયાની જેટલી નાત છે તેને સમૂહ ભોજનમાંથી અટકાવી રાખી છે. જેટલા હરિભક્ત કડિયા છે તેને નાતમાં બેસાડ્યા વિના જો કડિયાની નાત જમશે તો તેને સરકારમાં દંડ ભરવો પડશે. આટલો બંદોબસ્ત કરીને હું આવ્યો છું. હરિભક્તોને હવે કાંઈ દુ:ખ રહ્યું નથી. ૧૦-૧૧. હવે તો કુસંગીને દુ:ખ આવ્યું છે. જે નાતે હરિભક્ત કડિયાઓનો ત્યાગ કર્યો હતો તે હવે હરિભક્તોને બોલાવ્યા સિવાય જમી શકશે નહીં. હવે હરિભક્તોને નાતમાં બેસાડશે ત્યારે જ નાત જમી શકશે. આ વાતનો નિશ્ચય થઈ ગયો છે." ૧૨-૧૩.

✽ ધીરજ અને હરિસ્મરણથી જ દુ:ખ ટળે છે :

दोहा : भगवान हि ताके सम हि, समर्थ कोउ न रहाय;
भुलत मारग तिनकु जो, मारग देत चढाय...१४

सोरठा : दुःख आवत हि ताकु, करत न कोउ सहाय जब;
हरि कु समरत वाकु, दुःख में सूँ सुख होत तब...१५
दुःख में धीरज जेह, रखना बहु कठिन रहेउ;
सहाय बिन जो तेह, दुःख के पूर तिन महीं...१६

ભગવાન સમાન કોઈ જ સમર્થ નથી. ભગવાન તો માર્ગ ભૂલેલાને પણ માર્ગે ચઢાવી દે છે. ૧૪. માણસને જ્યારે દુ:ખ આવે ત્યારે તેવા સમયે કોઈ સહાય કરતા નથી, પણ જો તે જીવ તે સમયે ભગવાનને સંભારે તો તેને દુ:ખમાંથી પણ સુખ થઈ જાય છે. ૧૫. પરંતુ દુ:ખમાં ધીરજ રાખવી તે

બહુ કઠણ છે. નિઃસહાય માણસને જ્યારે દુઃખનું પૂર આવે છે. ત્યારે તેને જો કોઈની સહાય ન હોય, તો તે દુઃખના પ્રવાહમાં વહેતો રહે છે. તેથી તે બહુ જ દુઃખ પામે છે. તેવાં દુઃખમાં ભગવાન ભક્તને સહાય કરે છે. પરંતુ જે ભગવાનથી વિમુખ હોય તેની ભગવાન સહાય કરતા નથી. ૧૬-૧૭.

જ્યારે હરિભક્ત કડિયાઓનું બધું દુઃખ ટળી ગયું ત્યારે તેઓ બોલ્યા કે, **"ગોપાળાનંદ સ્વામીનાં વચનથી આ બધું દુઃખ દૂર થયું છે. ૧૮. ગોપાળાનંદ સ્વામી જેમ બોલે છે તેમ આ શહેરમાં થાય છે."** હરિભક્ત કડિયાઓનું દુઃખ જ્યારે ટળી ગયું ત્યારે તે સાંભળીને નારુપંત નાનાએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "સ્વામી, તમે તો ખૂબ બુદ્ધિમાન છો, એમ અમને નિશ્ચિતરૂપમાં જણાયું છે. ૧૯-૨૦. કડિયાઓની વાત એવી ઘૂંચવણવાળી હતી કે તેનો ક્યારેય પાર આવે તેમ ન હતો. કેમ જે, એમાં કોઈની બુદ્ધિ ચાલે તેમ ન હતું, તેને હું ચોક્કસ જાણું છું. ૨૧. આપે એક જ દિવસમાં દુઃખનો પાર લાવી દીધો અને કડિયાઓને અપાર સુખી કર્યા." ત્યારે આધારાનંદ સ્વામી બોલ્યા કે, "આ બધો શ્રીહરિનો પ્રતાપ છે તેમ તમે જાણો. ૨૨.

❋ સંતમાં રહેલ પ્રતાપ શ્રીહરિનો જ છે :

ચોપાઈ :

संत में प्रताप देखावे जितना, श्रीहरि के देखना सब तितना;
श्रीहरि के प्रताप जो ताकू, अधिक अधिक देखावन वाकू...२३
संत में प्रताप रहे तेहि हीता, इमि समझत हरिजन रहे तीता;
हरि कु छोडिके संत में जेते, प्रताप समझत रहेउ तेते...२४

दोहा : प्रताप समझत जिनकेउ, हरिजन रहे ताके;
हरि के साचे संत के, इमि मत रहे वाके...२५
हरि के साचे संत जो, सत्संग में जेते;
प्रताप जेते देखत हि, हरि के देखत तेते...२६

સંતોમાં જે કાંઈ પ્રતાપ દેખાય તે બધો શ્રીહરિનો જ પ્રતાપ છે, તેમ જોવું. શ્રીહરિનો પ્રતાપ લોકો વધારે ને વધારે દેખે કે જાણે, તે માટે શ્રીહરિ

સંતમાં રહીને અપાર પ્રતાપ દેખાડે છે; એમ જે સમજે છે તે જ સાચા હરિભક્ત છે. ભગવાનને છોડીને સંતમાં પ્રતાપ રહ્યો છે, એમ જે સમજે છે તે હરિભક્ત જેનો પ્રતાપ સમજે છે તેના ભક્ત છે; આવો શ્રીહરિના સાચા સંતનો મત છે. ૨૩-૨૫. સત્સંગમાં જે જે શ્રીહરિના સાચા સંતો છે, તેઓ જે કાંઈ પ્રતાપ દેખે છે તેને શ્રીહરિના પ્રતાપના રૂપમાં જ દેખે છે. ૨૬. સત્સંગમાં પણ જેટલો કાંઈ પ્રતાપ દેખાય રહ્યો હોય તે બધો શ્રીહરિનો જ પ્રતાપ છે તેમ સમજે છે. ૨૭. જે લોકો ભગવાન સિવાય બીજા કોઈનો પ્રતાપ સમજે છે, તે હરિભક્તોની ખરી રીત નથી. તે રીત તો સત્સંગ બહારના લોકોની છે. ૨૮.

નારુપંત નાના હરિભક્ત હતા. સરકારે તેમને હરિભક્ત જાણીને મોટો અધિકાર આપ્યો હતો. ૨૯. સરકારની પૂરી સંભાળ રાખવા માટે ત્યાં અંગ્રેજ રેસિડેન્ટ કાયમ રહેતા હતા. સરકારે જે વાત યોગ્ય રીતે કરવાની હોય તે નારુપંત નાના રેસિડેન્ટને સંભળાવતા હતા અને રેસિડેન્ટ પોતે તપાસીને જે વાત સરકારને કહેવાની હોય તે નારુપંત નાના દ્વારા કહેવડાવતા હતા. ૩૦-૩૧. સરકારે આ અધિકાર ઘણા પ્રેમથી નારુપંત નાનાને આપ્યો હતો. સરકારના મનમાં જેના ઉપર ઘણો વિશ્વાસ આવે તેને આ અધિકાર આપતા હતા. એકબીજાના અંતર જુદાં ન વર્તે એટલા માટે આ અધિકાર રાખ્યો હોય છે. ૩૨-૩૩. જે એકબીજાના હૃદય જુદાં પાડી દે તેનો વિશ્વાસ સરકાર રાખતા નથી. તેઓ અવિશ્વાસી માણસને તો તરત જ દૂર કરે છે. એવાને હજૂરમાં રાખતા નથી. ૩૪.

ગાયકવાડ સરકારે નારુપંત નાના ઉપર વિશ્વાસ કર્યો હતો. તે નારુપંત નાના જ્યારે સરકાર આગળ સત્સંગની વાત કરતા ત્યારે સરકાર તે બાબતની વાતને ધ્યાનમાં લેતા નહીં. હા, એ બાબતનો મનમાં ઘણો પસ્તાવો કરતા કે, કોઈ પણ ઉપાયે તમે સહજાનંદ સ્વામીને આ વડોદરા શહેરમાં જ્યાં સુધી નહિ લાવો ત્યાં સુધી તેમણે ચારે ધામમાં કરેલો દિગ્વિજય ન કર્યા બરાબર છે. ૩૫-૩૭. ભગવાન શ્રીહરિનો દિગ્વિજય અનંત બ્રહ્માંડોમાં છવાઈ રહ્યો છે, તેને અમે જાણીએ છીએ. પણ તેનાથી

આપણને શું લાભ ? ૩૮. આપણે લાભ લેવો છે. જ્યારે આપણે તેમને નજરે દેખીએ ત્યારે આપણા દિલની દાઝ વળશે. તેનો બીજો કોઈ ઉપાય મળતો નથી. ૩૯. જે સમાધિવાળા હતા તેમને સરકાર ઘણી વાર પૂછતા અને જે મોટા સંતો હતા તેમને પણ પોતાના હૃદયમાં થતો હરિદર્શનના વિયોગને ટાળવાનો ઉપાય પૂછતા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સરકારને શ્રીહરિનાં દર્શન કરવાની તીવ્ર ઇચ્છા કહી" એ નામે એકસો ને પહેલો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૨

સરકારે પોતાને દર્શન દેવા માટે શ્રીહરિ પધારે તેવો પત્ર લખ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નારુપંત નાનાએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "તમે કોઈ એવી ચોક્કસ રીત કહો કે જે રીતે સરકારને શ્રીહરિના ઉપર વિશેષ ભાવ ઉત્પન્ન થાય. કારણ કે, તમે શ્રીહરિની સમીપે રહેનારા છો." ૨-૩. ત્યારે આધારાનંદ સ્વામી બોલ્યા કે, "સરકારના દિલમાં ભાવ ન હોય તો શ્રીહરિ અહીં આવે નહીં. કારણ કે, શ્રીહરિની એવી રીત છે. ૪. દિલમાં ભાવના પેદા કરવી તે વાત કઠિન છે. તેનો ઉપાય તો કોઈ સમજાતો નથી. મહારાજને વડોદરા લાવવા બાબતે મેં ખૂબ ખૂબ વિચાર કર્યો છે, અને ગોપાળાનંદ સ્વામીને પણ વારંવાર પૂછ્યું છે. ત્યારે સ્વામીએ ધ્યાન કરીને કહ્યું છે કે, "હમણાં શ્રીહરિની મરજી નથી. જ્યારે શ્રીહરિની મરજી થશે ત્યારે સહજ રીતે વાત કરશું તોપણ શ્રીહરિ તરત અહીં આવશે. તેમાં કાંઈ વાર લાગશે નહીં. ધાર્યું તો એક શ્રીહરિનું જ થાય છે." માટે આપણે તો સરકારના દિલમાં શ્રીહરિના પ્રત્યે ભાવના થાય તેવા સંકલ્પ વારે વારે કરવા. ૫-૭. શ્રીહરિ જ્યારે મનમાં ધારશે ત્યારે સરકારના હૃદયમાં કોઈ પણ નિમિત્તે ભાવ થશે. નિમિત્ત વિના શ્રીહરિનું વિચરણ હોતું નથી. ૮.

પછી નારુપંત નાનાએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "નિમિત્ત કઈ રીતે કરવું તે ઉપાય તમે મને બતાવો. પછી હું તે રીતે કરું. ૯. શ્રીહરિને પધરાવવાનું નિમિત્ત કઈ રીતે ઉપજાવવું તે વાતને અમે જાણતા નથી." ત્યારે આધારાનંદ સ્વામીએ નારુપંત નાનાને ભાવ ઉપજાવવાની રીત સહજપણે બતાવી દીધી. પછી નારુપંત નાનાએ સરકારની પાસે જઈને તે વાત કહી. ત્યારે સરકારે ઘણા પ્રેમભાવથી તે વાતને સાંભળી. ૧૦-૧૧. સરકારે નારુપંત નાનાએ કહેલી વાતને અમૃત કરતાં પણ ઉત્તમ જાણી, અને પછી તે વાતમાં સત્યપણાનો વિશ્વાસ રાખીને તેમાં જીવ ચોંટાડ્યો. આ રીતે જ્યારે સરકારના દિલમાં ભાવ ઉત્પન્ન થયો ત્યાર પછી તે એક પળવાર પણ શ્રીહરિની વાત ભૂલતા નહીં. ૧૨.

પછી સરકારને શ્રીહરિ ઉપર તત્કાળ પત્ર લખવાની ભાવના થઈ. ત્યારે નારુપંત નાનાએ સરકારની આગળ કહ્યું, "અમારા સત્સંગના સંત અહીંયાં રહે છે. તેઓ પત્ર લખવાની શુભ રીતને જાણે છે. ૧૩-૧૪. આપને જેવો ભાવ થયો છે તેવો જ ભાવ શ્રીહરિને પણ જ્યારે થાય ત્યારે તે વાતમાં રસ રહે. ૧૫. **જે કોઈ પણ વાત હોય તે રસે કરીને પ્રિય લાગે છે, પણ રસ વિનાની વાત તો કૂચા જેવી લાગે છે.** ૧૬. પરંતુ જે તે વાતમાં અપાર રસ રખાવવાનું કામ સંતોને ખૂબ આવડતું હોય છે." એમ કહીને નારુપંત નાના સંતોની પાસે આવ્યા. ત્યારે તેમનું મન ખૂબ જ પ્રસન્ન હતું. ૧૭. તેમણે સંતની આગળ મસ્તક નમાવીને કહ્યું કે, "આપ તો અંતર્યામી છો. આપે જેમ કહ્યું તેમ મેં સરકારની આગળ વાત કરી ત્યારે તરત જ સરકારને એવો ભાવ થયો છે કે તેવો ભાવ તો મારે નથી. માટે હવે આપ જેમ કહો તે રીતે શ્રીહરિ ઉપર સરકાર પ્રેમથી પત્ર લખાવે." ૧૮-૧૯.

ત્યારે આધારાનંદ સ્વામીએ કહ્યું કે, "જો તમે મને જાહેર ન કરો તો હું તમને પત્ર લખવાની રીત બતાવું. જો વાત પ્રસિદ્ધ થઈ જાય તો તેમાં ક્યારેય રસ રહે નહીં. ૨૦. કોઈ માણસ દેવના જેવો રૂપાળો હોય, પણ તેણે જો કપડાં ન પહેર્યાં હોય તો તે સારો લાગતો નથી. પણ જો કપડાં પહેર્યાં હોય તો તે ઘણો સારો લાગે છે. તે રીતની જ આ બધી બાબત છે. ૨૧.

ગુપ્ત બાબતમાં અપાર રસ રહ્યો હોય છે. **બે જણની ગુપ્ત વાતમાં કોઈ ત્રીજો માણસ ભળે તો તે વાતનો કાંઈ નિર્ધાર રહેતો નથી.** કેમ જે, જેના મનમાં જેવો વિચાર આવે તે રીતની તે વાત કરતા રહે છે. તેથી તે વાત નીરસ થઈ જાય છે."

પછી સરકાર ઉપર શ્રીહરિને જે રીતે ભાવ થાય તથા જે રીતે પરસ્પર સ્નેહ વધે તેવી વાત સ્વામીએ નારુપંત નાનાને બતાવી. નારુપંત નાનાએ જે રીતે આધારાનંદ સ્વામીએ વાત કહી તે બધી સમજી લીધી. પછી જ્યારે સરકાર એકાંતમાં બેઠા હતા ત્યારે તેમણે નારુપંત નાનાને પોતાની પાસે બેસાડ્યા. પછી શ્રીહરિને પત્ર લખવા માટે ધનેશ્વર નામે એક હરિભક્ત વિપ્ર સરકારના લહિયા હતા, તેમને ત્યાં બોલાવ્યા. ૨૨-૨૬. જે રીતે આધારાનંદ સ્વામીએ વાત કહી હતી, તે રીતે નારુપંત નાનાએ પત્ર લખાવ્યો. સરકારનો દર્શન કરવાનો મનોરથ જે રીતે તત્કાળ સિદ્ધ થાય તેવો પત્ર લખાવ્યો. તે પત્રમાં ઘણો મર્મ ભર્યો હતો. તેને એક શ્રીહરિ જ જાણતા હતા. ૨૭-૨૮. શ્રીહરિની જેટલી બાબતો હોય છે, તે દરેક બાબતમાં અપાર લોકોનું હિત કરવાની વાત સમાયેલી હોય છે. માટે એવી બીજી કોઈ વાત કહેવાય નહીં. ૨૯. આ રીતે સરકારના નામથી પત્ર લખાવીને તે ગઢપુર મોકલ્યો. તે પત્રને લઈને સંદેશો લઈ જનાર ખેપિયો ગઢપુર આવ્યો. તેણે તે પત્ર શ્રીહરિના હાથમાં આપ્યો. બહુ જતનથી તે પત્રને બીડ્યો હતો. ૩૦. શ્રીહરિએ તે પત્ર ખોલીને પોતાના મનમાં વાંચ્યો.

ગોપાળાનંદ સ્વામી વડોદરામાં જ્યારે ચાતુર્માસ કરવા રહ્યા હતા, ૩૧. ત્યારે ભગવાનની ઈચ્છાથી ગોપળાનંદ સ્વામીના વચન પ્રમાણે કેટલાક હરિભક્તને અલૌકિક આશ્ચર્ય વારંવાર દેખાતું હતું. પછી તે વાત જ્યારે સરકાર સુધી પહોંચી, તે વખતે ગોપાળાનંદ સ્વામી વડોદરામાં હતા નહીં. પણ સરકારે નારુપંત નાનાને બોલાવ્યા. ૩૨-૩૩. અને તેમને કહ્યું કે, **"હું તમને જે પૂછું છું, તે કહો કે સત્સંગમાં જે સંતો છે, તેમાં ગોપાળાનંદ સ્વામીના સમાન સમર્થ કેટલા સંત છે ? તે વાત કહો.** અમારે તે વાત જાણવી છે." ત્યારે નારુપંત નાનાએ સરકારને કહ્યું, "એક તો મુક્તાનંદ

સ્વામી મોટા છે, બીજા બ્રહ્માનંદ સ્વામી છે, ત્રીજા નિત્યાનંદ સ્વામી છે અને ચોથા ગોપાળાનંદ સ્વામી કહેવાય છે. ૩૪-૩૬. **તે સંતોમાં જેટલો પ્રતાપ દેખવામાં આવે છે તે બધો પ્રતાપ શ્રીહરિનો જ છે."** ૩૭.

નારુપંત નાનાની આ વાત સાંભળીને સરકારને શ્રીહરિ ઉપર ભાવ થયો. તેથી તે કાગળમાં લખ્યું હતું કે, 'હે હરિ ! આપ જ્યારે દર્શન આપશો ત્યારે તમે જેમ કહેશો તેમ અમે કરીશું. આપનાં દર્શન કરવામાં બહુ જ લાભ રહ્યો છે. તે દર્શનનો લાભ લેવા માટે અમને રાત-દિવસ બહુ રટના લાગી રહે છે. ૩૮-૩૯. હવે આપની જેવી મરજી હોય તે પ્રમાણે આપ પત્ર લખજો. અમે જેવી દર્શનની આશા રાખીએ છીએ, તે રીતનો પત્ર આપ લખજો.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સરકારે પોતાને દર્શન દેવા માટે શ્રીહરિ પધારે તેવો પત્ર લખ્યો" એ નામે એકસો ને બીજો તરંગ સમાપ્ત ॥૧૦૨॥



પૂર અઠ્યાવીશમું : તરંગ - ૧૦૩

શ્રીહરિએ ગાયકવાડ સરકારના પત્રનો ઉત્તર લખ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ગઢપુરમાં રહેલા શ્રીહરિએ સરકારનો પત્ર વાંચ્યો અને પછી બોલ્યા કે, "વડોદરા શહેરમાં ગોપાળાનંદ સ્વામીની કીર્તિ છવાઈ ગઈ છે. તે કીર્તિને સરકારે જ્યારે સાંભળી ત્યારે માન્યું કે, 'ગોપાળાનંદ મુનિના ગુરુ તો તેના કરતાં પણ અતિશય સમર્થ છે. ૨-૩. હવે જે રીતે તેમનાં દર્શન મને થાય તેવો ઉપાય કરવો જોઈએ. કારણ કે, આ મનુષ્યદેહનો કોઈ નિર્ધાર નથી. ૪. દર વર્ષે રોગ નિમિત્તે લાખ લાખ રૂપિયા ઇલમી-વૈદ્યને રોગ મટાડવા માટે આપવામાં આવે છે. એવી રીતે કેટલાય વર્ષ વીતી ગયા તોપણ હજી સુધી રોગ મટતો નથી. રોગ જલદી મટે તેમ હું ચાહું છું પણ હવે લાગે છે કે રોગ તો શરીરની સાથે જ મટશે. ૫-૬.

તે રોગને મટાડવાને માટે જ હું આપના ઉપર હેત કરતો નથી. કેમ જે, જન્મ અને મરણનો રોગ સૌથી ભારે છે અને તે રોગ બીજા કોઈથી ટાળ્યો ટળતો નથી. ૭. આપ તે રોગનો નાશ કરો છો. મારા મનમાં જમપુરીનો ત્રાસ રહ્યા કરે છે. તે ત્રાસથી બચવા કરોડો રૂપિયાનો ખર્ચ કરીએ તોપણ તેનાથી તે રોગ ક્યારેય મટવાનો નથી. ૮. પણ આપનાં દર્શનથી અને આપનાં ચરણસ્પર્શથી ફરીવાર તે જન્મ-મરણનો રોગ થાશે નહીં. આપમાં આવો મોટો ગુણ રહ્યો છે. તે જાણીને મને આપના ઉપર હેતપૂર્વકનો ભાવ થયો છે. ૯. આપની જ્યારે મરજી થાય ત્યારે મને દર્શન આપજો. તે વાત આપને હું કહું છું. આપની સેવા પૂજા કરવી અને આપની રુચિ પ્રમાણે વર્તવું, આવો મેં મારા મનમાં નિર્ધાર કર્યો છે. આપ મારા ઉપર ખૂબ પ્રસન્ન રહેજો. આ વડોદરા શહેરની જે પ્રજા છે તે બધી આપના પધારવાથી અને આપનાં દર્શન કરીને કૃતાર્થ થઈ જાશે. જે લોકોને આપના ઉપર ભાવ નથી, તેનું હું કાંઈ પૂછતો નથી. ૧૦-૧૨. આપની વાતમાં જેને લગાર પણ ભાવ ન હોય તેનો હું વિશ્વાસ રાખતો નથી, એમ આપ જરૂર જાણજો. ૧૩. જેને આપની વાતમાં ભાવ હોય છે, તેનો હું વિશ્વાસ કરું છું, તે નક્કી જાણજો. ૧૪.

આ ઉપર કહ્યા પ્રમાણેનો પત્ર વાંચીને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. પછી કહ્યું કે, “જ્યારે વડતાલ જાશું ત્યારે તેમનો જેવો ભાવ હશે, તે જણાઈ આવશે. ૧૫. તે સમયે તેમના ભાવનું મૂળ-કારણ પણ ચોક્કસ જણાઈ જાશે. કેમ જે, જે સાચો ભાવ હોય છે તેની દિવસે દિવસે વૃદ્ધિ થાય છે. ૧૬. જેટલો સાચો ભાવ હોય છે તે દિવસે દિવસે વૃદ્ધિ પામે છે.” આટલું કહીને શ્રીહરિએ સરકાર ઉપર પત્ર લખાવ્યો. હવે હું તે વાત કહું છું. ૧૭. ‘તમે ઘણા ભારે બુદ્ધિમાન છો. તમે વિચારીને રોગનું નિમિત્ત ઉપજાવ્યું છે. લોકોને ઉત્તર દેવા માટે તમે વ્યાધિનું નિમિત્ત દર્શાવ્યું છે. જેથી અમારા ઉપર જે લોકોને ભાવ ન હોય તે અમારા આવવાની વાત સાંભળીને કાંઈ બોલી શકે નહિ, આવું તમે ધાર્યું છે. અમે તો શરીરના રોગને મટાડતા નથી. અમારા સગા ભાઈ ઈચ્છારામ છે, તેને પણ અપાર રોગ છે. જેને ઉપચાર કરવાનું આવડતું હોય તે રોગીના રોગની શાંતિ કરવા માટે જેટલા

ઉપચારો કહેવાય છે તે તમામ કરે છે, તોપણ બધાનો રોગ મટતો નથી. કેમ જે, કેટલાક રોગ તો શરીરની સાથે જ જતા હોય છે. છતાં પણ જે રોગના ઉપચાર જાણતા હોય તેની પાસે ઉપચાર કરાવતા રહેવું. ૧૮-૨૧. ઉપચાર કરવાથી કેટલાક લોકોને આરામ થતો હોય છે, અને તેણે કરીને જ લોકો ઉપચાર ઉપર વિશ્વાસ રાખે છે. ૨૨.

રાજાનો જે ઉપચાર કરતા હોય તેનાથી રાજાનો રોગ મટે કે ન મટે પણ જે ઇલમી-કાબેલ વૈદ્ય હોય છે, તેની મોટાઈને મોટા મોટા લોકો પણ વખાણે છે. ૨૩. એવા જે ઇલમી હોય તે જ રાજાનો ઉપચાર કરવાને માટે યોગ્ય છે. કેમ જે, જે ઇલમીના ઇલમમાં મોટાઈ હોય નહીં, તો તેના ઇલમરૂપ વચનના બંધનમાં કોઈ આવતા નથી. તેથી જ એવા કળાબાજ ઇલમીઓ રાજાના ઘેર શોભે છે. ૨૪-૨૫. જે જે જાતના રોગ છે તેને મટાડવા માટે આધારરૂપ ગ્રંથ હોય છે. તે આધારરૂપ ગ્રંથ વિના કોઈ પણ માણસ તે ઉપચારનો ભાર ક્યારેય રાખતા નથી. ૨૬.

✵ દુઃખમાં પ્રભુ વિશેષ ભજાય છે :

सोरठा : व्याधि बिन कोउ दीन, जन न भजत भगवान यह;
जानी हि व्याधि कीन, तोउ न भजत भगवान जन...२७
भगवान महीं जेह, जोरत रहत चित्त हि जोउ;
ता उपर हम हि तेह, प्रसन्न होत दिन दिन...२८

રોગ કે દુઃખ થયા સિવાય મનુષ્ય ક્યારેય ભગવાનને ભજતા નથી, એમ સમજીને જ ભગવાને રોગ કે દુઃખ કર્યાં છે. છતાં પણ મનુષ્યો ભગવાનનું ભજન કરતા નથી. ૨૭. જે મનુષ્ય ભગવાનના સ્વરૂપમાં પોતાના મનને જોડતા રહે છે તેના ઉપર અમે દિવસે દિવસે રાજી થઈએ છીએ." ૨૮.

પત્રમાં શ્રીહરિએ સરકારને આવી વાતો લખી હતી. પછી તે પત્ર સરકારને મોકલવા માટે શ્રીહરિએ ખેપિયાને આપ્યો. તે પત્ર ખેપિયાએ સરકાર સમીપે આવીને તત્કાળ સરકારને આપ્યો. સરકારે તે પત્ર હાથમાં લઈ માથે ચડાવ્યો અને પછી વાંચ્યો. ૨૯-૩૦. તે સમયે સરકારની પાસે એકલા નારુપંત નાના જ બેઠા હતા. પછી પોતાના દિલમાં જે ઘણો ભાવ

હતો તે બધો સરકાર નારુપંત નાનાની આગળ કહેવા લાગ્યા. ૩૧. "જેવો ભાવ હતો તેવો પત્ર શ્રીહરિએ લખ્યો છે. આપણો ભાવ પૂરો કરવા માટે હવે સાત આઠ મહિનામાં આવીને ચોક્કસ દર્શન આપશે. આ પત્રમાં એવો ભાવ રહ્યો છે કે જ્યારે શ્રીહરિ વડતાલ આવશે તે પછી શ્રીહરિની જેવી મરજી હશે, તે પ્રમાણે ત્યારે જાણ્યામાં આવશે. ૩૨-૩૩. આ કાગળથી શ્રીહરિની આટલી મરજી જાણ્યામાં આવે છે કે શ્રીહરિ અહીં આવ્યા વિના રહેશે નહીં. જ્યારે તેઓ આપણો પૂરો ભાવ દેખશે ત્યારે તેઓ જરૂર વડોદરા આવશે. ૩૪. માટે હવે તો શ્રીહરિની જેમ મરજી હોય તેમ જ કરવું. તેમની મરજી વિના આગળ પગ મૂકવો નહીં. જ્યારે શ્રીહરિ વડતાલ આવશે તે પછી તેમની મરજી લેશું. ૩૫. શ્રીહરિની જેમ મરજી હોય તેમ જ જ્યારે આપણે કરશું ત્યારે શ્રીહરિ દર્શન આપશે."

શ્રીહરિ ગઢપુરમાં હતા ત્યારે સહુને કહ્યું કે, "શિવરાત્રી ઉપર ગોપનાથ મહાદેવનાં દર્શન કરવા માટે સંતોએ સહિત આવતી કાલે જરૂર ચાલવાનું છે. માટે સંતોને પૂરા ત્રણ ત્રણ શેર ઘઉંનો દળેલો લોટ આપવો, એમ કોઠારીને કહ્યું." ત્યારે કૃષ્ણજી નામે જે વણિક કોઠારી હતા, તેમણે સંભારીને તે પ્રમાણે સંતોને લોટ આપ્યો. ૩૬-૩૮. સંતોએ તે લોટથી બાટી બનાવી લીધી, પણ સવાર થયું ત્યારે ગોપનાથ જવાની વાત બંધ રહી. ૩૯. ત્યારે કોઠારી કૃષ્ણજી વણિક આપેલો લોટ પાછો લેવા માટે સંતોની પાસે આવ્યા અને લોટ માગવા લાગ્યા. ત્યારે સંતોએ તેને કહ્યું કે, "લોટની તો અમે બાટી બનાવી લીધી છે, તે પાછી લેવી હોય તો લઈ જાઓ." જ્યારે શ્રીહરિએ તે વાત સાંભળી ત્યારે ખૂબ રાજી થયા. ૪૦-૪૧. તે પછી હુતાશની આવવાને જ્યારે આઠ દસ દિવસ બાકી રહ્યા ત્યારે શ્રીહરિ ગઢપુરથી અમદાવાદ જવા માટે નીકળ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ ગાયકવાડ સરકારના પત્રનો ઉત્તર લખ્યો" એ નામે એકસો ને ત્રીજો તરંગ સમાપ્ત ॥૧૦૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૪

શ્રીહરિ હુતાશણીનો ઉત્સવ કરવા ગઢપુરથી અમદાવાદ પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે ગઢપુરથી ચાલ્યા ત્યારે હરિભક્ત કાઠી દરબારો શ્રીહરિની સાથે અશ્વ ઉપર બેસીને ચાલ્યા. કેટલાક સંતો પણ શ્રીહરિની સાથે ચાલ્યા. તેમાં મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી પોતાના મંડળની સાથે ચાલ્યા. શુક મુનિ પણ તેમની સાથે ચાલ્યા. ૨-૪. નિષ્કુળાનંદ સ્વામી, ભણનારા બધા સંતો અને શ્રીહરિના બંને ભાઈનો જેટલો પરિવાર ગઢપુર રહેતો હતો, તે પણ શ્રીહરિની સાથે ચાલ્યો. તેમને બેસવા માટે ગાડી આપી હતી. જીવુબા તથા અમુલાબાઈ આદિક બાઈઓ પણ પોતપોતાની ગાડીમાં બેસીને શ્રીહરિની સાથે ચાલ્યા અને સોરઠ દેશનાં જે બાઈ-ભાઈ ભાવિક હરિભક્ત હતા, તે પણ સાથે ચાલ્યા. ૫-૭. હાલાર દેશ, વાળાક દેશ, ગોહિલવાડ અને કાઠીયાવાડ દેશના જે શ્રદ્ધાવાળાં બાઈ-ભાઈ હરિભક્ત હતાં, તે બધાં શ્રીહરિની સાથે ચાલ્યાં. જેને ગાડી અથવા અશ્વની સગવડતા હતી, તે બધા તેના ઉપર બેસીને આવ્યા હતા. ૮-૯.

શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા, તે **પીપળીયા** ગામ થઈ **સારંગપુર** આવીને રાત રહ્યા. પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા. ૧૦. બહુનામી શ્રીહરિ **જસકા** ગામ થઈને **રોજકા** ગામ આવ્યા. ત્યાં રાત રહીને પછી ત્યાંથી ચાલ્યા તે **ખસતા** ગામ થઈને **વેજળકા** ગામમાં રાત રહ્યા. સવાર થયું ત્યારે વેજળકાથી ચાલ્યા તે **કૌકા** ગામ થઈને **ધોળકા**માં રાત રહ્યા. ૧૧-૧૨. સવાર થયું ત્યારે ત્યાંથી ચાલ્યા તે **જેતલપુર**માં આવીને શ્રીહરિ રાત રહ્યા. ૧૩.

પછી સવારે ત્યાંથી ચાલ્યા તે **અસલાલી** ગામ થઈને **અમદાવાદ** આવ્યા. શહેરના હરિભક્તો તથા મંદિરમાં જેટલા સંતો હતા તે બધા અત્યંત ખુશ થયા અને બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૪-૧૫. આનંદાનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામી આદિક સંતોએ ગુલાબના હાર, તોરા, ગુચ્છ અને બાજુબંધ લીધા હતા. ૧૬. તે સહુ સંતોએ શ્રીહરિનાં ચરણકમળનો સ્પર્શ

કર્યો. પછી ગુલાબના જે હાર હતા તે શ્રીહરિને પહેરાવ્યા અને ભુજા ઉપર બાજુબંધ બાંધ્યા. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા. શ્રીહરિની પાઘ ઉપર તોરા ધર્યા. શ્રીહરિના મસ્તક ઉપર શ્વેત પાઘ સોહામણી લાગતી હતી. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. ૧૭-૧૮. શ્રીહરિએ શ્વેત અંગરખું પહેર્યું હતું અને કસુંબી રેંટાથી કમર કસી હતી. શ્વેત સુરવાળ પહેર્યો હતો. ત્યારે એવી શોભા બની હતી કે જે કહી શકાતી નથી. ૧૯. હાથમાં રૂમાલ રાખીને શ્રીહરિ ચોતરા ઉપર બેઠા હતા.

શહેરના જે હરિભક્તો હતા, તે સહુએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. ૨૦. જેટલા ફૂલના હાર લાવ્યા હતા, તે બધા શ્રીહરિને પહેરાવ્યા. તે વખતે ચોપદાર કુબેરસિંહ અને વિપ્ર નથુ ભટ્ટ, બંને અંગ્રેજ અધિકારી જાસ્કિન સાહેબ પાસે ગયા. તે બંનેને જોઈને સાહેબે કહ્યું, "તમે શા કામ માટે અહીં આવ્યા છો ?" ત્યારે તે બંને બોલ્યા, "હુતાશનીનો ઉત્સવ કરવા તથા કેસર કેસૂડાંનાં રંગથી રમવા માટે જો તમારી રજા હોય તો શ્રીહરિ અમદાવાદ શહેરમાં પધારે." ૨૧-૨૩. ત્યારે તે જાસ્કિન સાહેબે ઘણા ખુશ થઈને વાત કરી અને તત્કાળ રજા આપી. પછી કુબેરસિંહ શ્રીહરિની સમીપે આવ્યા અને હાથ જોડીને દંડવત્પ્રણામ કર્યા. પછી તેણે શ્રીહરિને કહ્યું, "મહારાજ ! સાહેબે રજા આપી છે. માટે હવે આપ શહેરમાં પધારો." ત્યારે શ્રીહરિ તે જ વખતે સંતો તથા બધા હરિભક્તોએ સહિત ચાલ્યા. ૨૪-૨૬. વિવિધ પ્રકારનાં વાજિંત્ર આગળ વાગતાં હતાં. જે હરિભક્ત હતા તે શ્રીહરિનો જય જયકાર કરતા હતા. ૨૭.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. તે વખતે શ્રીહરિએ શહેરમાં પ્રવેશ કર્યો. જેટલા સંતો અને હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની આગળ ચાલ્યા. આગળના ભાગમાં જેટલાં વાજિંત્ર હતાં, તે વાગતાં હતાં. બધી બજારોમાં પાણી છંટાવી દીધું હતું. ૨૮-૨૯. બજારમાં પૂરવાસી અગણિત બાઈ-ભાઈ બધાં જ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવીને ઊભાં હતાં. ૩૦. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું અને બંને પડખામાં ચામર ઢળતાં હતાં. ચોપદાર કુબેરસિંહ હાથમાં સોનાની છડી લઈને વારંવાર આવી છડી બોલ્યા કરતા

હતા જે, **'અનંત બ્રહ્માંડના નિયામક, અનંતકોટિ બ્રહ્માંડના પ્રતિપાલક, સર્વે બ્રહ્માંડના ભરણપોષણ કરનારા, અનંતકોટિ બ્રહ્માંડના જીવનપ્રાણ, અનંતકોટિ બ્રહ્માંડના પ્રકાશક એવા મહારાજાધિરાજ શ્રીહરિને ઘણી ખમ્મા !! ઘણી ખમ્મા !!** બ્રહ્માંડમાં જે કોઈ જનો શ્રીહરિથી વિમુખ રહે છે તેમને માટે ભગવાન શ્રીહરિએ વિવિધ પ્રકારની યોનિઓને રચી છે. તે યોનિઓમાં વિમુખ જીવ વારંવાર જન્મ ધરે છે. તદ્ઉપરાંત તે વિમુખ જીવો માટે અવર્ણનીય દુઃખદાયી એવી જમપુરીની રચના ભગવાને કરી છે. ૩૧-૩૫.

ભગવાન શ્રીહરિથી વિમુખ રહેતા એવા અપાર જનોનું પણ શ્રીહરિ ભરણપોષણ કરે છે. એવા શ્રીહરિ દયાળુ સર્વ કર્તા છે. ૩૬. વળી, જે લોકો શ્રીહરિનું શરણ લે છે તે તો સંસારથી તરી જાય છે. પણ શ્રીહરિને શરણે ગયા વિનાના જીવ વારંવાર સંસારમાં ભટકતા રહે છે. શ્રીહરિને શરણે નહિ થયેલા એવા તે જીવોને જ્યારે સંતો દેખાય છે ત્યારે પ્રથમ તો તેને સંતોમાં હેત થાય છે, ત્યાર પછી તે જીવોને શ્રીહરિમાં દૃઢતાથી હેત થાય છે. ૩૭-૩૯.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ હુતાશનીનો ઉત્સવ કરવા ગઢપુરથી અમદાવાદ પધાર્યા" એ નામે એકસો ને ચોથો તરંગ સમાપ્ત ॥૧૦૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૫

શ્રીહરિએ અમદાવાદમાં સત્સંગના પોષણ માટે વિવિધ કાર્ય કર્યાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અમદાવાદ શહેરના નિવાસીઓને દર્શન દેતાં શ્રીહરિ માણેકચોકમાં થઈને સંતો-હરિભક્તોએ સહિત શ્રીનરનારાયણ દેવના મંદિરમાં આવ્યા. ત્યાં અશ્વ ઉપરથી ઊતરીને દર્શન કરવા ચાલ્યા. ૨-૩. ઘણા ભાવથી શ્રીનરનારાયણ દેવનાં દર્શન કર્યાં અને પછી આવીને વેદિકા ઉપર વિરાજમાન થયા. ૪.

સંતો તથા હરિભક્તોએ ઉતારો કર્યો અને પ્રેમથી શ્રીનરનારાયણ દેવનાં દર્શન કર્યાં. પછી સહુ હેતથી શ્રીહરિની આગળ સભા કરીને બેઠા. ૫.

ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું કે, "દોકડ તથા સરોદ આદિ વાજિંત્ર વગાડીને હવે તમે હોરીનાં પદ ગાઓ." ૬. પછી સંતો વાજિંત્ર લઈ વગાડવા લાગ્યા અને તેની સાથે હોરીનાં પદ ગાવા લાગ્યા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી જ્યારે ગાવા લાગ્યા ત્યારે ખૂબ જ સરસ રસ જામ્યો. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ સભામાંથી ઊઠ્યા. ૭-૮. મંદિર તરફથી પ્રેમપૂર્વક કંસારની રસોઈ કરી હતી અને અયોધ્યાવાસીઓએ શ્રીહરિને માટે રસોઈ કરી હતી. ૯. શ્રીહરિ અયોધ્યાવાસીને ઉતારે જઈને જમ્યા અને સંતો સંતોની જગ્યામાં જે રસોઈ થઈ હતી, તે જમ્યા. આનંદાનંદ સ્વામીએ તે રસોઈ કરાવી હતી. ૧૦. તે સમયે તેમના કોઠારી હયગ્રીવાનંદ સ્વામી હતા. તેઓ આનંદ સ્વામીને પૂછ્યા સિવાય કોઈ વાત કરતા નહીં. તે હયગ્રીવાનંદ સ્વામીની એવી રીત હતી કે જ્યારથી મંદિર થયું ત્યારથી તે કોઠારનું બધું જ કામ કરતા હતા. ૧૧-૧૨.

ગોવિંદભાઈ, રણછોડભાઈ ચોક્સી, બેચરભાઈ, દોલાભાઈ, આ બધા હરિભક્તો મંદિરની જે કોઈ પણ વસ્તુ હોય તેનું નામું લખતા હતા. તેમજ જે ખરચ તથા આવક હોય તેને સુંદર અક્ષરેથી લખતા હતા. ૧૩-૧૪. લાલદાસ ગોરા, દામોદરભાઈ, રતનજીભાઈ, માણેકચંદ, ગોવિંદભાઈ, શંભુદાસ, કુબેરસિંહ અને વિપ્ર નથુ ભટ્ટ તેમજ નવા વાસના રઘાભાઈ, હીરાભાઈ અને પુરુષોત્તમ સોની, એ બધા શ્રીનરનારાયણ દેવના મંદિરની ઘણા ભાવથી સેવા કરતા રહેતા. ૧૫-૧૭.

❋ ભાવનું મૂળ મહિમા છે :

चोपाई :

जेसी सेवा रहाये तामें, जेहि प्रविण कहावत वामें;
तेसी सेवा करना हि तिनमें, रखत रहे आनंदमुनि इनमें...१८
जिनकु सेवा सुंपे जैसी, तत्पर रही करत यह तैसी;
सेवा करने में रुचि रहाये, महात्म जानी करत हे ताये...१९

जिहाँ लग महात्म जानीता, तिहाँ लग सेवा करना तीता;
तामें भाव अधिक हि रहाते, महात्म की रित्य ऐसे कहाते...२०

જેવી સેવા કરવામાં જે હોશિયાર ગણાતા હતા તેમને તેવી સેવા કરવામાં આનંદ સ્વામી રાખતા હતા. ૧૮. તેથી જેને જેવી સેવા સોંપી હતી, તે તત્પર થઈને કરતા હતા. જે માહાત્મ્ય જાણીને સેવા કરે છે તેને સેવા કરવામાં રુચિ રહે છે. ૧૯. જ્યાં સુધી માહાત્મ્ય સમજાયેલું હોય, ત્યાં સુધી સેવા કરવામાં અધિક ભાવ રહે છે. કેમ જે, માહાત્મ્યની એવી રીત છે. ૨૦. શ્રીહરિ જ્યાં સુધી અમદાવાદ શહેરમાં રહ્યા ત્યાં સુધી હરિભક્તો મનમાં ઘણો પ્રેમ રાખીને નિત્ય નવી નવી રસોઈ આપતા હતા. ૨૧.

चोपाई :

जो जो बात रहाये जेता, प्रीत रहत हे तिहाँ लग तेता;
सेवा करने में भाव अपारा, रहत रहाये वार न पारा...२२
महात्म तितना प्रीत हि भावा, वरतत रहत सहज स्वभावा;
निश दिन महात्म जोउ ताके, मूर जिमि वृद्धि होवे वाके...२३
धर्म के मूर वृद्धि होय जीमी, विच्यार करत निश दिन तीमी;
क्रोध काम लोभ ताके वेगा, उदय होवे ऐसेउ नेगा...२४

કોઈ પણ બાબત હોય તેમાં જ્યાં સુધી પ્રેમ રહે છે, ત્યાં સુધી તે સેવા કરવામાં અપાર ભાવ રહે છે. ૨૨. **જેટલું માહાત્મ્ય સમજાય તેટલો જ પ્રેમભાવ સહજ સ્વભાવે રહે છે. માટે રાત-દિવસ માહાત્મ્યનું મૂળ જે રીતે વૃદ્ધિ પામે તથા ધર્મનું મૂળ જેમ વૃદ્ધિ પામે તેમ હરિભક્તો રાત્રિ-દિવસ વિચાર કરતા હતા.** અને કામ, ક્રોધ તથા લોભનો વેગ ઉત્પન્ન થાય તેવું કોઈ કામ કરતા નહીં. ૨૩-૨૪. હરિભક્તો તો કામ, ક્રોધાદિકને નરકનું દ્વાર જાણીને તજી દે છે. પણ જે તેનો ત્યાગ નથી કરતા તે તેનો માર ખાય છે. ૨૫. જે બાબત કીર્તિ કરાવે તેવી હોય તે બાબત હરિભક્તો કરે છે, અને જે બાબત અપકીર્તિ કરાવે તેવી હોય તેનો ત્યાગ કરે છે. ૨૬. જે વાત શુભ હોય તેમાં શુભ કીર્તિ વધતી રહે છે અને અશુભ બાબતમાં અશુભ કીર્તિ થાતી રહે છે. ૨૭. હરિભક્તો આવું સમજીને જેટલી અશુભ વાત

હોય તેનો તપાસ કરીને મળની જેમ ત્યાગ કરતા હતા. ૨૮. હરિભક્તો અશુભ વાતનો ત્યાગ કરતા હતા, તેથી તે મહાન ભાગ્યશાળી હતા.

શ્રીહરિ જેટલા દિવસ અમદાવાદ શહેરમાં રહ્યા તેટલા દિવસ જે ભાવિક હરિભક્તો હતા, તે રસોઈ દેતા હતા અને સંતોને ઘણા પ્રેમભાવથી જમાડતા હતા. ૨૯-૩૦. તે સમયે હરિભક્તોને રાજી કરવા શ્રીહરિ નિત્ય સંતોને પંગતમાં ભોજન પીરસવા માટે આવતા, અને ભક્તજનના મનને હરનારા શ્રીહરિ ત્રણ પ્રકારના તાપને હરી લેતા હતા. ૩૧. શ્રીહરિ જ્યારે સંતોને જમાડી રહે ત્યારે હરિભક્તો તેમની પૂજા કરતા હતા. જે જે દેશના હરિભક્તો આવ્યા હતા તેનો ગણ્યે પાર આવતો ન હતો. ૩૨. હરિભક્તો શ્રીહરિ તથા સંતોની પૂજા કરતા અને પછી શ્રીહરિ જે વાતો કહેતા તેને સહુ સાંભળતા. શ્રીહરિ પણ એવી વાતો કરતા કે તેનાથી સહુને સત્સંગમાં પ્રેમ થાય તથા જગતનો અભાવ થાય, પણ ક્યારેય જગતમાં પ્રેમ ન થાય. કેમ જે, જગતમાં જેટલી પ્રીતિ રહે છે તે પ્રીતિ તેને તેટલી સંસારમાં ભટકાવતી રહે છે. ૩૩-૩૪.

સત્સંગમાં જેટલો પ્રેમ હોય છે તે તો સંસારના ભટકણને ટાળે છે. કારણ કે, સત્સંગની જેટલી વાત હોય છે તે બધી સંસારના ભટકણને છોડાવનારી છે. ૩૫. આ કહી એવી જ સમજણનું પોષણ કરવા માટે શ્રીહરિ આ સત્સંગમાં ઉત્સવ કરતા હતા. ૩૬. શ્રીહરિએ સત્સંગમાં જે મંદિર કરાવ્યાં, જે ધર્મવંશી આચાર્ય કર્યા, કેટલીક પ્રકારના ગ્રંથો કરાવ્યા, તેમજ સંતોને દેશદેશમાં સત્સંગ માટે ફરવા મોકલ્યા. ૩૭-૩૮. તથા સત્સંગના જેટલાં કીર્તન કરાવ્યાં તે બધાં કાર્ય સત્સંગના પોષણ માટેનાં જ છે. ૩૯. **આ રીતે જેટલું પોષણ મળતું રહે તેટલી દિવસે દિવસે સત્સંગની વૃદ્ધિ થાય છે, પણ પોષણ વિના તો સત્સંગ ઘટી જાય છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ અમદાવાદમાં સત્સંગના પોષણ માટે વિવિધ કાર્ય કર્યાં" એ નામે એકસો ને પાંચમો તરંગ સમાપ્ત ॥૧૦૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૬

શ્રીહરિએ અમદાવાદમાં ધુળેટીને દિવસ રંગોત્સવ કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ રોજ સાંજ વખતે આવીને મોટી પાટ ઉપર સહુને દર્શન દેવા માટે બેસતા. ત્યાં જેટલા સંતો, બ્રહ્મચારી અને હરિભક્તો હતા, તેમની સભા થાતી હતી, જે વર્ણવી શકાતી નથી. ૨-૩. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી જેવા ગાયક સંતો વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને હોરીનાં પદ ગાતાં હતાં અને જે અદ્‌ભુત ઉત્સવ થતો હતો, તે કહી શકાતો નથી. જ્યારે હરિભક્તો થાળ ભરીને ગુલાલ લાવતા હતા ત્યારે શ્રીહરિ હરખભેર સંતો તથા હરિભક્તોની સભા ઉપર નિત્ય ઉડાડતા હતા. તે વખતની સભા પ્રફુલ્લિત ગુલાબનું વન હોય તેવી શોભતી હતી. ૪-૬.

શહેરના ઉત્સવિયા જે હરિભક્તો કહેવાતા હતા, તે શ્રીનરનારાયણ દેવના મંદિરનાં ઘુમટમાં જ્યારે સંધ્યા આરતી અને નારાયણ ધૂન કરી રહે, ત્યારે ઝાંઝ-મૃદંગ લઈને ઘણા હરખથી ઉત્સવ કરતા હતા. ૭-૮. જેવો સમય હોય તેવા ઉત્સવનાં પદ ઘણા ઉત્સાહથી ગાતા હતા. તે ઉત્સવનાં પદોને શ્રીહરિએ સાંભળ્યાં. ૯. તેથી તે સમયે રાજી થઈ શ્રીહરિએ સહુને ફૂલના હાર આપ્યા. **જેના જેવા ગુણ હોય તે જો સત્સંગમાં ઉપયોગી થતા હોય તો તેની શ્રીહરિ પ્રશંસા કરતા હતા.** તેણે કરીને હરિભક્તોને સત્સંગનો રંગ ચઢતો રહેતો. અને એટલે જ તેઓ કુસંગીથી ક્યારેય દબાતા નહીં. ૧૦-૧૧.

જેટલા હરિભક્તો હતા તેમણે હુતાશનીને દિવસે જેનો જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૧૨. હરિભક્તો શ્રીફળ, ખજૂર, ખારેકના થાળ ભરી ભરીને લાવતા અને સાકરના હારડા પણ લાવતા, તેને દયાળુ શ્રીહરિ અંગીકાર કરતા હતા. ૧૩. 'ફરી ફરીને આવો અવસર ક્યારેય આવતો નથી', એમ સમજીને બધા હરિભક્તો ખૂબ જ પ્યારથી શ્રીહરિને પૂજતા હતા. ૧૪. તે વખતે ગુલાબનો ખૂંપ, ગુલાબના હાર, પહોંચી

અને બાજુબંધ વગેરે શ્રીહરિને ધરાવ્યા. ૧૫. એક પહોર સુધી શ્રીહરિએ તે ફૂલના શણગારને પોતાના અંગ ઉપર રાખ્યા, અને પછી રાજી થઈને નિત્યાનંદ સ્વામીને તે ફૂલના શણગાર આપી દીધા. શ્રીહરિએ ધારેલા ખૂંપ, હાર, બાજુબંધ, પહોંચી, આ બધું તેમણે ઉતારે લઈ જઈને જ્યારે મૂક્યું ત્યારે તેનો મહિમા સમજીને કોઈ વગર પૂછ્યે તેને લઈ ગયું. બહુ તપાસ કરી, પણ કોણ લઈ ગયું, તે ખબર ન પડી. અરે ! તેની લેશમાત્ર ગંધ પણ મળી નહીં. ૧૬-૧૮.

❋ શ્રીહરિએ સંભારીને આધારાનંદ સ્વામીને પ્રસાદી આપી :

ધુળેટીનો દિવસ હતો ત્યારે વડોદરાના નાથભક્તે ઘેબરની રસોઈ કરાવી. તે શ્રીહરિ જમ્યા અને પછી સંતોની પંક્તિ કરાવી, તેમાં ઘેબર પીરસવા આવ્યા. તે વખતે એક એક ઘેબરના ચાર ચાર ભાગ કર્યા હતા. ૧૯-૨૦. શ્રીહરિ પંગતમાં ચાર પાંચ વાર પીરસવા ફર્યા. તે વખતે આધારાનંદ સ્વામી માટે શ્રીહરિએ કપિલેશ્વરાનંદ સ્વામીને ઘેબરના ચાર ભાગ ઘણા ભાવથી આપ્યા. શ્રીહરિ જ્યારે પંક્તિમાં ફરતાં ફરતાં નિષ્કુળાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે તેમને પણ ઘણા પ્રેમથી આધારાનંદ સ્વામી માટે ઘેબરની પ્રસાદી આપી. ત્યારે કોઈ મુનિ એમ બોલ્યા કે, ‘બીજી વખત પ્રસાદી કેમ આપી ? ૨૧-૨૩. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ‘તમે જેટલા સંતો છો તે બધા તો કેટલાય દિવસથી અહીંયાં પંગતમાં જમો છો. એમ સમજીને અમે બે વખત પ્રસાદી આપી છે, માટે તેમાં આશંકા શા માટે કરવી જોઈએ ? ૨૪. અમે તેમને વડોદરા મોકલ્યા છે. તે અમારા વચનમાં રહ્યા છે, તેટલા માટે અમે બે વખત પ્રસાદી આપી છે. તેથી તેમાં શું થયું ? ૨૫. પછી તે મુનિ ચૂપ થઈ ગયા.

જ્યારે સંતો જમી રહ્યા ત્યાં સુધીમાં વિવિધ પ્રકારનો રંગ બનાવી રાખ્યો હતો. ૨૬. મંદિરના ઘૂમટની આગળના ભાગમાં જ્યાં ચોક હતો ત્યાં એક મોટી પાટ ઉપર તે રંગ મૂકી રાખ્યો હતો. ૨૭. શ્રીહરિ ત્યાં આવીને બેઠા અને સંત-હરિભક્તોની સભા થઈ. પછી ત્યાં રંગનાં ભરેલાં કેટલાંક પાત્ર લાવીને મૂક્યાં. ૨૮. પછી શ્રીહરિ સહુના ઉપર રંગ ઉડાડવા લાગ્યા

ત્યારે ચોઘડિયા વાગવા લાગ્યાં. તાંસા અને ઢોલ પણ વાગવા લાગ્યાં. તેના શબ્દથી આકાશ ભરાઈ ગયું. ૨૯. સ્વર્ગમાં જે દેવતાઓ હતા, તે બધા આ વાજિંત્રનો શબ્દ સાંભળીને ત્યાં આવ્યા. દેવતાના વિમાનોથી શ્રીહરિ ઉપર જેટલું આકાશ હતું, તે છવાઈ ગયું. ૩૦. શહેરના પણ કેટલાક લોકો ત્યાં આવ્યા હતા તેથી આખો ચોક ભરાઈ ગયો. શ્રીહરિ તે વખતે એ રીતે રંગ ઉડાડતા હતા કે તે રંગ સહુના સુધી પહોંચી જતો હતો. ૩૧. જ્યાં સુધી દેવતાઓના વિમાનો હતા ત્યાં સુધી શ્રીહરિનો ઉડાડેલો રંગ પહોંચતો હતો. તેથી તે વિમાનમાં બેઠેલા દેવતાઓ પણ રંગથી ભીંજાઈ ગયા હતા. ૩૨. તે સમયે દેવતાઓ વાજિંત્ર વગાડવા લાગ્યા, તેનો શબ્દ સહુને ખૂબ મીઠો લાગતો હતો. દેવતાઓની જે અપ્સરાઓ આવી હતી, તે પણ વિમાનમાં નાચવા લાગી. ૩૩. **દેવતાઓ ચંદન, પુષ્પ અને કેસરી રંગ લઈને સહુ સભા ઉપર વરસાવવા લાગ્યા. તેનો સુગંધ આખી સભામાં છવાઈ ગયો.** ૩૪.

જેટલો રંગ હતો તે બધો જ્યારે શ્રીહરિ ઉડાડી રહ્યા, પછી ઘણા પ્રેમ રસપૂર્વક ગુલાલ ઉડાડવા લાગ્યા. તે સમયે શ્રીહરિની મૂર્તિ નખથી શિખાપર્યંત રંગથી રસબસ થઈ ગઈ. બધા સંતોની સભા પણ રંગથી ભરાઈ રહી હતી. ૩૫-૩૬. હરિભક્તોની સભા પણ રંગથી રંગાઈ ગઈ અને શહેરના લોકો પણ રંગથી ભરાઈ ગયા. ૩૭. મંદિર અને ચોક પણ રંગથી ભરાઈ ગયાં હતાં. ૩૮. તે સ્થળે રંગ તથા ગુલાલનો કીચડ ખૂબ થઈ ગયો હતો. જેટલા દેવતાઓ હતા, તે રંગ-ગુલાલના કીચડને વિમાનમાં ભરીને લઈ ગયા. ૩૯. આમ શ્રીહરિ જેટલો ગુલાલ હતો તે બધો ઉડાડી રહ્યા, તે પછી તેમણે અશ્વ મંગાવ્યો અને તે સાથે બધી સવારી પણ આવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ અમદાવાદમાં ધુળેટીને દિવસ રંગોત્સવ કર્યો" એ નામે એકસો ને છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૧૦૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૭

રંગોત્સવ પછી શ્રીહરિએ સાબરમતીમાં સ્નાન કર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. સંપૂર્ણ અંગ રંગથી ભરેલું હતું. ગુલાબના હાર પહેર્યા હતા અને માથે ગુલાબની પાઘ ધારી હતી. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. બીજી બધી સવારી પણ શ્રીહરિની સાથે ચાલી. ૨-૩. જેટલા સંતો અને હરિભક્તો શ્રીહરિની સાથે ચાલતા હતા, તે બધા હોરી અને વસંતનાં પદ ગાતા હતા. સહુ સ્નાન કરવા માટે સાબરમતી નદી તરફ ચાલ્યા. ૪. જ્યાં સડક બંધાઈ ગઈ હતી ત્યાં રાજમાર્ગ ઉપર ચાલ્યા હતા. ચોપદાર કુબેરસિંહ આગળ ચાલીને 'જય જય...મહારાજાધિરાજ...' એમ બોલતા હતા. ૫. તે શ્રીહરિની આગળ છડી લઈને ચાલતા હતા. તેની આગળ તાંસા, ઢોલ આદિ વાજિંત્ર વાગી રહ્યાં હતાં. ૬. શહેરનાં જેટલાં નરનારી મનુષ્ય હતાં, તે બધાં શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં આવીને ઊભા હતાં. ૭. કેટલાક હરિભક્તો ગુલાલ ઉડાડીને અલભ્ય લાભ લેતા હતા. શહેરની તે બધી બજાર પણ ગુલાલમય થઈ ગઈ હતી. ૮. જ્યાં પાદશાહ વાડી કહેવાય છે ત્યાં શ્રીહરિ આવ્યા. ત્યાં સાબરગંગાનો ઘાટ બાંધેલો છે. ૯. તે સ્થળે રંગે ભરેલા શ્રીહરિ અશ્વ ઉપરથી પ્રેમપૂર્વક ઊતર્યા અને સાબરમતી નદીમાં નહાયા. જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે બધા પણ રંગભર્યા જ સાબરમતી નદીમાં જઈને નહાયા. તેનાથી સાબરમતીનું પાણી પણ રંગ રંગ થઈ ગયું.

❋ મંજુકેશાનંદ સ્વામીએ મર્યાદા લોપી તે વાત :

તે સમયે મંજુકેશાનંદ સ્વામી બાંધેલા ઘાટ ઉપર આવ્યા અને ઊછળીને પાણીમાં કૂદી પડ્યા. શ્રીહરિએ પોતે તે દેખ્યું તેથી તે સ્વામીને બોલાવ્યા. ૧૦-૧૨. પછી શ્રીહરિએ કહ્યું, "કોના મંડળમાં રહો છો ? સાધુની રીત શીખ્યા નથી ? કોઈ અઘટિત કામ કરવું તે સંત-ભક્તની રીત નથી. ૧૩.

તમે સંતોની, હરિભક્તોની તથા અમારી પણ મર્યાદા ન રાખી.” એમ કહીને શ્રીહરિએ સંતોને કહ્યું, “મન કહે તેમ કરે એવા આ સાધુ છે.” ૧૪.

ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, “આ સંત તો બહુ પ્રેમી છે અને પ્રેમને લીધે તેમને મર્યાદાનો બહુ ખ્યાલ રહ્યો નથી. કવિ લોકો પણ પ્રેમમાં મર્યાદા રાખવાનું કહેતા નથી. હા, જે પ્રેમી ન હોય તેણે પ્રેમીનો વાદ લેવાય નહીં.” ૧૫-૧૬. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “અમે આ સંતને પ્રેમી જાણ્યા ન હતા. પ્રેમમાં કોઈ નિયમ કહ્યા નથી. પ્રેમનાં જે લક્ષણ કહ્યાં છે, તેમાં તે પ્રેમ લોકની મર્યાદાથી રહિત કહ્યો છે. ૧૭. લોકમર્યાદા અને પ્રેમ, એ બંનેની રીત એકસરખી મળતી આવતી નથી. અમને પ્રેમની કાંઈ ખબર નથી, પણ અમે તો લોકમર્યાદાની રીત દેખીને તેમને કહ્યું છે. ૧૮. કેમ જે, લોકો કાંઈ પ્રેમ દેખતા નથી. માટે લોકવિરુદ્ધ જેટલું કરાય છે તેની લોકો તેટલી અપકીર્તિ સહુને મોઢે કહેતા રહે છે. ૧૯.

જેનાં જેવાં વર્ણ અને આશ્રમ હોય છે, તેવી તેની મર્યાદા રાખવી જોઈએ. તેને માટે જ અલગ અલગ માર્ગ બાંધ્યા છે. તે પ્રમાણે જે મર્યાદા રાખે છે, તેની સમાજમાં પ્રતિષ્ઠા થાય છે. ૨૦. સમાજમાં જે પ્રતિષ્ઠાહીન હોય છે, તે ગમે તેવો હોય તોય ગબડગંડમાં ખપે છે. મનુષ્યને ગબડગંડ મટાડવા માટે તો ભગવાને વેદ રચ્યા છે. ૨૧. જેટલી શ્રેષ્ઠ બાબતો છે તે બધી વેદમાં લખી છે. માણસને સુધારવા માટે અને તેનું હિત કરવા માટે વેદ રચ્યા છે. ૨૨. ચાર વર્ણ અને ચાર આશ્રમને વર્તવાની રીત તેમજ જન્મથી લઈને મરણપર્યંતનાં વર્તનની જે રીત છે, તે બધી ભગવાને પોતે વેદમાં બાંધી છે. ભગવાન પોતે જ વેદરૂપે રહ્યા છે; આવી જેની સમજણ હોય તેને શુભ મતિવાળા મનુષ્ય જાણવા અને આવી સમજણ વગરના જે હોય તેને કુબુદ્ધિ જાણવા. ૨૩-૨૪. જે શુભ મતિવાળા છે તે સન્માર્ગે ચાલનારાની પ્રશંસા કરે છે. જે સન્માર્ગ છે તે સુખનો માર્ગ છે અને કુમાર્ગ છે તે દુઃખ કરનારો છે. ૨૫. **જે સન્માર્ગે ચાલે છે તેને અપાર સુખ થાય છે અને જે કુમાર્ગે ચાલે છે તેને દુઃખનો કોઈ પાર રહેતો નથી.**” ૨૬.

શ્રીહરિએ આગળ કહેલી બધી વાત નહાતાં નહાતાં કરી. પછી ત્યાંથી

ચાલ્યા અને પાણીમાંથી બહાર નીકળ્યા. ૨૭. શ્રીહરિએ તરત જ પોતાના અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં અને અશ્વ ઉપર બેઠા. તે પછી વિશાળ મનવાળા અને આનંદથી ભરેલા શ્રીહરિ સામે રહેલા મોટેરા ગામ પ્રત્યે તત્કાળ ગયા. મોટેરા ગામમાં જેટલા હરિભક્તો હતા, તે બધાને દર્શન દઈને શ્રીહરિ તરત જ પાછા સંતો તથા હરિભક્તોએ સહિત અમદાવાદ શહેરમાં પ્રવેશ્યા. પ્યારા શ્રીહરિ મંદિરમાં આવ્યા. ૨૮-૩૦. **અમદાવાદમાં કુલ મળીને દસ દિવસ શ્રીહરિ રહ્યા** અને ત્યાં હરિભક્તોને રાજી કરીને પછી ચાલ્યા હતા. શ્રીહરિ સવારમાં જ જાસ્કિન સાહેબને મળી આવ્યા. ૩૧.

સાહેબે શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. ખુરશી ઉપર બેસાડ્યા અને હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, "તમારે અમદાવાદ શહેરમાં આવતા રહેવું. ૩૨. આપના આવવાથી જેટલા કુબુદ્ધિવાળા લોકો છે તેનું જેવું અંતર હોય છે, તે બધું અમને દેખવામાં આવે છે. ૩૩. આપની વાત જેને ન રુચે, તે કદાચ બ્રહ્મા અને ઈન્દ્રના જેવો હોય તોપણ તે તુચ્છ બુદ્ધિવાળો છે, એમ દેખાઈ આવે છે. એવી આપની વાત પ્રતાપી છે. ૩૪. કોઈ ગમે તેવો ગુરુ હોય, પંડિત હોય, સિદ્ધ હોય કે પરાક્રમી હોય, પણ જેને આપની વાત રુચતી નથી, તે તુચ્છ બુદ્ધિવાળો છે તેમ દેખાઈ આવે છે. ત્રિલોકીને કબ્જે કરી હોય એવો ચાહે તેવો રાજા હોય પણ તે જો આપની વાતનું અપમાન કરે તો તેનું અપમાન થાય છે, એવો પ્રતાપ આપની વાતમાં રહ્યો છે. ૩૫-૩૭. જે માણસ આપની વાતનું સન્માન કરે છે તો તેનું સન્માન થાય છે. તેને બુદ્ધિશાળી માણસો જાણે છે." ૩૮. સાહેબે આ રીતે કહીને શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિ જે રીતે પ્રસન્ન થાય તે રીતને શુભ બુદ્ધિવાળા લોકો જાણતા હોય છે. ૩૯. પછી શ્રીહરિ સાહેબની રજા લઈને મંદિરમાં આવ્યા. ત્યાં સ્નાન કરીને પછી ભોજન જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "રંગોત્સવ પછી શ્રીહરિએ સાબરમતીમાં સ્નાન કર્યું" એ નામે એકસો ને સાતમો તરંગ સમાપ્ત ॥૧૦૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૮

શ્રીહરિ અમદાવાદના સત્સંગીઓને રાજી કરીને જેતલપુર આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. રંગોત્સવને બીજે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિ અમદાવાદથી નીકળવા માટે તૈયાર થઈ ગયા. તે વખતે શ્રીહરિએ શ્રીનરનારાયણ દેવનાં દર્શન કર્યાં. ૨. શ્રીહરિ અમદાવાદમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ ચાર વખત શ્રીનરનારાયણ દેવનાં દર્શન અતિશય પ્રેમ અને ઉત્સાહથી કરતા હતા. દર્શન કરવા માટે કરોડો કામનો પણ ત્યાગ કરી દેતા. ૩-૪. સત્સંગમાં જ્યાં જ્યાં મંદિર થયાં ત્યાં ત્યાં વિવિધ પ્રકારનાં નામે શ્રીહરિની મૂર્તિઓ પધરાવી છે. તે મંદિરમાં જ્યારે જેટલી વખત આરતી થાતી તેટલી વખત આરતીના ધ્વનિને સાંભળીને સંતો તથા હરિભક્તો દેવનાં દર્શન કરવા માટે પ્રેમથી જતા હતા. ૫-૬.

તે રીતે જ બહુનામી પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી પણ દર્શન કરતા હતા, એટલું જ નહિ પણ દર્શન કરતી વખતે સંતો-હરિભક્તોથી પણ વધુ અપાર ભાવ જણાવતા હતા. ૭. શ્રીહરિએ જ્યારે શ્રીનરનારાયણ દેવનાં દર્શન કરી લીધાં પછી તરત જ આવીને અશ્વ ઉપર બેઠા. તે વખતે બધા કાઠી દરબારોની સવારી પણ સાથે હતી. ૮. તેમજ સહુ સંતો તથા હરિભક્તો પણ શ્રીહરિ સાથે હતા. શ્રીહરિ મંદિરમાંથી ચાલીને બહાર રાજમાર્ગ ઉપર આવ્યા, ત્યારે બધી બજારોમાં પાણી છંટાવી દીધેલું હતું. પુરવાસી હજારો લોકો દર્શન કરવા માટે બજારમાં ઊભા હતા. તેનો ગણે પાર આવતો નથી. ૯-૧૦. શ્રીહરિની આગળ તાસાં તથા ઢોલ આદિક અગણિત વાજિંત્રો વાગતાં હતાં.

તે વખતે શ્રીહરિએ ગુલાબના હાર, બાજુબંધ અને તે જ રીતે પહોંચી વગેરે પહેર્યાં હતાં. ૧૧. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. બંને બાજુએ ચામર ઢળી રહ્યા હતા. મસ્તક ઉપર સુંદર છત્ર ધાર્યું હતું. તે છત્રમાં ચારેબાજુ

મોતી લટકતા હતા. ૧૨. છત્ર ઉપર સોનાનો સુંદર શોભાવાળો કળશ હતો અને છત્રનો દંડ પણ તેવો જ સોનેરી હતો. ૧૩. શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પાઘમાં ગુલાબના તોરા લટકતા હતા. અને બંને કાનમાં ગુલાબના ગુચ્છ ધાર્યા હતા. ૧૪. બધા સંતો તથા હરિભક્તો કીર્તન ગાતા હતા. બજારમાં ઊભેલા લોકો મુખથી શ્રીહરિનો જય જયકાર કરતા હતા. ૧૫. રસ્તાને કાંઠે જ્યાં નિશાળો હતી ત્યાં છોકરાંઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે છુટ્ટી માગતાં રહેતાં, તેથી તેમને છુટ્ટી આપી હતી. તેથી બધાં છોકરાં બજારમાં ચાલ્યા આવતાં હતાં. ૧૬. શ્રીહરિ માણેકચોક થઈને ચાલ્યા. તે જ્યાં રઘુનાથદાસ રહેતા હતા, તે જગ્યા આગળ થઈને કુબુદ્ધિનાં મસ્તકને કચરીને ચાલ્યા. ૧૭. જેટલા કુબુદ્ધિવાળા લોકો હોય છે તે બધા સત્સંગની મશ્કરી કરે છે. કેમ જે, કુબુદ્ધિવાળા લોકો તો નાક-કાન વગરનાં છે, તેથી તે ગમે તેમ બોલતા હોય છે. ૧૮.

❋ સુમતિ અને કુમતિવાળાનું વલણ :

આ સત્સંગ શુભ બુદ્ધિવાળાનો છે. કુબુદ્ધિવાળાનો રંગ તો સત્સંગે કરીને ભાંગી જાય છે. સત્સંગની જેટલી વાત છે તે કુબુદ્ધિવાળા લોકોના મનમાં બળતરા કરાવનારી છે. ૧૯. સત્સંગ કરવાથી જે કુબુદ્ધિવાળા લોકો હોય છે તે સહેજે જ દેખાઈ આવે છે. જે લોકો સત્સંગ ઉપર સહજ સ્વભાવે વૈર રાખે છે તે બધા કુબુદ્ધિવાળા છે, તે સત્સંગ ઉપરની અરુચિ ઉપરથી દેખાઈ આવે છે. શુભ બુદ્ધિવાળા મનુષ્યો દિવસે દિવસે સત્સંગ ઉપર રુચિ કરતા રહે છે. ૨૦-૨૧. રુચિ ઉપરથી શુભ બુદ્ધિવાળા લોકો દેખાઈ આવે છે. જે શુભ બુદ્ધિવાળા લોકો છે તે છૂપા રહેતા નથી. આંખ, વચન અને શ્રવણ ઉપરથી તેમજ ભાવથી સેવા કરવામાં શુભ બુદ્ધિવાળા લોકો જણાઈ આવે છે. તેનું ચિત્ત અને અંગ સરલતાથી વર્તતું હોય છે. અર્થાત્ તેઓ મન-કર્મ-વચને સરળ હોય છે. **ગમે તેવા મોટા હોય, તોપણ જે ગર્વરહિત વર્તે છે તે સૌથી મોટા છે. તેમની મોટપ તેમના ગુણો જ કહી દે છે.** જે પોતાના ગુણોનો લગાર પણ ગર્વ દેખાડે છે, તેના જેવો બીજો કોઈ નઠારો નથી. ૨૨-૨૪.

❋ ગર્વ સર્વ સુખનો નાશ કરે છે :

दोहा : गुण के गरव रहे जितना, गरव यह विष रहाय;
गरव रहाये कलि हि यह, सुमति जानत हि ताय...२५
कुमति गरव तिनमें जोउ, मानत सुख हि अपार;
गरव के भंग होत जब, तरत तब होत ख्वार...२६

જેને પોતાના ગુણોનો જેટલો ગર્વ રહેતો હોય તેટલો તે ગર્વ તેને માટે ઝેર તુલ્ય છે. જ્યાં ગર્વ હોય ત્યાં મૂર્તિમાન કળિયુગ રહે છે, એમ શુભ બુદ્ધિવાળા લોકો જાણે છે. ૨૫. કુબુદ્ધિવાળા લોકો ગર્વમાં જ અપાર સુખ માને છે. તેથી જ જ્યારે તેના ગર્વનો ભંગ થાય છે ત્યારે તે તરત ખુવાર-પાયમાલ થઈ જાય છે. ૨૬. ગમે તેવો કોઈ મોટો રાજા હોય અને ત્રિલોકીનું રાજ્ય કરતો હોય, તોપણ જો તે ગર્વ કરે તો તે દુઃખના કૂવામાં પડે છે. ગર્વ આવો પતન કરનારો છે. ૨૭. બ્રહ્મા તથા ઈન્દ્ર જેવાએ પણ જ્યારે ગર્વ કર્યો ત્યારે ભગવાને તરત જ તેનો ગર્વ ઉતાર્યો હતો. ૨૮.

કુબુદ્ધિવાળા લોકો શ્રીહરિનો પ્રતાપ જેમ જેમ અધિક દેખતા હતા તેમ તેમ તેના અંતરમાં બળતરા થતી હતી. ૨૯. કુબુદ્ધિ અધર્મનું મૂળ કહેવાય છે. કુબુદ્ધિવાળા લોકો શુભ રીતને દેખીને બળે છે. એવા શુભ રીતિ દેખીને બળનારા બધા અસુરોના વંશજ છે, એમ દેખવું. ૩૦. શુભ રીતિને દેખીને જેના મનમાં ઉત્સાહ થતો હોય તે મનુષ્ય અપાર શુભ બુદ્ધિવાળો છે. તેવા શુભ બુદ્ધિવાળા મનુષ્યને જાહેર કરવા માટે શ્રીહરિ વિવિધ પ્રકારની ઘણી વાતો કરતા હતા. ૩૧. શુભ બુદ્ધિવાળા મનુષ્યને જેટલી શુભ રીતિ હોય છે, તે બધી ગમે છે. જે શુભ બુદ્ધિવાળા મનુષ્ય છે તે ધર્મના વંશજ છે, એમ જાણવું. અને તેને જ શુભ સ્થાન પ્રાપ્ત થાય છે. ૩૨. જે મનુષ્ય શુભ બુદ્ધિવાળા હોય છે તેની શુભ કીર્તિ આ લોક તથા પરલોકમાં દિવસે દિવસે અપાર વધે છે. ૩૩.

શ્રીહરિએ અમદાવાદના હરિભક્તોને રાજી કર્યા અને ઉત્સાહભેર શહેરની બહાર આવ્યા. બધે જય જયકાર કર્યો. પછી હરિભક્તોને કહ્યું કે, ‘હવે તમે સહુ અહીં ઊભા રહો.’ ૩૪. પછી શહેરના જેટલા હરિભક્તો હતા, તે બધા ત્યાં ઊભા રહ્યા. બધા વાજિંત્રવાળા પણ ત્યાં જ ઊભા રહ્યા.

પછી ઘનશ્યામ શ્રીહરિ તથા સંતો-હરિભક્તો આગળ ચાલતા થયા અને **અસલાલી** ગામ આવ્યા. અસલાલી ગામના પાટીદાર હરિભક્ત તે સમયે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૫-૩૬. સહુ મળીને ગામથી થોડે દૂર સુધી સામે આવ્યા. ત્યારે સહુએ શ્રીહરિનાં ઘણાં ભાવથી દર્શન કર્યાં અને ત્યાં એક ખેતરમાં ઉતારો કરાવ્યો. તે સમયે લાડુની રસોઈ કરાવી હતી, તે શ્રીહરિ જમ્યા. ૩૭-૩૮. બધા સંતો અને પાર્ષદો પણ જમ્યા. તે સ્થળે જ શ્રીહરિ રાત રહ્યા અને સવારે ત્યાંથી ચાલતા થયા. ૩૯. પછી શ્રીહરિ **જેતલપુર** આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા અને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ અમદાવાદના સત્સંગીઓને રાજી કરીને જેતલપુર આવ્યા" એ નામે એકસો ને આઠમો તરંગ સમાપ્ત ॥૧૦૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૦૯

શ્રીહરિ જેતલપુરથી રામનવમી કરવા વડતાલ પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જેતલપુરમાં જ્યાં ચાર-પાંચ વડનાં ઝાડ હતાં ત્યાં આવીને શ્રીહરિ ઊતર્યા. આસજીભાઈ પટેલે તરત જ રસોઈ કરાવી. ૨. તે શ્રીહરિ તથા બધા સંતો જમ્યા. પછી ત્યાંથી તરત ચાલ્યા તે **મહેમદાવાદ** આવ્યા. ત્યાં વલાદરા અટકના વિપ્ર દુર્લભરામ, બેચરભાઈ અને અંબારામ, એ ત્રણ ઘર હરિભક્ત હતા. તે ત્રણ ઘર વલાદરા વિપ્રની નાતમાં મુખ્ય કહેવાતા હતા. ૩-૫. વલાદરામાં બાઈ-ભાઈ અપાર હરિભક્તો હતાં. પણ આ ત્રણ હરિભક્તના ઘરને લીધે જ વલાદરા વિપ્ર ઘણા સરસ કહેવાતા હતા. ૬. તે ત્રણેય ઘર શ્રીહરિ, સંતો અને હરિભક્તોના સમાન બીજા કોઈને સમજતા નહીં. તેથી શ્રીહરિ તથા સંતોની સેવા કરવામાં તેઓ સર્વોપરિ લાભ માનતા હતા. ૭.

✵ નિયમની મહત્તા :

चोपाई :

हरिजन की सरसाइ रहे एही, सत्संग के नियम में तेही...०८
रहिकर सेवा करत तिनमें, सरवोपरि लाभ मिलत इनमें;
नियम बिन सेवा करत जेती, निरजीव मानत रहे तेती...०९
चाय तितनी सेवा जो तिनके, नियमकर फल रहायेउ इनके;
बाँधे सिंधु सम सर रहे जीमी, नीर तामें रहायेउ तीमी...१०
फुटेउ सर में नीर न रहाते, नियम बिन सेवा तेसे कहाते;
हरिजन इमि जानी नियम रखते, भावजुत सेवा रहत करते...११
नियम रख करत सेवा तिनकू, सेवा के फल अपार इनकू;
मिलत रहे नियम कर जरूरा, यामें न रहाये तिलभर कूरा...१२

તે હરિભક્તો જેના જેવા નિયમ હોય, તેમાં રહીને સેવા કરતા હતા. હરિભક્તોની શ્રેષ્ઠતા તો સત્સંગના નિયમ પાળીને સેવા કરવામાં રહી છે. કેમ જે, જે નિયમમાં રહીને સેવા કરે છે તેને તેનાથી સર્વોપરિ લાભ મળે છે. પરંતુ નિયમ વગરની જેટલી કાંઈ સેવા કરે છે તે બધી નિર્જીવ જેવી મનાય છે. ૮-૯. માટે ગમે તેટલી સેવા હોય પણ તે નિયમ પાળવાથી જ સફળ થાય છે. સાગરના જેવું સરોવર હોય પણ તે જો બાંધેલું હોય તો તેમાં પાણી ટકે છે, પણ તૂટેલા સરોવરમાં પાણી રહેતું નથી. તેમ નિયમ વગરની સેવા તૂટેલા સરોવર જેવી કહેવાય છે. તેથી ઉપર કહ્યા પ્રમાણે સમજીને હરિભક્તો નિયમ રાખતા અને ઘણા ભાવથી સેવા કરતા હતા. ૧૦-૧૧. નિયમ પાળીને જે સેવા કરે છે તેને સેવાનું અપાર ફળ મળે છે. માટે જરૂર નિયમ પાળીને સેવા કરવી, તેમાં તલભાર પણ ખોટું નથી. ૧૨.

વલાદરા હરિભક્ત વિપ્રોને સેવા કરવાનો જે ભાવ હતો તેને શ્રીહરિ જાણતા હતા. તેથી જ શ્રીહરિ મહેમદાવાદ આવ્યા હતા. મહેમદાવાદ ગામમાં બીજા પણ જે હરિભક્તો હતા તે સન્મુખ આવ્યા અને વાજિંત્ર વગડાવીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૧૩-૧૪. શ્રીહરિનો મંદિરમાં ઉતારો કરાવ્યો અને ગામની બહાર જે જગ્યા હતી ત્યાં આવીને સંતોએ ઉતારો કર્યો.

શ્રીહરિ, હરિભક્તો તથા સંતોને માટે સુંદર રસોઈ કરાવીને સહુને જમાડ્યા. ૧૫-૧૬. શ્રીહરિ ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **દેવાણ** તથા **ડભાણ**ના હરિભક્તોને દર્શન દઈને **વડતાલ** ગામ આવ્યા. ૧૭. શ્રીહરિ વડતાલમાં રામનવમીનો ઉત્સવ કરવા આવ્યા હતા. તેથી દેશદેશનાં હરિભક્ત બાઈ-ભાઈઓ પણ ત્યાં આવ્યાં હતાં. ૧૮. જેટલા સંતો હતા તે પણ વડતાલમાં આવ્યા. શ્રીહરિ વડતાલમાં જ્યાં બેસતા ત્યાં સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થતી હતી. ૧૯.

❋ વડતાલમાં ગોમતી ગળાવી :

સવારના પહોરમાં શ્રીહરિ સંતો તથા હરિભક્તોની પાસે રોજ રોજ ગોમતી તળાવને ગળાવતા હતા. **શ્રીહરિ પોતે પણ પોતાના એક મોટા રૂમાલમાં ગોમતીનો ગાળ લઈને કાઢતા હતા. તેમજ હરિભક્તોને દર્શન દેતા હતા. જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી સંતો તથા હરિભક્ત પુરુષોથી દૂર રહીને ગોમતીનો ગાળ રોજ તળાવમાંથી કાઢતી હતી. સહુ ગાળ કાઢતાં કાઢતાં ઉત્સાહથી કીર્તન ગાતાં હતાં. માનો, કોઈ મહામંગળમય પ્રસંગ હોય તેવું વર્તાતું હતું.** ૨૦-૨૨. સંતો તથા હરિભક્તોમાં પરસ્પર અપાર હેત હતું. શ્રીહરિ જે રીતે સહુને ઉત્સાહ રહે, તે રીતની વાતો કરતા હતા. ૨૩. જ્યારે જેવો સમય હોય તેવી શ્રીહરિ વાતો કરતા. જ્યારે શ્રીહરિ સભા કરીને બેઠા હોય ત્યારે હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવતા. ૨૪. બધા હાથમાં ફૂલના હાર લઈને આવતા, તેમનો જે ઉત્સાહ હતો તે તેમની આંખોમાં દેખાઈ આવતો હતો. સંતો જે કીર્તન ગાતા હતા, તે પણ અતિશય ઉત્સાહથી ગાતા હતા. ૨૫. એક દિવસ શ્રીહરિ વાંકા લીમડાની છાયા નીચે પાટ ઉપર બિરાજમાન થયા હતા. ૨૬.

બધા સંતો તથા હરિભક્તોની સુંદર સુશોભિત સભા બેઠી હતી. દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યારે વડોદરાથી આધારાનંદ સ્વામી ત્યાં આવ્યા અને દંડવત્પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિ ઊભા થઈને તેને ભેટ્યા. ૨૭-૨૮. શ્રીહરિએ ખૂબ રાજી થઈને પોતે પહેરેલા ગુલાબના હાર, બાજુબંધ, પહોંચી વગેરે આધારાનંદ સ્વામીને આપ્યા. ૨૯. 'મૂર્તિઓ તૈયાર થવામાં હવે

કેટલીવાર છે ?' એમ શ્રીહરિએ જ્યારે પૂછ્યું, ત્યારે આધારાનંદ સ્વામીએ બધી વાત કહી. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. ૩૦.

પછી શ્રીહરિએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "વડોદરાના હરિભક્ત જે નાથભક્ત છે તે અમદાવાદ અમારી પાસે આવ્યા હતા. ૩૧. તેમણે સંતોને જમાડવાને માટે પ્રેમથી ઘેબરની રસોઈ કરાવી હતી. તે વખતે અમે જ્યારે સંતોને પીરસતા હતા ત્યારે નાથભક્તને કહીને, તમારે માટે સંભારીને ઘેબરનો પ્રસાદ, નિષ્કુળાનંદ સ્વામી તથા કપિલેશ્વરાનંદ સ્વામી તે બંનેને આપ્યો હતો. ૩૨-૩૩. તેમાં ઘેબરનો એક ભાગ નાથભક્ત તરફથી અને બીજો ભાગ અમારા તરફથી તમારા માટે આપ્યો હતો. હવે તમને જ્યારે યાદ આવે ત્યારે તે ઘેબરનો પ્રસાદ લઈ લેજો." આવું કહીને શ્રીહરિ મુકુંદાનંદ વર્ણીની સાથે થાળ જમવા ચાલતા થયા. તે વખતે ચરણમાં ચાખડીઓ પહેરી હતી અને તેનો 'ચટ ચટ' આવો અવાજ થતો હતો. પછી શ્રીહરિ જે હરિભક્તોની રસોઈ હતી, તેણે કરાવેલો થાળ જઈને જમ્યા. ૩૪-૩૬.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જે હરિભક્તની રસોઈ હતી તેને રાજી કરવા માટે સંતોની પંગત થઈ, તેમાં પોતે પીરસવા આવ્યા. ૩૭. શ્રીહરિ જે દિવસથી વડતાલ આવ્યા હતા, તે દિવસથી હરિભક્તો રસોઈ આપતા હતા. ૩૮. **જ્યારે હરિભક્તો સંતોને રસોઈ આપતા ત્યારે તે હરિભક્તને અધિક ઉત્સાહ વધે, અને તેને કાયમને માટે સાંભરતું રહે, તેટલા માટે શ્રીહરિ રોજ સંતોને પીરસતા હતા.** ૩૯. જ્યારે શ્રીહરિ પીરસવા આવતા ત્યારે સંતોને ઉત્સાહ વધતો, અને હરિભક્તોને પણ દર્શન કરીને ઉત્સાહ વધતો હતો. આમ ઉત્સાહ વગરની તો કોઈ વાત હતી જ નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ જેતલપુરથી રામનવમી કરવા વડતાલ પધાર્યા" એ નામે એકસો ને નવમો તરંગ સમાપ્ત ॥૧૦૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૦

શ્રીહરિએ આધારાનંદ સ્વામીને સયાજીરાવ સરકારના વિચારો પૂછ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે શ્રીહરિ પોતાને ભવને આવ્યા અને પલંગ ઉપર પોઢી ગયા. તે ભવનની આગળનો જેટલો ચોક હતો તે પાકો બાંધેલો હતો. તેથી તેને પાણીથી ભરાવી દીધો. ૨-૩. વીરણવાળાના બે પંખા પાણીથી ભીંજવીને બે પાર્ષદ અતિશય પ્રેમથી શ્રીહરિ ઉપર શીતળ પવન ઢોળવા લાગ્યા. તેમાંથી પુષ્કળ સુગંધ છૂટતો હતો. શ્રીહરિ ત્યાં બે ઘડી સુધી પોઢી રહ્યા અને પછી જાગ્યા. ૪-૫. માટીના નવા ચંબુ-કુંજામાં સુગંધી પાણી ભર્યું હતું. તે પાણી બરફ જેવું ઠંડું થયું હતું. ચંબુ એવો ઘણો કિંમતી હતો. ૬. નવું ચોરસ કપડું પલાળીને એ ચંબુંની ચારેબાજુ લપેટી દીધું હતું. જે ચંબુમાંથી પાણી ઝરતું હતું, તે ચંબુમાંથી ઠંડું પાણી શ્રીહરિએ પીધું. ૭.

✻ વડોદરા સરકારે પત્ર દ્વારા શ્રીહરિને વિચાર જણાવ્યા :

શ્રીહરિએ જ્યારે જળપાન કર્યું, તે પછી આધારાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું કે, “તમે પત્રની કાંઈ વાત જાણો છો ખરા !? ૮. સયાજીરાવ મહારાજ ગાયકવાડે અમારા ઉપર પત્ર લખ્યો છે. તે પત્રમાં ખૂબ વિનય લખી જણાવ્યો છે અને તેણે અમને દર્શન આપવા પધારવા માટે કહ્યું છે. તેમણે લખ્યું છે કે, ‘મને મનુષ્યશરીરમાં સુખ દેખાતું નથી અને રાજ્યમાં તો ઘણું દુઃખ દેખાય છે. આવાં દુઃખના સમયમાં આપનાં દર્શન થાય તો અમને અપાર લાભ થશે. ૯-૧૦. આજ સુધી તો અમે શરીરમાં બહુ વ્યાધિ વધે એવું જ કરતા રહ્યા છીએ. તેને માટે જેટલા ઉપાય કરીએ છીએ તેમાં સુખ માનીએ છીએ. ૧૧. માણસ નહિ કરવાના કામમાં સુખ માનીને તે કરતો રહે છે. જેટલા અસત્પુરુષો છે તે બધા દુઃખમાં જ સુખ માને છે. ૧૨. સત્પુરુષના યોગ વિના ક્યારેય શુભ મતિ થતી નથી. આ મનુષ્યશરીર સુંદર છે, પણ જીવ તેને અસત્પુરુષના સંગથી ખુએ છે. ૧૩. જેટલા અસત્પુરુષ છે તે અશુભ બાબતમાં અને આ શરીરમાં જ અતિશય સુખ મનાવે છે. ૧૪.

અત્યાર સુધી અમે અસત્પુરુષોને જ સત્પુરુષ માનતા રહ્યા છીએ. તે લોકો આ શરીર તથા જગતને સત્ય કહે છે. જેને ધનનો લોભ હોય તે ચાહે તેવા હોય તોપણ તેના માટે સાચી વાત બોલવી બહુ કઠણ છે. ૧૫-૧૬. માટે હવે સાચી વાતને સાંભળવા માટે અમે આપનાં દર્શન ઇચ્છીએ છીએ. મિથ્યા વાતોને સાંભળતા તો અપાર કલ્પ વીતી ગયા છે. ૧૭. અસત્ય વાતમાંથી જે સુખ મળે છે તે તો અસત્ય જ હોય છે અને તેમાં ઘણું દુઃખ રહ્યું છે. તેવાં દુઃખમાં જ સુખ માનીએ, એવા અમે બુદ્ધિમાન છીએ. અમારી બુદ્ધિ તો એવી છે કે તેનાથી સંસારનું ભટકણ ચાલુ રહે. જે કરવાથી અપાર વ્યાધિ વધે, તેમાં અમે સારું માનીએ છીએ. ૧૮-૧૯.

જ્યારે આપનાં દર્શન થશે ત્યારે અમારી બુદ્ધિ શુભ થશે. અમારા વડોદરા શહેરમાં જેટલા લોકો છે તે સહુને પણ આપનાં દર્શન થશે. ૨૦. અમારા જે હાથી તથા ઘોડા વગેરે છે, તે બધા આપની સેવામાં કામ લાગશે, તો તેના પણ અવર્ણનીય મહાન ભાગ્ય ગણાશે. ૨૧. પુષ્પ, ફળ આદિક જે કાંઈ પણ વસ્તુ આપની સેવામાં ઉપયોગી થાય, તેનાં સદ્ભાગ્ય કહી શકાતા નથી. ૨૨. જ્યાં જ્યાં આપ વારંવાર ચરણ મૂકશો, તે ભવન, બજાર અને વન વગેરેનાં ભાગ્યનો પાર આવશે નહીં. ૨૩. **આ જીવના અનંત જન્મનાં જેટલાં કાંઈ દુઃખો કહેવાય છે તે બધાં આપનાં દર્શન કરવાથી જ દૂર થઈ જાય છે.** ૨૪.

શ્રીહરિએ આધારાનંદ સ્વામીને કહ્યું કે, "સરકારને આટલો બધો ભાવ શાથી થયો છે ? તે વાતને તમે જાણતા હો તો હવે અમને કહો." ૨૫. જોકે સરકારને જે ભાવ થયો તેનું કારણ આધારાનંદ સ્વામી જાણતા હતા, ૨૬. પણ રાજદરબારની વાત જેટલી ગુપ્ત રહે તેટલો તેમાં રસ રહે છે. જો વાત ખોલી નાખવામાં આવે તો તે નીરસ થઈ જાય છે. ૨૭. આ વાત આવી છે એમ જાણીને તથા તે વાતમાં રસ ઘણો વધતો રહે એટલા માટે મેં વાત ગુપ્ત રાખી હતી, પણ અંતર્યામીથી વાત ગુપ્ત ક્યાંથી હોય ? ૨૮. ગમે તેવી ગુપ્ત વાત હોય તોપણ તે અંતર્યામીથી ક્યારેય ગુપ્ત રહેતી નથી. છતાં પણ અપાર રસ રાખવા માટે એવું સમજીને વાત ગુપ્ત રાખી હતી. ૨૯.

પછી શ્રીહરિએ મને એમ કહ્યું કે, "પૂરી વાત જાણ્યા સિવાય અમે મોટા રાજદરબારમાં પ્રવેશ કરતા નથી. અમને આજ પહેલા એક તો અમદાવાદના સૂબાએ તથા બીજા પાદરાના કાનોજીએ; એમ બે વખત રાજાએ રાજદરબારમાં બોલાવ્યા હતા. અમે તેમનો વિશ્વાસ રાખીને ત્યાં ગયા હતા. પણ તે વખતે તેનો જેવો ભાવ હતો તે દેખાઈ આવ્યો હતો. ૩૦-૩૧. સન્માન કરવામાં જેનો જેવો ભાવ હોય તે ક્યારેય છૂપો રહેતો નથી. કેમ જે, જેનો જેવો ભાવ હોય તેને તેની આંખો જ કહી દે છે. ૩૨. જ્યારે આ રામનવમીનો સમૈયો પૂરો થાય ત્યારે અમે સદ્‌ગુરુઓને વડોદરા મોકલશું. તેમાં સરકારનો જેવો ભાવ હશે તે બધો જાણવામાં આવી જશે. જેને સાચો ભાવ થાય છે, તેને તે ભાવ દિવસે દિવસે વધતો રહે છે. જેને કોઈ પણ વાતના સ્વાર્થને લીધે જ ભાવ થયો હોય, તેનો સ્વાર્થ જ્યારે સિદ્ધ ન થાય ત્યારે પહેલાં જેવો ભાવ હોય તેવો પછી રહેતો નથી. **ભગવાનના ધામ સંબંધી સુખને મેળવી આપનારો જે ભાવ છે તેનો જો સ્વાર્થ હોય તો તે ભાવ દિવસે દિવસે વધતો રહે છે. પરંતુ આ નાશવંત લોકનું કે ક્ષણિક શરીરનું સુખ મેળવવા માટેનો જ જો સ્વાર્થ હોય તો તે ભાવ કાયમ ટકતો નથી.** ૩૩-૩૬.

જેવા પ્રકારના સ્વાર્થ હોય તેના ઉપરથી ભાવ નિર્મૂળ છે કે સમૂળ તે જણાય છે. માટે વડોદરા નરેશનો જેવો ભાવ હશે તે સદ્‌ગુરુ સિવાય કોઈ જાણી શકશે નહીં. ૩૭. પછી આધારાનંદ સ્વામીને શ્રીહરિની જેવી મરજી જણાણી, તે પ્રમાણે તેમણે શ્રીહરિથી ખાનગી નારુપંત નાના ઉપર પત્ર લખ્યો. તેમાં શ્રીહરિની જેવી મરજી હતી તેવું પત્રમાં લખીને પત્ર મોકલી દીધો. ૩૮-૩૯. તે પત્ર વાંચીને નારુપંત નાના ખુશ થયા અને પછી તે પત્ર તેમણે સરકારની પાસે લઈ જઈને વાંચી સંભળાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ આધારાનંદ સ્વામીને સયાજીરાવ સરકારના વિચારો પૂછ્યા" એ નામે એકસો ને દસમો તરંગ સમાપ્ત ॥૧૧૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૧

સરકારનો પત્ર વાંચીને શ્રીહરિએ ત્રણ સદ્‌ગુરુને વડોદરા મોકલ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નારુપંત નાના ઉપર જે પત્ર લખ્યો હતો તે પત્ર તેમણે સયાજીરાવ સરકારને વાંચી સંભળાવ્યો. તેથી તેઓ ઘણું ખુશ થયા. પછી શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે સરકારે પ્રેમથી કર્યું. સરકારે શ્રીહરિના ઉપર પત્ર લખ્યો અને તેમાં લખ્યું કે, 'અમારા ઉપર કાંઈ દીવાનનું ચલણ નથી. ૨-૩. ગમે તેવો દીવાન કે બીજો કોઈ સમર્થ હોય, તોપણ મારી મરજી લોપીને ક્યારેય કોઈ ઉપાધિ કરી શકે તેમ નથી. ૪. માટે મહારાજ, હું આપને વિનંતી કરીને કહું છું કે, હરકોઈ રીતે મને એક વાર આપનાં દર્શન થાય એવી મારા ઉપર કૃપા કરો.' ૫. સયાજીરાવ સરકારે આવો પત્ર લખીને નારુપંત નાનાને આપ્યો અને એક ઘણો કિંમતી ચંદેરી(બેટવા નદીને કાંઠે આવેલા ચંદેરી ગામની બનાવટનું ઝીણું સુતરાઉ કાપડ. પહેલાં આ કાપડ બિહારના અમરાવતી ગામમાં ઊગેલા રૂની એક ઊંચી જાતમાંથી વણવામાં આવતું. તેના બારીક તાર રૂપાની ભારોભાર વેચાતા. તેથી તે કાપડ ઘણું કિંમતી ગણાતું. આ કાપડના વણકર ઊંડાં ભોંયરાંમાં કામ કરતા. ધૂળ ન ઊડે એટલા માટે તેની દીવાલો ભીની રાખવામાં આવતી.) જાતનો દુપટ્ટો શ્રીહરિ માટે ભેટ આપ્યો. ૬. તે સિવાય કેટલીયે જાતના મેવા શ્રીહરિને માટે આપ્યા અને જાત જાતનાં સારાં અત્તર અને સુગંધવાળાં ઘણાં ઊંચાં કહેવાતાં તેલ પણ આપ્યાં. ૭.

શ્રીહરિને રાજી કરવાને માટે તેમણે ભાવ સહિત ઘણો આદર દેખાડ્યો. ભાવમાં કસર ન દેખાય એવી સેવા તે કરવા લાગ્યા. ૮. આ મનુષ્યદેહનો જે રીતે લાભ લઈ શકાય તે રીતે સરકારે લાભ લેવામાં કાંઈ કસર રાખી નહિ, અને અનેક રીતે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. ૯. વળી, નારુપંત નાનાને માટે તંબુ અને ઘોડેસવાર સૈનિકની વ્યવસ્થા કરી દીધી. સરકારના મનમાં જેવો ભાવ હતો તે પ્રમાણે ઘણા મૌખિક વચનો પણ કહ્યાં. ૧૦. પછી તે નારુપંત નાના રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવ્યા. તેમના

મનમાં ઘણો ઉત્સાહ હતો. તેઓ વડતાલમાં મંદિરની જગ્યાની પાસે, નૈઋત્ય દિશામાં જે બુરજ હતો તેનાથી પચ્ચીસ ડગલાં દૂર, વચ્ચે રસ્તો રાખીને જ્યાં કેટલીક આંબલીનાં ઝાડ હતાં ત્યાં તેમણે તંબુ ખડો કરાવ્યો. ૧૧-૧૨. અને ત્યાં રહેલા કૂવા સુધી સૈનિકોનો પડાવ થયો. તેની સાથે ઘણા અશ્વો હતા.

મંદિરના મંડપની ઉત્તર દિશાએ અડીને એક મંચ કર્યો હતો. જ્યારે દિવસ પાછલી ચાર ઘડી બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા અને તે મંચ ઉપર બેઠા. શ્રીહરિ અતિશય પ્રસન્ન હતા. સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. શ્રીહરિની આગળ બધા સંતો તથા હરિભક્તોની ઘણી મોટી સભા થઈ. ૧૩-૧૫. જેટલાં વાજિંત્ર હતાં તે ચારેબાજુ વાગી રહ્યાં હતાં. અને જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા ફૂલના હાર લાવ્યા હતા. ૧૬. સહુના દિલમાં અપાર પ્રેમ ભર્યો હતો. તે ફૂલના હાર શ્રીહરિને અર્પણ કરતા હતા. તે હરિભક્તો એટલા આવ્યા હતા કે તેનો ગણ્યે પાર આવતો ન હતો. ૧૭. તે વખતની સભાની અપાર શોભા થઈ હતી. તે વખતે સંતો ખૂબ જ પ્રેમ તથા ઉત્સાહભર્યા ગરબીનાં પદ ગાતા હતા. માનો, સર્વત્ર આનંદનો સાગર ઊભરાઈ રહ્યો હતો.

બરાબર તે જ સમયે નારુપંત નાના શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવ્યા. ૧૮-૧૯. આવીને તેઓ શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા. તેમના હૃદયમાં આનંદ છવાઈ ગયો હતો. તેઓ સરકારનો જે પત્ર લાવ્યા હતા તે શ્રીહરિના હાથમાં આપ્યો. ૨૦. જે રીતે સરકારે નમસ્કાર કહ્યા હતા તે પણ હાથ જોડીને કહ્યા. વળી, ઊંચામાં ઊંચું ઘણું કિંમતી જે ચંદેરી શેલું હતું તે શ્રીહરિને ઓઢાડ્યું અને કહ્યું કે, 'આ શેલું સરકારે આપને માટે આપ્યું છે.' તેમજ સરકારે જેટલી જાતના મેવાઓ મોકલ્યા હતા તે પણ અર્પણ કર્યા. ૨૧-૨૨. આ રીતે સરકારે જે જે વસ્તુ મોકલી હતી તે બધી શ્રીહરિની આગળ સમર્પણ કરી. પછી જ્યારે શ્રીહરિએ સરકારનો પત્ર વાંચ્યો ત્યારે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીના પ્રત્યે ઘણા ભાવ સહિત કહ્યું, "સરકારને જે ઘણો દૃઢ ભાવ થયો છે તેનું કારણ તો અનંત પ્રકારના વ્યાધિ છે. કેમ જે, જે અંતરમાં વ્યાધિ-પીડા હોય છે તે

ઔષધ કરવાથી ક્યારેય મટતા નથી. ૨૩-૨૫. **શરીરના વ્યાધિ માટે તો ઔષધ ઉપાય બની શકે છે, પરંતુ અંતરના વ્યાધિનું ઔષધ તો સમજણ જ છે.** ૨૬. **તે અંતરના વ્યાધિના ખરા વૈદ્ય તો અમે જ છીએ અને અમારા જેટલા સંત છે તે પણ અંતરના વ્યાધિના ઉપાયને જાણે છે."** ૨૭.

ત્યારે નારુપંત નાના બોલ્યા કે, "સરકારને આપનાં દર્શનનો ઘણો ભાવ છે, તે દેખાઈ આવે છે. ૨૮. સરકારને આપનાં દર્શન કરવાનો જે ભાવ છે તેનું અમને એક ચોક્કસ કારણ દેખાઈ આવે છે. ૨૯. સરકાર એવું માને છે કે, **'સ્વામિનારાયણની જેટલી વાતો છે તે બધી નિર્દોષ દેખાય છે. ભગવાનના અવતાર ઘણા થયા છે અને તે જે વાતો કરતા હતા તે બધી નિર્દોષ કહેવાય છે, પણ તેના કરતાંએ સ્વામિનારાયણની વાત ઘણી વધારે નિર્દોષ છે અને તે નિર્દોષતાને તેમનું વર્તન પોકારીને કહે છે.** જે જે ભગવાનના અવતારો થયા છે તેમનું વર્તન જ પોકારીને કહે છે. ભગવાનના અવતારો અનેક થાય છે. તે વર્તનમાં અધિક-ન્યૂન કહેવાય છે, પણ ભગવાન તો એકના એક છે. ૩૦-૩૨. ભગવાન તો પોતે પોતાના ધામમાં રહે છે. તે ધામનો ક્યારેય ત્યાગ કરતા નથી. પરંતુ પોતાના ભક્તનું નિશ્ચિત હિત કરવાને માટે ધામમાં રહ્યા થકાં ભૂમિ ઉપર પ્રગટ થઈને ભક્તજનને દર્શન આપે છે. આ રીતે પરમ સુખદાયી શ્રીહરિ પોતાના ભક્તો જ્યાં હોય ત્યાં જઈને અથવા પ્રગટ થઈને દર્શન આપે છે. ૩૩-૩૪.

માટે અમને પણ શ્રીહરિ જરૂર દર્શન આપશે. તેમાં કાંઈ ખોટું નથી.' આવું સયાજીરાવ સરકાર માને છે. મહારાજ ! સરકારે આપને કહ્યું છે કે, 'જ્યારે સમૈયો પૂરો થાય ત્યારે મને દર્શન આપવા માટે આપ સદ્‌ગુરુઓને વડોદરા મોકલજો.' સરકાર સદ્‌ગુરુના મુખની વાત દસ-પંદર દિવસ સુધી જ્યારે સાંભળશે ત્યારે સરકારનો જેવો ભાવ છે તે જણાશે. સમાગમમાં રહ્યા સિવાય જેનો જેવો ભાવ હોય તે ક્યારેય જાણ્યામાં આવતો નથી." એમ નારુપંત નાનાએ શ્રીહરિને કહ્યું. ૩૫-૩૭. શ્રીહરિએ રામનવમીનો સમૈયો અતિશય અદ્‌ભુત અને આશ્ચર્યમય કર્યો. સમૈયો પૂરો થઈ ગયો, પણ શ્રીહરિ તો વડતાલમાં જ રહ્યા અને ત્યાં બ્રહ્મચારીને રહેવા માટેની

જગ્યા કરાવી. ૩૮-૩૯. તે પછી મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સોમલા ખાચર, દાદા ખાચર અને સુરા ખાચર, એટલા જણને શ્રીહરિએ વડોદરા મોકલ્યા. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "નારુપંત નાના સાથેનો સરકારનો પત્ર વાંચીને શ્રીહરિએ ત્રણ સદ્‌ગુરુને વડોદરા મોકલ્યા" એ નામે એકસો ને અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૨

ત્રણ સદ્‌ગુરુ વડોદરા પહોંચ્યા અને સરકારનો ભાવ કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ જે સંતોને વડોદરા મોકલ્યા તેઓ સાંકરદા જઈને રાત રહ્યા. પછી બીજે દિવસ વડોદરા જ્યારે આવ્યા ત્યારે શહેરના જે હરિભક્તો હતા તે બધા સંતોની સન્મુખ વિશ્વામિત્રી નદીના પુલ સુધી ગયા. ૨-૩. જે હરિભક્તો આવ્યા તે બધા સંતોનાં ચરણમાં પડ્યા અને મનમાં ખૂબ રાજી થયા. જે ફૂલના હાર લાવ્યા હતા તે સહુ સંતોને પહેરાવ્યા. રામચંદ્ર વૈદ્ય મુક્તાનંદ સ્વામી માટે એક સુંદર મ્યાનો લાવ્યા હતા. તેમાં સ્વામીને બેસાડ્યા. તેમજ નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને મ્યાના જેવી એક ગાડી હતી તેમાં બેસાડ્યા. અને હરિભક્તની બીજી ગાડીઓ હતી તેમાં બેસાડવા યોગ્ય બીજા જે સંતો હતા તેમને બેસાડ્યા. દાદા ખાચર આદિ જે હરિભક્ત મોટા કાઠી દરબારો ત્રણ ચાર સાથે હતા, તે બધા તો પોતાના અશ્વ ઉપર બેઠા હતા. સહુ શહેરમાં આવ્યા ત્યારે જે હરિભક્ત હતા તે બધા સંતોની આગળ કીર્તન ગાતા આવતા હતા. ૪-૯.

શહેરની વચ્ચે જે માંડવી વિસ્તાર કહેવાય છે ત્યાં થઈને સહુ મંદિરમાં આવ્યા. અને નારુપંત નાનાએ સરકારને સમાચાર કહેવડાવ્યા. ૧૦. તેમાં

કહ્યું કે, "સ્વામિનારાયણ ભગવાનના જે મોટા સંતો છે તે આપને દર્શન આપવા માટે આવ્યા છે. તે સહુ આપને 'જય નારાયણ' કહે છે. ૧૧. ભગવાન સ્વામિનારાયણે આપનો પત્ર વાંચ્યો તેથી તેઓ ખૂબ રાજી થયા છે. આપના ભાવને દેખીને જ મોટેરા સંતો અહીં આવ્યા છે. ૧૨. આપને પ્રગટ પરમેશ્વરમાં જે ભાવ છે તે જેમને નથી ગમતો એવા મોટા દીવાન કે ઉમરાવ, તે ભાવને ટાળી દેશે. ૧૩. વળી, જેટલા પંડિત, પુરાણી અને મતપંથ છે તે બધા પોતાનું પેટ ભરવા માટે આપના ભાવને તોડાવી નાંખશે. કેમ જે, તે બધા સત્સંગથી ડરે છે. કારણ કે, કુસંગને સત્સંગ ઉપર ખાર હોય છે. ૧૪-૧૫.

❋ સત્સંગથી જ અવિનાશી સુખ મળે છે :

જેટલા કુસંગીઓ છે તે બધા સત્સંગ ઉપર જે લોકોને ભાવ હોય તે તોડવા શક્ય તેટલા પ્રયત્ન કરે છે, પણ તેનું જ્યારે કાંઈ ચાલે નહિ ત્યારે તે બેસી રહે છે. ૧૬. જોકે આપ આ બધી વાતને જેટલી જાણો છો તેટલી તો અમે પણ જાણતા નથી. જે માણસ જેવો હોય તેને આપ તેની બોલી ઉપરથી જ ઓળખી લ્યો છો. ૧૭. જેના દિલમાં જેવો ભાવ હોય છે તેને તો તમે તેની આંખમાંથી જ ઓળખી જાઓ છો. જેનાથી પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો ન હોય, તેની સાથે કોઈ લોકો ક્યારેય પ્રેમ રાખતા નથી. ૧૮. **આ દુનિયામાં લોકો જેટલું હેત રાખે છે, તેમાં ગમે તેટલી ચોકસાઈ કરતા રહે, અને તે ચોકસાઈમાં કોઈ જાતની કસર ન રહેવા દે, તોપણ જતે કાળે તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી; એવો જ આ બધો લોક-સમાજ છે. જીવ આ મનુષ્યદેહ પામીને અવિનાશી સુખ મેળવવા માટે જો પ્રયત્ન કરતો રહે, તો આ મનુષ્યદેહથી તે અવિનાશી ફળ પામી શકે છે. આ સત્સંગની જેટલી વાત છે તે બધી અવિનાશી સુખ અપાવનારી છે.** ૧૯-૨૧.

સત્સંગ વગરની જેટલી બાબતો છે તે બધી સંસારમાં ભટકાવનારી છે. આ રીતે જે સમજે છે તેણે શાસ્ત્રમાં કહેલાં સાધનમાત્ર કરી લીધાં છે. આ કહી તે સમજણ જે કોઈ દઢ કરી લે તો તેણે ભૂમિ ઉપરના સર્વે ગ્રંથ ભણી લીધા છે. ૨૨-૨૩. ગ્રંથમાં કહેલાં જેટલાં સાધન છે તે બધાંને તત્પર

થઈને કરતો રહે, તેમજ ભૂમિ ઉપરના બધા ગ્રંથોનો અખંડ પાઠ કરતો રહે, તોપણ સત્સંગ સિવાયની બીજી વાતને જ્યાં સુધી સારરૂપ માને છે ત્યાં સુધી તે બધાં સાધનો નિષ્ફળ જાય છે. આ ચોક્કસ કરેલી વાત છે. ૨૪-૨૫. સત્સંગની વાત આવી ઘણી ઊંચી છે અને સત્સંગ સિવાયની જેટલી વાતો છે તે સારહીન છે." ૨૬.

❋ સત્પુરુષ વિના સાચી વાત સમજાતી નથી :

તે સાંભળીને સરકાર બોલ્યા કે, "સત્સંગની જેવી વાત છે તે સંતસમાગમ કર્યા વિના સમજવી ઘણી કઠણ છે. ૨૭. હવે હું આ સંતો આવ્યા છે તેમનો સમાગમ કરીશ. તે સંતોના મુખથી સત્સંગની વાત જેમ હોય તેમ સાંભળીશ. ૨૮. સદ્‌ગુરુઓની વાત સાંભળવાથી ચોક્કસ મને તે સમજાશે અને સત્સંગ સિવાયનું બધું ખોટું થઈ જશે. જેટલી સાર-અસાર બાબતો છે, તે સત્સંગની વાતે કરીને જેને સમજવું જ હોય તેના દેખ્યામાં આવે છે; પરંતુ જે સમજવા ચાહતા જ ન હોય તેને દેખ્યામાં આવતી નથી. સત્સંગના જે આ સંતો આવ્યા છે તેમની સેવા જે રીતે કરવાની હોય તે રીત તમે જેવી જાણતા હો તેમ કહેજો. અમે તેમની સેવા ભાવથી કરશું. સંતોની જેવી રીત હોય તે કહ્યા વિના અમને ખબર પડે નહીં. ૨૯-૩૧. **સેવાની રીત જાણ્યા સિવાય ક્યારેય સેવા થઈ શકે નહીં.** આ સંતોની સેવામાં જે કાંઈ ખામી રહેશે, તે બધો દોષ તમારો ગણાશે. ૩૨. સંતોની સેવાની જે રીતને તમે ન જાણતા હોવ તે બીજા જાણકારની પાસે વારંવાર જઈને તમે પૂછી લેજો. ૩૩.

જેટલા દિવસ સંતો અહીં વડોદરામાં રહે તેટલા દિવસ દૂધપાક બનાવે. રસોઈ સરકાર તરફથી આપવી. તમને વારેવારે કાંઈ કહેવું ન પડે. ૩૪. જ્યારે તમારી ઈચ્છા થાય ત્યારે મોતીચૂર, જલેબી, સાકરનો શીરો, માલપૂડા, બીરંજ, બાસુંદી વગેરેની રસોઈ પણ ક્યારેક ક્યારેક કરાવજો. વળી, તમારી ઈચ્છા થાય ત્યારે બરફી તથા પેંડાની રસોઈ પણ કરાવજો. સંતો આપણી રસોઈ જમે, તેમાં હું સંતોની મોટી કૃપા માનું છું. ૩૫-૩૬. જ્યારે સંતો કહ્યા પ્રમાણે રાજીપે જમશે ત્યારે અમારે રહેલાં બધાં જ સંકટોનો

નાશ થશે, તેમાં કોઈ ફેર નથી. ૩૭. હું રોજ રોજ સંતોને રાજભવનમાં પધરાવીને કેસરયુક્ત ચંદન તથા ફૂલહાર વગેરે અર્પણ કરીને તન-મનથી પૂજા કરીશ. ૩૮. અને તમે જે કહો તે રીતે રોજ સવારમાં ઘણા પ્રેમથી વાહન મોકલીશ. કારણ કે, આવા સંત બીજા કોઈ નથી. **આવા સંતોની સેવામાં જે કાંઈ આવે છે તેના સમાન બીજું કાંઈ શ્રેષ્ઠ ગણાતું નથી. અને જે સેવામાં ઉપયોગી ન થાય તે બધું નિરર્થક છે."** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ત્રણ સદ્‌ગુરુ વડોદરા પહોંચ્યા અને સરકારનો ભાવ કહ્યો" એ નામે એકસો ને બારમો તરંગ સમાપ્ત ॥૧૧૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૩

સદ્‌ગુરુઓ તથા સરકારનો પ્રથમ મેળાપ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આગળ કહ્યા મુજબ સયાજીરાવ સરકારે નારુપંત નાનાની આગળ જે વાત કહી હતી, તે બધી તેમણે મુક્તાનંદ સ્વામી પાસે આવીને કહી. ૨. પછી નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નાથભક્ત અને સદાશિવભાઈ, એ બધા ભેળામળીને વિચાર કરવા લાગ્યા કે, આપણે સરકારની મરજી સાચવવા માટે અહીં આવ્યા છીએ. ૩-૪. વળી, સરકાર લોક અને મોટા શ્રીમંતો, એ બધાને જે રીતે સત્સંગ ઉપર ભાવ થાય, અને તેમને સત્સંગ રહે તેમજ સત્સંગની બધી વાત તેમને અતિશય પ્રિય લાગે, પણ ક્યારેય સત્સંગમાં અરુચિ ન થાય. વળી, દિવસે દિવસે જે રીતે ભાવ વિશેષ વધતો રહે, તેમ આપણે વિચારવું જોઈએ. ૫-૬.

વળી, જે લોકો પોતાના મુખથી સત્સંગનો અભાવ બોલતા હોય તેના પ્રત્યે સરકાર વગેરેને ભાવ ન થઈ જાય, પણ તે વિમુખોનો મનમાં અભાવ વર્તે, સરકાર તથા શ્રીમંતોને સત્સંગ જેવો છે તેવો જણાય, અને સરકારને

ભાવ ઉત્પન્ન થાય; તેટલા માટે રોજ સરકારે આપેલી રસોઈ ચાલતી રાખવી. ૭-૮. પછી સત્સંગના સંતોને માટે સરકાર તરફથી રોજ રસોઈ થતી હતી. ત્રણેય મોટા સદ્‌ગુરુઓને માટે મ્યાના તથા સુખપાલને મોકલતા, અને બીજા સંતોને માટે કેટલીક ગાડીઓને સરકાર મોકલતા હતા. સરકારના રાજભવનમાં એક દેવ મંદિર હતું. ૯-૧૦. તે દેવ મંદિરની આગળના ભાગમાં સંતોને માટે ઘણા ભારે બિછાના રોજ બિછાવી દેવામાં આવતા હતા. તે સદ્‌ગુરુ સંતોને તેના ઉપર બેસાડતા હતા. ૧૧.

જ્યારે સંતો આવીને તે સ્થળે બેસતા ત્યારે તેમનાં દર્શન કરવાને માટે સરકાર સયાજીરાવ આવતા હતા. તેમનું મુખ સદ્‌ગુરુઓને જોઈને ખૂબ જ પ્રસન્ન રહેતું હતું. ૧૨. સરકાર સદ્‌ગુરુનાં ચરણમાં પોતાનું મસ્તક ધરતા અને વારંવાર બંને હાથ જોડતા. એ રીતે તેઓ સંતોની આગળ નમતા હતા. ૧૩. સંતોના આસનને અડે નહિ તે રીતે સરકારનું આસન પ્રેમથી બિછાવડાવતા હતા. ૧૪. જ્યારે સ્વસ્થ થઈને સરકાર આસન ઉપર બેઠા ત્યારે તેમણે નારુપંત નાના પ્રત્યે કહ્યું, “આ સદ્‌ગુરુઓનાં જે નામ હોય, તે મને કહો. હું તેમને ઓળખતો નથી. ઓળખ્યા વિના ભાવ થાતો નથી.” ૧૫-૧૬.

❋ નારુપંતે ત્રણ મોટા સદ્‌ગુરુઓના સદ્‌ગુણ કહ્યા :

પછી નારુપંત નાનાએ સહુ પહેલા **મુક્તાનંદ સ્વામી**ને બતાવ્યા અને કહ્યું કે, “જે સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ એવા નામથી કહેવાય છે, તેઓ જ્યારે પ્રથમ સત્સંગમાં આવ્યા ત્યારે આ મુક્તાનંદ સ્વામીની સાથે રહ્યા હતા. આ મુક્તાનંદ સ્વામી, ભગવાન સ્વામિનારાયણથી પહેલાં સત્સંગમાં આવ્યા હતા. ૧૭-૧૮. આ સત્સંગ મૂળભૂત જ્યારથી પ્રવર્ત્યો તેને આ મુક્તાનંદ સ્વામી જાણે છે. તેમનામાં સાધુતાના નિશ્ચિત અપાર ગુણને જોઈને, તેમનો સમાગમ કરવામાં સ્વામિનારાયણે પ્રથમ પોતાનું ચિત્ત બાંધ્યું હતું. કારણ કે, સાધુતાના ગુણમાં ભગવાન હોય છે. આમને ભગવાન સિવાય બીજું કોઈ અધિક નથી. ૧૯-૨૦. જેટલા મહાપુરુષો હોય છે તે બધા અત્યંત નિર્બંધ અને આકાશ સમાન નિર્લેપતાના ગુણવાળા હોય છે. તેમ છતાં એવા મહાપુરુષો જેનામાં જ્યાં સુધી શુભ ગુણ દેખાતા રહે ત્યાં

સુધી તે શુભ ગુણવાળા સંતો-ભક્તોમાં બંધાઈને રહે છે. ૨૧. આ મુક્તાનંદ સ્વામીને મેં પણ ગુરુ કર્યા છે અને તે આપને દર્શન દેવા માટે આવ્યા છે.

બીજા આ **નિત્યાનંદ સ્વામી** છે. તેમની સાધુતાના ગુણ કહી શકાતા નથી. ૨૨. શ્રીહરિ તેમને કાયમ પોતાની પાસે રાખે છે. તેમણે ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે. ગમે તેવો કોઈ પંડિત હોય, તોપણ તેને સંસારમાં બંધન રહે છે. ગમે તેવા કોઈ આચાર્ય હોય તેને પણ સંસારનું બંધન હોઈ શકે છે. તેઓ ઘણી પ્રકારનાં વ્યસનમાં બંધાઈને રહ્યા હોય છે. ૨૩-૨૪. જેમ ચાહે તેવો કોઈ સિંહ હોય પણ તે જો પાંજરામાં પડ્યો હોય તો તેનું કાંઈ જોર ચાલતું નથી. તે સિંહ જ્યાં સુધી પાંજરામાં હોય ત્યાં સુધી તેની સાથે કોઈ ગમે તેવો વ્યવહાર કરે તોપણ તેનું કાંઈ ચાલતું નથી. તેમ ગમે તેવો પંડિત કે આચાર્ય હોય તોપણ તે સંસાર તથા વ્યસનનાં પાંજરાંમાં પડ્યા હોવાથી તેનું જોર આ નિત્યાનંદ સ્વામી આગળ ચાલતું નથી. કારણ કે, આ સ્વામી તો બધી રીતે નિર્બંધ છે. ૨૫-૨૬.

सोरठा : गोपालमुनि यह जेहि, बोलत चलत करत जोउ;
भगवान प्रगट तेहि, वृत्ति जो रखत हि तिन महिं...२७

અને જે આ ત્રીજા **ગોપાળાનંદ સ્વામી** છે. તેઓ તો બોલતા, ચાલતા કે કોઈ પણ ક્રિયા કરતા હોય તેમાં અખંડ પ્રગટ ભગવાનના સ્વરૂપમાં પોતાના મનની વૃત્તિને જોડી રાખે છે. ૨૭. આ દાદા ખાચર ગઢપુરના કાઠી દરબાર છે. તેમને છ ગામમાં ગરાસ છે. ૨૮. જે સ્વામિનારાયણ ભગવાન છે તે આમના દરબારમાં રહે છે. આ સોમલા ખાચર બોટાદ ગામમાં રહે છે. ૨૯. તે બોટાદ ગામમાં આમનો ભાગ છે. તે એવા સંયમી છે કે પોતાની પત્નીનો પણ સંસર્ગ રાખતા નથી અને નારીમાત્રથી દૂર રહે છે. ૩૦. તેઓ નિરંતર સ્વામિનારાયણ ભગવાનની પાસે રહે છે. વળી તેની પાસેના આ સુરા ખાચર છે, તે ત્રણ ગામના માલિક છે. ૩૧. તેમણે પણ સોમલા ખાચરની જેમ જ સ્ત્રીનો ત્યાગ રાખ્યો છે. સત્સંગમાં હરિભક્તો જ્યાં જેટલા સમૈયા કરાવે છે, ત્યાં સ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો જાય છે. તે રીતે જે કાઠી હરિભક્તો છે, તે પણ બધા અશ્વ ઉપર બેસીને ભગવાન

સ્વામિનારાયણ બોલાવે ત્યારે તેમની સાથે ઉમંગથી જાય છે. સ્વામિનારાયણ ભગવાન જ્યાં જાય છે ત્યાં આ કાઠીઓ સ્વામિનારાયણ ભગવાનની મરજી પ્રમાણે રહે છે. ૩૨-૩૪.

❋ જ્યાં સેવામાં સદા રસ હોય ત્યાં શ્રીહરિ રહે છે :

સ્વામિનારાયણ ભગવાન આ દાદા ખાચરના દરબારમાં કેટલાય વર્ષથી રહે છે. જોકે તેઓ તો સ્વતંત્ર મનવાળા છે. ૩૫.

दोहा : रस नीरस जन के मन कु, देखत तेहि रहात;
निरस मन देखत हि तिहाँ, पल एक हि न टिकात...३६

सोरठा : सेवा करत तामें, रस निरस मन देख परत;
छिपाय रहत न यामें, सेवा भाव कसोटि रहे...३७
उपरछले जो भाव, एक दोउ दिन हि टिकत;
तीजे दिन न रहाव, भाव बिन एसी रित्य रहत...३८

તેઓ માણસના મનમાં પ્રેમ છે કે નહિ તેને દેખતા રહે છે. જો તેના મનમાં પ્રેમ ન દેખાય તો ત્યાં એક પળમાત્ર પણ ટકતા નથી. ૩૬. સેવા કરવાની થાય ત્યારે તેના મનમાં ભાવ છે કે નથી તે દેખાઈ આવે છે. તે છુપાયો રહેતો નથી. કારણ કે, સેવા ભાવની કસોટી છે. ૩૭. ઉપર ઉપર રહેલી ભાવના તો એક બે દિવસ જ ટકે છે, પણ ત્રીજે દિવસે રહેતી નથી. ભાવ વગરનાની આવી રીત છે." ૩૮. જ્યારે નારુપંત નાના પહેલે દિવસે મળ્યા ત્યારે સરકારની આગળ મોટા સંતોનો તથા મોટા હરિભક્તોનો આ રીતે પરિચય કરાવ્યો. ૩૯. સરકારે એક એક શ્રીફળ લઈને સદ્‌ગુરુની આગળ મૂક્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૪૦. સરકારે પોતે સદ્‌ગુરુઓની પૂજા કરી અને બીજા સંતોની પૂજા નારુપંત નાનાએ ચંદન ચર્ચી તથા ફૂલના હાર પહેરાવીને ઘણા પ્યારથી કરી.

દાદા ખાચર આદિક જે મોટા ભક્ત હતા તેની પૂજા પણ કરી. તેમના મનમાં જે ભાવ હતો તે કહી શકાતો નથી. જ્યારે બધી પૂજા થઈ રહી ત્યારે સયાજીરાવ સરકારે હાથ જોડીને મુક્તાનંદ સ્વામી પ્રત્યે કહ્યું,

"ભગવાન સ્વામિનારાયણ મારા ઉપર કૃપા કેવી રાખે છે ? તે આપ મને કૃપા કરીને કહો. ૪૧-૪૪. તેમણે મારા ઉપર કૃપાપત્ર પણ લખ્યો નથી. પત્ર લખવાથી જે કૃપા હોય છે તે દેખાઈ આવે છે. નારુપંત નાના તેમની પાસેથી આવ્યા તોપણ તેઓ કૃપાપત્ર લાવ્યા નથી. ૪૫. કૃપા વિના પત્ર લખે તો તેમાં ભાવ ઊપજે નહીં. જોકે લૌકિક વાતમાં એવું હોય છે કે, જે પોતાના ઉપર પત્ર લખે તે મળ્યા પછી તેણે સામો પત્ર લખવો જોઈએ. તેણે કરીને પરસ્પર આવીને મળ્યા હોય તેવો ભાવ ઊપજે છે. પણ શું કહું ? સ્વામિનારાયણ તો જોગી છે ને ! એટલે આ રીતને તેઓ જાણતા નથી." ૪૬-૪૭. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, "સહજાનંદ સ્વામી આપના પત્રને વાંચીને ખૂબ જ રાજી થયા છે. ૪૮. આપે આપેલો દુશાલો તથા મેવાઓ નારુપંત નાનાએ સહજાનંદ સ્વામીને સહુ સંતો તથા હરિભક્તોને દેખતા આપ્યા, ત્યારે સહજાનંદ સ્વામી આપ સરકારના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા છે." ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "સદ્‌ગુરુઓ તથા સરકારનો પ્રથમ મેળાપ કહ્યો" એ નામે એકસો ને તેરમો તરંગ સમાપ્ત ॥૧૧૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૪

મુક્ત મુનિએ સરકારને શરીરની વાસ્તવિકતા કહી તેથી તેને સંતોષ થયો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી મુક્તાનંદ સ્વામીએ સયાજીરાવ સરકારને કહ્યું, "જો અમે સંતો ન આવ્યા હોત તો શ્રીહરિ આપને પત્ર લખત. ૨. તમે ગાયકવાડ સરકાર થયા છો. તમે અપાર તપ કર્યું હશે ત્યારે તમને આ રાજ્ય મળ્યું છે. તેમાં પણ તમે સત્સંગ ઉપર રુચિ રાખો છો, આવી રુચિ તો કરોડો કલ્પનાં પાપને નાશ

કરનારી છે. ૩-૪. જે રાજા સત્સંગની ઉપર રુચિ કરે છે, તેની અત્યંત અનુપમ કીર્તિ થાય છે. સત્સંગ ઉપર જે રુચિ રાખે છે તેના જેવી કીર્તિ બીજા કોઈની થાતી નથી. ૫.

સત્સંગ સિવાય અન્ય બાબતમાં જેટલી રુચિ રહે છે, તે બધી સંસારમાં ભટકાવનારી છે. જ્યારે સત્સંગ ઉપર જે રુચિ છે, તે તો સંસારના ભટકણને છોડાવનારી છે. ૬. વ્યાધિ વિના જીવને સત્સંગ ઉપર રુચિ થતી નથી. જે વ્યાધિ કહેવાય છે તે ગણતા પાર ન આવે એટલા છે. ૭. તે વ્યાધિ મનુષ્ય ઉપાય કરે છતાં પણ જ્યારે ન મટે ત્યારે સત્સંગના ઉપર રુચિ કરાવે છે. પરંતુ કોઈ ઉપાય કરવાથી જો વ્યાધિ મટી જતો હોય તો તે જીવ સત્સંગ કરતા નથી. ૮. **મનુષ્યમાત્રની એક એવી રીત છે કે રોગ કે દુઃખ આવ્યા વિના તે સત્સંગ ઉપર પ્રીતિ કરતો નથી. તેથી તો તે જમપુરીમાં જાય છે અને ત્યાં જમનો અતિશય માર ખાય છે.** ૯. મનુષ્ય જેવાં જેવાં પાપ કરે છે તે પ્રમાણે અનેક પ્રકારના નરકના કુંડ રહ્યા છે, જેનો ગણે પાર આવતો નથી. ૧૦.

ભાગવતના પંચમ સ્કંધમાં મહાત્મા શુકદેવજીએ પરીક્ષિત રાજાની આગળ જીવનું હિત કરવા માટે મોટા મોટા અઠ્યાવીશ નરકના કુંડ કહ્યા છે. ૧૧. જ્યારે પરીક્ષિત રાજાને ઋષિનો શાપ થયો ત્યારે તેણે ભગવાનમાં રુચિ કરી. તેના મૃત્યુને આડા હવે સાત દિવસ જ રહ્યા છે, એવું તેણે જ્યારે દેખ્યું ત્યારે જે અગણિત રાજસમૃદ્ધિ હતી, તેમાંથી મન પાછું વાળીને ભગવાનમાં ચિત્ત જોડ્યું અને તે સિવાય બીજું બધું વિસારી દીધું. ૧૨-૧૩. પછી તો રાજ્યની સમૃદ્ધિ કરતાં ભગવાનમાં અપરંપાર સુખ છે, એવું તેણે જાણ્યું અને બીજામાં દુઃખ જાણ્યું. ૧૪. **મોટા માણસોને જો કોઈ વ્યાધિ ન થાય તો તેમને ભગવાનના સ્વરૂપમાં રુચિ કરવી એ વાત ઘણી કઠણ પડે છે. માટે દુઃખ છે તે મનુષ્યનો ગુરુ છે.** ૧૫.

ઇન્દ્ર જેવા અને શિવજી જેવા મોટાઓએ પણ વગર વ્યાધિએ ક્યારેય ભગવાનમાં રુચિ કરી નથી. ૧૬. વ્યાધિ એક એવી બાબત છે કે તે ન

ખાવાની ચીજ પણ ખવડાવે છે, તેમાં માણસ કોઈ જાતની શંકા રાખતો નથી. વ્યાધિરૂપ ગુરુ એવો બળવાન છે. ૧૭. જેને મુશ્કેલી દરમ્યાન જેવા ગુરુ મળે, તેવી તેને રુચિ કરાવે છે. જેને ભગવાન સિવાય અન્ય પદાર્થમાં રુચિ હોય એવા ગુરુ જો મળી જાય, તો તે ભગવાનથી વિરુદ્ધ રુચિ કરાવે છે અને સંસારમાં ભટકાવે છે. મોક્ષના માર્ગે તો ગમે તેવો ચતુર હોય અને ગમે તેટલાં પુરાણ આદિ શાસ્ત્રને ભણેલો હોય, તોપણ તે અંધ જ ગણાય છે. **જેને ભગવાનના સ્વરૂપમાં રુચિ હોય એવા ગુરુ જો મળે, તો તે મનુષ્યને મોક્ષના માર્ગ ઉપર રુચિ કરાવે છે.** વળી, તે ગુરુ વાતે કરીને તેનો વ્યાધિ પણ હરી લે છે. તે ગુરુ વાતો કરીને શિષ્યનું દુઃખ એવું મટાડે છે કે, તે ફરીવાર ક્યારેય થાય નહીં. ૧૮-૨૧.

✵ ઔષધિ જેવો સ્નેહ શ્રીહરિમાં થાય તો સર્વે રોગ જાય :

चोपाई :

उषद्ध कर व्याधि नहीं जाते, अरुचि तोउ ताकी नहीं आते;
तैसे रुचि भगवान हि तामें, जबहि जन करत रहेउ यामें...२२
तब जन कू व्याधि रहे जेती, नास होय जावत सब तेती;
यह तन ब्रह्मांड रहे जेता, व्याधिमय रहाये यह तेता...२३
यह तन ब्रह्मांड में जिनही, जिहाँ लग सुख मानत हि तिनही;
तिहाँ लग व्याधि मिटत न किनकी, चाय तेसे समर्थ रहे इनकी...२४

दोहा : भगवान की बात तिनमें, रुचि करत हि भयेउ;
व्याधि समुद्र तिनकू यह, तरि जावत हि रहेउ...२५

ઔષધ-દવા લેવાથી વ્યાધિ મટતો નથી, તોપણ માણસને ઔષધની અરુચિ થાતી નથી. મનુષ્યને જેવી ઔષધમાં રુચિ હોય છે તેવી રુચિ જો ભગવાનમાં કરે તો મનુષ્યના જેટલા રોગ છે તે બધાનો નાશ થઈ જાય છે. બાકી તો, આ બ્રહ્માંડમાં જેટલાં શરીર છે તે બધાં વ્યાધિમય જ છે. ૨૨-૨૩. આ શરીરમાં અને બ્રહ્માંડમાં જ્યાં સુધી સુખ માને છે ત્યાં સુધી તે ગમે તેવા સમર્થ હોય, તોપણ તેનો વ્યાધિ મટતો નથી. ૨૪. જે મનુષ્ય

ભગવાન સંબંધી વાતમાં રુચિ કરે છે, ત્યારે તે વ્યાધિરૂપી સમુદ્રને તરી જાય છે. ૨૫. જે ભક્તજનોએ ભગવાનમાં રુચિ કરી હતી તે બધા વ્યાધિરૂપી મહાસાગરને તરી ગયા છે. ૨૬.

❋ પ્રગટ પ્રભુના સંબંધે ઉદ્ધાર થાય :

પૂર્વે જે કોઈને જાણે કે અજાણે પ્રગટ ભગવાનનો યોગ થયો હતો તે સર્વનો ભગવાને મોક્ષ કર્યો છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. ૨૭. **અરે ! પશુ, પક્ષી કે વૃક્ષ સુધીની ગમે તેવી કુજાતિમાં જીવ જન્મ્યો હોય, તોપણ ભગવાનના સંબંધે કરીને તેનો મોક્ષ થાય છે.** ૨૮. ભગવાનના સંબંધવાળી બાબત જેવી બીજી કોઈ બાબત નથી. બીજા કોઈ ગમે તેવા મોટા હોય, તોપણ તેને જે ભગવાનની સમાન જાણે નહિ, તો એવા સંત-હરિભક્તની સમાન બીજા કોઈ થઈ શકે નહીં. વળી, જે કોઈ સંત, વર્ણી કે હરિભક્ત, સાક્ષાત્ ભગવાનને મળ્યા હોય તેને તુલ્ય પણ ભગવાનને નહિ મળેલા બીજા કોઈ થઈ શકે નહીં. ઘણા એવા પણ હોય છે કે જે પોતે ભગવાનને ન મળ્યા હોય, તોપણ તેઓ ભગવાનને મળેલા ભક્તોની મોટાઈ ક્યારેય લગાર પણ જાણતા નથી. તેથી તેમની સાથે રુચિ કરતા નથી, ઊલટી તેની સાથે હંમેશાં અરુચિ રાખે છે; આવા જે મનુષ્ય છે તેણે સત્સંગ કર્યો હોય તોપણ તે નિષ્ફળ થઈ જાય છે.”

સરકારે મુક્તાનંદ સ્વામીએ કહેલી બધી વાતને સત્ય માની અને તે વાત સાંભળીને મનમાં ઘણું પ્રસન્ન થયા. ૨૯-૩૩. સંતોની વાતો સાંભળીને સરકારના મનમાં તે વાતોમાં અપાર રુચિ થઈ. તેથી તેઓ રોજ સંતોને મ્યાના આદિક વાહનમાં બેસાડીને બોલાવતા અને સંતોની પૂજા કરતા. તેમજ જેટલી પૂછવા યોગ્ય વાત હોય તે સરકાર સંતોને પૂછતા હતા. ૩૪-૩૫. પોતાના ઉપર શ્રીહરિનો રાજીપો દિવસે દિવસે જેમ વધારે થાય તેમ પંદર દિવસ સુધી સરકાર પ્રશ્ન પૂછતા રહ્યા. સદ્‌ગુરુ સંતો તેનો જવાબ આપી શ્રીહરિના ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા. ૩૬. સરકારને શ્રીહરિનાં દર્શન કરવાનો ભાવ અપરંપાર હતો. તેથી જ દિલમાં અધિક ઉત્સાહ રહેતો

હતો. ૩૭. જ્યારે સરકારના દિલનો ભાવ ફરતા ન દેખાયો ત્યારે સદ્‌ગુરુઓ સરકાર ઉપર રાજી થયા. પછી તેમને કહ્યું કે, "તમારો ભાવ જોઈને ભગવાન શ્રીહરિ અહીં જરૂર આવશે. અમે શ્રીહરિની પાસે જઈને શ્રીહરિને તમારા તરફથી વિનંતી કરશું. ૩૮-૩૯. હવે પછી જે પ્રબોધની એકાદશીનો ઉત્સવ આવશે તે વડતાલમાં કરીને શ્રીહરિ અહીં વડોદરા જરૂર આવશે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "મુક્ત મુનિએ સરકારને શરીરની વાસ્તવિકતા કહી તેથી તેને સંતોષ થયો" એ નામે એકસો ને ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૧૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૫

શ્રીહરિએ સંતોની આગળ ગાયકવાડ સરકારની શ્રેષ્ઠતા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મુક્તાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓએ સત્સંગની વાતો કરીને સયાજીરાવ સરકારને પ્રસન્ન કર્યા, અને પછી બધા વડતાલ આવ્યા. શ્રીહરિ તે વખતે વડતાલમાં રહ્યા હતા. ૨. ત્રણેય સદ્‌ગુરુઓએ શ્રીહરિને પગે લાગીને સરકારનો જેવો ભાવ હતો, તે બધો કહ્યો. ૩. સદ્‌ગુરુઓના મુખથી સરકારનો ભાવ સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "હવે આપણે જરૂર સરકારને દર્શન દેવાં છે. ૪. બીજા કેટલાક એવા રાજાઓ છે કે જે ગાયકવાડ કરતાં પણ રાજ્યની દૃષ્ટિએ મોટા છે અને ધનવાન છે, ૫. પણ ગાયકવાડ વિદ્વાન બ્રાહ્મણનો સત્કાર કરી, તે જેવો વિદ્વાન હોય તે રીતનું ચોક્કસ વર્ષાસન બાંધી દે છે. તેણે કરીને શાસ્ત્રવિદ્યા ટકી રહી છે. ૬.

વર્ણાશ્રમના જે ધર્મો છે તે બધા પણ શાસ્ત્રે કરીને રહ્યા છે. વર્ણાશ્રમના ધર્મ વિના તો બ્રાહ્મણથી લઈને ચાંડાળપર્યંતના બધા લોકો જરૂર એક થઈ જાય છે. આમાં કાંઈ ખોટું નથી. રાજાની જેવી રુચિ હોય તે પ્રમાણે શાસ્ત્રે કહેલું વર્તન લોકો કરે છે. ૭-૮. ભગવાનની જેવી રુચિ હોય તે શાસ્ત્રો

દ્વારા દેખી શકાય છે. જે રાજા ભગવાનની રુચિ પ્રમાણેના જ બધા કાયદા કરીને તે પ્રમાણે પ્રજાને ચલાવે છે, તેને પ્રજાની રક્ષા ઉપર તાન રહે છે; આવા રાજાને જ ખરા અર્થમાં રાજા કહેવાય, પણ જે રાજા પ્રજાનું ધન હરવા માટે જ વારંવાર કાયદા બદલતા રહે, તેવા રાજાને કોઈ પ્રજા દિલમાં ચાહતી નથી. પ્રજાની રક્ષા કરવા ઉપર જે રાજાને તાન હોય, એવા રાજાને પ્રજા વારંવાર ખૂબ ચાહે છે. જેને પ્રજા ચાહે છે તે જ સાચો રાજા કહેવાય છે. જે પ્રજાને પીડે છે તે તો તેનો શત્રુ ગણાય છે. ૯-૧૨.

કોઈ રાજા પ્રજાનો મિત્ર છે કે શત્રુ છે તે તો તેણે કરેલા કાયદા ઉપરથી દેખાય છે. જે રાજા પ્રજાની રક્ષા કરે છે તે પ્રજાનો મિત્ર કહેવાય છે. ૧૩. પ્રજાનું ધન હરી લેવાનું જે રાજા ચાહે છે તે તો પ્રજાનો શત્રુ છે એવું દેખાય છે. ૧૪. જે રાજા પ્રજાનું ધન લઈ લેવા માટે કેટલાય કાયદાઓ બનાવતો હોય તો તે રાજા ગમે તેવો મહાન હોય તોપણ પ્રજા તેને ચાહતી નથી. ૧૫. એકે એકના ઉપર તેના કરતાં મોટા રાજાઓ હોય છે. તે મોટો રાજા તેનાથી નાના રાજાનો ગુરુ કહેવાય છે, જેની આગળ બીજાનું ચાલતું નથી. ૧૬.

❋ સ્ત્રી-ધનનો ત્યાગ રાખે તે શ્રેષ્ઠ ગુરુ છે :

કોઈ મોટામાં મોટો રાજા ગણાતો હોય, પણ તેનો ગુરુ(કંટ્રોલર) તો સ્ત્રી અને ધન હોય છે. કોઈ ઇન્દ્ર જેવો મોટો રાજા હોય, તોપણ તે સ્ત્રી અને ધન કહે તે પ્રમાણે દીન થઈને ચાલે છે. આવી સાચી વાતને તો કોઈ ડાહ્યો માણસ હોય તે જ સમજે છે. **જે સ્ત્રી અને ધનનો ત્યાગ રાખે છે તેવા મહાપુરુષ તો સ્ત્રી અને ધનનો પણ ગુરુ ગણાય છે.** ૧૭-૧૮. સત્સંગ સિવાયના જે ત્યાગી છે તે ગમે તેવા મહાન ગણાતા હોય, કપડાંનો પણ ત્યાગ કર્યો હોય, ક્યારેય અનાજ ન ખાતા હોય, કેટલાક અષ્ટાંગ યોગને સાધી રહ્યા હોય, કોઈ નિરંતર તીર્થમાં જ ફરતા હોય. વળી કોઈ ફળ, ફૂલ, કંદ વગેરેનો જ આહાર કરતા હોય, કોઈ પંચાગ્નિ તાપતા હોય, કોઈ ઊંચા હાથ રાખીને તપ કરતા હોય, પણ તે બધી સાધનાઓ સ્ત્રી, ધન કે રાજ્યને માટે જ કરતા હોય છે. જેને સત્સંગ થયો નથી તે ગમે તેવો સિદ્ધ હોય, તોપણ ધનને માટે થઈને ગામે ગામ અને દેશેદેશમાં ભટકતા રહે છે.

તેને જેમ ધન નચાવે છે તેમ તે નાચે છે. ૧૯-૨૨. જેમ ધન કહે તેમ કરતો રહે ત્યારે તે જગતમાં સાચો સિદ્ધ કહેવાય છે. આ જગતમાં જેની પાસે જેટલું ધન હોય તે પ્રમાણે તે ધનવાનની આગળ મોટા મોટા સરદારો પણ આવીને નમે છે, પણ જેની પાસે ધન ન હોય એવાને તે નમતા નથી. નિર્ધન માણસ ગમે તેવો સારો હોય તોપણ ધનવાન માણસ તેને પ્રતિષ્ઠાહીન કરી દે છે. ૨૩-૨૪. **ધન મળ્યા પછી પણ જેમાં ધનનો ગર્વ બિલકુલ ન આવે એવો માણસ તો મનુષ્યમાં કે દેવતાઓમાં પણ ખોળ્યે મળે નહિ તેટલો દુર્લભ છે.** ૨૫. જેમાં જેવા ગુણ હોય તેવું તેને ધન સહજ ભાવે અને વગર પ્રયત્ને આવીને મળે છે. ૨૬.

सोरठा : गुण रहेउ जिस रीत, धन तिस रीत हि मिलत तेहि;
गुण गुरु जो रहीत, जेते धन रहे तिनहु के...२७
धन की न आस हि रखत, यह सम सुखि न रहे कोउ;
बडे बडे इमि कहत, धन में दोष देखत यह...२८

चोपाई :

धन में दोष देखत हि जेते, साचे त्यागि कहावत तेते;
धन में मानत गुण हि जेता, काचे त्यागि रहे यह तेता...२९

જેમાં જેવા ગુણ હોય તેને તે રીતનું ધન મળે છે. જેની પાસે જેટલું ધન છે તેનો ખરો ગુરુ તો ગુણ છે. ૨૭. ‘જેને ધનની બિલકુલ આશા જ નથી, તેના જેવો તો દુનિયામાં બીજા કોઈ સુખી નથી’; એમ મોટા પુરુષો કહે છે. કારણ કે, તેઓ ધનમાં દોષ દેખે છે. ૨૮. જે ધનમાં દોષ દેખે છે તે જ સાચા ત્યાગી કહેવાય છે. જે ધનમાં ગુણ માને છે તે તો કાચા ત્યાગી છે. ૨૯. ગમે તેવું ધન હોય તોપણ તેમાં અપાર દોષ રહ્યા છે. છતાં પણ જે ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય છે તેનાં બધાં જ કામમાં ધન સહાય કરે છે. ૩૦. જેની પાસે જેટલું ધન અધિક હોય તેટલું તેને સુખ રહે છે, તેથી જ ધનથી આવતું દુઃખ દેખાતું નથી. ધન હોય તો તે ધનને લીધે બીજું અપાર ધન મેળવી શકાય છે. ધન હોય તો જ ગામ, ગરાસ અને વ્યવહાર કરી શકાય છે. ૩૧. જો પોતા પાસે ધન હોય તો બીજા લોકો તેને ‘ભાઈ ભાઈ’

કહીને બોલાવે છે. જેટલું જેની પાસે ધન અધિક હોય તેટલી તેની મોટાઈ કહેવાય છે; આવું હોવા છતાં પણ તે ધન મરણ પછી ઉપયોગમાં આવતું નથી. ૩૨. **જાણે કે અજાણે શુભ માર્ગમાં જેટલું ધન વપરાય છે તે ધન એ જીવ જ્યાં જાય છે ત્યાં તેને તેટલું સહાય કરે છે.** ૩૩.

ગાયકવાડ સરકાર તો પોતાનું અરધોઅરધ ધન સહજ સ્વભાવે પુણ્ય-દાનમાં રોજ રોજ વાપરે છે. આટલું પુણ્ય-દાન બીજા રાજ્યોમાં ક્યાંય થાતું નથી. તે દાન-પુણ્ય જ્યાં સુધી થતું રહેશે ત્યાં સુધી આ ગાયકવાડ સરકારના રાજ્યનાં મૂળ જામેલાં રહેશે. ૩૪-૩૫. જ્યાં સુધી ગાયકવાડનું રાજ્ય રહેશે ત્યાં સુધી બ્રાહ્મણોનું સન્માન થશે, સાધુઓનું પણ બહુમાન થશે અને ભગવાનનાં મંદિર કે મૂર્તિઓનું પણ બહુ સન્માન થતું રહેશે. ૩૬. પણ જ્યારે કોઈક વાતે કરીને તેમનામાં યવનના જેવા વિચારો પેસશે, ત્યારે તેમને દેવ અને બ્રાહ્મણોની આજીવિકાને તોડવાની મતિ થશે. તે સમયે તો ભગવાન જ દેવ તથા બ્રાહ્મણની સહાય કરશે. ૩૭-૩૮. **કારણ કે, જીવ-પ્રાણીમાત્રની નાડી અંતર્યામી એવા પરમેશ્વરના જ હાથમાં રહી છે.** ૩૯. જ્યાં સુધી પરમેશ્વર પોતાના દિલમાં તેનું રાજ્ય લઈ લેવાનું ધારતા નથી, ત્યાં સુધી તે તે રાજાની અનીતિ ચાલતી રહે છે.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “શ્રીહરિએ સંતોની આગળ ગાયકવાડ સરકારની શ્રેષ્ઠતા કહી” એ નામે એકસો ને પંદરમો તરંગ સમાપ્ત ॥૧૧૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૬

શ્રીહરિએ સભામાં સત્સંગ તથા ભગવાનનો મહિમા કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી આદિક સદ્‌ગુરુઓની આગળ જે આ વાત કહી તેમાં એમ કહ્યું કે, ગાયકવાડના રાજ્ય જેવું બીજું કોઈ રાજ્ય નથી. ૨. સત્સંગ

સમાન બીજું કાંઈ નથી, પણ ઘણા વિપ્રો આવું વિવેકથી દેખતા નથી, તેથી તેમના માનનો ભંગ થાય છે. ૩. જેનું જેનું માનભંગ થાય છે તે સત્સંગનું અપમાન કરવાથી થાય છે. ૪. **સત્સંગ તો કલ્પવૃક્ષ અને ચિંતામણિના સમાન નિશ્ચિત છે. તેથી જે માણસ સત્સંગને જેવો સમજે છે તેવું તેને ફળ મળે છે.** કેટલાંકના જીવનમાં તે બાબત પ્રત્યક્ષ દેખવામાં આવી છે, પણ નામ લેવામાં રસ રહેતો નથી અને રસ વિના વાત નીરસ લાગે છે. ૫-૬.

વિવેક વગરના જે મૂર્ખ મનુષ્ય હોય છે, તે નીરસ વાતમાં પણ રસ માને છે. પણ જે મનુષ્ય વિવેકી અને ચતુર હોય તે રસ-નીરસની બાબતમાં સમજે છે. ૭. તેથી તેમને જેમાં અપાર રસ ભર્યો હોય એવી વાત પ્રિય લાગે છે. તે વાતનું એક એક વચન પ્રીતિ ઉપજાવે છે અને તેવી પ્રિય વાતને સાંભળતા તૃપ્તિ થાતી નથી. ૮. વધારે વધારે જે રુચિ ઉપજાવે એવી વાતને રસદાર કહેવાય છે. રસ ભરેલી ઘણી વાતો હોય છે, તેમાં જેને અરુચિ થાય છે તે તો મૂર્ખનો સરદાર કહેવાય કે, જેને રસભરી વાત સારી લાગતી નથી. **સત્સંગ અને ભગવાનની જેમાં સર્વોપરિ મોટપ કહેવાતી હોય, તે વાત રસભરી કહેવાય છે. કેમ જે, તેની મોટપ જેવી બીજી કોઈ મોટપ નથી.** સત્સંગ અને ભગવાન સિવાય બીજે જેટલી મોટપ દેખાય છે, તેને સત્સંગ તથા ભગવાનની મોટપ સમજ્યામાં આવી નથી. મનુષ્યની જેવી બુદ્ધિ હોય, તે વચન બોલવામાં પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૯-૧૨.

❋ શ્રીહરિ-સંતમાં સુખ માને તે સુખિયો થાય :

જે ગ્રંથમાં સત્સંગ તથા ભગવાન સિવાય બીજા કોઈને અધિક કહ્યા હોય, તો તે ગ્રંથ ગમે તેવો ઉત્તમ ગણાતો હોય, તોપણ તે ત્યાગ કરવાને લાયક છે. ૧૩. સત્સંગમાં અને ભગવાનમાં અરુચિ કરાવનારી ચાહે તેવી વાત હોય તથા તેવો જે ગ્રંથ હોય તે ત્યાગ કરવા યોગ્ય છે. કારણ કે, તેવી વાતો તથા ગ્રંથ, સંસારમાં વારંવાર ચોક્કસ ભટકાવનારાં છે. ૧૪-૧૫. સત્સંગ અને ભગવાનના માહાત્મ્યની વાત સમજાય જાય તો તેનાથી અનેક કલ્પોથી જીવને વળગેલાં પાપો નાશ થઈ જાય છે. ૧૬. **જે મનુષ્ય સત્સંગ તથા ભગવાનની સમાન બીજી કોઈ બાબતને માનતો નથી, તો તે આ ભૂમિ**

ઉપર જેટલા ગ્રંથ રહ્યા છે તે તમામને ભણી ચૂક્યો છે, તેમ જાણવું. ૧૭. જે કોઈ સત્સંગ અને ભગવાન કરતાં બીજાને અધિક જાણે છે તે જીવ ગમે તેટલા ગ્રંથને ભણેલો હોય, બ્રહ્માના જેવો બુદ્ધિમાન હોય, કેટલાય યુગ પૂર્વે પણ કોઈએ જે પરાક્રમ ક્યારેય ન કર્યું હોય એવું પરાક્રમ તે કરી દેખાડતો હોય, તોપણ તે સંસારના ભટકણથી છૂટતો નથી. ૧૮-૧૯.

ભગવાન તથા સત્સંગથી જ જીવને સંસારનું બંધન ચોક્કસ છૂટી જાય છે. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ તથા ભગવાનથી દૂર રહે છે, ત્યાં સુધી તે સંસારના ફેરામાં જરૂર ફરતો રહે છે, અને તેને અમાપ દુઃખ સહન કરવું પડે છે. જેટલું લખચોરાશીનું દુઃખ કહેવાય છે, તે બધું તેને સહન કરવું પડે છે. ૨૦-૨૧. માણસ જ્યાં સુધી સત્સંગ તથા ભગવાનમાં કુબુદ્ધિ રાખતો રહે છે, ત્યાં સુધી તેને જન્મ, મરણ અને જમપુરીનું દુઃખ વારંવાર સહન કરવું પડે છે. ૨૨. મનુષ્યને સત્સંગ તથા ભગવાનમાં સુદૃઢ પ્રેમ કરાવવા માટે જન્મ, મરણ, જમપુરી તથા લખચોરાશીનું અપાર દુઃખ રચ્યું છે, અને તેમાં અપાર રોગ પણ કર્યા છે. કુબુદ્ધિવાળો મનુષ્ય આ દુઃખનો વિચાર કરતો નથી. તેથી વારંવાર મોહની મદિરાનું પાન કરતો રહે છે. ૨૩-૨૪. સત્સંગ અને ભગવાન સિવાયની જે કોઈ બાબત છે, તે બધી મોહમદિરારૂપ છે. ૨૫. સત્સંગના જોગ સિવાય મનુષ્યને પોતાની કુબુદ્ધિ ઓળખાતી નથી. સત્સંગ વિના મનુષ્ય ગમે તેટલા ગ્રંથ ભણે તોપણ તેની કુબુદ્ધિ જાતી નથી." ૨૬.

શ્રીહરિએ આવી બધી વાતો કરી. તે વાતમાં સત્સંગના જેવી બીજી કોઈ વાત ન હતી. એવો આ સત્સંગ મહિમાપૂર્ણ છે. ૨૭. **આવો સત્સંગ તથા આવા ભગવાનને પામીને જે તેમને છોડી દે છે, તેના જેવો બીજો કોઈ મૂર્ખ કહેવાય નહીં.** ૨૮. સમુદ્રને કિનારે લાંગરેલા નાવમાંથી ઊતરતાં ઊતરતાં જે બૂડી જાય તેના જેવો તે અભાગિયો છે. કોઈ ગમે તેટલો સત્સંગ કરે પણ કામ, ક્રોધ, લોભ અને માન જેવા દોષોને જ્યાં સુધી મિત્ર માને છે, ત્યાં સુધી તે જ્યારે ત્યારે આ સત્સંગનો ત્યાગ કર્યા વિના ક્યારેય રહેશે નહીં. કામાદિક જે અંતઃશત્રુઓ કહેવાય છે, તેની સાથે કરેલી મિત્રતા તો

એવી છે કે, તે સત્સંગનો ત્યાગ કરાવ્યા વિના રહેતી નથી. ૨૯-૩૧. તે બધા અંતઃશત્રુઓ સત્સંગની સાથે વૈર બંધાવે છે અને સત્સંગમાં અરુચિ કરાવે છે. માટે તે અંતઃશત્રુઓ સત્સંગના શત્રુ છે, તેમ રાત-દિવસ દેખતા રહેવું. જેમ માણસ સર્પના ઝેરનો ડર રાખે છે અને બીજાને રખાવે છે, તેમ અંતઃશત્રુનો ડર રાખવો અને બીજાને પણ રખાવવો. ૩૨-૩૩.

સત્સંગથી જે મન દૂર કરાવે તે બધું જરૂર કુસંગ કહેવાય છે. જે સત્સંગમાં પ્રીતિ કરાવે છે તેના સમાન બીજો કોઈ મિત્ર નથી. તે મિત્ર જીવને સત્સંગમાં વધારે ને વધારે દિવસે દિવસે પ્રીતિ કરાવે છે અને સત્સંગની અરુચિ આવવા દેતો નથી. ૩૪-૩૫. **સત્સંગ કરીને પણ જે હરિભક્ત હરિભક્તની રીતમાં ન ચાલતા હોય, અને જે સંત સંતની રીતમાં ન ચાલતા હોય, અને જે ધર્મવંશી હોય તે ધર્મવંશની રીતમાં જેમ કહ્યું છે તેમ નિર્દંભપણે ન ચાલતા હોય તો તે સાચા સત્સંગી, સાચા સંત કે સાચા ધર્મવંશી નથી.** ૩૬-૩૭. જેને જેને જે જે રીતે રહેવાનું કહ્યું છે તેણે તે તે રીતે અનુપમ વર્તન રાખવું. કેમ જે, વર્તનથી જ સત્સંગનો સંબંધ રહે છે. સારા વર્તનરૂપી સંબંધ છે તે જ સંસારરૂપી પાણી ભરેલા કૂવામાંથી જીવને તારનાર છે. ૩૮. આ સંસારરૂપી સાગરને તરવા માટે જ સત્સંગનો સંબંધ છે. આવો એ સત્સંગ અપાર પાપોને હરનારો છે. ૩૯. **'સત્સંગ કર્યા સિવાય પણ સંસારનું બંધન કપાઈ જાય છે' એમ જે કોઈ કહે છે તેને કરોડો કલ્પ સુધી સંસારનું બંધન રહે છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સભામાં સત્સંગ તથા ભગવાનનો મહિમા કહ્યો" એ નામે એકસો ને સોળમો તરંગ સમાપ્ત ॥૧૧૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૭

શ્રીહરિએ સરકાર સયાજીરાવને પત્ર લખ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સયાજીરાવ સરકાર ઉપર વડોદરા એક પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, 'તમારા જેટલા મનોરથ છે, તે બધા અમે પૂર્ણ કરશું. ૨. જેને સત્સંગ ઉપર અભાવ વર્તે છે તેવા લોકોને કોઈ સત્સંગ ઉપર ભાવ રાખે તે ગમતું નથી. કેટલાક માણસોને અનીતિને માર્ગે ચાલવામાં ઘણી રુચિ હોય છે. તેથી તેને સત્સંગની વાત રુચતી નથી. તેણે કરીને જેટલા અનીતિને માર્ગે ચાલનારા છે તે સહજ સ્વભાવે સત્સંગનો અભાવ બોલતા રહે છે. ૩-૫.

જે સત્સંગના વચનનું સમર્થન-પ્રમાણ કરે છે તે લોકો નીતિમાન છે. તેમનું નીતિમાનપણું તેમની રુચિ ઉપરથી દેખાય છે. ૬. જેને અમૃત પ્રિય લાગે છે તે અમૃતની પ્રશંસા કરે છે. જેને અમૃત ઉપર રુચિ હોય છે તે કોઈ બાબતને અમૃત જેવી દેખતા નથી. ૭. **જેટલી સત્સંગની વાત છે તે પણ અમૃત સમાન છે.** જેને અનીતિ ઉપર ભાવ હોય તેને સત્સંગની વાત રુચતી નથી. તેને લીધે તે સત્સંગના અનેક પ્રકારે દોષ કહેતા રહે છે અને જ્યારે તેનું કાંઈ ચાલે નહિ ત્યારે ચૂપ બેસી રહે છે. ૮-૯. અમારે વિષે તમારો ભાવ અચળ કરવા માટે અમે વિલંબ કર્યો છે. માટે હવે જે રીતે સત્સંગ ઉપર ભાવ થાય તેવો તમારે વિચાર કરવો. જેટલા કુસંગીઓ છે તેઓ જેનું જેટલું ચાલે અને જેની જેટલી બુદ્ધિ હોય તે પ્રમાણે તેટલા ઉપાય એક વરસથી કરતા રહ્યા છે. ૧૦-૧૧. સત્સંગ સિવાયની બીજી અપાર બાબતો છે, તેમાં સહુ લોકો રુચિ કરે છે. તેને લીધે જ તેને સંસારનો પાર આવતો નથી. ૧૨.

※ સત્સંગ ભવસાગર તરવાનું નાવ છે :

સંસારરૂપી સાગર તરવા માટે સત્સંગ સિવાય બીજું કોઈ જ નાવ આ બ્રહ્માંડમાં નથી. ૧૩. જીવને વારેવારે મનુષ્યદેહ મળતો નથી. સત્સંગ કરવા

માટે જ આ મનુષ્યદેહ છે. ૧૪. **બ્રહ્માંડમાં જેટલા વૈભવ છે તે વારંવાર જીવને મળી શકે છે, પણ એક સત્સંગ મળતો નથી; સત્સંગ આવો દુર્લભ છે.** ૧૫. **જ્યાં સુધી એક સત્સંગ ન મળે ત્યાં સુધી બધા લોકો સંસારમાં ભટકતા રહે છે.** ૧૬. **જીવનો મોક્ષ થવાનું દ્વાર તો એક સત્સંગ જ છે. સત્સંગ વિના બીજા જે દ્વાર છે, તે તો સંસારમાં ભટકાવનારા છે.** ૧૭.

આ રીતની સમજણ જિંદગીભર ન ફરે એવી જેની નિષ્કપટ સમજણ હોય તે જ સાચા પંડિત, પુરાણી, શાસ્ત્રી વગેરે છે. અને તેણે શાસ્ત્ર, પુરાણાદિક નામથી કહેવાતા ગ્રંથમાત્ર ભણી લીધા છે. સત્સંગ સિવાયની ચાય તેવી સમજણ હોય તે બધી સંસારમાં ભટકાવનારી દેખાય, તેનું જ નામ સત્સંગ થયો કહેવાય છે. એવી સમજણવાળો જેને સત્સંગ હોય તેને અમે અમારો માનીએ છીએ. ૧૮-૨૦. **આગળ કહી તેવી સમજણ જેમાં હોય તેનો સત્સંગ સાચો છે અને તેવી સમજણ વગર તો તેનો સત્સંગ કાચો છે. જે સમજણની સમાધિ છે તે જ સાચી છે અને સમજણ વિનાની સમાધિ કાચી છે.** ૨૧. સમજણ વિના કોઈ મનુષ્ય ભગવાનના અપાર પ્રતાપને દેખે, તોપણ તેને તે મનાતો નથી. કારણ કે તેને સત્સંગની સમજણ નથી. ૨૨. **સાચી સમજણનું મૂળ નિશ્ચળ હોય છે. માટે આ સમજણ આપનારો સત્સંગ અમૂલ્ય છે.**

જેને દિવસે દિવસે સત્સંગ ઉપર વધારે ને વધારે ઘણી પ્રીતિ થાતી હોય, એવી સમજણ જેનામાં હોય તે જ અમારો સાચો મિત્ર છે અને એ જ અમારો સાચો સંબંધી છે. આવી સમજણ વગરના દેહનાં સંબંધીને અમે સંબંધી માનતા નથી. દેહના સંબંધીઓમાં પણ જે સત્સંગને અધિક માને છે તેને જ અમે સાચા સંબંધી માનીએ છીએ. ૨૩-૨૫. જે જેટલા સત્સંગને માને છે તે તેટલા સાચા સંબંધી છે અને તે સિવાયનાને અમે સંબંધી માનતા નથી. ૨૬. પૂર્વે પ્રહ્લાદજી ભક્ત થયા હતા. તેની સમજણ અમાપ હતી. ૨૭. તે પ્રહ્લાદજી સત્સંગ અને ભગવાન સિવાયના બીજા કોઈને અધિક માનતા નહીં. માટે પ્રહ્લાદજી સમજણે કરીને સર્વોપરિ હતા. ૨૮. તેઓ સત્સંગ અને ભગવાનને ચિંતામણિ તથા કલ્પવૃક્ષ કરતાં કરોડગણા અધિક

માનતા હતા. તેથી તેઓ સત્સંગ તથા ભગવાનને સમાન બીજા કોઈને માનતા નહીં. ૨૯. જેમાં જેટલું મોક્ષરૂપી ફળ રહ્યું હોય છે તે વાત તેટલી સર્વોપરિ રહી છે. જે જેટલી રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે તે આ અમારી વાતને તેટલી પ્રમાણ કરતા રહે છે. ૩૦. જે મનુષ્ય જે રીતનો હોય તેવો તેનો ગ્રંથ હોય છે. તેમજ જેવો મનુષ્ય હોય તેવા જ તેના દેવ હોય છે અને જેને જેવું રુચે છે તે તેવી સેવા કરે છે. કેટલાક દેવ સાત્ત્વિક કહેવાય છે, તેની સેવા સાત્ત્વિક લોકો કરે છે.

કેટલાક દેવ રાજસી કહેવાય છે, તો જેટલા લોકો રાજસી છે તે બધા રાજસી દેવની સેવા કરે છે. જે તામસી લોકો હોય છે તે તામસી દેવને સેવે છે. રુચિ ઉપરથી જે માણસ જેવો હોય તે દેખાઈ આવે છે, તે છૂપો રહેતો નથી. કારણ કે, જેવી જેની રુચિ હોય તેની તેવી રીત દેખાઈ આવે છે. જે સાત્ત્વિક ગ્રંથ હોય તેમાં સાત્ત્વિક લોકો રુચિ કરે છે. ૩૧-૩૪. રાજસી ગ્રંથ હોય તેમાં રાજસી મનુષ્ય રુચિ કરે છે. અને તામસી ગ્રંથ જે હોય તેમાં તામસી લોકો રુચિ કરે છે. તે રુચિ કરવા ઉપરથી જે જેવા હોય તે દેખાઈ આવે છે. અને જે સાત્ત્વિક મનુષ્ય હોય છે તે સ્વર્ગમાં નિવાસ કરે છે. ૩૫-૩૬. જે રાજસી મનુષ્ય હોય છે તે મનુષ્યલોકમાં નિશ્ચિતપણે નિવાસ કરે છે. ૩૭. જેટલા તામસી મનુષ્ય છે તે જ્યારે મરણ પામે છે ત્યારે પાતાળલોકમાં જઈને નિવાસ કરે છે. ૩૮. **સાત્ત્વિક, રાજસી અને તામસી એ ત્રણેય પ્રકારના જીવો સત્સંગ કરતા રહે છે. પણ જ્યારે તે સત્સંગને જ સૌથી અધિક અને ત્રણ ગુણરહિત જાણે છે ત્યારે તેઓ ત્રણ ગુણથી રહિત એવું જે ભગવાનનું ધામ છે તેમાં નિવાસ કરે છે.' આવું સયાજીરાવ સરકારને શ્રીહરિએ પત્રમાં લખ્યું હતું.** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ સરકાર સયાજીરાવને પત્ર લખ્યો" એ નામે એકસો ને સત્તરમો તરંગ સમાપ્ત ||૧૧૭||



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૮

શ્રીહરિ ધર્મકુળના નિર્વાહનું વિચારીને ગઢપુર આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીસહજાનંદ સ્વામીએ સયાજીરાવ મહારાજના પત્રમાં જે રીતે પ્રીત બંધાય તેવી શુભ શુભ વાતો લખી હતી. ૨. જે રીતે સત્સંગમાં પ્રેમની વૃદ્ધિ થાય, અને સત્સંગ સિવાયનું બધું જગત અનિત્ય દેખાય તેવો પત્ર લખ્યો હતો. ૩. તે પત્રને બીડીને વડોદરા સરકારને પહોંચાડી દીધો. સરકારે તે પત્ર આવ્યો એટલે પહેલા તેને પોતાને માથે ચડાવ્યો અને પછી વાંચ્યો. પત્ર વાંચીને મનમાં રાજી થયા અને મનમાં નક્કી થયું કે, ‘જે દિ’ તે દિ’ શ્રીહરિ આવીને મને દર્શન આપશે.’ ૪-૫. પત્ર વાંચીને આવો નિશ્ચય કર્યો. વચનમાં જે ભાવ હતો તે ઓળખાયો. શ્રીહરિની જેવી મરજી હતી તે પ્રમાણે સયાજીરાવ મહારાજ સત્સંગ ઉપર રસપૂર્વક ભાવ રાખવા લાગ્યા. વળી, સત્સંગ સિવાયની બીજી બધી બાબતો અનિત્ય છે એમ જાણીને પોતાના ચિત્તની તમામ વૃત્તિને પ્રેમથી શ્રીહરિના સ્વરૂપમાં જોડવા લાગ્યા. પોતાના ચિત્તમાં સત્સંગ સમાન અન્ય કાંઈ ન રહે, આવો અભ્યાસ સરકાર પોતે શ્વાસોચ્છ્વાસ નિત્ય કરવા લાગ્યા. ૬-૮.

બ્રહ્માનંદ સ્વામીને વડતાલના મંદિરનું જે અપાર મમત્વ હતું તે શ્રીહરિએ જોયું. કેમ જે, બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યા સિવાય કોઈ લગાર પણ કામ કરે તો તરત જ જેવો મનુષ્ય હોય તેવી તેને શિક્ષા કરતા. આખા સત્સંગમાં જેટલાં મંદિરો છે, તેમાં શ્રીહરિ જ સહુથી મુખ્ય હતા. પછી શ્રીહરિના બંને ભાઈઓ જ્યારે સત્સંગમાં આવ્યા ત્યારે તેનો જેટલો પરિવાર હતો તે પણ શ્રીહરિની સમીપે આવ્યો. ૯-૧૧. પછી તેમના નિર્વાહની બાબતમાં વિચારવાની જરૂર પડી. કેમ જે, ધર્મકુળ ચાહે તેવું કહેવાતું હોય, તોપણ નિર્વાહનાં સાધન વિના તેમને સત્સંગમાં ટકવું કઠણ હતું. ૧૨. ત્યાગી સિવાયનાને સત્સંગમાં ગમે તેવું હેત હોય, તોપણ ચોક્કસપણે ટકવું કઠણ છે. ૧૩. શ્રીહરિએ એમ જાણી મનમાં ખૂબ જ દયા લાવીને સત્સંગમાં ધર્મકુળનો નિભાવ જે રીતે થાય તેવું વિચાર્યું. ૧૪.

❋ ધર્મકુળના નિર્વાહની વ્યવસ્થા :

કોઈ મનુષ્ય ગમે તેવો સમર્થ હોય, તોપણ કાંઈ પરિશ્રમ કર્યા સિવાય ક્યારેય કુટુંબનો નિર્વાહ થઈ શકતો નથી. ૧૫. કેમ જે, ઉદ્યમ વિના કોઈનો પણ નિર્વાહ થતો નથી. તેથી તેવા જનો બહુ હેરાન થાય તોપણ તેને અન્ન-વસ્ત્ર મળતાં નથી. ૧૬. અનંતકોટિ બ્રહ્માંડોમાં જેટલા જીવ રહ્યા છે તે જીવ જેવા જ દેવો છે અને તેવા જ રાજા છે. તેમાં જેની જેવી ખેતી-આજીવિકાની રીત હોય તેવું ભગવાન તેનું પોષણ કરે છે.

चोपाई :

सत्संग के तेहि पुज्य करेऊ, धर्म में जिहाँ लग वर्तत तेऊ;
श्रीहरि सत्संग सम हि केऊ, प्रताप दुजे के मुख न कहेऊ...१९
धर्मकुल तेहि सत्य कर जानो, सत्संग जाके करत प्रमानो;
सत्संग प्रमान करत जिनके, सत्संग की रित्य चलत तिनके...२०
धर्मवंशि भये कहा भयेऊ, रित्य चलत तब मानत एऊ;
सत्संग यह ताके प्रतापा, द्रव्य मिलत रहेउ अमापा...२१

અન્ન અને વસ્ત્ર વિના ધર્મકુળને બહુ દુઃખી દેખીને શ્રીહરિએ ધર્મકુળને સત્સંગમાં પૂજ્ય કર્યું છે. પરંતુ જ્યાં સુધી ધર્મકુળ ધર્મમાં રહે ત્યાં સુધી તે સત્સંગને માટે પૂજ્ય છે. શ્રીહરિએ સત્સંગ સમાન ધર્મકુળ કે બીજા કોઈનો પ્રતાપ પોતાને મુખે કહ્યો નથી. માટે જેને સત્સંગ પ્રમાણ કરે તેને જ સાચું ધર્મકુળ જાણવું. જે સત્સંગની રીતે ચાલે છે તેને જ સત્સંગ પ્રમાણિત કરે છે. ૧૭-૨૦. ધર્મવંશી થયા તો તેનાથી શું થયું ? જ્યારે તે ધર્મની રીતમાં ચાલે ત્યારે તેને માનવા જોઈએ. આ સત્સંગનો તો એવો પ્રતાપ છે કે જેથી અમાપ ધન મળતું રહે છે. ૨૧. **જે જે વૈભવો મળે છે તે તો સત્સંગના પ્રતાપથી છે. આ રીતે જ્યાં સુધી માનતા રહે ત્યાં સુધી ધર્મવંશીની કીર્તિ દિવસે દિવસે વધતી રહે છે.** ૨૨.

અન્ન-વસ્ત્ર વિનાના હરિભક્તોની જે બહુ ભાવથી સંભાળ જેટલી રાખે, તેટલા તે ધર્મની ગાદીને યોગ્ય છે. ૨૩. શ્રીહરિના બંને ભાઈના એક એક

પુત્રને ગાદીને યોગ્ય જાણીને તેમને સત્સંગના બે આચાર્યના રૂપમાં શ્રીહરિએ ગાદીએ બેસાડ્યા. ૨૪. શ્રીહરિએ પોતાના દત્તપુત્ર કરીને જેને ગાદીએ બેસાડ્યા હતા તેના અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એવાં નામ હતાં. ૨૫. ત્યાગી અને ગૃહસ્થ હરિભક્ત પુરુષોને તે બંને મંત્ર આપતા. ૨૬. જ્યારે ગૃહસ્થ હરિભક્તો આચાર્ય પાસેથી મંત્ર લે ત્યારે શ્રીફળ આદિક ભેટ અર્પણ કર્યા સિવાય ક્યારેય મંત્ર લેતા નહીં. ૨૭. જે ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્ત હોય તે જ્યારે મંત્ર લે ત્યારે હાથની વીંટી કે મેવા-મીઠાઈ આદિક ભેટ ધરતા. ૨૮. મંત્ર લેવામાં જેવો ઉત્સાહ અને આદર હોય તેવું તેને ફળ મળે છે. જેમ કે, છીપ જેટલા ઉત્સાહ અને આદરથી ઊછળીને વૃષ્ટિબિંદુને ઝીલે છે તેવું તેમાં મોતી થાય છે. ૨૯. શ્રીહરિ જેવા જીવના અંતરમાં અંતર્યામીપણે નિવાસ કરીને રહ્યા છે, તેવા જ મંત્રમાં પણ નિવાસ કરીને રહ્યા છે.

શ્રીહરિ **વડતાલથી ગઢપુર** જવા માટે ચાલી નીકળ્યા. ૩૦. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી વગેરે સંતોને શ્રીહરિ સાથે લઈને ચાલ્યા. પાંચમે દિવસે સહુ **ગઢપુર** પહોંચ્યા. ૩૧. દાદા ખાચરના દરબારમાં શ્રીહરિનો નિવાસ હતો. ત્યાં શ્રીહરિ નિત્ય ગમે તે એક પુરાણની કથા વંચાવતા હતા. ૩૨. જ્યારે સવારના દસ વાગે ત્યારે પ્રાગજી દવે આવીને દસ, વીશ કે પચીશ જેટલા અધ્યાય વાંચતા હતા. ૩૩.

કેટલાક દેશના હરિભક્તો પણ ગઢપુરમાં આવતા અને તે હૃદયમાં પરમપ્રેમ લાવીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૩૪. કોઈ ગઢપુર આવીને પાંચ દિવસ રહેતા અને શ્રીહરિને માટે થાળ કરાવતા. સહુ ઘણા હરખથી અયોધ્યાવાસીને ઘેર થાળ કરાવતા હતા. ૩૫. જ્યારે શ્રીહરિ થાળ જમી લેતા ત્યારે હરિભક્તો જેવો ભાવ હોય તેવી શ્રીહરિની પૂજા કરતા હતા. આ રીતે તે ભક્તો ઘણો લાભ લેતા હતા. ૩૬. પરમ નિપુણ કોઈ હરિભક્ત દસ દિવસ, કોઈ પંદર દિવસ કે કોઈ વીશ દિવસ દર્શન કરવા માટે ગઢપુર રહેતા હતા. ૩૭. કેટલાક હરિભક્ત તો એક મહિના સુધી શ્રીહરિનાં દર્શન કરવા માટે રહેતા અને રોજ રોજ ફૂલના હાર લઈને શ્રીહરિને પહેરાવતા હતા. ૩૮. **જેને જેવો ભક્તિભાવ હોય તે પ્રમાણે સહુ ઘણી રીતે શ્રીહરિનો**

લાભ લેતા હતા, જે કહી શકાતો નથી. ૩૯. શ્રીહરિની વાત તો અમાપ છે તે ક્યારેય માપમાં આવતી નથી. તેથી જેટલી વાત મારા માપમાં આવે છે તેટલી હું કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિ ધર્મકુળના નિર્વાહનું વિચારીને ગઢપુર આવ્યા" એ નામે એકસો ને અઢારમો તરંગ સમાપ્ત ॥૧૧૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૧૯

શ્રીહરિના ગઢપુર નિવાસ સમયની દિનચર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ થાળ જમ્યા પછી બપોર વચ્ચે પોઢી જતા હતા, અને એક કલાક વીત્યા પછી ઊઠતા હતા. તે વખતે જ્યારે પ્રાગજી દવે ત્યાં આવતા ત્યારે તેની પાસે ત્રણ કલાક સુધી શ્રીહરિ પાંચ-દસ અધ્યાયની કથા વંચાવતા હતા. ૨-૩. પ્રભુ અટકના મરાઠી બ્રાહ્મણ ચિમનરાવજી વડોદરાના હરિભક્ત હતા. તે ઘણા બુદ્ધિશાળી અને વ્યવહારકુશળ હતા. ૪. તેઓ શાસ્ત્રનાં ઝીણવટભર્યાં તત્ત્વોને જાણતા હતા અને ઘણા પ્રવીણ હતા. તે શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુરમાં બે માસ સુધી રોકાયા. ૫.

જ્યારે ચાર ઘડી દિવસ બાકી રહે ત્યારે શ્રીહરિ સ્નાન કરતા હતા અને શ્વેત વસ્ત્ર પહેરતા. શ્વેત મલમલની પાઘ મસ્તક ઉપર બાંધતા. ૬. ક્યારેક મુકુંદાનંદ વર્ણી શ્રીહરિના મસ્તક ઉપર ચંદેલી પાઘ બંધાવતા હતા, જેના દર્શન કરીને ભક્તજનની સંસાર સંબંધી પીડા નાશ પામતી હતી. ૭. એક શ્વેત અને ઝીણી ભારે કિંમતી ચાદર સુખકારી શ્રીહરિ આડસોડે નાંખી ઓઢતા હતા. જ્યારે શ્રીહરિ ચાદર ઓઢતા ત્યારે ડાબી ભુજા ખુલ્લી રાખતા હતા. ૮. **શ્રીહરિને હંમેશાં શ્વેત વસ્ત્ર પહેરવામાં રુચિ રહેતી હતી. જેમાં સોનાના તાર ન હોય એવાં વસ્ત્ર શ્રીહરિને ગમતાં હતાં.** ૯.

દાદા ખાચરના દરબારમાં વચ્ચે પહોળો ચોક હતો અને ચારેબાજુ ઓરડાઓ હતા. તે ચોકને મધ્યે શીતળ છાંયાવાળું લીંબડાનું ઝાડ હતું. ૧૦. જ્યારે ઉગમણા બારના ઓરડાની પૂર્વ તરફ છાંયા જતી ત્યારે ચોકને વાળીને તેમાં પાણી છંટાવતા અને ઓરડાની આગળના ભાગમાં બિછાના કરાવતા. ૧૧. શ્રીહરિ ચરણોમાં સુંદર ચાખડીઓ પહેરતા અને ચાલે ત્યારે 'ચટ્ ચટ્ ચટ્' આવો ધ્વનિ થાતો હતો. ૧૨. જ્યારે શ્રીહરિ ઓરડાની ઓસરીએ આવતા ત્યારે ત્યાં જે પલંગ બિછાવ્યો હોય તેના ઉપર બેસતા. ૧૩. **'શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા છે' આવું જ્યારે સાંભળે ત્યારે સહુ સંતો, વર્ણી અને હરિભક્તો આવીને ત્યાં બેસતા હતા.** ૧૪. તે વખતે વીરણવાળાના નવા સુગંધી પંખાને પાણીમાં ભીંજવીને પાર્ષદો વારાફરતી પંખાથી શ્રીહરિ ઉપર ઠંડો પવન નાંખતા રહેતા. કેટલાક હરિભક્તો ગુલાબના હાર લઈને શ્રીહરિને પહેરાવતા હતા. જેને જેવો ભાવ ઊપજે તે પ્રમાણે ગુલાબના તોરા લાવતા અને શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કરાવતા હતા. ૧૫-૧૭.

ગુલાબના બાજુબંધ તથા પહોંચી શ્રીહરિની ભુજાઓ ઉપર બાંધતા હતા. જે હરિભક્તને જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિની કેટલીક પ્રકારની સેવાનો લાભ ખૂબ લેતા હતા, તેનો કહ્યે પાર આવતો નથી. વળી, હરિભક્તો કેટલીક પ્રકારનાં ફળ-ફૂલ લાવીને શ્રીહરિને સમર્પિત કરતા હતા. ૧૮-૧૯. જે દેશનાં બાઈ-ભાઈ હરિભક્ત આવતાં તે બધાં અનંત પ્રકારના મેવા અને મીઠાઈના અપાર થાળ ભરી ભરીને લાવતાં હતાં. ૨૦. હરિભક્તો જ્યારે શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતાં ત્યારે કેટલીક પ્રકારનાં વસ્ત્ર અને કેટલીક જાતનાં ઘરેણાં પણ લાવતાં હતાં. ૨૧. કેટલાંક અલગ અલગ પ્રકારનાં વાહન લાવીને શ્રીહરિને સમર્પિત કરતાં હતાં.

આ રીતે જે બાઈ-ભાઈ હરિભક્ત શ્રીહરિની સેવા કરે છે તેમને દુઃખ વગરનું અપાર સુખ પ્રાપ્ત થાય છે. પછી ફરીને ક્યારેય તેઓ દુઃખ પામતા નથી. જે જે જીવ શ્રીહરિ માટે જેટલું કાંઈ કરે છે તેનો કોઈ કાળે નાશ થતો નથી. પછી શ્રીહરિની તે સેવા કરનારને ઉદ્યમ કરવાનો પ્રયાસ મટી જાય છે. તેમજ જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશી પણ મટી જાય છે. ૨૨-૨૪.

❋ **સત્સંગમહિમા :**

કોઈ સત્સંગ સિવાય બીજાં ગમે તેવાં સાધન કરે, તોપણ તે સાધનથી તેને ક્યારેય અવિનાશી સુખ મળતું નથી. ૨૫. **સત્સંગ વિના ગમે તેવાં સાધન કરે તોપણ તેનું ફળ નાશવંત જ મળે છે.** ૨૬. જેમ કોઈ માણસને પોતાની નાત જાતનો જેવો દઢાવ હોય છે તે રીતે જેને સત્સંગનો દઢાવ હોય છે તે તેને શુભ ફળ આપે છે. ૨૭. સત્સંગ કર્યા વિના કોઈ સોનાના મેરુ જેટલું દાન નિત્ય આપે, તોપણ તેને તેનું અવિનાશી ફળ મળતું નથી. ૨૮. અવિનાશી ફળ મેળવવા માટે તો સત્સંગ જ એક દ્વાર છે. આ રીતની જેની દઢ સમજણ હોય તેનો ઉદ્ધાર થઈ જાય છે. ૨૯. જેને સત્સંગ ઉપર જેટલો ભાવ હોય તેટલું તેને અવિનાશી ફળ મળે છે. અને સત્સંગ સિવાય બીજામાં જેટલો ભાવ હોય છે તેટલું તેને સંસારમાં ભટકવાનું રહે છે. ૩૦. આવી જેને દઢ સમજણ થઈ હોય તેનો સત્સંગ પૂરો જાણવો. સત્સંગ સિવાયના તો એટલાં સાધન છે કે તેનો ગણ્યે પાર આવતો નથી. ૩૧. પરંતુ તે સત્સંગ વગરનાં સાધનોમાં તો નાશવંત ફળ રહ્યું છે. જેને આવી સમજણ હોય છે તેને ભગવાન શ્રીહરિ અવિનાશી સુખ આપે છે. ૩૨.

અવિનાશી સુખ જ સાચું સુખ છે અને અવિનાશી સિવાયનું જે સુખ છે તે બધું કાચું છે. લોકો કાચા સુખમાં સુખ માનીને અગણિત પ્રકારનાં દાન આપે છે. ૩૩. બ્રહ્મા જેવા બુદ્ધિમાન લોકો હોય તોપણ સત્સંગની સમજણ વિના તે સહુ નાશવંત ફળ તરફ જ અતિ જોરદાર દોડતા રહે છે. ૩૪. ઘણા જીવ આ ભૂમિ ઉપર જેટલું દ્રવ્ય છે તેનાથી નાશવંત ફળ આપનારા કરોડો કરોડ યજ્ઞ કરે છે. રોજ કરોડો ગાયોનાં દાન દે છે. ૩૫. મનુષ્ય પોતાની કીર્તિ કરાવવા માટે આ ભૂમિ ઉપર જેટલું દ્રવ્ય છે તે બધું ખર્ચી નાંખે છે. પણ ખૂબ કીર્તિ કમાવાને કારણે પછી તે પાપ જ કરતો રહે છે. ૩૬. કેવાં કેવાં પાપ કરે છે ? તો, પરસ્ત્રીનો સંગ કરે છે, પ્રાણીઓની હત્યા કરે છે, દારૂનું પાન કરે છે. ચોરી કરાવે છે; આવું કરવા છતાં પાછો પાપ માનતો નથી. પરંતુ આવાં પાપ કરનારા મનુષ્યો ચાહે તેટલાં દાન આપે તોપણ તેનું તે તમામ પુણ્ય બળી જાય છે. ૩૭-૩૮. **પુણ્ય કરવાથી પાપનો નાશ ત્યારે**

થાય છે કે જ્યારે પુણ્ય કર્યા પછી ફરીને પાપ ન કરવામાં આવે. પુણ્ય કર્યા પછી જો પાપ કરે તો તેણે કરીને પાપ બળતું નથી. ૩૯. જેમ કે, રોગી માણસ જ્યારે ચરી પાળીને ઔષધ ખાય છે ત્યારે જ તેનો રોગ ટળે છે. પરંતુ ચરી પાળ્યા વિના ઔષધ કર્યા કરવાથી ઊલટાનો રોગ વધી જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિના ગઢપુર નિવાસ સમયની દિનચર્યા કહી" એ નામે એકસો ને ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૧૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૦

ઝીણાભાઈને બીમાર સાંભળી શ્રીહરિ જૂનાગઢ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ ગઢપુરમાં રોજે રોજ સરોદ અને દોકડ વગડાવીને કીર્તન ગવડાવતા હતા, તે ક્યારેય ભૂલતા નહીં. ૨. પંચાળા ગામના દરબાર ઝીણાભાઈ જૂનાગઢમાં રહેતા હતા. ૩. જે દિવસથી તેમને સત્સંગ થયો હતો તે દિવસથી દિવસે દિવસે તેમને સત્સંગનો રંગ ખૂબ જ ચઢતો રહ્યો હતો. તેઓ સત્સંગ વિના બીજું બધું નકામું દેખતા હતા. સત્સંગ વગર કરોડો બ્રહ્માંડોને પણ તેઓ કાળના મુખમાં રહેલાં ચવાણાં જેવાં દેખતા હતા. જે સત્સંગ નથી કરતા તે ગમે તેવા મોટા હોય તોપણ તેને તે કાળ ચાવી રહ્યો છે તેમ દેખતા હતા. કાળરૂપ એક મોટો અજગર છે, જે બધાનો નાશ કરતો રહે છે. આ રીતનું જેને કાળનું જ્ઞાન ઉપજે છે તેને સત્સંગ થાય છે. ૪-૭.

चोपाई :

सत्संग पके रहेउ तिनके, काल के ज्ञान भये इनके;
काल के ज्ञान भयेउ बिनही, पके सत्संग न रहे तिनही...०८
सत्संग हित करत रहे जितना, यतकिंचत कहावत हि तितना;
काल करत नहीं नास ताके, सत्संग के प्रताप हि वाके...०९

જેને કાળનું જ્ઞાન થયું છે તેનો જ સત્સંગ પાકો થયો છે. કાળનું જ્ઞાન થયા સિવાય સત્સંગ પાકો ન થયો કહેવાય. ૮. સત્સંગ માટે થોડું-ઘણું જે કાંઈ પણ કરવામાં આવે છે તેનો કાળ ક્યારેય નાશ કરતો નથી. કારણ કે, સત્સંગનો એવો પ્રતાપ છે. ૯.

સોરઠ પ્રદેશનાં જે કોઈ પણ બાઈ-ભાઈ હરિભક્ત હતાં તે બધાં સત્સંગના આવા અમાપ પ્રતાપને જાણતા હતા. જે ભક્તો સત્સંગનો અમાપ પ્રતાપ જાણતા હતા, તેનો જ્યારે અંતસમય આવતો ત્યારે શ્રીહરિ, સંતો અને કેટલાક હરિભક્તોને સાથે લઈને તેને તેડવા આવતા. તેમાં વિમાન, અશ્વ, રથ, હાથી કે ગરુડ આદિક દિવ્ય વાહનને સાથે લાવતા હતા. વળી, વિવિધ પ્રકારનાં ઘણાં વાજિંત્ર પણ વાગતાં હતાં અને 'જય જય...જય જય...' આવા શબ્દો પણ બોલાતા હતા. ૧૦-૧૩. જ્યારે ઝીણાભાઈને ઘણી બીમારી આવી ત્યારે તે સાંભળીને શ્રીહરિ ગઢપુરથી અશ્વ ઉપર બેસીને જૂનાગઢ જવા ચાલતા થયા. શ્રીહરિએ હરિભક્ત કાઠી દરબારોને સાથે લીધા અને રથમાં કેટલાક સંતોને પણ લીધા. ૧૪-૧૫. ત્રણ દિવસે શ્રીહરિ **જૂનાગઢ** પહોંચ્યા અને ઝીણાભાઈને ભવન આવ્યા. ૧૬. જ્યારે સંધ્યા આરતીનો સમય થયો ત્યારે શ્રીહરિ જૂનાગઢ શહેરમાં પધાર્યા હતા. તે વખતે જેટલા હરિભક્તો હતા તે બધા સન્મુખ આવ્યા. કૃષ્ણદાસ નામે એક વાળંદ હરિભક્ત હતા, તેણે મશાલો પ્રગટાવી.

શ્રીહરિ ઝીણાભાઈના ઉપર અતિશય કૃપા કરીને (સં.૧૮૮૩, માગશર સુદ નોમની) રાત્રિએ તેમની પાસે આવ્યા હતા. ૧૭-૧૮. તે વખતે શ્રીહરિનાં દર્શન કરીને ઝીણાભાઈ રાજી થયા. પછી બે હાથ જોડી તેમણે કહ્યું કે, "આપે સાક્ષાત્ આવીને મને દર્શન દીધાં છે. ૧૯. **હરિભક્તોનું હિત કરવાને માટે જ આપે સત્સંગમાં નિવાસ કર્યો છે. એટલે જ આપ જે હરિભક્ત જેવા હોય તેને તેવું સુખ આપો છો.** ૨૦. દાદા ખાચરને આપે જે સુખ આપ્યું છે તેને હું મારા મુખથી શું કહું ? અનેક પ્રકારનાં નિમિત્તોથી તેમને જ્યારે જ્યારે કષ્ટ આવ્યું, અરે ! નિમિત્ત વગર પણ જ્યારે કષ્ટ આવ્યું ત્યારે કષ્ટને લીધે દિલમાં દુઃખદ સંતાપ રહેતો. પરંતુ જે જે સંતાપ

આવતા તેનું આપ તરત નિવારણ કરતા રહ્યા છો. મને પણ જ્યારે શત્રુઓ ગામ સંબંધી કષ્ટ દઈ રહ્યા હતા, ત્યારે આપે જ ગઢપુરમાં રહીને જ્યારે ખબર પડી ત્યારે મને મદદ કરી હતી. ૨૧-૨૩. માટે હે મહારાજ ! હવે આપ મારા આ શરીરનો ત્યાગ કરાવ્યા પછી જ જાજો. કેમ જે, આ શરીરમાં બહુ વિઘ્ન રહ્યાં છે.

❋ ઝીણાભાઈની સમજણ :

ત્યારે અતિશય પ્રસન્ન થઈને શ્રીહરિએ ઝીણાભાઈને કહ્યું કે, "આ શરીરનો ત્યાગ કરીને પછી તમારે ક્યાં રહેવું છે ? તમને જે ધામ પ્રિય હોય ત્યાં અમે તમને પહોંચાડશું." ૨૪-૨૫.

दोहा : झिनाभाई बोलेउ तब, तुमारी हजुर हि जेह;
निवास इच्छत हे सदा, ता बिन न इच्छत तेह...२६

सोरठा : तुमारी हजुर हि वीन, धाम न इच्छत कोउ हम;
चाय तैसेउ तीन, दिव्य रहे अक्षर लग हि...२७
अक्षर तिनसे जोउ, अधिक न रहे धाम कोउ;
ऐसे सुनेउ सोउ, अक्षर से तुमकु अधिक...२८

ત્યારે ઝીણાભાઈ બોલ્યા, "હે મહારાજ ! હું આપની હજૂરમાં જ હંમેશાં નિવાસ કરવા ઈચ્છું છું. કેમ જે, આપની મૂર્તિ સિવાય હું બીજું કાંઈ ઈચ્છતો નથી. ૨૬. આપની હાજરી સિવાય અક્ષરપર્યંતના ગમે તેવાં દિવ્ય ધામ હોય તોપણ તે કોઈ ધામને હું ઈચ્છતો નથી. ૨૭. અક્ષરધામથી કોઈ ધામ અધિક નથી. તે સર્વોપરિ ધામ છે, આવું મેં સાંભળ્યું છે અને તે અક્ષર કરતાં પણ આપને અધિક કહ્યા છે, તે હું જાણું છું. ૨૮. તે અક્ષરધામ અપાર છે. એવું મેં સાંભળ્યું છે, છતાં આપ તો તેનાથી પણ અમાપ અપાર છો. આપનાથી કોઈ અધિક હોય એવું ક્યાંય સંભળાતું નથી. અને જે આપનાથી અધિક બીજા કોઈને પણ કહે છે તો તે કહેનારાને આપની મોટપનું જ્ઞાન જ થયું નથી. તેથી જ તેમાં એવું અપાર અજ્ઞાન ભર્યું છે. આપ સર્વથી અધિક છો, છતાં જે આપનાથી બીજાને અધિક કહે છે તે તો નઠારા છે, અજ્ઞાની છે. ૨૯-૩૦.

તે અજ્ઞાની લોકો પોતાના મતને સર્વોપરિ દેખાડવા માટે જે સર્વોપરિ નથી તેને સર્વોપરિપણે કહે છે. એવા કેટલાક મતો છે કે જે પોતાનું પેટ ભરવા માટે તમારાથી જે અધિક નથી તેને પણ તમારાથી અધિક કહે છે. ૩૧-૩૨. એવા લોકો માટે તો આપે અપાર દુઃખ કર્યાં છે, જેનો કહેતાં પાર આવતો નથી. જેટલું કાંઈ સુખમાત્ર છે તે તો એક આપની મૂર્તિમાં જ ચોક્કસપણે રહ્યું છે. આ હું જેવું જાણું છું તેવું કહું છું. સત્સંગ કરવાનું એટલું જ ફળ છે કે આપની મૂર્તિ સિવાયનું જે કાંઈ છે તે મૂર્તિથી અધિક ક્યારેય ન દેખાય. માટે હે નાથ ! હું આપની પાસે માગું છું, તે આપ સાંભળજો. એક આપની જ સેવા કરવામાં મારી મતિ એકસરખી પ્રેમયુક્ત રહે. ૩૩-૩૫.

પ્રેમ વિનાની જેટલી સેવા છે તે બધી તો જીવ વગરની વસ્તુ જેવી છે. આપની મૂર્તિ વગરનાં જે ધામ હોય તે ગમે તેવાં મોટાં હોય, તોપણ તેના ઉપર મને રુચિ નથી. મને તો આપની એક મૂર્તિમાં જ અપાર રુચિ છે અને બીજી આપની મરજી પાળવામાં રુચિ છે. ૩૬-૩૭. **આપની મરજી અને મૂર્તિ, એ બંને એક છે; એવું આપનું જ વચન છે. માટે મરજી વિના સેવા કરવામાં કાંઈ સુખ રહેતું નથી.** ૩૮. **આપની મરજીને અનુસારે અતિશય ભાવથી વર્તવું, પણ ક્યારેય પોતાનું ધાર્યું લગાર પણ કરવું નહિ, એવું હું સમજું છું.** ૩૯. જો આપની મરજી હોય તો અહીંયાં મંદિર કરજો. કારણ કે શરૂઆતમાં આપ આ દેશમાં ઘણું વિચર્યા છો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "ઝીણાભાઈને બીમાર સાંભળી શ્રીહરિ જૂનાગઢ આવ્યા" એ નામે એકસો ને વીશમો તરંગ સમાપ્ત ॥૧૨૦॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૧

દરબાર ઝીણાભાઈની શ્રીહરિના સ્વરૂપમાં તથા સત્સંગમાં અનન્ય નિષ્ઠા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ઝીણાભાઈએ શ્રીહરિની આગળ બંને હાથ જોડીને કહ્યું કે, "ઉત્તર પ્રદેશના પૂર્વ ભાગમાં સરયૂને સામે કાંઠે છપૈયા ગામ છે. ત્યાં આપે જન્મ ધારણ કર્યો. પરંતુ સહુ લોકો આપને ભગવાન તરીકે ઓળખે તે રીતે આપ ત્યાં વિચર્યા નથી. આપે પોતાનું ભગવાનપણું છુપાવી રાખ્યું. ૨-૩. આપ અગિયાર વર્ષ સુધી છપૈયા તથા અયોધ્યાપુરીમાં આપનો પ્રતાપ છુપાવીને વિચરતા રહ્યા હતા. ૪. ભક્તિ તથા ધર્મને જ એક સુખ આપવાને માટે આપે તે પૂર્વ દેશમાં જન્મ લીધો હતો. પછી તે ભક્તિ તથા ધર્મને દુર્વાસા ઋષિના શાપથી છોડાવ્યાં. ૫. જ્યારે તે ભક્તિ તથા ધર્મે શરીર તજ્યું ત્યારે તેમને દિવ્ય દેહ આપ્યો. આપને ધર્મ ઉપર એવી રુચિ છે કે તેવી બીજા કોઈ મનુષ્યમાં અમે દેખી નથી. જ્યારે આપ અગિયાર વર્ષના થયા ત્યારે ઘરથી તથા દેશથી ઉદાસ થઈને કોઈ સંબંધીઓ ન જાણે તે રીતે ચાલી નીકળ્યા. ૬-૭.

ભાગ્યશાળી મુમુક્ષુ જીવોને દેખવા માટે આપે તીર્થાટન કરવામાં પ્રેમ રાખ્યો. ધર્મમાં તથા ભગવાનમાં રુચિ-પ્રીતિવાળા મનુષ્યોને જોવા માટે આપ વન, પર્વત અને ગામેગામ ફર્યા. વળી, ઉત્તર દિશામાં હિમાલય સુધીના પ્રસિદ્ધ તીર્થો તથા વનમાં ફર્યા. ૮-૯. પૂર્વ દિશામાં જગન્નાથપુરી સુધીના વન, પર્વત અને તીર્થોમાં ફર્યા. આપે જ્યાં જ્યાં જઈને ચરણ મૂક્યાં, તે ભૂમિને અતિશય પવિત્ર કરી. ૧૦. **જેને આપનો સંબંધ થયો તેના ભાગ્ય તો કહી શકાતા નથી. જે જે આપના સંબંધમાં આવ્યા તે તો ધ્યાન કરવા યોગ્ય બની ગયા.** ૧૧. આવાં આપનાં ચરિત્રમાં જે કુતર્ક કરે છે તે તો સંસારમાં ભટકતા રહે છે. જેને આપનો અધિક અધિક સંબંધ હોય છે, તે તેટલા વધારે શ્રેષ્ઠ ગણાય છે. ૧૨.

❊ લોભની દુષ્ટતા :

જ્યારે કોઈ પણ વાતને લઈને માણસમાં લોભ પ્રવેશ કરે છે, ત્યારે નારદજી જેવા હોય તે પણ સત્યને અસત્ય કહે છે. ૧૩. ભગવાનની વાત તો અમૃતના જેવી છે, પણ જ્યારે જીવને લોભ મિત્ર મનાઈ જાય છે ત્યારે ભગવાનની વાતને પણ ઝેર કરી દે છે. ૧૪. લોભ એવો વિચિત્ર છે કે, તે ઝેર જેવી વાતને પણ અમૃતથી અધિક મનાવી દે છે. ૧૫. લોભ સત્યને પણ અસત્ય કરી દે છે. જ્યાં જેનું જેવું ચલણ-નિયંત્રણ હોય ત્યાં તેવો ન્યાય વર્તતો હોય છે. **જે ન્યાય એક સાચી રીતે કરવાનો હોય તેને લોભ અનેક પ્રકારની ખોટી રીતે કરાવે છે. કારણ કે, જેનાથી જેનું ચલણ અધિક હોય તે જેવો ન્યાય કરે તેવો થાય છે.** ૧૬-૧૭.

હે મહારાજ ! કલકત્તા પ્રદેશ અને દક્ષિણ દેશમાં જેટલાં તીર્થ છે ત્યાં આપ ફરતા રહ્યા, તેમજ બધાં વન તથા પર્વતોમાં ફર્યા. પણ ત્યાં ત્યાં તે લોકોમાં આપને ધર્મ ઉપર હોવો જોઈએ એવો ભાવ દેખાણો નહીં. ૧૮. દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી અને પરસ્ત્રીના સંગનો ત્યાગ કરવો, આ ચાર ધર્મ બ્રહ્માંડના આધાર સ્તંભ છે. ૧૯. દક્ષિણ દેશમાં ફરતાં ફરતાં આપ **સુરત** આવ્યા અને સુરતથી **ખંભાત** રહ્યા. પછી ખંભાતથી ચાલ્યા તે **ભીમનાથ** થઈને **ગોપનાથ** પ્રત્યે આવ્યા. ૨૦. ત્યાંથી **આદિવારાહ**, **ગુપ્તપ્રયાગ** અને **પ્રાચીપાટણ** દેખ્યું. પછી **માંગરોળ** બંદર રહીને **લોજ** આવ્યા. આ રીતે આપશ્રી ઘણાં તીર્થમાં ફર્યા. ૨૧.

ઉદ્ધવના અવતાર જે રામાનંદ સ્વામી હતા, તે પોતાને શરણે આવેલા ચારે વર્ણનાં મનુષ્ય બાઈ-ભાઈને મદ્ય, માંસ, ચોરી અને વ્યભિચાર આ ચાર ન કરવાના નિયમમાં વર્તાવતા હતા. ૨૨-૨૩. તે રામાનંદ સ્વામીના મોટા શિષ્ય મુક્તાનંદ સ્વામી સંત હતા. અને સંતના સાચા ધર્મો તેમના જીવનમાં વર્તતા હતા. ૨૪. જે સત્સંગની સનાતન રીત છે તેમાં જે જીવ વર્તે છે, તેને સંસારનું ભટકણ રહેતું નથી. ૨૫. ગણે પાર ન આવે તેટલાં તીર્થ છે. પરંતુ આ સત્સંગમાં જે શુદ્ધ રીત રહી છે, તે

ચોક્કસ બીજે ક્યાંય નથી. ૨૬. **સત્સંગ સિવાય કોઈ ગમે તેવો યોગ સાધે કે જપ, તપ કરે તોપણ સંસારના સંકટમાં ભટકવાનો રોગ મટતો નથી.** ૨૭. ગમે તેવાં કોઈ વેદ, શાસ્ત્ર અને પુરાણોને ભણેલા હોય, પણ તેને જ્યાં સુધી સત્સંગ ઉપર અરુચિ રહેતી હોય ત્યાં સુધી તે વારંવાર લખચોરાશીમાં ભટકતા રહે છે.

દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચારનો જીવો જ્યાં સુધી ત્યાગ કરતા નથી, ત્યાં સુધી ગમે તે શાસ્ત્ર ભણ્યા હોય તોપણ તેનું કાંઈ ફળ મળતું નથી. જીવનમાં એ સિવાયના પણ જે જે સાધનો કર્યાં હોય તેનું એ ચાર પાપ કરનારને કાંઈ ફળ મળતું નથી. ૨૮-૩૦. આમ તેનાં કરેલાં બધાં સાધન નિરર્થક થઈ જાય છે તેથી જ તે ઘાંચીના બળદની જેમ આ સંસારના ચક્રમાં ચાલતા રહે છે. જેમ ઘાંચીનો બળદ ગમે તેટલું ચાલે પણ જ્યારે છૂટે ત્યારે તે તેને તે જ ઠેકાણે હોય છે. ૩૧. દેવ, દૈત્ય કે મનુષ્ય સુધીના જીવો જ્યાં સુધી દારૂ, માંસ ઈત્યાદિક ચાર જાતનાં પાપ કરે છે ત્યાં સુધી તેમનું જીવન નિરર્થક છે. તે ચાર નિયમ નહીં પાળનાર કદાચ કોઈ દેવ હોય, તોપણ તે ખરેખર દેવ નથી. એવા જે દૈત્ય હોય તે દૈત્ય મટતા નથી અને એવા જે મનુષ્ય છે તે મનુષ્ય નથી કહેવાતા. જે એ ચાર પ્રકારનાં પાપને નથી કરતા એ જ ખરેખર મનુષ્ય કહેવાય છે. ૩૨-૩૩.

તે ચાર નિયમને જે પાળે છે તે વેદ, શાસ્ત્ર અને પુરાણોને ભણ્યો ગણાય. તેણે જેટલાં તીર્થ છે તે બધાં કરી લીધાં કહેવાય. વળી યોગ, દાન અને યજ્ઞ વગેરે બધું જ તેણે કરી લીધું છે. ૩૪. પચાસ કરોડ યોજન વિસ્તારવાળી આ ભૂમિ કહેવાય છે, તેને ચામડાંથી મઢાવી શકે તેવો કોઈ ચક્રવર્તી રાજા નથી. ૩૫. પણ પોતાના પગમાં જો પગરખાં પહેરી લેવામાં આવે તો ગમે તેવી કાંટા, કાંકરા કે કાચવાળી જોખમી ભૂમિ હોય, તોપણ ચામડાંથી મઢ્યા વિના જ મઢાઈ ગયેલી થાય છે. ૩૬. તેમ આગળ કહેલાં ચાર સાધનોમાં બીજાં કરોડો કરોડ સાધનો નામવાળાં તમામ આવી જાય છે. ૩૭. જેમ ગમે તેવી મોટી ઈમારત રંગબેરંગી કરીને સજાવી હોય, તોપણ તે જો પાયા વગરની હોય તો તે ટકી શકતી નથી. ૩૮. તેમ ચાર

સાધનરૂપ પાયા વગરનાં ગમે તેટલાં અપાર સાધનો કરવામાં આવે, તોપણ તેનાથી આ સંસારમાં ભટકવાનું ક્યારેય મટતું નથી." ૩૯. પછી શ્રીહરિએ ઝીણાભાઈ પ્રત્યે કહ્યું કે, "તમારી સમજણ જોઈને હું પ્રસન્ન થયો છું." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "દરબાર ઝીણાભાઈની શ્રીહરિના સ્વરૂપમાં તથા સત્સંગમાં અનન્ય નિષ્ઠા કહી" એ નામે એકસો ને એકવીશમો તરંગ સમાપ્ત ॥૧૨૧॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૨

શ્રીહરિએ અયોધ્યા તથા વન વિચરણનાં ચરિત્ર કહીને ધર્મે સહિત ભક્તિને મોક્ષ કરનારી કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી શ્રીહરિએ ઝીણાભાઈને કહ્યું કે, "જ્યાં દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, આ ચારનો ત્યાગ હોય ત્યાં અમે રહીએ છીએ. ૨. અમે માંગરોળથી લોજ આવ્યા અને ત્યાં રામાનંદ સ્વામીના શિષ્ય મુક્તાનંદ સ્વામી રહેતા હતા. ૩. તેમણે મને એ ચાર પાપના ત્યાગની વાત કહી, ત્યારે અમે આ સત્સંગમાં પ્રેમથી દઢતાપૂર્વક રહ્યા. ૪.

❋ ધર્મની મહત્તા :

ચોપાઈ :

च्यार बात के त्याग हि जीहाँ, धर्म मूर्तिमान रहेउ तीहाँ;
निष्कपट धर्म जिहाँ हि रहेऊ, मूर्तिमान भगवान जो तेऊ...०५
प्रगट रहत तिहाँ करे निवासा, धर्म न तिहाँ से होत उदासा;
धर्म कु भगवान वर दियेऊ, जिहाँ तुम तिहाँ हम हि रहेऊ...०६

જ્યાં ચાર પ્રકારનાં પાપનો ત્યાગ હોય ત્યાં મૂર્તિમાન ધર્મ રહે છે. જ્યાં નિષ્કપટ ધર્મ હોય ત્યાં મૂર્તિમાન ભગવાન પ્રગટપણે નિવાસ કરીને

રહે છે. જ્યાં ધર્મ ન હોય ત્યાંથી ભગવાન ઉદાસ થઈ જાય છે. કારણ કે, ભગવાને ધર્મને વરદાન આપ્યું છે કે, જ્યાં તમે રહેશો ત્યાં અમે રહીશું. ૫-૬. જ્યાં તમારું સન્માન નહિ થતું હોય ત્યાં હું ક્યારેય રહીશ નહીં. જ્યાં તમે અને અમે રહેતા હોઈએ ત્યાં જ સાચો સત્સંગ હોય છે. ૭. રામાનંદ સ્વામીના જેટલા સંતો અને હરિભક્તો, આ સોરઠ દેશમાં તથા બીજા દેશમાં હતા,

તે બધા મહાન સર્વોપરિ ધર્મમાં નિષ્કપટ ભાવે વર્તતા હતા. અંતર્યામીરૂપે ભગવાન સદા પ્રગટ છે. તે અક્ષરધામમાં રહ્યા હોવા છતાં સંતો-હરિભક્તોથી જરાય દૂર રહેતા નથી. જ્યાં સુધી પોતાને ઈચ્છા આવે ત્યાં સુધી તેઓ સમીપે જ રહે છે. જોકે, ભગવાનને તો કોઈથી દૂર કે સમીપપણું છે જ નહીં. ૮-૧૦. **પરંતુ જ્યાં સુધી જેને સત્સંગ તથા ભગવાનનું યથાર્થ જ્ઞાન થતું નથી, ત્યાં સુધી ભગવાન તેની સમીપે રહ્યા હોવા છતાં દૂર રહ્યા હોય તેમ લાગે છે. જ્ઞાન નહીં હોવાના કારણે જ ભગવાન દૂર કહેવાય છે.** ૧૧. આ સોરઠ પ્રદેશમાં રામાનંદ સ્વામીના જેટલા સંતો તથા હરિભક્તો છે, તેમનો સત્સંગ સાચો છે. ૧૨.

આ સોરઠ પ્રદેશના હરિભક્તોએ અમારો જેટલો અને જેવો પ્રતાપ છે તે સહુથી પહેલા જાણ્યો હતો. ૧૩. આ સોરઠ દેશ પછી જ બીજા દેશમાં અમારો પ્રતાપ જેવો છે તેવો લોકો જાણતા થયા. ૧૪. જ્યાં અમે જન્મ લીધો ત્યાં અમારો જેવો પ્રતાપ છે તેવો માતા-પિતા સિવાય કોઈના જાણ્યામાં આવ્યો નહીં. ૧૫. છપૈયા કરતાં અમે અયોધ્યામાં છ વર્ષ પર્યંત અતિ ભાવથી વધારે રહ્યા હતા. ૧૬. અયોધ્યાપુરીમાં અમે સરજૂગંગામાં નિત્ય બે વખત સ્નાન કરતા હતા, એક દિવસ પણ ભૂલતા નહીં. ૧૭. સ્નાન કર્યા પછી અયોધ્યાપુરીમાં જેટલાં ભગવાનનાં મંદિરો છે ત્યાં અમે નિત્ય પ્રત્યે દર્શન કરવા જતા હતા. તેમાં અમને અતિશય ઉત્સાહ ભર્યો રહેતો. તે મંદિરોમાં જેટલા સંતો રહેતા હતા, તે બધા અમને બોલાવતા હતા. ૧૮-૧૯. જે જે મંદિરમાં અમે જતા ત્યાં તે સંતો અમને આદરભાવ સહિત પાંચ પાંચ પતાસા દેતા હતા, અને બોલાવવામાં હેત જણાવતા હતા. ૨૦.

હનુમાનગઢી ઉપર મહાવીર હનુમાનજીનું મંદિર છે. ત્યાં તે હનુમાનજીનાં દર્શન કરવા માટે અમે રોજ રોજ હેતથી જાતા હતા. ૨૧. ત્યાંના પૂજારી અમને કાયમ ખોબો ભરીને પતાસા આપતા હતા. તે હનુમાનગઢીના મહંત ઘણા વિવેકી હતા. ૨૨. અમે જ્યારે ત્યાં જતા ત્યારે તે હેતથી બોલાવતા અને અમને વિપ્ર જાણીને સમીપે બેસાડતા. અમને છપૈયાપુર કરતાં અયોધ્યાપુરી દિવસે દિવસે ખૂબ જ પ્રિય લાગતી હતી. અયોધ્યાપુરીમાં દિવસ વીતતા વાર લાગતી નહીં. જ્યારે માતા-પિતાએ શરીર છોડી દીધું ત્યારે દેશમાં જેટલાં તીર્થ કહેવાય છે અને જેટલાં વન, પર્વત વગેરે છે ત્યાં વિચરણ કરવાનો અમે દૃઢપણે વિચાર કર્યો. પછી તીર્થ કરવા માટે નીકળ્યા. તેમાં ઉત્તર, પૂર્વ અને દક્ષિણ દિશાનાં બધાં તીર્થ કર્યાં. ૨૩-૨૬. પછી પશ્ચિમ દેશનાં તીર્થ કરતાં કરતાં અમે લોજપુર આવ્યા. ત્યાં અમને સંતો મળ્યા ત્યારે સત્સંગની જેવી રીત છે તેવી અમે દેખી. તેથી અમારું મન અતિશય પ્રેમથી તર્કરહિત થઈને ત્યાં ચોંટી ગયું. ૨૭-૨૮.

અમારા મનની જેવી રુચિ હતી તેવો સત્સંગ અમને દેખાયો, ત્યારે અમે સાચા ભાવથી આ સત્સંગમાં ટકી ગયા. ૨૯. જ્યારે અમે લોજમાં રહ્યા ત્યારે રામાનંદ સ્વામી કચ્છ દેશના ભુજ શહેરમાં હતા. અમારે લોજમાં દસ માસ વીત્યા ત્યારે ગિરનાર પર્વતની સમીપે પીપલાણા ગામમાં રામાનંદ સ્વામી જેઠ માસમાં આવ્યા, અને ત્યાં તેમણે અમને દર્શન દીધાં. ૩૦-૩૧. પછી તેમણે અમને જેતપુર ગામમાં ઉનડ ખુમાણના દરબારમાં વિ.સં.૧૮૫૮ના વર્ષમાં કારતક સુદ એકાદશીએ સત્સંગ સોંપ્યો. ૩૨. ત્યારે મોટેરા સંતો તથા મોટા હરિભક્તો, એ બધાને પૂછીને રામાનંદ સ્વામીએ પોતાની ગાદી ઉપર અમને બેસાડ્યા. અમે જાણતા હતા તોપણ ગાદીની જેવી રીત હતી તેવી સ્વામીએ ઘણા હેતથી અમને કહી. ૩૩-૩૪.

આ ભૂમિ ઉપર અનેક પ્રકારની અપાર ગાદીઓ રહી છે. જેનો જેવો વ્યવહાર હોય તે વ્યવહાર સિદ્ધ-સફળ કરવા માટેની તે બધી ગાદીઓ હોય છે. ૩૫. **પરંતુ પરલોકનું મોક્ષરૂપી કાર્ય સિદ્ધ કરી આપે એવી ગાદી સત્સંગ સિવાય બીજી કોઈ નથી. સત્સંગ સિવાયની જેટલી ગાદીઓ રહી**

છે તે બધી સંસારનું બંધન કરનારી છે. જ્યારે સત્સંગની ગાદી ધર્મયુક્ત હોવાથી તે સંસારનાં બંધન છોડાવનારી છે. ૩૬-૩૭. ધર્મ પણ બહુ પ્રકારના છે, તેનો ગણે પાર આવે તેમ નથી. પરંતુ મોક્ષ કરનારો ધર્મ તો એક એકાંતિક ધર્મ છે, તેથી તે ચોક્કસ સર્વોપરિ છે. ૩૮. આ ભૂમિ ઉપર ભક્તિ પણ બહુ પ્રકારની છે, પણ જેનાથી મોક્ષ થાય એવી ભક્તિ જ સર્વોપરિ છે. ૩૯. **ધર્મ વિના ક્યારેય ભક્તિ રહેતી નથી. જે ભક્તિ ધર્મે સહિતની હોય છે તે તત્કાળ મોક્ષ કરે છે, પણ ધર્મથી રહિત ભક્તિ ક્યારેય મોક્ષ કરતી નથી."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ અયોધ્યા તથા વન વિચરણનાં ચરિત્ર કહીને ધર્મે સહિત ભક્તિને મોક્ષ કરનારી કહી" એ નામે એકસો ને બાવીશમો તરંગ સમાપ્ત ॥૧૨૨॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૩

શ્રીહરિએ ઝીણાભાઈને રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછીની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ભગવાન શ્રીસહજાનંદ સ્વામી દરબાર ઝીણાભાઈની રુચિ જાણતા હતા. તેથી તેમને રુચે તેવી વાત કરી. ૨. "સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ અમને જેતપુરમાં ગાદીએ બેસાડ્યા. પછી ફરેણી ગામ આવ્યા. ૩. ત્યાં આવ્યા પછી તરત જ રામાનંદ સ્વામીએ મનુષ્યદેહનો ત્યાગ કર્યો અને ભગવાનના સનાતન ધામમાં ગયા. ૪. રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી અમે હરિભક્તોને ધ્યાન કરાવવા લાગ્યા. તેમાં સત્સંગની બહુ વૃદ્ધિ કરવા અને તેનો વિસ્તાર કરવા ભગવાનની ઈચ્છાથીઅમે જ્યારે હરિભક્તોને ધ્યાન કરાવતા હતા, ત્યારે સદ્‌ગુરુ રામાનંદ સ્વામી તેમને ધ્યાનમાં દર્શન આપતા હતા. તેમાં સ્વામી

હરિભક્તોની આગળ બોલતા કે, 'શ્રીકૃષ્ણ ભગવાનના સખા જે ઉદ્ધવજી છે, તે અમે છીએ એમ તમે સહુ અમારા આશ્રિત થયા છો તે જાણજો. ૫-૮.

મારા સ્વામી જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે આ સહજાનંદ સ્વામી છે. માટે તમારે સહુએ તેમનું ભજન-સ્મરણ કરવું. હું પણ તેમનું જ સ્મરણ કરું છું. ૯. **આ સહજાનંદ સ્વામી અક્ષરધામમાં અવિચળપણે અખંડ રહ્યા છે. તેઓ અપ્રાકૃત દિવ્ય મૂર્તિ છે. પરંતુ જે ધામમાં જેવા જેવા ભક્ત હોય તેમની સેવા અંગીકાર કરવા માટે જેવું ધામ હોય તે પ્રમાણે ત્યાં વિચરે છે.** ગોલોકધામમાં જેવા ભક્તજનો રહ્યા છે તેમને તેવું સુખ દેવા માટે ગોલોકમાં અખંડ રહે છે, અને વૈકુંઠમાં પણ જેવા ભક્ત હોય તેને ત્યાં રહીને તેવું સુખ આપે છે. ૧૦-૧૨. જેવી રીતનું શ્વેતદ્વીપધામ રહ્યું છે, તેવી રીતે શ્રીહરિ ત્યાંના ભક્તજનોનું હિત કરવા માટે ત્યાં રહ્યા છે. ૧૩. વળી, જેવી રીતનું બદરિકાશ્રમધામ રહ્યું છે, તેવી રીતે શ્રીહરિ ત્યાંના ભક્તજનોનું હિત કરવા માટે પોતાની ઈચ્છાથી બદરિકાશ્રમમાં રહ્યા છે. ૧૪.

જ્યાં જેવું ધામ હોય અને જ્યાં જેવા ભક્ત હોય ત્યાં ભગવાન સહુ ભક્તને આઠેય પહોર અપાર સુખ આપતા રહે છે. ૧૫. શ્વેતદ્વીપધામમાં વાસુદેવ એવા નામે મુક્તોને શ્રદ્ધા વધે તે માટે પોતે તપ કરે છે. ૧૬. તપના અતિશય મહિમાને વધારવા માટે ઘણા ભાવથી અપાર તપ કરે છે. કેમ જે, ભાવ વિના કાંઈ શોભે નહીં. ૧૭. એ શ્રીહરિ અક્ષરધામમાં અખંડ રહ્યા થકાં જ ઋષિઓના સનાતન ધર્મનું રક્ષણ કરવા, તથા જે ઋષિ છે તેને ઋષિઓના ધર્મ શીખવાડવા માટે નરનારાયણ ઋષિનું રૂપ ધરીને અનુપમ બદરિકાશ્રમધામમાં રહ્યા છે. ત્યાં મોટા-મોટા શ્રેષ્ઠ ઋષિઓ પણ તેમનો મહિમા જાણવા આવે છે. ૧૮-૧૯.

શ્રીહરિ અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકાં જ્યાં જેવું કાર્ય હોય ત્યાં અનંત રૂપો ધરે છે. તે અક્ષરધામમાં રહેલી શ્રીહરિની મૂર્તિ અને અન્ય ધામમાં ત્યાંના મુક્તોની સમજણ અનુસાર શ્રીહરિએ ધારણ કરેલી મૂર્તિ, એ બંનેને અમુક ભક્તો જુદી કહે ત્યારે તેવી સમજણના તે ભક્તોને શાંતિ થાય છે. કારણ કે, ભગવાનના ભક્તો તો અનંત છે. તે બધાની સમજણ એકસરખી

હોતી નથી. તેમાં જેને જેવી સમજણવાળા ગુરુ મળ્યા હોય તે તેવી સમજણને છોડતા નથી અને સહુ પોતે પોતાની સમજણને સરસ માને છે. ૨૦-૨૨.

❋ શ્રીહરિ જ સર્વનું કારણ છે :

चोपाई :

अक्षरधाम में मूर्ति हि जेहू, अक्षरधाम में रहीकर तेहू;
सत्संग करे हरिजन जेते, बाई भाई रहेउ तेते...२३
ताकू निज मूर्ति के सूखा, हरन हित संस्रेति जो दूःखा;
जेती मूर्ति के रहे प्रतापा, निज मूर्ति में देखाव हि आपा...२४

અક્ષરધામમાં જે મૂર્તિ રહી છે તે અક્ષરધામમાં રહીને જ સત્સંગ કરનારાં જે કોઈ હરિભક્ત બાઈ-ભાઈ છે, તેને સંસૃતિનું દુઃખ હરવા માટે પોતાની મૂર્તિનું સુખ આપે છે. જે જે અવતારોની મૂર્તિઓમાં પ્રતાપ છે તેને શ્રીહરિ પોતાની એક મૂર્તિમાં જ બતાવે છે. કેમ જે, શ્રીહરિ જ સર્વનું કારણ છે. ૨૩-૨૪. **શ્રીહરિની આ પ્રગટ મૂર્તિ જ અંતસમયે હરિભક્તની સહાય કરે છે અને તેને અક્ષરધામમાં લઈ જવા રથ, વિમાન કે અશ્વ લઈને અવશ્ય હાજર રહે છે; આમ રામાનંદ સ્વામી કહેતા. ૨૫.** પછી શ્રીહરિએ કહ્યું કે, જે હરિભક્તો અમારી પાસે આવતા તેમને અમે ધ્યાનમાં બેસાડતા, ત્યારે તે હરિભક્તોને રામાનંદ સ્વામી ધ્યાનમાં દર્શન દેતા હતા. ૨૬.

તે વખતે રામાનંદ સ્વામી હરિભક્તોને અમારી મૂર્તિનો જેવો પ્રતાપ છે તેવો તેમને કહેતા હતા. તેથી બધા હરિભક્તો અમને જ દૃઢપણે ભગવાન માને છે. ૨૭-૨૮. આ ભૂમિ ઉપર સાચા ભગવાન જ્યારે-જ્યારે મનુષ્યતન ધારણ કરે છે, ત્યારે તેઓ પોતે પોતાને 'હું જ ભગવાન છું' એમ કહેતા નથી. પરંતુ તેમનો પ્રતાપ જ તેમને ભગવાન કહે છે. ૨૯. જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે તે ઢાંક્યો રહેતો નથી, તેનો પ્રતાપ તો દેખાય જ છે. ચિંતામણિ અને કલ્પવૃક્ષમાં પણ જે પ્રતાપ રહ્યો છે તે પ્રતાપ છુપાવ્યો છૂપો રહેતો નથી. શ્રીહરિ કહે છે કે, 'અમે આવા સમર્થ પરમાત્મા છીએ, એવું અમે પોતે કહેતા નથી. અમે તો અમને સાધુઓના દાસ કહેવડાવીએ છીએ,

તોપણ બાઈ-ભાઈ હરિભક્તો અમને ભગવાન કહે છે. તેઓ અમને ભગવાન કહે છે પણ અમે તેમાં મોટપ માનતા નથી. ૩૦-૩૨.

જે લોકો પોતાનામાં જેટલી મોટપ માને છે તેટલા તે મોટપમાં જ ખુશ થાય છે. પણ આ લોકની જેટલી કાંઈ મોટપ છે તે કાયમ એકસરખી રહેતી નથી. ૩૩. **જે મોટપ જ એકસરખી રહે તેને જ અમે મોટપ કહીએ છીએ. ભગવાનના ભક્તે નિષ્કપટ અંતરવાળા થઈને ભગવાનનું ભજન કરવું જોઈએ.** ૩૪. કારણ કે, નિષ્કપટપણામાં અપાર મોટપ રહી છે. સોરઠ દેશના જેટલા કણબી હરિભક્તોએ સત્સંગ કર્યો છે તે બધા બહાર અને અંદર એક રીત રાખીને સત્સંગ કરે છે. તેથી તે બધાના મનોરથને પૂર્ણ કરવા માટે અને તેમને વારંવાર સંભારવા માટે વિ.સં.૧૮૬૩ના વર્ષમાં અમે જૂનાગઢમાં આવીને સમૈયો કર્યો હતો. ૩૫-૩૭. દેશદેશમાં જે હરિભક્તો હતા, તે બધા ઘણા ભાવથી જૂનાગઢ આવ્યા હતા. ૩૮. અને તે હરિભક્તોને પોતાના દેહના સંબંધીઓ કરતાં પણ કરોડગણું વધારે પરસ્પર અલૌકિક હેત હતું. ૩૯. જ્યાં દાદાભાઈની ફૂલવાડી છે ત્યાં અમે સંતો તથા હરિભક્તોની સભા કરતા હતા.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “શ્રીહરિએ ઝીણાભાઈને રામાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછીની વાત કહી” એ નામે એકસો ને ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૧૨૩॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૪

શ્રીહરિની હાજરીમાં દરબાર ઝીણાભાઈનો અગ્નિસંસ્કાર થયો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ ઝીણાભાઈની આગળ જે વાતો કરી હતી, તે રસભરી વાત ઝીણાભાઈના પ્રેમને અતિ વધારવા માટે હતી. ૨. શ્રીહરિ જેવો સમય હોય તેવી વાત

કરતા હતા. અક્ષરપર્યંત કોઈને પણ તેવી વાત કહેતા આવડે નહીં. ૩. શ્રીહરિની જેવી વાતો છે તેવી અક્ષર સુધી ક્યાંય નથી, પણ આવી જે વાત છે તેને મૂઢમતિ મનુષ્ય જાણતા નથી. ૪. શ્રીહરિ એવી વાત કહેતા હતા કે, "દરબાર દાદાભાઈ સારા હરિભક્ત છે. તેમની જે ફૂલવાડી છે તેમાં અમે આઠ દિવસ સુધી કાયમ સંતો તથા હરિભક્તોની સભા કરતા. અને અમે તેમાં સવાર-સાંજ દર્શન દેતા."

આ વાત સાંભળીને ઝીણાભાઈએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, "મહારાજ ! આપ સહુ પ્રથમ કૃપા કરીને આ દેશમાં આવ્યા અને રામાનંદ સ્વામીને મળ્યા, ત્યારે તેમણે આપને ઉદ્ધવ સંપ્રદાયની રીત પ્રમાણે દીક્ષા આપી. તે પછી રામાનંદ સ્વામીએ પોતાની ગાદી ઉપર તમને બેસાડ્યા અને પછી સ્વામી પોતે ધામમાં ગયા. પછી આપે જેના જે ઈષ્ટદેવ હોય તેને તેવાં રૂપે દર્શન દીધાં. ૫-૯. કોઈ દિવસ સાંભળ્યો ન હોય તેવો આપમાં જે અપાર પ્રતાપ છે, તે લોકોને સમાધિ કરાવીને આપે બતાવ્યો. ૧૦. આપ તે સર્વોપરિ પ્રતાપને સહજપણે દેખાડતા હતા. આપે ચાર વર્ષ સુધી આ દેશમાં અમાપ પ્રતાપ દેખાડ્યો. તેમાં જેવો મનુષ્ય હોય તેવો પ્રતાપ આપે તેને બતાવ્યો હતો, તેણે કરીને લોકોને આપના સ્વરૂપનો નિશ્ચય થયો. વળી તે પછી અમારા પંચાળા ગામમાં આવીને એક દોઢ માસ સુધી રહ્યા. ૧૧-૧૨. પંચાળામાં આપે હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કર્યો. તેમજ ઘણી દયા કરીને સંતોને પણ ત્યાં સાથે રાખ્યા હતા. ૧૩. મહારાજ ! હવે આપ અમારી આ જૂનાગઢની જગ્યામાં શિખરબદ્ધ મંદિર અવશ્ય કરશો જ, એવો મને કોલ આપો." ૧૪.

પછી શ્રીહરિએ ઝીણાભાઈને જૂનાગઢમાં મંદિર કરવાનો કોલ આપ્યો. તેથી તેઓ હાથ જોડીને રાજી થયા. ૧૫. પછી ઝીણાભાઈએ (સં.૧૮૮૩, માગશર સુદ દશમના દિવસે) દેહત્યાગ કર્યો ત્યારે શ્રીહરિ તેમની સમીપે જ બેઠા હતા. એવા તે મહાન ભાગ્યશાળી હતા. જ્યારે સવાર થયું ત્યારે તૈયાર કરેલા વિમાનમાં(અંતિમવિધિની પાલખીમાં) તેમને બેસાડ્યા. તેમના શરીર ઉપર કેસરયુક્ત ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. કસુંબલ રેંટો માથે બંધાવ્યો. એક શાલ લઈ શરીર ઉપર ઓઢાડી દીધી. બધું વિમાન જરીમય કરી દીધું હતું. તે

સમયે ઝાંઝ અને મૃંદગ વાગતાં હતાં. ૧૬-૧૮. ઝીણાભાઈના શરીરને દામોદર કુંડે લઈ ગયા. તેમના પુત્ર હઠીભાઈએ તેમના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. પછી શ્રીહરિ ગિરનાર પર્વત ઉપર ચઢ્યા અને ગૌમુખી ગંગા સુધી ગયા. ત્યાં સુધીમાં વચ્ચે બે વખત બેઠા. જ્યારે દામોદર કુંડથી ચાલ્યા તે ભવેશ્વર મહાદેવ આવ્યા. ત્યાંથી આગળ પાંડવોની જે દેરી છે ત્યાં શ્રીહરિ બેઠા. ૧૯-૨૧.

પછી જ્યારે ત્યાંથી ચાલ્યા તે રા ખેંગારનો મહેલ આવ્યો ત્યાં આવીને બેઠા. ત્યાં શ્રાવકોનાં દેરાં દેખાતાં હતાં. ૨૨. શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે જ્યાં ગૌમુખી ગંગા છે ત્યાં આવ્યા. ત્યાં થોડીવાર બેસીને પાછા ફર્યા તે રા ખેંગારને મહેલ આવ્યા. ૨૩. ત્યાં થોડીવાર બેસીને જ્યારે ચાલ્યા તે પાંડવોની દેરી છે ત્યાં આવ્યા. સુખદાયક શ્રીહરિ ત્યાં થોડીવાર બેઠા, પછી ત્યાંથી આગળ ચાલ્યા. ૨૪. જ્યારે એક વાવ આવી ત્યારે શ્રીહરિ તે વાવમાં નાહ્યા અને તરત શરીરમાં શાંતિ થઈ. ૨૫. તે વખતે વૃંદાવન નામે એક હરિભક્ત નાગર હતા, તે શ્રીહરિને માટે ડબો ભરીને પેંડા લાવ્યા. ૨૬. તે ડબો જ્યારે શ્રીહરિની આગળ મૂક્યો ત્યારે ઘણા ઉત્સાહથી શ્રીહરિ તે પેંડા જમ્યા. ૨૭. શ્રીહરિ પાંચ છ જેટલા પેંડા જમ્યા અને તેની સાથે ગોળ કેરીનું અથાણું પણ ઘણા ભાવથી જમ્યા. કારણ કે, યોગ્ય સમય હતો ત્યારે આ પેંડા આવ્યા હતા. શ્રીહરિ તે પેંડા જમી રહ્યા ત્યારે તેમાંથી પાંચ પાંચ પેંડા શ્રીહરિની સાથે જે હતા તે સહુને આપ્યા.

પછી ત્યાંથી શ્રીહરિ પાછા ચાલ્યા તે દામોદર કુંડે આવ્યા. ૨૮-૩૦. ત્યાંથી ચાલીને ઉતારે આવ્યા અને દરબાર દાદાભાઈના દીવાનખાનામાં રહ્યા. શ્રીહરિ જ્યારે જ્યારે જૂનાગઢ આવતા ત્યારે ત્યાં ઊતરતા હતા. શ્રીહરિ ત્યાં દસ-બાર વખત ઊતર્યા હતા અને હરિભક્તોને ઘણું સુખ દીધું હતું. જ્યારે સાંજનો સમય થયો ત્યારે દાદાભાઈ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા અને પગે લાગીને સન્મુખ બેઠા. શ્રીહરિએ દાદાભાઈને આવકારીને સન્માન કર્યું અને પછી બોલ્યા, "તમારી જે ફૂલવાડી છે તેટલી જગ્યા અમને આપો, તો અમે તેમાં શિખરબદ્ધ મંદિર કરાવીએ. આ જૂનાગઢ શહેર રાજધાનીનું કહેવાય છે. ૩૧-૩૪. જેવાં ચાર ધામ પ્રસિદ્ધ છે તેવી આ ભૂમિ છે. તેવી

જ રીતે આ ભૂમિ ઉપર ગિરનાર પર્વત પણ પ્રસિદ્ધ છે. ૩૫. સોરઠ દેશમાં આ જૂનાગઢના જેવું બીજું કોઈ સ્થાન અમને પ્રિય નથી."

ત્યારે દાદાભાઈ બોલ્યા કે, "મહારાજ ! આ બધી ફૂલવાડી હું આપને આપું છું." ૩૬. તરત જ તેમણે લેખપત્ર કરી આપ્યો અને ઘણા ભાવથી તે ફૂલવાડીની જમીન શ્રીહરિને કૃષ્ણાર્પણ કરી, અને આ સેવા કરીને મનમાં પ્રસન્ન થયા. ૩૭. પછી બીજે દિવસે નવાબ બહાદુરખાને શ્રીહરિને પોતાના રાજદરબારમાં પધરાવ્યા અને સન્માન કર્યું. ૩૮. નવાબ ઘણા હેતથી શ્રીહરિની આગળ બોલ્યા કે, "આપ તો ઘણા મહાન છો. આપના સમાન બીજું કોઈ મોટું નથી." ૩૯. પછી તેમણે એક શ્રેષ્ઠ આસન ઉપર ઘણા ભાવથી શ્રીહરિને બેસાડ્યા અને પછી નવાબ બોલ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિની હાજરીમાં દરબાર ઝીણાભાઈનો અગ્નિસંસ્કાર થયો" એ નામે એકસો ને ચોવીશમો તરંગ સમાપ્ત ॥૧૨૪॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૫

શ્રીહરિ જૂનાગઢથી ગઢડા જતાં વાંકિયામાં રાત રહ્યા

વળી, મુક્તાનંદ સ્વામી દરબાર દાદા ખાચરને શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહેતા હતા, તેમાં જૂનાગઢના નવાબ શ્રીહરિ પ્રત્યે જે બોલ્યા હતા તે વાત હું લખું છું. ૧. નવાબ સાહેબે શ્રીહરિની પધરામણી કરી ત્યારે શ્રીહરિની આગળ એમ કહ્યું કે, "નિષ્કામધર્મ સૂર્ય સમાન છે. પરંતુ આ ભૂમિ ઉપર અપાર મતપંથો છે તે કોઈ પ્રાયઃ તેને લગાર પણ પાળતા નથી. ૨. અને માંસ, મદિરા, ચોરી અને વ્યભિચાર કરતા રહે છે. તેથી આ માનવશરીરને પાપરૂપ દરિયામાં બોળી દે છે. ૩. પરંતુ જેટલાં મોટાં મોટાં સરદાર(મુખ્ય) પાપો છે તે બધાંને આપે આ વખતે ખોળી ખોળીને કબજે કરી લીધાં છે. ૪. આપે જે જે પાપોને કબજે કર્યાં છે, તે બધાંને મતપંથીઓએ ગ્રહણ કરી લીધાં છે. આ દુનિયામાં જે મનુષ્ય જેવાં પાપ ગ્રહણ કરે છે, તેવાં

નામથી લોકો તેને બોલાવે છે. ૫. કોઈ માણસ મદ્ય(દારૂ) પીતો હોય તો તે મદ્યપી-દારૂડિયો કહેવાય છે. પછી તે ગમે તે વર્ણનો કે ગમે તે આશ્રમનો હોય, ગમે તેવો રાજા કે ગમે તેવી પ્રજા હોય, પણ જે મનુષ્ય જેવું વ્યસન રાખતો હોય છે, તેનું તેવું નામ પડી જાય છે. ૬-૭.

ચાહે તેવો ગુરુ હોય પણ તેણે જો બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કર્યો હોય પછી તેને જે લોકો ગુરુ કહે છે, તેને સાચા ગુરુની કાંઈ ગમ હોતી નથી. ૮. ગુરુના ગુણ વગરના જેટલા ગુરુઓ છે, તે બધાને તો હું ગધેડાં સમાન માનું છું. આપના સત્સંગમાં સાચો ધર્મ રહ્યો છે. ૯. આપ અહીં જૂનાગઢમાં એક મુકામ(મઠ-મંદિર) બનાવો. જેને લીધે અમને નકામા લોકો ઓળખાશે. આપને જરૂર હોય તે પ્રમાણે અમે મહોરછાપ સહિતનો લેખપત્ર કરી આપીશું. ૧૦. જેવો આપની નજરમાં આવે તેવો અદ્ભુત મુકામ બનાવો. જેને તમારો ધર્મ ન રુચતો હોય એવા લોકો જ્યારે તેમાં કોઈ ઉપાધિ કરે ત્યારે તમે અમને તરત આવીને કહેજો. અમે તેને બોલાવીને જે હશે તે પૂછશું અને આપના મુકામની અમે સંભાળ રાખશું. સહુ લોકો અમારાથી ડરતા હોય છે." ૧૧-૧૨. આમ કહીને રાજીપે મહોરછાપવાળો પત્ર તરત કરીને શ્રીહરિના હાથમાં આપ્યો. ૧૩. શ્રીહરિએ જ્યાં જગ્યા કહી તેનો ખતપત્ર લખી આપ્યો. પછી શ્રીહરિએ પેંડાનો એક થાળ ભરીને નવાબને આપ્યો. પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા.

ત્યારે રઘુવીરજીએ શ્રીહરિને માટે થાળ કરીને તૈયાર રાખ્યો હતો. શ્રીહરિએ ફરીવાર સ્નાન કર્યું અને પછી પોતે જમ્યા. તે દિવસે હરિભક્ત દેવરામ સુતારનો થાળ હતો. ૧૪-૧૬. શ્રીહરિ જમી રહ્યા પછી શ્રીહરિની સાથે જે આવ્યા હતા, તે બધા પણ જમ્યા. પછી સહુ તૈયાર થયા અને શ્રીહરિ જૂનાગઢથી ચાલવા માટે અશ્વ ઉપર આવીને બેઠા. ૧૭. જૂનાગઢથી નીકળ્યા પછી રસ્તામાં ત્રણ રાત રહ્યા અને હરિભક્તોને બહુ સુખ આપ્યું. પહેલે દિવસ **જેતપુર**માં આવ્યા. ત્યાં કણબી ભાણાભાઈને ઘેર આવીને ઘણા હેતથી રાત રહ્યા. ભાણાભાઈ પાકા હરિભક્ત હતા. ત્યાંથી રાત રહીને ચાલ્યા તે

પીપળિયા ગામ આવ્યા. ત્યાં લક્ષ્મણભાઈ અને હીમાભાઈ ઠક્કર હરિભક્ત હતા, તેને ઘેર આવીને પરમ સુખદાયક શ્રીહરિ રાત રહ્યા. ૧૮-૨૦.

તે હરિભક્તોએ ઘણા ભાવથી શ્રીહરિની સેવા કરી. શ્રીહરિ તેમને ઘેર પહેલાં પણ કેટલીયે વાર આવ્યા હતા. ૨૧. તે ભક્તોને વધારે ને વધારે ભાવે સહિત સેવા કરવાની ઘણી ઉમેદ હતી. વળી, ભક્તોનો ભાવ વધારે ને વધારે વધે એવું શ્રીહરિને પણ ઘણું તાન રહેતું હતું. ૨૨. પછી ત્યાંથી સવારમાં જ શ્રીહરિ ચાલતા થયા તે હરિભક્તોના ઉપર ઘણો પ્રેમભાવ લાવી **કોટડા** ગામ આવ્યા. ૨૩. કોટડાના ગામધણી કાઠી દરબાર વાળા અટકના હતા. તે બહુ સરલ પ્રકૃતિના હરિભક્ત હતા. તેમને દર્શન દેવા માટે શ્રીહરિ દરબારગઢમાં આવીને રહ્યા. ૨૪. જેટલા હરિભક્ત વાળા અટકના હતા, તે બધાએ શ્રીહરિના બહુ ભાવથી દર્શન કર્યાં અને શ્રીહરિને રસોઈ જમવા માટે રોક્યા. રઘુવીરજીએ અનુપમ ભાવથી શ્રીહરિ માટે ઘણી અમૂલ્ય રસોઈ કરી હતી. ૨૫-૨૬. તે રસોઈ શ્રીહરિ જમ્યા અને સાથે જેટલા હતા તે પણ જમ્યા. પછી શ્રીહરિ તે કોટડા ગામથી ચાલતા થયા. ૨૭. વાંકિયા ગામના દરબાર મોકા ખાચર હતા. તેણે પોતાના દરબારગઢની ચારેબાજુ ગઢ કરાવ્યો હતો. ૨૮.

શ્રીહરિ તે **વાંકિયા**માં આવ્યા ત્યારે દિવસ બે ઘડી બાકી હતો. શ્રીહરિ દરબારગઢમાં આવીને ઊતર્યા. તે ગઢને જે બુરજ કર્યા હતા તે બધા શ્રીહરિને દેખાડ્યા. મોકા ખાચરે શ્રીહરિને ગઢ તથા બુરજ ઉપર ફેરવ્યા અને પછી પોતાના દિલનો જેવો ભાવ હતો તેવું કહ્યું, "મહારાજ ! આપને રહેવા માટે મેં અહીંયાં આ ગઢ કરાવ્યો છે. કેમ જે, ગઢપુરમાં તે પ્રદેશના રાજા ભાવનગરના વજેસિંહ મતવાલા(મનસ્વી) છે. ૨૯-૩૧. તે ક્યારેય આપનું ધાર્યું થવા દેતા નથી. જોકે, તેના પણ નાડી પ્રાણ તો આપના જ હાથમાં છે.

⁕ સર્વનિયંતા શ્રીહરિ જ છે :

અનંતકોટિ બ્રહ્માંડમાં જેટલા જીવ રહ્યા છે તેમના નાડી પ્રાણ આપના હાથમાં છે. અરે ! અક્ષર આદિકના નાડી પ્રાણ પણ આપના હાથમાં છે. ૩૨-૩૩. કાળ, કર્મ, માયા, જમરાજ, આ બધાં આપના ભયથી કાંપતાં રહે છે. આપના સમાન કોઈ જ સમર્થ નથી. છતાં આપ જ્યારે જ્યારે મનુષ્યાકૃતિ

ધારણ કરો છો ત્યારે કોઈ તુચ્છ જેવા નાના માણસની પણ અદબ-મર્યાદા રાખો છો, એ ઘણી આશ્ચર્યની વાત છે. આપ સહુથી વધારે સમર્થ હોવા છતાં બીજાથી ડરીને ચાલો છો, આનાથી મોટું બીજું ક્યું આશ્ચર્ય કહેવાય ? ૩૪-૩૫. જેમાં જેટલું સામર્થ્ય હોય છે તે જ્યારે તેને છંછેડવામાં આવે છે ત્યારે તે દેખાડે છે. સૌથી અપાર સમર્થ હોવા છતાં વારંવાર જરણા કરવી એ તો એક આપનો જ સર્વોપરિ ગુણ છે. આવો ગુણ બીજા કોઈમાં નથી હોતો અને તેથી જ બીજા સર્વે આપનાથી ન્યૂન છે. ૩૬-૩૭.

આપનો જે આ ક્ષમારૂપી ગુણ છે, તેમાંથી એક લેશનો પણ લેશભાગ આપે ભૂમિ, વાયુ, સમુદ્ર, સૂર્ય અને મેઘને આપ્યો છે. ૩૮. **અપાર સમર્થ હોવા છતાં પણ આપ વિચારપૂર્વક સહન કરવાનો જેટલો ગુણ રાખો છો, તેટલો એ આપનો વિશિષ્ટ ગુણ છે.** ૩૯. જ્યારે જીવનો તો એવો ઊંડો સ્વભાવ છે જે, કોઈના પણ અપરાધને સહન ન કરવો, તે મેં તમને કહ્યો.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં “શ્રીહરિ જૂનાગઢથી ગઢડા જતાં વાંકિયામાં રાત રહ્યા” એ નામે એકસો ને પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૧૨૫॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૬

શ્રીહરિએ ગઢપુરની ભૂમિને ઉત્તમ કહી અને ભક્તોને માટે ઇષ્ટદેવનાં ચરિત્રમાં રુચિ કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વાંકિયામાં મોકા ખાચરે શ્રીહરિને જે વાત કહી તેને હવે સંભારીને હું કહું છું. ૨. “જેની બુદ્ધિ તુચ્છ હોય અને જેનું ભૂંડું થવાનું હોય, એવો મનુષ્ય બીજાના શુભ ગુણોને દેખીને તેમાં દોષ આરોપે છે. ૩. બીજાના શુભ ગુણને દેખીને જે પોતાના અંતરમાં બળી મરે છે તે ક્યારેય સુખ પામતો નથી. તે જ્યાં જાય છે ત્યાં તેને દુઃખ જ સહન કરવું પડે છે. ૪. **જીવ પોતાના એવા દુર્ગુણોને**

લીધે જ વારંવાર સંસારને પામતો રહે છે. જીવમાં જેટલા દુર્ગુણ રહ્યા છે તે સંસૃતિ કરાવનારા છે. ૫.

સત્સંગની જેટલી વાત છે તે બધી સંસૃતિને છોડાવનારી છે. માટે જેને સંસૃતિથી છૂટવાની ભાવના ઉદય પામે છે તે સત્સંગ કરે છે. જીવને જ્યારે આ સંસૃતિનો ડર લાગે છે ત્યારે જ તે સત્સંગ કરે છે. કારણ કે, એ ડરને લીધે જ સત્સંગનો ખપ ઊપજે છે. ડર વિના ખપ ઊપજતો નથી અને ખપ વિના જીવ સત્સંગ કરતા નથી. ૬-૭. જ્યાં સુધી આ સત્સંગનો ખપ ઊપજતો નથી ત્યાં સુધી આ જીવને વારંવાર સંસૃતિ રહ્યા કરે છે. ૮. વર્તમાન સમયમાં જે કોઈ પણ બાઈ-ભાઈ સત્સંગ કરે છે, ખરેખર તેનાં ધન્ય ભાગ્ય છે. આજ સુધીમાં અપાર લોકો સત્સંગ કરીને સફળ થયા છે, તેનો ગણે પાર આવતો નથી. આવી જે સત્સંગની પ્રથા છે તે શુદ્ધ અને નિર્દોષ છે. તે પહેલાં ક્યારેય સાંભળી નથી.” ૯-૧૦.

❋ સત્તા, સંપત્તિથી કથા-કીર્તનના સુખની મહત્તા :

ત્યારે શ્રીહરિ મોકા ખાચરની આગળ બોલ્યા કે, “ગઢપુર સમાન બીજી કોઈ ભૂમિ અમને પ્રિય લાગતી નથી. ૧૧. એ ભૂમિ બહુ બળવાન છે. અમને બીજે જાવું ગમતું નથી. અમે કોઈ રાજ્ય કે ભૂમિના જોરે કોઈ જગ્યાએ બંધાતા નથી. ૧૨. **અમને કોઈ સામેથી રાજ્ય કે ભૂમિ આપવા લાગે તો તેને અમે બંધન માનીએ છીએ. કેમ જે, ભગવાનની કથા, કીર્તન અને વાતોમાં જ અમે સુખ માનીએ છીએ. ભગવાનની કથા, વાર્તા, કીર્તન તથા ભગવાન સિવાયના જેટલાં સુખ છે તે બધાંને અમે દુઃખમય જ માનીએ છીએ.** ૧૩-૧૪. કથા, કીર્તન અને ભગવાનની વાતો ગઢપુરમાં જે રીતે થાય છે તેવો જોગ બીજે ક્યાંય નથી. અને જોગ વિના ક્યાંય ક્યારેય સુખ આવતું નથી. ૧૫. **ભગવાનના ધામમાં જેટલું સુખ રહ્યું છે તેટલું અમને ભગવાનનાં કથા, કીર્તન અને વાતોમાં સુખ આવે છે.** કેમ જે, આ ભૂમિ ઉપર ભગવાનના જે જે અવતારો થયા છે અને તેમણે જે નાનાં પ્રકારનાં ચરિત્રો કર્યાં છે તે બધાં કથા, કીર્તન અને વાતો દ્વારા ચોક્કસ દેખ્યામાં આવે છે. જેને ભગવાનમાં ભાવ નથી હોતો, તેને તે ચરિત્ર દેખ્યામાં આવતાં નથી. ૧૬-૧૮.

ભગવાનના જે જે અવતારો આ ભૂમિ ઉપર થયા છે તે તે અવતારના ભક્તોને જેવાં પોતાનાં ઈષ્ટદેવનાં ચરિત્ર ગમે છે, તેવાં બીજા અવતારનાં ચરિત્ર ચાહે તેવાં હોય તોપણ તે ભક્તને ભગવાનમાં અધિક અધિક રુચિ કરાવનાર થાતાં નથી. ૧૯-૨૦. જે અવતારના જે ભક્તો થયા છે, તેમને તે અવતારનાં ચરિત્ર જ વધારે વધારે રુચે છે. પોતાના ઈષ્ટદેવ સિવાય બીજા અવતારોનાં ચરિત્ર મનમાં એવાં ક્યારેય રુચતાં નથી, આવી અનાદિની રીત છે. તે ગ્રંથોમાં કહી હોય છે, જે પ્રસિદ્ધ રીતે દેખ્યામાં આવે છે. સંપ્રદાયો પણ વિવિધ પ્રકારના છે. તે બધા પોતપોતાના ઈષ્ટદેવનું ઘણું માહાત્મ્ય અને ચરિત્ર કહે છે. ૨૧-૨૩. ત્યારે જે દૃઢ ભક્ત હોય તેની દૃઢતા તેના વચન જણાવી દે છે. જેના જે ઈષ્ટદેવ હોય અને તેમના પ્રત્યે જેને જેવો ભાવ હોય તે ભક્તના વચનમાં તરત જ જણાઈ આવે છે. તે ભક્ત પોતાના ઈષ્ટદેવને સમાન બીજા કોઈને સમજતા નથી. ૨૪-૨૫. પોતાના ઈષ્ટદેવ કદાચ પોતા કરતાં બીજા બધાને અધિક કહે, તોપણ તેનું મન ભમે નહીં. ૨૬. જે અવતારો થયા છે તે પોતા કરતાં બીજા અવતારોને અધિક કહે છે, પણ તેથી કાંઈ તે અવતાર ઘટી જતો નથી." ૨૭.

મોકા ખાચર આગળ આટલી વાત કહીને શ્રીહરિ ત્યાં વાંકિયામાં રાત રહ્યા અને સવારમાં ત્યાંથી ચાલીને **ગઢપુર** આવ્યા. ત્યાં પોતાના અક્ષરભવનમાં રહ્યા. ૨૮. પછી ભીમ એકાદશીની તિથિ આવી ત્યારે શ્રીહરિએ તેનો ગઢપુરમાં ઉત્સવ કરાવ્યો. તે વખતે કેટલાક દેશનાં હરિભક્ત બાઈ-ભાઈ ગઢપુર આવ્યાં. ૨૯. દસ વીશ કોશ સુધીમાં ફરતા સંતો હતા તે પણ ઉત્સવ ઉપર આવ્યા. ગુજરાત અને ચરોતરથી સહુ હરિભક્ત બાઈ-ભાઈ આવ્યાં. તે દરેક હરિભક્ત શ્રીહરિને માટે દસ દસ કેરી લાવ્યા હતા. તે કેરી શ્રીહરિની આગળ મૂકી. તે કેરી દેખીને શ્રીહરિએ તેને વખાણી અને તેમાંથી કેટલીક કેરી ધોઈને ચૂસી. ૩૦-૩૧.

શ્રીહરિ હરિભક્તોને હેત ઉપજાવવા તેમના મનોરથને પૂર્ણ કરતા હતા. જ્યારે કેરીની ઋતુ આવે ત્યારે બે માસ સુધી પાકી કેરી શ્રીહરિ જમતા હતા. શ્રીહરિને જે પ્રમાણે રુચે તેમ સવારે અને સાંજે બે વખત કેરી

જમતા. શ્રીહરિને કેરીમાં ઘણો ભાવ હતો. ૩૨-૩૩. સવારના દસ વાગે હરિભક્તો શ્રીહરિ માટે થાળ કરાવતા હતા. તેમાં ધોળા ઘઉં અને મેંદાની પાતળી રોટલી કરાવતા. ૩૪. પછી તાજા ઘીમાં રોટલીને બોળાવી દેતા અને જે પાકેલી કેસરી સુગંધી કેરી હોય તેનો રસ કઢાવતા. ૩૫. મુકુંદાનંદ વર્ણી તે રસમાં પ્રમાણસર સાકર અને ઘી નાખતા. પછી ચાંદીના કટોરામાં રસ લઈને શ્રીહરિને પીરસતા. ૩૬. થાળમાં એક બે ત્રણ રોટલી ધરાવીને અલગ અલગ કટોરામાં શાક ધરાવતા. ૩૭. તે વખતે શ્રીહરિ ઘણા ભાવથી રસ અને રોટલી જમતા. બાઈ-ભાઈ સહુ હરિભક્ત શ્રીહરિની સેવાનો આવો ઘણો લાભ લેતાં હતાં. ૩૮.

જ્યારે શ્રીહરિ જમી રહેતા ત્યારે જેને ખપતું હોય તેવા હરિભક્તો થાળની પ્રસાદી માગી લેતા. કારણ કે તે પ્રસાદી બ્રહ્માદિક દેવતાઓને માટે પણ દુર્લભ હતી. જેને અન્ન ન ખપતું હોય એવા જે વિપ્રાદિક હરિભક્ત બાઈ-ભાઈ હોય તે પેંડા, બરફી અને સાકરના થાળ ભરી ભરીને લાવતાં હતાં. ત્યારે શ્રીહરિ તેની પ્રસાદી કરી તેમને આપતા હતા. વિપ્ર ઈત્યાદિક બધાં હરિભક્તો તેવી રીતે પ્રેમથી મેવા પણ લાવતાં હતાં. ૩૯-૪૧. તેને શ્રીહરિ હરિભક્તોનો ભાવ જોઈને જમતા. એ પ્રમાણે તે હરિભક્તો પ્રસાદી લેતા હતા. શ્રીહરિ ગઢપુરમાં હતા ત્યારે નિત્ય અધિક અધિક ઉત્સવ થતા રહેતા હતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરની ભૂમિને ઉત્તમ કહી અને ભક્તોને માટે ઈષ્ટદેવનાં ચરિત્રમાં રુચિ કહી" એ નામે એકસો ને છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૧૨૬॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૭

શ્રીહરિએ લક્ષ્મીબાગમાં કીર્તન સાંભળ્યાં અને ફૂલથી ગરકાવ બની દરબારમાં આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ ભીમ એકાદશી પહેલાં જ જૂનાગઢથી તરત ગઢપુર આવી ગયા હતા. ૨. તેમાં એક દિવસ મધ્યાહ્ન પછી શ્રીહરિ સર્વ સંતો તથા સર્વ હરિભક્તોને સાથે લઈ અશ્વ ઉપર બેસીને લક્ષ્મીબાગે પધાર્યા. પછી ત્યાં આંબાવાડિયાની વચ્ચે જે વેદિકા હતી તેના ઉપર બેઠા. ૩-૪. ત્યાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી સરોદ, સિતાર અને દુકડ વગાડીને કીર્તન ગાતા હતા.

❋ વૃદ્ધ દેવાનંદ સ્વામીની સંગીતકળા :

તેમાં વૃદ્ધ દેવાનંદ સ્વામી ગાનકળામાં સહુથી સરસ હતા. રાગનાં જેટલાં ઘર હોય છે તે બધાંને તેઓ જાણતા હતા. ૫-૬. તાલ, સ્વર અને ગ્રામના જેટલા ભેદ હોય છે તેને તથા એકવીશ પ્રકારની મૂર્છનાની રીતને પણ અતિશય વિશુદ્ધ રીતે જાણતા હતા. ૭. તેઓ રાગ તથા રાગિણીનો જેવો સમય હોય તેને સંભારીને ગાન કરતા તેમજ જેટલી જાતના તાલ હોય છે તેમાં પણ તેઓ નિપુણ હતા. ૮. તેઓ ગાનવિદ્યામાં એવા કુશળ હતા કે જેટલા ગાંધર્વો છે તે પણ તેમની પાસે ગાનકળા શીખવા ચાહતા હતા. આ વૃદ્ધ દેવાનંદ સ્વામી બધી જાતનાં વાજિંત્રોમાં પણ ઘણા કુશળ હતા. ૯. નૃત્યકળાની જેટલી ગતિઓ કહેવાય છે તેમાં પણ તેઓ કુશળ હતા. સવારે તથા સાંજે બંને વખતે શ્રીહરિની આગળ તે મુનિવર ગાન કરતા હતા. તે ગાનનું વર્ણન કરી શકાતું નથી. ક્યારેક ક્યારેક જ્ઞાનાનંદ સ્વામી પણ ગાન કરતા હતા. શ્રીહરિ લક્ષ્મીબાગમાં આગળ કહ્યા પ્રમાણે ગાન કરાવતા હતા.

જ્યારે દિવસ દોઢ પહોર બાકી રહ્યો, તે સમયે દાદા ખાચરને ઘેર પુત્ર બાવા ખાચરનો જન્મ થયો. ત્યારે લગભગ વીશ વર્ષની ઉંમરના કાઠી

રાઠોડભક્તે શ્રીજીમહારાજને જન્મની વધામણી આપી કે, દાદા ખાચરની પત્નીને ખોળે પુત્રનો જન્મ થયો છે. ૧૦-૧૩. શ્રીહરિએ આ સમાચાર સાંભળ્યા એટલે તરત જ તે રાઠોડભક્તને પાઘ બંધાવી અને કહ્યું કે, "પુત્ર જ ગરાસનું અચળ મૂળ છે. ૧૪. મૂળ વિનાનો ગમે તેવો ગરાસ હોય તોપણ તેનો નાશ થઈ જાય છે. મૂળ હોય તો જ ગરાસ રહે છે. ૧૫. જો બીજા પુત્રરૂપી મૂળ હોય તો ગરાસ ઘણો નિર્ભય કહેવાય. બીજા મૂળરૂપી પુત્ર ન હોય તોપણ ઘણા ગરાસનો નાશ થાય છે." ૧૬.

આટલી વાત કરીને શ્રીહરિ કીર્તન ગવડાવવા લાગ્યા. બે ત્રણ ઘડી સુધી કીર્તનગાન કરાવ્યું. ૧૭. તે સમયે લક્ષ્મીબાગની ફૂલવાડીની રક્ષા સચ્ચિદાનંદ સ્વામી, કેશવાનંદ સ્વામી અને કૃષ્ણદાસજી કરતા હતા. તેઓ ઉત્સાહથી ગુલાબના હાર અને તોરા કરીને શ્રીહરિને ધરાવતા હતા. ગુલાબના બાજુબંધ તથા ગુચ્છ પણ ધરાવતા હતા. તે બાગની સંભાળ રાખવા માટે બીજા દસ-બાર જેટલા ત્યાગી હરિભક્તો નિત્ય રહેતા હતા. હરજીભક્ત અને ઉકાભક્ત, બંને ભાઈ આ બાગમાં મુખ્ય અધિકારી રહ્યા હતા. ૧૮-૨૦. તે બેને પૂછ્યા સિવાય બાગમાં જે કાંઈ ફળ કે ફૂલ આદિક હોય તેમાંથી કોઈ સંત, વર્ણી કે હરિભક્ત કાંઈ લગાર પણ લઈ શકતા નહીં. ૨૧.

❋ મર્યાદાની મહત્તા :

મર્યાદા રાખ્યા વિના કોઈ પણ બાબતની કાંઈ શોભા કે વ્યવસ્થા રહેતી નથી. ગમે તેવા મોટા હોય, પણ મર્યાદા છોડીને ચાલે તો તેની શોભાનો નાશ થઈ જાય છે. શોભા જાળવવા માટેનું જ જ્યાં ચલણ હોય ત્યાં દિવસે દિવસે શોભા અધિક વધતી રહે છે અને અપાર પ્રેમ થાય છે. જો શોભા ન હોય તો લગાર પણ પ્રેમ થાતો નથી. આ બ્રહ્માંડમાં પણ જેટલી શોભા છે તે બધી મર્યાદામાં જ રહી છે. ૨૨-૨૪. મર્યાદા છોડીને જેટલા દેવ, ઋષિ કે રાજાઓ વર્ત્યા છે તેની શોભા રહી નથી. ૨૫. **શોભા મર્યાદામાં રહી છે. મર્યાદા વિના લેશમાત્ર પણ શોભા રહેતી નથી. કારણ કે, તે મર્યાદાને લીધે જ રહે છે.** ૨૬. જેટલી શોભા છે તેનું દ્વાર એક મર્યાદા છે. આમ સમજીને પ્રયત્નપૂર્વક મર્યાદા રાખવી જોઈએ. ૨૭. જેટલી મર્યાદા રાખવામાં

આવે છે તેટલી શોભા રહે છે અને જેટલી મર્યાદા મૂકી દેવામાં આવે છે તેટલી શોભા રહેતી નથી, તેવું દેખાય છે. ૨૮.

આમ સમજીને તે બાગમાં જેટલા કાયમ રહેતા હતા, તે બાગના મુખ્ય હરજીભાઈ અને ઉકાભાઈને પૂછ્યા વિના ક્યારેય ફળ કે ફૂલ કાંઈ લેતા નહીં. ૨૯. મુખ્ય હોય તેને પૂછ્યા વિના કોઈ વસ્તુ કોઈને દેતા નહિ, કોઈ માંગે તોપણ દેતા નહીં. તે મુખ્ય હરજીભાઈને પૂછ્યા સિવાય કોઈ ફળ કે ફૂલ બીજાને આપે અને તેની જો શ્રીહરિને ખબર પડે, તો તેને બાગમાંથી તરત જ રજા આપવામાં આવતી હતી. બગીચાની સેવા માટે જેટલા હરિભક્ત રહેતા હતા તે બધાએ રોજ એક એક ફૂલનો હાર શ્રીહરિને અર્પણ કરવો; એમ હરજીભાઈ તથા ઉકાભાઈએ કહ્યું હતું. અથવા તે ભક્તો ફૂલનો ગુચ્છ, ફૂલના તોરા બનાવી કે ફૂલના બાજુબંધ, ફૂલની પોંચી, ફૂલની ટોપી, ફૂલની પાઘ ફૂલનો ખૂંપ, ફૂલનો પંખો, ફૂલનો દડો, ફૂલની છડી, ફૂલની પછેડી, ફૂલનો ઝભ્ભો કે ફૂલનો શિરપેચ કાંઈ પણ ફૂલની વસ્તુ બનાવીને હરખભેર શ્રીહરિને ધરાવતા હતા. ૩૦-૩૫.

જ્યારે શ્રીહરિ લક્ષ્મીબાગમાં આવે ત્યારે તે ભક્તો ફૂલનાં આભૂષણ ધરાવતા હતા. તેથી ફૂલોથી શ્રીહરિની મૂર્તિ અપાર સોહામણી લાગતી હતી. તેની શોભાનો કહ્યે પાર આવતો નથી. ૩૬. તે સમયની મૂર્તિના જે કોઈ પણ દર્શન કરતાં તેના જીવમાં મૂર્તિ ચોંટી જાતી હતી, પછી ક્યારેય જીવથી જુદી પડતી નહીં. કેમ જે, તે મૂર્તિની શોભા એવી બનતી હતી. ૩૭. શ્રીહરિ ફૂલમાં ગરકાવ થઈને તે સમયે અશ્વ ઉપર બેસીને ગઢપુર ગામમાં આવ્યા. ૩૮. દાદા ખાચરના દરબારમાં શ્રીહરિ જ્યારે આવ્યા ત્યારે જય જયકારનો શબ્દઘોષ કર્યો. ૩૯. ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ જે પલંગ હતો તેના ઉપર આવીને કમળનયન શ્રીહરિ બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "શ્રીહરિએ લક્ષ્મીબાગમાં કીર્તન સાંભળ્યાં અને ફૂલથી ગરકાવ બની દરબારમાં આવ્યા" એ નામે એકસો ને સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૧૨૭॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૮

પરસ્પર કોલ કર્યા મુજબ ઝીણાભાઈ દેવરામભાઈને તેડવા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પંચાળાના દરબાર ઝીણાભાઈએ દેહત્યાગ કર્યો તેને જ્યારે પંદરથી વીશ દિવસ થયા, ત્યારે ભુજવાળા દેવરામભાઈ નામે જે ગુર્જર સુતાર હતા તેની શું બીના બની, તે હવે કહું છું. તે સારા ઘડિયાળી કહેવાતા હતા. અને મોટા મોટા રાજાઓની ઘડિયાળનું કામ પણ કરતા હતા. ૨-૩. જેવા ગુણોને મોટા રાજાઓ અને મોટા મોટા સાહેબો પણ ઈચ્છે, એવા ગુણો દેવરામભાઈમાં હતા. ૪. પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિમાં તેમને અપાર હેત હતું. દેવરામભાઈના પિતાનું નામ જીવરામ હતું. ૫. જીવરામભાઈથી નાના ભાઈ પ્રાગજીભાઈ હતા. આ બંનેએ રામાનંદ સ્વામીનો દૃઢ સત્સંગ કર્યો હતો. ૬. તેમાં જીવરામભાઈને ત્રણ દીકરા હતા. મોટા દેવરામભાઈ, વચેટ નારાયણજીભાઈ અને નાના અજરામરભાઈ હતા. આ બધા સારા હરિભક્ત હતા. દેવરામભાઈ અને દરબાર ઝીણાભાઈને ઉપરથી ખોટી ખુશામત કરતા આવડતી નહીં. ૭-૮.

તેમને પ્રગટ ભગવાનનો સાચો સત્સંગ હતો. જે રીતે ઉદ્ધવજી મહિમા સમજતા હતા તે રીતે દેવરામભાઈ તથા ઝીણાભાઈ મહિમા સમજતા હતા. તેઓ ભગવાન તથા સત્સંગને સમાન કે તેથી અધિક કોઈ વસ્તુને ક્યારેય જાણતા નહિ, એવી રીતે તેઓ અંતરમાં વર્તતા હતા. ૯-૧૦. જે અંતરમાં જેવો મહિમા સમજતા હોય તે પ્રમાણે જ બહારથી અદબ-મર્યાદાપૂર્વક વર્તે છે, તેમને કાંઈ શીખવાડવું પડતું નથી. ૧૧. જેને અદબ શીખવાડવી પડે તેને તો નવા સત્સંગી જાણવા. જેવી સત્સંગની રીતિ હતી તે પ્રમાણે તે બંને અંતરમાં સહજપણે વર્તતા હતા. ૧૨. અસલ(ઑરિજિનલ) સત્સંગી અને નવા સત્સંગીમાં સમજણની દૃષ્ટિએ રાત-દિવસ જેટલો અપાર ફરક રહે છે. ૧૩. **જેના જીવમાં ભગવાન તથા સત્સંગની અરુચિ કોઈ દિવસ ન થાય તેનો સત્સંગ અસલ છે.** ૧૪. જેને અસલ સત્સંગ હોય છે તે પોતાનું શરીર

અને પોતાનું કુટુંબ, એ બધાં કરતાં ભગવાન તથા સત્સંગમાં જ મોક્ષ માને છે. અને જેટલું કાંઈ સુખ છે તે તમામ શ્રીહરિ તથા સત્સંગમાં જ માને છે. આવું તે ભક્ત મન, કર્મ, વચને અંતરથી માને છે. ૧૫-૧૬.

અને તેથી જ તેનું હૃદય હંમેશાં પાપરહિત અને પરમ પવિત્ર રહે છે. જેના હૃદયમાં જેવો ભાવ હોય છે તે તેના નેત્ર જ પ્રત્યક્ષ કહી દે છે. ૧૭. **જેના હૃદયમાં જેવો ભાવ હોય છે તે ક્યારેય આંખમાં છુપાયો રહેતો નથી. અને જેવો હૃદયનો ભાવ હોય તે વચન બોલવામાં પણ દેખાઈ આવે છે. ૧૮. વળી, જેનો જેવો ભાવ હોય તે લેણ-દેણમાં પણ દેખાય છે. તેમજ જેના અંતરનો ભાવ જેવો હોય તે પત્ર લખે તેમાં પણ દેખાય છે.** ૧૯. **હૃદયનો ભાવ દેખવાનાં આ ચાર દ્વાર છે : નેણ, વેણ, લેણદેણ અને લખાણ. તેમજ પ્રિય તથા અપ્રિય શબ્દ જાણવાનું દ્વાર શ્રોત્ર છે.** ૨૦. પ્રિય તથા અપ્રિય રૂપ દેખવાનું દ્વાર નેત્ર છે. પ્રિય તથા અપ્રિય ગંધ જાણવાનું દ્વાર નાસિકા છે. પ્રિય તથા અપ્રિય રસ ચાખવાનું દ્વાર જીભ છે અને પ્રિય તથા અપ્રિય સ્પર્શ જોવાનું દ્વાર ત્વચા છે. ૨૧-૨૨.

અસલ સાધુ છે કે આધુનિક સાધુ છે તે તેના વર્તનમાં દેખાઈ આવે છે. તેમજ અસલ હરિભક્ત અને આધુનિક હરિભક્ત પણ વર્તન ઉપરથી દેખાઈ આવે છે. જે બાબતને જાણવાનું જે દ્વાર હોય તે બધા પ્રગટ હોય છે. દ્વાર વગર જેનું જેવું રૂપ હોય તે યથાર્થ દેખ્યામાં આવતું નથી. ૨૩-૨૪. ઝીણાભાઈ તથા દેવરામભાઈએ પરસ્પર કોલ આપ્યો હતો. હવે તે બંનેએ પરસ્પર જે વાત કરી હતી તે કહું છું. ૨૫.

ઝીણાભાઈએ દેવરામભાઈને કહેલું કે, **'હું તમારા પહેલા દેહ છોડીને ધામમાં જઈશ અને તે પછી હું તમને તેડવા માટે શ્રીહરિને લઈને આવીશ, ભૂલીશ નહીં. અને જો તમે પહેલા શરીર છોડીને ધામમાં જાઓ તો મને તેડવા માટે આવજો. તમે મને આવો કોલ આપો, તો જ તમે મારા સાચા મિત્ર છો.'** આમ કહીને તે બંનેએ પરસ્પર કોલ આપ્યો હતો. ૨૬-૨૮. આવો પરસ્પર કોલ આપ્યા પછી બંને ચાર પાંચ વર્ષ સુધી જીવ્યા. તેમાં પહેલા ઝીણાભાઈએ દેહત્યાગ કરી દીધો. ૨૯. પછી દેવરામભાઈએ જાણ્યું કે, 'હવે ઝીણાભાઈ

જરૂર મને લેવા આવશે. તેમાં કાંઈ ખોટું નથી. માટે હવે હું ગઢપુરમાં જઈને શ્રીહરિની સમીપે દેહત્યાગ કરીશ.' ૩૦. આવું વિચારીને **દેવરામભાઈ ગઢપુર આવ્યા.** જ્યારે તેઓ ત્યાં દસ-બાર દિવસ રહ્યા ત્યારે તેમને ઘણો તાવ આવ્યો. તે સાંભળીને તે સમયે શ્રીહરિ ત્યાં આવ્યા. ૩૧.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા :

શ્રીહરિએ દેવરામભાઈના હાથની નાડી જોઈને તરત કહ્યું કે, "કસર તો ઘણી છે." પછી પાંચ સંતોને તેમની સંભાળ રાખવા માટે પાસે રાખ્યા. તેમના ભાઈ જે નારાયણજીભાઈ હતા, તેમને કહ્યું કે, "જે કાંઈ વસ્તુ જોઈએ તે મને કહેજો." ૩૨-૩૩. આ રીતે દેવરામભાઈ દસ-બાર દિવસ સુધી બીમાર રહ્યા. જ્યાં તેમને રાખ્યા હતા ત્યાં શ્રીહરિ દિવસમાં એક વાર ઘણા ભાવથી તેમને જોવા આવતા હતા. ૩૪. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી વગેરે સંતોને પણ શ્રીહરિ પોતાની સાથે ઘણા ભાવથી લાવતા હતા. આ રીતે દેવરામભાઈને દર્શન આપતા. કારણ કે, શ્રીહરિ તો હંમેશાં ભક્તને આધીન રહે છે. ૩૫-૩૬.

ભક્તને શ્રીહરિ પ્રિય હોય છે અને શ્રીહરિને ભક્તો પ્રિય હોય છે. ભક્તજનો શ્રીહરિની સમાન બીજા કોઈને પ્રિય માનતા નથી. ૩૭. જે ભક્તને શ્રીહરિ સિવાય બીજું કાંઈ પ્રિય નથી, એવા ભક્ત સમાન ચાહે તેવો ધનાઢ્ય હોય તોપણ તે શ્રીહરિને પ્રિય લાગતો નથી. ૩૮. પછી ઝીણાભાઈ શ્રીહરિને સાથે લઈ વિમાનમાં દેવરામભાઈને તેડવા માટે આવ્યા. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૩૯. તે વખતે દેવરામભાઈએ નારાયણજીભાઈને કહ્યું કે, "ઝીણાભાઈ મને વિમાન લઈને તેડવા આવ્યા છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "પરસ્પર કોલ કર્યા મુજબ ઝીણાભાઈ દેવરામભાઈને તેડવા આવ્યા" એ નામે એકસો ને અઠ્ઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૧૨૮॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૨૯

દેવરામભાઈના દેહત્યાગ પછી સહુ લોકો લૌકિકે આવતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. દેવરામભાઈના વચનને સાંભળીને નારાયણજીભાઈએ તેમના પ્રત્યે કહ્યું કે, "શ્રીજીમહારાજની મૂર્તિની સાથે જ જવાનો મનમાં વિચાર રાખવો. મહારાજની મૂર્તિ અંતસમયમાં હરિભક્તને અતિશય હેત કરીને ચોક્કસ લેવા આવે છે. ૨-૩. મૂર્તિ આવ્યા સિવાય દેહ છોડવા માટે ઉતાવળ કરશો નહીં. ભગવાન તો ભક્તાધીન છે માટે જરૂર આવશે. કેમ જે, એ તેમનું બિરુદ છે." ૪. ત્યારે દેવરામભાઈ બોલ્યા કે, "ઝીણાભાઈ શ્રીહરિને પણ સાથે લાવ્યા છે. તે શ્રીહરિની મૂર્તિની શોભા કહી શકાતી નથી. ૫. શ્રીહરિ પોતે જ કહે છે કે, હવે વિલંબ ન કરો. માટે હું શ્રીહરિની સાથે જાઉં છું." આમ કહીને દેવરામભાઈએ દેહનો ત્યાગ કર્યો અને વિમાનમાં બેસીને શ્રીહરિની સાથે ચાલ્યા. ૬.

પ્રગટમૂર્તિ શ્રીહરિ તો ભૂમિ ઉપર વિચરણ કરી રહ્યા છે. જ્યારે દેવરામભાઈએ દેહત્યાગ કર્યાનું સાંભળ્યું એટલે પોતે પોતાના નિવાસસ્થાનેથી ચાલીને સંતોની સાથે નારાયણજીભાઈને ઘેર આવ્યા અને દેવરામભાઈએ જે દેહ છોડ્યો, તે જોયું. ૭-૮. (જૂના ખરડામાં લખ્યું છે કે, જ્યારે દેવરામભાઈને દેહ મૂકવાનો સમય હતો ત્યારે મહારાજ તેમની પાસે ઊભા રહ્યા. પછી મહારાજ કહે, "ઝીણાભાઈ, દેવરામ અને પીપળાવના પ્રભાશંકર એ ત્રણ સરખા મુક્ત છે." પછી ગઢપુરમાં મહારાજે દેવરામભાઈ અને પ્રભાશંકર આ બંનેને પણ ઝીણાભાઈની પેઠે પાસે ઊભા રહીને દેહ મૂકાવ્યા.) પછી તેમના શરીરને નવડાવી, કેસરયુક્ત ચંદનનો શરીરમાં લેપ કર્યો. ફૂલના હાર પહેરાવીને તે વખતે તેમને વિમાનમાં બેસાડ્યા. પછી શ્રીહરિએ તેમને ઓઢાડવા માટે પોતાનો સુંદર રેંટો મગાવીને વિમાન ઉપર ઓઢાડી દીધો. ૯-૧૦.

પછી શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે, "તમે ઝાંઝ, મૃદંગ વગાડીને પ્યારથી ઉત્સવ કરતાં કરતાં ગામની રાજબજારમાં ચાલો. તમારી સાથે

અમે પણ ચાલીએ છીએ. ઉન્મત્તગંગાના સીમાડાને આરે ચાલો. ત્યાં જઈને અગ્નિસંસ્કાર કરવાનો છે." ૧૧-૧૨. (પછી પ્રભાશંકર તથા દેવરામ આ બંનેની સાથે પાલખીઓ બનાવરાવી. અને શ્રીજીમહારાજ ભેગા દેન દેવા સાથે ગયા, અને એક ચેહમાં જ બંનેના અગ્નિસંસ્કાર કરાવ્યા.) શ્રીહરિએ જેમ કહ્યું તેમ સહુએ કર્યું. પછી ઉન્મત્તગંગામાં સ્નાન કરીને ગઢપુર ગામમાં પાછા આવ્યા. ૧૩.

જ્યારે શ્રીહરિ ઉન્મત્તગંગાથી ગઢપુરમાં આવ્યા ત્યારે લૌકિક રીત કરવા માટે જીવા ખાચર પોતાના ભાઈ મૂળુ ખાચરની સાથે આવ્યા. તેઓ બીજો પણ સમાજ સાથે લાવ્યા હતા. ૧૪-૧૫. જીવા ખાચરની પાટીના-વિસ્તારના જેટલા મોટા મોટા વણિક હતા, તે પણ લૌકિક રીત કરવા માટે આવ્યા. ૧૬. દાદા ખાચરની પાટીના પણ મોટેરા વણિક વેપારી લૌકિક રીત કરવા માટે આવ્યા. જ્યારે લૌકિક રીત પ્રમાણે તેઓ પરસ્પર બોલવા લાગ્યા કે, 'ભાઈ ! કોઈનું મોત ટળતું નથી. આ બ્રહ્માંડ જેવાનો પણ નાશ થાય છે. માટે સહુના માથા પર મોતનો ત્રાસ તો રહેલો જ છે. ૧૭-૧૮. જે કોઈ દેહધારી છે તેને મૃત્યુ ક્યારેય છોડતું નથી. કોઈ જીવ ગમે તેવા શરીરમાં પ્રવેશ કરીને રહે પણ તે શરીરની સાથે જ મૃત્યુ રહ્યું હોય છે, પરંતુ જીવને તે દેખાતું નથી.' આવું લૌકિક રીત પ્રમાણે આવેલા લોકો પરસ્પર બોલતા હતા. આ રીતે લોકો દાદા ખાચરના દરબારમાં આવતા હતા.

ત્યારે શ્રીહરિ ઓરડાની ઓસરીએ પલંગ ઉપર બેસતા હતા અને જે લોકો આવતા તે શ્રીહરિને પગે લાગતા. ૧૯-૨૧. જીવા ખાચર આદિક જે આવ્યા હતા, તે શ્રીહરિની સમીપે બેઠા. મુક્તાનંદ સ્વામી આદિક સંતો પણ શ્રીહરિની સમીપે બેઠા. ૨૨. દેશદેશના જે હરિભક્તો હતા તે પણ શ્રીહરિની સમીપે બેઠા. તે વખતે જીવા ખાચરે બંને હાથ જોડીને શ્રીહરિ આગળ કહ્યું, "પાતાળથી લઈને સ્વર્ગલોક પર્યંત જેટલા દેહધારી છે તેમાં ભગવાનના ધામ સિવાયના જેટલા શરીરધારીઓ છે, તે બધાનો નાશ મૃત્યુ કરે છે, તેમ દેખાય છે. છતાં કોઈને લેશમાત્ર પણ મરણનો ભય લાગતો નથી, તો તેનું કારણ શું છે ? તે આપ કહો." ૨૩-૨૫.

ત્યારે શ્રીહરિ શાસ્ત્રના મતને અનુસારે બોલ્યા કે, "શાસ્ત્રના મત સિવાય બોલવામાં સાર હોતો નથી. ૨૬. શાસ્ત્ર સત્ય વાતને કહે છે અને જે સત્પુરુષો છે તેમણે શાસ્ત્રોને રચ્યાં છે. સત્પુરુષોએ રચેલાનું જ નામ શાસ્ત્ર કહેવાય છે. ૨૭. ભગવાને રામ-કૃષ્ણાદિક અવતારો ધર્યા છે, તે અવતારોને જે પ્રેમ-શ્રદ્ધાથી માને છે, તેને સત્પુરુષ કહેવાય છે. ૨૮.

✲ હરિસ્મરણનો મહિમા :

चोपाई :

जेहि तेहि मिष कर भगवाना, निश दिन संभारत रहाना;
जितनी घडि संभारत भयेऊ, तितनी घडी ताकु काल तेऊ...२९
नास करन समर्थ नहि होऊ, कोटिकल्प वित जावत तोऊ;
भगवान कु संभारत तिनके, ऐसे फल रहायेउ इनके...३०
भगवान कु संभारत जितना, सुख पावत रहे यह हि तितना;
जितना सुख यह जग में जिनकू, देखे में आवत हे तिनकू...३१

જે કોઈ પણ બહાને ભગવાનનું રાત-દિવસ સ્મરણ કરતા રહેવું. જેટલી ઘડી ભગવાનને સંભારે છે તેટલી ઘડીને કાળ કરોડો કલ્પ વીતી જાય તોપણ નાશ કરવા સમર્થ થાતો નથી. જે ભગવાનને સંભારે છે તેનું આવું ફળ થાય છે. ૨૯-૩૦. જે જેટલા ભગવાનને સંભારે છે તે તેટલું સુખ પામે છે. આ દુનિયામાં જેને જેટલું કાંઈ સુખ છે તે ભગવાનની સ્મૃતિ રાખવાના ફળરૂપે જ દેખ્યામાં આવે છે. ૩૧. જે જીવ મનુષ્યદેહને પામીને ભગવાનને સંભારતો નથી, અને બીજી-ત્રીજી અપાર બાબતો કરવામાં તેને ભાવ રહે છે, તેમાં તે સંતોષ પામતો નથી. પરંતુ તેને પછીથી જેટલું કાંઈ દુઃખ થાય છે તે ભગવાન નહિ સંભારી બીજું બધું કર્યાનું જ ફળ છે તેમ જાણવું. મરણ આદિકનું દુઃખ તો અપાર રહ્યું છે, જેનો કોઈ પાર આવતો નથી. ૩૨-૩૩.

ભગવાને જેટલાં દુઃખ રચ્યાં છે તે જીવને ભગવાનનો આશ્રય કરાવવા માટે કર્યાં છે, છતાં પણ જીવ ભાવથી ભગવાનને સંભારતો નથી. ૩૪. મોટા મોટા શહેરમાં સરકારે પોલીસથાણાં અને કેદખાનાં કર્યાં હોય છે,

તેમાં જે લોકો ન કરવાનાં કામ કરતા હોય તેમના સ્વભાવ છોડાવવા માટે અનેક પ્રકારનાં દુઃખ રચ્યાં હોય છે. છતાં પણ લોકોના અયોગ્ય સ્વભાવ છૂટતા નથી. અઘટિત કામ કરવામાં દુઃખ જ રહ્યું છે, તોપણ લોકો તે દુઃખ દેખતા નથી. ૩૫-૩૬. જેટલાં પતંગિયાં છે તે જ્યારે આગને દેખે છે ત્યારે તે આગમાં જઈને પડે છે અને તત્કાળ મરી જાય છે. આગમાં પડીને મરણ પામે છે, છતાં પણ પતંગિયાં પોતાના સ્વભાવનો ક્યારેય ત્યાગ કરતા નથી. ૩૭-૩૮. જેમાં દુઃખ રહ્યું હોય એવી બાબતને જોઈને જ્યારે મનુષ્ય તે કર્મ નથી કરતો, ત્યારે જીવને તે ક્રિયમાણનું દુઃખ આવતું નથી અને તેને અપાર સુખ રહે છે. જેટલી દુઃખમય ક્રિયા છે તેમાં તો ચોક્કસ દુઃખ જ રહ્યું છે." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "દેવરામભાઈના દેહત્યાગ પછી સહુ લોકો લૌકિકે આવતા" એ નામે એકસો ને ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૧૨૯॥



પૂર અઠ્ઠ્યાવીશમું : તરંગ - ૧૩૦

દેવરામભાઈની લૌકિકમાં શ્રીહરિએ સત્સંગનું મહત્ત્વ કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ જીવા ખાચર આદિની આગળ વાત કરી કે, "મૃત્યુ જે રીતે ટળી શકે તે રીતમાં ચાલ્યા સિવાય ક્યારેય તે મૃત્યુ ચોક્કસ ટળતું નથી. ૨. સત્સંગ કર્યા વિના કરોડો કલ્પ વીતી જાય, તોપણ કોઈ દિવસ ક્યારેય મૃત્યુ મટતું નથી, એવું દેખાય છે. ૩. મૃત્યુનો નાશ કરનાર તો એક સત્સંગ જ છે. જેમ અમે જાણીએ છીએ તેમ કહીએ છીએ. સત્સંગ કરવાથી મૃત્યુનાં જેટલાં બીજ રહ્યાં હોય છે કે જેને લીધે જીવને અનેક જન્મ લેવા પડે છે, તે બધાં બીજ સત્સંગ કરવાથી બળી જાય છે. સત્સંગ કર્યા સિવાય એ બીજ બળતાં

નથી. ૪-૫. મૃત્યુના બીજને બાળવા માટેનું એક દ્વાર સત્સંગ છે. સત્સંગ કરવાથી મૃત્યુનાં મૂળ સંપૂર્ણ રીતે બળી જાય છે. ૬.

માટે જેવી સત્સંગ કરવાની રીત છે તે રીતે સત્સંગ કરતા રહેવું. જેને સત્સંગ નથી તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થતી નથી. ૭. જે ભગવાન તથા ભગવાનના ભક્ત સિવાય આ બ્રહ્માંડમાં જે અનેક પ્રકારના ભોગ વૈભવ રહ્યા છે, તે સર્વેને વિઘ્ન કરનારા જાણે, આવી રીતની જેના અંતરમાં દૃઢ માન્યતા હોય, તેના મૃત્યુનો નાશ થઈ જાય છે, તેવા સંત-ભગતથી તો કાળ અને યમદૂત પણ રાત-દિવસ ત્રાસ પામે છે. સત્સંગની આવી અલૌકિક વાત છે; આવું સમજીને જે સત્સંગ કરે છે તેનું જ નામ સત્સંગી કહેવાય છે. ૮-૧૦. જેને નામમાત્રનો સત્સંગ છે તેને તેનાથી માયિક સુખ મળે છે. સત્સંગનું જે મૂળ છે તેની જેના મનમાં અરુચિ ન હોય પણ જે પોતાના મનમાં તે સત્સંગના મૂળ ઉપર જેવો ભાવ રાખતા હોય તેવું તેને સુખ મળે છે. ૧૧-૧૨. જેટલા સંતો અને હરિભક્ત બાઈ-ભાઈ છે તે બધાં સત્સંગનું મૂળ છે, એમ અમે સ્પષ્ટપણે કહીએ છીએ. ૧૩.

❋ સત્સંગનો પક્ષ રાખ્યાનું ફળ :

સત્સંગનાં જેટલાં મંદિર છે, તેમજ જે ધર્મવંશી આચાર્ય છે, અને તેમના જે ધર્મ-નિયમો છે તેની અને સત્સંગની, જે પોતાની શક્તિ પ્રમાણે સત્સંગ ઉપર ભાવ રાખીને મદદ કરે છે, તે ભગવાનના ધામને પામે છે. પરંતુ જે સત્સંગના મૂળ કાપવાનું ચાહે છે તેના વંશનો સમૂળગો નાશ થઈ જાય છે. ૧૪-૧૬. જ્યારે ભાવથી ખૂબ પ્રેમપૂર્વક સત્સંગના ગુણ ગાતો રહે અને સત્સંગ સમાન બીજા કોઈને ન જાણે; તેને કરોડો કલ્પનાં બંધન, જન્મ-મરણ તથા જમપુરીનાં દુઃખોનો નાશ થઈ જાય છે. તેમ જ જે જે દુઃખ કહેવાય છે તેના મૂળનો પણ ઉચ્છેદ થઈ જાય છે. ૧૭-૧૮.

જે સત્સંગ વગરના હોય તેને બ્રહ્માંડનું રાજ્ય મળે, ગમે તેટલું ધન મળે, કેટલીયે સોનામહોર મળે તથા જે કોઈ પણ બાબત હોય તે સર્વે તેને આધીન હોય, અને એક પણ બાબતમાં તે પરાધીન ન હોય, તોપણ તેને મૃત્યુ અને મૃત્યુ સિવાયના અપાર રોગ લગાર પણ ક્યારેય મટતા નથી. ૧૯-૨૦.

સત્સંગ કરવાથી તો જે જે દુઃખ હોય તે મટી જાય છે અને સુખ પ્રાપ્ત થાય છે. પ્રહ્લાદજી અને પ્રિયવ્રત જેવા અપાર રાજાઓએ સત્સંગ કર્યો હતો. તેથી તેમની જેવી કીર્તિ થઈ હતી, તેવી બીજા કોઈ રાજાની કીર્તિ થઈ નથી. સત્સંગ કર્યા વિના કોઈ પણ રાજા ગમે તેવો બળિયો હોય, મોટા મોટા પહાડોને પણ હાથમાં ઉઠાવી લેતો હોય, અને સમુદ્રમાં જવા આવવામાં જેને કાંઈ પ્રયાસ ન પડતો હોય; આવો મોટો બળવાન રાજા હોય, તોપણ સત્સંગ વિના તેને કીર્તિ પ્રાપ્ત થતી નથી. અરે ! પોતાની કીર્તિ વધારવાને માટે અગણિત લોકોએ માથાં પણ આપ્યાં છે. ૨૧-૨૪. છતાં પણ કરોડો કલ્પે સત્સંગના જેવી કીર્તિ થઈ નથી. આવો સત્સંગ મહત્ત્વપૂર્ણ છે, તેને કોઈ વિરલા જ જાણે છે. ૨૫.

સત્સંગ વિના બીજામાં તો અપાર દુઃખ રહ્યું છે. લોકો દુઃખને ઘણું સુખ માનીને તેમાં ખૂબ ચોંટી રહે છે. ૨૬. આ જીવ જે જે યોનિમાં જાય છે ત્યાં જે વિષય હોય તે વિષયમાં જીવ ચોંટ્યો રહે છે. તે વિષય સમાન બીજું કોઈ સુખ જાણતો નથી. જેટલા વિષયો છે તેમાં દુઃખ રહ્યાં છે છતાં પણ વિષયની આસક્તિએ કરીને તેમાં સુખ માને છે. ૨૭-૨૮. મોહવશાત્ જીવ ભગવાનનાં સુખ કરતાં પણ વિષયમાં અધિક સુખ માને છે. ગમે તેવો પુરાણોને ભણેલો હોય તોપણ તે વિષયમાં જ સુખ માને છે. ૨૯. જે સત્સંગ સિવાયના ગુરુ હોય છે અને જેણે સત્સંગ વગર જ ઘરનો ત્યાગ કર્યો હોય છે, તે સત્સંગ વગરના ચાહે તેવા મોટા મનુષ્ય, દેવ કે દૈત્ય હોય, તે વિષયમાં પરમ સુખ માની પરસ્પર વિરોધ કરે છે અને લડતા રહે છે. **આ જગતમાં જ્યાં જ્યાં વિરોધ થતો હોય છે તેના મૂળમાં વિષય જ રહ્યા હોય છે.** ૩૦-૩૧. જે જે દુઃખ રહ્યાં છે તે બધાંનું કારણ પણ વિષય જ છે, અને જે જે સુખ કહેવાય છે તેનું કારણ સત્સંગ છે. ૩૨.

આવી રીતની જે સમજણવાળા છે તેનો જ સત્સંગ સાચો છે. સાચા સત્સંગ વિના માણસને સત્સંગનું જેવું સુખ છે તેવું લગાર પણ આવતું નથી. સત્સંગનું સુખ તો અપાર છે, પરંતુ સત્સંગને જે રીતે સમજવો જોઈએ તે સમજણની વાત ઘણી દુર્લભ છે. ૩૩-૩૪. મનુષ્ય જેમ જેમ સત્સંગ કરે છે તેમ તેમ

સત્સંગની વાત અગાધ ને અગાધ રહે છે. સત્સંગની વાત તો આવી મહત્ત્વપૂર્ણ કહેવાય છે. ૩૫. 'સત્સંગ કરતા રહેવું', તે અનંત શાસ્ત્રોની સારભૂત વાત છે. જ્યાં સુધી સત્સંગ ન કરે ત્યાં સુધી અપાર શાસ્ત્રને ભણ્યો હોય, છતાં એક પણ શાસ્ત્રને તે ભણ્યો નથી. જ્યારે મનુષ્ય સત્સંગ કરે છે ત્યારે માનો, બધા જ ગ્રંથને ભણી ચૂક્યો છે. ૩૬-૩૭. જ્યારે સત્સંગ કરવામાં આવે છે ત્યારે દુઃખમાત્રનો નાશ થાય છે; સત્સંગ આવો મહાન છે, તેના સમાન બીજું કાંઈ નથી. ૩૮. સત્સંગનો મહિમા અપાર છે, તેને વારેવારે સાંભળીએ તોપણ તે મહિમા જેવો છે તેવો જ્યાં સુધી બાળબુદ્ધિ રહે ત્યાં સુધી હૃદયમાં ટકતો નથી. જે બાળબુદ્ધિ ન રાખે તેના માટે જ આ સત્સંગ છે. ૩૯-૪૦.

જ્યાં સુધી એક હરિભક્તને બીજા હરિભક્તની સાથે વૈરભાવ થતો રહે છે, ત્યાં સુધી તેને બાળબુદ્ધિ કહેવાય છે. ૪૧. જે હરિભક્ત હોય તેમણે તો પરસ્પર પોતાનાં સગાં-સંબંધી કરતાં પણ વધારે ને વધારે મન મળતું રાખવું જોઈએ. ૪૨. પોતે હરિભક્ત હોવા છતાં જે એકબીજાથી મન ચોરે છે, ત્યાં સુધી તે એકબીજાના ગુણોને છુપાવીને તેમાં જે દોષ હોય તેને પ્રસિદ્ધ કરતા રહે છે. એવા જે હરિભક્ત હોય તે બાળકમાં ગણાય છે. **જે હરિભક્તમાં રહેલા અણુ જેટલા ગુણને મેરુ સમાન મહાન દેખે છે, અને જેનું સત્સંગનું અંગ પલટી જતું નથી, તે હરિભક્તોમાં મુખ્ય ગણાય છે. જેનું સત્સંગનું અંગ પલટે નહિ તે હરિભક્ત સૂર્ય સમાન છે.** ૪૩-૪૫.

જેનું અંગ કાયમને માટે દૃઢતાથી એકસરખું ન રહે અને વધતું-ઘટતું રહે તે હરિભક્ત તો ચંદ્ર સમાન છે. જે હરિભક્ત વારંવાર વધતો ઘટતો રહે છે તેનો વિશ્વાસ લગાર પણ રહેતો નથી. **સત્સંગમાં વધવાની સ્થિતિમાં જો તે દેહનો ત્યાગ કરે, તો તે મોટો ભાગ્યશાળી ગણાય છે. સત્સંગમાં ભાવ ઘટતો હોય ને એ વખતે જો તે દેહનો ત્યાગ કરે તો તેનો જેવો ભાવ હોય, તેવું ધામ ભગવાન શ્રીહરિ તે ભક્તને આપે છે.** ૪૬-૪૮. હરિભક્તના દિલમાં જે રીતનો ભાવ રહ્યો હોય તેને ભગવાન ચોક્કસ રૂપમાં જાણતા હોય છે. તેથી ભગવાન તે ભક્તનું જતન કરતા રહે છે. ૪૯. જે હરિભક્તને સત્સંગ ઉપર જેવો ભાવ વર્તતો હોય તેવું સુખ તેના અંતરમાં શ્રીહરિ આપે છે. ૫૦.

❋ સત્સંગ અલૌકિક સુખ લેવા માટે છે :

સત્સંગ કરવા છતાં પણ જો સત્સંગનું સુખ ન આવતું હોય, તો સત્સંગ કરવામાં તેટલી કસર રહી હોય છે. ૫૧. આ સત્સંગ તો અલૌકિક સુખ લેવા માટેનો છે. તે સત્સંગ કરવા છતાં પણ જો દુઃખ રહેતું હોય તો સત્સંગ કરનારની સમજણમાં તેટલી કસર છે. ૫૨. સત્સંગ અનંત અને અપાર જાતનાં દુઃખોનો નાશ કરનારો છે. આ બ્રહ્માંડમાં સત્સંગ સમાન કોઈ સાર વસ્તુ નથી. ૫૩. જે સત્સંગ કરતો હોવા છતાં જ્યાં સુધી આવી સમજણ આવી નથી ત્યાં સુધી માનો, તેમણે સત્સંગ કર્યો જ નથી." ૫૪. (એમ કહીને શ્રીહરિએ કહ્યું કે, "જયારે ઝીણાભાઈ, દેવરામભાઈ અને પ્રભાશંકરના જેવી દૃઢ ભક્તિ થાય તેની ભગવાન સહાય કરે છે.")

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના અષ્ટાવિંશ પૂરમાં "દેવરામભાઈની લૌકિકમાં શ્રીહરિએ સત્સંગનું મહત્ત્વ કહ્યું" એ નામે એકસો ને ત્રીશમો તરંગ સમાપ્ત ॥૧૩૦॥

॥ ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે અષ્ટાવિંશ પૂર સંપૂર્ણ ॥૨૮॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૯

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧

શ્રીહરિના પાર્ષદ ભગુજીની કીર્તિ સાંભળીને અસુરો દાઝવા લાગ્યા

✵ મંગલાચરણ :

दोहा : श्री सहजानंद हरि के, पदपंकज सुखकंद;
वारमवार वंदन करूँ, हरन विकट भवफंद...०१
अपार जन उद्धारन हित, प्रगट भये अवतार;
शरण होत जन उद्धार हित, करत भये भवपार...०२

શ્રીસહજાનંદ સ્વામી શ્રીહરિનાં ચરણકમળ સર્વ સુખનું મૂળ છે અને ભયંકર સંસારનાં બંધનને ટાળનારાં છે, માટે હું તેને વારંવાર વંદન કરું છું. ૧. એવા શ્રીહરિ અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે અવતાર લઈને પ્રગટ થયા છે. તેથી પોતાના ઉદ્ધાર માટે જે કોઈ તેમને શરણે આવે છે તેને શ્રીહરિ ભવપાર ઉતારે છે. ૨. હવે હું સંભારીને ઓગણત્રીશમું પૂર લખું છું. આ પૂરમાં વિ.સં.૧૮૮૨ના વર્ષનાં ચરિત્ર લખવાનું મેં ધાર્યું છે. ૩. શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે તે બધાંને કહીએ તો તેનો પાર આવતો નથી, માટે હું સંક્ષેપથી કહું છું. છતાં પણ તેનો ઘણો વિસ્તાર થઈ જાય છે. ૪.

જે જે શ્રીહરિનાં ચરિત્ર છે તેનું કોઈ કારણ બતાવવામાં ન આવે, તો તેમાં રુચિ થાતી નથી. પણ જો કારણ દેખાડવામાં આવે તો રુચિ થાય છે. ૫. કોઈ હેતુ બતાવવા જઈએ તો વળી તેમાં અવાંતર બીજા હેતુ આવી જાય છે. તે અવાંતર હેતુને છોડી શકાતા નથી, તેને લીધે ગ્રંથ વધી રહ્યો છે. ૬.

જેમ જેમ ગ્રંથ લેખન સુગમ થાય એવો વિચાર કરીને હું લખું છું, પણ જેમ વિચાર કરું છું તેમ તેમ તે કઠણ થતું જાય છે. મારા જેવો જે લખે છે તેને માટે તે સુગમ દેખાય છે. ૭. ટીપે ટીપે ધીમો વરસાદ વરસે, તો તે પાણી તળાવ કે નદીમાં જાતું નથી. માત્ર ભૂમિ ઉપર થોડું ઠેરાય છે. જ્યારે વધારે વરસાદ પડે છે ત્યારે અપાર પાણી સાગરમાં જતું રહે છે, તેનો કહેતા પાર આવતો નથી. ૮. જે નવસો અને નવ્વાણું નદી પ્રસિદ્ધ કહેવાય છે, તેમાં એકેએક નદીમાં નિરંતર પાણી વહેતું રહે એવી થોડી છે. તેવી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર અને બાર જેટલી મોટી નદીઓ છે. તે સિવાયની બીજી પણ ઘણી નદીઓ છે. ૯-૧૦. એક એકથી નાની એવી ઘણી નદીઓ છે. તે સર્વે નદીઓ સમુદ્રમાં જઈને મળે છે. આટલી નદીઓ સમુદ્રમાં મળતી હોવા છતાં સાગર ક્યારેય છલકાતો નથી. ૧૧. જે દિવસથી બ્રહ્માંડની રચના થઈ છે તે દિવસથી સમુદ્ર રહ્યો છે, છતાં તે ક્યારેય પાણીથી છલકાતો નથી. માટે જ તેને મોટો કહેવાય છે. ૧૨.

❋ શ્રીહરિમાં ચિત્ત લાગે, તેનાં સર્વે પાપો ભાગે :

સંતો, વર્ણી અને બાઈ-ભાઈ હરિભક્તો, સહુ શ્રીહરિનાં ચરિત્રમાં પ્રેમભાવવાળાં છે, પણ તે બધાં એક રીતનાં હોતાં નથી. ૧૩. કેટલાક ભક્તોનું દિલ ચરિત્ર સાંભળવામાં સાગર જેવું વિશાળ હોય છે. કેટલાક ભક્તોનું દિલ ચરિત્રો સાંભળવામાં મોટી નદી કે મોટા સરોવર જેવું હોય છે. ૧૪. એક એકથી નાના કરતાં પણ જે નાના ભક્તો છે, તેમાં ઘણાંક હરિચરિત્રને સાંભળવામાં નદી જેવી રીતના હોય છે. કેટલાક ચરિત્ર સાંભળવામાં સરોવરની રીતના હોય છે. શ્રીહરિચરિત્રમાં જેને જેવી પ્રીત હોય, તે જ્યારે ચરિત્ર સાંભળે છે ત્યારે દેખી શકાય છે. ૧૫-૧૬. **ભગવાનનાં**

ચરિત્રની વાતો જેટલી સાંભળવામાં આવે છે, તેટલા તે સાંભળનારાના કરોડો કરોડ કલ્પનાં બધાં પાપ છૂટી જાય છે. ૧૭. ભગવાન વિના બીજા પદાર્થો માટે રાત-દિવસ જેટલા સંકલ્પ કરવામાં આવે છે, તેનું ફળ તો જન્મ, મરણ અને જમપુરી હોય છે. ૧૮. મનુષ્ય જેટલા અઘટિત સંકલ્પ કરે છે તેટલું તેને પાપ થાય છે, પણ સામાન્ય માણસ આ બાબતને કાંઈ જાણતા નથી. ૧૯.

चोपाई :

श्रीहरि तामें चित्त कु जितना, चोटावत रहे जन यह तितना;
तितना पाप होत यह नासा, तेहि हित हरिजन जो हुलासा...२०
हरि में चित्त रखना तामें, श्रद्धा रखत अधिक कर यामें;
श्रद्धा रखे विन पाप ताके, मूर नहीं जरत रहे वाके...२१
पाप के मूर उंडे रहेऊ, देख न नजर आवत तेऊ;
ज्ञानदृष्टि कर देखे आते, ज्ञानदृष्टि विन नहि देखाते...२२
ज्ञानदृष्टि सत्संग विनही, आवत नहीं हे कोउ दिनही;
ज्ञानदृष्टि ताकेउ द्वारा, सत्संग एक रहे निरधारा...२३

જે જીવ શ્રીહરિના સ્વરૂપમાં જેટલું ચિત્ત ચોંટાડે છે, તેટલાં તેનાં પાપોનો નાશ થાય છે. તેને લીધે જ હરિભક્તને આનંદ ઉલ્લાસ રહે છે. ૨૦. ભગવાનના સ્વરૂપમાં ચિત્ત જોડવામાં ખૂબ જ અધિક શ્રદ્ધા રાખવી જોઈએ. કેમ જે, શ્રદ્ધા રાખ્યા વિના ક્યારેય પાપનાં મૂળ બળતાં નથી. ૨૧. પાપનાં મૂળ તો ઘણાં ઊંડાં હોય છે. સામાન્ય રીતે જોવામાં આવે તો તે નજરે ચડતા નથી. જ્ઞાનદૃષ્ટિથી બધાં પાપ દેખી શકાય છે, પણ તે જ્ઞાનદૃષ્ટિ વિના દેખાતા નથી. ૨૨. એવી જ્ઞાનમયદૃષ્ટિ સત્સંગ કર્યા વિના ક્યારેય પ્રાપ્ત થતી નથી. કારણ કે, તેવી જ્ઞાનદૃષ્ટિને પ્રદાન કરનાર સાધન તો એક સત્સંગ જ ચોક્કસ રહ્યો છે. ૨૩. **ભગવાનના ધામને પામવાનું દ્વાર પણ એક સત્સંગ જ છે. માટે સત્સંગ જેવી બીજી કોઈ જ બાબત નથી.** ૨૪. સર્વોપરિ સત્સંગની મોટાઈ બધે છવાઈ ગઈ છે, પણ જે અસુરો છે તેનાથી તે સત્સંગની મોટપ સહન થઈ શકી નહીં. ૨૫.

દરબાર દાદા ખાચરનો જે રાજદરબાર હતો, તેમાં શ્રીહરિ ઘણા દિવસથી રહેતા હતા. ૨૬. અને તેને લીધે દાદા ખાચર ચાર ધામની વચ્ચેના

આ ભારત દેશમાં ભક્તપણાને કારણે ઘણા પ્રસિદ્ધ થઈ ગયા. તેમના જેવા બીજા કોઈ પ્રસિદ્ધ હતા નહીં. ૨૭. દાદા ખાચરની એવી પ્રસિદ્ધિ જોઈને અસુરો અંતરમાં અતિ દાઝી મરતા હતા. ત્યારે બીજી બાજુ જેટલા ક્ષત્રિય હરિભક્તો હતા, તે બધાને દાદા ખાચરની રક્ષા કરવા માટે શ્રીહરિએ રાખ્યા હતા. દેશપતિ રાજાને જ્યારે જ્યાં જરૂર પડે, ત્યારે તે રાજા દાદા ખાચરને બોલાવતા અને માન આપતા. રાજા તેને પોતાની સન્મુખ બોલાવતા. પછી રાજાનું જે લશ્કર હોય અને લશ્કરનો જે સૂબેદાર હોય, તે સૂબેદારે સહિત લશ્કર દાદા ખાચરને સોંપી દેતા હતા. તે રાજાના શત્રુની સન્મુખ જ્યારે લડવાનો પ્રસંગ આવે ત્યારે દાદા ખાચરની સાથે ભગુજી આદિક જેટલા ક્ષત્રિય પાર્ષદો હતા, તે રહેતા હતા. જ્યારે લડાઈનું કામ આવે તે સમયે તે શત્રુ ગમે તેવા મોટા હોય, તોપણ પ્રભુના પાર્ષદો તે શત્રુને પાછા હઠાવી દેતા અને જીત કરીને જ પાછા આવતા હતા. **એ ભગુજી આદિક જે કોઈ ક્ષત્રિય હરિભક્તો હતા તેમણે એક શ્રીહરિને પ્રસન્ન કરવા માટે પોતાનાં ગામ, ગરાસ તથા ઘર છોડી દીધાં હતાં. અને શ્રીહરિની સેવામાં આવીને રહ્યા હતા. તેમણે મરવાનો ભય છોડી દીધો હતો અને તેને લીધે જ તેમનો વિજય થતો હતો.** ૨૮-૩૪. તે ક્ષત્રિય હરિભક્ત સિવાય ગમે તેવો મોટો સૂબેદાર હોય અને રાજા પોતે તેને ઘણું માન આપતા હોય, તોપણ તે સૂબેદારને મરવાનો ભય રહેતો. ૩૫.

તે સૂબેદાર અને સૈનિકોને રાજા મોઢે માગ્યું ધન આપતા હતા, છતાં પણ તે લોકોને મરવાનો ભય તો રહેતો જ હતો. તેમાં શૂરવીર હરિભક્ત ક્ષત્રિયો જેવા કોઈ પણ ધીર સૈનિક હતા નહીં. ૩૬. શ્રીહરિ પોતાના ભક્તની આ લોક તથા પરલોકમાં સંભાળ રાખતા હતા. તે ક્ષત્રિય ભક્તને કૃપાદૃષ્ટિ કરીને દેખતા અને હૃદયના ભાવથી બોલાવતા. ૩૭. આ રીતે શ્રીહરિ પોતાના ભક્તોને બ્રહ્માંડના રાજ્ય કરતાં પણ કોટિ ગણું વધારે અને અવિચળ સુખ આપતા હતા; આવા શ્રીહરિ ભક્તવત્સલ હતા. ૩૮. પછી તો ઠેકઠેકાણે રાજદરબારોમાં ભગુજી આદિક ક્ષત્રિય પાર્ષદોની કીર્તિ શૂરવીરોને મધ્યે ગવાતી હતી. ૩૯. હવે તે સમયે જે અસુરો હતા, તેમણે શ્રીહરિના

પાર્ષદોના શૂરવીરપણાની ઘણી કીર્તિ સાંભળી. પછી તે બધા મનમાં બળી ઊઠ્યા. તેઓ રાત-દિવસ કોઈ નિમિત્ત ખોળતા હતા, અને કોઈ વાતનું નિમિત્ત મળી જાય તો ભગુજીની સામે લડાઈ કરવી; આવું મનમાં ધારતા હતા. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિના પાર્ષદ ભગુજીની કીર્તિ સાંભળીને અસુરો દાઝવા લાગ્યા" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨

અસુરો કપટથી આવીને ભગુજીની વીરતાની માહિતી મેળવતા હતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જે ઘણા બળવાન અસુરો હતા, તે દિલમાં કપટ રાખીને ભાણ ખાચરને ત્યાં આવી, તેના નોકર થયા. ૨. તે અસુરના દિલમાં કપટ ભર્યું હતું, પણ તેને ભાણ ખાચર જાણતા નહીં. બ-ત્રણ અસુરો ગઢપુરમાં આવતા રહેતા. ૩. દસ-પંદર દિવસે તે ગઢપુર આવતા. આમ ભગુજીની સાથે ઘણી વાતો કરી તેમણે ભગુજી સાથે મિત્રતા કરી લીધી. ૪. જ્યારે ભગુજી પાસે અસુરો આવીને બેસતા હતા, ત્યારે એકબીજાના શૂરવીરપણાનાં વખાણ કરતા હતા. ૫. તેમાં અસુરોએ એક વખત ભગુજીનો જે દેશ હતો, તે બાબતમાં પૂછ્યું. કારણ કે, **જ્યાં જેવો દેશ હોય છે ત્યાં તેવા મનુષ્ય પેદા થાય છે.** ૬.

માણસમાં દેશનો ગુણ રહેતો હોય છે. ક્યાંય બહાર જાય તોપણ દેશનો ગુણ ફરી જતો નથી. લોઢામાં પણ જે પાકું ગજવેલ જેવું લોઢું હોય, તો તે અન્ય લોઢાને પણ કાપી નાખે છે. ૭. પથ્થરની જાતમાં પણ ભારે માંયલો જે હીરાનો પથ્થર હોય છે, તે ફોડવાથી પણ ફૂટતો નથી. તેમ શૂરવીરમાં પણ જે ઘણો મહાન શૂરવીર હોય છે તેને યુદ્ધમાં અપાર ઉત્સાહ ચઢે છે. ૮. યુદ્ધ વખતે જેને વધારે ને વધારે ઉત્સાહ ચઢતો હોય તેને સાચો શૂરવીર

કહેવાય છે, પણ યુદ્ધમાં જેને ઉત્સાહની કસર રહેતી હોય તે શૂરવીરને કાચો કહેવાય છે. ૯. સાચો કે કાચો જે શૂરવીર હોય છે તે યુદ્ધ સમયમાં ઓળખાય જાય છે. ચાલુ યુદ્ધમાં જે આગળ ને આગળ પગ મૂકતો રહે છે અને તેમાં અધિક અધિક ભાવ રહેતો હોય છે, તે સાચો શૂરવીર છે. અને તેમાં વિશેષ બળ આવે છે. જે ક્યારેય પોતાનું પગલું પાછું મૂકે નહિ, તેને સાચો શૂરવીર કહેવાય છે. ૧૦-૧૧.

જ્યારે શૂરવીર પુરુષો સહજ સ્વભાવે ભેળા થાય છે, ત્યારે એકબીજાનાં હથિયારો તે શૂરવીર પુરુષ દેખતા હોય છે. શૂરવીરોની તેવી રીત હોય છે. તમે તમારાં શસ્ત્ર બતાવો એમ કહે છે ત્યારે શૂરવીર પુરુષો પ્રેમથી તેને શસ્ત્ર બતાવે છે. ૧૨-૧૩. જેવો શૂરવીર પુરુષ હોય છે તેવી તેની તલવાર હોય છે. તે શૂર પુરુષ તલવારને પોતાની પાસે જ રાખે છે, ક્યારેય દૂર રાખતો નથી. ૧૪. ભગુજી જે તલવારને પોતાની પાસે રાખતા હતા, તે અસુરને બતાવી ત્યારે અસુર તે તલવારને દેખવા લાગ્યા. ૧૫. તેમાં અસુરે કહ્યું કે, "સિંધ દેશના જેવી તલવાર ક્યાંય હોય નહીં." ત્યારે ભગુજીએ કહ્યું કે, "સિરોહી પ્રદેશની જે તલવાર છે તે શૂરવીરના હાથમાં આવે તો ઘણી સરસ કહેવાય છે. મનુષ્યમાં શૂરવીરતા ન હોય તો સિંધ દેશ કે સિરોહી દેશ, તેની તલવાર હાથમાં હોય તોય શું કરે ? ૧૬-૧૭. પરસ્પર શૂરવીર પુરુષોનું જે યુદ્ધ થતું હોય છે તે જ જગતમાં પ્રસિદ્ધિ પામે છે. શૂરતા સિવાયના કાયરને મારવામાં તો ઊલટી અપકીર્તિ થાય છે. ૧૮. પોતે શૂરવીર થઈને યુદ્ધમાં જો પાછું પગલું ભરે છે, તો દુનિયામાં તેની અપાર અપકીર્તિ થાય છે. પછી તે જ્યાં જાય ત્યાં તેનો કોઈ લગાર પણ વિશ્વાસ કરતા નથી, અને દગા જેવું બીજું કોઈ પાપ કહેવાતું નથી."

જ્યારે ભગુજીની પાસે અસુર આવીને બેસતા હતા ત્યારે ભગુજી એવી બધી વાતો કરતા. એકબીજા પોતપોતાના દાવમાં રમતા હતા. અરે ! અસુરો અને ભગુજી ક્યારેક ભેળા થાય તોપણ પરસ્પર ક્યારેય વિશ્વાસ રાખતા નહીં. અસુરો પોતા જેવા અસુરો ભેળા બેસતા ત્યારે એમ બોલતા કે, 'દાદા ખાચરના દરબારમાં જે પાર્ષદો છે તે બધા તો નમૂછિયા છે.' ૧૯-૨૩. તે પાર્ષદો હથિયાર બાંધે છે, ઠરડ મરડ કરતા ચાલે છે, મનમાં માને છે કે,

'અમારા જેવા કોઈ શૂરવીર નથી.' ૨૪. દાદા ખાચરની મોટપ તો ઘણી છે. તે ઘણા પ્રેમથી સ્વામિનારાયણની સેવા કરે છે. ૨૫. સાચા સદ્‌ગુરુની સેવા તે સેવા એવી હોય છે કે રાંકને પણ મોટો રાજા કરી દે છે. ૨૬.

❋ મોટાના પ્રતાપ આગળ અન્યનો પ્રતાપ તો કાંકરા જેવો છે :

જેમ આ દુનિયામાં જે સરકારનો પણ સરકાર ચક્રવર્તી રાજા હોય તેનો કોઈ ચાકર ગમે તેવો હોય, પણ તે સરકારના હુકમે કરીને તે એવો મોટો ગણાય છે કે તેની આગળ ગમે તેવો મોટો રાજા હોય, તે પણ તે નોકર જેમ કહે તેમ કરે છે. ૨૭-૨૮. તેમ જે કોઈ સાચા ઓલિયા પુરુષ હોય તેનો એવો અમાપ પ્રતાપ હોય છે કે, તેના પ્રતાપથી કાંકરા જેવો મનુષ્ય હોય, તે પણ મેરુ જેવો થઈ જાય છે. ૨૯. **કોઈ મનુષ્યની મેરુના સમાન કીર્તિ હોય, પણ તે જો કોઈ મોટા સત્પુરુષનો અપરાધ કરે તો તેની તે વિશાળ કીર્તિ પણ કાંકરા જેવી થઈ જાય છે.** કેમ જે, મોટાઓની તો વાત એવી છે. ૩૦. જેટલા દાદા ખાચરના નમૂછિયા પાર્ષદો છે તે હથિયાર બાંધીને ચાલે છે, પણ કોઈક નિમિત્ત કાઢીને તેની શૂરવીરતા અમારે જોવી તો છે. ૩૧.

આમ કરતા ચાતુર્માસના દિવસો આવ્યા. અષાઢ માસ આખો ઊતરી ગયો, ત્યારે શ્રાવણ માસ આવ્યો. ૩૨. ત્યારે જેટલા સંતો અને પાર્ષદો હતા, તે અષાઢ મહિનાની સુદિ એકાદશીથી ધારણા-પારણાનું વ્રત કરતા હતા. ૩૩. હરિભક્તો પણ પ્રેમથી કેટલીક જાતનાં ચાંદ્રાયણવ્રત કરતા હતા. તે બધા એક મહિના સુધી આવાં વ્રત-ઉપવાસ કરતા રહ્યા. તેમાં શ્રીહરિ રોજ આવીને ઘણા હેતથી તે સહુને દર્શન દેતા હતા, અને એટલું સુખ આપતા હતા, જે કહી શકાતું નથી. ધારણા-પારણા કરનારા જે સંતો અને પાર્ષદો હતા, તેમને જ્યારે પારણાનો દિવસ હોય ત્યારે કોઈ હરિભક્ત રસોઈ આપતા. તે દિવસોમાં શ્રીહરિએ પ્રેમથી સંતોને પીરસવાનું નિયમ રાખ્યું હતું. ૩૪-૩૬.

શ્રીહરિ સંતો તથા હરિભક્તોને પ્રેમથી નિત્ય દર્શન દેતા. જ્યારે દિવસ દોઢ પહોર બાકી રહે ત્યારે શ્રીહરિ ઘણા પ્રેમથી એક સારી બગીમાં બેસતા, અને તે બગીને પોતે ચલાવતા. આ રીતે શ્રીહરિ સંતો તથા હરિભક્તોને

અમાપ સુખ આપતા હતા. ૩૭-૩૮. વળી, શ્રીહરિ રોજ રોજ મુક્તાનંદ સ્વામીને બગીમાં બેસાડતા, અને ગઢપુરની રાજબજાર ઉપર શ્રીહરિ પોતે સંતનું માહાત્મ્ય બતાવવા બગીને ચલાવતા. આમ પોતે દયા કરીને વિવિધ પ્રકારે દર્શન દેતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "અસુરો કપટથી આવીને ભગુજીની વીરતાની માહિતી મેળવતા હતા" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩

શ્રીહરિએ નારાયણઘાટમાં સ્નાન કર્યું તથા જીવા ખાચરને વિવેક કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ બગીમાં બેસીને ગઢપુરની બજારે જે દિવસે ચાલતા, ત્યારે ગામના અપાર લોકો ઘણા હેતથી દર્શન કરવા માટે આવતા. અને સહુ હાથ જોડીને મસ્તક નમાવતા હતા. ૨-૩. જ્યારે ગઢપુર ગામથી બહાર પશ્ચિમ દિશાના દરવાજેથી શ્રીહરિ નીકળતા ત્યારે ત્યાં એક વોકળી(નાની નદી) છે, તેને ઊતરતા ત્યાં સુધી બગીને ધીરે ધીરે ચલાવતા. જ્યારે વોકળીને ઊતરે પછી સીધો માર્ગ આવે ત્યારે બળદને દોડાવતા હતા. ૪-૫.

ગઢપુર ગામથી અરધો કોશ દૂર નારાયણઘાટ છે, ત્યાં સુધી બગીને દોડાવતા હતા. બીજા બધા જે સંતો તથા હરિભક્તો હોય તે જેટલું ઉતાવળું ચાલી શકાય તેટલા ઉતાવળા ચાલતા હતા. શ્રીહરિના જે પાર્ષદો હતા, તે પગમાં બળ હોય તેટલું દોડતા. ૬-૭. કેટલાક હરિભક્તો પણ તેમની સાથે દોડતા. કેટલાક ઘોડા ઉપર બેસતા હતા, અને કેટલાક પાર્ષદો શ્રીહરિની આગળ હાથમાં ઢાલ અને તલવાર લઈને દોડતા હતા. ૮. ગઢપુર ગામથી લઈ નારાયણઘાટ સુધી હરિભક્તોની એકતાર ભીડ રહેતી હતી. આ રીતે

શ્રીહરિ અને હરિભક્તો સ્નાન કરવા માટે ગઢપુર ગામથી બહાર નીકળતા હતા. ૯. ઉન્મત્તગંગા નદીમાં અતિશય પવિત્ર નારાયણઘાટ નીલમણિ અને રક્તમણિ જેવો હતો. તે ઘાટનો બાંધો એકસરખો સુંદર મણિ જેવો રમણીય હતો. ૧૦. નારાયણઘાટમાં માણસ ડૂબે તેટલું ઊંડું પાણી રહેતું હતું. તે પાણી તેટલું શુદ્ધ હતું કે ઉપરથી જુએ ત્યારે નીચેની જમીન દેખાઈ આવતી હતી. ૧૧. તેમાં પહેલા શ્રીહરિ સ્નાન કરતા, અને સ્નાન કરતા એવા શ્રીહરિ હરિભક્તોને દર્શન દેતા.

તે ઉન્મત્તગંગાના પાણીનો પ્રવાહ પૂર્વ દિશા તરફ ચાલતો રહેતો. ૧૨. પૂર્વ તરફ જેનો પ્રવાહ વહે છે એવી પૂર્વવાહિની ઉન્મત્તગંગામાં ઘણા વર્ષ પર્યંત શ્રીહરિએ સ્નાન કર્યું છે. ૧૩. સં.૧૮૫૯ના વર્ષથી સં.૧૮૮૬ સુધી એક કોશ સુધીના ભાગની ઉન્મત્તગંગામાં શ્રીહરિ નાહ્યા છે. ૧૪. દાદા ખાચરના ઓરિયાથી લઈને નારાયણઘાટ સુધીના નદીના ભાગમાં શ્રીહરિ નાહ્યા છે. ૧૫. શ્રીહરિની ફરતે વારાફરતી સંતો તથા હરિભક્તો સ્નાન કરતા હતા. જ્યારે શ્રીહરિ સ્નાન કરતા ત્યારે જેટલા દેવતાઓ હતા તે પણ ત્યાં આવીને નાહતા હતા. ૧૬. જ્યારે શ્રીહરિ નારાયણધરે સ્નાન કરવા જતા અથવા તો ખળખળિયામાં સ્નાન કરવા જતા, ત્યારે શ્રીહરિ નાહીને સંતો તથા હરિભક્તોની સાથે ગામમાં પાછા આવતા, ત્યારે દરબાર જીવા ખાચરના દરબારગઢમાં આવતા. ૧૭-૧૮.

અને તે વખતે જીવા ખાચરના દરબારમાં દસ, વીશ કે ત્રીશ જેટલા મહેમાનોના અશ્વ બાંધેલા રહેતા. ૧૯. જે રીતના મહેમાન હોય તે રીતનું તેને જીવા ખાચર ભોજન જમાડતા હતા. જીવા ખાચર કોઈ દિવસ મહેમાનને એવું કહેતા નહીં કે હવે તમારે જ્યાં જવાનું હોય ત્યાં જાઓ. મહેમાન કહે, ‘અમે ક્યાં સુધી રોકાઈએ ?’ તો તેઓ કહેતા કે, ‘તમે જ તમારા મનમાં વિચારો કે, મારે એક દિવસ રહેવું કે એક ટાણું રહેવું.’ કેમ જે, જે સમજુ માણસ હોય તેને કહેવું પડતું નથી. ૨૦-૨૧. જે આવેલા મહેમાન હોય તેને જે જે બાબતે કહેવું પડે, તો તેમાં તેટલો વિવેક કહેવાય નહીં. **જે વિવેકી મનુષ્ય હોય છે તે કોઈના ઘેર મહેમાન થાય ત્યારે પોતાનો રોજનો જેટલો**

ખર્ચ હોય તેની પોતે રોજ તપાસ કરે. પછી જ્યારે ત્યાંથી ચાલતા થાય ત્યારે તેના ઘરધણીને જેટલા પૈસા થયા હોય તેટલા આપીને જાય, તે વિવેકી કહેવાય છે. પછી તે પૈસાને ઘરધણી લે કે ન લે, પણ સમજુ માણસમાં તો આવો વિવેક રહ્યો હોય છે. ૨૨-૨૩. **અને આવા વિવેક વગરના માણસ તો પેટભરામાં ખપે છે.**

જીવા ખાચરને રોજ દસ રૂપિયાનો ખર્ચ મહેમાનોને જમાડવામાં થતો હતો. ૨૪. જીવા ખાચરને ત્યાં આટલા બધા મહેમાન તથા સંબંધીજનોને દેખીને શ્રીહરિએ તેમને કહ્યું કે, "જે મોટા મોટા રાજાઓ હોય કે, જેને કરોડો રૂપિયાની દર વર્ષે ઊપજ આવતી હોય, તોપણ તે રાજાઓ પોતાના ખર્ચનું નામું લખતા રહે છે અને તેને જ બુદ્ધિમાન કહેવાય છે. તમારાં સગાં સંબંધી ઘેર આવે છે. તે સિવાય બીજા મહેમાનો પણ આવે છે. તેનું કાંઈ ધાર્યું રહેતું નથી. પરંતુ જેને કોઈ જાતનું નિયમ ન હોય તેને તો સર્વે ગામ પણ કબજામાં રહેતાં નથી. વળી તેની ખબર પણ પડતી નથી. ૨૫-૨૮. ગામ, ગરાસ કે રાજપાટ આદિક આવકનાં સાધનો પોતાનાં સુખ માટે હોય છે. જે સુખી થવાના રસ્તાનો ત્યાગ કરીને જેનાથી દુઃખ થાય એવું કરે અને એવે માર્ગે જે ચાલે છે, તેને તો કહી ન શકાય તેટલું બધું દુઃખ આવે છે.

✵ વિચાર્યા વિનાનો ખર્ચ કરે તેને અપાર દુઃખ આવે :

જ્યારે મનુષ્ય વગર વિચારે ખર્ચ કરે છે ત્યારે તેને માથે પાર વગરનું કરજ થઈ જાય છે. ૨૯-૩૦. તૂટી ગયેલું સરોવર ગમે તેટલું વિશાળ હોય, તોપણ તેમાં ક્યારેય પૂરું ભરાયેલું પાણી રહેતું નથી. ગમે તેટલો વરસાદ વરસે છતાં તૂટેલું સરોવર તો હંમેશાં ખાલીનું ખાલી જ રહે છે. ૩૧. કેટલાક તો એવો વ્યવહાર કરે છે કે તે વ્યવહારમાં તે ખૂબ યશ માનતા હોય છે. અને જેમાં યશ મળવાનું માનતા હોય છે તેમાં તેને લાજ-આબરૂ બંધાઈ જાય છે. ૩૨. **જે લોકો દુઃખમાં પણ સુખ માને છે તેને ક્યારેય દુઃખ ટળતું નથી. પછી કોઈ હિતેચ્છુ તેને સાચા સુખની વાતો કરતા હોય છે, પણ તે વાત હેત વિના માન્યામાં આવતી નથી.** ૩૩. ઘણા એવા છે કે, પોતાને જે રીતે સુખ થાય એવું કામ કરતા આવડે નહિ અને બીજા જો કરી દે તો તેને

ક્યારેય માને નહીં. કોઈ અમારું ઝાઝું ન માને તોપણ જે અમારા-પોતાના કહેવાતા હોય છે, તેને તો અમે કહીએ છીએ. ૩૪.

चोपाई :

हमारे स्वभाव रहेउ ईमी, कहे विन सुख न रहत हि तीमी;
जितना हित रहायेउ जाही, कहत तिमि करत रहेउ ताही...३५

विश्वास हमारे रखत तिनकू, दुःख होवत न देवत हि इनकू;
हमारे होई विश्वास हमारा, करत नहीं कबहु लगारा...३६

दोहा : दुःख हि पावत रहे तिन हि, दुःख न तेहि देखात;
दुःख देखत न तांहि लग हि, भव तामें भटकात...३७

અમારો તો એવો સ્વભાવ છે કે, 'અમારા હોય તેને કહ્યા વિના અમને શાંતિ રહેતી નથી. માટે અમે તો કહી દઈએ છીએ. પછી જેને જેટલું અમારામાં હેત હોય તેટલું તે અમે કહ્યું હોય તેમ કરે છે.' ૩૫. જે અમારો વિશ્વાસ રાખતા હોય તેને અમે ક્યારેય દુઃખી થવા દેતા નથી. અમારો વિશ્વાસ હોય, પણ અમારું કહ્યું ક્યારેય કરે નહિ એવા લોકો તો દુઃખ જ પામતા રહે છે. છતાં તે દુઃખને દેખતા નથી. અને જ્યાં સુધી તેને દુઃખ દેખાય નહિ ત્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે." ૩૬-૩૭.

શ્રીહરિની આવી વાત સાંભળીને જીવા ખાચર બોલ્યા, "મહારાજ, આપ જેટલી વાત કરો છો તે અમારે માટે ઉપયોગી છે. એક પણ વાત બિનઉપયોગી નથી. ૩૮. જેટલું મનાતું નથી તેટલું તેને દુઃખ સહન કરવું પડે છે. આપ તો હંમેશાં નિર્દોષ રહો છો અને જેવા નિર્દોષ છો તેવી નિર્દોષ વાત કરો છો. ૩૯. કોઈ બીમાર માણસ હોય, તેને ખાવાનું અનેક પ્રકારનું તૈયાર કર્યું હોય તેમાંથી એક પણ ભોજન જો રુચે નહિ તો તેમાં ભોજનનો વાંક નથી, વાંક તો રોગીનો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ નારાયણઘાટમાં સ્નાન કર્યું તથા જીવા ખાચરને વિવેક કહ્યો" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪

જીવા ખાચરને સત્સંગ હોવા છતાં કુસંગના પ્રભાવની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જીવા ખાચરની આગળ એવી વાત કરતા. જ્યારે શ્રીહરિ જીવા ખાચરને ઘેર આવે ત્યારે તેના ઉપર ખૂબ જ કૃપા રાખતા. ૨. જ્યારે જ્યારે શ્રીહરિ બહુ કૃપા લાવીને જીવા ખાચરને ઘરે આવતા હતા, ત્યારે ત્યારે શ્રીહરિ અપાર વાતો પ્રેમથી કરતા હતા. જેને લીધે જીવા ખાચરને કોઈ દુઃખ રહેતું નહિ અને એકલું સુખ સુખ જ થતું હતું. ૩-૪. વાસ્તવમાં જીવા ખાચરને રાત-દિવસ કુસંગનો પ્રસંગ વધારે રહેતો, અને તેને લીધે સત્સંગમાં જે ભાવ હોવો જોઈએ તેની જગ્યાએ અભાવ દેખાતો. પણ તે બધાનું કારણ કુસંગ દેખાતો હતો. જીવા ખાચર અમુક વ્યસનનો ત્યાગ કરી શકતા નહિ, પણ દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચાર બાબતનો ત્યાગ રાખતા હતા. ૫-૬. જે દિવસથી તેમણે તે ચાર નિયમ ધાર્યા હતા ત્યારથી તે કુસંગમાં રહેવા છતાં તે ચાર બાબત કરતા નહિ, પણ ચાર સિવાયની બીજી બધી બાબત કરતા રહેતા. ૭.

જીવા ખાચર શ્રીહરિને ભગવાન જાણતા હતા, અને શ્રીહરિ પણ તેઓ જેવા ભગવદીય ભક્ત હતા તેવું તેમનું ચોક્કસ મમત્વ રાખતા. છતાં જીવા ખાચરનું અંતર કુસંગે કરીને બદલી જતું, તેનું શ્રીહરિના અંતરમાં દુઃખ રહેતું હતું. ૮. જે ભગવદીયમાં જેટલા સારા ગુણ હોય તે ગુણને શ્રીહરિ જાણતા હતા, તેથી જ તે જેવો ભગવદીય ભક્ત હોય તેવો તેનો પ્રસંગ પણ શ્રીહરિ રાખતા હતા. ૯. જે રીતે બીજા ભક્તોની આગળ શ્રીહરિ વાત કરતા, એવી રીતે જીવા ખાચર આગળ પણ રોજ રોજ શ્રીહરિ વાતો કરતા હતા; જેણે કરીને બધાં દુઃખનો નાશ થઈ જાય, અને માથા ઉપર રહેલો જમનો ત્રાસ પણ ટળી જાય. ૧૦. સાંભળનારો પોતાના દિલમાં શ્રીહરિની જેટલી વાતને રાખે તેટલું તેને સુખ થાય છે. અને જગત સંબંધી જેટલી વાતો છે તે તો

ભક્તને ભગવાનથી દૂર રખાવે છે. ૧૧. ગમે તેવી જગતની સારી વાત હોય તોપણ તે સત્સંગથી દૂર રખાવે છે, અને તે જગતની બધી જ વાતો મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. તેથી તેને જ કુસંગ કહેવાય છે. ૧૨.

જે જે વાતો ભગવાનથી તથા સત્સંગથી પોતાને દૂર રાખે, અને ભગવાન તથા સત્સંગમાં જેટલી અરુચિ પેદા કરાવે તેટલો તે કુસંગ કહેવાય છે. ૧૩. કોઈને ગમે તેવું રાજ્ય હોય અને અપાર ધન-સંપત્તિ હોય અને કોઈ ગમે તેટલા ગ્રંથ ભણ્યા હોય, વળી અપાર યજ્ઞ કર્યા હોય, અષ્ટાંગ યોગ સાધ્યો હોય, કરોડો કલ્પ સુધી જપ તથા તપ કરતા રહ્યા હોય તેમજ વેદાંતના સમાન કોઈ તત્ત્વજ્ઞાનનું શાસ્ત્ર ન કહેવાય, તે વેદાંતને પણ ભણેલો હોય; પરંતુ જ્યાં સુધી તે ભગવાનમાં અને સત્સંગમાં હેત નથી કરતા, ત્યાં સુધી તે બધા ભગવાન તથા સત્સંગના ચોર રહે છે. કેમ જે, તે ભગવાનમાં તથા સત્સંગમાં અરુચિ કરાવે છે. ૧૪-૧૭.

ગમે તેવી મોટી બાબત હોય તોપણ તેને ભગવાન અને સત્સંગના સમાન ન માને, તેને જ સાચો હરિભક્ત કહેવાય છે. ૧૮. સાચા કે ખોટા જેટલા હરિભક્ત હોય છે, તે બધા વાતમાં દેખાઈ આવે છે. કારણ કે, જે સાચા ભક્ત છે તે વાતમાં ને વાતમાં બીજાને ભગવાન તથા સત્સંગમાં ચોંટાડે છે. જે બીજાને ભગવાન તથા સત્સંગમાં જોડે છે તે જોડનારો ગમે તે જાતિનો હોય પણ તેને ભગવાન પોતાનો માને છે. બ્રહ્મા જેવો કોઈ સમર્થ હોય પણ તે જો બીજાને ભગવાન તથા સત્સંગમાં જ્યાં સુધી ચોંટાડતો નથી, ત્યાં સુધી તે ભગવાનનો ચોર કહેવાય છે. કોઈ કાવ્ય શીખવાનું ફળ એટલું જ છે કે, 'બીજાને ભગવાનમાં જોડવા.' ૧૯-૨૧.

⁕ પ્રભુને પ્રિય બનવાનું કારણ :

चोपाई :

भगवान सत्संग एक रहाये, चाय तितनी हि बात कराये;
तामें चोंटावत रहाये जाही, भगवान कू प्रिय लगत ताही...२२
दुर रहाये यह चाय जितहू, भगवान समिप रहेउ तितहू;
ब्रह्मांड भराय बात तिनके, फल तेहि इतना रहे इनके...२३

भगवान सत्संग यह तामें, चोंटना मन कर्म कर हि यामें;
भगवान सत्संग जो तिनमें, चोंटत न जिहाँ लग रहे इनमें...२४

दोहा : तिहाँ लग साधन तिनके, ब्रह्मांड भरे जेह;
व्यर्थ रहाये सब हि तेही, करना न करे तेह...२५
करि करि करना हि तितना, भगवान में हि चीत;
चोंटावना अति दृढ कर, ता विन जितने तीत...२६

ગમે તેટલી વાતો કરીએ પણ તેમાં સમજવાનું એ છે કે, 'ભગવાન તથા સત્સંગ બંને એક છે. અને જે બીજાને ભગવાન તથા સત્સંગમાં જોડે છે તે જ ભગવાનને પ્રિય લાગે છે. ૨૨. પછી ભગવાનનો તે પ્રિય ભક્ત ગમે તેટલો દૂર રહે તોપણ તે ભગવાનની સમીપ જ રહ્યો છે. બ્રહ્માંડ ભરાય તેટલી વાતો કરીએ તોપણ તે બધી વાતોનું ફળ 'ભગવાન તથા સત્સંગમાં જોડાવું એટલું જ છે.' ૨૩. ભગવાન તથા સત્સંગમાં મન, કર્મથી જોડાઈ જવું જોઈએ. જ્યાં સુધી મનુષ્ય ભગવાન તથા સત્સંગમાં જોડાતો નથી, ત્યાં સુધી તેણે કરેલાં બ્રહ્માંડ ભરાય તેટલાં સાધન હોય તોપણ બધાં વ્યર્થ છે. કારણ કે, જે કરવાનું છે તે તેણે કર્યું નહીં. ૨૪-૨૫. કરી કરીને તેટલું જ કરવાનું છે કે, **'ભગવાનના સ્વરૂપમાં પોતાના ચિત્તને દઢતાથી જોડવું.'** અને તે સિવાયનું જેટલું છે તે બધું તો માયિક છે. જેટલું માયિક છે તેનો રોજે રોજ આવો વિચાર કરવો, અને ચાય ચાયને તેને મિથ્યા કરીને દેખતા રહેવું. ૨૬-૨૭. જે હરિભક્ત હોય છે તેની સમજણ આગળ કહ્યું તેવી હોય છે. જેને તેવી સમજણ નથી હોતી તે ભક્ત તો બાળબુદ્ધિમાં ખપે છે. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "જીવા ખાચરને સત્સંગ હોવા છતાં કુસંગના પ્રભાવની વાત કહી" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫

લેખકકૃત સ્તુતિ, ભૂમિકા તથા ભાણ ખાચરના વિચાર

दोहा : श्रीहरि सुखद मूर्ति, वंदहुं बार हि बार;
पुरुषोत्तम प्रगट प्रभु, सर्व के शिरदार...०१
मुझ हृदय में आपको, धारहुं के साक्षात;
कर्ता मानी आपको, कहूँ आपकी बात...०२

સુખકારી મૂર્તિ શ્રીહરિને હું વારંવાર વંદન કરું છું. શ્રીહરિ પ્રગટ પુરુષોત્તમ છે અને સર્વ સ્થાવર-જંગમના સ્વામી છે, સર્વોપરિ છે. ૧. હું મારા હૃદયમાં આપના સાક્ષાત્ સ્વરૂપને ચિંતવું છું. આપને જ સર્વ કર્તા માનીને હું આપનાં લીલા ચરિત્રની વાતને કહું છું. ૨. શ્રીઆધારાનંદ સ્વામી વિરચિત શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની પૂર્તિ માટે હે અમૃતમય શ્રીહરિ ! આપ મને મદદ કરો. ૩. આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના ઓગણત્રીશમા પૂરમાં જ્યારે ચોથું તરંગ અહીં સુધી લખાયું, ત્યારે ઘનશ્યામ પ્રભુ સદ્. શ્રીઆધારાનંદ સ્વામીને પોતાના અક્ષરધામમાં લઈ ગયા. ૪. સ્વામીના અક્ષરવાસથી શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ અપૂર્ણ રહ્યો. તેને પૂર્ણ કરવાનો મેં વિચાર કર્યો છે. મારાથી આ ગ્રંથ પૂર્ણ થઈ શકશે નહીં, માટે હે સર્વાધાર શ્રીહરિ ! આપ જ મારા અંતરમાં રહીને આ ગ્રંથની પૂર્તિ કરો. ૫.

શ્રીહરિની બે-ચાર વર્ષની અતિશય સુખદાયક લીલા લખવાની રહી ગઈ છે, તેને અત્યારે હું હરખભર લખું છું. ૬. તે લીલાઓને હું મારી બુદ્ધિ પ્રમાણે અતિશય સંક્ષેપથી લખું છું, તો આપ શ્રીહરિ, સંતો તથા હરિભક્તો મને અપાર સહાયતા કરો. ૭. **હું અલ્પમતિ છું, છતાં આપની અવશેષ લીલાઓને ગ્રંથરૂપે લખવાનો મેં આદર કર્યો છે. હે ઘનશ્યામ પ્રભુ ! મારામાં તેવી પૂરી શક્તિ નથી, માટે આ શરૂ કરેલા કામને આપ જ પ્રેરણા આપીને પૂર્ણ કરો. ૮. જેમની ગતિ ગરૂડના સમાન મહાન હતી. વળી જે પ્રગટ પુરુષોત્તમની સાથે રહેનારા મહાન ઉત્સાહવાળા બુદ્ધિમાન સંત હતા; એવા તે મહાન બુદ્ધિશાળી આધારાનંદ સ્વામી ક્યાં અને અલ્પમતિવાળો પોતાને કવિ માનનારો એવો હું ક્યાં ! હું 'જ્ઞાનજીવનદાસ' તો અતિશય**

અજ્ઞાની છું. હે શ્રીહરિરાય ! આપ મારા પર કૃપા કરો. જેનાથી સુખકારી આ ગ્રંથની પૂર્તિ થઈ શકે. ૯-૧૦.

જેઓ પાંચસો પરમહંસમાં મુખ્ય અને મહાન પરમહંસ હતા. બંને આચાર્યોએ સહિત આ સત્સંગની દેખભાળ રાખવાની જવાબદારી શ્રીહરિએ સ્વધામ પધારતી વખતે જેમને સોંપી હતી; એવા સુખધામ આપ શ્રીગોપાળાનંદ સ્વામી મને આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની પૂર્તિ લખવામાં સહાય કરો. ૧૧-૧૨. સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ શ્રીબાલમુકુંદદાસજી સ્વામી હતા. અને તેમના શિષ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રીકૃષ્ણપ્રિયદાસજી સ્વામી હતા. ૧૩. તેમના સદ્‌ગુણી શિષ્ય પુરાણી શ્રીઉત્તમચરણદાસજી હતા. અને તેમના સાધુતાસંપન્ન શિષ્ય આપ સદ્‌ગુરુ શ્રીરાધારમણદાસજી સ્વામી પાંચમી પેઢીના ગણાઓ છો, **તે આપ મારા ગુરુશ્રી વડતાલધામના મહાન સંત સદ્‌ગુરુ શ્રીરાધારમણદાસજી સ્વામી(ખાનદેશી) શ્રીહરિનાં ચરણોમાં અત્યંત પ્રીતિવાળા હતા; એવા મારા આપ સહુ સદ્‌ગુરુઓનાં ચરણોમાં પ્રેમથી વારંવાર વંદન કરું છું. આ ગ્રંથની પૂર્તિમાં પ્રયત્ન કરનારા એવા આપના શિષ્ય(જ્ઞાનજીવનદાસ)ને આપ સહુ ઉત્તમ સદ્‌બુદ્ધિ આપો.** ૧૪-૧૬.

સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામી, સહુ સંતો તથા હરિભક્તો બધા મળીને મને એવી સહાયતા કરો કે, મારા આ કાર્યમાં કોઈ જાતનું વિઘ્ન આવે નહીં. ૧૭. પરમ પવિત્ર આ ભારતભૂમિ છે અને તેને મધ્યે ગુજરાત ખૂબ જ ગૌરવપૂર્ણ છે. આ ગુજરાત રાજ્ય સર્વાવતારી શ્રીહરિની ચરણરજથી સાક્ષાત્ પ્રસાદીભૂત બન્યું છે. ૧૮. જ્યાં ભગવાન શ્રીહરિ પાંચસો પરમહંસોની સાથે વારંવાર પધાર્યા છે, અને ઉતાવળી નદીમાં સહુની સાથે સ્નાન કરીને તેને અતિશય પવિત્ર તીર્થરૂપ કરી છે. ૧૯. તે આ ઉતાવળી નદીને કિનારે રહેલ તીર્થધામ કુંડળમાં રહીને મેં આ કામ શરૂ કર્યું છે. તેની શરૂઆતના શુભ સમયને હું કહું છું. તો આપ ધીરજવાળા સહુ સંત-હરિભક્તો સાંભળો. ૨૦.

दोहा : संवत दोउ हजार पर, सडसठहु की साल;
सावन सुदी दशमी के, चंद्र वासर रसाल...२१
इसवीसन दो हजार पर, ग्यारह वर्ष की साल;
दिनांक अगस्त मास की, आठवीं शुभ रसाल...२२

વિક્રમ સં.૨૦૬૭ના વર્ષમાં શ્રાવણ સુદિ દશમ અને સરસ સોમવારનો દિવસ છે. ૨૧. ઈ.સ.૨૦૧૧ના વર્ષમાં ઓગષ્ટ માસની શ્રેષ્ઠ શુભ આઠમી તારીખે આ ગ્રંથની પૂર્તિ કરવાનો પ્રારંભ કર્યો છે. ૨૨. શ્રીહરિ તથા સહુ સંતો-ભક્તો આપ સહુ કૃપા કરીને મારા ઉપર પ્રસન્ન રહો. હું બંને હાથ જોડીને આપનાં ચરણોમાં મસ્તક ઝુકાવું છું. ૨૩. મોટા નંદ સંતોના ગ્રંથોમાં લખેલાં લીલા ચરિત્રોનું સંકલન કરીને હું પરમ પવિત્ર શ્રીહરિનાં ચરિત્રોને લખવાનો આરંભ કરું છું. ૨૪.

※ ભગુજીનું માથું લેવાનો ભાણ ખાચરનો વિચાર :

શ્રીમુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે કે, તમે સાંભળો. શ્રીહરિની જે બાકી રહેલી લીલા છે, તેને હું અત્યારે સંભળાવું છું. ૨૫. એક તકરારિયા ખેતરની અદ્‌ભુત વાત કહું છું. સત્સંગના ઈતિહાસની વાત સાંભળીને તમે ઘણું ખુશી થશો. ૨૬. ગઢપુરથી પશ્ચિમ દિશામાં એક માંડવધાર ગામ છે. તે ગામને સીમાડે એક તકરારિયું ખેતર કહેવાય છે. ૨૭. માંડવધાર ગામ તમારું દાદા ખાચરનું છે. તેના સીમાડાની ભૂમિની નજીક ભાણ ખાચરની ભૂમિ છે. ૨૮. કેરાળા તથા રામપરા ગામનો સીમાડો પણ તે ભૂમિની સાથે છે. કેરાળા અને રામપરા ગામના માલિક દરબાર ભાણ ખાચર હતા. તે ભાણ ખાચરને માંડવધારની સીમમાં આવેલા દાદા ખાચરનું ખેતર જોઈતું હતું, તેને માટે ઝઘડાની વાત બની. ૨૯.

ગઢપુરના દરબાર જીવા ખાચરે ભડલીવાળા ભાણ ખાચરને ઉશ્કેર્યા, અને તે ખેતર માટે ઘણો ઝઘડો કરાવ્યો. આ બાજુ પરમાત્મા શ્રીહરિએ દાદા ખાચરનાં ઘરબારને પોતાનું ઘર કરીને માન્યું હતું. ૩૦. માનો કે પોતે ખુદ વર્તમાન રાજા હોય ! તેમ સ્વયં શ્રીહરિ દાદા ખાચરનાં ઘરબાર અને ગરાસની ચિંતા કરતા હતા. જ્યારે વર્ષાઋતુનો સમય હતો ત્યારે દાદા ખાચરે પોતાના તે ખેતરમાં સાંતી જોડાવ્યાં. ૩૧. દાદા ખાચરના સાંતી તે ખેતરમાં વાવણી કરીને પાછા વળ્યાં ત્યારે ભાણ ખાચરે પણ તે જ ખેતરમાં સાંતી જોડાવ્યાં. સાંતી તે ખેતરમાં મોકલીને પહેલા જે રીતે વાવણી કરી હતી, તેથી બીજી દિશામાં આડા ચાસ કરીને વાવેલું બગાડી નાંખ્યું. ૩૨. આ રીતે એક પછી

એક એમ બે-ત્રણ વખત દાદા ખાચરે વાવેતર કરાવ્યું, અને ભાણ ખાચરે ચોક્કસ રીતે તેને પ્રથમની જેમ જ વાવેલું ખેતર બગાડી નાખ્યું. પછી તો શ્રીહરિએ દાદા ખાચર ઉપર કૃપા કરીને તે ખેતરમાં વાવેતર કરાવ્યું. ૩૩.

પછી તે ખેતરની રક્ષા કરવા માટે શ્રીહરિએ પાર્ષદોને રાખ્યા. ભગુજીના હાથ નીચે ખાસા પચાસ જેટલા પાર્ષદો ત્યાં રાખ્યા હતા. ૩૪. તેથી પાર્ષદો સાથે ત્યાં ભગુજીના રહેવાથી ભાણ ખાચર સફળ ન થઈ શક્યા. તેની બીજા અસુરોને પણ ખબર પડી. તે સમયે બધા અસુરો મળીને ભાણ ખાચરની પાસે ભડલી આવ્યા, અને તેમણે ભાણ ખાચરને ખૂબ ઉશ્કેર્યા. ૩૫. તેઓએ કહ્યું કે, "સ્વામિનારાયણના રખવાળી કરનારા પાર્ષદોમાં કોઈ મૂંછવાળો નથી. તે પાર્ષદોમાં શિરદાર તો એક ભગુજી છે. અને તે એક જ ઘણો શક્તિશાળી છે. ૩૬. જો ભગુજી મરાય તો જ તમારી જીત થાશે અને દાદા ખાચરની ફજેતી થાશે. ભાણ ખાચર ! તમે ઇચ્છો તો શું ન થાય ? માટે તમે કાંઈક એવો નક્કર ઉપાય કરો. ૩૭. અમે બધા આપની મદદમાં છીએ. તમારી જમીનમાં હાથ કોણ નાખી શકે ?" આમ કહીને તે અસુરોએ જ્યારે ભાણ ખાચરને પાણી ચઢાવ્યું ત્યારે તે ભાણ ખાચરમાં ઘણું જોમ આવ્યું. ૩૮.

પછી તે ભાણ ખાચરે વગર વિચાર્યે મનમાં નક્કી કર્યું, 'મારે ભગુજીનું માથું કપાવવું, તેમાં કોઈ સંદેહ નથી.' ૩૯. તે પછી તેણે તકરારિયા ખેતરનો કબજો કરવા વારંવાર પોતાનું લશ્કર મોકલ્યું, પણ બધી જ વખતે તે લશ્કરની હાર થતી હતી. ૪૦. ભાણ ખાચરનું લશ્કર પાર્ષદોને જીતી શક્યું નહીં અને ખુદ પરાજિત થયું. તેનાથી ભાણ ખાચરના મનમાં ઘણું ઘણું દુઃખ થયું. ૪૧. ભાણ ખાચરના મનમાં લગાર પણ શાંતિ રહી નહીં. તેના મનમાં વૈરભાવ વધતો ગયો. તે રાત-દિવસ વિચાર કરતો હતો કે, 'હું ભગુજીને જાનથી મારી નાખું.' ૪૨.

જે મનુષ્ય અહંકારી અને મૂર્ખ હોય છે તેને રોકવા છતાં પણ તે મનમાં સાચું સમજી શકતો નથી, અને તે ભગવાન તથા ભગવાનના ભક્તની સાથે વૈર કરીને ઠાલો ઠાલો ઝેરનાં બી વાવે છે. ૪૩. ભગવાન ને ભગવાનના ભક્તની સાથે દ્વેષ રાખીને તે હેરાન થાય છે. આવા અહંકારી ને અજ્ઞાની

મનુષ્યો દ્વેષ રાખીને તે દ્વેષમાંથી ફરી ફરી વધુ દ્રોહ કરે છે. અસુરોની આવી સહજ પ્રકૃતિ હોય છે. ૪૪. આવા મૂર્ખ લોકો મરીને જમપુરીમાં જાય છે અને ત્યાં જમના હાથનો ઘણો માર ખાય છે. એવા મૂર્ખ લોકોને આ લોકમાં ક્યાંય અને ક્યારેય શાંતિ મળતી નથી. ૪૫. મૂર્ખ લોકો ભગવાન તથા ભગવાનના ભક્તોની મોટાઈ દેખે છે ત્યારે તેના મનમાં ઘણું દુઃખ થાય છે. તે રાત-દિવસ પોતાના દિલમાં દાઝ્યા કરે છે અને કોઈ પણ વાતે પાછા વળતા નથી. ૪૬. આવો તે ભાણ ખાચર, રાત-દિવસ, ખાતાં-પીતાં, સાંજે-સવારે અને સ્વપ્નામાં પણ એ જ વિચારો સેવતો હતો કે, 'હું ભગુજીને કઈ રીતે જાનથી મારી નાખું ?' ૪૭. આવા વિચારો કરનારા ભાણ ખાચરને ક્યારેય લગાર પણ મનમાં શાંતિ થતી નહીં. કારણ કે, **અપાર સુખ તો પ્રેમમાં રહ્યું છે. દ્વેષભાવમાં લગાર પણ સુખ હોતું નથી.** ૪૮.

चोपाई :

हरि अरु हरिजन के लगारा, द्रोह करना नहीं नरदारा;
द्रोह करके दुःखी हुए अपारा, उनकी कथा है शास्त्र में सारा...४९
शिशुपाल रावण अरु कंसा, उनके नाश हुए सब वंशा;
भक्त बेली है श्रीभगवाना, उनको पीडे सो होत हेराना...५०

दोहा : द्रोह के हेतु अहंकार है, उसका हेतु है अज्ञान;
जिसके कारन सब विश्व में, भूल हुई है महान...५१
जब जीव सत्संग करे, तब होत सच्चा ज्ञान;
ज्ञान से अहंकार का, नाश होत हि निदान...५२

એટલા માટે કોઈ પણ સ્ત્રી તથા પુરુષે ભગવાન તથા ભગવાનના ભક્તનો લગાર પણ દ્રોહ કરવો નહીં. ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરીને અનેક લોકો દુઃખી થયા છે, અને તેની બધી કથાઓ શાસ્ત્રમાં લખાણી છે. ૪૯. પૂર્વે શિશુપાળ, રાવણ અને કંસ, એ બધાના વંશનો દ્રોહ કરવાથી સંપૂર્ણ નાશ થયો હતો. ભગવાન તો ભક્તના બેલી છે. તેથી જે લોકો ભક્તને પીડે છે તે પોતે જ અત્યંત હેરાન થાય છે. ૫૦. પરદ્રોહનો હેતુ અહંકાર છે અને અહંકારનો હેતુ અજ્ઞાન છે. તેને લીધે આખા વિશ્વમાં

ઘણી મોટી ભૂલો થઈ છે. ૫૧. જ્યારે જીવ સત્સંગ કરે છે ત્યારે તેને સાચી સમજણ આવે છે. તે સમજણથી અહંકારનો ચોક્કસ વિનાશ થાય છે. ૫૨. જે જીવ નિરંતર સત્સંગ કરે છે તે બધી રીતે સુખી થાય છે, અને તે આ લોક તથા પરલોકમાં હંમેશાં અત્યંત આનંદમાં રહે છે. ૫૩. **એટલા માટે મનુષ્યે કાયમ નિર્માની થઈને સત્સંગ કરવો જોઈએ. સત્સંગ કરવાથી સુખદાયક ભગવાન તથા સંતો સદાને માટે રાજી થાય છે.** ૫૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "લેખકકૃત સ્તુતિ, ભૂમિકા તથા ભાણ ખાચરના વિચારો કહ્યા" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬

ભાણ ખાચરે ભગુજીનું માથું લાવવાની જાહેરાત કરી

ભડલી ગામના દરબાર ભાણ ખાચરે એક દિવસ પોતાના શૂરવીરોની કચેરી બોલાવી. તે કચેરીમાં તેણે જાહેરાત કરી. ૧. 'તમે બધા બહાદુરો સાંભળો. હું એક વાત કહું છું. એ વાતમાં કહેલા કામને જો તમે કોઈ કરી શકો તો હું ઘણો ખુશ થઈશ. ૨. તે કામ જો તમે કોઈ કરો તો હું તમને તમારું અતિ મનપસંદ મોટું ઈનામ આપીશ. અને તે કામ કરવાથી તમારું નામ ઈતિહાસમાં કાયમ અમર રહેશે. ૩. સહજાનંદ સ્વામીના પાર્ષદ નમૂછિયા છે, છતાં તે જોરદાર ગણાય છે. તેમાંય મુખ્ય ભગુજી છે. મારે તે ભગુજીનું માથું જોઈએ છે.' ૪.

ભાણ ખાચરની આ વાત જ્યારે સહુએ સાંભળી ત્યારે સભામાં કેટલાય વીર સરદારો બેઠા હતા. તે બધા પોતાના મનમાં ભગુજીનું શૂરવીરપણું જાણતા હતા. ૫. તેથી તે બધા કાંઈ બોલ્યા નહીં પણ ચૂપચાપ બેસી રહ્યા. ત્યારે દરબાર ભાણ ખાચર મનમાં ગભરાયા અને સહુના પ્રત્યે કઠણ વચન કહેવા લાગ્યા, 'અત્યારે શૂરવીર ક્ષત્રિયો ક્યાં ગયા ? મોટા લડવૈયા અને ઘણા જ રણધીર પુરુષો ક્યાં ગયા ? ક્ષત્રાણીનું ધાવણ ધાવનારા ક્ષત્રિય

આજ નમાલા થઈને કેમ બેઠા છો ? ૬-૭. કેમ કોઈ કાંઈ બોલતા નથી ? મારી કહેલી વાતને કેમ કોઈ સાંભળતા નથી ? ક્ષત્રિયના વંશોનું શૂરાતન ચાલ્યું ગયું લાગે છે. બધાના મન ગભરાઈ ગયા છે કે શું ? ૮. નમૂછિયા ભગુજીનું નામ સાંભળીને તમે બધા બરફ જેવા ઠંડા કેમ થઈ ગયા છો ? અરે, તમારી માતાનું દૂધ લાજશે. તમારામાં કોઈને ખુમારી કેમ આવતી નથી ?' ૯.

❀ ચારણની સોનેરી સલાહ :

ભાણ ખાચરની આવી વાત સાંભળીને તે વખતે ત્યાં એક દેવીપુત્ર ચારણ દૂર બેઠો હતો. તેણે કહ્યું, "બાપુ ભાણ, તમે અધીરા ન થાઓ. ૧૦. **ભગુજીનું માથું લાવવાની જે વાત કહેવી તે તો આભને બાથ ભર્યા જેવું છે. ભગુજી સ્વામિનારાયણના સાચા સેવક છે. તે રંચમાત્ર પણ કાચા નથી.** ૧૧. ભગુજીની સાથે ટક્કર લે તેવો કોઈ વીર પુરુષ આ દુનિયામાં આજે ક્યાંય નથી. સાચી પતિવ્રતા ક્ષત્રાણી તો સિંહણ જેવી હોય છે, તે કાચી નથી હોતી. ૧૨. સાચી ક્ષત્રાણી તો એક ભગુજીની માતા છે. તેના જેવી પ્રામાણિક, ધર્મનિષ્ઠ બીજી કોઈ સ્ત્રી નથી કે જેણે ભગુજી જેવા મહાન, ધીરજવાન, શૂરવીર પુત્રને જન્મ આપ્યો હોય !! ૧૩. ભગુજીની માતા જ સપૂતવાળી કહેવાય છે. ભગુજીને લીધે તેની માતા આ દુનિયામાં મોટી ભાગ્યશાળી છે. ભગુજીએ તો પોતાની શૂરવીરતાથી ખરેખર પ્રભુ શ્રીહરિની સાચી સેવા કરી છે. ૧૪. **તેણે તે સેવાથી પોતાની એકોતેર પેઢીનો ઉદ્ધાર કરીને તેને સુખી કરી છે. ભગુજી કોઈ કાચો પોચો મામુલી નથી. તે તો ખરેખર સાચો ક્ષત્રિય સપૂત છે.** ૧૫. તે એક વિરલ રાજકુમાર છે, છતાં પણ તેણે સંસારનો ત્યાગ કર્યો છે. પોતાના જન્મને સાર્થક કરવા માટે તેણે બધી જ રાજસમૃદ્ધિનો ત્યાગ કર્યો છે. ૧૬. **તેણે પોતાના રાજ્યને લાત મારી છે, છપ્પન પકવાનોનું ભોજન છોડ્યું છે અને તે સ્વામિનારાયણના સાચા એક મહાન સેવક બન્યા છે. ૧૭. અને તેથી જ ભગવાન શ્રીહરિ કાયમને માટે તેની સહાય કરે છે. અત્યારે આ જગતમાં વીર ભગુજીનો વાળ કોઈથી પણ વાંકો થઈ શકે તેમ નથી.** ૧૮.

ભાણ બાપુ ! તમે સ્પષ્ટ સાંભળો, મારા જેવા ગરીબનું કહ્યું માનો. ભગુજીની વાત છોડો. તેને છંછેડવા તે સારી વાત નથી. ૧૯. ભગુજીને છંછેડશો તો પૃથ્વી ઉપર લોહીનું પૂર વહેશે અને પરિણામે ઘણા વીર પુરુષો મરશે અને તેથી તેની ઘણી નારીઓ વિધવા થશે. ૨૦. વિધવા બનેલી માતા, પુત્રી કે બહેનોથી આ દુઃખ સહન થઈ શકશે નહીં. ગાય, બ્રાહ્મણ, વિધવા સ્ત્રી, નાનું બાળક, કોઈ અતિશય ગરીબ મનુષ્ય અને છઠ્ઠો સાચો ભગવાનનો ભક્ત - એ બધાના નિસાસાને કોઈ મનથી પણ લે, તો તે પોતાના સંપૂર્ણ કુળે સહિત ચોક્કસ બળીને ખાખ થઈ જાય છે. ૨૧-૨૨. અને જે મનુષ્ય એ બધાની સેવા કરે છે, તે તો આ સંસારને તરીને ઉત્તમ ગતિને પામે છે. જો તમે પોતાનું ભલું ચાહતા હો તો મારું કહેલું વચન સત્ય માનો. ૨૩. સ્વામિનારાયણના આશ્રિત અને સિંહની સમાન ભગુજીને છંછેડવા નહીં એ ચોક્કસ વાત છે." ચારણે આ રીતે ભાણ ખાચરનું હિત કરવા માટે કહ્યું. ૨૪.

પોતાનું હિત થાય એવી વાત હોય છતાં જેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ હોય, તે હિતકારી વાતને પણ માને નહીં. ભલે તેને હેતથી કહેવામાં આવ્યું હોય. ૨૫. **માણસની બુદ્ધિ જ્યારે વિપરીત થઈ જાય છે ત્યારે તેને પૂર્વ દિશા પણ પશ્ચિમ જણાય છે. જેની મતિ વિપરીત થઈ જાય છે તેને કોઈ ધર્મ કે નિયમ હોતા નથી.** ૨૬. જ્યારે મન અવળું ચાલે ત્યારે તેને મિત્ર હોય તે પણ દુશ્મન જણાય, અને ખરેખર દુશ્મન હોય તેને તે મિત્ર માનવા લાગે છે. અને સાચી વાત પણ તેને ખોટી લાગે છે. ૨૭. જ્યારે વિપરીત બુદ્ધિ થાય છે ત્યારે પોતાનું હિત કરે એવી વ્યક્તિ પણ તેને હંમેશાં દુઃખરૂપ લાગે છે, અને દુઃખકારી બાબત પણ સુખરૂપ લાગે છે. ૨૮. ભાણ ખાચરના મિત્રો અને સાથીદારો બધા અસુર હતા, એટલે તેણે ચારણની વાત માની નહીં. કારણ કે, દુષ્ટ મનુષ્યના સમાગમથી બુદ્ધિ વિપરીત થાય છે અને પછી તેને સાચી બાબત મનાતી નથી. ૨૯. ભાણ ખાચરે ચારણનો તિરસ્કાર કર્યો અને તેને પોતાની કચેરીમાંથી બહાર કાઢી મૂક્યો. જાતાં જાતાં તે ચારણે સ્પષ્ટ કહ્યું કે, **"સાચી વાત તો પોતાની માને**

પણ સારી લાગતી નથી, તો પછી તમે તો મારી વાત ક્યાંથી માનો ! પણ એક વાત સાંભળો કે, 'શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય ભગુજીનું માથું ઘણું અમૂલ્ય છે.' ૩૦-૩૧. ભાણ ખાચર ! ભગુજીનું માથું લેવા જતાં તો ઘણાં માથાં ઊડી જશે અને લોહીનું પૂર વહેશે."

આમ કહીને ચારણ ત્યાંથી ભજન ગાતો ગાતો ચાલ્યો ગયો. ૩૨. છતાં પણ તે વખતે પોતાને શૂરવીર માનનાર ભાણ ખાચર બોલ્યો કે, "આ સભામાં કોઈ એવો વીર પુરુષ છે કે જે ભગુજીનું માથું લાવી શકે ? અને જે માથું લાવશે તેને ઘણું મોટું ઈનામ મળશે." ૩૩. એ સમયે તે ભાણ ખાચરની કચેરીમાં બે મુસલમાન સરદાર આવીને બેઠા હતા. તે ભગુજીની અપાર શૂરવીરતાને તથા તેના પ્રતાપને જાણતા ન હતા. ૩૪. તે બંને પાડાની જેમ પોતાના બળમાં જ મદોન્મત્ત રહેતા હતા, છળના પણ અભિમાની હતા અને યુદ્ધની નિપુણતાના મદમાં અપાર પાગલ થયેલા હતા. ૩૫. તેથી ગર્વિષ્ઠ તે બંને સિંધી બોલ્યા, "ભગુજીનું માથું લાવીએ તો અમને ઈનામમાં શું મળે ?" ત્યારે તેની સામે જોઈને ભાણ ખાચર ચમકીને એવી વાણી બોલ્યા કે, "એ શૂરવીર સિંધી ! તમે સાંભળો. ચારસો વીઘા જમીન, જેમાં ફળદ્રુપ વાડી હોય, તે અમે આપશું, તમે તૈયાર થઈ જાઓ." ૩૬-૩૭. ત્યારે તે બંને સિંધીઓ બોલ્યા કે, "અમારે માટે ભગુજીનું માથું લાવવું તે કબૂલ છે." ત્યારે ભાણ ખાચરે તેમને કહ્યું, "મારે પણ તમને ઈનામ આપવું તે કબૂલ છે. તમે તમારી વાણીને સફળ કરો." ૩૮. ત્યારે તે સિંધીઓ બોલ્યા કે, "ભગુજીનું માથું લાવવાનું કામ તો પૂરું થઈ ગયું તેમ જ તમે જાણો. તમે ઈનામ તૈયાર રાખો. અમે હમણાં જ ભગુજીનું માથું લાવીને આપશું." ૩૯. ત્યારે ભાણ ખાચરે કહ્યું, "જુવાન, શાબાશ છે. તમને ધન્ય છે... ધન્ય છે... આ કામ કરવાની તમારી પાસે મને ઘણી આશા છે. મને નિરાશ ન કરશો." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ભાણ ખાચરે ભગુજીનું માથું લાવવાની જાહેરાત કરી" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥

પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭

ભાણ ખાચરે ખબડ અને મતારાને ભગુજીનું મસ્તક લેવા મોકલ્યા

ખબડ અને મતારા નામે જે બે સિંધી હતા તે બોલ્યા કે, 'બાપુ સાંભળો, સિંધુ નદીની પાસેના સિંધ દેશમાં અમે રહીએ છીએ. તમારી આશાને અમે પૂરી કરશું. ૧. ખબડ તથા મતારો - આવાં બે અમારાં નામ છે, અને અમારા બંનેનું કામ જગતમાં પ્રસિદ્ધ છે. ભગુજીનું મસ્તક આપને આપીને અમે આપની પાસેથી ઈનામ મેળવશું.' ૨. ત્યારે ભાણ ખાચરે કહ્યું, "તમે સિંધી છો તો પાછા પડશો નહીં." ત્યારે સિંધીએ કહ્યું કે, "અત્યારે વીરપણું દેખાડવાનો અવસર આવ્યો છે તો અમે કઈ રીતે પાછા પડીએ ? ૩. જો અમે પાછા પડીએ તો અમારી માની કૂખ લાજે." ત્યારે દરબાર ભાણ ખાચરે કહ્યું, "પહેલા મારી વાત સાંભળો અને પછી તમે બધી તૈયારી કરો. ૪. આ કામમાં જે જે મદદ તમે માગશો તે બધી મદદ અમે જરૂર આપશું. તમે અત્યારે જ રામપરા ગામ જાઓ, ત્યાં અત્યારે અમારું બધું લશ્કર રહ્યું છે. ૫. ત્યાં જે લશ્કર છે તે તમને મદદ કરશે અને લડાઈમાં તમને સહકાર આપશે."

ત્યારે ખબડ અને મતારો એ નામના બંને સિંધી રામપરા ગામ જવા ચાલ્યા. માનો તેઓ બંને ઘમંડી શિયાળ હોય તેવા જ દેખાતા હતા. ૬. સિંહની સામે મરવા જાય તે રીતે તે બંને વેગથી ચાલ્યા. રામપરા ગામને સીમાડે દરબાર ભાણ ખાચરના બસો વીર પુરુષોનું એક મોટું લશ્કર હતું. ૭. તે બંને સિંધી રામપરા ગામની સીમમાં જઈને દરબારી લશ્કરને મળ્યા. શ્રીહરિના પાર્ષદોની સાથે કઈ રીતે યુદ્ધ કરવું ? તેનો વિચાર કરીને ઉમંગભર તેમણે વ્યૂહની રચના કરી. ૮. પછી તેમણે તે જ સ્થળે એક ગુપ્તચર રાખ્યો કે જે, પાર્ષદોની હાલ-ચાલ ઉપર નજર રાખતો રહે. તે માણસ પાર્ષદોની બધી પ્રવૃત્તિ ઉપર નજર રાખતો. ખાનગીમાં આવતો-જતો અને ખાનગીમાં ખબડ અને મતારાને જણાવતો હતો. ૯.

✵ પાર્ષદોનો પરસ્પર રોચક સંવાદ :

માંડવધાર તથા રામપરા બંને ગામના સીમાડાની જમીનમાં એક

તકરારિયું ખેતર હતું, કે જ્યાં શ્રીહરિના પાર્ષદો તે ખેતરની રક્ષા માટે રહેતા હતા. ૧૦. શ્રીહરિના રાખેલા તે પાર્ષદોના ભયથી તે સ્થળે ભાણ ખાચરનો કોઈ પણ માણસ ચાહે તેવો શૂરવીર હોય, તોપણ આવી શકતો નહીં. ૧૧. એક વખતે જન્માષ્ટમીના દિવસો નજીક આવતા હતા, ત્યારે કોઈક કામ પ્રસંગ ઉપર શ્રીહરિએ પાર્ષદોને ગઢપુર પોતાની હજૂરમાં બોલાવી લીધા હતા. ૧૨. તે સમયે તે તકરારિયા ખેતર પાસે શ્રીહરિના શ્રેષ્ઠ બાર પાર્ષદો જ રહીને તે ખેતરની રખેવાળી કરતા હતા. તેમજ ભવિષ્યમાં થનારા યુદ્ધની રાહ જોતા હતા. ૧૩. તે ખેતરમાં માથાઢક બાજરો ઊભો હતો. તે બાજરામાં રહેલા મહાન વીર પાર્ષદો યુદ્ધની વાતો કરતા હતા. ૧૪.

તે દિવસે પાર્ષદ ભગુજીને શરીરમાં કાંઈક ઠીક ન હતું તેથી તે સૂતા હતા, પરંતુ તેમનું દિલ જરાય ખિન્ન ન હતું, પ્રસન્ન હતું. ૧૫. તે વખતે વીર ભગુજીએ હાથમાં કાંકરી લઈ એક ડૂંડાને મારી અને કહ્યું, “બધા પાર્ષદો સાંભળો, આ બાજરાના ડૂંડાને તો દેખો..! ૧૬. કેટલાયનાં માથાં કપાય તેવો આ બાજરો થયો છે.” ત્યારે પોતાની તલવારની ધારને દેખતાં દેખતાં વીર પુરુષોના અગ્રણી પાર્ષદ વીરોજી બોલ્યા, “શત્રુઓના મસ્તકને કાપવા માટે તો આજે મારી હથેળીમાં ખંજવાળ આવી રહી છે. તેમજ મ્યાનમાં રહેલી બધી તલવારો વારંવાર ઉતાવળી થઈ રહી છે. ૧૭-૧૮. પરંતુ ભાઈ ! એવો મોકો ક્યાં આવે છે..?!” પાર્ષદો હરખભેર આવી વાતો કરતા હતા. વળી, શ્રીહરિની મૂર્તિને પોતાના દિલમાં ધારીને તે પાર્ષદો વારંવાર શ્રીહરિનો મહિમા કહેતા હતા. ૧૯. આ બાજુ ખબડ અને મતારો બંને સિંધી રામપરા ગામમાં રહ્યા હતા. ઘણા દિવસથી તેણે ત્યાં પડાવ નાખ્યો હતો અને બધું લશ્કર પણ ત્યાં જ હતું. ૨૦.

તેણે ગુપ્તચર દ્વારા જાણ્યું કે, ‘અત્યારે તકરારિયા ખેતરમાં શ્રીહરિના માત્ર બાર પાર્ષદો રહ્યા છે.’ તે સાંભળીને તત્કાળ જ ખબડ અને મતારો પોતાનું બધું સૈન્ય લઈને પાર્ષદોને મારવા માટે ચાલી નીકળ્યા. ૨૧. તે બધા સવારના પહેલાં પહોરમાં જ તે તકરારિયા ખેતર તરફ ચાલ્યા. જ્યારે

સૂર્યોદયનો સમય હતો ત્યારે ત્યાં રહેલા બધા પાર્ષદો મળીને પરસ્પર વાતો કરતા હતા. તે વખતે આવતા લશ્કરથી ઊડતી ધૂળ પાર્ષદોએ સ્પષ્ટ દેખી. લશ્કરમાં આવતા ઘોડાનો હણહણાટ સંભળાયો. ત્યારે પાર્ષદોએ માન્યું કે, 'આજ શત્રુઓનું કટક-સૈન્ય આવી રહ્યું છે.' ૨૨-૨૩. જ્યારે ઘોડાઓનો હણહણાટ સંભળાયો અને ખૂલ્લાં ચળકતાં હથિયારો દેખાયાં, ત્યારે તત્કાળ જ વીર ભગુજી ઊભા થઈ ગયા અને બીજા બધા પાર્ષદો પણ તૈયાર થઈ ગયા. ૨૪.

ભગુજીએ કહ્યું, "વીરાજી, બેચરજી, કેસરીસિંહ, ભીમાજી, લાખાજી, દેવાજી, ધનાજી, રતનજી, ગુમાનજી, નથુજી અને મિંયાજી, તમે સહુ સાંભળો. ૨૫. જુઓ શત્રુઓનું લશ્કર આવી રહ્યું છે. હવે સહુ તત્પર થઈ જાઓ. શત્રુઓએ બંદૂકોની નાળીમાં દારૂ તથા ગોળી દબાવીને ભરી હશે, એટલે સહુએ આ નાળાને કિનારે સાવધાન થઈને રહેવું. જ્યારે શત્રુઓ આપણા ઉપર ગોળી છોડે ત્યારે સહુએ ધડાક દઈને સૂઈ જાવું. ૨૬-૨૭. એટલે ગોળી ઉપરથી નીકળી જશે અને આપણે બધા નિર્ભય રહીશું. શત્રુઓ આપણને મરેલા માનશે અને એકદમ નજીક આવશે. ૨૮. જ્યારે તેઓ નજીક આવે ત્યારે 'જય સ્વામિનારાયણ..!' એમ બોલીને બરાબર તે જ સમયે સહુએ શત્રુઓના ઉપર તૂટી પડવું. ૨૯. જેમ ખેડૂત લોકો ડૂંડાને કાપે છે તેમ કાંઈ પણ બોલ્યા સિવાય શત્રુઓનાં મસ્તક કાપી નાખવાં. ૩૦. કોઈની આજ્ઞાની રાહ જોવી નહીં, ખૂબ ઉત્સાહ રાખવો, કોઈની વાટ દેખ્યા સિવાય શત્રુ સૈન્યનાં મસ્તક કાપી નાખવાં." ૩૧.

ભગુજીની વાણી સાંભળીને બધા જ પાર્ષદોને શૂરાતનનું પાણી ચઢી ગયું. બધા જ પાર્ષદો તૈયાર થઈ ગયા. અને તે વોંકળાને કિનારે આવીને ઊભા રહ્યા. ૩૨. આટલી વારમાં તો શત્રુનું સૈન્ય પાસે આવી ગયું. સહુની આગળ સિંધી ખબડ દેખાયો અને તેની પાછળ મતારો આવતો હતો. સહુ 'મારો... મારો...' એમ બોલતા હતા. ૩૩. તેની પાછળ બીજું બધું સૈન્ય હતું. જેમાં કોઈને સાચી અક્કલ હતી નહીં. જેમ પતંગિયાં આગ તરફ ધસે તેમ ઈનામની લાલચથી બધું સૈન્ય ધસી આવતું હતું. ૩૪. સહુ કાળના

મોઢામાં ધસી આવ્યા. માનો એના મોતે જ તેમને બોલાવ્યા હતા. સહુએ પાર્ષદોને વોંકળીને કાંઠે દેખ્યા. પછી તે બધા અસુરોએ બંદૂકોમાં ગોળી ભરી અને એક સાથે પાર્ષદોને નિશાન બનાવીને બંદૂકો ચલાવી, પણ બધા પાર્ષદો તો એકદમ સૂઈ ગયા ત્યારે શત્રુઓની ગોળી ઉપરથી નીકળી ગઈ. ૩૫-૩૬.

તે સમયે શત્રુના સૈન્યએ માન્યું કે, પહેલા ગોળીબારથી જ બધા મરી ગયા, અને તેથી જ તે નિર્ભય થઈને પાર્ષદોની નજીક વોંકળા પાસે દૃઢતાથી આવ્યા. ૩૭. **આવેલા શત્રુઓને જોઈને શ્રીહરિના શૂરવીર પાર્ષદોએ અત્યંત ગંભીરતાથી ગર્જના કરી. અને 'જય સ્વામિનારાયણ...' આમ કહીને તે બધા જ લડવાને માટે કૂદી પડ્યા.** ૩૮. ભાણ ખાચરના બસો યોદ્ધાઓની સામે આ બાર પાળાઓ મતવાલા થઈને લડવા માંડ્યા. અતિશય પડકાર કરવા લાગ્યા અને તે સમયે ચારે બાજુ ઘણા જ હોંકારા થવા લાગ્યા. ૩૯. **જેની મદદમાં શ્રીહરિજી મહારાજ હોય છે તેના બધાં જ કામ સફળ થાય છે. જેની સહાય સ્વયં ધર્મનંદન શ્રીહરિ કરે છે તેનો એક વાળ પણ વાંકો થતો નથી.** ૪૦. શિયાળના ઉપર જેમ વનરાજ સિંહ તૂટી પડે છે તેમ આજે શ્રીહરિના બધા જ પાળાઓ કૂદીને શત્રુના સૈન્ય પર તૂટી પડ્યા. ૪૧. જેમ રામના બાણે રાવણના અપાર અસુરો મર્યા, તેમ શ્રીહરિના આ શૂરવીર પાળાઓ શત્રુઓને માર મારવા લાગ્યા. ૪૨. અત્યંત શૂરવીર પાર્ષદો જ્યારે શત્રુનાં મસ્તક કાપતા હતા, ત્યારે ચારેય બાજુ લોહી વહેવા લાગ્યું. બધી ભૂમિ પણ લોહીથી લાલ લાલ થઈ ગઈ. ૪૩. જેમ કોઈ એક સિંહ શિયાળના ટોળા ઉપર તૂટી પડે ત્યારે અનેક શિયાળ ભાગવા મંડે છે, તેમ શ્રીહરિના પાર્ષદોને લીધે અસુરો છિન્ન ભિન્ન થઈ ગયા. ૪૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ભાણ ખાચરે ખબડ અને મતારાને ભગુજીનું મસ્તક લેવા મોકલ્યા" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮

ભગુજી તથા ખબડનું યુદ્ધ અને શ્રીહરિએ પાર્ષદોની સંભાળ લીધી

ભયાનક યુદ્ધ શરૂ થયું ત્યારે ખબડે પોતાનાં અપાર સૈન્યમાં ભંગાણ પડી રહ્યું છે તેમ દેખ્યું. પરંતુ ઈનામની આશા અને મોહને લીધે તે અતિ પોકાર કરવા લાગ્યો. ૧. પોતાના ઘોડાને કૂદાવતો ખબડ તત્કાળ જ દોડી આવ્યો. સૈન્યમાં આગળ આવી તે બોલ્યો કે, "હું ખબડ ભગુજીનો કાળ છું. ૨. ભગુજી કોનું નામ છે ? આમાં ભગુજી કોણ છે ? મારે તેનું એકનું જ કામ છે. હું તેના ધડ ઉપરથી મસ્તક કાપનારો છું." ૩. ત્યારે ભગુજીએ ખોંખારી, છાતી ઉપર હાથ રાખીને કહ્યું કે, "આ હું પોતે ભગુજી છું, તે તું સમજી લે. એ મૂરખ ! હવે તું ખરો શૂરવીર થા." ૪. તે વખતે તે ખબડ બોલ્યો કે, "ભગુજી ! તું મારા ઉપર ઘા કર, અત્યારે હું તને જોઈ લઉં. બધા જ વીર પુરુષો તારાં વખાણ કરે છે, માટે મારે તારું બળ જોવું છે." ૫. ત્યારે નરવીર ભગુજી બોલ્યા, "એ ખબડ ! હું ધીર અને સાચો ક્ષત્રિય છું. મારો ઘા પ્રથમ હોય નહીં. એ સિંધી, તું મારા ઉપર પહેલો ઘા કર." ૬.

જ્યારે વીર ભગુજી આવું બોલ્યા કે તરત તે વખતે ખબડ એમ બોલ્યો કે, "ભગુજી સાવધાન..! હવે હું પહેલો ચોક્કસ ઘા કરું છું." ૭. દૂર્બુદ્ધિ ખબડે આંખો લાલ કરી હતી. તેણે પોતાના ઘોડાને ગોળાકારમાં અતિ ફેરવીને રોક્યો, અને ભગુજીને પોતાના નિશાનમાં લીધા. પછી તેણે ધડાક દઈને ભગુજીના ઉપર તલવારનો પ્રહાર કર્યો. ૮. જ્યારે તેણે ભગુજીના ઉપર તલવારનો ઘા કર્યો ત્યારે તે ભગુજીના ડાબા ખભા ઉપર લાગ્યો. તે ઘા જનોઈવાઢ થઈ ગયો હતો અને તેમાંથી એકદમ લોહીનો પ્રવાહ નીકળવા લાગ્યો. ૯. પછી તત્કાળ જ ભગુજીએ પોતાના મસ્તકે તાંસળીના ઉપર જે ફેંટો બાંધ્યો હતો, તે કાઢીને પોતાના કપાયેલા શરીરને જોરથી બાંધી દીધો અને જમણા હાથમાં તલવાર ઉઠાવી. ૧૦. ભગુજી બોલ્યા, "એ ગમાર પિંજારા ! હવે તું ઊભો રહે, તલવારનો ઘા તેં કર્યો તેમ ન થાય." આવી વાત જ્યારે કરતા હતા ત્યારે શૂરવીર મિંયાજીએ ખબડના ઘોડાની આંખમાં એક બાણ મારી દીધું. તેથી તે ઘોડો બે પગભર ઝાડ થઈને ઊછળીને ભગુજીની પાસે પડ્યો. ૧૧-૧૨.

ત્યારે ભગુજીએ ખબડના માથા ઉપર તલવારનો ઘા કર્યો. તે ઘા મસ્તક અને ખભાને બખતરે સહિત કાપીને આરપાર નીકળી ગયો. ૧૩. આ રીતે ભગુજીએ સિંધી ખબડને ચીરી નાખ્યો. મરતાં મરતાં તે ખબડ બોલી ઊઠ્યો કે, "ધીર ભગુજીને ધન્ય છે. ભગુજી ખરેખર વીર યોદ્ધો છે. ૧૪. એ મતારા..! તું દૂર રહેજે. ભગુજીની પાસે જઈશ નહીં." આટલું બોલીને તે ખબડ જમપુરીમાં ગયો. ૧૫. આવું બધું જોઈને ઘણા વીર યોદ્ધાઓ તો જીવ લઈને ત્યાંથી ભાગ્યા. અને કેટલાક શૂરવીર પુરુષો ભગુજીના ઉપર હથિયારના ઘા કરતા રહ્યા. ૧૬. તે બધા જ લોકો મનમાં એવું ચાહતા હતા કે, 'જો ભગુજી મરે તો આપણને ઈનામ મળે.' આવી મનમાં આશા રાખીને તે બધા શત્રુઓ ભગુજીના ઉપર જ પ્રહાર કરતા હતા. ૧૭.

તે વખતે પાર્ષદ બેચર ચાવડા ભગુજીની રક્ષા કરવા માટે તે યુદ્ધમાં એકદમ આવી પહોંચ્યા. તે શ્રીહરિનું સ્મરણ કરીને પટ્ટા ખેલવા લાગ્યા અને સાથે અસુરોના માથાને પણ કાપતા રહ્યા. ૧૮. છતાં પણ શત્રુઓએ ભગુજીના ઉપર તે વખતે નાના-મોટા અઢાર ઘા મારી દીધા. તેમાં ખબડે કરેલા તલવારના ઘાની પીડા ભગુજીને તે વખતે ઘણી થતી હતી. ૧૯. ભગુજી હૃદયમાં ભગવાન શ્રીહરિને યાદ કરતાં કરતાં બધા પાર્ષદોની વચ્ચે ત્યાં જ બેસી ગયા. તે સમયે ખબડ મરાયો તેમજ મતારો યુદ્ધક્ષેત્રમાંથી ભાગી ગયો, અને શત્રુના સૈન્યમાં અતિશય ભય લાગ્યો. ૨૦. તેથી શત્રુના સૈન્યમાં ઘણું મોટું ભંગાણ થયું. ઘવાયેલા શત્રુઓ દુઃખથી ચીસ પાડવા લાગ્યા. અગિયાર જેટલા વીર પાર્ષદોએ શત્રુઓના ઉપર પ્રહાર કરતાં કરતાં તે બધાને સીમાડાથી દૂર ભગાડી દીધા. (આ રીતે સંવત ૧૮૮૨ શ્રાવણ સુદી દસમીને દિવસે શ્રીહરિએ પાર્ષદો દ્વારા ભૂમીનો ભાર ઉતાર્યો.) ૨૧.

એક બેચર ચાવડા સિવાય બીજા બધા જ પાળાઓ ઘાયલ થયા હતા. શ્રીહરિના તે નિપુણ પાર્ષદોને ખરેખર ધન્ય છે કે, જેણે અસુરોના સૈન્યને છિન્ન ભિન્ન કરી દીધું. ૨૨. પાર્ષદો શત્રુના સૈન્યને ભગાડીને જ્યારે પાછા વળ્યા, ત્યારે રસ્તા ઉપર કોઈના હાથનું કપાયેલું કાંડું દેખ્યું. ત્યારે રતનજી બાપુ બોલ્યા કે, "અરે..! આપણામાંથી આ કોના હાથનું કાંડું કપાયેલું પડ્યું છે ?" ૨૩. ત્યારે પાર્ષદ મિંયાજી બોલ્યા કે, "જુઓ તો ખરા..! આ કાંડું

તો તમારા હાથનું જ છે.” પછી કપાયેલા કાંડાને જમીનમાં દાટી દીધું અને સહુ જ્યાં ભગુજી હતા ત્યાં આવી પહોંચ્યા. ૨૪. ત્યાં રસ્તામાં ઘવાયેલો એક ભાવર પડ્યો હતો અને તે ‘પાણી... પાણી...’ એમ પોકારતો હતો. ત્યારે પાર્ષદોએ તેના ઉપર દયા કરી, અને ભીમાજીએ તેની પાસે જઈ પાણી પાયું. તે ભાવરે પાણી પીધા પછી દગો કર્યો. ૨૫-૨૬. તે ભાવરે પોતાની બરછી ચક્કર ચક્કર ઘુમાવીને ભીમાજીના પગ ઉપર ઘા કર્યો. પરંતુ ભીમાજી છલાંગ મારીને તે ઘાથી બચી ગયા, અને કહ્યું કે, “દયાથી જે તને પાણી પાય છે તેની સાથે પણ તું દગો કરીને એને મારવા તૈયાર થયો ?” આમ કહીને ભીમાજીએ તે શત્રુને જાનથી મારી નાખ્યો. ૨૭-૨૮. કેવી રીતે ? તો, ભીમાજીએ તલવારના એક જ ઝાટકાથી તેને પાર પહોંચાડ્યો. કૃતઘ્નીનો તરત જ એવો ઉપાય કર્યો કે તે જમપુરીનો મહેમાન બની ગયો. ૨૯.

પછી ભીમાજી જ્યાં ભગુજી શાંતિથી શ્રીહરિનું સ્મરણ કરતા હતા ત્યાં આવ્યા. આ બાજુ ગઢપુરમાં જ્યાં શ્રીહરિ વિરાજમાન હતા ત્યાં આ યુદ્ધના સમાચાર પહોંચ્યા. ૩૦. ‘હે પ્રભુ ! માંડવધાર તથા રામપરાને સીમાડે જે ન બનવું જોઈએ તે બધું બન્યું છે. ત્યાં તકરારિયા ખેતરમાં ઘણું મોટું યુદ્ધ ખેલાઈ ગયું છે.’ ૩૧. જ્યારે પ્રભુ શ્રીહરિને આ ખબર પડી ત્યારે બીજા વિચક્ષણ પાર્ષદોને ત્યાં મોકલ્યા. વાયુને વેગે ચાલેલા તે પાર્ષદો જ્યાં ભગુજી વગેરે હતા ત્યાં આવી પહોંચ્યા. ૩૨. જે પાર્ષદો ઘવાયેલા હતા તે બધાને તરત જ ખાટલામાં અથવા તો ઝોળીમાં સુવડાવી દીધા. તે બધાને લઈને સહુ ગઢપુર આવ્યા. શ્રીહરિ પણ તરત જ તે પાર્ષદોને દર્શન દેવા ત્યાં પધાર્યા. ૩૩. શ્રીહરિએ પ્રેમથી સહુની સંભાળ લીધી અને સહુના ઉપર કૃપાદૃષ્ટિ કરી. ઘવાયેલા તે પ્રત્યેક પાર્ષદની સેવામાં બીજા ચાર-ચાર પાર્ષદોને પ્રેમથી રાખ્યા. ૩૪.

શ્રીહરિએ સમજી વિચારીને ભગુજીની સેવામાં આઠ પાર્ષદો રાખ્યા. ભગુજીને ગંભીર ઘા લાગ્યા હતા. તેને ક્યાંય ચમકથી પીડા થાય નહીં, એમ વિચારીને શ્રીહરિ બોલ્યા કે, “સહુને કહી રાખજો, ઢોલ કે નગારાં ક્યાંય વાગે નહીં.” શ્રીહરિએ તે વખતે બળદના ગળામાંથી ઘુઘરમાળ પણ તત્કાળ છોડાવી દીધી. ૩૫-૩૬. ‘સંધ્યા સમયે મંદિરમાં પણ ક્યાંય ઝાલર વગાડશો

નહીં.' આમ કહીને શ્રીહરિએ ભગુજીની પાસે રહીને જ તેના બધા ઘાવને સાફ કરાવ્યા. ૩૭. શ્રીહરિએ કૃપા કરીને નિષ્ણાત માણસની સાથે રહીને તરત હીરથી ટાંકા ભરાવ્યાં, અને ભગુજીના મસ્તક ઉપર હાથ ફેરવ્યો. ૩૮. અવિનાશી શ્રીહરિ પ્રેમથી ભગુજીના ખાટલા પાસે ઊભા રહ્યા અને પછી બોલ્યા, "ભાઈ ભગુજી ! તમને કેમ છે ?" ૩૯. ત્યારે ભગુજી પણ હસીને બોલ્યા કે, "કૃપાળુ ! મને ઠીક છે." પછી શ્રીહરિએ ફરીને કાંઈ પૂછ્યું નહીં. સહુને દર્શન દઈ પોતે પોતાને ઉતારે પધાર્યા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ભગુજી તથા ખબડનું યુદ્ધ અને શ્રીહરિએ પાર્ષદોની સંભાળ લીધી" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯

શ્રીહરિએ કાળથી ભગુજી આદિ પાર્ષદોની રક્ષા કરી

ભગુજી રાતે સૂતા હોય ત્યારે યુદ્ધના તાનમાં આવી જઈને કેટલીએ વાર 'મારો...મારો...' એમ બોલતા, કેટલીય વખત પથારીમાંથી ઊભા થઈ જતા હતા. ૧. તેમની સેવા કરનારા પાર્ષદો ખૂબ ધ્યાન દઈને તેમને પાછા સુવડાવી દેતા હતા. સ્વયં ભગવાન શ્રીહરિ પણ તે ઘાયલ પાર્ષદોની ઘણી સંભાળ રખાવતા હતા. ૨. તે સમયમાં ભગુજીને ઝાઝા માણસ દેખાવા ન દેતા. તેના મનમાં જો શાંતિ હોય તો તેઓ સૂઈ રહે; આવો વિચાર કરીને ત્યાં એક પડદો બંધાવી દીધો. શ્રીહરિ પોતે બે-ત્રણ વખત તેમને દર્શન દેવા માટે આવતા રહેતા. ૩-૪. **શ્રીહરિની કૃપાથી ધીરે ધીરે સહુના શરીરમાં ઘા રુઝાવા લાગ્યા. ભગુજીને પણ સારું થવા માંડ્યું અને તેમના મનથી દુઃખ, અશાંતિ આદિ ટળી ગયાં.** ૫.

દાદા ખાચરના કાકા જીવા ખાચર દાદા ખાચરની સાથે ઈર્ષ્યા રાખતા હતા. બધા પાર્ષદો સાજા થવા લાગ્યા તે જાણીને તે જીવા ખાચર ઈર્ષ્યા અને દ્વેષથી મનમાં દુઃખી થયા. તેથી તેના દિલમાં સુખ રહ્યું નહીં. ૬. આસુરી

ભાવથી દુષ્ટ બુદ્ધિ હોવાને લીધે તેણે એક વાળંદને બોલાવીને વાત કહી. તેને ડરાવી-ધમકાવીને દબાવ્યો. વળી કાંઈક લાલચ આપીને પણ ફસાવ્યો. ૭. જ્યારે તે વાળંદ પાટો બદલવા માટે આવ્યો, ત્યારે ઘાવ રુઝવવાના મલમની જગ્યાએ કબૂતરની ચરક લગાવી. તેથી ભગુજીને પીડા ઘણી વધી ગઈ. ૮. રુઝાતો ઘાવ એકદમ ઊબળ્યો અને તેનાથી ભગુજીને લેશમાત્ર પણ શાંતિ ન રહી. વળી, તે જ દિવસે જીવા ખાચરે દુદુંભિ નામે મોટાં નગારાં અને મોટી મોટી ઝાલરો જોરથી ખૂબ વગડાવી. તેથી ભગુજીને એકદમ ચમક ઊપડી. તે 'મારો...મારો...' એમ કહીને તત્કાળ જ ઊભા થઈ ગયા. ૯-૧૦.

જ્યારે ભગુજીને લીધેલા ટાંકા ફટ ફટ તૂટ્યા ત્યારે તેને ઘણી પીડા થઈ. તે વખતે નિત્યાનંદ સ્વામી તેમની સેવામાં હતા, તેમણે આ બધો કપટભર્યો ફંદ દેખ્યો. ૧૧. પછી તો તેઓ દોડીને શ્રીહરિની પાસે આવ્યા. તેમના શરીરમાં શ્વાસ માતો ન હતો. તેમણે શ્રીહરિને તત્કાળ કહ્યું કે, "હે પરમદયાળુ મહારાજ ! જલદી ઊઠો. ૧૨. મહારાજ ! ગજબ થઈ ગયો. હું આપને શી વાત કહું ? ભગુજીના બધા જ ટાંકા સ્પષ્ટ રીતે તૂટી ગયા છે. ૧૩. ભગુજીના શરીરમાં એકદમ બળતરા ઊપડી છે. મારા નાથ ! કૃપા કરો અને જલદી ત્યાં પધારો." ૧૪.

તે બધી સ્થિતિ સાંભળીને શ્રીહરિએ પણ મનુષ્યલીલા કરી તત્કાળ ઊભા થઈ ગયા. ચમકીને એકદમ બોલ્યા કે, "શું થયું ?" ૧૫. શ્રીહરિ એકદમ ઉદાસ થઈ ગયા. જમવાનું પણ છોડી દઈને ભગુજીની પાસે આવ્યા અને તેમને પૂછ્યું કે, "તમને શું થયું ?" ૧૬. વળી, શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને પણ પૂછ્યું કે, "આજ અચાનક આ શું થયું ?" તે સાંભળીને નિત્યાનંદ સ્વામી બોલ્યા, "હે મહારાજ ! આપ વાત સાંભળો, જ્યારે પાટો બદલ્યો ત્યારે તરત જ ભગુજીને બળતરા ઊપડી છે, અને તે પછી નોબત અને નગારાં વાગવાં લાગ્યાં અને તેનાથી તેમને ઘણી ચમક ઊપડી. ૧૭-૧૮. જ્યારે માણસોનો કોલાહલ બહુ થયો તે વખતે શૂરવીર ભગુજી 'મારો...મારો...' એમ બોલતા ઊભા થઈ ગયા, અને તેનાથી બધા જ ટાંકા તૂટી ગયા છે." ૧૯.

પછી તરત જ શ્રીહરિ બોલ્યા, "આજે પાટો કોણે બદલ્યો ?" ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, "રોજ આવીને જે વાળંદ બદલે છે, તે જ વાળંદે પાટો બદલ્યો છે." ત્યારે શ્રીહરિએ તે વાળંદને બોલાવવા કહ્યું કે, "અત્યારે હાલ જ તેને પકડીને તત્કાળ મારી પાસે લાવો." ૨૦-૨૧. તે પછી તત્કાળ જ પાર્ષદ ગયા અને વાળંદને તુરંત પકડી લાવ્યા. વાળંદ શ્રીહરિની આગળ થરથર ધ્રૂજવા લાગ્યો. તેને મનમાં ઘણો જ ભય લાગ્યો. ૨૨. શ્રીહરિએ હાંક મારીને વાળંદને કહ્યું, "તું તારી બધી જ વાત સાચી બોલી જા."

ત્યારે વિચાર કરીને તે વાળંદ બોલ્યો, "મહારાજ ! મારાથી ઘણી મોટી ભૂલ થઈ ગઈ છે. ૨૩. પ્રભુ ! આપ તો અંતર્યામી છો. આખા વિશ્વના એક સ્વામી છો." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આમ શાથી થયું ? તેં શા માટે આવી ભૂલ કરી ? ૨૪. કઈ રીતે ભૂલ કરી ? અને શું ભૂલ કરી ? એ બધાનું કારણ અને એનું કાર્ય અમારી આગળ કહી દે." ત્યારે થરથર ધ્રૂજતો તે વાળંદ બધી વાતને કહેવા લાગ્યો, "હે મહારાજ ! સો વીઘા જમીનની લાલચમાં મારું મન પડી ગયું, મારી બુદ્ધિ દૂષિત થઈ અને તેનાથી હું ભરમાઈ ગયો. ૨૫-૨૬. કબૂતરની ચરક મેં ઘા ઉપર લગાડી છે અને તેને લીધે જ વીર ભગુજીને અપાર પીડા થઈ છે. ૨૭. જીવા બાપુના કહેવાથી હું આપનો ગુન્હેગાર થયો છું. આપ દયાળુ છો તો દિલમાં દયા લાવીને મારો ઉદ્ધાર કરો." ૨૮.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "આ વાળંદ નિષ્કપટ છે. બિચારો તે સાચેસાચું બોલ્યો છે. હવે તેને લગાર પણ કહેશો નહીં. ૨૯. એને અહીંથી બહાર કાઢી મૂકો." પછી એક પાળાએ તે વખતે તેને ધક્કો મારીને દરબારમાંથી બહાર કાઢી મૂક્યો. શ્રીહરિવર તો અતિશય દીનદયાળુ છે. ૩૦. પછી શ્રીહરિએ તે ઘા ઉપરનો પાટો છોડાવ્યો અને ઝખમને ધોવડાવી નાખ્યો. પછી ભક્તપતિ શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીના હાથથી ફરીવાર પાટો બંધાવ્યો. ૩૧. તે પછી શ્રીહરિએ ઘણી દયા કરી અને અદ્‌ભુત કૃપાદૃષ્ટિ કરી. તેનાથી તે વખતે ભગુજીના મનમાં ખૂબ જ શાંતિ થઈ. ૩૨. પછી દયા લાવીને શ્રીહરિ બોલ્યા કે, "ભાઈ ભગુજી ! હવે તમને કેમ છે ?"

ત્યારે ભગુજીએ કહ્યું, “કૃપાનાથ શ્રીહરિ ! આપ સદાય મારી સાથે જ છો. ૩૩. અને તેથી જ મને કોઈ પણ પ્રકારની પીડા નથી. હવે આપ મારી બાબતમાં લગાર પણ ચિંતા કરશો નહીં. **હું આ લોકમાં રહીને સર્વ જગતથી ન્યારી આપની સેવા કરીશ.** ૩૪. અને હે અવતારી ! **જો હું આપના ધામમાં જઈશ તો ત્યાં પણ આપની સેવા કરીશ.”**

ત્યારે વચ્ચે જ બેચર ચાવડા બોલ્યા, “હે મહારાજ ! આપ સાંભળો. ૩૫. આ સમયે ભગુજીને જો કાંઈ થશે તો દુનિયામાં બધા લોકો વાતો કરશે કે, ‘સ્વામિનારાયણના જે શૂરવીર પાર્ષદ ખેતરની રક્ષા કરતા હતા ત્યાં જઈને ભાણ ખાચરના લશ્કરે તે પાર્ષદોને જીવથી મારી નાખ્યા.’ આપ મુરારિ દયાળુ છો, તો મારા ઉપર કૃપા કરીને એક વાતને માનો. ૩૬-૩૭. **હે હરિ ! આ વખતે ભગુજીનું આયુષ્ય જો પૂરું થઈ ગયું હોય, તોપણ તેને આપ લંબાવી દો; આવો મારો વિચાર છે.”** ૩૮. બેચર ચાવડાની વાત સાંભળીને શ્રીહરિ એક ક્ષણવાર તો કાંઈ બોલ્યા નહિ, પણ પછી પ્રસન્ન થઈને શ્રીહરિએ કહ્યું કે, “ભગુજી, તમે સાંભળો. ૩૯. **તમારા શરીરનું આયુષ્ય આજે સંપૂર્ણ પૂરું થઈ ગયું છે, પણ સહુની લાજ રાખવા માટે હું તમારી કાળથી રક્ષા કરીશ.”** ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “શ્રીહરિએ કાળથી ભગુજી આદિ પાર્ષદોની રક્ષા કરી” એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦

પાર્ષદોની રક્ષા કરવા સચ્ચિદાનંદ સ્વામીને રાખ્યા

મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે કે, હે રાજા ! તમે સાંભળો. શ્રીહરિની લીલા અદ્‌ભુત અને સુખરૂપ છે; તે હું તમને કહું છું. ૧. **જીવને સંસારથી પાર થવા માટે શ્રીહરિનાં ચરિત્ર નાવરૂપ છે. તે ચરિત્રોને જે કહે છે કે સાંભળે છે તેનો સહેલાઈથી ઉદ્ધાર થઈ જાય છે.** ૨. તે વખતે

ત્યાં કરીમભક્ત ઊભા હતા તેને પ્રભુ શ્રીહરિએ કહ્યું, “તમે સચ્ચિદાનંદ સ્વામીને જલદીથી બોલાવી લાવો.” ૩. પછી કરીમભક્ત તત્કાળ સ્વામીને બોલાવવા ગયા, અને તત્કાળ જ મહાસમર્થ સચ્ચિદાનંદ સ્વામીને લઈને પાછા આવ્યા. ૪.

પછી શ્રીહરિએ સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું કે, “સ્વામી ! સાંભળો. તમે આજ આખી રાત આ ઓરડા આગળ દરવાજે ભગુજીની ચોકી કરવા માટે બેસી રહો. ૫. જો અહીં કાળ આવે, તો તેને બહાર ભગાડી મૂકજો. મારી આ આજ્ઞા છે તેને લગાર પણ ચૂકશો નહીં.” ત્યારે મુનિરાજ પ્રેમથી બોલ્યા, “મારા મહારાજ ! બહુ સારું, આપ જેમ કહો છો તેમ કરીશ.” ૬. પછી સચ્ચિદાનંદ સ્વામી પોતાના હાથમાં એક મોટો ધોકો લઈને જ્યાં ભગુજી હતા તે ઓરડાને દરવાજે બેઠા. પછી શ્રીહરિ ‘જય સ્વામિનારાયણ...’ એમ કહીને પ્રસન્નતાથી પોતાને ભવન પધાર્યા. ૭. પછી જ્યારે અરધી રાત ગઈ ત્યારે તે ઠેકાણે મૂર્તિમાન કાળ આવ્યો. સચ્ચિદાનંદ સ્વામીએ તેને ત્યાં રોક્યો. ત્યારે કાળે પોતાનો અધિકાર જણાવી કેફ બતાવ્યો. ૮. ત્યારે મુનિએ શ્રીહરિનું ધ્યાન ધર્યું અને તેના મોઢા ઉપર એક તમાચો મારી દીધો, તેનાથી કાળનું મોઢું મરડાઈ ગયું. આથી તે સુધીર કાળ પણ અત્યંત ગભરાઈ ગયો. ૯.

પછી તો કાળ ત્યાંથી પાછો ફર્યો અને તત્કાળ જ શ્રીહરિની પાસે આવ્યો. તે પોકાર કરીને બોલ્યો કે, “કૃપાનાથ ! મારી રક્ષા કરો. ૧૦. હે હરે ! આપ મારી સામે નજર કરો. આપના સંત તો ઘણા જબરા નીકળ્યા. તેણે આંખ કાઢીને મને એવો તમાચો માર્યો કે મારી ગરદન મરડી નાખી છે. ૧૧. જ્યારે ભગુજીનું આયુષ્ય પૂરું થયું ત્યારે જ હું તેના શરીરમાંથી તેને લેવા ગયો હતો. આપનાં આજ્ઞા-વચનને પાળવા હું ગયો ત્યારે આજ મારી આ હાલત થઈ છે. ૧૨. ભગુજીને લેવાને માટે મને ઘરમાં પેસવા દીધો નહીં. તે મહા જબરા મુનિરાજે મારી આવી હાલત કરી નાખી છે.” ૧૩. કાળનું આવું વચન સાંભળીને શ્રીહરિ તે વખતે પ્રેમથી કાળને કહેવા લાગ્યા કે, “તારે મારા આશ્રિતનું કાંઈ પણ અઘટિત કરવું નહીં. ૧૪.

सोरठा : होत जहाँ मेरे संत, जाना नहि वहाँ तुमको;
करना नहि कोउ तंत, तेरी सत्ता का मद रखके...१५
मैं तो हुँ समर्थ सब, कर्तुमकर्तुम् अन्यथा;
आज से तुम फिर कब, नाम न लेना मुझ जन का...१६

હવેથી જ્યાં મારા સંત હોય ત્યાં તારે જાવું નહીં. પોતાની સત્તાનો મદ રાખીને કોઈ પણ પ્રકારનો તારે તંત કરવો નહીં. ૧૫. હું તો કર્તું, અકર્તું અને અન્યથાકર્તું સર્વ સમર્થ છું. માટે આજથી તારે ફરીને ક્યારેય મારા આશ્રિતનું નામ લેવું નહીં. ૧૬. જો તારે ઠીક થવાની આશા હોય, તો તું ફરીને સ્વામીની પાસે જા. તેઓ તારી ગરદનને ઠીક કરશે અને બધી જ પીડા મટાડશે." ૧૭. શ્રીહરિનાં આવાં વચન સાંભળીને કાળ ત્યાંથી ચાલ્યો, અને જ્યાં સચ્ચિદાનંદ સ્વામી હતા ત્યાં પાછો આવીને પગમાં પડ્યો, 'હે મુનિરાજ ! આપ મને માફ કરો. હવે પછી હું આવું કોઈ કામ કરીશ નહીં.' ૧૮.

ત્યારે તે મુનિરાજે શ્રીહરિનું ધ્યાન કર્યું અને કાળની ગરદનની બધી જ પીડા મટાડી. પછી કાળ ત્યાંથી ચાલતો થયો. સચ્ચિદાનંદ સ્વામી આવા મહાન પરમહંસ હતા. ૧૯. આ રીતે શ્રીહરિએ બધા જ પાર્ષદ સારા-સાજા થાય તેવી નવીન રીતે રક્ષા કરી. બધા પાર્ષદોને ઠીક થતાં ત્રણ મહિના વીત્યા. પછી સૌ ખુશ થઈને શ્રીહરિની પાસે ગયા. ૨૦. શ્રીહરિએ ભગુજીને પોતાના અનન્ય દાસ જાણીને પોતાને હાથે તેના મસ્તક ઉપર પાણી રેડ્યું. ઘણા જ પ્રેમથી સ્નાન કરાવ્યું અને સ્નેહીની જેમ સહુને જમાડ્યા. ૨૧. બોટાદના શેઠ ભગા દોશી હતા. તે ઘણા કુળવાન અને હોંશિલા હતા. તે દિવસે ભગા દોશીની રસોઈ હતી અને સહુમાં નવીન અલૌકિક આનંદ છવાઈ ગયો. ૨૨. પછી તે બારેય પાર્ષદોને વધાઈ આપીને જગન્નાથી કાપડની પાઘ માથે બંધાવી. તે સમયે ભગવાન શ્રીહરિ અને મોટા મનના સંતો પણ શેઠ ભગા દોશી ઉપર ખૂબ જ ખુશી થયા. ૨૩.

તક જોઈને કોઈ યોગ્ય સેવા કરે તો તે સેવા કરનારને સુખ અને રાજીપારૂપી મેવા-મીઠાઈ મળે છે. તેમાં કોઈ ભગવાન કે ભક્તનો પક્ષ

રાખવા લડાઈ કરીને, અને કોઈક તો જમાડીને પ્રસન્નતા મેળવે છે. ૨૪. સર્વે ભક્તજનોને પ્રગટ પ્રભુને રાજી કરવાનું એક જ તાન હોય છે. સહુના દિલમાં એક જ ઇચ્છા હોય છે કે, ભગવાન શ્રીહરિ અમારા ઉપર કઈ રીતે રાજી થાય ? ૨૫. દાદા ખાચરના દરબારમાં શ્રીહરિનો રાજીપો મેળવવા માટે બધા જ ભક્તજનો યોગ્ય સમયને ખોળતા રહેતા, અને તે રાજીપાને માટે અપાર સ્પર્ધા કરતા હતા. ૨૬.

सोरठा : सर्वोपरी अवतार, अक्षरधाम के धनी हरि;
नहि आये कोउ वार, आयेंगे कहाँ से प्रभु...२७
जानी ऐसे भगवान, महिमा रख सेवा करे;
धरे सदा सब ध्यान, प्रसन्नता हित यत्न करे...२८

અક્ષરાધિપતિ શ્રીહરિનો આ અવતાર સર્વોપરિ છે. તેઓ ક્યારેય આ ભૂમિ ઉપર આવ્યા ન હતા અને ફરીવાર આવશે પણ ક્યાંથી ? અર્થાત્ આવશે પણ નહીં. ૨૭. ભક્તો ભગવાનને આવા સમજીને મહિમાપૂર્વક સેવા કરતા હતા. બધા જ ભક્તજનો નિરંતર શ્રીહરિનું ધ્યાન કરતા, અને તેમની પ્રસન્નતા માટે જ પ્રયત્ન કરતા રહેતા હતા. ૨૮. સમય વીતતા કોઈ એક વાર સિંધી મતારાએ ફરી લડવાની તૈયારી કરી. પોતાના સાથીદાર ખબડનું વૈર વાળવા માટે તે શૂરવીરોનો સમાજ લઈ ગઢપુર ઉપર ચઢી આવ્યો. ૨૯. તે વખતે શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને એમ કહ્યું કે, “સ્વામી ! આપ શંખ વગાડીને પાપી મતારાને અહીંથી ભગાડી મૂકો.” ૩૦.

અને સુખદાયક શ્રીહરિએ પ્રેમાનંદ સ્વામીને પણ કહ્યું કે, “તમે અતિ ભયંકર મોટી ભેરી વગાડો.” પછી તે બંને સંતોએ શ્રીહરિના કહ્યા પ્રમાણે કર્યું તેથી અત્યંત ભયાનક નાદ થયો. ૩૧. તે શંખ અને ભેરીના ધ્વનિને સાંભળીને અત્યંત ભયભીત થયેલો મતારો તત્કાળ ત્યાંથી ભાગી નીકળ્યો. તે ધ્વનિથી થયેલા ભયને લીધે તેનું બધું સૈન્ય છિન્ન ભિન્ન થઈ ગયું. ૩૨. પ્રત્યક્ષ પ્રભુ સ્વયં શ્રીહરિએ પોતાનો આવો અતિશય પ્રતાપ ઘણી વાર બતાવ્યો હતો. તે પ્રતાપ લખ્યો લખી શકાતો નથી. કદાચ કરોડો કવિ ભેળામળીને તે પ્રતાપને ગાય છતાં તે અમાપ રહે છે. ૩૩. **શ્રીહરિનાં ચરિત્ર તો અતિશય**

અને અપાર છે. તેનો પાર કોઈ લઈ શકે તેમ નથી. જેને કરોડો જન્મનાં ભાગ્ય ઉદય થયાં હોય ત્યારે તેને સેવાની તક મળે છે. ૩૪.

શ્રીહરિનાં આવાં ચરિત્રોને કહેવાથી અને લખવાથી જીવાત્મા તત્કાળ અતિશય પવિત્ર થઈ જાય છે. મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે, "હે ગઢપુર દેશ નરેશ ! તમને ધન્ય ધન્ય છે. કેમ જે, તમારે ઘેર સર્વોપરિ શ્રીહરિ નિવાસ કરીને રહ્યા હતા. ૩૫. હે દાદા ખાચર ! ઘણા જ યુગના યુગ વીતી જશે, છતાં પણ આપનો મહિમા ગ્રંથોમાં સદા ગવાશે. કારણ કે, કરોડો બ્રહ્માંડના સ્વામી, ધામના ધામી, **સર્વ અવતારના અવતારી આવા પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિને તમે ઘણા જ પ્રસન્ન કર્યા છે. શ્રીહરિએ તમારા ઘેર રહીને એવી લીલાઓ કરીને બધા જ ભક્તોને અહીંયાં ઘણી લહેર કરાવી છે."** ૩૬-૩૭.

જ્યારે મુનિવર મુક્તાનંદ સ્વામી આવું બોલ્યા ત્યારે તે સાંભળીને દરબાર દાદા ખાચર ખૂબ રાજી થયા. વળી, મુક્તાનંદ સ્વામી શ્રીહરિના પાર્ષદોનું માહાત્મ્ય જાણીને ફરીને બોલ્યા કે, 'શ્રીહરિના માત્ર બાર જ પાર્ષદોએ એવો પડકાર કર્યો કે ભાણ ખાચરના બસો યોદ્ધાઓને હદ પાર કરી દીધા. ૩૮-૩૯. આ પ્રસંગની વાત સાંભળીને ભાવનગરના ઠાકોર સાહેબ વજેસિંહજી ખૂબ પ્રભાવિત થયા, અને તેમણે પાર્ષદોનાં ઘણાં વખાણ કર્યાં. ૪૦. **સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ ભગવાન અનેક જીવોનું કલ્યાણ કરવા માટે પ્રગટ થયા છે, અને અક્ષરધામના ધામી સ્વયં આ ભૂમિ ઉપર પધાર્યા છે.** ૪૧. જે મનુષ્યે આ શ્રીહરિનો આશ્રય લીધો તે અતિશય ધન્ય બની ગયા છે. તેઓ આત્યંતિક મોક્ષને પામ્યા છે, માટે એના જીવનને ધન્ય છે. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "પાર્ષદોની રક્ષા કરવા સચ્ચિદાનંદ સ્વામીને રાખ્યા" એ નામે દશમો તરંગ સમાપ્ત ||૧૦||



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૧

શ્રીહરિએ ગઢપુરમાં ભવ્યતાથી દિવાળી ઊજવી

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ અત્યંત સ્નેહને આધીન થઈને દાદા ખાચરની આગળ જે શ્રીહરિચરિત્ર કહ્યાં છે, તેને હું કહું છું. આ અનુપમ કથા સંસારના બંધનને અત્યંત ટાળનારી છે. ૧. વિ.સં.૧૮૮૨માં શ્રીહરિએ ગઢપુરમાં રહીને દિવાળી તથા અન્નકૂટનો સુખદાયક ઉત્સવ કરવાનો નિર્ણય કર્યો. ૨. પછી આ બાબતે શ્રીહરિએ સભામાં વચન કહ્યું કે, “ગઢપુરના નિવાસી સહુ ભક્તો સાંભળો. અમે તમારા ઉપર અતિશય પ્રસન્ન છીએ એટલે આ ગઢપુરમાં દિવાળી, અન્નકૂટનો ઉત્સવ કરીશું.” ૩. શ્રીહરિએ કરેલી આવી જાહેરાત સાંભળીને સંતો તથા ભક્તો પોતાના મનમાં રાજી થયા અને કહ્યું કે, “ઉત્સવમાં અમે સહુ સેવા કરશું.” ૪. પછી સંતો તથા હરિભક્તો મળીને સમૈયાની પૂર્વતૈયારી ઘણી સારી રીતે કરવા લાગ્યા. એક શ્રીહરિને રાજી કરવા માટે સૌ સેવાનું બધું જ કામ કરવા લાગ્યા. ૫. ગઢપુરવાસી ભક્તોના દિલમાં અપાર પ્રેમ છે અને સેવામાં અત્યંત ઉત્સાહ છે. બધા જ પ્રદેશોમાંથી બાઈ-ભાઈ હરિભક્તો અને બધા સંતો ઉત્સવમાં ઉત્સાહથી આવશે. ૬. ઉત્સવ ઉપર આવનારા તે સંત-હરિભક્તો આપણા વહાલા મહેમાન છે, એવું જાણીને તેમને રાજી કરવાનું જ એક તાન રાખવું છે; આવું સમજીને ગઢપુરવાસી સૌ ઘણા ઉત્સાહ અને પ્રેમથી રાત-દિવસ સેવા કરવા લાગ્યા. ૭.

તે સમયે શ્રીહરિએ ઘણા હરિભક્ત વિપ્રોને બોલાવ્યા, અને બધી જ જાતનાં ઘણાં સારાં ભોજન તૈયાર કરાવ્યાં. અન્નકૂટ માટેની એક પાકશાળા અલગ રાખી. તેમાં વિપ્રો સુંદર રસદાર મીઠાઈ કરવા લાગ્યા. ૮. પરમ પ્રવીણ શ્રીહરિ તે પાકશાળા જોવા માટે પધાર્યા, તે વિપ્રોના ઉપર અદ્‌ભુત દયા કરી. જે જે પકવાન બનાવ્યાં હતાં તે દેખીને ભગવાન શ્રીહરિ ઘણું જ ખુશ થયા. ૯. પછી દયાળુ શ્રીહરિએ ત્યાં વાત કરી કે, ‘આવતી કાલે ઘણા સંતો આવશે, તો દાળ, ભાત, ફરસાણ અને શાક વગેરે બધાં જ ભોજન બનાવવાની તૈયારી કરો.’ ૧૦.

ત્યારે બધા વિપ્રો ત્યાં બોલ્યા કે, "મહારાજ ! હવે આપ કોઈ જાતની ચિંતા ન કરશો. કારણ કે, અમે ઘણાં પકવાનો તૈયાર કર્યાં છે. તે કોઈ રીતે ખૂટશે નહીં. ૧૧. હવે અમે શાક, દાળ અને ભાત વગેરે બનાવશું. સવારના પહોરમાં સંતો ભલે પધારે." તે વિપ્રોની વાત સાંભળીને ભગવાન શ્રીહરિ રાજી થયા. પછી શ્રીહરિએ હરિભક્ત સ્ત્રીઓ ઉપર કૃપા કરી અને સ્ત્રીઓની પાકશાળામાં ભગવાન શ્રીહરિ સ્ત્રી ભક્તોને દર્શન દેવા માટે સ્વયં પધાર્યા. ૧૨-૧૩. ત્યાં જીવુબા, લાડુબા, રાજબાઈ, રામબાઈ, અમરબાઈ અને અમૂલાબાઈ આદિ બધાં સ્ત્રી ભક્ત ઉત્સાહથી સેવા કરતાં હતાં. ૧૪.

તેમણે રાત-દિવસ મહેનત કરીને અનેક પ્રકારનાં પકવાનો કર્યાં હતાં. પોતાના પ્રાણપ્રિય સાક્ષાત્ શ્રીહરિને અતિશય રાજી કરવાનો જ એક આશય હતો. ૧૫. શ્રીહરિએ બધાં પકવાન દેખ્યાં અને જાણી જોઈને સહુનાં નામ પૂછ્યાં. પછી તે તે પકવાનને બનાવનાર સ્ત્રી ભક્ત ઉપર ભગવાન શ્રીહરિ બહુ રાજી થયા. ૧૬. પછી સહુ સખાની સાથે શ્રીહરિ પ્રેમથી પોતાને મુકામે આવ્યા. ઘડીભર યોગનિદ્રા સ્વીકારી. જ્યારે સહુ ભક્તો નારાયણ ધૂન કરવા લાગ્યા ત્યારે તે સાંભળીને શ્રીહરિ ઊઠ્યા. ૧૭. પછી પ્રભુ શ્રીહરિ સહુ સંતો-ભક્તોને સાથે લઈ ઘેલા નદીએ સ્નાન કરવા માટે પધાર્યા. ધર્મકુમાર શ્રીહરિ ત્યાં સ્નાન કરીને પાછા દરબારગઢમાં આવ્યા, અને પ્રાતઃકાલીન બધો નિત્યવિધિ કર્યો. ૧૮.

શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી નિંબતરુની નીચે ચોતરા ઉપર એક સુંદર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ વિરાજમાન થયા. ૧૯. પોતાના મુખારવિંદની આગળ સર્વ સંતો તથા હરિભક્તો આવીને બેઠા. તે સમયે બહાર ગામથી સંતોનાં મંડળ આવ્યાં. તેને શ્રીહરિએ ઘણા હેતથી બોલાવ્યાં. ૨૦. શ્રીહરિ ઊભા થઈને ભાવપૂર્વક સહુને ભેટ્યા અને તે સંતોના બધા જ સંતાપને ટાળ્યા. પછી ધર્મકુમાર શ્રીહરિએ ખૂબ રાજી થઈ સહુને કુશળ સમાચાર પૂછ્યા. ૨૧. સંતોએ અનુક્રમે તે સમયે જે પ્રદેશમાંથી પોતે આવ્યા હતા, તેના બધા જ સમાચાર કહ્યા. સાક્ષાત્ શ્રીહરિ તે તે પ્રદેશની બધી જ વાત સાંભળીને અતિશય રાજી

થયા. ૨૨. તે પછી જે જે હરિભક્ત ત્યાં આવતા હતા તે બધાને સ્વયં કુશળ સમાચાર પૂછતા હતા. પછી શ્રીહરિ સહુને ઉતારો કરાવતા અને તેનાથી હરિભક્તો ખૂબ જ આનંદ પામતા હતા. ૨૩. તે ઉત્સવ-સમૈયામાં જે જે હરિભક્તો ગઢપુર આવતા હતા તે બધા પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. પ્રેમથી ફૂલહાર પહેરાવી પગે લાગતા અને બધી જ ભેટ-સામગ્રી ચરણમાં મૂકતા હતા. ૨૪.

શ્રીહરિ જે ફૂલના હાર આવતા હતા તે બધા સભામાં પ્રસાદીના રૂપમાં આપતા હતા. તેનાથી બધી જ સભા ખીલેલા ફૂલબાગ જેવી અનુપમ શોભતી હતી. ૨૫. આવી અદ્‌ભુત અનુપમ સભામાં ભક્તપતિ શ્રીહરિ નિત્ય વિરાજતા હતા. ત્યારે પ્રાગજી પુરાણી કથા વાંચતા, તેને શ્રીહરિ સહુની સાથે સાંભળતા હતા. ૨૬. જ્યારે રસોઈ તૈયાર થતી અને મુકુંદવર્ણી બોલાવવા માટે આવતા, ત્યારે શ્રીહરિ કથા પૂરી કરાવીને થાળ જમવા માટે ઊઠતા હતા. ૨૭. સુખસાગર શ્રીહરિ હાથ ધોઈને સોનેરી બાજોઠ ઉપર વિરાજમાન થતા અને જાત જાતની વાનગી જમતા હતા. ૨૮. જમી, ચળુ કરીને મુખવાસ લેતા. પછી ઉત્સાહથી સંતોને પીરસવા પધારતા. સંતોની વિશાળ પંગત થાતી. માનો તે પંગત હંસોની હારમાળા બેઠી હોય તેમ લાગતી હતી ! ૨૯. ઘણાં પકવાન હાથમાં લઈને ભગવાન શ્રીહરિ વારંવાર તે પંક્તિમાં ફરતા હતા. લાડુ, સાટા, રસદાર જલેબી વગેરેને દયાળુ શ્રીહરિ ઘણા હેતથી પીરસતા હતા. ૩૦. શાક, વડાં, દાળ અને ભાત પીરસતા. દૂધ તથા દહીંને પીરસવાની તો વાત જ ન પૂછશો ! એની તો રેલમછેલ કરતા. આ રીતે શ્રીહરિએ સંતોને ખૂબ જ જમાડ્યા. દર્શન દઈને સહુનો આનંદ વધાર્યો. ૩૧. ભક્તપતિ શ્રીહરિ હસ્તકમળને ધોઈને પોતાના સેવકની સાથે મુકામ ઉપર આવ્યા. પછી સુખદાયક શ્રીહરિ અક્ષરઓરડીમાં ઘડી વાર પોઢીને ઊઠ્યા. ૩૨.

પછી શ્રીહરિએ 'ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જવાની તૈયારી કરો' એમ સહુને કહ્યું. પ્રાણજીવન પ્રભુ સંતો તથા હરિભક્તોને સાથે લઈને ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા. ૩૩. ભક્તપતિ શ્રીહરિએ સંતો તથા

હરિભક્તોને સાથે લઈને ખળખળિયામાં સ્નાન કર્યું અને જળક્રીડા કરી. વહાલા શ્રીહરિ ફરી દાદા ખાચરના દરબારમાં સહુને સાથે લઈને પધાર્યા. ૩૪. દરબારગઢ વચ્ચે લીમડાના ઝાડ નીચે પાટ ઢાળેલી રહેતી, તેના ઉપર શ્યામસુંદર શ્રીહરિ આવીને વિરાજમાન થયા. દવે પ્રાગજી પુરાણી રોજ ઘણા પ્રેમથી ત્યાં કથા વાંચતા હતા. ૩૫. રોજના નિયમ પ્રમાણે તરત જ તે ભાગવતના 'પંચમ સ્કંધ'ની સુખકારી કથા કરવા લાગ્યા. તે કથામાં ભરતજીનું એક ચમત્કારી આખ્યાન આવ્યું. તેના ઉપર શ્રીહરિએ વાત કરી કે, "ભરતજી એક મૃગના બચ્ચામાં સ્નેહથી બંધાઈ ગયા હતા. ૩૬-૩૭.

✵ ભગવાન સિવાય બીજે હેત રાખવું તે પાપ છે :

दोहा : स्नेह सो महान शत्रु है, भक्त कु अति दुखरूप;
जरा हि दुजे में हो तो, न रहने दे सुखरूप...३८

सोरठा : मोक्ष में विघ्न जरूर, करत हि शत्रु स्नेह रूपी;
किजे आसक्ति दूर, बिना हरि की सब तुम ही...३९
प्रीत जो हरि बगैर, सब से बडा सो पाप है;
करना न कहीं गैर, हरि में हि करो प्रीत तुम...४०

તે સ્નેહરૂપ દોષ જીવનો એક મહાન શત્રુ છે. માટે ભક્તને તે અતિશય દુઃખરૂપ છે. ભક્તને તે સ્નેહ ભગવાન સિવાય બીજામાં થોડો પણ જો થાય તો તે જીવને સુખી રહેવા દેતો નથી. ૩૮. તે સ્નેહરૂપી શત્રુ જીવના મોક્ષમાં જરૂર વિઘ્ન કરે છે. માટે એક ભગવાન સિવાય બીજા બધામાંથી તમે આસક્તિને દૂર કરજો. ૩૯. ભગવાન સિવાય અન્યમાં જે હેત રાખવું તે સૌથી મોટું પાપ છે. માટે બીજે ક્યાંય હેત કરવું નહીં. તમારે સહુએ એક ભગવાનના સ્વરૂપમાં જ હેત રાખવું." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં ભવ્યતાથી દિવાળી ઊજવી" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૨

ભાગવતકથા પ્રસંગે શ્રીહરિએ કરેલો ઉપદેશ

મુક્તાનંદ સ્વામી ઘણા ભાવથી કહે છે કે, દાદા ખાચર ! તમે સાંભળો. તે વખતે શ્રીહરિએ ભરત રાજાની સરસ વાત કહી. ૧. **દેહ, દેહના સંબંધી તથા બીજા જે જે પદાર્થ હોય તેમાં જીવને જો આસક્તિરૂપ સ્નેહ હોય, તો કોઈ મોક્ષ પામે નહીં.** ૨. એ સ્નેહને લીધે જીવને ભગવાનનું સુખ મળતું નથી, પણ તેને નરકચોરાશી ભોગવવી પડે છે. અને તેને વારંવાર જન્મ તથા મરણનું દુઃખ આવતું રહે છે. ૩. પોતે કરેલાં પાપ ભોગવવાં માટે પાપી જીવ જમપુરીમાં જાય છે. ત્યાં તે જમના હાથનો ઘણો જ માર ખાય છે. ૪.

चोपाई :

ता कारण मेरे बिन काहीं, नरनारी स्नेह करना नाहीं;
एक सर्वोपरी मुझ मांहीं, रखो स्नेह संपूर्ण सदाही...०५
सब जीव का करने कल्याना, भू पर प्रगटा मैं भगवाना;
मोर मूर्ति है दिव्य आकारा, उसमें कीजे प्यार अपारा...०६
जो जो वस्तु रहेऊ मायिका, तामें हेत न करना तनिका;
हेत रखने से बाइ भाई, भरतजी जैसा हि हो जाई...०७

એટલા માટે નર-નારી સહુ ભક્તોએ એક મારાં સ્વરૂપ સિવાય બીજે ક્યાંય હેત રાખવું નહીં. સર્વોપરિ એક મારા સ્વરૂપમાં જ સદાને માટે સંપૂર્ણ હેત રાખવું. ૫. ભગવાન એવો હું બધા જ જીવોનું કલ્યાણ કરવા માટે આ ભૂમિ ઉપર પ્રગટ થયો છું. મારી મૂર્તિ દિવ્ય સાકાર છે, માટે મારી મૂર્તિમાં અપાર હેત કરવું. ૬. જે જે માયિક પદાર્થ છે તેમાં થોડું પણ હેત ન કરવું. જે કોઈ માયિક પદાર્થમાં હેત રાખશે, તો તે બાઈ-ભાઈ બધાંને ભરતજીના જેવી દશા થાશે. ૭. મુક્તાનંદ સ્વામી કહે છે કે હે રાજા ! તમે સાંભળો. શ્રીહરિએ ખૂબ પ્રસન્ન થઈને આવો ઘણો ઉપદેશ આપ્યો. તેને સાંભળીને બધાં જ ભક્તો રાજી થયાં. ૮.

શ્રીહરિ આ દિવાળીના સમૈયાની સભામાં કાયમ આવી વાતો કરતા હતા. તે વાતોને સાંભળીને સંતો આનંદિત થતા અને શ્રીહરિ તે સહુને

આવું અત્યંત સુખ આપતા. ૯. દિવાળીના દિવસે પ્રેમી ભક્તોએ દિલના હેતથી એક સુંદર દીપમાળા રચી. ત્યારે સુખદાયક શ્રીહરિ તે દીપમાળાની વચ્ચે આવીને વિરાજમાન થયા. ૧૦. તે સમયે બધા સંતો તથા હરિભક્તો ખૂબ રાજી થયા અને બધા શ્રીહરિની આગળ આવીને પ્રસન્નતાથી બેઠા. પોતાના ઈષ્ટદેવ પ્રગટ પ્રભુ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સંતો ગોડીનાં પદ ગાવા લાગ્યા. ૧૧. તે પછી હૃદયમાં ઘણું હેત લાવીને સહુએ શ્રીહરિની આરતી કરી. જ્યારે આરતી પૂરી થઈ ત્યારે શ્રીહરિ તે પલંગ ઉપર ઊભા થયા. ૧૨. તે વખતે શ્રીહરિ પોતે નારાયણ ધૂન કરવા લાગ્યા. બે ઘડી સુધી ધૂન બોલ્યા. તેનાથી સહુને અપાર આનંદ થયો. ૧૩. તે પછી વિદ્યાર્થી સંતો સ્તુતિના શ્લોક બોલ્યા, અને ઘણી જાતનાં અષ્ટક બોલીને પવિત્રકીર્તિ એવા શ્રીહરિને રાજી કર્યા. ૧૪.

તે વખતે ઘણા ગવૈયા સંતો અને ભક્તો બધા મળીને ત્યાં આવ્યા. તેઓ ઝાંઝ, મૃદંગ, સિતાર તથા સારંગી આદિ વાજિંત્ર લાવ્યા હતા. ૧૫. પ્રગટ શ્રીહરિમાં સ્નેહ રાખીને સૌ ઉત્સવ કરવા લાગ્યા. મધુર સ્વરથી ઘણું ગાન કર્યું અને શ્રીહરિમાં અપાર હેત કર્યું. ૧૬. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી આદિ બધા સંતો અત્યંત પ્રેમી હતા, અને સારા ગાયક હતા. ૧૭. પ્રગટ શ્રીહરિનાં ચરણનું ધ્યાન કરીને ત્યાં દિવાળીનાં પદ ગાયા. સંતો સરસ વાજિંત્ર વગાડતા હતા. વાજિંત્રે સહિત તે કીર્તન સાંભળીને શ્રીહરિ સહુના ઉપર ખૂબ જ રાજી થયા. ૧૮. તે સમયે શ્રીહરિ પણ હાથના લટકા કરીને સંતોની સાથે પદ ગાતા હતા. તેનાથી સંતોને અતિશય આનંદ ઉપજાવીને પ્રેમભાવથી મંદ મંદ હસતા હતા. ૧૯.

જ્યારે સંતો ઉત્સવ કરી રહ્યા ત્યારે શ્રીહરિએ સભામાં વાત કરી, **'અમે મનુષ્યદેહ ધરીને જે લીલા કરી છે તે તમારે સહુએ નિરંતર સંભારી રાખવી.** ૨૦. અને ભગવાને જે જે અવતાર ધરીને જે જે ચરિત્ર કર્યાં હોય તે ચરિત્ર પણ જીવને તત્કાળ પવિત્ર કરે છે. માટે તે ચરિત્ર પણ સદા ગાવાં અને સાંભળવાં, કારણ કે તેનાથી જીવનું કલ્યાણ થાય છે. ૨૧. સહુએ

સાધુ, બ્રહ્મચારી અને પાળામાં કાયમ હેત રાખવું. દિલમાં સ્નેહ, શ્રદ્ધા અને ઉત્સાહ રાખવો તથા સંપીને સત્સંગ કરવો. ૨૨. **જીવને પંચવિષયના ભોગ તો સહેજે મળે છે, પણ આવો જોગ કાયમ મળતો નથી. સંતો તથા ભક્તોનો જે પ્રસંગ છે તે જ મોક્ષદાયી સત્સંગ છે.** ૨૩. ઉત્સવ-સમૈયામાં સહુ એકબીજાને મળે છે અને પરસ્પર ઘણું હેત રાખે છે. જીવને અંતકાળે જો તે સ્મરણ થઈ આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ યાદ આવે છે. ૨૪.

※ હરિસ્મૃતિ તથા સત્સંગની મહત્તા :

दोहा : स्मृति मेरी जो होत है, अंतसमय एक बार;
जीय पावे बडी पदवी, हो जाये बेडा पार...२५

महिमा यह सत्संग का, जानिये अपरंपार;
थोडे पुन्य से न मिले, तरन दुःख संसार...२६

सोरठा : प्रगट प्रभु के संत, प्रगट हरि को जनावे;
लावे भव का अंत, मोक्ष पमावत जंत को...२७

सेवना सच्चे संत, निर्मानी होई रात दिन;
मिलेंगे तब भगवंत, प्रगट यह सत्संग में...२८

જીવને અંતસમયે એક વખત પણ જો મારું સ્મરણ થઈ આવે તો તે જીવ ઘણી મોટી પદવીને પામે છે, અને તેનો બેડો પાર થઈ જાય છે. ૨૫. આ સત્સંગનો અપરંપાર મહિમા છે તે સમજવો જોઈએ. સંસારના દુઃખને તરવા માટે આવો સત્સંગ થોડા પુણ્યથી મળતો નથી. ૨૬. પ્રગટ ભગવાનના આવા સંતો પ્રગટ ભગવાનને ઓળખાવે છે, અને જીવના સંસારનો અંત લાવે છે તેમજ તેને મોક્ષ પમાડે છે. ૨૭. માટે નિર્માની થઈને સાચા સંતને રાત-દિવસ સેવવા, તો આ સત્સંગમાં પ્રગટ ભગવાન મળશે. ૨૮. તે સભામાં શ્રીહરિએ આવી અપાર વાતો કરી, ત્યારે દસ ઘડી રાત વીતી ગઈ. પછી વહાલા શ્રીહરિ પોતાને ભવન ગયા અને ત્યાં સુખથી શયન કર્યું. ૨૯. તે વખતે સંતો તથા હરિભક્તો પણ પોતપોતાને ઉતારે ગયા અને સહુએ આરામ કર્યો. સંતોમાં કોઈક શ્રીહરિનું ધ્યાન કરવા

લાગ્યા અને કોઈક તો કીર્તન ગાવા લાગ્યા. ૩૦. કોઈ સંત આખી રાત સેવા કરતા રહ્યા અને કોઈક તો ભગવાનની વાતો કરતા. ગઢપુરમાં આ રીતે પરમ સુખદાયી ઉત્સવ ચાલતો હતો. ૩૧.

✵ ગઢપુરમાં શ્રીહરિએ અન્નકૂટોત્સવ કર્યો :

બીજે દિવસ પ્રાતઃકાળ થયો ત્યારે દીનદયાળુ શ્રીહરિ જાગ્યા, અને સુખનિધિ શ્રીહરિએ સ્નાન, દેવપૂજા વગેરે વિધિ પૂર્ણ કર્યો. ૩૨. પછી શ્રીહરિ પોતે તત્કાળ સભામાં વિરાજમાન થયા. ત્યાં ગવૈયા સંતો આવીને બેઠા. તેઓ દોકડ, સરોદ અને સિતાર આદિ વાજિંત્ર લઈને દિલ દઈને ગાન કરવા લાગ્યા. ૩૩. તે સમયે દેશદેશના હરિભક્તો આવ્યા હતા, તે બધાની શ્રીહરિના મુખારવિંદની આગળ સુંદર સભા ભરાઈને બેઠી. તેમાં ધૂન તથા કીર્તન થવાં લાગ્યાં. ૩૪. પછી તરત જ શ્રીહરિ બોલ્યા કે, “સહુ ધ્યાન દઈને મારી વાત સાંભળો. શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વતની પૂજા કરીને તેની આગળ પુષ્કળ મીઠાઈઓ અને અન્નની વાનગીઓ તૈયાર કરીને રાખી હતી. ૩૫. ભગવાને ઇન્દ્રનું માન ઉતાર્યું અને આવી અદ્‌ભુત લીલા કરી હતી. તે દિવસથી આરંભીને તે ઉત્સવ મનાવાય છે અને તેને અન્નકૂટ ઉત્સવ કહેવાય છે.” ૩૬. પ્રગટ પ્રભુ શ્રીહરિએ શ્રીકૃષ્ણલીલાની બધી વાત કરી. સહુને ભગવાન સંબંધી સુખ ચખાડી દીધું અને સહુ સાક્ષાત્ ખુશી થયા. ૩૭. શ્રીહરિના મુખથી વાત સાંભળતા બધા સંતો તથા હરિભક્તો તદાકાર થઈ ગયા. કેટલાક સંતો તથા ભક્તોને લગાર પણ દેહનું ભાન રહ્યું નહીં. ૩૮. તે સમયે વાસુદેવનારાયણની મૂર્તિ આગળ વર્ણીઓએ અત્યંત સુંદર અન્નકૂટ પૂર્યો. ૩૯. અન્નકૂટમાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય, બધી જ જાતનાં પકવાનો અને વાનગીઓ સજાવીને ગોઠવ્યાં. પછી વર્ણીએ શ્રીહરિને કહ્યું કે, “હે મહારાજ ! હવે આપ અન્નકૂટની આરતી ઉતારો.” ૪૦.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “ભાગવતકથા પ્રસંગે શ્રીહરિએ કરેલો ઉપદેશ કહ્યો” એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૩

શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટોત્સવ કર્યો તથા સત્સંગનું મહત્ત્વ કહ્યું

શ્રીહરિ અન્નકૂટોત્સવની આરતી કરવા માટે તરત જ તૈયાર થયા. મુરારિ પ્રગટ પ્રભુ શ્રીહરિ વાસુદેવનારાયણને ઓરડે પધાર્યા. ૧. સંતો તથા હરિભક્તો પણ વાસુદેવનારાયણને ઓરડે ગયા. ત્યાં સહુ કીર્તન ગાવા લાગ્યા. તેમાં હૃદયમાં ભગવાનને ધારીને અન્નકૂટની લીલાનાં પદ ખાસ ગાયાં. ૨. પછી દીનદયાળુ પ્રભુ શ્રીહરિએ એકસો ને આઠ વાટોની આરતી પોતાના હાથમાં લીધી અને તે અન્નકૂટની મહાઆરતી ઉતારી. ૩. ચારેબાજુ જય જયકાર થઈ ગયો. બધા દેવતાઓ પણ દર્શન કરવા ત્યાં આવ્યા. આ રીતે સંતો તથા હરિભક્તોએ મળીને ખૂબ જ પ્રેમથી એ અપાર મહાન ઉત્સવ કર્યો. ૪. ત્યાર બાદ શ્રીહરિ દર્શન કરીને ઉગમણા બારના ઓરડે ગયા. ઓરડાની ઓસરી ઉપર સુંદર પાટ ઢાળી હતી. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ૫. તે સમયે મોટીબા અતિશય આગ્રહ કરીને પ્રાણપતિ ભગવાનને જમાડવા લાગ્યા. શ્રીહરિ પણ પોતાના ભક્તજનને રાજી કરવા માટે અન્નકૂટનાં બધાં જ ભોજન જમ્યાં. ૬.

પછી સંતોની પંગત કરી. શ્રીહરિને પીરસવામાં અતિ શ્રદ્ધા હતી એટલે તેમણે સહુ સંતોને પીરસ્યું. શ્રીહરિ પાંચવાર પંગતમાં પીરસવા ફર્યા ત્યારે જમનારા સંતો ખૂબ જમ્યા. ૭. પછી શ્રીહરિએ સહુ હરિભક્તોને જમાડ્યા. આ રીતે તે ઉત્સવમાં સહુનો આનંદ વધાર્યો. તે પછી સાંજે જ્યારે સભા થઈ ત્યારે તેમાં ઘનશ્યામ શ્રીહરિ વાતો કરવા લાગ્યા. ૮. તે ઉત્સવના સમયમાં જૂનાગઢથી (ઝીણાભાઈના પુત્ર) હઠીભાઈ આદિ બધા હરિભક્તો આવ્યા હતા. તેઓ બોલ્યા કે, “હે મહારાજ ! આજ અમારી પ્રાર્થનાને આપ સાંભળો. ૯. આપે દરબાર ઝીણાભાઈને એક સારું ચોક્કસ વરદાન આપ્યું છે કે, ‘અમે જૂનાગઢમાં સારું મંદિર કરશું.’ તો સુખદાયક આપ હવે તે મંદિર કરાવો.” ૧૦. તે સમયે ધોલેરાથી સારા હરિભક્ત દરબાર પૂજાભાઈ આદિક પણ ત્યાં આવ્યા. તે સહુએ પણ ત્યારે શ્રીહરિને કહ્યું કે, “હે મહારાજ ! આપ ધોલેરામાં પણ મંદિર કરાવો.” ૧૧. **ત્યારે**

શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢમાં મંદિર કરવા માટે મોકલ્યા. અને મનમાં આનંદિત થઈને શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામીને હરિભક્તોની સાથે ધોલેરા મોકલ્યા. સંતો તે તે સ્થાનમાં જઈને મોટા મંદિર બાંધવા લાગ્યા. ૧૨-૧૩. અન્નકૂટોત્સવ ગઢપુરમાં પૂરો થયો.

પછી સંતો દેશ-પ્રદેશોમાં સત્સંગ વિચરણ માટે ગયા, અને પરમેશ્વર શ્રીહરિ તો નિત્ય નવીન લીલા કરતા થકા ગઢપુરમાં રહ્યા. ૧૪. પછી એક દિવસ પરમ વિચક્ષણ શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની સામું જોઈને ધર્મવંશીઓને ઉદ્દેશીને કહ્યું કે, “તમારામાંથી સંસ્કૃત વિદ્યા કોણ ભણ્યા છે ?” ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, “એક સીતારામ સંસ્કૃત ભણ્યા છે.” ૧૫-૧૬. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “સીતારામ ! તમે સારો સુખરૂપ એક શ્લોક બોલો.” ત્યારે સીતારામજી મનમાં ઘણા હરખાયા અને એક નવો શ્લોક તત્કાળ બનાવીને બોલ્યા. ૧૭. તે વખતે શ્લોક સાંભળીને શ્રીહરિ ઘણા રાજી થયા. બધા સંતો તથા હરિભક્તો પણ રાજી થયા. જેને શાસ્ત્રનું જ્ઞાન હોય છે એવા વિદ્વાન, શ્રીહરિને અતિ પ્રિય લાગતા. ૧૮. જે સંતો સારું ભણી લખીને તૈયાર થાય, તે શ્રીહરિને ખૂબ પ્યારા લાગતા. તેથી સ્વયં ભગવાન શ્રીહરિ સંતોને ભણાવવામાં ઘણું ધ્યાન આપતા. ૧૯. પોતાના સંતો સારા વિદ્વાન બને એવી મનમાં મહાન આશા રાખીને જ્યાં સારી પાઠશાળા હોય, ત્યાં શ્રીહરિ સંતોને ભણવા મોકલતા હતા. ૨૦. **સંપ્રદાયની પુષ્ટિ તો ત્યારે થાય છે કે જ્યારે સંપ્રદાયમાં સારા વિદ્વાન તૈયાર થાય. તે વિદ્વાન પણ કેવા હોવા જોઈએ ? તો, જેમાં ધર્મ અને ભક્તિ અપાર હોય એવા વિદ્વાન જ સુખદાતા બને છે.** ૨૧.

✵ શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો :

चोपाई :

रहे विद्या अरु सद्‌वर्तनही, तासे हो सत्संग वर्धनही;
सत्संग बिनहि इस जगमांही, भव तरन का उपाय नाहीं...२२

कई बार कहते महाराजा, जीय तारने को हम आजा;
लाये हैं सत्संग जहाजा, करना सत्संग सब समाजा...२३

सत्य ऐसे प्रगट भगवाना, होवे प्रगट सत्पुरुष महाना;
सत्शास्त्र सद्धर्म सुख खानी, चार का संग करे रीत जानी...२४

दोहा : उसका नाम सतसंग है, जानना नर अरु नार;
जहाज यह सत्संग है, जीव करने भवपार...२५
सत्संग से सब जनको, समजात सारासार;
सत्संग से जीव पावे, साक्षात श्रीमुरार...२६

જેમાં વિદ્યા અને સદ્વર્તન - બંને હોય તેનાથી સત્સંગ વધે છે. આ જગતમાં સત્સંગ સિવાય ભવસાગર તરવાનો અન્ય કોઈ ઉપાય નથી. ૨૨. શ્રીજીમહારાજ કેટલીય વાર એમ કહેતા હતા કે, 'અમે જીવોનો ઉદ્ધાર કરવા માટે આ વખતે સત્સંગરૂપી એક મહાન જહાજ લાવ્યા છીએ. માટે સહુ લોકોએ સત્સંગ કરવો. ૨૩. સત્યસ્વરૂપ એવા પ્રગટ ભગવાન, પ્રગટ હોય એવા મહાન સત્પુરુષ તથા સચ્છાસ્ત્ર અને સદ્ધર્મ - એ ચાર સુખની ખાણ છે. માટે તેની રીત જાણીને તે ચારેનો સંગ કરવો. ૨૪. તે ચારનો તેની રીત પ્રમાણે જે સંગ કરવો તેનું જ નામ સત્સંગ છે. એમ સહુ નર-નારીએ સમજવું. જીવને સંસારથી પાર જવા માટે આ સત્સંગ એક મોટું જહાજ છે. ૨૫. એ સત્સંગ કરવાથી બધા મનુષ્યોને સાર-અસાર બાબત સમજાય છે. વળી, તે સત્સંગ કરવાથી જીવ સાક્ષાત્ પરમાત્માને પામે છે. ૨૬.

સત્ય અને અસત્ય વસ્તુનું જ્ઞાન પણ મનુષ્યને સત્સંગથી જ થાય છે. અને તે સત્સંગથી જ ધર્મ તથા અધર્મનું જ્ઞાન અને બધી જાતનો વિવેક આવે છે. ૨૭. માટે બધા જ જીવોએ નિરંતર રાત-દિવસ સત્સંગ કરવો અને કાયમ સત્સંગમાં જ રહેવું, પણ સત્સંગ છોડીને ક્યાંય જાવું નહીં. ૨૮. **સત્સંગથી જ પોતાના સ્વભાવ દેખાય છે. સત્સંગથી ખરાબ સ્વભાવ-પ્રકૃતિ ટળે છે. વળી, તે સત્સંગથી વાસનાના અંકૂર બળે છે. અને સત્સંગથી જ પ્રગટ શ્રીહરિની પ્રાપ્તિ થાય છે. ૨૯. જીવ જ્યારે મોટા સંતની આગળ હાથ જોડીને શરણે જાય છે, ત્યારે તે સાચા અર્થમાં સનાથ-કૃતાર્થ થાય છે. સંતો કહે તે પ્રમાણે જે કરે છે તે સહેજે જ શ્રીહરિરૂપી વરને વરે છે.** ૩૦.

આ જગતમાં જે એકાંતિક સંત હોય, તેમાં અત્યંત હેત કરીને શ્રીહરિને રાજી કરવા માટે ભાવથી તેમની સેવા કરવી. ૩૧. જે સંતમાં ધર્મ, જ્ઞાન અને જગતથી વૈરાગ્ય રહ્યો હોય એવા સંતની પાસે ભક્તિ શીખવી. ઘણાં મોટાં ભાગ્યથી આ મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે, તો તે દેહથી મોક્ષ પામીને તેને સફળ કરી લેવો. ૩૨. **અતિશય પવિત્ર એવા આ ભારત દેશમાં મોક્ષનું સાધન સહજ રીતે થઈ શકે છે. આ રીતે સર્વે શાસ્ત્રો સદા કહે છે. માટે મનુષ્યદેહથી મોક્ષનો ઉપાય કરવો.** ૩૩. આ ભારતવર્ષમાં જીવોને સંસારથી તારવા માટે પ્રભુએ અવતાર લીધો છે, માટે આળસ તથા અજ્ઞાન છોડીને ભગવાનને મેળવી લેવા. ૩૪. આવો મોકો જીવને વારેવારે મળતો નથી, તો આ વખતે તમારું આત્યંતિક કલ્યાણ કરી લો. આવતી કાલ કોણે દેખી છે ? માટે અત્યારે જ ભગવાન શ્રીહરિનું ભજન કરવા મંડી પડો. ૩૫.

વિષયના સુખનો હૃદયમાં અભાવ લાવવો, અને ભગવાન તથા ભગવાનના ભક્તોમાં પ્રેમભાવ કરવો. કેમ જે, જીવે મનુષ્યનો અવતાર પ્રાપ્ત થયા પછી સુખદાયક શ્રીહરિને જ પ્રાપ્ત કરવાના છે. ૩૬. **આ ભારતદેશમાં મનુષ્યદેહ ધરીને કરવા જેવું તો એક જ કામ છે - સત્સંગ તથા અતિશય ભજન કરીને શ્રીઘનશ્યામ પ્રભુને પ્રાપ્ત કરી લેવા.** ૩૭. **સાચા સંતની સાથે હેત રાખવાથી ભગવાનના સ્વરૂપમાં હેત થાય છે. માણસ સેવાથી, ભજનથી અને સત્સંગથી ભગવાનને પામે છે.'** ૩૮. શ્રીહરિ કાયમને માટે બધા જીવોની આગળ આવી વાત કહેતા હતા, અને તેથી જ તે સમયમાં બધા જ ગ્રંથોમાં વારંવાર આવી વાત લખાણી છે. ૩૯. સંતો તથા હરિભક્તોને પોતાની મૂર્તિનું દાન કરવા માટે ભગવાન શ્રીહરિ ઉતાવળા થયા છે. માટે આજના અવસરને ધન્ય છે..! ધન્ય છે..! ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં અન્નકૂટોત્સવ કર્યો તથા સત્સંગનું મહત્ત્વ કહ્યું" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૪

વડતાલમાં પ્રબોધિનીનો ઉત્સવ અને વડોદરા સરકારનો પત્ર

મુક્તાનંદ સ્વામી અતિશય શ્રદ્ધા અને પ્રેમભાવથી સારપૂર્ણ કથા સંભળાવે છે, અને અભય રાજાના પુત્ર દાદા ખાચર અતિશય સ્નેહથી તે સાંભળે છે. ૧. **કથા સાંભળતાની સાથે જ દાદા ખાચરના દિલમાં અપાર શાંતિ થઈ. જેના ઘણાં મોટાં ભાગ્ય હોય તે જ આ કથા સાંભળી શકે છે.** ૨. દરબાર દાદા ખાચર શ્રીહરિની કથામાં અતિશય પ્રેમ રાખીને અને શ્રીહરિચરિત્રને સુખરૂપ જાણીને વારંવાર પૂછે છે. ૩. મુક્તાનંદ સ્વામી તેમને કહે છે કે, 'હે દાદા ખાચર ! તમે પ્રેમથી સાંભળો. શ્રીહરિનાં ચરિત્ર જેવો આનંદ આપે છે તેવો આનંદ બીજી કોઈ વસ્તુ આપી શકે નહીં. ૪.

હવે હું વડતાલની વાત કહું છું. ભાઈ ! તમે સુખેથી તે વાત સાંભળો. અન્નકૂટોત્સવ પછી પોતાનાં માતા-પિતા ભક્તિ અને ધર્મદેવ તેમનો જન્મદિવસ, વળી પ્રબોધિની એકાદશીનો ઉત્સવ જાણીને ધર્મકુમાર શ્રીહરિએ તે બંને ઉત્સવને વડતાલ કરવાનો નિશ્ચય કર્યો. ૫-૬. સુખના સાગર ભગવાન શ્રીહરિએ અયોધ્યાવાસીને તથા સંતો-ભક્તોને સાથે લીધા. ઘનશ્યામ પ્રભુ ગઢપુરથી ચાલ્યા તે રસ્તામાં આવતા **બોટાદ** ગામ પહોંચ્યા. ૭. ત્યાંથી **સારંગપુર** અને **કુંડળ** જઈને બધાં ભક્તોને દર્શન દીધા. ત્યાંથી શ્રીહરિ આગળ ચાલ્યા અને પ્રત્યેક ગામના અનેક ભક્તોને દર્શન દેતાં દેતાં ઘનશ્યામ શ્રીહરિ **વડતાલધામ** પધાર્યા, અને ભક્તજનોને આનંદ વધાર્યો.

જેનું મન ભગવાન શ્રીહરિમાં જોડાયેલું હતું એવા બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૮-૯. જોબન પગી તથા વાસણ સુતાર આદિ અપાર હરિભક્તો હતા. સહુએ શ્રીહરિની આવીને પૂજા કરી અને ઘણા પ્રેમથી શ્રીફળ અર્પણ કર્યાં. ૧૦. સહુએ પ્રેમથી ફૂલહાર પહેરાવ્યા અને અનેક દંડવત્પ્રણામ કર્યા. વળી વડતાલમાં રહેનારા જે સંતો હતા તે પણ સન્મુખ આવ્યા અને તેમણે પણ અતિશય પ્રેમથી દંડવત્પ્રણામ કર્યા. ૧૧. શ્રીહરિ ખૂબ જ રાજી થઈને પોતાની ભુજામાં લઈને સહુ સંતોને ભેટ્યા.

સહુને કુશળ સમાચાર પૂછ્યા. પછી ત્યાંથી ચાલવા તૈયાર થયા. ૧૨. તે પછી ધામધૂમપૂર્વક સહુની સાથે ચાલ્યા. દીનાનાથ પ્રભુ શ્રીહરિ પ્રેમથી વડતાલ ગામમાં પધાર્યા. ૧૩. ભક્તોને માટે પ્રાણજીવન કહેવાતા શ્રીહરિએ શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યા. પછી હરિમંડપમાં જઈને ઉતારો કર્યો. ૧૪. વડતાલના હરિભક્તો શ્રીહરિની સાથે આવેલા સંતો તથા ભક્તોને ઘણા પ્રેમથી મળ્યા તથા હરિભક્તો પણ પરસ્પર ભેટ્યા. ૧૫.

શ્રીહરિની સાથે આવેલા બધા હરિભક્તોને પોતાના મહેમાન ગણીને વડતાલવાસી હરિભક્તોએ યથાયોગ્ય રીતે સહુને ઉતારા આપ્યા. ૧૬. પ્રિયતમ શ્રીહરિએ વડતાલમાં પ્રબોધિની એકાદશીનો સર્વોત્તમ મહાન ઉત્સવ કર્યો. સંતો તથા નિપુણ હરિભક્તોની સાથે એકાદશીનું વ્રત કર્યું અને વાલમજીએ રાત્રે જાગરણ પણ કર્યું. પછી શ્રીહરિએ બારશને દિવસે સંતો તથા હરિભક્તોને મન ગમે તેવી સરસ રસોઈ કરાવી. ૧૭-૧૮. વળી, શ્રીહરિ પોતે અયોધ્યાવાસીને ઉતારે આવ્યા અને પ્રેમથી થાળ જમ્યા. પછી સંતો તથા ભક્તોને જમાડ્યા. બ્રાહ્મણોને દાન આપીને તેમને ઘણા સુખી કર્યા. ૧૯. જ્યારે બપોર પછી અપરાહ્ન કાળ થયો, ત્યારે દયાળુ ધર્મપુત્ર શ્રીહરિ શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરની સામે બિછાવેલો એક સુંદર પલંગ હતો, તેના ઉપર વિરાજમાન થયા. પ્રિયતમ શ્રીહરિની આગળ સુંદર સભા બેઠી.

પછી શ્રીહરિએ કહ્યું, "સહુ બુદ્ધિમાન સંતો તથા હરિભક્તો સાંભળો. ૨૦-૨૧. **તમે સહુ પોતાનું મહાન ભાગ્ય સમજજો કે જેને લીધે તમને સહુને આ સત્સંગમાં રહેવાની જગ્યા મળી છે. સત્સંગથી જ સહુ સુખી રહે છે અને સત્સંગથી જ સહુ ભગવાનના ધામમાં જાય છે.** ૨૨. **સત્સંગ સર્વ સુખનું ધામ છે, માટે રાત-દિવસ તમારે સત્સંગ કરવો." આ રીતે પ્રગટ શ્રીહરિએ પ્રસન્નપણે સત્સંગના મહિમાની ઘણી ઘણી વાતો કરી.** ૨૩. બરાબર તે સમયે તે સભામાં વડોદરાના એક પ્રધાન નારુપંત નાના નામે હતા તે આવ્યા, અને સત્સંગથી ઘણા સુખી એવા બીજા બધા ભક્તો પણ આવ્યા. ૨૪.

⁂ નારુપંત નાનાએ વડોદરા સરકારનો વિનંતિપત્ર દીધો :

પ્રધાન નારુપંત નાનાએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા અને ગાયકવાડ સરકારે જે પત્ર આપ્યો હતો તે શ્રીહરિને દીધો. પછી સભામાં બેઠા. ૨૫. ગાયકવાડ સરકારનો તે પત્ર પ્રભુ શ્રીહરિએ પ્રેમથી વાંચ્યો. શ્રીહરિને વડોદરા શહેરમાં પધારવા માટે તે પત્રમાં અપાર વિનંતિ કરી હતી. ૨૬. પછી સાયંકાળે દીનદયાળુ પ્રભુ શ્રીહરિ ગોમતી સરોવરને કાંઠે આંબા નીચે બિછાવેલા પલંગ ઉપર જઈને વિરાજ્યા અને ત્યાં સભા કરી. ૨૭. તે સમયે સહુ સંતો પ્રિયતમ શ્રીહરિની સન્મુખ બેઠા અને ઘણા બુદ્ધિમાન ભક્તો પણ બેઠા, અને તે સભામાં ઘણી જાતનાં પ્રશ્નોત્તર કર્યાં. ૨૮. સભામાં સર્વ ભક્ત સમુદાયને ખૂબ રાજી કરીને શ્રીહરિ પાછા મંદિરમાં આવ્યા. ત્યાં ઘણા પ્રેમથી શ્રીલક્ષ્મીનારાયણ દેવની સંધ્યા આરતી કરી. ૨૯. તે આરતીનાં દર્શન કર્યા પછી શ્રીહરિએ નારાયણ ધૂન કરાવી અને સંતો સ્તુતિના સુંદર શ્લોક બોલ્યા. પછી પવિત્ર કીર્તિવાળા શ્રીહરિ ત્યાં મંદિરમાં જ વિરાજમાન થયા. ૩૦.

ત્યાં શ્રીહરિ બોલ્યા કે, “બધા સંતો અને ભક્તો તમે સાંભળો. ધર્મ પાળવામાં અત્યંત સુખ રહ્યું છે અને તે ધર્મમાં પણ અહિંસાધર્મ ઘણો મોટો છે. માટે મારાં આશ્રિત નર-નારી તમારે સહુએ ક્યારેય હિંસા કરવી નહીં.” ૩૧. શ્રીહરિની આવી ઉપદેશવાણી સાંભળીને બધા સંતો તથા હરિભક્તો રાજી થયા. તે વખતે સંતોએ સારાં કીર્તન ગાયાં. તે સાંભળીને ભગવાન શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા. ૩૨. પછી શ્રીહરિ મંદિરમાંથી પોતાને ઉતારે આવ્યા અને ત્યાં સુંદર થાળ જમ્યા. પછી પ્રેમથી મુખવાસ લીધો અને તે પછી અવિનાશી પ્રભુ પોઢી ગયા. ૩૩. બીજે દિવસ મંદિરની પાછળના ભાગમાં સભા થઈ અને ત્યાં વેદિકા ઉપર શ્રીહરિ બેઠા. શ્રીહરિએ કહ્યું કે, “મારાં ભક્ત નર-નારી સહુ સાંભળો. આપણા સત્સંગમાં જે ધર્મવાળો છે તે જ મોટો છે. ૩૪.

⁂ ધનવાન કરતાં ધર્મવાનની મહત્તા :

चोपाई :

श्रेष्ठ मानो नहीं है धनवाना, मानो श्रेष्ठ हि है धर्मवाना;
सब धर्म में रहना सुरीता, करना भजन हरि का कर प्रीता...३५

महिमा प्रगट प्रभु का जानो, संत भक्त का भी अति मानो;
तासे होत तुरंत कल्याना, मिले सत्संग में भगवाना...३६

કોઈ ધનવાન હોય તેને ધનને કારણે મોટો માનવો નહીં. મોટો તો ધર્મવાળો જ છે. માટે સહુએ ધર્મમાં સારી રીતે રહેવું અને પ્રેમથી ભગવાનનું ભજન કરવું. ૩૫. પ્રગટ પ્રભુનો તથા સંતો-હરિભક્તોનો મહિમા અતિશય સમજવો. મહિમા સમજવાથી તુરંત કલ્યાણ થાય છે, અને આ સત્સંગમાં મહિમા સમજવાથી જ ભગવાનની પ્રાપ્તિ થાય છે." ૩૬. આ રીતે વડતાલમાં શ્રીહરિએ ઘણો જ્ઞાનોપદેશ કર્યો. તે સાંભળીને સહુ સંતો તથા હરિભક્તો ખૂબ રાજી થયા. ૩૭. દયાળુ શ્રીહરિ જ્યાં સુધી વડતાલમાં રહ્યા ત્યાં સુધી એવો બંદોબસ્ત કર્યો હતો કે, 'કોઈ અમદાવાદ દેશના હરિભક્ત જો થાળ કરાવે તો જેતલપુરના ગંગામા તે થાળ બનાવે. અને વડતાલ દેશના હરિભક્ત જો થાળ કરાવે તો નડિયાદના જમનાબાઈ તથા રેવાબાઈ થાળ બનાવે. ૩૮-૩૯. હવેલીમાં આપેલા એક ઓરડામાં તે બહેનો થાળ બનાવતી હતી અને પ્રભુ શ્રીહરિ ત્યાં પધારી ઓસરીમાં સદાય થાળ જમતા હતા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડતાલમાં પ્રબોધિનીનો ઉત્સવ અને વડોદરા સરકારનો પત્ર આવ્યો" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૫

વડોદરા સરકારનો ભાવ જોઈને શ્રીહરિએ ત્યાં જવાનો નિશ્ચય કર્યો

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી શ્રીહરિનો લીલારસ કહે છે અને દરબાર દાદા ખાચર સ્નેહથી સાંભળે છે. તે સર્વોત્તમ લીલારસને સ્વામી પાય છે અને તે રસને ભક્તજન પીવે છે. ૧. સદ્‌ગુરુ મુક્તાનંદ મુનિ ઘણા હેતથી કહે છે કે, 'હે ગઢપુર નરેશ દાદા ખાચર ! તમે સાંભળો, હું શ્રીહરિની વડતાલની લીલા સંભળાવું છું કે જેનાથી પરમાત્મા શ્રીહરિ પ્રસન્ન થાય.' ૨. શ્રીહરિ વડતાલમાં રહીને નિત્ય નવી નવી લીલા કરે છે. તે લીલા

સ્વરૂપનાં દર્શન કરીને પ્રેમીભક્તો માલામાલ થઈ જાય છે. ૩. **સર્વાવતારી પ્રગટ પ્રભુ શ્રીસહજાનંદ સ્વામી પોતાના ભક્તજન ઉપર પ્રસન્ન થઈને નિત્ય નવો નવો આનંદ આપે છે.** ૪.

ઈચ્છારામભાઈના મોટા પુત્ર ગોપાલજી ઘણા પવિત્ર છે. એક દિવસ તેઓ શ્રીહરિની પાસે આવ્યા, અને શ્રીહરિને વિનયભરી બહુ જ વિનંતી કરી, "હે મહારાજ ! આ સમયમાં આપ અમારા કુળમાં પ્રગટ થયા છો. પણ અમે આપની વિશેષ સેવા કરી નથી. જોકે, હાલમાં આપે અમારા ઉપર ઘણી કૃપા કરી છે, છતાં પણ અમે પૂરો લાભ લીધો નથી. અરે..! અમે આ શું કર્યું ? બીજી ભક્ત સ્ત્રીઓ આપને માટે થાળ કરે અને દયાળુ આપ ખુશીથી તે થાળ જમો છો. તો પછી આ વખતે અમારે આપની સેવા કઈ રીતે કરવી ? એટલા માટે કૃપાળુ મહારાજ ! આપ અમારા હાથનો થાળ જમો તો બહુ સારું કહેવાય." ૫-૮.

આ રીતે ગોપાળજી મહારાજે હૃદયના ભક્તિભાવથી નીતરતી ઘણી પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ તેમની વાતને દિલમાં ધારી. પછી તેમને થાળ કરવાની આજ્ઞા આપી. ૯. ત્યારે ગોપાળજી મહારાજ ખૂબ ખુશી થયા. પછી તેણે મેના નામની પોતાની પત્નીને બધી જ વાત કહી સંભળાવી. ૧૦. **'મોટા મોટા યજ્ઞ આદિક આરાધનાનાં સાધન પણ જે મહાપ્રભુને લેશમાત્ર પણ તૃપ્ત કરી શકતા નથી; એવા દેવાધિદેવ, કાળના પણ કાળ, ઈશ્વરના ઈશ્વર અને દીનદયાળુ, સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજે આપણી વિનંતિ સાંભળી છે. માટે પ્યારા તે શ્રીહરિ કૃપા કરીને આપણે ઘેર થાળ જમવા પધારશે,** તો શ્રીહરિનો થાળ બનાવતા તમારે શીખવું.

નડિયાદના રેવાબાઈ આદિ બહેનો ઘણી દયાળુ છે, તો હવે તેમની પાસે તમે ગુજરાતની ઢબે રસોઈ શીખો. કારણ કે, શ્રીહરિ ખાસ કરીને આપણે ઘેર થાળ જમવા પધારશે. ૧૧-૧૪. આપણાં ઘણાં મોટાં ભાગ્ય છે કે આપણને ભગવાનની સેવા મળી છે. આવો લાભ ક્યારેય ન મળે, આ સેવા તો ભવ-બ્રહ્માને પણ દુર્લભ છે. ૧૫. મનમાં અતિશય મહિમા

સમજીને પ્રેમથી થાળ બનાવવો. દયાળુ શ્રીહરિ અહીં પધારીને તમારા હાથનો થાળ ભાવથી જમશે.' ૧૬. પોતાના પતિ ગોપાળજીનાં આવાં વચન સાંભળીને તેમના પત્ની મેનાબાઈ ખૂબ ખુશી થયાં. પછી તેણે રેવાબાઈની આગળ આવીને બધી વાત સ્પષ્ટ કહી. ૧૭.

પછી મેનાબાઈએ રેવાબાઈ પાસેથી ગુજરાતી ઢબની બધી રસોઈ સારી રીતે શીખી લીધી. તે સમયે રેવાબાઈ એમ બોલ્યા કે, "અમે જે સેવા કરતા હતા તેમાં તમે પ્રેમ વધારીને ભાગ પડાવ્યો છે. અરે..! બાઈ તમારી ભક્તિને 'ધન્ય છે...ધન્ય છે..." ત્યાર પછી હૃદયમાં ખૂબ હેત લાવીને મેનાબાઈએ શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરી. ૧૮-૧૯. પછી શ્રીહરિ ગોપાળજી મહારાજને ઘેર થાળ જમવા પધાર્યા અને તેમના મનોરથ પૂર્ણ કર્યા. આ સમૈયામાં **કાર્તિક સુદિ એકાદશી**નો દિવસ આવ્યો, ત્યારે શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ચોકમાં એક સારો નિંબતરુ હતો. ૨૦. ત્યાં સુખકારી મોટી સભા ભરાણી. તેમાં સંતો, વર્ણી અને બધા જ હરિભક્તો આવીને બેઠા. શ્રીહરિએ ત્યાં આચાર્યોની સ્થાપના કરીને બે દેશની અલગ અલગ કલ્યાણકારી ગાદી કરી હતી. ૨૧. **તે સમયમાં ૧૭ વર્ષની ઉંમરના અયોધ્યાપ્રસાદજી તથા ૧૪ વર્ષની ઉંમરના પ્રમાદરહિત એવા રઘુવીરજી; તે બંનેને ધર્મની રક્ષા કરવા માટે શ્રીહરિએ ગાદી આપી.** ૨૨.

પછી સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી, આદિ નિષ્કામી સંતોને ભગવાન શ્રીહરિએ ભલામણ કરી કે, "અત્યારે તમે સહુ સંતો મારી વાત સાંભળો. ૨૩. બંને આચાર્યને સહુ માને તથા પૂજે તેવી વ્યવસ્થા તમારે કરાવવી. કારણ કે, હે પ્યારા સંતો ! આ બધો સત્સંગ તમારા હાથમાં છે. ૨૪. **તમારા સહુના પ્રતાપથી સત્સંગ વધી રહ્યો છે અને તમારા સમાગમથી બીજા બધાને અમારા સ્વરૂપનો રંગ ચઢે છે.** ૨૫. **હે સંતો ! તમારા પ્રતાપથી આ સંપ્રદાય શોભે છે. માટે હવે તમારે સહુએ આ બંને આચાર્યનું સદાય ધ્યાન રાખવું."** ૨૬. જીવ-પ્રાણીમાત્રનું હિત વિચારીને ઘનશ્યામ શ્રીહરિએ આવી વાત કહી.

તે વાત સાંભળીને બધા સંતો, વર્ણીઓ અને હરિભક્તો ખુશી થયા. એ સમયે વડોદરાના પ્રધાન નારુપંત નાનાએ મુક્તાનંદ સ્વામીને મળીને કહ્યું, “હે સુખકારી સ્વામી ! વડોદરા નરેશની વાત આપ સાંભળો.’ ૨૭-૨૮.

આ સમયમાં વડોદરા સરકારે પ્રભુ શ્રીહરિના ઉપર ઘણો જ સ્નેહ બતાવ્યો છે. તેમણે મારી સાથે પત્ર મોકલ્યો છે અને તે પત્ર મેં ઉત્સાહથી શ્રીહરિના હાથમાં આપ્યો છે. ૨૯. આપ તો વડોદરામાં પધારેલા છો અને બધા પંડિતોને આપે શાસ્ત્રાર્થ કરીને હરાવ્યા છે. આપે તો શ્રીહરિનો દિગ્વિજય કર્યો છે તે જોઈને ગાયકવાડ સરકાર રાજી થયા, અને તે સમયે આપની આગળ પણ એવી વિનંતિ કરી હતી કે શ્રીહરિ વડોદરા શહેરમાં પધારે. હે સ્વામી ! આપ તે બધી વાતને જાણો છો. તેથી બહુનામી શ્રીહરિ હવે વડોદરા પધારે તે વાત આપ પ્રભુને મનાવો. ૩૦-૩૧. આપ કોઈ એવી યુક્તિ કરો કે જેનાથી સરકારનો મોક્ષ થાય. અને સરકારના દિલમાં જે અતિશય ભાવ છે, તે ભાવપૂર્ણ તેમની ઇચ્છાને મહાપ્રભુ શ્રીહરિ પૂર્ણ કરે.” ૩૨.

પછી મુક્તાનંદ સ્વામીએ નારુપંત નાનાની પાસે બેસીને તે અંગે ચોક્કસ વિચાર કર્યો. પછી નારુપંત નાનાની સાથે મુક્તાનંદ સ્વામી સભામાં આવ્યા, અને ગાયકવાડ સરકારના પત્રની બાબતમાં વાત કરતાં મુક્તાનંદ સ્વામીએ સુખદાયક શ્રીહરિને કહ્યું કે, “હે મહારાજ ! ગાયકવાડ સરકાર સયાજીરાવ દિલના ઘણા વિશાળ છે. ૩૩-૩૪. તેમને આપના સ્વરૂપમાં શ્રદ્ધાપૂર્ણ ઘણો ભાવ છે. સંતોના મુખથી આપનો પ્રભાવ તેમણે સાંભળ્યો છે. તેમણે મને પણ કહ્યું હતું અને તે બાબતનો એક સારો પત્ર લખીને નારુપંત નાનાની સાથે જે મોકલ્યો છે તે તમને એમણે આપ્યો છે. ૩૫. માટે હે નાથ ! આપે વડોદરા શહેર પધારવું તે ઘણું યોગ્ય છે, તેવું મારું માનવું છે.” ત્યારે શ્રીહરિએ નારુપંત નાનાને કહ્યું કે, “અમે સંતોની સાથે વડોદરા જરૂર આવશું. ૩૬. હવે તમે આગળ વડોદરા જાઓ અને સરકારને બધી વાત કહો. અમે પોતે આજથી ચોથે દિવસે વડોદરા આવશું.” ૩૭. શ્રીહરિની આજ્ઞા થવાથી નારુપંત નાના વડોદરા ગયા. અને ત્યાં પહોંચી

સરકારને બધી સુખદ વાત કહી સંભળાવી. ૩૮. વળી, એવા સમાચાર આપ્યા કે, 'શ્રીહરિ વડોદરા આવશે.' આવા વધાઈના સમાચાર સાંભળીને સરકાર ખૂબ ખુશી થયા. ૩૯. પછી ગાયકવાડ સરકારે શ્રીહરિ તથા સંતોને માટે ઉતારા વગેરેની બધી તૈયારી કરી. શ્રીહરિ રાજી થાય તેટલા માટે તેમણે પોતાના મસ્તુબાગમાં સારા તંબુ બંધાવ્યા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડોદરા સરકારનો ભાવ જોઈને શ્રીહરિએ ત્યાં જવાનો નિશ્ચય કર્યો" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૬

શ્રીહરિ વડતાલથી સાંકરદા, છાણી થઈને વડોદરા પહોંચ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી આ ભક્તિપૂર્ણ રસદાર કથાને ઘણા જ ભાવથી કહી રહ્યા છે, તેને ગઢપુરના દરબાર દાદા ખાચર અતિશય મહિમા અને પ્રેમભાવથી સાંભળે છે. ૧. વડોદરા શહેરનાં ધન્ય ભાગ્ય છે કે જ્યાં જઈને ભગવાન શ્રીહરિ પોતાના પ્રતાપથી અનેક મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરશે. ૨. વડોદરાના ગાયકવાડ સરકાર સયાજીરાવ પોતે શ્રીહરિના આવવાના સમાચાર સાંભળી નિષ્કપટ ભાવથી એકદમ વિહ્વળ જેવા થઈ ગયા. દિલમાં ખૂબ જ આનંદ પામ્યા અને શ્રીહરિના સ્વાગતની તૈયારી કરવા લાગ્યા. ૩. આ બાજુ નારુપંત નાના વડોદરા જવા નીકળી ગયા બાદ, ભક્તજનોના ચિત્તને પોતાના સ્વરૂપમાં ખેંચતા એવા શ્રીહરિ સંતો અને હરિભક્તોના સમુદાયને સાથે લઈને વડતાલથી ચાલ્યા. ૪.

વિક્રમ સંવત ૧૮૮૨ના વર્ષના સુંદર કાર્તિક વદિ પડવાને દિવસ નિપુણ શ્રીહરિ વડોદરા જવા માટે નીકળ્યા. પહેલા **સાંકરદા** ગામ આવ્યા. ૫. ત્યાં ગણેશ પટેલ, મોરારજીભાઈ, ધનજીભાઈ, પ્રેમીભક્ત નરસિંહભાઈ, અંબઈદાસ, નિયમધારી વાસણભાઈ અને દુર્લભજીભાઈ આદિક મુખ્ય હરિભક્તો હતા. તેઓ જગતથી વિરક્ત અને દૃઢ સત્સંગી હતા. તે બધા

શ્રીહરિના સમાચાર સાંભળી તરત દોડતા સન્મુખ આવ્યા, તેમણે શ્રીહરિ તથા સંતોનું સ્વાગત કર્યું. ૬-૭. તેમણે સહુને સારી રસોઈ કરીને જમાડ્યા અને સહુના મનમાં ખૂબ આનંદ થયો. ઘણા પ્રેમથી શ્રીહરિનું સ્વાગત અને સેવા કરી. તેનાથી શ્રીહરિ તે ભક્તોના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ૮. સહુની સાથે શ્રીહરિ સાંકરદામાં રાત રોકાયા. પછી સવારમાં સહુ મળીને ત્યાંથી ચાલ્યા. સંઘ સહિત આગળ ચાલતા ભક્તોનું હિત કરવા માટે શ્રીહરિ **છાણી** ગામમાં આવ્યા. ૯.

શ્રીહરિએ છાણી ગામમાં તેજાભક્ત આદિ વણકર હરિભક્તોને દર્શન આદિથી રાજી કર્યા. ગાયકવાડ સરકારે વડોદરાથી કેટલાક પ્રમુખ અધિકારીઓની સાથે શ્રીહરિનું સ્વાગત કરવા માટે નારુપંત નાનાને તુરંત આગળ મોકલ્યા. તે બધા આંબાવાડીયામાં શ્રીહરિને આવવાની રાહ દેખતા હતા. ૧૦-૧૧. તે વખતે ત્યાં ઘોડાની ઘુમરથી ઘેરાયેલા આવા શ્રીહરિ આવી રહ્યા છે તેમ દેખાણું. નજીક આવતાં જ નારુપંત નાના વગેરેએ શ્રીહરિનું સ્વાગત કર્યું. પછી ત્યાં જે એક સિંહાસન ગોઠવી રાખ્યું હતું તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. અને ઘણા ભક્તિભાવથી ફૂલહાર પહેરાવ્યા. શ્રીહરિએ ત્યાં આવેલા ભક્તોના કુશળ સમાચાર પૂછ્યા. તેટલી વારમાં ત્યાં થાળ તૈયાર થઈ ગયો, તે શ્રીહરિ જમ્યા. ૧૨-૧૩. સહુ સંતો વગેરેને જમાડ્યા. પછી આરતી કરીને કીર્તન ગવડાવ્યાં.

ત્યાર પછી શ્રીહરિ તંબૂમાં આવ્યા અને એક પલંગ ઉપર પોઢી ગયા. ૧૪. પ્રાતઃકાળે શ્રીહરિ ઊઠ્યા, સ્નાન કરીને નિત્યવિધિ કર્યો. પછી સહુને સાથે લઈને વડોદરા શહેરમાં જવાની તૈયારી કરી. ૧૫. તે વખતે શહેરના ઘણા જ હરિભક્તો દોડીને સન્મુખ આવ્યા. વડોદરાની આસપાસના ગામના હરિભક્તો પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. ૧૬. તે બધા ભક્તો ઘણી જાતનાં મેવા, મીઠાઈ અને ભેટ લાવ્યા હતા. સહુએ પ્રેમથી તે બધું અર્પણ કર્યું અને શ્રીહરિ તથા સંતોને પગે લાગ્યા. ૧૭. તે હરિભક્તો ઘણા પ્રેમી હતા. સહુએ ભાવથી મૂર્તિનાં દર્શન કર્યાં. પછી તે મૂર્તિને સહુએ પોતપોતાના હૃદયમાં ધારી લીધી. ૧૮.

❋ વડોદરામાં શ્રીહરિની સવારીનાં દિવ્ય દર્શન :

ત્યાં આવેલા સહુ ભક્તોને શ્રીહરિએ દર્શન દીધાં અને ચાલ્યા. સર્વ સંતો તથા ભક્તોને શ્રીહરિએ સાથે લીધા હતા. જ્યારે શ્રીહરિ છાણી ગામથી શહેર તરફ આગળ ગયા, ત્યારે ત્યાં સરકારના પુત્ર ગણપતરાવજી આવીને મળ્યા. ૧૯. ચતુરંગિણી સેના તેમની સાથે હતી. તેમણે આવી, બે હાથ જોડી હૃદયથી શ્રીહરિનું સ્વાગત કર્યું. ગણપતરાવજી ગાયકવાડ સરકારના પાટવી પુત્ર હતા. તેથી તેમણે તે સમયે વિધિપૂર્વક શ્રીહરિનું સ્વાગત કર્યું. ૨૦. તેમણે ઘણા ભાવથી વંદન કર્યાં. ત્યારે અવતારી શ્રીહરિ માણકી ઘોડી ઉપરથી નીચે ઊતર્યા અને રાજકુંવરનો હાથ પકડીને કુશળ સમાચાર પૂછ્યા. ૨૧. ત્યારે રાજકુંવરે ઘનશ્યામ પ્રભુને પોતાના પિતા તરફથી પ્રણામ કહ્યા અને બોલ્યા કે, “સોનાની અંબાડીવાળો, મદઝરતો આ નવગજો હાથી શણગારી તૈયાર કરાવીને મોકલ્યો છે. તથા આ ઘોડા, રથ અને પદાતિઓને પણ આપના સ્વાગત માટે મારા પિતાજીએ મોકલ્યા છે.” તો આપ કૃપા કરીને હાથી ઉપર વિરાજમાન થાઓ અને અમારા આ શહેરને પાવન કરો. ૨૨-૨૩.

રાજકુંવરની વિનંતિ માનીને શ્રીહરિ હાથીની અંબાડીમાં બેઠા. રત્નજડિત અંબાડી શોભાદાર હતી, અને તે જોઈને અનંત લોકોનાં મન તેમાં લોભાઈ જતાં હતાં. ૨૪. હાથીની અંબાડીમાં શ્રીહરિરૂપી સૂર્યના વિરાજવાથી અનેક લોકોના અજ્ઞાનરૂપી અંધારાનો તુરત નાશ થયો, અને તેમના શુદ્ધ હૃદયમાં જ્ઞાનરૂપી અંજવાળું પ્રગટ્યું. દયાળુ શ્રીહરિએ દર્શન કરનારા લોકો ઉપર આવી કૃપા કરી. ૨૫. **તે સમયે નવનિયુક્ત બંને આચાર્ય બીજા હાથી ઉપર બેઠા, અને ત્રીજા હાથી ઉપર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી બેઠા.** ૨૬. **તે સિવાયના એક હાથી ઉપર શુકમુનિ અને મુક્તાનંદ સ્વામી બેઠા. વળી, બીજા બધા સંતો રથમાં બેઠા. તેનાં દર્શન કરી સહુને ઘણો આનંદ થયો.** ૨૭. શ્રીહરિની શોભાયાત્રા એટલી બધી લાંબી થઈ કે તેના સામા છેડા સુધી નજર પહોંચતી ન હતી. આ સુંદર શોભાયાત્રા કલ્પનાતીત હતી. ૨૮.

ગાયકવાડ સરકારે અતિશય પ્રેમથી સંપૂર્ણ વડોદરા શહેરને સજાવ્યું હતું. આ ઘણી લાંબી સવારી વડોદરા શહેરના દરવાજામાં પ્રવેશી. ૨૯. શોભાયાત્રામાં આગળના ભાગમાં ઘણાં ઢોલ, તાંસા, નગારા અને શરણાઈઓ વાગતી હતી. એવું સંગીત વાગી રહ્યું હતું કે તેને સાંભળનારા બધા લોકો ડોલી ઊઠતા હતા. ૩૦. તે વખતે હરિભક્ત કાઠી દરબારો અને પાર્ષદો ઘણી ઊંચી જાતિના અશ્વોને ખેલાવી રહ્યા હતા. તેવા ઘોડેસવારોને સૌથી આગળ ચલાવ્યા. આ બધું જોઈને લોકો જયનાદથી આકાશને ગજવી રહ્યા હતા. ૩૧. એ મહાન જયનાદનો એવો તો અપાર પડછંદો થયો કે, તે સ્વર્ગ સુધી પહોંચ્યો. તે સાંભળીને તેત્રીસ કરોડ દેવતાઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવીને હાજર થયા. ૩૨.

શ્રીહરિની સ્વાગત સવારી અતિશય ભવ્ય હતી. તે જોવા માટે અસંખ્ય નરનારીઓ ઊમટી પડ્યાં. પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન કરીને સહુ સુખી થઈ ગયાં અને કેટલાક તો મકાનના ઝરૂખામાં ચઢી ગયાં હતાં. ૩૩. કેટલાક લોકો તો જાળિયા, બારીઓ અને અગાશીમાં રહીને અવતારી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ભીડમાં ઊભેલા મનુષ્યોના નજીક નજીક દેખાતા મુખ કોઈ બાંધેલા સુંદર તોરણ જેવા દેખાતા હતા. ૩૪. જાણે વરસાદ વરસતો હોય ને શું ! એવી રીતે જ્યાં ત્યાંથી અપાર પુષ્પની વૃષ્ટિ થતી હતી. કેટલાકે તો સોના અને રૂપાનાં પુષ્પ લઈને શ્રીહરિવરને વધાવ્યા. ૩૫. **તે સમયે દર્શન કરનારાં બધાં જ લોકોનાં ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં ચોરાઈ ગયાં.** લહેરીપુરાના દરવાજાથી આગળ શોભાયાત્રા ચાલી રહી હતી. ૩૬. સહુ ચારેબાજુથી દોડી-દોડીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. સર્વોપરિ આ ભવ્ય મૂર્તિનાં દર્શન કરીને કેટલાય લોકો હરિભક્ત થયા. ૩૭.

જેણે શ્રીહરિના સ્વરૂપનાં દર્શન કર્યાં તે આંખોને જ સાચા અર્થમાં આજ આંખોનું ફળ મળ્યું. કેમ જે, એ જ આંખો ભાગ્યશાળી છે કે જેણે પરમાત્માનાં દર્શન કર્યાં. ૩૮. **તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે આખા બ્રહ્માંડના દેવતાઓ આવ્યા, અને મહાદેવજી પણ આકાશમાં આવીને તાંડવ**

નૃત્ય કરવા લાગ્યા. ૩૯. આકાશમાં દુંદુભિ નામનાં નગારાંઓ વાગવાં લાગ્યાં, ગાંધર્વો ગાવા લાગ્યા. ચારેબાજુથી જય જયકાર થતો હતો ત્યારે અપ્સરાઓ ઘણા નિર્મળભાવથી નાચતી હતી. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલથી સાંકરદા, છાણી થઈને વડોદરા પહોંચ્યા" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૭

વડોદરા સવારીમાં કરુણાશંકર તથા ફાટેખા મિયાં ઉપર શ્રીહરિએ કરુણા કરી

શ્રીહરિની શોભાયાત્રા વડોદરા શહેરમાં આગળ ચાલી રહી હતી, ત્યારે ત્યાં ચોતરા ઉપર એક ડભોઈનો બ્રાહ્મણ બેઠો હતો. તેનું કરુણાશંકર નામ હતું. ૧. તેણે પોતાના મનમાં આત્યંતિક કલ્યાણની આશા રાખી હતી. પ્રભુ શ્રીહરિએ તેને જોયો. જમણા હાથના સંકેતથી તેને પાસે બોલાવ્યો. ૨. પ્રભુ શ્રીહરિએ પ્રસન્ન થઈને તે બ્રાહ્મણને મોક્ષનું વરદાન દીધું અને પછી પ્રભુ શ્રીહરિએ કહ્યું કે, "નારુપંત ! મારી વાત સાંભળો. આ બ્રાહ્મણને ગોપાળાનંદ સ્વામીનો મેળાપ કરાવી દેજો. સ્વામીનો સત્સંગ કરીને આને ખૂબ જ આનંદ થશે." ૩-૪. અહીંયાં જે બ્રાહ્મણની વાત થઈ, તેનો થોડો પરિચય કરાવું છું. એ બ્રાહ્મણ શંકરનો મહાન ભક્ત હતો. સતત શિવજીની પૂજામાં આસક્ત રહેતો. ૫. તેની ઉંમર એકાવન વર્ષની થઈ હતી, તોપણ તેને પુત્ર થયો ન હતો. નવા વર્ષને દિવસ એક વખત તે શંકરની પૂજા કરતો હતો. ૬.

તે સમયે શિવજીએ તેને દર્શન દીધાં અને કહ્યું, "મનમાં જે ઈચ્છા હોય તે વર માગ." જ્યારે તે વિપ્રે આત્યંતિક મોક્ષ માગ્યો ત્યારે શિવજીએ તેને કહ્યું, "કાર્તિક વદિ ચોથને દિવસ દયાળુ ભગવાન સ્વામિનારાયણ આ

વડોદરા શહેરમાં પધારશે. ત્યારે તારે તેમની પાસે જાવું. ૭-૮. **પછી તે પ્રગટ પ્રભુ શ્રીહરિનો તું આશ્રય કરજે અને તેના સંતોની સાથે રહેજે. ગોપાળાનંદ સ્વામી નામે જે સંત છે તે જ તારું કલ્યાણ કરશે."** ૯. તે કૃપાશંકરને શિવજીએ આમ કહી રાખ્યું હતું, તેથી તે તો ત્યારથી આરંભીને શ્રીહરિને પધારવાની રાહ દેખતો હતો. જ્યારે શ્રીહરિની શોભાયાત્રા વડોદરામાં આવી ત્યારે તે બ્રાહ્મણને અવતારી શ્રીહરિ મળ્યા. ૧૦. ઉમંગભરી શિવની વાણી સફળ થઈ અને તે બ્રાહ્મણ પાકા સત્સંગી થઈ ગયા. તેના દિલમાં ત્યાગી થવાની ઈચ્છા હતી, તેથી તેણે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું. ૧૧.

ત્યારે સ્વામીએ એને કહ્યું કે, **"તમે કાયમ ગૃહસ્થાશ્રમમાં રહો. હું તમને આશીર્વાદ આપું છું કે તમારે ઘેર છ બાળકોના જન્મ થશે."** ૧૨. જેમ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું હતું, પછીથી તેમ જ બધું થયું હતું. ગોપાળાનંદ સ્વામી સર્વ સંતોમાં સર્વોપરિ હતા અને એમાં સહુથી અધિક શક્તિ હતી. ૧૩. કેમ જે, ગોપાળાનંદ સ્વામી તો સર્વોપરિ શ્રીહરિના એવા મહામુક્ત છે કે તેઓ કાયમને માટે શ્રીહરિની સાથે જોડાયેલા જ રહે છે. હે દાદા ખાચર ! હવે હું તમને સાક્ષાત્ શ્રીહરિની શોભાયાત્રાની વાત કહું છું તેને તમે સાંભળો. ૧૪. શહેર વચ્ચે રાજમાર્ગ ઉપર જ્યારે બધી સવારી ચાલતી હતી, ત્યારે સંતો અને બ્રહ્મચારીઓ સુંદર શ્લોક બોલતા હતા. ૧૫. બીજા બધા ભક્તો ઉત્સવ કરતા હતા. તેમાં ધૂન અને કીર્તન ગાતા હતા. શોભાયાત્રા ધીમે ધીમે ચાલતી હતી. તે જોઈને બધા આનંદિત થતા હતા. ૧૬.

શ્રીહરિના પાર્ષદો શ્રીહરિને રાજી કરવા માટે બંદૂકોના અનહદ અવાજ કરતા હતા. ૧૭. દર્શન કરનારા લોકો હાથમાં લીધેલા ફૂલહારને ઘણા ભાવથી ઉછાળી શ્રીહરિને પહેરાવતા હતા, અને શ્રીહરિ પણ શ્રદ્ધાળુ લોકોના ભાવને જોઈને ફૂલના હાર સ્વીકારતા હતા. ૧૮. શ્રીહરિ વાજતે ગાજતે શહેરમાં આવતા હતા, ત્યારે નજીકમાં જે દેવ મંદિર આવે ત્યારે તેને નમસ્કાર કરતા હતા, અને તે દેવને માટે અપાર ભેટ મોકલાવતા હતા. ૧૯. તે સમયે રસ્તામાં ચાલતા કોઈ સુખકારી દેવ મંદિર આવે અથવા તો નજીકમાં કોઈ શાહુકારની હવેલી આવે, ત્યારે નાના સાહેબ અપાર પ્રેમથી

ચામર ઢોળતાં ઢોળતાં શ્રીહરિને તેનો પરિચય આપીને તે તે દેવ, મંદિર અને હવેલીઓને બતાવતા હતા. ૨૦-૨૧.

❋ શ્રીહરિએ ફાટેખા મિયાંનો ગર્વ ઉતાર્યો :

તે સમયે શોભાયાત્રાની સવારી સાથે એક ફાટેખા નામે મિયાં આવ્યો હતો. તે સરકારનો જમાદાર હતો અને ઘોડા ઉપર બેઠો હતો. ૨૨. તે આમ તેમ ઘોડાને દોડાવતો હતો. અને શ્રીહરિનાં દર્શન કરવા માટે જે બધાં મનુષ્યો આવ્યાં હતાં, તેની વચ્ચે આવીને વિઘ્ન કરતો હતો. કેટલાક સંતો-ભક્તોએ તેને સમજાવ્યો. ૨૩. 'અરે ભાઈ ! સરકારના બીજા ઘોડેસવારો જે રીતે ચાલે છે તે રીતે તમે પણ ચાલો.' પણ તે મિયાં તો ઘણો અહંકારી હતો. તેથી કોઈની કહેલી વાતને તેણે માની નહીં, અને ઉદ્ધતાઈથી તે મૂંછ મરડવા લાગ્યો. તે કોઈને ગણકારતો નહીં. તે તો ઘોડાને વધારે કુદાવવા લાગ્યો. તેના મનમાં કાંઈક દગો ભર્યો હતો. ૨૪-૨૫. તે જાણીને ગર્વગંજન શ્રીહરિએ પોતાના મનમાં સંકલ્પ કર્યો. ભગવાનની ઈચ્છાથી એવું થયું કે તેણે જેવો ઘોડો કુદાવ્યો, તેવો જ નજીકમાં એક મોટી ગટર નીકળેલી હતી અને તેના ઉપર લાકડાંનાં પાટિયાં ઢાંક્યાં હતાં. કૂદેલો ઘોડો તે પાટિયાં ઉપર પડ્યો. ૨૬-૨૭. ઘોડાના પડવાથી પાટિયાં ભાંગી ગયાં. તેથી તે મિયાં ઘોડાએ સહિત એ ગટરમાં ઘૂસી ગયો. તેને બચાવવા મનુષ્યો દોડ્યા. ૨૮.

સરકારી માણસોએ પણ તેને ગટરમાંથી કાઢવાનો પ્રયત્ન કર્યો, પણ સહુ તે વિઘ્નને ટાળી ન શક્યા. કારણ કે, ગટર ઘણી સાંકડી હતી. ૨૯. પછી બધાએ વિચાર કર્યો કે શોભાયાત્રા નીકળી ગયા પછી તે જગ્યાને ખોદાવીને સરકાર તેના શબને કઢાવશે. ૩૦. તેટલી વારમાં શ્રીહરિનો હાથી ત્યાં આવ્યો. તે જોઈને ભગવાન શ્રીહરિએ તેના ઉપર કૃપા કરી. હાથી ઉપર બેઠા બેઠા જ જ્યારે તે બાજુ નજર કરી, ત્યારે પોતાના હાથની બે આંગળીઓ ઊંચી કરી. બરાબર તે સમયે જ ઘોડાની સાથે ઘોડેસવાર મિયાં ઊછળીને એકદમ બહાર નીકળી ગયો. ૩૧-૩૨.

તે શ્રીહરિની સામે ઊભો રહ્યો. તેને જોઈને બધા લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. તે વખતે બધા લોકો કહેવા લાગ્યા કે, 'ઘોડાએ સહિત આ મિયાંને શ્રીહરિએ જ બચાવ્યો છે. ફાટેખા અને ઘોડો તે બંને મરીને પાછા આવ્યા છે. અહો ! પ્રભુએ બહુ દયા કરી. શ્રીહરિ સહુનું હિત કરનારા છે.' તેમ સહુને સમજાયું. ૩૩-૩૪. **તે વખતે તે મિયાં પણ શ્રીહરિની આગળ ઊભો રહી હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યો. 'હે ખાવિંદ ! માલિક, ખુદાતાલા ! આપે મને મોતથી બચાવ્યો છે,** ૩૫. નહિ તો આજ ઘોડાએ સહિત તરફડીને મારું મૃત્યુ જ થાત. હવે તો હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી આપની જ બંદગી કરતો રહીશ.' ૩૬.

તે પછી શ્રીહરિએ હાથનો સંકેત કરી, બીજા કોઈને વિઘ્ન થાય નહીં તે રીતે તેને આગળ ચાલવાનું કહ્યું. ૩૭. પછી ધીરે ધીરે આગળ ગયા. શ્રીહરિએ આવો ચમત્કાર બતાવ્યો. વડોદરાની આ શોભાયાત્રામાં તો આવા બીજા અનેક પ્રતાપ બતાવ્યા છે. ૩૮. **શ્રીહરિએ અનેક મનુષ્યોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું, અને 'હું જ પ્રગટ ભગવાન છું' એવો નિશ્ચય ઘણા લોકોને કરાવ્યો.** ૩૯. **શ્રીહરિનો પ્રતાપ સાંભળીને હજારો લોકો દોડતા આવતા હતા. આવેલાં બધાં જ નર-નારીઓ હાથ જોડી ઘણાં ભાવથી દર્શન કરતાં હતાં.** ૪૦. જીવનપ્રાણ શ્રીસહજાનંદ સ્વામી મહારાજનાં દર્શન કરનારા લોકો પાગલ જેવા થઈને પોતાના ઘરકામને પણ ભૂલી જતા હતા. ૪૧. **શ્રીહરિનાં દર્શન કરવા માટે તે લોકો એવું શરીરભાન ભૂલી ગયા હતા કે, પોતાનાં વસ્ત્ર તથા ઘરેણાંને ઊલટાં સૂલટાં પહેરી લીધાં હતાં. વળી, શ્રીહરિનાં દર્શનમાં મગ્ન બની ગયા હતા.** ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડોદરા સવારીમાં કરુણાશંકર તથા ફાટેખા મિયાં ઉપર શ્રીહરિએ કરુણા કરી" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૮

વડોદરા નરેશ શ્રીહરિને મળ્યા અને દીવાનની વાત કહી

કરોડો કામદેવને પણ શરમાવે એવું શ્રીહરિના સ્વરૂપનું દર્શન કરીને શહેરની બધી સ્ત્રીઓ મનમાં પોતાને ધન્ય માનવા લાગી. ૧. શહેરના ઘણા લોકો બીમાર હતા અને ભોંય પથારીએ લીધા હતા, તે બધા પણ શ્રીહરિનાં ઐશ્વર્ય-પ્રતાપથી નીરોગી થઈ ગયા. ૨. તે સાજા થઈ ગયેલા મનુષ્યો તત્કાળ પોતાના સંબંધીથી પણ આગળ આવીને ધર્મપુત્ર શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા. તેને જોઈને બધા લોકો આશ્ચર્ય પામ્યા. ૩. તે સમયમાં કાળ, કર્મ અને માયા, તે કોઈનું જોર ચાલતું ન હતું. તે સમયે પશુ તથા પક્ષીઓની મનોવૃત્તિ પણ શ્રીહરિના સ્વરૂપમાં તત્કાળ ખેંચાઈ ગઈ હતી. ૪. મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે રાજા તમે સાંભળો. તે વખતે શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ એવો જણાતો હતો કે, સહુ મનુષ્યો એક શ્રીહરિની તરફ જ જોઈ રહ્યા હતા. તેમનાથી શ્રીહરિનાં સ્વરૂપ સિવાય અન્ય કાંઈ જોઈ શકાતું નહીં. ૫. શ્રીહરિ પોતાની કરુણાભરી દૃષ્ટિ એ રીતે ફેરવતા હતા કે, તેનાથી બધા જ લોકો આનંદ તથા પ્રેમને પામતા હતા. મુનિરાજ શ્રીહરિ બધી સવારીની સાથે આ રીતે માંડવી પાસે આવી પહોંચ્યા. ૬.

આ માંડવીની ઉપર અને નીચે અનેક મનુષ્યો નિશ્ચળરૂપમાં ઊભા હતા. માનો, તે માંડવી મનુષ્યોથી જ મંડપ બનાવ્યો હોય એમ સહુને ત્યારે દેખાતી હતી ! ૭. તે સમયે શ્રીહરિના દર્શનથી મનોમન આનંદમાં આવીને સરકારના બધા સૂબાઓ અને છડીદારો જય જયકાર કરવા લાગ્યા. ૮. માંડવી ઉપર એક ધજા ફરકતી હતી. અને તે ધજામાં **'શ્રીસ્વામિનારાયણો વિજયતે'** એવો મહામંત્ર લખાયેલો હતો. બધા જ લોકો પ્રેમથી તે મંત્રને વાંચતા હતા. ૯.

શ્રીહરિ માંડવીથી આગળ ચાલ્યા. ત્યાં રાજાએ કરાવેલ વિઠ્ઠલનાથજીનું મંદિર આવ્યું. તે મંદિરને નજીક સવારી પહોંચી કે જે સ્થળે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ વિદ્વાનોની મોટી સભામાં વિજય મેળવ્યો હતો. અને તેનાથી ગાયકવાડ સરકારને ઘણી પ્રસન્નતા થઈ હતી. શ્રીહરિએ તે મંદિરને પ્રણામ

કર્યા અને તે મંદિરમાં ભેટ-સામગ્રી પહોંચાડી. ૧૦-૧૧. આ મંદિરની પાસે જ અલગ રાજાનું સરસ નોબતખાનું હતું. તે સમયે તેમાં નોબત વાગી રહી હતી. શ્રીહરિ તે સ્થળે પ્રેમથી આવ્યા. ૧૨. શ્રીહરિ પધાર્યા છે તે જોઈને સરકાર સયાજીરાવ ત્યાં હાથ જોડીને આવ્યા. તેમણે ઘણા ભાવથી નમસ્કાર કર્યા. ત્યારે ભક્તપતિ શ્રીહરિ હાથી ઉપરથી ઊતર્યા. ૧૩. સરકાર ગદ્‌ગદ કંઠ થઈ ગયા અને શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. શ્રીહરિએ સ્વયં સરકારને ઉઠાડીને પોતાની છાતીએ લગાવ્યા. ૧૪. **સયાજીરાવ સરકારે શ્રીહરિની સ્તુતિ કરી. આંખોમાંથી પ્રેમના આંસુ વહેવા લાગ્યા. પરમ સુખકારી, સર્વોપરિ પુરુષોત્તમ પ્રભુ આજ પ્રગટ થયા છે.** ૧૫. એ રીતે બોલતા સરકાર ભાવથી માનો પાગલ થઈ ગયા હતા. આ જોઈને બધાં નર-નારીઓના મનમાં અત્યંત આશ્ચર્ય થયું. ૧૬.

તે સમયે બધી અંતઃપુરની સ્ત્રીઓની સાથે ચીમનાબાઈ રાણી આદિક ગોખમાં બેસી, ચક નખાવી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૧૭. પોતાના મુખારવિંદનાં દર્શન સારી રીતે થાય એવો તે બધી સ્ત્રીઓનો સંકલ્પ હતો. તેના સંકલ્પને જાણીને શ્રીહરિએ ઉપર ઝરૂખા તરફ જોયું, ત્યારે બધી સ્ત્રીઓએ પોતાનાં ધન્ય ભાગ્ય માન્યાં. ૧૮. પછી સરકારે પોતાના હાથથી શ્રીહરિનો હાથ પકડ્યો, અને સંતો તથા હરિભક્તો આદિકની સાથે શ્રીહરિને પોતાની કચેરીના ખંડમાં ઘણા પ્રેમભાવથી લઈ ગયા. ૧૯. કચેરીમાં સુંદર સોનાનું સિંહાસન હતું. તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. પછી અતિશય ભક્તિભાવથી શ્રીહરિની પૂજા કરી, તેમજ સંતો તથા વર્ણીઓની પણ પૂજા કરી. ૨૦.

પછી સરકાર શ્રીહરિને પોતાના દેવઘર(મંદિર)માં લઈ ગયા. ત્યાં સોનાની દીવીઓ ઘી પૂરી દીવેટ મૂકીને તૈયાર કરી રાખી હતી. તે જ્યારે શ્રીહરિ દેવઘરમાં પધાર્યા ત્યારે બધી જ દીવીઓ આપોઆપ પ્રગટી ગઈ. **તે જોઈને સહુને અપાર આશ્ચર્ય થયું. ઝળહળ ઝળહળ પ્રકાશ ફેલાયો, તેમજ ધૂપ તથા અત્તરનો સુગંધ ચારેબાજુ પ્રસરી ગયો.** ૨૧-૨૨. **તે સમયે મંદિરમાં રહેલા બધા દેવો વિપ્રનું રૂપ ધારણ કરીને બહાર પ્રગટ આવ્યા. તેમણે વેદમંત્રોનો ઉચ્ચાર કરી શ્રીહરિની પૂજા કરી અને તે બધા**

પોતાના મનમાં ઘણા ખુશી થયા. ૨૩. ફરીથી તે બધા વિપ્ર દેવઘરની બધી મૂર્તિઓમાં લીન થઈ ગયા. શ્રીહરિ પણ તે દેવઘરમાં પધાર્યા અને પ્રેમથી બધા દેવોની પૂજા કરી. ૨૪. પૂજારીએ શ્રીહરિની પૂજા કરી અને ફૂલનો હાર પહેરાવ્યો. સુખકારી શ્રીહરિ પછી તે દેવઘરના મંડપમાં બેઠા. ૨૫. ત્યાં સંતો તથા હરિભક્તોની ઘણી સારી સભા ભરાણી. તે સમયે સરકાર પણ પોતાના બંને પુત્રને સાથે લઈને ત્યાં આવ્યા. ૨૬. તેઓ શ્રીહરિની સન્મુખ ગાલીચા ઉપર બેઠા. આ વખતે તેમનું મુખ ઘણું પ્રસન્ન હતું. શ્રીહરિએ સરકારને જ્ઞાનોપદેશની વાત કહી. ૨૭.

પછી શ્રીહરિ બોલ્યા કે, "સરકાર ! આપના મોટા દીવાન વિઠ્ઠલરાવ દેવાજી ક્યાં છે ?" ત્યારે સરકારે કહ્યું, "અવિનાશી પ્રભુ ! સાંભળો. આપ અહીં પધારો છો એવી વાત જ્યારે તેણે સાંભળી, તે પછી બે દિવસથી તેઓ મારી પાસે આવ્યા નથી. ૨૮-૨૯. તેઓ પોતાની હવેલીમાં હશે અથવા તો બાગમાં હશે." તે સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "તેઓ ક્યાંય ગયા નથી. પરંતુ આપના મહેલમાં જ બીજે માળ દીવાનખાનું છે ત્યાં છુપાઈ રહ્યા છે. તેની સાથે મારવાડી જોષી અને ઉત્પાત કરનારા મરાઠા લાડુબા પણ બેઠા છે. ૩૦-૩૧. કાળી ભટ્ટ, રોબડ અઘોરી, એ બધી જોરદાર ચંડાળોની ટોળી છે. તે બધા સાથે બેસીને કેવી વાત કરે છે, તે તમે સાક્ષાત્ સાંભળો." ૩૨. શ્રીહરિએ આટલા શબ્દો કહીને સરકારને દૂરદર્શન તથા દૂરશ્રવણની સિદ્ધિ આપીને તેની વાત સંભળાવી, તથા જે બેઠા હતા તે પણ બતાવ્યું. ૩૩. તે સમયે તે લોકો એમ બોલતા હતા કે, 'સયાજીરાવ મહારાજ તો ઓલિયા રાજા છે અને સ્વામિનારાયણ તો મોટા જાદુગર છે. તેણે સરકાર ઉપર ભૂરકી નાખી છે. ૩૪.

સરકારને તેણે પટાવી લીધા છે અને અત્યારે તે સરકારનું રાજ્ય લેવા આવ્યા છે. પરંતુ સ્વામિનારાયણને પકડીને કેદ કરવા માટે મારા ગુરુ તુંબડિયા બાવાએ જે બતાવ્યું છે તે ઘણો મોટો સારો ઉપાય છે. અને તે બાબતમાં તે બાબા પોતાનો જ મંત્રજાપ કરવાનું કહે છે. ૩૫-૩૬. તેથી હું એકાંતમાં બેસીને સતત મંત્રજાપ કરું છું. આજ કાલમાં જ આપણે આ

સહજાનંદ સ્વામીને કેદ કરી લેશું.' ૩૭. આ કહ્યું તે રીતે મૂર્ખાઓની ટોળીની સાથે દીવાન વાતો કરતા હતા. તેને સાંભળીને સયાજીરાવ મહારાજ હસીને શ્રીહરિ પાસે બોલ્યા, ૩૮. **'હે પ્રભુ ! આપ તો અનંતકોટિ બ્રહ્માંડના માલિક પરમેશ્વર છો. જીવ આપને સમજી શકતા નથી. તેથી જ તે ખૂબ હેરાન થશે.** ૩૯. **બિચારા મામૂલી જીવ આપને શું કરી શકે ? જો જીવ આપનું ભજન કરે તો તેનો બેડો પાર થઈ જાય.'** ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડોદરા નરેશ શ્રીહરિને મળ્યા અને દીવાનની વાત કહી" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૯

વડોદરા સરકારને ઉપદેશ તથા દીવાનની સાથે સંવાદ

મહાન દયાળુ મુક્તાનંદ સ્વામી શ્રીહરિનાં અપાર ચરિત્ર કહે છે. જ્યાં સુધી શ્રીહરિનો આ ચરિત્રગ્રંથ રહેશે ત્યાં સુધી તે જીવનો સંસારથી ઉદ્ધાર કરશે. ૧. 'શ્રીહરિનાં ચરિત્ર સદાય પ્રગટ છે.' એમ સમજીને સિદ્ધાનંદ(આધારાનંદ) સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સુખકારી તે ચરિત્રોનો સંગ્રહ કર્યો છે. ૨. **શ્રીહરિ મનુષ્યરૂપમાં સદાય પ્રગટ રહે કે ન રહે, પરંતુ તેમનાં ચરિત્ર તો કાયમ રહેશે અને આ કલ્પપર્યંત જીવોનો મોક્ષ કરશે.** ૩. **શ્રીહરિ અને શ્રીહરિનાં ચરિત્ર - બંને એક છે, અભિન્ન છે. તેને ક્યારેય જુદા ન જાણવા. આવી સમજણ આધારાનંદ મુનિની સદાય એકસરખી રહી છે.** ૪. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, હે ઉત્તમ રાજા ! તમે ભાવથી સાંભળો. હું હવે આગળ વડોદરાની વાત કહું છું.

સાક્ષાત્ શ્રીહરિએ સયાજીરાવ મહારાજને કહ્યું, "તમે દીવાનને અહીં બોલાવો." ત્યારે સરકાર બોલ્યા કે, "હે હરિ ! આપ સાંભળો. તે તો લાખો માણસની સભામાં અહંકારના આવેશથી બોલ્યા છે કે, 'આખું બ્રહ્માંડ ઊલટ પૂલટ થઈ જાય, તોપણ હું સહજાનંદ સ્વામીની સામે જોઈશ નહીં. અને હું

સ્વામિનારાયણને ક્યારેય નમસ્કાર કરવાવાળો નથી.' ૫-૭. એટલા માટે આપ શ્રીહરિ અત્યારે જ તેનો બધો ગર્વ ઉતારો કે જે ફરીથી અમારી પાસે ક્યારેય આવા ગર્વભર્યાં વચન બોલે નહીં." ૮. ત્યારે શ્રીહરિ બોલ્યા, **"જે રીતે તે દીવાને પ્રતિજ્ઞા કરી છે તે રીતે જ અમે પણ પ્રતિજ્ઞા કરી છે કે, 'અમારે દીવાનને પોતાનાં દર્શન આપવાં અને બે વખત નમસ્કાર કરાવવા.'** ૯. વડતાલ સભાની વચ્ચે મેં આવી પ્રતિજ્ઞા લીધી છે." આમ કહીને ફરીવાર સરકારને કહ્યું કે, "દીવાનને અત્યારે જ અહીં બોલાવો." ૧૦.

ત્યારે સરકાર બોલ્યા કે, "મેં દીવાનને બોલાવવા માટે એક માણસને તો મોકલેલો જ છે. હજી અત્યારે બીજો માણસ પણ મોકલું છું. પણ મને તો એવું લાગે છે કે, તે આપની પાસે આવશે નહીં." આમ કહીને સરકારે બીજો માણસ દીવાનને બોલાવવા મોકલ્યો. પછી શ્રીહરિએ દયા કરીને સરકારને સરસ ઉપદેશ આપ્યો. ૧૧-૧૨.

❋ સાચું સુખ ધર્મપાલન અને ભજનમાં છે :

दोहा : धर्म ढाल है मुमुक्षु की, रक्षा करे हरपल;
धर्म कभी नहीं छोडना, होकर कहीं विहवल...१३

शरीर और आत्मा को, जानना सदा विभिन्न;
निज को आत्मा हि मानके, भजना हरि अखिन्न...१४

सोरठा : सब जन मानत मन, बहुत सुखी सब राजा को;
अज्ञानी हैं वे जन, राजा को हम दुःखी कहत...१५

चेन से सो न सकत, स्वजन में भी शंका रहे;
चखाकर ही खावत, जहर की शंका रखकर के...१६

ધર્મ મુમુક્ષને માટે રક્ષણ કરનાર ઢાલ છે. તે પ્રત્યેક ક્ષણે મુમુક્ષુની રક્ષા કરે છે. માટે વિહ્વળ થઈને ક્યારેય ધર્મને છોડવો નહીં. ૧૩. મુમુક્ષુએ શરીર તથા આત્માને કાયમ અલગ માનવાં. પોતાને આત્મારૂપ જ માનીને પ્રસન્ન મનથી ભગવાનનું ભજન કરવું. ૧૪. સહુ લોકો પોતાના મનમાં માને છે કે, બધા રાજા બહુ સુખી હોય છે, પરંતુ તેમ સમજનાર મનુષ્ય અજ્ઞાની છે. અમે તો રાજાને દુઃખી કહીએ છીએ. ૧૫. કેમ જે, તે નિશ્ચિંત થઈને

ક્યારેય સૂઈ શકતો નથી. પોતાનાં કુટુંબી લોકો ઉપર પણ શંકા થયા કરે છે. પોતાને જમવાના ભોજનમાં પણ ઝેરની શંકા કરી, પહેલા બીજાને તે ભોજન ચખાડે અને પછી પોતે જમે છે. ૧૬. રાજાને મારનાર શત્રુ અનેક હોય છે. તે બધા સત્તાધીશને વિશેષ ખોળતા હોય છે. માટે જેની પાસે ધન અથવા સત્તા નથી તે જ સહુથી અધિક સુખી હોય છે. ૧૭.

સાચું સુખ તો એક ભગવાનનું ભજન કરવામાં જ છે. તેથી જ કેટલાય રાજાઓ ભગવાનને ભજવા માટે વનમાં ગયા હતા. કેમ જે, સુખ તો કેવળ ભગવાનમાં જ છે. બીજે ક્યાંય સુખ કે શાંતિ નથી. ૧૮. માટે નીતિમાં રહીને અધર્મનો ત્યાગ કરવો તથા શાંતિને માટે ભગવાનનું ભજન કરવું. હંમેશાં પુત્રની જેમ પ્રજાનું પાલન કરવું અને પ્રજા ઉપર આવતાં બધાં જ વિઘ્નો ટાળવાં. ૧૯. દુષ્ટ મનુષ્યોને દંડિત કરવા. રાજાએ ન્યાય તથા અન્યાયનો ખરો વિચાર કરવો. હે રાજન્ ! મેં કહ્યું તે રીતે રહેશો તો તમારું સર્વોત્તમ કલ્યાણ થશે જ. ૨૦. પ્રગટ શ્રીહરિએ આગળ કહ્યા પ્રમાણે સયાજીરાવ સરકારને ઉપદેશ કર્યો અને કૃપા કરી.

પછી ફરી શ્રીહરિ બોલ્યા કે, "સરકાર મોટા દીવાનને અમારી પાસે બોલાવો. હું આપને વારંવાર કહું છું." ત્યારે સયાજીરાવ સરકારે દીવાનને બોલાવવા માટે કીલ્લેદાર બાપુ સાહેબને મોકલ્યા. ૨૧-૨૨. બાપુ સાહેબ તુરંત જ દીવાનની પાસે ગયા અને કહ્યું, "જેનું સ્વામિનારાયણ નામ છે તે આપને ક્યારનાયે યાદ કરે છે, અને સરકાર આપને અત્યારે જ બોલાવે છે." ૨૩. ત્યારે દીવાને તેમને કહ્યું, "આવું છું, તમે જાઓ." 'આવું છું' એમ કહેવા છતાં તે આવ્યા નહીં. એટલા બધા તે ગભરાઈ ગયા હતા. ૨૪. ત્યારે શ્રીહરિએ ઈશારો કરીને ધનેશ્વરભાઈને મોકલ્યા. તેઓ દીવાનની પાસે ગયા અને સહુ સાંભળે તેમ બોલ્યા, "દીવાનજી ! સ્વામિનારાયણ આપને યાદ કરે છે અને સરકાર આપને બોલાવે છે. આપ ચાલો, ઘણા ભાગ્યવાન છો." ૨૫-૨૬.

આ સાંભળી દીવાન અકળાઈ ગયા. પછી ઊભા થઈને એવું બોલ્યા, 'જય મા મહાકાળી ! મારી પ્રતિજ્ઞા તમે રાખજો.' ૨૭. પછી તે દીવાન

ત્યાં આવ્યા અને ચૂપચાપ સરકાર પાસે આવીને બેસી ગયા. શ્રીહરિને મહાન જાણીને પણ તેણે નમસ્કાર કર્યા નહીં. ૨૮. ત્યારે તેમની સામે દૃષ્ટિ કરીને શ્રીહરિએ પૂછ્યું કે, "શું આપ જ દીવાન છો ?" ત્યારે 'જી હા..' એમ કહેતાં જ પ્રભુની શક્તિથી તે ડઘાઈ ગયા. ૨૯. તેણે બંને હાથ જોડ્યા અને શ્રીહરિને નમસ્કાર કર્યા. તે વખતે સભામાં સહુના મુખ ઉપર હાસ્ય લહેરાઈ ગયું. ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, "જે મનુષ્ય રાજ્યનો કારભાર કરે છે તેમાં ચારિત્ર્યનું બળ હોવું જોઈએ. **મનુષ્યમાં જો ચારિત્ર્યનું બળ હોય તો જ તેને પ્રજામાં માન મળે છે. વળી જે રાજ્યનો દીવાન હોય તેણે પણ દીવાનને શોભાડે એવું યોગ્ય આચરણ કરવું જોઈએ.** ૩૦-૩૧. આપનું વર્તન સૌને માટે આદર્શ અને સુખરૂપ હોવું જોઈએ. અમારી સામે જુઓ. અમે જ્યારે અહીં તમારા મહેમાન થઈને આવ્યા છીએ ત્યારે તમે એવા કયા કામમાં રોકાઈ ગયા હતા ? તમે અમને કહો તો ખરા ?" આ રીતે જ્યારે શ્રીહરિએ દીવાનને પૂછ્યું, ત્યારે તેણે ફરીથી શ્રીહરિને નમસ્કાર કર્યા. ૩૨-૩૩.

શ્રીહરિની જે અંતર્યામી શક્તિ છે તેનો અનુભવ દીવાનને જ્યારે પહેલી જ વાર થયો ત્યારે તે મનમાં ગભરાઈને બોલ્યા, "હું આપના જ વિચારમાં હતો." ત્યારે શ્રીહરિ હસતાં હસતાં બોલ્યા કે, "જો તમે મારો જ વિચાર કરતા હો તો તે વિચાર સારા હોય કે ખરાબ હોય, **છતાં પણ મારે તો તમારું કલ્યાણ કરવું પડશે. કારણ કે, અમારું એ વ્રત છે કે જે મારું ચિંતવન કરે છે તેનું મારે હિત કરવું છે. આ અમારી અનાદિકાળની રીતિ છે.** ૩૪-૩૬. પૂર્વે પણ તમારા જેવા જ દંતવક્ર, શિશુપાળ, કંસ અને રાવણ મારું ચિંતવન કરવાથી આ સંસાર તરી ગયા હતા. કેમ જે, સારા કે ખરાબ ભાવથી જો કોઈ મારું ચિંતવન કરે તો તે બધાનો મારે ઉદ્ધાર કરવો, એવી મારી ઈચ્છા છે. ૩૭-૩૮. એટલા માટે મેં આજ સુધીમાં ઘણાનું કલ્યાણ કર્યું છે." શ્રીહરિનાં આવાં વચન સાંભળીને દીવાન વિઠ્ઠલરાવ પરસેવાથી પલળી ગયા. ૩૯. તેણે મનમાં એમ માન્યું કે, 'મારી બધી ચાલ આ સ્વામિનારાયણ જાણી ગયા છે. આ તો વિશાળ બુદ્ધિવાળા છે.' ૪૦.

સયાજીરાવ સરકારને એમ લાગ્યું કે, 'આ પ્રથમ મેળાપમાં જ દીવાન શ્રીહરિની આગળ પરાજિત થઈ ગયા, અને તે તો અતિશય ક્રોધી સ્વભાવના છે. ૪૧. માટે હવે તો તે વધારે છંછેડાશે.' આમ વિચાર કરીને મામલો વધારે બગડે નહીં એમ ધારી સરકારે કહ્યું, "હે નાથ ! મહારાજ ! અત્યારે સંધ્યા સમય થયો છે તો કૃપા કરીને સવારીની સાથે તમારે ઉતારે પધારો." ૪૨-૪૩. ત્યારે શ્રીહરિ બોલ્યા, "અમારે સવારીની કાંઈ જરૂર નથી. અમારી માણકી હાજર જ છે." એમ કહીને દૂર ઊભેલા નાજાભક્ત સામે જોયું. ૪૪. આંખનો ઈશારો જોઈને નાજાભક્તે મહાન શસ્ત્રધારી, કદાવર પાર્ષદોની વચ્ચે માણકીને હાજર કરી. ૪૫. પછી ભગવાન શ્રીહરિ માણકી ઘોડીને નચાવતાં પોતાને ઉતારે પધાર્યા. માણકીએ સવાર થઈને જતા શ્રીહરિને જોઈને દીવાને વિચાર્યું કે, આમને પકડવાનું કામ ઘણું કઠિન છે. ૪૬.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડોદરા સરકારને ઉપદેશ તથા દીવાનની સાથેનો સંવાદ કહ્યો" એ નામે ઓગણીસમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૦

વડોદરામાં શ્રીહરિનો વિજય અને દીવાનની દુષ્ટતા

શ્રીહરિચરિત્ર અતિશય રસાળ છે. કૃપાળુ મુક્તાનંદ સ્વામી તેનો રસથાળ તૈયાર કરીને અભય રાજાના પુત્ર દાદા ખાચરને પીરસી રહ્યા છે. ૧. સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામી ઘણા લાંબા સમય સુધી શ્રીહરિચરિત્રામૃતસાગર નામના ગ્રંથમાં ચરિત્રોને લખતા રહ્યા. ત્યારે આપણ સહુને એ ચરિત્રોનો રસથાળ મળ્યો છે. ૨. તે ચરિત્રરૂપી રસથાળને જમી જમીને મુમુક્ષુ જીવો મુક્તિરૂપ સ્વાદને માણશે. છેવટે તે પાકા હરિભક્ત થઈને અક્ષરધામમાં જશે. ૩. જ્યાં સુધી સૂર્ય તથા ચંદ્ર રહેશે ત્યાં સુધી શ્રીહરિચરિત્રનો આ ગ્રંથ રહેશે, અને મુમુક્ષુજનો ભુક્તિ તથા મુક્તિનો મહાન દિવ્ય આનંદ પ્રાપ્ત કરતા રહેશે. ૪.

મુનિવર્ય મુક્તાનંદ સ્વામી કહે છે, 'હે રાજા ! તમે શ્રીહરિનાં સુખદાયક ચરિત્રોને સાંભળો. વડોદરા શહેરના મસ્તુબાગમાં શ્રીહરિનો ઉતારો હતો. એક બાજુ કેવળબાગ છે તો બીજી બાજુ મોતીબાગ છે, ત્રીજી બાજુ નવલખીબાગ છે અને તેને મધ્યે મસ્તુબાગ છે. ૫-૬. વડના પત્રનો આકાર જેવો હોય તેવો શહેરનો આકાર હોવાથી વડોદરા નામ સાર્થક છે, તેના મૂળ ભાગનો જે છેડો છે તેને હાલમાં પ્રદર્શન ગ્રાઉન્ડ કહેવાય છે. ૭. અને તેને લીધે જ બધા મનુષ્યો તેને આજે વડોદરાનું પ્રવેશદ્વાર કહે છે. તે મસ્તુબાગમાં રાજાશાહી ઠાઠમાઠથી જરિયાની તંબુ ઊભા કર્યા હતા. ૮. તેમાં એક જરિયાની તંબુ સરકારે કરાવ્યો હતો. તેમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. સંતો તથા આચાર્યને માટે ત્યાં બીજા પણ તંબુ ઊભા કર્યા હતા. ૯. તે તંબુઓમાં સહુને ઉતારા આપ્યા. તેમાં તેની શોભા સૌથી અપાર કરી હતી. બધા તંબુઓની ચારે ફરતી દિશાઓમાં સખત ચોકીપહેરો ગોઠવ્યો હતો. ૧૦.

❋ દીવાનના દુષ્ટતાભર્યા કાર્યની નિષ્ફળતા :

બીજે દિવસ સવારમાં જ્યારે આઠ વાગ્યાનો સમય થયો ત્યારે શ્રીહરિનું પૂજન શરૂ કર્યું. સહુ પહેલા સરકાર પોતાના બંને પુત્રોને સાથે લઈને આવ્યા. ૧૧. તેમણે ઘણા ભાવથી શ્રીહરિનું પૂજન કર્યું તથા આરતી ઉતારી. ઘણા ભક્તિભાવથી ભેટ અર્પણ કરી. તે પછી બીજા બધા હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૧૨. સહુએ વિવિધ પ્રકારની ભેટ-સામગ્રી શ્રીહરિને અર્પણ કરી. જ્યારે શ્રીહરિનું પૂજન ચાલતું હતું તે જ સમયે હાથમાં પૂજાની થાળી અને શ્રીફળ લઈને ત્રણ તાંત્રિક પુરુષ આવ્યા. તે દીવાનના મોકલેલા કપટી પુરુષ હતા. ૧૩-૧૪. દીવાનના કહેવાથી રેવો, રાધન અને મોડિયો - એ નામના ત્રણ જણ શ્રીહરિને મારવાને માટે મંત્રેલા અડદ લાવ્યા હતા. ૧૫. તેમણે આવી જ્યારે અભિચાર પ્રયોગ કર્યા ત્યારે ત્યાં વીર અને કાળભૈરવ પડકાર કરીને પ્રગટ્યા. તેણે તે ત્રણેય તાંત્રિકોને જ બળપૂર્વક ઝાડની સાથે અથડાવ્યા અને અદૃશ્ય થઈ ગયા. તે સમયે તે ત્રણેય તાંત્રિક દારૂ પાયેલા વાનર જેવા પાગલ થઈ ગયા. ૧૬-૧૭.

શ્રીહરિ તથા સંતો કલ્પવૃક્ષ સમાન છે. તેમની આગળ જઈને જે કોઈ પણ વ્યક્તિ જેવો સંકલ્પ કરે છે તેવું તેને ફળ મળે છે, એટલા માટે જેને સુખ-શાંતિથી મરવું હોય તેણે ભગવાન તથા ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહીં. ૧૮. શ્રીહરિ તો ચિંતામણિ સમાન છે. દીવાન તે ઓળખી શક્યો નહીં. તેથી દીવાન સંપૂર્ણપણે નિષ્ફળ ગયો. તેનો આ પહેલો પ્રયત્ન જ વ્યર્થ ગયો. ૧૯. તેને લીધે દીવાન મનમાં ખૂબ જ અકળાયા. પછી તેણે એક બીજો ખેલ અજમાવ્યો. 'હાર્યો જુગારી બમણો રમે...' એ ન્યાયથી તે અપરાધ કરવા લાગ્યા. ૨૦.

પછી દીવાને મનમાં એવો નિશ્ચય કર્યો કે હબસીને હાથે શ્રીહરિને મારી નાખવા. પુષ્કળ ધનની આશા આપીને સાત હબસીઓને તેણે રાખ્યા. ૨૧. પછી શ્રીહરિને મારવા માટેનું કહીને જ્યાં શ્રીહરિ હતા ત્યાં તેમને મોકલ્યા. તે હબસી ભગવાં કપડાં પહેરી સાધુ થઈને આવ્યા. તેમણે હાથમાં માળા લીધેલી હતી. ૨૨. પરંતુ તે હબસીઓએ પોતાની કમરમાં ઝેરભર્યા ખંજર છૂપી રીતે ખોસેલા હતા. તે હબસીઓની સાથે એક રહસ્ય જાણનારો બ્રાહ્મણ મોકલ્યો હતો. દીવાને તે બ્રાહ્મણને પણ ઘણું ધન આપ્યું હતું. ૨૩. તે બ્રાહ્મણ પણ સત્સંગીનો વેશ બનાવીને હબસીઓની સાથે ત્યાં આવ્યો. જ્યારે રાતના બાર વાગ્યા ત્યારે તે બધા મસ્તુબાગમાં પેઠા. ૨૪.

તે સમયે સરકારે ત્યાં તંબુની પાસે સખત ચોકી ગોઠવી હતી. પરંતુ ચોકીદારો સાધુ કે હરિભક્તોને ખાસ કાંઈ રોકતા નહીં. ૨૫. મસ્તુબાગમાં જે તંબુમાં ધર્મપુત્ર શ્રીહરિ પોઢ્યા હતા તેની ચારે દિશાઓમાં પાર્ષદોની અદ્‌ભુત ચોકી હતી. ૨૬. ચોકીદાર પાર્ષદોમાં ભગુજી, રતનજી, કરીમજી, માનસિંહ, કેસરીસિંહ અને કુબેરસિંહ, ખાસ રક્ષક હતા. ૨૭. આ છએ શૂરવીર પાર્ષદો શ્રીહરિના હજૂરી સેવક હતા. વીરતાભર્યા તે બધા શ્રીહરિના તંબુની આસપાસ ઊભા હતા. ૨૮. તે છમાં પણ વીર ભગુજી ચકોર દૃષ્ટિવાળા હતા. ધીરતાભર્યા ભગુજીએ ભેખધારી તે સાતેયને દૂરથી ઓળખી લીધા. ૨૯. પછી ભગુજીએ સહુને સાવધાન કર્યા. તત્કાળ એક મોટું મજબૂત દોરડું લીધું. તે મહાન પાર્ષદોએ તે દોરડું ગોળાકારમાં રાખી

દીધું. ૩૦. દુષ્ટ આશયવાળા તે પાપી હબસી જ્યારે દોરડાની અંદરના ભાગમાં ધસી આવ્યા, ત્યારે ભગુજીએ બધા સાથીદાર પાર્ષદોને તરત જ ઈશારો કર્યો. ૩૧. તે સમયે બધા પાર્ષદોએ બંને બાજુથી ઘણા જોરથી તે દોરડાને ખેંચ્યું, અને બધા જ હબસીઓને સકંજામાં લઈ લીધા, અને પછી તેમને ખૂબ માર્યા. ૩૨.

હબસીઓની પાસેથી ખંજર લઈ લીધા અને પછી ઝાડ ઉપર તેને લટકાવી દીધા. સાથે જે ભોમિયો વિપ્ર સત્સંગીનો વેશ લઈને આવ્યો હતો તેને ભગુજીએ પકડી લીધો અને થોડો ડારો પણ દીધો. ત્યારે તેણે પોતાનું બધું છળ-કપટ કબૂલ કર્યું અને બચાવવાની વિનંતિ કરી. ૩૩-૩૪. ભગુજી મહાન શૂરવીર, બુદ્ધિશાળી અને અતિશય ધીર હતા. પછી તેણે તરત જ દીવાનને સબક શીખવાડવા માટે નિર્ણય કર્યો. ૩૫. તે કપટી બ્રાહ્મણને ભગુજીએ કહ્યું કે, "દીવાન ક્યાં સૂવે છે ? જો તે અમને બતાવીશ તો તું ચોક્કસ અમારી પાસેથી બચી જઈશ. ૩૬. અત્યારે તું અમારી સાથે ચાલ." ત્યારે તે બ્રાહ્મણે હાથ જોડ્યા અને કહ્યું, "હું આપની સાથે ચાલું છું. હવે તમે મને હેરાન ન કરશો." ૩૭. આમ જ્યારે કહ્યું ત્યારે બધા સાથે ચાલ્યા. આગળ રસ્તા ઉપર જ્યારે ગયા ત્યારે બળદગાડીના પૈડાની ચીકણી કાળી મળી કાઢી. ૩૮.

પછી બધા દીવાનખંડમાં પહોંચ્યા કે જ્યાં દીવાન સૂતો હતો. પ્રથમ તેના બધા જ ચોકીદારોને બેભાન કરી દીધા. ૩૯. દીવાને કપટી બ્રાહ્મણને જે ઘેનની શીશી આપી હતી તેનાથી જ ભગુજીએ આ બધું કામ કર્યું. ૪૦. પછી બધા શયનખંડની અંદર પહોંચ્યા. ઘેનની જે દવા સાથે હતી તે દીવાનને સુંઘાડીને તેને પણ બેહોશ કરી દીધો. ૪૧. પછી ભગુજીએ દીવાનના મોઢા ઉપર તે કાળી મળી લગાડી દીધી. આવું કામ કરીને બધા પાર્ષદો શ્રીહરિની પાસે આવી ગયા. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડોદરામાં શ્રીહરિનો વિજય અને દીવાનની દુષ્ટતા કહી" એ નામે વીસમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૧

શ્રીહરિ તથા દીવાનનો સંવાદ તથા ઐશ્વર્યદર્શન

મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દાદા ખાચર ! તમે સાંભળો. બધા પાર્ષદ આવીને પ્રેમપૂર્વક શ્રીહરિની સુરક્ષામાં લાગી ગયા. ૧. સવાર થયું ત્યારે ઝાડ ઉપર લટકતા હબસીઓને દેખીને સૌને ઘણું આશ્ચર્ય થયું. ૨. શ્રીહરિ દયાના સાગર છે. તેમણે દયા કરીને હબસીઓને ઝાડ ઉપરથી છોડાવી મૂક્યા. તે સમયે મૂર્ખ દીવાનનું છળ જાહેર થઈ ગયું. ૩. આ બધી હકીકત જાણીને સયાજીરાવ સરકાર મનમાં ઘણા દુઃખી થઈ ગયા. તેમણે શ્રીહરિ આગળ કહ્યું કે, "હે સર્વકર્તા પ્રભુ ! હું હવે આ દીવાનને તેના દીવાનપદેથી દૂર કરું છું." ૪. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "સરકાર સાંભળો, તેને દંડ દેવાની તમારે કાંઈ ખાસ જરૂર નથી તે પોતાના પાપથી જ નાશ પામશે. ૫. અમારે કારણે દીવાનને શિક્ષા કરશો નહીં. હવે તમે સભાની તૈયારી કરાવો."

શ્રીહરિનાં આવાં વચન સાંભળીને સરકાર ઘણા જ પ્રભાવિત થયા. ૬. તેમણે શ્રીહરિને અતિશય દયાળુ, ક્ષમાશીલ અને ધીર માન્યા. ત્રીજે દિવસ મસ્તુબાગમાં એક ભવ્ય અદ્‌ભુત ધર્મસભા થઈ. ૭. તે સભામાં વિદ્વાનોની સાથે ઘણો શાસ્ત્રાર્થ થયો. પંડિતોએ શ્રીહરિને અપાર કૂટ-અટપટા પ્રશ્ન પૂછ્યા. ૮. તે બધા પ્રશ્નોના ઉત્તર શ્રીહરિએ આપ્યા અને તેમાં શાસ્ત્રોના ઘણા પ્રમાણો પણ મૂક્યા. તે સમયે શ્રીહરિના કહેલા ઉત્તરને સાંભળીને બધા જ પંડિતો અતિ આશ્ચર્યચકિત થયા. ૯. સહુને શ્રીહરિના ભગવાનપણાનો નિશ્ચય થયો અને બધા જ શ્રીહરિને શરણે થયા. નિયમ લઈ, કંઠી બાંધી સત્સંગી થયા અને પોતાનાં ધન્યભાગ્ય માન્યાં. ૧૦.

આ રીતે સર્વત્ર શ્રીહરિના વિજયનો ડંકો વાગ્યો. સહુને શ્રીહરિને વિશે જે કાંઈ શંકા-કુશંકાઓ હતી તે બધી મટી ગઈ. સરકાર સયાજીરાવ મહારાજે તે વખતે રાજમહેલમાં શ્રીહરિની પધરામણી કરાવી. પૂજા કરીને લાભ લીધો. ત્યાં સરકારના બંને કુંવરોએ શ્રીહરિની પૂજા ઘણા પ્રેમથી કરી. ૧૧-૧૨.

શ્રીહરિએ પ્રસન્ન થઈને રાજાને સદ્‌ઉપદેશ દીધો. પછી એક માળા આપીને સુખકારી નામ મંત્રનો જપ કરવાનું કહ્યું. ૧૩. રોજ શુદ્ધ ભાવથી પૂજા કરજો, પાંચ માળા ફેરવજો. આ જગતને અસત્ય માનીને હરિભજનને જ સાચું માનજો. ૧૪. તે વખતે ત્યાં દીવાન સાહેબ આવ્યા. તેને જોઈને શ્રીહરિએ કહ્યું, "તમે શું સમજીને સરકારના કાનમાં ભંભેરણી કરો છો ? ૧૫. અમે કોઈનું રાજ લેવા અહીં આવ્યા નથી. તમે નારાજ કેમ છો ? અમે રાજ્યને તો નરક માનીએ છીએ. ૧૬. **ભગવાનના ભજનમાં જેવું સુખ છે તેવું સુખ રાજ્યમાં નથી.** તમે ઘણા સારા પરાક્રમી છો પણ તેથી કોઈ પાપ કરવું ન જોઈએ. ૧૭. હું તમારા હિતની વાત કહું છું. અમારી નિંદા કરવી તે તમને શોભતી નથી. અમારા સંતોની અને અમારી નિંદા તમે ઘણી કરો છો. ૧૮. જે સાધુની નિંદા કરે છે તે દુઃખી થાય જ છે અને અંતે જમપુરીમાં જાય છે. અમે સામવેદી બ્રાહ્મણ છીએ. અમારું સાવરણી ગોત્ર છે અને અમે કૌથમી શાખાવાળા છીએ. દીવાનજી ! તમે તમારા મનમાં આ રીતે સમજી રાખો."

ત્યારે તે દીવાનજી બોલ્યા, "તમે કાઠીઓની સાથે શા માટે જમો છો ?" ૧૯-૨૦. ત્યારે શ્રીહરિએ કહ્યું, "અમે કાઠીઓની સાથે જમ્યા નથી, કદાચ અમે જમ્યા હોઈએ તોપણ પ્રાયશ્ચિત કરીને શુદ્ધિ કરશું. પણ તમે તો નિંદા કરીને દુઃખી જ થાશો." ૨૧. ત્યારે દીવાન ખરા અર્થમાં વિરોધી થઈ ખીજાઈને બોલ્યો કે, "હું ગુજરાતમાંથી તમારું નામ હરેક રીતે કાઢી નાખીશ." ૨૨. ત્યારે શ્રીહરિએ કહ્યું, "**જીવ તો ઘણા સંકલ્પ કરે છે, પરંતુ તે સંકલ્પને સિદ્ધ થવા દેવા કે ન થવા દેવા, એ બધું ભગવાનના હાથમાં છે. ભગવાનની આગળ જીવ તો સંપૂર્ણ અનાથ છે.** ૨૩. દીવાનજી ! એક દિવસ 'સ્વામિનારાયણ' આવું નવીન નામ સંપૂર્ણ ગુજરાતમાં બધા જ લોકો રાત-દિવસ રટશે, જપશે. મારી વાતને તમે સાચી માનો. ૨૪. દીવાનજી ! **અમે સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન આવ્યા છીએ. અમે અક્ષરધામના ધામી છીએ. તેને તમે સત્ય માનો.** ૨૫. **બધાં જ બ્રહ્માંડના જીવ તથા ઈશ્વરોના નાડી-પ્રાણ એક અમારા જ હાથમાં છે. અમે બધાનું બધું જ જાણીએ છીએ."** ૨૬.

ત્યારે રાજાએ શ્રીહરિને સંકેત કર્યો કે, ‘આ દીવાનને કાંઈ કહેવા જેવું નથી. ભગવન્ ! તેને જવા દો, આપને તે સમજી નહીં શકે.’ ૨૭. ત્યારે શ્રીહરિએ દીવાનજીને હાર આપ્યો. તેણે તે હાર સ્વીકારી લીધો અને શ્રીહરિને નમસ્કાર કર્યા. ૨૮. ત્યારે શ્રીહરિએ તેને ઠપકો આપ્યો હતો એટલે બીજી વાર હાર આપ્યો. અને મૂઠી ભરીને સાકર આપી. દીવાને વંદન કરીને તે બધું લઈ લીધું. ૨૯. બાકીની સાકર હતી તે સહુને વહેંચી દીધી. પછી સયાજીરાવ મહારાજે શ્રીહરિને વિનંતિ કરી, ‘હવે આપ અમારા મહેલની અંદર પધારો અને ચરણારવિંદના સ્પર્શથી તેને પાવન કરો. ૩૦.

❋ શ્રીહરિએ સંતુજી સુરદાસને દૃષ્ટિ પ્રદાન કરી :

તે વખતે સંતુજી નામના એક સુરદાસ ‘મને નવી દૃષ્ટિ મળશે’ એવી આશાથી ત્યાં આવ્યા. તે જન્મથી અંધ હતા, પણ બહુ સારા ગાયક હતા. ૩૧. તેણે પોતાની કીર્તનકળા ઉમંગથી શ્રીહરિની આગળ રજૂ કરી. ત્યારે કૃપાનાથ શ્રીહરિએ પોતાના કંઠમાંથી એક ફૂલહાર કાઢ્યો, અને તે સુરદાસ સંતુજીને પોતાના હાથે પહેરાવ્યો. ૩૨. **સુરદાસે જ્યારે તે હારને હાથમાં લઈને આંખોએ અડાડ્યો કે તરત જ તેને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ.** તેને બધી જ વસ્તુ સ્પષ્ટતાથી દેખાવા લાગી અને તેની સાથે જ સત્સંગની બુદ્ધિ પણ પ્રાપ્ત થઈ. ૩૩. પછી તો સુરદાસને અત્યંત દૃઢ સત્સંગ થયો અને જિંદગીભર અવતારી શ્રીહરિનું ભજન કરતા રહ્યા. આ રીતે શ્રીહરિ રાજમહેલમાં પધરામણી કરીને પોતાની છાવણીમાં પધાર્યા. ૩૪.

બીજે દિવસ બપોર પછીના સમયમાં ધર્મકુમાર શ્રીહરિ શોભાયાત્રામાં ફર્યા. હાથી ઉપર અંબાડી રાખી હતી તેમાં અવતારી પ્રભુજી વિરાજ્યા. ૩૫. બીજા બધા સંતો પણ હાથી ઉપર, મેના અને પાલખીમાં જેમ ઘટે તેમ બેઠા. ત્યારે શહેરના બધા લોકો દર્શન કરવા માટે આવ્યા. ૩૬. તે સમયે શ્રીહરિના અંગરક્ષક પાર્ષદો ઘોડેસવાર થઈને ઘણા ઉત્સાહ સાથે સુરક્ષા માટે સાથે રહ્યા. ૩૭. શ્રીહરિની શોભાયાત્રા ચાંપાનેરી દરવાજેથી ચાલી તે છીપવાડ આવી અને ત્યાંથી નીકળેલી તે યાત્રા મેતાવાડ આવી. ૩૮. જ્યારે શોભાયાત્રા ગોવર્ધનનાથના મંદિર પાસે આવી, ત્યારે ભક્તપતિ શ્રીહરિએ

ઘણા ભાવથી ભેટ-સામગ્રી મંદિરમાં મોકલાવી. ૩૯. અક્ષરાધિપતિ અલબેલા-અજોડ ભગવાન શ્રીહરિ અનેક લોકોનું કલ્યાણ કરવા, અને પોતાના સ્વરૂપનો ખરો નિશ્ચય કરાવવા માટે આ રીતે વિચરી રહ્યા છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ તથા દીવાનનો સંવાદ તથા ઐશ્વર્યદર્શનનું વર્ણન કર્યું" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૨

શ્રીહરિએ બીજા દિવસની સવારીમાં પ્રતાપ દેખાડ્યો

મુક્તાનંદ સ્વામી આનંદિત થઈને શ્રીહરિચરિત્રની કથારૂપી અમૃતને વહેંચી રહ્યા છે, ત્યારે દરબાર દાદા ખાચર આદિ બધા ભક્તો તે અમૃતનું પાન કરે છે. ૧. **વૈકુંઠધામ કરતાં ગોલોકમાં ઘણું ભારે સુખ છે અને તેના કરતાં પણ અક્ષરધામમાં વધારે-શ્રેષ્ઠ સુખ છે. ભગવાન શ્રીહરિ તે અક્ષરધામથી પધાર્યા છે.** ૨. **અવતારી, સર્વોત્તમ, પૂર્ણ પુરુષોત્તમ તથા સર્વ અવતારનું કારણ આવા પ્રભુ શ્રીહરિ આ વખતે પહેલી વાર પૃથ્વી ઉપર પધાર્યા છે.** ૩. એ પરમાત્માનો અપાર મહિમા સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીએ લખ્યો છે. હું તો મારી બુદ્ધિ અને સ્થિતિ પ્રમાણે થોડોક મહિમા લખું છું. ૪. મુક્તાનંદ સ્વામી કહે છે, હે દરબાર દાદા ખાચર ! વડોદરાની અદ્‌ભુત કથા સાંભળો. શ્રીહરિ કૃપા કરીને અનેક જીવોનો મોક્ષ કરવા તે શોભાયાત્રામાં નીકળ્યા છે. ૫.

વડોદરામાં રણછોડભાઈ નામે એક ભાવસાર જ્ઞાતિના સત્સંગી હતા. તેની પત્ની અંધ હતી. રણછોડભાઈએ પોતાની પત્નીને કહ્યું, "જો તો ખરી, શ્રીહરિ કેટલા શોભે છે !" ત્યારે તે બાઈએ કહ્યું, "હું કઈ રીતે દેખું ? મારે તો આંખો નથી." આમ બોલતાં બોલતાં તેનું હૃદય ભરાઈ આવ્યું. ૬-૭. તે સ્ત્રીએ સાચા દિલથી પ્રભુને પોકાર્યા, 'હે હરે ! આ મારું દુઃખ તો જુઓ.' ત્યારે શ્રીહરિએ તેના ઉપર કૃપાદૃષ્ટિ કરી અને તરત જ તે સ્ત્રીને દૃષ્ટિશક્તિ આપી. ૮. શ્રીહરિની સવારી જ્યારે આગળ ચાલી ત્યારે સરકારના માસી

ગયાબા નામે જે હતા, તેણે સોનાના પુષ્પથી શ્રીહરિને પૂજ્યા અને અલૌકિક લાભ લીધો. ૯. અને તે જ વખતે સરકારના અંગરક્ષક આંબુ મિંયા તથા જાંબુ મિંયાની સ્ત્રીઓએ પણ લાભ લીધો. તેઓ સોના રૂપાના પુષ્પો લાવ્યા હતા અને ઘણા પ્રેમથી તેમણે શ્રીહરિને પૂજ્યા. ૧૦. શ્રીહરિએ તેનો વિશુદ્ધ ભાવ સ્વીકાર્યો અને તેને ઈનામના રૂપમાં અક્ષરધામ આપ્યું. તે શોભાયાત્રા આગળ વધી રહી હતી અને અનેક નર-નારીઓ દર્શન કરતાં હતાં. ૧૧.

રાજમાર્ગને નજીક પાંચસો વર્ષ જૂની મુસલમાનોની સાત કબર વચ્ચોવચ્ચ જ્યારે આવી, ત્યારે ત્યાંથી એક દિગંબર ફકીર બહાર નીકળ્યો. તે શ્રીહરિની શોભાયાત્રા જોવા આવ્યો હતો અને સ્નેહ-ભાવથી જોઈ રહ્યો હતો. ૧૨-૧૩. શ્રીહરિએ તે વખતે તેના ઉપર ફૂલ ફેંક્યાં. જેવાં ફૂલ તેને અડ્યાં તે જ વખતે તે ફૂલ જગન્નાથી કાપડથી બનેલી અલફીરૂપ થઈ ગયાં. ૧૪. તેથી તે ફકીરનું શરીર ગળાથી પગ સુધી અલફીથી ઢંકાઈ ગયું. તે એકદમ ખુશ થઈ ગયો અને શોભાયાત્રામાં ભળી ગયો. ૧૫. નાચતો કૂદતો તે ફકીર મહારાજના મુકામ સુધી સાથે આવ્યો હતો. ત્યાર પછી તે ફકીર શ્રીહરિએ પહેરાવેલી તે અલફીને ફરી ક્યારેય ભૂલ્યો નહીં. છેલ્લા શ્વાસ સુધી તેણે શ્રીહરિનું ભજન કર્યું. ૧૬.

❋ વિક્રમ રાજાના સમયના ત્રણ વૈતાલોનો ઉદ્ધાર કર્યો :

આગળ ચાલતા રસ્તામાં દ્વાપર યુગથી અત્યંત ઢંકાઈ ગયેલી એક મોટા પથ્થરથી બાંધેલી વાવ આવી. ત્યારે તેના ઉપર થઈને શ્રીહરિનો હાથી ચાલ્યો. ૧૭. તે સમયે ભયાનક ત્રણ કડાકા થયા અને જમીન પણ અત્યંત ધ્રૂજી ગઈ. બધા લોકો જુદી જુદી જાતના તર્ક કરવા લાગ્યા. ત્યારે નાના સાહેબે પણ શ્રીહરિને તે બાબતે પૂછ્યું. ૧૮. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "વીર વિક્રમ નામના રાજા હતા તેણે કેટલાય વૈતાલને વશ કર્યા હતા. પરંતુ તેમાં ત્રણ વૈતાલો તેને વશ થયા ન હતા. ૧૯. ફરવીર, ઘુમવીર અને મહાવીર - એ નામના તે ત્રણેય વૈતાલ ઘણા ધીર હતા. રાજા વિક્રમે બાણ મારીને તેમને આ વાવમાં દબાવી દીધા હતા. ૨૦. ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી અત્યારે તેનું બધું પાપ અને પરાક્રમ નષ્ટ થઈ ગયું છે. આજે આ

હાથીનો પગ તેમના ઉપર આવ્યો તેથી તેમના મસ્તક ફાટી ગયા છે. ૨૧. હવે તેનો ઉદ્ધાર થયો. જુઓ તે દેવતા થઈને જઈ રહ્યા છે." આમ જ્યારે શ્રીહરિએ કહ્યું ત્યારે સહુએ તે દેવોને દેખ્યા. પછી સવારી આગળ ચાલી. ૨૨. ધીરે ધીરે આખા શહેરમાં શ્રીહરિનો જય જયકાર વ્યાપી ગયો.

જ્યારે તે સવારી મસ્તુબાગમાં આવી ત્યારે વાળંદે ઘણી મશાલો પ્રગટાવી હતી. ૨૩. ત્યાં હાથી ઝૂક્યો ત્યારે શ્રીહરિ તેના ઉપરથી ઊતર્યા. પછી મસ્તુબાગમાં એક ભવ્ય સભા થઈ. તેમાં રાજાના સંગીતકારો આવ્યા. તેમણે તે સભામાં સંગીતના સૂર રેલાવ્યા. ૨૪. નજર ન પહોંચે એટલો બધો વિશાળ માનવ મહેરામણ શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન માટે ઊભરાયો હતો. ૨૫. આવી વિશાળ સભા થઈ તોપણ તેમાં દીવાનજી દેખાયા નહીં. જેના ભાગ્યમાં ન હોય તેને આવું સુખ ક્યાંથી મળે ! ૨૬. શ્રીહરિએ આ રીતે શોભાયાત્રામાં અનંત ઐશ્વર્ય દેખાડ્યા. વડોદરા શહેરનાં બધાં નર-નારીઓ તે જોઈને ભાગ્યશાળી થયાં. ૨૭. તે વખતે શીઘ્ર કવિ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ અત્યંત આનંદિત થઈને પોતાનાં પદોમાં શોભાયાત્રાનું વર્ણન કર્યું. કારણ કે, તે સમયે તેઓ ત્યાં હાજર હતા. ૨૮.

'પધારે વટપત્તન સ્વામી, સહજાનંદ મહારાજ પૂરન પુરુષોત્તમ બહુનામી...' આવાં આવાં વીશ પદ રચ્યાં. તે આપણા સત્સંગમાં પ્રસિદ્ધ છે. ૨૯. 'પ્રેમાનંદ સ્વામીની લાવણી' એવા નામથી સત્સંગમાં આ વીશ પદો અતિ પ્રસિદ્ધ થયા છે. શ્રીહરિ સભા પૂરી કરીને પોતાને ઉતારે પધાર્યા અને પછી ત્યાં થાળ જમ્યા. ૩૦. જમાડવાનું કામ નારુપંત નાના અને સરવરિયા બાપુ શિવરામ ગારદીને સોંપ્યું હતું. એટલે તેમણે સહુને જમાડ્યા અને સેવા કરીને ઘણો લાભ લીધો. ૩૧. હિંદુ, મુસલમાન બધાને જમાડ્યા. તેથી પ્રગટ શ્રીહરિને ખૂબ જ 'ધન્ય છે... ધન્ય છે...' એમ સહુ કહેવા લાગ્યા. પછી શ્રીહરિ પોતાના તંબુમાં પધાર્યા ત્યારે ત્યાં નાના સાહેબ આવ્યા. ૩૨. તેમણે કહ્યું કે, "હે મહારાજ ! બધાય ખૂબ તૃપ્ત થયા છે." એમ કહીને અપાર આનંદ વ્યક્ત કર્યો. વડોદરામાં શ્રીહરિની તે છેલ્લી રાત હતી. દીવાનના મનમાં તે વખતે ખૂબ જ રોષ ભર્યો હતો. ૩૩.

❋ શ્રીહરિએ દીવાનની ચાલબાજીને નિષ્ફળ કરી :

'મારે ચાહે તે કરવું પડે પણ હું સ્વામિનારાયણને તો પકડીને જ રહીશ.' દીવાને આવું મનમાં નક્કી કર્યું હતું. ત્યારે તે બધું અંતર્યામી શ્રીહરિએ જાણી લીધું. ૩૪. રાતે દીવાને પોતાનું સૈન્ય તૈયાર કરીને ગમે તેટલી ધમાલ કરીને પણ શ્રીહરિને પકડવાનું કાવતરું રચ્યું હતું. ૩૫. પછી રાતે જ્યારે બધા સૂઈ ગયા ત્યારે વિચક્ષણ પાર્ષદો ચોકી કરતા હતા. શ્રીહરિના તંબુની આસપાસ ખડે પગે તેઓ જાગતા રહ્યા હતા. ૩૬. તે વખતે અચાનક મુશળધાર વરસાદ પડવા લાગ્યો. આખા વડોદરા શહેરમાં અપાર પાણી ભરાઈ ગયું. ૩૭. એક ક્ષણમાં એવી સ્થિતિ થઈ ગઈ કે, બધા લોકો પરિસ્થિતિ જોઈને ઘરથી બહાર જ ન નીકળી શકે. ૩૮. શ્રીહરિ અચાનક ઊઠ્યા, પાર્ષદોને પૂછવા લાગ્યા કે, "મને એવું કેમ જણાય છે કે કાંઈક ભયજનક સ્થિતિ સર્જાઈ છે ?" ૩૯. ત્યારે ભગુજીએ કહ્યું, "મહારાજ ! અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. આ કમોસમી વરસાદથી આજે લોકોને ઘણું નુકશાન થશે." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ બીજા દિવસની સવારીમાં પ્રતાપ દેખાડ્યો" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૩

મૂર્ખ દીવાનની દુષ્ટતા તથા માનની ભયંકરતા

ભગુજીનું વચન સાંભળીને શ્રીહરિ હસ્યા અને બોલ્યા, "ભગુજી ! સાંભળો, આજ ઈન્દ્ર અમારી રક્ષા કરવા આવ્યા છે. ૧. કેમ જે, દીવાને આજ છેલ્લો દાવ ફેંકવા ધાર્યો હતો. તેમાં અમને કેદ કરવા તે એનું મુખ્ય કામ હતું. ૨. પરંતુ જીવે આરંભેલું કામ ક્યારેક અધૂરું રહી જાય છે. કારણ કે, સર્વ કર્તા તો એક પરમેશ્વર છે, તે જે ચાહે છે તે જ બધું થાય છે. ૩. બધા જીવો અને કાળ આદિક સહુ પરમેશ્વરને આધીન છે. માટે પોતાના

હિત અર્થે હર એક ચેતનોએ સદા પરમેશ્વરને દીન આધીન થઈને રહેવું જોઈએ.” ૪. મુક્તાનંદ સ્વામી શ્રીહરિચરિત્ર કહે છે અને દાદા ખાચર તે સાંભળીને ખૂબ રાજી થાય છે. શ્રીહરિચરિત્ર તો સુખની ખાણ છે. તેથી દાદા ખાચર પોતાનું મહાન ભાગ્ય માનીને તે ચરિત્રોને સાંભળે છે. ૫.

આ દીવાન તો એવો દુષ્ટ હતો કે, તેણે શ્રીહરિને મારવાને માટે શત્રુને મોકલ્યા હતા. પરંતુ તે પ્રાયઃ શત્રુઓ અંધારામાં મુશળધાર વરસાદના વહેતા પાણીના નાળામાં પડી ગયા. ૬. તે દુષ્ટ શત્રુઓ પાણીના પ્રવાહમાં ખેંચાઈ ગયા અને મરીને સમુદ્રમાં પહોંચ્યા. તેથી મૂર્ખ દીવાનના બધા પ્રયત્ન હવામાં બાચકા ભર્યા જેવા વ્યર્થ થઈ ગયા. ૭. તેણે કરેલી કોઈ પણ યુક્તિ કામ લાગી નહીં. આમ કરતા સવાર થઈ ગયું. સયાજીરાવ મહારાજ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા.

ત્યારે શ્રીહરિ બોલ્યા, “હવે અમને વિદાય આપો.” ત્યારે તે સાંભળીને સરકાર ઉદાસ થઈ ગયા. સ્નેહાર્દ્ર હૃદયથી બોલ્યા કે, “હે મહારાજ ! આપ એક માસ સુધી અહીંયાં રહેવાનો વર મને દયા કરીને આપો.” ત્યારે શ્રીહરિએ તેમને ધીરજ બંધાવી. પછી ફરીને સ્પષ્ટ બોલ્યા કે, **“સરકાર ! આપ મારી વાત સાંભળો. ૮-૧૦. આ નારુપંત નાના અમારા ભક્ત છે. ક્યારેક વિપરીત દેશકાળને લીધે તે કોઈ આપના ગુન્હામાં આવે તો તેમને દેહાંત દંડ ન કરશો. એવી તેના ઉપર ક્ષમા રાખજો.”** આવું બોલીને નારુપંત નાનાનો હાથ શ્રીહરિએ પોતાના હાથમાં પકડીને સરકારના હાથમાં દીધો. ત્યારે સરકારે શ્રીહરિના વચનને શીરોધાર્ય રાખ્યું. ૧૧-૧૩. તેથી શ્રીહરિ સરકારના ઉપર અતિશય રાજી થયા અને બોલ્યા કે, “હે રાજન્ ! આપને ધન્ય છે કે મારું વચન માન્યું.” ૧૪.

પછી શ્રીહરિ જ્યારે વડોદરામાં પધાર્યા તે વખતે સયાજીરાવ મહારાજે શ્રીહરિનો જેવો સત્કાર કર્યો હતો, તેવો જ સત્કાર જ્યારે શ્રીહરિએ વિદાય લીધી ત્યારે પણ કર્યો. ૧૫. તૂરી, નગારાં, ઢોલ, રણશિંગા, શરણાઈઓ અને નોબત ઈત્યાદિક બધાં વાજિંત્રો વાગવાં લાગ્યાં, અને તેનાથી બધું આકાશ ગાજી ઊઠ્યું. ૧૬. ચતુરંગિણી સેના બધી તૈયાર થઈ. શ્રીહરિ જઈને હાથી

ઉપર બેઠા. તે વખતે શ્રીહરિએ નાજાભક્તને પોતાના હાથનો ઈશારો કર્યો. ૧૭. તેને પાસે બોલાવ્યા અને શ્રીહરિએ સમજાવ્યું કે, 'માણકી ઘોડીને ખાસ સાથે લઈ લેજો. તેને તૈયાર રાખી આગળ જઈને અમને આપજો.' ૧૮. 'પ્રભુ ! બહુ સારું.' એમ કહીને પછી તેમણે બધા પાર્ષદોને માહિતગાર કર્યા. તોપો ફૂટી, પડઘમ ગાજ્યા, બંદૂકો વછૂટવા લાગી અને શ્રીહરિની સવારી ચાલતી થઈ. ૧૯. તે સમયે ગાયકવાડ સરકાર અને શહેરનાં નર-નારીઓ બધાંની આંખો આંસુથી ભીંજાઈ ગઈ. આ રીતે સહુએ શ્રીહરિને વિદાય આપી. ૨૦.

નાજાભક્તે માણકીને લઈ બીજે રસ્તે ચાલી છાણી ગામ પહોંચાડી. બધી સવારી છાણી ગામ આવી. ત્યારે શ્રીહરિએ હાથીને ઝુકાવડાવ્યો. ૨૧. છલાંગ મારીને શ્રીહરિ અંબાડીમાંથી નીચે ઊતર્યા અને વીજળી વેગે ઘોડી ઉપર સવાર થયા. પછી ઘોડીને એટલી ઝડપથી ચલાવી કે, 'માનો આકાશમાંથી તારો ખર્યો હોય..!' ૨૨. તે વખતે દીવાને જોયા કે ન જોયા, શ્રીહરિ તો અદૃશ્ય થઈ ગયા. તે એકદમ વિહ્વળ થઈને બોલવા લાગ્યો કે, 'અરે ! એને કોઈ રોકો...રોકો..! ૨૩. મારે તો સ્વામિનારાયણને શિરપાવ આપવાની ઈચ્છા હતી.' દીવાનના મનમાં એવો ભાવ હતો કે, સ્વામિનારાયણ જ્યારે હાથી ઉપરથી નીચે ઊતરે ત્યારે તે રાજાના મહેમાન કહેવાય નહીં. એટલે શિરપાવને બહાને તેણે સરદારોને સાથે રાખ્યા હતા. પછી તેના દ્વારા સ્વામિનારાયણને પકડીને કેદમાં કાયમને માટે જકડી રાખવા, પરંતુ તે દીવાનની આવી મેલી મુરાદ ખાખમાં મળી ગઈ. ૨૪-૨૬. અભાગિયા દીવાનનો છેલ્લો દાવ પણ નિષ્ફળ ગયો. આવું બધું જોયું છતાં પણ દીવાનને અક્કલ આવી નહીં. ૨૭.

✻ અહંકારથી અધોગતિ :

પહેલાં તો બધા જીવ ભગવાનના આશ્રિત હોય છે અથવા તો કોઈ દેવ કે દેવીના ભક્ત નિશ્ચિત હોય છે. ૨૮. વળી તે તપ, ભજન અને ઉપાસના જેવાં સાધનોને અતિશય કરતા હોય છે. પછી તે સાધનો કરતાં થકાં અતિશય સામર્થ્ય મળે ત્યારે તેના મનમાં માન આવે છે. ૨૯. પછી

તો સામર્થી દેનારાની સાથે પણ અહંકારને કારણે અથડાય છે. જીવ પહેલાં અનાથ હોય, પછી જ્યારે સંપત્તિ કે સામર્થીનો સ્વામી બને ત્યારે તે પોતાનાં ઈષ્ટદેવ અને પોતાનું મૂળ લક્ષ્ય બંનેને ભૂલી જાય છે. ૩૦. અથવા તો કોઈ દેવ કે દેવીનો ઉપાસક બની તેનો જ સાચો આશિક થઈ જાય છે. પછી તે પરમેશ્વરની સાથે જ અથડાય છે અને વગર સમજે લડાઈ કરે છે. ૩૧. એનું કારણ એક જ જણાય છે કે સામર્થ્ય પ્રાપ્ત થયા પછી જીવને માન આવે છે. તે માનથી અહંકાર જ વધે છે અને પછી તે સહુનો દ્રોહ કરે છે. ૩૨. **અહંકાર આવવાથી ઘણી જાતની ભૂલો થાય છે. કેમ જે, તે અહંકાર શુદ્ધ બુદ્ધિને ખોઈ દે છે. જે કોઈ જીવ અહંકારરૂપી પાટો આંખ ઉપર બાંધી દે છે, તેને અજ્ઞાનરૂપી અંધાપો આવી જાય છે.** ૩૩. પછી તેને ન્યાય કે અન્યાય સાચા રૂપમાં સૂઝતા નથી, અને તે બીજા કોઈની પાસેથી શીખતા-સમજતા પણ નથી. તે સત્ય કે અસત્યને ઓળખતા નથી, અને અન્ય કોઈ સંતનું કહ્યું માનતા પણ નથી. ૩૪.

જીવનમાં નાની-મોટી જે કાંઈ ભૂલો થાય છે તેની મા અહંમતિ છે, કહેતાં ભૂલોની ઉત્પત્તિનું મૂળકારણ અહંકાર છે. તે અહંમતિના વિનાશક પ્રગટ સંત છે અથવા તો પ્રગટ ભગવાન છે. ૩૫. પરંતુ તે પ્રગટ સંત અને ભગવાનની સાથે જ જ્યારે અથડાય ત્યારે તેની અહંમતિ કઈ રીતે મટે ? તે તો જેમ જેમ દ્રોહ કરતો રહે છે તેમ તેમ તે આસુર ભાવને પામે છે. ૩૬. આમ ને આમ આગળ વધતા તે મોટો રાક્ષસ થાય છે અને તેની બુદ્ધિ જડ થઈ જાય છે. પહેલાં તો તે કોઈ ને કોઈ દેવ-દેવીનો સારો દૃઢ ભક્ત તો હોય જ છે, પરંતુ સત્તા અને સંપત્તિનો ભોગ પામ્યા પછી પોતાના દેવનું દાસપણું ખોઈને, ખુદ પોતે પોતાને જ મહાન માનવા લાગે છે. અને સહુથી વધારે પોતાને સમજદાર સમજે છે. ૩૭-૩૮.

दोहा : ऐसे आसुरी जन को, मिले स्वयं भगवान;
या तो संत भक्त मिले, फिर भी न तजे मान...३९
उलटे द्रोह करत है, ओर होत हैरान;
सबका कारन एक है, दुष्ट दुःखद खल मान...४०

सोरठा : जो चाहत कल्यान, मान को शत्रु जानकर;
भजत रहत भगवान, दुःख कभी नहि पायेगा...४१
रहेना सदा हि दास, सब सुख की ये बुट्टी है;
मिलते है प्रभु खास, दास जनों को खुश होके...४२

આવા આસુરી જીવને સ્વયં ભગવાન મળે અથવા તો કોઈ મોટા સંત-ભક્ત મળે, તોપણ તે માન છોડતો નથી. ૩૯. તે તો ઊલટો ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરે છે અને હેરાન થાય છે. બધા જ અનર્થનું કારણ તો એક દુષ્ટ, દુઃખકારી અને ખળ માન જ છે. ૪૦. જે કોઈ કલ્યાણને ચાહતા હોય તેને માનને શત્રુ જાણીને ભગવાનનું ભજન કરતા રહેવું જોઈએ, તો તે ક્યારેય દુઃખને પામે નહીં. ૪૧. માટે સુજ્ઞ સંત-ભક્તએ હંમેશાં ભગવાન ને ભગવાનના ભક્તના દાસ થઈને રહેવું. તે દાસપણું જ બધાં સુખની જડીબુટ્ટી છે. જે દાસભાવે ભગવાનને ભજે છે તેના ઉપર રાજી થઈને ભગવાન તેને જરૂર મળે છે. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “મૂર્ખ દીવાનની દુષ્ટતા તથા માનની ભયંકરતા કહી” એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૪

શ્રીહરિએ વડોદરાના અધિકારી જેમ્સ વિલિયમને પ્રતાપ દેખાડ્યો

ભક્તપતિ ભગવાનની અનુપમ લીલા કાયમ અપાર સુખકારી હોય છે. તે લીલાને મુક્તાનંદ સ્વામી કહે છે અને તેમની સન્મુખ એભલ ખાચરના પુત્ર દાદા ખાચર સાંભળે છે. ૧. વડોદરાના લાખો મનુષ્યો શ્રીહરિનાં દર્શન કરીને મહાન ભાગ્યશાળી બની ગયા, અને અતિશય પવિત્ર થઈ ગયા. ૨. શ્રીહરિની અદ્‌ભુત છટા જોઈને ઘણા લોકો મોક્ષ પામ્યા હતા. ભક્તિપુત્ર શ્રીહરિને ધન્ય છે... ધન્ય છે... કે જેણે ધર્મનો જય જયકાર કર્યો. ૩. વડોદરામાં શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા અને ત્યાંના સજ્જનોને સુખી કર્યા, નવીન ધર્મની સ્થાપના

કરી તથા વૈદિક માર્ગને શુદ્ધ કર્યો. ૪. પોતાને વિદ્વાન માનનારા લોકોનો ગર્વ ટાળ્યો. મિથ્યાભિમાનીઓનું માન ઉતાર્યું. તેમજ શ્રીહરિની બાબતમાં તર્ક-વિતર્ક કરનારાને શ્રીહરિએ સુખકારી સમાધિ કરાવી. ૫. અને તે તે લોકોને પોતાના અક્ષરધામનો દિવ્ય અનુભવ કરાવ્યો. શ્રીહરિ પોતે જેવી દિવ્ય છટાથી વડોદરા પધાર્યા હતા તે રીતે જ વડતાલ ચાલ્યા. ૬.

તે સમયમાં વડોદરામાં એક **જેમ્સ વિલિયમ** નામના અંગ્રેજ સરકારના અધિકારી રેસીડેન્ટ સાહેબ બહુ સારા અને ઘણા સજ્જન હતા. ૭. તેણે વડોદરાથી નીકળતા મુખ્ય માર્ગની બંને બાજુ બે ઘોડેસવાર મુસલમાનને ઊભા રાખ્યા હતા. કેમ કે, તેમને શ્રીહરિને પ્રેમપૂર્વક પોતાને બંગલે લાવવા હતા. ૮. રસ્તાની બંને બાજુ ઊભેલા તે બે ઘોડેસવારો શ્રીહરિને લાવી શક્યા નહિ, તેથી ઉદાસ થઈને શ્રીહરિની આશા છોડી દઈને પાછા સાહેબની પાસે આવ્યા. અને સલામ કરીને તે બનેલી આશ્ચર્યકારી વાત કહેવા લાગ્યા, ‘શ્રીહરિ હાથી ઉપરથી ઊતર્યા અને તરત જ ઘોડે સવાર થઈને અમે બંને ઘોડેસવારની વચ્ચેથી તુરંત નીકળી ગયા. ૯-૧૦. જેમ બંદૂકમાંથી ગોળી છૂટે તે રીતે અમારા દેખતા જ તેઓ ચાલ્યા ગયા. જ્યારે અમે લાંબી દૃષ્ટિ કરીને જોયું ત્યારે અમને દેખાયું કે, તે હંસ બનીને આકાશમાં ઊડી ગયા ! ૧૧. થોડીવારમાં તો તેમની સાથે રહેનારા તેમના નિર્મળ સેંકડો ઘોડેસવાર ભક્તો પણ વાદળાની છાયા ચાલી જાય તેમ શ્રીહરિની સાથે અતિ આનંદમાં આવીને ચાલ્યા ગયા. ૧૨. હજી તેમના હજારો દેવદૂત જેવા ભક્ત રસ્તામાં ગાતાં ગાતાં ચાલ્યા જાય છે.’

આવું સાંભળી તે વિલિયમ સાહેબ અકળાઈને બોલ્યા, “તમે બંને ત્યાં હતા અને તેઓ કઈ રીતે ગયા ? ૧૩. વળી તેઓ હંસ બનીને આકાશમાં ઊડી ગયા એ તો ગજબની વાત થઈ કહેવાય.” ત્યારે તે બંને ઘોડેસવારોએ કહ્યું કે, “આ વાત તો અમે અમારી આંખોની સામે જ દેખી છે.” ૧૪. સાહેબ અને ઘોડેસવારો જ્યારે આવી વાત કરતા હતા ત્યારે સાહેબની મેડમ-પત્ની તેનાં દીકરા-દીકરીઓની સાથે એકદમ ત્યાં આવી. ૧૫. તે ચારેય પોતાના ત્રણ માળના બંગલાની છત ઉપર ચઢીને શ્રીહરિની સવારીને જોઈ

રહ્યા હતા. ૧૬. પછી તે નીચે આવીને સાહેબને હરખથી કહેવા લાગ્યા, "હે મારા પતિ ! સાંભળો... સાંભળો... એક ગજબની વાત બની ગઈ. ૧૭. તે ખુદ સ્વામિનારાયણ અમારા દેખતા હાથી ઉપરથી છલાંગ મારીને અમારી આંખો સામે છત ઉપર આવ્યા હતા. ૧૮. તેઓ કૃપા કરીને બોલ્યા, 'અમે સાહેબની મુલાકાતે આવ્યા હતા, પરંતુ તેમણે સુખી થવાના આશયથી દારૂ પીધો છે. ૧૯. તેથી હવે અમે તેમની પાસે નહીં જઈએ.' આમ કહીને તત્કાળ જ તેમણે અમારા ગળામાં ગુલાબનો હાર નાખ્યો. પછી ફરી છલાંગ મારીને તેઓ ઘોડા ઉપર બેઠા. અમારા દેખતાં દેખતાં નજર આગળ જ તે આકાશ માર્ગે ચાલ્યા ગયા." ૨૦-૨૧.

આવું સાંભળીને તથા તે ચારેયના ગળામાં સુગંધી પુષ્પોના હાર જોઈને સાહેબ તો આશ્ચર્યચકિત થઈ ગયા, અને તેમણે પોતાના સવારોની વાત સાચી માની. ૨૨. ફરીને સાહેબે તે પોતાના સવારોને કહ્યું, "અત્યારે તમે ફરીને ત્યાં જાઓ. જો ત્યાં તેમના કોઈ આગેવાન ભક્ત હોય તો તેને અહીંયાં મારી પાસે બોલાવી લાવો." ૨૩. ત્યારે તરત જ તે બંને ઘોડેસવારો બોલાવવા ગયા. પછી કોઈ બે હરિભક્તને સાથે લઈને પાછા આવ્યા. તેનાં નામ હતાં : એક નાથભક્ત અને બીજા વૈરાગ્યે યુક્ત સદાશિવભાઈ. ૨૪. સવારોએ તે બંને ભક્તોને ગાડીમાં બેસાડ્યા અને સાહેબની પાસે લાવ્યા. સાહેબે બંને ભક્તોને વૃદ્ધ જાણી તે બંનેનું યોગ્ય સન્માન કર્યું. ૨૫. પછી પ્રેમથી ખુરશી ઉપર બેસાડ્યા અને હેતથી આ બધું વૃત્તાંત પૂછ્યું. ત્યારે તે બંને ભક્તોએ શ્રીહરિના પ્રતાપની બધી જ વાત કહી. ૨૬.

ત્યારે તે વિલિયમ જેમ્સ સાહેબે કહ્યું, **"હે નિપુણ ભક્તો ! તમે સાંભળો. મેં મારા કમનસીબથી તે વખતે શરાબનો નશો કર્યો હતો.** ૨૭. **તેથી જ તે સ્વામિનારાયણ ભગવાન મને અજ્ઞાની સમજીને દર્શન દેવા આવ્યા નહીં.** ૨૮. પરંતુ તેમણે મારી પત્ની અને બાળકો ઉપર ખૂબ કૃપા કરી. તેમને ફૂલના હાર આપ્યા. તે જોઈને અત્યારે મારો નશો ઊતરી ગયો છે. ૨૯. હવે પછી હું ક્યારેય આવી કોઈ હલકી વસ્તુને આધીન થઈને ખાઈશ-પીશ નહીં. ૩૦. હવે મારા ઉપર કૃપા કરીને તે સ્વામિનારાયણ ભગવાન મને જો

દર્શન આપે તો મારે તેમને પૂછવું છે કે, 'મારો એક પુત્ર ઘણો કાબેલ છે. ૩૧. તે ચોવીસ વર્ષનો અને ઘણો હોશિયાર છે. તેમજ અનેક ભાષાઓને જાણે છે. તે બે ઘોડેસવારોને સાથે લઈ ઉત્તર હિંદુસ્તાન ગયો છે પણ ક્યાંઈક પરાધીન થઈ ગયો લાગે છે. ૩૨. તે ગયો તેને આજે નવ મહિના થઈ ગયા છે. તેના પાછા આવવાની આશા હવે અમારાં મનમાં રહી નથી. કારણ કે, આજ સુધી તેના કોઈ પણ જાતના ક્યાંયથી સમાચાર નથી. ૩૩. તેની સાથે જે બે ઘોડેસવાર મોકલ્યા હતા તેના પણ કાંઈ સમાચાર નથી. એટલા માટે બધા સવારોએ સહિત કોઈએ કાંઈક અનિષ્ટ કરીને તેમને મારી નાખ્યા હશે, એવું મને લાગે છે.' આ વાત સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણથી અજાણી નહીં હોય. ૩૪-૩૫. જો મને તેમનાં દર્શન થયા હોત તો મારે તેમને આ બાબતમાં પૂછવાનું હતું."

ત્યારે નાથભક્ત અને સદાશિવભાઈ, તે બંને ભક્તોએ કહ્યું, **"શું તમારે આ જ કામ છે કે કાંઈ બીજું ?** ૩૬. **જો આ જ કામ હોય તો તેને તો અમે પણ અત્યારે જ તમને બતાવીશું. પ્રભુ શ્રીહરિના પ્રતાપથી અમે તે બધી બાબતને જાણીએ છીએ."** ૩૭. તે બંને ભક્તોએ આમ કહીને પોતાના હૃદયમાં શ્રીહરિની મૂર્તિ ધારી અને અંતર્દૃષ્ટિ કરીને બોલ્યા કે, "સાહેબ ! આપનો પુત્ર જ્યાં છે, ત્યાં અમે તેને દેખીએ છીએ. તે બધા હજી જીવે છે. પોતાના સવારોની સાથે તે લખનૌની જેલમાં છે. ૩૮-૩૯. તેઓ ત્રણેય સાથે સાથે ફરતા હતા, તેમાં તેમને ઘમંડ આવ્યો અને તેથી જ લખનૌમાં નવાબ સાથે તેને ઝઘડો થઈ ગયો. ૪૦. તેથી નવાબે તેને જન્મટીપની સજા કરી છે. પોતાના સવારોની સાથે તમારો પુત્ર આઠ મહિનાથી કેદ છે." ૪૧. આવી વાત સાંભળીને વિલિયમ જેમ્સ ચકિત થઈ ગયા. 'અરે ! આ ભગવાન શ્રીહરિના મહાન ભક્ત આ બધી બાબતને સાક્ષાત્ દેખે છે !' ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ વડોદરાના અધિકારી જેમ્સ વિલિયમને પ્રતાપ દેખાડ્યો" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૫

વડોદરાના સાહેબને તથા લખનૌના નવાબને શ્રીહરિએ પ્રતાપ દેખાડ્યો

અતિ દયાળુ મુક્તાનંદ સ્વામી શ્રીહરિચરિત્રરૂપી સાગરને અત્યંત લહેરાવી રહ્યા છે. ૧. ઉત્તમ નૃપ અર્થાત્ દાદા ખાચરને પણ ધન્ય છે... ધન્ય છે... કે, જેઓ મુક્તાનંદ સ્વામીએ કહેલાં શ્રીહરિનાં ચરિત્રને સાંભળે છે અને ક્ષણે ક્ષણે પ્રેમ વધારે છે. ૨. શ્રીહરિ સર્વોપરિ ભગવાન છે અને તેમના ભક્તો પણ સર્વોપરિ છે. કેમ જે, તેઓ પણ જીવોને અવતારની જેમ મહાન પ્રતાપ બતાવે છે. ૩. શ્રીહરિ અને તેમના સંતો સદા પ્રગટ છે અને તેમનો પ્રતાપ પણ પ્રગટ છે. તે બધા જીવોના સંસારનાં દુઃખનો અંત કરે છે અને આત્યંતિક મુક્તિ આપે છે. ૪.

❋ જોગી સ્વામીનો અક્ષરવાસ :

લખતાં લખતાં હું જ્યારે અહીં સુધી આવ્યો છું ત્યારે એક ઐતિહાસિક વાત બની. જે સંપ્રદાયના અલૌકિક સંત છે અને જેઓ પોતાના હૃદયમાં એકમાત્ર ભગવાનને જ રાખે છે; એવા રાજકોટ શ્રીસ્વામિનારાયણ ગુરુકુલના સંત, હરિપ્રકાશદાસજી સ્વામી ઉર્ફે જોગી સ્વામી હતા. તેમની ઉંમર એકસો ને સાત વર્ષની થઈ હતી. ૫-૬. **સં.૨૦૬૭, શ્રાવણ વદ-૧૪ તા.૨૮/૮/૨૦૧૧, રવિવારના રોજ આજે સાંજે જ્યારે સાત કલાક ઉપર સાત મિનિટ થઈ, ત્યારે મેમનગર શ્રીસ્વામિનારાયણ ગુરુકુલમાં રહેલા તે સ્વામીને શ્રીહરિ સ્વધામ લઈ ગયા.** ૭. આજે એક અલૌકિક, અદ્ભુત, હરિભજનમાં મસ્ત સંતરૂપી સૂર્યનો અસ્ત થયો. એવા મહાન સંત જ્યારે ધામમાં ગયા, ત્યારે તેનું સૌને દુઃખ થયું. ૮.

चोपाई :

हरिप्रकाश थे हरिप्रकाशा, करते थे सबके तम विनाशा;
श्रीहरि सम थे सब सुखकारी, दर्शन से हि दुःख देत टारी...०९
हरिमूरति में रहेवनहारे, प्रभु को निज आत्मा सम प्यारे;
नंदसंतो से न्यून न रहेही, ऐसा उनको मानत मैंही...१०

સંત હરિપ્રકાશ સ્વામી તો ખરેખર હરિનો પ્રકાશ કરનારા જ હતા. તેઓ સૌનાં અજ્ઞાન કે દુઃખરૂપી અંધારાનો વિનાશ કરતા હતા. ભગવાનની જેમ જ તે સહુને માટે સુખકારી હતા, અને દર્શનમાત્રથી જ સૌનાં દુઃખ ટાળી દેતા હતા. ૯. શ્રીહરિની મૂર્તિમાં અખંડ રહેનારા અને ભગવાનને પોતાના આત્મા સમાન પ્યારા હતા. એવા તે જોગી સ્વામી નંદસંતોથી ન્યૂન ન હતા; એવા એમને હું માનું છું. ૧૦.

મુક્તાનંદ સ્વામી પ્રસ્તુત કથાને કહેતાં ગઢપુર ગામના દરબાર દાદા ખાચરને કહે છે કે તમે સાંભળો. વિલિયમ સાહેબે તે બંને ભક્તોને કહ્યું કે, “હવે મારા પુત્રને છૂટવાનો કોઈ ઉપાય છે ?” ૧૧. ત્યારે નાથભક્ત અને સદાશિવભાઈએ કહ્યું, “છૂટવાનો ઉપાય તો જરૂર છે. સર્વજ્ઞ એવા સ્વામિનારાયણ ભગવાન આ કાળમાં પ્રગટ થયા છે. ૧૨. તેમનું ભજન કરીને અનંત જીવ વજ્રસાર માયાથી છૂટી જાય છે, તો તમારા પુત્રને જેલથી છોડાવવા માટે તમે સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરો. પુત્રના વિયોગરૂપ તમારું વિઘ્ન કેમ નહીં મટે ? ૧૩. શ્રીસ્વામિનારાયણ ભગવાન તો જીવને આ સંસારરૂપી જેલથી છોડાવી દે છે, તો આ લોકની જેલની શી વિશેષતા ? માટે તે સ્વામિનારાયણ ભગવાન પોતે તમને પોતાનાં દર્શન આપશે. ૧૪. તમારો પુત્ર જેલમાં છે, ત્યાંથી તેને છોડાવશે.” ત્યારે સાહેબે કહ્યું કે, **“બહુ સારું. હું આપને ભગવાનના સાચા ભક્ત માનું છું.** ૧૫. **વળી શ્રીહરિને પણ મેં સર્વોપરિ ભગવાન જાણ્યા છે. હવેથી હું તેમનું જ ભજન કરીશ અને બધી જાતના ફેલને તજી દઈશ.** ૧૬. **આપ બંને પણ ભગવાન જેવા જ છો. હું આપને ન્યૂન કેમ સમજું ? આપે અહીં બેઠા બેઠા જ બધી વાત પ્રત્યક્ષ બતાવી દીધી છે.** ૧૭.

અહીંના રાજા સયાજીરાવ ઘણા ભલા અને અનુપમ ભક્ત છે. તેમણે ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ જાણીને તેમને અહીં બોલાવ્યા હતા. ૧૮. તેમણે હૃદયના શુદ્ધ ભાવથી ભગવાન સ્વામિનારાયણની સેવા-પૂજા કરીને અલૌકિક લાભ લીધો છે. વડોદરાના બધા ભક્તોને ધન્ય છે. તેમજ સયાજીરાવ મહારાજના શુદ્ધ ભાવને પણ ધન્ય છે... ધન્ય છે... ૧૯.

પરંતુ સરકારનો પેલો વિઠ્ઠલરાવ દીવાન મોટો બેવકૂફ છે, નાલાયક છે. તે ભગવાનને કેદ કરવા ચાહતો હતો. ૨૦. ભગવાનને કેદ કરવાનું કામ તે મને કહેવા આવ્યો હતો, પણ અત્યારે મને તે આસુરી દીવાનનું બધું છળ-કપટ સમજાયું છે. ૨૧. આપ બંને ભક્ત છો, તો સાંભળો. હું હાથ જોડીને કહું છું. આપ તો બધી રીતે વિરક્ત છો. આપને કાંઈ તકલીફ પડી હોય તો મને માફ કરો. ૨૨. મહાપુરુષો ! તમે ફરીને મને દર્શન દેજો. મારી આ વિનંતિને આપ હૃદયમાં રાખજો." આમ બોલીને વિલિયમ જેમ્સ સાહેબે બંને ભક્તોને વિદાય આપી અને તેમની ઘણી પ્રશંસા કરી. ૨૩.

તે પછી સાહેબે પ્રસાદીનો હાર જે હતો તે પોતાના બાળકના કંઠમાંથી કાઢ્યો અને તત્કાળ જ ઘણા મહિમાથી તે હારને પોતાની આંખે, માથે અને છાતી સાથે દબાવ્યો, તેમજ 'સ્વામિનારાયણ' આવું નામ બોલવા લાગ્યા. સાહેબનો આવો શુદ્ધ ભાવ દેખીને જ્યારે અરધી રાત થઈ ત્યારે શ્રીહરિએ તે સાહેબને દર્શન દીધાં. પછી તેને એમ કહ્યું કે, "અમે સ્વામિનારાયણ છીએ. તમારો પુત્ર ચોક્કસ તમારી પાસે આવશે. ૨૪-૨૬. અત્યારે તો તે લખનૌની જેલમાં સવારોની સાથે ગુપ્ત રીતે રહ્યો છે. અમે આજ તેને જેલમાંથી છોડાવશું અને તે સોળમે દિવસે તમારી પાસે આવશે. ૨૭. જે લખનૌના નવાબ છે તે મોટા ભક્ત બનશે. તમારા પુત્રને કેદખાનામાંથી છોડી મૂકશે અને તેનું સન્માન કરી ઇનામ પણ આપશે. ૨૮. પછી નવાબે આપેલું ઇનામ લઈ સવારોની સાથે તમારો પુત્ર ઉમંગભર અહીં આવશે." આમ કહીને શ્રીહરિ તુરંત અદૃશ્ય થઈ ગયા. ૨૯.

❋ લખનૌના બાદશાહને શ્રીહરિનાં દિવ્ય દર્શન :

હવે તે જ રાતે લખનૌ શહેરના નવાબને શ્રીહરિએ અદ્‌ભુત, મહાન તેજોમય દિવ્ય દર્શન દીધાં. ૩૦. તે સમયે તેના પલંગની આસપાસ પાળેલાં આઠ કૂતરાંઓની ખાસ ચોકી હતી, તે બધાં શ્રીહરિને જોઈને ભસવા લાગ્યાં. ૩૧. ત્યારે શ્રીહરિએ તે બધાં કૂતરાંઓની ઉપર દૃષ્ટિ કરી. દૃષ્ટિ કરતાંની સાથે જ તેનાં ઉપર એવી અસર થઈ કે આઠેય કૂતરાં ગાય થઈ ગયાં. ૩૨. તે બધી ગાયો શ્રીહરિનાં ચરણ પાસે નીચું માથું કરીને ઊભી રહી, અને

પછી ઊભી ઊભી કાન ઊંચા રાખીને દર્શન કરવા લાગી. ૩૩. નવાબે જ્યારે આવો અદ્‌ભુત પ્રતાપ દેખ્યો ત્યારે તે ઊઠ્યા અને શ્રીહરિનાં ચરણોમાં પોતાનું મસ્તક મૂક્યું ને પછી બોલ્યા, ‘વાહ રે વાહ મારા ખુદા ! આપ મારા ખુદા જ છો. પરવરદિગાર અલ્લાહ છો. આપે કૂતરાંઓ ઉપર કેવી કૃપાદૃષ્ટિ કરી ! ૩૪-૩૫. કેમ જે, મારા દેખતાં જ આપે આ કૂતરાંઓને તરત જ ગાયો બનાવી દીધી. અહો ! આ તો કેવી આશ્ચર્યની વાત છે ! આપ સાક્ષાત્ ખુદા છો. ૩૬. હું પણ કૂતરાં જેવો જ નાપાક-કુપાત્ર છું તો મને પણ તેની જેમ પાક-પવિત્ર બનાવી દો.’

નવાબની આવી વિનંતિ સાંભળીને શ્રીહરિએ તેના માથા ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું, “આજથી તમે ગાય જેવા પવિત્ર થઈ જ ગયા છો. હવે તમે હિંદુ ધર્મને જ પાળજો અને સ્વામિનારાયણ એવું નામ જ જપજો. આ સ્વામિનારાયણ એવું મારું નામ સર્વોપરિ છે. તેને આઠેય પહોર જપતા રહેજો. વળી, વિલિયમ જેમ્સ સાહેબનો જે પુત્ર તમે કેદ કર્યો છે અને સાથે તેના બંને ઘોડેસવાર છે, તેને પ્રાતઃકાળમાં કેદખાનામાંથી છોડી મૂકજો તેમજ તેમને ઘણું ઇનામ આપજો.” આમ કહીને શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા. તેનાથી નવાબને અતિશય આશ્ચર્ય થયું. ૩૭-૪૦. **લખનૌના નવાબને જ્યારે શ્રીહરિનાં દર્શન થયાં ત્યારથી આરંભીને તેનું મન સાધુ જેવું શાંત થઈ ગયું. કારણ કે, શ્રીહરિએ તેને એવો પ્રતાપ બતાવ્યો હતો.** ૪૧.

તે પછી સવારે જેમ્સ સાહેબના પુત્રને અને તેની સાથેના બંને ઘોડેસવારોને નવાબે કેદખાનામાંથી બોલાવ્યા. પછી તેમને સોનાનાં કડાં અને કંઠી અપાવી. ૪૨. સારા પોશાક આદિ આપી તેનું ઘણું સન્માન કર્યું અને ઘોડા ઉપર બેસાડીને સારી રીતે વિદાય આપી. ૪૩. પછી તે નવાબને રાજ્ય ઉપર પણ અતિ તીવ્ર વૈરાગ્ય થયો અને શ્રીહરિનું ભજન કરવામાં તેને તાન લાગી ગયું. ૪૪. પછીથી તે પોતાની નવાબી વારસદારને સોંપીને હિંદુ જેવા થઈ સતત ભગવત્પરાયણ થઈ ગયા. ૪૫. તેઓ ગાય અને બ્રાહ્મણનું ઘણું સન્માન કરતા હતા. અખંડ કથા, કીર્તન કરીને પુણ્યદાન કરતા હતા. ૪૬.

સોરઠા : अंत में सबको कहत, स्वामिनारायण आये यह;
धाम में ले जावत, जाता हूँ उन साथ मैं...४७
कहत युँ हरि के धाम, गये हरि की सेवा में;
धन्य धन्य घनश्याम, तारे ऐसे अनेक को...४८

જ્યારે તેમનો અંતકાળ આવ્યો ત્યારે છેલ્લે તેણે સૌને કહ્યું, "આ સ્વામિનારાયણ પધાર્યા છે. મને તેઓ પોતાના ધામમાં લઈ જાય છે એટલે હું તેમની સાથે જાઉં છું." ૪૭. આમ કહીને તે ભગવાનના ધામમાં ગયા અને ભગવાનની સેવામાં રહ્યા. પ્રભુ ઘનશ્યામને ધન્ય...ધન્ય છે... આવા અનેક જીવોનો તેમણે ઉદ્ધાર કર્યો છે. ૪૮. પછી તો તે જેમ્સ સાહેબનો પુત્ર અને તેના સાથીદાર બે ઘોડેસવારો લખનૌની કેદમાંથી છૂટી, ગુજરાત તરફ આવ્યા. ૪૯. શ્રીહરિએ જે વાત કહી હતી તે પ્રમાણે તે ચોક્કસ સોળમે દિવસે વડોદરામાં આવી પહોંચ્યા, અને ત્યાં પોતાના પિતાને મળ્યા. ૫૦. તેણે નવાબનો અપરાધ કર્યો હતો તેથી તેને આજીવન કેદ થઈ હતી, પણ ભગવાન સ્વામિનારાયણે નવાબને દર્શન દીધાં. ૫૧. નવાબને તેમનાં કલ્યાણ માટે હિંદુ ધર્મ સ્વીકાર કરાવ્યો. તેમજ પોતાને કેદથી છોડાવ્યા, આ બધી વાત તેણે પોતાના પિતાને કહી. ૫૨.

ત્યારે તે સાહેબે પોતાના પુત્રને કહ્યું કે, **"સ્વામિનારાયણ તો સર્વે ઈશ્વરના પણ ઈશ્વર પોતે સર્વોપરિ ભગવાન છે. તેમણે જ ત્યાં આવીને નવાબને ભગવાનનાં રૂપમાં અદ્‌ભુત દર્શન દીધાં.** વળી, તમને કેદથી છોડાવ્યા. ખરેખર ધર્મપુત્ર તે ભગવાનને ધન્ય છે... ધન્ય છે..." ૫૩-૫૪. વિલિયમ સાહેબે પોતાના પુત્રની આગળ આમ કહીને શ્રીહરિએ વડોદરામાં પધારીને જે જે ચરિત્ર કર્યાં, તે બધી વાત કહી સંભળાવી. ૫૫. પછીથી તો તે બંને પિતા-પુત્ર સત્સંગી થઈને ઉત્સાહથી શ્રીહરિનું ભજન કરતા હતા. આ રીતે વડોદરાના રેસીડેન્ટ વિલિયમ સાહેબને તથા લખનૌના નવાબને પોતાનો પ્રતાપ જણાવી, તેનાં કર્મબંધન તથા બધાં પાપ પણ છોડાવ્યાં. ૫૬-૫૭. અને તેમને શ્રીહરિએ સહજમાં મોક્ષના અધિકારી કર્યા. આ રીતે અવતારી પ્રભુ શ્રીહરિએ સૌનું કલ્યાણ કર્યું હતું. ૫૮. **આ અક્ષરધામના**

નિવાસી સર્વોપરિ ભગવાન શ્રીહરિમાં અપરંપાર ઐશ્વર્ય રહ્યું છે. તેમાંથી અહીંયાં તો આ થોડુંક જ કહ્યું છે. ૫૯. દયાળુ શ્રીહરિએ વડોદરા પધારીને અનેક પરચા આપ્યા. પછી પોતે સંતો તથા હરિભક્તોની સાથે ફરી વડતાલ પધાર્યા. ૬૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડોદરાના સાહેબને તથા લખનૌના નવાબને શ્રીહરિએ પ્રતાપ દેખાડ્યો" એ નામે પચીસશમો તરંગ સમાપ્ત ||૨૫||



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૬

શિક્ષાપત્રી લેખન અને શ્રીનગર તથા મછિયાવમાં એકસાથે રંગોત્સવ

મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે ગઢપુર નરેશ દાદા ખાચર ! પરમેશ્વર શ્રીહરિ વડોદરાથી આવીને વડતાલમાં રહ્યા. ૧. વડતાલમાં રહ્યા થકાં એક દિવસ વિચાર કર્યો કે, 'મારાં બધાં આશ્રિતોને માટે શાસ્ત્રમાત્રના સારરૂપ અને સુખરૂપ એક પત્રી લખું.' ૨. પછી શ્રીહરિ વડતાલ નારાયણ મહોલમાં એકાંતમાં બેઠા. મનને શાંત રાખ્યું અને સાર સાર વિષયને ગ્રહણ કર્યો. ૩. પછી ડાબા સાથળ ઉપર લાકડાનું એક હળવું પાટિયું રાખ્યું. તેના ઉપર એક કાગળ મૂક્યો અને જમણા હાથમાં એક કલમ લીધી. ૪. થોડી ગરદન ઝૂકાવીને પત્રી લખવાનો આરંભ કર્યો. પછી તે શિક્ષાપત્રીમાં સમગ્ર શાસ્ત્રનો સાર સાર કાઢીને ભરવા લાગ્યા. ૫. બરાબર **સં.૧૮૮૨ મહા સુદ વસંતપંચમીનો દિવસ આવ્યો ત્યારે શ્રીહરિએ તે શિક્ષાપત્રી હરિમંડપમાં પૂર્ણ કરી.** પછી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામી આદિ વિદ્વાનોને બોલાવ્યા. ૬. તે સંતો ઉપર અપાર કૃપા કરીને પોતે લખેલી શિક્ષાપત્રી શોધવાને માટે આપી.

ત્યારે તે જોઈને સંતોએ કહ્યું, "મહારાજ ! આપ શું કહો છો ? **આ તમારી વાણી તો વેદ સ્વરૂપ છે. આમાં ખામી ક્યાંથી હોય ?"** પછી

શ્રીહરિએ હરખથી સવિત્રાનંદ સ્વામી આદિ સંતોને બોલાવ્યા. ૭-૮. તે લહિયા સંતોની પાસે શિક્ષાપત્રીની પ્રતિઓ-કોપી લખાવી અને બધા દેશમાં મોકલાવી. દેશ-દેશમાં રહેલા હરિભક્તો અને પોતાના પ્યારા સંતો સુધી તે શિક્ષાપત્રી પહોંચાડી દીધી. વળી, સહુને આજ્ઞા કરી કે, **'આ મારી વાણી તે મારું સ્વરૂપ છે. માટે સહુએ તેને સુખરૂપ માનવી.** ૯-૧૦. આ શિક્ષાપત્રીનો સહુએ નિત્ય પાઠ કરવો. જે ન ભણ્યા હોય તેણે નિત્ય સાંભળવી. પાઠ કરવાનો કે સાંભળવાનો યોગ ન આવે તો ભાવથી આ શિક્ષાપત્રીની પૂજા કરવી. ૧૧. અને જો શિક્ષાપત્રીનું વાંચન, શ્રવણ કે પૂજન - એ ત્રણમાંથી એક પણ જે દિવસ ન થઈ શકે, તો તે દિવસ ઉપવાસ કરવો, આવી મારી આજ્ઞા છે; તેને તમારે શિરોમાન્ય કરવી.' ૧૨.

પછી શ્રીહરિએ વડતાલમાં રહીને વસંતનો ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં સંતો તથા હરિભક્તો અપાર આવ્યા હતા. ૧૩. તે વસંતોત્સવનો લાભ લેવાને માટે અમદાવાદના હરિભક્તો અને મછિયાવના પ્રેમી હરિભક્તો પણ આવ્યા હતા. ૧૪. તે સહુએ આ વખતે પોતપોતાના ગામમાં ફૂલદોલનો ઉત્સવ કરવાને માટે પ્રેમથી શ્રીહરિની પ્રાર્થના કરી. ૧૫. ત્યારે શ્રીહરિએ રાજી થઈને બંને પુરના ભક્તોને ભાવથી વચન આપ્યું કે, 'અમે તમારે ત્યાં ફૂલદોલનો ઉત્સવ કરવા આવશું.' ૧૬.

※ અમદાવાદ અને મછિયાવમાં એકસાથે રંગોત્સવ :

શ્રીહરિએ કહેલાં વચનને લીધે બંને પુરના હરિભક્તો ખૂબ ખૂબ રાજી થયા. સહુ પોતાને ગામ ગયા અને સહુએ ઉત્સવની તૈયારી કરી. ૧૭. પછી જ્યારે હુતાશની નજીક આવી ત્યારે હરિભક્તો શ્રીહરિની રાહ જોવા લાગ્યા. શ્રીહરિએ ધર્મકુળને ગઢપુર મોકલ્યું અને પોતે વડતાલથી ચાલ્યા. ૧૮. **ડભાણ** જઈને ભક્તોને દર્શન દીધાં. પરમ નિપુણ શ્રીહરિ **મહેમદાવાદ** આવ્યા. ત્યાંના ભક્તોને દર્શન આદિથી સુખી કરીને ત્યાંથી આગળ ચાલ્યા. ૧૯. **અમદાવાદ** અને **મછિયાવ**, બંને ગામમાં સારા હરિભક્તો હતા. તેથી તે સહુનો મનોરથ પૂર્ણ કરવા માટે સંતો તથા હરિભક્તોની સાથે શ્રીહરિ બે સ્વરૂપે થયા. **પછી શ્રીહરિ સંતો-ભક્તોના રૂપ ધારણ કરીને એક જ**

વખતે બંને ગામ ગયા. બંને ગામમાં ફૂલદોલનો ઉત્સવ કર્યો અને તેમાં હરિભક્તોને અપાર આનંદ આપ્યો. ૨૦-૨૧. ખૂબ જ રંગક્રીડા કરીને બંને ગામના હરિભક્તોને એકસાથે ધન્ય કર્યા. આમ, ભક્તજનોના મનોરથને પૂર્ણ કરે એવા મહાસમર્થ શ્રીહરિ છે. ૨૨.

પછી અમદાવાદમાં રહેલા મહારાજે ત્યાં જે સાબરગંગા(સાબરમતી) છે, તેમાં સંતોએ સહિત ઉમંગથી સ્નાન કર્યું. તે પછી શ્રીહરિ શહેરમાં આવ્યા અને ભાવથી ભોજન કર્યું. ૨૩. પછી પોતે સંતોને પીરસીને અતિશય આગ્રહપૂર્વક જમાડ્યા. તે પછી શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા અને ત્યાં શાંતિથી થોડીવાર પોઢી ગયા. ૨૪. બપોર પછી શ્રીહરિએ સભામાં પલંગ ઉપર વિરાજમાન થઈને ભક્તોને સુખકારી દર્શન દીધાં. ૨૫. તે સમયે શ્રીનગરના ભક્તોએ શ્રીહરિનું પૂજન ઘણા પ્રેમ-ભાવથી કર્યું અને સંતોની પણ પૂજા કરી. ૨૬. આ સમયે ભક્તોએ શ્રીહરિને કસુંબી વસ્ત્ર તથા ગુલાબના હાર, તોરા, ગજરા અને બાજુબંધ પહેરાવ્યાં. ૨૭. તે પછી એક દિવસ નરનારાયણ દેવના મંદિરની આગળ ચોકમાં એક મોટી અદ્ભુત સભા ભરાણી. ૨૮.

✵ શ્રીહરિએ સહેતુક અવગુણ ન લેવાનું કારણ કહ્યું :

તેમાં એક ઊંચું સિંહાસન ઘણું શોભતું હતું. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ત્યાં તેમની ચારેબાજુ સંતો તથા હરિભક્તો બેઠા. ૨૯. સહુ મૂર્તિમાં તદાકાર થઈને શ્રીહરિની સન્મુખ જ જોઈ રહ્યા હતા. તે સભામાં અક્ષરાધિપતિ પરમેશ્વર શ્રીહરિ કરુણા કરીને બોલ્યા, 'બધા સંતો અને હરિભક્તો સાંભળો. હું તમને આજ એક વાત કહું છું. અત્યારે લાખોની સંખ્યામાં અપાર મનુષ્યો અમારા આશ્રિત થયા છે. ૩૦-૩૧. પરંતુ તે સહુની સમજણ એકસરખી નિશ્ચિત રહેતી નથી. કોઈનાં સ્વભાવ-પ્રકૃતિને જોઈને કે કોઈના શબ્દને સાંભળીને કોઈનો અવગુણ લેવો નહીં, એવી સાચી સવળી સમજણ દૃઢ કરી રાખવી. કેમ જે, બધાનું બધું એકસરખું ન હોય એનું એક કારણ છે, તેમાં જરાય ખોટું નથી. ૩૨-૩૩.

સાતેય ધામના જે મુક્ત છે તે આ સત્સંગમાં આવ્યા છે. તેથી તે સહુની સમજણ, રુચિ, બુદ્ધિ અને ક્રિયા-બાહ્ય વર્તન સુધ્ધાંમાં ફરક રહે છે. ૩૪. ધીરે ધીરે પ્રગટ ભગવાનની ઉપાસના કરીને સહુને અહીંથી જવાનું છે. પછી એક જગ્યાએ ભગવાનના એક જ ધામમાં સહુએ ભેળું રહેવાનું છે. માટે ક્યારેય સંત-ભક્તનો અવગુણ લેવો નહીં. ૩૫. તેમાં પણ જે શ્રેષ્ઠ ગુણવાળા અને સ્થિર મનના સંતો તથા હરિભક્તો હોય તેને તત્કાળ ઓળખવા અને તેનો જ યોગ હંમેશાં રાખવો. ૩૬. સર્વ સંતો-ભક્તોમાં જે ઉત્તમ પ્રકારના છે તેનો જે યોગ પામે છે, તેમાં સૌથી ઊંચી સ્થિતિ જરૂર આવે છે. ૩૭. માટે આવા ઉચ્ચ કોટિના સંત-ભક્તને ઓળખીને તેનો પ્રેમથી સમાગમ કરવો. બીજા બધાનો તેનું હિત સમજીને ગુણ લેવો. ૩૮. **ભૂલથી પણ ક્યારેય તેનો અવગુણ ન લેવો. મનમાં આવો નિરધાર કરવો અને જે ઉચ્ચ કોટિના સંત-ભક્ત હોય તેનો જ સમાગમ કરવો.'** ૩૯. જ્યારે શ્રીહરિની આવી વાત સાંભળી, ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ શિર નમાવી, પ્રણામ કરીને પૂછ્યું, "હે સુખકંદ શ્રીહરિ ! આપ દયા કરીને મારા પ્રશ્નને સાંભળો." ૪૦.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શિક્ષાપત્રી લેખન અને શ્રીનગર તથા મછિયાવમાં એકસાથે રંગોત્સવ કર્યો" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૭

શ્રીહરિએ શ્રીનગરમાં સાત ધામના મુક્તોનાં લક્ષણ કહ્યાં

ગોપાળાનંદ સ્વામી પૂછે છે કે, "આપે સાત ધામના જે જે મુક્ત કહ્યા, તેનાં ગુણોથી યુક્ત લક્ષણ સાંભળવાની મને ઇચ્છા છે. ૧. તો આપ કૃપા કરીને મને અલગ અલગ લક્ષણ કહો." ત્યારે સુખનિધિ શ્રીહરિ બોલ્યા કે, "તમે બધા સંતો સાંભળો. ૨. **આ લોકના જે મુક્ત** હોય છે તેનાં લક્ષણ

હું પહેલા કહું છું, તો હે ગોપાળાનંદ મુનિ ! તમે તે સાંભળો. ૩. જે ભક્ત પ્રગટ ભગવાનનું ભજન કરતો હોય, જગતથી ઉદાસ હોય, તોપણ આ લોકમાં વિખ્યાતિ કરવી એવા માનની ઈચ્છા રાખતો હોય, એટલે જ તે ભાગ્યશાળી ભક્ત તપ કરે, ધર્મ પાળે, જ્ઞાન શીખે, વૈરાગ્ય દૃઢ કરે તથા બીજાને સત્સંગ કરાવે, વળી ભગવાનના સ્વરૂપની કથા-વાર્તા કરવી તથા નિત્ય પ્રગટ ભગવાનનું ધ્યાન કરવું. ૪-૫. ઈત્યાદિક જે જે ક્રિયા કરે તેમાં પોતાના સદ્‌ગુણોની આ લોકમાં વિખ્યાતિ થતી રહે-કીર્તિ વધતી રહે; એમ પોતાની મોટપ વધાર્યાની ભાવનાથી કરતો હોય છે. અર્થાત્ તે જે જે ક્રિયા કરે છે, તેમાં ઉપર કહ્યો તેવો પોતાની મોટપ વધારવાનો આશય જરૂર દિલમાં રાખીને કરે છે, પણ કેવળ ભગવાનને રાજી કરવા માટે જ તે કોઈ ક્રિયા કરતો નથી. (જે હું આવી રીતે ધર્માદિકને દૃઢપણે પાળીશ તો ભગવાનનો મારી ઉપર રાજીપો થાશે. ઈત્યાદિક ભગવત્પ્રસન્નતા વિના કેવળ આ લોકની વિખ્યાતિને અર્થે કરે.) આવા જેનાં લક્ષણ હોય તેને **આ લોકનો મુક્ત** માનવો. ૬-૭.

હવે **બીજા દેવલોકના મુક્તની સ્થિતિ** કહું છું, તેને તમે ગોપાળ મુનિ પ્રેમથી સાંભળો. પ્રગટ ભગવાનનો ભક્ત હોય અને ભગવત્સ્વરૂપમાં પ્રીતિવાળો હોય અને પ્રગટ ભગવાનની ઉપાસના કરતો હોય, પરંતુ તેની પ્રકૃતિ જો રજોગુણી હોય અને રજોગુણી પદાર્થમાં તેની વૃત્તિ સદા રહેતી હોય, વળી સારા રમણીય પદાર્થના ભોગ-સુખને તે સારા માનતો હોય. તેને વાજિંત્રો વગાડીને ગાવામાં અતિ પ્રીતિ હોય અને તેનું ચિત્ત ગીત-સંગીત ગાવા-સાંભળવામાં આસક્ત રહેતું હોય, સારા રાગદાર કીર્તનોને મન દઈને નવાં રચતો હોય. ૮-૧૦. તે ભક્ત ભલે ધર્મમાં નિશ્ચિત રહેતો હોય, તોપણ સારાં ઝીણાં વસ્ત્રમાં તે રાગ રાખતો હોય, અને નાનાં બાળકો કે પોતાની સમકક્ષ-બરોબરિયાની સાથે ઉત્સાહથી સોબત રાખતો હોય, રજોગુણી મનુષ્યનો સંગ કરતો હોય ને તેમાં હેત રાખતો હોય; આ આગળ કહી જે બધી બાબત તે જેના જીવનમાં મુખ્યપણે રહેતી હોય, અને જેના દિલમાં ભગવાનના સ્વરૂપનું સદા ગૌણપણું રહેતું હોય; આવાં લક્ષણવાળાને **સ્વર્ગનો મુક્ત** કહેવાય છે. ૧૧-૧૩.

હવે **ત્રીજા વૈકુંઠના મુક્તનાં** લક્ષણ કહું છું, તેને તમે સાંભળો. જે પ્રગટ ભગવાનનો ઉપાસક હોય અને તેનું જ સ્મરણ કરતો હોય, સુખરાશિ એવા ધર્મને હંમેશાં પ્રેમથી પાળતો હોય, એવા ભક્તને પ્રગટ ભગવાન ભાવથી આજ્ઞા કરે કે, 'આ ધર્મને ગૌણ કરીને અમે કહીએ તેમ કરો.' ત્યારે તે ભક્ત ભગવાનના ગુણ ગાય ખરો, પરંતુ તે ભગવાનની આજ્ઞાને માને નહીં. ૧૪-૧૬. પોતાના અંગને જે મળતાં આવતાં હોય એવાં ભગવાનનાં વચનને ભાવથી માને, પણ ભગવાનનું જે વચન ધર્મથી વિરુદ્ધ લાગે તેને તે માને નહીં. ૧૭. ભગવાન કહે છતાં તે ક્યારેય ધર્માચરણને ન્યૂન ન કરે અને તે બાબતમાં તો તે ભગવાનની પણ શરમ ન રાખે; આવાં જેનાં લક્ષણ હોય તેને **વૈકુંઠનો મુક્ત** જાણવો. ૧૮.

હવે **ચોથા બદ્રિકાશ્રમના મુક્તની** વાત કહું છું. તે તમે ગોપાળાનંદ મુનિ સાક્ષાત્ સાંભળો. તે પ્રગટ ભગવાનનો જ ભક્ત હોય પરંતુ તે તપ કરવામાં વિશેષ આસક્ત રહે. ૧૯. એવા ભક્તને ભગવાન આજ્ઞા કરે, તોપણ તે પોતાના તપમાં ભંગ કરે નહીં અને પોતાના તપમાં કાંઈક ન્યૂનતા આવે, એવા ભગવાનનાં વચનને પણ માને નહીં. ૨૦. પોતાના તપરૂપી અંગને જે વચન મળતાં આવે તેવાં ભગવાનનાં વચનને માને, પરંતુ તપને ગૌણ કરે નહીં. અર્થાત્ તપને ઘસારો આવે તેવું માને નહીં; આવાં લક્ષણ જેમાં હોય તેવા ભક્તને પ્રેમથી **બદરિકાશ્રમનો મુક્ત** જાણવો.

હવે **પાંચમા શ્વેતદ્વીપના મુક્તની** વાત કહું છું. તેનાં લક્ષણ હૃદયમાં ધારો. ૨૧-૨૨. જે પ્રગટ ભગવાનનો આશ્રિત હોય અને પ્રેમથી ભગવાનની ઉપાસના કરતો હોય. બધાં ઇન્દ્રિયો-અંતઃકરણથી અલગ પ્રતિલોમપણે રહેતો હોય. કોઈ માયિક વસ્તુ અંગે ઉદ્‌વેગ ન કરે અને કોઈ માયિક વિષયનો ઘાટ પણ ન કરે, તે સંકલ્પોને જીતવા માટે વૃત્તિને સ્વસ્થ અને નિર્મળ રાખે. કદાચ ભગવાન તેને ઇન્દ્રિયો-અંતઃકરણથી પ્રતિલોમપણે રહેવારૂપ પોતાના અંગને ઘસારો લાગે એવી આજ્ઞા કરે, તો તેવાં વચનને તે ભક્ત માને નહીં, પણ પોતાની રીતે ભગવાનનું ભજન કરતો રહે; આ સત્સંગમાં આવાં લક્ષણથી યુક્ત કોઈ ભક્ત દેખાય તો તેને **શ્વેતદ્વીપનો મુક્ત** જાણી લેવો. ૨૩-૨૬.

ગોપાળાનંદ મુનિ ! હવે **છઠ્ઠા ગોલોકના મુક્તની** રીત તમે સાંભળો. હું પ્રેમથી કહું છું કે તે છઠ્ઠા પ્રકારનો ભક્ત છે તે પણ પ્રગટ ભગવાનનો જ ભક્ત હોય છે. ૨૭. એ મનમાં કાંઈક એવી ઈચ્છા રાખતો હોય છે કે તે ઘણાં કિંમતી વસ્ત્રથી અને જાત-જાતનાં પવિત્ર ભોજન કરી-કરાવીને સેવા કરે, તે મોટાં મોટાં મંદિરોના કામ, બાગ-બગીચા જેવું કામ, રાસ લઈને કીર્તન ગાવવાં, આમ બધી રીતે ભગવાનની ભક્તિ કરે. ૨૮-૨૯. નાચી નાચીને ખૂબ ગાય, તેમાં ઘણો આનંદ પામે. પણ જ્યારે ભગવાન એને એમ આજ્ઞા કરે કે, ‘આ બધી ક્રિયા તમે ન કરો, મારો અડગ નિશ્ચય કરો, મારી આજ્ઞામાંથી પાછા ન પડો.’ આવાં ભગવાનનાં જો વચન હોય તો એને વિચારીને મનમાં ધારે, પણ પોતાના અંગમાં ગૌણતા થાય એવાં વચન ન માને પણ પોતાના અંગમાં મળતા આવે એવાં વચનને માનવામાં ઉમંગવાળો રહે. તે ભગવાનનાં મહાપ્રતાપી વચનનો ત્યાગ કરે પરંતુ પોતાના અંગને છોડે નહીં. અર્થાત્ ઘસારો આવવા દે નહીં; આવાં લક્ષણ જેમાં દેખાય તેને **ગોલોકધામનો મુક્ત** જાણવો.

હવે જે **સાતમા અક્ષરધામના મુક્ત** છે તેનાં પવિત્ર લક્ષણ સાંભળો. ૩૦-૩૩. જે પ્રગટ ભગવાનનો આશ્રિત હોય, દૃઢ ચિત્તવાળો અસાધારણ ધર્મવાન હોય, જ્ઞાન-વૈરાગ્ય તથા એકાંતિકી ભક્તિમાં પણ જેને દૃઢ મતિ થઈ હોય, વળી જેને ભગવાનનો માહાત્મ્યજ્ઞાને સહિત અડગ નિશ્ચય હોય, તેમાં એક ડગલું પણ જે ક્યારેય પાછો પડે નહીં; આવો તે પાકો મહામુક્ત છે છતાં તે ભગવાનની આજ્ઞાને અનુસારે જ રહે છે. ૩૪-૩૫.

चोपाई :

जैसे कहे प्रत्यक्ष भगवनही, तैसे हि रहे संत हरिजनही;
पुनि प्रार्थना करत रहेऊ, जैसे प्रभुजी आप कहेऊ...३६
वैसे ही हम सदा करेंगे, आप की आज्ञा शिश धरेंगे;
जैसे प्रगट प्रभु के वचनहू, ऐसे करत सदा वर्तनहू...३७
लेशमात्र शंका न करतही, मुझ मूर्ति में चित्त धरतही;
अविनाशी अदृश्य हो जावे, जब अपने धाम में रहावे...३८

आज्ञा सहित मर्यादा जेही, स्वयं बांध गये हो तेही;
खुद वर्तन करे रीत एहा, न लोपत मर्यादा केहा...३९

પ્રત્યક્ષ ભગવાન જેમ કહે તે રીતે જ તે સંત તથા હરિભક્ત રહે. વળી પ્રાર્થના કરતો રહે જે, 'હે પ્રભુજી ! આપ જે રીતે કહો તે રીતે જ હું સદા રહીશ. આપની આજ્ઞાને શિર ચડાવીશ.' આમ તે ભક્ત જેવાં પ્રગટ ભગવાનનાં વચન હોય તે પ્રમાણે જ સદા વર્તન કરતો રહે. ૩૬-૩૭. આમ અમારા વચનમાં લેશમાત્ર પણ શંકા ન કરે અને મારી મૂર્તિમાં ચિત્તને ધારે. અવિનાશી ભગવાન જ્યારે આ લોકમાંથી અદૃશ્ય થાય અને પોતાના ધામમાં રહે, ત્યારે એ ભગવાને પોતે જેવી આજ્ઞા સહિત મર્યાદા બાંધી હોય તે રીતે જ પોતે રહે, પણ તે ધર્મ-મર્યાદાને ક્યારેય લોપે નહીં. ૩૮-૩૯. આગળ કહ્યાં તેવાં જેનાં લક્ષણ જણાતાં હોય તે **અક્ષરધામના મુક્ત** ગણાય છે.

આ કહ્યા તેવા સાતેય પ્રકારના મુક્ત અત્યારે આપણા સત્સંગમાં રહ્યા છે. ૪૦. **એ બધા મુક્તોને તમારે ઓળખી રાખવા, પણ તે કોઈનો અવગુણ લેવો નહીં. સાચો પ્રેમ રાખીને જે ઉત્તમ મુક્ત હોય તેનો જ સમાગમ કરવો."** ૪૧. આગળ કહેલી શ્રીહરિની વાતને સાંભળીને ગોપાળાનંદ સ્વામી આદિક બધા સભામાં બેઠેલા સંતો અને હરિભક્તો ખૂબ રાજી થયા. ૪૨. અમદાવાદમાં શ્રીહરિ રોજ રોજ આ રીતે લીલા કરીને પોતાના ભક્તોને અત્યંત પ્રેમ ઉપજાવતા હતા. તેવામાં ચૈત્ર સુદિ બીજ આવી. ૪૩. પછી બધા જ ભક્તોને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. પછી પરમ પ્રવીણ શ્રીહરિ **કમિયાળા** ગામ પધાર્યા. ૪૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ શ્રીનગરમાં સાત ધામના મુક્તોનાં લક્ષણ કહ્યાં" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૮

કમિયાળામાં રામનવમીનો ઉત્સવ તથા ધોલેરામાં નિષ્કુળાનંદ સ્વામી આદિ ઉપર પ્રસન્નતા

મુક્તાનંદ સ્વામી ઘણા હરખથી કથારૂપી ગંગાને લહેરાવે છે અને દાદા ખાચર આદિ સહુ તે ગંગામાં પ્રેમથી ડૂબકી મારે છે. ૧. હરિચરિત્રરૂપી ગંગામાં સ્નાન કરીને બધા અત્યંત પવિત્ર થયા અને તે સહુનું મન રોજ રોજ ભગવાનની મૂર્તિમાં વધારે રહેવા લાગ્યું. ૨. **શ્રીહરિનાં ચરિત્ર સુખનાં સારરૂપ છે. પ્રભુની કૃપારૂપ સદ્‌ભાગ્ય વિના તે ક્યારેય મળે નહીં. જેના અપાર ભાગ્ય હોય તે જ આ હરિચરિત્રને કહી શકે છે, સાંભળી શકે છે તથા લખી શકે છે.** ૩. મુક્તાનંદ સ્વામી અને દાદા ખાચરના સદ્‌ભાગ્યની વાત તો હું શું કહું ? સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી ઘણા મહાન ભાગ્યશાળી હતા, એમ આપણે સહુ જાણીએ છીએ. ૪. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે ઉત્તમ રાજા ! તમે સુખરૂપ શ્રીહરિચરિત્રને સાંભળો. જ્યારે શ્રીહરિ કમિયાળા પધાર્યા ત્યારે તેમની સામે સ્વાગત કરવા માટે જે જે હરિભક્તો આવ્યા હતા તેનાં નામ હું કહું છું તે તમે સાંભળો. ૫.

કમિયાળામાં સિંહા વણાર નામે ઘણા સારા હરિભક્ત હતા. તેમજ હઠીભાઈ પણ શ્રીહરિના પ્રિય ભક્ત હતા. તે સિવાય નથુ ગઢવી, ખેમરાજભાઈ તથા મોડભાઈ પણ શિરોમણિ ભક્ત હતા. ૬. ઉપર ગણાવ્યા એ આદિક બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. સહુએ શ્રીહરિનાં ચરણમાં શ્રીફળ આદિકની ભેટ મૂકી. ૭. વાજતે ગાજતે ધામધૂમથી શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને સહુને સારા ઉતારા અપાવ્યા. સહુએ શ્રીહરિને એવી વિનંતી કરી કે, 'આપ રામનવમી અહીં કરો.' ૮. તે સાંભળીને ઘનશ્યામ પ્રભુ શ્રીહરિએ 'બહુ સારું' એમ કહ્યું. 'શ્રીહરિ રામનવમી અહીં કરવાના છે.' એવી વાત ઠેર ઠેર ફેલાઈ ગઈ. 'કમિયાળામાં રામનવમીનો સારો સમૈયો થનારો છે.' એમ જાણીને ભાલ પ્રદેશના હજારો ભક્તો ત્યાં આવ્યા. ૯.

ગાંફના દરબાર મનુભા સજી ધજી સવારી સાથે આવ્યા. તેના ત્રણેય પુત્ર સાથે હતા. એક બાપુરાયજી, બીજા અર્જુનસિંહજી અને ત્રીજા રૂપસિંહજી હતા. પીપળીના દરબાર દાદાભાઈ આવ્યા. તેમજ બીજા પણ હરિભક્ત બાઈ-ભાઈ ઘણાં આવ્યાં. ૧૦-૧૧. ધોલેરાથી પૂજાભાઈ અને અદ્‌ભુતાનંદ સ્વામી આવ્યા. રામનવમીનો ઉત્સવ ઘણો સારો અને ભક્તોને સુખ દેનારો થયો. ૧૨. સહુ હરિભક્તોએ રસોઈ આપી અને પ્રભુ શ્રીહરિની પ્રેમથી પૂજા કરી. ઘનશ્યામ પ્રભુ રોજ ત્યાં સભા કરતા અને તેમાં જ્ઞાનવાર્તા કરતા હતા. ૧૩. ધર્મરક્ષક ધર્મપુત્ર શ્રીહરિએ કમિયાળામાં ઘણી લીલા કરી. ત્યાંના હરિભક્તોને ઘણા ધન્યવાદ છે અને ત્યાંની ભૂમિને પણ ધન્ય ધન્ય છે. ૧૪. કમિયાળા તો તીર્થભૂમિ ગણાય અને તે કાયમને માટે વ્રજભૂમિ જેવી પવિત્ર કહેવાય છે. હવે ગ્રંથમાં લખેલી આ લીલાને વાંચીને મોટા મોટા મુનિઓ પણ ગાશે. ૧૫.

ચૈત્ર સુદિ પૂનમનો દિવસ આવ્યો ત્યાં સુધી શ્રીહરિ કમિયાળામાં રહ્યા. તે વખતે અદ્‌ભુતાનંદ સ્વામી અને પૂજાભાઈએ કહ્યું કે, “હે સુખદાયક મહારાજ ! આપ સાંભળો. ૧૬. ધોલેરામાં મંદિર તૈયાર થયું છે. લગભગ બધું જ કામ થઈ ચૂક્યું છે. તો આપ ધોલેરા પધારો અને હવે ભગવાનની મૂર્તિ પધરાવો. ૧૭. મંદિરનું કાંઈક કામ અધૂરું હશે તે ધીરે ધીરે પૂરું કરશું.” સ્વામી તથા દરબારની આવી વિનંતી ધર્મકુમાર શ્રીહરિએ સાંભળી, પછી ધોલેરા પધાર્યા. ૧૮. કાઠી હરિભક્તો, સંતો અને બીજા હરિભક્તોએ સહિત શ્રીહરિ ઘણા પ્રેમથી કમિયાળાથી નીકળી **ધોલેરા** આવ્યા. ૧૯. શ્રીહરિ પધાર્યા છે એમ સાંભળીને ત્યાંના બધા સત્સંગીઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ સામૈયું લઈ સન્મુખ ગયા અને ત્યાં શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૦. સહુએ શ્રીહરિને ફૂલહાર પહેરાવી ચરણમાં શ્રીફળની ભેટ મૂકી. હૃદયમાં ઘણો પ્રેમ રાખીને સહુએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. ૨૧. વાજતે ગાજતે સહુ હરિભક્તોની સાથે સુખકારી શ્રીહરિ ધોલેરા પુરમાં પધાર્યા અને પૂજાભાઈને ઘેર ઊતર્યા. ૨૨.

પછી રાજાધિરાજ શ્રીહરિ મંદિર જોવા ગયા. સાથે પોતાના બધા સખાઓને લઈ ગયા. મુનિનાથ શ્રીહરિ અદ્‌ભુતાનંદ સ્વામીનો હાથ પકડીને આખા મંદિરમાં ફર્યા. ૨૩. પછી વિશ્વવંદ્ય શ્રીહરિ અદ્‌ભુતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા, “મંદિર બહુ સારું થયું છે. આ જોઈને અમારું મન ઘણું ખુશ થયું છે.” ૨૪. આમ કહીને ભગવાન શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા અને ખરેખર નિષ્કુળાનંદ સ્વામી ઉપર રાજી થયા. ૨૫. શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને ઘણા હેતથી વાત કહી કે, “તમે આખા જગતમાં વિખ્યાત થાય તેવી અદ્‌ભુત ઘણી જ સેવા કરી છે. ૨૬. મંદિર બનાવવામાં તમે જોનારા બધાનું મન મુગ્ધ થઈ જાય એવી કારીગરી ઘણી જતન કરીને કરી છે. ૨૭. તમે મંદિરના આગળના ભાગમાં જે એક સુંદર કમાન કરી છે, હું તેની શું વાત કહું ? તે ઘણું ચોક્કસ અને મહાન કાર્ય છે. તે કામે મને ઘણો રાજી કર્યો છે. ૨૮. જ્યાં સુધી આ મંદિર રહેશે ત્યાં સુધી લોકો તેનાં દર્શન કરશે અને તમારું નામ લઈને આ કમાનને દેખશે. ૨૯. અમારો અને તમારો જે સંબંધ છે તેના ગૌરવને સહુ ગાશે. મારા મનમાં તો એમ થાય છે કે, હું તમને કઈ રીતે રાજી કરું ?” ૩૦.

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું, “અહો ! આપ મારા ઉપર પ્રસન્ન થયા છો, તો મને બધું જ મળી ગયું છે. હવે મને બીજી કોઈ ઈચ્છા રહી નથી.” ૩૧. **ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “સ્વામી ! આપ તો સદૈવ નિષ્કામી છો અર્થાત્ નિઃસ્પૃહ છો. છતાં પણ મારે કાંઈ ને કાંઈ તમને આપીને ખુશ કરવા જ છે.** ૩૨. તો સ્વામી ! તમે એમ કરો કે, તમારી પોતાની જે ચાદર છે તે મને આપો. તે ચાદર ઉપર હું ચરણારવિંદ છાપી દઈશ અને તેનાથી આપને ખુશ કરીને જ રહીશ.” ૩૩. આમ કહીને શ્રીહરિએ કુંકુમ મગાવ્યું. ત્યારે કોઈ ભક્ત તેને પલાળીને લાવ્યા. **પછી સ્વામી ઉપર ખુશ થયેલા શ્રીહરિ કંકુવાળા કરેલા પોતાનાં ચરણથી ચાદર ઉપર નાચવા લાગ્યા. ત્યારે ચાદરમાં ચરણારવિંદ છપાઈ ગયાં. તે ચરણારવિંદની સંખ્યા અઢાર જોડ થઈ.** ૩૪-૩૫.

આમ કરીને તે ચરણારવિંદવાળી ચાદર નિષ્કુળાનંદ સ્વામીને આપી, અને તે દેખીને તેઓ અતિશય પ્રસન્ન થયા. ૩૬. તેનાથી સ્વામીએ પોતાના જીવનને મહાન ભાગ્યશાળી માન્યું. સ્વામીને શ્રીહરિના સ્વરૂપમાં ઘણો જ પ્રેમ વધી ગયો. ૩૭. **મંદિરના આગલા ભાગમાં રહેલી કમાન આ પ્રસંગની સાક્ષી પૂરે છે. અને તેની સાથે અઢાર જોડ ચરણારવિંદની મહાન ચાદર પણ આજેય ધોલેરા મંદિરમાં વિદ્યમાન છે.** જ્યારે દર્શન કરવા જાઓ ત્યારે અવશ્ય તેનાં દર્શન કરજો. ૩૮-૩૯. મુખ્ય દરવાજામાં એ કમાન અદ્ભુત દર્શન આપે છે, અને દર્શનનાં સ્થળ ઉપર તે ચરણારવિંદવાળી મહાન ચાદર પણ વિદ્યમાન છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "કમિયાળામાં રામનવમીનો ઉત્સવ તથા ધોલેરામાં નિષ્કુળાનંદ સ્વામી આદિ સેવા કરવાવાળા ઉપર પ્રસન્નતા દર્શાવી" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૨૯

શ્રીહરિ ધોલેરામાં રહ્યા અને મૂર્તિઓ કેવી રીતે લાવ્યા ?

ધોલેરાનું મંદિર થયું તેમાં જે કોઈ પણ સંતો અને હરિભક્તોએ જે જે સેવા કરી હતી, તેના બદલામાં તે બધાને શ્રીહરિ ભેટીને મળ્યા અને પોતાનો રાજીપો આપ્યો. ૧. તેમનો રાજીપો પામીને સહુને ઘણો આનંદ થયો. ખરેખર સહજાનંદ સ્વામી સેવા કરનારાની ઉપર પ્રસન્ન થાય છે. ૨. પછી નારાયણજી નામે જે જોષી હતા તેને શ્રીહરિએ બોલાવ્યા, અને તેમની પાસે દેવની પ્રતિષ્ઠા કરવાનું મુહૂર્ત જોવડાવ્યું. ૩. 'વૈશાખ સુદિ તેરશ ને શુક્રવારને દિવસ શુભ સરસ મુહૂર્ત છે.' એમ તે જોષીએ કહ્યું. ૪. મુહૂર્તનો દિવસ ઘણો દૂર છે એમ સમજીને સારંગપાણિ શ્રીહરિએ કહ્યું, "હે ભક્તો ! અમે આટલા બધા દિવસ અહીંયાં નહીં રહીએ, એટલે અમે અત્યારે જ ચાલીએ છીએ." ૫.

ત્યારે ધોલેરાવાસી બધા હરિભક્તો શ્રીહરિને પગે લાગીને બોલ્યા, તે ભક્તોનાં હું નામ કહું છું : પૂજાભાઈ, ભોજાભાઈ, બાપજીભાઈ, વિરહાભાઈ, બાપુજીભાઈ અને કાયાભાઈ, આ બધા ક્ષત્રિયો ત્યાં હાજર હતા. અને અજુબા તથા ફૂલીબા તો લક્ષ્મીજી અને રાધિકાજી જેવા મહાપ્રેમી ભક્તો હતાં. ૬-૭. ખીમાભાઈ, વનમાળીભાઈ અને જીવણભાઈ એમની ભક્તિ તો ઘણી મતવાલી હતી. ગગાભાઈ, ત્રીકમજી, કલ્યાણભાઈ અને ડોસાભાઈ આદિ સુજ્ઞ વણિક હરિભક્ત હતા. ૮. ગગજી, રતનજી, દામજી, કાનજી અને માનજી, આવા શુભ નામવાળા ઘણા પાટીદારો હતા. તે સ્નેહથી શ્રીહરિને સેવનારા હતા. ૯. ભાયાત્માનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી અને ત્રીજા નિષ્કુળાનંદ સ્વામી કે જે નિર્બંધ હતા.

તે સહુએ પ્રેમથી હાથ જોડ્યા અને કહ્યું, “હે કૃપાનાથ હરિ ! આપ સાંભળો. ૧૦. આપ દયાળુ, પ્રતિષ્ઠા સુધી અહીં રહો અને પછી ગઢપુર જાઓ. આપ ભક્તવત્સલ ભગવાન છો. તેથી અમને આટલું સુખ આપો.” ૧૧. તે સંતો-હરિભક્તોની આવી વિનંતી સાંભળીને સુખનિધિ શ્રીહરિ ધોલેરા સ્થાનમાં રોકાયા. શ્રીહરિ જ્યારે ગઢપુરમાં હતા ત્યારે ત્યાંથી ભગવાનની મૂર્તિ ધોલેરા મોકલી હતી. ૧૨. ભાયાત્માનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી સુખકારી શ્રીહરિની આજ્ઞાથી તે મૂર્તિઓને ધોલેરા લાવ્યા હતા. ૧૩. દાદા ખાચર ! તમે સાંભળો, હવે તે વાત હું કહું છું. ભગવાનની લીલા સાંભળવાનો તમને સુઅવસર પ્રાપ્ત થયો છે. ૧૪. એકવાર દરબાર પૂજાભાઈ ગઢપુર આવ્યા હતા. ત્યારે તેમણે ઘણી વિનંતી કરીને કહ્યું કે, “હે મહારાજ ! અમારા ઉપર કૃપા કરો. ૧૫. કોઈ સંતને મંદિર કરવા માટે ધોલેરા મોકલો. સત્સંગ માટે આજે અમારે મંદિરની અત્યંત આવશ્યકતા છે.” ૧૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “સહુ સંતો મારી વાત સાંભળો. અમારે ધોલેરામાં વહેલાસર ભગવાનની મૂર્તિ પધરાવવી છે. તો જે ધોલેરા જાશે તેને અમે ભાવથી ભેટશું અને ત્યાંના મહંત પણ બનાવશું ને તેના ઉપર કાયમ રાજી રહેશું.” ૧૭-૧૮. આ રીતે બ-ત્રણ વખત બોલ્યા. છતાં કોઈ

સંત લગાર પણ બોલ્યા નહીં. તે અવસરે ભાયાત્માનંદ સ્વામી શ્રીહરિની મરજી દેખીને બોલ્યા, "મહારાજ ! જો આપ કહો તો હું જાઉં અને આપની પ્રસન્નતા મેળવું. હે નાથ ! મને પૂજાભાઈની સાથે ઠીક ફાવશે." ૧૯-૨૦. ત્યારે મહારાજે એમ કહ્યું, "સ્વામી ! એ વાત તો ઘણી સારી છે. તમે ધોલેરા જાઓ એનાથી હું તમારા ઉપર ખૂબ રાજી છું." ૨૧. ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા, "ભાયાત્માનંદ સ્વામી ધોલેરા કેમ જશે ? કારણ કે એને તો રોજ બાજરાના મોટા એક-બે રોટલા જમવા જોઈએ. ૨૨. અને ત્યાં તો ફક્ત ઘઉંની નાની નાની રોટલી મળે છે."

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "વર્ણી ! તેમને ધોલેરા જવા દો. ૨૩. સંતો જ્યારે ધોલેરા રહેશે ત્યારે ત્યાં બધું ઠીક થઈ જશે." પછી શ્રીહરિએ બીજે દિવસ એક ગાડી તૈયાર કરાવી. ૨૪. એમાં મદનમોહનજી મહારાજની મૂર્તિ મુકાવી. ગાંડો અને પારેવો, એ નામના બે બળદ ગાડીએ જોડાવ્યા. ૨૫. પછી નિષ્કુળાનંદ સ્વામીને પણ ભાયાત્માનંદ સ્વામીની સાથે કૃપા કરીને શ્રીહરિએ ધોલેરા મોકલ્યા. ૨૬. પછી તે બંને મહંત સંત ધોલેરાધામ આવ્યા. સંતોએ એક ઓરડામાં મૂર્તિઓને પધરાવી. ૨૭. આ રીતે મહારાજે ધોલેરાના મંદિર માટે અને ત્યાંનાં બધાં કામ કરવા માટે સંતોએ સહિત મૂર્તિ મોકલી હતી. ૨૮. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી હરિચરિત્ર કહે છે અને પરમ પવિત્ર દાદા ખાચર તે સાંભળે છે. મદનમોહનજી મહારાજની મૂર્તિ ધોલેરા કઈ રીતે આવી ? તે બધી વાત મેં દાદા ખાચર ! તમને સંભળાવી. ૨૯. હવે ધોલેરામાં મહારાજે શું કર્યું ? તે કથા કહું છું.

પછી જે ઓરડામાં મૂર્તિ પધરાવેલી હતી, ત્યાં જોવા માટે શ્રીહરિ પધાર્યા. મૂર્તિઓ જોઈને ખૂબ રાજી થયા. પછી મૂર્તિ ઉપર હાથ ફેરવીને બોલ્યા, **"આ મૂર્તિઓ ઘણી ચમત્કારી છે. આનાં દર્શનથી બધાં નર-નારીઓ અક્ષરધામને પામશે; એવી આ મૂર્તિઓ સુખધામ છે."** ૩૦-૩૧. શ્રીહરિએ તે વખતે તત્કાળ જ બે ઘોડેસવારોને ગઢપુર મોકલ્યા. ધર્મવંશીઓ તથા દાદા ખાચર, એ બંનેના પરિવાર અને ત્યાં જે કોઈ સંતો કે હરિભક્તો હોય, એ બધાંને બોલાવવાં હતાં; એટલે તે બે જણ ગઢપુર ગયા. ૩૨-૩૩. પ્રતિષ્ઠા

બાબતમાં ભક્તોને ભલામણ કર્યા પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. ઘણી કંકોત્રીઓ લખીને દેશ-દેશમાં મોકલી. ૩૪.

પછી સુખધામ અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ વગેરે ગઢપુરથી ધોલેરા આવ્યા. તેમણે શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. ૩૫. દીનાનાથ શ્રીહરિ તે બંનેને જોઈને રાજી થયા. બંનેના માથા ઉપર પોતાનો હાથ મૂક્યો. બે શિક્ષાપત્રી મંગાવી અને ઘણું હેત જણાવીને બંનેને એક એક આપી. ૩૬. બંનેને કહ્યું, **"તમે બંને આનો રોજ પાઠ કરજો અને તેમાં લખ્યા પ્રમાણે વર્તજો. તથા જે તમારા શિષ્યો ગણાતા હોય તે સહુને શિક્ષાપત્રી પ્રમાણે સદાય વર્તાવજો."** ૩૭. તે સમયે દાદા ખાચર તમે પણ ત્યાં આવ્યા એટલે તેમને પણ શિક્ષાપત્રી આપી અને કહ્યું કે, "આ શિક્ષાપત્રી પ્રમાણે તમારે વર્તવું, તેમાં અમારો રાજીપો છે." ૩૮.

પછી બધાએ શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું, "હે નાથ ! આપ જેમ કહેશો તેમ જ અમે રહીશું." ૩૯. આવું સાંભળીને શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા. કેમ જે, જે લોકો આજ્ઞા પાળે છે તેના ઉપર શ્રીહરિને અતિ પ્રેમ રહે છે. ૪૦. પછી સુખદાયક શ્રીહરિ બોલ્યા કે, **"આ મારી વાણી તે મારું સ્વરૂપ છે, એમ જાણી તમારે બધાયે શિક્ષાપત્રીને અનુસરીને રહેવું."** ૪૧. મુક્તાનંદ સ્વામી કહે છે કે, 'હે દાદા ખાચર ! શ્રીહરિએ અપાર કૃપા કરીને કોઈના કહ્યા વિના જ આ શિક્ષાપત્રી લખીને આશ્રિતોને દીધી છે. તે સહુને સુખ કરનારી છે.' ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ ધોલેરામાં રહ્યા અને મૂર્તિઓ કેવી રીતે લાવ્યા ?" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૦

ધોલેરાના દેવોની પ્રતિષ્ઠા બાદ મહિમા કહ્યો તથા બધા ધામના મહંતો બનાવ્યા

ધોલેરામાં રાત-દિવસ મંદિરનું ઘણું કામ ચાલતું હતું. તે ત્યાં રહીને ઘનશ્યામ પ્રભુ શ્રીહરિ રોજ રોજ દેખતા હતા. ૧. પ્રતિષ્ઠાનો દિવસ જ્યારે નજીક આવ્યો અને જે સમયે પ્રતિષ્ઠાનું મુહૂર્ત હતું, તે વખતે મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે ધર્મના લાલ શ્રીહરિએ ઉમરેઠના વિપ્રને બોલાવ્યા. ૨. ત્યાંના વેદપુરુષ હરિભાઈ અને બીજા પણ વિદ્વાન વિપ્ર મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે ધોલેરા આવ્યા. ૩. શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે સહુએ મળી આનંદથી ત્યાં સુંદર સુખકારી મંડપ અને કુંડ વગેરે કર્યા. ૪. પહેલાં જેમ વડતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી, તે રીતે ધર્મના લાલ શ્રીહરિએ જે પવિત્ર વિપ્રો આવ્યા હતા, તે બધાને મોટું મન રાખીને વરૂણીમાં બેસાડ્યા. ૫. વડતાલની જેમ જ શ્રીહરિએ અહીંયાં **ધોલેરામાં સં.૧૮૮૨, વૈશાખ સુદ-૧૩ને દિવસે દેવોની ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠા કરી.** તે દેવનું નામ સુખધામ **'મદનમોહનજી મહારાજ'** આવું રાખ્યું. ૬. સુખદ શ્રીહરિએ દેવની આરતી ઉતારી ત્યારે ઘણો જ જય જયકાર થયો.

તે વખતે અનેક પ્રકારનાં સુખકારી વાજિંત્ર વાગતાં હતાં. ૭. દેવતાઓ પણ દુંદુભિ વગાડીને ખૂબ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. તે સમયે શ્રીહરિની ઇચ્છાથી મદનમોહનજી મહારાજની મૂર્તિમાંથી અતિશય તેજ પ્રગટ થયું. ૮. તે તેજને દેખીને સહુને આશ્ચર્ય થયું. પછી તે તેજ ફરીને મૂર્તિમાં સમાઈ ગયું. સહુએ પોતપોતાની શક્તિ અનુસાર ઘણી ભેટ અર્પણ કરી. ૯. વળી, તે સમયે શ્રીહરિએ સંતો તથા હરિભક્તોની આગળ મદનમોહનજી મહારાજનો ઘણો મહિમા કહેતાં કહ્યું કે, **"આ મદનમોહનજી મહારાજ ભાલ દેશના રાજા થયા છે.** ૧૦. **તેમની આ મૂર્તિ ઘણી ચમત્કારી છે. તેનો મહિમા આગળ જતા બહુ જ વધશે. તેમની જે કોઈ ભાવથી પૂજા કરશે તેમના બધા જ મનોરથ સફળ થશે.** ૧૧. આ 'ધોલેરા' યાત્રા માટેનું એક ઘણું

સારું ધામ બનશે. આ ધામનો મહિમા પછીથી બધી જગ્યાએ વધશે. ૧૨. **મદનમોહનજી મહારાજના પ્રતાપથી ભાલ દેશ સુખી થશે. તમારે સહુએ મારી કહેલી આ બધી વાતને સાચી માનવી."** ૧૩.

પછી શ્રીહરિએ ઘણા પ્રેમથી બ્રાહ્મણોને જમાડ્યા. સહુને દાન અને દક્ષિણા ઘણી આપી. તેથી તે વિપ્રો અપાર ખુશી થયા. ૧૪. વળી, શ્રીહરિએ ઘણા સ્નેહથી સ્વાદિષ્ટ ભોજન બનાવડાવીને સંતો, વર્ણી, પાર્ષદો અને ભક્તોને ખૂબ જમાડ્યાં. ૧૫. પછી બીજે દિવસે ત્યાં નૃસિંહ જયંતીનો ઘણો મોટો ઉત્સવ કર્યો, અને બધા લોકોને આનંદ આપ્યો. ૧૬. ભગવાન શ્રીહરિએ પૂનમને દિવસ સવારમાં પારણા કર્યાં અને પછી પોતે સભામાં વિરાજમાન થયા. ૧૭. મહાન ત્યાગી અદ્‌ભુતાનંદ સ્વામી અને વૈરાગ્યવાન નિષ્કુળાનંદ સ્વામી, બંનેને અધૂરું રહેલું મંદિરનું કામ પૂરું કરવાનું કહ્યું. ૧૮. આ રીતે શ્રીહરિએ ધોલેરામાં ઘણો જય જયકાર કર્યો. ખરેખર ધોલેરાના હરિભક્તોને ધન્ય છે કે, જેમણે શ્રીહરિને તન, મન અને ધન અર્પણ કર્યાં હતાં. ૧૯. ધોલેરાધામને ધન્ય...ધન્ય છે કે, જ્યાં ઘનશ્યામ પ્રભુ શ્રીહરિએ અનેક લીલા કરી છે. પછી વૈશાખ વદિ પડવાને દિવસે શ્રીહરિએ ધોલેરાથી વિદાય લીધી અને **ગઢપુર** ગયા. ૨૦.

ગઢપુરના બધા ભક્તો શ્રીહરિના વિયોગથી ઉદાસ રહેતા હતા. તેથી તે શ્રીહરિ ગઢપુર પધારે છે તેવું સાંભળીને તેઓએ આગળ સામા જઈને ઘણું સન્માન કર્યું. ૨૧. જ્યારે તે ભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે તેમના વિયોગનો તાપ ટળ્યો. પ્રભુ શ્રીહરિનાં દર્શન કરીને સહુ રાજી થયા અને સહુના મન શાંત થઈ ગયા. ૨૨. પછી શ્રીહરિએ એક દિવસ સંતો તથા હરિભક્તોની સભા કરી. સભામાં શ્રીહરિએ સહુને એમ કહ્યું કે, "અમે મોટાં મંદિર બનાવ્યાં છે. ૨૩. પણ હવે પોતાનું વર્તન શુદ્ધ રાખીને જે એ મંદિરોનો બધો વ્યવહાર કરે એવા મહંત બનાવવા જોઈએ. કેમ જે, તે મહંત વિના મંદિરનો વ્યવહાર કઈ રીતે ચાલશે ? ૨૪. જો મહંત બનાવીએ તો તે બધી દેખભાળ રાખે અને મંદિરનું મમત્વ રાખીને સહુની સંભાળ લે. ૨૫. માટે અમે મંદિરોના મહંત બનાવવાનો મનમાં નિશ્ચય કર્યો છે. વળી,

અમે જેને જ્યાંના મહંત બનાવવાનું નક્કી કર્યું છે, તેમનાં નામ હવે હું તે તે ધામોએ સહિત કહું છું.

❋ શ્રીહરિએ વડતાલાદિ ધામોના મહંત બનાવ્યા :

વડતાલ મંદિરના મહંત **અક્ષરાનંદ સ્વામી.** ૨૬-૨૭. ભુજ મંદિરના મહંત **વૈષ્ણવાનંદ સ્વામી** અને અમદાવાદના મહંત બુદ્ધિમાન **સર્વજ્ઞાનંદ સ્વામી** છે. ૨૮. તેમજ ધોલેરા મંદિરના મહંત **અદ્‌ભુતાનંદ સ્વામી** રહેશે. વળી ગઢપુર મંદિરના મહંત આજથી **વિરક્તાનંદ સ્વામી** રહેશે." ૨૯. આ રીતે શ્રીહરિએ મોટા મંદિરના મહંતોની સભામાં જાહેરાત પ્રસિદ્ધ રીતે કરી. તે સદ્‌ગુરુઓને મહંતાઈ આપી અને સુખકારી શ્રીહરિએ રાજીપાના હાર પણ પહેરાવ્યા. ૩૦. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, "મહારાજ ! જૂનાગઢમાં તો કાંઈક વિચાર કરીને મહંત નક્કી કરવા પડશે. ૩૧. કારણ કે, ત્યાં મુસ્લિમ રાજ્ય છે અને શૈવ બ્રાહ્મણોનું બળ છે. તેથી ત્યાં એવા સંતની નિયુક્તિ કરવી કે જે વારે વારે બદલવા ન પડે." ૩૨.

ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, "જૂનાગઢના મંદિરમાં અમે કોઈ એવી નિયુક્તિ કરશું કે ફરીવાર ક્યારેય તે બદલવા પડે નહીં." ૩૩. પછી જેઠ સુદિ પૂનમને દિવસ પરમનિપુણ શ્રીહરિએ સભા કરી અને તે સભામાં વિરાજમાન થયા. પછી હાથમાં ફૂલનો હાર લઈને બોલ્યા, "બુદ્ધિમાન ગુણાતીતાનંદ સ્વામી ! લો આ હાર આપ જ પહેરો. આજથી તમે જૂનાગઢ મંદિરના મહંત થયા." ૩૪-૩૫. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! તમે સાચી વાત કહી. પરંતુ હું મહંત નહીં બનું. હું મહંતાઈનો હાર નક્કી નહીં પહેરું." ૩૬.

ત્યારે શ્રીજીમહારાજે ઘણો આગ્રહ કર્યો એટલે ગુણાતીતાનંદ સ્વામીએ પ્રેમથી કહ્યું, **"જો આ ગોપાળાનંદ સ્વામી દરેક વર્ષે ખાસ એક મહિનો મને સત્સંગ કરાવવા જૂનાગઢ આવે.** ૩૭-૩૮. અને ત્યાં આવી મહંતાઈનો મારો કાટ સ્વામી વાત કરીને ટાળે, તો મને કોઈ જાતની ચિંતા નથી, તો હું અત્યારે હોંશથી હાર પહેરીશ." ૩૯. પછી શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું, "શું તમે આ કામ કરશો ? સત્સંગ કરાવવા માટે જૂનાગઢ જશો ? ૪૦.

દર વર્ષે સમય કાઢીને એક મહિના સુધી આપે ગુણાતીતાનંદ સ્વામીને વાતો કહેવા માટે ખાસ જૂનાગઢ જવું પડશે." ૪૧. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "મહારાજ ! જેવી આપની આજ્ઞા હોય તેમ હું આપને રાજી કરવા માટે કામ કરીશ." ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ધોલેરાના દેવોની પ્રતિષ્ઠા બાદ મહિમા કહ્યો તથા બધા ધામના મહંતો બનાવ્યા" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૧

જૂનાગઢ જનારા સંતો પર પ્રસન્નતા તથા વડતાલ તરફ પ્રયાણ

આધારાનંદ સ્વામી અનુપમ સારરૂપ કથા લખે છે કે, પછી તો ગોપાળાનંદ સ્વામી જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા, ત્યાં સુધી લગાતાર દર વર્ષે એક માસ ગુણાતીતાનંદ સ્વામીને ખાસ વાતો કરવા માટે જૂનાગઢ જતા હતા. ૧-૨. ત્યાં જઈને દર્શન આપતા અને ભાવથી સત્સંગ કરાવતા હતા, અને તેનાથી ગુણાતીતાનંદ સ્વામી પોતાના મનમાં ઘણું પ્રસન્ન રહેતા હતા. ૩. કદાચ કોઈ વર્ષ કામકાજને લીધે જો ન જઈ શક્યા હોય, તો બીજે વર્ષ બે માસ રહીને સહુને ન્યાલ કરી દેતા હતા. ૪. આ રીતે જીવનપર્યંત મુનિવર્ય ગોપાળાનંદ સ્વામી જૂનાગઢમાં રહેનારા સંતોને સત્સંગની વાતો કહેવા માટે જતા હતા. ૫.

આ રીતે શ્રીહરિએ જૂનાગઢ મંદિરનું કામ કરવા માટે **ગુણાતીતાનંદ સ્વામીને મહંત કર્યા.** પછી સંતોએ સહિત તેમને જૂનાગઢ જવાનું કહ્યું. ૬. **ગુણાતીતાનંદ સ્વામી શ્રીહરિની મરજીને અનુસર્યા એટલા માટે તેમને શ્રીહરિએ પોતાની અતિ સુંદર પાઘ ખૂબ રાજી થઈને અર્પણ કરી.** ૭. અને બોલ્યા કે, "હું તમને રાજીપાનું આ ભાતું આપું છું." પછી સંતોને ઉદ્દેશીને શ્રીહરિ એમ બોલ્યા કે, 'જે સંતો ગુણાતીતાનંદ સ્વામીની સાથે જૂનાગઢ જશે

તેમના ઉપર અમે વિશેષ કૃપા કરશું. તેમના કરોડો જન્મોની કસર ટાળશું અને આ જન્મમાં જ મુક્તિ આપીશું.' ૮-૯.

આવી વાત સાંભળતાની સાથે જ અગિયાર સંતો ગુણાતીતાનંદ સ્વામીની સાથે જવા માટે તૈયાર થયા. પછી તે સહુ આનંદથી જૂનાગઢ પહોંચ્યા. ત્યાં બ્રહ્માનંદ સ્વામી મંદિરનું જે કામ કરતા હતા તેમાં બધા સુખધામ સંતો જોડાઈ ગયા. આ બાજુ શ્રીહરિ ચાતુર્માસ પર્યંત ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા. ૧૦-૧૧. ગઢપુરમાં રહેલા શ્રીહરિ રોજ સભામાં જ્ઞાનોપદેશની સાથે ભક્તોને સુખ આપતા હતા. શ્રીહરિએ જન્માષ્ટમીનો ઘણો સારો ઉત્સવ કર્યો. વળી, અન્નકૂટનો જે ઉત્સવ કર્યો તેની વાત તો ઘણી અદ્‌ભુત અને ન્યારી છે. ૧૨.

આ રીતે શ્રીહરિએ બંને ઉત્સવ ગઢપુરમાં કર્યા. તેનો આનંદ સંતો તથા હરિભક્તોના દિલમાં સમાતો નહીં. ૧૩. તે સમયે દયાનિધિ શ્રીહરિએ ગઢપુરમાં રહીને જ સંપ્રદાયમાં કરવાના વ્રતો તથા બધા ઉત્સવોનો ઉત્તમ વિધિ અને તેનો નિર્ણય કહ્યો હતો. ૧૪. આ બધી વાત સત્સંગિજીવન ગ્રંથમાં સ્પષ્ટ લખી છે તો ત્યાંથી તે જાણી લેવી. ૧૫. પછી આવતી પ્રબોધની એકાદશી ઉપર વડતાલ જવાનું નક્કી થયું. શ્રીહરિ બોલ્યા કે, “હવે અમે વડતાલ જઈએ છીએ. ૧૬. અમે છડી (ડંકા-નિશાન વગેરે સહિત) સવારી સાથે લઈને વડતાલ જઈશું અને ત્યાં સમૈયો કરીશું. માટે જે જલદી ચાલવાવાળા સવારો અને પાળા હોય તે બધા તૈયાર થઈ જાઓ, હવે કોઈ વાર નથી; આવતી કાલે જ જવું છે. સંતમંડળ સહુ આગળ જાઓ. સામાન ભરેલી ગાડીઓ આગળ મોકલો.” ૧૭-૧૮. પછી સહુ સંતો સવારે ચાલ્યા અને વડતાલનો રસ્તો લીધો. પછી શ્યામ સુજાણ શ્રીહરિએ ભોજન કર્યું અને દિવસના ત્રીજે પહોરે વડતાલ જવા પ્રયાણ કર્યું. ૧૯. શ્રીહરિની સાથે ઘોડેસવાર કાઠી સખાઓ હતા, અને પોતાના દત્તપુત્ર પણ બંને સાથે હતા. **સારંગપુર** જઈને રાત્રી રહ્યા અને પછી ત્યાંથી સવારે ઊઠીને ચાલતા થયા. ૨૦. **સુંદરિયાણા** જઈ ત્યાં વિશ્રાંતિ લીધી અને **પચ્છમ** ગામ જઈને રાત રહ્યા.

✳ પચ્છમ ગામની ભાગોળે અનેક બાળકોનો ઉદ્ધાર :

ગામના બધા હરિભક્તોએ શ્રીહરિને પુરુષોત્તમ જાણીને પ્રેમથી શુભ ત્યાં શ્રીહરિએ સરોવરને કિનારે ઉતારો કર્યો, ત્યારે ત્યાં ગામના હરિભક્તો આવ્યા. ૨૧. રીતે સેવા કરી. પછી શ્રીહરિ જ્યારે ત્યાં પોઢી ગયા ત્યારે બધા કાઠી સખાઓ અનુક્રમથી ચોકી કરવા જાગ્યા. ૨૨. આમ કરતાં જ્યારે અડધી રાત ગઈ ત્યારે એક અદ્‌ભુત વાત બની. ત્યારે સોમલા ખાચરનો જાગવાનો વારો આવ્યો. તે સિવાયના બીજા જાગતા હતા તે સૂઈ ગયા. ૨૩. તે વખતે અપરંપાર નાના બાળકો શ્રીહરિની પાસે આવ્યાં. નટવર શ્રીહરિ તેમના માથા ઉપર હાથ ફેરવીને હેતથી બોલ્યા, **"તમે બધા અહીંથી જઈને સત્સંગમાં સારી રીતે જન્મધારણ કરો. પછી મારી ભક્તિ કરવાથી તમને સાક્ષાત્ મોક્ષ મળશે."** ૨૪-૨૫. પછી શ્રીહરિને પ્રણામ કરીને તે તમામ બાળકો અદશ્ય થઈ ગયાં.

તે દેખીને સોમલા ખાચર આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિને પૂછ્યું કે, "હે હરે ! તે બધાં બાળક કોણ હતાં ? એ અજાણ્યા બાળક અહીં ક્યાંથી આવ્યાં હતાં ? આપ તો સહુના રક્ષક છો તેથી મારા આ સંદેહને ટાળો." ૨૬-૨૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, "ભાઈ સાંભળો, પૂતનાએ જે જે બાળકોને માર્યાં હતાં તે બધાં અત્યારે અમારી પાસે સાક્ષાત્ આવ્યાં હતાં. ૨૮. તેઓ પાપિણીને હાથે મર્યાં હતાં તેથી મર્યા પછી ભૂત થયાં હતાં. તે સહુને ઉત્તમ ગતિ લેવાની આશા હતી તેથી તે બધાં ભેળામળીને અત્યારે અમારી પાસે આવ્યાં હતાં. ૨૯. હવે પછી તે બધાં સત્સંગમાં જન્મ લેશે અને પછી તેનો ઉદ્ધાર થશે." ત્યારે સોમલા ખાચરે હાથ જોડ્યા અને કહ્યું, "હે દયાળુ નાથ ! આપને ધન્ય છે." ૩૦. આવા તો ઘણા ચમત્કાર નરનારીઓ વારંવાર દેખતાં હતાં.

પછી સવારે નાવમાં બેસીને શ્રીહરિ સાબરમતી ઊતર્યા અને **ગલિયાણા** ગામ ગયા. ૩૧. નદીને કિનારે ભાઠામાં થનારાં સારાં રીંગણાં સોમલા ખાચરે જોયાં. તે રૂપિયો આપીને ખરીદ્યાં અને ભગવાન શ્રીહરિને ભેટ ધર્યાં. ૩૨.

ગલિયાણાના હરિભક્તોએ શ્રીહરિને રાત રાખ્યા અને ઘણી સારી રસોઈ કરાવી. ઘોડાઓ માટે ચંદી(અનાજ) અને ઘાસ આપ્યું. શ્રીહરિ તથા સાથે આવેલા સહુની સારી સેવા કરી. ૩૩. ત્યાં ગોપાળજી મહારાજે ભોજન માટે બાટી બનાવી. પૂર્વદેશમાં જેવી બનાવે તેવી ઉત્તમ બાટી બનાવી હતી. ૩૪. ત્યાં સોમલા ખાચરે જે રીંગણાં આપ્યાં હતાં તેનું સ્વાદિષ્ટ શાક કર્યું. ભક્તોના જીવનપ્રાણ ઘનશ્યામ શ્રીહરિ તે જગ્યાએ બેસીને જમ્યા, અને શાકને ખૂબ વખાણ્યું. ૩૫. આનાથી સોમલા ખાચરનો ઘણો પ્રેમ જણાયો. તે પ્રેમને કારણે જ શાકમાં સારો સ્વાદ આવ્યો હતો. રઘુવીરજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ રાજી થઈને તે જમ્યા. ૩૬. શ્રીહરિએ સંતો તથા હરિભક્તોને ભોજન કરાવ્યું. સહુ શ્રીહરિનો પ્રસાદ મળવાથી ખૂબ રાજી થયા. ૩૭.

❋ સ્નેહની તાકાત :

दोहा : जहाँ जहाँ प्रेम होत है, वहाँ हि होत आनंद;
एक प्रेम से हि मिलत है, स्वामी सहजानंद...३८

सोरठा : स्नेह में है ताकात, सबसे अधिकतर विश्व में;
हरि मिले साक्षात, प्रेम जागे जो हरि प्रति...३९

तासे स्वादिष्ट शाक, श्रीहरि संत को लगा था;
प्रेम बिना न्यून पाक, अच्छे होने पर भी लगे...४०

सुख का कारन प्रेम, दुःख का कारन द्वेष है;
दूर करके वहेम, प्रेम पूर में बहते रहो...४१

જ્યાં જ્યાં પ્રેમ હોય છે ત્યાં ત્યાં આનંદ હોય છે. ખરેખર તો એક આવા દિવ્ય પ્રેમથી જ ભગવાન શ્રીસહજાનંદ સ્વામી મળે છે. ૩૮. **વિશ્વમાં સ્નેહની અંદર સૌથી ઘણી અધિક શક્તિ છે. જો ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમ પ્રગટ થાય તો તેઓ સાક્ષાત્ મળે છે.** ૩૯. પ્રેમ હોવાથી જ શ્રીહરિ તથા સંતોને તે શાક પણ સ્વાદિષ્ટ લાગ્યું હતું. કારણ કે, પ્રેમ વિના તો સારામાં સારાં પકવાન હોય તોપણ ફીકાં લાગે છે. ૪૦. 'સુખનું કારણ પ્રેમ છે અને દુઃખનું કારણ દ્વેષ છે.' માટે બધી જાતના વહેમને દૂર કરીને

પ્રેમના પૂરમાં વહેતા રહો. ૪૧. નદીના કિનારે ઘનશ્યામ શ્રીહરિએ સાંજે ભોજન કર્યું અને પછી રાતે પોઢી ગયા. તે વખતે સંતો, હરિભક્તો તથા સર્વે લોકો પણ સૂઈ ગયા. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં 'જૂનાગઢ જનારા સંતો પર પ્રસન્નતા તથા વડતાલ તરફ પ્રયાણ' એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૨

વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા

સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી હરિચરિત્ર કહે છે અને દાદા ખાચર તે સાંભળે છે. તે રીતે જ બીજા ભક્તો સાંભળે છે તેને પણ અતિશય આનંદ આવે છે. ૧. સહુના પ્રાણજીવન શ્રીહરિ સવારમાં ઊઠીને સહુની સાથે ગામ ગલિયાણાથી આગળ ચાલ્યા, અને ભક્તજનના મનને ભાવતા એવા શ્રીહરિ **વડતાલ** પધાર્યા. ૨. વડતાલના બધા જ સંતો-હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુ ભજન કરતાં કરતાં શ્રીહરિને મંદિરમાં લઈ આવ્યા. ૩. દેવદર્શન કરીને શ્રીહરિ હરિમંડપમાં ઊતર્યા અને બીજા બધા હરિભક્તોને યથાયોગ્ય સ્થાનમાં ઉતારા કરાવ્યા. ૪.

પછી જ્યારે પ્રબોધની એકાદશી આવી ત્યારે હરિભક્તોના ઘણા ઘણા સંઘ આવ્યા. બહુ સારો ઉત્સવ થયો. હજારો સંતો અને હરિભક્તો આવ્યા હતા. ૫. તે રાતે સંતોએ રાસમંડળની રીતે પ્રેમથી કીર્તન ગાયાં. આ રીતે કીર્તન ગાતાં જ્યારે રાત ઘણી વીતી ગઈ ત્યારે રાજી થઈને શ્રીહરિ બોલ્યા, "આજ સહુને ઉપવાસ છે. હવે કીર્તન ગાવાનું બંધ રાખો, સહુને પ્રયાસ પડે છે." આમ કહીને શ્રીહરિએ કીર્તનગાન બંધ રખાવ્યું અને ખૂબ રાજી થયા. ૬-૭. વળી, અવિનાશી શ્રીહરિ જ્ઞાનકૂપની પાસે આવીને સંતોને ભેટ્યા. પછી શ્રીહરિ પોઢી ગયા અને સંતો તથા હરિભક્તો પણ સૂઈ ગયા. ૮. સહુ સવારમાં જાગ્યા અને સાથે મળીને શ્રીહરિ ગોમતી સરોવરે નહાવા

પધાર્યા. આ વખતે શ્રીહરિ રોજ ગોમતી સરોવરને ખોદાવતા હતા. તેમાં ઘણા જ ભક્તો સેવા કરવા માટે આવતા હતા. ૯.

પ્રભુ પોતે ગોમતીમાંથી માટી ઉઠાવતા, એવો પોતે ઉત્સાહ દેખાડતા. કોઈના શરીર ઉપર પરસેવાથી માટીનો કીચડ ચોંટ્યો હોય, તોપણ શ્રીહરિ તેને ભેટતા હતા. ૧૦. વળી, પોતાના કંઠમાંથી પ્રસાદીનો હાર કાઢીને આપતા. આ રીતે સેવા કરનારા ઉપર ખૂબ હેત દેખાડતા હતા. ભક્તો પણ અત્યંત ઉત્સાહથી કામ કરતા હતા, અને શ્યામસુંદર શ્રીહરિને રાજી કરતા હતા. ૧૧. પછી સુખદાયક શ્રીહરિ મંદિરમાં પધારતા અને ત્યાં ભોજન કરતા. વળી, ત્યાં સંતોને પોતે પીરસીને ભોજન કરાવતા અને ખૂબ જ આનંદ પામતા. ૧૨. આ રીતે ભગવાન શ્રીહરિ સંતોને રોજ જમાડતા અને પોતાને હાથે નિત્ય પકવાન પીરસતા હતા. ૧૩. વળી, સભામાં બેસીને સહુને જ્ઞાનનું દાન આપતા. અર્થાત્ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યની ઘણી સારી વાતો કરતા. ૧૪.

એક દિવસ સભામાં બેસીને જ્ઞાનોપદેશ કરતા હતા, **ત્યારે ગુડેલના દરબાર જીભાઈ એક સુશોભિત નવી સારી ઘોડી લાવ્યા. ૧૫. તે ઘોડી ઘણી કિંમતી હતી. તેમણે ઘણા પ્રેમથી તે શ્રીહરિને ભેટ કરી. શ્રીહરિએ તે સ્વીકારી. સહુ લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા.** ૧૬. આમ થોડા દિવસ વડતાલમાં રહીને અવિનાશી શ્રીહરિ ગઢપુર જવા નીકળ્યા, ત્યારે નાથ શ્રીહરિ નવી ઘોડી ઉપર બેસી, સંતો તથા પાર્ષદોને સાથે લઈને ચાલ્યા. ૧૭. રસ્તે જતાં શ્રીહરિએ ગાડા ગામની તરફ સિંજીવાડાનો જે સીમાડો હતો, ત્યાં ઉબડ-ખાબડ ખેતરમાં એક ખીજડાનું વૃક્ષ જોયું. ૧૮. તે ખીજડાની ચારેબાજુ ઘણી ચતુરાઈથી મહારાજે નવી ઘોડીને ઘુમાવી. નવી ઘોડી સારી રીતે ફરી. તે જોઈને બધા સખાઓ અને સંતો અત્યંત આનંદ પામ્યા. ૧૯. ધર્મના લાલ કૃપાળુ શ્રીહરિએ ઘણી હોશિયારીથી ઘોડીને ગોળ ગોળ ઘુમાવી હતી. ત્યાં સારા સારા ઘોડાની સવારી કરી જાણનારા જે જે કાઠીઓ હતા, તે ગોળાકારે ઘુમતી શ્રીહરિની ઘોડીને જોઈને અપાર આશ્ચર્ય પામ્યા. ૨૦.

આ લીલા દેખીને સંતો મનમાં વિચારવા લાગ્યા કે, 'અરે ! આ ખીજડાના ઝાડનું કેવું મહાન તપ હશે ? કે કરોડો બ્રહ્માંડના સ્રષ્ટા પ્રભુ શ્રીહરિ જેની ચારેબાજુ અનેક ફેરા ફર્યા.' ૨૧. પછી જગત્પતિ શ્રીહરિ **સિંજીવાડા** ગયા. ત્યાં જગરૂપ બારોટ નામે ભક્ત હતા. જેણે ઘણી સારી સેવા કરી. અવતારી પ્રભુ સિંજીવાડામાં રાત રહ્યા. ૨૨. પછી ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. વચમાં જે જે ગામમાં ઝાઝા ભક્તો રહેતા હતા, ત્યાં રોકાતાં રોકાતાં અવતારી પ્રભુ **ગઢપુર** પહોંચ્યા. તેમનાં દર્શન કરીને સહુ નરનારી પ્રસન્ન થયાં. ૨૩. શ્રીહરિ ગઢપુર નિવાસ કરીને રહ્યા હતા, અને ત્યાં મોટીબા તથા લાડુબા આદિ બાઈઓ તથા દાદા ખાચર આદિ પુરુષ ભક્તો, બધાં પ્રતિદિન દર્શન કરતાં હતાં. ૨૪. ગઢપુરમાં એક વખત શ્રીહરિએ વસંતપંચમીને દિવસ ખૂબ જ રંગક્રીડા કરી. તે વખતે સહુ દેવતાઓએ મળી, આકાશમાં રહીને અલબેલાનાં દર્શન કર્યાં. ૨૫. પાંડે ગોપાળજીભાઈના મામા સુફળ નામે હતા. ઘનશ્યામ પ્રભુ તેમની સાથે રંગે રમીને રસબસ થઈ ગયા. ૨૬.

❋ શ્રીહરિએ સુફલ મામા તથા ગોપાળજીને ચાખડી આપી :

પછી ભગવાન રામચંદ્રજીએ જેમ ભરતજીને પોતાની પાદુકા આપી હતી, તે રીતે જ ઘનશ્યામ પ્રભુએ સુફળ મામાને પોતાની ચાખડીઓ આપી. ૨૭. જ્યારે શ્રીહરિએ સુફળ મામાને પોતાની ચાખડી આપી, ત્યારે ગોપાળજીએ પણ મનમાં સંકલ્પ કર્યો. ૨૮. પ્રભુ શ્રીહરિ મને પણ દયા કરીને પોતાની ચાખડીઓ આપે. ઘણા દિવસ સુધી આવી ઇચ્છા રહી, છતાં પણ શ્રીહરિએ ચાખડીઓ આપી નહીં. ૨૯. એક દિવસ શ્રીહરિ જ્યારે થાળ જમવા બેઠા હતા ત્યારે ગોપાળજીએ યુક્તિ કરી. છાની રીતે શ્રીહરિની ચાખડીઓ લઈને એક કોઠીમાં સંતાડી દીધી. ૩૦. જ્યારે શ્રીહરિ થાળ જમીને ઊઠ્યા ત્યારે ત્યાં પોતાની ચાખડીઓ દેખી નહીં. બહુનામી પોતે અંતર્યામી છે, બધી વાતને જાણે છે છતાં સહુને પૂછવા લાગ્યા, "મારી ચાખડીઓ કોણે લીધી ? જેણે લીધી હોય તે સાચું કહો." ત્યારે ગોપાળજી હાથ જોડીને બોલ્યા, "મેં આપની ચાખડીઓ લીધી છે. ૩૧-૩૨.

જે રીતે સુફળ મામા ચાખડીઓને પૂજે છે, તે રીતે મારા મનમાં પૂજા કરવાની મેં ઘણી આશા રાખી હતી; છતાં આપે મને ચાખડીઓ આપી નહીં. ૩૩. ત્યારે આ જગ્યાએથી મેં ચાખડીઓ ઉઠાવી લીધી અને કોઠીમાં સંતાડી દીધી છે." પછી તે ચાખડીઓ લાવીને આપી. ત્યારે કૃપાનાથ શ્રીહરિએ તે ચાખડીઓ સ્વીકારી લીધી. ૩૪. તે વખતે તે ચાખડીઓને પગમાં પહેરી લીધી. પછી તે ગોપાળજીને આપી, અને કહ્યું કે, "આની રોજ પૂજા કરજો અને મનમાં તેનો મહિમા રાખજો." ૩૫. ત્યારે ગોપાળજીએ એમ કહ્યું કે, "આપ શ્રીહરિના સમાન અન્ય કોઈ નથી, આપ સર્વોપરિ બહુનામી છો અને અક્ષરધામના ધામી છો. ૩૬.

दोहा : सबके कर्ता एक हो, स्वामी सहजानंद;
जहाँ भी आनंद होत है, उनके हो मूलकंद...३७

आनंदमूर्ति हो श्रीहरि, सदैव ज्ञान साकार;
पर से पर सर्वज्ञ हो, श्रीहरि सर्वाधार....३८

सोरठा : कारन के कारन, स्वामिनारायण सर्वोपरि;
सर्व जीव तारन, श्रीपुरुषोत्तम प्रगट प्रभु...३९

किया है अद्भुत काम, प्रगटी पुरुषोत्तमजी;
ले गये अक्षरधाम, अनंत पापी जीव को...४०

अक्षरपति सुखधाम, सब ब्रह्मांड के स्वामी हरि;
प्रगट श्रीघनश्याम, स्नेही सहजानंदजी...४१

આપ સહજાનંદ સ્વામી સર્વના કર્તા એક જ છો. જ્યાં ક્યાંય પણ આનંદ હોય છે તે સહુનું મૂળકારણ પણ આપ જ છો. ૩૭. આપ આનંદ સ્વરૂપ છો, સદાય સાકાર જ્ઞાનસ્વરૂપ છો, પરથી પણ પર સર્વજ્ઞ અને સર્વાધાર શ્રીહરિ છો. ૩૮. સર્વોપરિ શ્રીસ્વામિનારાયણ, આપ કારણનું પણ કારણ છો. સર્વ જીવોને તારનારા પ્રગટ પુરુષોત્તમ પ્રભુ છો. ૩૯. આપ પુરુષોત્તમે પ્રગટ થઈને અદ્‌ભુત કામ કર્યું છે. અનંત પાપી જીવોને પણ અક્ષરધામ લઈ ગયા છો. ૪૦. આપ સુખના ધામ અક્ષરાધિપતિ અને બધા

જ બ્રહ્માંડોના સ્વામી શ્રીહરિ છો. શ્રીઘનશ્યામ પ્રગટ સ્નેહી સહજાનંદ છો. ૪૧. તમે પોતાનું ધ્યાન કરાવીને નર-નારીઓને સુખી કર્યાં છે. સહુના આ લોક અને પરલોકનાં બધાં જ વિઘ્નો આપે ટાળ્યાં છે." ૪૨.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડતાલમાં પ્રબોધિનીનો ઉત્સવ કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૩

ઇચ્છારામભાઈનો અક્ષરવાસ તથા બદ્ધ-મુક્ત વિષયક રહસ્યમય પ્રશ્ન

શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથમાં ઇચ્છારામભાઈએ દેહત્યાગ કર્યો તેની અનુપમ તથા સુખરૂપ કથા છે. ૧. ઇચ્છારામભાઈનો અગ્નિસંસ્કાર થયો તે સમયે શ્રીહરિએ જે વાત કહી હતી, તે કથા હવે સહુને જાણવા માટે અહીંયાં લખું છું. ૨. શ્રીહરિ એકવાર અક્ષરઓરડીમાં બેઠા હતા. ત્યારે કોઈએ આવીને તેમને સમાચાર કહ્યા. ૩. 'અત્યારે ઇચ્છારામભાઈ બહુ બીમાર છે.' તે સાંભળીને સુખદાતા શ્રીહરિ તરત જ તેમની સંભાળ લેવા ચાલ્યા. ૪. ધર્મકુળના નિવાસસ્થાનના એક ઓરડામાં ઇચ્છારામભાઈનો ઉતારો હતો ત્યાં પોતે પધાર્યા, અને તેમને કહ્યું, "ભાઈ આપનું આયુષ્ય પૂરું થઈ ગયું છે, કાંઈ બાકી નથી; પરંતુ આપને જો જીવવાની ઇચ્છા હોય તો હું આયુષ્ય વધારી દઉં." ૫-૬.

તે સાંભળીને ઇચ્છારામભાઈ થોડું હસ્યા અને ત્યાં બોલ્યા, "અરે મહારાજ ! આપ તો મારી અનેરી પરીક્ષા લઈ રહ્યા છો. ૭. હે મોટાભાઈ ! હું તો આપને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ જાણું છું. માટે આપ મારી પાસે બેઠા હો અને મારો છેલ્લો શ્વાસ છૂટે, તે જ મારું અતિ સદ્‌ભાગ્ય ગણાય; આવું ભાગ્ય કોઈને વારે વારે મળે નહીં. એટલા માટે મને આ ભૌતિક શરીર છોડાવીને દિવ્ય દેહ આપો. ૮-૯. હે નિર્મોહી પ્રભો ! આ સિવાય મને બીજી કોઈ ઇચ્છા નથી." શ્રીજીમહારાજ ઇચ્છારામભાઈના આ શબ્દ

સાંભળીને થોડા દિલગીર જેવા થઈ ગયા. ૧૦. પછી થોડીવાર સુધી એક નજરથી ભાઈની સામે જ્યારે જોઈ રહ્યા, ત્યારે ઈચ્છારામભાઈએ પોતાના દેહનો ત્યાગ કર્યો. ૧૧. **વિ.સં.૧૮૮૩ના પોષ સુદિ સુખરૂપ અષ્ટમીની તિથિ હતી, ત્યારે ઈચ્છારામભાઈ સુખદાયક અક્ષરધામમાં પહોંચ્યા.** ૧૨.

પછી શ્રીહરિએ જરી તથા કિનખાબથી યુક્ત એક સરસ અદ્‌ભુત વિમાન બનાવડાવ્યું. ૧૩. તેમાં ઈચ્છારામભાઈનો દેહ પધરાવ્યો. રઘુવીરજી મહારાજે તેને શુભ વસ્ત્ર પહેરાવ્યાં. ૧૪. પછી વંદન કરી ચંદન, પુષ્પોથી તેમની પૂજા કરી. ત્યારે ધર્મકુળના બધા વિપ્ર પાલખી ઉઠાવવા માટે આવ્યા. ૧૫. રઘુવીરજી મહારાજ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગોપાળજી મહારાજ તથા વૃંદાવનજી મહારાજ આદિ ચારેયે પાલખી ઉઠાવી અને ચાલવાની તૈયારી કરી. ત્યારે સર્વ સંતો તથા હરિભક્તો પાલખીની આગળ આવીને ઝાંઝ, પખાજ અને શંખ ઈત્યાદિ વગાડતા તથા શ્રીહરિની મૂર્તિમાં મન રાખીને, સહુ ધૂન તથા કીર્તન ગાતા હતા. આવી રીતે દાદા ખાચર વગેરે હજારો હરિભક્તોની સાથે શ્રીહરિ પણ ચાલ્યા. ૧૬-૧૮. તેમની આગળના ભાગમાં જુવારના દાણા અને પૈસા ઉડાડતા થકાં સહુ આગળ ચાલ્યા. મહાભાગ્યશાળી સહુ ભેળામળીને આ રીતે ઈચ્છારામજીભાઈનું વિમાન ભક્તિબાગ તરફ નદી કિનારે લાવ્યા. ૧૯. ત્યાં સુખડ, શ્રીફળ અને કપૂર વગેરેથી સારી ચિતા રચી, અને વેદોક્ત વિધિ અનુસારે રઘુવીરજી મહારાજે પોતાના પિતાશ્રીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો. ૨૦. પછી તે ચિતામાં ઘણું ઘી નાખ્યું અને સહુએ પ્રેમથી દર્શન કર્યાં. જ્યારે અગ્નિસંસ્કાર ચાલુ હતો ત્યારે અવિનાશી ગોવિંદ શ્રીહરિ તે જગ્યાની સામે એક ખીજડાનું ઝાડ હતું, તેની નીચે જઈને ઉત્તર દિશા તરફ મુખ રાખીને વિરાજમાન થયા. ૨૧-૨૨.

❋ બદ્ધ તથા મુક્ત વિષયક રહસ્યમય પ્રશ્ન :

તે સમયે ગોપાળાનંદ સ્વામીના કહેવાથી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, "આપે ત્રણ દિવસ પહેલાં જીવુબાની આગળ જે વાત કહી હતી, તે આજ અમારે સહુને આપના મુખથી સાંભળવાની ઘણી ઈચ્છા છે. ૨૩-૨૪. તો હે હરિ ! તે વાત અમને કૃપા કરીને પોતાના મુખથી જ કહો,

અમારે તે સાંભળવી છે.” ૨૫. ત્યારે શ્રીહરિએ કહ્યું, “સ્વામી ! એ વાત તો એક કરામત જેવી છે, તે હું સારી રીતે કહું છું. ૨૬. જોકે ખરા સુપાત્ર હોય તેની આગળ જ આ વાત કર્યા જેવી છે. લાડુબા અને જીવુબા જેવા બીજા કોઈ સુપાત્ર હોઈ ન શકે. ૨૭. એટલા માટે મેં તે વાત તેમને કહી હતી. તે જ વાત આજ તમે પૂછી લીધી. તેને ગોપાળાનંદ સ્વામીએ આપને કહીને પૂછાવી છે. ૨૮.

હે સંતો ! આપ જેવા યોગ્ય પાત્ર બીજા કોણ હોય ? માટે હું તે વાત કહું છું. આ વાત સમજ્યા જેવી છે. વળી, તે વાત દિલમાંથી ઉદાસીનતાને દૂર કરે તેવી છે. ૨૯. **આ વાતને જે સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય, અને જે ન સમજે તે અધૂરો જ્ઞાની છે. વળી આ વાત એવી રહસ્યરૂપ છે કે તેને કોઈ સુપાત્ર જ સમજી શકે.** ૩૦. જે કુપાત્ર હોય તેને આ વાત સમજાય નહીં. તેને તો તે ઝેર જેવી લાગે. આ વાતમાં એવી શી કરામત છે ? એમ જો તમે પૂછતા હો તો તે હું કહું છું. **પુરુષોત્તમની એક નિષ્ઠામાં બીજી બધી જ નિષ્ઠાઓ આવી જાય એવી આ વાત છે. ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા અને વૈરાગ્યનિષ્ઠા, આવી બધી નિષ્ઠાઓ તે એક નિષ્ઠામાં આવી જાય એવી રહસ્યમય આ વાત છે.** તે વાત અમે પ્રગટ ભગવાન પોતે કહીએ છીએ. તેને તમે સહુ સંતો સાંભળો. ૩૧-૩૩.

મુક્ત સિવાય આ વાતનો પ્રશ્ન બીજા કોઈ કરી શકે નહીં, અને ભગવાન સિવાય તેનો ઉત્તર કોઈ કરી શકે નહીં. ૩૪. હવે તમે સહુ અત્યારે સાંભળો. એ વાતનો ઉત્તર હવે હું કહું છું. એક દિવસ જીવુબાએ પૂછ્યું, ‘હે સર્વજ્ઞ મહારાજ ! આપ મારો આ પ્રશ્ન સાંભળો. ૩૫. જે બદ્ધ હોય છે તે મુક્ત થાય છે અને જે મુક્ત હોય છે તે ફરીને બદ્ધ થાય છે. તે કઈ રીતે થાય છે ? હે હરે ! તે આપ કૃપા કરીને મને કહો.’ ૩૬. પછી મેં જીવુબાના તે પ્રશ્નનો ઉત્તર તે વખતે કર્યો હતો. અત્યારે તે જ વાત હું તમારી આગળ પ્રેમથી કહું છું. ૩૭.

दोहा : समग्र जगत का एक हूँ, मैं हि कर्ता साकार;
अनंत ब्रह्मांडो का जो, अक्षरब्रह्म आधार...३८

सोरठा : उसमें बिराजमान, मैं तो सदा हि रहता हुँ;
वही अक्षर सुखखान, एक साकार रूप से हि...३९
मेरी सेवा निदान, करते है सदा साथ रही;
दूसरा रूप लो जान, निराकार ब्रह्म रहकर हि...४०

સમગ્ર જગતનો કર્તા અને સદા સાકાર એવો હું એક જ છું. અનંત બ્રહ્માંડોના જે અક્ષરબ્રહ્મ આધાર છે, તે અક્ષરબ્રહ્મમાં હું તો સદાય વિરાજમાન રહું છું. તે સુખની ખાણરૂપ અક્ષર એક સાકારરૂપે સદાય મારી સાથે રહીને નિશ્ચિત મારી સેવા કરે છે. તે અક્ષરબ્રહ્મનું બીજું રૂપ નિરાકાર બ્રહ્મ છે, એમ તમે જાણી લો. ૩૮-૪૦. તે અક્ષરબ્રહ્મ અનુપમ દિવ્ય નિરાકાર તેજરૂપ થઈને મુક્તોને પણ ધારી રહ્યા છે. તે તેજ કરોડો સૂર્ય, ચંદ્રના સમાન અપાર છે. ૪૧. તે તેજ અમૃતરૂપ છે, અનંત છે, શાંત છે અને તેનો કોઈ દિવસ નાશ કે ઘટાડો પણ થતો નથી. જેમાં મંદ, શીતળ અને સુગંધ વાયુ સદા લહેરાતો રહે છે." ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ઈચ્છારામભાઈનો અક્ષરવાસ તથા બદ્ધ-મુક્ત વિષયક પ્રશ્ન કહ્યો' એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૪

બદ્ધ જીવ મુક્ત તથા મુક્ત જીવ બદ્ધ કેવી રીતે થાય છે ? તેની સ્પષ્ટતા

વળી મહારાજે કહ્યું કે, "જીવ જ્યારે આ લોકમાં અનંત સાધન કરે છે, ત્યારે તે એવા અક્ષરધામને પામે છે. ૧. જ્યારે તે જીવ ધામમાં જાય છે, ત્યારે તેની સાથે ચોંટેલી કારણરૂપ માયાને સર્વના નાથ શ્રીહરિ દૂર કરે છે. ૨. **આ રીતે બદ્ધ જીવ બદ્ધ અવસ્થામાંથી મુક્ત થઈ જાય છે. જ્યારે ભગવાનની અતિશય સ્વરૂપનિષ્ઠા થાય છે, ત્યારે જ તે બ્રહ્મમય દેહ ધારીને અક્ષરધામમાં પ્રેમભાવથી ભગવાનની સેવામાં રહે છે.** ૩-૪. આ રીતે બદ્ધ દશામાંથી મુક્ત થવાની રીત છે, તેને તમે સમજો.

હવે જે મુક્ત હોય છે તે બદ્ધ કઈ રીતે થાય છે ? તે વાત હું કહું છું. ૫. એ ભગવાનના ધામને ચારેય દિશાઓમાં ચાર દરવાજા છે, અને તે દરવાજામાં કમાનો છે. ૬. તે કમાનોનાં શિખરો ઉપર એક એક બ્રહ્મરૂપ કડાં રહ્યાં છે. એને પકડીને ભગવાનની શક્તિરૂપી માયા ત્યાં ઝૂલતી રહે છે. ૭. એ માયાનાં સ્વરૂપ ચાર પ્રકારનાં છે. હવે તેને હું કહું છું : એક અહંકારરૂપે, બીજું દયારૂપે, ત્રીજું અસત્યપણારૂપે અને ચોથું ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠાની ખામીરૂપે; આ રીતે ચાર પ્રકારની માયા ભિન્ન ભિન્ન સ્વરૂપને અનુસારે રહી છે. ૮-૯. તે માયા મનનો જેટલો વેગ છે એટલા વેગથી ત્યાં હંમેશાં ઝૂલતી રહે છે. તે ભગવાનના ધામમાં પહોંચેલા-રહેનારા મુક્તોના પણ ઘણા પ્રકાર છે. ૧૦.

તેમાં પણ ચાર પ્રકાર મુખ્ય છે તે મુક્તને પણ કોઈ પણ પ્રકારે બીજાનું સારું કરવાનો કાંઈક સંકલ્પ રહે છે, તે વાત હવે હું કહું છું. ૧૧. એમાં **કોઈક મુક્તને એવો સંકલ્પ રહે છે કે, જો ભગવાન મને આજ્ઞા કરે તો હું બ્રહ્માંડમાંથી અધર્મનો નાશ કરું અને સદ્ધર્મનું સ્થાપન કરીને બહુ જીવોને જ્ઞાન આપીને માયામાંથી મુક્ત કરી દઉં.** વળી, **કોઈના મનમાં એમ રહે છે કે, જો ભગવાન મને આજ્ઞા કરે તો ઈશ્વરોને પણ ઐશ્વર્યનું અભિમાન રહે છે, તે ઈશ્વરોના અજ્ઞાનને પણ ટાળી દઉં.** ૧૨-૧૪. હું તેને ભગવાનના સ્વરૂપને વિષે નિષ્ઠાની દૃઢતા કરાવીને સુખરૂપ મુક્તદશા પ્રાપ્ત કરાવી દઉં. ૧૫. વળી, **કોઈ મુક્તના મનમાં એવો સંકલ્પ રહે છે કે, જો ભગવાન શ્રીહરિ મને આજ્ઞા કરે તો હું મોટા-મોટાઓનો પણ મોક્ષ કરી દઉં.** ૧૬. જે અનંત જીવ, ઈશ્વર અને સાધનદશાવાળા ખરા મુમુક્ષુઓ બ્રહ્મરૂપ થવા ઇચ્છે છે, તે તમામને તેનું નઠારું માયાનું જાળું તોડીને, હું તત્કાળ મુક્તભાવને પમાડીને ભગવાનના સ્વરૂપમાં જોડી દઉં.

વળી, **કેટલાકના મનમાં એવો સંકલ્પ રહે છે કે, ભગવાન જો મને હુકમ કરે તો 'સમગ્ર જગત અસત્ય છે' એમ મનાવીને તે જીવને એક ભગવાનમાં સત્યપણાની મતિ કરાવી,** તે સર્વને મુક્તદશા પ્રાપ્ત કરાવી દઉં અને એક ભગવાનમાં જોડી દઉં. ૧૭-૧૯. આવી રીતે ચાર પ્રકારના સંકલ્પવાળા મુક્તોના તે બધા સંકલ્પને સિદ્ધ કરાવવા અને બ્રહ્માંડોમાં રહેલા

અનંત જીવોનું કલ્યાણ કરવા માટે ભગવાન તે મુક્તોને પ્રેરે છે. જેમ કોઈને વાયુનો ગોટો ચઢ્યો હોય તો તે જ્યારે વમન કરે ત્યારે જ શાંત થાય છે, તેમ તે મુક્તોના મનમાં પણ સંકલ્પનો ગોટો ચઢે છે. ૨૦-૨૨. જેમ માણસ વમન કરવા માટે છેટે બીજી જગ્યાએ જાય છે; તેમ તે મુક્તો પણ મુક્ત સભામાંથી ઊઠીને અક્ષરધામના દરવાજે ઝૂલતી માયા પાસે જ્યારે જાય છે ત્યારે ત્યાં તેને ભગવાનની શક્તિરૂપ માયાનો યોગ થાય છે. ૨૩-૨૪.

ત્યારે તે મુક્તનું બ્રહ્મમય શરીર છૂટી જાય છે અને ત્યારે જ કારણ દેહ તેની સાથે જોડાઈ જાય છે. ૨૫. પછી તે મુક્ત, મુક્ત મટીને બદ્ધ થઈ જાય છે. **એમાંથી કેટલાક મુક્ત તો આ લોકમાં આવીને ભગવાનના અવતારના રૂપમાં પ્રગટ થાય છે અને કોઈ મુક્ત તો મહાત્મા બનીને વિચરે છે.** ૨૬-૨૭. **તેઓ અનેક જીવો તથા ઈશ્વરોને દર્શન, સ્પર્શ અને અત્યંત ઉપદેશ આપીને તેમાં જે બદ્ધપણું હોય તેનો નાશ કરી દે છે, અને તેને પણ મુક્તભાવને પમાડે છે.**

હે મુક્તાનંદ સ્વામી ! તમે સાંભળો, આ અક્ષરધામના મુક્તોને પણ ભગવાનના વિના બીજો સંકલ્પ રહે તે ખામી છે. ૨૮-૨૯. આ રીતે ભગવાન સિવાયના બીજા કોઈ સંકલ્પરૂપ માયા રહે છે, એટલા માટે તે મુક્તને અક્ષરધામ છોડી બ્રહ્માંડોમાં જવું પડે છે. ૩૦. **અને ધામ છોડીને બ્રહ્માંડમાં જાવું પડ્યું તે જ તેનું બદ્ધપણું છે.** આ રીતે જે મુક્ત હોય તેને પણ બદ્ધપણું પ્રાપ્ત થાય છે. ૩૧. ભગવાનના અક્ષરધામની તુલનામાં બીજા બ્રહ્માંડોની તો કાંઈ ગણતરી નથી, તે તો અત્યંત તુચ્છ છે. આ વાત તો કોઈ મહાન બુદ્ધિશાળી હોય તે જ સમજે છે. ૩૨.

પરંતુ ભરતજીને જેમ દયાને કારણે મૃગના બાળકે પણ બંધન કર્યું હતું, તે રીતે મુક્તોને પણ બદ્ધ જીવનું ભલું કરવાની દયારૂપ માયાની બલા વળગે છે. તે દયા ગુણ છે, છતાં તે ગુણરૂપ માયા મુક્તને પણ બદ્ધ કર્યા સિવાય રહેતી નથી. એટલા માટે તે મુક્ત મટીને આ કહ્યું તે રીતે બદ્ધ થાય છે. ૩૩-૩૪. છતાં પણ બદ્ધ બનેલા તે મુક્તમાં એટલું જોર તો હોય છે કે, તે બીજા જીવનું બંધન પણ તોડી દે છે અને તેના

કારણશરીરના ચૂરેચૂરા કરીને પૂરો મુક્ત બનાવી દે છે. ૩૫. આ જગતમાં તો તે ભગવાનના અવતારો સહુને અતિ પ્યારા હોય છે અથવા તો જે મોટા મહાત્મા કહેવાય છે તે પણ જગતમાં સૌથી અધિક શોભતા હોય છે. ૩૬. તેઓ સર્વ સદ્‌ગુણથી સંપન્ન રહીને જગતમાં ધર્મનો પ્રચાર કરે છે. અનેક જીવોને શરણે લઈને ભગવાનના સ્વરૂપનું સાચું જ્ઞાન દે છે. ૩૭. **તે મુક્ત આ પૃથ્વી પર ભગવાનની ભક્તિ અને ઉપાસનાની સ્થાપના કરે છે તથા મહાન સમર્થ થઈને ફરે છે. આમ તેઓ સહેજે જ સહુનું ભલું કરે છે.** ૩૮. કરોડો જીવોને ધામમાં પહોંચાડ્યા પછી પોતે પણ ધામમાં પહોંચી જાય છે. જ્યારે તે પોતાના કાર્યરૂપ જે અધૂરા સંકલ્પો હતા તેને પૂરા કરી લે છે, ત્યારે તેને પોતાને પોતાના બદ્ધપણાનું ભાન થાય છે. કેમ જે, ભગવાન તેને તે જ્ઞાન આપે છે. ૩૯-૪૦.

પછી તો તે મહાભાગ્યશાળી પોતાની મુક્તદશાને યાદ કરે છે. તેથી તે ભગવાનના ધામના દ્વારમાં કારણ દેહનો ત્યાગ કરીને બ્રહ્મમય શરીરને ધારણ કરી કરીને ભગવાનના ધામમાં જાય છે. પછી ત્યાં સુખધામ એવા ભગવાનનાં ચરણને આનંદથી સેવે છે. ૪૧-૪૨. જોકે, અક્ષર આદિક બધા ધામોથી કોઈ મુક્ત પડતા નથી, પરંતુ પોતાના સંકલ્પને કારણે તેઓ ભગવાનની ઈચ્છાથી શરીર ધારણ કરે છે. ૪૩. પછી તે પોતાના સંકલ્પને પૂરા કરી ભગવાનના ધામમાં જાય છે. તેથી જ ભગવાનના ધામથી કોઈ પડતા નથી તેમ કહેવાય છે." ૪૪. મુક્તાનંદ સ્વામી કહે છે કે, શ્રીહરિએ રાજી થઈને જ્યારે આવી વાત કરી ત્યારે ગોપાળાનંદ સ્વામી આદિ સંતોએ આનંદથી તે વાત સાંભળી. ૪૫. હે દાદા ખાચર ! આ રહસ્યમય વાત ઘોર અજ્ઞાનને ટાળે એવી ઘણી ઉત્તમ છે, તેને તમે સાંભળી. હવે હું આગળની વાત કહું છું. ૪૬.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "બદ્ધ જીવ મુક્ત તથા મુક્ત જીવ બદ્ધ કેવી રીતે થાય છે ? તેની સ્પષ્ટતા કરી" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૫

સ્વરૂપનિષ્ઠાની ચમત્કારિક વાત તથા ઇચ્છારામભાઈનો અગ્નિસંસ્કાર

પછી ફરી શ્રીહરિએ આગળ કહ્યું કે, 'સહુ સંતો સાંભળો. હમણાં મેં જે બદ્ધ અને મુક્તની વાત કહી તેમાં મૂળકારણ જ્ઞાન જ છે. ૧. તે વાત તમે બધા સાવધાન થઈને સાંભળો. હવે હું તેમાં જે વિશેષતા છે તે બતાવું છું. સર્વ જ્ઞાનમાં સ્વરૂપનિષ્ઠાનું જ્ઞાન છે તે જ સહુથી મહાન છે. ૨. **બદ્ધમાંથી જે મુક્ત થાય છે તે એક માહાત્મ્યજ્ઞાને સહિત શ્રીહરિના સ્વરૂપનિષ્ઠાના બળથી જ થાય છે.** ૩. **અને મુક્તમાંથી જે બદ્ધ થાય છે તે સ્વરૂપનિષ્ઠાની ખામીને કારણે જ થાય છે. કારણ કે, તે ખામીને લીધે મુક્તને પણ વિવિધ પ્રકારના સંકલ્પો થાય છે.** ૪.

પછી મુક્તાનંદ સ્વામી કહે છે કે, 'હે ઉત્તમ નરેશ ! અહીં મહારાજે જે અનુપમ વાત કહી, તેમાં મુક્તના જે ચાર પ્રકાર કહ્યા તે તેમની સ્વરૂપનિષ્ઠાની ખામીને લીધે જ છે. ૫.

चोपाई :

हरिस्वरूप का ज्ञान हि जैसा, मुक्त को होना चाहिये ऐसा...०६
वैसा ज्ञान का रहत अभावा, चाहिये जैसा सो न रहावा;
वचनामृत में जो है लिखिता, निश्चय माहात्म्य ज्ञान सहिता...०७
निर्विकल्प उत्तम ही अतिही, तामें रहत कसर जो रतिही;
कर्तापणा का तिस कारणही, राग रह जात है किंचितही...०८

અંતે તો સ્વરૂપનિષ્ઠાની કસરરૂપી મુખ્ય ખામીને કારણે બીજી બધી જ ખામીઓ દેખાય છે. તે મુક્તને ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન જેવું હોવું જોઈએ તેવા યથાર્થ જ્ઞાનનો અભાવ છે. તેથી તે જેવા રૂપે હોવા જોઈએ તેવા જ અખંડ ભગવાનના ધામમાં રહેતા નથી. વચનામૃતમાં લખ્યું છે કે, માહાત્મ્યજ્ઞાને સહિત ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અતિશય હોવો જોઈએ. જો તેમાં રતિભાર પણ કસર રહી જાય, તો તેને લીધે કર્તાપણાનો કાંઈક રાગ રહી જાય છે. ૬-૮. અને તેને લીધે જ ભગવાન સિવાયના બીજા કાંઈ ને

કાંઈ સંકલ્પ જીવતા રહી જાય છે. તે સંકલ્પો પણ દયા આદિ હેતુને અનુસારે ઘણા પ્રકારના છે. ૯. ખરેખર તો તે સંકલ્પો રહી જવાનું મુખ્ય કારણ એક જ છે કે, ભગવાનના સ્વરૂપને પૂરેપૂરું યથાર્થ જાણ્યું નથી. અર્થાત્ જેમ છે તેમ ભગવાનના માહાત્મ્યજ્ઞાનનો અભાવ. મુક્તાત્માને પણ ભગવાનના માહાત્મ્યજ્ઞાનને અભાવે આવો કર્તૃત્વરાગરૂપ સ્વભાવ રહી જાય છે. ૧૦. તેને લીધે જ મુક્તને પણ કાંઈ ને કાંઈ સંકલ્પ રહે છે, અને તે સંકલ્પ મુક્તને પણ બદ્ધ કરે છે.

જેને ભગવાનનું યથાર્થ જ્ઞાન હોય છે એવા મુક્તને ભગવાન સિવાયનો કોઈ જ સંકલ્પ ક્યારેય પણ થતો નથી. અને એટલે જ તેવા મુક્તો કોઈ બદ્ધ થતા નથી. જેને યથાર્થ રૂપમાં નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય થઈ ગયો છે તેને ભગવાન સિવાય બીજો કોઈ સંકલ્પ રહ્યો નથી. તેથી તે મુક્તો ક્યારેય બદ્ધ થયા નથી. ભગવાન તો એવા દયાળુ છે કે તેઓ સહુનું કલ્યાણ ચાહે છે. ૧૧-૧૩. **કોઈ મુક્ત હોવા છતાં સ્વરૂપનિષ્ઠાની કસર હોવાથી તે બદ્ધ થાય છે. ત્યારે ભગવાન તેનો ઉપયોગ કરીને બીજા જીવોનું કલ્યાણ કરતા રહે છે. ૧૪. જ્યારે મુક્ત હોય તે ઉપરોક્ત કસરને કારણે બદ્ધ થાય છે ત્યારે તે અનેક જીવોનો મોક્ષ કરે છે. મુમુક્ષુને માટે તો તે બરાબર છે પણ મુક્તને માટે તે ઠીક નથી.** ૧૫. એકની જે બદ્ધતા કહેવાય છે તે બીજાના મોક્ષમાં હેતુ બની જાય છે. વળી, જે મુક્ત ધામમાં શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન જ રહે છે, તે અન્ય કોઈનો મોક્ષ કરતા નથી. જીવોના મોક્ષ તો તે કરવા માટેનો સંકલ્પ કરનાર દયાળુ મુક્તોથી થાય છે. ૧૬. આ વાત ઘણી આશ્ચર્યકારી છે. તેને કોઈક સમજુ નરનારી જ સમજી શકે છે.

હવે હે ઉત્તમ રાજા ! તમે આગળની વાત સાંભળો. સહુ સંતોને શ્રીહરિએ કહ્યું, "મુક્તાનંદ સ્વામી ! તમે સાંભળો. મેં આ વાત કહી તે ઘણી સુખનાં મૂળરૂપ છે. જે એકમાં બીજી બધી નિષ્ઠા આવી જાય તે સ્વરૂપનિષ્ઠા કહેવાય છે. ૧૭-૧૮. **બીજી નિષ્ઠામાં જે કસર રહે છે તે દૂર થઈ શકે છે, પણ સ્વરૂપનિષ્ઠામાં જો કસર રહી હોય તો તે ક્યારેય મટતી નથી.** ૧૯. **તે ખામી તો મુક્તાત્મા હોય તોપણ તેને નિશ્ચિત જન્મ ધરાવે**

છે. એટલા માટે તે સ્વરૂપનિષ્ઠાની ખામીને તો જરૂર દૂર કરવી જોઈએ. ૨૦. માટે આ વાત ખૂબ જ ચમત્કારી છે. સહુ સંતો તથા હરિભક્તોએ તેને જેમ છે તેમ સ્પષ્ટ રીતે સમજવી જોઈએ." ૨૧. જ્યારે આટલી વાત થઈ ત્યારે ઈચ્છારામજીભાઈનો અગ્નિસંસ્કાર પણ પૂર્ણ થઈ ગયો. ૨૨. તે પછી સહુએ ઘેલા નદીમાં સ્નાન કર્યું અને પછી દરબારગઢમાં આવ્યા. પછી રઘુવીરજી મહારાજે પોતાના પિતાની બધી ઉત્તર ક્રિયા કરી. ૨૩. વિપ્રોને ગાયોનું દાન કર્યું અને તેરમે દિવસે સહુને જમાડ્યા. પરમ ચતુર શ્રીહરિએ પછી બધા વિપ્રોને એક એક રૂપિયાની દક્ષિણા આપી. ૨૪. વળી બધા પરમહંસો તથા હરિભક્તોને ઘણા ભાવથી જમાડ્યા. મુક્તાનંદ સ્વામી કહે છે કે હે રાજા ! શ્રીહરિની આવી અનુપમ લીલા છે. ૨૫.

चोपाई :

श्रीहरि अक्षरधाम के धामी, पुरुषोत्तम है जो बहुनामी;
माया काल पुरुष रु अक्षरही, उनके कारन रु पति हरिवरही...२६
सबके धनी सहजानंद जानो, वेद वेदांत शास्त्र प्रमानो;
ऐसे मिले नहीं भगवाना, यदि मिले तो भाग्य बलवाना...२७
बडे देव ईश्वर को एही, मिलते नहीं हरिवर तेही;
तुम्हारे घर में प्रगट फिरते, कोटि जीव का मोक्ष करते...२८
सबको देत है दर्शनदाना, प्रभु साक्षात सुखनिधाना;
ऐसे मिले हरि सुखदाता, उनका भाग्य कहा नहि जाता...२९
वे तो रहे हरि गुण गाते, ऐसे हि जीवन को बिताते;
सब अवतार के अवतारी, उनकी बात सब से है न्यारी...३०

શ્રીહરિ તો અક્ષરધામના ધામી, બહુનામી પુરુષોત્તમ છે. કાળ, માયા, મહાપુરુષ અને અક્ષરબ્રહ્મ, એ બધાનું કારણ અને પતિ એક શ્રીહરિવર જ છે. ૨૬. શ્રીસહજાનંદ સ્વામી જ એ બધાના માલિક છે, ધણી છે એમ જાણવું. અને વેદ અને વેદાંત શાસ્ત્ર પણ આ પ્રમાણે જ કહે છે. આવા ભગવાન કોઈને મળતા નથી. જો તે ભગવાન મળી જાય, તો તે જીવનું ભાગ્ય ઘણું બળવાન છે, એમ સમજવું. ૨૭. આવા પરમેશ્વર શ્રીહરિ મોટા

મોટા દેવો કે ઈશ્વરોને પણ પ્રાપ્ત થતા નથી. તે પરમેશ્વર તમારા ઘરમાં પ્રગટ વિચરે છે ને કરોડો જીવોનો મોક્ષ કરે છે. ૨૮. સુખના નિધાન એવા તે પ્રભુ સહુને દર્શન આપે છે. આવા સુખદાતા ભગવાન શ્રીહરિ જેને સાક્ષાત્ મળ્યા હોય તેનું ભાગ્ય કહી શકાતું નથી. ૨૯. પછી તે ભાગ્યશાળી જીવ તો ભગવાનના ગુણોનું ગાન કરતો રહે છે, અને તે રીતે જ પોતાનું જીવન વિતાવે છે. શ્રીહરિ સર્વ અવતારોના પણ અવતારી છે. અને તેમની વાત સૌથી ન્યારી છે. ૩૦.

તેમની મૂર્તિ અતિશય અલૌકિક છે અને સહુ સંતો-ભક્તોને ઘણી પ્યારી પ્યારી લાગે છે. તે શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરનારા અપાર સુખી થાય છે. ૩૧. જેણે જેણે તે અવતારી સ્વરૂપનું ધ્યાન કર્યું તેના ઉપર ભગવાન પ્રસન્ન થયા છે. તેના કારણ શરીરને ટાળીને મહામુક્ત કરી ખૂબ સુખી કરી દીધા છે. ૩૨. શ્રીહરિએ અદ્‌ભુત સમાધિ કરાવી અક્ષરધામનું દર્શન આપ્યું છે, અને તેમની દિવ્ય મૂર્તિનાં દર્શન કરીને હજારો મનુષ્ય ત્યાગી થયા છે. ૩૩. ઘણીક સ્ત્રીઓએ પણ પરણેલા પતિનો ત્યાગ કર્યો છે. અને બધા જ પંચવિષયોના રાગ છોડી દીધાં; આવું પૂર્વે ક્યારેય સાંભળ્યું નથી. આવું તો આ વખતે જ સર્વાવતારી શ્રીહરિ પધાર્યા તેથી બન્યું છે. ૩૪.

પછી અવિનાશી શ્રીહરિએ ગઢપુર ધામમાં રહીને નિત્યાનંદ સ્વામીની પાસે મહાભારતની કથા કરાવી. પૂર્ણકામ પ્રભુ પોતે પ્રેમથી તે કથા સાંભળતા હતા. ૩૫. વળી ત્યાં ઘણો સારો વસંતોત્સવ કર્યો અને સહુ ભક્તોને અપાર સુખ દીધું. ઘેલા ધાધલના ઘરની પાછળ સારંગપુરના રાઠોડ ધાધલનું ઘર હતું. અને તે ઘરની આગળના વિશાળ ચોકમાં એક વખતે નિત્યાનંદ સ્વામીની પાસે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની કથા ખાસ (મિતાક્ષરા)ટીકા સાથે અલૌકિક રીતે કરાવી. ૩૬-૩૭. ટીકાએ સહિત જે કથા કરાવી, તેને સાંભળીને તેનું રહસ્ય શ્રીહરિ સમજાવતા હતા. તે કથા એક મહિના સુધી કરાવી. તેનાથી સહુને શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહ થયો. ૩૮. શ્રીહરિના સાંનિધ્યમાં રહેવાથી બધા જ ભક્તોને નિત્ય નવો ઉત્સાહ અતિશય વધતો હતો અને પ્રેમ પણ વધતો હતો. ૩૯. સહુ ભક્તો ભક્તપતિ શ્રીહરિની મનોહર મૂર્તિને વારંવાર

નિરખતા રહેતા, અને તેમના અંગે અંગનું ધ્યાન કરીને પોતાના જીવમાં ઉતારી લેતા હતા. ૪૦. તે પછીના દિવસોમાં હરિજયંતી (રામનવમી)ના ઉત્સવ માટે ધર્મપુત્ર શ્રીહરિએ પ્રસન્ન મનથી વડતાલ જવાનો નિશ્ચય કર્યો. ૪૧. ભક્તોને તો ખૂબ આનંદ થયો. નાચી કૂદીને 'જય જય સહજાનંદ... જય જય સહજાનંદ હરિ...' એમ ગાવા લાગ્યા. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સ્વરૂપનિષ્ઠાની ચમત્કારિક વાત તથા ઈચ્છારામભાઈનો અગ્નિસંસ્કાર કર્યો" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૬

શ્રીહરિ ચૈત્રી સમૈયો કરવા માટે ગઢપુરથી વડતાલ પધાર્યા

દરબાર શ્રીદાદા ખાચરે મુનિવર મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, "શ્રીહરિએ વડતાલ પધારીને સહુ સંતો-હરિભક્તોને કેવો આનંદ આપ્યો ?" ૧. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, શ્રીહરિએ વડતાલમાં અપાર ચરિત્ર કરીને નિજસ્વરૂપનો દિવ્ય આનંદ આપ્યો હતો. તેમાંથી હું તમને થોડાં કહું છું. ૨. વહાલા શ્રીહરિને વડતાલ ઘણું ઘણું વહાલું લાગે છે. જેમ કોઈ પ્રવાસી મનુષ્ય પોતાના ઘરને યાદ કરે, તેમ ભક્તિના લાલ શ્રીહરિ વડતાલને યાદ કરે છે. ૩. વડતાલના હરિભક્તો પણ શ્રીહરિમાં ખૂબ જ પ્રેમથી જોડાયેલા રહેતા. તે બધા સંસારથી વિરક્ત રહેતા હતા. તેથી જ તે ભક્તો સહુને શ્રીહરિને ઘણા વહાલા લાગતા હતા. ૪.

મહારાજાધિરાજ શ્રીહરિ હરિજયંતીનો ઉત્સવ કરવા માટે ગઢપુરથી નીકળ્યા. સાથે બધો ધર્મવંશ લીધો અને બીજા અપાર ભક્ત પણ લીધા. ૫. દાદા ખાચર, મોટીબા, લાડુબા, અમૂલાબા, અમરીબા, આ બધાં ભક્તો પણ ઘણા પ્રેમ અને ઉત્સાહભર્યા થઈને વડતાલ જવા ચાલ્યાં. કેમ જે, ત્યારે શ્રીહરિએ તે સહુને હેતથી વડતાલ આવવાની આજ્ઞા કરી હતી. ૬. સમજુ તથા નિર્માની એવા સંતોનાં મંડળ અને પાર્ષદો પણ શ્રીહરિની

આજ્ઞાથી સાથે ચાલ્યા. તલવાર અને બંદૂકધારી પાર્ષદો પણ બધો સરસામાન લઈને ચાલ્યા. ૭. શ્રીહરિ જ્યારે રાધાવાવ પાસે આવ્યા ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ તેમને ફૂલહાર પહેરાવ્યા. અવતારી શ્રીહરિએ **ઉગામેડી** જઈને વાવનું નિર્મળ પાણી પીધું. ૮.

❋ પાર્ષદ અર્જુનના સંસાર સંબંધી સંકલ્પને ટાળ્યા :

સર્વાવતારી શ્રીહરિ ધીરજ સાથે ત્યાંથી ચાલીને **નિંગાળા** પહોંચ્યા. ત્યાં નદીનો રમણીય કિનારો હતો, તે જોઈને ત્યાં ઊતર્યા. ત્યારે એક યાદ રહે એવો પ્રસંગ બન્યો. ૯. રઘુવીરજી મહારાજના અર્જુન નામે એક પાર્ષદ હતા. તેના હૃદયની વાત જાણીને સારંગપાણિ શ્રીહરિ તેને પૂછવા લાગ્યા, "તમે સંસાર છોડીને અહીં અમારી પાસે આવ્યા છો, તોપણ ફરીવાર મન સંસાર તરફ કેમ જાય છે ? તમને જે જે કોઈ બાબત યાદ આવતી હોય તે કપટ છોડીને અમને સાચે સાચી કહો." ૧૦-૧૧. શ્રીહરિની વાત સાંભળીને તે પાર્ષદ અર્જુનભક્તે પ્રભુને અંતર્યામી જાણીને કહ્યું, "હે સ્વામી ! આપ તો સાક્ષાત્ સર્વજ્ઞ છો. આપનાથી અજાણી શી વાત છે ? ૧૨. છતાં આપ જો પૂછો છો તો હું સાચી વાત કહું છું. જ્યારે હું ઘેર હતો ત્યારે મારું જીવન સ્વતંત્ર હતું. ૧૩. જ્યારે હું ગાયો ચારવા જતો હતો ત્યારે ગાયનું દૂધ પીને તૃપ્ત થઈ જતો હતો. તે વાત મને અત્યારે યાદ આવે છે. બીજી કોઈ વાત યાદ આવતી નથી." ૧૪.

પછી તો તે બધી આસક્તિનો જે રીતે નાશ થઈ જાય તેવો ઉપાય શ્રીહરિએ તે અર્જુનભક્તને બતાવ્યો. ૧૫. મહારાજે કહ્યું કે, "ક્યારેય પોતાના મનને સત્ પ્રવૃત્તિ વિનાનું નવરું રાખવું જોઈએ નહીં. તેને તો સદા ભગવાનનાં ભજન-કીર્તનમાં એકાગ્રતાથી જોડી રાખવું. ૧૬. **જો મન બેકાર રહે તો હંમેશાં ખરાબ સંકલ્પ કરે છે. માટે મનને અમારા સ્વરૂપમાં જોડી રાખવું. ૧૭. કેમ જે, ભગવાનનાં ભજન-કીર્તન તમામ વાસનાનો નાશ કરે છે."** આમ કહીને ઘનશ્યામ પ્રભુએ તે વાતનો અમલ-આદર કરાવ્યો. ૧૮. પછી રસ્તે ચાલતા હતા ત્યારે પહોંચતા સુધી તેની પાસે કીર્તન બોલાવ્યાં. જેનાથી તેના દિલમાં હિંમત આવે. અર્જુન ભક્તે જે કીર્તન ગાયાં તેનાથી

સહુ પોતાના મનમાં એમ સમજ્યા કે, 'જ્યારે પોતાને સંસાર સંબંધી સંકલ્પ થાય ત્યારે આવાં કીર્તન ગાવાં જોઈએ. કારણ કે, તેનાથી તેના બધા ઘાટ સંકલ્પ ટળી જાય છે.'

પછી શ્રીહરિ **મોટા ઝીંઝાવદર** ગામ પધાર્યા અને ત્યાં ગામ કેરિયાના નિષ્કામી હરિભક્તો પણ આવ્યા. ૧૯-૨૦. તેઓએ શેરડીના ભારા શ્રીહરિને ભેટ કર્યા. શ્રીહરિએ તે શેરડી સહુને વહેંચી દીધી. ત્યાં બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો. પછી શ્રીહરિ તે થાળ જમ્યા. ૨૧. સારંગપાણિ શ્રીહરિ જમીને તૃપ્ત થયા. પછી ત્યાંથી **કારિયાણી** જઈ ધર્મકુમાર શ્રીહરિએ વસ્તા ખાચરના દરબારમાં ઉતારો કર્યો, અને ત્યાં રાત રહ્યા. ૨૨. તે સ્થળે બીજે દિવસે ઘનશ્યામ શ્રીહરિએ સંતોને ખૂબ લાડુ જમાડ્યા. પછી ત્યાંથી સવારના પહોરમાં ચાલ્યા તે ગામ **સમઢિયાળા** (નં.૨) જઈને રહ્યા. ૨૩. ત્યાં કુંડળના હરિભક્તો આવ્યા. ઉત્સાહી બરવાળાના હરિભક્તો પણ આવ્યા. તેમાં એક હરિભક્તે પ્રણામ કરીને કહ્યું, "મહારાજ ! આપ અત્યારે કુંડળ પધારો." ૨૪.

ત્યારે બીજા એક હરિભક્તે કહ્યું કે, "મહારાજ ! આપ બરવાળા પધારો." તે સમયે બંને હરિભક્તોએ પોતાને ત્યાં પધારવાનો આગ્રહ કર્યો. ત્યારે ત્યાં જનસુખદાયક મહાપ્રભુ શ્રીહરિ પ્રેમથી બોલ્યા કે, "માણકી ઘોડી જે ગામને રસ્તે ચાલે તે ગામ અમે આવીએ." એમ કહીને માણકી ઘોડીની લગામ શ્રીહરિએ છોડી દીધી. માણકી ઘોડીને સ્વેચ્છાથી ચાલવા દીધી. ત્યારે તે દોડીને બરવાળા તરફ ચાલી. ૨૫-૨૬. ઘણી ધીરજવાળા હરિભક્ત દ્વારકાદાસ ભૂતો અને વીરાભાઈ ભૂતો મહારાજ બરવાળા તરફ આવતા હતા, તે જોઈને ઘણા રાજી થયા. બળવંત પ્રભુ શ્રીહરિ **બરવાળા** ગયા અને ત્યાંના સહુ ભક્તોને દર્શન દીધાં. ૨૭. ત્યાંના સહુ હરિભક્તોની સેવા સ્વીકાર કરીને શ્રીહરિએ નાવડા ગામ જવાનો રસ્તો લીધો. **નાવડા** ગામ પહોંચી લીંબડાના ઝાડ નીચે ઉતારો કર્યો અને ધર્મના દુલારા શ્રીહરિ ત્યાં થાળ જમ્યા. ૨૮.

શ્રીહરિએ ત્યાં સંતોને પ્રેમથી લાડુ પીરસ્યા અને ઘણા હેતથી પાર્ષદોને પણ જમાડ્યા. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **સામરસદ** ગામ જઈને રાત

રહ્યા. ૨૯. પછી ધર્મદુલારા શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **ધોલેરા** આવ્યા અને ત્યાં મંદિરમાં ઉતારો કર્યો. ત્યાં શ્રીહરિએ હરિભક્ત ખેડૂતોને કહ્યું કે, "મંદિરના કામ માટે ચૂનો બનાવવો છે. ૩૦. માટે જે ભક્ત બરવાળાથી ચૂનો બનાવવા માટેની કપચી લાવે, તે ભક્ત ઉપર અમે રાજી થાશું, અને તેને અમે છાતીમાં ચરણારવિંદ આપશું." પછી શ્રીહરિ બોલ્યા કે, "જેને સેવાની ઈચ્છા હોય તે બોલો." ૩૧. ત્યારે દાદા ખાચર બોલ્યા કે, "દસ ગાડી કપચી હું લાવી આપીશ." ત્યારે શ્રીહરિએ તેમની છાતીમાં દસ વખત ચરણારવિંદ તે સ્થળે આપ્યાં. ૩૨. તે સિવાય બીજા પણ જે હરિભક્તો એવી સેવાની રુચિવાળા હતા તેમની છાતીમાં પણ ચરણારવિંદ આપ્યાં.

આ રીતે સર્વ ભક્તોને રાજી કરીને ભક્તોના જીવનપ્રાણ શ્રીહરિ **આંબળી** ગામ પધાર્યા. ૩૩. પછી ત્યાંથી **પીપળી** જઈને રાત રોકાયા. સવારમાં ઊઠીને ત્યાંથી ચાલ્યા. કૃપાનિધાન ભગવાન શ્રીહરિ ભોગાવો ઊતરીને **વારણા** ગામ પહોંચ્યા. ૩૪. ત્યાં તળાવને કિનારે ગયા. ત્યાં કિનારા ઉપર એક અતીતની મેડી હતી. તેના માલિક અતીત બહુ પ્રેમી હતા. શ્રીહરિએ તે ઘરની મેડી ઉપર ઉતારો કર્યો. ૩૫. ત્યાં ધર્મવંશીઓએ થાળ બનાવ્યો. તે શ્રીહરિ ત્યાં જમ્યા. બળવંત પ્રભુ બીજે દિવસ ત્યાંથી ચાલ્યા તે સાબરમતી નદીમાં સ્નાન કર્યું. ૩૬. ત્યાંથી ચાલી **વરસડા** ગામ ગયા અને તળાવને કાંઠે ઊતર્યા. બીજે દિવસ ચાલેલા શ્રીહરિ શાંતિથી **ઈન્દ્રણજ** ગામ ગયા. ૩૭. પ્રભુ ત્યાંથી **સીંજીવાડા** આવ્યા અને ત્યાંથી **વડતાલ** પધાર્યા. ધર્મના લાલ શ્રીહરિએ ત્યાં લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં. ૩૮. પછી શ્રીહરિએ હરિમંડપમાં આવીને ઉતારો કર્યો. ભક્તોના મનને ભાવતા પ્રભુ શ્રીહરિએ ત્યાં સહુને દર્શન દીધાં. ૩૯. **પ્રભુ શ્રીહરિની મૂર્તિ ખૂબ સુખદાયક હતી. સહુ ભક્તો પ્રેમભાવથી તેનાં દર્શન કરવા લાગ્યા. અવતારી સર્વોપરિ શ્રીહરિનાં દર્શન કરનારાં કોઈના નેત્રને તૃપ્તિ થતી નહીં.** ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ ચૈત્રી સમૈયો કરવા માટે ગઢપુરથી વડતાલ પધાર્યા" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૭

ધર્મવંશીઓને સરવાર દેશમાં મોકલ્યા તથા સેવા કરવાવાળા પર પ્રસન્નતા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અપાર ભાવથી શ્રીહરિની લીલા કહે છે અને દાદા ખાચર ઘણા જ પ્યારથી તે સાંભળે છે. ૧. સર્વ સુખનું કારણ શ્રીહરિનાં ચરિત્ર છે. તે ચરિત્ર જ સર્વ સુખને આપનારાં છે અને હરિચરિત્ર જગતની બધી જ વાસનાને બાળી નાખે છે. ૨. દાદા ખાચર ! તમે મહાન શ્રવણભક્તિ કરો છો. શ્રીહરિ પણ શ્રવણભક્તિ બહુ કરતા હતા. આ મેં પોતે દેખેલી વાત કહું છું. ૩. દયાળુ શ્રીહરિએ કૃપા કરીને પોતાના વર્તનથી જ તે શ્રવણભક્તિ શીખવાડી છે. આવા સુખદાયક શ્રીહરિએ વડતાલમાં અદ્‌ભુત લીલા કરી હતી. ૪. વડતાલમાં જ્યારે ત્રણ-ચાર દિવસ વિત્યા ત્યારે અયોધ્યાવાસીઓએ સરવાર દેશ જઈને પોતાનાં સંતાનોના લગ્ન કરવાનો વિચાર કર્યો. ૫. આવો વિચાર કરીને (ગોપાળજીભાઈના) સુફળ મામા બોલ્યા કે, “હે નિષ્કામી પ્રભુ ! આપ મારી વાત સાંભળો. હવે અમે બધાં કુટુંબની સાથે પૂર્વ હિંદુસ્તાન(ઉત્તર પ્રદેશ) જવા ચાહીએ છીએ.” ૬. ત્યારે તે સાંભળીને તેમના પત્ની મેનાબાઈ બોલ્યા કે, “હમણાં મારે તો ત્યાં આવવું નથી. કેમ જે, શ્રીહરિનાં દર્શનનો જે લાભ છે તે હજી મેં પૂરો લીધો નથી. ૭.

વળી એક વાત કહું છું તે તમે સાંભળો. અયોધ્યાપ્રસાદજી મહારાજના ભાઈ ઠાકોરરામજીના પત્ની શિવકુંવર નામે છે. ૮. તેનાથી જ્યારે સંતાન ન થયું ત્યારે ઠાકોરરામજીએ મારી બહેન કૈલાસબાઈ નામે છે, તેની સાથે બીજા લગ્ન કર્યા છે. તો હવે તે કૈલાસબાઈને પણ અહીં લાવવા છે. ૯. જેથી તે અહીં આવીને શ્રીહરિનાં દર્શન કરશે અને તેનાથી તેનાં હૃદયમાં ઘણો આનંદ થશે.” ત્યારે સુફળ મામા કહે, “મારો વિશ્વાસ રાખો. હું તમારી બહેનને તમારી પાસે ચોક્કસ લાવીશ.” ૧૦. ત્યારે વનમાળી શ્રીહરિ વચન બોલ્યાં કે, “સુફળ મામા અને વરિયાળીબાઈ પૂર્વ હિંદુસ્તાન જાય. તેમની સાથે

ગોપાળજી પણ જાય. પોતાનાં સંતાનોનાં લગ્ન કરીને સહુ પાછા આવે." ૧૧. ભગવાન શ્રીહરિએ તેમને વિદાય આપીને કહ્યું કે, "જે કામ હોય તે પૂરું કરીને જલદીથી પાછા આવજો અને તમારા પરિવારને પણ સાથે લાવજો. તેઓ સહુ અહીં આવીને ભલે દર્શન કરે." ૧૨.

તે સમયે બધા સરવાર દેશના રહેવાસી ત્યાંથી જવા ચાલતા થયા, અને અવિનાશી શ્રીહરિ વડતાલમાં રહ્યા. ચરોતરના હરિભક્તો ખૂબ આવતા હતા અને હરખભેર શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૧૩. વિશ્વાધાર ઘનશ્યામ શ્રીહરિ વડતાલમાં અનંત પ્રકારની લીલા કરતા, અને મંદિરનું જે કામ અપૂર્ણ હતું તેને પૂર્ણ કરાવતા હતા. ૧૪. સહુને સેવા શીખવવા માટે સ્વયં સેવા કરતા હતા, અને તેને દેખીને સહુને ભક્તિ કરવાનો હૃદયમાં ઉમંગ થતો હતો. ૧૫. મજૂરો કામ કરતા હતા ત્યારે કડિયાએ તૈયાર ચૂનો માગ્યો. તે ચૂનો આપવાવાળું કોઈ દેખાયું નહીં ત્યારે ઘનશ્યામ પ્રભુએ પોતે જ ચૂનાનું તગારું આપ્યું. ૧૬. તે દેખીને નિત્યાનંદ સ્વામી જલદીથી દોડ્યા. તેમણે આવી પગે લાગીને કહ્યું કે, "હે સુખકંદ શ્રીહરિ ! ચૂનાનાં તગારાં તો અમે દેશું. આપ આવો શ્રમ ન કરો." ૧૭. તે સાંભળીને ઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, **"સેવાનું કામ અમને ગમે છે. જ્યારે શરીરથી સેવાનું કામ કરીએ ત્યારે જ તે શરીર સાર્થક થાય છે."** ૧૮.

ત્યારે સ્વામીએ કહ્યું કે, **"ઘનશ્યામ પ્રભુ ! આપ તો સ્વયં પૂર્ણકામ છો. મહારાજ ! આપ તો અમારા હિતને માટે અમને ભક્તિ શીખવાડો છો."** ૧૯. ત્યારે શ્રીહરિ ત્યાં તે સેવાનું કામ દેખવા બેઠા અને ઘણા જ ભક્તો તે સેવાનું કામ કરવા લાગ્યા. એક દિવસ જ્યારે ઈંટો ખૂટી ગઈ ત્યારે શ્રીહરિ ઈંટો પકવવાને ભટ્ઠે ગયા. ૨૦. ઈંટોનો ભટ્ઠો જ્ઞાનબાગ પાસે હતો. અવિનાશી શ્રીહરિએ ત્યાંથી ઈંટો લીધી. સંતો, પાર્ષદો અને હરિભક્તો, સહુએ સાથે ઉત્સાહથી ઈંટો લીધી. ૨૧. ઈંટો લઈને આવતા હતા ત્યારે રસ્તામાં જ નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, "મારી પાસે ઈંટો સાવ ઓછી છે. માટે પ્રભુ ! આપની ઈંટોમાંથી એક ઈંટ મને આપો." ૨૨.

ત્યારે શ્રીહરિએ તેમને એક ઈંટ આપી. બીજી ઈંટ બ્રહ્માનંદ સ્વામીએ માગી લીધી. પછી મંદિર પાસે આવીને ઈંટોનો ઢગલો કર્યો. ત્યારે શ્રીહરિ બીજી ઈંટો લેવા માટે ફરીવાર ચાલ્યા. ૨૩.

ત્યારે જેતલપુરવાળા ગંગામા હાથ જોડીને બોલ્યા કે, "કૃપાનાથ ! આપ મારી વિનંતીને સાંભળો. જો પુરુષો મળીને ભક્તિ કરતા હોય તો સ્ત્રીઓનું શું પાપ છે કે તે સેવા ન કરે ? ૨૪. તો મહારાજ ! કૃપા કરીને હવે આપ ઈંટો ન લાવો. જેટલું સેવાનું કામ બાકી છે તે બધું અમને કરવા દો." ૨૫. તેમની વિનંતીને શ્રીહરિએ માની લીધી. સત્સંગી બહેનોને જ્યારે આજ્ઞા આપી ત્યારે તે બધી મળીને ઈંટો લેવા ચાલી અને મંદિર પાસે ઈંટોનો ઢગલો કરી દીધો. ૨૬. ત્યારે ભગવાન શ્રીલક્ષ્મીનારાયણના મંદિરનો પરથાર બંધાતો હતો. બધા સંતો દોડી-દોડીને ઘણી સેવા કરતા હતા. ૨૭. જેને વિવિધ પ્રકારનું જે સેવાનું કામ આવડતું હતું, તેઓ ઘણાં મહિમા, શ્રદ્ધા અને ઉત્સાહથી કરતા હતા. ૨૮. **શરીર ઉપર પહેરેલાં કપડાં કીચડવાળાં થાય, તોપણ સહુ કોઈ ઉમંગથી સેવા-ભક્તિ કરતા હતા. કૃપાનિધિ ભગવાન શ્રીહરિ તે સેવાને જોઈને સંતો-ભક્તોના ઉપર રાજી થતા હતા. તેથી રાજી થઈને પોતે પોતાની બાહોમાં લઈને તે સેવા કરનાર સહુને ભેટ્યા.** ૨૯.

તે વખતે કોઈ સંતે હાથ જોડીને કહ્યું કે, "નાથ ! મારા શરીર ઉપર ગારો ચોંટ્યો છે તે હું ધોઈ નાખું પછી આપ મળો." ત્યારે શ્રીહરિ કહે, "આજે મારું મન એટલું રીઝ્યું છે કે તમારા શરીર ઉપર તે ગારો નથી. હું તેને ચંદન માનું છું. ૩૦. જેના શરીર ઉપર કીચડ લાગ્યો હશે તેને તો હું વધારે ઉમંગથી ભેટીશ." જ્યારે શ્રીહરિના આવા શબ્દો સંભળાયા ત્યારે શ્રીહરિને ભેટવાના લોભથી કોઈ-કોઈ પોતાના શરીર ઉપર ખાલી ગારો લગાવીને આવ્યા. ૩૧. સહુને ભેટીને ભગવાન શ્રીહરિ બોલ્યા કે, **"મને તો નિર્માની ભક્ત અતિશય પ્રિય લાગે છે. જે ભક્ત નિર્માની થઈને ઘણી નીચી ટેલ કરે છે તેના ઉપર હું જેવો રાજી થાઉં છું, તેવો રાજી કરોડો**

જેટલું ધન દેનારા ઉપર પણ થતો નથી. એટલા માટે તો મેં આવાં ધામો કર્યાં છે. તેમાં સહુ આ રીતે સેવાનું કામ કરશે. ૩૨-૩૩. વળી, જ્યાં જ્યાં આવું અમારું સ્થાન હોય ત્યાં પણ આવી રીતે જે ભક્તિ કરશે, તેને હું દિવ્ય રૂપે દેખીશ અને તેનું ફળ પણ તેને આપીશ." ૩૪.

ફરી એક દિવસ સહુ હરિભક્તોએ મળીને પ્રભુ શ્રીહરિને વિનંતી કરી, 'મહારાજ ! અમે સંતોને રસોઈ જમવા માટે જ્યારે અમારે ઘેર બોલાવીએ છીએ ત્યારે તે સંતોને ગાડીમાં બેસાડીને લઈ જઈએ છીએ. કારણ કે, અમારા મનમાં તેમનો ઘણો મહિમા છે. પરંતુ તેવા સંતોની પાસે આપ તો ગારો ઉપડાવો છો. તે અમને અયોગ્ય લાગે છે. ૩૫-૩૬. મોટા મોટા રાજાઓ જે સંતોને માન આપે છે તથા મોટા પંડિતો જેનાં ચરણમાં પડે છે, તે સંતો પોતાના માથા ઉપર તગારા ઉઠાવે તે અમને સારું લાગતું નથી. ૩૭. આપ કહો તો અમે ધન આપીએ પણ સંતોની પાસે આપ આવું કામ ન કરાવો.'

❋ શ્રીહરિએ વડતાલમાં સહુને સેવાનો મહિમા કહ્યો :

ત્યારે શ્યામસુંદર શ્રીહરિ બોલ્યા, "તમે સહુ આ સેવાનો મર્મ સમજતા નથી. ૩૮.

दोहा : ऐसी भक्ति करन भू में, इच्छत देव नरतन;
ब्रह्मा भी चाहत मन में, तैसी भक्ति को करन...३९
संत है निर्मानी कैसे, वे परीक्षा कु करन;
ऐसी भक्ति करवाता हुँ, विचारी के मुझ मन...४०
सोरठा : नहीं तो कनकधाम, उतारु में आकाश से;
कोई दिये क्या दाम, संकल्प से हि ढेर करुँ...४१

ભગવાનની આવી ભક્તિ કરવાની ઇચ્છાથી તો દેવતાઓ પણ ભૂમિ ઉપર મનુષ્યદેહ ધારણ કરવાની ઇચ્છા કરે છે. બ્રહ્મા પણ આવી ભક્તિ કરવાની ઇચ્છા પોતાના મનમાં રાખે છે. ૩૯. મારા સંતો કેવા નિર્માની છે ? તેની પરીક્ષા કરવા માટે હું મારા મનમાં વિચાર કરીને આવી સેવા-ભક્તિ કરાવું છું. ૪૦. જો એમ ન હોય તો હું તો સોનાનાં મંદિર આકાશમાંથી

ઉતારી શકું છું. કોઈ મને ધન શું આપશે ? હું તો સંકલ્પથી જ ધનનો ઢગલો કરું. ૪૧. પણ પછી કોઈ મનુષ્ય આવું સેવા-ભક્તિનું કામ કેવી રીતે કરી શકશે ?" શ્રીહરિની વાત સાંભળીને બધા જ ભક્તો પોતાના મનમાં સેવાનો મર્મ સમજી ગયા. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ધર્મવંશીઓને સરવાર દેશમાં મોકલ્યા અને સેવા કરવાવાળા ઉપર પ્રસન્નતા જણાવી" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૮

શ્રીહરિ ગઢપુર આવ્યા અને અન્નકૂટનો સમૈયો કરવા કરમડ જવા નીકળ્યા

શ્રીહરિચરિત્રામૃતસાગરની અત્યંત સુખકારી કથાને મુક્તાનંદ સ્વામી કહે છે, અને તેને ગઢપુરના દરબાર દાદા ખાચર સાંભળે છે. ૧. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિની આ સુખકારી લીલા, અનંત જીવોને સંસારસાગરથી તારવા માટે એક અલૌકિક જહાજરૂપ છે. ૨. **આ શ્રીહરિચરિત્રામૃત સાગરની કથા સાંભળી સાંભળીને યુગોના યુગ સુધી જીવો સંસારસાગરના પારને પામતા રહેશે. શ્રીઆધારાનંદ સ્વામીએ મુમુક્ષુ જીવો ઉપર આ ગ્રંથ લખીને આવો મહાન ઉપકાર કર્યો છે.** ૩. **માટે તે શ્રીસિદ્ધાનંદ(આધારાનંદ) સ્વામીને ધન્ય છે... ધન્ય છે... તેમણે આ ઘણું મોટું કામ કર્યું છે. તેમના લખેલા શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથને સાંભળીને સહુ આનંદ પામે છે.** ૪. દરબાર ! તમે મારી પાસેથી સાક્ષાત્ વાત સાંભળો. હવે હું તમને વડતાલની વાત કહું છું.

શ્રીહરિ જ્યારે જ્યારે વડતાલ પધારતા ત્યારે ત્યારે ગોમતી સરોવરને ખોદાવતા હતા. ૫. શ્રીહરિએ ગોમતીને ખોદાવવા માટે આવી રીતનું ઘણું કામ ચલાવ્યું હતું. **માટીનો ટોપલો ભરીને સ્વયં શ્રીહરિ પોતાની**

પાઘ ઉપર રાખતા હતા. ૬. તે વખતે શ્રીહરિના તે સેવા કાર્યને જોઈને દેવતાઓ પણ આશ્ચર્ય પામતા, અને આવી ભક્તિ કરવાનું મનમાં ઈચ્છતા હતા. સંતો અને હજારો હરિભક્તો જયજયકારની સાથે પ્રેમથી ગોમતી ખોદવાની સેવા કરવા લાગ્યા. ૭. જ્યારે ગોમતી તળાવ ખોદાતું હતું ત્યારે આકાશમાં દેવોના વિમાનો છવાઈ જતા હતા, અને તે સ્થાન ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા હતા. શ્રીહરિ આ રીતે ગોમતીને ખોદાવતા હતા. આ રીતે તે સમય વીતતા હુતાશની આવી. ૮. શ્રીહરિએ નારાયણ મહોલમાં ઊભા રહીને હરખથી સહુના ઉપર રંગ છાંટ્યો. તે રંગથી સંતો તથા સહુ હરિભક્તોનાં તન અને મનને ખૂબ રંગી દીધાં. ૯. વડતાલમાં શ્રીહરિ નિત્ય લીલા કરતા હતા અને સહુને સુખકારી દિવસ વીતતા હતા. હરિજયંતીનો જ્યારે દિવસ આવ્યો ત્યારે તેનો પણ ત્યાં ઘણો સારો સમૈયો ભરાયો. ૧૦. દેશદેશથી હરિભક્તો ખૂબ આવ્યા. સહુને શ્રીહરિનાં દર્શનની આશા પૂરી થઈ. ચૈત્ર માસની પૂનમનો આખો દિવસ સહુ નરનારી ભક્તો વડતાલ રહ્યાં. ૧૧.

પછી શ્રીહરિએ સમૈયો પૂરો થવાથી સહુને ઘેર જવાની આજ્ઞા આપી અને બધા જ સંઘોને વિદાય કર્યા. પણ કોઈ ભક્ત ઘેર જવા ચાહતા ન હતા. ચકોર જેમ ચંદ્રમાને પ્રેમથી જોયા જ કરે છે તેમ સહુના ચિત્ત શ્રીહરિમાં ચોંટેલા હતા. ૧૨. માછલાં પાણીથી દૂર થાય ત્યારે જે રીતે અકળાય, તે રીતે શ્રીહરિ પાસેથી જતી વખતે ભક્તોનાં મન અકળાતાં હતાં. પરંતુ શ્રીહરિની આજ્ઞાનો ભંગ ન થાય તેથી શ્રીહરિની મૂર્તિને દિલમાં ધારી, સહુ ભક્તો પોતપોતાના દેશમાં જતા હતા. રસ્તામાં પણ શ્રીહરિની લીલાઓને વખાણતા હતા. વડતાલવાસી બધા ભક્તોને 'ધન્ય છે... ધન્ય છે...' કે જેમણે અવિનાશી શ્રીહરિને ઘણા ભાવથી પૂજ્યા છે. ૧૩-૧૪. ભક્તોએ વારંવાર લાભ લીધો છે. તેમનું પુણ્ય તો અપાર છે. તે પછી આનંદકંદ અને વિશ્વવંદ્ય શ્રીહરિ વડતાલથી ગઢપુર જવા માટે ચાલ્યા. ૧૫. રસ્તામાં જે જે ગામ આવતા હતા, અને જ્યાં જ્યાં હરિભક્તો રહેતા હતા, ત્યાં ત્યાં દર્શન દઈને શ્રીહરિ પોતે **ગઢપુર** આવીને સુખેથી રહ્યા. ૧૬.

એક દિવસ ગોપાળાનંદ સ્વામીએ શ્રીહરિને ત્યાગીઓના ધર્મ પૂછ્યા. ત્યારે શ્રીહરિએ રાજી થઈને તેમને ત્યાગીના બધા ધર્મ કહ્યા. ૧૭. તે બધા ધર્મ સત્સંગિજીવનના ચોથા પ્રકરણમાં અધ્યાય ૬૨ થી ૬૭ સુધી સ્પષ્ટ લખ્યા છે. તે હાલ **'ધર્મામૃત'** નામથી કહેવાય છે. ૧૮. તે પછી મુનિવર નિત્યાનંદ સ્વામીના પૂછવાથી શ્રીહરિએ સહુને આનંદ આપીને જ્ઞાનોપદેશ કર્યો છે. ૧૯. સત્સંગિજીવન ગ્રંથના ચોથા પ્રકરણમાં મનન કરવા યોગ્ય તે જ્ઞાનોપદેશ ૬૮ થી ૭૩ સુધી એમ છ અધ્યાયમાં લખ્યો છે. ૨૦. આ રીતે શ્રીહરિએ ગઢપુરમાં રહીને ઘણી વાતો કહી છે, તે બધી વાતો અહીં લખી શકાતી નથી. જેટલી લખી શકાય તેટલી અહીંયાં લખી છે. ૨૧.

❋ પૂંજાભાઈએ શ્રીહરિને ફૂલીબાઈની વિનંતી સંભળાવી :

શ્રીજીમહારાજ જ્યારે ગઢપુરમાં વિરાજમાન હતા ત્યારે ભક્તોના ઘણા સંઘ દર્શન માટે આવતા હતા. ધોલેરાના દરબાર બાપુજીભાઈના બહેન ફૂલીબાઈ હતા. ૨૨. તેમનું સાસરું કરમડ ગામ હતું. તેઓ કરમડથી ગઢપુરધામ આવ્યા. સાથે પોતાના ભાઈ બાપુજીને તથા પૂંજાભાઈને પણ લાવ્યા હતા. ૨૩. પૂંજાભાઈ તથા બાપુજીભાઈ તે બંને સગા કાકાના દીકરા થતા હતા. વળી, બનેસિંહજીના પુત્ર અને પૂંજાભાઈના ભત્રીજા એવા ભોજાભાઈ તથા તેના ફઈ અજુબાઈ પણ દર્શન કરવા ગઢપુર આવ્યાં હતાં. એ સહુ ઉતાવળા શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુર આવ્યાં. તેમણે કૃપાનાથ શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે તેમનાં અંતઃકરણ શાંત થયાં. ૨૪-૨૫. ફૂલીબાઈએ પૂંજાભાઈની પાસે મહારાજને વિનંતી કરવા કહ્યું કે, **"અવિનાશી શ્રીહરિ કરમડ પધારે અને ત્યાં અન્નકૂટ કરાવીને સારો સમૈયો કરે."** ૨૬.

પછી બંને ભાઈએ મળીને શ્રીહરિ પાસે આવી વિનંતી કરી કે, ફૂલીબાઈનો ઘણો આગ્રહ છે તો સંતોને સુખ આપનારા આપ કરમડ પધારો. ૨૭. ત્યાં અન્નકૂટનો ઉત્સવ કરીને મોટો સમૈયો કરો. હે કિરતાર ! જો આપ ત્યાં નહીં આવો તો ફૂલીબાઈનો એવો વિચાર છે કે, 'અહીં ગઢપુરમાં રહીને જ તપ કરવું અને બીજાં બધાં જ સુખોનો ત્યાગ કરવો.' ત્યારે તે સાંભળીને શ્યામસુંદર શ્રીહરિ બોલ્યા કે, "અમે કરમડ ગામ આવશું. ૨૮-૨૯.

ફૂલીબા તો મહાન સંસ્કારી છે, ભાઈ ! તેમણે તો ઉગ્ર તપ કર્યું છે. એવા જે પવિત્ર આત્માઓ હોય તેને માટે જ આ વખતે અમે જન્મ લીધો છે. ૩૦. જેને પૂર્વે વરદાન મળ્યું હતું કે 'તમને ભગવાન મળશે' તે બધા વરદાનને સત્ય કરવા માટે જ હું બધા દેશોમાં વિચરણ કરવા જાઉં છું. ૩૧. હવે તમે સહુ અગાઉ કરમડ જાઓ અને ત્યાં અન્નકૂટનો સામાન ભેળો કરાવો. પ્રજ્ઞાનંદ સ્વામી, સવિત્રાનંદ સ્વામી અને સેવામાં સ્વતંત્ર સ્વભાવના જેરામ બ્રહ્મચારી, તે સહુને સાથે લઈ જજો. તેઓ જેમ કહે તેમ કામ કરજો. અમે દિવાળી ઉપર કરમડ આવશું. તમે બીજી કાંઈ ચિંતા કરશો નહીં." ૩૨-૩૩. આમ કહીને તે સહુને વિદાય આપી અને શ્રીહરિ ગઢપુરમાં જ રહ્યા. જ્યારે દિવાળી નજીક આવી ત્યારે સુખદાયક શ્રીહરિએ જવાની તૈયારી કરી. ૩૪. તે સમયે જે ધર્મવંશીઓ હતા અને કાઠી સવારો હતા તેમને સાથે લીધા. વળી વર્ણી, પાર્ષદ તથા બધા સંતોને પણ સાથે લઈને ભગવાન શ્રીહરિ ચાલ્યા. ૩૫. **બોટાદ** જઈને એક રાત રહ્યા.

પછી ત્યાંથી સવારે ઉઠીને **રાણપુર** પધાર્યા. ત્યાંથી ચાલેલા સુંદરશ્યામ **લોયા** ગામ પધાર્યા. ૩૬. ત્યાં વિશ્વાધાર શ્રીહરિ સુરા ખાચરના દરબારમાં ઊતર્યા, બધા સંતો મંદિરમાં ઊતર્યા અને બીજા જે કોઈ હતા તે યથાયોગ્ય સ્થાનોમાં ઊતર્યા. ૩૭. બધા ધર્મવંશીઓ શુભ રીતે સંઘા પટેલને ઘેર પ્રેમથી ઊતર્યા. ત્યાં ધર્મવંશીઓએ થાળ કર્યો ત્યારે ભક્તપ્રતિપાલક પ્રભુ તે જમ્યા. ૩૮. વળી સંતો, બ્રહ્મચારી અને પાર્ષદો પણ ઘણી સરસ રસોઈ જમ્યા. તે પછી સભા થઈ અને તેમાં શ્રીહરિએ સારી વાતો કરી. તે સાંભળીને સહુ રાજી થયા. ૩૯. સર્વ ભક્તોને અપાર સુખ આપી પ્રાણના આધાર પ્રભુ રાતે પોઢી રહ્યા. બીજે દિવસ શ્રીહરિ જમીને ચાલ્યા અને ખળાવાડમાં આવ્યા. ૪૦. ત્યારે ત્યાં સુરા ખાચર બોલ્યા કે, "મારું બીજું ગામ નાગડકા છે, તો અવતારી આપ ત્યાં પધારો, અમે સહુ આપની સેવા સ્નેહથી કરીશું." ૪૧.

ત્યારે ભેંશજાળ ગામના દરબાર કાયાભાઈ બોલ્યા કે, "હે સુખદાયક હરિ ! સાંભળો, સુરા ખાચર તો શ્રીમંત છે. હું તેમના જેવો ધનવાન

નથી. ૪૨. જો આપ ગરીબનિવાજ હો તો મારે ગામ ભેંશજાળ પધારો અને રાજનિવાજ હો તો નાગડકા જાઓ." ૪૩. કાયાભાઈની વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "મને કોઈ પક્ષપાત નથી. હું ઘોડીની લગામ છોડી દઉં છું. વાતનો નિર્ણય ઘોડી ઉપર રાખો." ૪૪. જ્યારે શ્રીહરિએ ઘોડીની લગામ છોડી દીધી ત્યારે તે **ભેંશજાળ** તરફ ચાલી. ત્યારે કાયાભાઈ બોલ્યા કે, "શ્યામસુંદર આપ તો ગરીબના બેલી છો." ૪૫. **પછી શ્રીહરિએ ઘોડીને દોડાવીને ભેંસજાળ પહોંચાડી દીધી. પોતે તો ઘણા દયાળુ છે. તેઓ ધનને નહીં પણ પ્રેમને દેખે છે.** ૪૬.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ ગઢપુર આવ્યા અને અન્નકૂટનો સમૈયો કરવા કરમડ જવા નીકળ્યા" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ||૩૮||



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૩૯

ભેંસજાળના ભક્તોનો ભાવ પૂર્ણ કર્યો તથા કરમડમાં અન્નકૂટોત્સવ

ભેંસજાળના બધા હરિભક્તો સામૈયું લઈને શ્રીહરિની સામે આવ્યા, અને ભક્તપતિ શ્રીહરિને વાજતે ગાજતે ગામમાં પધરાવ્યા. ૧. પરમેશ્વર શ્રીહરિ કાયાભાઈના દરબારગઢમાં ઊતર્યા. તેમણે શ્રીહરિને પરમ સુખદાતા સમજીને ઘણી સેવા કરી. ૨. કાયાભાઈના દરબારમાં જે ઓરડામાં શ્રીહરિ ઊતર્યા હતા તેની પડખે જ એક બીજો ઓરડો હતો. ૩. તે ઓરડામાં રાજપરિવારની બધી બહેનોની સાથે ચાંદબા હતા. શ્રીહરિનાં દર્શન કરવા માટે તેમનું હૃદય અતિશે આતુર થઈ રહ્યું હતું. ૪. પરંતુ જ્યાં પુરુષો બેઠા હોય, ત્યાં ઓઝલ રાખનારી રાજપરિવારની સ્ત્રીઓ જઈ શકતી નહીં. પુરુષો જે શ્રીહરિનાં દર્શન કરતા તે સ્ત્રીઓનો ભાવ ભૂલી ગયા, અને તેમને શ્રીહરિનાં દર્શન કરવાનો મોકો દીધો નહીં. ૫. તેથી સ્ત્રીઓ મનમાં ઘણી આતુર થઈ હતી, પણ તેઓ ત્યાં જઈને દર્શન કઈ રીતે કરે ? આમ ને

આમ અડધી રાત વીતી ગઈ, પણ સ્ત્રીઓની આશા પૂર્ણ થઈ નહીં. ૬. છેવટે રાજપરિવારની બહેનોએ પોતાના ઓરડાનો દીવો બૂઝવી નાખ્યો. **પછી દીવાલને તોડી તેમાં કાણું પાડ્યું અને તે ઓરડામાં રહેલા શ્રીહરિનાં સહુએ દર્શન કર્યાં, ત્યારે સહુ બહેનોના મન શાંત થયા.** ૭. શ્રીહરિએ જ્યારે તે બહેનોનો એવો અદ્‌ભુત ભાવ દેખ્યો ત્યારે તેમના ઉપર ખૂબ રીઝ્યા. પોતાની પાસે ઓઢવાની જે ગોદડી હતી તે સહુ બહેનોને પૂજવા આપી દીધી. ૮. ત્યારે તે બધી બહેનો ઘણાં જ રાજી થયાં. પછી શ્રીહરિને વંદન કરીને ત્યાંથી ચાલ્યાં ગયાં.

પછી તો શ્રીહરિ જોર જોરથી ‘ચોર...ચોર...’ એમ બોલવા લાગ્યા. ૯. ત્યારે મૂળજી બ્રહ્મચારી એકદમ ઊઠ્યા અને બોલ્યા કે, “પ્રભુ ! ચોર ક્યાં છે ?” ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, “બ્રહ્મચારી તમે સૂતા રહ્યા અને ચોર અમારી ગોદડી ચોરી ગયા.” ત્યારે ભોળા બ્રહ્મચારીએ કહ્યું, “દાનેશ્વરીના દીકરા થઈને તમે જ ગોદડી કોઈને આપી દીધી હશે ! ૧૦-૧૧. હવે હું આ ઘરના માલિકને જવાબ શું આપીશ ?” ત્યારે તેમનું ભોળપણું દેખીને શ્રીહરિ થોડું હસ્યા. ૧૨. **બીજે દિવસ પુરુષોને આ બાબતનો ખ્યાલ આવ્યો. શ્રીહરિ તો ભક્તાધીન છે તેથી પોતાના ભક્તોને ન્યાલ કરી દીધા.** ૧૩. **પોતાના બધા ભક્તોના મનોરથોને પૂર્ણ કરવા માટે તો પ્રેમથી તેઓએ પોતાના શરીરને પણ અર્પણ કરી દીધું છે.** ૧૪. દયાળુ શ્રીહરિએ ભેંસજાળના ભક્તોના મનોરથને અનુસારે તેમની ઇચ્છાઓ પૂરી કરી. ૧૫. પછી પુરુષોને ભાન થયું કે આપણે સહુએ ખ્યાલ રાખીને બહેનોને પણ શ્રીહરિનાં દર્શન થાય તેવી સારી વ્યવસ્થા કરવી જોઈએ. ૧૬. તે ભક્ત સ્ત્રીઓના પ્રેમને ધન્ય છે. તેમના મહિમાને કોણ કહી શકે ? આવી ભક્ત સ્ત્રીઓનાં ચરણની રજને લઈને બ્રહ્મા પણ પોતાના માથા ઉપર ખુશ થઈને ચઢાવે છે. ૧૭.

બીજે દિવસ ભેંસજાળમાં થાળ જમીને કૃપાળુ શ્રીહરિ **કરમડ** ગામ પધાર્યા. અગરસંગભાઈ આદિ ઉત્સાહી ઘણા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૮. શ્રીહરિને ફૂલના હાર તથા તોરા ધરાવીને વાજતે ગાજતે

ગામમાં પધરાવ્યા. પછી જ્યાં ફૂલીબાનો દરબારગઢ છે ત્યાં જગજીવન શ્રીહરિ ઊતર્યા. ૧૯. તેમણે ત્યાં ઘણી સુંદર સ્વાદુ રસોઈ આપી. તેને શ્રીહરિ તથા સહુ સંતો જમ્યા. કરમડના ઉત્સાહી ભક્તોને દેખીને શ્રીહરિએ કહ્યું, “તમારો સહુનો આવો ઉત્સાહ દેખીને અમે તમારા ઉપર ખૂબ રાજી થયા છીએ. **જેનાં તન, મન અને ધન પ્રગટ ભગવાનની સેવાના કામમાં આવ્યા હોય, તે પુરુષ હોય કે સ્ત્રી હોય તે બધાંને મારા પ્રતાપથી હું અક્ષરધામમાં લઈ જઈશ. અને તેવા ભક્તોને હું હંમેશાં ચાહતો રહીશ.** ૨૦-૨૨. **એવા જે ભક્તો છે તે જ અમારી સાચી નાત છે. તેમને માટે જ અવતારી એવા અમે આ ભૂમિ ઉપર પ્રગટ થયા છીએ.** અમે સર્વોપરિ ભગવાન છીએ, તમને સહુને સર્વે સુખના દાતા છીએ.” આ રીતે શ્રીહરિએ સહુની આગળ પોતાની વાત કરી. ૨૩.

કરમડ ગામમાં પાણીની બહુ ખેંચ હતી. અનેક સંતો તથા ઉમંગી હરિભક્તોને સ્નાનાદિક કરવાની તકલીફ પડે તેમ હતું. ૨૪. એટલા માટે હરિભક્તોએ શ્રીહરિ આગળ વાત કરી, ત્યારે શ્રીહરિએ કૃપા કરીને વરસાદ વરસાવ્યો. ૨૫. શ્રીહરિએ આકાશ સામે જોયું. તો ત્યાં નાનું એવું વાદળું હતું. તેને જોઈને તેઓ બોલ્યા કે, “આમાં તો બહુ પાણી છે.” ૨૬. જ્યારે શ્રીહરિ આવું બોલ્યા તે જ સમયે આકાશમાંથી પાણી વરસવા લાગ્યું અને થોડી પળોમાં જ બધી ભૂમિ પાણી પાણી થઈ ગઈ. ૨૭. ત્યાંનું તળાવ જોતજોતામાં જ પાણીથી ભરાઈ ગયું. તેથી બધા હરિભક્તોને ઉત્સવનો આનંદ બમણો થઈ ગયો. ૨૮.

આ બાજુ ભગવાન શ્રીહરિ અન્નકૂટનો સામાન જોવા ગયા. વેજળકા ગામના ભીમ પંડ્યા સંપૂર્ણ પાકશાસ્ત્રને જાણતા હતા. ૨૯. નાગનેશ ગામમાં રહેનારા ડોસાભાઈ કંદોઈ પણ તેમની પાસે જ હતા. તેમણે પેંડા, બરફી આદિક પકવાનો ત્યાં જ બનાવ્યાં. ૩૦. તે બધા કંદોઈ તથા રસોઈયાઓને શ્રીહરિએ વખાણ્યા. ત્યાં ઘણી સુંદર મોટી ઓસરી હતી. તેમાં વનમાળી પ્રભુ વિરાજમાન થયા. ૩૧. તે વખતે જેરામ બ્રહ્મચારીએ ભગવાનને અપાર પકવાન ધરાવ્યાં. દેશદેશના હરિભક્તો જે આવ્યા હતા તે બધાં દર્શન કરવા

આવ્યા. ૩૨. ઉત્સવિયા ભક્તોએ તાલ તથા મૃદંગ આદિ વાજિંત્ર વગાડીને ઉમંગથી ઉત્સવ કર્યો. ભક્તોનો ભાવ જોઈને ભગવાન અન્નકૂટ જમ્યા. પછી શ્રીહરિએ સહુ સંતોને જમાડ્યા. ૩૩.

કરમડ ગામ તથા બીજા ગામના જે બધા હરિભક્તો આવ્યા હતા તે પણ ત્યાં જમ્યા. પછી ફૂલીબાઈએ બાપુજીભાઈ તથા પૂંજાભાઈને કહ્યું કે, "તમે મારા તરફથી શ્રીહરિની પૂજા કરો કે જેનાથી પ્રભુ મારા ઉપર રાજી થાય." ત્યારે તે બંને શ્રીહરિની પૂજા કરવા આવ્યા અને શ્રીહરિને ઘણી જાતના શણગાર ધરાવ્યા. ૩૪-૩૫. તેમાં સુરવાળ, જામો અને પાઘ એ બધાં વસ્ત્ર ઘણાં કિંમતી હતાં. હાથમાં કડાં અને કંઠમાં સારી કંઠી પહેરાવી. પછી ઘણા હેતથી આરતી ઉતારી. ૩૬.

તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગી રહ્યાં હતાં. નરનારી સહુ તાળી વગાડીને આરતી ગાતાં હતાં. ૩૭. તે સમયની શ્રીહરિની મૂર્તિ ફૂલીબાઈએ પોતાના હૃદયમાં ઉતારી લીધી. આ અન્નકૂટનો સમૈયો ઘણો સારો થયો અને બધે જય જયકાર થઈ ગયો. ૩૮. **કરમડ ગામને ધન્ય છે કે જ્યાં શ્રીહરિએ આ લીલા કરી, આનંદ-ઉત્સવ કર્યો. ભક્તો ઘણા સમય સુધી તેને યાદ રાખશે.** ૩૯. બધા જ ચરિત્રગ્રંથો શ્રીહરિની આ લીલાનું વર્ણન કરીને ગાશે. મોક્ષનો માર્ગ બતાવીને તે ગ્રંથો શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહ વધારશે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ ઉપર ભેંસજાળના ભક્તોનો ભાવ તથા કરમડમાં અન્નકૂટોત્સવ કર્યો" એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૦

શ્રીહરિએ સંતોના મતભેદને ટાળી સંપ કરાવ્યો તથા તાવી ગામ પધાર્યા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે, અભયપુત્ર દાદા ખાચર ! તમે સાંભળો, કરમડમાં એક બાબત બની હતી તેને વિસ્તારીને કહું છું. ૧. એક દિવસ ફૂલીબાના વિશાળ દરબારગઢમાં અપાર સંતોની જમવા માટેની પંગત થઈ હતી. ત્યારે શ્રીહરિએ પ્રેમથી સંતોને કહ્યું, 'સહુ સંતો ચાલો, અમે પંગતમાં પીરસવા આવીએ છીએ.' ત્યારે પૂર્ણાનંદ મુનિએ શ્રીહરિને વાત કહી, મહારાજ ! આપ સાંભળો, ગઈ કાલે નરનારાયણવાળા અને લક્ષ્મીનારાયણવાળા એ બે વિભાગના સંતોએ મળીને સુખકારી રસોઈ બનાવી હતી. પરંતુ અત્યારે નરનારાયણવાળા સંતો કહે છે કે, 'લક્ષ્મીનારાયણવાળા સંતો પંક્તિમાં ન ફરે.' તે સાંભળીને શ્રીહરિ તો મૂંઝવણમાં પડ્યા. પછી શ્રીહરિએ કહ્યું કે, "હવે હું જે કહું છું તે મારી વાતમાં સહુ ધ્યાન આપો. ૨-૬. નરનારાયણવાળા સંતો છે તેમની પંગતમાં નરનારાયણવાળા સંતો જ અમારી સાથે આવીને ફરે અને લક્ષ્મીનારાયણવાળા સંતોની જે પંગત છે તેમાં લક્ષ્મીનારાયણવાળા સંતો જ અમારી સાથે આવીને ફરે." ૭-૮.

આમ વ્યવસ્થા કરીને પ્યારા શ્રીહરિ પાંચ વાર પંગતમાં પીરસવા ફર્યા. બંને પક્ષના સંતોને આ રીતે જમાડીને સહુને ખુશ કર્યા. ૯. જમ્યા પછી સભા થઈ. ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, "અહીં જે સંત વાસુદેવનારાયણના હોય તે આ બાજુ બેસો. ૧૦. અને જે નરનારાયણના સંત હોય તે તેને સ્થાને બેસે અને લક્ષ્મીનારાયણના જે સંત હોય તે પણ તેને સ્થાને બેસે." જે સંતો જે દેવના દેશમાં ગણાતા હોય તેમને તેમના સંતો કહેવાતા. ૧૧. જ્યારે તે બધા સંતો અલગ અલગ બેઠા ત્યારે વળી શ્રીહરિએ મર્મવચન કહ્યું કે, **"હવે જે સ્વામિનારાયણના સંત હોય અને કેવળ અમારા પરાયણ હોય તે બધા સંત ઊઠીને અમારી પાસે બેસો."** ૧૨. શ્રીહરિનું આ વચન સાંભળીને જે ખોટો ક્લેશ કરનારા હતા તેને ભય લાગ્યો. ૧૩. જે જે સંતો દેવના નામથી ખોટી રીતે પક્ષપાત કરતા હતા, અને પરસ્પર ભેદભાવ

રાખતા હતા તેમના દિલમાં ઉત્પાત થયો. ૧૪. તે ઉત્પાત કરનારા બધા સંતો મનમાં ઘણું શરમાઈ ગયા અને તેમના દિલમાં ઘણો પશ્ચાત્તાપ થવા માંડ્યો. ૧૫. પછી તો તમામ સંતો ઊઠ્યા અને શ્રીહરિની પાસે આવ્યા. સહુ બોલ્યા કે, "હે ઘનશ્યામ ! હવે આપ અમને માફ કરો. ૧૬. **હે હરિ! અમે બધા આપના જ છીએ. હે પ્રભુ ! અમે ખરેખર ભૂલ કરી છે. કૃપા કરીને અમને ક્ષમા આપો અને અમારા ઉપર રાજી રહો.**" ૧૭.

ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, "હે સંતો ! તમે બધા મારા જ છો. છતાં પણ વ્યવહારની દષ્ટિથી સહુ અલગ અલગ દેખાઓ છો. ૧૮. જે દેવના દેશમાં જે સંતો રહેતા હોય તે સંત તે દેવના કહેવાવ છો પણ છેવટે તો તમે બધા મારા જ છો; આ વાત તમે તમારા દિલમાં પાકી કરી રાખો. ૧૯. અલગ અલગ કહેવાતા હોવા છતાં પણ તમે સહુ સંતો તે બધા દેવોના જ છો. પરંતુ તમારી રસોઈ જે અલગ અલગ થાય છે તે ઠીક નથી. ૨૦. માટે આજથી સહુએ એક પંક્તિમાં જ બેસીને ભોજન કરવું; એવું વ્રત રાખો તો તેનાથી મારા દિલમાં પ્રસન્નતા થશે. ૨૧.

चोपाई :

आज से अच्युतगौत्री सबही, मत करना युँ विभाग कबही;
क्युंकि देश विभाग हमे कियेऊ, वो तो व्यवहार के लियेऊ...२२
जिससे सत्संग का हि विभागा, मत करो मुझ संत विरागा;
यह आज्ञा जो है हमारी, उसको सदैव रखना प्यारी...२३
इसका सदैव करो पालनही, ऐसा है हमेरा वचनही;
वरना सत्संग का हि विभागा, करके हो जाओगे अभागा...२४

તમે સહુ આજથી અચ્યુતગોત્રી છો. હવે ક્યારેય આવો વિભાગ કરશો નહીં. કારણ કે અમે જે દેશ વિભાગ કર્યો છે તે તો વ્યવહારને માટે છે. ૨૨. જેનાથી સત્સંગનો વિભાગ થાય આવું કોઈ કામ મારા વૈરાગ્ય સંપન્ન સંતોએ કરવું નહીં, આ અમારી આજ્ઞા છે તેને સહુએ સદૈવ ગમતી રાખવી. ૨૩. આ અમારી આજ્ઞાનું તમે બધા કાયમ પાલન કરો; આવું અમારું વચન તમારે માટે છે. જો આ અમારી આજ્ઞા નહીં પાળો તો ખોટા અહં-મમત્વથી સત્સંગના વિભાગ પાડીને ભાગ્યહીન થઈ જશો." ૨૪.

આમ કહીને શ્રીહરિએ પરસ્પર સંતોને એક કર્યા. સંપ રાખવાની વાત કરી અને સહુને ઘણો વિવેક શીખવ્યો. ૨૫. સહુ સંતોએ પણ પોતપોતાનો પૂર્વાગ્રહ છોડી દીધો. પછી સહુએ પ્રભુ શ્રીહરિને જ જીવનમાં મુખ્ય રાખવાનો અજોડ નિશ્ચય કર્યો. ૨૬. **તેનાથી શ્રીહરિ પોતાના મનમાં ખૂબ પ્રસન્ન થયા. વળી વિવેકયુક્ત વાત કરીને સહુનું અજ્ઞાન ટાળી નાખ્યું.** ૨૭. શ્રીહરિ તો પરમકૃપાળુ છે તેથી આવી કૃપા કરતા રહે છે. શ્રીહરિ સહુના રાજાધિરાજ છે તેથી પોતાના ભક્તોને સર્વોપરી સુખ આપતા રહે છે. ૨૮. કરમડ ગામમાં જે વાત બની હતી તે સત્સંગમાં બધે પ્રસિદ્ધ થઈ, અને તેનાથી કરમડ ગામનું અદ્‌ભુત માહાત્મ્ય ઘણું વધી ગયું; ૨૯. તે તો ગોકુળના જેવું ગણાયું, અને બધા ચરિત્રગ્રંથોમાં તેનું નામ લખાયું. જ્યારે પ્રબોધની એકાદશીની તિથિ નજીક આવી ત્યારે શ્રીહરિએ વડતાલ જવા વિચાર્યું ૩૦.

શ્રીહરિએ વડતાલ જવાનો પોતાનો વિચાર સભામાં સહુની આગળ કહ્યો. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલ્યા કે, "હે હરિ ! આપ અમદાવાદ પધારો." ૩૧. ત્યારે ઝાલાવાડી હરિભક્તોએ કહ્યું કે, "આપ ઝાલાવાડને પવિત્ર કરો." તે સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, "લક્ષ્મીનારાયણ દેવને માટે પથ્થર લાવવા બધા હરિભક્તો ગાડા જોડીને ધ્રાંગધ્રા જાઓ અને ત્યાંથી પથ્થરના ગાડા ભરી લાવો. પછી ગામોમાં ફરતાં ફરતાં અમારે તમારે ગામ જરૂર આવવું છે." ૩૨-૩૩. શ્રીહરિનાં વચન સાંભળીને તેઓ ઘણા રાજી થયા. ગાડાથી સેવા કરવા માટે ઘણા ભક્તોએ પોતાનાં નામ લખાવ્યાં. કૃપાનાથ કરમડથી ચાલ્યા તે સહુની સાથે **શિયાણી** ગયા. ૩૪. ત્યાં જઈને મેઘા પટેલને ઘેર શ્રીહરિએ ઉતારો કર્યો.

શિવરામ ભટ્ટની પુત્રી કુંવરબાઈએ રસોઈ બનાવી. ૩૫. મોરારજીભાઈ નામે તેના ભાઈ હતા તેણે શ્રીહરિને માટે થાળ પીરસ્યો. પછી સર્વ જગતના આધાર અને જીવનરૂપ શ્રીહરિ થાળ જમ્યા. તેના ભાગ્યનો પાર વેદ આદિ શાસ્ત્ર પણ પામતા નથી. ૩૬. તે મેઘા પટેલને ઘેર રાત રહીને શ્રીહરિ સવારમાં ઊઠીને ચાલ્યા, તે **તાવી** ગામ પધાર્યા. જ્યાં પોતાના પ્રસિદ્ધ ભક્ત

અખાભાઈ, જેઠાભાઈ, પૂંજાભાઈ અને અદાભાઈ હતા. સહુએ શ્રીહરિની ઘણી સેવા કરી. શ્રીહરિ તે ગામમાં રાત રોકાયા. ૩૭-૩૮. સુખકારી શ્રીહરિ ભક્તોને આનંદ આપે છે અને તે ભક્તોને માટે જ ગામેગામ વિચરે છે. ૩૯. મનોહર મૂર્તિ આવા નાથ શ્રીહરિનાં દર્શનથી સહુને સુખ થાય છે. તેમને દેખતાંની સાથે જ સહુ પવિત્ર થઈ જાય છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોના મતભેદને ટાળી સંપ કરાવ્યો તથા તાવી ગામ પધાર્યા" એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૧

તાવી ગામથી શ્રીહરિ દેવળિયા આવ્યા અને વપનની વાત કરી

પ્રગટ શ્રીહરિના પ્રગટ સંત સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી પ્રગટ રાજા દરબાર દાદા ખાચરને ખૂબ રાજી થઈને પ્રગટ કથા કહે છે. ૧.

दोहा : प्रगट जल से तृषा बूझे, प्रगट सूर्य से प्रकाश;
प्रगट हरि संत प्रगट कथा, पूरत जीव की आश...०२

सोरठा : गंगा जब प्रगटत, उद्धार करे तब जीव का;
प्रगट से दुःख मिटत, परोक्ष काम न आत है...०३
प्रगट से करना प्रीत, अहंकार निज टालके;
होगी माया से जीत, मिलेंगे आनंद प्रगट तब...०४

પ્રગટ જળથી તરસ બૂઝાય છે, પ્રગટ સૂર્યથી અજવાળું થાય છે; તેમ પ્રગટ શ્રીહરિ, પ્રગટ સંત અને પ્રગટ કથા જીવની આશાઓને પૂર્ણ કરે છે. ૨. જ્યારે ગંગા પ્રગટ થાય છે ત્યારે તે જીવનો ઉદ્ધાર કરે છે. પ્રગટથી દુઃખ મટે છે. તેમાં પરોક્ષ બાબત કામ લાગતી નથી. ૩. માટે પોતાનો અહંકાર ટાળીને પ્રગટ સાથે હેત કરવું, તો માયા ઉપર વિજય મળશે અને પ્રગટ આનંદ પ્રાપ્ત થશે. ૪.

બીજે દિવસ તાવીમાં સારંગપાણિ શ્રીહરિએ અદાભાઈને વાત કરી, 'અમે આજ મુંડન કરાવશું. તમે કોઈ સારા વાળંદને બોલાવો.' ૫. દરબાર અદાભાઈના બોલાવવાથી વેલા નામનો વાળંદ ત્યાં આવ્યો. તેની સામે ઘનશ્યામ શ્રીહરિ વપન કરાવવા બેઠા. સારી ધાર વગરના અસ્ત્રાથી તેણે મુંડન શરૂ કર્યું. ૬. તેનો અસ્ત્રો વાગતો હોવાથી પ્રભુને તેમાં ઠીક ન લાગ્યું. છેવટે તે દુઃખ સહન થયું નહીં. તેથી તે વાળંદને ઉઠાડીને બીજો વાળંદ બોલાવ્યો. તે બીજો વાળંદ પણ મુંડન કરતા પીડા કરે એવો જ આવ્યો. ૭. શ્રીહરિના મસ્તક ઉપર જ્યારે અસ્ત્રો ફરતો હતો ત્યારે તેમની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યા.

ત્યારે ત્યાં દેવળિયા ગામના દરબાર જાલમસિંહજી પાસે હતા. ૮. તેમણે પ્રણામ કરીને શ્રીહરિને કહ્યું, "મારા ગામનો વાળંદ સારો છે. હું ઘોડે બેસીને ત્યાં જાઉં છું અને તેને તરત બોલાવી લાવું છું." ૯. આમ કહીને જ્યારે જાલમસિંહજી ગયા ત્યારે શ્રીહરિએ તાવીના વાળંદને વિદાય કર્યો. પછી પ્રભુ શ્રીહરિએ અડધા મુંડનવાળા મસ્તકે ત્યાં સ્નાન કરી લીધું અને સંતોની સાથે ત્યાંથી ચાલતા થયા. ૧૦. શ્રીહરિ દેવળિયા ગામ તરફ ચાલ્યા, ત્યાં વચ્ચે ડોળી તલાવડી આવી. ત્યારે ત્યાં જાલમસિંહજી સામા આવતા દેખાયા. તેઓ એક વાળંદને સાથે લાવતા હતા. ૧૧. તે વાળંદની થેલીને તો તે દરબારે પોતાના ગળામાં લટકાવી હતી. પોતે ઘોડેસવાર થઈને આવતા અને વાળંદ તે ઘોડાનું પેગડું પકડીને દોડ્યો આવતો હતો. ૧૨.

સંતો તથા બીજા હરિભક્તોએ જ્યારે આ રીતે દરબાર જાલમસિંહજીને આવતા દેખ્યા, ત્યારે સહુને પોતાના પ્રેમનો ગર્વ ઊતરી ગયો. દરબારને સહુએ ઘણા નિર્માની દેખ્યા. આ કાંઈ નાનીસૂની વાત ન હતી. ૧૩. જે વાળંદના થેલાને ક્યારેય હાથમાં પણ ન પકડે તે થેલાને દરબારે ગળામાં નાખ્યો હતો. વળી પોતે ઘોડે બેસીને દોડતા આવ્યા અને વાળંદને દોડાવતા સાથે લાવ્યા. ૧૪. તેથી સંતો અને હરિભક્તો પરસ્પર બોલતા હતા કે આ દરબારના પ્રેમને ખરેખર ધન્ય છે. પછી દરબારે આવીને શ્રીહરિને પ્રણામ કર્યા અને બોલ્યા કે, "નાથ ! આ વાળંદ આવ્યો છે." ૧૫.

પછી પ્યાલો ભરીને પાણી લાવ્યા ત્યારે મુરારિ શ્રીહરિ ત્યાં મુંડન કરાવવા બેઠા. તે વખતે સહુ સંતો અને હરિભક્તો દર્શનની આશાથી આસપાસમાં બેઠા. ૧૬.

ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું કે, "મહારાજ ! આ વાળંદ કેવો છે ?" તે સાંભળીને ઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, "તાવી ગામમાં જે વાળંદ હતો ત્યાં તો જીવનો ખતરો હતો, જ્યારે આમાં દેહનો ખતરો દેખાય છે." ત્યારે સહુ શ્રીહરિનાં વચનનો સાર સમજ્યા કે, 'તાવીના વાળંદ કરતાં આ વાળંદ લગારેક સારો છે. ૧૭-૧૮.

❋ તાવી અને દેવળિયાના રાજાના પૂર્વજન્મની વાત :

ત્યારે ભક્તોએ શ્રીહરિને પૂછ્યું કે, "આ વાળંદનું શું પુણ્ય હશે કે આને આપની સેવા મળી ?" ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, "તાવી ગામના તેજાભાઈ અને દેવળિયાના વખતાભાઈ ઉર્ફે જાલમસિંહ - તે બંને પૂર્વજન્મમાં પણ ક્ષત્રિય હતા. તેમણે સૂર્યાશ્રમમાં તપ કર્યું હતું. ૧૯-૨૦. ત્યાં માંડણ નામના ઋષિ હતા. તેમની સેવા તથા સમાગમ તેમણે કરેલો. પછી તે ઋષિની પાસે તેમણે ભારે વર માગ્યો હતો કે, 'અમને પ્રગટ અવતારી પરમાત્મા મળે.' ૨૧. ત્યારે તે ઋષિએ તેમને વરદાન આપેલું કે, 'તમને પ્રગટ ભગવાન મળશે.' તે બંને ક્ષત્રિયોની સાથે તેના જે બે નોકર ગયા હતા અને અન્ન-જળથી ઋષિની પણ સેવા કરતા હતા તથા આશ્રમમાં ફરતા હતા, તેમણે પણ તે ઋષિની પાસે માગ્યું કે, 'અમને પણ કાંઈક વરદાન આપો.' ૨૨-૨૩. ત્યારે તે બંનેને ઋષિએ એમ કહ્યું કે, "તમે અહીંયાં તપ કર્યું નથી, પરંતુ પ્રેમથી સેવા કરી છે તેથી તમે બંને ઘણા ભાગ્યશાળી છો. ૨૪.

આ ક્ષત્રિયો જ્યાં જન્મ લેશે ત્યાં જ તમે તાવી તથા દેવળિયા ગામમાં તેમના સેવક થશો અને તેથી તમને અર્ધો સમાગમ મળશે. ૨૫. પ્રભુ જ્યારે તાવી ગામમાં પધારશે ત્યારે મુંડન કરાવતા જે અર્ધું બાકી રહેશે તે દેવળિયામાં થશે. તમને બંનેને પ્રભુનું અર્ધું અર્ધું મુંડન કરવાની સેવા મળશે." ૨૬. સેવાનું એક જ કામ બંને મળીને કરશો; એવો વર તે બંનેને ઋષિએ

આપ્યો હતો. ઋષિએ તેમને આવું વરદાન આપીને ખુશ કર્યા હતા. ૨૭. તે પછી તે બંને ક્ષત્રિયોએ જ્યારે જન્મ લીધો ત્યારે તે બંનેને પ્રગટ શ્રીહરિ મળ્યા. એક તાવીમાં તેજોભાઈ થયા અને બીજા દેવળિયામાં જાલમસિંહજી નામે થયા છે. અને તેમના બંને જે સેવક છે તેમને અમે જ તાવી તથા દેવળિયામાં વાળંદનો જન્મ આપ્યો છે. ૨૮-૨૯. તે બંનેને હાથે અમારું મુંડન થયું. તેથી ઋષિએ આપેલું વરદાન આજ સફળ થયું છે. આવી આ તેજાભાઈ તથા વખતાભાઈની વાત છે. આ વાત સંતસેવાની કેવી દિવ્ય ફળશ્રુતિ છે ! તે બતાવે છે. ૩૦. આ બંને સેવક જે વાળંદ છે, તેની વાત પણ મેં સહુને સંભળાવી. સેવાથી સંત પ્રસન્ન થાય છે અને તેનાથી પ્રગટ ભગવાન મળે છે." ૩૧. આમ દરબારો તથા કાઠી હરિભક્તોને શ્રીહરિએ આ આખ્યાન કહ્યું. મુક્તાનંદ સ્વામી કહે છે કે, દાદા ખાચર ! સાંભળો, હવે હું તમને એક બીજી અનુપમ વાત કહું છું. ૩૨.

❋ માનનું ખંડન તથા નિર્માનીપણાની પ્રશંસા :

તે વખતે જ્યાં સંતોના મંડળ બેઠા હતા ત્યાં પૂર્ણાનંદ મુનિ તથા નિર્વિકારાનંદ મુનિ આવ્યા. તેમણે જ્યાં સંતો બેઠા હતા ત્યાં પોતાને યોગ્ય બેસવાની જગ્યા દેખી નહીં. એટલે કે તેમને સભામાં આગળ જઈને બેસવાનો મોકો ન મળ્યો. ત્યારે તેમના મનમાં અભિમાન આવ્યું કે, 'અમે સહુની પાછળના સ્થાનમાં કેમ બેસીએ ?' તેથી તેઓ આઘાપાછા થઈ દૂર જઈને પાછા આવ્યા, પણ કોઈ સંતોએ તેમને બોલાવ્યા નહીં. ૩૩-૩૪. તેમને જોઈને શ્રીહરિએ સંતોને કહ્યું કે, **"સહુ દેખો, આ બે માનની મૂર્તિ છે."** પછી શ્રીહરિએ સહુની આગળ સાક્ષાત્ માનખંડનની ઘણી વાત કહી કે, 'માની ભક્ત અમને ગમતા નથી. જે માની છે તે ક્યારેક સત્સંગ છોડીને પણ ચાલ્યો જાય છે. કામ તથા ક્રોધ કદાચ જીતી શકાય છે, પણ જીવ માનની આગળ જરૂર હારી જાય છે. ૩૫-૩૬.

માની મનુષ્ય નમ્રભાવે સેવા કરી શકતો નથી અને આજ્ઞા પણ માની શકતો નથી. પછી જ્યારે તે માની મનુષ્યનું અપમાન થાય છે ત્યારે તે શત્રુની જેમ સામો થાય છે. ૩૭. મને નિર્માની ભક્ત જેવો પ્રિય લાગે છે

તેવો માની ભક્ત પ્રિય લાગતો નથી.' આવી ભગવાન શ્રીહરિએ ત્યાં વાત કરી. પછી ત્યાં **ડોળી તલાવડી**માં સ્નાન કર્યું. ૩૮. પછી શ્રીહરિ **દેવળિયા** ગયા અને ત્યાં રાત રહ્યા. ત્યાંથી પછી **મછિયાવ** ગયા. ૩૯. પછી શ્રીહરિ **અમદાવાદ** ગયા અને દેવોનાં દર્શન કર્યાં. પછી ઉતારે આવીને જમ્યા તથા સંતોને પણ જમાડ્યા. ૪૦. જ્યારે પ્રબોધની એકાદશીનો દિવસ આવ્યો ત્યારે ત્યાં ઘણો મોટો ઉત્સવ થયો. ઉત્સવ ઘણો સુંદર કર્યો. સહુએ પ્રેમથી શ્રીહરિને પૂજ્યા. ૪૧. શ્રીહરિનાં દર્શન, સ્પર્શ તથા પૂજન કરીને સહુ આનંદ પામ્યા, અને પોતપોતાના અંતઃકરણમાં શ્રીસહજાનંદ સ્વામીની મૂર્તિને ધારવા લાગ્યા. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "તાવી ગામથી શ્રીહરિ દેવળિયા આવ્યા અને વપનની વાત કરી" એ નામે એકતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૨

શ્રીહરિનું ગુજરાતમાં વિચરણ તથા બરવાળાના પ્રભુપ્રેમી બહેનોની વાત

અમદાવાદમાં મહામતિમાન શ્રીહરિએ સાંજે સભા કરી. તેમાં પાંચસો પરમહંસ બેઠા હતા. ત્યાં અનેક ખેસ મંગાવ્યા. તે સહુ સંતોને આપ્યા. ૧. આનંદાનંદ સ્વામી હૃદયમાં ભાવ રાખી સહુની પૂજા કરતા હતા. એમ કરતા કાર્તિકી પૂનમ વીતી ગઈ. ૨. પછી સર્વ સુખનું મૂળ નાથ શ્રીહરિ અમદાવાદથી ચાલ્યા તે **જેતલપુર** ગયા. પછી ઘણા સંતોને સાથે લઈ ગુણવંતા શ્રીહરિ **ગામડી** ગામ ગયા. ૩. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે **કનીજ** ગામની સીમમાં આવ્યા. ત્યાં તળાવની પાળ ઉપર એક સારું રાયણનું ઝાડ દેખ્યું. ૪. તેથી ત્યાં થોડી વાર વિશ્રાંતિ લીધી. પછી ઘનશ્યામ શ્રીહરિ **મહેમદાવાદ** ગયા. ત્યાં બેચરભાઈને ઘેર શ્રીહરિ પધાર્યા. બેચરભાઈ તથા દુર્લભરામ શ્રીહરિની સેવા કરતા હતા. ૫. તેમણે હેતથી થાળ કર્યો, તેને ભક્તોના જીવનરૂપ અને ભક્તપ્રતિપાલક શ્રીહરિ જમ્યા. જ્યાં એક પ્રાચીન મંદિર છે ત્યાં સુંદરશ્યામે સભા કરી. ૬.

તેમાં શ્રીહરિએ સંપની બાબતે ઘણી વાતો કરી. તે સાંભળીને સહુ ખુશી થયા. કારણ કે, **જ્યાં સંપ હોય છે ત્યાં ઘણી જાતનું સુખ હોય છે, તથા જ્યાં કુસંપ હોય છે ત્યાં અવશ્ય દુઃખ આવે છે.** ૭. **એટલા માટે ભાઈ ! સહુએ સંપ રાખવો. સંપથી જ સદાય ભલું થાય છે.** બીજે દિવસ સહુ હરિભક્તોએ મળીને કહ્યું, "મહારાજ ! આપ અમારે ઘેર ભોજન કરવા ચાલો." ૮. જ્યારે શ્રીહરિએ સહુનો અતિ આગ્રહ સાંભળ્યો, ત્યારે ત્યાં સંતોને જમવા માટે રાખ્યા. ત્યાંથી શ્યામ સુજાણ પ્રભુ ચાલ્યા તે **ડભાણ** ગામ આવ્યા. ૯. ડભાણમાં બધા જ સત્સંગી ભેળામળીને આવ્યા, અને જે જોઈતું હતું તે બધું સીધું તથા બીજો સામાન લાવ્યા. બ્રહ્મચારીએ ત્યાં થાળ કર્યો અને દયાળુ થાળ જમીને રાત રોકાયા. ૧૦.

⁂ શ્રીહરિએ મહિમા અને દાસત્વની મહત્તા કહી :

પ્રભુ શ્રીહરિ સવારના પહોરમાં ઉતાવળે ચાલ્યા તે **વડતાલ** પહોંચ્યા. શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં, અને શ્રીહરિએ હરિમંડપમાં ઉતારો કર્યો. ૧૧. બીજા સહુને પણ જ્યાં જેને જેમ ઘટે તેમ તે સમયે ઉતારા અપાવ્યા. ઘણા હરિભક્તો દર્શન કરવા આવ્યા. તે સહુને શ્રીહરિએ જ્ઞાનવાર્તા સંભળાવી. ૧૨. શ્રીહરિએ કહ્યું કે, "બધાં નરનારી ભક્ત સાંભળો. તમારા સહુના મોક્ષ માટે મહિમા તથા દાસપણાની વાત આજ હું કહું છું. ૧૩. **મહિમા વિના કોઈ પણ જીવના હૃદયમાં બળ આવતું નથી. મહિમા એક એવી દિવ્ય ઔષધિ છે કે, તેને જે ખાય છે તે બળવાન થાય છે.** ૧૪. તેથી સહુ રાત-દિવસ ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા સાંભળતા રહો. કેમ જે, **જેને મહિમા દૃઢ થઈ જાય છે તે કાયમી સુખી થાય છે.** ૧૫. જે મહિમાનો વિચાર નથી કરતા તે સત્સંગમાં નિર્બળ રહી જાય છે, એટલા માટે હરપળ અલૌકિક દિવ્ય મહિમાનો વિચાર કરતા રહો. ૧૬.

चोपाई :

जिसको हरि की महिमा अपारी, उसकु भक्त की होत है भारी;
दोनु से निज कु तुच्छ गिनेऊ, अतः दास के दास रहेऊ...१७

दासपना सम गुन न एका, ऐसा समझना दृढ विवेका;
दासपने में सब गुन होतही, बार बार ही हम युँ कहतही...१८
दासपना गुन सबसे भारी, महिमा बिनु नहि आत लगारी;
दास हरि की मरजी में ही, बहत रहत है सदा तेही...१९
दासपना न होत जिस मांही, हरि की उसको महिमा नाहीं;
महिमा जिसको जब समझाता, दासपना तब इसमें आता...२०
सबसे अधिक है हरि के दासा, सब गुन न्यून है उसके पासा;
दासपना जब आत अपारा, नाश होवत तब हि अहंकारा...२१

જેને ભગવાનનો અપાર મહિમા હોય છે, તેને ભક્તનો પણ ખૂબ જ મહિમા હોય છે. તેથી તે મહિમાવાળો ભક્ત ભગવાન અને ભગવાનના ભક્ત તે બંનેથી પોતાને અતિશય તુચ્છ ગણે છે, અને એટલે જ તે દાસનો દાસ થઈને રહે છે. ૧૭. 'દાસપણા જેવો બીજો એક પણ ગુણ નથી.' આવો દઢ વિવેક સમજવો. દાસપણામાં બધા ગુણ આવીને રહે છે; આમ અમે વારંવાર કહીએ છીએ. ૧૮. સૌથી જબરો ગુણ દાસપણું છે. પણ તે ભગવાન તથા ભક્તોનો મહિમા સમજ્યા વિના લગાર પણ આવતો નથી. જે દાસ હોય છે તે ભગવાનની મરજીમાં જ સદાય વહેતો રહે છે. ૧૯. જેમાં દાસપણું નથી હોતું તેને ભગવાનનો મહિમા હોતો નથી. જ્યારે જેને ભગવાનનો મહિમા સમજાય છે ત્યારે તેમાં દાસપણું આવે છે. ૨૦. સહુથી અધિક તો ભગવાનના દાસ છે. બીજા બધા ગુણો તો દાસપણાની આગળ ન્યૂન છે. જ્યારે મનુષ્યમાં અપાર દાસપણું આવે ત્યારે જ તેનો અહંકાર નાશ પામે છે. ૨૧. જ્યારે અહંકારનો નાશ થાય છે ત્યારે કોઈ જાતની ભૂલ ક્યારેય થતી નથી. આ રીતે જ સત્સંગરૂપી મોતી પાકે છે, અને તેથી જ શ્રીહરિને સત્સંગ અત્યંત સુખદાયી અને સદાય પ્યારો લાગે છે. ૨૨.

માટે સહુએ સત્સંગ કરીને મહિમા સમજવો, અને ભગવાનના સ્વરૂપમાં પોતાના મનની વૃત્તિ રાખવી. પહેલાં અમેં કેટલીય વાર કહેલું છે કે, 'સૌથી મહાન સાધન મહિમા છે. ૨૩. મહિમારૂપી સાધન કરવાથી ભગવાન ખૂબ જ પ્રસન્ન થાય છે. મહિમા સિવાય ક્યારેય કાંઈ થતું નથી.' મનુષ્ય જ્યારે

વિચારીને જુએ ત્યારે તેને આ વાત સમજાય છે. ૨૪. પ્રગટ ભગવાન અને પ્રગટ સંતનો મહિમા અપાર છે. તેનાથી ઘણા જીવનો તત્કાળ ઉદ્ધાર થાય છે. ૨૫. **પ્રત્યક્ષ પ્રભુને છોડીને ક્યારેય પરોક્ષને લગાર પણ ભજવા નહીં. પ્રગટ ભગવાનને ભજી ભજીને ઘણા જીવ સંસારના પારને પામ્યા છે.** ૨૬. ગોપીઓ, ગણિકા તથા ગીધ, પ્રગટ પ્રભુને ઓળખીને સુખ પામ્યાં છે. તે પ્રસિદ્ધ વાત ગ્રંથોમાં લખી છે. ૨૭. પ્રગટ ભગવાનની ઉપાસના કરનારો મનુષ્ય દેવ અને ઈશ્વરથી પણ અધિક છે. તેમના પવિત્ર મહિમાને ગાવાવાળા પણ મહાન છે. ૨૮. માટે જે મહિમાવાળા હોય તેમનો સમાગમ કરતા રહેવું. તેવાનો સમાગમ કરવામાં જે જે પદાર્થ વિઘ્ન કરે તેનો તત્કાળ ત્યાગ કરવો, અને તે ત્યાગ કરવામાં જ માલ સમજવો. **'મારે તો શ્રીહરિની મૂર્તિમાં પ્રેમથી રહેવું છે.' આવો જ એક ધ્યેય સદાય રાખવો.** ૨૯-૩૦. **અને પછી તે ધ્યેયને અનુસારે જ જીવવું."** આમ શ્રીહરિએ ઉપદેશ આપ્યો.

શ્રીહરિ રોજ ગોમતી સરોવરમાં સ્નાન કરવા માટે જતા ત્યારે સાથે રહેલા સંતો હરખથી કીર્તન ગાતા હતા. ૩૧. જેવું અક્ષરધામ શોભે તેવું તે વખતે વડતાલ શોભતું હતું. આ પછી બધા સંતમંડળને સાથે લઈને શ્રીહરિ **મહેળાવ** ગામ ગયા. ૩૨. રસ્તાના ગામોમાં મુકામ કરતાં કરતાં શ્રીહરિ **ધોલેરાધામ** પહોંચ્યા. ત્યાં દેવનાં દર્શન કરી શ્રીહરિ મંદિરમાં ઊતર્યા. ૩૩. ત્યાં થોડા દિવસ રોકાયા અને મંદિરની પાસેની જે ભૂમિ હતી, તે બધી શ્રીહરિને પસંદ પડી એટલે તે જમીન ખરીદાવી. ૩૪.

❋ બરવાળાના પ્રભુપ્રેમી બે બહેનોની વાત :

પછી બહુનામી પ્રભુ શ્રીહરિ ધોલેરાથી નીકળ્યા તે **બરવાળા** પહોંચ્યા. શ્રીહરિની સાથે ઘોડેસવાર સખાઓ હતા. બરવાળાની ઉતાવળી નદીમાં પાણી ભરવા માટે સ્ત્રીઓ આવી હતી. ત્યાં મુરારિ શ્રીહરિએ અશ્વોને પાણી પાયું. લુહાણા જ્ઞાતિના વસ્તાભાઈના પુત્ર વશરામ નામે હતા. તે બરવાળા ગામમાં રહેતા હતા. ૩૫-૩૬. તેની પત્નીનું નામ **રાધા** હતું. તે ઉતાવળી નદીમાં પાણી ભરતી હતી. ૩૭. બીજી **ડાહ્યા સુતારની મા** ઘણી પવિત્ર સ્ત્રી હતી. તે પણ તે વખતે ઉતાવળી નદીનું પાણી ભરવા આવી હતી. ૩૮. તે

બંનેએ ત્યાં શ્રીહરિને દેખ્યા, ત્યારે તે પોતાના શરીરનું ભાન ભૂલી ગઈ. તેથી મર્યાદાની રેખા તોડીને શ્રીહરિની પાછળ ચાલતી થઈ. ૩૯. પાણીના ઘડા નદીને કાંઠે તેમના તેમ જ પડ્યા રહ્યા. જેને પોતાના પ્રિયતમના પ્રેમની પીડા હોય તે જ પ્રેમને સમજી શકે છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિનું ગુજરાતમાં વિચરણ તથા બરવાળાના પ્રભુપ્રેમી બહેનોની વાત કહી" એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૩

પ્રભુપ્રેમી બહેનોની વાત તથા હરિનવમીના ઉત્સવની વિચારણા

મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે અભયપુત્ર દાદા ખાચર ! ભગવાનનાં ચરિત્ર જીવને નિર્ભય કરી દે છે. ૧. **જીવને કરોડો જન્મનાં પુણ્ય ભેળાં થાય ત્યારે તેને પ્રગટ ભગવાનમાં પ્રેમ થાય છે, જેને આવી રીતનો પ્રેમ પ્રાપ્ત થયો હોય તે નરનારી ભાગ્યશાળી છે.** ૨. પ્રગટ શ્રીહરિને સર્વોપરિપણે ચોક્કસ સમજીને તેમનામાં અતિશય પ્રેમ કરવો તે જ બધા સદ્‌ગ્રંથોનો સાર છે. ૩. આગલા તરંગમાં કહેલી બરવાળાની તે બંને સ્ત્રીઓના ભાગ્યને હું શું કહું ? તેમને પ્રભુ શ્રીહરિના સ્વરૂપમાં હેત થયું અને તેથી તેમનો જન્મ સફળ થઈ ગયો. ૪. પછી કૃપાળુ શ્રીહરિ **કુંડળ** થઈને **ગઢપુર** પધાર્યા. ત્યારે દયાળુ પ્રભુજીમાં પ્રેમાતુર થયેલી તે બંને બરવાળાની સ્ત્રીઓ પણ ગઢપુર આવી. ૫.

ગઢપુરમાં શ્રીહરિ જ્યારે સભા કરીને બેઠા, ત્યારે તે બંને મહિલા સ્ત્રીઓની સભામાં બેઠી. તે વખતે સુરા ખાચરે પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! આપ સાંભળો. ૬. અમે ભાગવતમાં ગોપીઓની વાત સાંભળી છે કે, ગોપીઓને ભગવાનમાં અપાર પ્રેમ હતો. તેમણે ભગવાનને માટે પુત્રો તથા પરિવારને તજી દીધાં હતાં. તે ગોપીઓ પોતાના શરીરનું પણ

ભાન ભૂલી ગઈ હતી, તેને એક ભગવાનનું જ તાન લાગ્યું હતું; આવું અમે જ્યારે ભાગવતમાં સાંભળ્યું ત્યારે મનમાં અતિ આશ્ચર્ય થયું હતું. શું આજના દિવસોમાં ગોપીઓ જેવી ભગવત્પ્રેમી કોઈ નારી હશે ?" ૭-૮. સુરા ખાચરની વાત સાંભળીને અંતર્યામી, સર્વજ્ઞ તથા સર્વેશ્વર આવા પ્રભુ શ્રીહરિ બોલ્યા કે, "ગોપીઓથી પણ અધિક પ્રેમવાળી પ્રેમીભક્ત બાઈઓ આજે પણ છે." ૯. આમ બોલીને શ્રીહરિએ કૃપા કરી અને તે પ્રેમીભક્ત બંને સ્ત્રીઓનાં સહુને દર્શન કરાવ્યાં. તે બંનેને તેમનાં ગામ અને નામ પૂછ્યાં અને અહીં ગઢપુર આવવાનું કારણ પણ પૂછ્યું. ૧૦.

પછી તે બંને સ્ત્રીઓએ બધી વાત કહી. પોતાનું નામ, નાત અને જાત પણ કહ્યાં. પછી તેણે શ્રીહરિને કહ્યું કે, "અમે આપને જ ભગવાન માન્યા છે તેથી અમે અમારા દેહનું ભાન ભૂલી ગયા છીએ. ૧૧. હે ઘનશ્યામ ! અમે પાણીના ઘડા ઉતાવળીને તીરે મૂકીને આપનાં દર્શન કરવાં આવ્યાં છીએ." પછી શ્રીહરિએ તેમાં જે રાધાબાઈ હતી તેને કહ્યું કે, "તમારે ત્રણ દીકરીઓ છે. તેમાં જે પાંચ મહિનાની છે તે તો રડીને મરી જશે. તેની રક્ષા કોણ કરશે ?" ત્યારે તે રાધાબાઈ બોલી કે, "પ્રભુ ! તમે જ ગર્ભમાં તેની રક્ષા કરી હતી. ૧૨-૧૩. તે રીતે અત્યારે પણ તેની રક્ષા કરશો. અત્યારે હું એની ચિંતા શા માટે રાખું ?" વળી શ્રીહરિએ તેને પૂછ્યું કે, "તમે લોકલાજનો ત્યાગ કેમ કર્યો ?" ૧૪. ત્યારે તે સ્ત્રીએ કહ્યું, **"હે પ્રાણનાથ ! તમે મને પ્રગટ ભગવાન મળ્યા છો, માટે મેં તો સહુનો સાથ છોડી દીધો છે. પતિદેવ, ઘરબાર અને બધી જાતનો સંસાર પણ છોડી દીધો છે. ૧૫. મેં મારું જીવન પણ આપને કુરબાન કર્યું છે; તેની આગળ લોકલાજ તો તરણાં જેવી છે."**

ત્યારે તરત જ શ્રીહરિ બોલ્યા કે, "જો તમે અમને ઈષ્ટદેવ માનતા હો તો અમારી આજ્ઞાનો ભંગ કરવો નહીં, માટે હવે તમે તમારે ઘેર જાઓ." તે વાત સાંભળીને રાધાબાઈની આંખોમાં આંસુ આવી ગયા અને ગદ્ગદ કંઠથી બોલ્યા કે, "પાણી વિના જેમ માછલું ન જીવે તેમ આપના વિના હું કેમ જીવીશ ?" પછી તે રાધાબાઈને પોતાની દૃષ્ટિ આગળ જ્યારે સાક્ષાત્

શ્રીહરિની મૂર્તિ દેખાણી પછી તે બરવાળા ગયા. ૧૬-૧૮. સુરા ખાચર આદિક ભક્તજનોએ જ્યારે આ જોયું ત્યારે તેમને અત્યંત આશ્ચર્ય થયું. વળી એક વખત શ્રીહરિ ગઢપુરમાં રહ્યા હતા. ૧૯. ત્યારે સરસ વસંતની રંગક્રીડા કરી. તેમાં સંતો તથા હરિભક્તોએ ઘણો લાભ લીધો. તે પછી **જૂનાગઢ**માં શિવરાત્રીનો ઉત્સવ કર્યો. ૨૦.

❋ રામનવમીના ઉત્સવની વિચારણા :

જ્યારે ફાગણ સુદિ આઠમ આવી ત્યારે શ્રીહરિ પાછા **ગઢપુર**માં આવ્યા. મોટીબા, લાડુબા આદિક બાઈઓ તથા દાદા ખાચર આદિક પુરુષો, સહુએ મળીને વિચાર કર્યો કે, 'અહીં સારો સમૈયો કરીએ. વડતાલ તો હર સાલ ઉત્સવ થાય છે. માટે આ વખતે અહીંયાં સમૈયો કરીએ.' ૨૧-૨૨. પછી તે સહુ શ્રીહરિની પાસે આવ્યા અને અતિશય આગ્રહભરી વિનંતી કરી, 'હે પ્રભુ ! આવતી હરિજયંતીનો ઉત્સવ આપ અહીં કરો. ૨૩. આપણે આમંત્રણ પત્રિકા લખશું અને ગુજરાત આદિ પ્રદેશોમાં મોકલશું. તેથી દેશદેશના તમામ ભક્તો ગઢપુર આવશે.' ૨૪. સહુ ભક્તોનો આગ્રહ જોઈને પ્રભુ શ્રીહરિ બીજું કાંઈ બોલ્યા નહીં. પણ ત્યારે સહુ ગઢપુરવાસી ભક્તોએ વાત જાહેર કરી કે, હરિજયંતી-રામનવમીનો ઉત્સવ અહીં થવાનો છે. ૨૫. ત્યારે દરબાર ઝીણાભાઈએ શ્રીહરિની પાસે આવીને વિનંતીનાં વચન કહ્યાં કે, "હરિજયંતીના ઉત્સવનો બધો ખર્ચ અમે આપશું. ૨૬. મહારાજ ! આ અમારી વિનંતીને આપ સ્વીકારો અને ખર્ચા માટે અમારું ધન લેવાનું મને વચન આપો."

ત્યારે સર્વાધાર શ્રીહરિએ કહ્યું કે, "અમે જેને ઘેર રહીએ છીએ તેને આ વાત પૂછો. અમે તમારાં વચનને સીધું જ કેમ માની લઈએ ?" ત્યારે ઝીણાભાઈએ દાદા ખાચરને પ્રત્યક્ષ મળીને પૂછ્યું, "હરિજયંતીના સમૈયામાં જેટલો ખર્ચ થશે તે બધો અમારે આપવાનો છે અને મારી આ વાત તમારે માનવી પડશે. ૨૭-૨૯. પ્રભુ શ્રીહરિ ગઢપુરમાં કાયમ રહે છે અને તેમની સેવામાં ખાસ કરીને બધો ખર્ચ તમે કરો છો, તો આ હરિજયંતીના ઉત્સવનો ખર્ચ અમને કરવા દો; હું આપને વિનંતી કરું છું." ૩૦. ત્યારે દાદા ખાચર

બોલ્યા કે, "આપ તો અહીંના મહેમાન છો. પ્રભુ શ્રીહરિ જ્યારે આપને ગામ આવે ત્યારે ખર્ચ બધો કરવો. ૩૧. અહીં આપ ખર્ચ કરો તે યોગ્ય ન કહેવાય. આ ખર્ચ તો અમારે કરવાનો છે." ત્યારે ઝીણાભાઈએ ઘણો આગ્રહ કર્યો પણ દાદા ખાચરે તેમના આગ્રહને દિલથી માન્યો નહીં. ૩૨.

પછી લાધા ઠક્કર તથા હરજી ઠક્કર ત્યાં આવ્યા અને બધા ભક્તોની મરજી દેખીને એકાંત જગ્યામાં બેઠા. પછી ગુજરાત વગેરે પ્રદેશોમાં કંકોત્રીઓ લખી. ૩૩. હરજીવનભાઈ, લક્ષ્મીરામ તથા બેચરભાઈ આદિક વિપ્રોને કંકોત્રી લઈને મોકલ્યા. તે બધા કારિયાણી આવ્યા. ૩૪. ત્યાં એક રાત રહીને પછી કંકોત્રીઓ આપવા બીજે ગામ જવું. આમ વિચારીને વિપ્રો તે વખતે વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા. ૩૫. ત્યાં સંતોને રોકાવા માટેનું મંદિર હતું. તેથી વિપ્રો ત્યાં દર્શન કરવા માટે ગયા. ત્યાં સચ્ચિદાનંદ સ્વામી હતા તેમને પગે લાગી વિપ્રો આનંદ પામ્યા. ૩૬.

તેમને સચ્ચિદાનંદ સ્વામીએ પૂછ્યું કે, "ભાઈઓ ! કેમ આવ્યા છો ?" ત્યારે વિપ્રોએ જે વાત હતી તે બધી કહી. ૩૭. ત્યારે મહાન સમર્થ સચ્ચિદાનંદ સ્વામીએ મનમાં માન્યું કે આ વિપ્રો વ્યર્થ રીતે જાય છે. કેમ જે, હરિજયંતીનો સમૈયો તો વડતાલમાં થશે અને તે વાત પાકી છે. ૩૮. પછી તે મુનિરાજ બોલ્યા, "તમે બધા વિપ્રો સવારે મને મળ્યા સિવાય જશો નહીં અને જો જશો તો પસ્તાશો." ૩૯. ત્યારે વિપ્રોએ કહ્યું કે, "મુનિવર્ય ! સવારે તો આપ સમાધિમાં બેઠા હો છો. તે સમાધિમાંથી જાગો ત્યાં સુધી અમે આપને પૂછવા કેમ રોકાઈએ ?" ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "પ્રભુપ્રેમી બહેનોની વાત તથા હરિનવમીના ઉત્સવની વિચારણા કરી" એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ।।૪૩।।



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૪

ગઢપુરમાં હરિનવમીનો વિચાર કરીને વડતાલ તરફ પ્રયાણ કર્યું

વળી વિપ્રો સચ્ચિદાનંદ સ્વામીને કહેવા લાગ્યા, "આપ સમાધિમાંથી જાગો ત્યારે દિવસ ઘણો ચઢી ગયો હશે, તે વખતે જો અમે ચાલીએ તો ઘણું મોડું થાય અને રસ્તામાં ઘણો તડકો થઈ જાય. ૧. અમે તો નક્કી કર્યું છે કે કારિયાણીથી પાછલી રાતે ચાલતા થવું." ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું કે, "તમારું પોતાનું હિત સમજીને મારી વાત માનો. ૨. તમારે સવારે તૈયાર થવું અને મને પૂછીને ચાલવું." ત્યારે તે વિપ્રોએ તે વખતે સચ્ચિદાનંદ સ્વામીની વાત માની અને સાંજે સહુ જમીને ઉતારે સૂઈ ગયા. ૩. આ બાજુ ગઢપુરના ભક્તોનો વેગ જ્યારે કાંઈક શાંત થયો ત્યારે શ્રીહરિએ સહુને બોલાવ્યા. તે સાંભળીને તે બધાં ભક્તો આવ્યાં. ૪.

શ્રીહરિએ કહ્યું કે, "સહુ મારી વાત સાંભળો. હું તમને જે કાંઈ કહું છું, તેને તમે તમારા મનમાં વિચારો. દેશદેશના બધા જ ભક્તોને અમે વડતાલ આવવાનું કહ્યું છે. ૫. તે વાતને તમે સહુ જાણો છો, છતાં પણ અહીં સમૈયો કરવાનો આગ્રહ કેમ કરો છો ? અગાઉ અમે મોટા સમૈયામાં સહુને એવું કહેલું છે કે, 'રામનવમી અને પ્રબોધની એકાદશીનો ઉત્સવ અમે કાયમ વડતાલમાં કરશું. ૬. તેથી તમારે સહુએ વડતાલ આવવું.' તેથી જ બુરાનપુર તથા સુરત આદિક દૂર દેશથી હરિભક્તોના વિશાળ સંઘ રામનવમી ઉપર વડતાલ આવશે. તેઓ તો ગઢપુર આવી શકે નહીં અને તેથી જ અમે સમૈયો અહીં કરતા નથી. ૭-૮. હા, આવતા વર્ષે રામનવમીનો ઉત્સવ અમે અહીં કરશું. પરંતુ આ વર્ષે અહીંયાં નહિ કરીએ. અહીં કરીએ તો કેટલાય સંઘોનો ફેરો નિષ્ફળ જશે. ૯. જો તમે સહુ મને પ્રસન્ન કરવા ચાહતા હો, તો મારું આ વચન તમારે સહુએ માનવું." તે વાત સાંભળીને બધા ભક્તો બોલ્યા કે, "જેમ આપને પસંદ આવે તેમ કરો. ૧૦. પરંતુ હે પ્રભુ ! જે પત્રિકા લખી છે તેનું શું થશે ?"

ત્યારે તે સાંભળી ઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, "તમે તે બાબતની તમામ ચિંતા છોડી દો. ૧૧. પત્રિકા આપવા જે દૂત કારિયાણી ગયા છે તે આજ રાત

ત્યાં જ રોકાશે અને ત્યાં સચ્ચિદાનંદ સ્વામી છે તે બધા વિપ્રોને રોકી રાખશે. ૧૨. હવે વડતાલ જવા માટે સહુ તૈયાર થઈ જાઓ. આપણે બધા સંતો અને સવારોની સાથે આજે જ ચાલવું છે." ૧૩. શ્રીહરિએ સહુ હરિભક્તોને આવી આજ્ઞા કરી. પછી બધી સવારી સજીને શ્રીહરિ ચાલી નીકળ્યા. એવા પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ મારા હૃદયમાં નિવાસ કરીને સદા રહો. ૧૪.

શ્રીહરિ ગઢપુરથી નીકળીને **કારિયાણી** આવ્યા. ત્યાં રાત રહીને પત્રિકા આપવા નીકળેલા બધા વિપ્રોને બોલાવ્યા. ૧૫. સચ્ચિદાનંદ સ્વામીએ જે વિપ્રોને ત્યાં કારિયાણીમાં રોક્યા હતા તે બધા આવીને પગે લાગ્યા, ત્યારે તે સહુને સંતનો મહિમા સમજાયો. ૧૬. બીજે દિવસ મુરારિ ધર્મકુમાર શ્રીહરિ કારિયાણીથી **ઝમરાળા** ગયા, અને ત્યાંથી **ચોકડી** ગામના તળાવની પાળે થઈને **ધોલેરા** પધાર્યા અને મંદિરમાં રહ્યા. ૧૭. પછી દીનદયાળુ દયાસાગર પરમેશ્વર શ્રીહરિ **પીપળી** ગયા. ત્યાં કમિયાળાના હરિભક્તોએ આવીને ઘણાં વિનંતીનાં વચન કહ્યાં, "મહારાજ ! એક વાર અમારે ગામ પધારો. અમે આપને ઝાઝી વાર નહીં રોકીએ." ત્યારે સંતોના નાથ શ્રીહરિએ સંતોને કહ્યું, "તમે બધા સીધા માર્ગે ચાલ્યા જાઓ. ૧૮-૧૯. અમે કમિયાળા જઈ થાળ જમીને જ્યાં તમે હશો ત્યાં તત્કાળ આવશું." આમ કહીને ભગવાન શ્રીહરિએ સંતોને રસ્તે ચાલતા કર્યા અને પોતે **કમિયાળા** ગયા. ૨૦. ત્યાં થાળ જમીને સંતોના નાથ ચાલતા થયા. રસ્તે ચાલતા ભોગાવો નદી આવી. પ્રભુ સંતોના મંડળની સાથે ત્યાં મળ્યા. ત્યારે સહુ સંતો મનમાં ઘણા ખુશી થયા. ૨૧. તે સમયે મધ્યાહ્ન થયો હતો અને સૂર્યના વિકરાળ કિરણો તપતા હતા. તે અરસામાં શ્રીહરિની આજ્ઞાથી સંતો ખુલ્લે પગે ચાલતા હતા. ૨૨. શ્રીહરિએ જ્યારે સંતોના પગ બળતા દેખ્યા ત્યારે તેમના દિલમાં ઘણી દયા આવી, પણ આ વાત મનમાં જ રાખી અને પછી શ્રીહરિ **ભોળાદ** ગામ આવ્યા. ૨૩.

⁕ શ્રીહરિને સંતોમાં અનહદ પ્રેમ :

ત્યાંથી બળવંત શ્રીહરિ બોરું ગામ તરફ ચાલ્યા. ત્યારે તે સ્થળમાં એક તળાવ આવ્યું. ભોળાદ ગામની સીમમાં જ શ્રીહરિએ એક ખીજડાનું

વૃક્ષ જોયું. ૨૪. ત્યાં વિસામો લેવા અંતર્યામી અને સંતોના નાથ શ્રીહરિ સંતોએ સહિત ઊતર્યા. ત્યાંથી દક્ષિણ દિશા તરફ ઓજાકૂપ નામનો એક કૂવો હતો. ૨૫. પ્રગટ પ્રભુને ગરમી ન લાગે તે માટે સંતો તે કૂવામાંથી પાણી ભરી લાવ્યા અને ભૂમિને ઠંડી કરવા માટે પાણી છાંટવા લાગ્યા. વૃક્ષની ચારેબાજુ ભીનાં કપડાં બાંધ્યાં. તેમાં અવિનાશી પોઢ્યા. ૨૬. શ્રીહરિ સૂતાં સૂતાં વિચારે છે કે, 'આવા તાપમાં સંતો ખુલ્લે પગે કેમ ચાલતા હશે? તેઓ મને પામીને પણ કેટલું કષ્ટ સહન કરે છે ? તેમના તપમાં કાંઈ જ ખામી નથી.' ૨૭. પછી સંતોના પ્રત્યે પ્રભુ શ્રીહરિ બોલ્યા કે, **"તમારે સંતોએ અત્યારે જ મારી આજ્ઞા માનવાની છે, તેથી હું જેમ કહું તેમ તમે કરો. હવેથી સહુએ પોતાના પગમાં ચામડાંના જોડા પહેરવા."** ૨૮.

પછી તો શ્રીહરિ એવા રાજી થયા કે પોતાના દિલમાં દયા લાવીને પોતાના મસ્તક ઉપર જે સોનેરી મંડિલ(કિંમતી વસ્ત્ર) બાંધ્યું હતું, તેને ફાડવા લાગ્યા. ૨૯. પછી તેના એક એક ટુકડાનો પટ્ટો સંતોને પગમાં બાંધવા આપ્યો, પણ સંતોએ તો તેને પ્રસાદી જાણીને તે વસ્ત્ર કાયમ સાથે રાખવા લઈ લીધું. ૩૦. તેથી શ્રીહરિ પોતાના હાથે સંતોના પગે કપડાંના ટુકડા લઈને પાટા બાંધવા મંડ્યા. તે સમયે કરુણાથી ભરપૂર એવા શ્રીહરિના નેત્રોને દેખીને સંતો બહુ રાજી થયા. ૩૧. આ બધું જોઈને બધા દરબારોએ પોતાના માથા ઉપરના ફેંટા ફાડ્યા, અને સંતોનો મહિમા જાણીને બધા સંતોને તે કપડાંના ટુકડા આપવા લાગ્યા. ૩૨. શ્રીહરિની આવી કૃપા જોઈને સંતોની આંખોમાંથી તો આંસુ ટપકવા લાગ્યા. વળી, શ્રીહરિએ સંતોને કહ્યું કે, "તમારું સહુનું તપ મેં દેખ્યું છે. ૩૩. હું તમારા ઉપર અતિશય પ્રસન્ન થયો છું. તમારે સહુએ મારી આજ્ઞા માનવી. હવે પછીથી તમારે સહુ સંતોએ પોતાના પગમાં પગરખાં પહેરવાં." ૩૪. તપસ્વી સંતોને તપ ઘણું વહાલું હોવાથી તે વાત બહુ ગમી નહીં, છતાં પણ સહુએ શ્રીહરિની આજ્ઞા માથે ચઢાવી. ૩૫.

સંતોનો આવો સ્વભાવ દેખીને પ્રભુ શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા કે, 'મારા સંતો ભારે તપસ્વી છે. તેઓને પોતાના શરીર ઉપર પણ પ્રેમ નથી.

૩૬. તેઓ તો કેવળ મારી આજ્ઞા પાળવાનું જ તાન રાખે છે. કામ, ક્રોધ, લોભ અને માન જેવા દોષોને છોડી દઈને મને સર્વોપરિ ભગવાન જાણે છે, અને નિરંતર મારું ધ્યાન ધરતા રહે છે. ૩૭.

चोपाई :

ऐसे संत में है मुझ वासा, इनके रूप में फिरुँ प्रकाशा;
ऐसे संत के शरन में ही, कोई जीव आवत जो तेही....३८

दोहा : उनका मैं तो करत हूँ, तरत ही कल्यान;
ऐसे दिल सोचत रहे, प्रगट श्रीभगवान...३९

अपने संत की महिमा, जितनी जानत भगवान;
इतनी पूरे संसार में, कोई न जानत आन...४०

सोरठा : संत है मुझ स्वरूप, मैं हूँ संत का स्वरूप खुद;
अरस परस तद्रूप, मैं और संत सदा हि एक...४१

આવા મારા પરાયણ રહેનારા સંતોમાં મારો નિવાસ છે. આવા સંતોના રૂપમાં હું પ્રગટ વિચરું છું. જો કોઈ જીવ આવા સંતોના શરણમાં આવે છે, તો હું તરત જ તે જીવનું કલ્યાણ કરું છું.' પ્રગટ ભગવાન શ્રીહરિ પોતાના દિલમાં આવો વિચાર કરતા હતા. ૩૮-૩૯. પોતાના સંતોનો મહિમા પ્રભુ શ્રીહરિ જેટલો જાણતા તેટલો મહિમા આખા સંસારમાં બીજા કોઈ જાણતા નહીં. ૪૦. સંતો મારું સ્વરૂપ છે અને હું પોતે સંતોનું સ્વરૂપ છું. આમ હું તથા સંતો અરસપરસ તદ્રૂપ છીએ. અર્થાત્ સદાને માટે એકમેક જ છીએ. ૪૧. પ્રભુ શ્રીહરિને પોતાના સંતો ઉપર આટલો પ્રેમ છે. પરંતુ સંસારના લોકો હરિ અને હરિજનની એકતાને લગાર પણ જાણી શકતા નથી. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “ગઢપુરમાં હરિનવમીનો વિચાર કરીને વડતાલ તરફ પ્રયાણ કર્યું” એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૫

શ્રીહરિએ સહુ સંઘને સાકર આપી તથા પર્વતભાઈને પોતાનો મહિમા કહ્યો

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે, દાદા ખાચર ! સાંભળો, શ્રીહરિ તો પરાત્પર અને સર્વોપરી સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. ૧. પછી ચિત્તચોર શ્રીહરિ ત્યાંથી આગળ રસ્તે ચાલતા, સહુને આનંદ આપતા થકાં વારણા ગામ તરફ ચાલ્યા. ૨. આગળ ચાલતા એક બૂટભવાનીનું મંદિર આવ્યું. ત્યાં મનમાં ગમે એવું વરખડાનું ઝાડ હતું. ૩. તેથી ત્યાં તળાવનો કાંઠો જોઈ ઉતારો કર્યો. ત્યારે શ્રીહરિએ જોરાભાઈને કહ્યું કે, "જલદીથી ટીમણ લાવો." ૪. ત્યારે જોરાભાઈએ કહ્યું કે, "હે સુખદાયક શ્રીહરિ કમિયાળાના ગઢવી ખેમરાજની પત્નીએ ઘણી સારી સાકર આપી છે. ૫. આપ કહો તો એ સાકર લાવું, બીજું કાંઈ હાજર નથી કે જે લાવી આપીને તમને ધરાવું." આમ કહ્યું ત્યારે શ્રીહરિએ સાકર માંગી અને દરબાર સુરા ખાચરને પોશ ભરીને આપી. ૬.

ત્યારે શ્રીહરિનો પ્રતાપ જોવા માટે સુરા ખાચર મર્મવચન બોલ્યા, "મને આપી એટલી જ સાકર આ સહુને એકસરખી રીતે આપજો, આમાં કાંઈ આ વખતે પક્ષપાત કરશો નહીં." ૭. ત્યારે શ્રીહરિએ તે મર્મવચન વિચાર્યું. સાકર તો માત્ર બે શેર જ હતી. પરંતુ શ્રીહરિએ પોતાનો પ્રતાપ જણાવવા માટે પુષ્કળ પ્રમાણમાં સાકર વહેંચી. ૮. સંતો તથા પાર્ષદોને ઊંચે અવાજે બોલાવી, સહુને પોંશ ભરીભરીને સાકર આપી. એક પોંશ ભરીને બૂટભવાની દેવીને પણ પહોંચાડી. વળી ફરીથી પણ સહુને એક એક પોંશ સાકર વહેંચાવી. છતાં પણ સાકર વધી, તે સહુએ પ્રત્યક્ષ જોયું. તે વધેલી સાકર પણ પૂરી બે શેર જેટલી હતી. તેનાથી સહુને ઘણું આશ્ચર્ય થયું અને પ્રગટ પ્રભુનો પ્રતાપ દેખ્યો. ૯-૧૦. **પૂર્ણકામ પ્રભુ શ્રીહરિ સર્વોપરિ છે. તેમની બધી જ ક્રિયાઓ આશ્ચર્યકારી છે. તેમને સંપૂર્ણપણે કોઈ પણ સમજી શકતો નથી. આવા શ્રીહરિ મહાન સુખની ખાણ જેવા છે.** ૧૧.

❋ શ્રીહરિ અને પર્વતભાઈનો દિવ્ય પ્રસંગ :

પછી બીજે દિવસ શ્રીહરિ તે સરોવરને કિનારે સભા કરીને બેઠા. એ જગ્યાએ એકવાર પર્વતભાઈ દોઢસો જેટલા હરિભક્તોનો સંઘ લઈને આવ્યા હતા. ૧૨. ત્યારે તેમના મનમાં એવો વિચાર હતો કે, 'આજે શ્રીહરિ મને જે કાંઈ પણ આજ્ઞા કરશે તે બધી હું પાળી દેખાડીશ, અને પ્યારા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીશ.' ૧૩. જો પ્રભુ શ્રીહરિ મને કહે કે, 'તમારે પરમહંસ થવાનું છે.' તો હું તરત જ પરમહંસ થઈ જઈશ; તેમાં એક પળની પણ રાહ જોઈશ નહીં. ૧૪. જો શ્રીહરિ મને કહે કે, 'તમારા બધા પરિવાર સાથે હવે તમે પ્રેમથી મારી સેવા કરવા રહો.' ૧૫. વળી, જો મને કહે કે, 'જે કાંઈ તમારું છે તે બધું મને અર્પણ કરી દો, તો હું બધું જ શ્રીહરિને ચોક્કસ અર્પણ કરી દઈશ.' ૧૬. આવા વિચાર કરતા પર્વતભાઈ ત્યાં આવ્યા હતા.

પછી તેઓ પગે લાગીને બોલ્યા કે, "હે મહારાજ ! આપ મારી પાસે કાંઈક માગો. જે માગો તે હું દઈ દઉં. ૧૭. મારી પાસે આજ આપ જે માગો તે બધું હું આપવા તૈયાર છું. મહારાજ ! બોલો, આજ આપને શું જોઈએ છે ?" ૧૮. ત્યારે શ્રીહરિ હસીને બોલ્યા કે, **"અહીંથી પ્રકૃતિપુરુષ સુધીના લોકથી બહારની જો કોઈ વસ્તુ તમારી હોય, તો તે મને ખુમારી રાખીને આપી દો." ૧૯. તે સાંભળીને પર્વતભાઈ તો કાંઈ જ બોલી શક્યા નહીં પરંતુ દબાઈ ગયા. કેમ જે, શ્રીહરિએ તો કલ્પનાતીત વસ્તુ માગી, તેને પર્વતભાઈ ક્યાંથી આપે ? ૨૦. શ્રીહરિ પોતે અનંત વિશ્વના મહારાજાધિરાજ છે. તેમને માટે કોઈ શું આપે ? માટે પ્રસન્ન થઈને તેઓ આપણે કરેલી સેવા સ્વીકારે છે, અને તેટલા માટે જ કૃપા કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા છે. ૨૧.**

અહીં તો તેમનાં દર્શન પણ દુર્લભ છે. કેમ જે, તેમના સ્વરૂપ સુધી આપણું ચિત્ત કે મન પહોંચતું નથી. માટે કૃપા કરીને પ્રભુ કાંઈક સેવા કરવા આપે ત્યારે પોતાનાં મહાન ભાગ્ય માનવાં. ૨૨. કેમ જે, આ જગતમાં જે કાંઈ પણ છે તે બધું જ ભગવાનનું છે. બીજા કોઈનું કાંઈ પણ આ જગતમાં નથી. 'જડ-ચિત્ સહુના માલિક એક ભગવાન શ્રીહરિ જ છે.' આ વાત ખરેખર અંતિમ સત્ય છે. ૨૩. બીજા કોઈ કોઈના માલિક નથી. સાચા માલિક

તો એક ભગવાન શ્રીહરિ છે. શ્રીહરિ સિવાય બીજા કોઈનું કાંઈ જ નથી, તો પછી કોઈ ભગવાનને શું આપશે ? ૨૪. **સ્વયં જે પુરુષોત્તમનારાયણ છે તે જ આ પ્રગટ ભગવાન સ્વામિનારાયણ છે. તે સર્વ અવતારોના અવતારી અક્ષરપતિ છે. અન્ય અવતારોથી આમની વાત અલગ જ છે.** ૨૫. તેમની સેવા બીજા કોઈ શું કરે ? કેમ જે, તેઓ એક જ પોતે સહુને ધારી રહ્યા છે. તે શ્રીહરિ જ સહુની સેવા કરે છે અને સહુને પ્રકાશી રહ્યા છે. ૨૬.

આનંદમૂર્તિ શ્રીહરિ પોતે અન્ય કોઈ થકી તલભાર પણ સુખી થાય તેમ નથી. અરે ! સર્વે તેમનાથી જ સુખી છે અને તે જ સહુને પાળનારા છે. ૨૭. તેમને અન્ય કોઈ પણ ચીજવસ્તુની લગાર પણ અપેક્ષા નથી. હા, બીજા સહુને તેમની અપરંપાર અપેક્ષા જરૂર રહે છે. ૨૮. પરમેશ્વર તો પૂર્ણકામ છે, સુખકારી છે અને પોતાને સુખે સદાય સુખી છે; એમ સમજીને પર્વતભાઈએ શ્રીહરિને નમસ્કાર કર્યા. ૨૯. પછી તો પર્વતભાઈ તત્કાળ સભામાં બેસી ગયા. તેમને શ્રીહરિ ઉપર ઘણો પ્રેમ થયો અને દિલમાં અતિશય મહિમા વધી ગયો. ૩૦.

પછી ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને જઈને સાબરમતી નદીમાં સ્નાન કર્યું. પછી **વરસડા** ગામ ગયા અને ત્યાં રાત રોકાયા. ૩૧. ત્યાં ગોપાળજી મહારાજે શ્રીહરિને જમવા માટે બાટી બનાવી. તેની સાથે અડદની દાળ કરી. પછી ભક્તપ્રતિપાલક શ્રીહરિ જમ્યા. ૩૨. બધા સંતો અને હરિભક્તો પણ જમ્યા. પછી તે જ સ્થળે શ્રીહરિ પોઢી ગયા. બીજે દિવસ સવારે ત્યાંથી ચાલ્યા તે **સિંજીવાડા** જઈને બપોરે જમ્યા. ૩૩. પછી પ્રિયતમ શ્રીહરિ **વડતાલ** પધાર્યા, ત્યારે ત્યાંના ભક્તો સામૈયું કરીને શ્રીહરિને ગામમાં લાવ્યા. જ્યારે થોડા દિવસ ત્યાં રહ્યા ત્યારે ત્યાં રામનવમીનો દિવસ આવ્યો. ૩૪. હરિભક્તોના હજારો સંઘ આવ્યા અને ઘણો મોટો સુંદર ઉત્સવ થયો. સંતોને માટે રોજ રસોઈ બનતી હતી. તેને દેખીને ભક્તોના હૃદયમાં હર્ષ થાતો હતો. ૩૫.

✳ ધોળકામાં દેવોની પ્રતિષ્ઠા કરી :

તે પછી ધોળકાના રેવાશંકરભાઈ આદિક પવિત્ર હરિભક્તો આવ્યા હતા. તેમણે શ્રીહરિની સ્તુતિ કરીને નમ્રતાથી વચન કહ્યાં, "સુધીર અને

કૃપાનાથ એવા હે શ્યામસુંદર ! આપ અમારે ગામ પધારો. ત્યાં આવીને મૂર્તિનું સ્થાપન કરી, અમારાં બધાં કાર્યને સફળ કરો." ૩૬-૩૭. હરિભક્તોનાં આવાં પ્રાર્થનાવચન સાંભળીને છેલછબિલા, સુખદાયક અને અલબેલા શ્રીહરિ તૈયાર થયા અને **ધોળકા** ગામ આવ્યા. ૩૮. રસ્તે ચાલતા જે ભક્તોના ગામ આવતા હતા તેને સ્વસ્વરૂપનું સુખ આપતા અવિનાશી, સુખધામ શ્રીહરિ ધોળકા પહોંચ્યા, ત્યાં જઈ ઉતારો કરીને રહ્યા. ૩૯. ધોળકાના બધા પ્રેમીભક્ત શ્રીહરિની સેવા કરવા પાસે જ રહેતા હતા.

પછી શ્રીહરિએ મનમાં નિશ્ચય કરીને ત્યાં બ્રાહ્મણોને બોલાવ્યા. ૪૦. તે વખતે બ્રાહ્મણોને શુભ મુહૂર્ત પૂછ્યું અને પૂજાના બધા જ ઉપચારો ભેળા કર્યા. કુંડ, મંડપ, વેદી આદિ કરાવ્યાં અને ઘણો સારો મહોત્સવ કર્યો. ૪૧. વૈશાખ સુદિ પાંચમને દિવસ ઘણું સારું અદ્‌ભુત મુહૂર્ત આવ્યું. શ્રીહરિએ મંગળ પત્રિકાઓ લખાવી, સંતોને તથા હરિભક્તોને ઘણા ભાવથી બોલાવ્યા. ૪૨. વરુણીમાં વિપ્રોને બોલાવી યજ્ઞનો આરંભ કર્યો. બ્રાહ્મણોએ વિધિથી વેદિકા કરી અને સારી રીતે હોમ કર્યો. ૪૩. **પછી શ્રીહરિએ તે સમયે રેવાશંકરભાઈના ઘરમાં જ બધો જ મૂર્તિપ્રતિષ્ઠાનો વિધિ કરીને મૂર્તિની સ્થાપના કરી દીધી.** ૪૪. શ્રીહરિએ દયા કરી તે વખતે મુરલીમનોહર મહારાજ, રાધિકાજી અને નીલકંઠ મહાદેવ આદિક દેવોની પ્રતિષ્ઠા કરી. ૪૫. પછી મહારાજે પોતાને હાથે તે દેવોની આરતી ઉતારી. પછી વિપ્રોની પાસે યજ્ઞનું બધું જ કામ પૂર્ણ કરાવ્યું. ૪૬. પછી શ્રીહરિએ વિપ્રોને બહુ દક્ષિણા આપીને જમાડ્યા. આ રીતે ધોળકામાં અદ્‌ભુત ઉત્સવ થયો. ૪૭. ભગવાન પુરુષોત્તમનો બધે જ જય જયકાર થઈ ગયો અને સહુ નરનારીઓ શ્રીહરિચરિત્રને હરખથી ગાવાં લાગ્યાં. ૪૮.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સહુ સંઘને સાકર આપી તથા પર્વતભાઈને પોતાનો મહિમા કહ્યો" એ નામે પિસ્તાળીસમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૬

દલપતરામને શ્રીહરિનાં પ્રથમ દર્શન તથા જૂનાગઢથી પત્ર આવ્યો

મુક્તાનંદ સ્વામી અતિશય અનુપમ શ્રીહરિનાં ચરિત્ર કહે છે, અને એભલ ખાચરના પુત્ર દરબાર દાદા ખાચર તે સાંભળે છે. તેનાથી તેમને અત્યંત અનુપમ આનંદ થાય છે. ૧. **પરમસુખનું ધામ તો ભગવાનની મૂર્તિ છે અને દેહ તો દુઃખનું ઘર છે. એટલે પ્રત્યેક જીવે ચોવિસેય કલાક એકમાત્ર શ્રીહરિની મૂર્તિને જ ધારી રાખવી જોઈએ.** ૨. **દેહ અને વિષયનો યોગ જીવને ભાન ભૂલાવી દે છે. વિષયનો યોગ જ મોટો રોગ છે. તે રોગને હરિચરિત્રરૂપી ઔષધથી ટાળવો.** ૩. એટલા માટે ભગવાન પુરુષોત્તમે પાવન ચરિત્ર કર્યાં છે. તેને રાત-દિવસ નિરંતર સાંભળતાં રહેવું. તે ચરિત્ર જીવને તત્કાળ પવિત્ર કરે છે. ૪. ધર્મકુમાર શ્રીહરિએ ધોળકામાં જય જયકાર કર્યો અને ત્યાંથી ચાલ્યા તે **સિંજીવાડા** જઈને રાત રહ્યા.

પછી સવારમાં ઊઠીને ત્યાંથી ચાલ્યા. ૫. પછી શ્રીજીમહારાજ **વરસડા** ગયા અને ત્યાંથી ગલિયાણા તરફ ચાલ્યા, ત્યારે રસ્તામાં એક તળાવ આવ્યું ત્યાં શ્રીહરિ ઊતર્યા. ૬. પોતાના ભક્તજનોને સદાચારરૂપ ધર્મ શીખવવા માટે તે તળાવમાં સ્નાન આદિ નિત્યકર્મ કર્યું. ત્યાં શૂન્યાતીતાનંદ સ્વામીએ શ્રીહરિને માથું નમાવી પ્રણામ કર્યા. ૭. પછી સાથવાની સાથે સાકર આપી. પ્રભુ શ્રીહરિ તેને ત્યાં જ જમ્યા અને પછી **ગલિયાણા** ગામ પધાર્યા. ત્યાં હરિભક્તના ઘરરૂપી મંદિરમાં ઉતારો કર્યો. ૮. પછી ભક્તપતિ પરમેશ્વર શ્રીહરિ **જાખડા** ગામ ગયા અને ત્યાંથી **પીપળી** આવ્યા. પછી ત્યાંથી ધર્મકુમાર પ્રભુ **ધોલેરા** ગયા. તેથી ત્યાંના બધા ભક્તો અપાર ખુશી થયા. ૯. ગુણના સાગર ધર્મકુમાર શ્રીહરિ ધોલેરાથી **ગઢપુર** ગયા.

❋ કવિશ્વર દલપતરામનો દિવ્ય પ્રસંગ :

તે દિવસોમાં એક વખત ગઢપુરમાં એક એવો અવસર આવ્યો કે, ત્યાં શ્રીમાળી બ્રાહ્મણ કનકા ત્રવાડીની માતાનો વર્ષીનો પ્રસંગ હતો. તેમણે તે પ્રસંગ ઉપર ઘણા ઉમંગથી ગોહિલવાડના પચ્ચીશ જેટલા ગામમાં જે બ્રાહ્મણ હતા તે બધાને ગઢપુર બોલાવ્યા. ત્યારે તે બધા બ્રાહ્મણ ત્યાં

સુખેથી આવ્યા. ૧૦-૧૨. તે પ્રસંગ ઉપર વઢવાણથી ત્રવાડી ડાહ્યાભાઈ પોતાના પુત્ર દલપતરામને સાથે લઈને ગઢપુર આવ્યા હતા. ૧૩. તે વખતે તેમણે સાંભળ્યું કે અહીં નજદીકના કોઈ ગામમાં હરિભક્તો રહે છે, તેને દર્શન દેવા માટે જે સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે ગયા છે. ત્યાં દર્શન દઈને અત્યારે તે પાછા ગઢપુરમાં આવે છે. ૧૪-૧૫. એટલે બધા ગામના લોકોની સાથે તેઓ પણ સ્વામિનારાયણની સવારીને જોવા માટે ગયા. ૧૬.

જ્યારે સંધ્યા સમય હતો ત્યારે દલપતરામે પહેલી વાર શ્રીહરિનાં દર્શન કર્યાં, અને તેમનું મન શ્રીહરિના સ્વરૂપમાં ખેંચાઈ ગયું. ૧૭. તેથી સહુની સાથે તે દલપતરામ આ વખતે દરબારગઢમાં આવ્યા. શ્રીહરિ તે બ્રાહ્મણોને દેખીને ઘોડી ઉપરથી નીચે ઊતર્યા. ૧૮. પછી ભગુજીને ઘોડી આપી અને કહ્યું કે, “આ ઘોડીને ચંદીનો તોબરો ચડાવજો.” પછી પ્યારા પ્રભુ શ્રીહરિ દરબારગઢમાં આવીને વિરાજમાન થયા. ૧૯. ત્યાં સભામાં સહુ બ્રાહ્મણોનો આદર કર્યો અને ઉત્તમ ઉપદેશ આપ્યો. તે સમયમાં દલપતરામની ઉંમર માત્ર આઠ વર્ષની હતી. ૨૦. પરંતુ તેના બાળ મન ઉપર કોઈ એવી અસર થઈ કે શ્રીહરિની છબી તેમના હૃદયમાં અંકિત થઈ ગઈ. પછી તે તેમને ક્યારેય ભુલાણી નહીં. ૨૧. તેઓ અઠ્યોતેર વર્ષના જ્યારે થયા ત્યારે પણ તે બધી વાત કહેતા કે, ‘શ્રીહરિએ બોલેલા તે વાક્ય અને તેમની જે અદા હતી, તે આ મોટી ઉંમરે પણ હું હજી ભૂલી શક્યો નથી.’ ૨૨.

આ રીતે શ્રીહરિની મૂર્તિમાં અલૌકિક આકર્ષણ રહ્યું હતું. જે મુમુક્ષુ હોય તે આ બાબતને જાણે છે, પણ આસુરી મનુષ્યને તેની કાંઈ ખબર પડતી નથી. ૨૩. ભગવાન ભક્તને માટે છે અને સર્વે ભક્તો ભગવાનને માટે છે. આ રીતે શ્રીહરિ તથા હરિભક્ત બંને પરસ્પરને માટે જ હંમેશાં હોય છે. ૨૪. આવી ઉત્તમ કથાને સાંભળીને દરબાર દાદા ખાચરે પૂછ્યું કે, “હે સદ્‌ગુરુ મુક્તમુનિ ! મારાં ભાવ ભરેલાં વચનને આપ સાંભળો. ૨૫. આપના સિવાય આવી ઉત્તમ વાત મને બીજો કોણ કહી શકે ? આપના મુખથી પિરસાયેલા કથારૂપી અમૃતનું પાન કરીને મારા દિલમાં આનંદ

ઊભરાઈ રહ્યો છે. ૨૬. કથારૂપી રસનું પાન કરતાં કરતાં મારો દિવસ એક ક્ષણની જેમ વીતી જાય છે, મને અખંડ સુખ થાય છે અને શ્રીહરિની મૂર્તિ એક પળવાર પણ ભુલાતી નથી. ૨૭. આવું સુખ મને જે મળે છે તે હે ગુરુદેવ ! આપની કૃપા છે." ત્યારે મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરને કહ્યું કે, "તમે ખરેખર ધન્ય છો." ૨૮.

આવા અવસરમાં જૂનાગઢમાં જ્યારે મંદિર તૈયાર થયું ત્યારે ત્યાં રહેતા મોટા સંતો અને હરિભક્તો તે બાબતે વિચાર કરવા ભેગા મળ્યા. ૨૯. કોણ-કોણ મળ્યા ? તો, બ્રહ્માનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી તે બન્ને મહાન ગુણવાન સંતો મંદિર તૈયાર કરવામાં મુખ્ય હતા. તેમની સાથે સેવામાં રહેનારા ગગાભાઈ, ઉમેદસંગભાઈ, ઉત્સાહી દાદાભાઈ, તેમજ અંબાલાલભાઈ, માણેકલાલ, વિશાળબુદ્ધિના રૂપશંકરભાઈ, જટાશંકર, શિવશંકર, ઉત્સાહવાળા અમરજીભાઈ, રંગીલદાસ, માધવરાય, વૃંદાવનભાઈ, ભુખણદાસ, હિંમતરામ, દયાળદાસ, દેવરામભાઈ, કાનજીભાઈ, ભીમજીભાઈ અને દુર્ગાદાસ, આ બધા હરિભક્તો આવીને ભેગા થયા. તેઓ પરસ્પર બોલ્યા કે, 'હવે આપણું મનગમતું મંદિર તૈયાર થયું છે એટલે શ્રીહરિ જો પધારે તો ઘણું સારું થાય. ૩૦-૩૩. શ્રીહરિ પધારીને મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરે, તેનાં દર્શન કરીને સહુ હરિભક્તોનું મન ઠરશે.' પછી સહુએ શ્રીહરિ ઉપર ગઢપુર એક પત્ર લખ્યો અને તે પત્ર લઈને ગગાભાઈને ગઢપુર મોકલ્યા. ૩૪.

તેઓ ગઢપુર આવ્યા અને તેમણે શ્રીહરિને પ્રેમથી પ્રણામ કર્યા. આનંદદાયક પત્ર શ્રીહરિને હાથમાં આપ્યો અને પછી કેટલાક સમાચાર મુખથી કહ્યા. ૩૫. તે પત્ર શ્રીહરિએ સહુ ભક્તોને વાંચી સંભળાવ્યો અને તેનાથી સહુના હૃદયમાં હર્ષ વધ્યો. પછી ગઢપુરના રામચંદ્ર જોશીને બોલાવીને તેમને પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે શુદ્ધ માસ તથા તિથિ પૂછી. ૩૬. વૈશાખ વદ-૨ની તિથિ અને ગુરુવારનું જોશીએ અતિ શુભ મુહૂર્ત શોધી આપ્યું. પછી તે અંગેનો પત્ર જૂનાગઢ લખ્યો. પત્રમાં મુહૂર્ત અને તિથિ લખ્યા, પછી શ્રીહરિએ આગળ લખ્યું કે, 'અમે થોડા દિવસ જ અગાઉ આવશું, માટે

બધો સામાન તૈયાર કરાવજો.' ૩૭-૩૮. આવો પત્ર ગગાભાઈના હાથમાં આપીને તેમને વળાવ્યા. તેમણે જૂનાગઢ આવીને પત્રની સાથે બધા સમાચાર કહ્યા. ૩૯. તે બધા સમાચાર સાંભળીને સહુ સંતો રાજી થયા. બાઈ-ભાઈ સહુ હરિભક્તોનાં દિલમાં પણ ઘણો જ ઉત્સાહ વધ્યો. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "દલપતરામને શ્રીહરિનાં પ્રથમ દર્શન તથા જૂનાગઢથી પત્ર આવ્યો" એ નામે છેતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૭

શ્રીહરિએ જૂનાગઢમાં ધામધૂમથી દેવોની પ્રતિષ્ઠા કરી

બ્રહ્માનંદ સ્વામી આદિ સહુ મળીને જરૂરી સામાન એકઠો કરવા લાગ્યા. સહુના દિલમાં ભગવાન શ્રીહરિને રાજી કરવાનો ભાવ હતો. ૧. દાદાભાઈ પાંચીબાને હરખભેર કહેવા લાગ્યા કે, 'આ મહોત્સવમાં સેવા કરવા સેવા-ભાવનાવાળાં બધાં સત્સંગી બહેનોને બોલાવો.' ૨. ત્યારે પાંચીબાએ કહ્યું કે, "આખા તથા પીપલાણામાં સત્સંગી વિપ્ર ઘણા રહે છે અને ત્યાંની મહિલાઓ ઘણી હોશિયાર છે. ૩. ધોરાજીમાં પણ આવી બધી મહિલાઓ ઘણી કાર્યકુશળ છે. તે બધી સત્સંગી બહેનોને જલદીથી બોલાવો." ૪. તે પછી ઉપર કહી તે બધી સત્સંગી બાઈઓને બોલાવી અને તે સહુ ખૂબ હરખથી ત્યાં આવી. જરૂરી બધો સામાન તૈયાર કર્યો અને ઘણાં સારાં સ્વાદુ પકવાનો બનાવ્યાં. ૫.

પછી બ્રહ્માનંદ સ્વામી આદિ સહુ સંતોએ મળીને કેટલાય ગામોમાં કંકોત્રીઓ લખી. આ બાજુ શ્રીહરિએ પણ જૂનાગઢ જવા માટેની તૈયારી કરી. ૬. પોતાના પરિવાર સાથે દાદા ખાચર પણ જૂનાગઢ જવા માટે તૈયાર થયા. તે રીતે જ જીવા ખાચર પણ પોતાના કુટુંબે સહિત તૈયાર થયા. ૭. ગઢપુરથી ચાલેલા શ્રીહરિ **વાંકિયા** જઈને રાત રહ્યા. સવારે ઊઠીને તૈયાર થયા. જગજીવન શ્રીહરિ **જૂનાગઢ** પહોંચ્યા ત્યારે હરિભક્તો સામૈયું

લઈને આવ્યા. ૮. જૂનાગઢના **નવાબ બહાદુરખાન** હતા. તેને ખબર પડી કે ભગવાન શ્રીહરિ પધાર્યા છે. પછી તેણે પણ ડંકા અને નિશાને સહિત ઘણા પ્રેમથી પાયદળની ટુકડી સ્વાગત માટે મોકલી. ૯. બ્રહ્માનંદ સ્વામી આદિ સમગ્ર સંતમંડળ, દાદાભાઈ આદિ મુખ્ય ગૃહસ્થો તથા બધા મહેતા મુત્સદ્દીઓ સામે આવ્યા અને ઘણી જાતનાં વાજિંત્ર લાવ્યાં. ૧૦. સહુએ પ્રભુ શ્રીહરિને પ્રણામ કરીને તે સ્થળે હાર-તોરા કર્યા. પછી વિશ્વવિહારી પ્રભુ જૂનાગઢ શહેરમાં પ્રવેશ્યા.

તે સમયે શ્રીહરિની સવારી કેવી સુંદર શોભતી હતી ? ૧૧. શ્રીહરિ ઘોડી ઉપર બેઠા હતા. સાથે ઘણા કાઠીસવારો હતા. તેમના હાથમાં રહેલી બરછીઓ ચમકતી હતી. માનો તે વાદળાં વચ્ચે ચમકતી વીજળી હોય ! ૧૨. કેટલાક વીર પુરુષની પીઠ પાછળ લટકતી મોટી મોટી ઢાલો શોભતી હતી, તથા કેટલાકની એવી મોટી મૂંછો કે જેના ઉપર લીંબુ પણ રહી જાય ! ૧૩. તે સહુના માથાં ઉપર સુંદર પાઘડીઓ શોભતી હતી. માનો મંદિરનાં શિખર ઉપર કળશ હોય ! અને તે પાઘની ઉપર મૂકેલાં સુંદર છોગાં ધજા જેવા ફરકતાં હતાં. ૧૪. તારામંડળને મધ્યે ચંદ્રમા શોભે તેમ શ્રીહરિ સખાઓની વચ્ચે શોભતા હતા. તેમાં દોડી દોડીને લોકો દર્શન કરતા હતા, તેની ઘણી ભીડ થઈ હતી. ૧૫. નરનારી બધાં જ હરખથી ‘જય જયકાર...’ બોલતાં હતાં. તેમાં અનેક સંતો તથા હરિભક્તો ઉમંગથી કીર્તન ગાતા હતા. ૧૬. શ્રીહરિની મૂર્તિમાં મહાપૂર્ણ તેજ પ્રકાશતું હતું. જેને જોઈને સહુને શ્રીહરિ ભગવાન જણાતા હતા. પ્રભુ શ્રીહરિ મંદિરની પાસે ગયા. જ્યાં દરબાર ઝીણાભાઈનું નિવાસ સ્થાન હતું, ત્યાં શ્રીહરિએ પોતાનો ઉતારો કર્યો, અને બીજા સહુને જેને જ્યાં ઘટે ત્યાં ઉતારા અપાવ્યા. શહેરના બધા મનુષ્યો શ્રીહરિને પ્રણામ કરી અને પોતપોતાને નિવાસસ્થાને ગયા. ૧૭-૧૮. સંઘના બધા મનુષ્યો સારી રીતે જમ્યા.

પછી સાયંકાળે પ્રેમથી ઘણી સજાવેલી સભા થઈ. પછી શ્રીહરિનો પ્રતાપ જોવા માટે નવાબ બહાદુરખાનજી ત્યાં આવ્યા. ૧૯. તેણે પ્રેમથી શ્રીહરિને નમસ્કાર કર્યા અને પછી હાથ જોડીને એમ બોલ્યા, **“મારે લાયક**

જે કામ હોય તે કહેજો અને જે વસ્તુ જોઈએ તે માગી લેજો. ૨૦. આપ જેવા મહાપુરુષોના આશીર્વાદથી હું આ સુખદાયક રાજ્ય પામ્યો છું." આમ બોલીને તેઓ ત્યાંથી પાછા ગયા. આવા રાજાને ખરેખર 'ધન્ય છે... ધન્ય છે...' ૨૧. શ્રીહરિ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ મુનિનો હાથ પકડીને મંદિર જોવા ગયા. મંદિરની રચના દેખીને કરોડો બ્રહ્માંડના નાથ શ્રીહરિ રાજી થયા. ૨૨. તે સમયે શ્રીહરિએ તે બંને સદ્‌ગુરુઓને પોતે પહેરેલા પ્રસાદીના બે હાર વક્ષઃસ્થળ ઉપરથી કાઢીને આપ્યા. પછી મંદિરમાંથી જ્યાં યજ્ઞમંડપ હતો ત્યાં ગયા. યજ્ઞમંડપ દેખીને પોતે ખુશ થયા. ૨૩. વિદ્વાન વિપ્રો આવ્યા હતા. તેમણે જે વિધાન બતાવ્યું, તેને અનુસરીને જ શ્રીહરિએ ભગવાનની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. ૨૪. ત્રણ શિખરવાળું મંદિર શોભતું હતું. ઉત્તરાદાબારનું તે સુંદર લાગતું હતું. તે મંદિરના ત્રણ ખંડમાં વચલા ખંડમાં રણછોડરાય તથા ત્રિકમરાય પધરાવ્યા. ૨૫. ઉગમણા ખંડમાં રાધારમણ દેવ સ્થાપ્યા કે જે દર્શનમાત્રથી જીવને આ સંસારના ભટકણથી છોડાવે છે. આથમણા ખંડમાં મનોહર સિદ્ધેશ્વર મહાદેવની તે મૂર્તિ શોભે છે. ૨૬. તેમની સાથે પાર્વતીજી શોભે છે અને ત્યાં નંદિકેશ્વર પણ સ્થાપ્યા છે. તેમાં ત્રણેય ખંડથી આગળની કોળીમાં પૂર્વમુખે હનુમાનજીની સ્થાપના કરી. ૨૭.

સત્સંગીઓનું રક્ષણ કરવા અને માનો તેમનું સંકટ હરવા માટે મંદિરના મંડપના બહારના ભાગમાં પશ્ચિમ તરફ જે દેરી છે, તેમાં શિવના બાણનું સ્થાપન કર્યું અને તેનું કાશી વિશ્વનાથ આવું નામ રાખ્યું. સં.૧૮૮૪ના વર્ષમાં વૈશાખ વદિ બીજ અને ગુરુવારે સવા પહોર (૯:૪૫ કલાક) દિવસ જ્યારે ચઢ્યો, ત્યારે શ્રીહરિએ આ બધી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. તે વખતે ઘણો સુંદર ઉત્સવ થયો. તેને દેખીને દેવતાઓ અને મનુષ્યો સહુએ તેનાં વખાણ કર્યાં. ૨૮-૩૦. તે સમયે ઘણી જાતનાં વાજિંત્રો વાગતાં હતાં અને આકાશમાં દેવોએ પણ દુંદુભિ વગાડ્યાં. મહારાજાધિરાજ શ્રીહરિ જ્યારે આરતી ઉતારી રહ્યા ત્યાર પછી બધા સંતમંડળે સ્તુતિ કરી. ૩૧. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મસ્તક નમાવીને શ્રીરાધારમણ દેવની સ્તુતિની રચના

કરીને બોલ્યા. પછી સિદ્ધેશ્વરની પણ સ્તુતિ કરી. હે દાદા ખાચર ! હવે તે રાધારમણ દેવની સ્તુતિ તમને સંભળાવું છું. ૩૨.

સરોવરનાં અગાધ જળમાં ઝૂડે-મગરે જ્યારે ગજેન્દ્રનો પગ પકડ્યો, ત્યારે તેણે દુઃખથી ભગવાનની આગળ ધા પોકારી અને શરણે ગયો. તે ભગવાનનું અડધું જ નામ બોલ્યો, તેટલી વારમાં તો ભગવાન પોતે ઝડપથી આવ્યા અને તેને તે દુઃખથી છોડાવ્યો. તેની બધી જ ઉપાધિ મટી ગઈ તેમજ શાંતિ થઈ; આવા શરણાગત રક્ષક, જીવમાત્રના સાચા મિત્ર, બધી પીડાને હરનારા; એવા માધવ રાધારમણરૂપ શ્રીહરિ આપનો જય થાઓ... જય થાઓ... ૩૩. જ્યારે આપ વસુદેવને ઘેર શ્રીકૃષ્ણરૂપે પ્રગટ્યા, ત્યારે અનેક અસુરોને મારીને ભૂમિનો ભાર ઉતાર્યો હતો. અને ભોમાસુર આદિને મારી દેવતાઓનું કાર્ય સાધ્યું હતું. સંતોનો ઉદ્ધાર કર્યો અને રણભૂમિમાં કંઈક દ્વેષી શત્રુઓને માર્યા હતા.

જ્યારે દેવરાજ ઈન્દ્રે બારેય મેઘને વ્રજભૂમિની ઉપર વરસાવ્યા, ત્યારે આપે ગોવર્ધન પર્વતને ધારણ કરી વ્રજને ઉગાર્યું હતું; આવા શરણાગત રક્ષક, જીવમાત્રના સાચા મિત્ર, બધી પીડાને હરનારા; એવા માધવ રાધારમણરૂપ શ્રીહરિ આપનો જય થાઓ... જય થાઓ... ૩૪. એક સમયે વૃંદાવનમાં ઘણા આનંદથી રંગમાં આવીને તમે રાસક્રીડા કરી હતી. આપે અનેક કળછળ કરીને અનેક દૈત્યોનો નાશ કર્યો છે. આપનું સ્વરૂપ અત્યંત ઉજ્જ્વળ છે. આ હું બ્રહ્માનંદ મુનિ આપનો દાસ છું. મારા અંતરમાં આપના દર્શનની સાચી આશા છે, તેથી મને આપના ચરણમાં રાખો; શરણાગત રક્ષક, જીવમાત્રના સાચા મિત્ર, બધી પીડાને હરનારા એવા માધવ રાધારમણરૂપ શ્રીહરિ આપનો જય થાઓ... જય થાઓ... ૩૫. આ રીતે બ્રહ્માનંદ સ્વામીએ ઘણા હરખથી શ્રીરાધારમણ દેવની સ્તુતિ કરી. વળી સિદ્ધેશ્વર મહાદેવની પણ નવી બનાવેલી સ્તુતિ ગાઈ. 'આપ પાર્વતી પતિ અત્યંત બળવાન છો. સદાય નિર્મળ અને મનુષ્ય જેવા વેશમાં રહો છો. આપની સાથે કાયમ ઉમંગથી નંદી રહે છે. આપના ગુણોને શેષજી પણ સંભારે છે. ૩૬-૩૭.

હે શિવજી ! આપ મનુષ્યરૂપે રહ્યા છો. આપ અકળ, માયારહિત, અવિનાશી, સર્વ જગતના રાજા છો. આપે કામને બાળી નાંખ્યો છે અને આપનું અર્ધનારીશ્વર સ્વરૂપ ઘણું શોભે છે. મુનિઓને ભાવતા આપના સ્વરૂપને તેઓ પોતાના હૃદયમાં રાખે છે. આપ સિદ્ધેશ્વરની છાંયામાં-આશ્રય કરવાથી લોકો સુખ પામે છે. એવા આપના થોડા ગુણોને મેં બ્રહ્મમુનિએ ગાયા છે. તો સર્વ સિદ્ધોના ઈશ્વર, બધા ક્લેશને હરનારા, હંમેશાં પ્રસન્ન રહેનારા; આવા મહેશ્વર આપ સિદ્ધેશ્વરનો જય થાઓ... જય થાઓ...' ૩૮. કવિવર બ્રહ્માનંદ સ્વામીએ આવા તો ઘણા છંદ કર્યા અને ઊંચે અવાજે એવા બોલ્યા કે, મંદિરમાં તેના બહુ પડછંદા પડ્યા હતા. ૩૯. તે દિવસે મહાપુરુષદાસ સ્વામી પોતાના પૂર્વાશ્રમના કાકા પિતાબંરભાઈની સાથે ભાયાવદરથી આ ઉત્સવમાં આવ્યા હતા. ૪૦. તેથી મહાપુરુષ સ્વામી કાયમ એમ કહેતા કે, જ્યારે બ્રહ્માનંદ સ્વામી આ છંદ બોલ્યા ત્યારે હું ત્યાં હતો અને તે છંદને મેં પોતે સાંભળ્યા હતા. ૪૧. આજ સુધી તે મને યાદ છે. હું તે સમયની દિવ્યતાને શું કહું ! મારી ઉંમર તે સમયે માત્ર દસ વર્ષની થઈ હતી. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ જૂનાગઢમાં ધામધૂમથી દેવોની પ્રતિષ્ઠા કરી" એ નામે સુડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૮

જૂનાગઢના નવાબને આશિષ તથા મોટા સંતોના સમાગમની પ્રશંસા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી રાધારમણ દેવની પ્રતિષ્ઠાના અતિ અલૌકિક ઉત્સવનું વર્ણન કરે છે, અને ગઢપુરના દરબાર દાદા ખાચર તે સાંભળે છે. ૧. મંદિરમાં દેવપ્રતિષ્ઠા વખતે બધા સંતો જ્યારે સ્તુતિ કરી રહ્યા હતા અને દર્શન કરતા હતા, તે વખતે સંપૂર્ણ મંદિર તરત જ અપાર તેજથી ભરાઈ ગયું. ૨. તે સમયની દિવ્યતાને જે જે લોકોએ સાક્ષાત્ દેખી હતી, તેને

તેઓ પોતાની આયુષ્યના અંત સુધી ભૂલી નહિ શકે; એવી તે દિવ્યતા હતી. ૩. દેવોની પ્રતિષ્ઠા વખતે દર્શન કરનારાં બધાં જ નરનારીઓના મન પ્રસન્નતાથી ભરાઈ ગયા હતા. શ્રીહરિ પણ તે વખતે ઘણા ખુશી હતા અને સંતો તથા બધા હરિભક્તો પણ ઉત્સાહમાં હતા. ૪. તે વખતે સહુ 'જય જયકાર..' બોલતા હતા. તે વખતે સહુને અપરંપાર આનંદ થયો હતો. કૃપાનાથ શ્રીહરિએ અતિશય કૃપા કરી અને બ્રાહ્મણોને ઘણી દક્ષિણા આપી. ૫. જેણે મંદિરમાં કામ કર્યું હતું એવા બધા કડિયાઓને ભવસિંધુતારણહાર શ્રીહરિએ અતિશય રાજી થઈને શિરપાવ આપ્યો. ૬. ત્યાં ચોરાશી જ્ઞાતિના જે વિપ્રો હતા તે સહુને શ્રીહરિએ જમાડ્યા. તેમજ બધા સંતો અને વર્ણીઓને જમાડી સહુ હરિભક્તોને સંતુષ્ટ કર્યા. ૭.

નટવર નાથ શ્રીહરિએ વાસુદેવાનંદ નામે વર્ણીને તે મંદિરમાં પૂજા કરવા રાખ્યા, અને તેની સાથે આનંદાનંદ વર્ણીને રાખ્યા. ૮. પછી અવિનાશી શ્રીહરિ ગુણાતીતાનંદ સ્વામીની પાસે એમ બોલ્યા કે, **'તમે અહીંના મહંત થઈને તમારો દેહ રહે ત્યાં સુધી અહીં રહો.'** ૯. પછી બહુનામી પ્રભુએ તે સ્થળે દાદાભાઈ આદિક હરિભક્તોને શિખામણ આપી. જ્યારે વૈશાખ વદિ એકાદશીનો દિવસ આવ્યો, ત્યારે શ્રીહરિ નારાયણધરે જઈને નાહ્યા. ૧૦. નારાયણધરામાં સ્નાન કરીને પાછા આવ્યા ત્યારે નવાબે પોતાની કચેરીમાં શ્રીહરિની પધરામણી કરી, અને અનેક જાતની ભેટ અર્પણ કરી. ૧૧. કિંમતી સોનાના અલંકાર, સુંદર શાલ દુશાલા અને સારાં વસ્ત્ર પહેરાવ્યાં. આ રીતે તેમણે શ્રીહરિની પૂજા કરવાની ખુશી મનાવી. ૧૨. તેણે સંતોને પણ ચંદનની અર્ચા કરીને પૂજ્યા. ધોતિયાની ભેટ આપી અને ભાવથી વંદન કર્યા. ૧૩.

પછી નવાબે શ્રીહરિની પ્રાર્થના કરીને કહ્યું કે, **"આપ તો સાક્ષાત્ ખુદા છો. મારી પ્રાર્થના સાંભળી મારા ઉપર પણ કૃપા રાખજો. ૧૪. આજે આપના દર્શનથી મને ઘણી શાંતિ થઈ છે."** ત્યારે શ્રીહરિએ રાજી થઈને પોતાનો પ્રસાદીનો હાર નવાબને આપ્યો. ૧૫. ત્યારે નવાબના દીવાને છાની રીતે શ્રીહરિને કહ્યું કે, **"ભગવન્ ! અમારા નવાબને કોઈ પુત્ર નથી**

તો આપ આશીર્વાદ આપો." ૧૬. ત્યારે શ્રીહરિએ આશીર્વાદ આપતાં કહ્યું કે, "તમારે ત્રણ પુત્ર થશે. તેમાં બે રાજ્ય કરશે અને તેની સાથે મંદિરની સેવા પણ કરશે. ૧૭. તે સંતોને તથા ભક્તોને રાજી કરશે અને સારી રીતે દાન આપતા રહેશે." આમ કહીને શ્રીહરિ મંદિરમાં આવ્યા અને સંતો તથા હરિભક્તોને ખૂબ જ મનમાં ગમ્યા. ૧૮. મંદિરમાં આવી ત્યાં સભા કરી અને તેમાં હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી, વસ્ત્ર અને ઘરેણાં ઈત્યાદિ ભેટ ધરી. પછી ઘણા હેતથી આરતી કરી. ૧૯. મુક્તાનંદ સ્વામી આ પ્રસંગે કહે છે કે પ્રભુ શ્રીહરિને આ જૂનાગઢ ધામ અતિશય પ્યારું છે. અહીં આવીને જે કોઈ મનુષ્ય આ ધામની યાત્રા કરે તો તે ચારેય પુરુષાર્થને પામે છે. ૨૦.

પછી ભક્તપતિ શ્રીહરિ ત્યાં સંતો તથા હરિભક્તોની સાથે એકાદશીનું જાગરણ કરીને પોઢી ગયા. તે પછી બારશને દિવસે સવારે સહુએ પારણાં કર્યાં. ૨૧. પછી સંતો તથા હરિભક્તોની સભા કરી અને શ્રીહરિએ સહુને સહુ સહુના ઘેર જવા રજા આપી અને કહ્યું, "સોરઠના સત્સંગને વધારવાનો ઝીણાભાઈના દિલમાં ઘણો ભાવ હતો. ૨૨. અહીંયાં જૂનાગઢમાં મંદિર કરવું અને તેમાં સંતો કાયમને માટે રહે અને તેનાથી સત્સંગની પુષ્ટિ થાય; આવું ઝીણાભાઈનું કહેવું હતું. ૨૩. તેમના જ આગ્રહથી અમે અહીંયાં આ ઘણું મોટું મંદિર કર્યું છે. તેમના મનની જે ઈચ્છા હતી, તે અમે પૂરી કરી દીધી છે. ૨૪. વળી અહીંના નવાબને મંદિર પ્રત્યે પ્રેમ છે. તેથી રાજ્ય તરફથી આ મંદિરને સારી રીતે મદદ મળતી રહેશે. ૨૫.

માટે અમે બધા સત્સંગીઓને આજ્ઞા કરીએ છીએ કે, અમારામાં વિશ્વાસ રાખીને નિરંતર મંદિરની સેવા કરજો. ૨૬. **તમે બધા સંતોને સેવજો અને ભાવથી સત્સંગ કરજો. મન, કર્મ, વચનથી તમે સંતની આજ્ઞામાં અતિશય રહેજો.** ૨૭. **આ રીતે જો સંતોનાં આજ્ઞા-વચનને પાળશો તો બ્રહ્મરૂપ થઈ જાશો."** આમ કહીને ભક્તોના પ્રાણજીવન શ્રીહરિ જૂનાગઢથી નીકળ્યા. ૨૮. રસ્તામાં હરિભક્તોના જે ગામ આવતા હતા ત્યાં રોકાતાં રોકાતાં સુખરાશી શ્રીહરિ સં.૧૮૮૪ના વૈશાખ માસની અમાસને દિવસ **ગઢપુર** પહોંચ્યા, અને બધા ભક્તોના મનમાં ભાવ્યા.

❋ દાદા ખાચરની મહિમાત્મક સ્તુતિ :

દરબાર દાદા ખાચરે શ્રીહરિની પૂજા કરી અને પછી ભાવથી સ્તુતિ કરી, **'મહારાજ ! આપ સર્વોપરિ, સુખધામ, અક્ષરાધિપતિ અને પૂર્ણકામ છો. આપ સર્વ અવતારોના અવતારી છો. આપની રીત સહુથી ભિન્ન છે.** ૨૯-૩૧. આપના મુક્તો પણ આપને સમાન છે. તે આપને તુલ્ય બીજા કોઈને માનતા નથી. તેઓ તો આપનું યથાર્થ માહાત્મ્યજ્ઞાન જાણે છે અને તેથી તેઓ આપનું અખંડ ધ્યાન ધરે છે. ૩૨. તમારા તે મુક્તો સહુથી અધિક સુખી છે, અને જગતના જીવ ઘણા દુઃખી છે. અમે આપના મુક્તોને સમાન બીજા કોઈને સુખી જાણતા નથી. ૩૩.

चोपाई :

तव मुक्त है ब्रह्मस्वरूपा, अति स्नेह से है तद्‌रूपा;
वे तो केवल रूप तुम्हारा, देख रहे है एकधारा...३४
देह नहि हूँ मैं कोई काला, मैं तो आत्मा हूँ निराला;
मेरे गुन है जो जो जैसा, देह में एक भी नहि है ऐसा...३५
ऐसा तव मुक्त कु है ज्ञाना, प्रेम से भजत प्रगट भगवाना;
ऐसे संत अरु भक्त सहिता, आप रहे हम घर कर प्रीता...३६

આપના બધા મુક્તો બ્રહ્મસ્વરૂપ છે અને અત્યંત સ્નેહથી તદ્‌રૂપ થઈ ગયા છે. તેઓ તો કેવળ આપના સ્વરૂપને જ એકધારું દેખે છે. ૩૪. હું કોઈ કાળમાં દેહ નથી. હું તો કેવળ નિરાળો આત્મા છું. મારામાં જે જે જેવા ગુણો છે તેવો એક પણ ગુણ દેહમાં નથી. ૩૫. આપના મુક્તને આવું જ્ઞાન છે. તેઓ પ્રેમથી પ્રગટ ભગવાન આપનું ભજન કરે છે; આવા સંતો અને હરિભક્તોએ સહિત આપ અમારે ઘેર પ્રેમથી રહ્યા છો. ૩૬. આપની મૂર્તિ સિવાય બીજું જે કાંઈ પણ છે તે બધામાં આપની મહાન મૂર્તિ રહી છે. ૩૭. **આપની મૂર્તિથી કોઈ પણ અધિક સુખરૂપ અને ઉત્તમ નથી. હે ધર્મપુત્ર ઘનશ્યામ ! આપ એક જ સર્વોપરિ છો.** ૩૮. **આ જગતમાં જે જે કાંઈ વ્યક્તિ કે વસ્તુ દેખાય છે તે કોઈ પણ આપને તુલ્ય નથી. આપના**

સમાન તો આપ એક જ છો. ૩૯. આપ સહુથી પર છો, અહો..! અલૌકિક આનંદરૂપ છો. આપનું નિવાસ સ્થાન અક્ષર છે, છતાં સહુમાં આપનો નિવાસ છે.' આ રીતે દાદા ખાચરે સ્તુતિ કરી. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "જૂનાગઢના નવાબને આશિષ તથા મોટા સંતોના સમાગમની પ્રશંસા કરી" એ નામે અડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૪૯

કાઠિયાવાડના ભક્તોને તેમના પ્રદેશમાં મંદિર કરવાનો કોલ આપ્યો

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે હે અભયપુત્ર દાદા ખાચર ! હવે આગળની શ્રીહરિની લીલાને વિસ્તારથી હું કહું છું. ૧. હું ગઢપુરના મંદિરની વાત શરૂઆતથી જ કહું છું. કારણ કે ગઢપુરધામમાં સહુને અતિશય પ્રેમ રહ્યો છે. ૨. દાદા ખાચર ! તમે સાંભળો. આપના ગામની કથા હું કહું છું. આ ગઢપુર ગામમાં થયેલાં શ્રીહરિનાં અનુપમ ચરિત્રને હું જાણું છું. ૩. ઘનશ્યામ પ્રભુએ આ ગઢપુરમાં રહીને સહુથી અધિક ચરિત્ર કર્યાં છે. કોઈ કરોડો વર્ષ સુધી તે કહેવા ધારે, તોપણ શ્રીહરિનાં બધાં જ ચરિત્રને કોઈ કહી શકે તેમ નથી. ૪.

એકવાર શ્રીહરિ સુરત ગયા હતા. પછી સં.૧૮૮૧ના માગશર માસમાં પાછા ગઢપુર આવ્યા. સાથે ઘણા શાણા કાઠીસવારો હતા. તે બધા એક સ્થળે ભેળા થયા. ૫. જે પ્રદેશને પરમ પવિત્ર 'પાંચાળ' આવે નામે કહેવામાં આવે છે, તે ખાસ કરીને કાઠીઓનો દેશ છે. ત્યાંના તે બધા સાચા સરદારો હતા. શ્રીહરિનાં ચરણને પૂજનારા તે કોઈ કાચા ન હતા. ૬. તે બધાએ મળીને એવો વિચાર કર્યો કે, 'કચ્છ અને ગુજરાત પ્રદેશ ઘણા ભાગ્યશાળી છે. તેમાં શ્રીહરિએ શ્રેષ્ઠ મંદિરો કર્યાં છે અને આપણા ગામોને તો ભૂલી ગયા છે. ૭. આપણે બધા મળીને શ્રીહરિની પાસે જઈએ

અને તેનું કારણ પૂછીએ.' આવો વિચાર કરીને બધા શ્રીહરિની પાસે આવ્યા ને પોતાના વિચાર સંભળાવ્યા, 'હે નાથ ! આપ તો અશરણના શરણ છો. આપ હંમેશાં અમારી સાથે રહો છો, છતાં પણ ધર્મના દુલારા એવા આપ અન્ય પ્રદેશના ભક્તોને બહુ પ્યારા ગણો છો. ૮-૯. કચ્છના અને ગુજરાતના ભક્તો આપને અતિશય વહાલા છે. તેથી જ તે પ્રદેશમાં આપે શ્રેષ્ઠ મંદિર કર્યાં છે અને અમારા ગામને ભૂલી ગયા છો. ૧૦. તેનું કારણ અમને સંભળાવો અને આ દેશમાં શુભ ધામ કરાવો.

હે હરિ ! આ અમારો દેહ અને ઘર આદિ બધું જે કાંઈ પણ છે તે તો બધું આપનું જ છે, એમ જાણો.' ૧૧. બધા કાઠી દરબારોની વાત સાંભળી શ્રીહરિ એમ બોલ્યા કે, "તમે અમારા ભક્ત છો. તે અમને બીજા કરતાં ઓછા પ્રિય નથી. અમે પહેલા ત્યાં જે દેવ મંદિર કર્યાં છે તેનાં કારણો તો અમારા મનમાં ઘણાં છે. ૧૨. અમે તો તમારી સાથે સદાય રહીએ છીએ અને તમારાથી ક્યારેય દૂર નથી. તેથી જ મને સહુ ગઢડામાં રહેનાર કહે છે અને સહુ ગઢડાને સ્વામિનારાયણનું કહે છે. ૧૩. તમને સહુને મારાં દર્શન સદાય સુલભ છે અને અન્ય પ્રદેશના ભક્તોને તે અતિશય દુર્લભ છે. માટે તે સહુને આધાર રહે એટલા માટે મારા ધામરૂપ મંદિર તેમને પહેલા કરી દીધાં છે. ૧૪. પરંતુ આ પ્રદેશમાં સહુથી શ્રેષ્ઠ અને વિશેષ પ્રભાવવાળું મંદિર કરીશ. જ્યાં સુધી હું તેવું મંદિર નહીં કરું ત્યાં સુધી હું મારા શરીરનો ત્યાગ નહીં કરું. ૧૫. મારા દિલમાં એવી ઇચ્છા છે કે, હું મારા આ સ્વરૂપના માપ પ્રમાણે પાસે બેસીને મૂર્તિ કરાવું અને તે મૂર્તિને મારે હાથે હું સ્થાપન કરું.' ૧૬. આમ કહીને શ્રીહરિએ બધા હરિભક્તોને રાજી કર્યા.

પછી તે બધા પોતપોતાને ઘેર ગયા. સહુના દિલમાં આનંદ થયો કે સર્વ સુખના મૂળરૂપ શ્રીહરિ આ પ્રદેશમાં મંદિર કરાવશે. ૧૭. પછી શ્રીહરિ એક દિવસ ગઢપુરમાં સુખ-શાંતિથી વિરાજમાન હતા. ત્યારે ત્યાં શિવરામ વિપ્ર આવ્યા અને તેણે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યા. ૧૮. ત્યારે શ્રીહરિએ તેણે પૂછેલા બધા પ્રશ્નના ઉત્તર આપ્યા. તે ઉત્તરમાં વિવિધ પ્રકારના ધર્મની વાતો

ઘણા ભાવથી કહી. ૧૯. સ્મૃતિકારોના નામ સહિત ચારે વર્ણ અને ચારે આશ્રમના સાધારણ ધર્મ પહેલા કહ્યા. ૨૦. તે રીતે જ મનુષ્ય માટેના જે વિશેષ ધર્મ છે તે કહ્યા અને અતિશય ઉપયોગી દેવપૂજન આદિ બધાં કર્મ પણ કહ્યાં. ૨૧. જીવનમાં આવશ્યક આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણય સાથે સંપૂર્ણ ધર્મો અને તેનાં લક્ષણો વગેરે બધું કહ્યું. ૨૨. ગૃહસ્થના જે જે ધર્મ કહેવાય છે, રાજાઓના વિવિધ ધર્મ છે, તે બધા જ શ્રીહરિએ શિવરામ વિપ્રને કહ્યા અને તેથી તે ખુશી થયા. (તેનો વિસ્તાર સત્સંગિજીવનના પંચમ પ્રકરણમાંથી જાણવો.) ૨૩. તે પછી શ્રીહરિએ ગઢપુરમાં રહીને પોતાને ગમે તેવો સુંદર વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી વળી **અમદાવાદ** ગયા. ૨૪. ત્યાં ફૂલદોલનો ઉત્સવ કર્યો અને ત્યાંથી **વડતાલ** આવ્યા. ત્યાં રામનવમીનો ઉત્સવ કરીને ફરીથી **ગઢપુર** આવીને રહ્યા. ૨૫.

પછી એક સમયે સુખકારી શ્રીહરિને જ્યારે ખૂબ જ આનંદમાં દેખ્યા, ત્યારે દરબાર દાદા ખાચરે તેમની પાસે આવીને સ્તુતિ કરી. ૨૬. વળી મોટીબા, લાડુબા, રાજબાઈ, અમરબાઈ અને અમૂલાબાઈ વગેરે મળીને ત્યાં આવ્યા. તે વખતે તેમણે અતિશય આશ્ચર્ય દેખ્યું કે જેની ઉપમા દઈ શકાતી નથી. ૨૭. તેમણે અક્ષરધામના મુક્તોને શોભાએ યુક્ત શ્રીહરિની પાસે જ રહ્યા હોય એમ જોયા. વળી ત્યાં રાધિકા તથા લક્ષ્મી અને શક્તિરૂપ દયા ને ક્ષમા બધાં મળીને રહ્યાં હોય તેમ દેખ્યાં. ૨૮. ત્યારે મોટીબા આદિક બધી બહેનોએ શ્રીહરિને અતિશય પ્રેમથી પ્રણામ કર્યા અને ઘણી સરસ વાણી ઉચ્ચારી, 'હે કૃપાળુ ! અમે આપને વિનંતી કરીએ છીએ તો તેને સુખકારી આપ સ્નેહથી સાંભળો. ૨૯. હે બહુનામી સુખરાશિ સ્વામી ! અમે આપનાં ચરણની ઉપાસના કરનારા છીએ. અમે આપના સેવક છીએ અને આપ અમારા સ્વામી છો. શુભ તેજે યુક્ત એવા આપ અત્યંત સમર્થ છો. ૩૦.

અમે અમારા ચિત્તને આપનાં ચરણમાં જ રાખ્યું છે. તે સિવાય બીજે ક્યાંય લગાર પણ રાખ્યું નથી. અમે આપના સમાન બીજા કોઈ દેવને દેખ્યા નથી અને તેથી જ અમે આપને મન, કર્મ, વચનથી અર્પણ થયા છીએ. ૩૧. **આપે જન્મ તો સરજુને કિનારે ધાર્યો છે, પણ અનેક જીવોના મોક્ષને**

માટે અહીંયાં આવીને વસ્યા છો. અમે અમારાં તન, મન આદિ સર્વ આપને અર્પણ કર્યાં છે અને તેથી જ અમે અધિક સુખી થયા છીએ. ૩૨. **અમારી પ્રાર્થના અત્યારે સાંભળીને આપ અહીં એક સુંદર મંદિર કરો.** હે હરિરાય ! આપ અમારા પ્રિયતમ અને સર્વોપરિ સુખદાયક છો, તો આ અમારી આશાને પૂર્ણ કરો. ૩૩. આ ગઢપુરની ભૂમિ સત્સંગનું મૂળ છે. અહીં બધી જાતની અનુકૂળતા છે. મીઠા જળથી ભરેલી ઉન્મત્તગંગા સ્નાન કરવા યોગ્ય છે. વળી, તેના બધા જ પ્રસંગ સુખરૂપ છે. ૩૪.

અહીંયાં શુભ બાગ બગીચા છે તે પુષ્પ અને ફળથી ભર્યા છે. તે દેવોની પૂજામાં ઉપયોગી થશે અને સંતોનાં મંડળ પણ અહીં સુખેથી રહેશે. ૩૫. બધા જ ભક્તોને આ સ્થાનમાં પૂરેપૂરો ભાવ છે અને આ સ્થાનમાં બધા જ મુક્તોનો પણ નિવાસ રહ્યો છે. આપે આ વખતે અહીંયાં ઘણી લીલા કરી છે અને તેથી જ સહુ આ સ્થાનને શ્રેષ્ઠ તીર્થ ગણશે. ૩૬. આસપાસમાં સફેદ પારસમણિ જેવી પથ્થરની ખાણો છે. તે પથ્થર લાવવામાં પણ કાયમ સુલભતા રહેશે. તેથી નિર્માણકાર્ય કરવામાં પણ લાંબો સમય લાગશે નહીં. ૩૭. દરબારગઢની બધી જ વસ્તુઓ મંદિર કરવામાં ઉપયોગી થશે. બીજું બધું કામ પણ અમે કરશું. આપે તો માત્ર તે કામ ઉપર દૃષ્ટિ રાખવી. ૩૮.

અમે પૂર્વે જે કાંઈ તપ, તીર્થ, વ્રત, પુણ્ય, દાન વગેરે કર્યું હોય, તો તે બધાનું ફળ અમે એક જ ચાહિયે છીએ કે આપ અહીંયાં મંદિર કરો. ૩૯. આજ સુધી અમે આપને દેવાધિદેવ માનીને જે કાંઈ સેવા કરી છે, નિત્ય થાળ બનાવીને જમાડ્યા છે, અમે હસીને આપને હસાવ્યા છે, અમે આપનો જ જપ કર્યો છે અને આપનું જ ધ્યાન ધર્યું છે. વળી, અમારા શરીર તથા ઘરમાંથી હેત તોડીને આપના સ્વરૂપમાં જ એક હેત રાખ્યું છે. ૪૦-૪૧. જો અમારો ભાવ શુદ્ધ હોય અને જો અમે અનન્ય રીતે આપના ભક્ત હોઈએ, તો પોતાના દિલમાં ખાસ દયા ધારો અને આ સ્થળે સર્વોત્તમ ધામ કરો.' ૪૨.

આ રીતે સહુની વિનંતી સાંભળીને શ્રીહરિ દયાથી બોલ્યા, “હું આ સ્થાનને મારું ઘર જાણીને અહીં મંદિર કરાવીશ. ૪૩. **તેમાં અમે રાધિકાએ**

સહિત શ્રીગોપીનાથજી સ્વરૂપને સ્થાપીશું." શ્રીહરિની આવી વાણી સાંભળીને તે સહુ પ્રેમી ભક્તોનો સમુદાય પ્રસન્ન થયો. ૪૪. હવે 'પરમ પ્રિય શ્રીહરિ ગઢપુરમાં ખાસ મંદિર કરશે.' એમ સહુ ભક્તોના દિલમાં વિશ્વાસ આવી ગયો. ૪૫. પોતાના ઉપર શ્રીહરિને ઘણો સાચો પ્રેમ છે, એમ જ્યારે દરબાર એભલ ખાચરના પરિવારે જાણ્યું, ત્યારે તે સહુ ખૂબ જ આનંદમાં આવી ગયા. ૪૬.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "કાઠિયાવાડના ભક્તોને તેમના પ્રદેશમાં મંદિર કરવાનો કોલ આપ્યો" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૦

નારાયણજીભાઈએ મૂર્તિની શરૂઆત કરી તથા મંદિરની જગ્યાની તપાસ

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી મનમાં ઉત્સાહ પામીને પ્રગટ પુરુષોત્તમની કથા ગાઈને કહે છે. ૧. પછી અક્ષરધામના અધિપતિ કૃપાળુ ધર્મકુમાર શ્રીહરિએ મૂર્તિ બનાવવા માટે નારાયણજીભાઈ નામે સુતારને બોલાવ્યા. ૨. શ્રીહરિએ તેમને પ્રેમથી કહ્યું, "તમે અહીં મારી મૂર્તિ બનાવો. તેનો ઘાટ ઘણો સુંદર કરો અને તેમાં મારા અવયવોનો ભાવ યથાર્થ લાવો. ૩. તે માટે મારા આ પ્રગટ સ્વરૂપ સામે જોઈને તેના જેવી ઊંચી અને તેટલી પુષ્ટ મૂર્તિ કરજો. મારી એ અનુપમ મૂર્તિ ગોપીપતિ કૃષ્ણના જેવી યથાર્થ ત્રિભંગી કરજો." ૪. નારાયણજીભાઈએ શ્રીહરિની આજ્ઞા શિરોધાર્ય કરી અને સુંદર ચિત્રમાં શ્રીહરિની મૂર્તિ બનાવી. તેના બધાં જ અંગ શ્રીહરિનાં જેવાં કર્યાં, આવું કામ કોઈ ન કરી શકે. ૫. ચિત્રમાં આળેખેલી મૂર્તિને શ્રીહરિએ નિહાળીને જોઈ. તે અલૌકિક મૂર્તિને દેખીને શ્રીહરિ ખુશી થયા. શ્રીહરિએ અતિ રાજીપો દેખાડીને શિલ્પીને માથે પોતાનો હાથ મૂક્યો. ૬.

પછી શ્રીહરિએ બધાં બાઈ-ભાઈ હરિભક્તને બોલાવ્યાં અને પોતાની મનમાની મૂર્તિ બતાવી. તેને દેખીને સહુ ખુશી થયા. ૭. પછી તે જે છબી હતી તે નિત્યાનંદ સ્વામીને આપીને કહ્યું કે, “હું જ્યારે માંગુ ત્યારે આ ચિત્રપ્રતિમા મને પાછી આપજો.” ૮. શ્રીહરિની આ આજ્ઞા પ્રેમથી સાંભળીને નિત્યાનંદ સ્વામીએ તે મૂર્તિને સારી રીતે સાચવી રાખી. ત્યારે બધા ભક્તોએ મનમાં જાણ્યું કે, ‘હવે કોઈક ગામમાં સુંદર મંદિર થશે.’ ૯. સહુ હરિભક્તોએ પોતાના ચિત્તમાં એમ માન્યું કે, ‘શ્રીહરિ અમારા ગામમાં સારું મંદિર કરાવશે.’ બધા દરબારોએ શ્રીહરિની પાસે આવીને પ્રેમથી વિનંતિ સંભળાવી, ‘પ્રભુ ! અમારે ગામ પધારો. ત્યાં બધી જાતની સગવડતા સારી છે. કૃપાળુ ! અમે ત્યાં વિશાળ જગ્યા આપશું અને ત્યાં આપે મંદિર કરાવવું.’ ૧૦-૧૧. પ્રભુએ પ્રત્યેક હરિભક્તનો આગ્રહ જાણી લીધો અને પછી ત્યાં જવાનો નિશ્ચય પણ કર્યો. જોકે, તે તો સહુને રાજી રાખવા માટેની વાત હતી, પણ પોતે તો પોતાની ઈચ્છા અનુસારે કરવાના છે. ૧૨.

કૃપાનિધિ શ્રીહરિ પોતાના ભક્તજનોને સુખ આપનારા છે. પ્રગટ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તોને નાના બાળકની જેમ માની લાડ લડાવે છે. ૧૩. **જેના એક રોમમાં અનંત બ્રહ્માંડ અણુની જેમ ઊડતા ફરે છે એવા સુંદર શ્રીઘનશ્યામની આ પ્રગટ મૂર્તિ છે.** ૧૪. સર્વ સુખના ધામ આવા શ્રીહરિ પોતાના પ્યારા ભક્તોને સુખ આપે છે. તેથી પોતાનાં દર્શન દેવાં નિમિત્તે જ ગામોગામ મંદિરની જગ્યા જોવા માટે જાય છે. ૧૫. મનમાં તો મંદિર ગઢપુરમાં કરવું, આવો નિશ્ચય છે. છતાં પણ બધું જોવા માટે ગામેગામ શ્રીહરિ જતા હતા. ૧૬.

શ્રીહરિ મંદિરને યોગ્ય ગામ જોવા માટે જ્યાં જ્યાં ગયા તે તે સ્થાન હવે કહું છું. પ્રથમ ભક્તપતિ શ્રીહરિએ **કરિયાણા** ગામ જોયું. ત્યારે ત્યાંના દેહા ખાચર સાથે હતા. ૧૭. ત્યાંની કાળુભાર નામે નદી ઘણી સારી હતી. વળી, દરબારે પણ તે વખતે ત્યાં મંદિર કરવાનો આગ્રહ કર્યો, પણ ઘનશ્યામ શ્રીહરિ જોવા માટે ત્યાંથી બીજે ગામ ગયા. ૧૮. દરબાર મોકા

ખાચરની સાથે શ્રીહરિએ **વાંકિયા** ગામ જોયું. જ્યારે ત્યાં દરબારે વિશાળ જગ્યા બતાવી ત્યારે તે જોઈને વિશ્વપાળ પ્રભુ શ્રીહરિ પ્રસન્ન થયા. ૧૯. ઘનશ્યામ પ્રભુ ત્યાંથી **કોટડા** ગામ ગયા. ત્યાંના રાજા વાળા કાઠી હતા. ભૂધર શ્રીહરિએ જ્યારે ત્યાંની જગ્યા જોઈ ત્યારે ત્યાં પણ ઘણું રાજી થયા. ૨૦. પછી બળવંત શ્રીહરિ કોટડાથી **બોટાદ** આવ્યા. ત્યાં શ્રેષ્ઠ ભક્ત દાહા ખાચર હતા. બીજા ભગા દોશી નામે પોતાના અનન્ય ભક્ત હતા. માનો તે તો મનુષ્યના રૂપમાં શ્રેષ્ઠ મુક્ત હતા. ૨૧. ત્યાં 'ઉતાવળી' નામે નદી છે અને સત્સંગીઓ પણ ઘણા શ્રીમંત છે. શ્રીહરિએ મંદિર કરવાને માટેની જગ્યા ત્યાં મન દઈને બરાબર દેખી. ૨૨.

પછી ધર્મના લાલ શ્રીહરિ **લોયા** ગામ આવ્યા કે જ્યાં પોતાના એકાંતિક ભક્ત દરબાર સુરા ખાચર રહેતા હતા. પછી ત્યાંથી **નાગડકા** ગયા અને ત્યાં મંદિર માટેની જગ્યા જોઈને સહુ હરિભક્તોના દિલમાં આનંદ વધાર્યો. ૨૩. ત્યાંથી પ્રભુ **ઝીંઝાવદર** ગામ પધાર્યા અને ત્યાંના ભક્ત અલૈયા ખાચર સન્મુખ આવ્યા. તેણે પૂજા કરીને શ્રીહરિને જમાડ્યા, પછી મંદિર માટેની જગ્યા બતાવી. ૨૪. પછી પ્રભુ શ્રીહરિ ઝીંઝાવદરથી **કારિયાણી** ગયા કે જ્યાં દરબાર વસ્તા ખાચર રહેતા હતા. તેમણે મંદિરને યોગ્ય જગ્યા બતાવી. ત્યારે જગતનું રક્ષણ કરનારા પ્રભુએ તે જગ્યા પણ યોગ્ય જાણી. ૨૫. ત્યાંથી પછી શ્રીહરિ **કુંડળ** આવ્યા કે જ્યાં મામૈયા પટગીર નામે દરબાર હતા. તેણે દિલનો ઉમંગ દેખાડીને મંદિર માટે અનુપમ જગ્યા બતાવી. ૨૬.

પછી પ્રભુ શ્રીહરિ **સારંગપુર** ગયા. ત્યાંના બધા ભક્તોના હૃદયમાં આનંદ વધાર્યો. જીવા ખાચરના દરબારમાં પોતે ઉતારો કર્યો. ૨૭. ત્યાંના સહુ ભક્તોએ આવીને શ્રીહરિને પ્રેમથી પ્રણામ કર્યા. તે બધાનાં નામ હું કહું છું. તે બધાં નામ એવાં પવિત્ર છે કે સવારના પહોરમાં તે ગાવાથી બધાં પાપ ટળી જાય છે. ૨૮. દરબાર જીવા ખાચરના પત્ની પાંચુબાઈ નામે હતા અને વાઘા ખાચર તથા અમરા ખાચર નામે બે તેમના પુત્ર હતા. દેવુબાઈ, રાજબાઈ અને ત્રીજી સોમબાઈ - એ ત્રણ જીવા ખાચરની પુત્રીઓ હતી. ૨૯. માતરા ધાધલ, જૂઠા ધાધલ અને જોઈતા ધાધલ - એ

ત્રણ જીવા ખાચરના જમાઈ હતા. તે સહુએ મળીને શ્રીહરિને વિનંતિ કરીને કહ્યું કે, "જો આપ અહીંયાં સારું મંદિર કરશો તો આ ગામની ખ્યાતિ થશે અને અમારું બધું આપનું રહેશે. માટે આપને જેટલી જગ્યા ગમે તેટલી અમે આપીએ છીએ." ૩૦-૩૧.

આવાં વચન કહીને બધાં શ્રીહરિની સાથે ગામથી પૂર્વ દિશામાં ગયાં, અને ત્યાં ઘણી સારી ભૂમિ દેખી. ૩૨. ત્યાં સહુ હરિભક્તોએ કહ્યું કે, "અહીં તો સુંદર પથ્થર સમીપમાં જ છે." આ રીતે શ્રીહરિએ સહુની શ્રદ્ધા જોઈ તેથી પોતાના દિલમાં ઘણું રાજી થયા. ૩૩. પછી નાથ શ્રીહરિ ગામમાં પધાર્યા અને પોતાને ઉતારે સહુની સાથે મળીને બેઠા. રાઠોડ ધાધલની પત્ની રાણદેવી હતાં, તે ત્યાં આવ્યાં. ૩૪. અને તેની સાથે તેની પૂંજી, મૂળી અને સોતબાઈ નામે ત્રણ પુત્રીઓ આવી. સહુએ મળીને એવી સ્તુતિ કરી કે, 'મહારાજ ! આપ અવતારી અમારે ઘેર ચાલો. ૩૫. અમે બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી છે તો પ્રભુજી આપ મનમાં રાજી થઈને તે જમો.' તે સહુએ આમ ઘણો આગ્રહ કર્યો.

ત્યારે પ્રભુ શ્રીહરિ પ્રેમથી ત્યાં જમવા પધાર્યા. ૩૬. થાળ જમી, ભક્તોને પ્રસાદ આપ્યો. પછી શ્રીહરિ ઉતારે આવ્યા. કૃપાનાથ શ્રીહરિએ મનમાં વિચાર કર્યો કે, 'બીજા લોકોને કેવો ભાવ હશે ? ૩૭. ગામના ભાગીદાર બધા મળીને જમીન આપશે ? વળી, બીજા બધા હરિભક્તોના દિલમાં શું હશે ? ૩૮. સહુના હૃદયનો ભાવ જોઈને ચોક્કસ જાણી લેવું જોઈએ.' આ રીતે વિચારીને પ્રભુ શ્રીહરિએ જીવા ખાચરને તે વાત કહી. ૩૯. પ્રગટ પ્રભુ શ્રીહરિ અપાર સુખકારી લીલા કરે છે. શ્રીહરિએ સહુનો ઉદ્ધાર કરવા માટે ઘણી કૃપા કરી છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "નારાયણજીભાઈએ મૂર્તિની શરૂઆત કરી તથા મંદિરની જગ્યાની તપાસ કરી" એ નામે પચાશમો તરંગ સમાપ્ત ।।૫૦।।



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૧

સારંગપુરના રહેવાસીઓને સમજાવીને શ્રીહરિ પાછા ગઢપુર પધાર્યા

સારંગપુરમાં ચોતરા ઉપર પલંગ ઢાળીને બિછાવ્યો હતો. તેના ઉપર ઘનશ્યામ પ્રભુ બેઠા. ત્યારે દરબાર જીવા ખાચરે પોતાના બીજા બધા ભાગીદારોને તે સ્થળે બોલાવ્યા. ૧. વળી તે સિવાયના બીજા જે ગામના ભક્તજન હતા, તે બધાને પણ બોલાવ્યા. ત્યારે સહુ સાથે મળીને આવ્યા. શ્રીહરિનો આશ્રય થવાથી અંતરથી સનાથ થયેલા તે સહુ શ્રીહરિની પાસે બેઠા. ૨. ત્યારે જીવા ખાચરે સહુને પૂછ્યું કે, "જો અહીંયાં મંદિર બને તો તમને કેવું લાગે ?" ત્યારે તે સાંભળીને સહુએ તરત જ કહ્યું કે, "જો અહીં મંદિર બને તો આપણે બધા ધન્ય ધન્ય થઈ જઈએ." ૩. બધા ગરાસદાર કાઠીઓ હતા તેમણે કહ્યું કે, "અમે સહુ જમીન આપીશું." અને બીજા પણ ઘણા ભક્તો હતા તેમણે કહ્યું કે, "અમે પણ બધી જાતની મદદ કરીશું. ૪. અમારાં તન, મન, ધન અને ઘર, બધું શ્રીહરિને અર્પણ કર્યું છે. આપણા ગામમાં મંદિર થાય તો પૂરા વિશ્વમાં સારંગપુરનું નામ રહેશે. ૫. અહીં યાત્રા કરવા માટે સહુ લોકો આવે તે તો ખરેખર આપણું ભાગ્ય કહેવાય." ત્યારે શ્રીહરિએ પૂછ્યું કે, "પથ્થર લેવા માટે કયા અધિકારીની રજા લેવી પડે ?" ૬.

ત્યારે દરબાર જીવા ખાચરે કહ્યું કે, "બરવાળામાં વહીવટદાર રહે છે. શ્રીમાળી વણિક ઘેલાશા શેઠ છે. તે જૈન છે પણ સારા છે. ૭. તે દિલના ઘણા સારા અને ઉદાર છે. તે ઘણા સમજુ, વિવેકી અને વિચારવાળા છે. જો આપ કહો તો હું તેમની પાસે જાઉં અને જઈને તેની મંજૂરી લઈ આવું. ૮. પછી આપણે અહીં મંદિર કરવાની શરૂઆત કરીશું અને આપની આજ્ઞાને શિર પર ધારશું." ત્યારે ભગવાન શ્રીહરિ બોલ્યા, "શત્રુ પણ સમજણો હોય તો તે સારો છે." ૯. તેના ઉપર ઘણી વાત કરી. પછી શ્રીહરિ ઉતારે ગયા. પછી દરબાર જીવા ખાચર એ પ્રદેશના વહીવટદારને પૂછવા માટે બરવાળા ગયા. ૧૦. ઘેલાશા શેઠને બધી વાત કરી. વહીવટદારે તે વાત સાંભળી, ખૂબ રાજી થઈને કહ્યું, "અમે બધી રીતે મદદ કરીશું." ૧૧. વળી મંદિર

કરવાની બાબતમાં ઘેલાશા શેઠે એમ કહ્યું કે, "મંદિરને માટે તો સારંગપુરમાં જે સરકારી ગૌચરની જમીન છે તે પણ રાજાને કહીને હું જરૂર કૃષ્ણાર્પણ કરાવીશ." પછી જીવા ખાચરે ત્યાંથી આવીને તે બધી વાત શ્રીહરિને કરી. ૧૨-૧૩. આ બધી વાત સાંભળી શ્રીહરિ ઘેલાશા શેઠ ઉપર રાજી થયા, અને તેનાં વખાણ કરીને ખૂબ જ ખુશી થયા. ૧૪.

પછી તો શ્રીહરિએ સારંગપુરમાં મંદિર કરવાનો વિચાર કર્યો છે, આ વાત બધે દૂર દૂર સુધી ફેલાઈ ગઈ. ૧૫. શ્રીહરિ સારંગપુરમાં મંદિર કરવાના છે, આ વાત જાણીને ગઢપુરના હરિભક્ત દોડી આવ્યા. ૧૬. જીવુબા, લાડુબા અને દાદા ખાચર વગેરે બધા એભલ ખાચરના પરિવારના સભ્યો શ્રીહરિની પાસે આવ્યા. તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહેવાં લાગ્યાં. ૧૭. શ્રીહરિએ તે સહુને રડવાનું કારણ પૂછ્યું. ત્યારે દાદા ખાચરે તે બધું કારણ કહ્યું, "મહારાજ ! આટલા વર્ષ પર્યંત આપ ગઢપુરમાં જ રહ્યા. ૧૮. આપે ગઢડાને પોતાનું ઘર માન્યું છે, વળી પાછું આ શું કર્યું ? ગઢડાને છોડીને આપ બીજા ગામમાં મંદિર શા માટે કરી રહ્યા છો ?' ૧૯. જીવુબાએ પણ રડતાં રડતાં કહ્યું, 'હે પ્યારા મહારાજ ! આપ સાંભળો. ગઢની જે જમીન છે તે ભલે આપણને ન મળે. ૨૦.

કાકા જીવા ખાચર તે જમીન દેવા જો નહીં ચાહે તો તેઓ અમારો અડધો ભાગ તો દઈ દેશે. અથવા ભાવનગર જઈ કચેરીમાં લડીને જમીન લેશું. ૨૧. પરંતુ આપ શ્રીહરિ મંદિર તો ગઢપુરમાં જ કરો, એમ અમે કહીએ છીએ. આપ ગઢપુર છોડશો નહીં. માટે ત્યાં રહીને બધા સત્સંગને હંમેશાં સુખ આપો. ૨૨. હે મહારાજ ! અમે આપને અમારું તન, મન અને ધન બધું જ અર્પણ કરી દીધું છે. આપે પણ અમને પોતાના કરીને જગપ્રસિદ્ધ કર્યાં છે. હવે અમને શા માટે છોડી દીધાં ? આમ કરવું તે આપને શોભે નહીં અને કોઈ પણ માણસ આપના આ નિર્ણયને ઠીક નહીં કહે. ૨૩-૨૪. મહારાજ ! અમારા તપમાં કાંઈ ખામી રહી હોય તો કૃપા કરી અમને કહો, આપ અત્યારે જે કહેશો તેમ જ અમે કરીશું. ૨૫. આપ ગઢપુરમાં જ્યાં

જેટલી જમીનની વાત કહેશો ત્યાં અમે તેટલી જમીન આપીશું. પરંતુ અમને દીન જાણીને અમારા ઉપર કૃપા કરો. ૨૬. તેથી આપ હવે ગઢપુર ચાલો, ત્યાં મંદિર કરો. અમને પોતાના જાણીને હે હરિ ! આપ અમને છોડીને અમારાથી દૂર ન જાઓ. ૨૭. જો આપ કહો તો અમે બધો દરબારગઢ પણ આપને અત્યારે જ રાજીપે કૃષ્ણાર્પણ કરી દઈએ." ૨૮. ગઢપુરના આવા પ્રેમીભક્તની વિનંતી સાંભળી. તેમને પોતાના અતિ પ્રિય ભક્ત માનીને પછી શ્રીહરિ ગઢપુર જવા તૈયાર થયા. ૨૯.

⁂ 'સારંગપુર શ્રેષ્ઠ ધામ થશે' એવું વરદાન :

તેથી દરબાર જીવા ખાચર પ્રેમને કારણ તે વખતે ઘણા જ ઉદાસ થઈ ગયા. ત્યારે શ્રીહરિએ કહ્યું, "તમારે અત્યારે ઉદાસ થવું નહીં. ૩૦. અહીંયાં પણ લોકમાં પ્રસિદ્ધ દર્શન કરવા લાયક મોટું મંદિર થશે. હજારો યાત્રિક અહીં યાત્રા કરવા આવશે અને સહુના બધાં જ દુઃખ અહીંયાં દૂર થશે. ૩૧. સારંગપુર તો દુનિયામાં પ્રસિદ્ધ થશે. તમે થોડા પણ દુઃખી ન રહો." આવા સુંદર વચન કહી સહુના દિલને ઘણી સાંત્વના આપી. ૩૨. પછી શ્રીહરિ સારંગપુરથી **ગઢપુર** આવ્યા કે જે શ્રીહરિને અક્ષરધામ જેવું પ્રિય હતું. ત્યારે ત્યાં જીવા ખાચરે વિવેકભરી વિનંતી કરી, 'અમારી ગઢવાળી જમીન ઘણી સારી છે તો આપ મુરારિ ત્યાં મંદિર કરો.' ત્યારે પ્રભુ તે સ્થળ જોવા માટે ગયા. પણ તેને દૂર જાણીને બિનઉપયોગી ગણી. ૩૩-૩૪.

પછી શ્રીહરિએ લક્ષ્મીવાડીએ જઈને જમીન જોઈ. તે જમીન પણ શ્રીહરિએ ઠીક ન ગણી. ત્યારે ત્યાં દાદા ખાચર બોલ્યા, "મંદિરયોગ્ય જગ્યા તો અમારા દરબારગઢમાં જ છે. જે દક્ષિણાદા બારના ઓરડા છે તે આપને મંદિર માટે આપી દીધાં છે. વળી તે સિવાય વધારે વિશાળ જમીન જોઈએ, તો તે પણ હું તમને તત્કાળ આપું છું. ૩૫-૩૬. મહારાજ ! અમારા દેહ તથા ઘર આદિ બધું આપનું જ છે. આ આખો દરબારગઢ છે તે બધો જ મંદિર માટે રાખો. ૩૭. અમે મંદિર પાસે બીજી જગ્યાએ મકાન બનાવશું. પછી ત્યાં જઈ સહુ મળીને રહેશું. ૩૮. પ્રભુ આપે ગઢપુરને અક્ષરધામ

માન્યું છે. બધા જ દરબારગઢને અક્ષરધામના સિંહાસન તુલ્ય માન્યો છે, છતાં બીજે મંદિર કરવાનો વિચાર દિલમાં કેમ કરો છો ?" દાદા ખાચરની આવી વિનંતી સાંભળીને ઘનશ્યામ પ્રભુ તેના ઉપર અત્યંત પ્રસન્ન થયા. ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સારંગપુરવાસીઓને સમજાવીને શ્રીહરિ પાછા ગઢપુર પધાર્યા" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૨

શ્રીહરિએ સંતોને ડુંગરપુર મૂર્તિ લેવા મોકલ્યા

પ્રભુ શ્રીહરિએ બીજા બધા હરિભક્તોનો ભાવ જાણવાની ઈચ્છા કરી. પછી સુખકારી નૌકારૂપ શ્રીહરિએ ગઢપુરવાસી બધા ભક્તોને બોલાવ્યા. ૧. જીવુબા, લાડુબા, પાંચુબા, રાજબાઈ, ઘેલા ધાધલ, નાગમાલા તથા લાધા ઠક્કર વગેરે કારભારીઓને પણ બોલાવ્યા. ૨. શ્રીહરિએ કહ્યું કે, "તમે બધા મારી વાતને પ્રેમથી સાંભળો. દાદા ખાચરનું એમ કહેવું છે કે મંદિર કરવા માટે આખો દરબારગઢ રાખો. ૩. અને દરબારમાં અત્યારે જે રહે છે તે બીજી જગ્યાએ રહેશે. પરંતુ અમે પૂછીએ છીએ કે આ બાબતમાં તમારો જે કાંઈ વિચાર હોય તે બોલો. ૪. જે દરબારગઢમાં રહે છે તે બીજે ક્યાં રહેશે ? અને તે જગ્યાએ શ્રેષ્ઠ મંદિર થાય, એમાં કોઈનું દિલ દુખાતું હોય તો બોલો." ૫.

તે સાંભળીને ત્યાં રહેલાં સહુ એવી વાણી બોલ્યાં કે, "હે સારંગપાણિ ! આપ આ શું કહો છો ? જો આખા દરબારગઢમાં મંદિર થતું હોય તે તો અમારું ઘણું મોટું ભાગ્ય ગણાય. ૬. અને આસપાસમાં બીજા ઘણાં ઘર છે, અમે ત્યાં જઈને રહીશું." સહુનો આવો ભાવ દેખીને પૂર્ણકામ ઘનશ્યામ પ્રભુ ખુશી થયા. ૭. દક્ષિણાદા બારના જે ઘર હતા તેના માલિક પાંચુબાઈ હતા. તે ઓરડા શ્રીહરિએ માગી લીધા અને તેમના માટે બીજે સ્થળે બીજા ઓરડા બનાવડાવ્યા. ૮. **તે ઓરડા પ્રભુ શ્રીહરિએ પ્રસાદીના કરી દીધા.**

પછી પાંચુબાને રહેવા આપ્યા. તે પાંચુબાને ધન્ય..! ધન્ય છે..! બીજા એવા કોણ છે કે જે આવું કામ કરી શકે !! ૯. કોઈ ઘરેણાં કે ધન આપી શકે પરંતુ પોતાને રહેવાનું ઘર છોડી શકે નહીં. મહાપ્રભુ શ્રીહરિના મનમાં તે સ્થળ ભાવી ગયું અને ત્યાં જ મંદિર કરવાનું નક્કી કર્યું. ૧૦.

એક દિવસ શ્રીહરિ સભામાં બેઠા હતા અને ઘણું ખુશ હતા. પછી તેમણે પહેલાં નિત્યાનંદ સ્વામીને જે મૂર્તિ આપી હતી, તે ચિત્રપ્રતિમા માગી લીધી. ૧૧. પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, "આ પાંચાળ પ્રદેશમાં અહીં ઘણું સારું મંદિર થશે ને તેમાં મારા સ્વરૂપ જેવી જ મૂર્તિની સ્થાપના થશે. તે માટે અમે પહેલા તેવી ચિત્રની મૂર્તિ કરાવી છે. ૧૨. હવે એવી અમારા માપની પથ્થરની સુંદર મૂર્તિ ડુંગરપુરથી લાવવી છે, તો તે મૂર્તિ લેવા માટે ડુંગરપુર કોણ જાશે ? અને તે કામ કોનાથી બનશે ?" ૧૩. તે સાંભળીને મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "નિત્યાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી - એ બે જો ડુંગરપુર જાય તો તે કામ વ્યવસ્થિત થાય." ૧૪. પછી શ્રીહરિએ તે બંને સંતોને તૈયાર કર્યા અને ડુંગરપુર જવાનું કહ્યું. તેમને વિશેષમાં કહ્યું કે, "હે સુજ્ઞ સંતો ! અમારી આ પ્રગટ મૂર્તિના માપ જેવી જ સારી મૂર્તિ લાવજો. અમારા જેટલી ઊંચી અને અમારા જેવી જ પુષ્ટ, બધા જ અવયવોથી અમારા શરીર જેવી હોવી જોઈએ. હા, તે અમારા માપની મૂર્તિ અંગે શ્યામ લેવી અને રાધિકાજીની મૂર્તિ શ્વેત સાથે લાવવી." ૧૫-૧૬.

એમ કહીને તે બંને સંતોને વિદાય આપી. બે પાર્ષદોને તેમની સાથે મોકલ્યા. તેમજ મૂર્તિ લેવા અને કારીગરોને મજૂરી આપવા માટે સાથે ધન આપ્યું. ૧૭. તે સંતો ડુંગરપુર ગામ ગયા અને બધી જગ્યાએ મૂર્તિની તપાસ કરી. છતાં શ્રીહરિના સ્વરૂપ જેવી કોઈ મૂર્તિ મળી નહીં. ૧૮. રાધિકાજીની ઘણી સુંદર અને રંગે શ્વેત મૂર્તિ ડુંગરપુરમાં જ મળી ગઈ. તેનાથી સંતોના દિલમાં આનંદ થયો. સંતોએ તથા પાર્ષદોએ ત્યાં ઘણી તપાસ કરી, પણ ત્યાં જોઈએ તેવી કોઈ મહારાજની શ્યામ પાષાણની મૂર્તિ મળી નહીં. ૧૯-૨૦. ડુંગરપુરમાં જોઈએ તેવી મૂર્તિ ક્યાંય મળી નહીં, તેનું સાચું કારણ હવે હું કહું છું, તેને દાદા ખાચર ! તમે સાંભળો. ૨૧. આ ભૂમિ ઉપર આજ

સુધીમાં બીજા ઘણા અવતારો થયા છે તેથી અત્યારે તે અવતારોની મૂર્તિ મળે છે. ૨૨. **પરંતુ અક્ષરાધિપતિ સર્વકારણ, સર્વ અવતારના અવતારી, સુખમય મૂર્તિ પરમેશ્વર આ બ્રહ્માંડમાં પહેલી વાર જ આવ્યા છે.** ૨૩. **એટલે તેમના જેવી મૂર્તિની પૂર્તિ અહીંયાં ક્યાંથી થઈ શકે ? માટે જે જોઈએ છે તેવી મૂર્તિ ચાહે તેટલા પ્રયત્ન કરે તોપણ ડુંગરપુરમાં ન મળે. કારણ કે, શ્રીહરિ આ બ્રહ્માંડમાં પ્રથમવાર જ આવ્યા છે.** ૨૪. ડુંગરપુર ગયેલા સંતો તથા પાર્ષદોએ ત્યાં આવો વિચાર ઘણો ઘણો કર્યો. છેવટે બીજો વિચાર કર્યો કે, ગઢપુરમાં શ્રીહરિની પાસે રહીને જ જોઈએ તેવી મૂર્તિ બનાવડાવવી, એવો નિર્ણય કર્યો.

પછી પથ્થરની ખાણ જોવા માટે ગયા. ત્યાં એક પથ્થર હતો તેમાં દૂરથી જ ચમત્કાર દેખાયો. ૨૫-૨૬. એ પથ્થરમાં ઘણે દૂરથી શ્રીહરિની અલૌકિક સુંદર મૂર્તિ દેખાણી, જે તેજથી ભરી હતી. પણ જ્યારે તેની પાસે આવ્યા ત્યારે તે શિલા ઉપર તે વખતે થોડું એવું તેજ દેખાયું, પરંતુ મૂર્તિ દેખાઈ નહીં. પછી તે શિલાને ખરીદી લીધી અને શ્વેત પથ્થરની રાધિકાજીની મૂર્તિ પણ ખરીદીને લઈ લીધી. ૨૭-૨૯. પછી મૂર્તિ બનાવવા માટે સાથે બે કારીગર લીધા. આમ સુખકારી શ્રીહરિની પાસે ગઢપુર આવીને બધી વાત કહી. ૩૦. પછી શ્રીહરિએ તે પથ્થરને દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં રખાવ્યો. પછી નારાયજીભાઈ સુતારને બોલાવ્યા. ૩૧. તેમને કહ્યું કે, "તમે વારેવારે અમારું ઘણું ધ્યાન કરીને આ કારીગરોની પાસે ખાસ અમારા જેવી મનોહર ત્રિભંગી મુરલીધર મૂર્તિ ઉત્સાહથી બનાવડાવો." ૩૨. પછી શ્રીહરિની આજ્ઞા અનુસાર રહેતા નારાયણજીભાઈ તે કારીગરોની સાથે રહીને સુંદર મૂર્તિ કરાવવા લાગ્યા.

એક વાર સર્વ સુખનું કારણ, મહારાજાધિરાજ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં જ્યારે વિરાજમાન હતા, ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને ગુલાબના હાર પહેર્યા હતા. ૩૩-૩૫. જ્યારે બરાબર સંધ્યાસમય હતો ત્યારે દાદા ખાચરે શ્રીહરિને કહ્યું, "મહારાજ ! અહીંયાં મંદિર ક્યારે શરૂ કરશું ? અમે તો રાહ દેખીએ છીએ." ૩૬. તે સમયે ભુજથી

ગંગારામ મલ્લ આવ્યા. તેણે શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. ૩૭. વંદન કરી, ચરણ સ્પર્શ કરી ગોવિંદાનંદ મુનિનો પત્ર શ્રીહરિના હાથમાં આપ્યો ત્યારે તેને શ્રીહરિએ વાંચ્યો. ૩૮. કાગળમાં જે સમાચાર હતા તે હું કહું છું, 'ભુજમાં અત્યારે ભગવાન નારાયણની સાથે જે નરને પધરાવ્યા છે, તેની મૂર્તિ ખંડિત થઈ ગઈ છે માટે હે શ્રીહરિ ! આપ અમને બીજી મૂર્તિ આપો.' ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોને ડુંગરપુર મૂર્તિ લેવા મોકલ્યા" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૩

ગઢપુરવાસીઓનો પ્રેમ તથા વાસુદેવનારાયણની મૂર્તિની વાત

ભુજનો પત્ર વાંચીને શ્રીહરિએ બધા સદ્‌ગુરુઓને બોલાવ્યા અને તેમને તે વાત કહી. ત્યારે શુકાનંદ સ્વામીએ સુખદ ઉપાય કહ્યો, 'અહીંયાં જે વાસુદેવનારાયણની સારી મૂર્તિ છે, તે નરના જેવી જ છે એટલે તે ભુજ માટે આપી દેવી જોઈએ. ૧-૨. કારણ કે, શાસ્ત્રમાં સ્ત્રીઓએ આવી મોટી મૂર્તિ પૂજવી નહીં તેમ નિષેધ કર્યો છે. તેથી જીવુબાને પૂજા કરવા માટે લાલજીની મૂર્તિ આપો અને વાસુદેવનારાયણની મૂર્તિ પ્રેમપૂર્વક ભુજ આપો.' ૩-૪. શુકાનંદ સ્વામીની આ વાત સાંભળીને સુખકારી શ્રીહરિ તેમાં સંમત થયા. પછી શ્રીહરિએ વિદ્યાર્થી સંતોને બોલાવ્યા. ત્યારે તે બધા સંતો પ્રેમથી આવ્યા. ૫. તેમાં નાના આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી અને સેવાનંદ સ્વામી ઈત્યાદિ ચાલીશ જેટલા સંતો ભગવાનના આશ્રયના બળવાળા હતા. ૬.

શ્રીહરિએ તે સંતોને એમ કહ્યું કે, **"અહીંયાં જે વાસુદેવનારાયણની મૂર્તિ છે તેને તમે ભુજ પહોંચાડો. આ મારી આજ્ઞાને તમે બધા મસ્તકે ચઢાવો."** ૭. આમ કહીને શ્રીહરિએ તે સંતોને ભાતું વગેરે અપાવ્યું અને

સહુ સંતોના હૃદયમાં પ્રેમથી પોતાનાં ચરણારવિંદ આપ્યાં. ૮. પછી દયાળુ અલબેલા શ્રીહરિ તે સંતોને પોતાની ભુજામાં લઈને ભેટ્યા. પછી તેઓ વાસુદેવનારાયણના ઓરડામાં ગયા. ૯. મૂર્તિને ગોખમાંથી બહાર ઉતરાવી અને પછી પાલખીમાં પધરાવી. પછી શ્રીહરિ અક્ષરઓરડીમાં ગયા. પણ આ વાત જાણીને જીવુબા ઘણા ઉદાસ થઈ ગયા. ૧૦. બીજે દિવસે સવારમાં જ શ્રીહરિ પાટ ઉપર બિરાજમાન થયા હતા, તે વખતે જે વિદ્યાર્થી સંતો હતા તે વાસુદેવનારાયણને ડોળીમાં પધરાવીને આનંદ તથા ઉલ્લાસ સાથે શ્રીહરિ પાસે લઈ આવ્યા. પછી શ્રીહરિની આજ્ઞાથી તે સંતો ડોળી ઉઠાવીને ચાલતા થયા. ૧૧-૧૨. પછી આગળ ચાલતા તે સંતો, જે જમીન પછીથી અમરા ખાચરે મંદિરને આપી છે, તે જમીનમાં જ્યાં કૂવો હતો ત્યાં ગયા. તે કૂવાને નજીક સંતોએ ડોળી ખભેથી ઉતારીને મૂકી. ૧૩. પછી સંતોએ ત્યાં નાહીને શ્રીહરિની પૂજા કરી. પછી તે ડોળી ઉપાડવા લાગ્યા પણ ઉપાડી શક્યા નહીં. ૧૪.

પછી યોગાનંદ સ્વામી અને ભગવદાનંદ સ્વામી સ્વેચ્છાથી પાછા આવ્યા અને મહારાજને તે બધી વાત કહી. ૧૫. તે વખતે સવારના પહોરમાં શ્રીહરિ દાતણ કરતા હતા. મહારાજે દાતણ કર્યા પછી જ્યારે કોગળા કર્યા ત્યારે દાદા ખાચર બહુ ઉદાસ હતા, તે શ્રીહરિની પાસે આવ્યા. તેઓ ઘણા જ દિલગીર થઈ ગયા. તેમની આંખોમાંથી આંસુની ધાર થવા લાગી. ૧૬-૧૭. તે જોઈને શ્રીહરિ અકળાયા. પ્રેમને વશ હોવાથી પોતે પણ દુઃખી થયા. રાજબાઈ તથા લાડુબા પણ તે વખતે તે ઓસરીમાં દૂર બેઠાં હતાં અને ઘણા દિલગીર થઈને આંખોમાંથી આંસુ વહાવતાં હતાં. પછી શ્રીહરિએ ઘણા પ્રેમથી દાદા ખાચરના આંસુ લૂછીને તેમના દુઃખનું કારણ પૂછ્યું. પરંતુ તેમનું હૃદય ભરાઈ આવ્યું હતું. જ્યારે તેઓ કાંઈ કહી ન શક્યા ત્યારે દૂર રહેલા લાડુબાએ કહ્યું, "ભાઈ ! તમે રોઈ રોઈને મરી જશો તોપણ શ્રીહરિને દયા નહિ આવે." વળી રાજબાઈએ પણ લાડુબાની જેમ જ કહ્યું. ૧૮-૨૧. વળી તે બહેનો વારંવાર કહેવા લાગ્યા કે, **"મહારાજ ! અમે આપને શું કહીએ ? જીવુબા તો મૂર્છિત થઈ ગયા છે અને તેને શરીરની કાંઈ સૂધબૂધ**

રહી નથી. ૨૨. મારા નાથ ! તેમને આધારરૂપ એક વાસુદેવનારાયણની સુંદર મૂર્તિ જ હતી. તે આપે પોતાને હાથે બીજાને આપી દીધી છે." ૨૩.

પછી તો દરબાર દાદા ખાચર પણ લાડુબાની જેમ જ બોલ્યા. વળી ફરીને કહ્યું કે, "બધી જગ્યાએ મંદિર થયા છે. એક અમારે ઘેર જ મંદિર થયું નથી. ૨૪. મહારાજ ! અમારું એવું શું દુર્ભાગ્ય છે ?" ત્યારે મહારાજાધિરાજ શ્રીહરિના દિલમાં ઘણી દયા આવી. ૨૫. દાદા ખાચરનું મુખ શ્રીહરિએ પોતાના હાથે ધોયું અને પોતાની પાટ ઉપર ખેંચી લઈને હૃદય સાથે લગાવ્યા. ૨૬. પછી શ્રીહરિએ કહ્યું કે, "તેમાં અમારો દોષ નથી. આ કામ શુક મુનિનું છે. કારણ કે તેમણે કહ્યું હતું કે, શાસ્ત્રને આધારે આવી મોટી મૂર્તિને સ્ત્રીઓ પૂજી શકે નહીં. એવો શાસ્ત્રોનો મત છે. ૨૭-૨૮. એટલા માટે જ આ મૂર્તિને અમે ભુજ મોકલી દીધી છે. પરંતુ જીવુબાની તો એવી ભક્તિ છે અને તે મૂર્તિમાં તેમને એટલો બધો પ્રેમ છે, તેથી તેઓ પોતાની વૃત્તિ દ્વારા તે મૂર્તિને અત્યંત ખેંચી રહ્યા છે. એટલા માટે હવે તે મૂર્તિ સંતોથી ઉઠાવી શકાતી નથી. ૨૯-૩૦.

એવી રીતે જીવુબાની મનોવૃત્તિ જ અતિ ઘણી બળવાન છે. તો હવે તે મૂર્તિ માનો સદા કાળને માટે અહીંયાં જ રહેશે. ૩૧. જ્યાં સુધી આ ભૂમિ રહેશે ત્યાં સુધી તે મૂર્તિ અહીંયાં જ દર્શન દેશે." આમ કહીને શ્રીહરિએ ભગવદાનંદ સ્વામી તથા યોગાનંદ સ્વામીને તે મૂર્તિ પાછી દરબારગઢમાં લાવવાની આજ્ઞા કરી. અને દાદા ખાચરને વચન આપતાં શ્રીહરિએ કહ્યું, "તમે સાંભળો. અમે આજ ને આજ અહીંયાં મંદિરનું કામ શરૂ કરીશું. આજે અત્યારે જ પાયો ખોદાવશું અને તમને સહુને ખુશ કરશું." ૩૨-૩૪. આમ કહીને શ્રીહરિ બોલ્યા કે, "કોઈ વિપ્રને અહીં બોલાવી લાવો. તત્કાળ જ મુહૂર્ત જોવું છે." કૃપાળુ શ્રીહરિ આ રીતે ઉતાવળા થયા. ૩૫. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, "હે બહુનામી ! આપ સાંભળો. મુહૂર્ત જોવામાં તો સહુના પ્યારા આ ગોપાળાનંદ સ્વામી ઘણા હોશિયાર છે." ૩૬.

પછી શ્રીહરિએ ગોપાળાનંદ સ્વામીને શુભ મુહૂર્ત પૂછ્યું. ત્યારે તેમણે તરત જ મુહૂર્ત કહ્યું, "મહારાજ ! આજ બપોરે બાર વાગ્યે ઘણું સારું મુહૂર્ત છે."

ત્યારે શ્રીહરિએ કહ્યું, "મુનિરાજ ! પાયો ક્યાં કરીશું ?" ૩૭-૩૮. ત્યારે સહુએ પોતપોતાના અલગ અલગ મત કહ્યા. છેવટે શ્રીહરિએ કહ્યું કે, "દાદા ખાચર ! બોલો, પાયો ક્યાં નાખીએ ?" ૩૯. ત્યારે દાદા ખાચરે કહ્યું કે, "દક્ષિણાદા બારના જે ઓરડા છે તે પાડવા ઉત્તમ છે અને ત્યાં જ મંદિર કરો." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગઢપુરવાસીઓનો પ્રેમ તથા વાસુદેવનારાયણની મૂર્તિની વાત કહી" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૪

ગઢપુર મંદિરનું ખાતમુહૂર્ત કર્યું તથા શુક મુનિની સરલતા

મુક્તાનંદ સ્વામી કહે છે કે દાદા ખાચર ! તમે સાંભળો. તમારી સહુની જે કથા અનુપમ છે તે હું તમને જ સંભળાવું છું. ૧. દાદા ખાચરના શબ્દ સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, "અમે પણ તેવું જ વિચાર્યું હતું, પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે કે શિખરની છાયા જે ઘર ઉપર પડે તે ઘરમાં રહેનારા ગૃહસ્થને વિઘ્ન કરે છે." ત્યારે દાદા ખાચર બોલ્યા, "હે સુખકારી પ્રભુ ! કોઈ જીવ, ઈશ્વર, દેવ કે બ્રહ્મવેત્તા જ્યાં મંદિર કરાવતા હોય તેમાં સંશય થઈ શકે છે, પરંતુ આપ તો અવતારી છો. ૨-૪. આપ પૂર્ણપુરુષોત્તમ સ્વયં સહુનું કારણ ભગવાન ચોક્કસ છો. તે જો મંદિર કરાવતા હોય તો તેમાં મને કોઈ જાતની શંકા થતી નથી. ૫. એમાં તો અમે ત્યાં રહેનારા બધા ગૃહસ્થ ચોક્કસ સુખી થશું, એમ હું માનું છું." તે સાંભળીને ભગવાન શ્રીહરિ બહુ પ્રસન્ન થયા. ૬. એટલી વારમાં તો તે ભણનારા સંતો મનભાવી મૂર્તિને પાછી લઈ આવ્યા, અને તે મૂર્તિને વાસુદેવનારાયણના ઓરડામાં જ પધરાવી. ૭.

પછી શ્રીહરિ જીવુબાની પાસે ગયા અને તેમનું નામ લઈને સાદ કર્યો. ત્યારે તરત જ તેમની મૂર્છા ઊતરી ગઈ અને તેમના દિલમાં ઘણી શાંતિ થઈ. ૮. જીવુબાએ શ્રીહરિને વંદન કર્યાં. પછી મહારાજે તેમને કહ્યું કે, "તમારી

જેવી રુચિ હતી તે પ્રમાણે આ વખતે અમે બધું કર્યું છે. ૯. એટલા માટે હવે તમે પોતાની બધી અંતર્વૃત્તિને સંકેલીને શાંત થાઓ." પછી જીવુબાએ કહ્યું, "બહુ સારું મહારાજ ! જેવી આપની ઈચ્છા. ૧૦. આપની જેવી કૃપા હશે તેવું બધું સુખ અને શાંતિ થશે." પછી શ્રીહરિ જ્યાં પહેલાં બેઠા હતા તે જગ્યા ઉપર આવ્યા. ૧૧. પછી શ્રીહરિએ સાડા સાત સો સંતોને બોલાવ્યા, અને સહુને દક્ષિણાદા બારના ઓરડા પાડવાની આજ્ઞા કરી, ત્યારે સહુએ ઉતાવળ કરી. ૧૨. પછી દક્ષિણાદા બારના ઓરડાને સહુએ તત્કાળ પાડી નાખ્યા. આ બધું કામ થતું જોઈને બીજા સંતો, હરિભક્તો અને ધર્મપુત્ર શ્રીહરિ રાજી થયા. ૧૩. પૂર્વ દિશા તરફ જ્યાં શિલાન્યાસનું મુહૂર્ત કરવું હતું, ત્યાં પાયો ખોદીને તરત જ ઊંડો ખાડો કરી દીધો. ૧૪.

પછી તો વિ.સં.૧૮૮૩ની શુભ ઋતુમાં, જેઠ સુદિ એકાદશી અને સોમવારને દિવસે બપોરે બાર વાગ્યે, ભૂમિપૂજન સાથે શ્રીહરિએ તત્પર થઈને ખાતમુહૂર્ત કર્યું અને પછી કહ્યું કે, "આ મંદિરના પાયાની ખીલી શેષનાગના મસ્તક ઉપર ગઈ છે. આ જગ્યા ઘણી પવિત્ર છે માટે અહીંયાં અદ્‌ભુત મંદિર કરીશું." ૧૫-૧૭. આમ કહીને શ્રીહરિએ ગોળ-ધાણાનો પ્રસાદ સહુને આપ્યો. બ્રાહ્મણોને અભીષ્ટ દક્ષિણા આપીને અતિશય ખુશી કર્યા. ૧૮. પછી શ્રીહરિએ રસોડાની છત ઉપર તરત જઈને બાજોઠ ઉપર બેસીને સ્નાન કર્યું અને જમવા બેઠા. તે સમયે મોટા સદ્‌ગુરુઓ ત્યાં આવ્યા. ૧૯. તે બધા નિષ્કામી સદ્‌ગુરુઓ અને શુક સ્વામી પાસે બેઠા. ત્યારે શ્રીહરિએ દાદા ખાચરને કહ્યું, "આ તમારા શુક મુનિ છે, તેણે આપના વિચારોની પુષ્ટિ કરી છે અને તેને લીધે જ આ બધું થયું છે. અમારે આજ ને આજ આ મંદિરનો મોટો પાયો નાખવો પડ્યો છે." ૨૦-૨૧.

ત્યારે શુકાનંદ સ્વામી બોલ્યા કે, "મહારાજ ! વગર વાંકે મને શા માટે બદનામ કરો છો ? અમે તો આપની રુચિ પ્રમાણે રહીએ છીએ. ૨૨. **આપની મરજીને અનુસારે મેં તેવું વિચારીને કહ્યું હતું. છતાં પણ મેં આ શું કર્યું ? મારાથી આવા ભક્તોનો અપરાધ થઈ ગયો. માટે હવે હું એક ઉપવાસરૂપી પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થઈશ."** ત્યારે દાદા ખાચર બોલ્યા કે,

"અરે, મહારાજ ! આ જે શુક સ્વામી છે તેના પ્રતાપથી જ અમારે ઘેર મંદિર થયું છે. માટે પ્રભુ ! સ્વામીને ઉપવાસ કરવા દેશો નહીં. ૨૩-૨૫. અમને કોઈને શુક સ્વામીનો કાંઈ જ અભાવ-અવગુણ નથી." ત્યારે શ્રીહરિના સદ્‌ગુણગ્રાહી લાડુબાએ પણ કહ્યું, "આ શુક સ્વામીએ અમારા ઉપર ઘણો મોટો અનુગ્રહ કર્યો છે. એટલા માટે પ્રભુ ! તેમને અદ્‌ભુત થાળની પ્રસાદી આપીને ભાવથી ભોજન કરાવો." પછી તો સત્સંગના પ્રાણજીવન પ્રભુ શ્રીહરિએ શુક સ્વામીને જમાડ્યા. ૨૬-૨૮. તેમજ બધા સદ્‌ગુરુઓને તથા દાદા ખાચરને જમાડ્યા, પ્રસન્ન થઈને પ્રસાદી આપી. ભગવાન શ્રીહરિએ તે સમયે આવી લીલા કરી. ૨૯.

પછી લાડુબાએ સ્વામીના સદ્‌ગુણથી રાજી થઈને પરમ સુખકારી શ્રીહરિની પ્રસાદીનો એક સુરવાળ વિવેક સાથે તેમને આપ્યો. ૩૦. તદ્‌ઉપરાંત કાળી કોરવાળી પછેડી, એક અંગરખું, મન મોહે તેવી પાઘડી, કમર કસવા માટેનો દુપટ્ટો, બીજો એક દુપટ્ટો તથા એક રૂમાલ; આ બધું શુક સ્વામીને આપ્યું. તેથી આવી પ્રસાદીની વસ્તુ પામી તેઓ ન્યાલ થઈ ગયા. પછી દાદા ખાચરે એક ધોતિયું, રૂમાલ અને એક ચાદર લઈને શુક સ્વામીને પહેરાવ્યા અને તેનાથી સહુને અતિશય આનંદ થયો. આ બધું સમર્પણ લાડુબાએ કર્યું હતું. તે બધું દાદા ખાચર દ્વારા આપ્યું હતું. ૩૧-૩૩.

પછી શ્રીજીમહારાજે એમ કહ્યું કે, "આ દરબાર દાદા ખાચર અને તેમની ત્રણેય બહેનોનો જીવ ઘણો પવિત્ર અને અદ્‌ભુત છે. કોઈ તેમનો અવગુણ લે તોપણ તેઓ સામેથી તેના સદ્‌ગુણ જ ગ્રહણ કરે છે. તેઓ ક્યારેય કોઈનો પણ અવગુણ લેતા નથી; એવા તે વિશુદ્ધ જીવ છે. ૩૪-૩૫. **બીજા કોઈમાં ચાહે તેટલા અવગુણ હોય પરંતુ આ તો ઘણા દયાળુ છે. હું તેમના મનની વાત શું કહું ? તેમને કોઈનો પણ અવગુણ રંચ જેટલો પણ આવતો નથી.** ૩૬. તેઓ કોઈની પણ વાતને અવળી લેતા નથી. બધી જ વાતને બધી રીતે હંમેશાં સવળી જ લે છે. ૩૭. તેમને ઘણા વિષમ દેશકાળ આવ્યા. પાર નહિ તેટલી વિપત્તિ આવી, છતાં પણ તેઓએ ક્યારેય કોઈનો લગાર પણ દોષ ગ્રહણ કર્યો નથી. ૩૮. આવી તેમની સમજણને દેખીને

અવિનાશી એવા અમે વર્ષોથી તેમને ઘેર નિવાસ કરીને રહ્યા છીએ. ૩૯. નહિ તો અમારી એવી સદાય પ્રકૃતિ છે કે ગોદોહનમાત્ર સમય પણ ક્યાંય ટકતા નથી." ૪૦. પછી લાડુબાએ કહ્યું કે, "મહારાજ ! આજે મંદિરનો પાયો ખોદાવ્યો, માટે પાર્ષદોએ સહિત સહુ સંતોને માટે અમે રસોઈ તૈયાર કરાવી છે. ધર્મકુળે સહિત વર્ણીઓ અને સંન્યાસીઓને માટે પણ અલગ અલગ ભોજન તૈયાર કરાવ્યાં છે. એટલા માટે હે નાથ ભગવન્ ! આપ સ્વયં પીરસીને સહુને જમાડો." પછી શ્રીહરિએ પોતાને હાથે કંસાર પીરસીને સહુને જમાડ્યા. ૪૧-૪૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગઢપુર મંદિરનું ખાતમુહૂર્ત કર્યું તથા શુક મુનિની સરલતા કહી" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૫

શિલ્પીઓને સમાધિમાં મંદિર દેખાડ્યું અને ભક્તોની સેવામાં શ્રદ્ધા

પરમ પવિત્ર સંત મુક્તાનંદ સ્વામી અદ્‌ભુત કથા કહે છે અને દરબાર દાદા ખાચર ઘણા પ્રેમથી કથારૂપી અમૃતનું પાન કરે છે. ૧. પછી શ્રીહરિએ પ્રસન્ન થઈને સહુને આજ્ઞા કરી કે મંદિરનું બધું કામ ખૂબ જલદીથી ચલાવો. ૨. મુક્તાનંદ સ્વામી કહે છે કે, દરબાર દાદા ખાચર ! તમે ભાવથી સાંભળો, આ વખતે ભગવાન સહજાનંદ સ્વામી ભક્તોને માટે સહજ થયા છે. એટલે સહેજે જ સહુ આનંદને પામે છે. ૩. તમે ઘણા ભાગ્યશાળી છો. કારણ કે તમે આ દિવ્ય કથારૂપી અમૃતનું અત્યંત પાન કરો છો. જે મનુષ્ય મહાન ભાગ્યવાન હોય તેને જ શ્રીહરિનો પ્રતાપ સાંભળવા મળે છે. ૪. ધર્મના પ્યારા શ્રીહરિએ નારાયણજીભાઈ સુતારને બોલાવીને કહ્યું કે, "આ મંદિર તો એવું કરવું છે કે જાણે કોઈ સારું દિવ્ય વિમાન ન હોય ! ૫. માટે એવું જ સરસ ચિત્ર તમે બનાવો અને તે મારી પાસે લાવો." ત્યારે તે આજ્ઞા સાંભળીને નારાયણજીભાઈ ગયા અને જે મંદિર બનાવવાનું હતું તેનું ચિત્ર બનાવીને લાવ્યા. ૬.

જ્યારે તે ચિત્ર શ્રીહરિના હાથમાં આપ્યું ત્યારે તે દેખીને શ્રીહરિ ખુશ થઈ ગયા. મંદિરના ઘણા સુજ્ઞ શિલ્પી રત્નાભાઈ અને જેઠાભાઈ હતા, તે બધા તે સમયે ત્યાં પાસે બેઠા હતા. ૭. નારાયણજીભાઈએ બનાવેલું ચિત્ર તે શિલ્પીઓના હાથમાં આપ્યું અને કહ્યું જે, "મંદિર આવું જ કરવું છે. ચિત્રમાં કરેલું મંદિર તમે ધ્યાનથી જોઈ લો, પછી મંદિર તેના જેવું જ કરો. ૮. આ મંદિરના કામમાં તમે મુખ્ય છો. આ મંદિર કરવાથી ભૂમિ ઉપર તમે પ્રસિદ્ધ થશો. વિશ્વકર્માનું નામ જેવું વિખ્યાત છે તેવું તમારું નામ પણ થશે." ૯. પછી તે શિલ્પીએ પોતાનું મન તેમાં ઘણું લગાવ્યું પરંતુ મંદિર કેવું કરવું ? તે પૂરેપૂરું તેના મનમાં બેઠું નહીં. ત્યારે શ્રીહરિએ તે કડિયાને સમાધિ કરાવી અને ઘણા વિમાનોની પંક્તિ દેખાડી. ૧૦. તેમાં જે મંદિરને યોગ્ય હતું તે વિમાન ત્યાં જઈને જોયું. જ્યારે તે સમાધિમાંથી જાગ્યા ત્યારે તેણે પોતે જોયેલા વિમાનનું ચિત્ર બનાવ્યું. ૧૧. તે જોઈને ભગવાન શ્રીહરિ ખુશ થઈ ગયા. આ ચિત્ર કર્યું છે તેના જેવું જ સુંદર મંદિર બનાવો. ઝવેરભાઈ, ઉકાભાઈ ઈત્યાદિક શિલ્પીઓ પણ જેમ તમે કહો તેમ કરશે. ૧૨.

❋ ગઢપુર મંદિરમાં ભક્તોની સેવા :

પછી તો શ્રીહરિએ બધા સંતો તથા હરિભક્તોને વાત કહી જે, "હવે અમારે આ મંદિર જલદીથી પૂરું કરવું છે. ૧૩. માટે જે આ મંદિરમાં સેવા કરી શકે તેમ હોય તે અત્યારે જ બોલો." ત્યારે **ખોપાળા ગામના જેઠાભાઈ માણિયા** નામે હરિભક્ત હતા તે તત્કાળ ઊભા થઈને બોલ્યા, "હે સુખકારી પ્રભુ ! આ મંદિર પૂરું થઈ જાય ત્યાં સુધી ગાડી તથા બળદ સહિત હું મંદિરની સેવા કરવા માટે આપને અર્પણ છું." તે વાત સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થયા. ૧૪-૧૬. શ્રીહરિએ જેઠાભાઈ માણિયાને પ્રસાદીનો હાર આપ્યો.

તે જ વખતે ત્યાં **ઝમરાળા ગામના જીવાભાઈ દવે** સભામાં બેઠા હતા. તેઓ પણ ઊભા થયા. ૧૭. અને બોલ્યા કે, "મહારાજ ! ગાડી, બળદ અને મારા ભાઈ ગંગારામ નામે છે તે તમામ આપને અર્પણ કરું છું. ૧૮. હે હરિ ! મંદિર પૂરું થાય ત્યાં સુધી આ બધા આપની સેવામાં રહેશે."

ત્યારે શ્રીહરિ હસતાં હસતાં બોલ્યા કે, "અમે જ્યારે ઝમરાળા તમારે ઘેર જમવા આવ્યા હતા ત્યારથી જ અમે તમારું આ બધું લઈ લીધું છે એમ માનો, અને આ વાત સત્ય છે એમ જાણો." ૧૯-૨૦. ત્યારે **દાદા ખાચરે** કહ્યું કે, "મહારાજ ! મારી જેટલી વસ્તુઓ છે, જેટલા મારા ભાગીદાર છે અને જે મારો બધો પરિવાર છે તે બધા મંદિર પૂરું થાય ત્યાં સુધી સેવામાં રહેશે." શ્રીહરિ તો આ સાંભળતા જ રહી ગયા. તેમની આંખમાં હેતનાં આંસુ આવી ગયાં. ૨૧-૨૨.

⁕ દાદા ખાચરની વિશેષતા :

चोपाई :

फिर श्रीहरि ने ऐसे कहेऊ, बलि नृप कु शरमिंदा कियेऊ;
दादा खाचर का युँ समर्पनही, उसको है अति अपनापनही...२३

हमने उसकी अनेक बारा, परीक्षा की है अति अपारा;
फिर भी नित्य उसका रंगा, चढत रहत है सदा सत्संगा...२४

दोहा : कभी भी गौण पडा नहि, दादा का सतसंग;
उसको देखके सबको, आता है दिल उमंग...२५

प्रगट हरि की भक्ति वो, करते है लगातार;
जैसा दादा खाचर है, युँ उसका परिवार...२६

વળી, શ્રીહરિએ એવી વાત કહી કે, 'આ દાદા ખાચરના આવા સમર્પણે તો બળિરાજાને પણ શરમિંદા કરી દીધા છે. તેમને તો આ મંદિરમાં અતિશય પોતાપણું મનાયું છે. ૨૩. અમે તેમની અત્યંત પરીક્ષા અનેક વાર લીધી છે, તોપણ આ દાદા ખાચરને સત્સંગનો રંગ સદાયને માટે ચડતો રહ્યો છે. ૨૪. દાદા ખાચરનો સત્સંગ ક્યારેય ગૌણ પડ્યો નથી. તેના સત્સંગને દેખીને બીજા બધાને પણ દિલમાં ઉમંગ આવે છે. ૨૫. તેઓ પ્રગટ હરિની ભક્તિ લગાતાર કરતા રહે છે. જેવા દાદા ખાચર છે તેવો જ તેમનો પરિવાર છે. ૨૬. એટલા માટે જ અમે આજે આ પરિવારને ખુશ કરવા માટે મોટું મંદિર બનાવવાનું કામ શરૂ કર્યું છે. ૨૭. આ ગઢપુર મોટું

ધામ થશે તે દાદા ખાચરને આભારી છે.' ઘનશ્યામ પ્રભુ આમ કહેતા હતા. આ બાજુ શ્રીહરિ, સંતો તથા હરિભક્તો મળીને ત્યાં મંદિરનું કામ ચલાવતા હતા, ત્યારે તેને જોવા માટે ઈન્દ્રાદિક દેવતાઓ પણ આવતા હતા. મંદિર કરવાનો ઉત્સાહ કોઈના દિલમાં સમાતો નહીં. શ્રીહરિના ગુણો ગાતાં ગાતાં સહુ સેવા કરતા હતા. ૨૮-૨૯.

મંદિરનું કામ થતું ત્યારે શ્રીહરિ હંમેશાં સહુના દિલના ભાવને ત્યાં દેખતા હતા. મંદિરનો પાયો ઘણો ઊંડો કર્યો હતો એટલે તે પૂરવામાં પહાડ જેવો પથ્થરનો ઢગલો તેમાં સમાઈ ગયો. ૩૦. હરિભક્તો ગાડી લઈને આવતા. તે ગાડીમાં પથ્થર, ચૂનો અને માટી આદિક લઈ આવતા. સહુ સેવાનો લાભ લેવા ચાહતા હતા. આવો ઉત્તમ લાભ ક્યારે મળે ? ૩૧. સહુ મનમાં માહાત્મ્ય વિચારતા. દરબાર દાદા ખાચર પણ પોતાના મનમાં મોટું ભાગ્ય માનતા હતા. ભક્તો જ્યારે સેવામાં ઘણો ભાવ જણાવતા ત્યારે તેને દેખીને મુરારિ શ્રીહરિ મનમાં રાજી થતા. ૩૨. પ્રભુ શ્રીહરિના મનમાં જેવું ગમે તેવું મંદિરનું કામ તે વખતે ચાલતું હતું. શ્રીહરિએ વિરક્તાનંદ સ્વામી નામે સંત હતા તેમને તે મંદિરના કામમાં ઉપરી કર્યા હતા. ૩૩.

❋ દુબળી ભટ્ટનું દાન :

શ્રીહરિ ગઢપુરમાં એક દિવસ સુંદર સભા કરીને બેઠા હતા. ત્યારે ચાંદગઢ ગામના એક નિરાળા દુબળી ભટ્ટ, જેનું રણછોડ મહારાજ નામ હતું તે દર્શન કરવા માટે શ્રીહરિ પાસે આવ્યા. માથા ઉપરથી પાઘડી ઉતારી, શ્રીહરિને વંદન કર્યા. ૩૪-૩૫. શ્રીહરિએ હસતાં હસતાં તેને પૂછ્યું, "ભટ્ટ ! તમારી શી ઈચ્છા છે ?" ત્યારે તેણે શ્રીહરિને કહ્યું કે, "મારા મનમાં એક ઈચ્છા છે. ૩૬. મારે આપની સેવામાં કાંઈક ધનનું દાન આપવું છે. તો ભગવન્ ! કૃપા કરીને આપ મારા તે મનોરથને સુફળ કરો." ૩૭. આમ કહીને તેણે પોતાની ફાટેલી પાઘડીમાંથી ગાંઠ છોડીને તેર દોકડા(રૂપિયાના સોમા ભાગનો જૂનો સિક્કો) જેટલું ધન કાઢ્યું. ૩૮. તેણે તે ધન શ્રીહરિને જ્યારે અર્પણ કર્યું ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, "અમે તમારા ઉપર પ્રસન્ન

છીએ, તમારી સેવા અમને પહોંચી ગઈ. ૩૯. હવે તે ધન પાછું લો અને તેનાથી નવી પાઘડી ખરીદજો." તે સાંભળીને દુબળી ભટ્ટ પ્રેમ વિવશ થઈ ગયા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શિલ્પીઓને સમાધિમાં મંદિર દેખાડ્યું અને ભક્તોની સેવામાં શ્રદ્ધા કહી" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૬

શ્રીહરિની મરજી મુજબ સેવા કરવાવાળા ભક્તોનાં વખાણ કર્યાં

તે સમયે તે દુબળી ભટ્ટ ગદ્‌ગદ હૃદયથી બોલ્યા, "મહારાજ ! હવે તો મારી આખી આવરદા પૂરી થઈ ગઈ છે. ૧. આ ફાટેલી પાઘડીથી જ બાકીના દિવસો ચલાવી લઈશ. પરંતુ હે મહારાજ ! આપની સેવા મને ક્યાંથી મળે ? માટે મારું આ ધન મંદિર માટે લો. ૨. મહારાજ, આપ કૃપા કરીને મારી આટલી સેવાને આપના હાથે સ્વીકારો." ત્યારે તે ગરીબ બ્રાહ્મણની વિનંતી સાંભળીને તથા તેનો ભક્તિભાવ દેખીને શ્રીહરિએ તેના આપેલા તેર દોકડાને પોતાના હાથમાં લઈ લીધા. ૩-૪.

પછી મહારાજાધિરાજ શ્રીહરિ એમ બોલ્યા કે, **"આ મંદિરનું કામ પૂરું થઈ ગયું. ભક્તો ! ગઢપુરનું આ ધામ દુબળી ભટ્ટે બધું જ પૂરું કરી દીધું છે. ૫. આનું સમર્પણ કાંઈ ઓછું નથી. બલિરાજા કરતાં પણ સવાગણું છે. બલિરાજાની પાસે તો અમે બધું માગ્યું હતું,** આ કથા તમે પુરાણમાં સાંભળી હશે. તે વાત આ ભટ્ટનાં દાન કરતાં ન્યૂન છે. કેમ જે, તેની પાસે તો અમે જ્યારે માગ્યું હતું ત્યારે તેણે બધું ત્યાગ્યું હતું. ૬-૭.

જ્યારે આ દુબળી ભટ્ટ રણછોડ મહારાજે તો વગર માગે પોતાની ભાવનાથી પોતાનું બધું જ આપી દીધું. જે કોઈ પોતાની ઈચ્છાથી દાન આપે તે દાનને જ હું મહાન દાન કહું છું. કેમ જે, **'વગર માગે જે મળે તે ઘી**

સમાન છે, માગ્યા પછી જે મળે તે પાણી જેવું છે અને પરાણે ખેંચીને લઈ લેવામાં આવે તે લોહી જેવું છે.' એમ ગોરખનાથની વાણીમાં લખ્યું છે. ૮-૯. આ ભટ્ટે તો પોતાનું બધું જ અહીંયાં આવીને પોતાની ઈચ્છાથી સામેથી અર્પણ કર્યું છે; માટે એમનું સમર્પણ અદ્‌ભુત છે. ૧૦. સત્સંગના ઈતિહાસમાં આનું નામ સદાય અમર રહેશે. વક્તાઓ કથામાં વાત કહેતાં આ દુબળી ભટ્ટનું નામ લેશે. ૧૧. જેની પાસે અપાર ધન હોય તેમાંથી તે કાંઈક થોડું આપે, છતાં તે પોતાને મહાન દાતા અને માંધાતા કહેવડાવે છે. ૧૨. **થોડા પૈસા આપીને ઝાઝો યશ કમાવાનું અને મોટા દાનેશ્વરી થવાનું ઘણાના ચિત્તમાં ગમતું હોય છે. ૧૩. જુઓ તો ખરા, આ દુબળી ભટ્ટે પોતાનું જે કાંઈ ધન હતું તે બધું આપી દીધું, છતાં પણ તેના મનમાં લેશમાત્ર યશની ઈચ્છા નથી.** ૧૪. માટે આ વિપ્ર રણછોડભાઈને ધન્ય ધન્ય છે. આવા ઉદાર બ્રાહ્મણ મેં દેખ્યા નથી. તેના ગુણને હું શું ગાઉં ? આ તો સત્સંગનો આદર્શ છે." ૧૫. રણછોડભાઈનું દાન જોઈને ઘણાક ધનવાન લોકો મનમાં વિચારવા લાગ્યા કે, 'અમે તો થોડુંક દાન આપીને પણ ત્યાં પોતાનો શિલાલેખ લગાવડાવીએ છીએ.' ૧૬.

આ રીતે આસો માસ પૂરો થયો, અવિનાશીએ દિવાળીનો ઉત્સવ કરાવ્યો. પછી પોતાના ભક્ત નારાયણજીભાઈ સુતાર મહારાજ પાસે આવ્યા અને અપાર વિનયથી નમસ્કાર કરી બોલ્યા, "મહારાજ ! હવે મૂર્તિનું કામ પૂરું થયું છે, ફક્ત મૂર્તિને ઓપવાનું બાકી રહ્યું છે, માટે આ બંને શિલ્પીઓને આપ વિદાય આપો, તો તે હવે પોતાને ગામ ડુંગરપુર જાય. ૧૭-૧૮. હવે મહારાજ, હું પણ મારે ઘેર જૂનાગઢ જાઉં. આપ મને આજ્ઞા આપો. જ્યારે પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થાય ત્યારે એક વર્ષ પહેલાં મને બોલાવજો. ૧૯. મૂર્તિનું ઓપકામ જે કાંઈ બાકી હશે તે બધું જ હું ત્યારે કરી આપીશ." આવું સાંભળીને સુખદાયક શ્રીહરિએ ઈનામ આપીને તે શિલ્પીઓને વળાવ્યા. ૨૦.

✵ પ્રભુની મરજી વિનાનું ભજન પણ વ્યર્થ છે :

જ્યારે શ્રીહરિ ગઢપુરમાં હતા ત્યારે ઘણા હરિભક્તો સેવા કરવા માટે રહ્યા હતા. તે બધા મંદિર માટે પથ્થરની ઘણી ગાડીઓ જ્યારે મંદિરે

લાવતા, ત્યારે સંતો, પાર્ષદો અને બીજા હરિભક્તો અત્યંત પ્રેમથી પથ્થર ઉતારવા આવતા હતા. ૨૧-૨૨. તે બધા મળીને ગાડીમાં ભરેલા પથ્થર ઉતારવા લાગી જતા, ત્યારે શ્રીહરિ તે સહુની સેવા તથા ભક્તિભાવને દેખતા. ૨૩. તે સમયે કોઈ એક સાધુ પોતાના આસને બેઠા બેઠા માળા ફેરવતા રહ્યા હતા. તે પ્રભુ શ્રીહરિની નજરમાં આવ્યા એટલે શ્રીહરિ તેની પાસે ગયા. ૨૪. તે સાધુનું હિત કરવાની શ્રીહરિએ ઈચ્છા કરી. તેથી શ્રીહરિએ કહ્યું કે, "મહાપુરુષ ! તમે અત્યારે અહીં શું કરો છો ? ૨૫. આ પથ્થર ભરેલી ગાડીઓ વારંવાર આવે છે તો હવે તમે ત્યાં જઈને પથ્થર ઉતારવા લાગો ને." ૨૬.

ત્યારે તે સાધુએ કહ્યું કે, "હું રોજ મારા નિયમ મુજબ બસો માળા અહીંયાં બેસીને ફેરવું છું." ૨૭. ત્યારે શ્રીહરિએ કહ્યું, "તમે માળા શા માટે કરો છો ?" ત્યારે તેણે કહ્યું, "માળા તો આપને પ્રસન્ન કરવા માટે કરું છું." ૨૮. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, "અમે તમારા ઉપર ઘણું પ્રસન્ન થયા છીએ તો હવે ઊઠો, સેવા કરવા જાઓ, માળા તો તમે પછી ફેરવજો." ૨૯. છતાં પણ તે સંત જ્યારે ઊભા ન થયા ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આવી ઉત્તમ દેવસેવાને છોડીને તમે લાકડાંને જ ખેંચતા રહો." ૩૦. આવું બોલીને શ્રીહરિ ઉતારે ગયા. આ પ્રસંગ જોઈને બધા જ પોતાના મનમાં બધી વાત સમજી ગયા. ૩૧.

❋ શ્રીહરિની મરજીમાં રહેવાનો મહિમા :

चोपाई :

प्रगट हरि की मरजी में बहना, यही है सब ग्रंथ का कहना;
जैसे जल में पत्ता बहता, ऐसे मरजी में भक्त रहता...३२
वही संत भक्त का तपही, मरजी में रहना वही जपही;
मरजी में रहना यज्ञ यागा, मरजी ही है व्रत अरु त्यागा...३३
मरजी में जो मिल न सकतही, प्रसन्नता वे नहि पावतही;
प्रसन्नता बिन कुछ नहि मिलता, सबसे मुख्य है हरि प्रसन्नता...३४
हा में या तो ना में फसाये, हरि मरजी से विरूद्ध जाये;
दोनु बंधन जीव के लियेऊ, मरजी में रहो इसलियेऊ...३५

'પ્રગટ શ્રીહરિની મરજીમાં વહેવું' એ જ બધા ગ્રંથોનું કહેવું છે. પાણીના પ્રવાહમાં જેમ પાંદડું વહે છે, તેમ ભક્ત હોય તે પ્રભુની મરજીમાં રહે છે. ૩૨. ભગવાનની મરજીમાં રહેવું તે જ સંત તથા હરિભક્તનું ખરું તપ છે, મરજીમાં રહેવું તે જ જપ છે. શ્રીહરિની મરજીમાં રહેવું તે જ યજ્ઞ-યાગ છે અને પ્રભુની મરજીને અનુસરવું એ જ વ્રત તથા ત્યાગ છે. ૩૩. જે ભગવાનની મરજીમાં ભળી શકતા નથી, તેને ક્યારેય ભગવાનનો રાજીપો મળતો નથી. અને ભગવાનની પ્રસન્નતા વિના તો કોઈને કાંઈ જ મળતું નથી; માટે સૌથી મુખ્ય ભગવાનની પ્રસન્નતા છે. ૩૪. કોઈએ પ્રથમ કાંઈક કરવાની 'હા' કહી હોય અથવા 'ના' કહી હોય, પણ પછી જો તે તેમાં ફસાઈ જાય છે તો તે ભગવાનની મરજીથી વિરુદ્ધ વર્તે છે. પરંતુ તે 'હા' કે 'ના' બંને જીવને બંધન કરનારા છે, એટલા માટે ભગવાનની મરજીમાં જ રહેવું. ૩૫.

ઉપરોક્ત પ્રસંગ જોઈને સહુના દિલમાં એવું મનાણું કે, **શ્રીહરિની મરજીમાં રહેવું તે જ ધર્મ છે, શ્રીહરિની મરજીમાં રહેવું તે જ ખરો સ્વાધ્યાય છે. અને પ્રભુની મરજી વિનાનું બધું જ વર્તન અધર્મ છે.** ૩૬. જે ભક્ત રાત-દિવસ શ્રીહરિની મરજીમાં રહે છે તે જ શ્રીહરિની મૂર્તિનું સાક્ષાત્ સુખ પામે છે. ૩૭. મરજી પ્રમાણે રહેનારાને જ સત્સંગનું મોટું સુખ આવે છે અને મરજી વિરુદ્ધ જવાથી તો તે ઘણાં દુઃખને પામે છે. ૩૮. **એટલા માટે શ્રીહરિની મરજી જોઈને તે પ્રમાણે સંતો તથા હરિભક્તોએ સદાય રહેવું. પ્રભુની મરજીને જ કલ્યાણ માનવું. મરજી વિના બીજું કોઈ બંધન રાખવું નહીં, એક મરજીનું જ બંધન રાખવું.** ૩૯. કોઈ પાણીની સાથે વહેતા રહે છે અને કોઈ તરતા રહે છે. જે તરે છે તેને સખત શ્રમ પડે છે અને જે પાણીમાં વહે છે તેને કાંઈ બળ પડતું નથી; તેમ મરજીમાં વહેનારા સહેજે કલ્યાણને પામે છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિની મરજી મુજબ સેવા કરવાવાળા ભક્તોનાં વખાણ કર્યાં" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૭

નારાયણજીભાઈએ મૂર્તિનું ઓપકામ કર્યું તથા પ્રતિષ્ઠાની પૂર્વતૈયારી

મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને પ્રેમપૂર્ણ રીતે શ્રીહરિચરિત્રામૃતસાગરની કથા અતિ આનંદથી કહે છે. ૧. મંદિરનું કામ ચાલું હતું ત્યારે શ્રીહરિ બીજા ભક્તોના મનોરથને પૂર્ણ કરવા તથા સુખી કરવા માટે અવારનવાર બીજે ગામ જતા હતા. ૨. પણ મંદિરનું કામ તો સદાય ચાલતું રહેતું હતું. આમ બધા જ ભક્તો બે વર્ષ સુધી સેવામાં લાગી રહ્યા હતા. ૩. હવે મંદિર તૈયાર થવામાં એક વર્ષનું કામ બાકી રહ્યું. જગપ્રસિદ્ધ આ ધામ આ રીતે તૈયાર થઈ રહ્યું હતું, ત્યારે નારાયણજીભાઈ સુતાર જૂનાગઢ હતા તેમને ત્યાંથી બોલાવ્યા. પછી તેમને શ્રીહરિએ કહ્યું કે, “હવે તમે જેવાં અમારાં અંગ છે તેને ધારીને મૂર્તિનું ઓપકામ(ફિનિશિંગ) કરો.” ૪-૫.

ત્યારે ભક્ત નારાયણજીભાઈ બોલ્યા કે, “પ્રભુ આપ આ જગ્યાએ પાસે બેસો. હું જેવાં આપનાં અંગ છે તેવાં દેખીને મૂર્તિના અવયવોને બનાવું. ૬. એક વર્ષ જ્યારે વીતશે ત્યારે આ મૂર્તિ આપના જેવી થશે.” ત્યારે શ્રીહરિએ કહ્યું કે, ‘હું તમારી પાસે બેસીશ, તમે ઉત્સાહ ધારીને કામ કરો.” ૭. **જ્યારે તેઓ મૂર્તિ બનાવવા લાગ્યા ત્યારે શ્રીહરિ તેમની સમક્ષ બેઠા. તેમણે પ્રત્યક્ષ પ્રભુનાં બધાં અંગને દેખ્યાં અને પછી તેવી સુંદર મૂર્તિ તૈયાર કરવા લાગ્યા.** ૮. ક્યારેક તો શ્રીહરિ ત્યાં જ બેસીને થાળ જમતા અને પછી સરસ પ્રસાદ નારાયણજીભાઈને આપતા. કદાચ કાંઈ ભૂલ થઈ ન જાય, તે માટે પોતે એક પળવાર પણ ત્યાંથી દૂર રહેતા નહીં. ૯. પછી ચૈત્ર મહિનો આવ્યો ત્યારે શ્રીહરિ વડતાલ જવા તૈયાર થયા. ત્યારે નારાયણજીભાઈએ શ્રીહરિનાં ચરણ પકડ્યા અને કહ્યું કે, “આપના વિના ઓપકામ કેમ થશે ? પ્રત્યેક અંગનો સાચો ભાવ નહિ આવે.” ૧૦. ત્યારે દેવાધિદેવ શ્રીહરિએ શિલ્પી નારાયણજીભાઈને વરદાન આપ્યું કે, “જ્યારે તમે તમારા હૃદયમાં અમને દેખવાની કે પૂછવાની ઈચ્છા કરશો ત્યારે તમે મારી મૂર્તિને અહીં પ્રત્યક્ષ દેખશો.” આ વાત તેમણે બરાબર સાંભળીને યાદ રાખી લીધી. ૧૧. આમ કહીને શ્રીહરિ **વડતાલ** ગયા. પણ નારાયણજીભાઈ તો અહીં તેવી જ મૂર્તિ

દેખતા અને તેને દેખી-દેખીને મૂર્તિ બનાવતા. તેથી શ્રીહરિ ગઢપુર હતા કે વડતાલ ગયા તેમાં તેમને કોઈ ફરક પડ્યો નહીં. ૧૨.

શ્રીહરિ વડતાલથી **ગઢપુરધામ** પાછા આવ્યા, ત્યારે શ્રીહરિએ તેમને ખુશ થઈને મૂર્તિ સંબંધી કામ પૂછ્યું. ૧૩. સુતાર નારાયણજીભાઈએ કહ્યું, "મહારાજ ! જ્યારે જ્યારે મારા મનમાં ઈચ્છા થતી ત્યારે આપની મૂર્તિને હું અહીંયાં જ દેખતો હતો. ૧૪. **જો કે બીજાને તો આપ જ્યારે પ્રત્યક્ષ આવ્યા ત્યારે તે સહુને આપનાં દર્શન થયાં છે. જ્યારે મેં તો આપની મૂર્તિનાં દર્શન થવારૂપ આપનો પ્રતાપ અખંડ દેખ્યો છે, બીજાને તે પ્રતાપ દેખાણો નથી."** ૧૫. આમ શ્રીહરિએ **જૂનાગઢ** જઈને મૂર્તિની સ્થાપના કરી હતી, અને ત્યાંથી પાછા **ગઢપુર** આવ્યા ત્યારે પણ મંદિરનું કામ ચાલતું હતું. ૧૬. પછી તો ત્યાં કામ ઘણું ઉતાવળે કરાવ્યું. સં.૧૮૮૫નું ચોમાસું આવ્યું. દેવતાઓ પણ અદૃશ્ય રહીને મંદિરનું કામ કરતા હતા, તેને દિવ્યદૃષ્ટિવાળા દેખતા હતા. ૧૭.

આ મંદિરનું કામ ચાલતું હોય ત્યારે કદાચ કોઈ દોરડું તૂટે કે પાલખ ભાંગે, તોપણ કોઈને નાખોરી(નસકોરી) પણ ફૂટતી નહીં. કદાચ કોઈ મનુષ્ય ઊંચેથી પડી જાય, તોપણ શ્રીહરિ અદૃશ્ય રહીને તેને બચાવી લેતા હતા. ૧૮. આવા તો અનંત આશ્ચર્ય થતાં હતાં, તેનો ગણાવ્યે કોઈ પાર લઈ શકે નહીં. મંદિરના ચણતરમાં જે જે પથ્થર મૂકાતો હતો તેનો સ્પર્શ પ્રભુ શ્રીહરિ પોતે કરતા હતા. ૧૯. પાયાથી લઈને શિખર સુધીના બધા જ પથ્થર શ્રીહરિની પ્રસાદીના છે. તેથી શ્રીહરિએ ઘણાં મંદિરો કરાવ્યાં છે પણ આ મંદિર જેવું બીજું કોઈ પ્રસાદીનું સ્થાન નથી. ૨૦.

નારાયણજીભાઈ જે સ્થળે પ્રેમથી મૂર્તિનું ઓપકામ કરતા હતા ત્યાં બેસીને સુખદાયક શ્રીહરિ 'ચાલો...ભાઈ..! જલદી કામ કરો...' તેમ કહેતા રહેતા. ૨૧. કદાચ નારાયણભાઈ કહે કે, 'હે ધર્મપુત્ર શ્રીહરિ ! મારે નિયમની માળા ફેરવવી છે.' ત્યારે શ્રીહરિ તેને કહેતા કે, 'તમારા નિયમની માળા અમે ફેરવશું પણ તમે જલદીથી મૂર્તિ કરો.' ૨૨. સુતાર નારાયણજીભાઈ શ્રીહરિનાં અંગોને દોરો લઈને માપતા હતા. આમ જેવાં

શ્રીહરિનાં અંગો છે તેવાં જ મૂર્તિનાં બનાવ્યાં, તેમાં લેશમાત્ર પણ ફરક ન રહ્યો. ૨૩. જ્યારે શ્રાવણ માસ વીત્યો ત્યારે એક દિવસ શ્રીહરિકૃષ્ણ પ્રભુએ લાડુબા ઈત્યાદિકની પાસે ખૂબ આનંદથી પ્રસન્ન થઈને કહ્યું, "હવે મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થશે, તેથી બધાં શહેરો અને ગામડાંઓમાંથી તમામ હરિભક્તો આ ગઢપુરધામ આવશે. ૨૪-૨૫. વડતાલ અને અમદાવાદમાં જ્યારે મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી, ત્યારે જેટલા હરિભક્તો આવ્યા હતા તેના કરતાં પણ વધારે ગઢપુરમાં આવશે. ૨૬. હજારોની સંખ્યામાં વિદ્વાન વિપ્રો તથા શુભ સમૈયો જાણીને અસંખ્ય ભક્તો પણ આવશે." ૨૭. ત્યારે મોટીબાએ કહ્યું કે, "મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત કઢાવો અને તે પછી તરત બધો જ સામાન ચોક્કસ કરીને મગાવો." ૨૮.

આ વાત સાંભળીને મુનીંદ્ર શ્રીહરિ મનમાં રાજી થયા. પછી રામચંદ્ર જોષીને બોલાવ્યા, તેણે સારી રીતે મુહૂર્ત બતાવ્યું. તેમાં આસો માસ આવ્યો. ૨૯. પછી જોષીએ કહ્યું કે, **"સૌથી સારો શુભ યોગ તો પ્રભુ આપની જ્યારે ઈચ્છા હોય તે છે. અને ખરેખર તે જ સમય અતિશય શુદ્ધ છે. તેમ છતાં પ્રભુ ! જો આપની ઈચ્છા હોય તો આસો સુદિ બારસની તિથિ સારી છે.** ૩૦. જ્યારે આપ પરમેશ્વર પ્રસન્ન હો તો તે આપની પ્રસન્નતા જ નક્ષત્ર, ચંદ્ર અને સૂર્યાદિ દેવોનું બળ છે. આપ પરમેશ્વર પ્રસન્ન હો તો તે જ સૌથી શુભ મુહૂર્ત છે." ૩૧. તે વખતે દાદા ખાચરે કારભારીને બધી વાત કહી અને બધે કંકોત્રીઓ લખાવી. વળી, અનાદિની મૂળ રીત જાણીને વેદના વિધિ જાણનારા બ્રાહ્મણો પણ બોલાવ્યા. ૩૨. જીવુબા, લાડુબા, અમરબાઈ, અમૂલાબાઈ તથા રાજબાઈ, એ બધા બહેનો મનમાં આનંદ પામીને બધો સામાન તૈયાર કરવા લાગ્યા. સેવામાં તેઓ ભૂખ કે તરસને લગાર પણ ગણતા નહીં. ૩૩. તેમણે સેવ, પાપડ, લોટ તથા દાળ વગેરેનો તો વિશાળ ભંડાર ભરી દીધો. વળી, પ્રભુના પ્યારા બ્રહ્મવેત્તા ભક્તો જમશે એમ જાણીને ઘણા ઊજળા ચોખા મંગાવ્યા. ૩૪.

શ્રીહરિએ દાદા ખાચર આગળ કહ્યું કે, "અહીં બધા દરબારો ઘણા આવશે તો તેની સેવા-સગવડતા માટે અત્યારે બધો સામાન તૈયાર રાખો." ૩૫.

પછી ધર્મકુમાર શ્રીહરિએ ઘેલા ધાધલ તથા નાગમાલાને કહ્યું કે, “તમારે અત્યારથી બંનેએ મળીને દાદા ખાચરને બધી મદદ કરવી.” ૩૬. વળી, જીવા ખાચર તથા મૂળુ ખાચરને બોલાવીને ધર્મનંદન શ્રીહરિએ કહ્યું કે, “તમારે સહુની સંભાળ રાખવી; તેનાથી તમારો યશ વધશે.” ૩૭. બોટાદના ભગા દોશી તથા સુંદરિયાણાના પૂજા શાહ, તે બંનેને શ્રીહરિએ એમ કહ્યું કે, “તમારે આ મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવનો બધો હિસાબ લખી રાખવો.” ૩૮. ઉમરેઠના વેદમૂર્તિ હરિભાઈ ઉત્સાહથી ગઢપુર આવ્યા. તેની સાથે સેવા માટે કયા-કયા વિપ્ર શ્રેષ્ઠોને રાખ્યા હતા, તે કહું છું. ૩૯. રોહિશાળાના લક્ષ્મીરામ ઓઝા ઘણા સારા હતા. તદ્ઉપરાંત લાલજી, બેચરજી તથા લક્ષ્મીરામ, તે ગઢપુરમાં રહેનારા વિપ્ર હતા. ૪૦.

પછી ત્યાં એક સુંદર મંડપ બનાવવાની શરૂઆત કરી. સુતાર તથા લુહારે મળીને તે મંડપ બનાવ્યો. તેમાં અપાર કેળના સ્તંભ રોપ્યા. ચારેબાજુ ધજાપતાકાઓ બાંધી. ૪૧. મંડપમાં બાંધેલાં મોતીનાં તોરણ પણ શોભતાં હતાં અને વિધિ માટે સ્થાપેલા સુવર્ણ કુંભ પણ ઘણા વિરાજતા હતા. તે દેખીને દેવતાઓ પણ અભિમાનને ભૂલી જતા હતા. તેની આગળ દેવતાઓનું વિમાન પણ ઝાંખું થઈ હારી જતું હતું. ૪૨. ત્યાં સરસ યજ્ઞકુંડ કરાવ્યો, તે શ્રીહરિના મનમાં ખૂબ ગમ્યો. ગ્રહ વગેરેના સ્થાપન માટે સરસ વેદિકાઓ પણ કરાવી. ૪૩. જસાભાઈ નામે એક સમજણા દરજી હતા તેને સુખધામ શ્રીહરિએ કહ્યું, “ગોપીનાથજી મહારાજને શોભે તેવાં સુંદર વસ્ત્ર તમે કરો.” ૪૪. જ્યારે પ્રતિષ્ઠાનું મુહૂર્ત નજીક આવ્યું ત્યારે ત્યાં દૂર દેશના સંઘ આવ્યા. શ્રેષ્ઠ સંતોનાં મંડળો પણ આવ્યાં અને તેઓ પોતાની સાથે ઘણા હરિભક્તોને લાવ્યા હતા. ૪૫. ગઢપુરવાસીઓએ આવેલા સહુ મહેમાનોને ઉતારા આપ્યા. તેમાં તે સહુનો પ્રેમ વધારે દેખાયો. ગઢપુરવાસીઓએ આવેલા ભક્તો માટે પોતાના રહેવાનાં ઘર પણ ખાલી કરી દીધાં. ૪૬. જ્યારે ત્યાં ઘણા લોકો આવવા લાગ્યા ત્યારે તેમને માટે ગામની ભાગોળમાં મોટાં દેરાં, તંબુઓ પણ ખડાં કર્યાં. મોટા શહેરની સમીપે જેમ કોઈ નાના પરા હોય તેમ બધી દિશાઓમાં આવનારા સંઘોની વસ્તી થઈ ગઈ. ૪૭.

આ ઉત્સવમાં કેટલાક રાજાઓ પોતાની સવારી સાથે આવ્યા. તેઓ પોતાની સાથે ડંકા, નિશાન લાવ્યા હતા. ત્યારે છડીદારો નેકી પોકારતા હતા. મેઘના સમાન છત્રોની શોભા અપાર થઈ હતી. ૪૮. આવેલા રાજાઓની સવારીઓ એકએકથી અધિક અને બહુ જોવાલાયક હતી, તે ઘણી શોભતી હતી. ૪૯. તે સવારીને જોવા માટે લોકોના અપાર ટોળાં મળતાં હતાં. જે જે સવારીને સાંભળતા તે જોવા માટે જતા હતા અને સવારી જોઈને બધાને બહુ પ્રેમ થતો હતો. ૫૦. ગઢપુર ગામની ચારેબાજુ પુષ્કળ પ્રમાણમાં ઉતારા કરાવ્યા હતા. મંદિરની નજીક સારા ઉતારા થોડાક હતા, બાકીના બહાર સીમમાં તો ઘણા હતા. ૫૧. તે સમયે ગઢપુર કેવું જણાતું ? તો, વિશાળ સાગરમાં નાનું વહાણ હોય તેવું જણાતું હતું. કારણ કે શ્રીગોપીનાથજી મહારાજની સુખદાયક પ્રતિષ્ઠા થવાની હતી. ૫૨.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "નારાયણજીભાઈએ મૂર્તિનું ઓપકામ કર્યું તથા પ્રતિષ્ઠાની પૂર્વતૈયારી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ।।૫૭।।



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ ગઢપુરમાં ધામધૂમથી દેવોની પ્રતિષ્ઠા કરી

મુક્તાનંદ સ્વામી કહે છે કે, દરબાર દાદા ખાચર ! તમે સાંભળો. શ્રીહરિનાં ચરિત્ર તો રસરૂપ છે અને સાંભળનારા બધા મનુષ્યોને સુખરૂપ છે. ૧. ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે શ્રીહરિને ઘણો ઉમંગ થયો છે. હવે તે વાત હું કહું છું તો તમે ભૂપતિ સાંભળો. ૨. શ્રીહરિ યજ્ઞમંડપમાં વિદ્વાનોની સાથે બેઠા. વેદવિધિ અનુસાર ગણેશ આદિનું સ્થાપન અને પૂજાવિધિ વગેરે કર્યાં. ૩. વડતાલમાં જ્યારે દેવની પ્રતિષ્ઠા કરી ત્યારે જે વિપ્રો આવ્યા હતા, તે બધા વિદ્વાન વિપ્રો અત્યારે ગઢપુરમાં પણ પ્રતિષ્ઠાવિધિ માટે આવ્યા હતા. ૪. શ્રીહરિએ પોતે વિપ્રોની વરણી કરી

અને સહુની પાસે પાઠ કરાવી જપ કરાવ્યા. ત્યાં ઘી આદિક હોમદ્રવ્યોથી એવો હોમ કર્યો કે તે બીજાથી થઈ શકે નહીં. ૫. **જે દેવતાઓને આહુતિઓ અપાતી હતી, તે દેવ ત્યાં પ્રત્યક્ષ આવતા હતા. 'શ્રીહરિના હાથની પ્રસાદી મળશે' એમ વિચારી બધા દેવતાઓ તે લેવા આનંદથી પધાર્યા હતા.** ૬.

નિત્યાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજ ઘણા ધીર હતા. તેઓ મૂર્તિ ઉઠાવી લાવ્યા. જે અધિવાસનું સ્થાન હતું ત્યાં મૂર્તિ સ્થાપી અને તેનાથી પૂર્ણકામ શ્રીહરિ ખુશ થયા. ૭. જેમ શાસ્ત્રમાં લખ્યું છે તે પ્રમાણે પાંચ દિવસ પર્યંત બધો ક્રિયા વિધિ ચાલ્યો. શ્રીહરિ તો સ્વયં વૈદિક માર્ગની સ્થાપના કરનારા છે, તેઓ વૈદિક વિધિને લગાર પણ કેમ લોપે ? ૮. જ્યારે મંત્ર બોલવામાં કોઈ વિપ્ર ભૂલ કરે તો તુરંત શ્રીહરિ તેને તે બતાવતા હતા. જેનો નિઃશ્વાસ જ વેદ છે, તેને કયો મંત્ર અજાણ્યો હોય ? ૯. તે વખતે **વિક્રમ સંવત ૧૮૮૫નું વર્ષ હતું.** આ વર્ષ અષાઢી સમજવા. **આસો સુદિ બારશની તિથિ હતી.** ૧૦. **જ્યારે દિવસ સાત ઘડી(૨:૪૮ કલાક) ચઢ્યો (સવારના પોણા નવ વાગ્યા) ત્યારે શ્રીહરિએ મૂર્તિપ્રતિષ્ઠા કરી.** મંદિરના વચલા ખંડમાં શ્રીગોપીનાથજીની પ્રતિમાનું સ્થાપન કર્યું. ૧૧. અને તેમની ડાબી બાજુ ઘણી રમણીય રાધિકાજીની મૂર્તિ સ્થાપી. બંને મૂર્તિ અપાર દિવ્ય હતી. શ્રીહરિએ ઘણા પ્રેમથી તે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. ૧૨.

વાસુદેવનારાયણની મૂર્તિ જે ઓરડામાં હતી તે ચળ મૂર્તિને ત્યાંથી લઈને આ મંદિરમાં અખંડ રૂપમાં સ્થાપી. ૧૩. એ પશ્ચિમ ખંડમાં વાસુદેવનારાયણની પાસે ધર્મ તથા ભક્તિની મૂર્તિને સ્થાપીને તેમને ત્યાં નિવાસ આપ્યો. ૧૪. ગોપીનાથજી મહારાજના ખંડથી પૂર્વ તરફનો જે ખંડ છે ત્યાં સૂર્યનારાયણની સ્થાપના કરી ત્યારે જય જયકાર થઈ રહ્યો હતો. ૧૫. શ્રીહરિએ ત્રણ રૂપ લઈને ત્રણેય ખંડમાં એકસાથે આરતી કરી. તેથી બધે આનંદ આનંદ થઈ ગયો. ૧૬. અપાર વાજિંત્રોનો ધ્વનિ થયો. બંદૂકોના અત્યંત અવાજ કર્યા. સહુના દિલમાં અત્યંત ઉમંગ વધ્યો અને સહુએ પોતાનાં અહોભાગ્ય માન્યાં. ૧૭. તે સમયે બધા જ દેવતાઓ દર્શન કરવા આવ્યા. ત્યાં શ્રીહરિને અર્પણ કરવા માટે ઘણી ભેટ લાવ્યા

હતા. આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ અને દેવતાઓ શ્રીહરિના ગુણગાન કરીને નાચવા લાગ્યા. ૧૮. આ મૂર્તિપ્રતિષ્ઠાનો આ વખતે જેવો ઉત્સવ થયો તેવો ઉત્સવ ક્યારેય થયો ન હતો. બ્રહ્મા, શંકર તથા ઈન્દ્રાદિ બધા દેવતાઓ અતિશય આનંદ પામ્યા. ૧૯. તે સમયે ત્યાં સંતોએ પણ તાલ, મૃદંગ લઈને અત્યંત હરખમાં શ્રીહરિના ગુણ ગાયા. તે બધા સંતોમાં તેવા સદ્‌ગુણો હતા કે જેવા પ્રગટ પ્રભુ શ્રીહરિમાં હોય ! ૨૦.

જ્યારે શુભ રીતે મૂર્તિપ્રતિષ્ઠા કરી, ત્યારે પ્રેમથી મુકુંદાનંદ વર્ણીએ કહ્યું, “આપે ગોપીનાથજી મહારાજને સ્થાપ્યા છે તો તેની સાથે રહીને કયો સેવક ચોકી કરશે ?” ૨૧. તે વાત સાંભળીને શ્રીહરિએ તત્કાળ જ ત્યાં હનુમાનજી દેવની સ્થાપના કરી. ચોથો ડાબી બાજુનો જે આથમણો ખંડ છે કે જે જગ્યાએ શુભ સુખશય્યા છે, તે ખંડનું બારણું જ્યાં છે ત્યાં મૂર્તિ ધારીને હનુમાનજી વિરાજી રહ્યા છે. શ્રીહરિએ મુકુંદાનંદ વર્ણીને કહ્યું કે, “જે રીતે તમે અમારા સેવક છો, એ રીતે જ આ હનુમાનજીને માનો. અર્થાત્ તે ગોપીનાથજી મહારાજના સેવક છે એમ જાણો. આ હનુમાનજી ભક્તોનાં બધાં જ કષ્ટને હરશે, માટે આ હનુમાનજીનું નામ ‘સંકટહર’ રહેશે.” ૨૨-૨૪. પછી શ્રીહરિ સુખશય્યામાં બેસીને બોલ્યા કે, “હવે અમારી અહીં પ્રતિષ્ઠા થઈ છે. માટે અહીંયાં રહીને કાયમ અપાર પ્રેમી ભક્તોને દર્શન આપશું. ૨૫.

હું ગોપીનાથજીની મૂર્તિમાં સદાય નિવાસ કરીશ. તેથી તમે બધા જ એમ માનો કે શ્રીગોપીનાથજી અને અમે બંને એક છીએ. ૨૬. **આ મૂર્તિમાં ઉમંગથી સદાય રહેવા માટે અમે અમારા પ્રત્યેક અંગ જેવા જ અંગવાળી આ મૂર્તિ બનાવી છે.** ૨૭.

હવે હું આવા રૂપથી ભક્તોને નિત્ય દર્શન આપીશ. માટે સહુ ભક્તોએ પ્રેમ રાખીને આ ગોપીનાથજી મહારાજરૂપે મારાં દર્શન કરવાં.’ ૨૮. હે રાજા ! એ વખતે તે મંદિરમાં જોનારાને અતિશય તેજ જણાયું. તે તેજ કરોડો ચંદ્રમા અને સૂર્ય જેવું અથવા તો અક્ષરધામના જેવું લાગતું હતું. ૨૯. તે સમયે અક્ષરધામથી અપાર મુક્તો ત્યાં આવ્યા. તેમણે ત્યાં સ્તુતિ કરી કે

જેને દિવ્ય દૃષ્ટિવાળા ભક્તો દેખતા હતા. ૩૦. રાધા, લક્ષ્મી આદિ બધી શક્તિઓ શુભ રીતે કીર્તનગાનરૂપ ભક્તિ કરતી હતી. ચારેય વેદ મળીને શ્રીહરિની સ્તુતિ કરતા હતા, ત્યારે આ ગઢપુર અને અક્ષરધામ એક લાગતાં હતાં. ૩૧. તે સમયે તમે દરબાર દાદા ખાચર પણ ઘણા ખુશ થયા હતા અને પોતાનાં અપાર ભાગ્ય માન્યાં હતાં. જીવુબા અને લાડુબાને પણ આનંદ વધ્યો તેમજ બીજા બધાના દિલમાં પણ ઘણો હરખ ઊભરાયો હતો. ૩૨.

શ્રીહરિએ વિધિ પ્રમાણે મૂર્તિપ્રતિષ્ઠા કરી ત્યારે વડીલ સંતોએ મળીને પૂજા કરી. ચંદન આદિ ઉપચારો લઈ અર્પણ કર્યા અને સારો ધૂપ કરી નૈવેદ્ય ધરાવ્યું. ૩૩. સંતો તથા હરિભક્તો મનોહર શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિનાં દર્શન હાથ જોડી, મસ્તક નમાવીને કરતા હતા અને મુખથી 'ગોપીનાથજી મહારાજની જય...' એમ બોલતા હતા. ૩૪. સંતો અને હરિભક્ત સ્ત્રી-પુરુષો સુખકારી તથા દુ:ખહારી શ્રીગોપીનાથજી મહારાજનું ભજન કરતાં હતાં અને આઠેય પહોર સેવા કરતાં હતાં. ૩૫. શ્રીહરિનો મહિમા દિલમાં ધારીને મોટા મહંતો પણ પૂજા કરતા હતા. બધા સંતો વારંવાર પ્રણામ કરીને સ્તુતિ કરતા હતા. ૩૬.

સંતોએ કેવી સ્તુતિ કરી ? તો, ગાયોનું પાલન કરનારા, ગોકુલના ચંદ્રમા જેવા શ્રીગોપીનાથજી મહારાજનો જય થાઓ... જય થાઓ... આપ ગિરિરાજ ગોવર્ધનને ધારણ કરનારા છો. વળી આપ મન વાણીથી પરે ગોવિંદ છો. બળદેવજીના ભાઈ તથા નંદજીના પુત્ર આપ બાળમુકુંદનો જય થાઓ... જય થાઓ... પીતાંબર ધારી, સાંસારિક બંધનના ભયને હરનારા; એવા આપ પદ્મનાભનો જય થાઓ... ૩૭. હવે આપ સદાય ગઢપુરમાં રહીને સત્સંગનું રક્ષણ કરો. આ લોક તથા પરલોકમાં સર્વ હરિજનના કષ્ટને હરો. ભૂમિને ધારનારા, મુમુક્ષુ જીવોનું રક્ષણ કરનારા અને જેનું નામ પાપને બાળનાર છે; એવા આપનો જય થાઓ... ધર્મકુળને ઉજાળનારા, અધર્મરૂપ અંધારાને ટાળનારા અને શત્રુને મારનારા આપ ઘનશ્યામનો જય થાઓ. ૩૮. **સર્વ જગતનું કારણ, જગત્કર્તા, મુમુક્ષુનો સંસારથી ઉદ્ધાર**

કરનારા, ભક્તોના કષ્ટને નિવારનારા, આ ભૂમિની રક્ષા કરનારા; એવા આપ સર્વજ્ઞ ભગવાન હરિકૃષ્ણનો જય થાઓ. ૩૯. હે ભક્તિપુત્ર ! આપ વિશેષ કૃપા કરીને અમારા સંસારના ભયને ટાળો. અમને અનન્યભાવની એકાંતિકી તમારી સંપૂર્ણ ભક્તિ અખંડ આપો. ૪૦. આ રીતે સ્તુતિ કરીને બધા સંતો આનંદ પામ્યા. તે સમયની વ્રજચંદ્ર શ્રીહરિની મૂર્તિ નીરખીને બધાં જ નરનારીઓ હર્ષ પામ્યાં. ૪૧. તે વખતે ભગવાન શ્રીહરિએ સહુને જે માગણી હતી તે બાબતમાં 'તથાસ્તુ' એમ કહીને ઇચ્છિત વરદાન આપ્યાં. સદાય શરણે આવેલા ભક્તોની રક્ષા કરનારા શ્રીપુરુષોત્તમ તે વખતે સહુ ઉપર રાજી થયા. ૪૨.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં ધામધૂમથી દેવોની પ્રતિષ્ઠા કરી" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૫૯

ભક્તોએ દેવને ભેટ અર્પણ કરી તથા શ્રીહરિએ દેવનો મહિમા કહ્યો

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે, જશુબાના પતિ એવા હે દાદા ખાચર ! શ્રીગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા થઈ તેની બાકીની કથા કહું છું. ૧. દરબાર, તમારા ભાગ્યની રસભરી કથા હું શું કહું ? આવો શ્રીહરિચરિત્રનો થાળ હું તમને પીરસી રહ્યો છું. ૨. **પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરિ ભગવાન શ્રીહરિ આ ભૂમિ ઉપર આવ્યા અને તમારે ઘેર મોટું મંદિર બનાવીને રહ્યા.** ૩. તમારા બધા પરિવારની હું શું પ્રશંસા કરું ? માટે મનમાં મહિમા સમજીને હવે આગળની કથા કહું છું. ૪. આગળ કહ્યું એ રીતે બધા સંતોએ ઘણી પ્રેમપૂર્ણ ભાવનાથી મહાપ્રભુની સ્તુતિ કરી. પછી શ્રીહરિ સહુને સાથે લઈને મંડપમાં પધાર્યા. ૫. અતિ દયાળુ શ્રીસ્વામિનારાયણ ભગવાને તે વખતે યજ્ઞની પૂર્ણાહુતિ કરી. ત્યારે તે સ્થળે બ્રાહ્મણોએ વૈશ્વાનર નામના સામ મંત્રોનું ગાન કર્યું. ૬.

ત્યાં બધા હરિભક્તો ભેળામળીને આવ્યા અને સહુ ઘણી સારી અમૂલ્ય ભેટ લાવ્યા. તે બધી શ્રીહરિની પાસે અર્પણ કરી ત્યારે, તેનો ઘણો મોટો ઢગલો થયો. ૭. તે વખતે મહાભાગ્યશાળી દરબાર દાદા ખાચરે ભક્તિબાગની જમીન કૃષ્ણાર્પણ કરી. તે વખતે ત્યાં વલ્લભીપુર નરેશ હરભમસિંહજી આવ્યા હતા. તેમણે પણ શ્રીહરિનાં ચરણમાં ભૂમિ અર્પણ કરી. ૮. દરબાર જીવા ખાચરે પણ આ પ્રસંગે ઉમંગથી ભૂમિ અર્પણ કરી. આ ભૂમિદાનનું પુણ્ય જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર રહે ત્યાં સુધીનું ગણાય છે. ૯. આ ભૂમિની આવકમાંથી મંદિરમાં પધરાવેલા દેવને નૈવેદ્ય ધરાશે અને તેનાથી દાન કરનારને અક્ષય પુણ્ય મળશે. એટલે આ સ્થળે જેણે જમીનનું દાન કર્યું તેને ઘણું જ પુણ્ય થાય છે. ૧૦.

મુક્તાનંદ સ્વામી કહે છે કે, દરબાર સાંભળો, આ બધા હરિભક્તોએ મળીને શ્રીહરિની આગળ કાંઈક વિશેષ ભેટ અર્પણ કરી. સોરઠ અને ગુજરાતના હરિભક્તો ત્યાં ઘણા જ આવ્યા હતા. ૧૧. કાઠી દરબારો, રાજપૂત, ક્ષત્રિય રાજાઓ અને વૈશ્યનો ઘણો સમાજ, એ બધા આવ્યા હતા. તે સહુએ સારાં વસ્ત્ર, ભારે ઘરેણાં અને અશ્વ વગેરે ભેટ અર્પણ કર્યાં. ૧૨. ત્યાં ચારે વર્ણના મનુષ્યો આવ્યા હતા. સહુએ પોતાની શક્તિ પ્રમાણે ભેટ આપી. જેની થોડી શક્તિ હોય તેમણે પણ શ્રીહરિને શુભ હાર અર્પણ કર્યા. ૧૩. પછી શ્રીહરિ ઘેલા નદીના પુરુષોત્તમઘાટમાં સ્નાન કરવા પધાર્યા. ભક્તજનોનો બધો સમાજ સાથે હતો. શ્રીહરિએ જ્યારે સ્નાન કર્યું ત્યારે વિપ્રવર્યોએ વેદમંત્રનું ઉચ્ચારણ કર્યું. ૧૪.

તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં અને ભક્તજનો જય જયકાર કરતા હતા. પછી સહુએ કુટુંબ પરિવારે સહિત અવભૃથ સ્નાન કર્યું. ૧૫. પછી શ્રીહરિ મંદિરમાં આવ્યા અને ત્યાં સુખદાયક સભા કરી. પછી બ્રાહ્મણોને એવાં શ્રેષ્ઠ દાન આપ્યાં કે એવાં દાન રાજાઓ પણ ન આપી શકે. ૧૬. બધા જ વિપ્રોના હૃદયમાં ખૂબ ખૂબ હર્ષ થયો. તેમણે વૈદિક મંત્ર બોલી-બોલીને ઘણા આશીર્વાદ આપ્યા. ૧૭. પછી આસો સુદ પૂનમ સુધી બધા બ્રાહ્મણો ગઢપુરમાં જ રહ્યા, અને શ્રીહરિએ તે સહુને અદ્‌ભુત

રીતે અત્યંત ભાવથી જમાડ્યા. ૧૮. તે સમયે બધા સંતો જમ્યા અને ચારે વર્ણના બધા જ મનુષ્યો પણ જમ્યા. મહાપ્રભુએ એવી કૃપા કરી કે નવનિધિ અને અદ્ભુત અષ્ટસિદ્ધિ ત્યાં આવીને રહી હતી. ૧૯. તે સભામાં રહીને શ્રીહરિએ બધા ભક્તજનોને રાજી થઈને કહ્યું કે, "આ ધામનું જેવું માહાત્મ્ય છે તેવું બીજા કોઈ ધામનું નથી. ૨૦.

આ ગઢપુરધામ અક્ષરધામને તુલ્ય છે. આમ કહેવામાં રંચમાત્ર પણ ભૂલ નથી. જીવુબા આદિ અક્ષરધામના જે મુક્તો છે તેઓએ આ ગઢપુરધામમાં અવતાર લીધો છે." શ્રીહરિએ ત્યાં આ રીતે સહુને કહ્યું. પછી સમૈયો બધો પૂરો કર્યો ત્યારે સહુને જવાની આજ્ઞા કરી. ૨૧-૨૨. સમૈયામાં જે જે ભક્તજનો આવ્યા હતા તે બધાને પોતપોતાને ગામ જવાની વિદાય આપી. પછી પ્રભુ પોતે પણ દિલમાં બહાર જવાની રુચિ લાવીને **કારિયાણી** પધાર્યા. ૨૩. થોડા દિવસ ત્યાં એકાંતમાં રહ્યા અને દિવાળી ઉપર પાછા **ગઢપુર** આવ્યા. ગઢપુર આવીને શ્રીહરિ સીધા જ મંદિર ઉપર ભગવાનનાં દર્શન કરવા ગયા. ૨૪.

⁂ શ્રીહરિએ દેવદર્શન સમયે સર્વકારણપણું બતાવ્યું :

શ્રીઘનશ્યામ પ્રભુએ દૃષ્ટિ સ્થિર કરીને શ્રીગોપીનાથજીની મૂર્તિ સામે જોયું. એટલામાં તો બધા જ ભક્તોના દેખતા ગોપીનાથજી મહારાજ શ્રીહરિના સ્વરૂપમાં પ્રવેશ કરીને લીન થઈ ગયા. પછી શ્રીહરિએ વચલા ખંડથી પશ્ચિમ તરફ ધર્મ, ભક્તિ અને વાસુદેવ છે તેનાં જ્યારે દર્શન કર્યાં, ત્યારે તે દેવો પણ સહુના દેખતા શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ ગયા. ૨૫-૨૭. તે રીતે જ પૂર્વ તરફના મંદિરમાં રહેલા સૂર્યનારાયણ પણ શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ ગયા. શ્રીહરિનો આવો પ્રતાપ સહુએ પોતાની આંખોથી દેખ્યો. ૨૮. **શ્રીગોપીનાથજી મહારાજ તથા મંદિરમાં બીજા જે અન્ય દેવ છે તે બધા ભક્તોના દેખતા જ શ્રીહરિના સ્વરૂપમાં લીન થઈ ગયા.** ૨૯. **તેનાથી સહુના અંતરમાં પૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે, 'સર્વ અવતારનું જે કારણ છે તે આ સ્વામિનારાયણ ભગવાન પોતે જ છે' એવી સહુને અતિશય સાચી નિષ્ઠા થઈ.** ૩૦. **આવા ઘનશ્યામ શ્રીહરિ સર્વોપરિ છે અને તે સુખધામ**

પ્રભુ આપણને પ્રગટ મળ્યા છે. જે અક્ષરધામના અધિપતિ છે તે અત્યારે આપણા ઉપાસ્ય પરમેશ્વર થયા છે. ૩૧. તેથી અમારું અપાર ભાગ્ય છે. અમારાં ભાગ્યનો પાર તો ભવ, બ્રહ્માદિક કોઈ લઈ શકે નહિ; એવું સહુ હરિભક્તોએ માન્યું અને આવા ભગવાનને પામીને બધા હરિભક્તો ખુશ થયા. ૩૨.

જ્યારે શ્રીહરિ ગઢપુરમાં રહેતા હતા ત્યારે બધા જ ગઢપુરવાસી બધી રીતે સુખી હતા. જ્યારે સંવત ૧૮૮૫નો કાર્તિકી એકાદશીનો સમૈયો આવ્યો ત્યારે સારો ઉત્સવ થયો. ૩૩. સહુ બાઈ-ભાઈ હરિભક્તોએ તેમાં સેવા કરી અને સુખદાયક શ્રીહરિ તેમના ઉપર રાજી થયા. તે સમયમાં એક વાત બની તેનું હું વર્ણન કરીને કહું છું. ૩૪. તે વાત સત્સંગિજીવનની છે એટલે હું તેની કથા કહું છું. શ્રીગોપીનાથજી મહારાજની જ્યારે પ્રતિષ્ઠા કરી એ અવસરમાં શતાનંદ મુનિએ અતિ ઉત્સાહથી સત્સંગિજીવન ગ્રંથની રચના કરી હતી, તે શ્રીહરિની પાસે લાવ્યા. તેને દેખીને અવતારી શ્રીહરિ સ્વામી ઉપર ખૂબ પ્રસન્ન થયા. ૩૫-૩૬. નાનાથી મોટા સુધી બધા જીવાત્માઓને માટે, સહુનું કલ્યાણ થાય એવો વિચાર કરીને શ્રીહરિએ આ ગ્રંથ રચાવ્યો હતો. ૩૭. પૂર્વે જે જે અવતારો થઈ ગયા હતા અને જે બીજા બધા સંપ્રદાય છે, તે સહુને ધ્યાનમાં રાખીને આ ગ્રંથ લખાવ્યો હતો. ૩૮. આ ગ્રંથ લખતી વખતે શ્રીસહજાનંદ સ્વામીએ સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદ સ્વામીના નિશ્ચયની પરીક્ષા કરી હતી. ૩૯. પરીક્ષક શ્રીહરિએ પરીક્ષાર્થી નિત્યાનંદ સ્વામીની પરીક્ષા કરી. આ અંગે ઉપાસ્ય, ઉપાસક અને ઉપાસનાની વાત હવે તમે સાંભળો. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ભક્તોએ દેવને ભેટ અર્પણ કરી તથા શ્રીહરિએ દેવનો મહિમા કહ્યો" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૦

ગ્રંથ લખવાને પ્રસંગે નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિની સર્વોપરિતા કહી

દાદા ખાચર બોલ્યા કે, ‘આપ મુનિવર સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી મારા સુખદાયી ગુરુ છો. આપના મુખથી કથામૃત સાંભળતા મને ખૂબ આનંદ થાય છે. ૧. માટે શ્રીમત્સત્સંગિજીવનની આપે જે વાત કહી અને તેમાં નિત્યાનંદ સ્વામીની જે પરીક્ષા થઈ, તે વાત મને આપ સંપૂર્ણપણે કહો. ૨. હે મુનિવર ! સુખકારી, સર્વોપરિ, સર્વાવતારી શ્રીહરિવરની આ અનુપમ કથા હવે આપ મને સત્વરે કહો.’ ૩. દરબાર દાદા ખાચરની વાત સાંભળીને મુક્તાનંદ મુનિ કહે છે, હે નૃપ ! નિત્યાનંદ સ્વામીની કથા હવે તમે સારી રીતે સાંભળો. ૪. અનંત જીવોનાં કલ્યાણ કરવા માટે જ અક્ષરાધિપતિ મહારાજાધિરાજ મહારાજ આ ભૂમિ ઉપર પ્રગટ થયા હતા, અને તેમણે પોતાના સંકલ્પ મુજબ કરોડો જીવોનું કલ્યાણ કર્યું હતું. ૫. એવા સમર્થ શ્રીહરિએ એક દિવસ વિચાર કર્યો હતો કે, ‘જ્યારે હું સ્વધામ પધારીશ ત્યારે જે ભક્તજન મારે આધારે સુખી છે, તે બધા નિરાધાર થઈ જશે. ૬.

વળી ભવિષ્યમાં થનારા મુમુક્ષુ જીવોને પણ મારે કાંઈક અવલંબન આપવું જોઈએ.’ આ રીતે એકાંતમાં બેસીને શ્રીહરિએ મુમુક્ષુ જીવોનાં જન્મ-મરણ સંબંધી દુઃખોનો નાશ કરવા માટે ઉપાય કર્યો. ૭. શ્રીહરિને તેના માટે ત્રણ વિચાર દૃષ્ટિગોચર થયા, તે હવે હું તમને કહું છું. તેમાં એક તો મંત્રદીક્ષાની પરંપરા, બીજો વિચાર મંદિર કરાવી મૂર્તિઓ પધરાવવી, અને ત્રીજી બાબત શાસ્ત્રોની રચના કરાવવી. પછી શ્રીહરિએ આ ત્રણ ઉપાય પ્રસિદ્ધ કર્યા. તેમાંનો એક ઉપાય સર્વાવતારી શ્રીહરિએ સારી રીતે ઘણાં શાસ્ત્રોની રચના કરાવી. ૮-૯. વેદરસ અને વચનામૃતાદિક ઘણાં અમૃતરૂપ શાસ્ત્ર આપ્યાં. પરંતુ સત્સંગિજીવન ગ્રંથ તો સહુના જીવનપ્રાણરૂપ કરાવ્યો. ૧૦. આ રહસ્યમય જે કથા છે તેને હું હસ્તપ્રતને અનુસારે લખું છું. તે સાંભળીને બધાને આનંદ થશે અને શ્રીહરિ પણ અતિશય પ્રસન્ન થશે. ૧૧. જ્યારે સત્સંગિજીવન ગ્રંથ લખવાની શરૂઆત કરી ત્યારે ઉપાસનાની વાત આવી. તેમાં કાંઈક વિવાદ થયો. પછી તે વાત શ્રીહરિની પાસે ગઈ. ૧૨.

પછી તે સમયે શ્રીહરિએ જેને પોતાના સ્વરૂપમાં અત્યંત પ્રેમ હતો એવા મોટા મોટા જે જે સંતો હતા તેને પાસે બોલાવ્યા, અને સહુને પૂછ્યું કે, "સત્સંગિજીવન ગ્રંથની રચના કરવી છે તેમાં અમને કેવા લખવા ? તે તમે બધા સંતો મને કહો." ત્યારે કેટલાક સંતોએ જેને જેવી પોતાની રુચિ હતી તે પ્રમાણે કહ્યું, "હે નાથ ! જેમાં સહુનું સારું થાય એ પ્રમાણે તે ગ્રંથમાં તમે લખાવો. આપ તો સર્વોપરિ છો, આપને અમે વધુ શું બતાવીએ ? માટે આપને જેમ રુચે તેમ લખાવો." ૧૩-૧૫. ત્યારે કેટલાક સંતોએ એમ કહ્યું કે, "બીજા જે અવતાર છે તેને તુલ્ય શ્રીજીમહારાજને લખો તો સહુનું સારું થશે." ૧૬. વળી કેટલાક સંતોએ ખાસ એવું કહ્યું કે, "જે વાત શાસ્ત્રોમાં મળતી આવે તેવી હોય તેનાથી જ સહુને સમાસ થાય." ૧૭. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, "બીજા જે અવતારો છે તેના જેવા શ્રીહરિને લગાર પણ કેમ કહેવાય ? ૧૮.

હે સંતો ! હવે તમે બતાવો કે, બીજા જે અવતારો છે તેણે પોતાના સ્વરૂપમાં ચોવીશ અવતારને ક્યારે લીન કર્યા છે ? ૧૯. અને આ શ્રીહરિએ તો બધા જ અવતારોને પોતાના સ્વરૂપમાં લીન કર્યા છે, અને ભૂમાપુરુષ આદિ બીજા અપારને પણ પોતામાં લીન કર્યા છે. ૨૦. એવા એવા અપાર અવતારો અને ઈશ્વરોને ઘણી વાર પોતાના સ્વરૂપમાં લીન કરી બતાવ્યા છે. અને તે રીતે ઘણી વાર તે અવતારો મહારાજની પૂજા કરતા હોય તેમ પણ બતાવ્યું છે. ૨૧. શ્રીજીમહારાજે વ્યાપકાનંદ સ્વામીને પોતાના સ્વરૂપનો સર્વોપરિ, સુખરૂપ અને શુદ્ધ નિશ્ચય કરાવવા માટે તેમના દેખતા જ પોતાના સ્વરૂપમાં બીજા અપાર અવતારો લીન કરી બતાવ્યા હતા. વળી, શ્રીહરિ માંગરોળ આદિક જે જે ગામમાં પધાર્યા, ત્યારે ત્યાં અન્ય અવતારોના જે જે ઉપાસકો હતા તે શ્રીજીમહારાજના દર્શન કરવા જ્યારે આવતા, ત્યારે શ્રીહરિ તેને ધ્યાનમાં બેસાડતા. ૨૨-૨૪.

चोपाई :

अपने अपने इष्टदेवका, दर्शन कराते थे हरि उनका;
और वे उनके इष्टदेवही, अपने अपने भक्त कु एवही...२५

कहते थे कि यह सहजानंदा, सब अवतारों के मूलकंदा;
अवतारी पूर्ण पुरुषोत्तमही, है ये सबसे अति उत्तमही...२६

दोहा : अरु हम उनके दास है, वो हि हमारे नाथ;
हमारे कारन जानके, सेवना रहके साथ...२७

પછી શ્રીહરિ તે સહુને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા હતા. અને તે તેમના ઈષ્ટદેવ જ પોતપોતાના ભક્તને કહેતા હતા કે, 'આ સહજાનંદ સ્વામી છે એ જ સર્વે અવતારોનું મૂળકારણ છે, એ જ પૂર્ણપુરુષોત્તમ શ્રીહરિ સર્વ અવતારના અવતારી છે અને સહુથી અતિ ઉત્તમ છે. ૨૫-૨૬. અને અમે બધા તો એના દાસ છીએ. તે જ અમારા નાથ-સ્વામી છે. માટે હવેથી તેમને અમારા સહુના કારણ જાણીને તેમની સાથે રહી તેમની જ સેવા-ભક્તિ કરવી.' ૨૭. એવા બીજા પણ અનંત આશ્ચર્યકારી ચમત્કાર દેખાડ્યા છે. શ્રીહરિએ એ રીતે પોતાનું અપરંપાર સર્વોપરિ ઐશ્વર્ય બતાવ્યું છે. ૨૮.

सोरठा : ऐसे जो अक्षरातीत, श्रीसहजानंद स्वामी वे;
अवतारि सो पुनीत, राम कृष्ण वराहादिक...२९
वे सब है अवतार, उन सब के अवतारी ये;
उनको दूजे अवतार, जैसे कैसे कहा जाये...३०

એવા પરમ પવિત્ર અક્ષરાતીત જે શ્રીસહજાનંદ સ્વામી છે તે તો સર્વે અવતારના અવતારી છે. અને જે રામ, કૃષ્ણ તથા વરાહાદિક છે તે સર્વે તો તેમના અવતાર છે. માટે સર્વે અવતારના અવતારી શ્રીહરિને બીજા અવતાર જેવા કેમ કહી શકાય ? ૨૯-૩૦. અને હે સંતો ! જો શ્રીહરિને બીજા અવતાર જેવા કહેશો તો શ્રીહરિના જે મહાઅદ્‌ભુત અને અનંત ઐશ્વર્ય છે તે બધાં ખોટાં-વ્યર્થ થઈ જશે." ૩૧. ત્યારે નિત્યાનંદ સ્વામીની આવી વાત સાંભળીને કેટલાક સંતોએ કહ્યું કે, "હે મહારાજ ! અત્યારે આપ જેવા છો તેવા સર્વ અવતારના અવતારી મહારાજાધિરાજપણે તમને સત્સંગિજીવનમાં લખાવો." ૩૨. આ રીતે બધા સંતોએ જેને જેમ ઠીક લાગ્યું તેણે તેમ કહ્યું. ત્યારે શ્રીહરિવર બોલ્યા, "હે સંતો ! તમારો જે અભિપ્રાય છે તેને અમે જાણી લીધો. હવે અમારું દિલ જેમ કહેશે તે રીતે અમે કરીશું." ૩૩-૩૪.

પછી શ્રીહરિએ સભા પૂરી કરી અને સહુ પોતપોતાને સ્થાનકે ગયા. તેના પછી થોડીક ક્ષણો ગઈ ત્યારે નિત્યાનંદ સ્વામી શ્રીહરિની પાસે આવ્યા. ૩૫. તેમણે કહ્યું કે, "હે મહારાજ ! આપે આજ સભામાં કહ્યું કે, 'અમારું દિલ જેમ કહેશે તે રીતે અમે કરશું;' એમાં મને થોડી જાણવાની ઇચ્છા છે કે, આપને ઠીક કેમ લાગે છે ?" ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું કે, "અમને શ્રીકૃષ્ણ જેવા લખાવવા. ૩૬-૩૭. એવી અમારી ઇચ્છા છે. તે વાત મેં તમારી પાસે કહી." ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, "મહારાજ ! મારે આટલું જ જાણવાનું હતું. ૩૮. હે મહારાજ ! જ્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મોટા મોટા સંતોને આ ખબર પડશે, ત્યારે તે બધા આપની આ વાતમાં હા નહિ કહે. ૩૯-૪૦. કેમ જે, જે મોટા મોટા સંતો છે તે બધા આપને એમ જાણે છે કે, જે સર્વોપરિ ભગવાન છે તે જ અક્ષરમુક્તોએ સહિત અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરવા માટે પહેલી વાર જ આ ભૂમિ ઉપર આવ્યા છે; એમ તે સહુ આપને જાણે છે, માટે આપની આ વાતમાં તેઓ સંમત નહિ થાય." ૪૧-૪૨.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગ્રંથ લખવાને પ્રસંગે નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિની સર્વોપરિતા કહી" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૧

શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની નિષ્ઠાની પરીક્ષા લીધી

પછી શ્રીહરિએ કહ્યું કે, "તમે કેવી વાતમાં સંમત છો ?" ત્યારે નિત્યાનંદ સ્વામીએ દૃઢતાપૂર્વક નિષ્ઠાથી કહ્યું, "આપ તો સહુથી પર છો, સર્વ અવતારોના ધારક છો. સર્વના નિયંતા, સર્વના સુખદાતા અને સર્વના પ્રકાશક છો. ૧-૨.

सोरठा : अवतारी कारन, सब अवतार के आप हो;
स्वामिनारायन, परात्पर श्रीपुरुषोत्तम...०३

सबके धारक एक, नेता कोटि ब्रह्मांड के;
आप आधीन अनेक, अक्षर काल माया पुरुष...०४

અવતારી એવા આપ સર્વે અવતારોનું કારણ છો. આપ પર થકી પણ પર પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન છો. ૩. સર્વના ધારક તથા કરોડો બ્રહ્માંડના નેતા એક આપ જ છો. અક્ષર, કાળ, માયા અને મહાપુરુષ, જેવા અનેક આપને આધીન છે. ૪. માટે અદ્વિતીય એવા આપ જેવા છો તેવા સર્વોપરિપણે પોતાને વિવેકથી લખાવો. હે પ્રિયતમ ! તો જ હું તેમાં સંમત છું. હું આપને હાથ જોડીને સ્પષ્ટ કહું છું." ૫. ત્યારે શ્રીજીમહારાજે મોટેરા સંતોને બોલાવ્યા. તેમાં ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો આવ્યા. ૬.

ત્યારે શ્રીહરિએ તેમને ઉપરની બધી વાત કહી. પછી ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, "બહુનામી હે મહારાજ ! હે હરિ ! આપ અક્ષરધામમાંથી જે સંકલ્પ કરીને પધાર્યા છો, તેવી જ રીતે સત્સંગિજીવન ગ્રંથમાં લખાવો અને કૃપા કરીને સહુને સમજાવો. ૭-૮. તો જ અનંત જીવોને સમાસ થાશે અથાર્ત્ આપના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થશે, એમ હું સારી રીતે માનું છું. હે મહારાજ ! આપને બીજા અવતારો જેવા લખવાથી આપનો જેવો દિવ્ય અલૌકિક મહિમા છે એવો કોઈ સુખેથી સમજી શકશે નહીં. તો હે નાથ ! આપ એવું કેમ લખાવો છો ? માટે કૃપા કરીને નિત્યાનંદ સ્વામી જેમ કહે છે તેમ આપ 'સર્વોપરિ શ્રીહરિ છો' તેવું લખાવો. ૯-૧૧.

ગ્રંથમાં લખાવશો તો જ લોકોને સમજમાં આવશે, અન્યથા કોઈ સમજી નહિ શકે. જો આવા ગ્રંથમાં જેવું છે તેવું આપનું સર્વોપરિપણાનું જ્ઞાન નહિ લખ્યું હોય, તો આપની શુદ્ધ સર્વોપરિ ઉપાસના ગમે તેવા બુદ્ધિશાળી હોય, તોપણ તેને કઈ રીતે સમજવામાં આવશે ?" ૧૨-૧૩. પછી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, **"મહારાજ ! મારી વાત પ્રેમથી સાંભળો. શું રાજાને ચાકરની ઉપમા આપવી તે શોભે ? ૧૪. શું ચંદ્રમાને તારાની ઉપમા આપવી તે યોગ્ય છે ? તે તો અયોગ્ય જ છે."** ત્યારે શ્રીહરિ કહે, "હવે તમે રાખો. તમારો મત અમે સાંભળ્યો, હવે અમારી જેમ મરજી હશે તેમ જ કરીશું." આમ કહીને મહારાજ કાંઈ બોલ્યા નહીં. ૧૫-૧૬.

✵ બીજે દિવસ પણ સભામાં ચર્ચા થઈ :

પછી શ્રીહરિએ બીજે દિવસે બધા સંતોને સભામાં બોલાવ્યા અને કહ્યું કે, "સત્સંગિજીવન ગ્રંથમાં અમને શ્રીકૃષ્ણ સમાન લખાવવાની અમારી ઈચ્છા છે." આવી વાત જ્યારે ઉચ્ચારી તે વખતે પણ નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, "હે હરિ ! આપને અવતાર જેવા લખવાની આ સભામાં કોઈ પણ હા કહેશે નહીં." ત્યારે મહારાજે કહ્યું, "સભાની વાત પછી કરો. પરંતુ તમે શું કહો છો ? હા કહો છો કે ના કહો છો ?" ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું, **"મહારાજ ! એ વાત તો નહિ બને. ૧૭-૨૦. કારણ કે, ચક્રવર્તી રાજાને કર આપનાર ખંડિયા રાજાની ઉપમા ક્યારેય પણ આપી શકાતી નથી, અને તેવી ઉપમા ચક્રવર્તી સમ્રાટને ક્યારેય શોભતી પણ નથી.** ૨૧. જો તેમ જ લખાશે તો જીવાત્માઓ આપની સર્વોપરિતા અને દિવ્ય મહિમાને કઈ રીતે સમજી શકશે ? ૨૨. એટલા માટે હું આપને અન્ય અવતાર જેવા લખવાની ના કહું છું."

પછી શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે, "આ નિત્યાનંદ સ્વામી અમારી વાત માનતા નથી. ૨૩. તે અમારાથી વિરુદ્ધ થયા છે, જો તમે સહુ મારા પક્ષમાં રહો તો ગ્રંથમાં મેં કહ્યું તેમ લખાય." ત્યારે કેટલાક સંતો બોલ્યા, "હે મહારાજ ! અમે તો આપને માટે જ આ માથા મૂંડાવ્યા છે, એટલા માટે અખંડ આપના જ પક્ષમાં રહીશું. આપ જે રીતે લખાવશો એમાં અમે આપના પ્રતાપથી ખુશી રહીશું." ૨૪-૨૬. પછી શ્રીજીમહારાજ શયન માટે પોતાને ઉતારે આવ્યા.

પછી ભક્તરાજ ડુંગરને અડધી રાતે મોકલીને મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા. તેઓ આવ્યા ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને એમ કહ્યું, "નિત્યાનંદ સ્વામી અમારી વાત માનતા નથી તો આ વખતે અમારે શું કરવું ?" ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું, "જેમ આપની મરજી હોય તેમ કરો." ૨૭-૨૯. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ ધીમા અવાજે મુક્તાનંદ મુનિને કહ્યું કે, "નિત્યાનંદ સ્વામી જેમ કહે છે તેમ લખાવવાનું તમે પણ કહો." ૩૦.

ત્યારે મુક્તાનંદ સ્વામી કહે કે, “હું સાચું કહું છું કે નિત્યાનંદ સ્વામી જેમ કહે છે તેમ હું કહી શકીશ નહીં. તમારે કહેવું હોય તો કહો.” ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે, “મને જો પૂછે તો તો હું તેમ જ કહીશ કે નિત્યાનંદ સ્વામી કહે છે તેમ કરો.”

ત્યારે તે ધીમેથી થતી વાતોને સાંભળીને શ્રીહરિએ તે બંનેને કહ્યું, “તમને હું એટલું જ પૂછું છું કે તમે બંને અમારા પક્ષમાં છો કે નહીં ?” ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, **“નિત્યાનંદ સ્વામી સાચી વાત કહે છે. તેથી મારો આત્મા તો સ્વામીના પક્ષમાં છે, પરંતુ આ દેહ આપના પક્ષમાં મારે રાખવો પડશે. નહિંતર આપને ઠીક નહિ લાગે.”** ૩૧-૩૪. ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, “અમારે તો દેહનું કામ છે. તમે બંને તમારો આત્મા નિત્યાનંદ સ્વામીના પક્ષમાં જ ભલે રાખો.” ૩૫.

પછી તે બંને સદ્‌ગુરુ શ્રીહરિને વંદન કરીને પોતાને આસને ગયા. પછી સવારે નિત્યવિધિ કરીને શ્રીહરિએ બધા સંતોને કહ્યું કે, “સહુને બોલાવીને સભા કરો.” ત્યારે મોટી સભા ભરાણી. પછી શ્રીહરિએ સભામાં કહ્યું કે, “બધા સંતો સાંભળો, જે ખાસ કરીને અમારાં વચનમાં રહેવા ચાહતા હોય તે ઊઠો અને આવીને અહીં અમારી પાસે બેસો. ૩૬-૩૮. અને જે નિત્યાનંદ સ્વામીના પક્ષમાં રહેવા ચાહતા હોય તે સ્વેચ્છાથી ઊઠીને તેમની પાસે જઈને બેસે. ૩૯. આ બાબતમાં કોઈએ અમારી મહોબત રાખવી નહીં. ખરેખર હું સાચું કહું છું, માટે કોઈએ ખોટું માનવું નહીં.” ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની નિષ્ઠાની પરીક્ષા લીધી” એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૨

શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની નિષ્ઠાની પરીક્ષા લીધી

શ્રીહરિનાં આગળ કહ્યાં એવાં વચન સાંભળીને સંતો એકબીજા સામે જોવા લાગ્યા. પછી સહુ સંતો ઊઠીને શ્રીહરિની પાસે બેસી ગયા. ૧. તેથી નિત્યાનંદ સ્વામી તો એકલા રહી ગયા. ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું કે, "સ્વામી ! તમે જુઓ, હવે શું તમારું કાંઈ ચાલવાનું છે ? તમે તો એકલા થઈ ગયા છો એટલા માટે હજી તમે અમારું માનો. ૨-૩. અમે જે રીતે લખાવીએ તેમાં આપ હા કહો." ત્યારે સદાય શ્રીહરિની મરજીને જાણનારા નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, "હે મહારાજ ! ભલે, હું એકલો થઈ ગયો હોઉં, વળી આપ ભલે ગમે તેમ કરો છતાં હું તો આપને જેવા છો તેવા લખવાના મતમાં જ છું. ૪-૫. મારે આપનું જે વચન છે તે લોપવું નથી, પરંતુ આપનો જેવો મહિમા છે અને જેવું સામર્થ્ય છે તેને હું સારી રીતે જાણું છું; એટલા માટે આપને કહું છું કે, 'બીજા બધા અવતાર જેવા જ ગ્રંથમાં આપને લખવાનું કહો તો તે મારાથી લેશમાત્ર પણ મનાશે નહીં. માટે હે પરમેશ્વર ! હવે હું શું કરું ?" (સ્વામીના વચનમાં સચ્ચાઈનો સૂર હતો.) પછી શ્રીહરિએ ઠપકો આપીને તેમને કહ્યું કે, "શું તમે સૌથી મોટા થઈ ગયા છો ? ૬-૮. જુઓ આ બધા હું જે વચન કહું છું તે રીતે જ તે વચનને માને છે. પરંતુ તમે મારાં વચનને સાચાં માનતા નથી તે તમારે માટે ઠીક ન કહેવાય." ૯.

પછી નિત્યાનંદ સ્વામી હાથ જોડીને કહેવા લાગ્યા કે, "મારા નાથ ! તમે સાંભળો, આપ જે કહો છો તે સાચું છે પરંતુ હું પોતે પોતાને વશ રહ્યો નથી. ૧૦. આપનો મહિમા કહેવા જતાં જો મને અત્યંત દુઃખ આવે તો તે દુઃખને હું સહન કરી લઈશ, ચાહે હું જીવતો રહું કે મરણ પામું. ૧૧. પરંતુ હું આપને અવતાર જેવા કહેવાની વાતને સહન કરી શકતો નથી. કેમ જે, મેં આપને ક્યારેય અન્ય અવતાર સમાન જાણ્યા જ નથી. ૧૨. **અન્ય અવતારોની સાથે આપની તુલના કેમ થઈ શકે ? કેમ જે, આપનાં ચરિત્રોની સમાન બીજા કોઈ અવતારોનાં ચરિત્રો છે નહીં." (માટે હું અવતારોની સમાન આપનું નિરૂપણ કેમ થવા દઉં ?)** ૧૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, "અત્યારે તો

આ નિત્યાનંદ સ્વામી આવેગમાં છે, તેથી અમારી વાતને નહિ માને. પરંતુ આગળ જતા તેને સમજાશે." ૧૪. આમ બોલીને શ્રીજીમહારાજે સભાનું વિસર્જન કર્યું. ત્યારે સહુ એકસાથે ઊઠીને પોતપોતાને આસને ગયા. ૧૫. પછી બીજે દિવસ શ્રીહરિએ દીનાનાથ ભટ્ટને બોલાવ્યા. તેને પોતાને આધીન રાખીને ગ્રંથ લખવાની શરૂઆત કરાવી. ૧૬.

જ્યારે નિત્યાનંદ સ્વામીએ આ બધું જાણ્યું ત્યારે તે છાની રીતે ભટ્ટજીની પાસે ગયા, અને ભટ્ટજીની પાસે જઈને તેનાં લખેલાં પાનાં માગ્યાં. ૧૭. પછી તેને વાંચીને સ્વામીએ તે પાનાંને ફાડી નાખ્યાં અને તેમને કહ્યું કે, "આમ કેમ લખો છો ?" ત્યારે દીનાનાથ ભટ્ટે કહ્યું કે, "સ્વામી ! આમાં હું શું કરું ? ૧૮. મહારાજ શાસ્ત્રને અનુસારે સુખકારી ગ્રંથ લખાવે છે, તેમ હું લખું છું. પરંતુ અત્યારે તમે મારી સર્વ મહેનત ઉપર પાણી ફેરવી દીધું છે. ૧૯. હે સ્વામીજી ! હવે મહારાજ મને વઢશે ત્યારે મારે શું કરવું ?" ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, "મહારાજને તમારે એમ કહેવું કે, આ રીતે લખવાની નિત્યાનંદ સ્વામી મને ના કહે છે." પછી ભટ્ટજીએ તરત શ્રીહરિ પાસે જઈને જે વાત બની તે સંભળાવી, અને અંતમાં ઉમેરતાં ભટ્ટજીએ મહારાજને કહ્યું કે, "નિત્યાનંદ સ્વામીને આ રીતે શાસ્ત્ર લખવાની જરાય ઇચ્છા-મરજી નથી. ૨૦-૨૨. એટલા માટે મને લખવામાં મજા નહિ આવે પરંતુ સજા લાગશે. માટે હે મહારાજ ! અત્યારે આવું લખવાનું રહેવા દો." ૨૩.

પછી મહારાજે શુકાનંદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું કે, "તમે મારું નામ લઈને નિત્યાનંદ સ્વામીને કહો કે, 'તમે ગ્રંથ લખવામાં વિઘ્ન કેમ કરો છો ? ૨૪. તમે ભટ્ટજીએ લખેલાં પાનાં શા માટે ફાડી નાખ્યાં ? અને ભટ્ટજીને ગ્રંથ લખવાની ના કેમ કહો છો ? શું તમે સત્સંગના ધણી છો ? સત્સંગના ધણી તો અમે છીએ. માટે અમને જે ઠીક લાગશે તે રીતે અમે કરીશું, તેમાં તમારે કાંઈ વિઘ્ન કરવું નહીં.' તમે એકદમ જઈને તેમને આવું કહી દ્યો." ૨૫-૨૬. ત્યારે શુક મુનિએ નિત્યાનંદ સ્વામી પાસે જઈને શ્રીહરિનો તે સંદેશો કહી સંભળાવ્યો. આ સાંભળીને નિત્યાનંદ સ્વામી શુક મુનિને કહેવા લાગ્યા, 'તમે તો સમજદાર છો, મહારાજની પાસે રહીને તમે વારંવાર અપાર પ્રતાપ દેખ્યો છે. ૨૭-૨૮. તમે તો શ્રીહરિનો જમણો હાથ

છો, તમે આ કેમ જોઈ શકો છો ? શ્રીહરિને બીજા અવતાર જેવા તેમનો જમણો હાથ કઈ રીતે લખી શકે ? ૨૯. જમણો હાથ સહુથી નજીક છે અને તે આવું લખવા દે, તે ઠીક નથી. શ્રીહરિ તો મારે માટે પણ જીવનપ્રાણ છે, હે શુક મુનિ ! તેને આપ જાણો જ છો. ૩૦. પ્રાણની રક્ષા કરવી તે મારો ધર્મ છે; એમ હું સમજું છું અને એટલા માટે જ આ બધું કરું છું. હું તો તમને મદદ માટે કહું છું કે, તમે જ શ્રીહરિને વિનંતી કરીને કહો કે, મહારાજ જેવા છે તેવા તેમને ગ્રંથમાં લખવા દે. અને જો મને સંમતિ આપે તો હું તે રીતે સર્વોપરી લખવા તૈયાર છું.' ૩૧-૩૨.

પછી શુક સ્વામી શ્રીહરિની પાસે આવ્યા અને આ બધી વાત કહી. છતાં પણ શ્રીજીમહારાજે પોતાની વાતમાં કોઈ જાતની મચક દીધી નહીં. ૩૩. આ રીતે શ્રીહરિએ સ્વેચ્છિક રીતે સાત દિવસ સુધી નિત્યાનંદ સ્વામીને કસવા માટે અને સમજાવવા માટે ઘણા ઘણા પ્રયત્ન કર્યા. ૩૪. છતાં પણ નિત્યાનંદ સ્વામી લેશમાત્ર ડગ્યા નહીં. જેવા હતા તેવા જ અડગપણે રહ્યા. પછી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની ઘણી કઠણ પરીક્ષા લેવા માટે ભગુજીને આજ્ઞા કરી કે, 'હું તમને કહું છું કે અમારે નિત્યાનંદ સ્વામીનું કાંઈ કામ નથી. કેમ જે, તે હવે અમારું કાંઈ માનતા નથી અને અમારા કામમાં વિઘ્ન કરે છે. ૩૫-૩૬. એટલા માટે ભગુજી, તમે જઈ તેમને વિકટ જંગલમાં મૂકી આવો. જેથી તેઓ પાછા જ ન આવે અને તેમનું નામ રદ થઈ જાય.' ૩૭. આ સમયે લોયા ધામના દરબાર સુરા ખાચર શ્રીહરિની પાસે બેઠા હતા. તેમણે વિચારીને એક ઉપાય કર્યો. ૩૮. સુરા ખાચર તરત જ ઊભા થઈ ગયા અને શ્રીહરિને કહેવા લાગ્યા, "હે દુઃખહર શ્રીહરિ ! આપ મારી વાત સાંભળો, આ પાર્ષદ તો અજાણ્યા છે. (માટે આ કામ એનાથી નહિ થાય.) ૩૯. માટે હે મહારાજ ! હું મારા નોકરોને મોકલું છું. તેઓ સ્વામીને અશ્વ ઉપર બેસાડીને દૂર લઈ જશે. તેથી સ્વામી પાછા જ નહિ આવે." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીની નિષ્ઠાની પરીક્ષા લીધી" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૩

નિત્યાનંદ સ્વામી પરીક્ષામાં સફળ થયા અને શ્રીહરિએ પાછા બોલાવ્યા

તે સાંભળીને શ્રીહરિ કહે, "બહુ સારું, તમે તેમને તરત જ અહીંથી દૂર લઈ જાઓ." પછી સુરા ખાચરે પોતાના નોકરને બોલાવ્યા. ૧. તેને એકાંતમાં બોલાવીને સારી રીતે સમજાવ્યા કે, 'આ નિત્યાનંદ સ્વામીને દૂર સુધી ઘુમાવીને પ્રેમથી પાછા લઈ આવવા.' ૨. આમ નોકરોને શીખામણ આપીને એ સહુની સાથે સુરા ખાચર શ્રીહરિની પાસે આવી ગયા. ત્યારે અવિનાશી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને બોલાવીને કહ્યું, "નિત્યાનંદ સ્વામી ! આ ઘોડેસવારો તમારે માટે જ ઊભા છે. માટે સ્વામી ! હવે અમે કહીએ છીએ તેમ તમે માની જાઓ અથવા એમની સાથે જવા માટે તૈયાર થઈ જાઓ." ૩-૪.

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, **"મહારાજ ! આપ મારી વાત સાંભળો. આપ મને કોઈ ઘોર જંગલમાં મોકલી દો અથવા તો મન ચાહે તેમ કરો. ૫. છતાં હું તો આપને સર્વાવતારી, સર્વોપરિ અને સુખકારી જ કહેવાનો અને હું હંમેશાં એવું જ લખવાનો છું. હવે જેમ આપની મરજી હોય તેમ કરો."** ૬. ત્યારે શ્રીહરિએ ઘોડેસવારોને આજ્ઞા આપી કે, "આને લઈ જાઓ." પછી નોકરોએ સ્વામીને કહ્યું કે, "સ્વામી ! ઊઠો અને ઘોડા ઉપર બેસી જાઓ !!" ૭. એવાં તેમનાં વચન સાંભળીને સર્વોપરિ નિશ્ચયવાળા સંતો તથા પાર્ષદો દિલગીર થઈ બધા એવું જ વિચારવા લાગ્યા કે, 'આવા સર્વોપરિ નિશ્ચયવાળા વિદ્વાન સદ્ગુરુ નિત્યાનંદ સ્વામીને શ્રીહરિ અહીંથી વિદાય આપી રહ્યા છે, તે ઠીક થતું નથી, પરંતુ આપણે બધા શું કરીએ ? ૮-૯. આપણાથી શ્રીહરિને કાંઈ કહેવાતું નથી અને આ બધું જોઈને સહેવાતું પણ નથી.' આમ તેઓ વિચાર કરતા ત્યારે નિત્યાનંદ સ્વામીને ઘોડા ઉપર બેસારીને સુરા ખાચરના નોકર લઈ ગયા. ૧૦.

દરબાર સુરા ખાચરની આજ્ઞા પ્રમાણે તે નોકરો સ્વામીને ઘણું દૂર લઈ ગયા. પછી વનમાં જઈ ત્યાં ઘુમાવીને મોડી રાતે પાછા લાવ્યા અને

ચૂપચાપ એક ઓરડામાં સ્વામીને છોડી દીધા. પછી તેઓએ શ્રીહરિની પાસે આવીને કહ્યું કે, "મહારાજ ! અમે નિત્યાનંદ સ્વામીને ઘણું દૂર છોડી આવ્યા છીએ." ૧૧-૧૨. પછી જ્યારે બીજે દિવસે સભા થઈ ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! આજે આ સભા ઘણી ઢીલી પડી ગઈ છે. ૧૩. નિત્યાનંદ સ્વામી અહીંથી ચાલ્યા ગયા તેથી આ સભા બિલકુલ શોભતી નથી. કારણ કે, તેઓ તો સભાનું ભૂષણ હતા." ૧૪.

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, "ત્યાગીને વળી ભૂષણ શું હોય ?" ત્યારે મુનિવર્ય મુક્તાનંદ સ્વામી શ્રીહરિને કહેવા લાગ્યા, **"હે મહારાજ ! નિત્યાનંદ સ્વામી તો સભાનું ઘરેણું હતા. તેમના વિના આ સભા શોભતી નથી. તેઓ સર્વે સદ્‌ગુણોનું પાત્ર હતા. હવે તેમના જેવો કોઈ વિદ્વાન અહીં નથી.** ૧૫-૧૬. કરોડો બ્રહ્માંડમાં ગોતવા જઈએ તોય આવા નિશ્ચયવાળા સંત મળી શકે તેમ નથી. તેમને આપે અહીંથી વિદાય કર્યા છે, વગર વાંકે જ કાઢી મૂક્યા છે. તે તો ઠીક થયું નથી. હે મહારાજ ! આપને આ શું થઈ ગયું છે ?" ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, **"નિત્યાનંદ સ્વામીને રજા આપી તે તો અમારી ભૂલ થઈ ગઈ ખરી !!** ૧૭-૧૮. **અમે લોજમાં આવ્યા ત્યારે તમને અમારા ગુરુ ધાર્યા હતા. તે આજ તમે અમારી આ ભૂલ બતાવીને તમારું ગુરુપણું સાર્થક કર્યું છે.** ૧૯. હે ગુરુવર્ય મુક્તાનંદ સ્વામી ! ભૂલ તો મોટી થઈ ગઈ છે. હે સ્વામી ! હવે અમે શું કરીએ ? પરંતુ જ્યારે અમે આપને બોલાવીને પૂછ્યું તે વખતે જો તમે કહ્યું હોત તો આવું થાત નહીં. તે વખતે આપે સાચી વાત કહી નહીં."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ એવું કહ્યું કે, "હા મહારાજ ! આપ ઠીક કહો છો. ૨૦-૨૧. પરંતુ એ વખતે મને ખબર ન હતી કે આપ આવી રીતે બધું કરશો. તે વખતે બ્રહ્માનંદ સ્વામીને સાચી વાત કહેવાની ઇચ્છા તો હતી જ, પરંતુ આપે ત્યારે ના કહી હતી એટલે તેઓ પણ આપની આગળ વધુ બોલી શક્યા નહીં." પછી ભગવાન સહજાનંદ સ્વામી બોલ્યા કે, "મને તો ત્યારે ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીએ મારી ખામી બતાવી હતી, છતાં પણ મેં તેમનું માન્યું નહીં. તેમને પણ મેં તેમ જ કહી દીધું હતું કે અમારી મરજી જેમ હશે તેમ અમે કરશું."

પછી તો શ્રીહરિ એકદમ ઉદાસ થઈને અચાનક એમ બોલ્યા કે, "આ તો ઘણું ખરાબ થયું છે. હવે શું કરશું ? નિત્યાનંદ સ્વામી હવે ક્યાંથી મળે ? અત્યારે તમે સહુ એનો વિચાર કરો. ૨૨-૨૬. આ ખરાબ ઘટના બની તેનાથી અમને બહુ દુઃખ થાય છે. હવે જ્યારે નિત્યાનંદ સ્વામી અમને મળશે ત્યારે સુખ થશે. ૨૭. એટલા માટે તમે નિત્યાનંદ સ્વામીને ગમે ત્યાંથી જલદી બોલાવી લાવો અને મારો સંતાપ ટાળો. તમે બધા સંતો ઉતાવળ રાખો. ૨૮. નિત્યાનંદ સ્વામીનાં દર્શન કર્યા વિના અમે થાળ નહિ જમીએ."

તે પછી ભક્તોનું ચિત્ત ચોરનારા શ્રીહરિ બધા પાર્ષદોની સામે જોઈને બોલ્યા કે, "તમે બધા જલદી જાઓ અને સ્વામીને ખોળી લાવો. ખોળ્યા સિવાય પાછા આવશો નહીં. અમને તેમના વિના ક્યાંય ચેન પડતું નથી. માટે સહુ ઉમંગ સાથે જાઓ અને સ્વામીને ખોળી લાવો." ૨૯-૩૦. આ સાંભળીને દરબાર સુરા ખાચર બોલ્યા કે, "આ પાર્ષદો નિત્યાનંદ સ્વામીને ક્યાંથી ખોળી લાવશે ? જે મૂકવા ગયા હતા તે જાય તો કદાચ તેમને સ્વામી મળી જાય." ૩૧. આમ કહી સુરા ખાચરે નોકરોને બોલાવ્યા. સમાચાર મળતાંની સાથે નોકરો આવ્યા. સુરા ખાચરે તેમને બધી વાત સમજાવી. ત્યારે તે નોકરો ઉદાસ થઈને બોલ્યા કે, "મહારાજ ! હવે નિત્યાનંદ સ્વામી અમને ક્યાંથી મળે ? જ્યાં અમે મૂક્યા હતા ત્યાંથી તેઓ કોણ જાણે ક્યાંય ચાલ્યા ગયા હશે અથવા તો કોઈ સિંહ આદિ જાનવરે મારી નાખ્યા હશે ! ૩૨-૩૩. અમે તો તેમને ખુશીથી ઘોર જંગલમાં મૂકી આવ્યા હતા. હવે જો તેમનું મુખ જોવાનું ભગવાને લખ્યું હશે તો સ્વામી પાછા આવશે, નહિ તો અમે તેમને મેળવી શકીશું નહીં. આપ કહો છો એટલે અમે જઈએ છીએ, પરંતુ સ્વામીને સારા-સાજા પાછા લાવવાનો કોઈ જાતનો વાયદો અમે દઈ શકતા નથી. હા, જો મળશે તો જરૂર લાવશું." આમ કહીને તે બધા નોકરો ગયા અને ચોતરફ ફરીને રાતે પાછા આવ્યા. ૩૪-૩૬.

પછી નિત્યાનંદ સ્વામીને ઘોડા ઉપર બેસાડીને શ્રીજીમહારાજની પાસે લાવ્યા તેથી શ્રીહરિ અતિશય આનંદ પામ્યા. ૩૭. પછી તે નોકરોએ કહ્યું કે,

"મહારાજ ! આ સ્વામીને અમે જ્યાં બેસાડ્યા હતા ત્યાં જ બેસીને આપનું હરખથી ભજન કરતા હતા." ૩૮. આ વાત સાંભળીને અને નિત્યાનંદ સ્વામીને દેખીને શ્રીહરિવર કહેવા લાગ્યા, "તમે ઘણું સારું કામ કર્યું. ૩૯. હું તમારા પર બહુ રાજી થયો છું. તમારો જરૂર મોક્ષ કરીશ." પછી તો બધાં નરનારી ભક્તો ખૂબ જ ખુશી થયાં અને સહુનું ઉદાસીપણું જતું રહ્યું. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "નિત્યાનંદ સ્વામી પરીક્ષામાં સફળ થયા અને શ્રીહરિએ પાછા બોલાવ્યા" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૪

નિત્યાનંદ સ્વામી ઉપર પોતાનો રાજીપો અને પોતાનો આશય કહ્યો

પછી તો શ્રીહરિ નિત્યાનંદ સ્વામીને બાથ ભરીને ભેટ્યા. ઘણું હેત દેખાડીને તેમને પોતાની છાતીએ લગાડ્યા. ૧. તે પછી શ્રીહરિ થાળ જમ્યા અને સ્વામીને પણ તે પ્રસાદીનો થાળ આપ્યો. તે પ્રસાદી આપીને કહ્યું કે, "હે સ્વામી ! હવે તમે કૃતાર્થ થઈ ગયા છો. ૨. સ્વામી ! હવે તમે તમારી ઓરડીએ જાઓ. **આ અમારી સર્વોપરિ નિષ્ઠાથી હું તમારા ઉપર અપાર પ્રસન્ન થયો છું."** ૩. પછી બીજે દિવસ જ્યારે સભા થઈ ત્યારે શ્રીહરિ નવીન રીતે નિત્યાનંદ સ્વામીનો હાથ પકડીને સભામાં પધાર્યા. ૪. આ જોઈને સહુ રાજી થયા અને કહેવા લાગ્યા કે, 'સ્વામીને ધન્ય છે... ધન્ય છે...' પછી શ્રીહરિએ સ્વામીને સભામાં આગળ બેસાર્યા અને કહ્યું કે, "આ નિત્યાનંદ સ્વામી જે કહે છે તે ઠીક કહે છે. ૫. **અને તે બધું જ સારી રીતે સમજે છે. જે ખરા ઉપાસક હોય છે તે તો આવા જ હોય છે. એટલે તેના ઈષ્ટદેવ અમે પણ તેમને ધન્યવાદ કહીએ છીએ.** ૬. તમે બધા સંતો સનાથ થઈને અમારી સાથે મળી ગયા હતા પણ, અમે તો કહેતા હોઈએ કાંઈ અને સમજતા હોઈએ કાંઈ." ૭.

આમ કહીને શ્રીહરિ નિત્યાનંદ સ્વામી ઉપર ખૂબ જ રાજી થયા. પછી અતિશય પ્રેમથી તેમને હાર પહેરાવ્યો અને હેતથી ભેટીને છાતીએ લગાવ્યા. ૮. વળી શ્રીહરિ એમ બોલ્યા કે, **"આ નિત્યાનંદ સ્વામી અમને બીજા અવતાર જેવા કહેવાની બાબતમાં અમારી વાત પણ નથી માન્યા, તો હવે કહો એ બીજા તો કોનું સાંભળશે ? સાચા ઉપાસક તો આવા જ હોવા જોઈએ. અર્થાત્ નિષ્ઠાની બાબતમાં કોઈ બાંધછોડ ન ચાલે."** ૯. પછી ફરીને શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને કહ્યું કે, "સ્વામી ! તમને ધન્ય છે. તમારી સમજણને પણ ધન્ય છે. તેનાથી અમે અતિશય રાજી થયા છીએ. ૧૦. સ્વામી ! અમે તમને નિષ્ઠામાંથી ચલિત કરવા માટે તમારી અગ્નિ પરીક્ષા લીધી. તેમાં અમે ઘણો પ્રયત્ન કર્યો, તોપણ તમે તમારી નિષ્ઠા અને સમજણમાં અચળ રહ્યા છો. ૧૧.

चोपाई :

दूजे संत ने हमरी हामें, हा मिला दी सबने तामें;
पर आपने वो सिद्धांतकी, सर्वोपरी हरि उपासनकी...१२

दोहा : सो है सबसे श्रेष्ठ बात, उसमें न की बांधछोड;
इसलिये मैं आप पर हि, खुश हूँ अति अजोड...१३
अनन्य निष्ठा आपकी, अरु सर्वोपरी समझ;
धन्य धन्य है धन्य तुम, यह अथाह धीरज...१४

બીજા બધા સંતોએ તો અમારી હામાં હા મેળવી દીધી, પણ તમે તો સર્વોપરિના સિદ્ધાંતની અને ભગવાનની ઉપાસનાની સહુથી શ્રેષ્ઠ જે વાત હતી તેમાં કોઈ બાંધછોડ કરી જ નહીં. એટલા માટે હું તમારા ઉપર અતિશય પ્રસન્ન થયો છું. ૧૨-૧૩. તમારી અનન્ય નિષ્ઠા અને સર્વોપરિ સમજણને ધન્ય છે...ધન્ય છે... વળી, અમે પરીક્ષા લીધી તેમાં તમે અપાર ધીરજ રાખી માટે તમને પણ ધન્યવાદ છે. ૧૪. તમે આજે ખુશીથી અમારી પૂજા કરો. હું તમારા ઉપર અપાર રાજી છું. તમે આનંદમાં રહો." ૧૫. પછી નિત્યાનંદ સ્વામીએ અત્યંત આનંદ પામીને પ્રગટ શ્રીસ્વામિનારાયણ ભગવાનની ચંદન તથા પુષ્પના હારથી પૂજા કરી. ૧૬.

ત્યારે શ્રીજીમહારાજ પણ ખૂબ રાજી થઈને નિત્યાનંદ સ્વામીને બાથમાં ભીડીને ભેટ્યા અને સ્વામીની પૂજા કરી, તેમને પ્રસાદીના હાર આપ્યા. ૧૭. **તેમના મસ્તક ઉપર પોતાના વરદ હાથ મૂક્યા તથા અંતરના આશીર્વાદ આપ્યા કે, 'તમારી આવી દૃઢ નિષ્ઠા જ તમને જગતમાં પ્રતિષ્ઠા અપાવશે. ૧૮. અને જ્યારે ક્યાંય પણ શાસ્ત્રાર્થ થશે ત્યારે તમારો ચોક્કસ વિજય થશે. હવે આ બ્રહ્માંડમાં તમારો પરાભવ કોઈ દેવ પણ ક્યારેય કરી શકશે નહીં.'** ૧૯.

❋ શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને ગ્રંથ લખવાનો આશય કહ્યો :

પછી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને સમજાવવા માટે પ્રેમથી કહ્યું, "સ્વામી ! તમે જે કહો છો તે વાત બિલકુલ સાચી છે, પરંતુ શાસ્ત્રમાં જો શાસ્ત્રની રીત પ્રમાણે લખવામાં આવે તો સહુને પ્રેમ થાય છે. તેથી જ તે રીત પ્રમાણે લખવાનું અમે વારેવારે કહ્યું છે. ૨૦-૨૧. સત્સંગિજીવન ગ્રંથ લખવાનો મારા દિલનો જે આશય છે તે સ્વામી તમે સાંભળો. પછી તમને જે ખામી જણાય તે કહેજો. ૨૨. આ સત્સંગિજીવન ગ્રંથ અનંત જીવોનો મોક્ષ કરાવવા માટે, સહુને ધ્યાનમાં રાખીને લખાવવો તેમ અમે ચાહીએ છીએ. ૨૩. માટે જે બધા અવતારો અને દેવ-દેવીઓના જે જે ઉપાસક દુનિયામાં રહે છે, અને બધા જ સંપ્રદાયના અનુયાયીઓ મુક્ત, મુમુક્ષુ અને વિષયી જે આશ્રિતો છે, એ બધાનું ભલું વિચારીને પ્રેમથી લખવું જોઈએ. ૨૪-૨૫. જે જીવાત્માઓ આધ્યાત્મિક માર્ગમાં પ્રાથમિક સ્થિતિમાં હોય, અને જેઓ આત્યંતિક કલ્યાણના બળવાન ઉચ્ચકોટિના આત્માઓ હોય, તે સહુને માટે જ્યારે આપણે લખવાનું હોય, ત્યારે અમે જે રીતે કહ્યું તે રીતે બધું લખવું જોઈએ. ૨૬-૨૭.

હે મુનિવર ! આ આખા સંસારના જીવોનો આધ્યાત્મિક માર્ગમાં જે રીતે પ્રવેશ થાય, તે વાત હું કહું છું. તે બધું તમે સાવધાનીથી સાંભળો. ગાયના પૂંછડે પાણી રેડીને પૂજવું, પીપળાના ઝાડને પૂજવું, નાના મોટા દેવ-દેવીઓમાં શ્રદ્ધા રાખીને તે તે વખતે તેની તરત પૂજા કરવી, ત્યાંથી આરંભીને મોટા મોટા દેવ તથા ઈશ્વરોની પૂજા કરવી અને ત્યાંથી આગળ ચાલે ત્યારે જીવને મોક્ષદાયક મોટા સાધુમાં અપાર શ્રદ્ધા થાય છે.

પછી તે જીવમાં સાચું મુમુક્ષુપણું આવે છે અને તેના પછી તે રીતે જ જે જીવ ઘણા જન્મનાં પુણ્ય, જ્ઞાન તથા સંસ્કાર પામતાં પામતાં આવ્યા હોય છે તેને છેલ્લે સર્વોપરિ શ્રીપૂર્ણપુરુષોત્તમ અક્ષરધામના અધિપતિની પ્રાપ્તિ થાય છે. પછી સર્વ અવતારના અવતારી એવા જે અમે છીએ તે અમારી ઉપાસનાનું સર્વોત્તમ જ્ઞાન સમજવામાં આવે છે કે, અમે સહુથી પર એવા સર્વોપરિ ભગવાન છીએ. ૨૮-૩૫.

હે મુનિવર્ય ! માટે અમે અત્યારે જે રીતે સત્સંગિજીવનમાં લખાવીએ છીએ તેનાથી સહુને સમાસ થશે. ૩૬. હે મુનિ ! તમે જે કહો છો તે વાત બિલકુલ સાચી છે, છતાં પણ તે પ્રમાણે આમાં ન લખીએ એ જ સારું રહેશે. ૩૭. એટલા માટે મારું કહેવાનું માની અમે જે રીતે કહીએ છીએ તે રીતે લખવા દ્યો, એમાં અમે સદા પ્રસન્ન રહીશું." ૩૮. આવી બધી વાત સાંભળીને બધા સંતો તથા નિત્યાનંદ સ્વામી સહિત સર્વે તરત શ્રીહરિની વાતમાં સંમત થઈ ગયા. ૩૯. પછી શ્રીહરિએ પોતાની ઈચ્છા પ્રમાણે સર્વ લોકોનાં કલ્યાણ માટે પાવનકારી સત્સંગિજીવન ગ્રંથ લખાવ્યો. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "નિત્યાનંદ સ્વામી ઉપર પોતાનો રાજીપો અને પોતાનો આશય કહ્યો" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૫

સત્સંગિજીવનની પ્રશંસા અને જીવા ખાચરની છેલ્લી બીમારી

મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દાદા ખાચર ! તમે સાંભળો. શ્રીહરિનાં ચરિત્ર મોક્ષકારી છે, તે તો અપાર સુખનો ખજાનો છે, સુખનું ઘર છે. ૧. શ્રીહરિએ રાજી થઈને નિત્યાનંદ સ્વામીને એવા આશીર્વાદ આપ્યા. ત્યારથી દુનિયાના બધા મોટા મોટા પણ તેમને મસ્તક નમાવતા હતા. ૨. નિત્યાનંદ સ્વામીને પણ ઈષ્ટદેવ શ્રીહરિવરના સ્વરૂપમાં સર્વોત્તમ, અવિચળ નિષ્ઠા અને અપૂર્વ ભક્તિ હતી. ૩. **નિત્યાનંદ સ્વામી ઘણી વાર ગાદી ઉપર**

હાથ પછાડીને, મેઘની ગર્જનાની જેમ પડકાર કરીને કહેતા હતા કે, 'સમગ્ર જગતમાં જાહેર રીતે શ્રીસ્વામિનારાયણને હું પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કહું છું અને તેવો મારો ચોક્કસ પડકાર છે. ૪-૫. કોઈ વિદ્વાનમાં એવી હિંમત છે ? કે જે સચ્છાસ્ત્રનો મત લઈને સ્વામિનારાયણ ભગવાન નથી, એમ મારી પાસે ચોક્કસ સિદ્ધ કરી બતાવે ?' ૬. અને ખરેખર નિત્યાનંદ સ્વામી હતા પણ એવા જ. તેઓ મહાન પ્રભાવશાળી, સારા વક્તા, સર્વ શાસ્ત્રના રહસ્યને જાણનારા મોટા વિદ્વાન અને વિચક્ષણ મહાન વિભૂતિ હતા. ૭. જ્યારે પ્રભુ શ્રીહરિ સ્વધામ પધાર્યા તે પછી મતપંથના મોટેરાઓ તરફથી ઘણાં વિઘ્ન આવ્યાં હતાં. તે વખતે નિત્યાનંદ સ્વામીએ ઘણા જ શાસ્ત્રાર્થ કર્યા હતા. તે સંપ્રદાયમાં સહુ જાણે છે. ૮.

પ્રગટ શ્રીહરિના સ્વધામ પધાર્યા પછી ઘણા વાદ-વિવાદો થયા હતા. તેમાં નિત્યાનંદ સ્વામીએ બીજા વિદ્વાનોના અપાર પડકારોને ઝીલ્યા હતા. ૯. તેમાં બધા જ વિરોધીને હરાવીને પોતે સદાય વિજેતા જ રહ્યા હતા. જેમાં અમદાવાદમાં જ વલ્લભીય સંપ્રદાયના ગોસ્વામી તરફથી જે ઉપાધિ આવી ત્યારે સ્વામીએ તેમનો પરાજય કર્યો હતો. અને ઉમરેઠમાં શંકરાચાર્યે અનિવાર્ય ઉપાધિ કરી હતી ત્યારે નિત્યાનંદ સ્વામીએ જ બધા વિદ્વાનોને જીત્યા હતા. આ બાબતને પવિત્ર આચાર્યે સહિત સહુ સંતો તથા હરિભક્તો જાણે છે. ૧૦-૧૨. એવા નિત્યાનંદ સ્વામીની શ્રીહરિએ અપાર પરીક્ષા લીધી હતી અને તેમાં તેઓ ઉત્તીર્ણ થયા હતા, તે સારરૂપ સંક્ષિપ્ત કથા અહીં કહી છે. ૧૩. શ્રીહરિને સંતોની કસોટી કરવાની આદત હતી. શ્રીહરિ પોતાના સંતો-ભક્તોની પરીક્ષા લઈને તેમને આગળ વધવાની ખૂબ પ્રગતિ કરાવતા હતા. ૧૪.

❋ સત્સંગિજીવનની રચના, પ્રશંસા અને પૂજા :

પછી સ્વામિનારાયણ ભગવાને શતાનંદ સ્વામીની પાસે ગઢપુરમાં અનુપમ સદ્‌ગ્રંથ લખાવ્યો. ૧૫. સત્સંગિજીવન ગ્રંથ જ્યારે લખાઈ રહ્યો ત્યારે તે અવસરે ગઢપુરમાં દેવોની પ્રતિષ્ઠાનો પાવન ઉત્સવ ચાલતો હતો. ૧૬. તે પ્રસંગે જ્યારે સભા ભરાણી ત્યારે ત્યાં શતાનંદ સ્વામી શ્રીહરિ પાસે સત્સંગિજીવન ગ્રંથ લઈને આવ્યા. તેમણે બંને હાથ જોડીને કહ્યું, "હે નાથ ! મેં સમગ્ર મનુષ્યનાં કલ્યાણ માટે આ ગ્રંથ લખ્યો છે." ૧૭. તે

સાંભળીને શ્રીહરિ અતિ રાજી થયા. પછી ત્યાંથી ચાલીને ગંગાજળિયા કૂવા પાસે ગયા. ત્યાં સભા કરીને શતાનંદ સ્વામીનું સન્માન કર્યું. વળી, તે ગ્રંથનું ત્યાં જ પૂજન કર્યું. ૧૮. પછી શ્રીહરિએ ઘણા ભાવથી તે ગ્રંથની આરતી ઉતારી અને લેખક શતાનંદ મુનિની પણ ઘણા પ્રેમથી પૂજા કરી. જે કોઈ આભૂષણ, વસ્ત્ર અને ધન લાવ્યાં હતાં તે પુસ્તકને ભેટના રૂપમાં અર્પણ કર્યાં. ૧૯. શ્રીમંતો, સરદારો અને જે રાજા મહારાજાઓ હતા તે બધાએ પણ સુંદર ભેટ મૂકી. લોકોએ વસ્ત્ર તથા આભૂષણ લઈને પુસ્તકની પાસે જઈ તેને અર્પણ કર્યાં. ૨૦.

શતાનંદ સ્વામીને પણ યોગ્ય મોટા વિદ્વાન છે એમ સમજીને તેમને પણ યોગ્ય શુભ ભેટ આપી. બાકીની જે વસ્તુઓ બચી તે શ્રીહરિએ ધર્મકુળને ભેટના રૂપમાં આપી. ૨૧. શ્રીહરિએ કહ્યું, **"આ ગ્રંથને સત્સંગીઓનું જીવન માનવું. આ ગ્રંથની કથા કે પાઠ જ્યાં થશે ત્યાં હું પ્રત્યક્ષ આવીને રહીશ."** ૨૨. પછી ખાસ કરીને સારાં મંગળ વાજિંત્રો લાવ્યા. શ્રીહરિ સર્વે સંતો તથા સત્સંગીઓને સાથે લઈને ચાલ્યા. ત્યારે શ્રીહરિએ સત્સંગિજીવનનું પુસ્તક પોતાના મસ્તક ઉપર લીધું. પછી લક્ષ્મીબાગમાં જઈને ત્યાં આ ગ્રંથની પૂજા કરી. ૨૩. તે સમયે એક ઘણો સારો ઉત્સવ કર્યો અને દીનદયાળુ પ્રભુ શ્રીહરિ રાજી થયા. પ્રસાદીની સાકર સહુને વહેંચી અને પછી મંદિરમાં જઈને વિરાજ્યા. ૨૪.

❋ જીવા ખાચરની બીમારી અને અમૂલાની પ્રાર્થના :

આ અરસામાં સં.૧૮૮૫, કારતક સુદ-૧૨ પછી જીવા ખાચર અતિ બીમાર પડ્યા હતા. જોત જોતામાં તેમની બીમારી ઘણી વધી ગઈ. ૨૫. તેમનાં બધાં સગાંસંબંધીઓને એવું લાગ્યું કે હવે આ વખતે જીવા ખાચર આ મંદવાડથી બચી નહિ શકે. ૨૬. કેમ જે, દરબાર જીવા ખાચરને કોઈ દવાની કાંઈ અસર થતી નહીં. કારણ કે, તેમની બિમારી અસાધ્ય કક્ષાએ પહોંચી હતી. ૨૭. એક દિવસ તેમના શરીરમાં અતિશય પીડા થવા લાગી. ત્યારે તેમની બંને પુત્રીઓ અમરીબાઈ તથા અમૂલાબાઈ એકદમ દીન થઈ ગયાં. પોતાના પિતાની જે અસહ્ય પીડા હતી તે તેમનાથી સહન થઈ શકી નહીં. તે બંને બહેનો જીવુબા અને લાડુબાની જેમ જ સાંખ્યયોગ પાળતાં

હતાં અને ઘણા સ્નેહથી રાત-દિવસ શ્રીહરિનું ભજન કરતાં હતાં. તે બંને બહેનો મહાન ભક્ત હતાં. પછી અમૂલાબાઈએ મનમાં વિચાર કર્યો કે, ‘હું શ્રીહરિને તરત અહીં બોલાવું તો શ્રીહરિ મારા પિતાની ખબર-સંભાળ લે. તે નિમિત્તે કૃપાસાગર શ્રીહરિ અહીં પધારે અને છેલ્લી વખતે મારા પિતાને દર્શન આપે. ૨૮-૩૧. કેમ જે, મારા પિતાજી શ્રીહરિ પાસે પોતાના દુષ્કૃત્યોની માફી માગશે ત્યારે જ તેમની સદ્‌ગતિ થશે.’

આમ વિચારતાં વિચારતાં અમૂલાબાઈ ઉતાવળા ઉતાવળા દાદા ખાચરના દરબારમાં આવ્યા અને પોકાર કરી શ્રીહરિને એમ કહ્યું કે, “હે મહારાજ ! મારા પિતાજીનો દેહ હવે ઘડી કે બે ઘડી રહેશે. મને એમ લાગે છે કે પછી તેમનો દેહ પડી જશે. અત્યારે આવી બીમારીમાં અમે તેમને શું કહીએ ? પણ તે અસહ્ય પીડા સહન કરી રહ્યા છે. તે વિષે હે હરિ ! હું આપને શું બતાવું ? વળી, આવી અવસ્થામાં તે વિષે હું પણ કેમ જાણી શકું ? તેની મને કાંઈ ખબર પડતી નથી. પરંતુ હવે મારી એક પ્રાર્થના છે કે, **આ છેલ્લી ઘડીએ મારા પિતાજીના દોષ નહિ ગણીને તેમજ રોષ નહિ રાખીને, અંતકાળમાં તેમને દર્શન દેવા માટે આપ અમારા દરબારમાં અત્યારે જ પધારો. તે આપની ઘણી મોટી કૃપા કહેવાશે.”** ૩૨-૩૬.

શ્રીહરિ અમૂલાબાની શુભ ભક્તિ અને સમર્પણની ભાવનાને પોતાના મનમાં સારી રીતે સમજતા હતા. ૩૭. તેથી શ્રીહરિએ તરત જ કહ્યું કે, “અમૂલાબા ! અમે અમારું કરુણાસિંધુનું બિરુદ નિરંતર પાળીએ છીએ. ૩૮. તમારા પિતાએ ભલે દાદા ખાચરનો અપાર દ્રોહ કર્યો હોય, વળી ક્યારેય પાર ન આવે એવાં ઘણાં ન કરવાનાં કર્મ તેમણે કર્યાં છે, પરંતુ સાથેસાથે તેમણે અમારી તથા અમારા સંતોની ઘણી સેવા પણ કરી છે, એટલા માટે હું તેનું શુભ ફળ આપવા માટે તરત જ ત્યાં આવું છું.” ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “સત્સંગિજીવનની પ્રસંશા અને જીવા ખાચરની છેલ્લી બીમારી કહી” એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૬

શ્રીહરિએ પરમ કરુણા કરીને જીવા ખાચરને અક્ષરધામ આપ્યું

આમ કહીને તત્કાળ જ શ્રીહરિએ બે-ચાર પાર્ષદોને સાથે લીધા અને જીવા ખાચરની ખબર લેવા જવા માટે તૈયાર થયા. ૧. પછી શ્રીહરિ તરત જ તેમના દરબારમાં તેમની પાસે ગયા. ત્યારે જીવા ખાચરે શ્રીહરિ માટે એક ખાસ પલંગ ઢળાવ્યો. ૨. પછી શ્રીહરિને તે પલંગ ઉપર ઘણા ભાવથી બેસાર્યા. પછી જીવા ખાચરે શ્રીહરિને પ્રણામ કર્યા. ૩. શ્રીહરિએ પોતાનો હાથ તેમના મસ્તક ઉપર ઘણા સ્નેહથી ફેરવ્યો. તેમની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ મેળવી, ધીરજ આપતાં કહ્યું, **"જીવા બાપુ ! ચિંતા ન કરશો, હું આપનું કલ્યાણ કરીશ."** શ્રીહરિનાં આવાં વચન સાંભળતાંની સાથે જ જીવા ખાચરની આંખોમાંથી ચોધાર આંસુ વહેવાં લાગ્યાં. પછી હાથ જોડીને બોલ્યા, "હે મહારાજ ! ખરેખર મારું કલ્યાણ થાય એવો હું નથી. ૪-૬. કારણ કે, આપ જ્યારે અહીં મંદિર કરતા હતા ત્યારે મેં જ ભાવનગર જઈને ખટપટ કરી તે દરબારની સાથે આપને ઝઘડો કરાવ્યો હતો. ૭. અને મેં જ ભાણ ખાચરની સાથે તમારા પાર્ષદોને લડાવ્યા હતા, તેમજ ભગુજીનું મોત થાય એવું કર્યું હતું; એવાં એવાં મેં અનેક અનિષ્ટ કામ કર્યાં છે. ૮.

વળી મેં દાદા ખાચરની સાથે અન્યાય કર્યો છે. હે નાથ ! મેં અપરંપાર ઘણી તકરારો કરાવી છે. ૯. હે પ્રગટ મહારાજ ! મેં એવા અનેક અપરાધો કર્યા છે. હું તો જરાસંધ, શિશુપાળ અને કંસથી પણ આગળ નીકળી ગયો છું. ૧૦. કારણ કે, મેં દગો કરીને પછવાડેથી આપનું બગાડ્યું છે. માન તથા ઈર્ષ્યાને લીધે મેં આપનો અત્યંત દ્રોહ કર્યો છે. ૧૧. રામ ખાચરને મેં શીખવીને આપને મારી નાખવા માટે પાયખાનામાં છૂપા રખાવ્યા હતા; આવું ઘણું મોટું ક્રૂર કામ મેં કર્યું હતું. ૧૨. હું ઈર્ષ્યા તથા અહંકારને છોડી શક્યો નહિ અને તેને વશ થઈને મેં ઘણા દુરાચારો કર્યા, તે બધું હું જાણું છું. તેથી હે શ્રીહરિ ! મારું કલ્યાણ કેમ થાય ?" ૧૩. ત્યારે શ્રીહરિએ તેમનો જમણો હાથ પોતાના હાથમાં લીધો. અને તેની હથેળીમાં ત્રણ વખત તાળી દઈને વચન આપતાં બોલ્યા કે, **"આજે તમને તમારા દુષ્કૃત્યોનો**

અપાર પસ્તાવો થયો છે એટલે હું આપનો બેડો પાર કરીશ. ૧૪-૧૫. **હવે તમારે ચિંતા કરવી નહિ, હું જરૂર તમારું કલ્યાણ કરીશ."** એમ કોલ આપીને ભગવાન શ્રીહરિ ત્યાંથી ઊઠી તરત ઉતારે ગયા. ૧૬.

સર્વકર્તા શ્રીજીમહારાજ જ્યારે દાદા ખાચરના દરબારમાં પહોંચ્યા કે તરત જ સમાચાર આવ્યા કે, 'દરબાર જીવા ખાચરે પોતાનો દેહ છોડી દીધો છે.' તે સાંભળીને શ્રીહરિએ દાદા ખાચરને બોલાવ્યા અને તેમને એમ કહ્યું કે, "દરબાર જીવા ખાચરે દેહત્યાગ કર્યો છે અને તેમને અગ્નિસંસ્કાર કરવા માટે સ્મશાન લઈ જઈ રહ્યા છે, તો તેમની ઉત્તરક્રિયા માટે તૈયાર થઈને તમે જલદી સ્મશાને જાઓ." પછી દાદા ખાચરની રક્ષા માટે શ્રીહરિએ એંશી પાર્ષદોને સાથે આપ્યા. ૧૭-૨૦. વળી તે પાર્ષદોને કહ્યું કે, "તમારે ત્યાં સાવધાનીથી જાવું. આ દાદા ખાચર અમારા છે, હું તેમને તમારી પાસેથી પાછા માગી લઈશ." ૨૧. આવું પરસ્પર વૈર હતું, તોપણ શ્રીહરિએ જીવા ખાચરનું કલ્યાણ કર્યું. પછી જ્યારે સંધ્યાસમયે સભા થઈ ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, "હે સ્વામી ! જીવા બાપુનો અમે મોક્ષ કર્યો છે." ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "મહારાજ ! આપ તો અધમ ઉદ્ધારક છો ! ૨૨-૨૩. પતિતપાવન છો અને આપ પ્રગટ પરમાત્મા છો, એટલે આપ આવા દોષિતોનો પણ ઝટ મોક્ષ કરો; એમાં શું આશ્ચર્ય કહેવાય ?"

❋ શ્રીહરિએ જીવા ખાચરના બે સદ્‌ગુણોને બિરદાવ્યા :

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "તેમના બે ગુણથી અમે ખુશ થયા છીએ. તેથી અમે તેનો મોક્ષ કર્યો છે." ત્યારે મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું કે, "હે મહારાજ ! તેમના તે બે ગુણ કયા હતા ?" ૨૪-૨૫. ત્યારે શ્રીહરિ બોલ્યા, "અમે જ્યારે જીવા ખાચરને ઘેર રહેતા હતા એ વખતે એકવાર અમને ખૂબ ઝાડા થઈ ગયા હતા. ૨૬. ત્યારે જીવા ખાચરે અમને પોતાના રહેવાના ઘરમાં પાયખાના માટેનો ખાડો કરી દીધો હતો. ૨૭. ત્યારે અમે તેમને કહ્યું હતું કે, 'રહેવાના ઘરમાં આવો ખાડો કરવો જોઈએ નહીં.' આ અમારી વાતને તમે સાચી સમજો. ૨૮. ત્યારે જીવા ખાચરે અમને કહ્યું હતું કે, 'હે મહારાજ ! આપને માટે તો હું આ મારું પૂરેપૂરું ઘર ફના કરી દઉં. ૨૯.

મારે માટે આપથી કોઈ અધિક નથી.' આ રીતે તેણે નિર્ભીક થઈને કહ્યું હતું. જીવા ખાચરનો આ એક ગુણ મેં તમને કહ્યો. ૩૦.

વળી, તે જીવા ખાચરનો શુભ વિવેકરૂપ એક બીજો ગુણ કહું છું. જ્યારે અમે તેને ઘેર એક વખત શેરડીને છોલીને ખાતા હતા. ૩૧. ત્યારે અમને છરી વાગી ગઈ અને આંગળીમાંથી લોહીની ધાર થઈ. ત્યારે જીવા ખાચરે માથા ઉપર સોનેરી તારનો ફેંટો બાંધ્યો હતો, તે ઘણો અમૂલ્ય ફેંટો ઉતારીને અમને પાટો બાંધવા માટે ફાડવા લાગ્યા. તે વખતે મેં તેમને કહ્યું, 'આ પરદેશી કાપડ ઘણું મૂલ્યવાન છે તેને આપ ફાડશો નહીં, બીજું કોઈ વસ્ત્ર લાવો જે નકામું પડ્યું હોય.' ૩૨-૩૪. ત્યારે જીવા ખાચરે કહ્યું, 'મહારાજ ! આવા તો અનેક ફેંટા આપને માટે ફના કરી દઉં. આપ માગો તો મારું બધું જ આપી દઉં.' ૩૫. આમ કહીને તેણે કિંમતી ફેંટાનું વસ્ત્ર ફાડીને તેનો પાટો અમારે હાથે બાંધ્યો હતો; આવી અમારી ભવ્ય સેવા કરી હતી. ૩૬.

જીવા ખાચરના આ બે સદ્‌ગુણોને લીધે જ અત્યંત પ્રેમથી અમે તેનું કલ્યાણ કર્યું છે, અને તેમને અમે અમારું અક્ષરધામ દીધું છે." ૩૭. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "આ કામ તો ભારે અને અતુલ્ય છે. હે પ્રભુ ! જીવા ખાચરે તો દ્રૌપદીના જેવું કામ કર્યું કહેવાય." ૩૮. આ બધી વાતો સાંભળીને સભામાં જે સહુ બેઠા હતા તે અત્યંત દંગ થઈ ગયા અને સહુ પ્રેમમગન થઈ ગયા. ૩૯. સહુ મનમાં ને મનમાં વિચારવા લાગ્યા કે, 'સર્વોપરિ શ્રીહરિ આજે ઘોર કળિયુગમાં સહુનું કલ્યાણ કરવા માટે જ પ્રગટ થયા છે. ૪૦. **અહો..! અહો..! ભગવાન પુરુષોત્તમની આ વખતની કૃપા અપાર છે અને તેને લીધે સહેજે જ જીવા બાપુને ભવસાગરથી પાર ઉતારી દીધા છે. ૪૧. તેમના આત્માને શુદ્ધ કર્યો, આવી શુદ્ધિ બીજા કોઈથી થઈ શકે નહીં. તેના બધા ગુન્હા સત્વરે માફ કર્યા. માટે આ શ્રીસહજાનંદ સ્વામીને ધન્ય છે..! ધન્ય છે..!'** ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ પરમ કરુણા કરીને જીવા ખાચરને અક્ષરધામ આપ્યું" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૭

દાદા ખાચરે ભાવનગર નરેશ અને ખુમાણોનું સમાધાન કરાવ્યું

જીવા ખાચરના તેરમા ઉપર ખાચર, ખુમાણ અને વાળા બધા કાઠી ગરાસદારો ગઢડા આવ્યા. અરે, જોગીદાસ ખુમાણ પણ આવ્યા. ૧. તેઓ ભાવનગર રાજ્યની સામે કેટલાય વર્ષથી બહારવટે નીકળેલા હતા. તે વાત જગતમાં સહુ જાણે છે. ૨. ભાવનગરના મહારાજા વજેસિંહને એ બાબતની ખબર હતી કે, વીર જોગીદાસ ખુમાણ જીવા ખાચરના આ તેરમાના પ્રસંગમાં ખાસ ગઢડા જશે. ત્યારે તેને પકડવાનો મોકો હતો પણ તે પ્રયાસ તેમણે ટાળી દીધો. કારણ કે, પોતાના કુળની શાલીનતા એ જ છાજે ! એટલા માટે તે પ્રયાસ ટાળી દીધો. ૩-૪.

❋ જોગીદાસ ખુમાણના નિષ્કામી વ્રતની સરાહના :

જ્યારે જીવા ખાચરના તેરમાનો પ્રસંગ પૂરો થયો ત્યારે જોગીદાસ ખુમાણ ધર્મકુમાર શ્રીહરિને મળવા માટે દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૫. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા અને માન આપીને પોતાની પાસે બેસાડ્યા. પછી પ્રેમથી જોગીદાસ ખુમાણને કહ્યું કે, “અમે કોઈની પાસે એવું સાંભળ્યું છે કે, તમે કોઈ પરસ્ત્રી સામે ક્યારેય પણ દેખતા જ નથી. અને જો ભૂલથી દેખી જવાય તો આંખમાં ઝીણું મરચું ભરો છો. ૬-૭. એનું કારણ શું છે ?” ત્યારે તેમણે શ્રીહરિને કહ્યું કે, **“મારી ફઈબાએ મારું નામ જોગીદાસ રાખ્યું છે. ૮. જો હું જોગીઓનો દાસ હોઉં તો પરસ્ત્રીને કેમ દેખી શકું ? તેથી હે મહારાજ ! જો હું પરસ્ત્રી સામે દેખું તો મારું કુળ ઘણું લાજે અને મારા ગુરુજીની લાજ જાય તે મને પસંદ કેમ પડે ?”** તે સાંભળીને શ્રીહરિએ કહ્યું, “સંતો, સાંભળો. આ સમજણ ઘણી મહાન છે. ૯-૧૦.

આ જોગીદાસને પોતાના કુળની તથા પોતાના ગુરુની કેટલી લાજ છે ? એટલી જ લાજ જો દરેક માણસ રાખે તો તેનાથી ધર્મનું પાલન સહેજે થઈ શકે. ૧૧. કારણ કે લાજ ધર્મની બહેન છે, એવું શાસ્ત્રોનું કથન છે.

લાજ વગરના માણસો તો નઠારા છે અને લાજ-આબરૂવાળા જ સૌથી સારા છે." ૧૨. આ પ્રસંગથી ભાવનગરના મહારાજાને મનમાં એમ લાગ્યું કે, 'જો મારા રાજ્યમાં બધી રીતે મારે શાંતિ કરવી હોય તો ખુમાણોની સાથે મારે સુલેહ કરવી જોઈએ અને આ કામ મારે દાદા ખાચરને સોંપવું જોઈએ. ૧૩-૧૪. કારણ કે, જોગીદાસ ખુમાણ સ્વામિનારાયણ પ્રભુનાં દર્શન કરવા માટે ખાસ કરીને દાદા ખાચરના દરબારમાં ગયા હતા. ૧૫. વળી, જોગીદાસને ખાસ તો દાદા ખાચરની પ્રામાણિકતામાં વધારે વિશ્વાસ છે અને બંનેને હેત પણ છે.' ૧૬.

❋ ભાવનગર નરેશે દાદા ખાચરને સમાધાનની વાત કહી :

પછી ભાવનગર ઠાકોર વજેસિંહજીએ આ સમાધાનની આશાથી દાદા ખાચરને વિશેષરૂપમાં ભાવનગર બોલાવ્યા. ૧૭. ત્યારે ભક્તપતિ ભગવાન શ્રીહરિએ દસ-બાર સવારોની સાથે દાદા ખાચરને મોકલ્યા. પછી તેઓ ભાવનગર જઈને વજેસિંહજી ઠાકોરને મળ્યા. ૧૮. ત્યારે ઠાકોર સાહેબે એમ કહ્યું કે, "દાદા ખાચર ! મેં આપ જેવા સજ્જન ભક્તને હેરાન કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી, પણ જે કાંઈ થયું એનાથી હું અત્યારે અત્યંત દિલગીર છું. વળી, ભાવનગર રાજ્યમાં આ ખુમાણ દરબારોનો ત્રાસ ઘણો વધી રહ્યો છે. ૧૯-૨૦. તો દાદા ખાચર ! તે ખુમાણ દરબારોની સાથે ભાવનગર રાજ્યને તમારે આગળ ચાલીને સમાધાન કરાવવાનું છે, આવી મારાં દિલમાં ઘણી ઈચ્છા છે. ૨૧. અને હું માનું છું કે આ કામ તમારાથી જ પાર પડશે. તમારા સિવાય બીજા કોઈ આ સમાધાન કરી શકશે નહીં. ૨૨. એટલા માટે હે ઉત્તમ નરેશ ! આ કામ હું તમને જ સોંપી રહ્યો છું."

ત્યારે દાદા ખાચરે કહ્યું, "બાપુ ! આપની આજ્ઞા હું માથે ચડાવું છું. પરંતુ અત્યારે મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા વિના હું કોઈ કામ કરતો નથી. ૨૩-૨૪. માટે તેમને પૂછીએ અને તેઓ જો મને આજ્ઞા કરે તો તેમની કૃપાથી આ બધું કામ સહેજે થઈ શકશે." ૨૫. ત્યારે ભાવનગર નરેશ દાદા ખાચરના આ શબ્દ સાંભળતા રહ્યા. પછી તેમણે કહ્યું કે, "ભલે, સ્વામિનારાયણ ભગવાનને તમે પૂછી લો. ૨૬. તેમને પૂછીને

આ વાત અમને જણાવજો.” એમ કહીને ઠાકોર સાહેબે દાદા ખાચરની સાથે પોતાનો એક માણસ મોકલ્યો. ૨૭. દાદા ખાચર ગઢપુરમાં શ્રીહરિની પાસે આવ્યા અને ભાવનગર ઠાકોર સાહેબે કહેલી બધી જ વાત તત્પર થઈને તેમને ત્યાં કહી. ત્યારે શ્રીહરિએ કહ્યું, **“એમાં નિર્દોષ મનુષ્યો મરે છે. માટે આ સમાધાનનું કામ અત્યારે ધર્મનું કામ છે એમ જાણીને તમે કરો અને ઠાકોર સાહેબને તે બાબતનો સંદેશો આપો.** ૨૮-૨૯. સમાધાનના લખાણની સાથે એક સો માણસો અહીંયાં મોકલે અને એ બધા જ્યારે આવે તે પછી જ તમારે આ કામ કરવું.” ૩૦.

પછી શ્રીહરિની આજ્ઞા મુજબ દરબાર દાદા ખાચરનો સંદેશ ભાવનગર નરેશ વજેસિંહને મળ્યો, અને તેણે સમાધાન માટેનો પત્ર લખી આપ્યો. ૩૧. પછી સો સવારોની સાથે તે સમાધાનનો પત્ર મોકલ્યો, તે પત્ર લઈને સહુ મળી ગઢપુર આવ્યા. પછી શ્રીહરિની આજ્ઞા લઈને દાદા ખાચરે બીજા ચાલીશ સવારોને સાથે લીધા. ૩૨. સહુ મળીને સાણાના ડુંગરમાં જ્યાં જોગીદાસ ખુમાણ વગેરે બહારવટિયા રહેતા હતા ત્યાં ગયા. તેમણે પાસે આવતા જ દાદા ખાચરને ઓળખ્યા. પછી ભમોદરાના ઓઘડ ખુમાણને દાદા ખાચરે તે સમાધાનનો પત્ર આપ્યો. પછી સહુ મળી રાજકોટ ગયા ને ત્યાં મિસ્ટર બ્લેઈન સાહેબને મળ્યા અને સમાધાનની બધી શરતો કહી. ૩૩-૩૪.

તેમણે તે બધી શરતોને અનુસારે સમાધાનનો લેખ મુંબઈ સરકાર પાસે મોકલ્યો. અને ત્યાં આ બધી શરતો મંજૂર કરાવી. આ રીતે **દરબાર દાદા ખાચરે બહારવટે નીકળેલા ખુમાણ દરબારોનું ભાવનગર ઠાકોર સાહેબની સાથે સમાધાન કરાવ્યું. તેનાથી શ્રીહરિ તેમના ઉપર ઘણા ખુશી થયા.** ૩૫-૩૬. વળી ભાવનગર ઠાકોર સાહેબ વજેસિંહજી પણ સમાધાનમાં દાદા ખાચરનાં કુનેહ ભરેલાં કામ જોઈને ઘણા પ્રસન્ન થયા અને દાદા ખાચરનો ઉપકાર માન્યો. ૩૭. પછી જ્યારે મોટા યોગાનંદ સ્વામીનો જોગ થયો ત્યારે તેનાથી ભમોદરાના ઓઢા ખુમાણ વગેરેનો ભવરોગ ટળી ગયો. ૩૮. ઓઘડ ખુમાણ આદિક વાળાકના દરબારોને સત્સંગ થયો ને તે બધા સદ્‌ગુણોની

ખાણ બની ગયા અને તેના બધા જ દુર્ગુણ દૂર થઈ ગયા. ૩૯. તે બધા નિયમ ધારી દૃઢ નિશ્ચયવાળા પાકા સત્સંગી થયા અને રાત-દિવસ પ્રગટ પુરુષોત્તમને ભજવા લાગ્યા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "દાદા ખાચરે ભાવનગર નરેશ અને ખુમાણોનું સમાધાન કરાવ્યું" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૮

ગઢપુરમાં શ્રીહરિ અને ભાવનગર નરેશનું મિલન તથા સદ્‌બોધ

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી દરબાર દાદા ખાચરને પ્રેમથી અમૃતમય શ્રીહરિચરિત્રની કથા સંભળાવે છે તે વાત હું કહું છું. ૧. દાદા ખાચરે જે સમાધાન કરાવ્યું તે ઋણને ચૂકવવા તેના પ્રેમથી એકવાર ભાવનગર ઠાકોર સાહેબ ગઢપુર આવ્યા. ૨. શ્રીહરિએ આ વખતે વજેસિંહજી ઠાકોર સાહેબના દરજ્જા પ્રમાણે તેમનું ઘણું સ્વાગત કરાવ્યું. ૩. જ્યારે ઠાકોર સાહેબ દાદા ખાચરના દરબારમાં આવ્યા ત્યારે શ્રીહરિવર પણ તેમની સન્મુખ ગયા. ૪. છડીદારોએ છડી પોકારી અને તે વખતે ત્યાં જય જયકાર થઈ ગયો. પછી શ્રીજીમહારાજે ઠાકોર સાહેબનો હાથ પકડ્યો અને તેમને દરબારગઢમાં સાથે લઈ ગયા. ૫. ગુલાબનો હાર પહેરાવ્યો અને બિછાવેલી એક પાટ ઉપર પોતાની પાસે બેસાર્યા. તે વખતે એક ચારણ ભક્ત હતો તેણે બ્રહ્માનંદ સ્વામીનો રચેલો છંદ ગાયો. ૬.

※ ચારણે શ્રીહરિના મહિમાનો છંદ લલકાર્યો :

छंद :

अवतार अनेक लिये अविनाशिय, लाख अबे लयसी;
सहजानंद रूप अनूप सबेहिय व्यापक, रूप रचो विलसी;
नित निमित्त रूप अनूप निरंजन लाडुय, ताहिकी ओट लही;
अति आनंद कंद मुनींद आराधत सो सहजानंद रूप सही...०७

જે અવિનાશી પ્રભુ શ્રીહરિએ અનેક અવતારો લીધા છે અને હજી પણ લાખો અવતારો ધરશે. વળી, જે સહજાનંદ સ્વામીએ સહુના હૃદયમાં વિલસી રહેલું પરમ અનુપમ વ્યાપક સ્વરૂપ ધાર્યું છે. આ સર્વ વ્યાપક નિત્ય સ્વરૂપ અને કાંઈક નિમિત્તે ધારેલું અવતારરૂપ તે બંને માયારહિત દિવ્ય અનુપમ છે. લાડુદાન કહે છે, એ સ્વરૂપોનું અવલંબન લઈને મોટા મોટા મુનિઓ પણ જેની આરાધના કરે છે તે પોતે આ સહજાનંદ સ્વામી પ્રગટ સત્ય સ્વરૂપ છે. ૭. આ જે સહજાનંદ સ્વામી છે તેમણે જ મત્સ્ય, કચ્છ અને વરાહાદિક અવતારો ધાર્યા હતા. તેમણે જ નરસિંહ રૂપ ધારણ કરીને દુષ્ટ હિરણ્યકશિપુને માર્યો હતો. તેમણે જ વામન સ્વરૂપ ધારણ કરીને ત્રણ પગલામાં ત્રિલોકી લઈ લીધી હતી. વળી તે જ ફરશી ધારણ કરનારા પરશુરામ થયા હતા અને તે જ રઘુપતિ રામચંદ્ર થયા કે જેનો જય જયકાર કહેવાય છે. અને આ જ શ્રીહરિ શ્રીકૃષ્ણ, બુદ્ધ અને કલ્કિરૂપે થાય છે. તેનો જો મેળાપ થાય તો સંસારનો ભ્રમ ટળે છે. લાડુદાન કવિ આવા કેટલાક અવતાર કહે ? પણ તે બધાયનું કારણ આ પ્રગટ સહજાનંદ મને મળી ગયા છે. માટે મને તો તે સર્વે સ્વરૂપની પ્રાપ્તિ આ સહજાનંદ સ્વામી મળવાથી થઈ ગઈ છે. ૮.

ભાવનગર ઠાકોર સાહેબ ચારણી શૈલીના છંદને સમજવામાં નિષ્ણાત હતા. એટલે તેઓ આ ઉપરના છંદોનો બધો અર્થ તરત જ સમજી ગયા. ૯. અને એટલે જ શ્રીહરિનો મહિમા તેમને ઘણો સમજાયો. ત્યાર પછી શ્રીહરિએ તેમને એમ કહ્યું કે, “અમે આ ગઢપુરમાં પૂરા પચ્ચીશ વર્ષથી રહીએ છીએ. ૧૦. પરંતુ તમારા રાજ્યને કોઈ જાતનું નુકશાન થાય એવું કોઈ કામ અમે કર્યું નથી. અમારા સંતોએ આપેલા શુભ ઉપદેશથી જ સમાજમાં દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર આદિક અનેક દૂષણ છૂટી ગયાં છે અને અનેક મનુષ્યો સદાચારમય જીવન જીવી રહ્યા છે. આવા પવિત્ર ઘણા જ ભક્ત થયા છે. ૧૧-૧૨. ભગવાનમાં અતિ સ્નેહવાળા આ અમારા સંતો તથા આ દાદા ખાચર જેવા ભક્તો આજ સુધી બ્રહ્માંડમાં ક્યારેય થયા નથી. ૧૩. ઠાકોર સાહેબ ! આવો જે અમારો સત્સંગ છે તે જ આપના રાજ્યની શોભા છે. આ દાદા ખાચરે બધી જ જાતની તકરાર મટાડી દીધી છે. ૧૪.

આ દાદા ખાચરે ઘણી મહેનત કરીને ખુમાણ દરબારો તથા તમારા બંનેમાં પરસ્પર સારું સમાધાન ઘણા ભાવથી કરાવ્યું છે. ૧૫. કેટલાક લોકો અમારી બાબતમાં આપની આગળ એવું બોલે છે કે, સહજાનંદ સ્વામી ગઢડામાં રહે છે અને તેમણે હથિયાર રાખવા માટે કોઠો બનાવ્યો છે. આવી વાત કરીને આપને ભરમાવ્યા છે. પરંતુ અમે તો અહીંયાં શ્રીગોપીનાથજી મહારાજનું મંદિર બનાવ્યું છે. ૧૬-૧૭. અરે, અમે કેટલાક દેવીપૂજક જ્ઞાતિ જેવા લોકોને પણ વૈષ્ણવ બનાવ્યા છે. અમે આપના રાજ્યથી વિરુદ્ધ કોઈ પણ પ્રવૃત્તિ ક્યારેય કરતા નથી. ૧૮. જેનાથી રાજ્યની પુષ્ટિ થાય એવી પ્રવૃત્તિ અમે કરીએ છીએ. ખુદ આપ પોતે જ બધું જુઓ. પછી જે તમને સાચું લાગે તે અમને કહેજો." ૧૯.

❋ વજેસિંહજીએ શ્રીહરિ પાસે ક્ષમાયાચના કરી :

શ્રીહરિના આવા શબ્દો સાંભળી વજેસિંહજી ઠાકોર બે હાથ જોડીને બોલ્યા, "પ્રભુ ! અત્યારે મારો આત્મા એમ કહે છે કે આપ તો પરમાત્મા છો. ૨૦. એટલા માટે તો મહારાજ આપનું દિલ દરિયા જેવું વિશાળ છે. મેં જાણે-અજાણે આપનો અપરાધ કર્યો હોય, તે આપ મને ચોક્કસ ક્ષમા કરજો, જો ક્ષમા નહિ કરો તો મને દિલમાં ઘણો જ ખેદ રહેશે. વળી આ દરબાર દાદા ખાચરને અમારી રાજ્ય સત્તા તરફથી કાંઈક દુઃખ સહન કરવું પડ્યું હોય, તો તે બાબતમાં પણ હું આપની ક્ષમા માંગુ છું. અત્યારે આ મંદિર જોઈને મારું દિલ ઠરે છે." પછી શ્રીહરિએ તેમને યોગ્ય સુંદર ભેટો આપી. ૨૧-૨૩. મીઠાઈ ભરેલા બે થાળ તેમને ભેટ આપ્યા. પછી શ્રીહરિ તેમને મંદિર ઉપર લઈ ગયા અને ત્યાં શ્રીગોપીનાથજી મહારાજનાં દર્શન કરાવ્યાં. ૨૪.

આ ભાવનગરના ઠાકોર વજેસિંહજી મહારાજે પાર્ષદ ભગુજીનાં ઘણાં વખાણ સાંભળ્યાં હતાં અને તેની શૂરવીરતાની ઘણી વાતો પોતાને કાને સાંભળી હતી. ૨૫. એટલા માટે જ્યારે તે સભામાં આવ્યા ત્યારે સુજ્ઞ ઠાકોર સાહેબે ભગુજીને સભામાં બોલાવ્યા. જ્યારે તેમનાં શરીર ઉપર હથિયારોના ઘાવ જોયા ત્યારે રાજી થઈને તેમનાં વખાણ કર્યાં. ૨૬.

પછી તેમની શૂરવીરતા માટે તે ભગુજીના માથે પાઘડી બંધાવીને પુરસ્કાર આપ્યો. ૨૭. પછી ઠાકોર સાહેબે શ્રીહરિને ભાવનગર પધારવાનું આમંત્રણ આપ્યું અને તેઓ પાછા ભાવનગર ગયા. ત્યાર પછી શ્રીહરિએ **વિ.સં.૧૮૮૫ના વર્ષની આનંદકારી વસંતપંચમી** આવી, તેનો ઉત્સવ ગઢપુરમાં કર્યો અને સહુને અત્યંત સુખ આપ્યું. ૨૮-૨૯. બધા જ પ્રદેશોમાંથી હરિભક્તો આવ્યા હતા, તે બધા અત્યંત સુખી થયા. ફાગણ સુદિ એકાદશીના દિવસ સુધી શ્રીહરિ ગઢપુરમાં રહ્યા. ૩૦.

❋ શ્રીહરિ વિચરણ કરતાં કરતાં વડતાલ પધાર્યા :

ફાગણ સુદિ બારશને દિવસ પારણા કરી શ્રીહરિ તત્કાળ વડતાલ જવા નીકળ્યા. સખાઓ, પાર્ષદ તથા સંતમંડળો, એ સહુને મહારાજાધિરાજ શ્રીહરિ સાથે લઈને ચાલતા થયા. ૩૧. રસ્તામાં જ્યાં હરિભક્તોનાં ગામ આવતાં હતાં ત્યાં રાત રોકાતા હતા. રસ્તાના ગામમાં હરિભક્તોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ **બુધેજમાં** આવીને રાત રહ્યા. ૩૨. પછી ત્યાંથી સવારે શ્રીહરિ ચાલ્યા તે **ઈંદ્રણજ** ગામ ગયા. ત્યાં વાંક નામનું તળાવ છે. શ્રીહરિ તળાવ કિનારે હતા ત્યારે ત્યાં ચાર સો જેટલી ગાયો શ્રીહરિનાં દર્શન કરીને એકદમ ઘણી પ્રેમાતુર થઈ ગઈ. ૩૩. તેમાંથી નવ ગાયો તો પોતાનું પૂંછ ઊંચું ચડાવી દોડીને જ્યારે મહાપ્રભુની સમીપે આવી, ત્યારે તેને દેખીને શ્રીહરિ બોલ્યા કે, “બધા ઘોડેસવારો સાથે ભેળા રહેજો.” ૩૪. જ્યારે બધા ઘોડેસવારો એકઠા થયા ત્યારે તે નવેય ગાયો શ્રીહરિની પાસે આવી. પ્રવીણ શ્રીહરિ બધા ઘોડેસવારોની સાથે ઊભા રહ્યા. તે નવે ગાયોએ શ્રીહરિ સહિત સહુની સાત પ્રદક્ષિણા કરી. ૩૫. પછી ધર્મપુત્ર શ્રીહરિએ હાથ ઊંચો કર્યો. તેથી તે ગાયો તત્કાળ ધણમાં ચાલી ગઈ. આ આશ્ચર્ય જોઈને ગોવાળ બોલ્યા કે, “આમાં કોઈ મોટા પુરુષ છે.” ૩૬. આવાં મધુર વચન કહીને ગોવાળોએ સ્વામિનારાયણને ભગવાન જાણી વંદન કર્યાં. પછી તેઓ ગયા.

પછી ધર્મપુત્ર શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **હાડેવા** ગામ જઈને ત્યાં રાત રહ્યા. ૩૭. ત્યાંની ખળાવાડમાં જઈને ઉતારો કર્યો. તે ગામના બધા લોકો

દર્શન કરવા આવ્યા. અને સહુએ મનભાવતી ચીજો લાવીને શ્રીહરિની સેવા કરી. ૩૮. પછી ત્યાંથી ભક્તિના લાલ શ્રીહરિ સવારમાં ચાલ્યા તે **અલિંદ્રા** થઈને **પલાણા** ગામ ગયા. પછી ત્યાંથી **વસો** થઈને સહુને દર્શન દેતાં દેતાં પ્રભુજી **વડતાલ** પધાર્યા. ૩૯. તે દિવસે સં.૧૮૮૫, ફાગણ સુદ-પૂનમની તિથિ હતી. શ્રીહરિના આવવાથી વડતાલવાસી બધા ભક્તો ખૂબ જ આનંદ પામ્યા. ધામધૂમથી વડતાલમાં આવીને પ્રિયતમ શ્રીહરિએ હરિમંડપમાં ઉતારો કર્યો. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગઢપુરમાં શ્રીહરિ અને ભાવનગર નરેશનું મિલન તથા સદ્‌બોધ" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૬૯

દીનાનાથ ભટ્ટને ચોરોએ લૂંટ્યા અને શ્રીહરિનું વડતાલથી ભાવનગર જવા પ્રયાણ

પછી શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કર્યાં અને બપોરે જમ્યા પછી થોડીવાર સૂતા. 'હુતાશનીનો સારો ઉત્સવ થશે' એમ જાણીને અપાર ભક્તજનો આવ્યા હતા. ૧. બીજે દિવસ ફૂલદોલનો ઉત્સવ કર્યો અને તેમાં સહુએ લાભ લીધો. તે સમયે ત્યાં શ્રીહરિએ દીનાનાથ ભટ્ટને શિરપાવ આપ્યો. ૨. દીનાનાથ ભટ્ટ તે બધો શિરપાવ લઈ ઘેર જતા હતા. ત્યાં રસ્તામાં ચોર મળ્યા. તે કોળી લોકોએ કહ્યું, "એ બ્રાહ્મણ ! તું અમને ભાંગ આપ." ૩. ત્યારે ધ્રૂજતાં ધ્રૂજતાં ભટ્ટજી બોલ્યા, "હું ભાંગ ખાતો નથી." ત્યારે એક કોળી બોલ્યો કે, "તેની પાસે જે વસ્તુ હોય તે લઈ લો. આ તો આંકડા ઉપરનું મધ છે." ૪. પછી તેનો જે થેલો હતો તે આંચકી લીધો અને દીનાનાથ ભટ્ટને ઘણો ત્રાસ આપ્યો. જ્યારે ભટ્ટની માથા ઉપરથી પાઘડી પડી ગઈ ત્યારે રડતાં અને આજીજી કરતાં તે બોલ્યા, "મને દુર્બળ બ્રાહ્મણ

જાણીને તથા ગરીબ માનીને જે કાંઈ મારું લીધું હોય તે પાછું આપી દો.” ત્યારે તે કોળી કહે, ‘હું તને ઓળખું છું. તું સહજાનંદ સ્વામીને બહુ ઠગે છે.’ ૫-૬. આવું બધું બોલીને ચોર જતા રહ્યા.

ત્યાર પછી દીનાનાથ ભટ્ટ પાછા વડતાલ આવ્યા અને શ્રીહરિને બધા સમાચાર કહ્યા. ત્યારે ઉદાર શ્રીહરિએ તેમને ધીરજ આપી. ૭. શ્રીહરિએ તે ચોરોની તપાસ કરવા માટે નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી, બંનેને રાખ્યા. (આ બંને સંતોએ જોબન પગી દ્વારા આ કામ પાર પાડ્યું.) પછી શ્રીહરિએ બીજા બધા હરિભક્તોના સંઘને જવા માટે રજા આપી અને પોતે પણ ત્યાંથી નીકળવા માટેની તૈયારી કરી. ૮. સાથે પાર્ષદો તથા થોડાક ઘોડેસવારો લઈને ચાલવાનો વિચાર કર્યો. ત્યારે નિત્યાનંદ સ્વામીએ તે સમયે વિચાર કર્યો કે, ‘શ્રીહરિ જાય છે પણ તેમને માટે થાળ કોણ કરશે ? ૯. રસ્તામાં ભક્તપતિ શ્રીહરિ તો જલદી ચાલશે અને મુકુંદાનંદ વર્ણી વૃદ્ધ થયા હોવાથી સાથે પહોંચી શકશે નહીં. એટલા માટે બીજા કોઈને મોકલીએ કે જે રસ્તામાં ઉતાવળા ચાલી શકે.’ ૧૦.

આમ વિચારીને નિત્યાનંદ સ્વામીએ પોતાના શિષ્ય શૂન્યાતીતાનંદ સ્વામી તથા સુખ-દુઃખાદિ દ્વંદ્વથી રહિત વૈકુંઠાનંદ વર્ણી ઈત્યાદિ ચાર જેટલા સંતોને શ્રીહરિની સાથે જવા માટે તૈયાર કર્યા. ૧૧. સમગ્ર વિશ્વના આધાર પ્રભુ શ્રીહરિ વડતાલથી વિદાય લઈને ચાલ્યા, તે **સિંજીવાડા** જઈને રાત રહ્યા. ત્યાંના પ્રેમીભક્ત પ્રભુદાસ બારોટ વગેરે શ્રીહરિની પાસે આવ્યા, તથા પાટીદાર રખીભાઈ આદિક ભક્તો દોડી આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા અને રસોઈ કરાવી. ૧૨-૧૩. વૈકુંઠાનંદ વર્ણીએ થાળ કર્યો અને શ્રીહરિ જમ્યા. તે પછી સહુ ભોજન કરી શ્રીહરિની આગળ આવીને બેઠા. ૧૪. બુદ્ધિશાળી બારોટોએ પંડિતની જેમ શ્રીહરિને પ્રશ્નો પૂછ્યા. કરુણાનિધાન શ્રીહરિએ તેના ઉત્તર આપી તેમના બધા સંશય ટાળ્યા. ૧૫. પછી પ્રભુદાસ બારોટે સ્તુતિ કરતાં કહ્યું, “અહો, હે નાથ કૃપાનિધિ ! આપ તો અક્ષરાતીત પરમ વિચક્ષણ અને જગતના આધાર છો. તો હે જગત્‌ના સ્વામી ! આપનો જય થાઓ...જય થાઓ...” ૧૬.

આ રીતે સ્તુતિ કરી. શ્રીહરિ સિંજીવાડામાં રાત રહ્યા. પછી સવારે તૈયાર થઈને ચાલ્યા. સુખદાયક શ્રીહરિ બપોરે **ગલિયાણા** જઈને સાથવો જમ્યા. ૧૭. ત્યાંથી **જાખડા** જઈને રાત રહ્યા. સવારમાં ઊઠીને **પીપળી** ગામ આવ્યા. બહુનામી પ્રભુ પછી **ધોલેરા** ગયા અને ત્યાં મદનમોહનજી મહારાજનાં દર્શન કર્યાં. ૧૮. પૂજાભાઈ આદિક સહુ પ્રેમી હરિભક્તો પરિવાર સાથે મંદિરમાં આવ્યા. પ્રેમથી પ્રભુને પ્રણામ કર્યા અને સહુને ભોજન આદિ કરાવ્યાં. ૧૯. સહુ હરિભક્તોના હૃદયમાં શ્રીહરિના પધારવાથી હરખ સમાતો ન હતો.

સહુએ શ્રીહરિનાં દર્શનને દુર્લભ માન્યાં. બીજે દિવસ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **નાવડા** આવ્યા અને ત્યાં સહુની સાથે બપોરે જમ્યા. ૨૦. પછી ત્યાંથી નીકળીને **કારિયાણી** જઈ રાત રોકાયા. ત્યારે ત્યાંના ભક્તોને અત્યંત આનંદ થયો. વસ્તા ખાચરના દરબારમાં પ્રાણઆધાર પ્રભુ ઊતર્યા. ૨૧. શૂન્યાતીતાનંદ સ્વામીએ સારી રીતે ઘણા પ્રેમથી થાળ કરાવ્યો. તે થાળ વૈકુંઠાનંદ વર્ણીએ કર્યો અને ભક્તોના જીવન જેવા ભક્તપ્રતિપાલક શ્રીહરિ તે જમ્યા. ૨૨.

⁕ શ્રીહરિએ ભાવનગર જવાનું નક્કી કર્યું :

પછી બહુનામી શ્રીહરિ સ્વયં બોલ્યા કે, "શૂન્યાતીતાનંદ સ્વામી ! તમે સાંભળો. આ બાજુ જેટલા મોટેરા કાઠી દરબારો છે તે સહુને અહીં કારિયાણી બોલાવો." ૨૩. પછી સ્વામીએ એક સત્સંગીને બોલાવવા માટે મોકલ્યા. તેઓ બધા ઉત્સાહી દરબારોને બોલાવી લાવ્યા. નટવર શ્રીહરિએ તે કાઠી દરબારોની આગળ કહ્યું કે, "અમારે ભાવનગર જવું છે." ૨૪. ત્યારે દરબાર દાદા ખાચર અને સુરા ખાચરે ઘણા ભાવથી કહ્યું, "હે મહારાજ ! થોડા ઘોડેસવાર અને થોડા સંતો સાથે હોય તો ત્યાં જવું તે યોગ્ય ન કહેવાય." ૨૫. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "કોઈ ઘોડેસવાર ગઢપુર જાઓ અને બધા સંતોને સંભળાવો કે તમામ ભાવનગર આવે. ૨૬. કુંડળ, સારંગપુર આદિ બધા ગામમાં માણસ મોકલો અને જે શૂરવીર કાઠીસવાર

હોય તે બધાને અહીં બોલાવો." ૨૭. આમ શ્રીહરિના શબ્દને સાંભળીને બે ઘોડેસવાર રાત્રે જ ગઢપુર ગયા અને સંતોને કહ્યું કે, "તમે સહુ તૈયાર થઈને ભાવનગર જાઓ. ૨૮. જ્યારે શ્રીહરિ ભાવનગર આવે ત્યારે તમારે સહુએ જઈને ત્યાં તેમને મળવું."

ત્યારે તે વાત સાંભળી બધા સંતો શ્રીહરિને પોતાના દિલમાં ધારીને ચાલ્યા. ૨૯. અલૈયા કહર અને સુરા ખાચર, તે બંનેના હૃદયમાં ઘણો પ્રેમ હતો. તે બંને ઘોડેસવાર થઈ નીકળ્યા ને સત્સંગીઓના ગામમાં ગયા અને બધા ઘોડેસવાર કાઠીઓને બોલાવી લાવ્યા. ૩૦. શૂન્યાતીતાનંદ સ્વામીએ તે વખતે સાથે લેવા કાંઈક ભાતું તૈયાર કરવાનો વિચાર કર્યો. વળી શ્રીહરિના થાળને માટે પણ સીધાં-સામાનનો વિચાર કર્યો. ૩૧. જ્યારે તે વાત શ્રીજીમહારાજે જાણી ત્યારે સંતોના પ્રત્યે બોલ્યા, "ભાતું અને સીધાંની શી જરૂર છે ? તે તો ગામે ગામ તૈયાર જ હોય છે. **જો સંતો સંતોના ધર્મને પાળે તો અન્ન તો સામે આવીને હંમેશાં તેને મળશે. કેમ જે, નવનિધિ અને અષ્ટસિદ્ધિ ધર્મમાં રહી છે.** ૩૨-૩૩. **જેટલું ભાતું જોઈએ તેટલું લો. બીજી બધી ચિંતા છોડી દો. અમે જે કહીએ છીએ તે તમે હૃદયમાં માનો. બધું સુખ સ્વધર્મમાં જ રહ્યું છે, તેમ તમે જાણો.** ૩૪. **સદ્ધર્મ પાળનાર હંમેશાં મિષ્ટાન્ન પામે છે અને જે અધર્મી છે તે સદાય દુઃખી દેખાય છે."** ત્યારે શૂન્યાતીતાનંદ સ્વામીએ શ્રીહરિની આવી સ્પષ્ટ વાત સાંભળીને શ્રીહરિ માટે રીતિ અનુસારે થોડું ભાતું રાખ્યું.

પછી પ્યારા શ્રીહરિ સવારમાં ઊઠીને ત્યાંથી ચાલતા થયા, તે **રોહિશાળા** જઈને રાત રહ્યા. ત્યારે ત્યાંના હરિભક્તો બધા ખૂબ જ હર્ષ પામ્યા. ૩૫-૩૬. ઓઝા લક્ષ્મીરામ વિપ્રને ઘેર શ્રીહરિ ઊતર્યા. કુંડળ આદિ ગામોના બધા કાઠી ત્યાં આવીને ભેળા થયા. ઢાલ અને તલવારવાળા બધા કાઠીસવારોને દેખીને કાળા જમ પણ ડરી જતા હતા. ઘોડાની હણહણાટીથી બધા માર્ગો ધમધમી રહ્યા હતા. ૩૭-૩૮. લક્ષ્મીરામ ઓઝાએ સહુની ઘણી સેવા કરી. રસોઈ બનાવીને સૌને જમાડ્યા. પછી અવિનાશી શ્રીહરિની પૂજા કરી અને ઘણા ભાવથી આગળ ભેટ મૂકી. ૩૯. બધા ભક્તોએ

પોતાનાં મહાન ભાગ્ય માન્યાં. બરાબર મોકો જાણી રોહિશાળાના સહુ ભક્તોએ ઉમંગ અને ભક્તિભાવથી શ્રીહરિ તથા સંતો-ભક્તોની ખૂબ જ સેવા કરી. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "દીનાનાથ ભટ્ટને ચોરોએ લૂંટ્યા અને શ્રીહરિએ વડતાલથી ભાવનગર જવા પ્રયાણ કર્યું" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ||૬૯||



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૦

લક્ષ્મીરામને રાજી કરીને શ્રીહરિ ભાવનગર પધાર્યા

શ્રીહરિ જેને પોતાના ગુરુ માનતા હતા, તે મુક્તાનંદ સ્વામી દરબાર દાદા ખાચરને પ્રેમથી શ્રીહરિની કથા વર્ણવીને સંભળાવે છે. ૧. લક્ષ્મીરામ ઓઝા કેવા હતા ? તેની વાત હું કહું છું. તેઓ પોતે એકવાર સત્સંગમાં પ્રસિદ્ધ એવા ડભાણના યજ્ઞમાં જવા માટે તૈયાર થયા. ૨. ત્યારે તેમની પાસે કશું જ ન હતું. તેથી ખર્ચી તથા શ્રીહરિને ભેટ ધરવા માટે ઘર-અન્ન આદિ વેચી નાખ્યું. તેના સોળ રૂપિયા આવ્યા. તે લઈને ડભાણ ગયા અને યજ્ઞમાં જઈને શ્રીહરિને તે અર્પણ કર્યા. ૩.

જ્યારે શ્રીહરિએ અંતર્યામીપણે આ જાણ્યું કે, આ ભૂદેવ ઘર વગેરે વેચીને આ સોળ રૂપિયા લાવ્યા છે. તેથી સભામાં સંતો તથા હરિભક્તો આગળ વાત કહી કે, 'તમે આ ભક્ત લક્ષ્મીરામને પ્રત્યક્ષ જુઓ. આ બ્રાહ્મણે પોતાનું ઘર વેચી દીધું. ૪. **અને તે ઘર વેચીને જે પૈસા આવ્યા તે તેણે આ યજ્ઞ માટે લાવીને અમને અર્પણ કર્યા છે. તેનાથી આ યજ્ઞ પરિપૂર્ણ થઈ ગયો જાણો. હવે પૈસાની ખેંચ રહેશે નહીં.'** ૫. અંતર્યામી શ્રીહરિની વાત સાંભળીને સહુને ઘણું સુખ થયું. પછી ડભાણના યજ્ઞમાંથી લક્ષ્મીરામ ઓઝા જ્યારે પોતાને ગામ ઘેર ગયા ત્યારે શ્રીહરિના રાજીપાથી તેમને ઘણું જ ધન મળ્યું. ૬.

✻ શ્રદ્ધાથી કરેલું જ સાર્થક થાય છે :

લક્ષ્મીરામની શ્રદ્ધા ખૂબ સરસ હતી. બધા લોકો પરસ્પર તેનાં વખાણ કરતા. જો કોઈ શ્રદ્ધાથી કામ કરવામાં આવે તો તેનાથી ઘનશ્યામ પ્રભુ પ્રસન્ન થાય છે. ૭. જે ભક્તજન મનમાં શ્રદ્ધા રાખે છે તે જ ઉત્તમ ભક્ત ગણાય છે. વગર શ્રદ્ધાએ જે પૂજન કરે છે તેને તેનું પૂરું ફળ મળતું નથી. ૮. શ્રદ્ધા વિના કરેલો જપ તો મજૂરોએ કરેલી રાજાની વેઠ જેમ બોજરૂપ છે. શ્રદ્ધા વિના કરેલો ઉપવાસ પણ ઢોરલાંઘણ જેવો માનવો. ૯. માણસ શ્રદ્ધા વિના જો ઝાઝું દાન આપી દે તો પછીથી તેને તેનો બહુ પસ્તાવો થાય છે. તેથી તેવા શ્રદ્ધા વિના કરેલાં દાન-પુણ્યનું તેને આ લોક અને પરલોકમાં બહુ ફળ મળતું નથી. ૧૦.

चोपाई :

जो होवे पास धन अनेका, तथापि श्रद्धा न होवे छेका;
धर्मार्थ उससे खर्च हो कैसे, लूंटात वो मधुमखी जैसे...११
कीर्ति काज करत है धर्म कर्म, पुनि जानत है उपकार धर्म;
यह लोक में तेह कीर्ति पावे, नहीं कदापि हरिधाम जावे...१२
श्रद्धा से क्या न हो सकता है, श्रद्धा से सब कुछ होता है;
श्रद्धालु भक्त निज देह गेहा, अर्पत प्रभु कु महिमा से तेहा...१३
श्रद्धालु अच्छे द्विज लखीरामा, दीना प्रभु कु घर बिक दामा;
तब श्रीहरि बहु मान लियेऊ, बदले में फल अचल दियेऊ...१४

પોતાની પાસે ઘણું ધન હોય પણ જો શ્રદ્ધા બિલકુલ ન હોય, તો તેનાથી ધર્મને માટે પણ ખર્ચ કેમ કરાશે ? અર્થાત્ ધર્મને માટે પણ નહિ વપરાય. અંતે મધમાખીની જેમ તેણે ભેળું કરેલું ધન લૂંટાઈ જશે. ૧૧. કોઈ મનુષ્ય કીર્તિને માટે થઈને દાનાદિક ધાર્મિક કામ કરે અને તે કાર્યને બીજા ઉપર 'મેં ઉપકારધર્મ કર્યો' એમ માને છે, તો તે માણસ આ લોકમાં કીર્તિને પામે છે. પરંતુ તે ભગવાનના ધામમાં ક્યારેય જઈ શકતો નથી. ૧૨. શ્રદ્ધાથી શું ન બની શકે ? શ્રદ્ધાથી બધું જ થઈ શકે છે. શ્રદ્ધાવાળો ભક્ત મહિમાથી પોતાનો દેહ અને ઘર વગેરે પ્રભુને અર્પણ કરી દે છે. ૧૩.

વિપ્ર લક્ષ્મીરામ ઓઝા એવા ઘણા શ્રદ્ધાળુ હતા. તેણે પોતાનું ઘર વેચીને તે પૈસા પ્રભુ શ્રીહરિને આપ્યા. તે દાનને શ્રીહરિએ ઘણું માન્યું અને તેના બદલામાં તેને આ લોકમાં ધન-ધાન્યાદિ અને અંતે અવિચળ અક્ષરધામરૂપી ફળ આપ્યું. ૧૪.

પછી શ્રીહરિ રોહિશાળા ગામથી **વલ્લભીપુર** જવા ચાલ્યા. ત્યાં ઘેલા નદીમાં સ્નાન કરી રહ્યા હતા ત્યારે ત્યાંના રાજા ગોહિલ હરભમજી સવારી લઈને સામે આવ્યા. ૧૫. તેમણે સન્માન કરી શ્રીહરિને પ્રેમથી પોતાના ગામમાં પધરાવ્યા. ઉત્સાહથી દરબારમાં રસોઈ કરાવી અને સહુને ખૂબ સારી રીતે જમાડ્યા. ૧૬. વસ્ત્ર તથા ઘરેણાંથી શ્રીહરિની પૂજા કરી અને ભૂમિનું દાન આપ્યું. પછી તેમણે મૂર્તિ હૃદયમાં ધારી ઘણા હેતથી શ્રીહરિની સ્તુતિ કરી. ૧૭. રાજાની સ્તુતિ સાંભળીને ભગવાન શ્રીહરિએ તેમને વરદાન આપ્યાં.

પછી સુખની ખાણ જેવા સંતોના પતિ શ્રીહરિ બીજે દિવસ ત્યાંથી **વરતેજ** ગયા. ૧૮. નદી અને ગામથી પશ્ચિમ તરફના ભાગમાં શ્રીહરિએ બધી નિત્ય ક્રિયા કરી. વૈકુંઠાનંદ વર્ણીએ ટીમણ આપ્યું, તે શ્રીહરિ જમ્યા. ૧૯. શ્રીહરિ જ્યારે ભાવનગર જતા હતા ત્યારે તે સ્થળે બધાં સંતમંડળ આવીને મળ્યાં. ભાવનગરનું પરું વડવા છે, ત્યાં રૂપાભાઈનું ઘર છે. ૨૦. બીજા એક હરિભક્ત રાજાભાઈ હતા. તેઓ જ્ઞાતિથી ક્ષત્રિય ગરાસિયા હતા. તેમને ખબર પડી કે શ્રીહરિ આવી રહ્યા છે ત્યારે સહુ મળીને શ્રીહરિની સન્મુખ સામૈયું લઈને આવ્યા. ૨૧. ખૂબ સરસ રીતે ધામધૂમીથી શ્રીહરિ પધાર્યા ત્યારે સ્વાગત કર્યું. પછી શ્રીહરિ **ભાવનગર**માં રૂપાભાઈને ઘેર પ્રેમથી ઊતર્યા. ત્યાં વૈકુંઠાનંદ વર્ણીએ થાળ કર્યો અને સહજ આનંદના સાગર શ્રીસહજાનંદ સ્વામીએ ભોજન કર્યું. ૨૨. સંતો માટેની અલગ રસોઈ થઈ અને તે બધા જ સંતો પણ જમ્યા. શ્રીહરિએ સાંજે ત્યાં ઘણી જ્ઞાનવાતો કહી, પછી પોઢી ગયા અને સવારે ઊઠ્યા. ૨૩. ત્યાં એક લીંબડાનું ઝાડ હતું તેની નીચે શ્રીહરિને શૂન્યાતીતાનંદ સ્વામીએ સ્નાન કરાવ્યું. અત્યંત સુંદર પીતાંબર વસ્ત્ર પહેર્યાં અને પછી શ્રીહરિવરે પૂજાપાઠ આદિ નિત્યક્રિયાઓ કરી. ૨૪.

પછી શ્રીહરિએ રૂપાભાઈને કહ્યું કે, **"તમે જઈ ઠાકોર સાહેબને કહો કે શ્રીહરિ આપને મળવા માગે છે, તો તમારી પાસે ક્યારે આવે ?"** ૨૫. ત્યારે રૂપાભાઈ તત્કાળ ગયા અને ઠાકોર વજેસિંહજી મહારાજને બધી વાત કહી. ત્યારે ઠાકોર સાહેબે ઘણા હરખથી કહ્યું કે, "આવતી કાલે નક્કી મળશું." ૨૬. પછી તેમણે પ્રેમથી વંદન કહેવડાવ્યા અને ભોજન માટેનું સીધું મોકલાવ્યું. રૂપાભાઈએ ઘેર આવી શ્રીહરિને તે બધી વાત કહી. ૨૭. ત્યાં એક અવલબાઈ નામે શ્રીમાળી બ્રાહ્મણ બાઈ હતી. તે મૂળ તળાજાની અને ઘણી પવિત્ર હતી. તેને રસોઈ સારી આવડતી હતી એટલે તેણે શ્રીહરિ માટે સરસ રસોઈ કરી. ૨૮. સર્વ સુખના ધામ અને જીવનરૂપ શ્રીહરિ જમ્યા તથા બધા સંતો અને પાળાઓને પણ ત્યાં જમાડ્યા.

❋ હેતના ટેભાવાળું અંગરખું પહેરીને શ્રીહરિ પ્રસન્ન થયા :

પછી જ્યારે શ્રીહરિએ ત્યાં સભા કરી ત્યારે સુરતનો એક દરજી આવ્યો. ૨૯. તેનું નામ આત્મારામ હતું. તે ઘણું સારું દરજીકામ કરી શકતો હતો. ભક્તિનંદન શ્રીહરિનો તે અનન્ય ભક્ત હતો. તેના હૃદયમાં ભગવાન સિવાય બીજું કાંઈ ન હતું. ૩૦. તે એક અંગરખું બનાવીને લાવ્યો હતો. તે લાવીને શ્રીહરિને ભેટ આપ્યું. તેમાં ઝીણા ટેભા લઈને સુંદર વેલ વગેરે કર્યું હતું. તેથી તે અંગરખામાં જોતાં જ અદ્‌ભુતતા જણાતી હતી. ૩૧. ઘણા મહિના સુધી મહેનત કરીને તૈયાર કરેલ અંગરખું ઘણા પ્રેમથી શ્રીહરિ પાસે લાવ્યો હતો.

આ શ્રીહરિએ પહેરેલા તે અંગરખાની પ્રશંસા ભાવનગર શહેરમાં ઘણી થઈ. તે વાત ઠાકોર વજેસિંહ મહારાજ સુધી પહોંચી. ૩૨. પછી ઠાકોર સાહેબે જોવા માટે તે અંગરખું મંગાવ્યું. અને શહેરના બધા દરજીઓને બોલાવ્યા ને કહ્યું કે, "આ અંગરખા જેવું બીજું અંગરખું મને બનાવી દો. તેની કિંમત ભલે સો સોનામહોર સુધી તમે લો." ૩૩. ત્યારે તે બધા દરજી બોલ્યા કે, "અમારાથી આવું અંગરખું ક્યારેય નહિ બને. અતિશય પ્રેમના જે એમણે ટેભા લીધા છે તે અમારાથી લઈ શકાશે નહીં." ૩૪.

પછી સુરતના જે આત્મારામ દરજી હતા તેને બોલાવીને ઠાકોર સાહેબે કહ્યું, "તમે આ ભગવાન સ્વામિનારાયણને જેવું અંગરખું બનાવી દીધું છે તેવું અમારે માટે પણ કરી આપો, તો અમે તેની બદલીમાં તમને સારું ઈનામ આપીશું." ૩૫. ત્યારે તે આત્મારામ દરજીએ કહ્યું કે, "મહારાજા! સાંભળો. જે સર્વોપરિ અક્ષરાધિપતિ પ્રભુ છે તેમને માટે મેં આ અંગરખું મનમાં ઘણું હેત લાવીને બનાવ્યું છે. ૩૬.

અંતે તો મારે શ્રીહરિ પાસેથી અક્ષરધામરૂપી ઘણું મોટું ઈનામ મેળવવું છે અને એટલા માટે જ મેં આ અંગરખું બનાવ્યું છે. ૩૭. **મેં તેના એક એક ટેભા હૈયાના ઘણા હેતથી લીધા છે. તેનું ભગવાન શ્રીહરિ જેવું ઈનામ આપશે તેવું ઈનામ બીજો કોણ મને આપી શકે ?** ૩૮. તમે ખુશી થઈને મને કદાચ એકાદ ગામ આપો, તોપણ હું તે અંગરખા જેવું બીજું નહિ બનાવી શકું. કારણ કે, મને પ્રભુ શ્રીહરિમાં જેવો ભાવ છે તેવો હું ક્યાંથી લાવું ?" (એમ કહી આત્મારામ દરજી પોતાને ઉતારે ગયા.) ૩૯. ત્યારે ભાવનગરના રાજાએ મનમાં નિરાશ થઈને તે અંગરખું શ્રીહરિની પાસે પાછું મોકલી દીધું. પછી અવિનાશી શ્રીહરિ રાતે પોઢી ગયા અને સવારે જાગીને સ્નાન આદિક નિત્યક્રિયા કરી. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "લક્ષ્મીરામને રાજી કરીને શ્રીહરિ ભાવનગર પધાર્યા" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૧

વજેસિંહજીની પાસે લેખ લખાવીને શ્રીહરિ ગઢપુર પધાર્યા

જેને શ્રીહરિએ સત્સંગની માનું બિરુદ આપ્યું હતું એવા મુક્તાનંદ સ્વામી ખુદ દાદા ખાચરને શ્રીહરિનાં ચરિત્રો સંભળાવે છે. ૧. શ્રીહરિએ શૂન્યાતીતાનંદ આદિ સંતોને કહ્યું કે, "તમે બધા વરતેજ જાઓ અને ત્યાં નદીને કિનારે રસોઈ બનાવો. ૨. અમે વજેસિંહજી મહારાજને મળવા

જઈએ છીએ, તેમને મળીને ત્યાં આવશું." આમ કહીને પ્રાણપ્યારા શ્રીહરિએ સહુ સંતોને વિદાય કર્યા. ૩. ભાવનગર નરેશે શ્રીહરિને લેવા માટે મોટા અધિકારી અને ઉમરાવો સાથે સામૈયું મોકલ્યું. પછી શ્રીહરિ તેમના દરબારમાં ગયા. મહારાજાએ ઘણા પ્રેમથી શ્રીહરિને પધરાવ્યા. ૪. સ્નેહથી વંદન કરી, શ્રીહરિનું સન્માન કર્યું અને બોલ્યા કે, "હે ભગવન્ શ્રીઘનશ્યામ ! આપ ભલે પધાર્યા. મારે લાયક જે કાંઈ કામ હોય તે આપ પ્રેમથી કહો." ૫.

પછી શ્રીહરિ બોલ્યા કે, "ગઢપુરધામમાં ભગવાનનું મંદિર થઈ રહ્યું છે અને તે મંદિરમાં અમે શ્રીગોપીનાથજી મહારાજને પધરાવ્યા છે. તેનાથી ગામના બધા લોકો રાજી રાજી છે. ૬. **સાચા સંતો ત્યાં ભજન કરશે અને ઉગ્ર તપ પણ કરશે. તે ભજન તથા તપનો અમુક ભાગ રાજાને પણ મળે છે; એમ શ્રુતિ-સ્મૃતિ આદિક બધાં શાસ્ત્ર કહે છે.** ૭. પરંતુ આપના અધિકારી લોકો જ્યારે ત્યાં આવે છે ત્યારે ઘણાં વિઘ્ન કરે છે. જો મંદિરમાં આપનો રાજીપો ન હોય તો અમે તે મૂર્તિઓને ત્યાંથી ઉઠાવી લઈએ, અને તે મૂર્તિઓ બીજે ગામ જઈને પધરાવીએ. અને જો તમે હા કહો તો તે ચાલી રહેલું મંદિરનું કામ પૂરું કરીએ." શ્રીહરિના શબ્દ સાંભળીને ઘણાં મીઠાબોલા તથા નીતિના જાણકાર ગોહિલ વજેસિંહજી મહારાજ બોલ્યા કે, "પવિત્ર બુદ્ધિવાળા આપ આ શું બોલી રહ્યા છો ? આપના પ્રતાપે તો હું રાજા થયો છું. આપ મારા દેશમાં વિચરો છો અને ત્યાં મોટાં ધામ કરાવો છો. ૮-૧૦. તેનાથી અમારા દેશમાં નવનિધિ રહ્યા છે અને બધી જાતનાં સુખ તથા સંપત્તિ રહી છે." આમ કહીને દસ્તાવેજ લખનારા કારકુનને બોલાવ્યો અને રૂડી રીતે હુકમ લખાવ્યો કે, **'સ્વામિનારાયણ કોઈ પણ સ્થળે મંદિર કરે તો ત્યાં કોઈ જગ્યાએ કોઈ વિઘ્ન કરે નહીં' આમ કહી પોતાનો સિક્કો મારીને સહી કરી. પછી તે પત્ર શ્રીહરિના હાથમાં આપ્યો.** ૧૧-૧૨.

વળી, રાજાએ કહ્યું કે, "હે મહારાજ ! આપના જ પ્રતાપથી કરાયેલી સંસ્કૃત પાઠશાળા આ શહેરમાં ચાલે છે. ૧૩. તે પાઠશાળામાં બ્રાહ્મણના બાળકો શાસ્ત્રોનો અભ્યાસ કરે છે અને શહેરમાં રોજ સવારે ખાસ કરીને

વેદમંત્રોનો ઘોષ થાય છે." ૧૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, "આપમાં અને આપની પ્રજામાં તેનાથી જ ધર્મ, નીતિ અને સંસ્કાર રહ્યા છે. આ જાણીને અમને ઘણો આનંદ થયો છે." ૧૫. પછી ઠાકોર સાહેબે હાથ જોડીને કહ્યું કે, **"આપના પ્રતાપથી જ મારું રાજ્ય સંસ્કારી રહ્યું છે."** એમ કહી તેમણે ફરીથી શ્રીહરિની પૂજા કરી. ૧૬. પછી શ્યામસુંદર શ્રીહરિ રાજ્ય દરબારમાંથી ઊઠ્યા, ત્યારે ઠાકોર સાહેબ દરવાજા સુધી સાથે સાથે આવ્યા. છેલ્લે તેઓ શ્રીહરિના પગમાં પડીને પાછા ગયા અને શ્રીહરિ વરતેજને રસ્તે ચાલતા થયા. ૧૭. રૂપાભાઈ આદિક હરિભક્તો શ્રીહરિને વિદાય આપવાનું મનમાં ધારીને સાથે આવ્યા હતા.

✻ હરજી ઠક્કરની પુત્રીને તેનાં દુઃખ ટળવાનું વરદાન આપ્યું :

દાદા ખાચરના કારભારી હરજી ઠક્કરની દીકરીને વરતેજ ગામમાં પરણાવી હતી. ૧૮. તેનું **પ્રેમબાઈ** નામ હતું. તે ઘણાં સારાં હરિભક્ત હતાં. શ્રીહરિ વરતેજ પધારી રહ્યા છે તેવા ખબર તેને મળ્યા. એટલે તે બાઈ છેલ્લે પીપરનું ઝાડ હતું ત્યાં સુધી દોડતી શ્રીહરિની સન્મુખ આવી. ૧૯. ઘનશ્યામ શ્રીહરિ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે તે બાઈએ શ્રીહરિની આગળ રૂપિયા મૂકીને પ્રણામ કર્યા. તે સમયે રાજાભાઈ પાસે જે મેવો હતો તે અવિનાશી શ્રીહરિએ પોતાના હાથમાં લીધો. ૨૦. શ્રીહરિએ પ્રસાદીનો કરીને તે મેવો પ્રેમબાઈને આપ્યો, તેણે તે પ્રસાદી અતિ ઉત્સાહથી લીધી. પછી તે બાઈએ બે હાથ જોડીને કહ્યું કે, "હે નાથ ! આજ મારો જન્મ સુફળ થયો છે. ૨૧. આપના વિયોગમાં મારે અહીં રહેવું પડે છે તેને હું જમપુરી જેવું દુઃખ જાણું છું." ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે, "બધું સારું થઈ જશે, પ્રભુનું ભજન કરો, હવે તમને દુઃખ નહિ રહે." ૨૨.

જ્યારે શ્રીહરિ **વરતેજ** ગામ પધાર્યા ત્યારે ત્યાંના મેઘજી ઠક્કર સન્મુખ આવ્યા. તે પ્રેમબાઈના પતિ હતા. તેને પણ શ્રીહરિમાં અતિશય પ્રીતિ-લગની હતી. ૨૩. મેઘજી ઠક્કરે ત્યાં શ્રીહરિને રોકવા માટે આગ્રહ કર્યો પરંતુ દિવ્યમૂર્તિ શ્રીહરિ ત્યાં રહ્યા નહીં. પરંતુ વરતેજ ગામ સોંસરા નીકળીને શ્રીહરિ જ્યાં માલેસરી નદી છે ત્યાં ગયા. ૨૪. ભાવનગરથી એક અવલબાઈ

નામે હરિભક્ત બહેન હતી, તે મેવા-મીઠાઈ લઈને વરતેજ આવી. નદીને કિનારે નજીકમાં એક કાળિયો આંબો ઘણો ઊંચો અને પહોળો હતો. ૨૫. શ્રીહરિ ત્યાં તેમની મીઠાઈ જમ્યા અને તેની સહુને પ્રસાદી અપાવી. પછી વળાવવા આવેલા ભાવનગરના બધા ભક્તો પાછા વળ્યા અને પ્રભુ શ્રીહરિ તે નદીને કિનારે રોકાયા. ૨૬. ત્યાં વૈકુંઠાનંદ વર્ણીએ રસોઈ બનાવી. તેને શ્રીહરિ ઘણા પ્રેમથી જમ્યા. સંતો, પાળાઓ અને ઘોડેસવારો પણ જમ્યા. પછી તૈયાર થઈને ત્યાંથી ચાલ્યા. ૨૭.

જ્યારે સં.૧૮૮૫, ચૈત્ર સુદિ પડવાનો દિવસ આવ્યો ત્યારે ગોવિંદ પ્રભુ શ્રીહરિ **ગઢપુર** પહોંચ્યા. ગઢપુરવાસી ભક્તો શ્રીહરિના વિયોગથી અત્યંત ઉદાસ હતા, તે બધા શ્રીહરિના આવવાથી અતિ હરખાયા. ૨૮. પછી શ્રીહરિએ ગઢપુરમાં હરિજયંતી-રામનવમીનો સારો ઉત્સવ કર્યો. તેમાં બધા દેશોમાંથી હરિભક્તોના ઘણા સંઘ ત્યાં આવ્યા. ૨૯. હરિભક્તોનાં મંડળની સાથે સંતોનાં મંડળ પણ આવ્યાં. સહુ સ્નેહથી શ્રીહરિનાં દર્શન કરીને ઘણા ખુશ થયા. ૩૦. જ્યારે સહુ ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા જાય ત્યારે તે મૂર્તિ તેમને શ્રીજીમહારાજના સ્વરૂપે દેખાતી.

✵ રામનવમીને દિવસ ભવ્ય સ્નાનલીલા :

સહુ રોજ ઉન્મત્તગંગામાં સ્નાન કરતા અને શ્રીહરિ બ્રાહ્મણોને ઘણી જાતનાં દાન આપતા હતા. ૩૧. હરિભક્તો સારો અવસર જોઈને યોગ્ય રીતે ધનનો ખર્ચ કરતા, તથા સંતોને માટે સારી રસોઈ આપતા. શ્રીજીમહારાજની પાસે કાયમ સભા ભરાતી અને તેમાં જ્ઞાનાદિકની વાત થતી રહેતી. ૩૨. સભામાં ઘનશ્યામ પ્રભુ એવું મધુર વચન બોલતા કે, માનો તે સ્થળે અમૃતની વર્ષા થતી હોય..! જ્યારે રામનવમીનો દિવસ આવ્યો ત્યારે અવતારી શ્રીહરિ સવારી સજ્જ કરીને માણકી ઉપર બેઠા. મુકુંદાનંદ બ્રહ્મચારી ચામર કરવા લાગ્યા. તે વખતે શ્રીહરિ દાદા ખાચર આદિક અનેક સવારો સાથે શોભતા હતા. ૩૩-૩૪. મોટા સંતો અને મહંતોને રથમાં બેસાડ્યા. સહુએ પોતાની દૃષ્ટિને નાસિકાના અગ્રભાગ તરફ રાખી હતી. સંતો તથા હરિભક્તો કીર્તન ગાતા હતા અને સહુના હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૩૫.

આ રીતે શ્રીહરિ નારાયણધરે પધાર્યા અને સહુના દિલમાં ઘણો આનંદ વધાર્યો. પછી એક ધોતિયું પહેરીને મુનિનાથ શ્રીહરિ સખાઓની સાથે નદીના પાણીમાં ઊતર્યા. ૩૬. શ્રીહરિ જળક્રીડા કરવા લાગ્યા અને સંતો કીર્તન ગાવા લાગ્યા. તે સ્નાન કર્યા પછી શ્રીહરિએ કોરાં વસ્ત્રો પહેર્યાં અને સંતોએ સ્નેહથી શ્રીહરિની પૂજા કરી. ૩૭. લલાટમાં કેસરી તિલક કર્યું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલના ઘણા હાર અને તોરા ધરાવ્યા. પછી સવારી લઈને શ્રીહરિ ચાલ્યા. ૩૮. દર્શન માટે આતુર ભક્તજનોની ભીડ રસ્તામાં ઘણી થતી હતી. આ રીતે જગજીવન શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવીને બેઠા. ૩૯. જ્યારે મધ્યાહ્નકાળ થયો ત્યારે ધર્મના લાલ શ્રીહરિએ ઘણા આનંદ તથા ઉત્સાહની સાથે રામજન્મનો મોટો ઉત્સવ કર્યો. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વજેસિંહજીની પાસે લેખ લખાવીને શ્રીહરિ ગઢપુર પધાર્યા" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૨

શ્રીહરિએ કાશીદાસને પરચો આપ્યો તથા મનુષ્યલીલા કરી

જ્યારે રાત દશ ઘડી વીતી ત્યારે સહુ સંતો-ભક્તોએ મળી શ્રીહરિના જન્મનો મહોત્સવ કર્યો. તે સમયે શ્રીહરિ પોતે પારણામાં ઝૂલ્યા અને સહુને પ્રત્યક્ષ દિવ્ય દર્શન દીધાં. ૧. મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દાદા ખાચર ! આ રીતે શ્રીહરિ વારંવાર પોતાનો પ્રતાપ દેખાડીને ભક્તોને પાકો નિશ્ચય કરાવતા હતા. ૨. શ્રીહરિના પ્રતાપથી બધા પુરુષો અને સ્ત્રીઓ 'જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ આ શ્રીહરિ છે' એમ પ્રત્યક્ષ દેખતાં હતાં. ૩. આવાં દિવ્યદર્શન દઈને સભામાં જ્ઞાનની વાતો કરી. તેનાથી અનેક લોકો તથા ભક્તોને પણ શ્રીહરિનો નિશ્ચય થયો કે, **અક્ષરધામમાં જે પુરુષોત્તમનારાયણ રહ્યા છે તે જ આ શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ સાક્ષાત્ આ ભૂમિ ઉપર**

વિરાજમાન છે. ૪-૫. શ્રીહરિ આવા રૂપમાં ભક્તોને પોતાનાં દર્શન આપીને પોતે જ પોતાનો નિશ્ચય કરાવતા હતા. આવો દૃઢ નિશ્ચય કરવો તે જ આત્યંતિક કલ્યાણનું મુખ્ય કારણ છે; એમ સંતો-ભક્તોએ માન્યું, અને તે પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિને જ સાધ્ય જાણી.

પછી તો બધા હરિભક્તો અતિશય આનંદ પામ્યા અને એ સમયે શ્રીહરિના નામનો જય જયકાર કરવા લાગ્યા. પછી શ્રીહરિ બધા ભક્તોને કહે, 'હવે તમે સહુ ભક્તો આરામ કરો.' આમ કહીને ત્યાંથી પોતે ચાલતા થયા, અને અક્ષરઓરડીમાં જઈને સૂતા. પછી સહુ સવારે ઊઠ્યા. તેમાં સંતોએ નારાયણ ધૂન કરી, ત્યારે સ્વયં શ્રીહરિ પણ ઊઠ્યા. ૬-૯. પોતે સહુની સાથે ઉત્સાહથી ઉન્મત્તગંગાએ સ્નાન કરવા માટે ચાલ્યા. આ રીતે શ્રીહરિએ સ્વેચ્છાથી સહુને આશ્ચર્યની સાથે અતિશય આનંદ આપ્યો. ૧૦. બધા જ ભક્તો પ્રગટ પ્રભુના સ્વરૂપની અત્યંત ખુમારી પામીને ભારે મસ્ત બની ગયા હતા.

❋ શ્રીહરિએ કાશીદાસની ભાવના પૂરી કરી :

પછી જ્યારે સભા થઈ ત્યારે ત્યાં શ્રીહરિની પાસે બોચાસણના ભક્ત કાશીદાસ આવ્યા. ૧૧. તેઓ ધ્રુવ, પ્રહ્લાદ તથા અંબરીશ રાજાની જેમ જગદીશ્વર શ્રીહરિનું ભજન કરતા હતા. તેણે આવીને કહ્યું કે, "હે ભગવન્ ! આજ મારે સંતોને જમાડવા છે. ૧૨. આપ પંગતમાં પીરસીને સહુને જમાડો અને હે પ્યારા ! મારી ઇચ્છા પૂરી કરો." ત્યારે શ્રીહરિએ સંતોને વાત કહી અને શાક તથા દાળ કરાવ્યાં. ૧૩. તત્કાળ લખુ કંદોઈને સીધું આપીને કહ્યું કે, "તમે મોતૈયા લાડુ બનાવો અને પંગત થાય તે વખતે ત્યાં લાવો." ૧૪. પછી તે લખુ કંદોઈ લાડુ બનાવીને જ્યારે પંગત થઈ ત્યારે લાવ્યા. તેને જોઈને સહુએ કહ્યું, 'આટલા લાડુથી શું થાય ? આ તો અર્ધી પંગતમાં પહોંચશે.' ૧૫. ત્યારે તે કંદોઈએ કહ્યું કે, "મારાથી જેટલા થયા તેટલા મેં બનાવ્યા છે. હવે સંતો પાસે પૂરી બનાવડાવો અને બબ્બે લાડુ તથા પૂરી આપો." ૧૬.

ત્યારે કાશીદાસભાઈ શ્રીહરિની પાસે ગયા અને ઉદાસ થઈને બોલ્યા કે, "મેં લખુ કંદોઈને સીધું આપ્યું હતું છતાં તેણે તે પ્રમાણે લાડુ કર્યા

નથી. ૧૭. આ તો અર્ધા જ લાડુ છે, તે બધી પંક્તિમાં કેમ પહોંચશે ? હે સુખરાશી ! સંતો ગઈકાલના ઉપવાસી છે, હવે હું શું કરું ? ૧૮. મારા મનનો મનોરથ તો મનમાં જ રહી ગયો. બધા લોકો મારી ઘણી મશ્કરી કરશે." પછી પ્રભુ શ્રીહરિ જ્યાં લાડુ હતા તેની પાસે આવ્યા. 'લાડુ કેટલા છે ?' એમ કહીને તેને ગણાવ્યા. ૧૯. તો લાડુ એક હજાર થયા. જમનારા સંત પાંચસો હતા. શ્રીહરિએ કાશીદાસભાઈની પીઠ થાબડી ને કહ્યું, **"તમે ઉદાસ ન થાઓ."** ૨૦.

પછી ત્યાં સંતોની પંગત કરી, તેમાં ઘનશ્યામ પ્રભુ લાડુ પીરસવા આવ્યા. બંને હાથમાં બબ્બે લાડુ લઈને તે એકેએક સંતના પાત્રમાં ચાર-ચાર લાડુ પીરસવા લાગ્યા. ૨૧. આ જોઈને કાશીદાસભાઈના મનમાં ઘણી ચિંતા થઈ અને ધીરજ ન રહી. મનમાં માન્યું કે, 'હમણાં જ સહુ હસે તેવું થશે.' માંડ અઢીસો સંતોને પીરસાશે. ૨૨. લાડુ ઉપર કપડું ઢાંકેલું હતું, તેથી કોઈને ખબર પડતી નહિ કે હવે કેટલા રહ્યા છે ? પીરસી રહ્યા પછી ભગવાન શ્રીહરિએ સહુ સંતોને જમવાની આજ્ઞા કરી. ૨૩. **વળી બીજી વખત શ્રીહરિએ સંતોને બબ્બે લાડુ આપ્યા. ત્રીજી વાર એક એક લાડુ આપ્યો. ચોથી વાર આવ્યા ત્યારે 'જે એક એક લાડુ લે તેને છાતીમાં શ્રીહરિ ચરણાવિંદ આપતા હતા.'** ૨૪. આ રીતે શ્રીહરિએ જ્યારે ઘણી વાર પીરસ્યું ત્યારે કાશીદાસભાઈ ખુશ થયા.

પછી શ્રીહરિએ સંતોની પાસે દાળ, ભાત, શાક વગેરે પીરસાવ્યું. ૨૫. કાશીદાસભાઈ નિશ્ચિંત થયા અને તેમનો મનોરથ સુફળ થયો. તેથી હૃદયમાં ખૂબ ખુશી થયા અને આ બધો પ્રગટ શ્રીહરિનો જ પ્રતાપ છે; તેમ માન્યું. ૨૬. પછી બધા પાર્ષદો જમ્યા તોપણ લાડુ ઓછા ન થયા. પછી જે હાજર હતા તે બધા જમ્યા તોપણ લાડુ ઘણા વધ્યા. ૨૭. પછી શ્રીહરિએ અમુક લાડુ દરબારમાં મોકલ્યા અને અમુક લાડુ કાશીદાસભાઈને આપ્યા. સર્વ કર્તા શ્રીહરિનાં આવાં ચરિત્રને શિવ, શારદા અને શેષજી ગાય છે, તોપણ પાર નથી પામતાં નથી. ૨૮. સમૈયામાં આવેલા બધા ભક્તો પૂનમ સુધી રહ્યા. જેવી મારી સમજણ હતી તે રીતે મેં વર્ણન કર્યું છે. સહુ હરિભક્તો

પોતપોતાને ઘેર ગયા અને ભગવાન શ્રીહરિ ગઢપુરમાં જ રહ્યા. ૨૯. શ્રીહરિ ભક્તજનોને ઘણો આનંદ આપતા અને નિત્ય નવીન લીલા કરતા હતા.

પછી નરસિંહ ચતુર્દશીને દિવસ સાંજને સમયે સુધીર, પ્રાણજીવન શ્રીજીમહારાજ શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં વિરાજ્યા હતા. તે વખતે ત્યાં સંતો તથા હરિભક્તોની અતિશય સુખદાયક સભા ભરાઈને બેઠી હતી. ૩૦-૩૧. એ વખતે સભામાં ચર્ચા થઈ કે, **'આપણે શ્રીહરિને કેવા કહેવા? રાજારૂપ કહેવા કે સાધુરૂપ કહેવા ? તેમનું સ્વરૂપ આપણે કેવું સમજવું જોઈએ ?'** ૩૨. ત્યારે ધર્મકિશોર મહારાજે રીસભર્યું એક ચરિત્ર કર્યું. જેટલાં ઘરેણાં પહેર્યાં હતાં તે બધાં ફેંકી દીધાં. ઘરેણાં ફેંક્યાં તે સાધુઓ તરફ ફેંક્યાં અને જ્યારે પોતાની પાઘ અને ખેસ આદિક જે હતાં, તે બહેનોની સભા તરફ જોર કરીને ફેંકી દીધાં.

ત્યારે તે દેખીને બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, "હે અંતર્યામી શ્રીહરિ ! આપ અતિશય બુદ્ધિમાન છો અને સાથે સાથે ઘણાં જ યુક્તિબાજ ભગવાન છો. કારણ કે, સંતોને આ ઘરેણાં માનો કાંઈ જ કામ નહિ લાગે અને સ્ત્રી હરિભક્તોને આપનાં વસ્ત્ર અને પાઘ વગેરે કામ નહિ લાગે. અમારે ઉપયોગમાં ન આવે એવું અમારા તરફ આપે ફેંક્યું છે." ૩૩-૩૬. તે સાંભળીને સહુ હસવા લાગ્યા અને સભામાં અતિશય આનંદ થયો. સુખદાયક શ્રીસહજાનંદ સ્વામી આવી લીલા કરતા હતા. ૩૭. પછી તો શ્રીહરિએ પોતાનાં શરીર ઉપર અર્ધાં વસ્ત્ર રાજાનાં પહેર્યાં અને અર્ધાં વસ્ત્ર સાધુનાં પહેર્યાં અને પોતે સાધુ અને રાજા બનીને બેઠા. ૩૮. જામો પહેરીને ઉપર સાધુના જેવું ગાતડિયું બાંધ્યું. એક હાથમાં માળા રાખી અને બીજા હાથમાં તલવાર રાખી. ૩૯. મસ્તક ઉપર સોનેરી પાઘ ધારણ કરી અને પછી કહ્યું, "બધા ભાગ્યશાળી ભક્તો બોલો, હવે અમને તમે કેવા જાણશો ?" ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ કાશીદાસને પરચો આપ્યો તથા મનુષ્યલીલા કરી" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૩

અંત્યના આડત્રીશમા વચનામૃતની વાત તથા વડતાલ ગમન

ત્યારે સંતોએ કહ્યું કે, "હે મહારાજ ! તમે સાધુ કે રાજા, બંનેમાંથી એકેય નથી. આપને તો રાજા કહેવા કે સાધુ એનો વિવેક અમે કરી શકતા નથી." ૧. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **"સંતો ! અમારા જેવા તો અમે એક જ છીએ, સર્વે અવતારના અવતારી તો અમે એક જ છીએ અને અવતારો તો અનેક થયા છે.** ૨. અમે સાંખ્યાદિક શાસ્ત્રોને વાંચીને વિચાર્યું છે અને અમે દૃઢતાથી એવો પાકો નિશ્ચય કર્યો છે કે, માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયેલા આકારમાત્ર સર્વે રજેરજ મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે. ૩-૪. અને **ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાન શ્રીહરિનો આકાર છે તથા તે ભગવાનના મુક્તનો જે આકાર છે તે સર્વે સાકાર છે. અને તે સર્વેના જે આકાર તે સત્ય છે, દિવ્ય છે અને અતિશય પ્રકાશેયુક્ત છે,** એમ તમે જાણો. અને તે ભગવાન અને મુક્તોનો જે આકાર છે તે પુરુષના જેવા જ દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે અને તે અક્ષરધામમાં રહેલા દિવ્ય સ્વરૂપ છે અને તે શ્રીહરિ અક્ષરધામમાં રહીને મુક્તપુરુષોની સેવાને સ્વીકારે છે. ૫-૭. તે બધા મુક્તો દિવ્ય ઉપચારોથી કાયમ શ્રીહરિની સેવા કરે છે અને તે ભગવાન મુક્તપુરુષોને પરમ આનંદ ઉપજાવતા થકા સદાય વિરાજમાન છે. ૮.

આવા સર્વાવતારી પુરુષોત્તમ સર્વોપરિ અને સુખકારી છે. તે જ ભગવાન જીવો ઉપર દયા કરીને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થયા થકાં સર્વ લોકોના નયનગોચર વર્તે છે, અને એ જ અત્યારે તમારા ઈષ્ટદેવ છે. અને તમારી સેવાને અંગીકાર કરે છે. ૯-૧૦. આવા જે આ પ્રત્યક્ષ સર્વોપરિ શ્રીપુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં અને અક્ષરધામમાં વિરાજમાન જે ભગવાન છે તેમના સ્વરૂપમાં કોઈ ભેદ નથી; તમે સહુ તે બંને સ્વરૂપને એક જ માનો. એવા આ પ્રત્યક્ષ, સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન છે. ૧૧-૧૨.

दोहा : अक्षरादि सबके नियंता, ईश्वर के भी ईश्वर;
सब कारन के कारन हैं, सुखकर परमेश्वर...१३
सब अवतार के अवतारी, आप सबकु एकांत;
भाव से उपासना करन, योग्य हैं सदा प्रशांत...१४

તે જ અક્ષરાદિક સર્વેના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, સર્વ કારણના પણ કારણ અને સુખકારી પરમેશ્વર છે. ૧૩. અને સર્વ અવતારના અવતારી ભગવાન છે અને આ સદાય પ્રશાંતમૂર્તિ એવા ભગવાન તમારે સહુને એકાંતિક ભાવથી ઉપાસના કરવા યોગ્ય છે. ૧૪. અને આ ભગવાનના પૂર્વે જે ઘણાંક અવતાર થયા છે, તે સર્વે પણ નમસ્કાર કરવા યોગ્ય છે અને પૂજા કરવા યોગ્ય છે." ૧૫. આ રીતે શ્રીહરિએ પોતાની ઓળખાણ કરાવી. ત્યારે સહુએ એમ માન્યું કે, 'આ દૃષ્ટિગોચર શ્રીહરિ છે એ જ સર્વોપરિ ભગવાન છે.' ૧૬.

આ સમયે શ્રીગોપીનાથજી મહારાજના મંદિરનું કામ ઘણું અધૂરું હતું. તે શ્રીહરિએ પાસે રહીને પૂરું કરાવ્યું. તેને જોઈને ભક્તોના મનમાં ઘણો આનંદ થયો. ૧૭. દશેરા પછી દિવાળી આવી ત્યારે હરિભક્તોએ ત્યાં જ અન્નકૂટ કર્યો. આમ શ્રીહરિએ ગઢપુરમાં ઘણા ઉત્સવો કર્યા, તેની ગણતરી થઈ શકતી નથી. ૧૮. વળી, શ્રીહરિએ ત્યાં ઘણા સુંદર સમૈયાઓ પણ કર્યા છે; લખતાં લખતાં ઘણા યુગ વીતી જાય તોપણ ગઢપુરની લીલા લખી શકાય તેમ નથી. ૧૯. ગઢપુરમાં અન્નકૂટ કર્યા પછી પાપને નાશ કરનારા શ્રીહરિએ વડતાલ જવાની ઇચ્છા કરી. મહારાજે પોતાની સાથે સંતસમાજ તથા સખાઓને લીધા અને ગઢપુરથી સારંગપુર જવા માટે ચાલ્યા. ૨૦. અક્ષરાધિપતિ શ્રીહરિ રથમાં બેઠા ત્યારે તેમની સુંદર મૂર્તિ અનુપમ રીતે શોભતી હતી. શ્રીહરિ **સારંગપુર** જઈને રાત રહ્યા.

પછી સવારમાં ઊઠીને ચાલતા થયા. ૨૧. કૃપાનાથ શ્રીહરિ દયા કરીને સહુની સાથે **સુંદરિયાણા** આવ્યા. ત્યાંથી શ્રીહરિવર ચાલ્યા તે રસ્તામાં એક વાવ આવી. ૨૨. ભક્તપતિ શ્રીહરિએ તેમાંથી જળપાન કર્યું. સંતોએ બાકી રહેલું પ્રસાદીનું જળ વાવમાં નાખ્યું. ત્યાંથી શ્રીહરિ **અણિયાળી** ગામ

આવ્યા અને ત્યાં પૂંજા શેઠને દર્શન દીધાં. ૨૩. પછી **ધંધુકા** જઈ ખુશ થઈને વાવ ઉપર રાત રહ્યા. પછી બીજે દિવસ ધીરજ ધરનારા શ્રીહરિ **ખસતામાં** નદીને કિનારે રહ્યા. ૨૪. રાત્રે જ્યારે સહુ સૂતા હતા ત્યારે ત્યાં એક વાઘ આવ્યો. તે જાણીને જ્યારે શ્રીહરિએ હાંકલ કરી ત્યારે તે વાઘ ડરનો માર્યો ત્યાંથી ભાગી ગયો. ૨૫. જેનાથી કાળ પણ કંપે છે તેની આગળ વાઘ બિચારો શું ઊભો રહે ? શ્રીહરિ સવારે ત્યાંથી ચાલ્યા તે બપોરે **કમિયાળા** જઈને જમ્યા. ૨૬.

પછી ત્યાંથી આગળ બળવીર શ્રીહરિ **બોરું** ગયા અને સરોવરને કાંઠે રાત રહ્યા. સવારે સાબરમતી નદી ઊતરી **ગલિયાણા** ગયા. ૨૭. ત્યાં સરોવરને કિનારે રહ્યા અને બાજરાના રોટલા ઉપર ચણાના પાનની ભાજી લઈને શ્રીહરિ જમ્યા. ૨૮. પછી બીજે દિવસ **વરસડા** ગામ ગયા. ત્યાં એક પીપળાનું ઝાડ હતું. ત્યાં બાજરીના રોટલાની સાથે રીંગણાંનું શાક જમ્યા. ૨૯. પછી ત્યાંથી આગળ **સિંજીવાડા** જઈને રાત રહ્યા. ત્યાં એક હરિભક્ત સફેદ શેરડી લાવ્યા. નિત્યાનંદ સ્વામીએ તે શેરડી સમારી દીધી. ત્યારે સુખનું મૂળ શ્રીહરિ તેને જમ્યા. ૩૦. બીજે દિવસ ભક્તજનપ્રતિપાલક, સર્વાવતારી શ્રીહરિ **વડતાલ** આવ્યા. ત્યાંના બધા સંતો તથા હરિભક્તો સામૈયું લઈને સામે આવ્યા. અને ઘણા ભાવથી શ્રીહરિને વડતાલમાં પધરાવ્યા. ૩૧. મહારાજે પ્રથમ લક્ષ્મીનારાયણ આદિ દેવોનાં દર્શન કર્યાં, પછી હરિમંડપમાં ઊતર્યા. જ્યારે કાર્તિક સુદિ દશમનો દિવસ આવ્યો ત્યારે સંઘ લઈને ઘણા હરિભક્તો ત્યાં આવ્યા. ૩૨.

તે સમયે વડતાલમાં પ્રબોધની એકાદશીનો સમૈયો ઘણો જ સુંદર થયો. પરમેશ્વર શ્રીહરિ પાંચ દિવસ સુધી ત્યાં નિત્ય નવાં વસ્ત્ર-અલંકારાદિક પહેરતા હતા. ૩૩. તે નિત્ય નવાં વસ્ત્ર પહેરવાનો ખરો મર્મ એ હતો કે, 'જેવાં દર્શન થાય તેવાં સ્વરૂપનું ધ્યાન હરિભક્તો કાયમ કરી શકે.' મહારાજ કિનખાબનો રમણીય સુરવાળ તથા કિનખાબનો વિશાળ જામો પહેરતા હતા. ૩૪. મસ્તક ઉપર અમૂલ્ય પાઘ બાંધતા અને ખભા ઉપર સુંદર શેલું રાખતા. કમર ઉપર કસીને રેંટો એ રીતે બાંધતા, જેથી તે સ્વરૂપ ભક્તોને

સદાય ધ્યાનમાં રાખ્યા જેવું બનતું હતું. ૩૫. સમગ્ર જગતના આધાર આવા પ્રભુ શ્રીહરિ એ રીતે નિત્ય નવા શણગાર ધારણ કરતા હતા. સર્વોપરિ, પૂર્ણકામ, શ્યામસુંદર પ્રભુ પછી સભામાં બેસતા. ૩૬.

એક દિવસ લીંબડાના વૃક્ષ નીચે ગાદીતકિયા વગેરે મૂકીને પાટ બિછાવેલી હતી. તેના ઉપર શ્રીહરિ ઉત્તરમુખે બેઠા. ત્યારે જૂનાગઢના ભક્તો આવ્યા. ૩૭. તેમાં સુતાર નારાયણજીભાઈએ શ્રીહરિના ડાબા પડખાને જોયું અને મહાભાગ્યશાળી તે નારાયણજીભાઈએ પોતાના પ્રાણેસહિત મનને તે શ્રીહરિના સ્વરૂપમાં જોડી દીધું. ૩૮. જ્યારે જ્યારે તે શ્રીહરિને યાદ કરતા ત્યારે તે સ્વરૂપ જ તેમને યાદ આવતું હતું. તેમના મનનો સંકલ્પ જાણીને શ્રીહરિએ નારાયણજીભાઈને કહ્યું, “તમારી મનોવૃત્તિ અમારા આ સ્વરૂપમાં લાગી છે તે સ્વરૂપની એવી જ છાપ બનાવી લાવો. જેથી બધા સંતો તથા હરિભક્તો તે અનુપમ સ્વરૂપને પૂજે તથા સંભારે.” ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “અંત્યના આડત્રીશમા વચનામૃતની વાત તથા વડતાલ ગમન કર્યું” એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૪

વડતાલમાં મહારાજે સંતોને છેલ્લી વાર પીરસ્યું.

❋ શ્રીહરિએ નિર્વાસનિક બનવાની કરેલી ટકોર :

ત્યારે નારાયણજીભાઈએ કહ્યું કે, “હું આપના પ્રતાપથી તેવી જ છાપ બનાવીશ અને જ્યારે આવતી રામનવમી ઉપર આવીશ ત્યારે તે લઈ આવીશ.” ૧. તેમની આવી વાત સાંભળીને સહુ ભક્તોએ સહિત શ્રીહરિ રાજી થયા. પછી તે સભામાં સહુના નાથ શ્રીહરિએ જ્ઞાનવાર્તા કરી કે,

सोरठा : अक्षरपति भगवान, पुरुषोत्तम मुझे जानो सब;
सुखकारी सुखखान, आनंदमूर्ति अलौकिक...०३

करेंगे मेरा भजन, नरनारी शुद्ध भाव से;
उनको ब्रह्मसदन, ले जाउँगा अंतकाल...०४

चोपाई :

पुनि जो कोई पुरुष जनही, रखेंगे नारी में निज मनही;
वे होंगे भूत भयंकारा, कष्ट पायेंगे वर्ष हजारा...०५
युँ स्त्री जो नर में मन रखेऊ, विषय वासना रज भी रहेऊ;
वे मरके भूतडी भयेऊ, हजारों वर्ष तक भटकेऊ...०६

'તમે સહુ મને અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન જાણો. કેમ જે, હું જ સુખકારી, સુખનું મૂળ અને અલૌકિક આનંદમૂર્તિ છું. ૨-૩. જે નરનારી ભક્ત શુદ્ધ ભાવથી મારું ભજન કરશે તે સહુને હું અંતકાળે મારા બ્રહ્મધામમાં લઈ જઈશ. ૪. પરંતુ જો કોઈ પુરુષ સ્ત્રીમાં પોતાનું મન રાખશે તો તે ભયંકર ભૂત થશે, અને હજાર વર્ષ સુધી અતિ કષ્ટ પામશે. ૫. એ રીતે જ કોઈ સ્ત્રી પુરુષમાં મન રાખશે, અને એક રજ જેટલી પણ વિષયની વાસના રાખશે તો તે પણ મરીને ભૂતડી થશે, અને હજારો વર્ષ સુધી ભટકતી રહેશે; માટે સહુએ નિર્વાસનિક થવું. હંમેશાં અમારા ગુણ ગાતા રહેવા, તો જ અક્ષરધામ મળશે અને ત્યાં અવિચળ સ્થાન પ્રાપ્ત થશે.' ૬-૭. આ રીતે શ્રીહરિ સંતો તથા હરિભક્તોની આગળ વારંવાર વાત કહેતા હતા. તેમજ વડતાલમાં આવાં પરમપવિત્ર ચરિત્રોને કરતા હતા. ૮.

શ્રીહરિ વાતોમાં પોતે ઘણો ઊંડો મર્મ લાવતા અને પોતે સ્વધામ જવાની ઇચ્છા જણાવતા. જો સ્પષ્ટ કહેવામાં આવે તો પોતાના ભક્ત ગભરાઈ જાય એટલે મનમાં તે બાબતની ચિંતા રાખતા. ૯. પોતે ચરિત્રોથી તથા જ્ઞાનવાર્તાથી વારંવાર પોતાના ભક્તોને અપાર સુખ આપતા રહેતા. એક દિવસ દયાળુ પ્રભુ શ્રીહરિ સહુની સાથે વાતો કરતા હતા, ત્યારે મંદિરનાં પગથિયાંમાં બેઠા હતા. પોતે ઘણાં માર્મિક વચન બોલ્યા કે, 'સત્સંગ તો ઘણે ઠેકાણે વધે છે, પણ અમે ગામેગામ જઈ શકતા નથી. ૧૦-૧૧. **હવે કોઈએ અમને પૂછવું હોય તો તે શિક્ષાપત્રીને પૂછજો. એ શિક્ષાપત્રી અમે ઘણી સારી રચી છે, તેને અમારી મૂર્તિ જ માનવી.** ૧૨. જે લોકો શિક્ષાપત્રીથી

વિરુદ્ધ વર્તશે તે અમારા સંપ્રદાયના નથી અને તેનું કલ્યાણ પણ નહિ થાય; આમ બધા ભક્તજનોએ જાણવું.' ૧૩. શ્રીહરિએ આવી વાત કરી ત્યારે સહુ હરિભક્તોએ તે સાંભળી લીધી.

✻ વડોદરાના પ્રભુદાસની રસોઈ અને સમર્પણ :

આ વખતે પ્રભુપદના પ્રેમી વડોદરાના ઘણા હરિભક્ત વડતાલ આવ્યા હતા. ૧૪. તેમાંથી વનમાળીભાઈ, ઈશ્વરભાઈ, પ્રભુભાઈ અને જગજીવનભાઈ, તે સહુએ તક જોઈને મોતૈયા લાડુની રસોઈ આપી. મનમાં હરખ લાવીને સ્નેહ સહિત શ્રીહરિ ખાસ સંતોની પંગતમાં વારંવાર આગ્રહથી પીરસવા ફર્યા. પછી પ્રભુદાસભાઈએ શ્રીહરિને સોનાનું એક માદળિયું ભેટ આપ્યું. ૧૫-૧૬. તે માદળિયાને કંઠમાં પહેરી કૃપાનાથ શ્રીહરિ સંતોની સાથે મંદિરમાં ગયા. પછી તે માદળિયું હાથમાં લીધું અને મનમાં વિચારવા લાગ્યા કે, 'આ માદળિયું હું લક્ષ્મીજીને આપું કે ભગવાન નારાયણને આપું, કોને ભેટ કરું ?' વિચાર કરી મનમાં નક્કી કર્યું. પછી તે માદળિયું નારાયણને જ ધરાવ્યું. ૧૭-૧૮. પછી પ્રભુદાસે કહ્યું, "મહારાજ ! મને આજ દીક્ષા આપી સાધુ કરો, હવે હું ઘેર નહિ જાઉં. આપની સેવા કરવા માટે સાધુ થઈશ." ૧૯. તે સાંભળીને અવિનાશી શ્રીહરિ બોલ્યા કે, "તમે રઘુવીરજીની પાસે રહો છો, તમે તેમની સારી સેવા કરનારા તેમના છડીદાર છો. ૨૦. માટે રઘુવીરજીની તમે એ જ સેવા કરો અને સાંખ્ય-યોગ વ્રતને ધારણ કરો." શ્રીહરિની આવી આજ્ઞા સાંભળીને પ્રભુદાસભાઈ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે પાર્ષદ થઈને રહ્યા. ૨૧.

✻ શ્રીહરિએ સંતોને વડતાલમાં છેલ્લી વાર પીરસ્યું :

વળી, શ્રીહરિને સંભારીને હું એક દિવસની વાત કહું છું. રાયજીભાઈ નામે એક હરિભક્ત વડોદરામાં રહેતા હતા. ૨૨. તેઓ રસોઈનું સીધું લાવ્યા અને તેમાંથી જલેબી તથા મોતૈયા કરાવ્યા. જ્યાં સાધુની ધર્મશાળા છે ત્યાં બધા સંતો જમવા બેઠા. ૨૩. અવિનાશી પ્રાણઆધાર શ્રીહરિ સંતોને પ્રેમથી પીરસતા. આમ પંગતમાં ત્રણ વાર ફર્યા. બ્રહ્માનંદ સ્વામીના પાત્ર પાસે ત્રણ

વાર આવ્યા. ૨૪. પછી શ્રીહરિનું શરીર દુર્બળ થઈ ગયું હતું એટલે ત્યાં જ બેસી ગયા. ત્યારે બધા સંતો **'ખમ્મા...ખમ્મા...' એમ કહેવા લાગ્યા અને સહુ ઉદાસ થઈ ગયા.** ૨૫. પછી સહુનો શોક ટાળવા માટે શ્રીહરિ ફરીવાર ઊભા થયા. સહુને જે રીતે શાંતિ મળે તે રીતે ફરી પીરસવા લાગ્યા. ૨૬. શ્રીહરિ મર્મમાં બોલતા કે, **'સંતો..! આ છેલ્લી વાર લો..!'** તેનો મર્મ મોટા સંતો જાણતા પણ બીજાને ખબર પડતી નહીં. ૨૭. પછી શ્રીહરિ માધવદાસ નામના સંત પાસે આવીને બેસી ગયા અને જલેબીના જે ટુકડા થાળમાં હતા તે બધા તેમને આપી દીધા. ૨૮. સુખદાયક શ્રીહરિએ થાળ ખાલી કરીને તે સંતના ઉપર રાજીપો દેખાડ્યો. આમ અવિનાશી અને સર્વ સુખના રાશિ શ્રીહરિએ બપોરે આવી લીલા કરી. પછી ફરી સાંજે સભા કરી. ૨૯.

આ રીતે શ્રીહરિએ વડતાલમાં ઉત્સવ કર્યો અને હરિભક્તોને ખૂબ સુખ આપ્યું. પછી સહુ હરિભક્તોને વળાવીને શ્રીહરિ તૈયાર થયા અને વડતાલથી ચાલ્યા. ૩૦. અંતર્યામી શ્રીહરિ રથમાં બેઠા. નિત્યાનંદ સ્વામી ચરણસેવામાં હતા. બધા સત્સંગીઓ વળાવવા માટે આવ્યા અને ભેટ આપવા માટે કાંઈક ભાતું લાવ્યા. ૩૧. મહાપ્રભુ થોડા બીમાર જેવા દેખાતા હતા, તેથી સત્સંગસમાજ ઉદાસ થઈ ગયો હતો. બધા સંત-હરિભક્તો **રાવલી** ગામ સુધી વળાવવા ગયા. પછી શ્રીહરિએ કહ્યું, "હવે તમે પાછા વળો." ૩૨. ત્યારે બધા હરિભક્તો દિલગીર થઈ ગયા અને આંખોમાંથી સ્નેહનાં આંસુ વહેવાં લાગ્યાં. શ્રીહરિએ સહુને ધીરજ આપી પાછા વાળ્યા અને પોતે **મહેળાવ** ગામ આવ્યા. ૩૩. હે રાજા ! વળી હું શ્રીહરિનાં અનુપમ ચરિત્રને કહું છું, તેને તમે સ્નેહથી સાંભળો. બુરાનપુર તથા ધરગામમાં મંદિર કઈ રીતે થયાં ? તે કથા હવે હું કહું છું. ૩૪.

શ્રીહરિએ વડતાલમાં સુખદાયક લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના કરી, તે વખતે બુરાનપુરનો સંઘ વડતાલ આવ્યો હતો. તેઓ શ્રીહરિનાં દર્શન કરીને આનંદ પામ્યા હતા. ૩૫. વળી, ધરગામનાં પણ ઘણાં નરનારી હરિભક્તો હરખભર્યાં આવ્યાં હતાં. બુરાનપુરના બાપુભાઈ તથા ગોવિંદભાઈ પણ ઉતાવળે આવ્યા હતા. ૩૬. નાનાભાઈ તથા શિવલાલ શાહ પણ દર્શન

કરવા આવ્યા. તે સમયે સુખકારી નરનારાયણ ભગવાનની બે મૂર્તિ હતી, તે બંને મૂર્તિઓ પહેલાં વડતાલમાં એક જ ખંડમાં પધરાવી હતી. બુરાનપુરના હરિભક્તોએ વિનંતી કરીને કહ્યું કે, "મહારાજ ! અમને આમાંથી એક મૂર્તિ આપો." ૩૭-૩૮. ત્યારે ધરગામના ગોવિંદભાઈએ પણ શ્રીહરિને એમ કહ્યું કે, "હે હરિ ! બીજી મૂર્તિ જે રહે તે અમને આપો. ૩૯. આ બંને મૂર્તિઓ પ્રસાદીની છે, તેની આપના હાથે જ આપે વડતાલમાં પ્રથમ સ્થાપના કરી હતી. આ બંને પ્રસાદીની મૂર્તિઓનું જો અમારા દેશમાં સ્થાપન થાય તો ત્યાંના ભક્તોને નિત્ય દર્શનનું બહુ સુખ આવે." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "વડતાલમાં મહારાજે સંતોને છેલ્લી વાર પીરસ્યું" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૫

શ્રીહરિએ સંતોના હાથે બુરાનપુર તથા ધરગામમાં પ્રતિષ્ઠા કરાવી

પછી શ્રીહરિએ કૃપા કરીને બુરાનપુર તથા ધરગામના હરિભક્તોને એક એક મૂર્તિ આપી. તેમાં નારાયણનું સુંદર સ્વરૂપ બુરાનપુરમાં પધરાવવા આપ્યું, અને નરનું જે સુંદર સ્વરૂપ હતું તે ધરગામમાં પધરાવવા માટે આપ્યું. પછી શ્રીજીમહારાજે કહ્યું કે, "બંને જગ્યાએ લક્ષ્મીજીને સાથે રાખીને પધરાવજો અને તેનું લક્ષ્મીનારાયણ એવું નામ રાખજો." ૧-૨. પછી તે બંને મૂર્તિઓને લઈને બંને ગામના હરિભક્તો પોતપોતાને દેશ ગયા, અને ત્યાં મંદિર કરાવવાનો આરંભ કર્યો. થોડા સમયમાં તે તૈયાર કર્યાં. ૩. પછી જ્યારે ૧૮૮૬નું વર્ષ આવ્યું ત્યારે કાર્તિકી સમૈયો શ્રીહરિએ વડતાલમાં કર્યો, અને બધા સંતો તથા હરિભક્તોને પોતાના સંબંધનું ઘણું સુખ આપ્યું. ૪. તે વખતે પણ **ધરગામ** અને **બુરાનપુર**ના દૂર દેશના હરિભક્તો તે સમૈયામાં વડતાલ આવ્યા હતા. તેમણે તે વખતે શ્રીહરિને કહ્યું કે, "અમારા બંને સ્થાનમાં મંદિર તૈયાર થઈ ગયાં છે. ૫. અને લક્ષ્મીજીની સુંદર મૂર્તિ

પણ તૈયાર કરી છે. બંને ગામમાં હરિભક્તો ઘણા છે. હે પ્યારા ! તે સહુ આપને તેડાવે છે." ૬.

વળી તે બંને ગામના હરિભક્તોએ કહ્યું કે, "મહારાજ ! અમને નિરાશ ન કરશો." તે સાંભળીને શ્રીઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, "અમારે શરીરે અત્યારે આરામ-સારું નથી. ૭. **માટે અમે એવા સંતને મોકલીએ છીએ કે, જેમાં અમારા જેવા ગુણ રહ્યા છે. માટે તેમાં તમે સંપૂર્ણ પ્રેમ રાખજો અને તે તમારો ઉદ્ધાર કરશે. ૮. અમારા આવવાથી તમને જેવું સુખ થશે તેવું સુખ તે સંતોના આવવાથી તમે પામશો."** પછી સર્વ સુખનું મૂળ શ્રીહરિએ કહ્યું, "સાંભળો, પરમચૈતન્યાનંદ સ્વામી ! તમે હરિભક્તોની સાથે બુરાનપુર જાઓ અને ત્યાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ પધરાવો. અમારા આવવાથી હરિભક્તોને જેવું સુખ મળે તેવું સુખ તમારાથી પણ ત્યાં થશે." ૯-૧૦. વળી, કહ્યું કે, "સ્વયંપ્રકાશાનંદ સ્વામી ! સાંભળો, તમે મુનિમંડળમાં ચંદ્રમા જેવા સુખદ છો. માટે તમે ધરગામ જાઓ અને ત્યાં મૂર્તિપ્રતિષ્ઠાનું કામ કરો. ૧૧. ત્યાં શ્રીલક્ષ્મીનારાયણ દેવની સ્થાપના કરી તત્કાળ સહુને સુખી કરો." શ્રીહરિએ આવી આજ્ઞા કરી તેને માથે ચઢાવીને તે બંને સદ્‌ગુરુઓ પોત-પોતાના મંડળના સંતોને લઈને ચાલ્યા અને તે તે ગામ ગયા. ૧૨.

❊ બુરાનપુર અને ધરગામમાં સંત દ્વારા મૂર્તિપ્રતિષ્ઠા :

બંને સંત એકસમાન ગુણવાન હતા. શ્રીહરિ તેમને 'ભાઈ' કહીને બોલાવતા હતા. **તે બંને ગામમાં સં.૧૮૮૬, માગસર સુદિ છઠનું એક જ દિવસે શ્રેષ્ઠ મુહૂર્ત આવ્યું હતું. તેથી તે દિવસે જ બંને ગામમાં બંને સંતોએ ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠા કરી.** તેને ભક્તજનો આજે પણ સંભારે છે. આ શુભ પ્રસંગમાં સંતોએ સહુને જમાડ્યા અને દક્ષિણા દઈને બ્રાહ્મણોના સમાજને પણ રાજી કર્યો હતો. ૧૩-૧૪. પછી સહુ રામનવમીના સમૈયા ઉપર ત્યાંથી વડતાલ આવ્યા, પણ ત્યારે તેમણે વડતાલમાં શ્રીહરિને દેખ્યા નહીં. પછી તે બધા ગઢપુર આવ્યા. ૧૫. તે સમયમાં શ્રીહરિ થોડા બીમાર

હતા, છતાં પણ સહુ દૂરથી આવ્યા છે એમ જાણીને પ્રેમથી સહુને બોલાવ્યા અને ત્યાંના બધા સમાચાર પૂછ્યા. ૧૬. ત્યારે ત્યાંના હરિભક્તોએ પ્રેમથી પ્રણામ કરીને કહ્યું કે, "સંતોએ દિલમાં દયા રાખીને અમારાં ગામોમાં ધામધૂમથી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી છે. ૧૭. કોઈ વાતની ખામી રાખી નથી. મહારાજ ! અમને પૂરો સંતોષ થયો છે."

ત્યારે ભગવાન શ્રીસહજાનંદ સ્વામી બોલ્યા કે, "આ પરમ ચૈતન્યાનંદ સ્વામી છે તે અગસ્ત્ય મુનિ સમાન ભક્તિમાન અને મહાગુણવાન છે, અને આ સ્વયંપ્રકાશાનંદ સ્વામી છે તે વશિષ્ઠ ઋષિની સમાન સુખનું મૂળ છે, એમ તમે જાણો. ૧૮-૧૯. **આવા સંતો મારા સ્વરૂપનું સ્થાપન કરે ત્યારે ત્યાં મારું તેજ અચળ રહે છે. માટે તે મૂર્તિનાં દર્શન કરવા અને તે મૂર્તિરૂપે મારું ધ્યાન પણ કરવું."** ૨૦. આમ કહીને તે બંને ગામના હરિભક્તોને વિદાય આપી.

પછી તે ભક્તો પણ શ્રીહરિને પ્રણામ કરીને ત્યાંથી ચાલતા થયા. આ પ્રસંગે સહુએ શ્રીહરિના અંગમાં મંદવાડ દેખ્યો નહીં. ૨૧. એટલા માટે બધા રાજી થઈને ગયા. જ્યારે રાતનો સમય થયો ત્યારે સમગ્ર જગતના રક્ષા કરનારા શ્રીહરિ સત્સંગીઓની આગળ વાતો કહેતા અને પૂરી રીતે સ્વસ્થ થયા હતા. ૨૨. મુક્તાનંદ સ્વામી કહે છે, 'હે દાદા ખાચર ! શ્રીહરિની કળા ન સમજાય તેવી અકળ અને અનુપમ છે. ક્યારેક શ્રીહરિ શરીરમાં રોગ દેખાડતા અને વળી ક્ષણવારમાં તે બીમારી મટાડી દેતા. ૨૩. ક્યારેક હરિભક્તોનો આનંદ વધારતા અને ક્યારેક રોગી થઈને રડાવતા. કદાચ કોઈ ધનવંતરીના જેવો વૈદ્ય હોય, તોપણ તે શ્રીહરિની નાડી પારખી શકતા નહીં. ૨૪. શ્રીહરિ તો સદા નીરોગી અને સ્વતંત્રમૂર્તિ છે, છતાં પણ રોગવશ હોય તેમ જણાતા. આ બાબતના મર્મને તો કોઈ જ્ઞાની જ અવશ્ય સમજી શકતા; પણ કોઈ મૂર્ખ સમજી શકતા નહીં.' ૨૫. મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, હે દાદા ખાચર ! મેં આ વચ્ચે બીજી અવાંતર બુરાનપુર તથા ધરગામની મૂર્તિપ્રતિષ્ઠાની કથા કહી, હવે હું આગળની કથા કહું છું.

※ શ્રીહરિનું પીપળાવ આદિ ગામમાં વિચરણ :

તે વર્ષે કાર્તિકી સમૈયો કરી શ્રીહરિ **મહેળાવ** ગામ ગયા હતા. ૨૬. જે સર્વોપરિ, સર્વસુખનું ધામ, પરથી પણ પર, પરબ્રહ્મ, સર્વનું કારણ તથા સર્વાધાર; આવા ભક્તિપુત્ર ઘનશ્યામ શ્રીહરિ છે. તેમણે મહેળાવમાં ભક્તોને દર્શન દીધાં. પછી ત્યાંથી ચાલ્યા તે પીપળાવ ગામ જતા ત્યારે રસ્તામાં એક તળાવ આવ્યું. ૨૭-૨૮. ત્યાં એક આંબાના ઝાડ નીચે વિશ્રામ લીધો અને તે જગ્યાએ જળપાન કર્યું. પછી શ્રીહરિએ ત્યાં સંતોને કહ્યું, "અમારાં હાથ તથા ચરણના નખ વધ્યા છે." ૨૯. પછી કપિલેશ્વરાનંદ સ્વામી સાથે હતા તેમણે નરેણીથી તે નખ કાપ્યા. પછી શ્રીહરિ ત્યાંથી **પીપળાવ** ગામ ગયા અને ત્યાંના ભક્તોનો ભાવ જોયો. ૩૦. સુખદાયક જગજીવન શ્રીહરિ દાજીભક્તની મેડી ઉપર ઊતર્યા. તેમાં ઉગમણા બારની એક સારી બારી છે ત્યાં અવતારી શ્રીહરિ થાળ જમ્યા. ૩૧. નિત્યાનંદ સ્વામીને અનાદિ મહામુક્ત જાણીને શ્રીહરિએ પ્રસાદી આપી. પછી શ્રીહરિ રાત્રે ત્યાં પોઢી રહ્યા અને સવારે ત્યાંથી નીકળીને **પરિયજ** ગામ ગયા. ૩૨. ત્યાં મનના અત્યંત ઉમંગી સહુ સત્સંગી સન્મુખ આવ્યા અને સરેરાના વૃક્ષ નીચે શ્રીહરિ ઊતર્યા. ત્યાંથી **ચાંગડા** ગામ ગયા. ૩૩. ત્યાં એક પીપરનું ઝાડ હતું તેની છાયામાં જઈને ઊતર્યા. વૈકુંઠાનંદ વર્ણીએ થાળ કર્યો અને ભક્તજનપ્રતિપાલક જગજીવન શ્રીહરિ તે થાળ જમ્યા. ૩૪. ત્યાં બાટી કરી હતી તેને સંતો જમ્યા.

પછી ભગવાન શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. રસ્તામાં બહુ ખાડા આવતા હતા એટલે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૩૫. જ્યારે પ્રભુ **પછેગામ** ગયા ત્યારે ત્યાં સાબરમતી નદી આવી. નાજા જોગિયાને નદીકિનારે વસ્ત્ર બદલવાં જતા દેખ્યા, ત્યારે શ્રીહરિએ વિનોદ કરવાની ઇચ્છા કરી અને નાજાભક્તને કહ્યું કે, "પાણી ઝાઝું નથી, વસ્ત્ર શા માટે બદલો છો ?" ૩૬-૩૭. શ્રીહરિનાં આવાં વચન સાંભળીને નાજાભક્તે વસ્ત્ર બદલ્યા નહીં. પછી શ્રીહરિએ ત્યાં જાણી-જોઈને ઘોડીને ઊંડા પાણીમાં ચલાવી. ૩૮. તેની પાછળ નાજાભક્ત જ્યારે ચાલ્યા ત્યારે તેનાં બધાં વસ્ત્ર પલળી ગયાં. તે જોઈને શ્રીહરિ તથા

બીજા સખાઓ હસવા લાગ્યા. ત્યારે નાજાભક્ત પણ ખુશ થયા. ૩૯. કારણ કે, કોઈ પણ રીતે શ્રીહરિ રાજી થાય તો ભક્તોનાં મન હરખાતાં હતાં. આ રીતે જ બધા વિનોદ કરતાં કરતાં **વટામણ** ગામ ગયા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોના હાથે બુરાનપુર તથા ધરગામમાં પ્રતિષ્ઠા કરાવી" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૬

શ્રીહરિ ફરતાં ફરતાં ગઢપુર આવ્યા અને મીર સાહેબની ભાવના

વટામણ ગામના ખળામાં શ્રીહરિ ઊતર્યા. ત્યાં બાટી જમ્યા અને રાત રોકાયા. સવારમાં ઊઠીને શ્રીહરિ ચાલતા થયા, તે તત્કાળ **ઝાખડા** ગામ આવ્યા. ૧. શ્રીહરિ રથમાં બેસીને રસ્તે ચાલતા હતા. આગળ ભોગાવો નદી ઊતર્યા ત્યાં એક સ્થાન આવ્યું. ૨. ત્યાં એક તલાવડી હતી. તેને જોઈને વૈકુંઠાનંદ બ્રહ્મચારી બોલ્યા કે, 'અહીં સહુ બરાબર સ્નાન આદિ કરી લો. કારણ કે, અહીંનું પાણી સારું નિર્મળ છે.' ૩. બ્રહ્મચારીની વિનંતી શ્રીહરિએ સાંભળી લીધી અને ત્યાં જ નિત્યક્રિયા કરી. દૂધમાં કરેલી જલેબી હતી તે બ્રહ્મચારીની પાસે હતી. ૪. બ્રહ્મચારીએ તે જમવા આપી. ત્યારે શ્રીહરિએ આંબલપાણી માગ્યું. બ્રહ્મચારીએ તે બનાવી દીધું. પરમ પ્રિય શ્રીહરિએ તે વખાણ્યું અને જમ્યા. ૫.

પછી ત્યાંથી કૃપાળુ શ્રીહરિ **કમિયાળા** આવ્યા. ત્યાં મોડભાઈ ગઢવી સામે આવ્યા. તેઓ દંડવત કરીને પગે લાગ્યા. તેમના હૃદયમાં અતિશય આનંદ વધ્યો. ૬. તે ગામમાં તલાવડીથી વાયુકોણમાં આંબલી હતી ત્યાં શ્રીહરિ ઊતર્યા. મોડભાઈ ગઢવી સરસ સીધું લાવ્યા. પછી વૈકુંઠાનંદ વર્ણીએ થાળ બનાવ્યો. ૭. વર્ણીએ કહ્યું કે, "ચણેચી-ચણાના છોડનાં પાનની તાજી ભાજી લાવશો તો શ્રીહરિ જમશે." ત્યારે મોડભાઈએ તે લાવી આપી અને

બ્રહ્મચારીએ તેની ભાજી કરી. ૮. પ્રભુ સહજાનંદ સ્વામી તે થાળ જમ્યા અને પ્રસાદી મોડભાઈને આપી. ત્યારે પૂર્ણાનંદજીના કરેલા જે છંદ હતા તેને તે સ્થળે મોડભાઈ બોલ્યા. ૯. પછી પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી - એ બંને મસ્તક નમાવીને કીર્તન બોલ્યા. પ્રગટ શ્રીહરિ ત્યાં રાત રહીને સવારમાં ચાલ્યા તે **રોજકા** ગામ આવ્યા. ૧૦.

જ્યાં સંતોને ઉતરવાની સુખદાયક જગ્યા હતી ત્યાં શ્રીહરિ ઊતર્યા. જ્યારે શ્રીહરિ પોતાના શરીરમાં કસર જણાવે ત્યારે તે દેખીને સંતો દિલગીર થઈ જતા. ૧૧. ત્યારે ધર્મના દુલારા શ્રીહરિ સંતોને સરસ ઉપદેશ આપીને ધીરજ આપતા. અવિનાશી પ્રભુ શ્રીહરિ રોજકામાં ગજા ગઢવીને ઘેર ગયા અને સારી રીતે જમ્યા. ૧૨. ત્યાં ધોલેરાના હરિભક્તો દ્રાક્ષ, બદામ, પેંડા વગેરે મેવા મોટા વાસણમાં ભરીને ભેટ કરવા માટે લાવ્યા. ૧૩. તે મેવા ભૂધર શ્રીહરિને ભેટ-અર્પણ કર્યા, ત્યારે શ્રીહરિએ તે સ્વીકાર્યા. પછી સૂર્યોદય થયો ત્યારે ચાલ્યા તે જગત્કર્તા પ્રભુ **પરવડી** આવ્યા. ૧૪. ત્યાં તળાવને કાંઠે પીપર દેખીને શ્રીહરિએ વિશ્રામ કર્યો.

પછી તે તળાવમાં સ્નાન કરીને શ્રીહરિએ નિત્યવિધિ કર્યો. ૧૫. ત્યારે ગામના હરિભક્તો આવ્યા. સહુએ જાત-જાતની ભેટ અર્પણ કરી. સહુને દર્શન દઈને પ્રભુ શ્રીહરિ **પોલારપુર** ગયા. ૧૬. ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા તે **કુંડળ** ગામ આવ્યા. ત્યાં મામૈયા પટગિર નામે દરબારને ઘેર શ્રીહરિ ઊતર્યા. ૧૭. તેણે શ્રીહરિની ઘણી સારી સેવા કરી અને બધા સંતોને રસોઈ આપી. પછી અંતર્યામી અને બહુનામી આવા શ્રીહરિ બીજે દિવસે **કારિયાણી** ગામ ગયા. ૧૮. કૃપાસિંધુ ભગવાન શ્રીહરિ ત્યાંથી **ઝીંઝાવદર** થઈને **નિંગાળા** આવ્યા. તે વખતે ત્યાં કેરી નદીમાં સ્નાન કર્યું અને સાથવો જમ્યા. ૧૯. કેરી નદીથી શ્રીહરિ ચાલ્યા તે રાધાવાવ જઈને પાણી પીધું.

જ્યારે **ગઢપુર** ગામમાં પ્રવેશ્યા ત્યારે ત્યાંના ભક્તોને ઘણો હર્ષ થયો. ૨૦. ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને શ્રીહરિ દરબારમાં ઊતર્યા. જ્યારે બે-ત્રણ દિવસ વીત્યા ત્યારે મહારાજે વિચાર કર્યો કે, ગોપાળજીભાઈને ત્યાં

પુત્રનો જન્મ થયો હતો તેનું નામ શું રાખવું ? આમ વિચારીને મયારામ ભટ્ટને તેડાવ્યા, અને તેની પાસે જન્માક્ષર કરાવ્યા. ૨૧-૨૨. ત્યારે ભટ્ટજીએ કહ્યું કે, "ગોપાળજીભાઈનો આ જે પુત્ર છે તે આપનો કૃપાપાત્ર છે. માટે હે ઘનશ્યામ ! તેનું નામ કૃષ્ણપ્રસાદ રાખવું તે યોગ્ય છે." ૨૩. શ્રીહરિને ભટ્ટજીના આ વિચાર મનમાં ગમ્યા. તેથી તે બાળકનું નામ કૃષ્ણપ્રસાદ રાખ્યું. પછી ભગવાન શ્રીહરિ બોલ્યા કે, "આ બાળક તો મોટો વિદ્વાન થશે." ૨૪. પછી શ્રીહરિના કહેવા પ્રમાણે ધર્મકુળમાં તે ઘણા સારા વિદ્વાન થયા હતા. તેમણે અખંડાનંદ વર્ણીકૃત શ્રીહરિચરિત્રમ્ ગ્રંથની તત્ત્વબોધિની નામે અદ્ભુત ટીકા લખી છે. તે ટીકા દ્વારા તેમણે તે ગ્રંથને સમજવા માટેનો શુભ માર્ગ બતાવ્યો છે. ૨૫-૨૬.

❋ મીર સાહેબે શ્રીહરિને મ્યાનો ભેટ આપ્યો :

એક દિવસ ગઢપુર પાસે મીર સાહેબ નામે ગાયકવાડી સૂબા આવ્યા. તેણે પ્રભુ શ્રીહરિ પાસે આવીને પ્રણામ કર્યા. ૨૭. તેને શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં ઉતારો આપ્યો. તેથી તેમને મનમાં ખૂબ ગમી ગયું. ભાગ્યશાળી તે મીર સાહેબે ઘણા લોકોના મુખથી ત્યાં શ્રીહરિનો અપાર મહિમા સાંભળ્યો. ૨૮. તેણે પહેલાં કુસંગીના સંગે કરીને શ્રીહરિનો અપરાધ કર્યો હતો. તે આ વખતે તેમને યાદ આવ્યું અને તેથી મનમાં પૂરો પસ્તાવો થયો. ૨૯. મીર સાહેબ આમ વિચારીને ઉતારો કરી શ્રીહરિનાં દર્શન કરવા માટે દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૩૦. તેણે આવીને શ્રીહરિની બંદગી કરી. પ્રાર્થના પછી એમ કહ્યું કે, **"હે પ્રભુ ! મારાથી જાણે અજાણે આપનો અપરાધ થઈ ગયો હોય તો તેની હું સાચા દિલથી માફી માગું છું. મને આપે જ્યાં ઉતારો આપ્યો છે ત્યાં આપ કૃપા કરીને પધારો.** ૩૧-૩૨. **મારે આપની પૂજા કરવી છે."** તે વખતે તેની શુદ્ધ ભાવના જોઈને શ્રીહરિ ખુશ થયા અને કહ્યું, "તમે ઉતારે જાઓ, અમે હમણાં જ ત્યાં આવીએ છીએ." ૩૩.

પછી તો મીર સાહેબ ઉતારે આવ્યા અને પૂજાની તૈયારી કરી. જ્યારે શ્રીહરિ લક્ષ્મીબાગમાં પધાર્યા ત્યારે તેમનો જ્યાં ઉતારો હતો ત્યાં પધાર્યા. પછી તેમણે ત્યાં શ્રીહરિની પૂજા કરી, અમૂલ્ય પોશાક ભેટ આપ્યો અને

એક નવો મ્યાનો આપ્યો. પછી શ્રીહરિની પ્રાર્થના કરી કે, 'હે પ્રભુજી ! આપે આરામથી આ મોટા મ્યાનામાં બેસવું. આપ આરામથી મુસાફરી કરી શકો એવા હેતુથી મેં ખુદ ધ્યાન રાખીને કારીગરોની પાસે આ મ્યાનો તૈયાર કરાવ્યો છે. એમાં કમાનો લગાવી છે. રસ્તામાં અપાર અવરોધો આવે, તોપણ આપને આ મ્યાનામાં કોઈ જાતનો આંચકો આવે નહીં.' પછી તેનો અતિશય ભાવ દેખીને શ્રીહરિએ મ્યાનો સ્વીકારવાની હા કહી. ૩૪-૩૮. શ્રીહરિએ મ્યાનો સ્વીકાર્યો એટલે મીર સાહેબ ખુશ થયા. પછી શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા. પછી ઘણા ધીરજવાળા તે મીર સાહેબ પ્રભુ શ્રીહરિને પોતાના હૃદયમાં ધારીને વડોદરા ગયા. ૩૯. તે પછી શ્રીહરિએ ગઢપુરમાં રહીને વસંતપંચમીનો ઉત્સવ કર્યો અને તેનાથી અનેક જીવોને માયાથી નિશ્ચિતરૂપમાં છોડાવી દીધા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ ફરતાં ફરતાં ગઢપુર આવ્યા અને મીર સાહેબની ભાવના કહી" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૭

રાજકોટથી ગવર્નર સાહેબનો પત્ર અને ત્યાં જવાનો શ્રીહરિએ નિર્ણય કર્યો

મુક્તાનંદ સ્વામી કહે છે, હે અભયકુમાર દાદા ખાચર ! તમે સાંભળો, કથા તો ભગવતી ગંગા છે, તે સહુને પવિત્ર કરે છે. ૧. કથારૂપી ગંગામાં સ્નાન કરીને અપાર જીવોનો ઉદ્ધાર થયો છે. કથા સંસારરૂપી સમુદ્ર તરવા માટે નૌકારૂપ છે. તે જીવને તરત જ સંસારના પારને પમાડે છે. ૨. **શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુનો અવતાર સર્વોપરિ છે. તે પુરુષોત્તમ કરોડો જીવોનો એક પળવારમાં સંસારથી ઉદ્ધાર કરે છે.** ૩. **જે કોઈ પણ શ્રીહરિને શરણે આવ્યા હોય તે ભલે શક્તિપંથી હોય, અપાર કામી, ઘોર પાપી, હરામી કે પામર નરનારી હોય, તોપણ શરણે આવવા માત્રથી તેને**

સહેજે જ શ્રીહરિએ અક્ષરધામ આપ્યું છે. ૪. આ સમયે મુંબઈ ઈલાકાના ગવર્નર નામદાર સર માલ્કમ નામે જે સાહેબ હતા, તે આ સૌરાષ્ટ્ર પ્રદેશની મુલાકાતે આવ્યા હતા. ૫. તેમણે રાજકોટમાં પડાવ નાખ્યો. તેને દેશી રાજ્યોની તપાસ કરવી હતી. તેમણે અનેક જગ્યાએ અનેક લોકોની પાસે 'સ્વામિનારાયણ' એવું નામ સાંભળ્યું. ૬.

વળી, એવું પણ જાણ્યું હતું કે, 'તેમને અનેક નરનારીઓ ઈશ્વરનો અવતાર જાણે છે, તથા તેમણે એક શ્રેષ્ઠ અભિનવ ધર્મ ચલાવ્યો છે, અને હજારો લોકો તેમના શિષ્ય થયા છે. ૭. પ્રાયઃ કાઠી લોકો પહેલાં બહુ લૂંટફાટ કરતા હતા. તે સરકારથી પણ ડરતા નહીં. રીંછ, વાઘ અને વરુ વશ થાય પરંતુ કાઠી કોઈને વશ થતા નહીં. ૮. તેઓ સહેજે સહેજે ઘણાં ખૂન કરી નાખતા, ભગવાનનો પણ ડર રાખતા નહીં. પરંતુ તેમને સ્વામિનારાયણ મળ્યા એટલે તરત જ તેઓ ધર્મમાર્ગમાં ચાલવા માંડ્યા છે. ૯. કાઠી લોકોની પાસે ચોરીનું કામ શ્રીહરિએ છોડાવી દીધું છે, અફીણાદિક વ્યસન પણ મુકાવ્યાં છે. હવે તેઓ નિયમિત રોજ સ્નાન કરે છે અને પૂજા કર્યા પછી જ ખાય છે. ૧૦. જે ઘણા વ્યભિચારી હતા તે પણ પરનારીને માતા સમાન માનવા લાગ્યા છે. જે માખીને પણ ન મારે તે માનવને કેમ મારે ? ૧૧. જે પહેલાં દારૂ પીને મદાંધ થતા હતા તે અત્યારે કોઈ પણ જાતનો કેફ કરતા નથી; આવા તો અનેક ભક્ત થયા છે. તે ઘણી આશ્ચર્યની વાત કહેવાય. ૧૨.

સ્વામિનારાયણે કાઠીઓને તથા જાડેજા ગરાસિયાઓને મહાન ભક્ત બનાવ્યા છે, તે બધા પોતાની વૃત્તિને એકાગ્ર કરીને ભજન કરવા લાગ્યા છે. નાની ઉંમરમાં પણ દૃઢતાથી બ્રહ્મચર્ય પાળે છે. સામેથી આપમેળે પોતાની સન્મુખ વિષય આવે તોપણ તેને તુચ્છ ગણે છે. ૧૩-૧૪. **પ્રગટ શ્રીપુરુષોત્તમને દૃઢપણે ઓળખીને નિરંતર તેમના નામનો જપ કરે છે, તેમને પળ પણ ભૂલતા નથી.** ૧૫. **અનેક ભક્તો તન, મન, અને ધનને કુરબાન કરીને તેમની પાછળ ફરે છે. ધનાઢ્ય લોકો અને મોટા રાજાઓ પણ તે શ્રીહરિની આજ્ઞાને માથે ચઢાવે છે.** ૧૬. જ્યાં એક સ્વામિનારાયણ

હોય છે ત્યાં કોઈ સરકારી ફોજની જરૂર રહેતી નથી. સમાજમાં આજે સ્વામિનારાયણે જે કામ કર્યું છે તે બીજાથી થઈ શકે તેમ નથી.' ૧૭. સર માલ્કમ સાહેબે આવી વાતો અપાર સાંભળી. તેથી તેમના મનમાં ભગવાન સ્વામિનારાયણને મળવાનો વિચાર થયો. પછી પોતાનો ટોમસ વિલિયમ નામે સેક્રેટરી સાથે રહેતો હતો તેને ગવર્નર સાહેબે કહ્યું, "તમે એક એવો પત્ર લખો કે સહજાનંદ સ્વામી અહીં રાજકોટ આવે."

પછી તે વિલિયમ ટોમસે શ્રીહરિ ઉપર પત્ર લખ્યો. તે મહા વદિ દ્વાદશીને દિવસે ગઢપુર આવ્યો. ૧૮-૧૯. પત્ર લઈને જે સવાર ગઢપુર આવ્યો, તેનું નામ માતાદીન હતું. તે પત્ર લઈને શ્રીહરિએ વંચાવ્યો અને બધા હરિભક્તોને પણ તે સંભળાવ્યો. ૨૦. ત્યારે શ્રીહરિને શરીરમાં કાંઈક કસર જેવું હતું. તેથી જવાનું મન ન કર્યું. વદિ તેરશને દિવસે પત્રનો જવાબ લખાવ્યો. તેમાં એવો ભાવ જણાવ્યો કે, **'અમારે શરીરમાં થોડી કસર છે તેથી અમે રાજકોટ આવી શકશું નહીં.'** ત્યારે તે સવાર શ્રીહરિનો આપેલો પત્ર લઈને ચાલ્યો. તે અરસામાં રાજકોટમાં એક બીજી વાત થઈ. ૨૧-૨૨. ત્યાં પોલિટિકલ એજન્ટ બ્લેન નામે અધિકારી હતા. ગવર્નરે શ્રીહરિ વિષે તેને જ્યારે પૂછ્યું ત્યારે તેણે પણ ઘણી વાત કહી. ૨૩. વળી તેણે ભગવાન સ્વામિનારાયણનો સર માલ્કમને ઘણો મહિમા કહ્યો. તે સાંભળીને સર માલ્કમના મનમાં શ્રીહરિને મળવાની આતુરતા ઘણી વધી ગઈ. તેથી મનમાં ધીરજ રહી શકી નહીં. ૨૪.

❋ સર માલ્કમે શ્રીહરિને તેડાવવા બીજો પત્ર લખ્યો :

પછી માલ્કમે બ્લેન સાહેબને કહ્યું કે, "શ્રીહરિને અહીં બોલાવો જ. તેમને તેડવા માટે બીજો સવાર મોકલો. સારી ઉપમા લખીને પત્ર લખો અને ત્યાં શ્રીસહજાનંદ સ્વામીની પાસે તે મોકલો. ૨૫. તેમાં મારા પ્રણામ લખજો. મારે તેમને મળવાનું કામ છે." પછી બ્લેન સાહેબે તે કામ કર્યું અને પત્ર લખીને એક સવાર ગઢપુર મોકલ્યો. ૨૬. તે પત્રનો જાવક નંબર ૫૪૩ હતો. જે આ પત્ર પ્રેમથી લખ્યો હતો એને દાદા ખાચર તમે સાંભળો, 'સુંદર શુભ ઉપમા યોગ્ય વિરાજમાન જ્ઞાનરૂપ શ્રીસહજાનંદ સ્વામી મહારાજ,

અનુપમ ગઢપુરધામ લિખિતન સદા સ્નેહાધીન એકટીંગ પોલિટિકલ એજન્ટ બ્લેન સાહેબના ભાવથી ઘણા પ્રણામ વાંચવા. ૨૭-૨૯. વિશેષ વિનંતી એ છે કે, મુંબઈ ઈલાકાના ગવર્નર પોતાના સવારીના સ્ટાફ સાથે આ પ્રાંતમાં પધાર્યા છે. ૩૦. તેઓ આપને મળવા ચાહે છે અને મળીને ખૂબ ખુશી થશે. તેઓ આપને રાજકોટમાં જ મળવા ઈચ્છે છે. ૩૧. સાહેબની ઈચ્છાથી આપના ઉપર આ પત્ર લખ્યો છે, તો આપ કૃપા કરીને અહીં રાજકોટ પધારજો. ૩૨.

આજે તારીખ ૨૨ ફેબ્રુઆરી ૧૮૩૦, સં.૧૮૮૬ના મહા વદિ ચૌદશ ને સોમવાર છે. તે દિવસે આ પત્ર લખીને આપને મોકલ્યો છે.' ૩૩-૩૪. આટલો પત્ર લખીને બ્લેન સાહેબે ઘણા ભાવથી પોતાના હસ્તાક્ષર કર્યા. પછી પીરભાઈ નામના સવારને બીડીને તે પત્ર ત્યાં આપ્યો. ૩૫. તે સવાર રાજકોટથી પત્ર લઈને ફાગણ સુદિ પડવાને દિવસ ગઢપુર આવ્યો. શ્રીજીમહારાજને તે પત્ર આપી તેમણે ઘણા હેતથી પ્રણામ કર્યા. ૩૬. તે પત્રને શ્રીહરિએ શુકાનંદ સ્વામીની પાસે ખાસ વંચાવ્યો. ત્યારે ત્યાં દાદા ખાચર આદિક અનેક ભક્તો પણ બેઠા હતા. ૩૭. પછી ત્યાં પત્ર લાવનાર સવારની સંભાળ લીધી અને તેને કહ્યું કે, "આવતી કાલે ઉત્તર લખી આપશું." તે વખતે સુખદાયક શ્રીહરિએ સભામાં પણ પત્ર વંચાવ્યો. ૩૮. 'સર માલ્કમનો આ બીજો પત્ર આવ્યો છે. માટે હવે ત્યાં જવાનું કેમ થાશે ? સર માલ્કમ સાહેબ આપણને તત્કાળ મળવા માટે મનમાં ઘણા આતુર દેખાય છે.' ૩૯. આવો વિચાર શ્રીહરિએ કર્યો. શ્રીહરિએ સર માલ્કમના પહેલા પત્રના ઉત્તરના રૂપમાં જે પહેલો પત્ર લખ્યો હતો, તે આ જ દિવસે(પ્રતિપદાને દિવસ) રાજકોટ ગવર્નરને બંગલે પહોંચ્યો હતો. ૪૦.

શ્રીહરિના ઉત્તરનો જે પહેલો પત્ર સર માલ્કમને મળ્યો, તેને વાંચીને સાહેબ દિલમાં ઘણા ઉદાસ થઈ ગયા અને વિચારવા લાગ્યા કે, 'સ્વામિનારાયણ મને નહિ મળે ? અને મારી આશા અધૂરી રહી જશે. ૪૧. અહીંયાં રાજકોટમાં નાના મોટા ઘણા રાજાઓ આવ્યા છે. તેનું પણ મારે ઘણું કામ છે. એ કામ કરી મારે તરત મુંબઈ જવાનું છે. તેથી હું ધારું

તોપણ મારાથી ગઢડા કઈ રીતે જવાય ?' ૪૨. પછી ફાગણ સુદિ બીજને દિવસ ગવર્નરે ઘણો વિચાર કરીને ટોમસ વિલિયમને કહ્યું, "તમે ફરી એક બીજો કાગળ લખો. ૪૩. અને તેમાં એમ લખો કે આપનો ઉત્તરપત્ર મળી ગયો છે, અને તેનાથી અમારા મનમાં અત્યંત દિલગીરી થઈ છે. જો આપનો મેળાપ અમને થયો હોત તો ઘણો આનંદ થાત." ૪૪. ગર્વનર સાહેબના આ શબ્દ સાંભળીને ટોમસ વિલિયમ સાહેબે ફરી એક બીજો પત્ર શ્રીહરિને લખ્યો. તેમાં અતિશય શુભ વિવેકની સાથે સ્નેહના શબ્દ લખ્યા. 'સં.૧૮૮૬ના ફાગણ સુદિ બીજને દિવસે રાજકોટથી મારી સૂઝ પ્રમાણે મેં આ પત્ર લખ્યો છે. ૪૫-૪૬. ગઢપુરવાસી શુદ્ધચરિત્ર આપ સહજાનંદ સ્વામીનો મહા વદિ તેરશના દિવસનો પવિત્ર પત્ર અહીં આવ્યો, તે સાહેબે વાંચ્યો છે. તેમાં આપે લખ્યું છે કે, આપને શરીરે સારું નથી એટલે આપ આવી શકશો નહીં.' ૪૭-૪૮.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "રાજકોટથી ગવર્નર સાહેબનો પત્ર અને ત્યાં જવાનો શ્રીહરિએ નિર્ણય કર્યો" એ નામે સિત્યોતેરમો તરંગ સમાપ્ત ||૭૭||



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૮

સાહેબને મળવા માટે શ્રીહરિએ રાજકોટ તરફ પ્રયાણ કર્યું

'તે પત્રમાં આપના આવા સમાચાર વાંચીને સાહેબ ઘણા દિલગીર થઈ ગયા છે, અને આપનાં દર્શન કરવાની તેમના દિલમાં અત્યંત આતુરતા(પીડા) છે. ૧. આપે જે ધર્મમાર્ગ ચલાવ્યો છે અને તેમાં જે શુભ નિયમ રાખ્યા છે, તેની વાતો સાંભળીને સાહેબ ઘણા ખુશી થયા છે. ૨. આપે આ જગતમાં નીચી જાતિથી લઈને ઉચ્ચવર્ણ સુધી નીતિમત્તા અને સદાચારને અપાર ફેલાવ્યો છે. ૩. વળી, જે મોટા મોટા ડાકુઓ હતા તેમને પણ આપે ઘણા સુધારી દીધા છે. તે વાત સાંભળીને સાહેબને આપના ઉપર ઘણો

પ્રેમ થયો છે.' ૪. આટલું લખીને તે પત્રમાં વિલિયમ ટોમસ સાહેબે સહી કરી. તે દિવસે ભુજથી રાજકોટ આવેલા સંતો ગઢપુર જતા હતા, તેમને તે બુદ્ધિશાળી અધિકારીએ પત્ર આપ્યો. ૫. અંતર્યામી શ્રીહરિએ આ બધી વાત જાણી લીધી અને દાદા ખાચર આગળ કહ્યું કે, "ગર્વનર સાહેબ અમારી બાબતના મનમાં વિચારો કર્યા કરે છે અને અમારાં દર્શન માટે દિલગીર થઈ રહ્યા છે. ૬. તેમના બે પત્ર તો અહીંયાં આવી ગયા છે અને ત્રીજો પત્ર રસ્તામાં છે. હવે ત્યાં અમારે ગયા સિવાય ચાલશે નહીં. માટે અત્યારે જ રાજકોટ જવા ચાલો." ૭.

પછી મીર સાહેબે આપેલો મ્યાનો તૈયાર કર્યો. મહાપ્રભુ શ્રીહરિ તે મ્યાનામાં બેઠા અને બીજા બધા સંતો રથમાં બેઠા. ૮. દાદા ખાચર ઘોડે સવાર થઈને આ વખતે શ્રીહરિની સાથે ચાલ્યા હતા. દત્તપુત્ર બંને આચાર્યને પણ સાથે લીધા. આ રીતે વિશ્વનાથ શ્રીહરિ ચાલ્યા. ૯. બીજને દિવસે મધ્યાહ્ન વખતે શ્રીહરિ **ખંભાળા** ગામ પહોંચ્યા. ઘનશ્યામ શ્રીહરિ ત્યાં સાથવો જમ્યા અને ગુણોના ધામ જેવા બીજા બધા ભક્તો પણ ત્યાં જમ્યા. ૧૦. જ્યારે ખંભાળામાં શ્રીહરિ આવ્યા છે એવા સમાચાર મળ્યા ત્યારે ત્યાં ઓઘડ ખાચર આવ્યા, અને તેની સાથે તેમના ચાર પુત્ર પણ હતા. તેમનાં નામ ચોક્કસ ગણાવું છું. ૧૧. નાગ ખાચર, માણસિયા ખાચર, ભાયા ખાચર અને ચોથા ગોદડ ખાચર કહેવાય છે. તે સહુએ શ્રીહરિને પ્રણામ કરીને કહ્યું કે, "મહારાજ ! આપ અમારી સાથે પધારો અને અમારા ગામને પવિત્ર કરો." ૧૨.

તે સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, "અમારે ઉતાવળે જવું છે, જો રસોઈ જમવા રહીએ તો અહીંયાં જ રાત પડી જાય. ૧૩. માટે જે તૈયાર હોય તે લાવો અને બધા સવારોને છાશ પિવડાવો." પછી જે રસોઈ તૈયાર હતી તે લાવ્યા અને ખાસ કરીને શ્રીહરિએ ત્યાં કાઠી દરબારોને જમાડ્યા. ૧૪. પ્રભુ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **વાંકિયા** ગામ આવ્યા. ત્યાં ઘેલા ખાચર સામે આવ્યા અને સવારી સાથે શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ૧૫. પછી શ્રીહરિએ પૂછ્યું કે, "તમારા પિતા મોકા ખાચર ક્યાં ગયા છે ?" ત્યારે ઘેલા ખાચરે

કહ્યું કે, "મારા પિતા રાજકોટ ગયા છે." ૧૬. ઘેલા ખાચરની માતા સોઢી ઉર્ફે સોણબાઈ નામે હતા. તેમણે બધો સામાન આપ્યો અને સંતોને માટે રસોઈ કરાવી. ૧૭. પછી બ્રહ્મચારીએ થાળ કર્યો અને ભક્તોના પ્રાણજીવન, ભક્તપ્રતિપાલક શ્રીહરિ ત્યાં જમ્યા. પછી વિશેષ જ્ઞાનવાર્તા કરી અને પરમેશ્વર શ્રીહરિ રાત્રે ત્યાં પોઢી ગયા. ૧૮. બીજા દિવસે ઘણા હેતથી સોઢીબાઈએ અને ઘેલા ખાચરે પણ સારી રીતે શ્રીહરિ પાસે ઘણી વિનંતી કરીને કહ્યું કે, "મહારાજ ! આજનો દિવસ અહીંયાં રોકાઓ." ૧૯. તે સાંભળીને શ્યામસુંદર શ્રીહરિએ કહ્યું કે, **"અમારે જલદી જવાનું કામ છે, અત્યારે અમે રાજકોટ જઈએ છીએ. એટલે તમે રોકવાનો આગ્રહ કરશો નહીં."** ૨૦.

તે સાંભળીને તેઓ કાંઈ બોલ્યા નહીં, શ્રીહરિના મર્મને તેઓ મનમાં સમજી ગયા. તે વખતે જસા ખાચર નાના બાળક હતા. સોઢીબાઈએ તેને તેડ્યા હતા. ૨૧. તે લઈને શ્રીહરિને પગે લગાડ્યા. શ્રીહરિએ તેને માથે હાથ ફેરવ્યો. સર્વોપરિ, અશરણશરણ પ્રભુએ બાળક જસા ખાચરની છાતી ઉપર ચરણ ચાંપ્યાં. ૨૨. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે બે ગાઉ જેટલે રસ્તામાં ગયા ત્યારે ત્યાં બે સંત સાહેબનો પત્ર લઈને સામે આવ્યા. ૨૩. સંતોએ પત્ર આપીને પ્રણામ કર્યા. ત્યારે શ્રીઘનશ્યામ પ્રભુ બોલ્યા, "સંતો ! તમે ક્યાંથી આવો છો ? અને આ પત્ર કોનો છે ? અને ક્યાંથી લાવ્યા છો ?" ૨૪. ત્યારે તે સંતોએ કહ્યું કે, "હે હરિવર ! પરમચૈતન્યાનંદ સ્વામીની સાથે ભુજની યાત્રા કરીને અમે રાજકોટ આવ્યા હતા. તેથી આ પત્ર ત્યાંથી લાવ્યા છીએ. ૨૫. મુંબઈના ગવર્નર હાલ રાજકોટમાં છે. હે સુખરૂપ શ્રીહરિ ! આ પત્ર તેમણે આપ્યો છે, તે અમે લાવ્યા છીએ." ૨૬.

પછી તે પત્ર શ્રીહરિએ વાંચ્યો અને કહ્યું કે, "સાહેબનું હેત તો જુઓ !" પછી શુકમુનિને તે સાહેબનો પત્ર ફરીને વાંચવા આપ્યો. પછી શ્રીહરિ બોલ્યા, "અમારા ઉપર મુક્તાનંદ સ્વામી જેવો ભાવથી પત્ર લખે એવા ભાવથી આ પત્ર લખાયેલો છે, અને તેમના જેવો જ પ્રેમ જણાય છે; તેના મર્મભર્યા વિચારો તો જુઓ." ૨૭-૨૮. તે વખતે સાહેબનો પ્રેમ સાંભળીને સહુને ઘણું આશ્ચર્ય થયું. ત્યારે દાદા ખાચરે મસ્તક નમાવીને કહ્યું,

"પ્રભુ ! આપ તો અંતર્યામી છો. ૨૯. તમે પહેલાં કહ્યું હતું કે રસ્તામાં પત્ર આવે છે. ખરેખર તે પત્ર અહીં આવી ગયો." પછી ત્યાંથી સુખરાશી અવિનાશી શ્રીહરિ આગળ ચાલ્યા, તે **આટકોટ** ગયા. ૩૦. ત્યાંના ભક્તો દર્શન કરવા માટે આવ્યા, ત્યારે ભેટ ધરવા માટે ભાતું પણ લાવ્યા હતા. કૃપાનાથ જગદાધારે તે ભેટ સ્વીકાર કરી. પછી ત્યાંથી આગળ ચાલ્યા. ૩૧. આગળ ચાલતાં બુઢણપરી નદી આવી. તે સ્થળે નિત્યક્રિયા કરી. પછી જે ભાતું હતું તે સહુને આપ્યું અને શ્રીહરિએ પોતે પણ ત્યાં ભોજન લીધું. ૩૨.

ત્યાંથી જ્યારે આગળ ચાલ્યા ત્યારે ત્યાં એક બાજુ એક ડુંગર દેખાયો. તેની ટેકરી ઉપર એક દેરી હતી. તે દેખીને શ્રીહરિએ પૂછ્યું કે, "આ દેરી કોની છે ?" ૩૩. ત્યારે દાદા ખાચરે પ્રભુ પાસે કહ્યું, "આનો તો એક ઈતિહાસ છે. અહીંયાંના બે ચારણ હતા. તે પોઠિયા ઉપર માલ લાવતા હતા. ૩૪. તે ચાલ્યા આવતા હતા અને આ સ્થળે પહોંચ્યા. ત્યારે બંનેને પરસ્પર વિવાદ થયો. જેનો પોઠિયો ભાર ઉપાડીને શિખર ઉપર ચઢી જાય તે જીત્યો કહેવાય, અને જેનો પોઠિયો ન ચઢે તે હાર્યો કહેવાય. જે હારે તેણે આ શિખર ઉપર દેરી કરાવવી. પછીથી એકનો પોઠિયો ચડી ગયો અને બીજાનો અધવચ્ચે જતા જ અટકી ગયો. ૩૫-૩૬. પછી તેણે બધા પોઠિયા વેચી નાખીને આ દેરી કરાવી છે. હે હરિ ! તેથી આ ડુંગરનું નામ પણ બળધવા ડુંગર પડ્યું છે." ૩૭.

✵ મૂર્ખની ધન વાપર્યાની રીત :

ત્યારે જગજીવન પ્રભુ બોલ્યા, "લોકો કેવા મૂર્ખ હોય છે ? સારા કામમાં એક કોડી પણ ન ખર્ચે અને ખોટા વાદ-વિવાદમાં બધું ખર્ચી નાખે છે. ૩૮. જુઓ તો ખરા, કેવા મૂર્ખ લોકો હોય છે ! તેમને કોઈ વિચાર પણ આવતો નથી. જ્યાં ઊગે નહિ ત્યાં વાવે અને જ્યાં ઊગતું હોય ત્યાં વાવે નહિ; આવા તે મૂર્ખ હોય છે. ૩૯.

चोपाई :

देवार्थ देत धन अस विचारे, कम होगा इतना द्रव्य हमारे;
व्यर्थ ममत्व से वाद चडेऊ, तामें घरबार बेच खर्चेऊ...४०

द्रव्यार्थ देश विदेश जाये, अत्यंत कष्ट से धन कमाये;
विवाद में पिछे व्यर्थ उडावे, वो बडे मूर्ख जग में कहावे...४१
खुद न खाया परकु न दियेऊ, न किसीका कुछ कष्ट काटेऊ;
न कुछ वाका उपयोग होई, कुसंगी धन कुमार्ग हि खोई...४२

દેવને માટે જો ધન દેવાનું થાય તો મનમાં વિચારે કે મારે એટલું ધન ઓછું થઈ જશે, અને ખોટા મમત્વને લીધે વાદ-વિવાદે ચડે તો પોતાનાં ઘરબાર વેચીને પણ ખર્ચ કરે. ૪૦. મનુષ્ય ધન કમાવા દેશ-પરદેશ જાય, ઘણું કષ્ટ વેઠીને ધન કમાય, પછી ખોટા વિવાદમાં તે ધનને ઉડાડે; આવા લોકો તો જગતમાં મોટા મૂર્ખ કહેવાય છે. ૪૧. જેણે પોતે ખાધું ન હોય, બીજાને કાંઈ આપ્યું ન હોય અને કોઈનું દુઃખ મટાડ્યું ન હોય તેનો કાંઈ જ ઉપયોગ નથી. કુસંગી તો પોતાના ધનને કુમાર્ગે જ ખોવે છે. ૪૨. **સંતોને રસોઈ આપવી હોય તો મનમાં બહુ વિચાર કરે, અને લગ્નના પ્રસંગમાં વિવાદે ચડે તો નીડર થઈને અપાર ધન ખરચે.** ૪૩. કોઈ માણસ જુગારમાં ધન ગુમાવે તથા કોઈ વાદ-વિવાદમાં બહુ ખરચો કરે, અથવા કોઈ ઠગ માણસ ઠગી જાય; આ રીતે વપરાયેલું બધું ધન વ્યર્થ છે, તેનું કાંઈ પુણ્ય થાતું નથી. ૪૪. **કોઈ માણસ ફુલાઈને કરજ કરીને નાત જમાડે. પછી કરજ ચૂકવી શકે નહિ ત્યારે તેનું ઘર જપ્ત થાય. તેથી તે ફૂલણશીની લાજ તથા ધન બધું જ જાય છે."** ૪૫. શ્રીહરિએ પોતાના બધા ભક્તોને આવી શિખામણ આપી. જેનું જીવન જ પરોપકારી છે, આવા શ્રીહરિ પોતાના ભક્તોને રૂડાં જ્ઞાનનો બોધ આપતા હતા. ૪૬.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સાહેબને મળવા માટે શ્રીહરિએ રાજકોટ તરફ પ્રયાણ કર્યું" એ નામે ઈઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૭૯

શ્રીહરિ ભક્તોની ભાવનાને સ્વીકારતા થકાં રાજકોટ પહોંચ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કથા કહે છે અને અભયપુત્ર દાદા ખાચર સાંભળે છે. ધર્મપુત્ર શ્રીહરિની અદ્‌ભુત લીલાને કહેતા તથા સાંભળતા સુખ ઊપજે છે. ૧. સંતો તથા ભક્તોની સાથે શ્રીહરિ રાજકોટ જઈ રહ્યા છે ત્યારે આગળ જતાં રસ્તામાં **બળધોઈ** ગામ આવ્યું. ૨. ગામમાં કોઈ ખાસ માણસ ન દેખાયા, પછી શ્રીહરિ અને સંતો આગળ ચાલ્યા. રસ્તામાં બોરડીના ઝાડ ઉપર સારા બોર દેખીને વર્ણીએ તે વીણીને શ્રીહરિને આપ્યા. ૩. ત્યારે એક રાયજી નામના પાર્ષદે પણ બોર લાવીને બધા શ્રીહરિને આપ્યા. તે બોર શ્રીહરિ ઘણા પ્રેમથી જમ્યા. ૪. તે વખતે બ્રહ્મચારી બોલ્યા કે, “શબરીના બોર આવા જ હતા.” તે સાંભળીને શ્રીઘનશ્યામ પ્રભુ હસ્યા અને ત્યાં સહુને બોરની પ્રસાદી આપી. ૫. આ રીતે શ્રીહરિ સહુની સાથે ચાલ્યા. આગળ ચાલતાં ગોવાળોનો એક નેસડો આવ્યો. ત્યારે તેમાંથી કોઈ એક ગોવાળે પૂછ્યું કે, “આ કોનું લશ્કર છે અને ક્યાં જાય છે ?” ૬.

તે સાંભળીને દાદા ખાચર બોલ્યા, “ભાઈ ! આ કોઈનું લશ્કર નથી. મોટા સદ્‌ગુરુઓ પણ જેની સેવા કરે છે તે આ ભગવાન સ્વામિનારાયણ છે.” ૭. આવું સાંભળતાં જ તે ગોવાળ દોડ્યો અને તત્કાળ જ શ્રીહરિને તે પગે લાગ્યો. શ્રીહરિએ તેને કેવો જોયો ? તો તે ગોવાળે ખભા ઉપર ડાંગ અને કાળો કામળો રાખેલો, ચમચમતા ઓખાઈ જોડા પહેરેલા અને શરીરમાં ઉન્મત્તાઈવાળો જોયો. તે સમયે ગોવાલણો પણ ત્યાં દોડીને આવી અને મસ્તક નમાવી શ્રીજીમહારાજને વંદન કરી સહુ પગે લાગી. ૮-૯. પછી તે બધાં ગોવાળ નરનારીઓ ભગવાન શ્રીહરિને કહેવાં લાગ્યાં કે, ‘આજ આપ અમારાં મહેમાન બનો. અમે તો આપના દાસ છીએ. જમ્યા વગર જવા દેશું નહીં.’ ૧૦.

તે બધા ગોવાળોને પ્રેમમાં અત્યંત અધીરા દેખ્યા ત્યારે શ્રીહરિની આંખોમાં પણ પ્રેમના આંસુ આવી ગયાં પછી બોલ્યા કે, **“અમારે જવાની**

ઉતાવળ છે. અહીં અમને રોકવાની વાત કરશો નહીં." ૧૧. પછી શ્રીહરિએ દાદા ખાચરને કહ્યું કે, "તમે આ બધાં ગોવાળો પાસે જઈ તેમને સારી રીતે સમજાવો." દાદા ખાચરે તે ગોવાળોને પ્રેમીના રૂપમાં દેખ્યાં. પછી તેમણે ઘણું સમજાવીને બધાંને માંડ પાછાં વાળ્યાં. ૧૨. પછી દાદા ખાચરે મહારાજને પૂછ્યું કે, "હે નાથ ! આપની આંખોમાં આંસુ કેમ આવી ગયા ?" ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તેમને જોતાં જ અમને વ્રજવાસી યાદ આવી ગયાં હતાં. ૧૩. વ્રજવાસીઓ જેવાં પ્રેમી હતાં તેવાં જ આ નરનારીઓ છે." ત્યારે દાદા ખાચરે કહ્યું, "પ્રભુ, આપની દયાને ધન્ય છે." ૧૪.

❋ શ્રીહરિ રસ્તામાં ઉમરાળી વગેરે ગામમાં પધાર્યા :

પછી ત્યાંથી શ્રીહરિવર આગળ ચાલ્યા તે **ઉમરાળી** ગામ આવ્યા. ત્યાંના આહિર રાજા ડાંગર આવ્યા. તેણે સ્વાગત કરીને શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૧૫. શ્રીહરિ ત્યાં રાત રોકાયા અને રાજા ડાંગરે શ્રીહરિની સારી રીતે સેવા કરી. શ્રીહરિ ઉમરાળીમાં આવ્યા છે એવા સમાચાર ભૂપગઢ પહોંચ્યા. ૧૬. ત્યારે શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાંના હરિભક્તો આવ્યા. દરબાર ! તેનાં નામ સાંભળો. બધા જ નાડોદા જ્ઞાતિના રાજપૂત હરિભક્ત હતા અને તે ભલી ભાતે શ્રીહરિની ભક્તિ કરતા હતા. ૧૭. એ બધા સિંધવ અટકના રાજપૂત હતા. સાથે એક કાના પટેલ પણ હતા.

તે રાજપૂતોનાં નામ કહું છું : અજાભાઈ, વસ્તાભાઈ, લખાભાઈ, કિકાભાઈ, ઉકાભાઈ, તેજાભાઈ, કરશનભાઈ અને નારાયણભાઈ હતા. તેમજ બે ગોહિલ અટકના હરિભક્ત હતા. તેમાં એકનું નામ મલારભાઈ અને બીજાનું નામ વશરામભાઈ હતું. ખોડાભાઈ ચાવડા હતા અને નરસિંહભાઈ વાઘેલા હતા. તે બધા પાકા હરિભક્ત હતા. ૧૮-૧૯. આ બધા ઉમરાળી ગામ આવ્યા. સાથે ગાડીઓ જોડીને લાવ્યા હતા. રાત ઘણી વીતી ગઈ હતી અને પરમેશ્વર શ્રીહરિ પોઢી ગયા હતા. ૨૦. તેથી તે બધા હરિભક્તો ત્યાં રાત રહ્યા. રાત વીતી અને પ્રભાત થયું ત્યારે શ્રીહરિ ઊઠ્યા અને તાપવા લાગ્યા. તે વખતે સ્નેહાતુર બધા હરિભક્તો ત્યાં આવ્યા. ૨૧. તેમણે પ્રેમથી શ્રીહરિને પ્રણામ કરીને કહ્યું કે, "મહારાજ ! આપ અમારે ગામ ભૂપગઢ

આવો. અમારા મનમાં ઘણા દિવસની આશા છે. દિલમાં દયા લાવીને આજ અમારી આશા પૂર્ણ કરો." ૨૨.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "અમારે ઉતાવળનું કામ છે માટે તમે આગ્રહ કરશો નહિ. તમે આવીને અમારાં દર્શન કર્યાં છે તેથી મનમાં આનંદ રાખવો. ૨૩. અમે જ્યારે રાજકોટથી પાછા વળશું ત્યારે તમારે ગામ આવશું." આમ વચન દઈને શ્રીઘનશ્યામ પ્રભુ **સરધાર** ગયા. ૨૪. જ્યાં સડકનું ગરનાળું છે ત્યાં શ્રીહરિ ઊતર્યા. ગામના લોકો ટીમણ લાવ્યા અને શ્રીહરિને ભેટ ધર્યું. ૨૫. સહુએ હાથ જોડીને કહ્યું, "ઘનશ્યામ પ્રભુ ! અમારા ગામમાં પધારો." ત્યારે શ્રીહરિએ કહ્યું, "આગ્રહ ન કરો. અમારે ઘણું ઉતાવળનું કામ છે." ૨૬. એમ કહીને શ્રીહરિ ચાલ્યા તે રસ્તામાં **અણિયાળા** ગામ આવ્યું. ત્યાંથી **થોરાળા** જઈને આજી નદીને કિનારે રહ્યા. ૨૭. ત્યાં આંબાના ઝાડ નીચે ઉતારો કરીને શ્રીહરિએ સ્નાન કર્યું. જ્યારે સહુએ સ્નાન કરી લીધું ત્યારે સરધારના હરિભક્તોએ આપેલું ટીમણ સહુને જમવા માટે આપ્યું. ૨૮. શ્રીહરિ જ્યારે જમીને ચાલ્યા ત્યારે પાડાસણ ગામના સરતાનજી ત્યાં આવ્યા અને તેણે કહ્યું કે, "હે નાથ ! આપ પાડાસણ ગામ ચાલો." ૨૯. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, "વળતી વખતે આવશું." પછી શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા. જ્યારે **રાજકોટ** એક ગાઉ દૂર રહ્યું ત્યારે શ્રીહરિએ સાહેબનો પત્ર લઈને આવનાર પીરભાઈ નામે સવારને કહ્યું કે, "તમે સાહેબનો પત્ર લાવ્યા હતા તેથી અમે અહીં સુધી આવ્યા છીએ. માટે હવે તમે આગળ જાઓ અને સાહેબને સમાચાર કહો." ૩૦-૩૧.

❋ શ્રીહરિનું રાજકોટમાં સ્વાગત અને ઉતારા :

પછી તે સવાર ત્યાંથી આગળ ગયો અને સર માલ્કમ સાહેબને બધા સમાચાર કહ્યા. શ્રીહરિ પધાર્યાના સમાચાર સાંભળી તે ખૂબ જ ખુશી થયા. હે દરબાર ! તેનું વર્ણન કરી શકાતું નથી. ૩૨. ગર્વનર સાહેબ ઘણા ભાવિક હતા. તેણે એક સરદારને સામે મોકલ્યા. સાથે ચતુરંગિણી સેના મોકલી અને અપાર દેશી રાજાઓને મોકલ્યા. ૩૩. દેશી રાજાઓના ડંકા તથા નિશાન અને ઘણાં સારાં અંગ્રેજી વાજિંત્રો આવ્યાં. તેની સાથે પલટનની શોભા ઘણી

સારી હતી. આ રીતે તે બધી સવારી શ્રીહરિની સન્મુખ આવી. ૩૪. તે સરદારે આવી શ્રીહરિને પ્રણામ કર્યા અને બોલ્યા કે, “પ્રભુ ઘનશ્યામ ! આપ ભલે પધાર્યા.” તે વખતે રાજકોટ ગામના બધા સત્સંગીઓ પણ આવ્યા અને ઉમંગથી મહાપ્રભુનાં ચરણોમાં પ્રણામ કર્યા. ૩૫. શ્રીહરિને ફૂલના હારતોરા ધરાવ્યા અને ધામધૂમથી શહેરમાં પધરાવ્યા. વિદેશી વાજિંત્રની પલટન સાથે રાજાઓની સવારી પણ શોભતી હતી. ૩૬.

અવતારી શ્રીસ્વામિનારાયણ પ્રભુ મ્યાનામાં બેઠા હતા અને મુકુંદ બ્રહ્મચારી ચામર કરતા હતા. બધા સંતોનાં મંડળ કીર્તન ગાતા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૩૭. બંને આચાર્ય રથમાં બેઠા હતા. તેમની પાછળ પાર્ષદ ચાલતા હતા. છડીદાર જય જયકાર કરતા હતા. સાથે કાઠી ઘોડેસવાર સખાઓ હતા. ૩૮. સદ્‌ગુરુ સંતો ગાડીમાં બેઠા હતા. આવી શ્રીહરિની બધી સવારી અતિશય શોભતી હતી. રાજકોટનો ઉત્તર દિશાનો દરવાજો ઘણો સુંદર લાગતો હતો. ૩૯. શ્રીહરિએ તે દરવાજામાં પ્રવેશ કર્યો. ત્યારે તેમનાં દર્શન કરવાં માટે અનેક લોકો એકદમ ભેળા થઈ ગયા. અવતારી શ્રીહરિને રાજકોટ શહેરમાં જોઈને બધાં નરનારીઓ ખૂબ ખુશ થઈ ગયાં. ૪૦. આ રીતે સહુની સાથે ચાલતા સર્વોપરિ સુખદ શ્રીહરિ દક્ષિણ દરવાજે ગયા. આમ શહેરમાં ઠાઠમાઠથી ચાલ્યા હતા. ૪૧. પછી જ્યાં હાલ રાજકોટ ભુપેન્દ્ર રોડ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિની યાદગીરીની છત્રી છે, ત્યાં વિશાળ મોટો તંબુ ઊભો કર્યો હતો. તેમાં પ્રાણપતિ શ્રીહરિ ઊતર્યા. ૪૨.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં “શ્રીહરિ ભક્તોની ભાવનાને સ્વીકારતા થકાં રાજકોટ પહોંચ્યા” એ નામે ઓગણએંશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૦

શ્રીહરિ તથા સર માલ્કમનો રાજકોટમાં ઐતિહાસિક મેળાપ

શ્રીહરિના તંબુની આસપાસના પ્રદેશમાં બીજા તંબુઓ હતા. તેમાં અન્ય ભક્તો ઊતર્યા. એ વખતે અન્ય લોકો જે આવ્યા હતા તે બધા પ્રણામ કરીને ગયા અને હરિભક્તો સેવામાં રહ્યા. ૧. ઉકાભાઈ, વેલાભાઈ આદિ કડિયા ભક્તો અને ઉદાર ગોવિંદભાઈ વગેરે એ બધા હરિભક્તો મળીને આવ્યા. તેમને ઘણો આનંદ થયો. ૨. તે સહુ હરિભક્તોએ ત્યાં સીધુંસામાન લાવીને સંતો તથા હરિભક્તોને માટે સરસ રસોઈ બનાવડાવી. ૩. ત્યારે ત્યાં મોટો એક સારો મંડપ બંધાવ્યો હતો. તે જગ્યાએ શ્રીહરિએ અદ્ભુત સભા કરાવી. ૪. તે સભામાં બંને આચાર્ય તથા ગૃહસ્થો બેઠા અને તેની સન્મુખ બધા સંતો બેઠા. સાહેબે એક જમાદાર શ્રીહરિની પાસે મોકલ્યો અને તેણે આવીને તે વખતે શ્રીહરિને કહ્યું, “હે કરુણાનિધાન ! જે જે સામાન જોઈએ તે અમને કહેજો. જેટલા કહો તેટલા ચોકીદાર ચોકી માટે અહીંયાં મોકલું.” ૫-૬.

☀ શ્રીહરિએ સકારણ ત્યાગીની નિર્ભયતા કહી :

જમાદારની વાત સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, “અમારે સીધુંસામાન જે જોઈએ તે તો આ રાજકોટમાં રહેનારા અમારા બધા સેવકો લાવ્યા છે. ૭. હવે અમારે કાંઈ જોઈતું નથી. અમારે માટે ચોકીની પણ કાંઈ જરૂર નથી. અમારી સાથે જે કાઠી દરબારો છે, તે બધા પોત-પોતાનું સંભાળી લેશે. ૮. સાધુને તો પત્તર, તુંબડી અને માળા હોય છે. તેને માટે કોઈ ચોકીદાર જોઈએ નહીં. **જેની પાસે લગાર પણ જોખમ નથી હોતું તેને કોઈ લૂંટનાર હોતા નથી.** ૯.

चोपाई :

है पात्र रु तुंबी जेह पासा, उन्हें नहि कोई चोर त्रासा;
माया का संग्रह है जिनकू, चोर का त्रास सदैव इनकू...१०
ज्ञानरूपी धन संत काही, जिनका मूल्य अतिशे रहाही;
जो चुराके वे ले जायेऊ, वह चोर भी संत सम भयेऊ...११

सब पूँजी भेजी सत्य घरही, चले प्रवास में ज्युं धन हिनही;
पुनि चहे तहाँ करत मुकामा, अंगरक्षक का नहि कुछ कामा...१२

दोहा : साधु होय निजी धन रखे, वो नहि सच्चे संत;
वे संत गृही सम जानो, नहीं सद्‌गुरु महंत...१३
स्त्री धन से जो दूर रहे, चित्त में न वस्तु चहत;
ताको न गरज किसीकी, उनको डर नहि लगत...१४

જેની પાસે પત્તર અને તુંબડું જ હોય છે તેને ચોરનો કોઈ ભય હોતો નથી. જેની પાસે માયાનો સંગ્રહ હોય છે તેને જ કાયમ ચોરનો ભય રહે છે. ૧૦. સંતોનું ધન તો જ્ઞાન છે, જેનું મૂલ્ય ઘણું વધારે છે. જે માણસ સંતના જ્ઞાનરૂપી ધનને ચોરીને લઈ જાય તે ચોર પણ સંત જેવો થઈ જાય છે. ૧૧. સંતોએ તો પોતાની બધી જ સંપત્તિ સાચા ઘરે, કહેતાં અક્ષરધામમાં મોકલી દીધી છે. હવે તો તેઓ નિર્ધનની જેમ પ્રવાસમાં ચાલ્યા છે. તેથી આ સંતો જ્યાં ચાહે ત્યાં મુકામ કરે છે. તેમને કોઈ અંગરક્ષકનું કાંઈ કામ પડતું નથી. ૧૨.

જે સાધુ થઈને પોતાનું ધન રાખે છે તે સાચા સંત નથી. તે સંતને તો ગૃહસ્થ જેવા જાણવા. તે મહાન સદ્‌ગુરુ કે ખરા સંત નથી. ૧૩. જે સંત સ્ત્રી અને ધનથી દૂર રહે છે અને પોતાના મનમાં કોઈ વસ્તુને ચાહતા નથી, તો તેને કોઈની ગરજ હોતી નથી અને તેને કોઈનો ભય પણ લાગતો નથી. ૧૪. જે સંતોએ પોતાના શરીરને જ ખાસ કરીને નાશવંત જાણ્યું હોય તેમનું એવું જીવન હોય છે કે, ચોરને તેમની પાસેથી કાંઈ મળતું નથી. ૧૫. સંતો જંગલમાં નિવાસ કરે તોપણ તેને કોઈનો ભય નથી. કારણ કે, જેના દિલમાં ભગવાનનો નિવાસ છે તેને કોઈનો ડર રહે નહીં. ૧૬.

चोपाई :

आत्मा का नाश कभी न होऊ, आत्मा न चूरा सकत कोऊ;
आत्मरूप में वर्तत जेहा, कीसी से डरत न दिल तेहा...१७
शत्रु तथा मित्र सम जानेऊ, सुख दुःख जो सम प्रमानेऊ;
जिन्हें नहि रंच रागद्वेषा, उन्हें दिल डर न होत लेशा...१८

આત્માનો ક્યારેય નાશ થતો નથી, અને આત્માની ચોરી કોઈ કરી શકતું નથી. માટે જે આત્મારૂપે વર્તે છે તેનું દિલ કોઈથી ડરતું નથી. ૧૭. જે શત્રુ તથા મિત્રને એકસમાન જાણે, સુખ તથા દુઃખને તુલ્ય ગણે, વળી જેને રંચ પણ રાગ-દ્વેષ ન હોય; તેમના દિલમાં લેશમાત્ર પણ ડર હોતો નથી. ૧૮. માટે આ બધા સંતો એવા છે. અને તેમની પાસે ચોરી કર્યા જેવી કોઈ ચીજ નથી એટલે તેમને ચોકીદારનું કાંઈ કામ નથી. માટે તમે જઈ સાહેબને અમારી સલામ કહેજો." ૧૯.

પછી જમાદારે જઈને સાહેબને આ શ્રીહરિના સમાચાર કહ્યા ત્યારે સાહેબ મનમાં ઘણા ખુશ થયા. પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ અને ઉદાર સ્વભાવના બધા સંતો જમ્યા. ૨૦. આચાર્ય તથા બધા કાઠી દરબારો પણ જમ્યા. શ્રીહરિ સહુને આનંદ દેતા હતા. પછી આરતી તથા ધૂન કર્યા અને શ્રીહરિએ સભામાં જ્ઞાનવાર્તા કરી. ૨૧. પછી શ્રીહરિ રાતે પોઢી રહ્યા અને જ્યારે થોડી રાત બાકી રહી ત્યારે ઊઠીને સહુએ પ્રાતઃકાળમાં નિત્યવિધિ કર્યો અને શ્રીહરિ, સંતો તથા કાઠી દરબારો જમ્યા. ૨૨.

શ્રીહરિએ તે વખતે પોતાના ચાર મંત્રી બોલાવ્યા. તેનાં નામ આ જગ્યાએ લખું છું. દેવાભક્ત અને ભીમભક્ત - આ બે સેવા કરનારા પાળા અને હરજી ઠક્કર તથા લાધા ઠક્કર. ૨૩. તેમના પ્રત્યે શ્રીહરિએ કહ્યું, "તમે ચારેય જણ સાહેબ પાસે જાઓ. તેમને અમારા 'જય નારાયણ' કહેજો. પછી એટલું ચોક્કસ પૂછજો કે, અમે ક્યારે મળવા આવીએ ? આપની શી ઇચ્છા છે ? આપ કહો તો અમે જ્યારે રાજાઓની કચેરી થઈ હોય ત્યારે આવીએ. ૨૪-૨૫. અને જો આપ કહો તો એકાંતમાં મળીએ. જેથી શાંતિથી આપણે વાત થાય." તે સાંભળીને શ્રીહરિના તે ચારેય મંત્રી સાહેબની પાસે ગયા અને શ્રીહરિના શબ્દ તેમને સંભળાવ્યા. ૨૬.

ત્યારે ગવર્નર બોલ્યા કે, "શ્રીહરિની જ્યારે ઇચ્છા હોય ત્યારે આવે. મારે બીજા કોઈ રાજાનું કામ નથી. મારે તો સ્વામિનારાયણને નમસ્કાર કરવા છે. ૨૭. **મને તો તેમને મળવાનો ભાવ છે. મારે કોઈ દેખાવ કરવો નથી. ઝાઝા લોકો હોય તો તેમાં અડચણ થાય માટે થોડા માણસો આવે તેવું મને રુચે છે."** ૨૮. આવું સાંભળી તે ચારેય જણ પાછા આવ્યા અને શ્રીહરિને

બધા સમાચાર કહ્યા. સાહેબને ઘણો સ્નેહ છે તેમ સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. ૨૯. **માણસ ચાહે તેવી જ્ઞાતિનો હોય પણ જો તેને પ્રગટ પ્રભુ ઉપર પ્રેમ થાય તો એનું કલ્યાણ થાય છે. જેનું ઘણું સારું થવાનું હોય તેના દિલમાં ઘણા સારા જ વિચારો ઊપજે છે.** ૩૦.

※ શ્રીહરિ રાજકોટમાં સર માલ્કમને મળ્યા :

સહુના ઉપર સ્નેહ રાખનારા શ્રીહરિએ બધા હરિભક્તોને પૂછીને નક્કી કર્યું કે સાહેબને મળવા ક્યારે જવું ? અને કોણ કોણ તે વખતે અમારી સાથે રહે ? ૩૧. ત્યારે સહુએ મળીને એવું નક્કી કર્યું કે, 'બપોર પછી પાછલા પહોરે મળવા જવું.' પછી જ્યારે બપોર પછીના ત્રણ વાગ્યા ત્યારે શ્રીહરિ મળવા માટે ચાલ્યા. ૩૨. શ્રીહરિ પોતે મ્યાનામાં બેઠા. અને બંને આચાર્ય રથમાં બેઠા. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી આદિ સંતમંડળ રથમાં બેઠા અને કેટલાક પાર્ષદો જમીન ઉપર ચાલીને આવ્યા. દાદા ખાચર અને સુરા ખાચર ઘોડે સવાર થયા. ૩૩-૩૪. જ્યારે ધર્મકુમાર શ્રીહરિ મળવા જવા નીકળ્યા ત્યારે અગાઉથી સમાચાર આપ્યા. ત્યારે સાહેબે વિવેકથી એક પલટન સન્મુખ મોકલી. ૩૫. તે પલટને શ્રીહરિને રૂડી રીતે માન આપ્યું અને પછી ભગવાન શ્રીહરિ બંગલામાં ગયા. ત્યારે સાહેબો મળવા માટે સામા આવ્યા. તેનાં નામ કહું છું, તેને હવે તમે સાંભળો. ૩૬. સર માલ્કમ સાહેબ કે જે મુંબઈના ગવર્નર હતા, તેમના કારભારી થોમસ વિલિયમ, બ્લેન પોલિટિકલ એજન્ટ - આ ત્રણેય ઘણા બુદ્ધિશાળી હતા. તે સિવાયના બીજા છ અંગ્રેજ અધિકારીઓ પણ તેમની સાથે હતા. તેમને ધર્મપુત્ર શ્રીહરિ મળ્યા. ૩૭-૩૮. ગવર્નર સર માલ્કમે હેતથી શ્રીહરિનો હાથ ઝાલ્યો અને બંગલામાં લઈ ગયા. સંતોના પતિ શ્રીહરિને ઘણા હેતથી ખુરશી ઉપર પધરાવ્યા. ૩૯. શ્રીહરિની સાથે જે હરિભક્તો હતા તેમને પણ યોગ્ય રીતે ખુરશી ઉપર બેસાડ્યા, અને તેમની સામે એક કતારમાં ખુરશી ઉપર સાહેબો બેઠા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ તથા સર માલ્કમનો રાજકોટમાં ઐતિહાસિક મેળાપ થયો" એ નામે એંશીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૧

શ્રીહરિએ સર માલ્કમને શિક્ષાપત્રી આપી તથા વાર્તાલાપ કર્યો

પછી સર માલ્કમ સાહેબે શ્રીહરિના બધા કુશળ સમાચાર પૂછ્યા. 'મહારાજ ! આપ અમારું મંગળ કરવા માટે ભલે પધાર્યા. (અમે તમોને ઘણી તસ્દી આપી છે.)' ૧. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આપે ત્રણ પત્ર મોકલ્યા અને તેમાં આપનો અતિશય સ્નેહ દેખ્યો એટલે અમે અહીં આવ્યા છીએ. ૨. આપને મળીને અમને ઘણો આનંદ થયો છે. કોઈ શ્રમ જણાયો નથી." પછી સાહેબે પોતે શ્રીહરિને પૂછ્યું કે, "આપ આપની જન્મભૂમિ કહો. ૩. આપનાં માતા-પિતા કોણ ? જ્ઞાતિ કઈ ? અને ભાઈ કેટલા છે ? તે કહો." ત્યારે શ્રીહરિએ એમ કહ્યું કે, "ઉત્તર કોશળ દેશ અમારી જન્મભૂમિ છે. ૪. અમે સરવરિયા બ્રાહ્મણ છીએ. સાહેબ, હવે બીજી વાત કહું છું તેને તમે સાંભળો. અમારા પિતાનું નામ ધર્મદેવ છે અને ભક્તિદેવી માતાનું નામ છે. મારાથી એક મોટા અને એક નાના, એમ બે ભાઈ છે. ૫. મોટાભાઈ રામપ્રતાપના પુત્ર આ અયોધ્યાપ્રસાદજી છે, તેમજ ધીર સ્વભાવના નાનાભાઈ ઈચ્છારામજી છે, તેના પુત્ર આ રઘુવીરજી છે. ૬. તે બંનેને અમે દત્તપુત્ર લીધા છે અને અમારી ગાદીના વારસદાર કર્યા છે." ત્યારે સાહેબે પ્યારથી પૂછ્યું કે, "તમે વિવાહ કર્યો છે કે કુંવારા છો ? ૭. તમે પોતાની જન્મભૂમિથી ક્યારે નીકળ્યા હતા અને આ દેશમાં ક્યારે આવ્યા ?"

ત્યારે શ્રીહરિ કહે કે, 'જ્યારે અમે અગિયાર વર્ષના થયા ત્યારે જન્મભૂમિનો ત્યાગ કર્યો હતો. ૮. બદ્રિનાથ અને જગન્નાથ વગેરે તીર્થોમાં એકલા જ ગયા. સેતુબંધ રામેશ્વરમાં રહ્યા. શિવકાંચી તથા વિષ્ણુકાંચી પણ ગયા. ૯. ત્યાંથી પંઢરપુર ગયા અને પછી નાસિક ત્રંબકેશ્વર આવ્યા. પછી ત્યાંથી સુરત આવીને આ ગુજરાત તથા પ્રસિદ્ધ કાઠિયાવાડ દેશને અમે દેખ્યો. ૧૦. સં.૧૮૫૬માં આ દેશ અમે દેખ્યો અને અહીંના લોકોનો વિશેષ સ્નેહ દેખીને અમે અહીં જ રહી ગયા છીએ. પછી અમે ગઢપુરમાં નિવાસ કર્યો છે અને ત્યાંના રાજા અમારા ભક્ત છે.' ૧૧. ત્યારે સાહેબે કહ્યું કે,

"આપનો ધર્મ ઘણો સારો છે, એમ અમે સાંભળ્યું છે. માટે આપે જે કાંઈ શાસ્ત્ર કર્યું હોય તે મને કૃપા કરીને આપો." ૧૨. તે સાંભળીને શ્રીહરિએ સ્નેહથી વિવેક સાથે એક શિક્ષાપત્રી આપી. ત્યારે સાહેબે તે માથે ચઢાવી અને કહ્યું કે, "અમે આ શિક્ષાપત્રી વંચાવીને સાંભળશું." ૧૩. પછી તેણે પૂજાપો લાવીને શ્રીહરિની પૂજા કરી. સુગંધી અત્તર ચરચ્યું અને શાલનો જોટો ભેટ ધર્યો. ૧૪.

શ્રીહરિની સાથે જે હતા તે બધાની પણ સર માલ્કમ સાહેબે પૂજા કરી. પછી હાથ જોડીને માગતા કહ્યું કે, "હે સ્વામિનારાયણ ! આપ સાંભળો. ૧૫. **આપ મારું તથા મારા શત્રુએ બધાનું જ ભલું કરો." તે સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "તમારી સમજણને ધન્ય છે..! ધન્ય છે..!** ૧૬. તમે સહુનું ભલું ઈચ્છો છો માટે તમારું પણ ખૂબ જ ભલું થશે." પછી જ્યારે શ્રીહરિએ જવાની રજા માગી ત્યારે સાહેબે પગમાં પડીને કહ્યું, "પ્રભુ ! આપ થોડા દિવસ અહીં રહો અને જે જોઈએ તે અમારી પાસે માગો. આપને માટે કોઈ વિઘ્ન કરનાર હોય તો તે વાત અમને જાહેર કરો." ૧૭-૧૮. તે વખતે શ્રીહરિ બોલ્યા, "સાહેબ ! અમારે કાંઈ જોઈતું નથી, તેમજ બધા જ અમારા સ્નેહી છે. અમને કોઈ વિઘ્ન કરનારા નથી. ૧૯. હવે અમારે જવાની ઘણી ઉતાવળ છે. માટે રોકવાનો આગ્રહ ન કરશો.

આ અમારા સેવક દાદા ખાચર છે, તે આપને એક અશ્વ ભેટ આપે છે. ૨૦. તે ભેટ આપેલા અશ્વનું મૂલ્ય અમારે જોઈતું નથી. માટે આપ તેને સ્વીકારો." ત્યારે તે સાંભળીને સાહેબ બોલ્યા, "આપે મને જે શિક્ષાપત્રી આપી છે તેને હું લાખ અશ્વ જેટલી મૂલ્યવાન જાણું છું. માટે મારે આ અશ્વ જોઈતો નથી." પછી તેણે દાદા ખાચરને કહ્યું કે, "તમે બહુ મોટા ભાગ્યવાન છો. ૨૧-૨૨. મોટા સંતો તમારે ઘેર નિવાસ કરીને રહ્યા છે તે બધાની તમે ખાસ સેવા કરો છો." માલ્કમ સાહેબે આવી તો ઘણી વાતો કરી અને તેમણે શ્રીહરિમાં ઘણું હેત કર્યું. ૨૩. વળી તેમણે શ્રીહરિને પ્રણામ કરીને પૂછ્યું, "હે ઘનશ્યામ પ્રભુ ! મારો સંદેહ ટાળો. **એક બંદગી અને બીજું દાન, તે બેમાં વધુ સારું શું છે ?"** ૨૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "બંને સારા જ છે. છતાં તેની વિગત સાંભળો. **બંદગીથી(ભગવદ્ભક્તિથી) તો કલ્યાણ થાય છે. હવે જે દાન કરે છે તેની વાત કરું છું. ૨૫. દાન કરવાથી કીર્તિ મળે છે અને ઘણું દેહનું સુખ મળે છે.** અંતમાં તેને સ્વર્ગ મળે છે, બસ દાનનું આટલું જ ફળ છે." ૨૬. પછી તો સાહેબે શ્રીહરિને ઘણા પ્રશ્નો કર્યા અને શ્રીહરિએ તેના બધા જ ઉત્તર કર્યા. ત્યારે સાહેબે કહ્યું કે, "અમે આપનો જેવો અદ્ભુત મહિમા સાંભળ્યો હતો તે બધું આપમાં પ્રત્યક્ષ દેખાય છે. હવે હું તેની ઘણી પ્રશંસા શું કરું ? હું તો આપના આશીર્વાદ ચાહું છું. મારા અપરાધને માફ કરજો." ૨૭-૨૮.

❋ શ્રીહરિએ સાહેબને ગાયો તથા વિપ્રની હત્યા ન કરવા કહ્યું :

તે પછી સર્વાધાર શ્રીહરિ બોલ્યા કે, "તમારું રાજ્ય ઘણું ઉત્તમ છે. લોકોની નિર્ભયતા, તમારો શુભ ન્યાય, નીતિ અને પ્રજાનું પાલન કરવા ઉપર પ્રેમ - આ બધું જોઈને અત્યારે લોકો ખુશ થાય છે." વળી ફરીવાર શ્રીજીમહારાજે કહ્યું કે, "તમારા રાજ્યની બે વાત અમને ગમતી નથી. એક તો સાક્ષાત્ ગૌહત્યા થાય છે તે અને બીજી તમે બ્રાહ્મણોને પણ ફાંસી આપો છો - આ બે વાત મને રુચતી નથી." ત્યારે સાહેબે કહ્યું કે, "મુંબઈમાં એક બ્રાહ્મણ બહુ નિર્દય થઈ ગયો હતો. તેણે જ્યારે સાત મનુષ્યને માર્યા ત્યારે અમે તેને હત્યારો જાણ્યો. પછી અમે તેની જનોઈ ખેંચી લીધી અને દુઃખપૂર્ણ ફાંસી આપી. ૨૯-૩૨. છતાં પણ હવે અમે વિપ્રને ફાંસી નહિ આપીએ, તે બંધ કરી દેશું. એ રીતે જ અમે તીર્થમાત્રમાં ગૌહત્યા બંધ કરાવશું. ૩૩. જેટલા મોટા મોટા તીર્થ છે તેમાં ગૌહત્યા બંધ કરી છે અને બીજે ક્યાંય કોઈ ગૌહત્યા કરતા હોય તો તેને પણ અમે બંધ કરાવશું." ૩૪.

જ્યારે શ્રીહરિએ સાહેબ પાસેથી વિદાય લીધી અને ઊઠ્યા ત્યારે શ્રીહરિની સાથે બીજા બધા પણ ઊઠ્યા. પછી સાહેબ પણ શ્રીહરિનો હાથ પકડીને વિદાય આપવા માટે સહુની સાથે આવ્યા. ૩૫. શ્રીહરિ જ્યારે મ્યાનામાં બેઠા ત્યારે સાહેબ શ્રીહરિને પગે લાગીને પાછા ફર્યા. પછી સુખકારી સર્વાવતારી શ્રીહરિ ત્યાંથી નીકળીને પોતાને ઉતારે ગયા. ૩૬.

રસ્તામાં શ્રીહરિએ ખૂબ રાજી થઈને સર માલ્કમ સાહેબે જે બે શાલ આપી હતી, તે ઉદારભાવે બીજાને આપી દીધી. ૩૭. તેમાં એક નિત્યાનંદ સ્વામીને અને બીજી શુકાનંદ સ્વામીને આપી. તે બંને સંતોએ તેને પ્રસાદી જાણીને લીધી અને મનમાં અતિશય આનંદ પામ્યા. ૩૮. શ્રીહરિ પોતાને ઉતારે પહોંચ્યા ત્યારે બધા સત્સંગી આવ્યા. શ્રીહરિ પલંગ ઉપર બેઠા અને બધા સત્સંગીઓ તેના આગળના ભાગમાં બેઠા. ૩૯. શ્રીહરિની આવી લીલા જોઈને સહુ આનંદ પામ્યા. આ રીતે સહજાનંદ સ્વામીરૂપી સૂર્યએ અનેકનાં અજ્ઞાનરૂપી અંધારાં ટાળ્યાં. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સર માલ્કમને શિક્ષાપત્રી આપી તથા વાર્તાલાપ થયો" એ નામે એક્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૨

બોરડી નિષ્કંટક કરી અને શ્રીહરિનું રાજકોટથી ગઢપુર તરફ પ્રયાણ

સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી કથારૂપી ગંગાને વહેવડાવે છે, તે પવિત્ર કથામૃતની ધારાને કયો માણસ ન ચાહે ? ૧. દરબાર દાદા ખાચર પોતાના બેય હાથ જોડીને વારેવારે એમ કહે છે કે, હે સ્વામી !આપના મુખથી પ્રગટ થતાં કથારૂપી અમૃતને હું અતિશય ચાહું છું. ૨. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દરબાર ! ઘણા ભાવથી સાંભળો. શ્રીસહજાનંદ સ્વામીરૂપી સૂર્યનો પ્રકાશ તમને બતાવું છું. ૩. તે સમયે રાજકોટમાં નિત્યાનંદ સ્વામીએ શ્રીસહજાનંદ સ્વામીને એક અદ્‌ભુત પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ ! અંગ્રેજોનું રાજ્ય આ દેશમાં ક્યાં સુધી રહેશે ? તે કહો." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હે મુનિવર્ય ! સાંભળો. અંગ્રેજોનું રાજ્ય તો ભગવાનની ઈચ્છાથી અહીં આવ્યું છે. એમાં કાંઈ સંશય ન કરવો. જ્યારે દેશી રાજાઓ એવા થઈ ગયા કે તેમના રાજ્યમાં તમારા જેવા સંતો પણ પીડાવા લાગ્યા. ૪-૬.

નિર્દોષ ધર્મનિષ્ઠ લોકો વાંક વગર પીડાવા લાગ્યા, અને પ્રાયઃ કોઈ દેશી રાજાએ તેમને સહાય ન કરી. જ્યારે કોઈ લોકોને ન્યાય મળતો નહિ, કોઈ ગરીબની રાવને સાંભળતા નહિ, ત્યારે સાધુ પુરુષોના પોકારને જગત્સ્રષ્ટા પરમેશ્વરે સાંભળી લીધો, અને ત્યારે જ અહીંયાં અંગ્રેજી રાજ્ય આવ્યું છે. અત્યારે અંગ્રેજ રાજ્ય અત્યંત ન્યાયયુક્ત રહ્યું છે. ૭-૮.

આ ભરતખંડના ચક્રવર્તી રાજા અંગ્રેજ ઘણા બળવાન થયા છે. પરંતુ તે જ્યારે સંતોને પીડશે, ન્યાય છોડીને અન્યાય કરશે, શક્તિશાળી બનીને જુલમી થશે ત્યારે તેમનું રાજ્ય અહીંથી ચાલ્યું જશે." આ સાંભળીને ભક્તોનો સમાજ બોલ્યો કે, 'અત્યારે અંગ્રેજોના રાજ્યમાં કુશળ ક્ષેમ રહ્યું છે.' ૯-૧૦. તે પછી અવતારી શ્રીહરિએ રાજકોટથી ચાલવાની તૈયારી કરી. શહેરના હરિભક્તોએ ઘણો આગ્રહ કર્યો કે, 'હે હરિ ! આપ અહીં બે દિવસ રહો.' ૧૧. ત્યારે શ્રીહરિ કહે, "અમારે ઘણું કામ છે એટલે તમારે રોકવાનો આગ્રહ કરવો નહીં." પછી સહુને તૈયાર કર્યા. તંબુ ભેળા કરી ગાડી ભરાવી. ૧૨. બધા સંતો તથા હરિભક્તોના મનમાં અતિશય આનંદ હતો.

❋ ગોપાળાનંદ સ્વામીએ બોરડી નિષ્કંટક કરી :

તે વખતે આગળ ચાલવા માટે ત્યાંથી ગોપાળાનંદ સ્વામી ઊઠ્યા. ૧૩. ત્યારે સ્વામીના માથાના રૂમાલના છેડામાં બોરડીના કાંટા સહુને દેખતા ફસાઈ ગયા અને અદ્‌ભુત આશ્ચર્ય થયું. ૧૪. ત્યારે યોગિરાજ ગોપાળાનંદ સ્વામીએ હસતાં હસતાં બોરડીને કહ્યું, **"તારી છાંયામાં સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીહરિ બેઠા છતાં તેં તારો સ્વભાવ હજી સુધી કેમ છોડ્યો નહીં ?" જ્યારે ગોપાળાનંદ સ્વામી આટલું કહી રહ્યા ત્યારે તે બોરડીના તમામ કાંટા સહુના દેખતા જ તે સ્થળે નીચે ખરી પડ્યા.** તે બોરડી કાંટા વિનાની થઈ, તેથી સહુના દિલમાં આનંદની લહેર પ્રસરી ગઈ. ૧૫-૧૭. આજે પણ તે કાંટા વિનાની બોરડી હયાત છે. તેને કોઈએ જોવી હોય તો રાજકોટ જાવું. ભૂપેન્દ્ર રોડ ઉપર આવેલા શ્રીસ્વામિનારાયણ મંદિરના આંગણામાં જ તે હજી ઊભી છે. ૧૮.

શ્રીહરિ જ્યારે રાજકોટથી નીકળ્યા ત્યારે સારી સવારી સજીને તૈયાર કરી. બધા સત્સંગીઓ વળાવવા આવ્યા અને વિવિધ પ્રકારનાં વાજિંત્ર લાવ્યા. ૧૯. સુખદાયક શ્રીહરિ જે રીતે રાજકોટમાં પધાર્યા હતા તે રીતે જ પાછા ચાલ્યા. જે રીતે સરસ શોભા થાય તે રીતે ચોક વચ્ચેથી નીકળીને શ્રીહરિ ઉત્તર દરવાજા તરફ આવ્યા. ૨૦. રાજકોટના હરિભક્ત ઘણા ભાગ્યશાળી હતા તેથી વનમાળી પ્રભુ ત્યાં આવ્યા હતા. સહુને સુખરૂપ દર્શન દીધાં અને બધાં ભક્ત નરનારીઓ આનંદ પામ્યાં. ૨૧. મહારાજાધિરાજ શ્રીહરિવરનું સ્વાસ્થ્ય સારું ન હતું, છતાં પણ સહુનું કલ્યાણ કરવા માટે રાજકોટ પધાર્યા હતા. ૨૨. ભક્તજન સુખકારી શ્રીહરિ કરોડો લોકોનો મોક્ષ થાય એમ મનમાં ધારીને ચરિત્ર કરે છે. અવતારી શ્રીહરિ પોતે પોતાની સુખાકારી-સ્વાસ્થ્ય દેખ્યા વિના જ આ રીતે સહુના હિત માટે વિચરતા હતા. ૨૩. માટે પ્યારા પુરુષોત્તમનારાયણ શ્રીહરિને ધન્ય છે..! ધન્ય છે..! તેઓ બધા જ અવતારોથી ન્યારા છે. તે પોતે જ સહુના નિયંતા, અત્યંત સુખદાતા, સર્વ કર્તા હર્તા અને વિધાતા છે. ૨૪.

મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દાદા ખાચર ! તમે સાંભળો. શ્રીહરિ રાજકોટથી નીકળ્યા તે અનુપમ વાત હવે હું કહું છું. ૨૫. જ્યારે અવિનાશી શ્રીહરિ રાજકોટથી શુભ રીતે ચાલ્યા ત્યારે ત્યાંના બધા ભક્તો મનમાં થોડા ઉદાસ થઈ ગયા. ૨૬. પછી શ્રીહરિની મૂર્તિને દિલમાં ધારીને તે સહુ ભક્તો પાછા શહેરમાં આવ્યા. પછી આગળ ચાલેલા સર્વોપરિ, અક્ષરધામના ધામી, પરમેશ્વર જગજીવન શ્રીહરિ **પાડાસણ** ગામ ગયા. ત્યારે ત્યાંના રાજા સરતાનજી નામે હતા, તે સામા આવ્યા. ૨૭-૨૮. શ્રીહરિને તેમના દરબારમાં ઉતાર્યા. બીજા બધા હરિભક્તો પણ તત્કાળ ત્યાં આવ્યા. મઘાભાઈ, હકાભાઈ અને જેઠીભાઈ એ બધા દોડીને સેવામાં આવ્યા. ૨૯. ત્યાં જમીને રાત રહ્યા. પછી સવારમાં ઊઠીને ત્યાંથી ચાલતા થયા. તે વખતે મોકા ખાચરે કહ્યું, “સુખકારી મહારાજ ! સરધાર ચાલો. ૩૦. ત્યાંથી વાંકિયા જઈશું. આ મારા વિનયવચનને આપ દિલમાં ધારો.” ત્યારે ત્યાં ઉમરાળીના રાજા ડાંગરે કહ્યું કે, “મહારાજ ! ભૂપગઢ ગામ ચાલો. ૩૧.

ત્યાંના હરિભક્તોને આપે વચન આપ્યું છે, તેને મનમાં વિચારો.” જીવા ડોડિયા અને કાનાભાઈ ખેર, તે બંને પણ એવું જ બોલ્યા, ‘આપે અમને વચન આપ્યું છે માટે આપ ભૂપગઢ ચાલો અને ત્યાં જઈને જમજો.’ પછી તે બંને આગળ ગયા અને તેમની પાછળ શ્રીહરિ **ભૂપગઢ** ગયા. ૩૨-૩૩.

❋ શ્રીહરિએ કરેલી ભૂપગઢની લીલાઓ :

ત્યાંના કાના સિંધવ શ્રીહરિની સન્મુખ આવ્યા અને ગામમાં પધરાવ્યા. શ્રીહરિજી મહારાજ તેને ઘેર ઊતર્યા. ત્યાં કાના સિંધવે સારી રીતે સેવા કરી. ૩૪. બ્રહ્મચારીએ ત્યાં થાળ કર્યો અને કૃપાળુ શ્રીહરિકૃષ્ણ મહારાજ તે જમ્યા. તે વખતે ગોવિંદભાઈના આંગણામાં એક લીંબડાનું ઝાડ હતું. ત્યાં ભક્તોએ પલંગ બિછાવ્યો અને પ્રભુ શ્રીહરિ સુખેથી ત્યાં પોઢી ગયા. પછી જ્યારે શ્રીહરિ જાગ્યા ત્યારે મકવાણા અટકની કંકુબાઈ નામે સ્ત્રી ઉતાવળે આવીને શ્રીહરિને પગે લાગી. ૩૫-૩૬. અને તેણે વરદાન માગ્યું કે, ‘હે પ્રભુ ! અમારું કલ્યાણ કરજો.’ ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “જે અમારું ભજન કરશે તે અમારા અવિચળ ધામને પામશે.” ૩૭. કાના સિંધવની પત્ની માનબાઈ નામે હતી, તે ઘણી સારી સત્સંગી હતી. ઘેલા નામનો તેનો પુત્ર છ માસનો હતો, તે વખતે તેને તેણે તેડી રાખ્યો હતો. ૩૮. તે બાળકને એક રૂમાલ ઓઢાડીને પછી શ્રીહરિના ખોળામાં સુવડાવ્યો. શ્રીહરિએ તેના માથા ઉપર હાથ મૂક્યો, ત્યાર પછી તે સ્ત્રીએ તેને લઈ લીધો. ૩૯.

❋ શ્રીહરિએ વસ્તાભક્તને આત્મદર્શન કરાવીને કૃતાર્થ કર્યા :

ભૂપગઢના ભક્તોએ શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરીને ભેટ ધરી તથા રસોઈ આપી. ત્યાર બાદ શ્રીહરિએ ત્યાં સભા કરી ત્યારે ત્યાં હરિભક્ત ક્ષત્રિય વસ્તાભાઈ આવ્યા. ૪૦. તેણે શ્રીહરિને વંદન કરીને કહ્યું કે, “મને એક બ્રહ્મજ્ઞાની મળ્યા હતા. તે કહેતા હતા કે, ‘આત્મદર્શન થયા સિવાય કલ્યાણ થાય નહીં. ૪૧. માટે હે અવિનાશી ! તે દિવસથી આરંભીને મારા હૃદયમાં આત્મદર્શનની આશા રહે છે.’ ત્યારે પ્રભુ શ્રીહરિએ તેને ધ્યાન કરાવીને તેમાં આત્માનું દર્શન કરાવ્યું. ૪૨. તે જ્યારે ધ્યાનમાંથી જાગ્યા ત્યારે તેને શ્રીહરિનો ઘણો મહિમા સમજાયો. તે વારંવાર પ્રણામ કરવા

લાગ્યા અને એમ બોલ્યા, "હે સુખધામ ! આપ તો સર્વોપરિ પરમાત્મા છો." પછી સંતોએ સભામાં સુખકારી ધૂન તથા આરતી કરી. તે પછી જ્ઞાનવાર્તા કરીને શ્રીહરિ પોઢી ગયા અને સવારે જાગીને ચાલવાની તૈયારી કરી. ૪૩-૪૪. શ્રીજીમહારાજ રથમાં બેઠા. બધા ભક્તોનો સમાજ સાથે ચાલ્યો. ગામના ચોક વચ્ચેથી નીકળેલી ચારેય બજારોમાં સ્ત્રીઓને કીર્તન ગાતી ગાતી આવતી દેખી. ૪૫. જ્યારે ઘનશ્યામ પ્રભુએ આવું જોયું ત્યારે બોલ્યા કે, "આ ગામ તો ગોકુળ જેવું જણાય છે." તે સાંભળીને કોઈ સંત બોલ્યા કે, "જ્યાં આપ બિરાજો છો ત્યાં ગોકુળ જ હોય છે." ૪૬.

✻ સ્વામિનારાયણ નામ બોલવું તે જ શ્રેષ્ઠ મુહૂર્ત છે :

તે વખતે વસ્તાભક્તે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, "મહારાજ ! આપ સાંભળો. અમારા ગામમાં કોઈ બ્રાહ્મણ નથી. તેથી અમને મુહૂર્ત કોણ જોઈ આપે ? ૪૭. ખેતી આદિકનું શુભ કામ કરવું હોય ત્યારે અમે મુહૂર્ત કોને પૂછીએ ?" ત્યારે ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "ભગવાનને સંભારવા. ૪૮.

सोरठा : स्वामिनारायण नाम, लेके शुभ काम करना सब;
ऐसा सुनि तमाम, हरिजन मुद पाये मन हि...४९
सर्व विपत्ति नाश, हरिस्मरन से होत है;
जिनको सुख की आश, हरि कु पल भूलना नहीं...५०

સ્વામિનારાયણ આવું નામ લઈને હરકોઈ શુભ કામની શરૂઆત કરવી. એ જ તમારું મુહૂર્ત." તે સાંભળીને બધા જ હરિભક્તો મનમાં ખૂબ ખુશી થયા. ૪૯. શ્રીહરિના સ્મરણથી બધી જ વિપત્તિઓનો નાશ થાય છે. માટે જેને સુખની આશા હોય તેણે પળવાર પણ ભગવાનને ભૂલવા નહીં. ૫૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "બોરડી નિષ્કંટક કરી અને શ્રીહરિએ રાજકોટથી ગઢપુર તરફ પ્રયાણ કર્યું" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૩

સ્વરૂપનિષ્ઠાનું બળ અને અજ્ઞાનીઓના અજ્ઞાનનું વર્ણન

મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે કે, જેને ભગવાનના સ્વરૂપનું બળ હોય તેને બધી જ રીતે સુખ રહે છે, અને બધી જાતનાં દુઃખ ટળી જાય છે. ૧.

दोहा : बहु बली है ब्रह्मांड में, बलवान से बलवान;
सबसे बलवान यही है, जिनका बल भगवान...०२

सोरठा : भगवान का ही बल, भक्तन को रखना सदा;
दूसरा बल निर्बल, ताका विश्वास करना नहि...०३
सर्वोपरि भगवान, स्वामिनारायण महाप्रभु;
धरना उनका ध्यान, रात्री दिन रटना तेहु...०४

चोपाई :

प्रगट श्रीहरिवर सर्वोपरी, तिनकी निष्ठा है सब उपरी;
उनकी निष्ठा जिनको भयेऊ, वे सबसे महान बनेऊ...०५

બ્રહ્માંડમાં એક એકથી અધિક બળવાળા ઘણા બળવાન છે, પરંતુ સૌથી અધિક બળવાન તે છે કે જેનું બળ ભગવાન છે. ૨. ભગવાનના ભક્તોએ હંમેશાં ભગવાનનું જ બળ રાખવું. બીજા બધા બળ તો દુર્બળ છે માટે તેનો વિશ્વાસ કરવો નહીં. ૩. સર્વોપરિ ભગવાન તો સ્વામિનારાયણ મહાપ્રભુ પોતે જ છે. તેથી તેમનું ધ્યાન કરવું અને રાત-દિવસ તેમનું રટણ કરવું. ૪. પ્રગટ શ્રીહરિવર સર્વોપરિ છે. તેથી તેમની જે દૃઢ નિષ્ઠા છે તે પણ સર્વોપરિ છે. અર્થાત્ સૌથી મોટું બળ છે. માટે જેને સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા થઈ છે તે સૌથી મહાન બની ગયો છે. ૫.

જે ઉપાસક જેનું જેનું ધ્યાન કરતો હોય, તે તેના સમાન જ ગુણવાન થાય છે. તેથી દિવ્ય મૂર્તિ શ્રીપુરુષોત્તમ ભગવાનનું જેને યથાર્થ જ્ઞાન થાય છે તે તત્કાળ જ સંસારના પારને પામે છે. તેથી જ તેના ભાગ્યનો કોઈ પાર આવતો નથી. પ્રગટ પ્રભુની ઓળખાણ વિના જ જીવ સંસારમાં ભટકે છે. જ્યારે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે બધું દુઃખ અટકી જાય છે. ૬-૭. આ બ્રહ્માંડનું મહાન ભાગ્ય છે કે તેમાં સર્વોપરિ ભગવાન પધાર્યા છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે કે, હવે હું તમને આગળની શ્રીહરિજીની સર્વોત્તમ કથા કહું છું. ૮.

પછી કરુણાનિધિ ભગવાન શ્રીહરિ ભૂપગઢથી ચાલ્યા તે **ભંડારિયા** ગામ આવ્યા. ત્યાંથી **ભાડલા** અને **દહિંસરા** થઈને **અણિયાળી**(કમળાપુર) ગામ આવ્યા. ૯. પછી ભક્તજનને સુખ આપનારા શ્રીહરિ **કડુકા** ગામ ગયા. ત્યાં એક દરજી હરિભક્ત હતો તે સન્મુખ આવ્યો. તેણે શ્રીહરિને એક અંગરખું ભેટ આપ્યું. એટલે શ્રીહરિએ તેને તરત શરીર ઉપર ધારણ કર્યું. ૧૦. તે અંગરખું શરીર ઉપર બરાબર ફીટ આવ્યું. ત્યારે શ્રીજીમહારાજે તેને એમ કહ્યું, "આ અમારા અંગ ઉપર બરાબર પહેરી શકાય, આવા અંગરખાની સિલાઈ તમે કઈ રીતે કરી ?" ૧૧. ત્યારે દરજીએ કહ્યું કે, "હે નાથ ! મેં આપની મૂર્તિ મારા મનમાં એકાગ્રતાથી ધારી ત્યારે મારા ધ્યાનમાં જેવું આપનું સ્વરૂપ આવ્યું, તે પ્રમાણે માપ લઈને મેં આ અંગરખું બનાવ્યું છે." ૧૨. તે સાંભળીને સહુના મનમાં આશ્ચર્ય થયું અને સહુએ તેને ચમત્કાર માન્યો. તે દરજીએ કહ્યું કે, "મહારાજ ! અહીંયાં જ પ્રેમથી રાત રહો." તે સાંભળીને શ્રીહરિ કહે છે કે, "અમારે જલદી જાવું છે."

પછી ત્યાંથી પ્રિયતમ શ્રીહરિ નીકળ્યા અને **મડાળા** ગામ ગયા. ૧૩-૧૪. ત્યાં ચેલા ખાચરના દરબારમાં જઈને શ્રીહરિ ઊતર્યા. સુખકારી શ્રીહરિ થાળ જમીને બેઠા ત્યારે ભગવદાનંદ સ્વામી ત્યાં આવ્યા. ૧૫. તેમની સાથે સેવાનંદ સ્વામી હતા. તે બંનેએ ઉત્સાહથી શ્રીહરિને વંદન કર્યાં. ત્યારે પ્રભુએ સહુને ખબર પૂછ્યા અને કહ્યું કે, "અત્યારે તમે ક્યાંથી આવો છો ?" ૧૬. ત્યારે ભગવદાનંદ સ્વામીએ કહ્યું, "હે ભક્તજીવન શ્રીહરિ ! અમે વડોદરાથી આવીએ છીએ." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "ત્યાંના બધા હરિભક્તો પોતાના મનમાં ખુશી તો છે ને ?" ૧૭. ત્યારે સંતોએ કહ્યું, "હે મહાપવિત્ર પ્રભુ ! આપ તો મનુષ્યચરિત્ર કરો છો અને શરીરે બીમારી ધારણ કરી છે. તે સમાચાર સાંભળીને સહુ ભક્તજનો મનમાં થોડા ઉદાસ થયા છે. ૧૮. સહુએ ઘણા હેતથી વંદન કહ્યા છે અને ભેટમાં નારંગીનાં ફળ મોકલ્યાં છે." એમ કહીને નારંગીનો ભરેલો કંડિયો અર્પણ કર્યો. ત્યારે

શ્રીહરિએ તે નારંગીને સ્વીકારી. ૧૯. પછી નારંગીનાં ફળ સુધારીને આપ્યાં, ત્યારે શ્રીહરિ ઘણા હેતથી તે ફળ જમ્યા. તે સ્થળે જે જે ભક્તજન બેઠા હતા તે સહુને આ વખતે શ્રીહરિએ પ્રસાદી આપી. ૨૦. શ્રીહરિ મડાળામાં સારી રીતે એક રાત રહ્યા, પછી સવારે ઊઠીને બરાબર ત્યાંથી ચાલતા થયા.

કરુણાનિધિ પ્રભુ **ભોંયરા** ગામ થઈને **મોઢુકા** ગામ ગયા. ૨૧. વડલાની નીચે સ્વચ્છ જગ્યા જોઈને અવતારી શ્રીહરિ ત્યાં ઊતર્યા. પછી ત્યાં સવારનો બધો નિત્યવિધિ કર્યો અને ભક્ત સમાજની સાથે મહારાજે ટીમણ કર્યું. ૨૨. પછી સહુની સાથે શ્રીહરિ ચાલ્યા તે **દેવધરી** ગામ આવ્યા. ત્યાં ડાયાભાઈ વોરા નામે હરિભક્ત હતા તેણે આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૩. પછી તેણે કહ્યું કે, "પ્રભુ ! અમારા ગામમાં પધારો અને મારો મનોરથ પૂર્ણ કરો." ત્યારે શ્રીહરિએ કહ્યું, "અમારે જલદી કામ છે માટે અહીં વધારે રોકાશું નહીં." ૨૪. ત્યારે ડાયા શેઠ ગામમાં ગયા અને જલદી ટોપરું તથા ખજૂર લઈ આવ્યા. શ્રીહરિને તે ભેટ આપ્યાં ત્યારે તેને શ્રીહરિએ પ્રેમથી સ્વીકાર્યાં. ૨૫. ત્યાંથી ચાલ્યા તે કરોડો બ્રહ્માંડના અધિપતિ શ્રીહરિ **સખપર** ગામ આવ્યા.

પછી સંતો તથા સખાઓને સાથે લઈને શ્રીહરિ ત્યાંથી **ગઢપુર** આવ્યા. ૨૬. શ્રીહરિનાં દર્શન કરીને સહુ હરિભક્તોના મનમાં અતિશય આનંદ થયો. પછી સહુ ભક્તોની આગળ શ્રીહરિએ રાજકોટના બધા સમાચાર કહ્યા. ૨૭. સર માલ્કમ સાહેબનો જેવો સ્નેહ હતો, તે પણ શ્રીહરિએ સહુની આગળ કહ્યો. પછી તો શ્રીહરિ રાજકોટ પધાર્યા હતા એ વાત દુનિયામાં બધે પ્રસિદ્ધ થઈ ગઈ. ૨૮. જે આસુરી લોકો હતા તેઓ તો તર્ક કરીને ઘણી વાતો કરતા હતા. તેઓ કહેતા કે, સ્વામિનારાયણ વશીકરણ વિદ્યાને જાણે છે અને તેને લીધે આ અંગ્રેજ સાહેબ પણ તેમને માને છે, પણ મૂર્ખ માણસ એમ નથી સમજતા કે, સૂર્ય ઊગે તે ઢાંક્યો કઈ રીતે ઢંકાય ? અજ્ઞાની લોકો ભલે અવગુણ ગાય, પરંતુ અંતે તો જે સત્ય છે તે જ સત્ય રહેશે. ૨૯-૩૦. **દુષ્ટ લોકો પોતાના દિલમાં શ્રીહરિ પ્રત્યે દ્વેષ રાખતા હતા અને સત્યને અસત્ય બોલતા હતા. છેવટે તો 'સત્યનો જ વિજય થાય છે' એમ**

શાસ્ત્રો ને પુરાણો કહે છે. ૩૧. **જે સત્યરૂપી આવશ્યક ધન હોય છે તેને મૂર્ખ લોકો મિથ્યા કહે છે, પણ તેમના કહેવાથી સત્ય મિથ્યા થતું નથી. જે સત્ય છે તે સદાય સત્ય જ રહે છે.** ૩૨.

ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ દેખીને દુષ્ટ લોકો પોતાના દિલમાં પુષ્કળ દાઝ્યા. છતાં જગતમાં આ સત્સંગની કળાઓ નિત્ય વધતી રહી છે તેમ જણાતું હતું. ૩૩. કદાચ કોઈ અજ્ઞાની માણસ સાચા હીરાને કાચ કહે, પણ જો તે ખરેખર હીરો જ હોય, તો જ્યારે ઝવેરીના હાથમાં જશે ત્યારે તે હીરાનું સત્યપણું પ્રસિદ્ધ થશે જ. ૩૪. કોઈ મનુષ્ય કદાચ કસ્તૂરીને ન માને છતાં તેના નહિ માનવાથી કસ્તૂરી ટળશે નહિ તે તો કસ્તૂરી જ રહેશે. જ્યારે કસ્તૂરીનો સુગંધ બધે જણાય છે ત્યારે તેને મિથ્યા કહેનારો મૂર્ખ ગણાય છે. ૩૫. જેની આંખમાં કાંઈ વિકૃતિ આવે તેને બધું પીળું દેખાય છે, અને જે માણસ સાકરને કડવી કહેશે તેને બીજા બધા લોકો રોગી માનશે. ૩૬. કદાચ ઘુવડ સૂર્યને દેખે નહિ તો તેનાથી સૂર્યને શું નુકશાન છે ? સૂર્યના પ્રતાપને તો સહુ લોકો સમજે છે, નુકશાન તો એક ઘુવડને જ થાય છે. ૩૭. આકાશમાં જ્યારે ચંદ્રનો ઉદય થાય છે ત્યારે સૂર્યમુખી કમળ કરમાઈ જાય છે. પરંતુ તેનાથી ચંદ્રમાનું તેજ ક્યારેય અણુમાત્ર પણ ઘટતું નથી. ૩૮. **આ રીતે જ ભગવાન સ્વામિનારાયણ તો સાક્ષાત્ સૂર્ય અને ચંદ્ર જેવા છે. જે મનુષ્ય તેમને ઓળખતો નથી તેને મંદબુદ્ધિનો જાણવો.** ૩૯. શ્રીહરિ રાજકોટથી ગઢપુર આવ્યા અને મનમાં નક્કી કર્યું કે, હવે અહીંયાં સ્થિર થઈને રહેવું છે; આ રીતે મેં શ્રીહરિનું આ શ્રેષ્ઠ ચરિત્ર સંભળાવ્યું. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સ્વરૂપનિષ્ઠાનું બળ અને અજ્ઞાનીઓના અજ્ઞાનનું વર્ણન કહ્યું" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૪

શ્રીહરિએ સમાધિ કરાવીને ભક્તોને પોતાનું સર્વોપરિપણું જણાવ્યું

સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી ધર્મ-ભક્તિના લાલ પ્રગટ પ્રભુ શ્રીપુરુષોત્તમની ઘણી રસાળ કથા કહે છે, હે દાદા ખાચર ! તમે પ્રેમથી સાંભળો. એક દિવસ ગઢપુરમાં સંતો તથા હરિભક્તોની સભા થઈ, તેમાં શ્રીહરિએ અદ્‌ભુત ચરિત્ર કર્યું. ૧-૨. 'મારા બધા ભક્તોને મારા સ્વરૂપનો દૃઢ નિશ્ચય થાય' એવો મનમાં આશય રાખીને શ્રીહરિએ એક ભક્તને કહ્યું, "હે ભક્ત ! તમે અક્ષરધામમાં જઈને પાછા આવો." ત્યારે તે ભક્ત સુખના ધામરૂપ સમાધિ કરીને ગયા. ૩-૪. સમાધિ કરીને પ્રથમ બદરિકાશ્રમમાં ગયા. ત્યાં તેણે આપણા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને અમુક મોટા હરિભક્તોને પણ દેખ્યા. ૫. તે વખતે તે હરિભક્તે તેમને પૂછ્યું કે, "શ્રીજીમહારાજ ક્યાં છે ?" ત્યારે બધા મુક્તો બોલ્યા કે, **"આ ભગવાન નરનારાયણ છે તે જ શ્રીજીમહારાજ છે."** ત્યારે તે ભક્તે વાત કહી કે, **'હું શ્રીજીમહારાજને ઓળખું છું અને તેમને સર્વોપરિ માનું છું.'** ૬-૭. પછી ત્યાંથી દર્શન કરી તે ભક્ત શ્વેતદ્વીપમાં ગયા. ત્યાં પણ આપણા સાધુ, પાળા, વર્ણી, બ્રહ્મચારી અને સારા હરિભક્તોને દેખ્યા. ૮.

ત્યારે તે ભક્તે પૂછ્યું, "શ્રીહરિજી મહારાજ ક્યાં છે ?" ત્યારે તે બધા મુક્તો બોલ્યા, "આ વાસુદેવનારાયણ છે તે જ શ્રીજીમહારાજ છે." ત્યારે તે ભક્તે વાત કહી કે, 'હું શ્રીજીમહારાજને ઓળખું છું અને તેમને સર્વોપરિ માનું છું.' ૯-૧૦. વળી, ત્યાંથી દર્શન કરવા માટે તે ભક્ત વૈકુંઠમાં ગયા. ત્યાં પણ આપણા સાધુ, પાળા, વર્ણી અને સરસ હરિભક્તોને દેખ્યા. ૧૧. ત્યારે તે ભક્તે પૂછ્યું કે, "શ્રીજીમહારાજ ક્યાં છે ?" ત્યારે ત્યાંના બધા મુક્તો બોલ્યા કે, "આ શ્રીલક્ષ્મીનારાયણ છે તે જ શ્રીજીમહારાજ છે." ત્યારે તે ભક્તે તેમને કહ્યું, "હું શ્રીહરિને ઓળખું છું અને તેમને સર્વોપરિ જાણું છું." ૧૨-૧૩. ફરી ત્યાં દર્શન કરીને તે ભક્ત ગોલોકધામમાં ગયા. ત્યાં પણ આપણા સાધુ, પાળા, વર્ણી અને મતવાલા હરિભક્તોને દેખ્યા. ૧૪. ત્યારે તે ભક્તે પૂછ્યું કે, **"શ્રીહરિકૃષ્ણ મહારાજ ક્યાં છે ?"** ત્યારે ત્યાંના

સહુ મુક્તો બોલ્યા, **"આ શ્રીકૃષ્ણ જે છે તે જ શ્રીહરિકૃષ્ણ મહારાજ છે."** ત્યારે તે ભક્તે તેમને વાત કહી કે, **'હું શ્રીજીમહારાજને ઓળખું છું અને તેમને સર્વોપરિ જાણું છું.** ૧૫-૧૬. માટે આ શ્રીજીમહારાજ નથી.'

પછી તે ભક્ત ત્યાં ગોલોકમાં સહુનાં દર્શન કરી અક્ષરધામમાં ગયા. ૧૭. ત્યાં અનંતમુક્તોની સેવાને અંગીકાર કરી રહેલા એવા પરમ સુખકારી શ્રીજીમહારાજ વિરાજમાન હતા. ૧૮. આવા શ્રીહરિજી મહારાજને જોયા અને આપણા બધા સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિભક્તોને પણ દેખ્યા. ૧૯. તે બધા ભાવથી શ્રીજીમહારાજની સેવા કરતા હતા. પછી તે ભક્તે સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનનાં તત્કાળ દર્શન કર્યાં. ૨૦.

પછી તે ભક્તને શ્રીજીમહારાજે એમ પૂછ્યું કે, "તમે કયાં કયાં ધામને દેખીને આવ્યા છો ?" ત્યારે તે ભક્તે બતાવ્યું કે, 'હે શ્રીહરિ ! હું પહેલા બદરિકાશ્રમ, પછી શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોકમાં ગયો હતો અને ત્યાં જઈને અહીં આવ્યો છું. ૨૧-૨૨. પરંતુ મારા મનમાં એક પ્રશ્ન થયો છે, તે વિવેકપૂર્વક સમજવા માટે પૂછું છું. ત્યાં બધાં ધામોમાં આપણા સાધુ અને બ્રહ્મચારી વગેરે રહ્યા છે. ૨૩. અને પાર્ષદો તથા સત્સંગીઓને પણ ત્યાં સેવા કરતા મેં જોયા છે. તે અહીંયાં કેમ નથી આવ્યા ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, **"તે બધા અમને તે તે ધામના અધિપતિ સમજતા હતા. એટલા માટે અત્યારે તે બધા મુક્તો તે તે ધામમાં જઈને રહ્યા છે.** ૨૪-૨૫.

दोहा : और यह सबने हमको, सब अवतार कारन;
अवतारी ऐसा जाने, सब पर स्वामिनारायण...२६

सोरठा : और सब धाम से पर, जो ब्रह्ममहोल उसके पति;
जाने तासे अक्षर, जैसे उनकु बनाये मैं...२७

અને આ બધા મુક્તોએ અમને સર્વ અવતારોનું કારણ એવા અવતારી સર્વોપરિ સ્વામિનારાયણ જાણ્યા છે. ૨૬. વળી, સર્વ ધામથી પર જે બ્રહ્મમહોલ છે તેના અધિપતિ અમને જાણ્યા છે; એટલા માટે અમે તેમને અક્ષર જેવા કર્યા છે. ૨૭. અને અમને જેણે પૂર્વના અવતારો જેવા જાણ્યા છે, તેમને અમે જ પ્રેમથી તે તે અવતાર જેવું ઐશ્વર્ય આપ્યું છે અને તે

મુક્તો ભાવથી ત્યાં રહ્યા છે. તે મુક્તો અમને તે તે ધામના અધિપતિ જાણીને ત્યાં રહ્યા છે. ૨૮-૨૯. હવે તેને જો અમે સ્વયં જઈને સમજાવીએ તોપણ તે ન જ માને, અને કહે કે, તમે અમને ડગાવવા માટે પરીક્ષા કરવા આવ્યા છો. ૩૦. એ મુક્તોને અમારો એવો નિશ્ચય થયો છે તેથી તે તે ધામમાં રહ્યા છે."

પછી તે ભક્તને શ્રીહરિએ સમાધિમાંથી તરત જ ઉઠાડ્યા. ૩૧. સમાધિમાંથી જાગેલા તે ભક્તને શ્રીહરિએ કહ્યું કે, "તમે સમાધિમાં જેવું જોયું હોય તે બધી વાત આ સંતમંડળને કહો." ૩૨. ત્યારે તે ભક્તે સમાધિમાં જેવું દેખ્યું હતું તે બધું તેવાં જ રૂપમાં તે સંતમંડળની પાસે કહ્યું, ત્યારે બધા પરમહંસોએ તે સાંભળ્યું. ૩૩. પછી તે બધા પરમહંસોએ કહ્યું કે, "હે મહારાજ ! અમને આ આપનું સ્વરૂપ છે તેનો સર્વોપરિ નિશ્ચય જે રીતે દૃઢ થાય તે રીતે કૃપા કરીને કહો." પછી અક્ષરાતીત શ્રીહરિજી મહારાજે તેમને કહ્યું, **"અક્ષરાતીત એવા પ્રગટ પુરુષોત્તમ સ્વયં ભગવાન જે છે એ જ અમે છીએ. એવા અમે અનંત અક્ષરમુક્તોએ કરેલી સેવાને અંગીકાર કરીએ છીએ.** ૩૪-૩૬. **એવો થકો જ હું મારા અક્ષરધામમાં હંમેશાં વિરાજમાન છું. અમને એવા સમજીને મહાન ભાગ્યશાળી તે મુક્તો મને સેવે છે.** ૩૭. જ્યારે આ જગતની સૃષ્ટિ કરવી હતી ત્યારે અમે અક્ષરની સામે જોયું. ત્યારે તે અક્ષરે અનંતકોટિ મુક્તોની સામે જોયું. જ્યારે તેની સામે નજર કરીને જોયું ત્યારે તે મુક્તોમાંથી એ વખતે એક પુરુષ ઊભા થયા. પછી તે પુરુષે જ્યારે માયા સામું જોયું ત્યારે તે માયામાંથી ઘણા પ્રધાનપુરુષ આદિક થયા." ૩૮-૪૦.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સમાધિ કરાવીને ભક્તોને પોતાનું સર્વોપરિપણું જણાવ્યું" એ નામે ચોરાસીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૫

શ્રીહરિએ સર્વ ભક્તોને પોતાનું સર્વોપરિપણું સમજાવ્યું

વળી, મહારાજે પોતાનું સર્વોપરિપણું જણાવતાં આગળ કહ્યું કે, “પછી અક્ષરમુક્ત એવા તે મહાપુરુષ અનેકરૂપે કરીને પ્રધાનપુરુષ ઇત્યાદિકમાં અદ્‌ભુત રીતે પ્રવેશ કરે છે. ૧. અને અનેકરૂપે કરીને કાયમ સહુની રક્ષા કરતા રહે છે. અનંત પાર્ષદો, શક્તિઓ અને ઐશ્વર્યને પણ ધારણ કરે છે. ૨. વળી, તે સહુની કરેલી સેવાને પણ સદાય સ્વીકાર કરતા રહે છે. આમ એક રૂપે કરીને તે પોતાના ધામમાં પ્રેમથી રહે છે. વળી, તેઓ બીજું રૂપ લઈને ભગવાન પુરુષોત્તમની સુખરૂપ સેવામાં પણ હંમેશાં હાજર રહે છે. અને સદા સેવા તથા દર્શન કરે છે. ૩-૪. આ રીતે મહાપુરુષમાં અનેક કળા રહી છે. આવા જે મહાપુરુષ છે તેના પારને મોટા મોટા કવિઓ પણ પામી શકતા નથી. માટે તે સહુને માટે અપાર રહ્યા છે. જે આધુનિક સમજણવાળા મોટા મોટા આચાર્યો છે તેમની તો તે મહાપુરુષ સુધી જ ગતિ છે. એવા મહાપુરુષ માયાના પતિ છે. અક્ષરધામના આવા અનંત મુક્તોની સેવા ભગવાન શ્રીપુરુષોત્તમ સદાયને માટે અંગીકાર કરે છે. **એવા જે સાક્ષાત્ પ્રગટ પુરુષોત્તમ ભગવાન છે તેમની પ્રાપ્તિ હાલમાં તમને જ થઈ છે; તે ઘણી મોટી વાત છે.** ૫-૮.

चोपाई :

अरु ऐसे प्रगट पुरुषोत्तमही, स्वामिनारायण वह जो हमही;
सो दूसरे सब धाम मेंही, रही जो मूर्तियाँ सब तेही...०९
तथा सर्वे अवतारों जेही, इन सबका कारन एक मैंही;
और अनंत मुक्त के स्वामी, सो हम है सहजानंद स्वामी...१०
अपरिमित सर्वोपरी जेहा, निरकुंश ऐश्वर्यादिक तेहा;
इनसे मैं परिपूर्ण सदैव हूँ, ऐसा मैं प्रगट पुरुषोत्तम हूँ...११
मम उपासना तुमकु है जैसी, जिस जिस को होती है ऐसी;
मुझ पुरुषोत्तम कु पाते वही, दूजा कोई पा सकते नहीं...१२

આવા જે પ્રગટ પુરુષોત્તમ છે, તે જ અમે સ્વામિનારાયણ છીએ. અને બીજા ધામમાં જે બધી મૂર્તિઓ રહી છે તે તથા જે સર્વ અવતારો છે, તે બધાનું કારણ હું એક જ છું. અને અનંત મુક્તોના જે સ્વામી તે અમે સહજાનંદ સ્વામી છીએ. ૯-૧૦. વળી, અપરિમિત, સર્વોપરિ તથા નિરંકુશ ઐશ્વર્યાદિકે કરીને હું સદાય પરિપૂર્ણ છું, આવા અમે પ્રગટ પુરુષોત્તમનારાયણ છીએ. હાલ તમારે જેવી મારી ઉપાસના છે એવી ઉપાસના બીજા જેને જેને થાય છે, તેઓ જ પુરુષોત્તમનારાયણ એવા મને પામે છે. બીજા કોઈ મને પામી શકતા નથી. ૧૧-૧૨. **ભલે કદાચ તેઓ અનેક પ્રકારનાં કરોડો સાધન કરે, તોપણ મારી જ કૃપા સિવાય મને પામી શકતા નથી.** ૧૩. અક્ષર આદિક સર્વથી પર જે અદ્વિતીય મૂર્તિ છે, તે જ પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામી અમે પોતે છીએ. ૧૪. મારામાં અને બીજી વિભૂતિઓ કે સર્વે અવતારોમાં કઈ રીતે ભેદ છે ? **તો જેમ તીર અને તીરનો ફેંકનારો તે બંનેમાં જેવો ભેદ છે તેવો ભેદ અમારામાં અને અન્ય અવતારોમાં છે, તેમ બધા સંતોએ સમજવું.** ૧૫-૧૬.

चोपाई :

पुनि चंद्रमा अरु तारे मेंही, जितना भेद है इतना एही;
मैं प्रगट पुरुषोत्तम जेही, और दूजे अवतार मेंही...१८

भेद है वो पूर्ववत प्रमानो, मुझको हि सर्वकारन जानो;
इस तरह मैं प्रगट पुरुषोत्तमही, सबके कारन अति उत्तमही...१९

सर्वोपरी जानना तेही, सत्पुरुष रु शास्त्र सबकेही;
परम रहस्य अभिप्राय येही, सबको समझना दृढ तेही...२०

ऐसा मैं प्रगट हरिकृष्णाही, श्रीपुरुषोत्तम नारायणही;
उनकी उपासना करो दृढही, वही करना है अवश्यही...२१

અને જેમ ચક્રવર્તી રાજામાં અને ખંડિયા રાજામાં જેવો ભેદ છે, જેમ સૂર્ય અને સૂર્યના મંડળમાં જેવો ભેદ છે, ચંદ્રમામાં અને તારાઓમાં જેટલો ભેદ છે એટલો ભેદ પ્રગટ પુરુષોત્તમ એવા મારામાં અને બીજા અવતારોમાં છે. ૧૭-૧૮. અવતાર-અવતારીનો જે ભેદ છે તે આ ઉપર કહ્યા તે

દૃષ્ટાંતોના જેવો માનવો, અને મને જ સર્વનું કારણ જાણવો. આ રીતે હું સર્વોત્તમ પ્રગટ પુરુષોત્તમનારાયણ અને સર્વેનું કારણ છું. ૧૯. એ રીતે મને સર્વોપરિ જાણવો એ જ સર્વે સત્પુરુષ અને સર્વે સચ્છાસ્ત્રનો પરમ રહસ્ય અભિપ્રાય છે, તે સહુએ દૃઢપણે સમજવું જોઈએ. ૨૦. આવો જે પ્રગટ પુરુષોત્તમનારાયણ શ્રીહરિકૃષ્ણ હું છું. તે મારી દૃઢપણે ઉપાસના કરવી તે જ તમારે સહુએ અવશ્ય કરવાનું છે. ૨૧.

અનંત એવું જે અક્ષરધામ, અનંતકોટિ અક્ષરમુક્ત અને તે તે અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિઓ, અનંત વિભૂતિઓ અને અનંત માયાસબલિત બ્રહ્મ છે, એ બધું પુરુષોત્તમનારાયણનું શરીર છે. તે સર્વના મહિમાનો પણ કોઈથી પાર આવતો નથી, તે બધાનો શરીરી અને તે બધાનું કારણ હું જ છું. તથા તે સહુને વિશે અન્વયપણે રહ્યો થકો પણ હું સહુથી વ્યતિરેક(ભિન્ન) છું. ૨૨-૨૪. વળી, જડ-ચિત્ સર્વથી નિર્લેપ, નિત્ય અને નિર્વિકારી એવો હું પરબ્રહ્મ છું. તેવો પ્રગટ પુરુષોત્તમ એવો હું હાલ હરિકૃષ્ણ નામથી જગતમાં વિખ્યાત છું. તે મારા મહિમાના પારને તો કોઈ પણ કઈ રીતે પામે ? ૨૫-૨૬. **હું અનંત તથા અપાર છું. આ ભૂમિ ઉપર અત્યારે તમારા સહુની સામે જેવો પ્રગટ મૂર્તિમાન બેઠો છું, તેવો ને તેવો જ અક્ષરધામમાં રહ્યો છું. વળી, ત્યાં બેઠો થકો તેવો ને તેવો જ અહીંયાં દેખાઉં છું.** ૨૭-૨૮.

અને વળી, તમે બધા પણ ત્યાં અક્ષરધામમાં જ બેઠા છો, તેમ હું અહીંયાં દેખું છું. અને આ સત્સંગમાં જે યોગસમાધિવાળા છે, તે પણ આ બધું દેખે છે. પરંતુ આ બધી વાત તમારા સહુની સમજણમાં પરિપૂર્ણ રીતે આવતી નથી. અર્થાત્ જેવી સમજવી જોઈએ તેવી સમજાતી નથી. ૨૯-૩૦. **જ્યારે આ વાત તમને પણ પરિપૂર્ણ રીતે સમજમાં આવશે ત્યારે પંચવિષયની વાસના તથા કામ, ક્રોધાદિક અંતઃશત્રુ, તે બધાંને જીતવામાં કોઈને બિલકુલ પ્રયાસ નહિ પડે, સહેજે જ તે બધાંને જીતી શકશો અને સદાય મહાન સુખિયા રહેશો.** ૩૧-૩૨.

વળી, બ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ એવી આ અમારી દિવ્ય સભા છે. ગોલોક, વૈકુંઠધામ, શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ, તેમાં જે સભા હોય છે તેના કરતાં પણ આ સત્સંગીઓની સભાને હું સદાય અધિક માનું છું. ૩૩-૩૪. **આ સર્વ હરિભક્તોની જે સભા છે તે અતિશય પ્રકાશે યુક્ત છે, તેને હું રાત-દિવસ દેખું છું. આમાં હું કાંઈ ખોટું બોલતો નથી.** ૩૫. **હે સંતો ! તેમાં લેશમાત્ર પણ જો મિથ્યા કહેતા હોઈએ તો આ સત્સંગ સભાના હું સોગંદ ખાઉં છું. આ રીતે હું સહુને વિશ્વાસ આપું છું.** ૩૬. અને આ સોગંદ શા માટે ખાવા પડે છે ? તો તમને સહુને એવી દિવ્યતા અને એવી પરિપૂર્ણતા નિરંતર સમજાતી નથી અને દેખવામાં પણ આવતી નથી, એટલા માટે જ અમારે આ સોગંદ ખાવા પડે છે." ૩૭-૩૮. આવી રીતની પોતાના પુરુષોત્તમપણાની વાત પોતાના મોટા એકાંતિક સંતો-ભક્તો પ્રગટ બેઠા હતા, તેની આગળ શ્રીહરિએ અતિ કૃપા કરીને કહી હતી. તેને સર્વે સંતો, મુક્તો અને મુમુક્ષુ, એ સર્વે નરનારીઓએ યથાર્થ સમજવી. ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સર્વ ભક્તોને પોતાનું સર્વોપરિપણું સમજાવ્યું" એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૬

ગ્રંથનો મહિમા અને આચાર્ય, બ્રહ્મચારી તથા કોઠારીના ધર્મ

જે સત્સંગની મા છે, એવા મુક્તાનંદ સ્વામીના મુખથી કથા સાંભળીને દરબાર દાદા ખાચરને ઘણો આનંદ થતો હતો. ૧. સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિન્દી ભાષાનો આ સહુથી મોટો ગ્રંથ શ્રીહરિચરિત્રામૃતસાગર છે. તે સમગ્ર વિશ્વના મનુષ્યોને માટે સર્વોત્તમ મોક્ષમાર્ગ છે. ૨. **સિદ્ધાનંદ સ્વામી કે જેનું બીજું નામ આધારાનંદજી છે. તેમણે સર્વોપરિ ભગવાન શ્રીસહજાનંદ સ્વામીનાં ચરિત્રથી ભરપૂર શ્રીહરિચરિત્રામૃતસાગર નામે ગ્રંથ કર્યો છે. જો**

આટલો વિશાળ ગ્રંથ સ્વામીએ લખ્યો ન હોત, તો તેમાં રહેલાં શ્રીહરિનાં ચરિત્રો અને મહિમાનો દુર્લભ રસ ક્યાંથી પમાત ? તે રસ સ્વામીએ આવો મોટો ગ્રંથ લખવાથી સુલભ કર્યો છે. તેમણે સહુના ઉપર ઘણી મોટી કૃપા કરીને આ શ્રીહરિચરિત્રરૂપ અમૃતનો સાગર સહુને આપ્યો છે. ૩-૫. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં આવો ગ્રંથ જે રચાયો છે તે સંપ્રદાયના અનુયાયીઓને માટે તો ઘણાં મહાન સદ્ભાગ્યની વાત છે. ૬.

चोपाई :

पूरे संप्रदाय में ऐसा, बडा ग्रंथ नहीं कोउ तैसा;
हिन्दी भाषा का यश बढाया, गुजराती संत से युँ लिखाया...०७
पूरे विश्व में मोक्ष का पंथा, आधारानंद मुनि का ग्रंथा;
सबको बताता इसलियेऊ, स्वामी का ग्रंथ सब कहेऊ...०८

આપણા સંપૂર્ણ સંપ્રદાયમાં આવો મોટો બીજો કોઈ ગ્રંથ નથી. ગુજરાતી ભાષી સંતે આ ગ્રંથ લખીને હિન્દી ભાષાનો યશ વધાર્યો છે. ૭. સંપૂર્ણ વિશ્વમાં મોક્ષનો માર્ગ આ આધારાનંદ સ્વામીનો ગ્રંથ સહુને બતાવે છે, એટલા માટે સહુ તેને આધારાનંદ સ્વામીનો ગ્રંથ કહે છે. ૮. આ ગ્રંથ સંપ્રદાયનો પાયો છે. તે આખા કલ્પકાળ સુધી અનેક જીવોનો ઉદ્ધાર કરતો રહેશે. માટે સિદ્ધાનંદ સ્વામીને 'ધન્ય છે..! ધન્ય છે..!' તેમણે શ્રીસહજાનંદ સ્વામીને ઘણા પ્રસન્ન કર્યા છે. ૯. મુક્તાનંદ સ્વામી કહે છે કે, દરબાર દાદા ખાચર ! પરમેશ્વર શ્રીહરિ હાલમાં ગઢડા છે. તે વિવિધ પ્રકારની લીલા કરે છે અને તેનાથી સહુ ભક્તોને ઘણો આનંદ આવે છે. ૧૦.

આ અરસામાં ફૂલદોલના ઉત્સવનો દિવસ આવ્યો, ત્યારે ગઢપુરમાં રહીને જ શ્રીહરિએ સુંદર ઉત્સવ કરાવ્યો. ત્યારે શ્રીહરિ એવું પણ બોલ્યા કે, 'આ ફૂલદોલ છેલ્લી વખતનો છે.' ૧૧. તે સાંભળીને બધા ભક્તજન ઉદાસ થઈ ગયા. ત્યારે સુખરાશિ શ્રીહરિએ સહુને ધીરજ આપી. આ રીતે દિવસ પછી દિવસ વીતતા હતા, અને શ્રીહરિ શરીરમાં કાંઈક બીમારી જણાવતા હતા. ૧૨. તે દિવસોમાં એક વાર ગોપાળજીભાઈએ મુક્તાનંદ સ્વામીને એવી વાત કરી કે, 'ડુંગરપુરથી રણછોડજીની મૂર્તિ ઘણી મહેનતે

લાવીને રાખી છે, તેની પ્રતિષ્ઠા ક્યારે કરશું ? ચાલો આપણે અવિનાશી પ્રભુ શ્રીહરિની પાસે જઈને પૂછીએ.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "ચાલો શ્રીહરિ પાસે જઈને પૂછીએ." ૧૩-૧૪. પછી ગોપીનાથજી મહારાજના મંદિરમાં જ્યાં સુખશય્યા છે ત્યાં જગદીશ પ્રભુ સૂતાં સૂતાં જાગતા હતા. ત્યારે તે બંને તે સ્થળે ગયા. ૧૫. બંનેએ શ્રીહરિનાં ચરણોમાં પ્રણામ કર્યા.

પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા, "હે નાથ ! આપે માંદગી સ્વીકારી છે, તે આપની ઈચ્છાને કોણ ટાળી શકે ? ૧૬. પરંતુ વડતાલમાં રણછોડજીની મૂર્તિ પધરાવવી છે, એ પ્રતિષ્ઠાનું શું કરશું ? આપની જે આજ્ઞા હશે તેને અમે અનુસરશું. ૧૭. વળી, રામનવમીનો ઉત્સવ આવે છે તેનો આપે શું વિચાર કર્યો છે ? તે ઉત્સવ ઉપર અપાર ભક્તો વડતાલ આવશે. તેનો નિર્ધાર કેમ કરવો ?" ૧૮. તે સાંભળીને ધર્મના લાલ શ્રીહરિ બોલ્યા, "આ વખતે અમે વડતાલ આવી શકીશું નહીં. અમારે સ્થાને અમે જેની સ્થાપના કરી છે, તે બંને આચાર્ય ત્યાં વડતાલ જાય." ૧૯. આમ કહીને શ્રીહરિએ સહુ સંતોને બોલાવ્યા. દરબાર દાદા ખાચરને પણ તેડાવ્યા. વળી બંને આચાર્યને પણ બોલાવ્યા. ત્યારે સહુ તત્કાળ શ્રીહરિની પાસે આવ્યા. ૨૦. એ વખતે જગતને સુખ આપનારા શ્રીહરિએ જે સભા કરી તેમાં પોતે પ્રેમથી બોલ્યા, "બંને આચાર્ય મારું સ્વરૂપ છે, તેમને ઉત્સાહથી પૂજવા. ૨૧. જે કોઈ તેમનો દ્વેષ કરશે તે અમારો દ્વેષી કહેવાશે. અત્યારે હું જે જે રીત સંભળાવું છું, તે બધી રીત સર્વએ પરંપરાગત સુધીની જાણવી. ૨૨.

✵ આચાર્યના ધર્મ :

તમે બંને **આચાર્ય** મારી વાત સાંભળો. અમે તમને ગાદી આપી છે. માટે તમારે પોતાના દિલમાં વિચાર રાખવો કે મારો કેવો અધિકાર છે ? ૨૩.

चोपाई :

पाई बडा अधिकार जबही, नीच काम करना न कबही;
ऐसी लक्षधा रखना लाजा, तुम करना विचारी के काजा...२४

दोहा : पाँच सद्‌गुरु पंच हरिजन, जामें अधर्म न कांइ;
अस वृद्ध रु धर्मवान के, वचन में रहो सदाइ...२५

स्वतंत्र कभी रहना नहि, कहिं न जाना पूछे बिन;
सेव में पाळा हि रखना, धर्मवान शांत दीन...२६

જ્યારે ઊંચો અધિકાર પામ્યા હોઈએ, ત્યારે ક્યારેય કોઈ નીચ કામ કરવું નહીં. એની લાખો પ્રકારે લાજ-મર્યાદા રાખવી, તે માટે તમારે વિચારીને જ કામ કરવું. ૨૪. જેમાં કોઈ અધર્મ ન હોય, જે વૃદ્ધ અને ધર્મવાળા હોય એવા પાંચ સદ્‌ગુરુઓ અને પાંચ હરિભક્તો હોય, તેના વચનમાં તમારે કાયમ રહેવું. ક્યારેય સ્વતંત્ર રહેવું નહિ અને તેમને પૂછ્યા વિના ક્યાંય જાવું નહીં. તમારી સેવામાં ધર્મવાળા, શાંત અને ગરીબ સ્વભાવના પાળા રાખવા. ૨૫-૨૬. જેને બોલવામાં શરમ ન હોય અને કાયમ નિરર્થક વાત સંભળાવતા હોય એવાને પાસે ઓછા રાખવા. તેનો સહવાસ છોડી દેવો. ૨૭. જે ચોર હોય, ખરાબ બોલતા હોય, સ્ત્રી-ધનમાં લોભાઈ જાતા હોય, જે માની તથા રજોગુણી હોય; આવા કોઈ માણસને તમારે પાસે રાખવા નહીં. ૨૮. જે હરિભક્તોના દિલને દુઃખાવે, વારેવારે આજ્ઞા લોપે, જ્યાં ત્યાં ભાઈબંધી કરી આવે; એવા સેવકનો સદાય ત્યાગ કરવો. ૨૯.

ગાંગજીદાસ નામે જે સારા સેવક છે, તે અયોધ્યાપ્રસાદજીની પાસે રહે અને અર્જુન નામે જે ભક્ત છે તે રઘુવીરજીની પાસે રહે. ૩૦. **તમારે કાયમ સહુની સાથે સંપ રાખવો. કેમ જે, સંપથી સુખી થવાય છે એમ જાણવું. જ્યાં જાઓ ત્યાં બધે ઠેકાણે શિક્ષાપત્રીને પ્રમાણરૂપ માનવી. અર્થાત્ તે મુજબ રહેવું.** ૩૧. ત્યાગી તથા ગૃહસ્થ જે બધા ભક્તો છે તે તમારાં વચનને માનશે. માટે તમારે પોતાએ જ પ્રથમ બધા ધર્મ પાળવા, અને બીજા સહુને તમારે ધર્મમાં રાખવા. ૩૨. હવે સહુ **બ્રહ્મચારી** સાંભળો. તમારા વર્તનની રીત હું કહું છું. દેવને માટે થાળ કરવો અને સેવામાં ઉત્સાહ રાખવો. ૩૩. સાચા હરિભક્તનો મહિમા હૃદયમાં અપાર રાખવો.

❋ કોઠારીના ધર્મ અને સંતોનો મહિમા :

હવે **કોઠારી**ની રીત કહું છું, તે સહુ મન દઈને સાંભળો. ૩૪. હરિભક્તો જે જે રસોઈ આપે તેમાં માપથી જેટલું જોઈએ તેટલું જ તેની પાસેથી લેવું. સીધુંસામાન વધારે લઈને બગાડ કરવો નહિ, અને કદાચ

ઝાઝું હોય તો તે પાછું આપવું. ૩૫. ભક્તની શ્રદ્ધા જોઈને લેવું. કાંઈ પણ વધારે લાવવાનું કહેવું નહીં. બીમાર, ભૂખ્યા અને થાકેલા સંતોની અત્યંત ખબર રાખવી. ૩૬.

दोहा : संतमहिमा अपार है, संत हैं मम स्वरूप;
संत सत्संग बढात हैं, कथा करत सुखरूप...३७
समग्र सुसंप्रदाय है, संत के हि आधार;
त्यागी संत कु देखके, जन दान देत अपार...३८

સંતોનો મહિમા અપાર છે. સંત મારું સ્વરૂપ છે. સંતો સુખરૂપ કથા કરે છે, તથા સત્સંગ વધારે છે. ૩૭. સમગ્ર સંપ્રદાયનું શ્રેષ્ઠત્વ સંતોને જ આધારે છે. ત્યાગી સંતોને દેખીને લોકો અપાર દાન આપે છે. ૩૮. દેવો અને સંતોને માટે ધન તથા મકાન વગેરે આવે છે. સર્વ સત્સંગીઓને માટે સંતો શોભાનું ધામ છે. ૩૯. જ્યાં સંતોનું માન ન રહેતું હોય ત્યાં સત્સંગનો નાશ થાય છે, માટે 'સંતોમાં ભગવાન છે' એમ કોઠારીએ જાણી તેમની ખૂબ જ બરદાશ રાખવી." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગ્રંથનો મહિમા અને આચાર્ય, બ્રહ્મચારી તથા કોઠારીના ધર્મ કહ્યા" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૭

સંતો-પાર્ષદોના ધર્મ કહ્યા તથા વડતાલમાં રણછોડરાયની પ્રતિષ્ઠા

કોઠારીના ધર્મ કહેતાં મહારાજ આગળ કહે છે કે, "સંતો રાત-દિવસ દેશ-વિદેશમાં ફરે છે. લોકોએ કરેલાં અપમાનને સહન કરીને મારી વાતો કહે છે. ૧. જીવને સારી રીતે મારા સ્વરૂપનો નિશ્ચય સંતો જ કરાવે છે. સંતો સિવાય સત્સંગને કોઈ વધારી શકતા નથી. ૨.

सोरठा : मम मूरति है संत, फेर नहि है उसमें रती;
सब सत्शास्त्र कहंत, संत कि महिमा बार बार...०३

मानना पूजना सब, संत को बडे समझके;
खुश रहुँगा मैं तब, संत सन्मान करते रहो...०४

સંતો મારી મૂર્તિ છે, તેમાં એક રતિભાર પણ ફર્ક નથી; એમ બધાં જ સચ્છાસ્ત્ર સંતોના મહિમાને વારંવાર કહે છે. ૩. સહુએ સંતોને મોટા સમજીને તેમને માનવા તથા પૂજવા, એમ કરવાથી જ હું પ્રસન્ન રહીશ. માટે અધિકાર પામ્યા પછી પણ સંતોનું સન્માન કરતા રહેવું. ૪. સંતોનો મહિમા જાણવો. કેમ જે, સંતોથી જ સંપ્રદાય વધે છે. સહુના ઉપર અપાર હેત રાખવું. કોઈની સાથે જરા પણ પક્ષપાત ન કરવો. ૫.

⁂ સંતોના વિશેષ ધર્મ :

હવે **સંતો**ની જે રીત છે તે કહું છું, તેને બધા સંતો પ્રેમથી સાંભળો. કલમ, કાગળ, દોરો, સોય, જે જે આવશ્યક વસ્તુ હોય તે મોટા સદ્‌ગુરુઓને કહેવું; પણ પોતે સત્સંગી પાસેથી (ડાયરેક્ટ) લેવું નહીં. સદ્‌ગુરુ કોઠારી પાસે જઈને તે વસ્તુ માટે કહેશે, ત્યારે કોઠારી તે મંગાવી દેશે. ૬-૭. પણ સદ્‌ગુરુનું નામ આપીને પોતાના કામ માટે કોઈ વસ્તુ સંતે લેવી નહીં. રસાસ્વાદની લોલુપતા તજી દઈને રોજ પંગતમાં જમવું. ૮. જમવા આગળ-પાછળ ક્યારેય જાવું નહિ અને મનભાવતી વસ્તુ લઈને ખાવી નહીં. ક્યારેય અકળાઈ જાવું નહિ, જ્યારે મોટા જે આપે ત્યારે તે લેવું. ૯. **કદાચ કોઈ વસ્તુ ન મળે તોપણ સંતોષ રાખવો. ક્યારેય ખરાબ વાણી બોલવી નહીં. સંતો, પાર્ષદો અને બ્રહ્મચારી, જે સાંખ્યયોગના અધિકારી છે, તેણે પાંચ વખત જ્યાં કથા થતી હોય ત્યાં તે સાંભળવા માટે હંમેશાં જવું. કોઈ કામનું બહાનું કાઢીને સુખકારી કથાને ભૂલવી નહીં.** ૧૦-૧૧. જે કામ હોય તે પછી કરવું પણ કથામાં અવશ્ય જવું. કથાની જો રુચિ ટળી જાય તો સત્સંગની વૃત્તિ તૂટી જાય છે. ૧૨. કથા-વાર્તાનો સમાગમ સૌભરિને ન રહ્યો તો તેના વ્રતમાં ભંગ થયો હતો. જે હરિભક્તોને વાતો સંભળાવે તે મહાન સંત છે. ૧૩.

હવે બધા **પાર્ષદો** અમારી વાત સાંભળો. જો તમે મોક્ષને ચાહતા હો તો સદાય સ્નેહથી સેવા કરો. કેમ જે, તેનાથી જ કલ્યાણ પામી શકાય છે. ૧૪. સંતો અને આચાર્ય જ્યારે કાંઈક કહે-વઢે ત્યારે તમારે સહન કરવું.

મોટાની બધી વાત માનવી પણ ક્યારેય સ્વતંત્ર થાવું નહીં. ૧૫. બધા ત્યાગી જ્યારે સંસારમાં હોય ત્યારે કેવું કામ કરતા હોય છે ? એમ સમજીને અત્યારે પણ સદાય એકતાર થઈને ભક્તિ કરતા રહેવું." ૧૬.

પછી શ્રીહરિએ સહુને કહ્યું કે, "હરિજયંતીનો સમૈયો આવે છે, અમે વડતાલ જઈ શકીશું નહિ, પણ વડતાલનો સમૈયો બંધ નહિ રહે. ૧૭. અમે જેનું નામ કહીએ તેટલા અમારી પાસે રહે. મુકુંદાનંદ બ્રહ્મચારી અને મુક્તાનંદ સ્વામી અહીં સ્વેચ્છાએ રહે. ૧૮. મોટા સંત ગોપાળાનંદ સ્વામી છે તે આચાર્યોની સાથે જાય અને મોટીબા પણ વડતાલ જાય, તેઓ સહુની સંભાળ રાખશે. ૧૯. તમારે સહુએ વડતાલ જઈને ત્યાં રણછોડજીની પ્રતિષ્ઠા કરવાની છે, ત્યાં તે મૂર્તિની પ્રતિષ્ઠા કરી સહુ પાછા આવો." આવી શ્રીહરિએ સહુને આજ્ઞા આપી. ૨૦. વળી, શ્રીહરિએ ભગુજીને કહ્યું કે, "એક ઘણા વેગથી ચાલતો મોટો ઊંટ વડતાલ મોકલી, તમે આ બધા સમાચાર અત્યારે જ વડતાલ પહોંચાડો. ૨૧. અક્ષરાનંદ સ્વામીને કહેવું કે, 'તેઓ પોતાના કામમાં તત્પર રહે.' એક માણસને ઉમરેઠ મોકલાવે અને ત્યાંથી વેદપુરુષને બોલાવે." ૨૨. પછી એક ઊંટ વડતાલ મોકલ્યો અને બધા સમાચાર અક્ષરાનંદ સ્વામીને કહ્યા. તેમણે શ્રીહરિની આજ્ઞાને અનુસારે મૂર્તિપ્રતિષ્ઠાની બધી તૈયારી કરવા માંડી. ૨૩. તે વખતે ગઢપુરથી વડતાલ જવાનો સંઘ તૈયાર થયો. પછી વડતાલમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા શ્રીહરિની આજ્ઞા લીધી. ૨૪.

સં.૧૮૮૬, ફાગણ વદિ બારશને દિવસે સવારે પારણા કરી સહુ ગઢપુરથી ચાલ્યા, તે ચૈત્ર સુદ-૮ના દિવસે વડતાલ પહોંચ્યા. ત્યાં હરિજયંતી-રામનવમીનો ઉત્સવ આવ્યો. ૨૫. બંને દેશના સત્સંગીઓ હજારોની સંખ્યામાં સંઘ લઈને વડતાલ ઉમંગથી આવ્યા. ઉત્સવ ઘણો સુંદર થયો. ૨૬. સહુ મળીને કીર્તન ગાતા, તેની શોભાનો પાર કોણ પામે ? પ્રતિષ્ઠાનો દિવસ નક્કી થયો. તે **સં.૧૮૮૬, ચૈત્ર વદ સાતમ** આવી. ૨૭. તે પ્રસંગને માટે કુંડ તથા મોટો મંડપ કરાવ્યો. તે સહુના મનમાં ગમી ગયા. **રણછોડરાયની સ્થાપના આચાર્ય રઘુવીરજી મહારાજે કરી.** ૨૮. **પછી હેતથી આરતી કરી.**

તે વખતે ઘણી સારી શોભા બની હતી. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગ્યાં, આકાશમાં દેવતાઓનાં દુંદુભિ પણ ગાજ્યાં. ૨૯. તે વખતે ચોતરફ જય જયકાર થયો. દેવોએ અપાર પુષ્પની વૃષ્ટિ કરી. બધા સંતસમાજે ઉત્સવ કર્યો, ત્યારે શ્રીહરિજી મહારાજ દિવ્ય સ્વરૂપે આવ્યા. ૩૦. તેથી મંદિરમાં ઘણો પ્રકાશ થઈ ગયો, તે કરોડો સૂર્ય-ચંદ્રના સમાન ભાસતો હતો. જ્યારે આ ઉત્સવ પૂર્ણ થયો ત્યારે બધા જ સંઘોને વિદાય આપી. ૩૧. આ ઉત્સવમાં શ્રીહરિ પધાર્યા ન હતા, એટલે શ્રીહરિનાં દર્શન કરવા માટે તે બધા સંઘ ગઢપુર ગયા. ૩૨.

અયોધ્યાવાસી વગેરે જે હતા તે બધા સંઘની સાથે ગઢપુર આવ્યા. જ્યારે બધા ગઢપુર પહોંચ્યા ત્યારે જઈને સહુએ શ્રીહરિને પ્રણામ કર્યા. ૩૩. શ્રીહરિના મંદવાડને સાંભળીને ઘણા ભક્તો દિલગીર થઈ ગયા. શ્રીહરિ સહુ ભક્તોને દર્શન દેવા માટે અક્ષરઓરડીથી આવીને વાસુદેવનારાયણનો ઓરડો છે ત્યાં બેઠા. સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં, પણ તે રંગભીનાનું શરીર સહુએ દુર્બળ દેખ્યું. ૩૪-૩૫. તેથી હરિભક્તોની આંખોમાંથી આંસુ વહેવાં લાગ્યાં, ત્યારે શ્રીહરિએ તે સહુને ધીરજનાં વચન કહ્યાં. સહુને ઘણી રીતે હિંમત આપી ત્યારે તેમના દિલમાં થોડી શાંતિ થઈ. ૩૬. તે ભક્તોનો સંઘ બે દિવસ સુધી રહ્યો પછી શ્રીહરિએ તેમને વિદાય આપી. ત્યારે ભક્તોએ હાથ જોડીને કહ્યું કે, "હે નાથ ! હવે ફરીને અમને આપનાં દર્શન ક્યારે થશે ?" ૩૭.

ત્યારે સુખદાયક શ્રીહરિ બોલ્યા, **"સદાય તમારા હૃદયમાં દર્શન કરજો. ભગવાન સત્યસંકલ્પ છે. તેથી તમે જ્યારે હૃદયમાં દર્શનનો પાકો સંકલ્પ કરશો,** ત્યારે ભગવાન જરૂર દર્શન દેશે અને તમારી ઈચ્છાને પૂર્ણ કરશે." આમ કહી બધા સંઘને વિદાય આપી. પછી શ્રીહરિ પોતાની અક્ષરઓરડીએ ગયા. ૩૮-૩૯. આ રીતે ભગવાન શ્રીહરિએ સહુને ધીરજ આપી. હવે શ્રીહરિ સ્વધામ પધારવાની તૈયારી કરવા લાગ્યા હતા. ૪૦.

દોહા : रहके हरि अक्षरधाम में, दिखात है पृथ्वी पर;
यहाँ दर्शन देते हुए, है सदा हि अक्षरघर...४१

यहाँ है सो हि वहाँ हैं, वहाँ है सो हि आंय;
वहाँ यहाँ वे एक हैं, ऐसा समझना भाय...४२

सोरठा : श्रीहरि और हरिजन, महिमा नहि को कह सके;
जैसे हि हो भगवन, ऐसे उनके जन रहेउ...४३

दो की महिमा अपार, पार न ले सके कोटि कवि;
गाई हमने लगार, पर्वत में से किंचित रज...४४

શ્રીહરિ અક્ષરધામમાં રહ્યા થકાં જ પૃથ્વી ઉપર દેખાય છે. અહીંયાં દર્શન દેતાં થકાં જ તેઓ સદા અક્ષરધામમાં છે. ૪૧. જે અહીંયાં છે તે જ ત્યાં છે અને જે ત્યાં છે તે જ અહીંયાં છે. અહીંયાં અને ત્યાં શ્રીહરિ તો એક જ છે. આમ સર્વે સત્સંગીઓએ સમજવું. ૪૨. શ્રીહરિ અને હરિભક્તોનો મહિમા કોઈ કહી શકતું નથી. જેવા ભગવાન સર્વોપરિ છે તેવા જ એમના ભક્તો છે. ૪૩. તે બંનેનો મહિમા અપાર છે, તેનો પાર કરોડો કવિ પણ લઈ શકતા નથી. અમે તો મહિમારૂપી મેરુ પર્વતમાંથી કાંઈક રજ જેટલો થોડોક મહિમા ગાયો છે. ૪૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સંતો-પાર્ષદોના ધર્મ કહ્યા તથા વડતાલમાં રણછોડરાયની પ્રતિષ્ઠા કરી" એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૮

શ્રીહરિએ કાર્યપૂર્ણતાનો વિચાર કર્યો અને મુક્તોએ સ્તુતિ કરી

મુક્તાનંદ સ્વામી કહે છે કે, અભયરાજના પુત્ર દરબાર દાદા ખાચર ! તમે સાંભળો, આવી કથા વારેવારે સાંભળવા મળતી નથી. ૧. એક દિવસ સર્વજગતના આધાર પ્રભુ શ્રીહરિ પોતાના શુભ અક્ષરભવનમાં સિંહાસન ઉપર બેઠા હતા. પછી ત્યાં પોતાના મનમાં વિચારવા લાગ્યા, 'મેં ધર્મનું સ્થાપન કરવા માટે આ ભૂમિ ઉપર અવતાર લીધો છે અને બધા મનુષ્યો

અને વેદ પણ પ્રશંસા કરે એવા સર્વનો ઉદ્ધાર કરનારા ધર્મનું મેં સ્થાપન કર્યું છે. તથા પરમ આત્યંતિક મોક્ષને માટે જેવું જરૂરી છે તેવું જ્ઞાન પણ મેં દીધું છે. ૨-૪. વળી, તે માટે જ વેદસંમત સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી છે. તેનો અવિચળ પાયો ચાર રીતે નાખ્યો છે કે જે સંપ્રદાયનો આધાર છે. ૫. મોટાં મોટાં ધામ-મંદિરો કરીને તેમાં **મારી મૂર્તિઓ** પધરાવી છે. તે સત્સંગમાં પ્રથમ પ્રકારનો અચળ પાયો છે કે જેનાથી અનેક જીવોનો ઉદ્ધાર થાય. ૬.

સંપ્રદાયની રક્ષા કરનારા **ધર્મવાળા બે આચાર્ય** કર્યા છે, તે સંપ્રદાયનો બીજો પાયો છે તેમ માનવું. તેનાથી સત્સંગના ધર્મની રક્ષા થશે. ૭. જે **ધર્મશાસ્ત્ર** રચ્યાં છે તે સંપ્રદાયનો ત્રીજો મજબૂત પાયો છે. 'સત્સંગિજીવન' નામનો જે ગ્રંથ છે તે તો સત્સંગીઓના જીવન સમાન છે. ૮. સચ્છાસ્ત્રોનો સાર કાઢીને મેં હિતકારી શિક્ષાપત્રી રચી છે, તે સંસારરૂપી સાગરને તારનારી અદ્‌ભુત નૌકા જેવી છે. ૯. અને **ધર્મથી સંપન્ન સંતો** છે તે સત્સંગનો અવિચળ ચોથો પાયો છે. તેમના દ્વારા આ વખતે સત્સંગમાં હજારો હજાર હરિભક્તો થયા છે. ૧૦.

ધર્મ, ભક્તિ, ઉદ્ધવજી આદિક અને બીજા મરિચ્યાદિક મુનિઓ, એ બધા જે દુર્વાસાના શાપથી મનુષ્યદેહ પામ્યા હતા, તેને શાપથી છોડાવીને મેં ભૌતિકદેહ પણ તજાવ્યા છે. તેમાં કોઈક તો દિવ્ય દેહે મારી પાસે રહી મારાં ચરણની ઉપાસના કરે છે. ૧૧-૧૨. અને કેટલાકને હજુ ભૌતિક દેહમાં રાખ્યા છે તે સત્સંગને આગળ વધારી રહ્યા છે. વૈર લેવા માટે અનેક અસુરોએ બહુ દેહ ધર્યા હતા. ૧૩. તે બધાનો હવે અંત આવી ગયો છે. તેથી હવે સંતો સુખેથી વિચરે છે. પ્રાયઃ વામમાર્ગનો પણ નાશ થયો છે અને અપાર સત્સંગ વધ્યો છે. ૧૪. આમ મારા આવવાના જે બધા હેતુઓ હતા તે બધા હવે પૂરા થયા છે. હવે પછી સંતો જ અપરંપાર જીવોને સત્સંગીઓ કરશે. ૧૫. વિદ્વાનો ગ્રંથોની રચના કરશે, તેનાથી સહુને પોષણ મળશે. સંપ્રદાય બળવાન થયો છે માટે ઘણાં મોટાં મંદિર બનશે.' ૧૬.

વળી, આ વખતના વડતાલના સમાચાર સાંભળીને શ્રીહરિને ચોક્કસ નિશ્ચય થયો કે, 'આચાર્યો પોતાનું કામ કરશે અને હરિભક્તો પણ આજ્ઞા પાળશે. ૧૭. હવે કોઈ જાતની અડચણ આવશે નહિ અને કોઈ ધર્મને અટકાવશે નહીં. અત્યારનું બધું રાજતંત્ર પણ સંતોની રક્ષા કરે તેવું સારું થયું છે. ૧૮. હવે હું અહીંથી અંતર્ધાન થઈ અક્ષરધામમાં જાઉં. પરંતુ જે મારા પ્રેમી ભક્તો છે તે મારા વિયોગમાં કઈ રીતે જીવશે ? ૧૯. તેથી હું તે મારા ભક્તોને પહેલા સાંત્વના આપી પછી સ્વધામ વિચરું.' શ્રીહરિએ જ્યારે આવી ઈચ્છા કરી ત્યારે અક્ષરના મુક્તો આવ્યા. ૨૦. તે મુક્તો કરોડો સૂર્ય અને ચંદ્રમા જેવા દિવ્ય કાંતિયુક્ત દેહવાળા દેખાતા હતા. જેને દેવો તથા ઈશ્વરો પૂજે છે એવા તે મુક્તોએ દિવ્ય વસ્ત્રો તથા આભૂષણો ધાર્યાં હતાં. ૨૧. તે મુક્તો સત્, ચિદ્ અને આનંદરૂપ હતા. આવા તે અનુપમ અક્ષરમુક્તો આવ્યા તથા જે ગોલોકધામના મુક્તો છે તે પણ હરિઈચ્છાથી ત્યાં આવ્યા. ૨૨.

તે સહુએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. પ્રેમના ધામરૂપ તેમનાં શરીર રોમાંચિત હતાં. જ્યારે કૃપાળુ શ્રીહરિએ કૃપાદૃષ્ટિ કરી ત્યારે તેમને અતિશય આનંદ થયો. ૨૩. પછી તેમણે પ્રેમથી બે હાથ જોડ્યા અને સહુ મુક્તોએ એકીસાથે અત્યંત વિનય અને પ્રેમભરી ગદ્ગદવાણીથી શ્રીહરિવરની સ્તુતિ કરી, 'હે હરિ ! સર્વનો આધાર હોવા છતાં આપને બીજા કોઈનો આધાર નથી, સર્વનું કારણ હોવા છતાં આપનું કોઈ કારણ નથી; **આવા પરાત્પર, સુખદ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન આપ છો.** ૨૪-૨૫. **આપ અક્ષરધામથી આ ભૂમિ ઉપર પહેલી વાર આવ્યા છો. હે અવતારના અવતારી એવા શ્રીહરિ ! આપને અમે હજારો વાર વંદન કરીએ છીએ.** ૨૬.

રામ, કૃષ્ણ, વામન, પરશુરામ, હયગ્રીવ, નૃસિંહ, વરાહ, હંસ, મત્સ્ય અને કૂર્મ આદિક બધા પાવન અવતારોના તમે જ એક કારણ છો. આપ જ સર્વના કર્તા, નિયંતા અને પોષક છો. આવા પ્યારા શ્રીહરિ સ્વામિનારાયણ આપ અલૌકિક મંગલમૂર્તિ છો. ૨૭-૨૮. આપ દેવાધિદેવ, કરુણાનિધિ, સુખપ્રદ અને સદા સર્વોત્તમ છો. આપની શક્તિઓ અપાર છે. આપ

અક્ષરધામના નિવાસી છો અને અમે આપનાં ચરણોના ઉપાસક છીએ. ૨૯. કરોડો બ્રહ્માંડ આપના રોમકૂપમાં પરમાણુરૂપ દેખાય છે. અનેક વિષ્ણુ, બ્રહ્મા અને શિવ આદિક અનંત ચેતનો આપના અત્યંત દાસ છે. ૩૦.

चोपाई :

राजाधिराज एक रहेऊ, अवतार सब अनंत भयेऊ;
उपजत मत्स्यादि आप सेही, होत लीन अंते आप मेंही...३१
भये ब्रह्मांड अवतार अनेका, सबके अवतारी आप एका;
जो काम होत अवतार सेही, आज करत तव सेवक तेही...३२
ऐसा प्रताप तव है अपारा, वंदुँ चरणरज कु बार बारा;
तव प्रताप कोई वृष्टि लाये, कोई जन कु समाधि कराये...३३
जाने कोई परमन की बाता, जैसे अंतर्यामी साक्षाता;
कोई से जमदूत डरेऊ, भय पाकर के ही भागेऊ...३४

રાજાધિરાજ તો આપ એક જ છો. બધા અવતાર અનંત થયા છે, તે મત્સ્યાદિક બધા આપમાંથી જ ઊપજે છે અને અંતે આપમાં જ લીન થાય છે. ૩૧. અત્યાર સુધી આ બ્રહ્માંડમાં અનેક અવતારો થયા છે, તે સહુના અવતારી આપ એક જ છો. તેથી જે દિવ્ય કામ અવતારોથી થાય છે તે કામ આજ તમારા સેવકથી પણ થાય છે. ૩૨. આવો આપનો અપાર પ્રતાપ છે. એટલે આપની ચરણરજને અમે વારંવાર વંદન કરીએ છીએ. આપના પ્રતાપથી કોઈક ભક્ત વૃષ્ટિ કરાવે છે તો કોઈક સંત-ભક્ત બીજા મનુષ્યને સમાધિ કરાવે છે. ૩૩. વળી, કોઈક સાક્ષાત્ અંતર્યામીની જેમ બીજાના મનની વાતને જાણે છે. કોઈક ભક્તને દેખીને જમદૂત ડરે છે અને ભય પામીને ભાગી જાય છે. ૩૪. **કોઈ સંતો-ભક્તોમાં સૌથી વિશેષ વચનસિદ્ધિ છે અર્થાત્ તે જે બોલે તે સમગ્ર બ્રહ્માંડમાં સત્ય થાય છે. તો કોઈક ભક્ત બીજાના શરીરમાં પ્રવેશ કરે છે. કોઈક સંત મડદાંને જીવતાં કરે છે,** તો કોઈક રાક્ષસને પણ મારે છે. ૩૫.

આ રીતે આપના દાસ પણ અપાર ઐશ્વર્ય બતાવે છે, તો આપનો પ્રતાપ તો કઈ રીતે જાણી શકાય ? આપનો પ્રતાપ કહેતાં નિગમો પણ

'નેતિ નેતિ' કહીને હારી જાય છે. તેઓ પણ આપના ગુણોને અગમ્ય જાણીને ગાય છે. ૩૬. અસંખ્ય મુક્તનાં વૃંદો મળીને આપની સેવા કરે છે, એવા તમે સ્વેચ્છાથી મનુષ્યશરીર ધાર્યું છે. મનુષ્ય જે કાંઈ પત્ર, પુષ્પ આદિક અર્પણ કરે તેનો આપ સ્વીકાર કરો છો. ૩૭. તેથી તે મનુષ્યનાં પણ અપાર ધન્યભાગ્ય છે, આવી આપની કૃપાનો કોઈ પાર નથી. વૈરાજપુરુષના માતા-પિતા પ્રધાનપુરુષ છે, અને તેના પિતા મહાપુરુષાદિકના પણ આપ આદિ કારણ છો. ૩૮. આપ કાળના પણ કાળ અને સમગ્ર વિશ્વનું પાલન કરનારા છો. હે દયાળુ ! અમે આપનાં ચરણમાં વંદન કરીએ છીએ. આપ અક્ષરધામના અધિપતિ મહાસમર્થ છો, અને કરોડો મહામુક્તોના પણ નિયંતા છો, સ્વામી છો. ૩૯.

અનાદિમુક્તો સંલગ્ન થઈને આપની મૂર્તિમાં નિમગ્ન રહ્યા છે. અત્યંત સ્નેહને લીધે તેઓ આપમાં લીન થઈને હંમેશાં ભાવથી સંપૂર્ણ આધીન રહે છે. ૪૦. આપ જ્ઞાન અને આનંદનું જ સાકાર સ્વરૂપ છો. સદા ચિદાકાશમાં વિચરો છો. આપની તે મનોહર સુશોભિત મૂર્તિ છે, તે સહુના મનને ખેંચે છે. ૪૧. આપ સહુના જીવનપ્રાણ પ્રગટ પુરુષોત્તમનારાયણ છો. તે આપ આ ભૂમિ ઉપર હરિકૃષ્ણ મહારાજ અને શ્રીહરિ એવા નામથી વિખ્યાત છો. ૪૨. આ બ્રહ્માંડમાં ધર્મ-ભક્તિના પુત્રના રૂપમાં પ્રગટ થઈને પાપીઓને પવિત્ર કર્યા છે. તેમજ બીજા અનંત અને અપાર પ્રાણીઓને પણ પવિત્ર કર્યાં છે. ૪૩. હે નાથ ! જે જીવ આપને શરણે થયા તે બધા આપનાં દર્શન કરીને અત્યંત સુખી થયા છે.' ૪૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ કાર્યપૂર્ણતાનો વિચાર કર્યો અને મુક્તોએ સ્તુતિ કરી" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૮૯

મુક્તોએ શ્રીહરિની સ્તુતિ કરીને પ્રગટનો મહિમા કહ્યો

વળી, તે અક્ષરમુક્તો શ્રીહરિની સ્તુતિ કરતાં કહે છે કે, 'હે હરે ! આપે અક્ષરમુક્તોની સાથે ગામેગામ વિચરણ કર્યું છે. પોતાનાં ચરણોના સ્પર્શથી ઘણાં સ્થાનોને પાવન કર્યાં છે. ૧. થોડા જ સમયમાં આપે અનેકનો બેડો પાર કરી દીધો છે. આપે જે કાર્ય કરવાનું હતું તે બધું આ વખતે અત્યારે કરી લીધું છે. ૨. આપે એક-એકથી મોટાં ઘણાં મંદિર કરાવ્યાં અને તેમાં સુંદર મૂર્તિનું સ્થાપન કરીને સહુને ઘણું સુખ આપ્યું છે. ૩. વળી, પવિત્ર વડતાલધામમાં પોતાની 'શ્રીહરિકૃષ્ણ મહારાજ' નામે શુભ મૂર્તિ સ્થાપીને સહુને ધ્યાનનું અવલંબન દીધું છે. ૪. હે મુરારિ ! આપે આ ભૂમિ ઉપર મનુષ્યદેહ ધારણ કરીને અનેક અદ્‌ભુત કામ કર્યાં છે. કૃત્યાને ત્રાસ ઊપજાવ્યો, કાલીદત્તનો વિનાશ કર્યો, તેમજ અયોધ્યામાં પણ પાવનકારી પવિત્ર બાળ ચરિત્ર કર્યાં. આપ ઘનશ્યામે ભક્તિમાતાને અક્ષરધામ દેખાડ્યું અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું હતું. ૫-૬. આપ ઘર છોડીને વનમાં વિચર્યાં, હિમાલયની તળેટીમાં ફર્યા, બંગાળ દેશમાં ગયા અને ત્યાં પિબેકને જીત્યો. ૭. જગન્નાથપુરી જઈને ત્યાં રહ્યા અને દુષ્ટ વૈરાગીઓનો નાશ કર્યો. દક્ષિણ પ્રદેશમાં વિશેષ ફર્યા અને બધાં જ તીર્થોને પવિત્ર કર્યાં. ૮.

ગુજરાતમાંથી વિચરણ કરતાં સોરઠ તરફ ગયા. ત્યાં રામાનંદ સ્વામીના શિષ્ય થયા. પછી તેઓ પોતાની ગાદી તમને સોંપીને ધામમાં પધાર્યા. પછી આપે અદ્‌ભુત કામો કર્યાં. ૯. ઘણા લોકોને સમાધિ કરાવી દિવ્ય ધામ દેખાડ્યાં અને ભક્તોને માયિક ઉપાધિએ રહિત કર્યા. અષ્ટાંગ યોગની જે બધી કળાઓ છે તેને પરિપૂર્ણ રીતે પ્રવર્તાવી. ૧૦. આપે અપાર વિષ્ણુયાગો કરી અહિંસામય યજ્ઞનું પ્રવર્તન કર્યું. વામમાર્ગનું ખંડન કરી અસુરોનું અભિમાન ઉતાર્યું. ૧૧. સનાતન વેદમાર્ગનું સારી રીતે સ્થાપન અને પ્રવર્તન કર્યું. સાચા સંતોના દ્વેષી, ધર્મનો નાશ કરનારા જે અસુરાંશ ધર્મગુરુઓ હતા, જે બધા ભોગ અને વિલાસ પરાયણ હતા; જેનું લક્ષ્ય

માત્ર ધન અને સંપત્તિ હતું, જે પંચવિષયમાં જ સુખ માનનારા તથા સત્તા અને ગાદી માટે જ જીવતા હતા. ૧૨-૧૩. તે બધાને પરાજિત કરી તમે જીતનો ડંકો વગાડી દીધો છે. દુષ્ટોએ તેમાં ઘણો વિરોધ કર્યો, પણ છેવટે તેઓ પરાભવ પામ્યા છે. ૧૪.

કામ, ક્રોધ અને લોભ જેવા જે મોટા અધર્મના વંશરૂપ હતા, અને લોકોના મનમાં પેસી ગયેલા હતા તેનો આપે અત્યારે પરાભવ કર્યો છે. ૧૫. અપાર અધર્મને ઉખેડીને અહિંસા, સત્ય, સદાચાર આદિ બધા ધર્મના પરિવારનું ભક્તોના મનમાં આપે સ્થાપન કર્યું છે. ૧૬. સચ્છાસ્ત્ર, બ્રાહ્મણ તથા સંતોનું માન અત્યંત વધાર્યું છે. મોટાં મોટાં મંદિરો કરાવ્યાં અને તેમાં પોતાની મૂર્તિઓ સ્થાપી છે. ૧૭. વળી, બે આચાર્ય સ્થાપ્યા અને તેમને દેશ વહેંચી દીધા છે. તમે પ્રેમથી વૈષ્ણવી દીક્ષાની શુભ રીતિ પ્રવર્તાવી છે. ૧૮.

સચ્છાસ્ત્રોનો સાર ખેંચી સુખકારી શિક્ષાપત્રી રચી છે. વળી, શતાનંદ મુનિ પાસે લોકકલ્યાણ માટે 'સત્સંગિજીવન' ગ્રંથ કરાવ્યો, તે અત્યારે પૂર્ણતાને આરે છે. વર્ણ તથા આશ્રમના ધર્મ અને એકાંતિકી ભક્તિને આપે વિશ્વમાં પ્રવર્તાવ્યાં છે; આ કાર્ય આપનાથી જ થઈ શકે. જૈન, પારસી, મુસલમાન તથા જેને વેદાંતનું જ્ઞાન જ પ્રધાન હોય તેવા, કોઈ શંકરના ઉપાસક કે કોઈ દેવીની ભક્તિનો અભ્યાસ કરનારા હતા, તે બધાએ આપમાં જ પોતપોતાના ઈષ્ટદેવનું અનુપમ રૂપ દેખ્યું હતું. ૧૯-૨૨. તેનાથી તે બધા લોકોએ પોતપોતાનો મત છોડીને આપનાં ચરણમાં જ હેત કર્યું છે. આવી રીતે ઘણું અદ્ભુત કામ થયું છે, તે બીજા કોઈથી થઈ શકે નહીં. ૨૩. હે હરિ ! આપે જે જે લીલા કરી છે તેને કોઈ સાંભળે તો તે સંસારસાગરનો પાર પામે છે. આમ, આપે કરવાનાં જે કાંઈ ખાસ કાર્યો હતાં તે આપે કરી લીધાં છે; હવે કોઈ કામ બાકી નથી. ૨૪. માટે હે નાથ ! હવે અમારી વિનંતી સાંભળીને આપ અક્ષરધામમાં પધારો.'

મુક્તોની તે વિનંતી સાંભળીને શ્રીઘનશ્યામ પ્રભુ બોલ્યા, "અમારે અક્ષરધામમાં આવવું છે. ૨૫. તેથી જ ગયા કાર્તિક મહિનાથી અમે અમારા શરીરમાં માંદગી દેખાડીએ છીએ. પરંતુ જે મારા પ્રેમી ભક્તો છે તે મારો

વિયોગ સહન કરી શકશે નહીં. ૨૬. માનો તેઓ મારી પાછળ શરીર છોડી દેશે ! એટલે મને તેની ઘણી ચિંતા રહે છે. તેથી હું તેમને સારી રીતે સાંત્વના આપું કે જેથી તેઓ ધીરજ રાખી શકે. ૨૭. આટલું જે બાકીનું કામ છે તે કરીને હું અક્ષરધામ આવીશ, તમે બધા અત્યારે ધામમાં જાઓ અને આ મારા નિર્ણયને સમજીને હવે નિશ્ચિંત રહો." ૨૮.

શ્રીહરિવરની આવી મધુરવાણી સાંભળીને બધા મુક્તો અત્યંત રાજી થયા. પછી તેઓ પોતપોતાનાં ધામમાં ગયા અને ત્યાં સહુ મુક્તોને આ વાત સંભળાવી. ૨૯. મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દરબાર દાદા ખાચર! મુક્તોએ આ રીતે જે સ્તુતિ કરી તેને સાંભળી લીધા પછી પોતે સ્વધામ જવાની ઈચ્છા કરી. ૩૦. પોતાની મૂર્તિમાં જે ભક્તો ઘણા આસક્ત હતા અને બીજા બધાથી વિરક્ત હતા, તેમને આશ્વાસન આપવા માટે જ પ્રગટ શ્રીહરિ વિલંબ કરતા હતા. તેઓ તે ભક્તોને અવલંબન આપીને પોતે પોતાના ધામમાં જશે. ૩૧-૩૨. ભગવાન શ્રીહરિ ઘણા દયાળુ છે, અને પોતાના પ્યારા ભક્તો ઉપર અતિશય કૃપાવાળા છે. તેથી તે બધા ભક્તને જે રીતે દુઃખ ન થાય તે રીતે અંતર્ધાન લીલાનો વિચાર કરે છે. આવા સર્વાધાર પ્રભુજીને ધન્ય છે..! ધન્ય છે..! જે પોતે પોતાના ભક્તોનો હંમેશાં ખ્યાલ રાખે છે. ૩૩-૩૪.

सोरठा : भक्त कु प्रिय भगवान, ऐसा हरि कु प्रिय है भक्त;
जानत हरि कु महान, ऐसा उनकु करत हरि...३५
श्रीहरि कु याद करत, वैसे हि हरि निजजन कु;
सदा हरि संभारत, प्यारे भक्त कु प्रेम से...३६
ऐसे पुरुषोत्तम, जिन जिन जन को मिले है;
भाग्य अति उत्तम, देव सराहत हि उनके...३७
प्रगट की पहचान, कोटि जन्म के पुन्य से;
होवत है निदान, या कृपा से जानत है...३८
जो जो जन जानत, सो सो पावत श्रीहरि कु;
जो जो जन पावत, सो सो हरिमय रहत सदा...३९

ભક્તોને ભગવાન જેવા વહાલા હોય છે તેવા જ ભગવાનને પણ પોતાના ભક્તો વહાલા છે. જે ભક્તો શ્રીહરિને જેવા મહાન જાણે છે તેવી સ્થિતિવાળા શ્રીહરિ તેને કરે છે. ૩૫. ભક્તો જે રીતે શ્રીહરિને યાદ કરે છે તે રીતે જ શ્રીહરિ પણ પોતાના પ્યારા ભક્તોને પ્રેમથી સદાય સંભારે છે. ૩૬. આવા પુરુષોત્તમનારાયણ જે જે ભક્તોને મળ્યા છે તેનું ભાગ્ય અતિશય ઉત્તમ છે. દેવતાઓ પણ તેના ભાગ્યની પ્રશંસા કરે છે. ૩૭. પ્રગટ ભગવાનની ઓળખાણ કરોડો જન્મનાં પુણ્યથી જ થઈ શકે છે અથવા તેમની કૃપાથી જ તે જાણી શકાય છે, તે વાત ચોક્કસ છે. ૩૮. જે જે ભગવાન શ્રીહરિને ઓળખે છે તે તે ભક્તો તેમને પામે છે. અને જે જે ભક્ત ભગવાનને પામે છે તે તે ભક્ત સદાય ભગવાન પરાયણ રહે છે. ૩૯. ભગવાન પુરુષોત્તમે પ્રગટ થઈને ભક્તોને એવાં જ્ઞાન અને પ્રેમનું દાન કર્યું છે. તેથી જ આજના ઘોર કળિકાળમાં પણ સત્યયુગ જેવું વાતાવરણ સર્જાયું છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "મુક્તોએ શ્રીહરિની સ્તુતિ કરીને પ્રગટનો મહિમા કહ્યો" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૦

શ્રીહરિ રોઝકા પધાર્યા અને અગ્રણી સંતો તથા ભક્તોને ભલામણ કરી

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી રસભરી કથા કહે છે, અને દરબાર દાદા ખાચરને મુખ્ય રાખીને હરિચરિત્રરૂપી થાળ પીરસે છે. ૧. જ્યાં સુધી સૂર્ય તથા ચંદ્રમા રહેશે ત્યાં સુધી ભક્તજનો આ શ્રીહરિચરિત્રામૃત ગ્રંથની કથાને વાંચશે-સાંભળશે; આવો મનમાં વિચાર કરીને શ્રીઆધારાનંદ(સિદ્ધાનંદ) સ્વામીએ આ મહાકાય શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ રચ્યો છે. તેથી આ સિદ્ધાનંદ સ્વામી બધા જ સત્સંગીઓ માટે સુખદાયક થયા છે. ૨-૩. હે દાદા ખાચર ! હવે હું આગળ શ્રીહરિના એકાંતિક ભક્ત કાકાભાઈનું સુખરૂપ ચરિત્ર-આખ્યાનની કથા કહું છું. ૪.

ધંધુકા પાસે આવેલ **રોઝકા ગામમાં કાકાભાઈ નામે હરિભક્ત હતા, તેમની નિર્મળ ભક્તિ ઘણી પ્રશંસાપાત્ર હતી.** મોટી ઉંમરે જ્યારે તેમને બીમારી આવી ત્યારે તેમણે મનમાં જાણ્યું કે હવે દેહ રહેશે નહીં. ૫. તેથી તેમણે મનમાં એક સત્કર્મ કરવાનો વિચાર કર્યો. પછી એક સારો અશ્વ શણગાર્યો, જે સારા પ્રવાસને યોગ્ય હતો. તે અશ્વ ઉપર બધો જ સામાન મૂક્યો. ૬. ખડિયામાં અનેક ચીજવસ્તુ ભરી, તેની સાથે એક ચાંદીની તાંસળી પણ મૂકી. તે અશ્વ લઈને પોતાના એક માણસને મહાપ્રભુ શ્રીહરિ પાસે ભેટ કરવા માટે ગઢપુર મોકલ્યો. ૭. તેની સાથે એક પત્ર લખીને આપ્યો. તેમાં લખ્યું કે, 'હે હરિ ! આપ અહીં પધારીને મને દર્શન દો અને જો આ વખતે આપ ન આવી શકો તો અંતસમયે મને તેડવા જરૂર પધારજો.' ૮.

આ રીતે ઘણી યુક્તિપૂર્વક પત્ર લખાવ્યો. તેમાં ઘણું હેત દેખાડ્યું. પછી તેમનો માણસ ગઢપુર ગયો અને પ્રણામ કરીને તે પત્ર શ્રીહરિને આપ્યો. ૯. અને તે અશ્વ પણ શ્રીહરિને ભેટ આપ્યો ત્યારે કૃપાનાથે તે સ્વીકાર્યો. પત્ર વંચાવીને એમ જાણ્યું જે, કાકાભાઈને અમારા ઉપર ઘણું હેત છે. ૧૦. માટે મારે રોઝકા જરૂર જવું જોઈએ અને તેની આશા પૂરી કરવી જોઈએ. વળી જો હું રોઝકા જાઉં તો ગઢપુરના બધા ભક્તોને ધીરજ આવે અને ઉદાસીનતા ત્યાગે. ૧૧. પછી સુખધામ શ્રીહરિ સંતોની પાસે બોલ્યા કે, 'મારે રોઝકા ગામ જવું છે.' પછી મ્યાનો તૈયાર કરાવ્યો અને સર્વાધાર શ્રીહરિ તેમાં બેઠા. ૧૨. થોડા સંતો તથા પાર્ષદોને સાથે લઈ શ્રીહરિ **રોઝકા** ગયા. ગઢપુરના ભક્તો રાજી થયા અને શ્રીહરિ સાજા થયા તેમ માન્યું. ૧૩.

કાકાભાઈ શ્રીહરિને સંભારતા હતા ત્યાં તો કોઈથી ન કળી શકાય એવા અકળ શ્રીહરિ ત્યાં આવ્યા. તેમણે કાકાભાઈને દર્શન દીધાં અને તેમની બધી ઈચ્છાઓ પૂર્ણ કરી. ૧૪. પોતાના ભક્તને સુખ આપવા માટે શ્રીહરિ ત્યાં બે દિવસ રોકાયા. ત્યારે એક વાર કાકાભાઈએ કહ્યું કે, "મહારાજ ! હવે મને આપના ધામમાં પહોંચાડો. ૧૫. હાડ-માંસનું આ શરીર મને નરકના કુંડ જેવું લાગે છે." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **"હવે ડરશો નહિ, થોડા દિવસોમાં તમે કહો છો તેમ થશે. અર્થાત્ હું આપને મારા ધામમાં**

તેડી જઈશ." ૧૬. પછી તેમની પત્નીનાં ચાંદીનાં કડલાં પડ્યાં હતાં તે પણ આ અવસરે શ્રીહરિને અર્પણ કરી દીધાં, અને તેમાંથી સંતોને રસોઈ આપવાનું કહ્યું. ૧૭. પછી ઈશ્વરોના પણ ઈશ્વર પરમેશ્વર શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** આવ્યા.

❋ રોઝકા જવાનો હેતુ અને કાકાભાઈનો અક્ષરવાસ :

મુક્તાનંદ સ્વામી કહે છે કે, દરબાર ! સાંભળો, શ્રીજીમહારાજ કેવા ભક્તવત્સલ છે ? ૧૮. સર્વસુખદાયક શ્રીહરિ કાકાભાઈનો એવો પ્રેમ જાણીને રોઝકા ગયા. વડતાલના સમૈયામાં ન ગયા પરંતુ આ વખતે રોઝકા ગયા; જે ભક્તના ઉપર શ્રીહરિને આટલો બધો પ્રેમ છે તે ભક્તનાં ભાગ્યને 'ધન્ય છે... ધન્ય છે...' હે દરબાર ! તેનું કારણ હવે હું સંભળાવું છું, તમે ભાવથી તે સાંભળો. ૧૯-૨૦. વિક્રમ સંવત ૧૮૬૫ની સાલથી દરબાર કાકાભાઈને ધોલેરાના પૂંજાભાઈ દ્વારા અનુપમ સત્સંગ થયો હતો. તેની સુખરૂપ વાત કહું છું. ૨૧. તે વખતે શ્રીહરિએ તેમને ધ્યાન ધરવાનો એક નિયમ આપ્યો હતો. નિત્ય એક મુહૂર્ત(૪૮ મિનિટ) ધ્યાન કરવું, તેવું શ્રીહરિએ ત્યારે કહ્યું હતું. ૨૨. **તે પછી એકવીસ વર્ષ સુધી તે ધ્યાન ધરવાનો નિયમ તેમણે અખંડ પાળ્યો. તે ઘણા સમજુ, અંતર્દૃષ્ટિવાળા, નિયમધારી અને શુદ્ધ હૃદયના ભક્ત હતા.** ૨૩. **તેથી જ શ્રીહરિ તેમના ઉપર રાજી હતા અને તેમને દર્શન દેવા માટે ખાસ ગયા હતા. તેઓ એવા નિષ્ઠાવાન હરિભક્ત હતા એટલે પ્રભુ શ્રીહરિને અતિશય વહાલા હતા.** ૨૪.

શ્રીહરિએ પોતાના ભક્ત ઉપર પ્રેમ વરસાવતા પોતાની બીમારી સામે પણ ન જોયું. આ છેલ્લા અવસરમાં પોતે પ્રભુ છેલ્લી વખત ત્યાં ગયા હતા. ૨૫. રોઝકા જઈને આવ્યા પછી શ્રીહરિ ગઢપુરથી બહાર ગયા ન હતા. તેથી જ કાકાભાઈની ભક્તિ બધા સત્સંગમાં પ્રસિદ્ધ થઈ હતી. ૨૬. તે પછી જ્યારે થોડા દિવસ ગયા ત્યારે કાકાભાઈએ દેહ છોડ્યો, અને તે વખતે પ્રેમથી સહુ સંતોને સાથે લઈને શ્રીહરિએ તેમને દર્શન દીધાં હતાં. ૨૭. તેમણે અંતસમયે જોયું કે, શ્રીહરિ સંતો સાથે મને તેડવા પધાર્યા છે. પછી તત્કાળ વિમાનમાં બેસીને ભક્તરાજ કાકાભાઈ શ્રીહરિની

સાથે અક્ષરધામમાં ગયા. ૨૮. તે વખતે જે લોકો તેમની પાસે હતા તેમને પણ શ્રીહરિનાં દર્શન થયાં. આવી આશ્ચર્યકારી વાત જોઈને કેટલાય લોકો સત્સંગી થયા હતા. ૨૯.

ભાઈ દાદા ખાચર ! સાંભળો, હવે હું શ્રીહરિની વાત કહું છું. મંદિરમાં જે સુખશય્યા છે ત્યાં એક દિવસ શ્રીહરિ બેઠા હતા. ૩૦. શ્રીહરિએ બંને આચાર્યને ત્યાં બોલાવ્યા. ત્યારે આજ્ઞા સાંભળીને બંને ત્યાં આવ્યા. સદ્‌ગુણોના ધામ એવા ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પણ ત્યાં આવ્યા. ૩૧. તે સિવાય બીજા મોટેરા સંતો-ભક્તોને પણ બોલાવ્યા. તેઓ આવ્યા તે શ્રીહરિના મનને બહુ ગમ્યું. સહુ હેતથી પ્રણામ કરીને બેઠા. ત્યારે ઘનશ્યામ પ્રભુ ગંભીરપણે બોલ્યા, 'તમે બધા આ સત્સંગના સ્તંભરૂપ છો, એમ અમે અમારા અંતરમાં ધાર્યું છે. તેથી તમારે સહુએ ધીરજ રાખવી અને આ સત્સંગનું રક્ષણ કરવું. ૩૨-૩૩. **જ્યારે તમે ધીરજ નહિ રાખો ત્યારે બીજા બધાની શું સ્થિતિ થશે ? પોતાના ઈષ્ટદેવ જે રીતે ખુશ થાય તે રીતે કરવું એ જ સાચા સેવકનું કર્તવ્ય છે.** ૩૪. માટે જો તમે મને ખુશ કરવા ચાહતા હો તો મારું આ વચન માનો.'

પછી શ્રીહરિ ધીરતાથી એવું બોલ્યા કે, 'રઘુવીરજી ! હવે તમે સાંભળો, આ ગોપીનાથજીની જે મૂર્તિ છે તેને મારું સ્વરૂપ જાણજો. તેમ છતાં મારા પ્રગટ સ્વરૂપનું ધ્યાન કરવા માટે મારી સમાન ધાતુનું સ્વરૂપ 'શ્રીહરિકૃષ્ણ' નામે કરાવીને તે ગોપીનાથજીના પૂર્વ ભાગે પધરાવજો. જૂનાગઢના મંદિરમાં પણ તેવી જ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ કરાવીને ત્યાં પધરાવજો. ૩૫-૩૭. શ્રીરાધારમણ દેવની પાસે તે મારી મૂર્તિને ઘણા ઉત્સાહથી સ્થાપજો. ધોલેરા મંદિરમાં પણ શ્રીમદનમોહનજી મહારાજની પાસે મારી મૂર્તિ પધરાવજો. ૩૮. મારા જેવી જ હરિકૃષ્ણ નામે તે મૂર્તિઓની સ્થાપના કરજો. વળી સુરતના હરિભક્તો ઘણા પ્રેમી છે, તેમને પોતાના મનમાં સદાય સંતોષ થાય એટલા માટે મેં જે નારાયણમુનિ દેવ તથા રાધાકૃષ્ણ દેવની મૂર્તિ આપી છે તેની તમે ત્યાં મંદિર કરાવી સ્થાપના કરજો. વળી, ખંભાતવાસી ભક્તોના હિતને માટે પણ અમે પ્રેમથી હરિકૃષ્ણ મહારાજની

મૂર્તિ આપી છે. ૩૯-૪૦. તો ખંભાતમાં પણ સારું સુશોભિત મંદિર કરાવી તેમાં તે મૂર્તિની સ્થાપના કરજો. નિત્યાનંદ સ્વામી તમે પણ સાંભળી લો. આ રઘુવીરજીને જે કામ કહ્યાં તેમાં તમે તેમની સાથે રહેજો. ૪૧. હવે અયોધ્યાપ્રસાદજી ! તમે સાંભળો, તમારે અમદાવાદમાં રહેવું અને ભુજ મંદિરમાં મારું પરમ અનુપમ શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ પધરાવવું. ૪૨.

વળી, ધોળકા શહેરમાં પધરાવવા માટે અમે મોરલીમનોહર દેવની ચોક્કસ પ્રતિમા આપી છે. માટે ત્યાં સુંદર શિખરબદ્ધ મંદિર કરાવવું અને તે મૂર્તિઓની તેમાં સ્થાપના કરવી. ૪૩. ઝાલાવાડમાં શુભ સત્સંગ ઘણો વધ્યો છે અને ત્યાંના ભક્તોને મારા સ્વરૂપમાં દૃઢ પ્રેમ છે. તાવી, મેંથાણ અને હળવદમાં ઘણા સારા સત્સંગી છે. ૪૪. તેને અમારાં દર્શન થાય એટલા માટે ત્યાં પણ સારું મંદિર હોવું જોઈએ. તો ભોગાવો નદીને કિનારે ઘણી સુંદર જગ્યા છે. ૪૫. તે પરમારોનું મૂળી નામે ગામ કહેવાય છે ત્યાં મોટું ધામ કરાવજો. તેમાં રાધાકૃષ્ણ દેવનું સ્વરૂપ, ધર્મ-ભક્તિ તથા શ્રીહરિકૃષ્ણનું સ્વરૂપ તમે પધરાવજો. ૪૬. હવે બ્રહ્માનંદ સ્વામી ! હું જે કહું છું તેને તમે સાંભળો, તમારે મૂળીમાં હાજર રહીને તે મંદિર કરાવવું. તેમજ ગોપાળાનંદ સ્વામી ! તમે સાવધાન થઈને સાંભળો, તમે તો બંને દેશના મધ્યસ્થી છો. ૪૭. **હે પ્યારા સ્વામી ! મેં તમને બંને આચાર્યના પણ ઉપરી સર્વોપરિ કર્યા છે, અને તે બંને આચાર્યોના હાથ અમે તમારા હાથમાં સોંપ્યા છે.** ૪૮. માટે તમે બંને દેશના સત્સંગનું ઘણું જ ધ્યાન રાખજો.' જ્યારે શ્રીહરિએ આવી આજ્ઞા કરી ત્યારે તે સાંભળીને તે સહુએ તે તે આજ્ઞાને માથે ચઢાવી. ૪૯.

પછી સહુ શ્રીહરિને હેતથી પ્રણામ કરી, પોતપોતાને સ્થાનકે ગયા. શ્રીહરિએ સહુને આ રીતે ભલામણ કરીને સંપ્રદાયનું ઘણું જ હિત કર્યું. ૫૦. **અલૌકિક ઘનશ્યામ શ્રીહરિની મૂર્તિ સુખકારી છે. તેને ભક્તજનો હંમેશાં હેતથી આઠેય પહોર સંભારે છે.** ૫૧. **પૂર્ણકામ શ્રીહરિ આવા પ્રેમી ભક્તોને એક પળવાર પણ ભૂલતા નથી.** હવે પોતે આ બધા ભક્તોને છોડીને અક્ષરધામ પધારશે. ૫૨. અંતર્યામી શ્રીહરિની આવી અતિ અદ્‌ભુત લીલા ઘણી અને અપાર છે. પરથી પણ પર એવા પરાત્પર પુરુષોત્તમનારાયણનો

પાર કોણ લઈ શકે ? ૫૩. કરોડો યુગો સુધી કોઈ લખ્યા કરે, તોપણ આ શ્રીહરિની લીલાને કોઈ લખી શકે નહીં. છતાં તે લીલાને સિદ્ધાનંદ સ્વામીએ ઘણી લખી છે. ૫૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિ રોઝકા પધાર્યા અને અગ્રણી સંતો તથા હરિભક્તોને ભલામણ કરી" એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૧

શ્રીહરિએ મનુષ્યચરિત્ર કર્યું તથા ગોપાળાનંદ સ્વામીનો મહિમા કહ્યો

સત્સંગની મા સદ્‌ગુરુશ્રી મુનિવર્ય મુક્તાનંદ સ્વામી ઘણા ભાવથી કથા કહે છે, અને ઉત્તમ રાજા અર્થાત્ દરબાર દાદા ખાચર તેને સાંભળે છે. ૧. પછી એક દિવસ શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, "તમે હવે તમારા મંડળની સાથે જૂનાગઢ જઈને રહો. ૨. અને ગુણાતીતાનંદ સ્વામીને અહીં મોકલજો." જ્યારે શ્રીસહજાનંદ સ્વામીએ આમ કહ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ તે આજ્ઞા માથે ચઢાવી. ૩. જોકે, તેમને મનમાં તો જૂનાગઢ જવાની ઈચ્છા ન હતી, છતાં પણ શ્રીહરિની મરજી જોઈને ગયા. માટે તેમના જીવનને ધન્ય છે કે જે સદાય શ્રીહરિની અનુવૃત્તિ પાળવામાં તત્પર રહે છે. ૪.

પછી તો શ્રીસહજાનંદ શ્રીહરિ વિચિત્ર રીતે મનુષ્યચરિત્ર કરવા લાગ્યા. હવે અક્ષરધામ જવા માટે પોતે વિશેષ ઉદાસપણું દેખાડવા લાગ્યા. ૫. શ્રીહરિ નિત્ય નિજસ્વરૂપનું ધ્યાન કરતા હતા, ત્યારે જાણે સમાધિ અવસ્થામાં નિમગ્ન હોય એવી સ્થિતિ સહુને ભાસતી હતી. ખાવા-પીવામાં પણ ધ્યાન આપતા નહીં. એક દિવસ કે બે દિવસ સુધી અનાજ ન જમે. વળી, કોઈ બોલે કે બોલાવે તો તે પણ શ્રીહરિને ગમે નહીં. ૬. તેથી દેશોદેશમાં એવી વાત ફેલાણી કે, 'શ્રીહરિ ધામમાં જવા ચાહે છે.' એટલા માટે ગામેગામના સત્સંગ સમાજ શ્રીહરિનાં અંતિમ દર્શન કરવાં માટે આવવા લાગ્યા. ૭.

તેઓ નેત્રથી સહુના નાથ શ્રીહરિનાં દર્શન કરીને પોતાના હૃદયમાં તે સ્વરૂપનું અનુપમ ધ્યાન ધરતા હતા. શ્રીહરિની લીલાઓને યાદ કરતા અને મનમાં તેનો મહિમા વિચારતા હતા. ૮.

કોઈ એમ બોલતા કે, 'હવે શ્રીહરિ સ્વધામ જશે તો આપણે બધા કઈ રીતે જીવશું ?' કોઈ કહે, 'શ્રીહરિએ જેવું સુખ આપ્યું છે તે સુખ ક્યારેય પણ ભૂલાય તેવું નથી.' ૯. ભક્તો પરસ્પર આવી વાતો કરતા તેમાં તેમનો અગાધ સ્નેહ જણાતો હતો. જ્યારે ભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે જતા ત્યારે શ્રીહરિ તેમને 'હવે તમારે ઘેર જાઓ, દર્શન કરી સહુએ પોતાને ઘેર જવું. અહીંયાં ઝાઝા દિવસ રોકાવું નહીં.' આમ કહેતા રહેતા. હરિભક્તો આ શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કઈ રીતે કરે ? અને ઘેર જવા ચાહે તો પગ પણ ચાલતા નહીં. અર્થાત્ ઘેર જવાનું મન જ થતું નહીં. ૧૦-૧૧. પછી બધાં બાઈ-ભાઈઓ શ્રીહરિની મૂર્તિ પોતાના હૃદયમાં સ્થિર કરીને પોતપોતાના દેશમાં કે ગામમાં ગયાં. રોજ નવા નવા સંઘ આવતા, તેઓ દર્શન કરીને પાછા પોતાને ઘેર જતા. ૧૨. કેટલાકને તો શ્રીહરિ એવું બતાવતા કે હવે હું બીમાર નથી. આ રીતે ધર્મકુમાર શ્રીહરિ નિત્ય નવીન ચરિત્ર કરે છે. ૧૩. મુક્તાનંદ સ્વામી કહે, અભયકુમાર દાદા ખાચર ! હવે હું અહીં એક વાત કહું છું તે તમે સાંભળો. ગોપાળાનંદ સ્વામીનો મહિમા અપરંપાર છે. ૧૪.

શ્રીહરિને અંતર્ધાન થવા વચ્ચે હવે થોડાક દિવસ રહ્યા હતા. ત્યારે એક રાત્રે શ્રીહરિ તત્કાળ એવું બોલ્યા કે, 'હે શુકાનંદ મુનિ ! તમે સાંભળો. અત્યારે મારી પાસે કોણ કોણ છે ?' ત્યારે શુક મુનિએ કહ્યું, 'હે સુખકંદ શ્રીહરિ ! એક મુકુંદાનંદ વર્ણી છે, બીજા રતનજી બાપુ છે અને ત્રીજો હું છું.' ત્યારે શ્રીહરિએ શુક મુનિને કહ્યું, 'તમે મુક્તાનંદ સ્વામીને બોલાવી લાવો. ૧૫-૧૭. બીજા કોઈને તમે સાથે આવવા દેશો નહીં.' પછી શુક મુનિ મુક્તાનંદ સ્વામીને બોલાવીને શ્રીહરિજી પાસે આવ્યા. ૧૮. મુક્તાનંદ સ્વામીએ આવીને જ્યારે નમસ્કાર કર્યા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, "હે મુક્તાનંદ સ્વામી ! અમે કહીએ તેમ તમે કરશો ?"

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "હા, શ્રીહરિ ! તમે પ્રેમથી કહો. આપ જે રીતે ખુશ રહો તેમ જ હું ચાહું છું. માટે હે પ્રભુ ! આપ જેમ મને કહેશો તે રીતે જ હું કરીશ. ૧૯-૨૦. કારણ કે, મને આપમાં વિશ્વાસ છે. માટે આપને ક્યારેય નિરાશ નહિ કરું. આપ જેની આજ્ઞામાં રાખશો તેની આજ્ઞામાં અમે રહીશું." ૨૧. ત્યારે શ્રીહરિજી મહારાજે કહ્યું, 'ઓરા આવો. અમારાં ચરણ પકડો.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ પોતાના માલિકને રાજી કરવા તેમનાં ચરણારવિંદ પકડ્યાં. ૨૨.

પછી મહારાજ એમ બોલ્યા કે, 'અમે હાથીને અંકુશમાં લઈ લીધો છે.' પછી વળી શ્રીહરિએ શુક મુનિને પૂછ્યું, 'હું જેમ કહું તેમ તમે કરશો?' ૨૩. ત્યારે શુક મુનિ કાંઈ બોલ્યા નહીં. પછી શ્રીહરિએ કહ્યું, "મારાં વચનથી તમે સહુ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. ૨૪. **અક્ષરધામમાં પણ ગોપાળાનંદ સ્વામી જ સહુને પોતાની આજ્ઞામાં વર્તાવે છે અને જે મૂળ અક્ષરબ્રહ્મ છે તે જ આ સાક્ષાત્ ગોપાળાનંદ સ્વામી છે."** ૨૫. ત્યારે શુક મુનિએ કહ્યું કે, "હે મહારાજ ! આપ જે કહો છો તે સાચું છે. પરંતુ હું પહેલાં આવો મહિમા જાણતો ન હતો. ૨૬. હું તો ગોપાળાનંદ સ્વામીનો જ સાધુ છું." ત્યારે શ્રીહરિએ આનંદિત થઈને મુક્તાનંદ સ્વામીને કહ્યું, ૨૭.

सोरठा : गोपालानंद सहि, बहुत बडे वे साधु है;
अक्षरधाम में भी वहि, स्वामी सबकु धार रहे है...२८

चोपाई :

महिमा सबकु एक रूप सेही, पुरुषोत्तम की कहत है ही;
पुरुषोत्तमनारायण की तेही, एक रूप से सेवा मेंही...२९
रहत है अरु एक रूप सेही, यहाँ आये है स्वामी एही;
इस तरह यह गोपालानंदा, बहुत बडे संत है स्वछंदा...३०
और वे तो है मूर्तिमाना, अक्षरधाम मेरा घर महाना;
उनकी यथार्थ मोटप जेही, हम भी नहीं कह सके तेही...३१

"ગોપાળાનંદ સ્વામી તો ઘણા મોટા સાધુ છે. અક્ષરધામમાં પણ ગોપાળાનંદ સ્વામી જ સહુને ધારી રહ્યા છે. ૨૮. તેઓ એક રૂપે ત્યાં સહુને

પુરુષોત્તમનારાયણનો મહિમા કહે છે. બીજા રૂપે તેઓ પુરુષોત્તમનારાયણની સેવામાં રહે છે. અને એક સ્વરૂપે સ્વામી અહીં અમારી સાથે આવ્યા છે; આ રીતે આ ગોપાળાનંદ સ્વામી ઘણા મોટા સ્વતંત્રમૂર્તિ સંત છે. ૨૯-૩૦. અને તે તો મૂર્તિમાન અમારે રહેવાનું મહાન નિવાસસ્થાન અક્ષરધામ છે. તેમની જે યથાર્થ મોટપ છે તેને અમે પણ કહી શક્યા નથી. ૩૧. કારણ કે, આ લોકમાં તેમની સાથે બરોબરિયાપણું રાખનાર ઘણા છે. તેથી તેમની કોઈને ઈર્ષ્યા ન થાય તે રીતે અમારે પ્રેમથી કહેવું પડે છે. ૩૨. ઘણું સમજી વિચારીને અમે તેમની મોટાઈ કહીએ છીએ કે, ગોપાળાનંદ સ્વામી ઘણા સમર્થ છે. માટે તમારે સહુએ તેમને માનવા અને ક્યારેય તેમની આજ્ઞા લોપવી નહીં. મારી જે મરજી છે તેને યથાર્થ રૂપમાં તો ગોપાળાનંદ સ્વામી જ જાણે છે; એટલા માટે તમે સહુએ મળીને તેમની સાથે ખૂબ હેત રાખવું. ૩૩-૩૪. તેમને પૂછવું હોય તે સહુએ હાથ જોડીને પૂછવું.

વળી, એ ગોપાળાનંદ સ્વામી કેવા છે ? તો તે વાતને તમે સાંભળો. ૩૫. **અક્ષરધામમાં અમે જેવા છીએ તેવા જ નિરંતર બધી જ ક્રિયાઓમાં ગોપાળાનંદ સ્વામી અમને દેખે છે. ત્યાં એક દૃષ્ટાંત દઉં છું.** ૩૬. **જેમ ફાનસમાં દીવો પ્રગટે તેને બધા લોકો જુએ છે તે જ રીતે બધા જીવાત્માઓને અને તેમાં રહેલા પુરુષોત્તમનારાયણને તે ગોપાળાનંદ સ્વામી પ્રત્યક્ષ દેખે છે. છતાં પણ તેઓ પોતાના મોઢે પોતાનાં વખાણ ક્યારેય કરતા નથી."** ૩૭-૩૮. ત્યારે શ્રીજીમહારાજની આગળ મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "મહારાજ ! તેઓ તો ઘણા મોટા છે. એટલા માટે અમે બધા સંતો તથા સંપ્રદાયના ભક્તો જેમ આપ કહો છો તેમ જ રહીશું." આવી વાત સાંભળીને શ્રીહરિ બહુ રાજી થયા. ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ મનુષ્યચરિત્ર કર્યું તથા ગોપાળાનંદ સ્વામીનો મહિમા કહ્યો" એ નામે એકાણુમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૨

શ્રીહરિએ સ્વધામ જવાનો પ્રસ્તાવ મૂક્યો અને સહુને આશ્વાસન આપ્યું

દયાળુ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી ઘણો જ પ્રેમ લાવીને કહે છે, અને શ્રીહરિચરિત્રામૃતસાગરની કથા સહુને સંભળાવે છે. ૧. પછી દરબાર દાદા ખાચરે મુક્તાનંદ સ્વામીને બે હાથ જોડીને કહ્યું કે, 'શ્રીહરિના અંતર્ધાનની જે લીલા હોય તે હવે આપ મને કહો.' ૨. પછી મુક્તાનંદ સ્વામી દરબાર દાદા ખાચરની શ્રદ્ધા દેખીને મનમાં ઘણા આનંદ ઉત્સાહથી શ્રીહરિની અંતર્ધાનની બધી લીલા કહેવા લાગ્યા. ૩. શ્રીહરિ સ્વધામ જવા માટે જ્યારે દૃઢ નિશ્ચયવાળા થયા ત્યારે પોતાને વિષે હેતવાળા તમામ ભક્તોને તેમનો અભિપ્રાય જાણવા માટે બોલાવ્યા. ૪.

મુકુંદાનંદ વર્ણીને કહીને ત્યાં જે જે હાજર હતા તે બધાને બોલાવ્યા. તે બધાનાં નામ હવે હું કહું છું. પાંડે રામપ્રતાપજીભાઈ, અયોધ્યાપ્રસાદજી, દૃઢ ધીરજવાળા રઘુવીરજી તથા ગોપાળજી આદિક સર્વે ધર્મવંશીઓ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી આદિ નિષ્કામી અને દૃઢ ધીરજવાળા સંતમંડળને બોલાવ્યાં. ૫-૭. અખંડાનંદ, વાસુદેવાનંદ, વૈકુંઠાનંદ, વૈષ્ણવાનંદ અને નારાયણાનંદ આદિક નૈષ્ઠિકવ્રતધારી બ્રહ્મચારીઓને બોલાવ્યા. ભગુજી, રતનજી, મિયાંજી આદિક બધા પાર્ષદો પણ મળીને ત્યાં આવ્યા. દાદા ખાચર, સોમલા ખાચર અને સુરા ખાચર વગેરે શ્રીહરિની આગળ હાજર રહેનારા સર્વે દરબારો આવ્યા. ૮-૯. પ્રગટ સ્વરૂપના ઉપાસક એવા દીનાનાથ ભટ્ટ, મયારામ ભટ્ટ, બેચરજી, લાલજી, જાગેશ્વરાદિક બધા વિપ્રો ત્યાં આવ્યા. ૧૦. લાધા ઠક્કર, પૂજા ઠક્કર, તેજા ઠક્કર, હરજી ઠક્કર આદિ બધા ઠક્કર ભક્તો આવ્યા. લવજી, ભગા શેઠ અને સુરચંદ આદિક ઘણા સદ્‌ગુણસંપન્ન વણિક ભક્તો આવ્યા. ૧૧. ધર્મથી સંપન્ન બંને ભાઈની બે પત્નીઓ હતી તે

સુવાસિનીબાઈ અને વરિયાળીબાઈ, તથા જીવુબા, લાડુબા, અમરબાઈ, રાજબાઈ, અમુલાબાઈ, ખીમબાઈ આદિક બધી સત્સંગી બહેનો પણ ઉતાવળે આવી. ૧૨.

સહુએ આવીને શ્રીહરિને પ્રણામ કર્યા અને પોતપોતાને યોગ્ય સ્થળે બેઠા. પછી ઘનશ્યામ પ્રભુ સહુ ઉપર અમૃત ભરી દૃષ્ટિ કરીને બોલ્યા, "તમે સહુ ભક્તસમાજ મારી વાત સાંભળો. જે કાર્ય કરવા માટે અમે આ ભૂમિ ઉપર આવ્યા હતા તે બધું કાર્ય પૂર્ણ કર્યું છે. ૧૩-૧૪. હવે અમારે કરવાનું કાંઈ જ બાકી નથી. સંપૂર્ણ ધર્મનો પ્રતાપ અત્યારે પ્રગટ્યો છે. હવે હું રાજીપે સ્વધામ જાઉં છું, તમે બધા મને વિદાય આપો. ૧૫. મારા પછી તમે સહુ ધીરજ ધારીને ખુશ રહેજો, કોઈ રડતા નહીં." શ્રીહરિની વજ્રપાતના જેવી આ વાત સાંભળીને બધાં ભક્તો અત્યંત ખિન્ન થઈ ગયાં. ૧૬. સહુની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. બધા અત્યંત અધીરા થઈ ગયા તથા સહુના મુખ ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ.

તે દેખીને અવિનાશી શ્રીહરિ બોલ્યા, "અરે..! ભક્તો સાંભળો, હું તમને કહું છું. તમે સહુ અમને પરમેશ્વર માનો છો. જો તમે મને રાજી કરવા ચાહતા હો તો સહુ અમારાં આ વચનને માનો. ૧૭-૧૮. અમે અમારી ઈચ્છાથી મનુષ્યદેહ ધાર્યો હતો, અને જે કાર્ય કરવાના હતાં તે બધાં અમે કર્યાં છે. હવે સ્વધામ જવાની ઈચ્છાથી હું અંતર્ધાન થઈશ. ૧૯. આ મર્ત્યલોક નાશવંત છે. તેમાં અત્યંત ક્લેશ હોય છે. હવે મને અહીં રહેવું ગમતું નથી, માટે મારે અક્ષરધામ જવું છે. ૨૦. વળી, જે અક્ષરધામના મુક્તો છે તે ઘણા પ્રેમથી અમારી પાસે આવ્યા હતા. તેઓએ અમને પ્રણામ કરીને કહ્યું હતું કે, 'હે નાથ ! હવે તો આપ સ્વધામ પધારો.' ૨૧. હું તો સદાય અજર અમર છું અને પોતાની ઈચ્છા મુજબ લીલા કરું છું. એટલે હું જ્યારે સ્વધામ જાઉં ત્યારે તમારે કોઈએ તે નિમિત્તે ખેદ ન કરવો. ૨૨.

જ્યારે કોઈ જગતનો પ્રાકૃત માણસ મરે છે ત્યારે તેનાં સગાં સ્નેહીઓ ઘણો ક્લેશ કરે છે. જેમ જગતના લોકો મરનારની પાછળ છાતી કૂટીને મરે છે, તેમ મારી પાછળ તમારે કોઈએ તેવું કરવું નહીં. ૨૩. મારી પાછળ

જો કોઈ આત્મઘાત કરશે, તો તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી બનશે. જે મારી આજ્ઞાને માનશે તે જ સુખ તથા શાંતિને પામશે. ૨૪. વળી, હું રાજી થઈને તેના દિલમાં દર્શન આપીશ. મોટાં મંદિરોમાં સત્સંગીઓને સુખ આપવા માટે જે લક્ષ્મીનારાયણાદિક સ્વરૂપો સ્થાપ્યાં છે, તેમાં રહીશ અને સહુએ અર્પણ કરેલી પૂજાને ગ્રહણ કરીશ. મારાં જન્મ અને કર્મ દિવ્ય છે, તેને સામાન્ય પ્રાકૃત માણસ જાણી શકતો નથી. ૨૫-૨૬. ભક્તોને સુખ દેવા માટે જ હું માનવના રૂપમાં દેખાવ છું, બાકી તો મારા ધામમાં રહ્યો થકો પણ અહીંના ભક્તોની રક્ષા કરવા સમર્થ છું. ૨૭. **માટે તમે હવે લગાર પણ ચિંતા ન કરશો, હું તમને સુખ આપીશ. હવે પછી આ ગોપાળાનંદ સ્વામી જેને જેવું કહે તેમ તમારે સહુએ સંપીને રહેવું."** ૨૮.

આગળ કહેલાં શ્રીહરિનાં વચન સહુને દિલમાં વજ્રપાત જેવાં દુઃખ દેનારાં લાગ્યાં. બધા ભક્તજન અતિશય વ્યાકુળ થયા અને કેટલાક તો જમીન ઉપર ઢળી પડ્યા. ૨૯. સહુની આંખોમાંથી આંસુની ધારા વહેલા લાગી અને શરીર થરથર ધ્રૂજવા લાગ્યા. કેટલાક તો એવા મૂર્છિત થઈ ગયા કે માનો તેના શરીરમાં પ્રાણ જ ન રહ્યા હોય ! એવું દેખાયું. ૩૦. જાણે કે મહાપ્રલયકાળ આવ્યો હોય અથવા દૈવનો વિકરાળ કોપ થયો હોય ! તેમ જ્યારે સહુને દિલગીર દેખ્યા, ત્યારે શ્રીહરિએ સહુને ધીરજ આપી. ૩૧. અને કહ્યું કે, "જ્યારે તમે અમને રજા આપશો ત્યારે અમે સ્વધામ જઈશું."

આવો શબ્દ સાંભળીને સહુના દિલમાં ધીરજ આવી અને ગદ્ગદ કંઠથી વચન કહેવા લાગ્યા, 'હે નાથ ! આપ અમને અહીંયાં તજી દઈને ધામમાં જાઓ તે આપને શોભતું નથી. કેમ જે, આપ તો અમારા જીવનપ્રાણ છો. માટે હે પ્યારા ! આપના વિના અમે કઈ રીતે જીવશું ? ૩૨-૩૩. હે હરિવર ! જેમ પાણી વિના માછલાં તરફડે છે તેમ અમે પણ આપના વિના તરફડશું. જેમ ચંદ્રના વિયોગમાં ચકોર દુઃખી થાય છે અને મેઘના વિયોગથી મોર દુઃખી થાય છે, તેમ અમે દુઃખી થઈશું. ૩૪. હાલર પક્ષીએ પોતાના હાથમાં જે લાકડીનો ટુકડો પકડ્યો હોય છે તે જો છૂટી જાય તો તે પંખી જીવતું નથી. જેમ પ્રાણ વિના શરીર કેમ રહે ? તે રીતે જ હે નાથ !

અમે પણ આપના વિના કેમ રહીશું ? ૩૫. હે ભગવન્ ! આપે અમને અનંત સુખ આપ્યું છે, હવે દુઃખ ન આપો. બ્રહ્મા આદિક દેવતાઓને પણ જે આપનાં દર્શન દુર્લભ છે તે આપે અમને દીધાં છે. ૩૬.

હે વાલા ! મુખથી મધુર વચન કહીને અમને બોલાવ્યા છે, હસાવ્યા છે અને અમારી સાથે હસ્યા છો. આપ તો અમારી આંખોના તારા છો. તેથી અમે અલગ કેમ રહી શકીએ ? ૩૭. આપે અમને હેતથી પ્રસાદી આપી છે, પ્રેમથી થાળ આપ્યો છે. ફૂલના હિંડોળામાં વિરાજીને અમને ઘણું સરસ સુખ આપ્યું છે. ૩૮. આપે અમારી સાથે રંગક્રીડા કરી છે અને અમારી છાતીમાં ચરણ ચાંપ્યાં છે. હે નાથ ! આપે નિત્ય નવી લીલા કરીને અમારા મનને આપના સ્વરૂપમાં હરી લીધું છે. ૩૯. આપે અમને અપાર મહાન ઐશ્વર્ય વારંવાર દેખાડ્યાં છે. આપે અમારી સાથે જળક્રીડા કરી છે અને અમારી સાથે રાસોત્સવ પણ કર્યા છે. આવું બધું અમારાથી કેમ ભૂલાશે ?' ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સ્વધામ જવાનો પ્રસ્તાવ મૂક્યો અને સહુને આશ્વાસન આપ્યું" એ નામે બાણુમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૩

સંતો-હરિભક્તોની વિરહવેદના તથા શ્રીહરિએ બધાને ધીરજ આપી

'હે હરિ ! અમને આપ ભુજામાં લઈને ભેટ્યા છો, એવાં એવાં મહાન સુખ આપ્યાં છે. અમે આપને માટે સગાં અને કુટુંબનાં સુખ તજી દીધાં છે. ૧. હે હરિ ! આપનાં નિત્ય દર્શન થાય એટલા માટે અમે લોકલાજ પણ છોડી દીધી છે. અમે અમારાં બધાં ઘરનાં કામ તજી દીધાં છે અને આપનાં મુખકમળને જ આજ દિન સુધી નીરખતા રહ્યા છીએ. ૨. આપનાં નેત્રકમળનાં દર્શન કરવાં અમે ઘણા ઘણાના કઠણ વેણ સહન કર્યાં

છે. આપના વિના અમને ક્યાંય ચેન પડતું નથી. અમે આપના સ્વરૂપમાં જ પ્રીતિ રાખી છે. ૩. હવે અમને આવા સુખરૂપી ઊંડા કૂવામાં નાખીને આપ દોરડું કેમ કાપી રહ્યા છો ? અત્યારે અમને આપના વિના બીજો કોઈ આધાર નથી. અમે કોની સામે જોઈને હવે જીવીએ ? ૪. આપે લાખો રીતે અમને લાડ લડાવ્યા છે. પ્રેમથી અમારી આશાઓને પૂરી કરી છે. આપે સમાધિમાં અમને પોતાનાં ધામ દેખાડ્યાં છે. જ્યાં ન પહોંચી શકાય તેવાં દિવ્યધામમાં સહજમાં પહોંચાડ્યા છે. ૫.

હે ઘનશ્યામ ! અત્યાર સુધી સુખના સાગરમાં અમને રાખીને હવે દુઃખના દરિયામાં નાંખો નહીં. હજી સુધી અમારે આપના સ્વરૂપસુખની ઇચ્છા અપૂર્ણ રહી છે; અમે પૂરો લાભ લીધો નથી. ૬. તેમ છતાં હે નાથ ! જો આપ સ્વધામ જવાના જ હોય તો અમને પણ સાથે લઈ જાઓ. આપ જે કહો તે કઠણ તપ કરીએ. આપ કહો તો અન્ન-જળનો પણ ત્યાગ કરી દઈએ. ૭. હે હરિજી ! હજું પણ જો અમારા તપમાં કાંઈ ખામી હોય તો તે ખામીને અમે પૂરી કરશું. પરંતુ આપ સદાય અમારી પાસે રહો, એવું જ સુખદાયક વરદાન અમને આપો. ૮. હે સુજ્ઞ ઘનશ્યામ ! આપ સ્વધામ જવાનું જે વચન કહો છો, તે તો અમને તીખા બાણ જેવું લાગે છે. અમારા ચિત્તને ચોરનારા આપ તો દયાળુ છો, તો અત્યારે આવા કઠોર કેમ થયા છો ? ૯. આપ તો ભક્તવત્સલ ભગવાન છો. તે હવે અમને આવું અટળ દુઃખ કેમ દેશો ? હે નાથ ! જો આપ અમારાથી અલગ પડશો તો અમારાં આંસુ કોણ લૂછશે ? ૧૦. નિર્જન અરણ્યમાં આપ અમને જો તજીને જતા રહેશો, તો પછી અમારો બીજો સાથીદાર કોણ થશે ? મધ્ય દરિયામાં જો વહાણ તૂટી જાય તો તેમાં બેઠેલા માણસને જીવવાની આશા રહેતી નથી, તેમ આપ સ્વધામ જશો તો અમારી જીવવાની આશા નિરર્થક થઈ જશે.' ૧૧.

પોતાના પ્રિય ભક્તનાં આવાં વચન જ્યારે સાંભળ્યાં ત્યારે શ્રીહરિએ મનમાં વિચાર કર્યો કે, **'આ બધાં મારા સ્વરૂપમાં અસાધારણ પ્રેમવાળાં છે. તે મારા વિયોગે જીવી શકશે નહીં.** ૧૨. **એટલા માટે હવે હું ધીરજ**

રાખું અને પછીથી ધીરે ધીરે સહુને સમજાવું.' આમ વિચારીને સર્વ સુખનું કારણ એવા શ્રીહરિ બોલ્યા, "મુક્તાનંદ સ્વામી ! અમારી નાડી જુઓ ને..! અત્યારે અમારા શરીરમાં કોઈ રોગ દેખાતો નથી. હવે તો બધી ઉપાધિ મટી ગઈ જણાય છે." ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની નાડી જોઈને કહ્યું, "મહારાજ ! આમાં તો કોઈ પ્રકારની પીડા રહી લાગતી નથી." ૧૩-૧૪. આમ સાંભળીને બધા ભક્તજન ખુશી થયા અને શ્રીહરિનાં ચરણોમાં સહુએ વંદન કર્યાં. પછી શ્રીહરિએ સહુને જવાની રજા આપી. તેથી સહુ પોતપોતાને સ્થાને ગયા. ૧૫. ભગવાન શ્રીહરિએ અંતર્ધાન થઈને સ્વધામ જવાનો પોતાનો વિચાર હતો તે દિલમાં દબાવી રાખ્યો, પણ પોતે ઉદાસ રહેવા લાગ્યા. ૧૬. માનો સહુને ત્યાગનો માર્ગ શીખવતા હોય તે રીતે યોગિરાજની જેમ રહેવા લાગ્યા.

મનમાં કોઈ રસકસવાળો ખોરાક રુચતો નહીં. જો અન્ન જમે તો તે પણ બહું થોડું લેતા. ૧૭. એક નહિ ને એક દિવસ આમ એકાંતરા ઉપવાસ કરતા, વાત બહુ થોડી કરતા, ક્યારેક થોડું ફળ ખાતા અને ક્યારેક તો ભૂખ્યા જ રહેતા. ૧૮. શ્રીહરિ ક્યારેક જમીન ઉપર જ સૂઈ રહેતા અને આ શરીર તો નાશવંત છે, તેમ કહેતા. કદાચ કોઈ લૌકિક વાતો કહે તો તરત જ તેને ત્યાંથી વિદાય કરતા. ૧૯. માનો તે વખતે તેમણે સહુની સાથે પ્રીતિ તોડી નાખી હતી, અને આત્મસ્વરૂપમાં જ વૃત્તિ જોડી રાખી હતી. કોઈ વ્યવહાર સંબંધી કામમાં તો લગાર પણ દિલ ધરતા જ નહીં. ૨૦. સારાં વસ્ત્ર કે ઘરેણાં પહેરવાં તે તો, તે દિવસોમાં રુચતાં જ નહીં. જાણી જોઈને શરીરનું દમન કરતા. તે સમયે પાનબીડું કે ફૂલના હારને તો ક્યારેય અંગીકાર કરતા જ નહીં. ૨૧.

પ્રભુ જ્યારે મનુષ્યદેહ ધારણ કરે છે ત્યારે લોકોનાં કલ્યાણ માટે ઘણી પવિત્ર અને અલૌકિક લીલા કરતા હોય છે. આ બધી લીલાઓ સંભારી રાખવા યોગ્ય હોય છે. તે લીલાઓને દેવો અને ઈશ્વરો પણ હંમેશાં ગાય છે. ૨૨. શ્રીહરિએ યોગની રીત ધારી અને સહુ ઉપરથી સ્નેહ છોડી દીધો. અન્નનો આહાર છોડી દીધો અને કોઈની સાથે વાત પણ કરતા નહીં. ૨૩.

હરિભક્તોના મનમાં એવી ઈચ્છા રહેતી કે, 'શ્રીહરિ અમને એકવાર તો બોલાવે ! જો પ્રભુ મનનો રોષ છોડીને અમારી સાથે હસીને બોલે તો અમને બધાને ખૂબ જ સંતોષ થાય. ૨૪. પ્રભુ જે વચન કહેશે તેને માથે ચઢાવશું, અને તેઓ જે રીતે ખુશી થાય તેમ કરશું.'

આ રીતે થોડા દિવસ ગયા ત્યારે સં.૧૮૮૬, જેઠ સુદિ નવમીની તિથિ આવી. ૨૫. પછી શ્રીહરિએ તે રાત્રે વિચાર કરી મૂળજી બ્રહ્મચારીને કહ્યું કે, **"કોઈ માણસને મોકલીને મોટેરા બધા સંતો તથા હરિભક્તોને બોલાવો."** ૨૬. પછી વર્ણીએ સહુને બોલાવ્યા. તેથી સહુ તત્કાળ આવ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું, "બધા સાંભળો, અમે સ્વધામ જવા ધાર્યું છે. ૨૭. સહુ ખુશીથી મને રજા આપો. મારી મરજીનો કોઈ લોપ કરશો નહીં." આ શ્રીહરિનું વચન સહુ ભક્તોને બાણના જેવું લાગ્યું. તેથી જ ઘણા દેહનું ભાન પણ ભૂલી ગયા. ૨૮. પછી મુક્તાનંદ સ્વામીએ ધીરજ રાખીને શ્રીહરિને એમ કહ્યું કે, "હે મારા નાથ ! અમે આપને માટે થઈને જગતસંબંધી સુખ છોડી દીધું છે. ૨૯. આપ તો અમારા પ્રાણજીવન છો, અમને છોડીને શા માટે જાઓ છો ? આપ અમારું જીવન છો. આપને આધારે જ અમે જીવીએ છીએ. ૩૦.

અમે આપના વિયોગને કઈ રીતે સહન કરીશું ? આપના વિના અમારા દિવસો કેમ જશે ? આપના નહિ રહેવાથી બધાં જ દુઃખી થશે ? નહિ કોઈ સૂઈ શકે કે નહિ કોઈ ખાઈ શકે ! ૩૧. આપે મને સત્સંગની મા કહી છે પરંતુ સત્સંગના પિતા આપ તો સત્સંગને છોડીને ચાલ્યા છો. આપના વિના આ સત્સંગનું શું થશે ? આવું વિચારતા મને ડર લાગે છે." ૩૨.

ત્યારે સહુને સુખદેનારા શ્રીહરિ બોલ્યા કે, **"તમારે સદાય ધીરજ રાખવી. આ શ્રીગોપીનાથજીની જે મૂર્તિ છે તેમાં અમે નિવાસ કર્યો છે.** ૩૩. **માટે જ્યારે તમે તે સ્વરૂપનાં દર્શન કરશો, ત્યારે મારાં દર્શનનાં સુખ જેવું સુખ તમને મળશે. વળી, વડતાલના મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે હું પોતે જ બિરાજુ છું.** ૩૪. જ્યારે તમે સહુ તે સ્વરૂપનાં દર્શન કરશો ત્યારે તમને વિયોગનું દુઃખ નહિ રહે." જ્યારે શ્રીહરિએ આવાં વચન

કહ્યાં ત્યારે સહુના દિલમાં કાંઈક ધીરજ આવી. ૩૫. છતાં પણ કેટલાકને બેભાન જોયા ત્યારે ભગવાન વિચારવા લાગ્યા. આ બધા મારા વિરહથી દુઃખી થયા છે, કદાચ તેઓ દેહને નહિ રાખે તો !! ૩૬.

પછી તો શ્રીહરિએ પોતાની યોગકળા પ્રેરીને સહુને ધીરજ આપી. તેથી પ્રગટ પ્રભુના એ પ્રતાપથી સહુને વિરહની પીડા મટી ગઈ. ૩૭. **બધું કઠપૂતળીની જેમ ભગવાનના હાથમાં છે. સર્વજગતના નિયંતા પ્રભુ જેમ નચાવે તેમ સહુ કોઈ નાચે છે, પણ તેનું ભાન કોઈને નથી.** ૩૮. **તે સમયે શ્રીહરિની ઈચ્છાથી સહુના દિલમાં ધીરજ આવી ગઈ. કેમ જે, શરીર તો શરીરીને આધીન છે માટે સહુના શરીરી શ્રીહરિ જેમ રાખે તેમ રહે.** ૩૯. પછી બધા ભાનમાં આવી ગયા, પણ કોઈને એ ખબર ન પડી કે શું થયું ? પછી બધા સુજ્ઞ સંતો તથા હરિભક્તો ઊઠીને એમ બોલ્યા કે, 'આ શું થયું ?' ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સંતો તથા હરિભક્તોની વિરહવેદના તથા શ્રીહરિએ બધાને ધીરજ આપી" એ નામે તાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૪

શ્રીહરિની છેલ્લી શીખામણ અને ગોપાળાનંદ સ્વામીની સંમતિ

પછી સહુએ કહ્યું, "હે પ્રિય શ્રીહરે ! આપની જેવી ઈચ્છા હોય તે રીતે આપ સુખેથી કરો. આપ સ્વધામ પધારો તોપણ જ્યારે અમે યાદ કરીએ ત્યારે અવશ્ય આવજો. ૧. અમારાં અંતઃકરણમાં દર્શન આપજો અને અમને જલદીથી આપની પાસે બોલાવી લેજો. હે નાથ ! કામાદિક અંતઃશત્રુઓથી અમારી રક્ષા કરજો અને અમારું મન ખાસ આપના સ્વરૂપમાં જ રહે એવી કૃપા કરજો. ૨. અમારાથી કાંઈક ભૂલ થઈ હોય તો ક્ષમાને ધારણ કરનારા આપ અમને ક્ષમા કરજો." ત્યારે શ્રીહરિ ફરી બોલ્યા કે, "બહુ સારું, હવે તમે લેશમાત્ર પણ ગભરાશો નહીં. ૩.

વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવનું સ્વરૂપ વિરાજે છે તેમજ અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવ વિરાજમાન છે. ૪.

चोपाई :

मुझ कर से हम स्थापी एहा, पुनि आचार्य स्थापेंगे जेहा;
उनमें मैं सदा ही रहुँगा, पूजा को अंगिकार करुँगा...०५
यह सत्संग है मुझ अंगा, शुभ भाव से देखो अभंगा;
दो आचार्य नेत्र प्रमानो, संत सत्संगी अवयव जानो...०६
शिक्षापत्री है मुझ स्वरूपा, मानो उसकी आज्ञा अनूपा;
करना तुम भजन हमारा, सदा रक्षण करुँगा तुम्हारा...०७
दूर कभी न जाऊँ मैं क्यांही, सदा बसहु सत्संग मांही;
सत्संग का जो द्रोह करेंगे, मुझ द्रोह करनार वे ठरेंगे...०८

આ બંને સ્વરૂપને મેં મારે હાથે પધરાવેલ છે. વળી, જે કોઈ સ્થળે આચાર્ય મૂર્તિઓની સ્થાપના કરશે તે મૂર્તિઓમાં હું સદાય રહીશ, અને ભક્તોએ અર્પણ કરેલી પૂજા-સેવાને અંગીકાર કરીશ. ૫. આ સત્સંગ તો મારું અંગ-સ્વરૂપ છે તેને નિરંતર શુદ્ધ ભાવથી દેખો. બંને આચાર્યને મારાં નેત્ર માનો અને સંતો તથા સત્સંગીઓને બીજા અવયવ સમજો. ૬. શિક્ષાપત્રી મારું સ્વરૂપ છે. તેમાં રહેલી અનુપમ આજ્ઞાઓને મારા સ્વરૂપ સમાન માનવી. અને તમારે સહુએ મારું ભજન કરવું, હું તમારા સહુનું સદાય રક્ષણ કરીશ. ૭. હું સત્સંગ છોડીને ક્યાંય દૂર જતો નથી, સદાય સત્સંગમાં જ વસું છું. જે સત્સંગનો દ્રોહ કરશે તે મારો જ દ્રોહ કરનારા ગણાશે.” ૮. આ રીતે શ્રીહરિએ સહુને સુખ આપે તેવા શિખામણ માટેના સારા શબ્દ કહ્યા. પછી ધીર સ્વભાવના આચાર્ય અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજીને કહ્યું, “હવે તમે બંને સાંભળો, તમને બંનેને મેં આચાર્ય કર્યા છે તથા મારી ગાદીનો અધિકાર આપ્યો છે. માટે તમારે ગૃહસ્થ તથા ત્યાગી બધા ભક્તજનોને ધર્મમાં રાખવા. ૯-૧૦. મારી લખેલી શિક્ષાપત્રી પ્રમાણે સુજ્ઞ એવા તમારે હંમેશાં વર્તવું. કોઈ વ્યવહારિક મોટું કામકાજ હોય તો સુજ્ઞ સંતો તથા હરિભક્તોના સમાજને પૂછવું, અને તેવા કામ તે સહુની સંમતિ

લઈને કરવા પણ સ્વચ્છંદપણે કરવા નહીં. સંતોને પૂજ્યપણે માનવા. કારણ કે, સંતો જ સંપ્રદાયને અત્યંત વધારનારા છે, પુષ્ટિ કરનારા છે. ૧૧-૧૨.

✵ સંતોનો મહિમા તથા લક્ષણ :

સંતોના ગુણ તો ચંદન જેવા છે. કોઈ ચંદનને કાપે કે ઘસે તોપણ તે ચંદન તેને સુગંધ આપે છે. જ્યારે અસંત તો કુહાડા જેવા ગુણ ધરાવે છે. જેમ કુહાડો સુગંધ આપનારા ચંદનને પણ કાપે છે તેમ અસંત પોતાના હિતેચ્છુનું પણ ખંડન કરે છે. ૧૩. જેમ ચંદનને દેવતાઓના મસ્તક ઉપર ચઢાવવામાં આવે છે, તેમ હું સંતોને મારું હૃદય માનીને પ્રેમ કરું છું. જેમ કુહાડાને તો તપાવવામાં અને ટીપવામાં આવે છે તેમ અસંતને દુઃખ મળે છે. સંતો કામ, ક્રોધ, મદ અને લોભ જેવા દોષોને જીતીને મારાં ચરણમાં જ પ્રેમ રાખે છે. ૧૪. સંતો સદ્‌ગુણોનો સાગર છે અને સ્વભાવથી શાંત હોય છે. પારકાં દુઃખોને દેખીને દિલમાં દુઃખ પામે છે. સંતો બીજાનાં સુખથી પોતાને સુખી માને છે. તેમના દિલમાં ક્યારેય ઈર્ષ્યા આવતી નથી. ૧૫. સંતો સહુના સાચા મિત્ર છે, તેઓ કોઈને શત્રુ માનતા નથી. તે સત્યવાદી અને સહુના સુખદાતા બની રહે છે. તેમનામાં કોઈ પણ જાતનું અભિમાન હોતું નથી. તેઓ સાર-અસારના વિવેકને સારી રીતે સમજનારા હોય છે. ૧૬.

સંતો ક્યારેય મુખથી કડવું વચન બોલે નહિ અને મારી ભક્તિથી ક્યારેય ચલિત થાય જ નહીં. કોઈ નિંદા કરે કે સ્તુતિ કરે, બંનેને એકસમાન માને. દિલમાં મારાં ચરણની જ મમતા રાખે. ૧૭. આવા સંતોને શરણે જે મુમુક્ષુ આવે છે તે પરમ આનંદને પામે છે. સુખદાયક શ્રીહરિએ તે વખતે બંને આચાર્યને કહ્યું કે, આવા સંતોને તમે હંમેશાં માનજો, પૂજજો." ૧૮. આ રીતે ઘણી વાત કરતાં રાતના ત્રણ પહોર વીતી ગયા. પછી શ્રીહરિ બોલ્યા કે, 'હવે સહુ પોતપોતાને સ્થાને જાઓ.' ૧૯. આવું સાંભળીને સહુ ગયા તો ખરા..! પરંતુ તેમની આંખોમાંથી આંસુ વહેતા હતા. ત્યાંથી જતા તેમના પગ ચાલતા ન હતા. પરંતુ શ્રીહરિનાં આજ્ઞાવચન આગળ તેઓ શું કરે ? ૨૦.

સં.૧૮૮૬ના જેઠ સુદિ નવમી ને સોમવારની આ ઘણાં દુઃખથી ભરેલી રાતનો પાછલો એક પહોર બાકી હતો. ૨૧. ત્યારે સર્વ સુખનું ધામ મહારાજા

શ્રીહરિ અક્ષરઓરડીમાં સૂતાં હતાં. તે વખતે તેમની પાસે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, પાર્ષદ મોનજીભગત અને હરજીભગત, એટલા જ હતા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, "આજ સુધી તો તમે જે ખવડાવ્યું તે અમૃતના રૂપમાં અમે ખાઈ લીધું, પણ હવે અમારે જમવું નથી અને આ દેહને રાખવો નથી. તમે ચાહે તેટલા ઉપાય કરો, તોપણ હવે અમારે જમવું નથી તો પછી અમને શા માટે હેરાન-પરેશાન કરો છો ?

※ ગોપાળાનંદ સ્વામીને શ્રીહરિના આશીર્વાદ મળ્યા :

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! સાંભળો, અમારું જે થવાનું હશે તે થશે, પણ હવે આપ સુખેથી આરામ કરો. આપ અમારી ચિંતા ન કરો. હે પ્રાણપ્યારા ઘનશ્યામ ! હવે જેમ આપને ગમતું હોય તેમ પ્રેમથી કરો." ૨૨-૨૬.

सोरठा : तब युँ कहे महाराज, आपने हमारी मरजी कु;
देखके युँ कहा आज, इसलिये मैं आप उपर...२७
बहुत ही हुआ प्रसन्न, इसलिये आप जैसे हि;
धारेंगे अपने मन, सिद्ध होगा सद्य तैसे हि...२८

ત્યારે શ્રીહરિએ આવું કહ્યું, "સ્વામી ! તમે અમારી મરજી દેખીને આજે આમ કહ્યું, એટલા માટે હું તમારા ઉપર ખૂબ જ પ્રસન્ન થયો છું. માટે હે ગોપાળાનંદ સ્વામી ! હવે તમે પોતાના મનમાં જે ધારશો તે પ્રમાણે જ તે તત્કાળ સિદ્ધ થાશે. એવું હું વરદાન આપું છું. ૨૭-૨૮. **તમે સર્વે સંતોમાં મોટેરા છો અને ધામમાં પણ તમે જ મુખ્ય છો."** તે પછી દશમને દિવસ સવારમાં શ્રીહરિ ઊઠ્યા, અને સેવકને કહ્યું કે, "અમને દાતણ આપો, અમે ખુશીથી દાતણ કરીએ." ત્યારે ભક્તોને ઉત્સાહ થયો કે, 'અહો ! શ્રીજીમહારાજે આજે ચાર-પાંચ દિવસ પછી દાતણ માગ્યું છે. માટે આપણા અત્યંત ધન્ય ભાગ્ય છે.' પછી શ્રીહરિએ દાતણ કરી સ્નાન કર્યું અને એમ કહ્યું કે, 'અત્યારે અમને ભૂખ લાગી છે માટે કાંઈક ખાવાનું આપો.'

ત્યારે સાકરનો શીરો કરીને લાવ્યા, તેને શ્રીહરિજી મહારાજ પ્રેમથી જમ્યા. ૨૯-૩૨. તે વખતે સહુને એમ જણાયું કે, 'હવે મહારાજ સાજા

થઈ ગયા છે.' પછી ધર્મસ્થાપક દયાળુ શ્રીહરિએ ગાયનું દાન આપવાની ઈચ્છા કરી. ૩૩. ઘણા સત્પાત્ર વિપ્રોને બોલાવ્યા અને દાન આપવાની બધી વસ્તુ મગાવી. ગાયનું દાન કર્યું, સોનાનું દાન આપ્યું અને બીજી પણ અનેક પ્રકારની વસ્તુઓનું બહુ દાન આપ્યું. ૩૪.

તે સમયે શ્રીહરિના કાનની પાસે એક ફોડલો થયો હતો. થોડીવાર પછી પડખું બદલતા ત્યાં પીડા થવા લાગી. ૩૫. તેનાથી શરીર ઠંડું પડી ગયું. ત્યારે શ્રીહરિજી મહારાજે કહ્યું, "મારું શરીર ઠંડું થઈ ગયું છે એટલે જલદી કસ્તૂરી લાવો." ૩૬. પછી તરત જ્યારે કસ્તૂરી લાવીને આપી ત્યારે તેને શ્રીહરિએ ખાધી અને બીજી સુખકારી કસ્તૂરી વાટીને શ્રીહરિના શરીર ઉપર ચોળાવી. ૩૭. પછી કહ્યું કે, "સંતો ! અમારી નાડી દેખો." ત્યારે સંતોએ નાડી દેખીને કહ્યું કે, "હે ભગવન્ ! નાડી તો પોતાને સ્થાને બરાબર ચાલે છે." ત્યારે શ્રીજીમહારાજે નાડી ખેંચીને કહ્યું કે, "નહિ...નહિ..! ફરીથી જુઓ." ૩૮-૩૯. ત્યારે સંતોએ જોઈને કહ્યું કે, "મહારાજ ! હવે નાડી તેને સ્થાને બરાબર ચાલતી નથી." આવી રીતે માનુષી લીલા કરતાં થકાં વળી મહારાજે ફરીવાર કહ્યું, ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિની છેલ્લી શીખામણ અને ગોપાળાનંદ સ્વામીની સંમતિ" એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૫

સર્વત્ર ઉત્પાત અને શ્રીહરિ સ્વધામ સિધાવ્યા

"હે સંતો ! જો નાડી બરાબર ન હોય તો બોલી કેમ શકાય ?" ત્યારે સહુએ કહ્યું, "મહારાજ ! આપ તો જે ધારો તે કરી શકો છો." ૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, "ભજનાનંદ સ્વામી ! જે ઔષધ આપવું હોય તે આપો." ત્યારે રાજી થઈને ભજનાનંદ સ્વામીએ હિરણ્યગર્ભ માત્રાની ગોટી ઘસીને શ્રીસહજાનંદ સ્વામી મહારાજને પીવડાવી. ૨-૩. તે વખતે સમાધિવાળા

સચ્ચિદાનંદ સ્વામી સમાધિમાં જઈ મુક્તોની પાસેથી વચન લઈ આવ્યા. ૪. પછી તે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા કે, "હે મહારાજ ! આજ આ બધા ઢોંગ લઈને આપ શું બેઠા છો ? ઔષધ આદિ લઈને બેઠા છો અને બધાને ઠીક સમજાવી રહ્યા છો. ૫.

પરંતુ તે વાત અત્યારે તો બધા સાચી માનશે પણ જ્યારે આપ સ્વધામ સીધાવશો ત્યારે તો બધાં માથાં ફોડશે અને લોહીની ધારા વહેશે; એમ જ્યારે શિક્ષાપત્રીનો ભંગ થશે ત્યારે ખબર પડશે." ત્યારે શ્રીજીમહારાજ તત્કાળ બોલ્યા, 'પાજી ! તું અહીંથી ઊઠ. તારે જે કરવું હોય તે કરી લે, પણ અહીંથી જા. ૬-૭. પરંતુ જો હું સાચા રૂપમાં પરમેશ્વર હોવ તો કોઈને જરાય નસકોરી પણ ફૂટવા દઈશ નહીં, અને આ અવસરે કોઈને મરવા પણ દઈશ નહીં. ૮. અને હું અત્યારે તમને સહુને સત્ય કહું છું કે, આ સમયે કોઈની આવરદા પૂરી થઈ ગઈ હશે તોપણ કોઈને મરવા દઈશ નહીં. ૯. માનો કે, આ વખતે કોઈ ભક્તનું મસ્તક પણ કપાયેલું હશે તો તેને હું ફરીથી જોડી દઈશ. પરંતુ અત્યારે તો તેને મરવા દઈશ જ નહીં. ૧૦. અને સચ્ચિદાનંદ તું તો તારા મનમાં જે ધાર્યું હોય તે કરજે; મારી વાતને તું શું સમજે છે ? માટે હવે તું અહીંથી જા અને જે કરવું હોય તે કર.' ૧૧.

સંવત ૧૮૮૬, જેઠ સુદિ દશમ ને મંગળવાર હતો. તે દિવસે આ ભૂમિ અતિશય ભયંકર જણાતી હતી. સૂર્ય પણ નિસ્તેજરૂપમાં ઉદય થયો હતો. સંપૂર્ણ આકાશ તેજહીન દેખાતું હતું. ૧૨. ભયંકર ભણકારા સંભળાતા હતા. આકાશમાંથી તારા નીચે ખરતા હતા. માનો પૃથ્વી ધ્રૂજી રહી હોય અને બધી દિશાઓ ખાવા માટે દોડતી જણાતી હોય એવું લાગતું હતું. ૧૩. કૂતરાંઓ રડવાં લાગ્યાં અને ઘુવડ બોલવા લાગ્યા; માનો પહાડનાં શિખર ડોલતાં હોય તેવું દેખાયું. તે સમયે ચારેબાજુથી ગરમ પવન ચાલવા લાગ્યો અને મોટાં મોટાં ઝાડ પણ પડવાં લાગ્યાં. ૧૪. મોટી તોપોના ભડાકા થતા હોય તેમ આકાશમાં કડાકા થવા લાગ્યા. માનવોના મન ઉદાસ દેખાતા હતા, અને પશુ તથા પંખીઓ પણ ત્રાસ પામતાં હતાં. ૧૫. ઘેલા નદીનું પાણી જે વહેતું હતું તે ઘણું ધીમું પડી ગયું અને અશુદ્ધ દેખાવા લાગ્યું. પુરુષોનાં

ડાબાં અને સ્ત્રીઓનાં જમણાં અંગ ફરકવાં લાગ્યાં. ૧૬. એનાથી લોકોના મનમાં સંદેહ થયો કે, 'કદાચ શ્રીજીમહારાજ સ્વધામ પધારશે.'

જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે શ્રીહરિ બાજોઠ ઉપર બેઠા. ૧૭. પછી પોતે પોતાના સ્વરૂપનું ધ્યાન કર્યું, ત્યારે શુદ્ધ સમાધિ થઈ હોય તેવા જણાયા. તે સમયે જે શ્રીહરિની પાસે હતા તે બધા સંતો-ભક્તોનાં નામ ગણાવું છું. ૧૮. મુકુંદાનંદ બ્રહ્મચારી, મુનિશ્રેષ્ઠ ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુક સ્વામી અને ભજનાનંદ સ્વામી, આ પાંચ ત્યાં હતા. ૧૯. ત્યારે શ્રીહરિનાં અંગમાંથી તેજ પ્રગટ થયું અને આખા દરબારમાં તે તેજ ફેલાઈ ગયું. દશેય દિશાઓમાં વ્યાપતું તે તેજ સમગ્ર બ્રહ્માંડમાં છવાઈ ગયું. ૨૦. છેવટે આઠેય આવરણોને ભેદીને તે તેજ અક્ષરબ્રહ્મની સાથે એકાકાર થઈ ગયું. તે સમયે ખાસ કરીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ઈન્દ્ર આદિ દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. ૨૧. ત્યારે ત્યાં ઘણા અક્ષરમુક્તો આવ્યા અને એક સર્વોત્તમ વિમાન લાવ્યા. દિવ્ય અને ભવ્ય ઉપચારો લાવ્યા તેનાથી તે અપાર અક્ષરમુક્તોએ શ્રીહરિની અંતિમ પૂજા કરી. ૨૨. પછી કોઈ મુક્તે આરતી ઉતારી ત્યારે સહુ મુક્તો અને દેવો જય જયકાર કરવા લાગ્યા. **પછી શ્યામસુંદર શ્રીજીમહારાજ તૈયાર થઈ વિમાનમાં વિરાજ્યા અને સં.૧૮૮૬, જેઠ સુદ-૧૦ના રોજ શ્રીહરિ સ્વધામ પધાર્યા.** ૨૩. તે સમયે દેવતાઓએ મહાન દુંદુભિ વગાડ્યા અને દેવીઓએ ફૂલથી વધાવ્યા.

જ્યારે ઈન્દ્રાદિક દેવોના લોક આવ્યા ત્યારે તેઓ તમામ દર્શન માટે આવ્યા. ૨૪. તેઓ ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરતા હતા અને શ્રીહરિ સહુના ઉપર અમૃતમય દૃષ્ટિ કરતા હતા. બધા જ દેવોને અત્યંત આનંદ ઉત્સવ થયો અને ગાંધર્વો શ્રીહરિના ગુણગાન ગાવા લાગ્યા. ૨૫. બ્રહ્માદિક તમામ દેવો હાથ જોડીને કહેતા કે, 'હે નાથ ! અમારા લોકમાં પણ પધારો. આપની દુર્લભ ચરણરજ ત્યાં પાડો અને અમારા સ્થાનને પવિત્ર કરો. ૨૬. સહુએ શ્રીહરિ આગળ આવી રીતે અતિશય વિનંતી કરી, પરંતુ શ્રીહરિએ તેમના શબ્દોને કાન ઉપર લીધા નહીં. બ્રહ્માદિક દેવતાઓ વારંવાર વંદન કરીને સ્તુતિ કરતા બોલ્યા કે, "આપ સર્વોપરિ છો, સહુના સુખકારી અને

દિવ્યગુણે સંપન્ન છો. આપના રહસ્યને કોઈ ન જાણે એ રીતે આપ સ્વધામ જઈ રહ્યા છો. આપ અમને દર્શન દેવા પધાર્યા એટલે અમે આપને 'ધન્ય છે..! ધન્ય છે..!' તેમ કહીએ છીએ. ૨૭-૨૮. સર્વજગતના આધાર, સહુના સુખદાતા, શ્યામસુંદર આપનો જય થાઓ, જય થાઓ. આપ અજર, અમર અને અનંત છો. હે પ્રભુ ! આપ પરમેશ્વર પૂર્ણકામ છો, આપે એકાંતિક ધર્મનું સ્થાપન કરવા માટે ધર્મદેવથી મનુષ્યશરીર ધારણ કર્યું. મુમુક્ષુઓને આ સંસારસાગર તરવા માટે આપે નૌકા જેવી ઘણી લલિત લીલાઓ આ વખતે કરી, એવા આપનો જય થાઓ. ૨૯. આપ આ બ્રહ્માંડને પુનિત કરીને હવે અક્ષરધામ પધારો છો. આપ તો સ્વતંત્રમૂર્તિ કહેવાઓ છો એટલે અત્યારે સ્વેચ્છાથી આવાં ચરિત્ર કરી રહ્યા છો. હે કરુણાનિધિ ! આપ દયા કરીને અમારી અરજીને દિલમાં ધારો. અમને આપના કાયમના દાસ જાણીને આપનાં ચરણમાં પ્રેમ આપજો." ૩૦.

આ રીતે બ્રહ્માદિક દેવતાઓ શ્રીહરિની સ્તુતિ કરીને પોતપોતાના સ્થાનમાં થયા. પછી શ્રીહરિ પણ પોતાના અક્ષરધામમાં પધાર્યા. ત્યાં જઈને દિવ્ય સિંહાસન ઉપર સ્થિર થયા. ૩૧. જેમ વીજળીના ઝબકારાને કોઈ લગાર પણ જાણી શકતા નથી, તેમ સારંગપાણિ શ્રીહરિ સ્વધામ ગયા તેની ગતિ-પદ્ધતિને કોઈ લગાર પણ જાણી શક્યા નહીં. ૩૨. જેમ દીવો બુઝાઈ જાય ત્યારે તે ક્યાં ગયો ? તેને કોઈ જાણી શકતું નથી, તેમ ભગવાન શ્રીહરિની લીલા પણ અકલ્પ્ય છે, તેને મોટા મુક્તો પણ યથાર્થ રીતે જાણી શકતા નથી. ૩૩. નિત્યાનંદ સ્વામી આદિ મોટા સંતો પણ અત્યંત આશ્ચર્ય પામ્યા. શ્રીહરિએ તેમના દિલમાં એવી ધીરજ પ્રેરી. તેથી તેઓ વધારે દિલગીર થયા નહીં. ૩૪.

પછી તે સહુ ત્યાં સ્વામિનારાયણ નામની ધૂન ઊંચે સ્વરે કરવા લાગ્યા. ત્યારે બધા હરિભક્તો શ્રીહરિ સ્વધામ પધાર્યા છે તેમ જાણીને દોડી આવ્યા. ૩૫. કોઈ ભક્ત તો દીન થઈને રડવા લાગ્યા અને પાણી વગર માછલાં તરફડે તેમ તરફડવા લાગ્યા. ત્યારે પ્રભુએ તેમના દિલમાં ધીરજ આપી તેથી સહુ સાવધાન થઈ ગયા. ૩૬. અંતિમ સમયની બધી

ક્રિયાઓ કરાવવા માટે તૈયારી કરી. તે વખતે નિષ્કુળાનંદ સ્વામીએ એક મહાન વિમાન બનાવ્યું. ૩૭. મુકુંદાનંદ વર્ણીએ પ્રેમથી પૂજન કર્યું અને શ્રીસ્વામિનારાયણ ભગવાનને ઉન્મત્તગંગાના નીરથી નવડાવ્યા. ૩૮. પછી એક પીતાંબર પહેરાવ્યું અને એક બીજું વસ્ત્ર ઓઢાડ્યું. કેસર, ચંદન ચર્ચીને પુષ્પના હાર પહેરાવ્યા. ૩૯. પછી ધૂપ, દીપ કરી, ધ્યાન ધરી પ્રભુ શ્રીહરિજી મહારાજની આરતી ઉતારી. પછી તેમને વિમાનમાં પધરાવ્યા અને સહુએ જય જયકાર કર્યો. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સર્વત્ર ઉત્પાત અને શ્રીહરિ સ્વધામ સિધાવ્યા" એ નામે પંચાણુમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૬

શ્રીહરિનાં અંતિમવિધિમાં દિવ્ય દર્શન અને વિરહનું વર્ણન

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે ગઢપુર નરેશ દાદા ખાચર ! તમે સાંભળો, શ્રીહરિની અંતર્ધાનલીલાની આ અનુપમ કથા તમને કહું છું. ૧. તે સમયે આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી મહારાજ, આ બંનેએ તે વિમાન ઉઠાવ્યું અને સાથે ધીરજવાળા બીજા ધર્મવંશી પણ હતા. ૨. ગોપાળાનંદ સ્વામી આદિક મોટા મોટા સંતો, વિપ્ર દીનાનાથ ભટ્ટ તથા મયારામ ભટ્ટ આદિક અનંત ભક્તો વારાફરતી વિમાનને ઉઠાવતા હતા. ૩. ખભા ઉપર વિમાન લઈ સહુ સ્વામિનારાયણ નામને ગાતા હતા. સહુ સંતો અને વર્ણીઓ તત્પર થઈને આગળના ભાગમાં કીર્તન બોલતા હતા. ૪.

❋ ગોપાળાનંદ સ્વામીનો હાથ પકડી શ્રીહરિ સાથે ચાલ્યા :

તે સમયે શ્રીહરિ બીજા સ્વરૂપે આશ્ચર્યકારી રૂપમાં પ્રગટ થયા. તે શ્રીહરિ ગોપાળાનંદ સ્વામીનો હાથ પકડીને તેમની સાથે ચાલતા હતા. ૫. આવા શ્રીહરિના દિવ્ય સ્વરૂપના મનોહરદાસ નામના સંતને દર્શન થયા.

તેથી તેમણે બીજા સંતોને બતાવ્યું કે, આ શ્રીહરિજી ગોપાળાનંદ સ્વામીની સાથે પ્રગટરૂપે ચાલે છે. ત્યારે તે સહુને પણ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. ૬. તાલ, મૃદંગ ઈત્યાદિક વાજિંત્ર વાગતાં હતાં. અપાર શંખનો નાદ થતો હતો, ઘંટા અને ઘડિયાળ વાગતાં હતાં. તેનો અવાજ ઘણો વિશાળ થતો હતો. ૭. કેટલાક ભક્તો તે સમયે દર્શન કરવા આવ્યા અને તેમણે સોનાનાં પુષ્પથી શ્રીહરિને વધાવ્યા. અંતરમાં ઘણો જ પ્રેમ લાવીને તેઓ અબીલ તથા ગુલાલ શ્રીહરિ ઉપર છાંટતા હતા. ૮. કેટલાક શ્રીફળ ભેટ કરતા હતા અને કેટલાક પુષ્પના હાર ધરાવતા હતા. આ મહારાજનાં છેલ્લાં દર્શન છે એમ જાણીને તે ભક્તોનાં નેત્રોમાં પ્રેમનાં આંસુ આવ્યાં હતાં. ૯.

લક્ષ્મીવાડીના માર્ગમાં ઘણા ભક્તજનોની ભીડ થઈ હતી. નરનારી બધાં ભક્તો દર્શન કરતાં હતાં અને મુખથી શ્રીહરિનો ‘જય હો...જય હો...’ એવા શબ્દ બોલતાં હતાં. ૧૦. તે સમયે શ્રીહરિનું સ્વરૂપ એવું મહા તેજસ્વી લાગ્યું કે, તેની સામે કરોડો કામદેવ પણ નિસ્તેજ-ફીક્કા થઈ ગયા. તે વખતની શ્રીહરિની છબી એવી સાક્ષાત્ ભાસતી હતી કે, ‘માનો હમણાં જ તે કોઈની સાથે વાત કરશે; એમ જણાતું હતું !’ ૧૧. પછી લક્ષ્મીબાગમાં જે સ્થળે એક આસોપાલવનું ઝાડ હતું, ત્યાં ધીમે રહીને વિમાન ઉતાર્યું અને નક્કી કરેલી પૃથ્વી ઉપર રાખ્યું. ૧૨. આજે લક્ષ્મીવાડીમાં જ્યાં મંદિર છે તે સ્થળે ચંદન તથા તુલસીથી ચિતા કરી. તેના ઉપર શ્રીહરિનું સ્વરૂપ પધરાવ્યું અને પછી અગ્નિસંસ્કાર કર્યો. ૧૩. ત્યાં ઘણું ઘી અને શ્રીફળ લાવી સંતો તથા હરિભક્તોએ તેમાં હોમ કર્યો.

※ દાદા ખાચરને દર્શન આપી હાર પહેરાવ્યો :

આ બધું જોઈ વિરહનું બાણ વાગવાથી દાદા ખાચર ખૂબ જ રડવા લાગ્યા. ૧૪. તેમની આંખોમાંથી શ્રાવણની વર્ષાની જેમ નીર વરસવાં લાગ્યાં. છેવટે મનમાં ધીરજ ધારી ન શક્યા. અત્યંત પોકાર કરી રુદન કરવા લાગ્યા ત્યારે ધીરજવાળા સંતો તેમને સમજાવતા હતા. ૧૫. છતાં પણ જ્યારે તેમને ધીરજ ન રહી ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ‘તમને

આટલા દિલગીર દેખીને બીજા કોઈ ધીરજ રાખી શકશે નહીં. ૧૬. માટે તમે અત્યારે શ્રીહરિની બેઠકે જઈને બેસો.' એટલે દાદા ખાચર બેઠકે આવ્યા. ત્યારે તેમને ત્યાં શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. ૧૭. શ્રીહરિ બેઠક ઉપર બેઠા હતા. હાથમાં ફૂલનો ગુચ્છ હતો, છાતી ઉપર પુષ્પના હાર પહેર્યા હતા, અને તેના સુગંધથી આકર્ષાયેલા બહુ ભમરા ગુંજારવ કરતા હતા. ૧૮.

પછી દાદા ખાચરની સામે જોઈને શ્રીહરિ બોલ્યા કે, 'હે દાદા ખાચર ! બોલો, તમે આમ શા માટે રડો છો ?' ત્યારે દાદા ખાચર શરમાઈ ગયા અને બોલ્યા વિના જ ત્યાં બેસી ગયા. ૧૯. તેઓ પોતાના મનમાં વિચારવા લાગ્યા કે, 'શ્રીહરિએ દેહ છોડ્યો છે, એવું જે મેં દેખ્યું તે સાચું ? કે આ અત્યારે શ્રીહરિનાં દર્શન થઈ રહ્યા છે તે સાચું ? શું આ મને સ્વપ્ન આવ્યું છે ? મેં આટલું બધું રુદન કેમ કર્યું ? ૨૦. શ્રીહરિ તો અહીંયાં પ્રગટ વિરાજે છે.' તેઓ આ રીતે મનમાં વિચાર કરતા હતા ત્યારે ભક્તપતિ શ્રીહરિએ દાદા ખાચરને કહ્યું, 'હવે તમે આ મારો હાથ જુઓ, અમારી નાડીમાં થોડો પણ રોગ નથી. હવે મને શરીરે એકદમ સારું થઈ ગયું છે અને તેથી જ હું આ લક્ષ્મીબાગમાં આજે આવ્યો છું. તમે શું અહીંયાં દર્શન કરવાં આવ્યા છો ?' ૨૧-૨૨. જ્યારે ભગવાન સહજાનંદ સ્વામીએ આવું પૂછ્યું ત્યારે તેઓ કાંઈ ઉત્તર આપી શક્યા નહીં. વળી શ્રીઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, 'જ્યારે હું સ્વધામ જઈશ ત્યારે કાંઈ દિલગીરી કરવી નહીં. આ વાત સમજીને ધીરજ રાખવી. અમે તમને ઘણી વાર કહ્યું છે, તેને તમારે લગાર પણ ભૂલી જવું નહીં. ૨૩-૨૪.

અમે સત્સંગમાં સદા પ્રગટ રહેશું, પણ સત્સંગથી ક્યારેય દૂર નહિ જઈએ. વળી, જ્યારે અમને સ્નેહથી સંભારશો ત્યારે તમારા હૃદયમાં દર્શન દઈશું. ૨૫. **હવે શિક્ષાપત્રીને મારું સ્વરૂપ જાણીને તમે પાળજો.' આમ ઘણી વાતો કહી. પછી શ્રીહરિએ દાદા ખાચરને પ્રસાદીનો ફૂલહાર આપ્યો.** ૨૬. પછી કહ્યું, 'હવે અમે મંદિર જઈએ છીએ તો તમે ત્યાં તરત આવજો.' આમ કહીને શ્રીહરિ એકદમ માણકી ઘોડી ઉપર સવાર થયા. ૨૭. શ્રીહરિ મંદિર તરફ ગયા. તેને જોઈને દાદા ખાચરને આશ્ચર્ય થયું. પછી તેઓ

જ્યાં બધા સંત-હરિભક્ત હતા ત્યાં ગયા. ત્યારે સહુને બેઠેલા જોયા. ૨૮. કોઈ ઘણા દિલગીર થઈ ગયા ત્યારે તેમને દાદા ખાચરે કહ્યું, 'તમે શા માટે આટલો ક્લેશ કરો છો ? મહારાજે દેહત્યાગ કર્યો નથી. ૨૯. હમણાં જ મેં ધર્મકુમાર પ્રભુનાં દર્શન કર્યાં છે અને જુઓ, તેમણે મને આ પ્રસાદીનો હાર આપ્યો છે. અત્યારે અવિનાશી શ્રીહરિ મંદિરે ગયા છે. પછી હું તમારી પાસે આવ્યો છું.' ૩૦.

દાદા ખાચરના આવા શબ્દ સાંભળીને સહુ ભક્તજનોએ મનમાં ધીરજ રાખી અને તે હાર જોઈને દિલમાં વિચારવા લાગ્યા. સહુએ અનેક પ્રકારે કલ્પના કરી, પણ શ્રીહરિની અકળ કળાને કોઈ જાણતું નથી. ૩૧. પછી સહુ ઘેલા નદીએ સ્નાન કરવા ગયા. ત્યાર બાદ ફરીવાર જ્યાં લક્ષ્મીવાડી છે ત્યાં આવ્યા. બધા ત્યાં બેઠક પાસે બેઠા. ત્યારે સહુના હૃદય અત્યંત ઉદાસ થઈ ગયા. ૩૨. શ્રીહરિએ જે સુખ આપ્યું હતું તે યાદ કરતા કોઈને ધીરજ રહી નહીં. શ્રીહરિએ જેવું પ્રગટ સુખ આપ્યું હતું તેવું હવે ક્યાં દેખશું ? ૩૩. અરે..! પ્રભુ, દિલમાંથી દયા તજી દઈને આપે અમારો ત્યાગ કેમ કર્યો ? રોજ નવાં નવાં સુખ આપીને આજે અમારા હૃદયને આપે શાથી કાપી નાખ્યું છે ? ૩૪. હવે અમે અમારા મનમાં ધીરજ કેમ રાખશું ? આ દુઃખ અમારાથી કેમ ભૂલાશે ? હવે અમારા મનના દુઃખને કોણ મટાડશે ? અને અમને ભુજાઓ વચ્ચે ભીડીને કોણ ભેટશે ? ૩૫. હે નાથ ! આપ અમને આગ્રહ કરીને જમાડતા હતા, અમારી સાથે ઘણી રંગક્રીડા કરતા હતા.

વળી અતિશય લાડ લડાવતા હતા, હેત કરી હસતા ને હસાવતા હતા. તે સુખ હવે કોણ આપશે ? ૩૬. હે હરિ ! હે હરિ ! હરે...હરે..! શું આપ અમારાથી દૂર જતા રહ્યા ? અમને સહુને તજીને ગયા..! આપને આ જરૂર ઘટતું નથી. ૩૭. અમને સુખના સાગરમાંથી બહાર કાઢી દુઃખના દાવાનળમાં નાખી દીધા છે. અમારું તે બધું સુખ ક્યાં ગયું ? કાંઈ દિશા સૂઝતી નહિ હોવાથી અમે પળેપળે ઝૂરીએ છીએ. ૩૮. આ વિરહની જ્વાળા અસહ્ય છે. હવે આ કષ્ટની કથા હે નાથ ! અમે કોને કહીએ ? અત્યારે

અમારી છાતી કેમ ફાટતી નથી ? આ આઘાતને પણ તે કેમ સહન કરે છે ? ૩૯. અમારાથી એવી શી ભૂલ થઈ કે દુઃખનું મોટું ત્રિશૂળ અમારી છાતીમાં ભોંકીને આપ અમને છોડીને ચાલ્યા ગયા છો ? ૪૦.

ઇતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિનાં અંતિમવિધિમાં દિવ્ય દર્શન અને વિરહનું વર્ણન કર્યું" એ નામે છન્નુમો તરંગ સમાપ્ત ॥૯૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૭

અગ્નિસંસ્કાર પછી શ્રીહરિએ વિવિધ રૂપે દર્શન દીધાં

હે હરિ ! આપનો વિયોગ જ્યારે અમને એક પળવાર પણ થતો, ત્યારે અમે વગર અગ્નિએ બળી મરતા, અને હરેક પળમાં અમારો વિરહનો રોગ વધી જતો. ૧. હવે અમારા આ દુઃખ દેનારા દિવસો કઈ રીતે વીતશે ? તે બાબતમાં અમને કાંઈ સૂઝતું નથી. પાણી વગરનાં માછલાંની જેમ અમે કઈ રીતે જીવીએ ? ૨. શ્રીહરિના વિયોગનું અમને આટલું દુઃખ છે ત્યારે હે પૃથ્વી ! તું સમુદ્રમાં કેમ બૂડતી નથી ? શ્રીહરિએ ઘણું સુખ આપ્યું હતું, હવે આ શ્રીહરિ વગર હે ભૂમિ ! તું સ્થિર કેમ રહી છે ? ૩. શ્રીહરિ સ્વધામ પધાર્યા છે ત્યારે હે સૂર્ય ! તું કેમ તૂટી જતો નથી ? પ્રભુ ઘનશ્યામ સહુને તજી ગયા છે ત્યારે હે ચંદ્ર ! તું ફાટી કેમ જતો નથી ? ૪. હે વિરાટ ! તું સાંભળ, તારું આ શરીર ફાટતું કેમ નથી ? તું તો અત્યંત વજ્રના સમાન થયો છો, એટલે શ્રીહરિ ગયા તોપણ તું ઊભો રહ્યો છો. ૫. આ બધાં વૃક્ષો પણ વિરહમાં ઝૂરી રહ્યાં છે. દશેય દિશાઓમાં દિલગીરી ફેલાઈ ગઈ છે. હે કરુણાનિધિ હરિ ! કૃપા કરીને ફરીવાર અમને ક્યારે મળશો ? ૬.

શ્રીહરિનાં આપેલાં સુખોને સંભારતાં સહુ સંતો કહે છે કે, 'તે સુખને હવે આપણે ક્યારે દેખશું ?' કોઈ એમ કહેતાં કે, 'હું કીર્તન ગાઈને સુખદાયક શ્રીહરિને ખુશ કરતો હતો.' ૭. કોઈ કહે કે, 'હું કથા કરતો હતો ત્યારે શ્રીહરિ રાજી થઈને મને મોજ આપતા હતા.' ત્યારે કોઈ ભક્ત કહે કે,

'શ્રીહરિજી મહારાજ ઘણા સ્નેહથી મને કોઈ કામ કરવાનું સોંપતા હતા. ૮. જ્યારે દીનદયાળુ પ્રભુ ખુશ થતા ત્યારે અમને પ્રસાદીનો થાળ આપતા હતા. અમને અમૃતદૃષ્ટિથી દેખતા હતા. હવે એવા તે પ્રભુને ફરી ક્યારે દેખશું ?' ૯. સુખદાયક શ્રીહરિને આ રીતે યાદ કરીને કેટલાક સંતો-ભક્તો શરીરનું ભાન ભૂલી ગયા, કેટલાક મૂર્છિત થઈ ગયા. એ જ રીતે શરીર છોડવાની પણ કોઈકે ઇચ્છા કરી. ૧૦. આવું બધું જોઈને શ્રીઘનશ્યામ પ્રભુ તે સ્થળે પ્રગટ થયા. સાથે અનેક અક્ષરમુક્તો આવ્યા અને તેઓ એક ઉત્તમ વિમાન લાવ્યા. ૧૧. તે વિમાનમાં બહુનામી અક્ષરધામના ધામી અવિનાશી શ્રીહરિ બેઠા હતા. શ્રીહરિનું જેવું સ્વરૂપ હતું તેવે જ સ્વરૂપે રાજાધિરાજને સહુએ દેખ્યા. ૧૨.

પછી શ્રીહરિ સહુની વચ્ચે બેઠકે આવ્યા અને ગાદી ઉપર બેઠા. શ્રીહરિને જોઈને સહુએ પ્રણામ કર્યા ત્યારે હરિવર હેતથી બોલ્યા, **'હે સંતો-ભક્તો ! મારાં આજ્ઞાવચનને તોડીને તમે બધાં આટલું બધું શા માટે રડો છો ? હું તો અમર અને અવિનાશી છું. છતાં તમે મુખ ઝાંખું કેમ કરો છો ?** ૧૩-૧૪. **હું તમારાથી દૂર ગયો નથી, છતાં મને દૂર ગયેલો શા માટે માનો છો ? હું સદાય સત્સંગમાં હાજરાહજૂર-પ્રગટ છું.' આમ કહીને પોતાની બે ચાખડીઓ આપી.** ૧૫.

પછી કહ્યું કે, 'હે રઘુવીર ! તમે સાંભળો. નિત્યાનંદ સ્વામી, તમે પણ ધીરજ રાખી સાંભળો. જ્યાં મારી દેહક્રિયા કરી છે ત્યાં એક સુંદર મંદિર કરજો. ૧૬. ત્યાં આ મારી ચાખડીઓ પધરાવજો અને આ મારી આજ્ઞા પાળજો. કેમ જે, જ્યાં અમારો અગ્નિસંસ્કાર કર્યો છે તે ભૂમિ ચમત્કારી છે, માટે તેને તમારે ઉત્તમ તીર્થ છે તેમ જાણવું. ૧૭. આ સ્થળે જે કોઈ વ્રત, દાન કે જપ કરશે તેનાં બધાં જ પાપોનો નાશ થશે. અહીંયાં કોઈ બ્રાહ્મણ કે સાધુને જમાડશે તો તેનું ફળ પણ ઘણું થશે. ૧૮. કોઈ ધન, ધાન્ય, પુત્ર કે પરિવાર ઇત્યાદિક વસ્તુઓને ચાહતા હોય તો તે બધું અહીં મળશે. કોઈ અહીંયાં નિષ્કામભાવે જપ કે તપ કરશે તો તે અંતે અક્ષરધામને પામશે. ૧૯. હવે તમે બધા શાંતિથી રહો અને ગોપીનાથજીના મંદિરમાં જાઓ.

તેમનાં દર્શનથી તમે સુખી રહેજો અને તે મૂર્તિને મારું સ્વરૂપ જાણજો.' ૨૦. **આમ કહી સહુને શાંતિ આપી શ્રીહરિ અંતર્ધાન થયા. તેથી સહુ અતિશય આનંદમાં આવી ગયા અને જાણ્યું કે, સત્સંગમાં શ્રીહરિ સદા પ્રગટ પ્રમાણ આપણી સાથે જ રહે છે.** ૨૧.

❋ મંદિરમાં સહુ ભક્તોને શ્રીહરિનાં દિવ્ય દર્શન :

પછી સહુ સંતો-હરિભક્તો મળીને શ્રીગોપીનાથજી મહારાજના મંદિરમાં ગયા. આ વખતે સહુએ શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિમાં અદ્‌ભુત અને અપાર તેજ દેખ્યું. ૨૨. **જેવું શ્રીજીમહારાજનું સ્વરૂપ હતું તેવા જ અનુપમ સ્વરૂપનાં સહુને દર્શન થયાં. શ્રીહરિની મૂર્તિ જેટલી ઊંચી અને પહોળી હતી તેવી જ પ્રત્યેક અંગમાં પૂરેપૂરી આ મૂર્તિ જણાઈ.** ૨૩. શ્રીહરિનાં અંગે-અંગમાં જેવાં ચિહ્નો હતાં તેવાં બધાં ચિહ્નો આ મૂર્તિમાં પણ દેખાયાં. નાભિ ઉપર જે તિલના ચિહ્ન અને બીજા પણ જે જુદા જુદા તિલ-ચિહ્ન હતાં તે દેખાયાં. ૨૪. શ્રીહરિની છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન જોયું. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ હતા અને છાતી ઉપર ફૂલના હાર શોભતા હતા. ૨૫. શ્વેત ખેસ પહેર્યો હતો અને મસ્તક ઉપર સાફો બાંધ્યો હતો. શ્રીહરિવરે કમર ઉપર અનુપમ કંદોરો બાંધ્યો હતો અને એક રેંટો ઓઢ્યો હતો. ૨૬.

કરિયાણામાં કાળુભારને કાંઠે શ્રીહરિએ જેવી વાંસળી વગાડી હતી તેવી વાંસળી પોતાના હાથમાં લીધેલી હતી, અને ભાલમાં કેસર તિલક શોભતું હતું. ૨૭. આ રીતે દર્શન દઈ શ્રીહરિએ કોઈક ભક્તને પ્રેમથી ફૂલના પ્રસાદીના હાર આપ્યા, અને તે વખતે કોઈકને ઈશારો કરીને પોતાની પાસે બોલાવ્યા. ૨૮. જે ભક્ત પોતાના મનમાં જેવી ઈચ્છા રાખતા હતા તેવા સ્વરૂપે શ્રીહરિનાં તેમને દર્શન થયાં. ઘનશ્યામ પ્રભુ કોઈને એમ કહેતા હતા કે તમે જઈને આ સેવાનું કામ કરો. ૨૯. કેટલાકને શ્રીહરિ કહેતા કે, હવે તમે ઘેર જાઓ અને જમી લો. કોઈના માથા ઉપર શ્રીહરિ હાથ મૂકતા હતા તો કોઈને બાથ ભરીને ભેટતા હતા. ૩૦. સંતો સમાધિમાં શ્રીજીને જેવા દેખે તેવા જ બધા ભક્તો શ્રીહરિને દેખતા હતા. કોઈએ શ્રીહરિને ત્યાં

મંદિરના મંડપમાં સહુને ભેટતા દેખ્યા. ૩૧. શ્રીગોપીનાથજી મહારાજની મૂર્તિમાં આ વખતે એવું અપાર આશ્ચર્ય દેખાયું. તેથી અક્ષરમુક્તોને જેવું સુખ હોય છે તેવું સુખ સૌને અહીં મળ્યું. ૩૨.

પછી નિત્યાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું કે, 'તમે ઘણા ધીરજવાળા છો, માટે મારી વાત સાંભળો. શ્રીહરિએ જે બંને ચાખડીઓ આપી છે તે અત્યારે તો અહીંયાં જ રાખો. ૩૩. જ્યારે લક્ષ્મીબાગમાં મંદિર થશે ત્યારે ત્યાં તેની સ્થાપના કરીશું.' આવી વાત સાંભળીને અતિ ધીરજવાળા શ્રીરઘુવીરજી મહારાજે ચાખડીઓ ત્યાં જ રાખી. ૩૪. તે સમયે કેટલાક હરિભક્તોને વાસુદેવનારાયણની મૂર્તિમાં શ્રીહરિનાં દર્શન થયાં. કોઈ ભક્તોને એવાં દર્શન થતાં કે આજે પણ સુખશય્યામાં શ્રીહરિ પ્રગટ છે. ૩૫. તે પછી સહુ મંદિરમાંથી બહાર ચોકમાં આવ્યા. શ્રીહરિની હાજરીમાં સમૈયામાં જેવી સભા થતી એવી રીતે સભા ભરીને શ્રીહરિ બિરાજતા, એવા ત્યાં પણ કોઈકને દર્શન થયાં. ૩૬.

તે સભામાં પૂર્ણકામ પુરુષોત્તમ શ્રીહરિ શોભતા હોય એવાં દર્શન થયાં. તો કોઈને સંતોની પંગતમાં શ્યામ સુંદર લાડુ પીરસતા હોય એવાં દર્શન થયાં. ૩૭. કોઈને એવાં દર્શન થતાં કે શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ઘેલા નદીએ સ્નાન માટે જતા હતા. આમ જેની જેવી રુચિ હતી તેવા તેને શ્રીહરિ દેખાતા હતા. ૩૮. તેથી જ તે કોઈ ભક્તોના મનમાં વિરહનું દુઃખ જણાયું નહીં. જો શ્રીહરિનાં આવાં દર્શન ન થયાં હોત, તો દુઃખી થઈને ઘણા ભક્તો શરીરનો ત્યાગ કરી દેત. ૩૯. પરંતુ શ્રીહરિ તો દીનદયાળુ છે. તેમણે તત્કાળ પોતાના ભક્તજનોની રક્ષા કરી. પછી સહુ કૃતાર્થ થઈને પોતપોતાને ઘેર ગયા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "અગ્નિસંસ્કાર પછી શ્રીહરિએ વિવિધ રૂપે દર્શન દીધાં" એ નામે સત્તાણુમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૮

સચ્ચિદાનંદ સ્વામી દેહ છોડી ધામમાં ગયા, ત્યાં તેમને ઘણી વેદના થઈ

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે, અભયપુત્ર દાદા ખાચર ! સાંભળો. હવે હું પ્રેમથી સચ્ચિદાનંદ સ્વામીની વાત કહું છું. ૧. શ્રીહરિએ જ્યારે સ્વધામ જવાની વાત કરી હતી ત્યારે સહુને સોગંદ દઈને સ્પષ્ટ કહ્યું હતું કે, 'મારી પાછળ કોઈએ શરીરનો ત્યાગ કરવો નહીં તથા મારી આજ્ઞા માનીને કોઈએ અન્ન-જળનો ત્યાગ કરવો નહીં.' ૨-૩. પરંતુ સચ્ચિદાનંદ સ્વામીએ તે વાત સાંભળીને મનમાં વિચાર્યું કે, "હું એમ કરું કે જેનાથી શ્રીહરિનું વચન લોપાય નહીં. ૪. 'મારા પછીથી કોઈએ શરીર છોડવું નહિ' આમ શ્રીહરિએ કહ્યું છે માટે હું તો તેમના પહેલાં જ ધામમાં જાઉં. ૫. તેથી મેં વચન લોપ્યું છે તેમ ગણાશે નહીં અને વચનનો લોપ નહિ થાય તેથી મારા ઉપર શ્રીહરિનો કોપ પણ નહિ થાય." ૬.

વળી મનમાં એવો વિચાર કર્યો કે, 'શ્રીહરિ મને ધામમાં રાખશે કે નહિ રાખે ? એટલા માટે અત્યારે હું કાંઈક ઉપાય કરું. ૭. ધામમાં જઈ મુક્તોની પાસે ત્યાં આશરો આપવાનું ચોક્કસ વચન લઈને આવું.' આમ વિચારી તે ધામમાં ગયા. ત્યાં પહોંચી મુક્તોને એમ પૂછ્યું, 'જ્યારે મહારાજ ધામમાં આવશે ત્યારે તે મને સાથે નહિ લાવે. પણ હું મારી રીતે અગાઉથી આવીશ. તેમાં મુખ્ય કારણ છે : શ્રીહરિના સ્વરૂપમાં મારો પ્રેમ. ૮-૯. શ્રીહરિના વિના હું રહી શકીશ નહીં. તેથી હું તરત જ અહીં આવીશ, તો તે વખતે આપ સહુ મને અહીં રાખશો કે નહીં રાખો ? આપ કૃપા કરીને મને સાચું કહો.' ૧૦. ત્યારે મુક્તોએ એમ કહ્યું કે, 'હા, આપને અમે અહીં રાખશું.' આવું વચન લઈને દેહમાં પાછા આવ્યા અને ત્યારે શ્રીહરિની પાસે એવું બોલેલા કે, 'આ બધો ઢોંગ શું રચ્યો છે ? આપ તો ધામમાં જનારા છો, તેમ છતાં ભજનાનંદ સ્વામીની ગોળી લઈને ભોળા ભક્તોને ભરમાવો છો. ૧૧-૧૨.

પરંતુ આ બધો ભક્તોનો સમાજ આપની પાછળ મરશે. તેથી મહારાજ ! મારી પ્રાર્થના સાંભળીને આપ સ્વધામ જવાનું બંધ રાખો.' ૧૩.

ત્યારે મહારાજે કહ્યું, 'ઊઠો, અહીંથી તમે ચાલ્યા જાઓ. તમારા ઠરાવ પ્રમાણે તમારે જે કરવું હોય તે કરો.' ૧૪. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા કે, 'જો હું સાચો સાધુ હોવ તો હવે આપ મારી વાત સાંભળો. હું આપની સાથે ધામમાં આવીશ.' ૧૫. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'ઊઠ પાજી ! તારે જે કરવાનું હોય તે કર.' ત્યારે સ્વામી પ્રેમમાં રિસાઈને ત્યાંથી ચાલ્યા અને પોતાને ઉતારે ગયા. ૧૬. તે વખતે અક્ષરમુક્તો આવ્યા અને એક મોટું વિમાન લાવ્યા. નરનારાયણ આદિ ઋષિઓ અને ધામ-ધામના બધા મુક્તો વિમાન લઈને શ્રીહરિની સામે આવ્યા. પછી કરોડો સૂય-ચંદ્રના સમાન તેજસ્વી અક્ષરમુક્તોની સાથે મોટા વિમાનમાં બેસીને ભગવાન શ્રીહરિ સર્વ મુક્તોની સાથે ચાલ્યા અને પોતાના અક્ષરધામમાં ગયા. સચ્ચિદાનંદ સ્વામીએ પણ તે જ વખતે પોતાને જઈને પોતાના દેહને કચડી નાખ્યો. કોઈ જબરો મરદ જેમ કોઈ કપડાંને નીચોવી નાખે તે રીતે તેમણે પોતાના શરીરને નીચોવી નાખ્યું. ૧૭-૨૦. તેમાં પોતાના જ દેહની નાડીમાં સચ્ચિદાનંદ સ્વામીએ પ્રવેશ કર્યો.

પછી શરીરની બધી નાડીને તોડી નાખી અને દેહને છિન્ન ભિન્ન કરી દીધો. ૨૧. જેમ હુતાશનીની પીચકારીમાંથી રંગ નીકળે તેમ શરીરમાંથી ઘણું રુધિર નીકળ્યું. તે કાન અને નાક આદિ છિદ્રોમાંથી ઘણા વેગથી વહી ગયું. ૨૨. અને માંસની પેશીઓને પણ તોડીને હાડકાંઓથી અલગ કરી દીધી. મળદ્વારમાંથી પણ માંસના લોંદા બહાર દેખાઈ આવ્યા. ૨૩. આ રીતે પોતાના દેહને નીચોવીને પોતે નેત્રથી નીકળી ધામમાં ગયા. ત્યારે કેળાંની જેમ આંખોના ડોળા બહાર લટકી રહ્યા હતા. ૨૪. આ રીતે તે પોતાના શરીરને છોડીને ચૂપચાપ અક્ષરધામમાં શ્રીહરિની પહેલાં પહોંચી ગયા. ૨૫. પછી જ્યારે ભગવાન શ્રીહરિ પોતાના અક્ષરધામમાં આવ્યા ને ત્યાં સિંહાસનમાં વિરાજમાન થયા. ૨૬. ત્યારે બીજા અનંત મુક્તો ચંદન, પુષ્પ ઇત્યાદિકથી શ્રીહરિની પૂજાની તૈયારી કરતા હતા. ૨૭. તે વખતે મુનિરાજ સચ્ચિદાનંદ સ્વામી શ્રીહરિના સિંહાસનની પાછળ મહારાજ ન જાણે તે રીતે છુપાઈને ઊભા હતા. ૨૮.

આ બાજુ ગઢપુરમાં બધા સંતો તથા અપાર હરિભક્તો શ્રીહરિજી મહારાજના શરીરના અંતિમ સંસ્કાર કરતા હતા. ત્યાં એવી ખબર મળી કે, 'સચ્ચિદાનંદ સ્વામી શરીર છોડીને ધામમાં ગયા છે.' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, 'પહેલા શ્રીજીમહારાજના દેહનો અગ્નિદાહ થવા દો. પછી આપણે તેમનો કરશું.' તે વખતે શ્રીજીમહારાજે પોતાના ધામમાં મુક્તોના પ્રત્યે કહ્યું, **"અહીંયાં અમારો એક ચોર આવ્યો છે."** આવી શ્રીહરિની વાત સાંભળતાં જ સચ્ચિદાનંદ સ્વામીનું શરીર દસ-દસ યોજન સુધી ઊંચું થઈને ઊછળવા લાગ્યું. ૨૯-૩૨. અને તેમને શરીરે કરોડો કરોડ વીંછીના જેવી વેદના થવા લાગી. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ પોતાના મનમાં જ વિચાર કર્યો કે, 'હવે હું અહીં ધામમાં રહી શકીશ નહીં. કોઈ પણ પ્રયત્ને નહીં ટકું.' પછી તો તેઓ શ્રીજીમહારાજની સન્મુખ આવી મુખ ઉપર દીનભાવ લાવીને ઊભા રહ્યા. ૩૩-૩૪.

પછી શ્રીહરિને કહ્યું કે, "અહીંયાં તમારો ચોર તો હું છું. બધા મુક્તોએ મને કોલ તો આપ્યો હતો પરંતુ તેમનાથી મારી રક્ષા ન થઈ." ૩૫. ત્યારે શ્રીહરિએ કૃપા કરીને કહ્યું, "હે સચ્ચિદાનંદ મુનિ ! મારી પાસે આવો." ત્યારે શ્રીહરિની મરજી જોઈને સ્વામી તરત જ તેમની નજીક ગયા. ૩૬. ત્યારે મહારાજે પૂછ્યું, "શું તમને તરસ લાગી છે ?" ત્યારે સ્વામી કહે કે, "હા મહારાજ ! તરસ તો લાગી છે." ૩૭. ત્યારે શ્રીહરિએ પ્રસાદીનું જળ મગાવીને આપ્યું. પછી સ્વામીએ તે જળપાન કર્યું અને તે જ ક્ષણે તેમને શાંતિ થઈ. ૩૮. પછી સચ્ચિદાનંદ સ્વામી એમ બોલ્યા કે, "હે સહજાનંદ હરિ ! આપ અડધું કામ બાકી છોડીને આવ્યા છો." ૩૯. ત્યારે શ્રીહરિએ કહ્યું, "મેં અડધું શું છોડ્યું ? મુનિવર્ય ! સાંભળો. હું તમને સર્વે વાત સમજાવું છું." ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સચ્ચિદાનંદ સ્વામી દેહ છોડી યોગબળથી ધામમાં ગયા, ત્યાં તેમને ઘણી વેદના થઈ" એ નામે અઠ્ઠાણુંમો તરંગ સમાપ્ત ॥૯૮॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૯૯

અક્ષરધામમાં શ્રીહરિ તથા સચ્ચિદાનંદ સ્વામીનો સંવાદ

શ્રીહરિએ કહ્યું, "હે સ્વામી ! મેં અમદાવાદ, વડતાલ અને ગઢડા આદિક સ્થળોએ મોટાં મંદિરો બંધાવ્યાં છે. તે બધાંને શ્રેષ્ઠ ધામો કર્યાં છે. ૧. અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે તે મંદિરોમાં અમે અમારી મૂર્તિઓ પધરાવી છે અને તેમાં અમે અખંડ રહ્યા છીએ. ૨. અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી, જે ધીરજવાળા ધર્મવંશી બ્રાહ્મણ છે તેમને અમે દત્તપુત્ર કર્યા છે. ૩. દેશવિભાગ કરીને ગુરુપદનો અધિકાર આપ્યો છે. તેમજ શિક્ષાપત્રી આદિક અપાર ગ્રંથ રચાવ્યા છે. ૪. તે ગ્રંથોમાં એકાંતિક ધર્મ તથા ભક્તિ આદિકનો પ્રબંધ કર્યો છે, અને મોટા મોટા શ્રેષ્ઠ સાધુઓને અમે ત્યાં રાખીને આવ્યા છીએ. ૫. તે સાધુઓ નારદ તથા સનકાદિકો કરતાં પણ મહાન છે. તેમને કોઈ વિદ્વાન પણ જીતી શકે તેમ નથી, એવા તે મહાસમર્થ છે. ૬. કેટલાક તો બ્રહ્માદિક જેવા મોટા વિદ્વાન છે. અને કદાચ કોઈ તેમની સાથે વાદ-વિવાદ કરે તો તે વિપક્ષીઓ હારી જશે, હાથ જોડીને પગે લાગશે. સંતોમાં પ્રેમ રાખી, સેવા કરીને તે ચાલ્યા જશે. ૭-૮. આમ અમારા જેવા મોટા મોટા સાધુઓને મેં ભૂમિ ઉપર રાખ્યા છે. તે સંતો અતિ મહાન છે માટે તે સહુનું કલ્યાણ કરશે. ૯. ગૃહસ્થોમાં પણ પ્રહ્લાદ જેવા બહુ ઝાઝા શ્રેષ્ઠ ભક્તો છે, આવો અમે ત્યાં મહાન સત્સંગ સ્થાપ્યો છે. ૧૦.

વળી ગોપાળાનંદ સ્વામી ઘણા મહાસમર્થ સંત છે. અમે આનંદ પામીને તેમને આખો સત્સંગ સોંપ્યો છે. ૧૧. અને બધા જ સત્સંગની તેમને ભલામણ-સોંપણી કરી છે. માટે આખા સંપ્રદાયના તમામ આશ્રિતોએ તેમનું વચન માનવું, એ રીતે અમે પૂરો પ્રબંધ કરીને અહીં આવ્યા છીએ. આ રીતે અમે કાંઈ અધૂરું રાખ્યું નથી, છતાં અમે અધૂરું રાખીને આવ્યા છીએ તેમ તમે વગર સમજે કેમ કહો છો ? અમે કાંઈ અધૂરું રાખ્યું નથી. વળી, સ્વામી સાંભળો. અમે તો સદાય સ્વતંત્ર ઈચ્છાવાળા સ્વેચ્છાચારી છીએ. ૧૨-૧૪. માટે હવે તમે પાછા જાઓ. કારણ કે, અમે શિક્ષાપત્રીમાં

નિયમની ઘણી સરસ પ્રથા બાંધી છે. ૧૫. તેનો લોપ કરીને અત્યારે તમે અહીં આવ્યા છો. માટે જો તમારે મારા કોપના પાત્ર ન થવું હોય, તો તમો અત્યારે પાછા જાઓ. ૧૬.

અને જો તમે મારાં વચનથી અત્યારે નહિ જાવ તો ઘણાં દુઃખી થશો. તે આ બધા મુક્તો પણ જાણશે. ૧૭. માટે તમારા મનમાં જવાની ઈચ્છા ન હોય તોપણ મારું વચન માનીને અત્યારે જવું પડશે. ૧૮. જો અમારું નહિ માનો તો હજારો વર્ષની આવરદાવાળા કોઈ દેહમાં હું ખોસી દઈશ તો તમે શું કરશો ? ૧૯. એટલે જો અત્યારે મારી આજ્ઞાથી જશો તો સુખી જ થશો પણ ક્યારેય દુઃખી નહિ થાઓ. ૨૦. **આવરદા તો મારા હાથની વાત છે, એની ચિંતા તમે ન કરતા. હે મુનિ ! તમે ઘણા ઉચ્ચ ભક્ત છો. તમારો પ્રેમ અનહદ છે.** ૨૧. આ લોક અને પરલોકમાં બધા જ ભક્તો તમારા પ્રેમને જાણે છે કે, સચ્ચિદાનંદ સ્વામીના જેવો કોઈનો યશસ્વી-ઉત્તમ પ્રેમ નથી. ૨૨. રાધિકાજીનો પ્રેમ શાસ્ત્રમાં વખાણ્યો છે, છતાં પણ હું કહું છું કે તેના પ્રેમમાં સીમા હતી એમ બધા જાણે છે. કારણ કે, તેમને જ્યારે ભગવાનનાં દર્શનમાં વિક્ષેપ આવતો ત્યારે તેમને તરત જ તાવ આવી જતો હતો. ૨૩-૨૪. તેનાથી તેમના કપાળનો ચાંદલો તરત જ કાળી ઠીકરી જેવો થઈ જતો. ૨૫. અને ચંદનની અર્ચા પણ કાળી થઈ જતી, તેમજ મૂર્છા આવી જતી હતી; એવો રાધિકાજીનો સ્નેહ હતો. ૨૬.

પરંતુ તમારા સ્નેહની વાત હું શું કહું ? તમારો પૂરેપૂરો પ્રેમ તો હું એક જ જાણું છું. તેમાંથી થોડો અત્યારે પ્રસિદ્ધ કરું છું. ૨૭. **તમને જ્યારે જ્યારે મારો વિયોગ થાય છે ત્યારે નાસિકા આદિક છિદ્રોમાંથી અને શરીરનાં બધાં રોમછિદ્રોમાંથી રુધિરની ધારા વહે છે, તે અમે જોયું છે; એવો અતિશય સુદૃઢ પ્રેમ તો હે સ્વામી ! એકમાત્ર તમારો છે.** ૨૮-૨૯. માટે તમારો પ્રેમ અસીમ છે. રાધિકાજીના પ્રેમની જેમ સીમાવાળો નથી. અર્થાત્ આપનો પ્રેમ રાધાજી કરતાં પણ અતિ અપાર છે. છતાં હું જેમ કહું તેમ તમે કરો. કેમ જે, હે સ્વામી ! તમે તો એવા મહાન છો કે, તમે મર્ત્ય લોકમાં પાછા જવાથી સત્સંગમાં ઘણો સમાસ થશે. સહુ વિશ્વાસ પામશે અને બધાને ધીરજ

આવશે. ૩૦-૩૧. સહુને શાંતિ થશે અને બળ મળશે. માટે હવે તમે જલદી પાછા જાઓ; નહિ તો તમારા પાર્થિવ દેહને બાળી દેશે." ૩૨.

ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું, "હે નાથ ! આપ તો મારા સુખના સાથી છો. આપનાં દર્શન વિના હું કેમ જીવીશ ? ૩૩. હે પ્યારા ! આપના વિના મારાથી એક પળવાર પણ રહી શકાશે નહીં. હે મારા મહારાજ ! આપના વિના મારું અંતર અતિશય અકળાય છે. ૩૪. કીકી વિનાની જેવી આંખો હોય તેમ આપના વિના મારા પ્રાણ છે. પાણી વિના જેમ માછલીઓ તરફડે છે તેમ આપના વિના મારા પ્રાણ તરફડે છે. ૩૫. વળી, તે દેહને તો હું તોડી-ફોડીને છોડી આવ્યો છું. હવે હું તેમાં મારો જીવ રાખીને કઈ રીતે રહી શકીશ ?" ૩૬. ત્યારે સુખસાગર શ્રીહરિએ કહ્યું, "દેહને બનાવવો કે તોડવો તે તો મારા હાથની વાત છે. માટે તે બધું ઠીક થઈ જશે. ૩૭. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તમારા દેહને ઠીક કરી દેશે. તમારા ત્યાં જવાથી સહુ આનંદ પામશે. ૩૮. **કરોડો બ્રહ્માંડમાં હું એક જ સહુનો સદાય નિયંતા છું. માટે તમારે હું કહું તેમ કરવું; આવો વિવેક રાખવો, તેમાં હું બહુ પ્રસન્ન છું.** ૩૯. **હું કર્તુમ્ અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્ સમર્થ છું. એવો તમે મને જાણો. વળી એક વાત તમને કહું છું તે તમે પ્રેમથી સાંભળો."** ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "અક્ષરધામમાં શ્રીહરિ તથા સચ્ચિદાનંદ સ્વામીનો સંવાદ કહ્યો" એ નામે નવ્વાણુમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૦

શ્રીહરિએ સચ્ચિદાનંદ સ્વામીના પ્રેમની પ્રશંસા કરી અને પાછા મોકલ્યા

મુક્તાનંદ સ્વામી અતિશય અનુપમ સચ્ચિદાનંદ સ્વામીની વાત કહી રહ્યા છે, તેને દરબાર દાદા ખાચર પ્રેમથી સાંભળે છે. ૧. શ્રીહરિ વળી કહેવા લાગ્યા, હે સચ્ચિદાનંદ સ્વામી ! તમે સાંભળો, દૃષ્ટાંતે સહિત હું એક વાત કહું છું, તે સાંભળવાથી તમને આનંદ થશે. ૨. એકવાર શ્રીકૃષ્ણ

ભગવાને વૃંદાવનમાં રાધિકાજીને દર્શન દીધાં ત્યારે રાધાજીને અપાર પ્રેમ થયો. ૩. ત્યારે તેણે શ્રીકૃષ્ણને ઉઠાવીને પોતાની છાતી સાથે દબાવ્યા અને મનમાં વિચાર આવ્યો કે, 'આ વખતે હું શું કરું ? ૪. કેમ જે, અત્યારે તો આ નાના છોકરા છે. જો મોટા હોય તો મજા રહે.' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું સ્વરૂપ મોટું કર્યું. ૫. ત્યારે ત્યાં બ્રહ્મા આવી તેમના વિવાહ કરી ગયા. પછી તો રાધિકાજીનું જે મનધાર્યું હતું તે બધું સફળ થયું. ૬.

પછી શ્રીકૃષ્ણએ કહ્યું કે, "હે રાધે ! હવે તો તમે જાઓ." ત્યારે તેને ઘણી પીડા થઈ અને મૂર્છા ખાઈને તેઓ ધરતી પર ઢળી પડ્યાં. ૭. ત્યારે શ્રીકૃષ્ણએ રાધાજીને ઉઠાવીને કહ્યું, "તમે માગો, જે માગશો તે વર આપીશ." ત્યારે રાધિકાજીએ બે હાથ જોડીને કહ્યું, "હે નાથ ! આપ આવા ને આવા મારી પાસે અખંડ રહો." ત્યારે ભગવાને કહ્યું, "હું પ્રત્યક્ષરૂપે તો અખંડ નહિ રહું પરંતુ તમને એક વરદાન આપું છું, સદાય સ્વપ્ન અવસ્થામાં હું તમારી પાસે રહીશ." આવું ભગવાને રાધિકાજીને કહ્યું હતું. પરંતુ હું તમને ચોક્કસ કહું છું કે, "હે સચ્ચિદાનંદ સ્વામી ! તમે સાંભળો, હું રાજી થઈને તમને વરદાન આપું છું કે, **સુરતથી જે સુંદર મુગટ આવ્યો હતો, અને તે મેં મસ્તક ઉપર પહેર્યો હતો. એ વખતની અમારી મૂર્તિની જે શોભા બની હતી તેવી અલૌકિક શોભાએ યુક્ત હું રાત-દિવસ અખંડ તમારી પાસે પ્રત્યક્ષ દેખાઈશ.** અર્થાત્ હું ત્રણેય અવસ્થામાં તમને અનુભવાઈશ. એટલા માટે તમે જરૂર જાઓ. વળી તમે મારી એક વાત સાંભળો. ૮-૧૩.

મારા વિયોગમાં દાદા ખાચર જીવી શકે તેમ નથી. સ્વામી ! તેને મારા ઉપર અપરંપાર હેત છે. ૧૪. એટલે તેના દિલમાં બહુ દુઃખ થતું હશે. હવે તેમને જે રીતે સુખ થાય તે રીતે તેમની તમે બધા જ સેવા-સંભાળ રાખજો. ૧૫. હવે અહીંથી જઈને તમારું શરીર જેવું રુધિરથી ભર્યું હોય તેવા ને તેવા રૂપમાં સ્ત્રીઓની પાસે જઈને બનેલી આ બધી વાત તેમને કહેજો કે, **'પ્રાણપ્યારા શ્રીહરિ તે ક્યાંય ગયા નથી. તેઓ સત્સંગમાં સદા પ્રગટ જ છે.'** ૧૬-૧૭. **તેઓ મૂર્તિમાં પણ અખંડ વિરાજમાન રહે છે અને શ્રીહરિ એકાંતિક સંતમાં પણ નિરંતર પ્રગટ રહ્યા છે.** ૧૮. એટલા માટે

શ્રીહરિ ક્યાંય ગયા નથી એમ બધા સમજો. અને હવે કોઈ રોશો નહીં. શ્રીહરિ તો અહીંયાં જ રહ્યા છે. ૧૯. કોઈએ અન્ન-જળ છોડવું નહિ અને કલ્પાંત પણ કરવું નહીં. અને જેવા અમને પ્રત્યક્ષ દેખ્યા છે તેવું અમારું ધ્યાન કરવું. ૨૦.

અને તેથી જ હું જરૂર તે સહુને તેવાં દર્શન આપીશ. વળી તમારે એવું વચન કહેવું કે, "શ્રીહરિને મર્યા છે એમ તમે શા માટે સમજો છો ? ૨૧. શ્રીહરિ મરી ગયા છે કે અહીંથી વયા ગયા છે એ તો અસુરોની સમજણ છે. માટે તમારે એવું ક્યારેય માનવું નહીં. શ્રીહરિને જો મરેલા સમજશો તો તમને અંતકાળે લેવા-તેડવા કોણ આવશે ? ૨૨. અને તમારાથી પોતાનો ધર્મ પણ કેમ પળશે ? એટલા માટે ભગવાન મરણ પામ્યા છે એવું કોઈએ ક્યારેય સમજવું નહીં. ૨૩. કેમ જે, તેવી સમજણ તે ભક્તોને માટે સારી નથી. માટે તેવી સમજણ છોડી દઈને સારી અને સાચી સમજણ શીખવી અર્થાત્ **શ્રીહરિને સદા પ્રત્યક્ષ જ માનવા.** ૨૪. **ભક્તની તો આવી સમજણ હોય છે કે, કીર્તન ગાતા રહેવું, આનંદ-ઉમંગમાં રહેવું અને શ્વાસોશ્વાસ ભજન કરવું.** ૨૫. **વારંવાર ઉત્સવ કરવા, ભગવાનને સાક્ષાત્ પ્રત્યક્ષ જ માનવા અને તે ભગવાન શ્રીહરિને સહુમાં દેખવા તથા તેમની જ વાત કરવી.** ૨૬.

પ્રહ્લાદજી અને ધ્રુવજી આદિક ભક્ત ઘણા જુસ્સાવાળા હતા. ભગવાનનાં દર્શન તેમને જીવનમાં એક જ વાર થયા હતા. ૨૭. છતાં પણ તેઓ જિંદગીભર સાવધાન થઈને રહ્યા. તેણે બીજાઓને પણ હિંમત આપી હતી. માટે એવા ભક્તને તો ધન્ય છે. ૨૮. તે ભક્તજન ક્યારેય ગભરાયા નથી. જ્યારે તમને તો આજ સુધી અમે ઘણા દિવસ દર્શન આપ્યાં છે. ૨૯. વળી, અમે તમને કેવું સુખ આપ્યું છે ? છતાં તમે કેમ ગભરાઓ છો ? માટે રંચમાત્ર પણ દુઃખ માનતા નહીં. સહુ અતિશય ધીરજ રાખજો. ૩૦. 'સત્સંગમાં હું તો પ્રગટ અને અખંડ રહ્યો જ છું.' આ વાતને જલદીથી સમજો તો તેનાથી તમને શાંતિ થશે. ૩૧. શિક્ષાપત્રીને અનુસારે જો લોકો રહેશે તો હજારો વર્ષ સુધી સહુનો ઉદ્ધાર થતો રહેશે." એમ શ્રીહરિએ કહ્યું. ૩૨.

પછી સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! હું તો કહીશ, પરંતુ આ વાતને લોકો આજે કેમ માનશે ?" ૩૩. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આ એક નિશાન તેમને કહેવું. જેઠ સુદિ નવમીની જ્યારે પાછલી રાત હતી તે વખતે નિત્યાનંદ સ્વામી સૂતા હતા. પાળા હરજીભક્ત તથા મોનાભક્ત, તે બંને પ્રેમથી જાગતા હતા. મેં એ વખતે રાજી થઈને ગોપાળાનંદ સ્વામીને કહ્યું હતું કે, **'હે યોગીરાજ ! તમે જે જે ધારશો તે તે થશે. આવો પ્રતાપ મેં તેમને આપ્યો છે.' આ વાત તમારે સહુને બતાવવી.** ૩૪-૩૭. હવે તમે જાઓ, હું તમારા ઉપર પ્રસન્ન છું." ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ પૂછ્યું કે, "હું કયા બ્રહ્માંડમાં જાઉં ?" ૩૮. ત્યારે શ્રીહરિએ એક મુક્તરાજને આજ્ઞા કરી કે, 'તમે જઈ આ સ્વામીને ફૂટલા બ્રહ્માંડમાં મોકલી દો.' ૩૯. ત્યારે તે મુક્તે મુનિને એક હળવી ટાપલી મારી તેથી તે સચ્ચિદાનંદ સ્વામી તરત જ આ બ્રહ્માંડમાં આવી ગયા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ સચ્ચિદાનંદ સ્વામીના પ્રેમની પ્રશંસા કરી અને પાછા મોકલ્યા" એ નામે એકસોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૧

સચ્ચિદાનંદ સ્વામીએ ધામની વાત કહી તથા શ્રીહરિની ઉત્તરક્રિયા

મહા દયાળુ સંત મુક્તાનંદ સ્વામી ઘણા ઉદાર હતા. તે દરબાર દાદા ખાચરને આગળની કથા કહે છે. ૧. સચ્ચિદાનંદ સ્વામી જ્યારે આ બ્રહ્માંડમાં આવ્યા ત્યારે એક સાધુએ ગોપાળાનંદ સ્વામીને તેના સમાચાર કહ્યા. ૨. ત્યારે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ તે સમયે એમ કહ્યું કે, 'સચ્ચિદાનંદ સ્વામી જ્યાં છે ત્યાં ને ત્યાં તેમને હજી રહેવા દો. ૩. અત્યારે શ્રીહરિનો અગ્નિસંસ્કાર થઈ જવા દો, પછી કાંઈક ઉપચાર કરશું. હાલ આ વિધિ થાવા દો.' ૪. પછી શ્રીહરિજીના અગ્નિસંસ્કારનો વિધિ પૂર્ણ કરી, બધા મળી

દરબારગઢમાં આવ્યા. પછી ગોપાળાનંદ સ્વામી સચ્ચિદાનંદ સ્વામીનો દેહ જ્યાં હતો તે ઓરડામાં ઉતાવળા ગયા, અને તેમના દેહની નાડી વગેરેને યોગીરાજે બંધ બેસતી કરી દીધી. ૫-૬. અને પ્રેમથી પૂછ્યું કે, "તમને શું થયું હતું ?" ત્યારે સચ્ચિદાનંદ મુનિએ કહ્યું, "યોગિરાજ ! તમે શાંતિથી સાંભળો. મને શ્રીજીમહારાજે ધામમાં રહેવા દીધો નહીં અને કહ્યું કે, 'છ મહિના રહીને પાછા આવજો." આમ કહીને આગળ જે કહેવાઈ ગયું તે બધી વાત સહુને સંભળાવી. ૭-૮.

પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે, "તમે દરબારગઢમાં જાઓ અને બધાં સ્ત્રી-પુરુષોને તમારી બધી વાત સંભળાવો." તેથી સ્વામી દરબારગઢમાં આવ્યા અને પોતાને જે વાત બની હતી, તે બધી સહુને કહી. ૯. આ મારું શરીર રુધિરથી ભર્યું અને વિચિત્ર છે તેને તમે સહુ દેખો. શ્રીહરિએ મને ધામથી બહાર કાઢી મૂક્યો, દયાળુએ મને ત્યાં રહેવા ન દીધો. પણ મને અહીં પાછો મોકલ્યો અને કહેવાની ઘણી વાત કહી છે. આમ કહીને બધી વાત સંભળાવી. તે સાંભળીને સહુએ કહ્યું, 'હાય.. હાય.. આવું થયું ?' ૧૦-૧૧. ત્યારે ફરી સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું કે, **"કોઈ મરવાનું નામ લેશો નહીં. શ્રીહરિ તો અહીંયાં જ મૂર્તિમાં અને સાચા સંતમાં પ્રગટ રહ્યા છે."** ૧૨.

મુક્તાનંદ સ્વામી કહે છે કે, ગઢપુર નરેશ દાદા ખાચર ! તમે સાંભળો. સચ્ચિદાનંદ સ્વામીની જે વાત હતી તે બધી સંપૂર્ણ મેં સંભળાવી. ૧૩. હવે હું તમને શ્રીહરિની વાત સંભળાવું છું. શ્રીહરિની ઉત્તરક્રિયા પછીની મારી પ્રત્યક્ષ દેખેલી કથા છે તે તમે સાંભળો. ૧૪. પ્રેમી ભક્તોના હૃદયમાં શ્રીહરિના વિરહની અપાર વ્યથા રહેતી હતી. તેથી કેટલીય વાર તે તે ભક્તોને દર્શન દઈને શ્રીહરિ દુઃખ ટાળતા હતા. ૧૫. તેનાથી સંતો તથા બાઈ-ભાઈ હરિભક્તોને સુખ રહેતું હતું. સમય જતા ધીરે ધીરે બધું દુઃખ ભૂલાવા લાગ્યું. ૧૬. રોજ સવારે તથા સાંજે સભા થતી. બંને આચાર્ય પાટ ઉપર વિરાજતા. ગોપાળાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી સંતમંડળ સાથે સભામાં બેસતા. ૧૭. સહુને ધીરજ મળી રહે એવી જ્ઞાનભરી વાતો કહેતા. તે દરમ્યાન પરમ પવિત્ર શ્રીહરિનાં ચરિત્રથી સંપૂર્ણ એવો જે શુભ

ગ્રંથ સત્સંગિજીવન નામે છે, તેની કથા ત્યાં કરાવી અને શાસ્ત્રની રીતને અનુસારે કરવાના જે પીંડદાનાદિ હતા, તે બધા નિત્ય કરતા હતા. ૧૮-૧૯.

બંને આચાર્યોએ યથાવિધિ શ્રીહરિની પાછળ ઉત્તરક્રિયા કરી. પછી તેરમે દિવસે તેમનું ખર્ચ કરવાનું હતું એટલે બધો સામાન એકત્ર કરવા લાગ્યા. ૨૦. દરબાર દાદા ખાચર અને પૂંજા શેઠ બધો સામાન ભેળો કરવા માંડ્યા અને તે માલને બોટાદના ભગા દોશી તપાસી લેતા હતા. ૨૧. ગોળ, સાકર, ઘઉં અને ઘી, તે જ્યાં મળતા હોય તે તે પ્રદેશમાંથી મગાવતા હતા. હજારો મણ માલ મગાવી, મોટી મોટી વખારો ભરાવી. ૨૨. અનાજનો લોટ અને દાળ તૈયાર કરવાની સેવા અપાર મહિલા ભક્ત કરતા હતા. દેશદેશમાંથી હરિભક્ત આવ્યા અને ભેટ ધરવા માટેની ઘણી વસ્તુઓ લાવ્યા. ૨૩. વળી તે વખતે દાન લેવા માટે હજારો હજાર વિપ્ર આવ્યા. દશાહ, એકાદશાહ અને દ્વાદશાહની બધી ક્રિયાઓ કરવાની વિધિ ધર્મગ્રંથોમાં છે. ૨૪.

તેવી રીતે શાસ્ત્ર પ્રમાણે બધી ક્રિયાઓ કરી, જેનાથી ધર્મ પ્રસરતો રહે. તેરમે દિવસે સરવણીનું શ્રાદ્ધ કર્યું અને વિવિધ પ્રકારના દાન દીધાં. ૨૫. અનેક ગાયો, રથ, સુંદર સારી શય્યા અને અશ્વ આદિના ઘણાં મહાન દાન દીધાં. ૨૬. ઘણું વિશાળ દિલ રાખીને પદદાન, ભૂમિદાન, ધન-ધાન્ય આદિ અને વસ્ત્ર-ઘરેણાં આદિનાં ઘણાં દાન આપ્યાં. ૨૭. બ્રાહ્મણો, સંતો અને બીજા બધા સમાજને ઘણું સારું ભોજન આપ્યું. શ્રીહરિના ઉપાસક નરનારાયણ દેવના ઉત્તરદેશમાં રહેનારા જે ભક્તો હતા, તેને અયોધ્યાપ્રસાદજીએ સારી રીતે જમાડી રાજી કર્યા. અને લક્ષ્મીનારાયણ દેવના દક્ષિણદેશના જે શ્રીહરિના ભક્તો હતા તથા બંને દેશના અન્ય ધર્મીઓ જે બધા હતા, તે સહુને સારાં ભોજનો કરાવી ધીર સ્વભાવના રઘુવીરજીએ જમાડ્યા. તેમાં હિંદુ અને કેટલાય મુસલમાન પણ જમ્યા. આમ સહુને ભોજનનું દાન કર્યું. ૨૮-૩૦.

તે સમયે રઘુવીરજી મહારાજે આખું ગઢપુર ગામ જમાડ્યું. બંને આચાર્યોએ અલગ અલગ સ્થળે વિપ્રોને દાન દીધાં. ૩૧. હજારો લોકો જમ્યા અને ઘણા ગરીબ લોકો તો અપાર અન્ન લઈ ગયા. છતાં કોઈ જાતની ક્યાંય કમી રહી નહીં. આ જોઈને બધા લોકો વિસ્મિત થયા. ૩૨. જેને સમજણ

ન હતી તેઓ સંશય કરતા અને બોલતા કે આવા મોટા કામમાં લાજ કેમ રહેશે ? પરંતુ જેને શ્રીહરિનો વિશ્વાસ હતો તેને લેશમાત્ર પણ સંશય થયો ન હતો. ૩૩. આવું કારજ શ્રીરઘુવીરજી મહારાજે કર્યું, કે જે કોઈ ધીરજવાળો મોટો રાજા તે પણ ન કરી શકે ! મુક્તાનંદ સ્વામી કહે છે કે સાંભળો, આ વખતે શ્રીહરિએ સહુને પોતાનાં અપાર દિવ્ય દર્શન દીધાં હતાં. ૩૪.

શ્રીહરિ આવો સુંદર ખેલ(લીલા) કરીને સ્વધામ પધાર્યા તે કોઈથી કેમ કળી શકાય ? ન જ કળી શકાય. તે તો જેમ કોઈ નટ પોતાની નટ વિદ્યાના પ્રભાવથી આકાશમાં યુદ્ધ કરવા માટે જાય. ૩૫. ત્યાં યુદ્ધમાં તેનાં ટુકડા ટુકડા થયેલાં અંગ જમીન ઉપર પડે, ત્યારે તે નટની સ્ત્રી કપાયેલાં તેના ધણીનાં અંગોની સાથે બળી મરે. પછી તે નટ આકાશમાંથી આવે ત્યારે તેની સ્ત્રી પણ સહુની સમક્ષ આવે છે. આવી નટની કળા જોઈને બધા લોકો ઘણા વિસ્મિત થાય છે. ૩૬. બધા સુજ્ઞ લોકો નટની કળાને જોઈને વિચારમાં પડી જાય છે અને એ બધું જોઈને અતિ આશ્ચર્ય પામે છે, પરંતુ તેની કળાને કોઈ યથાર્થ કળી શકતા નથી. ૩૭. એવી નટની કળા પણ પૂરી ન જણાતી હોય તો શ્રીહરિની અકળ કળાને તો કોણ જાણી શકે ? એવા પ્રભુ શ્રીહરિની રમતમાં અસુરો મૂંઝાઈ જાય છે. પરંતુ ભક્તજનો તો મનમાં એમ સમજે છે કે, **શ્રીહરિ ક્યાંય આવ્યા કે ગયા નથી. એ તો જેવા છે તેવા ને તેવા જ સદા પ્રત્યક્ષ છે.** ૩૮. શ્રીહરિ અસુરોને મોહ પમાડવા આવાં ચરિત્ર કરે છે. જો આ રીતનું કારણ ન હોય તો ભક્તોને તેમનો પ્રતાપ કઈ રીતે જણાય ? ૩૯. આ રીતે શ્રીહરિ લીલા કરી અંતર્ધાન થયા, તેને જે મૂર્ખ લોકો હોય તે સમજી શકતા નથી. કેમ જે, પ્રભુ શ્રીહરિ તો પોતાના ભક્તોને અંતકાળે આજે પણ જરૂર તેડવા આવે છે. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સચ્ચિદાનંદ સ્વામીએ ધામની વાત કહી તથા શ્રીહરિની ઉત્તરક્રિયા કરી" એ નામે એકસો ને પહેલો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૨

શ્રીહરિએ અંતર્ધાનલીલા પછી પણ અનેક ભક્તોને દર્શન આપ્યાં

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે કે શ્રીહરિની લીલા અપરંપાર છે. તેમણે સ્વધામ પધાર્યા પછી પણ અપાર પરચા આપ્યા છે. ૧. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી પણ કોઈકને ઘેર જઈ થાળ જમે છે, અને કોઈક જાગ્રત અવસ્થા તથા સ્વપ્ન અવસ્થામાં શ્રીહરિનાં દર્શન પામે છે. કોઈકને શ્રીહરિ પ્રસાદીના હાર આપે છે. તેમજ કોઈકના સંકટને શ્રીહરિ ટાળે છે. ૨. કોઈકની સાથે શ્રીહરિ વિચરતા અને કેટલાકને રસ્તામાં સામે શ્રીહરિ પ્રત્યક્ષ મળતા હતા. કેટલાકને તો રસ્તામાં સખાઓ અને ઘોડેસવારોની સાથે દર્શન દેતા હતા. ૩. કોઈક ભક્તને ક્યારેક શ્રીહરિ આરતી ઉતારતા હોય, ક્યારેક નારાયણ ધૂન્ય કરતા હોય તથા ક્યારેક કથા સાંભળતા હોય એવાં દર્શન થતાં, અને કોઈકને તો શ્રીહરિ પ્રગટ થઈને ભેટતા હતા. ૪. ક્યારેક શ્રીહરિ પોતાના ભક્તના હાથનું પાણી પીતા, તો ક્યારેક કરુણામય મધુર વાણીથી ભક્તને બોલાવતા હતા. કોઈક હરિભક્તને શ્રીહરિ કંઠી આપતા હતા તથા કોઈકને જપમાળા આપતા હતા; આ રીતે ભક્તજનપ્રતિપાલક શ્રીહરિ પ્રત્યક્ષ દર્શન આપી સહુને સુખ દેતા હતા. ૫.

વળી, જ્યારે રસ્તે ચાલતા કોઈ ભક્તજનને શ્રીહરિ મળતા ત્યારે તે ભક્તજન પગે લાગીને પ્રભુને ભેટ ધરતા હતા. કોઈ હરિભક્તને પલંગ પર પોઢેલા પ્રભુનાં દર્શન થતાં હતાં, તો કોઈક ભક્ત શ્રીહરિના અંગ ઉપર ચંદનની અર્ચા કરતા હોય એવાં દર્શન થતાં. ૬. જ્યારે કોઈ પ્રેમી ભક્ત ભાવનાથી યાદ કરતા, ત્યારે શ્રીહરિ તરત જ તેને દર્શન દેતા હતા. શ્રીહરિજી મહારાજ અનેક પ્રકારે આશ્ચર્યકારી કાર્ય પણ કરતા હતા. ૭. **આ શ્રીહરિનો અવતાર જેવો સમર્થ થયો છે તેવો આગળ બીજો કોઈ પણ અવતાર સમર્થ થયો નથી. આ સમયે શ્રીહરિએ જેવી અદ્‌ભુત લીલા કરી છે તેવી બીજા કોઈ અવતારમાં ક્યારેય દેખી કે સાંભળી નથી.** ૮. પુરુષોત્તમ પ્રભુએ મનુષ્યદેહ ધારીને ભારે અલૌકિક લીલા કરી હતી. તેથી

જ તે લીલાનાં દર્શનની ખુમારીવાળા ભક્તજનો મનમાં અત્યંત આનંદ પામતા હતા. ૯.

નટની કળાને પણ જો ન જાણી શકતા હોય અને જોનારા વિસ્મય પામતા હોય, તો જેમની અદ્‌ભુત દિવ્ય શક્તિ છે, આવા પરમેશ્વર શ્રીહરિની કળાને તો કોઈ કઈ રીતે જાણી શકે ? ૧૦. **જે મોટા મોટા અક્ષરમુક્તો છે તેઓ પણ અનેક જાતની કલ્પના કરે છે અને અનેક તર્ક કરીને થાકી જાય છે, તોપણ તેમને શ્રીહરિની કળાઓ યથાર્થ સમજાતી નથી.** ૧૧. કોઈ એવા તર્ક કરે છે કે, અક્ષરધામ તો સર્વત્ર છે. જ્યાં ઈચ્છા થાય ત્યાં પ્રભુ દેખાય છે અને ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. ૧૨. બાલ, યુવાન તથા વૃદ્ધા અવસ્થા તે તો દેખવામાત્ર કહેતાં કથનમાત્ર છે.

ભક્તો તો શ્રીહરિનું સ્વરૂપ જેવું અક્ષરધામમાં છે તેવું ને તેવું જ આ લોકમાં પણ દિવ્ય દેખે છે. ૧૩. માટે શ્રીહરિની આ લોકની તથા ધામની બંને મૂર્તિઓ એક જ છે, તેને ભિન્ન ન જાણવી. કોઈ મનુષ્ય તર્ક કરીને એમ કહે કે, ભગવાનનાં બંને રૂપ જરૂર ભિન્ન ભિન્ન છે તો તેને ભગવાનને સમજવામાં ફેર છે. ૧૪. કેમ જે, નવલખા પર્વત ઉપર શ્રીહરિ જેમ નવ લાખ રૂપે થયા હતા, તેમ જ પ્રત્યેકના દેહમાં શ્રીહરિ અંતર્યામીપણે કરીને વ્યાપીને રહ્યા છે. અહીંયાંથી કોઈ સમાધિમાં જઈ અક્ષરધામને દેખે છે, તે જ્યારે જાગે છે ત્યારે તે જ ઘનશ્યામ પ્રભુને અહીંયાં પણ દેખે છે. ૧૫-૧૬. ભક્તની જેવી ઈચ્છા હોય ત્યાં તેવે સ્વરૂપે શ્રીહરિ દેખાય છે, અને જે કાર્ય માટે પ્રભુ શ્રીહરિએ અવતાર ધર્યો હોય છે તો ત્યાં તેવે આકારે દર્શન આપે છે. ૧૭. વળી, જ્યાં જેવી શક્તિ બતાવવી ઘટતી હોય ત્યાં તેવી શક્તિ બતાવે છે. શ્રીહરિનો અગ્નિસંસ્કાર કર્યો તે તો દેખાવમાત્રનો હતો. પછી શ્રીહરિ ભક્તોને જે જે સ્વરૂપે દેખાયા તે ખરેખર સર્વે સ્વરૂપો સત્ય છે અને તે સર્વે મૂર્તિઓ એક જ છે, ભિન્ન ભિન્ન નથી. ૧૮. અને જે દિવસે શ્રીહરિ સ્વધામ પધાર્યા તે જ દિવસે ઘણી જગ્યાએ તેમણે દર્શન દીધાં હતાં. તેમાંથી કેટલાક સ્થાનની હું વાત કહું છું, તેને હે દાદા ખાચર ! તમે સાક્ષાત્ સાંભળો. ૧૯.

❋ વડોદરાના રામચંદ્ર વૈદ્યને શ્રીહરિનાં દિવ્ય દર્શન :

રામચંદ્ર વૈદ્ય ઇત્યાદિક વડોદરાના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા ગઢપુર આવતા હતા. ૨૦. તેઓ વડોદરાથી સંઘ લઈને ચાલ્યા, તે ગઢપુર નજીક ઉગામેડી ગામ પાસે આવ્યા. ત્યારે ભક્તિ-ધર્મના કુમાર શ્રીહરિ દસેક ઘોડેસવારો સાથે તેમને સામે મળ્યા. ૨૧. દાદા ખાચર, સોમલા ખાચર અને સુરા ખાચર વગેરે જે સદાય શ્રીહરિની સાથે રહેતા હતા, તે બધા રૂપે થઈને શ્રીહરિ ભક્તને દર્શન દેવાં માટે સામે આવ્યા. ૨૨. જેઠ સુદિ દશમીને દિવસે બપોર પછી ત્રણ વાગ્યા આસપાસ વડોદરાના ભક્તોને શ્રીઘનશ્યામ પ્રભુએ દર્શન દીધાં. સહુએ પ્રભુને પ્રણામ કર્યા ત્યારે શ્યામ સુંદર શ્રીહરિ બોલ્યા, "ક્યાંથી આવો છો ? અને ક્યાં જવું છે ?" ત્યારે રામચંદ્ર વૈદ્ય બોલ્યા કે, 'અમે આપનો મંદવાડ સાંભળ્યો એટલે દર્શન કરવાં માટે વડોદરાથી આવ્યા છીએ. ૨૩-૨૪. આપની મૂર્તિને હૃદયમાં ધરવા અને આપનાં દર્શન કરવાં માટે આવ્યા છીએ."

આવી તેમની વાત સાંભળીને શ્રીહરિએ કહ્યું કે, "હે વૈદ્યરાજ ! તમે અમારી નાડી જુઓ." ૨૫. ત્યારે રામચંદ્ર વૈદ્ય નાડી જોઈને બોલ્યા કે, "હે મહારાજ ! અત્યારે નાડીમાં કોઈ રોગ દેખાતો નથી." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હવે તમે ગઢડા જાઓ અને શ્રીગોપીનાથજી મહારાજનાં દર્શન કરો. ૨૬. અમે અત્યારે સારંગપુર જઈએ છીએ અને કાલે ગઢડા આવશું." પછી તે બધા ગઢપુર તરફ ગયા અને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૨૭. સહુ ગઢડા પહોંચ્યા ત્યારે શ્રીહરિએ પોતાનો દેહ તજી દીધો હતો. તે જાણીને બધા હરિભક્તો આશ્ચર્ય પામ્યા.

❋ ધોલેરાના અજુબા તથા ફૂલીબાને દિવ્ય દર્શન :

વળી, ધોલેરાના પ્રગટ પ્રભુના ઉપાસક પ્રેમી ભક્ત પૂંજાભાઈના બહેન અજુબાઈ હતા. તેઓ ફૂલીબાઈને સાથે લઈને છેલ્લી વખતે શ્રીહરિનાં દર્શન કરવાં અને તેમની મૂર્તિને હૃદયમાં ધારવા માટે ધોલેરાથી નીકળ્યા. ૨૮-૨૯. તેઓ બંને બહેનો ગાડીમાં બેસીને ચાલ્યા આવતા હતા. તે નિંગાળા ગામ પાસે કેરી નદીને કિનારે આવ્યા. ત્યાં ગાડી છોડાવીને થોડીવાર વિશ્રાંતિ

લીધી અને બળદને પાણી પાયું. ૩૦. તેટલી વારમાં શ્રીજીમહારાજ દસ ઘોડેસવારોના સમાજ સાથે ત્યાં આવ્યા. તે દિવસ જેઠ સુદિ દશમનો હતો અને સૂર્ય અસ્ત થઈ જવા આવ્યો હતો. ૩૧. જ્યારે તે બંને બહેનો શ્રીહરિને પગે લાગ્યા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું, "અત્યારે તમે ક્યાંથી આવો છો ? અને ક્યાં જાઓ છો ?" ત્યારે તે બંને બહેનો એમ બોલ્યા કે, 'મહારાજ ! અમે આપની માંદગીના સમાચાર સાંભળ્યા એટલે આપનાં દર્શન કરવાં ધોલેરાથી આવીએ છીએ. પણ પ્રભુ આપ અત્યારે ક્યાં જઈ રહ્યા છો ?" ૩૨-૩૩.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "સાંભળો, અમારા શરીરમાં અત્યારે કોઈ રોગ નથી. આજ એક ગામના હરિભક્તને દર્શન દેવાં માટે અમારે જવું છે. ૩૪. તમે ગઢડા જાઓ અને ગોપીનાથજી મહારાજનાં દર્શન કરો. અમે તે ગામ જઈને રાત રહેશું અને સવારે ગઢપુર આવશું." ૩૫. શ્રીહરિએ આ રીતે તે ભક્ત બાઈઓને કહ્યું અને કંઠમાંથી પ્રસાદીનો ફૂલહાર કાઢીને તેમને આપ્યો. ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી આગળ ચાલતા થયા અને તે બંને બહેનો ગઢપુરધામ આવ્યા. ૩૬. જ્યારે તે બંને બહેનો ગઢપુર આવ્યા ત્યારે ખબર પડી કે શ્રીહરિ તો સ્વધામ પધાર્યા છે. આ પરચાને જોઈને તથા સાંભળીને તમામ લોકો આશ્ચર્ય પામ્યા. ૩૭. તે બહેનોએ પોતાને ભાગ્યશાળી માન્યા કે શ્રીહરિએ અમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. સ્વધામ પધાર્યા પછી પણ અમારા મનની ભાવનાને સફળ કરી. ૩૮. અહો, કૃપાળુ પ્રભુજી ! આપની દયાનો તો કોઈ પાર નથી. મુક્તાનંદ સ્વામી કહે છે કે, હે દાદા ખાચર ! આમ શ્રીહરિએ ઘણા ચમત્કારો જણાવ્યા હતા. તેથી સહુએ માન્યું કે શ્રીપુરુષોત્તમનારાયણ શ્રીહરિ સદા પ્રગટ છે. પરંતુ આ વાત પ્રભુના પ્યારા ભક્તો જ સમજે છે. અજ્ઞાની મનુષ્યોને તેની કાંઈ ગમ હોતી નથી. ૩૯-૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ અંતર્ધાનલીલા પછી પણ અનેક ભક્તોને દર્શન આપ્યાં" એ નામે એકસો ને બીજો તરંગ સમાપ્ત ।।૧૦૨।।



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૩

શ્રીહરિએ અંતર્ધાનલીલા પછી પણ અનેક ભક્તોને દર્શન દીધાં

મુક્તાનંદ સ્વામી ઘણા દયાળુ સંત છે. તે મહાસમર્થ અને સુખદાતા છે, તેથી તેઓ ખુશ થઈને શ્રીહરિનાં અપાર ચરિત્ર કહે છે. ૧. દાદા ખાચર પણ ચિત્ત પરોવીને સારરૂપ શ્રીહરિનાં ચરિત્ર સાંભળે છે, અને શ્રીહરિની લીલા સાંભળવાથી અપાર આનંદ અનુભવે છે. ૨. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી પણ પરચા આપે છે. ગામોગામ કાંઈ ને કાંઈ ચમત્કાર થતા હોય છે. ૩. જગતના બધા મનુષ્યોને માટે આ અલૌકિક વાત છે. જે મનુષ્ય શ્રીહરિને પ્રત્યક્ષ દેખે છે તે ઘણા ઘણા આનંદને પામે છે. ૪. ઘણા લોકો તે જાણીને સત્સંગી થાય છે અને ઉત્સાહથી શ્રીહરિનું ભજન કરે છે. વળી એવી જ હું કાંઈક પ્રસિદ્ધ બીજી વાત કહું છું, તેને તમે ઉત્તમ નરેશ ! સાંભળો. ૫.

❋ આખાના લાડુબાને શ્રીહરિનાં દિવ્ય દર્શન :

પીપલાણા ગામના નરસિંહ મહેતા નામે એક મહાન ભક્ત હતા. તેમની લાડુબા નામે પુત્રી હતી. તેનાં લગ્ન આખા ગામમાં નરશી દવે સાથે થયા હતા. ૬. જેઠ સુદિ દશમની રાત પડી ત્યારે શ્રીહરિ તે લાડુબાને ઘેર ગયા. ઊંચેથી અવાજ કરી તેમને જગાડ્યા અને તેમને ઘેર રોકાયા. ૭. પછી લાડુબાને કહ્યું કે, “તમે રસોઈ બનાવો. અમારે જમીને જાવું છે.” ત્યારે લાડુબાએ જે રસોઈ બનાવી તેને ભગવાન શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. ૮. ત્યારે તે બાઈએ કહ્યું કે, “અહો મહારાજ ! અમે આપનાં દર્શન કરવા માટે ગયા પખવાડિયામાં ગઢપુર આવ્યા હતા. ત્યારે આપે અમને દર્શન દઈને ખૂબ રાજી કર્યા હતા. ૯. તે વખતે આપના શરીરમાં કાંઈક બીમારી રહેતી હતી. પછી અમે પાછા અમારે ગામ અહીં આવ્યા ત્યારે થોડા દિવસો વીત્યા બાદ અમે એવો સંદેશો સાંભળ્યો કે, ‘શ્રીહરિ અત્યારે વધારે બીમાર છે.’ તેથી અમે ફરીવાર ગઢપુર જવા માટેની બધી તૈયારી કરી હતી. ૧૦-૧૧. પરંતુ મહારાજ ! આજ અમને આપનાં દર્શન થયાં

તેથી હવે અમારા દિલની બધી ચિંતા મટી ગઈ. હે પ્રભુ ! આપ અત્યારે ક્યાંથી પધાર્યા છો ? અને આપને શરીરે હવે કેમ રહે છે ?" ૧૨.

તે સાંભળીને ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "હવે અમારા શરીરના તમામ રોગ મટી ગયા છે. તેથી ભક્તોને સુખી કરવા અમે ભક્તોને ગામ ફરવા નીકળ્યા છીએ." ૧૩. આમ કહીને શ્રીહરિ તૈયાર થઈ ઘોડેસવાર થયા. લાડુબાએ મનમાં માન્યું કે, મારા બાળકોને જગાડું તો તેને પણ શ્રીહરિનાં દર્શન થાય. ૧૪. પછી તેઓ બાળકોને જગાડવા ગયા અને આવીને જુએ છે ત્યાં તો શ્રીહરિને જોયા નહીં. પછી તેણે લોકોને પૂછ્યું કે, "ધર્મપુત્ર શ્રીહરિને કોઈએ દેખ્યા છે ?" ૧૫. ત્યારે લોકોએ કહ્યું, "આજ તો અમે દેખ્યા નથી." તે સાંભળીને ઘણું આશ્ચર્ય થયું અને માન્યું કે, 'શ્રીહરિ સ્વધામ પધાર્યા છે છતાં આજે દર્શન દેવા આવ્યા હતા.' ૧૬. આ રીતે ઘણે ઘણે ઠેકાણે શ્રીઘનશ્યામ પ્રભુએ ભક્તોને દર્શન દીધાં હતાં. આવી વાતો હું કેટલીક કહું ? હે ભાઈ ! કહેવાથી તેનો પાર આવતો નથી. ૧૭. શ્રીહરિની બીમારી સાંભળીને જ્યારે ભક્તો છેવટનાં દર્શન થાય એવી આશા રાખીને ગઢપુર આવતા હતા, ત્યારે ઘણા ભક્તોને આ રીતે શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં હતાં. ૧૮.

❋ હળવદના બે વિપ્રોને શ્રીહરિનાં દિવ્ય દર્શન :

શ્રીહરિની માંદગી જાણીને તે દિવસોમાં હળવદના બે બ્રાહ્મણો શ્રીહરિનાં દર્શન કરવાં માટે તત્કાળ ત્યાંથી નીકળીને ગઢપુર આવતા હતા. ૧૯. તે દિવસે તેઓ જ્યારે ગઢપુરના સીમાડે પહોંચ્યા ત્યારે ધર્મકુમાર શ્રીહરિનાં દર્શન થયાં. સર્વ સુખના ધામ શ્રીજીમહારાજ અશ્વ ઉપર બેઠા થકા તેમની સન્મુખ આવ્યા. ૨૦. જ્યારે તે વિપ્રોએ શ્રીહરિને પોતાની સમીપે દેખ્યા ત્યારે મનમાં ખૂબ આનંદ થયો. અતિશય પ્રેમથી તે પગે લાગ્યા અને શ્રીહરિનાં ચરણોમાં ભેટ મૂકી. ૨૧. પછી તે વિપ્રોએ પૂછ્યું, "હે સુખકારી પ્રભુ ! આપ સવારી લઈને અત્યારે ક્યાં જાઓ છો ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, "હું આજે દેશમાં ફરવા માટે જઈ રહ્યો છું. ૨૨. અમે પાછા આ

સ્થળે આવશું. તમે બંને ગઢપુરધામ જાઓ." આમ કહીને સુજાણ પ્રિયતમ પ્રાણરૂપ ઘનશ્યામ પશ્ચિમ દિશા તરફ ચાલ્યા ગયા. ૨૩. જ્યારે તે વિપ્રો ગઢપુરમાં આવ્યા ત્યારે શ્રીહરિ સ્વધામ પધાર્યા છે તેવી તેમને ખબર પડી. પછી તો તે બંને વિપ્ર ઉદાસ થઈ ગયા અને રડતાં રડતાં એમ બોલ્યા કે, **'હે નાથ ! આપની ગતિ-રીતિભાતિ તો અકળ છે. તેના પારને કોઈ પામી શકતું નથી. ચાહે કોઈ દેવ હોય કે મુક્ત હોય, તોપણ આપની ગતિને તે જાણી શકતા નથી.'** ૨૪-૨૫.

❋ કચ્છના ગાંગાભાઈને શ્રીહરિનાં દિવ્ય દર્શન :

હે દાદા ખાચર ! તમે સાંભળો. વળી હું એક વાત કહું છું. કચ્છના ગાંગાભાઈ નામે એક હરિભક્ત ગઢપુરમાં રહીને સેવા કરતા હતા. જ્યારે શ્રીહરિ સ્વધામ પધાર્યા ત્યારે તે અતિશય રડવા લાગ્યા. તેવામાં તો ઘનશ્યામ પ્રભુ પ્રગટ થયા અને તે ભક્તને એમ કહ્યું કે, "અમે તો આ સત્સંગમાં સદાય પ્રગટ છીએ એટલે ગાંગાભાઈ આહીર ! રડો નહીં." આમ કહીને શ્રીહરિ જોતજોતામાં તો અદૃશ્ય થઈ ગયા. ૨૬-૨૮.

આ રીતે સુજાણ શ્રીહરિએ તે વખતે ઘણા ભક્તોને પ્રગટ પ્રમાણ દર્શન દીધાં હતાં. ઈડર પ્રદેશના વડનગર ગામના બે બ્રાહ્મણ શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુર આવતા હતા. જ્યારે તેઓ ગઢપુરની નજીક ઉગામેડી ગામ પહોંચ્યા ત્યારે ઘનશ્યામ પ્રભુએ તેને દર્શન દીધાં. મહારાજ પોતે માણકી ઉપર બેઠા હતા. પછી વિપ્રોને દર્શન દેવા માટે શ્રીહરિ તેમની નજીક આવ્યા. ૨૯-૩૦.

ત્યારે બંને વિપ્રો શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યા અને બોલ્યા, "અમે જ્યારે આપને બીમાર સાંભળ્યા એટલે દર્શન કરવા માટે આવ્યા છીએ, પણ આજે આપને સાજા દેખ્યા એટલે અમને ખૂબ સુખ થયું છે." ૩૧. ત્યારે શ્રીહરિવર બોલ્યા કે, "તમે બંને અત્યારે ગઢપુર જાઓ." એમ કહી શ્રીહરિ રસ્તે ચાલતા થયા. પછી તે બંને વિપ્રો જ્યારે ગઢપુર ગામમાં આવ્યા ત્યારે તેમણે સાંભળ્યું કે શ્રીહરિ ધામમાં પધાર્યા છે. તેથી તેમના દિલમાં ઘણું દુઃખ

થયું. પછી તે બંને મનમાં વિચાર કરવા લાગ્યા કે, 'સર્વ કર્તા શ્રીહરિએ આપણને દિવ્ય દર્શન દીધાં છે. ૩૨-૩૩.

માટે હવે તો આપણે સંસારનાં સુખ હરામ છે. હવે તો આ દેહથી આત્મકલ્યાણનું કાર્ય કરી લેવું છે,' એમ દૃઢ નિર્ધાર કર્યો. પછી તે બંને સંસારનો ત્યાગ કરી બ્રહ્મચારી થયા. તેમાં એકનું નામ **હરિકૃષ્ણાનંદ** રાખ્યું અને બીજાનું નામ **ઘનશ્યામાનંદ** રાખ્યું. આ બંને બ્રહ્મચારી મહાન થયા હતા. તે બંનેએ ઘણા પ્રેમથી સત્સંગની સેવા કરી. આવા તો શ્રીહરિએ સ્વધામ પધાર્યા પછી બહુ બહુ પરચા આપ્યા હતા. ૩૪-૩૫.

હે ગઢપુર નરેશ ! આ રીતે મેં શ્રીહરિનાં અનુપમ ચરિત્ર સંભળાવ્યાં. પ્રાદુર્ભાવથી લઈને અહીં સુધી શ્રીહરિનાં ઘણાં ચરિત્ર ગાયાં. ૩૬. **શ્રીહરિએ બધાં જ ચરિત્ર જીવનાં કલ્યાણ માટે કર્યાં છે. તે પ્રગટ શ્રીહરિની આ બધી પ્રગટ લીલાઓ જીવને સંસારસાગર તરવા માટેનું જહાજ છે.** ૩૭. **આ કથા અમૃતનો સાગર છે. આનું જે પાન કરે તે અમર બને છે. આને જે ગાય, સાંભળે કે બીજાને સંભળાવે, તે બધા સંસારસાગરને તરી જાય છે.** ૩૮. આ કથામાં અપાર શાંતિ રહી છે. જેમાં ઘણી જગ્યાએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિ અપાર સાધનો વર્ણવ્યાં છે. ૩૯. આવું કહીને મુક્તાનંદ સ્વામી શ્રીહરિચરિત્ર કહેતાં કહેતાં વિરામ પામી ગયા. પછી ધ્યાનમાં શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન પામીને મનમાં ખૂબ જ ખુશી થયા. ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિએ અંતર્ધાનલીલા પછી પણ અનેક ભક્તોને દર્શન દીધાં" એ નામે એકસો ને ત્રીજો તરંગ સમાપ્ત ॥૧૦૩॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૪

મુક્તાનંદ સ્વામી તથા દાદા ખાચરના સદ્‌ગુણ, અક્ષરવાસ તથા સંવાદ

આ રીતે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતસાગરની કથા દાદા ખાચરને સંભળાવી. પછી તેઓ ભગવાન શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન કરવાં માટે ધ્યાનમાં બેસી ગયા. ૧. તે વખતે દાદા ખાચરે બંને હાથ જોડીને કહ્યું કે, આવા ભગવાનને પામીને સનાથ થયેલા સદ્‌ગુરુએ મને કથા સંભળાવીને શાંતિ આપી છે. ૨. પછી પોતાને અતિ પ્યારા મુક્તાનંદ સ્વામીને દાદા ખાચર એમ કહેવા લાગ્યા કે, ‘આપ સદ્‌ગુરુ તો પરમ આનંદરૂપ છો અને જીવોનો મોક્ષ કરવા માટે શ્રીહરિની સાથે આપ સુજ્ઞ સંત ભૂમિ ઉપર પ્રગટ થયા છો. તે ભગવાનને ઓળખીને ઉમંગથી તેમની સાથે રહ્યા છો. ૩-૪. ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ પરમ સુખનો નિધિ છે. જેમ ભમરો કમળમાં લાગ્યો રહે છે, તેમ તે હરિસ્વરૂપમાં વૃત્તિ રાખનારા હે મુનિ ! આપ શ્રીહરિને અતિશય પ્યારા છો. ૫. પ્રગટ શ્રીહરિની લીલાને કહેવા અને સાંભળવામાં આપ અતિશય ભાવથી આઠે પહોર તત્પર રહો છો. આપને તો એક ઘનશ્યામ પ્રભુ જ પ્રિય છે. ૬.

સંસારી જીવોનો મોક્ષ કરવામાં આપ અતિશય શ્રદ્ધાળુ છો. આપ તપ અને ત્યાગની તો મૂર્તિ છો. આપને એકમાત્ર શ્રીહરિની સુરતી-લગની લાગેલી રહે છે. ૭. શ્રીહરિ જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે મારા મનમાં અતિશય અશાંતિ થઈ હતી. પરંતુ મેં હેતથી જ્યારે આપની પ્રાર્થના કરી, ત્યારે આપે મને શ્રીહરિની લીલા સંભળાવીને શાંતિ આપી છે. ૮. આપના મુખકમળથી અનરાધારરૂપે અખંડ વહેતી કથારૂપી અમૃતધારાને સાંભળી સાંભળીને અમે બધા અતિશય કૃતાર્થ થયા છીએ; એટલે હું આપને વારંવાર નમસ્કાર કરું છું. ૯. આપે ભગવાન પુરુષોત્તમનો મહિમા સમજાવીને મને ઘણો આનંદ આપ્યો છે. અનેક જન્મનાં પુણ્ય જ્યારે એક સામટા ઉદય થયા હોય ત્યારે જ આપના જેવા સંત મળે છે. ૧૦. આપે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તેનો બદલો હું આપી શકું તેમ નથી, તેથી હું આપને વારંવાર વંદન કરું છું. હે મુનિવર્ય ! આપ મારા ઉપર સદાય પ્રસન્ન રહો. ૧૧.

આ રીતે સ્તુતિ કરીને દાદા ખાચરે ચંદન અને પુષ્પના હાર આદિક લઈને મુક્તાનંદ સ્વામીની પૂજા કરી. પછી વસ્ત્ર આદિ ઘણી ભેટ આપી અને દિલમાં અત્યંત ખુશી થયા. ૧૨. પછી મુક્તાનંદ સ્વામીને દંડવત્પ્રણામ કર્યા. આમ તેમણે અલૌકિક લાભ લીધો. જ્યારે મુનિવર્ય મુક્તાનંદ સ્વામી પ્રસન્ન થયા ત્યારે માનો તેમને બધા જ પદાર્થો મળી ગયા હોય ! એવો તેમને અનુભવ થયો. ૧૩. આ રીતે શ્રીહરિચરિત્રામૃતસાગરની કથા સમાપ્ત થઈ અને તેમને અપાર સુખ મળ્યું. તેથી સર્વે શ્રોતાજનો વગેરેએ મળીને શ્રીહરિનો જય જયકાર કર્યો. ૧૪. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી મુક્તાનંદ સ્વામી શ્રીહરિનાં ચરિત્ર કહેવાં માટે આ ભૂમિ ઉપર દોઢ માસ રહ્યા. ૧૫. પછી શ્રીહરિના વિયોગમાં તેઓ ઉદાસ થઈ ગયા. તેમના દિલમાં એમ થવા લાગ્યું કે, 'હવે હું શ્રીહરિની પાસે ક્યારે જાઉં ?' ૧૬.

જ્યારે અષાઢી સંવત ૧૮૮૭ના અષાઢ માસની વદિ દશમ આવી ત્યારે તે દિવસના સોહામણા પ્રાતઃકાળમાં મુનિવર્ય મુક્તાનંદ સ્વામી શ્રીગોપીનાથજી મહારાજનાં દર્શન કરવાં માટે મંદિર ઉપર ગયા. ૧૭. તેમણે ઘણા પ્રેમથી દેવોને પ્રણામ કર્યા અને સ્તુતિ કરી કે, 'અહો..! હે નાથ ! હવે હું કાંઈ કહી શકતો નથી. આપના વિરહનું દુઃખ મારાથી સહી શકાતું નથી. ૧૮. હે કૃપાનાથ ! હવે તો મને ધામમાં લઈ જાઓ. આટલા કઠોર ન થાઓ.' આવા અનેક પ્રકારના શબ્દો બોલી વારંવાર પ્રાર્થના કરી. ૧૯. આવા બધા સ્વામીના શબ્દ સાંભળ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, 'આજે બપોર પછી તમે તૈયાર રહેજો, હું જ તમને મારા ધામમાં લઈ જઈશ, આવું મારા દિલમાં ગમશે.' ૨૦.

શ્રીહરિની આ વાત સાંભળીને મુક્તાનંદ સ્વામી ખુશ થયા અને શ્રીહરિને પગે લાગીને પોતાના આસન ઉપર ગયા. જ્યારે બપોર પછીનો સમય થયો ત્યારે રઘુવીરજી મહારાજને બોલાવ્યા. ૨૧. સત્સંગ સંબંધી બધી વાત કહી અને કેટલીક ભલામણ કરી. પછી પદ્માસન લગાવી બેસી ગયા અને નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરી. ૨૨. તે જ સમયે ભગવાન

શ્રીહરિ વિમાન લઈને સ્વામીને તેડવા આવ્યા. તે વખતે સમાધિવાળા સહુએ પ્રત્યક્ષ દેખ્યા. અક્ષરધામના અપાર મુક્તો આવ્યા અને સહુ મુખથી જય જયકાર કરવા લાગ્યા. ૨૩. **તે સમયે મુક્તાનંદ સ્વામીએ ભૌતિક શરીર છોડ્યું અને શ્રેષ્ઠ દિવ્ય દેહને પ્રાપ્ત કર્યો. સં.૧૮૮૭, અષાઢ વદ-૧૦ના રોજ જ્યાં સુખરાશિ શ્રીહરિ સદાય વસે છે તે અક્ષરધામના સદાય નિવાસી થયા.** ૨૪.

પછી તો ત્યાં દાદા ખાચર અતિશય ઉદાસ થઈ ગયા. ત્યારે આધારાનંદ સ્વામી તેમની પાસે બેઠા. ૨૫. અને શ્રીહરિચરિત્ર તેમને કહેવા લાગ્યા ત્યારે તેમની અશાંતિ મટી ગઈ. આમ જ્યારે જ્યારે દાદા ખાચરને અશાંતિ થતી હતી ત્યારે ત્યારે આધારાનંદ સ્વામી તેમની પાસે જઈને તેમને શ્રીહરિચરિત્ર કહેતા હતા. ૨૬. આવા સદ્‌ગુણોના ભંડાર જેવા સેવામૂર્તિ દરબાર દાદા ખાચરે અપાર શ્રીહરિચરિત્રને સાંભળતાં સાંભળતાં પોતાની આવરદા પૂર્ણ કરી. ૨૭. **વિક્રમ સંવત ૧૯૦૯ના પોષ માસની સુદિ નવમીની તિથિ હતી. તે પવિત્ર હરિજયંતીનો દિવસ હતો.** ૨૮. **તે દિવસે દાદા ખાચરે સ્વતંત્રપણે ભૌતિકદેહનો ત્યાગ કર્યો.** ભક્તપતિ શ્રીહરિ અનંત મુક્તોની સાથે વિમાન લઈને દાદા ખાચરને તેડવા આવ્યા. ૨૯. પછી તેમને દિવ્ય દેહ આપીને સદાને માટે પોતાની સેવામાં રાખ્યા.

તે પછી શ્રીહરિએ સિદ્ધાનંદ ઉર્ફે આધારાનંદ સ્વામીના અંતરમાં પ્રેરણા કરી. ૩૦. તેમની પાસે આ ગ્રંથ લખાવીને અદ્‌ભુત કામ કરાવ્યું. સહુને ઉપયોગી થાય એટલા માટે તે આધારાનંદ સ્વામીએ તે ગ્રંથમાં તમામ ચરિત્રો, ઉપદેશ અને ખાસ કરીને મૂર્તિનું વર્ણન વિશેષ કર્યું છે. તેમણે આવો ગ્રંથ લખવા માટે યોગ્ય સ્થાન વડતાલને જ માન્યું. ૩૧-૩૨. **સં.૧૯૧૪, જેઠ સુદિ આઠમને દિવસ પોતાની ઓગણસાઠ વર્ષની ઉંમર થઈ હતી ત્યારે તેમણે આ ગ્રંથને લખવાની વડતાલમાં રહીને શરૂઆત કરી**. તેમાં વક્તા તરીકે પોતાના ગુરુ મુક્તાનંદ સ્વામી તથા મુખ્ય શ્રોતારૂપે ગઢપુરના નરેશ શ્રીદાદા ખાચર, આ બંનેનો સંવાદ આલેખ્યો છે. ૩૩-૩૪.

આ ગ્રંથનું 'શ્રીહરિચરિત્રામૃતસાગર' આવું અદ્‌ભુત નામ રાખ્યું છે. ભારતીય રાષ્ટ્રભાષા હિંદીમાં આ મહાકાય ગ્રંથને તેમણે રચ્યો છે. ૩૫. બધાં જ સત્સંગી નરનારીઓને માટે આ ગ્રંથ અત્યંત સુખકારી થયો છે. આ ગ્રંથને સાંભળી સાંભળીને બધા જ અતિશય સુખને પામશે અને આ ગ્રંથને સાંભળવાથી તેમને ધર્મમાં દૃઢ બુદ્ધિ થાશે. ૩૬. પ્રગટ શ્રીહરિના ઉપાસક ભક્તજનોને માટે આ ગ્રંથ સુખનો સાગર છે. એટલે જ એમાં લખેલાં ઈષ્ટદેવનાં ચરિત્રોને સાંભળ્યાં વગર કોણ રહી શકે ? ૩૭. રામભક્તોને રામચરિત્ર અતિશય મનભાવતાં લાગે અને શ્રીકૃષ્ણના ભક્તને શ્રીકૃષ્ણની લીલા સહુથી દિવ્ય અને પાવન લાગે; **એ રીતે જ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણના જે મહાન ભક્ત હોય તેમને માટે શ્રીહરિચરિત્રામૃતસાગર નામનો આ ગ્રંથ અમૃતરૂપ છે.** ૩૮-૩૯. **આ ગ્રંથને વાંચી-સાંભળીને બધા સત્સંગીઓ આનંદ પામશે, અને આ ગ્રંથનું સેવન કરવાથી જ સહુને સર્વોપરી શ્રીસહજાનંદ સ્વામીની પ્રાપ્તિ થશે.** ૪૦.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "મુક્તાનંદ સ્વામી તથા દાદા ખાચરના સદ્‌ગુણ, અક્ષરવાસ અને સંવાદ કહ્યો" એ નામે એકસો ને ચોથો તરંગ સમાપ્ત ॥૧૦૪॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૫

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું માહાત્મ્ય

હવે હું મારી બુદ્ધિ પ્રમાણે શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનો થોડોક મહિમા લખું છું. આ મહિમાને સાંભળવાથી પણ ગ્રંથ ઉપર અપાર ભાવ થશે. ૧. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનો આ ગ્રંથ બીજા બધા ગ્રંથોથી વિશાળ અને મહાન છે. તેના હરેક શબ્દમાં ધર્મ, ભક્તિ અને જ્ઞાન ભરપૂર રીતે ભર્યાં છે. ૨.

सोरठा : नहि जोडा जगमांय, हरिचरित्रामृतसागर का;
ग्रंथ हुआ महाकाय, जुग जुग हरिगुण गात रहे...०३

सर्वोपरि सुखदाय, महिमा गाई महाराज की;
गाता रहेगा सदाय, अवतार के अवतारी को...०४

આ જગતમાં શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનો જોટો થાય એવો બીજો કોઈ ગ્રંથ નથી. આ ગ્રંથ ખૂબ જ મોટો બન્યો છે, અને તે યુગોયુગ સુધી શ્રીહરિના ગુણને ગાતો રહેશે. ૩. અવતારના અવતારી શ્રીજીમહારાજના સુખદાયક સર્વોપરિ મહિમાને આ ગ્રંથ ગાય રહ્યો છે અને સદાય ગાતો રહેશે. ૪. આ ગ્રંથ શ્રીહરિનાં ચરિત્રરૂપ છે તેથી તે સહુને માટે અમૃતની જેમ અતિશય સુખરૂપ છે. ઉપદેશાત્મક આ ગ્રંથ સહુને ઘણો જ પ્રિય છે. તે ઉપદેશ સંજીવની ઔષધિની જેમ વિષયમાં બેભાન થયેલા જીવોને જગાડનારો છે. માટે જ સંજીવની ઔષધિ કરતાં પણ આ ગ્રંથ વિશેષ છે. ૫.

આ ગ્રંથ કોઈ અનુભવી ભોમિયા જેવો અથવા તો કોઈ પ્રગટ સદ્‌ગુરુ હોય તેના જેવો છે. આ અનુપમ ગ્રંથ તે બંનેની ગરજને અતિશય પૂરી પાડી રહ્યો છે. એટલે આ ગ્રંથની તુલ્ય જગતમાં બીજું કોઈ સુખરૂપ નથી. ૬. જેમ અમૃતમાં બધી જ ઔષધિઓ રહી છે. અને તેથી જ અમૃતપાન કરવાથી સર્વે રોગ જાય છે, તેમ સુખદાયક આ ગ્રંથનાં શ્રવણ, પઠનથી તમામ આંતરિક રોગો દૂર થાય છે તથા આ લોક અને પરલોકમાં સહુને આનંદ આપે છે. ૭. આ ગ્રંથમાં આત્યંતિક મોક્ષ કરનારી મંગળમય બધી જ વાતો છે. આ ગ્રંથના સેવનથી વિષયના ભોગરૂપ મનનાં બધા રોગનો નાશ થાય છે. ૮. આ ગ્રંથ અત્યંત અમૂલ્ય છે. કોઈ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથને તુલ્ય નથી. એટલા માટે કોઈ મનુષ્ય આ ગ્રંથનો એકાગ્રમનથી પાઠ કરે, શ્રવણ કરે અથવા મનમાં ચિંતન કરે તો તેનાં બધાં જ વિઘ્ન મટી જાય છે. તેના ઉપર શ્રીઘનશ્યામ પ્રભુ એવી સહજ કૃપા કરશે કે, તે પાઠ-શ્રવણાદિક કરનાર સહેજે જ સર્વોપરિ ધામને પામશે. ૯-૧૦.

આ બાબતમાં કોઈ જાતનો સંદેહ રાખવો નહીં. જેને ભગવાનને વશ કરવા હોય તે આ ગ્રંથનું સેવન કરે. જેનાં કરોડ જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તે જ આ હરિચરિત્રામૃતસાગરરૂપી અમૃતનું પાન કરી શકે. ૧૧. મોટા મોટા સંતો પણ જેના ગુણ ગાય છે એવા આ ગ્રંથનું સદાય સેવન

કરવું. કેમ જે, આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું સેવન કરનાર તરત જ સંસારસાગરને તરી જાય છે. ૧૨. ભગવાનની આજ્ઞા અને ઉપાસના, તે બે અદ્‌ભુત બાબત છે. તે બે અક્ષરધામમાં જવા માટેની પ્રત્યક્ષ પાંખો સમાન છે. ૧૩. તે આજ્ઞા અને ઉપાસનાને આ ગ્રંથમાં ખાસ સમજાવી છે. બીજા બધા ગ્રંથો કરતાં આમાં તેના ઉપર અનોખો પ્રકાશ પાડ્યો છે. ૧૪.

सोरठा : सबसे अधिक सत्संग, महत्त्व इसमें गाया है;
मोक्ष का मुख्य अंग, सत्संग हि कहाया है...१५
सर्वोपरि भगवान, स्वामिनारायण को ही;
कहकर किया है गान, विध विध से बार बार हि...१६

આ ગ્રંથમાં સહુથી વધારે તો સત્સંગનું મહત્ત્વ ગાયું છે અને મોક્ષનું મુખ્ય અંગ પણ સત્સંગને જ કહ્યો છે. ૧૫. આ ગ્રંથમાં સ્વામિનારાયણ ભગવાનને જ સર્વોપરિ કહીને વારંવાર તથા વિવિધ રીતે તેનું ગાન કર્યું છે. ૧૬. માટે મુમુક્ષુએ તત્પર થઈને આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું સેવન કરવું. આ ગ્રંથના પ્રત્યેક તરંગમાં જીવનો મોક્ષ અતિશય છલકાઈ રહ્યો છે. ૧૭. આમાં પ્રભુ શ્રીહરિએ વારંવાર જીવને મોક્ષને માટે સાવધાન કર્યા છે. આવો ગ્રંથ ક્યાંય નહિ મળે; માટે સહુએ મોટું ભાગ્ય સમજીને આ ગ્રંથનું સેવન કરવું. ૧૮. **કોઈ નરનારી સકામ હોય કે નિષ્કામ હોય, તે બધાં આ ગ્રંથને વિચાર કરીને વાંચે, સાંભળે અને ગાય તેના ઉપર અવતારી શ્રીહરિ ખૂબ ખૂબ પ્રસન્ન થાશે.** ૧૯. પ્રસન્ન થઈને પ્રભુ શ્રીહરિ તેને ગમતું ઘણું સુખ આપશે; આમાં લેશમાત્ર પણ સંશય ન કરવો. આ ગ્રંથનો જે પાઠ કરશે તે આ લોકમાં માન, મોટાઈ, સત્તા તથા સંપત્તિને ખૂબ પામશે. ૨૦.

આ ગ્રંથના સેવનથી પ્રસન્ન થયેલા શ્રીહરિ ભક્તને સારું ઘર, ધંધો, નોકરી, ગાડી તથા બંગલા વગેરે આપશે. તેમજ અત્યંત પ્રિય પતિ, પુત્ર, પત્ની, રૂપ, ગુણ અને તમામ ઐશ્વર્ય આપશે. ૨૧. કોઈ આ ગ્રંથને નિત્ય ગાય તો સ્ત્રીઓને વિધવાપણું કે વાંજિયાપણાનું દુઃખ નહિ આવે. તેના પુત્ર તથા પરિવારમાં સંપ રહેશે અને બધા લોકો તેને ધન્ય ધન્ય કહેશે. ૨૨.

કદાચ પોતાની ક્રિયાથી વ્યવહારમાં કાંઈ બગડ્યું હોય તોપણ આ ગ્રંથ સાંભળવાથી તે સુધરી જશે. કોઈ રોગ થયો હોય અથવા કોઈ ભૂત, પ્રેત વગેરે નડતર હોય, પણ આ ગ્રંથના શ્રવણથી તે જતા રહેશે અને તે ભક્ત સ્ત્રી-પુરુષ સારી રીતે સાજા, તાજા અને ખુશ રહેશે. ૨૩. આ ગ્રંથને કોઈ ગાશે તો તેના જે શત્રુ હશે તે પણ મિત્ર થઈ જશે. તેની અશાંતિ, ઉદ્વેગ, હતાશા અને અંદરની નિરાશા, આ બધાનો નાશ થઈ જશે. ૨૪.

જે આ ગ્રંથનું સેવન કરશે તેના શરીરની અને મનની નિર્બળતા તત્કાળ જતી રહેશે. ધર્મના લાલ શ્રીહરિ તેને તત્કાળ જ નવી શક્તિ આપશે. ૨૫. વળી, પ્રસન્ન થયેલા મારો મહારાજ આ ગ્રંથનું સેવન કરનારને વિદ્યા દેશે, બુદ્ધિ દેશે અને સારો સ્વભાવ આપશે; અરે ! બીજું જે માગો તે આપશે. ૨૬. આ ગ્રંથને સાંભળવા કે વાંચવાથી દિલમાં ઘણી હિંમત આવશે તથા પાપ, શાપ અને સંતાપથી તરત જ મુક્તિ મળશે. ૨૭. વળી, આ ગ્રંથને સાંભળવાથી કે વાંચી સંભળાવવાથી ધર્મનો ત્યાગ કરી જે કાંઈ પાપ કર્યું હોય તે બધાનો નાશ થઈ જશે અને અમાપ સુખ જરૂર થશે. ૨૮. **તમારો કોઈ વિરોધી કે પ્રતિસ્પર્ધી હશે, કોઈ નઠારો બળવાન શત્રુ હશે, તે પણ તમારું કાંઈ બગાડી શકશે નહીં; એટલા માટે આ સંપૂર્ણ ગ્રંથનો પ્રેમથી પાઠ કરવો.** ૨૯. આ ગ્રંથનો પાઠ તમારા પ્રારબ્ધને બદલી નાખશે અને ભગવાનનાં સુખે સુખિયા રાખશે. કેમ જે, આ સાગર ગ્રંથમાં ઓગણત્રીશ પૂર છે, તે બધાં પૂર અમૃતથી ભરપૂર છે. ૩૦.

આ ગ્રંથનો મહિમા અપરંપાર છે. એટલા માટે સહુએ પ્રેમથી આ ગ્રંથનો પાઠ કરવો. કોઈ સમાજસેવા કરે કે પુણ્યદાન કરે અથવા ભલે બધાં જ તીર્થોમાં જઈને સ્નાન કરે, કોઈ વ્રત, તપ, જપ અને યજ્ઞ કરે; પણ તે બધાં સાધન આ ગ્રંથના પાઠને તુલ્ય નહિ થાય. બધાં જ પુણ્ય કરતાં આ ગ્રંથના પાઠનું પુણ્ય મોટું છે. કારણ કે, બીજાં બધાં જ સાધનો શ્રીહરિચરિત્રની આગળ નાના જ છે. ૩૧-૩૨. આ શ્રીહરિચરિત્રામૃતસાગર બધાં જ દુઃખને ટાળશે. તે માયાને ટાળીને બધી જાતનું સુખ આપશે. આ સાગર ગ્રંથના શ્રવણ, પઠનનો મહિમા તો કરોડો ગૌદાન કરતાં પણ અતિશય વધું સુખ,

શાંતિ આપનારો છે. ૩૩. **આ સાગર ગ્રંથનું એક પૂર પણ બધાં દુઃખને દૂર કરે છે. કોઈ મનુષ્ય આ ગ્રંથનો એક તરંગ રોજ ગાશે-વાંચશે તો તેનાં બધાં જ દુઃખનો નાશ થશે.** ૩૪. **કોઈ આ ગ્રંથના દોહા, સોરઠા કે ચોપાઈ જેવી એક કડીને પણ જો ગાશે તો બધા દેવો, મુક્તો પણ તેને વખાણશે. આ ગ્રંથના થોડા ભાગને પણ કોઈ રોજ ગાશે તો તેને અમાપ પુણ્ય થશે.** ૩૫.

બીજા દેવ, દેવી અને અવતારોના અપાર ગ્રંથો અને સ્તોત્રો છે. તે બીજા કરોડો સ્તોત્રોને કોઈ ગાશે, તોપણ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ તુલ્ય નહિ થાય. ૩૬. આ ગ્રંથના પ્રત્યેક શબ્દોથી અમૃત ઝરે છે. વળી તેનાથી તન, મન અને જીવ પણ અતિશય શાંતિ પામે છે. આ શ્રીહરિચરિત્રામૃતની એક અંજલિ પણ કોઈ પીશે તો શ્રીહરિ તેને અમરપદ આપશે. ૩૭. કોઈ મુમુક્ષુ માત્ર આ ગ્રંથનો એક જ પાઠ કરશે તો એનું બધું જીવન સુધરી જશે. તેનાં બધાં જ કષ્ટ નાશ પામશે અને ધાર્યું કામ તરત જ સિદ્ધ થશે. ૩૮.

चोपाई :

पाठ करे जो निष्काम भक्ता, होगे हरि में अति आसक्ता;
धर्म ज्ञान वैराग्य भक्तिही, पाठ करने से बढे अतिही...३९
मिले सच्चे संत हरि सेवा, मिले मन चाहा सुख मेवा;
श्रीहरि अखंड याद रहेऊ, काम क्रोध लोभ स्वाद मिटेऊ...४०

दोहा : इसके पाठ करने से, होत हरि अति प्रसन्न;
अखंड अपनी आत्मा में, देंगे निज दरशन...४१

કોઈ નિષ્કામ ભક્ત આ ગ્રંથનો પ્રભુ પ્રસન્નતાર્થે જ પાઠ કરશે તો તેને ભગવાનના સ્વરૂપમાં અતિશય પ્રેમ વધશે. આનો પાઠ કરવાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ અતિશય વધશે. ૩૯. આ ગ્રંથનો પાઠ કરવાથી સાચા સંત અને ભગવાનની સેવા મળશે અને મનોવાંછિત સુખરૂપી મીઠા મેવા મળશે, શ્રીહરિ અખંડ યાદ રહેશે, તેમજ કામ, ક્રોધ, લોભ અને રસાસ્વાદ આદિક દોષો મટી જશે. ૪૦. આ ગ્રંથનો પાઠ કરવાથી પ્રભુ શ્રીહરિ અતિ પ્રસન્ન થશે અને પોતાના આત્મામાં તેઓ પોતાનું અખંડ દર્શન દેશે. ૪૧. અત્યંત સામર્થ્યવાળા શ્રીહરિ આ ગ્રંથનું શ્રવણ, પઠન કરનારને વશ

થઈ જશે. કારણ કે, આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનો યશ એવો ઘણો મોટો છે. ૪૨. આ ગ્રંથ સેવનથી જેમ નદીમાં પૂર આવે તેમ ભગવાનના સ્વરૂપમાં હેત વધશે. માટે ભગવાનનો મહિમા વધારવા આ ગ્રંથને ગાવો અને સાંભળવો. ૪૩. **સ્વામી જ્ઞાનજીવનદાસજી(કુંડળધામવાળા)** કહે છે કે, 'આ ગ્રંથનો મહિમા અપાર છે. જેમ પ્રાણજીવન પ્રભુ સર્વાવતારી શ્રીહરિ સર્વોપરિ છે તેમ જ આ ગ્રંથ પણ સર્વોપરિ છે.' ૪૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું માહાત્મ્ય કહ્યું" એ નામે એકસો ને પાંચમો તરંગ સમાપ્ત ॥૧૦૫॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૬

ગ્રંથપુરશ્ચરણની વિધિ તથા ગ્રંથની સૂચિ કહી

શ્રીહરિચરિત્રરૂપી અમૃતનો મહાસાગર ઘણો સુખદાયક છે. કોઈ દિલમાં પ્રેમ લાવીને આ ગ્રંથના **વીશ પાઠ પૂરા** કરશે, તો આ ગ્રંથનું તેણે પુરશ્ચરણ પૂર્ણ કર્યું કહેવાશે. અને તે પુરશ્ચરણ બધા મનોરથને પૂરનારું છે. આવું આ ગ્રંથનું પુરશ્ચરણ કરનાર જે મનમાં ચાહશે તે ફળ તેમને મળશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ૧-૨. સત્સંગિજીવન ગ્રંથના પુરશ્ચરણ જેવો આ ગ્રંથના પુરશ્ચરણમાં પણ વિધિ કરવો. આ પુરશ્ચરણથી શ્રીહરિ અતિશય પ્રસન્ન થશે. ૩. **આ પુરશ્ચરણથી કારણ શરીરનો નાશ થશે. જીવનાં પાપ, તાપ અને બધી આશાઓનો નાશ થશે અને પ્રગટ શ્રીહરિ મળશે.** ૪.

હવે આ ગ્રંથના પૂરને અનુસારે તેની શુભકારી સૂચિ કહું છું. **પહેલા પૂરમાં** શ્રીહરિનું પ્રાકટ્ય, બાળલીલા, અયોધ્યાગમન, માતા-પિતાની દિવ્યગતિ અને શ્રીહરિએ ગૃહત્યાગ કર્યો તેનું વર્ણન કર્યું છે. **બીજા પૂરમાં** શ્રીહરિનું વનવિચરણ તથા બદરિકાશ્રમ આદિક તીર્થોની યાત્રા કરીને લોજમાં આવ્યા તેનું વર્ણન કર્યું છે. **ત્રીજા પૂરમાં** મુક્તાનંદ સ્વામીનો મેળાપ તથા શ્રીહરિ રામાનંદ સ્વામીને મળ્યા અને તેમની પાસેથી દીક્ષા લઈને સહજાનંદ

સ્વામી બન્યા. ૫-૭. તથા શ્રીહરિએ ધર્મધુરા સ્વીકારી અને મોટું સમાધિ પ્રકરણ ચલાવ્યું. તેમાં અવતારીપણું બતાવ્યું અને ફરતાં ફરતાં ગઢપુરમાં આવ્યા ત્યાં સુધીનું વર્ણન કર્યું છે. ૮.

ચોથા પૂરમાં ભક્તોને સુખ આપનારું કાઠિયાવાડમાં વિચરણ કર્યું, બ્રહ્માનંદ સ્વામીને દીક્ષા આપી તથા મછિયાવ અને અમદાવાદ ગયા તે કહ્યું છે. ૯. **પાંચમા પૂરમાં** ભુજથી સુંદરજીભાઈનો પત્ર આવવાથી હાલાર દેશમાં વિચરણ કર્યું, દ્વારકામાં દર્શન કર્યાં, ભુજમાં ચાતુર્માસ રહ્યા અને તે પછી ચરોતરમાં વિચરણ કર્યું; તે કહ્યું છે. **છઠ્ઠા પૂરમાં** સવારોની સાથે પ્રભુનું ઝાલાવાડમાં વિચરણ, તેમજ સોરઠ તથા કાઠિયાવાડમાં વિચરણ કરીને ગઢપુર આવ્યા તે લીલા કહી છે. **સાતમા પૂરમાં** હાલારમાં જ વિચરણ કર્યા પછી કચ્છ ભુજમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો અને ઝાલાવાડના ભક્તોને સુખ આપ્યું. તેમજ વૈરાગીઓએ ત્રાસ દીધો, સિદ્ધપુરની યાત્રા કરી. પછી દંઢાવ્ય દેશમાં વિચરણ કરીને શ્રીહરિ અમદાવાદ આવ્યા તે લીલા કહી છે. **આઠમા પૂરમાં** શ્રીહરિએ જેતલપુર આવીને રંગોત્સવ કર્યો. ૧૦-૧૪. આસપાસના ગામોમાં શ્રીહરિએ સુખદ વિચરણ કર્યું. પછી ચરોતરમાં ફરી વડતાલમાં રામનવમીનો ઉત્સવ કર્યો વગેરે લીલા વર્ણવી છે. ૧૫.

નવમા પૂરમાં ચરોતર, ભાલ, ભાલબારા અને બોટાદ આદિ ગામોમાં વિચરણ કરી સર્વોપરિ શ્રીહરિ ગઢપુર આવ્યા વગેરે ચરિત્રોનું વર્ણન કહ્યું છે. ૧૬. **દશમા પૂરમાં** શ્રીહરિ કારિયાણી ગયા, ત્યાંથી સોરઠમાં વિચર્યા, મેઘપુરમાં છ માસ રહ્યા; ત્યાં પ્રસિદ્ધ બ્રાહ્મણોની ચોરાશી કરી, સહુને ધ્યાન-ધારણા શીખવ્યાં, ત્યાંથી હાલારમાં આવ્યા. પછી કચ્છમાં વિચરણ કરી ભુજમાં જ વસંતપંચમીનો ઉત્સવ કર્યો વગેરે લીલા કહી છે. ૧૭-૧૮. **અગિયારમા પૂરમાં** કચ્છનું વિચરણ, માંડવીમાં વેદાંત બાબતના પ્રશ્નોત્તર કરીને ત્યાંથી હાલાર થઈ ફરેણી આવ્યા. ત્યાં હરિજયંતીનો ઉત્સવ કર્યો. ધોરાજીમાં એકાદશીના વ્રતનો મહિમા કહ્યો, તથા જૂનાગઢમાં મોટી સવારી સાથે આવ્યા અને નવાબને ત્યાં પ્રેમભરી પધરામણી કરી. વળી કાઠિયાવાડમાં વિચરણ કરી ત્યાંથી કાલવાણી ગામમાં આવ્યા વગેરે લીલા કહી છે. **બારમા પૂરમાં**

કાલવાણીમાં સુખદ તુલસીવિવાહ કર્યો. ૧૯-૨૧. સુખધામ પરમહંસ કર્યા અને તે બધાનાં નામ લખ્યાં છે. ત્યાંથી કચ્છ-ભુજ ગયા, અઢાર પરમહંસ કર્યા. પછી ખોખરા, મહેમદાવાદ થઈને શ્રીહરિ ભુજ પધાર્યા વગેરે ચરિત્રો કહ્યાં છે. **તેરમા પૂરમાં** ડભાણમાં મોટો યજ્ઞ કર્યો. પછી ભાલ તથા કાઠિયાવાડ દેશમાં જઈને વિચરણ કર્યું. ૨૨-૨૩. ત્યાંથી કચ્છ, હાલાર અને સોરઠમાં વિચરણ કરીને જૂનાગઢ આવ્યા. ત્યાંથી ગઢપુર આવ્યા અને અન્નકૂટનો ઉત્સવ કર્યો; તે ચરિત્રો કહ્યાં છે. ૨૪.

ચૌદમા પૂરમાં જેતલપુરમાં યજ્ઞ કરીને ચરોતર, ભાલબારા, ભાલ, હાલાર, કચ્છ તથા સોરઠમાં વિચરીને શ્રીહરિ કાઠિયાવાડ આવ્યા, અને ફરી વૌઠા સમૈયો કરીને અમદાવાદમાં આવ્યા. ત્યાં સૂબાનું કપટ જાહેર કર્યું. પછી ત્યાંથી સારંગપુરમાં મહાન રંગોત્સવ કરી ગઢપુર આવ્યા વગેરે લીલાનું વર્ણન કહ્યું છે. **પંદરમા પૂરમાં** સુખના નિધિ જેવા શ્રીહરિએ દુષ્કાળની ચેતવણી આપી. ૨૫-૨૭. ગઢપુરમાં રંગોત્સવ કર્યો, જાળિયામાં બીમારી સ્વીકારી. પછી ચરોતરથી અમદાવાદ અને બીજા ગામોમાં ફરતાં ફરતાં શ્રીહરિ ગઢપુર આવ્યા; તે વિચરણ કહ્યું છે. ૨૮. **સોળમા પૂરમાં** દયાળુ શ્રીહરિએ જન્માષ્ટમીનો ઉત્સવ વડતાલમાં કર્યો. પછી ધર્મપુર જઈને વસંતોત્સવ કર્યો, તથા ધર્મપુરથી નીકળી ગઢપુર આવતાં જ્યાં રોકાય ત્યાં કુશળકુંવરબાઈની વાત કરતાં કરતાં જગતના તાત શ્રીહરિ ગઢપુર આવ્યા. ૨૯. ફરી વડતાલ ગયા, ત્યાં રંગોત્સવ અને ફૂલદોલોત્સવ કર્યો વગેરે લીલા વર્ણવી છે. **સત્તરમા પૂરમાં** વડતાલમાં સરસ આમ્રરસોત્સવ કર્યો. ૩૦. અને ત્યાં જ દીપોત્સવ કરીને ગુજરાતમાં વિચરણ કર્યા પછી સોરઠ પ્રદેશમાં ગયા. ફરી ગઢપુરથી વડતાલ જઈને કૃપાળુ શ્રીહરિએ રંગોત્સવ કર્યો. ૩૧. ત્યાં વેદાંતાચાર્ય આવ્યા અને શ્રીહરિએ તેનો પરાભવ કર્યો વગેરે વાતો કહી છે.

અઢારમા પૂરમાં મુક્તાનંદ સ્વામીએ વડોદરામાં વિજય મેળવ્યો. ૩૨. શ્રીહરિ વિચરણ કરતાં કરતાં આદરજમાં પધાર્યા અને ત્યાં અન્નકૂટોત્સવ કર્યો. તથા ત્યાં જ ચાર સદ્‌ગુરુઓની સ્થાપના કરી અને ફરતાં ફરતાં શ્રીહરિ ગઢપુર આવ્યા; તે લીલા કહી છે. ૩૩. **ઓગણીશમા પૂરમાં** ધર્મવંશના

સદ્‌ગુણો તથા અધર્મવંશના દુર્ગુણોનાં લક્ષણ ધર્મવંશી શ્રીહરિએ કહ્યાં. બોટાદમાં રંગોત્સવ કર્યો, ગઢપુરમાં ગેબીને હરાવ્યો. ૩૪. પછી સુખકારી શ્રીહરિએ જેતલપુરમાં બ્રહ્મરાક્ષસનો મોક્ષ કર્યો, તથા સાહેબના આમંત્રણથી શ્રીહરિ અમદાવાદ ગયા. ૩૫. પછી વડતાલ જઈ ગઢપુર આવીને રહ્યા વગેરે ચરિત્રો કહ્યાં છે. **વીશમા પૂરમાં** શ્રીહરિએ ગઢપુર તથા મછિયાવમાં ઘણો સરસ રંગોત્સવ કર્યો. ૩૬. આત્માનંદ મુનિનું વિસ્તૃત આખ્યાન ભગવાન શ્રીહરિએ સ્વમુખથી કહ્યું. અમદાવાદમાં મંદિર શરૂ કર્યું. પછી વિચરણ કરતાં શ્રીહરિ ગઢપુર આવ્યા. ૩૭. ત્યાં અન્નકૂટનો ઉત્સવ થયો અને મીણબાએ દેહનો ત્યાગ કર્યો વગેરે ચરિત્રો કહ્યાં છે.

એકવીશમા પૂરમાં ગઢડા પ્રથમ પ્રકરણનાં વચનામૃત કહ્યાં છે. ૩૮. પછી ભવ્ય રંગોત્સવ થયો અને શ્રીહરિએ હરિજયંતીનો ઉત્સવ કર્યો; તે લીલા કહી છે. **બાવીશમા પૂરમાં** કાંઈક વચનામૃત કહ્યાં, ગઢપુરમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો. ૩૯. અમદાવાદમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, પછી ચોરાશી કરીને ગઢપુર આવ્યા વગેરે ચરિત્ર કહ્યાં છે. **ત્રેવીશમા પૂરમાં** સારંગપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. ૪૦. તથા ત્યાં જ સારંગપુર પ્રકરણનાં વચનામૃત કહ્યાં, પછી કારિયાણીમાં આવ્યા. ત્યાં અન્નકૂટોત્સવ કર્યો અને કારિયાણીનાં વચનામૃત કહ્યાં. પછી ત્યાંથી અમૃત સમાન ઉપદેશ આપતાં શ્રીહરિ લોયા આવ્યા વગેરે ચરિત્રો વર્ણવ્યાં છે. ૪૧. **ચોવીશમા પૂરમાં** લોયાનાં વચનામૃતો કહ્યાં છે, તેમજ શાકોત્સવ અને વસંતોત્સવ કર્યો. તથા ત્યાં ધર્મકુળનું આગમન થયું અને શ્રીહરિ વિચરણ કરતાં પંચાળા ગયા; તે લીલાનું વર્ણન કર્યું છે. ૪૨.

પચીશમા પૂરમાં પંચાળાનાં વચનામૃત, રંગોત્સવ અને રાસોત્સવની લીલા કહી છે. તેમજ સોરઠ પ્રદેશમાં વિચરણ કરી, ભુજમાં મૂર્તિપ્રતિષ્ઠા કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા વગેરે ચરિત્રો કહ્યાં છે. ૪૩. **છવ્વીશમા પૂરમાં** ગઢપુર મધ્ય પ્રકરણનાં ત્રીશ વચનામૃત કહીને વડતાલમાં દિવાળીનો ઉત્સવ કર્યો અને દેવોની સરસ પ્રતિષ્ઠા કરી. ૪૪. આચાર્યોની ચર્ચા કરી અને સચ્ચિદાનંદ મુનિ દ્વારકાધીશને લઈ આવ્યા વગેરે ઘટનાઓ કહી છે. **સત્યાવીશમા પૂરમાં** ગઢપુરમાં મધ્ય પ્રકરણનાં થોડાં વચનામૃત કહ્યાં. ૪૫.

જન્માષ્ટમી અને દીપોત્સવ કર્યો. ફરી વડતાલમાં પ્રબોધની ઉત્સવ કરી, કાનમ થઈને સુરત ગયા. અને ત્યાંના ભક્તોને ખૂબ ખુશ કરવા અપાર ચરિત્રો કરીને શ્રીહરિ ગઢપુર આવ્યા; વગેરે લીલાઓ વર્ણવી છે. ૪૬.

અઠ્યાવીશમા પૂરમાં શ્રીહરિએ દાદા ખાચરના બીજા લગ્ન કરાવ્યા. દયાળુ શ્રીહરિએ આચાર્યની સ્થાપના કરી, વડતાલમાં અન્નકૂટોત્સવ કર્યો; પછી ગઢપુર આવ્યા, મધ્ય પ્રકરણનાં અમુક વચનામૃત કહ્યાં, સુંદરિયાણામાં રંગોત્સવ કર્યો, ચરોતરથી ઝાલાવાડ તથા કાઠિયાવાડના ગામોગામ ફરતાં ફરતાં શ્રીહરિ ગઢપુર આવ્યા અને સુખેથી ત્યાં રહ્યા. તેમજ ઝીણાભાઈ તથા દેવરામભાઈ, બંને અક્ષરવાસી થયા; વગેરે પ્રસંગો કહ્યા છે. ૪૭-૪૯. **ઓગણત્રીશમા પૂરમાં** ખબડ-મતારા વગેરે સાથે પાર્ષદોનું યુદ્ધ, વડતાલમાં પ્રબોધની ઉત્સવ, વડોદરામાં શ્રીહરિની ભવ્ય સવારી, ઈચ્છારામભાઈનો અક્ષરવાસ, બદ્ધ-મુક્તનું જ્ઞાન, ધોલેરા તથા જૂનાગઢમાં શ્રીહરિએ મૂર્તિપ્રતિષ્ઠા કરી; ગઢપુરમાં મંદિર કરી મૂર્તિપ્રતિષ્ઠા કરી, સુંદર સત્સંગિજીવન ગ્રંથની રચના કરી, નિત્યાનંદ સ્વામીની પરીક્ષા લીધી, અને શ્રીહરિએ અંતર્ધાન લીલા કરી. તેમજ ગ્રંથનો મહિમા ગાયો છે. આ રીતે આ ગ્રંથ મહાન સુખના ખજાના જેવો અજોડ થયો છે. ૫૦-૫૩.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગ્રંથપુરશ્ચરણની વિધિ તથા ગ્રંથની સૂચિ કહી" એ નામે એકસો ને છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૧૦૬॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૭

સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીનું જીવનચરિત્ર

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના લેખક શ્રીસિદ્ધાનંદ ઉર્ફે આધારાનંદ સ્વામીનું જીવનચરિત્ર હું ઘણા આનંદથી ટૂંકમાં લખું છું. ૧. મેમકા ગામને ધન્ય છે અને ત્યાં રહેલી સુતાર જ્ઞાતિને ધન્ય છે. તે રીતે જ મણિબા તથા હંસરાજભાઈને પણ ધન્ય છે કે જે દંપતિએ આધારાનંદ સ્વામી જેવા સંતને

જન્મ આપ્યો હતો. ૨. સુરેન્દ્રનગર જિલ્લામાં **મેમકા** નામે એક અનુપમ ગામ છે. ત્યાં **ભીમજીભાઈ** સુતાર પોતાના પરિવારની સાથે રહેતા હતા. ૩. તેમની પત્નીનું નામ **ફૂલબાઈ** હતું. તેમની જ્ઞાતિ ગુર્જર સુતાર હતી. તેમની પ્રસિદ્ધ અટક વડગામા કહેવાતી હતી. ૪. તેમને **હંસરાજભાઈ** નામે ઘણા ગુણવાન એક જ પુત્ર હતા. હંસરાજભાઈની પત્નીનું નામ **મણિબાઈ** હતું. તે દંપતીને સુખદાયક ત્રણ પુત્ર હતા. ૫. જેમાં નિષ્કામ ગુણવાળા મોટા પુત્ર વીરજીભાઈ નામે હતા. સં.૧૮૫૫માં જેઠ સુદ-૮ના રોજ તેમનો જન્મ થયો હતો. ૬.

લીંબડીના મૂળજી શેઠ દ્વારા તેમનાં માત-પિતાને સત્સંગ થયો હતો. તે બંને અત્યંત ધર્મનિષ્ઠ હતા. તેથી તેમના સંસ્કાર તેમના પુત્ર પામ્યા હતા. ૭. એટલે તેમના પુત્રો પણ ધર્મનિષ્ઠ ભક્ત થયા. પ્રગટ શ્રીહરિનું સદાય ભજન કરતા. એકવાર હંસરાજભાઈ પ્યારા શ્રીહરિની આજ્ઞાથી **ખોલડિયાદ** ગામ રહેવા ગયા. ૮. વીરજી તો નાનપણથી જ સત્સંગપરાયણ થયો હતો. તેમણે શુદ્ધ ભાવથી ઘણી સેવા કરી તેનાથી પ્રગટ દેવાધિદેવ શ્રીહરિ તેમના ઉપર ઘણા રાજી થયા. ૯. સંતોની સેવા કરી તેથી વીરજીને સંસારની આસક્તિ તૂટી ગઈ અને તે શુદ્ધ વૈરાગ્યવાળા થયા. પછી તેમણે સંસારને તજી દેવાનો વિચાર કર્યો. ૧૦. **વીરજીનું સંપૂર્ણ જીવન સત્સંગપરાયણ જ હતું. સંતોની સેવા કરવાથી જ તેમને જોત-જોતામાં જ સંસાર અસાર થઈ ગયો હતો.** ૧૧.

તેમના દિલમાં વિચાર આવ્યો કે, ‘મારે સંસાર કરવો નથી. શ્રીહરિની કૃપાથી હું સાધુ થઈશ અને ત્યાં શ્રીહરિ તથા સંતોની સેવા કરીશ. ૧૨. હવે મારે આ સંસારમાં જીવન જીવવું નથી. સાધુની દીક્ષા ગ્રહણ કરી, સાધુ થઈ ભગવાનને જ ભજવા છે. ૧૩. શેષ જીવન શ્રીહરિની સેવામાં અર્પણ કરવું છે. ભગવાન શ્રીહરિ તથા સંતોને રાજી કરવા માટે હું સેવા તથા ભજન-સ્મરણ કરીશ;’ એવો તેમણે મનોમન દૃઢ નિર્ણય કર્યો. ૧૪. પછી એક દિવસ વીરજીએ પોતાની માતા મણિબાને કહ્યું, “મા ! મને આ સંસારથી સુખરૂપ વૈરાગ્ય થયો છે. ૧૫. જો તમે રાજી થઈને મને રજા

આપો તો હું શ્રીહરિ તથા સંતોની સેવા કરવા માટે સાધુ થાઉં." ૧૬. તેની ઘણી ઊંચી ભાવનાથી ખૂબ રાજી થઈ સાધુ થવાનું અનુમોદન આપતાં મણિબાએ કહ્યું કે, **"બેટા ! સાંભળ, તેં ઘણો સારો વિચાર કર્યો છે, આ સંસાર તો અસાર છે. તું મોક્ષને માર્ગે પ્રયાણ કર, તારું કલ્યાણ થશે જ.** ૧૭-૧૮. **મારા આશીર્વાદ છે, તું જા..! સદાય ભગવાન શ્રીહરિના ગુણોનું ગાન કરજે. ત્યાં શ્રીહરિની સેવામાં તું ખૂબ જ કામ આવીશ અને પ્રગટ શ્રીહરિના મનમાં ગમી જઈશ."** ૧૯.

આ રીતે જ્યારે માતાએ પ્રોત્સાહન આપ્યું ત્યારે પુત્ર વીરજીભાઈનો આત્મા અતિ પ્રસન્ન થયો. પછી બીજે દિવસ હંસરાજભાઈએ પોતાની પત્નીને એકાંતમાં વાત કરતાં કરતાં જે પોતાના મનમાં ગુપ્ત વાત હતી તે કહી કે, 'મારો વિચાર છે કે હું સાધુ થાઉં અને ભગવાન શ્રીહરિ તથા સંતોને સેવાથી રાજી કરું.' ૨૦-૨૧. પોતાના પતિની આ વાત સાંભળીને મણિબાઈ ખૂબ રાજી થયાં. પછી તેણે પોતાના પતિને કહ્યું, "આવો જ વિચાર વીરજીનો પણ છે. ૨૨. માટે તમે બંને મળી શ્રીહરિની પાસે જાઓ અને ત્યાં અવિનાશી પ્રભુ જેમ કહે તેમ કરો." પછી પ્રભુ શ્રીહરિની મરજીમાં જ પોતાનું જીવન સમર્પિત કરવા, અને શ્રીહરિને રાજી કરવા માટે પિતા-પુત્ર બંને ઘર છોડીને એકસાથે ચાલી નીકળ્યા. હરખથી ગઢપુર આવ્યા કે જ્યાં સુખદાયક શ્રીહરિ વિરાજમાન હતા. ૨૩-૨૪.

दोहा : धन्य ऐसी माता को, धन्य हो ऐसी नार;
पति या अपने पुत्र का, करना चहे उद्धार...२५
जनम दिये जो संत को, धन्य ऐसी मात;
माया छुडाई स्वपुत्र कु, मिलाये हरि साक्षात...२६

આવી માતાને ધન્ય છે અને એવી પત્નીને પણ ધન્ય છે કે, જે માતા પુત્રનો અને જે પત્ની પતિનો ઉદ્ધાર કરવા ચાહે છે. ૨૫. જે માતાએ પોતાના પુત્રને સંસાર છોડાવીને સાક્ષાત્ શ્રીહરિનો મેળાપ કરાવ્યો છે, અને જેણે એક સાચા સંતને જન્મ આપ્યો, એવી માતાઓને ખૂબ ખૂબ ધન્ય છે. ૨૬. વિક્રમ સંવત ૧૮૭૩ની સાલમાં જન્માષ્ટમી ઉપર તે પિતા-પુત્ર બંને ગઢપુર

આવ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામીને પોતાના અંતરની વાત કરી. ૨૭. ત્યારે મુક્તાનંદ સ્વામી તે બંનેને શ્રીહરિની પાસે લઈ ગયા અને બધી વાત સ્પષ્ટ કહી. તે સાંભળીને શ્રીહરિએ ત્યારે કહ્યું કે, "અમારી સેવામાં તો વીરજી વધારે ઉપયોગી થશે. માટે તે જ સાધુ થઈને સત્સંગની સેવાને અનુસરે. ૨૮-૨૯. અને હે હંસરાજભાઈ ! તમે તમારે ઘેર પાછા જાઓ અને ત્યાં બીજા સહુને સત્સંગ કરાવો." આમ કહીને શ્રીહરિ તે બંને પિતા-પુત્રને ભેટ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ૩૦. પછી વીરજીને ગઢપુરમાં જ જન્માષ્ટમીના ઉત્સવ ઉપર શ્રીહરિએ સંતની દીક્ષા આપી. પ્રગટ શ્રીહરિએ તેના ઉપર ઘણી કૃપા કરી. ૩૧. એક શ્રીહરિને આધારે જ પોતાનું જીવન કુરબાન કરી સાધુ થવા આનંદથી આવી ગયા. **તેથી મહારાજે તેમનું નામ 'આધારાનંદ' રાખ્યું.** તેમને પણ સાધુ થવાથી ખૂબ જ આનંદ થયો. ૩૨. તેમનું એવું સાર્થક નામ આપ્યું કે તેનાથી તે કૃતાર્થ થયા. તે સમયે આધારાનંદ સ્વામીની ઉંમર લગભગ **સત્તર વર્ષ**ની હતી. ૩૩.

શ્રીહરિએ તેમને મુક્તાનંદ સ્વામીના શિષ્ય બનીને રહેવાની આજ્ઞા આપી. ત્યારથી તેમણે પોતાની આખી જિંદગી પ્રભુ શ્રીહરિને પ્યારી લાગે તેવી કરી દીધી. ૩૪. શ્રીહરિના સ્નેહપાત્ર બનવા માટે તેમણે સત્સંગની બહુ સેવા કરી. એક દિવસ આધારાનંદ સ્વામી નવું કાવ્ય કરીને શ્રીહરિની પાસે લાવ્યા. ૩૫. તેને જોઈને શ્રીહરિએ એમ કહ્યું કે, "આ તમારું નામ કાવ્યને અનુકૂળ નથી. માટે હવેથી તમે તમારાં તમામ કાવ્ય **'સિદ્ધાનંદ'** નામથી કરજો. ૩૬. પછી તો મનમાં રાજી થઈને પોતે જે કાવ્યાદિક કર્યાં તે સિદ્ધાનંદ નામથી જ કર્યાં. જે રીતે શ્રીહરિનો જમણો હાથ બનીને શુકાનંદ સ્વામી લહિયા તરીકે કાયમ શ્રીહરિની સાથે રહ્યા હતા અને તે સારા લેખક કહેવાતા, એ જ રીતે મુનિવર્ય સિદ્ધાનંદ સ્વામી પણ સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીનો જમણો હાથ બનીને તેમની લેખક તરીકેની સેવામાં રહ્યા હતા. ૩૭-૩૮. તેમજ સિદ્ધાનંદ સ્વામી શ્રીહરિની કૃપાથી સારા ચિત્રકાર પણ બન્યા હતા. પ્રગટ શ્રીહરિની મૂર્તિઓ તેમણે બનાવી છે. જે અત્યારે પણ સત્સંગમાં જોવા મળે છે. ૩૯.

તેઓ સત્તર વર્ષ સુધી ઘેર રહ્યા, ચૌદ વર્ષ શ્રીહરિની સાથે રહ્યા. અને શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી તેઓ એકતાલીશ વર્ષ આ સત્સંગમાં રહ્યા. ૪૦. આ રીતે તોતેર વર્ષ સુધી સ્વામીશ્રી આ ભૂમિ ઉપર રહ્યા. તેમણે સત્સંગની ઘણી સેવા કરી અને શ્રીહરિનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. ૪૧. **સં.૧૯૨૮ના કાર્તિક સુદિ સાતમ ને સોમવારને દિવસે તેઓ વડતાલથી અક્ષરવાસી થયા અને સદા શ્રીહરિની સેવામાં રહ્યા.** ૪૨. આધારાનંદ સ્વામીમાં એક એકથી વધીને અનેક કળાઓ, અને બીજા અનેક સદ્‌ગુણો પણ હતા; તેમ સંપ્રદાયના સંતો કહે છે. ૪૩. તેઓ એક આદર્શ કવિ હતા. ઉત્તમ ચિત્રકાર હતા, શ્રેષ્ઠ સિતારવાદક હતા, સારા ગાયક અને સર્વોત્તમ શિલ્પી પણ હતા. તે સિવાય મુક્તાનંદ સ્વામીના વહાલા શ્રેષ્ઠ લેખક હતા. ૪૪. તેમનામાં અનુપમ વ્યવહાર કુશળતા હતી. તેની સાથે નવા ગ્રંથો રચવાની શક્તિ પણ હતી. આ રીતે આધારાનંદ મુનિ વિધવિધ કળાઓ અને ગુણોના ભંડાર હતા. ૪૫. વળી, તે બધાં કરતાં પણ વધી જાય તેવી તેમનામાં અત્યંત શ્રેષ્ઠ સાધુતા હતી. આધ્યાત્મિક ગુણ તો અનંત હતા. તેથી તેમણે શ્રીહરિ તથા સંતોને ઘણા રાજી કર્યા હતા. ૪૬.

આધારાનંદ સ્વામીના શિષ્યનું નામ **હરિપ્રિયદાસજી સ્વામી** હતું. તેમના શિષ્ય **વૈકુંઠચરણદાસજી સ્વામી** થયા અને તેમના શિષ્ય **નારાયણસ્વરૂપદાસજી સ્વામી** હતા. ૪૭. તેમના શિષ્ય **નંદકિશોરદાસજી સ્વામી** હતા. તેમના શિષ્ય કંડારીમાં રહેતા, લોયાધામનો જીર્ણોદ્ધાર કરતા અને હાલમાં વડતાલ ટ્રસ્ટીમંડળમાં ચેરમેન પદે રહેલા અતિ ઉત્સાહી શાસ્ત્રી **ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી** છે. તેમનું વિશાળ શિષ્યમંડળ પણ ઘણા આત્મબળથી સત્સંગની ઘણા પ્રકારની સેવા કરે છે. ૪૮-૪૯. તેઓ શ્રીહરિના સ્વરૂપનો ઘણો પ્રચાર કરે છે અને સર્વોપરિપણાની દઢ નિષ્ઠા રાખે છે. આ રીતે સિદ્ધાનંદ સ્વામીની શિષ્યપરંપરા હાલ પણ વિદ્યમાન છે. ૫૦. આવા આધારાનંદ સ્વામીને હું વારંવાર વંદન કરું છું. જેમણે આવો ઘણો મોટો વિશાળ ગ્રંથ લખીને સહુની ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. ૫૧. હે સિદ્ધાનંદ સ્વામી ! હું આપને વિનંતી કરું છું કે આપના જે અપાર ગુણ છે એમાંથી કૃપા કરીને અમને પણ થોડા સદ્‌ગુણો આપજો. ૫૨. આપે લખેલો આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ

હરિઈચ્છાથી મેં પૂર્ણ કર્યો છે. આ ગ્રંથથી બધા લોકો ઉજ્જ્વળ મોક્ષમાર્ગને જાણતા રહેશે. ૫૩. **'જ્ઞાનજીવનદાસ સ્વામી'** કહે છે કે, 'આ સેવાથી શ્રીહરિ તથા તેમના સર્વ સંતો-ભક્તો મારા ઉપર રાજી રહો અને પ્રાણજીવન પ્રભુ શ્રીહરિ અખંડ મારા અનુભવમાં રહો. એ જ પ્રાર્થના છે.' ૫૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીનું જીવનચરિત્ર કહ્યું" એ નામે એકસો ને સાતમો તરંગ સમાપ્ત ॥૧૦૭॥



પૂર ઓગણત્રીશમું : તરંગ - ૧૦૮

ગ્રંથની પૂર્તિ, પૂરકની સ્તુતિ તથા ગ્રંથસ્થ પદ્યોની ગણતરી કહી

હવે હું ગ્રંથપૂર્તિના કાર્યનો છેલ્લો તરંગ લખું છું. સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીએ અત્યંત ઉત્સાહ રાખીને શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ લખવાનો આરંભ કર્યો; તે પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિના સ્વરૂપનો આધાર લઈને જ કર્યો હતો. ૧-૨. **જ્યારે વિક્રમ સંવત્ ૧૯૧૪ના જેઠ સુદિ આઠમ અને રવિવારનો દિવસ હતો.** ૩. ત્યારે આધારાનંદ સ્વામી ઓગણસાઠ વર્ષના પ્રૌઢ હતા. તેમણે મનમાં ખૂબ આનંદિત થઈને ગ્રંથ ક્યાં લખ્યો છે ? તે હવે હું કહું છું. ૪. સ્વામીશ્રીએ વડતાલમાં હાલ જ્યાં પ્રસાદીનો બુરજ છે તેની નીચે એક ઓરડો છે, ત્યાં તે વખતે આ ગ્રંથ લખ્યો છે. ૫. આધારાનંદ સ્વામી આ ગ્રંથને લખતાં લખતાં વિક્રમ સંવત ૧૯૨૮ના માગસર સુદિ સાતમ ને સોમવારના શુભ દિવસે વડતાલમાંથી જ તોંતેર વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા હતા. ૬-૭. **તેર વર્ષ, ચાર માસ અને ચૌદ દિવસ સુધી અપાર પરિશ્રમ કરીને સ્વામીશ્રીએ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું લેખન કાર્ય કર્યું છે.** ૮.

હવે આ ગ્રંથના પ્રકાશનની વાત હું સહુને કહું છું. પ્રગટ શ્રીહરિના પ્યારા અને તેમના જ દીક્ષિત મોટા યોગાનંદ સ્વામી નામે સંત હતા. તેમની પરંપરામાં વિભૂતિ જેવા વિદ્વાન બે સંતો હાલ પૃથ્વી પર છે. જેમને આ ગ્રંથ પ્રત્યે હંમેશાં અતિશય શ્રદ્ધા રહી છે. ૯-૧૦. તેમાં એક ગઢપુરધામના

મહાન સંત પુરાણી શ્રીહરિપ્રિયદાસજી સ્વામીના શિષ્ય વિદ્વાન **'શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી'** છે. ૧૧. બીજા મહાન સંત પુરાણી શ્રીત્રિકમચરણદાસજી સ્વામીના શિષ્ય વિદ્વાન **'શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી'** છે. ૧૨. ગાંધીનગરમાં રહેનારા તે બંને સંતો ઘણા ઉત્સાહી છે. તેમને પહેલેથી જ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં અતિશય નિષ્ઠા છે. ૧૩. તેમની જુવાનીમાં તેઓ જ્યારે કાશીમાં ભણતા હતા, ત્યારે જ તેમણે શ્રીહરિચરિત્રામૃતસાગરનું સંક્ષેપથી ગુજરાતી ભાષામાં બે ભાગથી સુંદર રીતે પ્રથમ પ્રકાશન કર્યું હતું. ૧૪. તે પછી તે પ્રકાશનને થોડું પરિષ્કૃત કરી બે ભાગને પાંચ ભાગમાં તેમણે જ ફરીવાર પ્રકાશિત કર્યું; એટલે શાસ્ત્રી હરિપ્રકાશદાસજીસ્વામીને હું ખૂબ ખૂબ ધન્યવાદ કહું છે. ૧૫. વળી હિંમતવાળા તે બંને શાસ્ત્રી ઘણા ભાગ્યશાળી છે; એટલે પછી તેમણે શબ્દશઃ આ ગ્રંથનું ગુજરાતી કરીને તેને પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. ૧૬. **તેમાં ઉત્સાહ રાખીને પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામીએ ગુજરાતીમાં ભાષાંતર કર્યું અને શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામીએ આ ગ્રંથનું બાર ભાગમાં પ્રકાશન કર્યું.** ૧૭.

આ બંનેએ આ રીતે સંપ્રદાયની ઘણી સારી સેવા કરી છે. માટે ઉદ્યમી, નિષ્ઠાવાન, આ બંને શાસ્ત્રી મહાન છે. ૧૮. આખો સંપ્રદાય તેમનો કાયમ ઋણી રહેશે, અને એમને સંપ્રદાયના સર્વે આશ્રિતો કાયમ યાદ કરતા રહેશે. શ્રીહરિચરિત્રામૃતસાગર સંપૂર્ણ મૂળ ગ્રંથ જે હિન્દીમાં છે, તે ગ્રંથનું સંશોધન શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામીએ ઉતાવળી નદીને કિનારે કુંડળધામમાં રહી ઘણા પરિશ્રમ અને ઉત્સાહ સાથે કર્યું છે. ૧૯-૨૦. શાસ્ત્રી હરિપ્રકાશદાસજી સ્વામી મૂળ હિન્દી ગ્રંથને છપાવીને પ્રસિદ્ધ કરવો; એવી આશા પોતાના મનમાં ઘણા વર્ષથી રાખતા હતા. ૨૧. તેમની પ્રેરણા લઈને મેં તે મૂળગ્રંથના પ્રકાશનનું કામ કર્યું છે, અને શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી સ્વામીએ તેનું સંપૂર્ણ સંશોધન કર્યું છે. ૨૨. આવા સાધુતા સંપન્ન વિદ્વાન સંત સંપ્રદાયનું ગૌરવ છે. તેમને હું અનંત વાર પ્રણામ કરું છું. ૨૩. સંત સહુની શોભા છે. સંતો શાસ્ત્ર અને સદ્‌ગુણોના ધારક છે અને તેમનાથી જ બધાને અતિશય સત્સંગ થાય છે. ૨૪.

હવે હું હાલના આ અનોખા વાતાવરણે સહિત આ ગ્રંથની પૂર્તિ કર્યાનો સમય કહું છું. આ દિવસોમાં ચાતુર્માસ ચાલે છે. તેથી શ્રીહરિના સ્વરૂપના કેફવાળા ભક્તો ખૂબ ભજન કરી રહ્યા છે. ૨૫. સુંદર, નિરાળી ચોમાસાની ઋતુ છે. ચારેબાજુ હરિયાળી છવાઈ ગઈ છે. ઝરમર ઝરમર વરસાદ વરસે છે. ત્યારે આકાશ તથા ભૂમિ ખૂબ શોભે છે. ૨૬. સંતસરોવર તથા ભક્તસરોવર વગેરે સરોવરો સંપૂર્ણ જળથી ભરાયેલાં છે. પંખીઓ મધુર કલરવ સંભળાવે છે. કોયલ વારેવારે ટહુકા કરે છે અને મોર પણ વારંવાર અતિશય બોલી રહ્યા છે. ૨૭. વનની વેલીઓમાં અને વૃક્ષોમાં ચારેબાજુ પંખીઓ કલરવ કરે છે. શ્રાવણ મહિનાનો પવન ઘણા મધુર શબ્દ સાથે લહેરાઈ રહ્યો છે. ધીમે ધીમે વરસાદ ચાલુ છે અને તેનું પાણી ઉતાવળી ગંગામાં વહી રહ્યું છે. ૨૮. તેવા સમયે શ્રીહરિની કૃપાથી આ ગ્રંથની પૂર્તિ કરતાં મારા મનમાં ઘણો આનંદ આવી રહ્યો છે. રોજ ઉતાવળી નદીમાં સ્નાન કરું છું, ભજન કરું છું. અને શ્રીહરિનું ધ્યાન ધરું છું. ૨૯. આમ વાતાવરણ અદ્‌ભુત સર્જાયું છે. આવા સમયમાં શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની પૂર્તિનું કાર્ય સંપન્ન થયું છે. **બરાબર ભાદરવા વદિ દશમનો દિવસ આવ્યો ત્યારે આ ગ્રંથપૂર્તિનું કામ સંપૂર્ણ થયું છે.** ૩૦. આ સંવત ૨૦૬૭નું વર્ષ છે. ઈ.સ.૨૦૧૧ના વર્ષની સપ્ટેમ્બર માસની ત્રેવીશ તારીખ છે. ત્યારે શુભ શુક્રવારે સંગવકાળે (સવારે ૯:૩૦ કલાકે) ગઢપુરધામની નજીક મહા પ્રસાદીનું સ્થળ, ઉતાવળી નદીને કિનારે વસેલ તીર્થધામ **કુંડળ ગામમાં** મહાન ગ્રંથની આ પૂર્તિ કરી છે. ૩૧-૩૨. મને ઝાઝું હિન્દી ભાષાનું જ્ઞાન નથી અને બુદ્ધિનું ચાતુર્ય પણ નથી. આ કાર્યમાં સહુએ મને મદદ કરી છે. ખરેખર તો હે હરિ ! આપે જ મારામાં રહી આ સુખદાયક ગ્રંથની પૂર્તિ કરી છે. ૩૩.

चोपाई :

निमित्त मात्र ही हम रहाई, कर्ता कारयिता आप सदाई;
आपने अपनी सेव कराई, धन्यभाग्य हम मानत ताई...३४
नहीं कवि मैं नहीं विद्वाना, ये तो किया आप भगवाना;
खुश होने का खुद हि कराई, खुश होते हो आप सदाई...३५

ऐसे आप हो अति उदारा, निज भक्त यश बढावनहारा;
आपकी महिमा अपरंपारा, कोउ भी नहि ले सकत पारा...३६

जिससे चाहो उसके पासा, पल में कार्य करत प्रकाशा;
आप प्रकाशक आप हो कर्ता, आप नियंता शासक भर्ता...३७

आपके बिना हम तो सबही, रहत सदा जड पाषाणवतही;
आपने प्रकाशा ज्ञान दीना, आपने ही सब काम कीना...३८

હે પ્રભુ ! અમે તો નિમિત્તમાત્ર જ છીએ. ખરેખર કરનાર અને કરાવનારા તો સદાય આપ જ છો. આપે કૃપા કરીને અમારી પાસે પોતાની સેવા કરાવી છે તેથી અમે પોતાને ધન્યભાગી માનીએ છીએ. ૩૪. હું નથી કવિ કે નથી વિદ્વાન... હે ભગવન્ ! આ બધું તો આપે જ કર્યું છે. હે મહારાજ ! આપને રાજી કર્યાનું કામ આપ જ અમારી પાસે કરાવો છો, અને વળી આપ જ અમારી ઉપર સદા રાજી થાઓ છો. ૩૫. આપ તો આવા અત્યંત ઉદાર છો અને પોતાના ભક્તનો યશ વધારો છો. આપનો મહિમા અપરંપાર છે, તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. ૩૬. આપ જેની પાસે જે કામ કરાવવા ચાહો તેની પાસે તે કાર્ય એક પળવારમાં પ્રકાશિત કરો છો. આપ જ સહુના પ્રકાશક છો, આપ જ સર્વ કર્તા છો. આપ જ સર્વ નિયંતા, શાસક અને પોષક પણ છો. ૩૭. આપના વિના અમે બધા તો સદાય પથ્થર જેવા જડ છીએ. માટે આપે જ મને પ્રકાશ્યો છે. આપે જ મને જ્ઞાન આપ્યું છે. અને ખરું કહું તો આ બધું કામ આપે જ કર્યું છે. ૩૮.

આ કાર્ય બાબતે કોઈ 'મેં કર્યું' એવો મિથ્યા ભ્રમ રાખશે, તો જ્ઞાની સંતો તેને અજ્ઞાની ગણશે. હે નાથ ! અમારા ઉપર આપ કાયમ કૃપા જાળવી રાખજો. અને અમને સદાય આપના જ જાણજો. ૩૯. હે નાથ ! અમે અત્યંત અસમર્થ છીએ, છતાં પણ આપ અમારે હાથે જે ચાહો તે કામ કરાવો છો, એવા સમર્થ તો આપ એક જ છો. ૪૦. ગઢાળીના આંબા શેઠની જેમ પ્રભુ, આપે આ લીલા કરી છે. શેઠમાં રહીને જેમ આપે નિશાન પડાવ્યું હતું, તેમ મારામાં રહીને આપે જ આ ગ્રંથપૂર્તિરૂપી કામ કરાવ્યું છે. ૪૧. હું તો સત્સંગનો મજૂર છું એટલે સત્સંગની સેવામાં હાજર રહું છું. જ્યારે જ્યારે જે કાર્યની જરૂર પડે છે ત્યારે આપ જ તેની પૂર્તિ કરતા રહો છો. ૪૨.

चोपाई :

तुम बिन पत्ता नहि हिल सकता, मैं भला ये क्युं कर सकता;
आपका कार्य आपने कराया, आपकी खुशी आपसे पाया...४३

આપના વિના તો એક પાંદડું પણ હલી શકતું નથી. ત્યારે ભલા હું આ કેવી રીતે કરી શકું ? માટે આપનું કાર્ય આપે પોતે કરાવ્યું છે. એટલે આપનો રાજીપો અમને આપની કૃપાથી જ પ્રાપ્ત થયો છે. ૪૩. હવે હું આ ગ્રંથની સાક્ષાત્ પદ્ય સંખ્યાની વાત સ્પષ્ટ કહું છું. કાવ્યમાં ચાર પાદનું પ્રાયઃ એક પદ્ય કહેવાય છે. ૪૪. તેને વર્ણ કે માત્રાને અનુસાર સોરઠા, દોહા, ચોપાઈ ઇત્યાદિક નામથી સદા કહેવાય છે. આ ગ્રંથમાં કોઈ કોઈ જગ્યાએ બે બે પદ ઉપર પણ આંક આપી દીધો છે. ૪૫. અને ક્યાંક ક્યાંક છ પાદ ઉપર અંક આપ્યો છે; એમ નજરમાં આવે છે. પરંતુ મેં ચાર પાદનું એક પદ્ય હોય તેમ ગણીને અહીંયાં નિશ્ચિત કર્યું છે, અર્થાત્ ગણ્યું છે. ૪૬. તેને અનુસારે જે સંખ્યા નક્કી કરી છે તે મુજબ હવે આ ગ્રંથની દોહા, ચોપાઈ આદિકની સંખ્યા હું લખું છું. ગ્રંથપૂર્તિએ સહિત આ ગ્રંથમાં કુલ **ઓગણત્રીસ**(૨૯) **પૂર** સંપૂર્ણ છે. ૪૭. સમસ્ત ગ્રંથના **બે હજાર ચારસો ને નવ**(૨૪૦૯) **તરંગ** છે.

હવે તેમાં દોહાની સંખ્યા કહું છું. **વીશ હજાર ચારસો ને ચોરાણું**(૨૦,૪૯૪) **દોહા** છે. ૪૮. **વીશ હજાર ત્રણસો ને એક્યાશી**(૨૦,૩૮૧) **સોરઠા** છે. **એકસઠ હજાર ઓગણસિત્તેર**(૬૧,૦૬૯) **ચોપાઈ**ઓની સંખ્યા આ ગ્રંથમાં છે. ૪૯. અને બીજા **છંદ છસો ને સાત**(૬૦૭) છે. હવે કુલ મેળવીને બધા પદ્યોની સંખ્યા કહું છું. કુલ **એક લાખ બે હજાર પાંચસો ને એકાવન**(૧,૦૨,૫૫૧) **પદ્ય** આ ગ્રંથમાં છે. ૫૦. **વિશ્વમાં હિંદી સાહિત્યનો સ્વામિનારાયણ સંપ્રદાયનો આ સહુથી મોટો ગ્રંથ છે. તે યુગોયુગ સુધી શુભ અને સરલ મોક્ષમાર્ગને બતાવતો રહેશે.** ૫૧. સંતો, હરિભક્તો, આચાર્યો અને શ્રીહરિના બધા જ આશ્રિતો મારા ઉપર રાજી થાજો. જેથી મને ભગવાન શ્રીહરિમાં પ્રેમ વધે. ૫૨.

सोरठा : पाठ रु पुरश्चरण, करते रहना ग्रंथ का;
मिटेंगा जन्ममरण, मोक्ष मिलेगा सहज में...५३
करीब लीला सब, श्रीहरि की इसमें है;
अवतारी का अजब, 'ज्ञानजीवन' यह शास्त्र है...५४

આ ગ્રંથનો પાઠ અને પુરશ્ચરણ કરતા રહેવું. તેનાથી જન્મ-મરણ મટશે અને સહેજે મોક્ષ મળશે. ૫૩. શ્રીહરિની લગભગ બધી જ લીલા આ ગ્રંથમાં છે. **'સ્વામી જ્ઞાનજીવનદાસ'(કુંડળધામવાળા)** કહે છે કે, 'સર્વાવતારી શ્રીહરિનાં ચરિત્રોથી સભર આ ગ્રંથ અતિશય અજબ અને અદ્‌ભુત છે.' ૫૪.

ઈતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રોથી સભર શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનત્રિંશ પૂરમાં "ગ્રંથની પૂર્તિ, પૂરકની સ્તુતિ તથા ગ્રંથસ્થ પદ્યોની ગણતરી કહી" એ નામે એકસો ને આઠમો તરંગ સમાપ્ત ॥૧૦૮॥

॥ ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે એકોનત્રિંસ પૂર સંપૂર્ણ ॥૨૯॥

॥ ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ સંપૂર્ણ ॥



શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામ તથા કારેલીબાગ, વડોદરા
દ્વારા કરવામાં આવેલ પ્રકાશન

MP5

DVD

MP3

VCD

हिन्दी प्रकाशन

3D Animation

USB AUDIO

પેનડ્રાઈવ USB 2.0 મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદ સ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. કીર્તનસાર
૧૬. સાગર સાર ભાગ : ૧ થી ૧૨
૧૭. શિક્ષાપત્રી
૧૮. હરિસ્મૃતિ
૧૯. હરિરસામૃત
૨૦. નિત્યનિયમ
૨૧. શાંતિપાઠ
૨૨. સંત આખ્યાન
૨૩. ભક્ત આખ્યાન
૨૪. વેદરસ
૨૫. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૨૬. સદ્.શ્રીઅદ્ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૨૭. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૨૮. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૨૯. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૩૦. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૩૧. સદ્.શ્રીભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૩૨. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૩૩. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૩૪. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૫. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૮. શ્રીપુરુષોત્તમલીલા
૩૯. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૪૦. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૪૧. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૪૨. સ્વાસ્થ્ય સુધા
૪૩. વાલપનાં વેણ
(ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી)

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय *(गुजराती अनुवाद के साथ)*

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
(गुजराती अनुवाद के साथ)

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા પચીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમત્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www. swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો

હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઇચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગ સેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





શિક્ષાપત્રી લેખન સ્થળ - હરિમંડપ
વડતાલધામ



Visit us :
www.swaminarayanbhagwan.com
karelibaug@gmail.com

